શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી પન્નવણા સૂત્ર - ૩

## ગુરુપ્રાણ આગમ બત્રીસી

આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ
પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

पंच समिओ तिगुत्तो अकसाओ जिइन्दिओ
अगारवो य निस्सल्लो जीवो होइ अणासवो
उत्त-३०-गा.३

જે જીવ પાંચ સમિતિઓથી સંવૃત્ત; ત્રણગુપ્તિઓથી ગુપ્ત
ચારકષાયોથી રહિત જિતેન્દ્રિય તથા
ત્રણપ્રકારના ગર્વથી રહિત, ત્રણપ્રકારના શલ્યથી રહિત હોય છે
તે અનાશ્રવ (નવા કર્મના સંચયથી રહિત) થઈ જાય છે

माणुसत्ते असारम्मि वाहि रोगाण आलए
जरा मरणघत्थम्मि खणं पि न रमामहं ॥
उत्त. अ. १९ गा. १५

આ મનુષ્ય સંબંધી શરીર અસાર છે વ્યાધિ (રોગ)નું ઘર છે અને
જરા મરણથી રાતદિન ગ્રસિત છે- આ અસાર મનુષ્ય શરીરમાં
મને એક ક્ષણ પણ આનંદ નથી -



# આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

## શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી

સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ

સ્થવિર રચિત ઉપાંગ સંજ્ઞક

# શ્રી પન્નવણા સૂત્ર – ૩

પદ : ૨૧ થી ૩૬

*(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)*

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: અનુવાદિકા :**
પૂ. શ્રી સુધાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM

પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ - ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન - ઈ. સ. ૨૦૦૯
**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ - વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

**ગુરુ પ્રાણ પ્રકાશન**

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

www.parasdham.org ★ www.jainaagam.org

૧. મુંબઈ -
**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭
ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -
**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ -
**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન - ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા -
**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા - ૩૯૦૦૨૩
ફોન - ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ફોન : ૦૭૯-૨૫૬૨૩૮૨૮

સમર્પણ

સૌરાષ્ટ્ર કેસરી
બા. બ્ર. પૂ. ગુરુદેવ
શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

# સમર્પણ

પ્રેમજીભાઈને કુંવરબાઈના, હતા હેમવર્ણી ભાણ,

ડુંગર દરબારે ઉદિત થયા,બન્યા તેજસ્વી ગુરુ ત્રાણ,

આગમ ભાવને કથામાં ઝબોળી, પીરસી ગયા નવરસની લ્હાણ,

અમર્ત્યલોકને મર્ત્યલોકમાં, ગુંજી રહ્યું નામ ગુરુ પ્રાણ.

મારામાં તો કશું નથી જે, અર્પુ તને હું તાત,

પ્રજ્ઞાપના સૂત્રના અનુવાદ કાર્યની,

મારી છે શું વિસાત ?

તારું દીધેલું તને આપવા, હરસી રહી છું ગુરુતાત,

સ્વીકારશો મારી પ્રેમ ભરેલી, કાલી ઘેલી વાત.

- પૂ. મુક્ત - લીલમ - ભારતી સુશિષ્યા
સાધ્વી સુધા

તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ
ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં
ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

ૐ અર્હં

ૐ નમો નાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતે વર્ધંચ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં। ઇદં મહા કાર્યં પૂજ્ય -
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
તત્ર કાર્યસ્ય વિઘ્નો ન સ્યાત્ ઇતિ સહ -
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે -
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પિતે -
આનંદ મંગલમ્
27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર (૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર (ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર (શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય
ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




શતાદિ સદ્‌ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પન્નાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

## શ્રી પ્રવીણભાઈ ગંભીરદાસ પારેખ, ઘાટકોપર - મુંબઈ.

મુંબઈના મીની સૌરાષ્ટ્ર ગણાતા ઘાટકોપરને અગ્ર સ્થાન અપાવવામાં ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે મહત્વનું યોગદાન આપનાર કર્મયોગી, સાહસિક અને મિલનસાર સ્વભાવી શ્રી પ્રવીણભાઈ ગંભીરદાસ પારેખ સાવરકુંડલાના પ્રતિષ્ઠિત અને અગ્રગણીય માતુશ્રી લીલાવંતીબેન, પિતી સ્વ. શ્રી ગંભીરદાસ મુળજી પારેખના આજ્ઞાંકિત સુપુત્ર છે.

તેઓએ વારસાગત મેળવેલા નૈતિક મૂલ્યો અને સંસ્કારથી તથા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ના પારસટચ અને સત્સાંનિધ્યથી શ્રી પ્રવીણભાઈ અને જ્યોત્સનાબેને ફક્ત કમાણીને જ જીવનનું ધ્યેય માની ન લેતા, તન-મન-ધનથી સમાજોપયોગી કાર્યોને હસ્તગત કરવાની નિપુણ કળામાં પારંગતતા મેળવી છે. તેઓ અન્યની ઓળખને ખૂબ જ ટૂંકા સમયમા પારખવાની કુદરતી સૂઝબૂઝ ધરાવે છે. તેઓશ્રી અનેક સંસ્થઓ સાથે સંકળાયેલા છે, જેમાં મુખ્યત્વે છે,

૧. કાર્યવાહક પ્રમુખ શ્રી કાઠીયાવાડ સ્થા. જૈન સમાજ, ઘાટકોપર. ૨. ટ્રસ્ટી ઘાટકોપર જોલી જીમખાનાત. ૩. ટ્રસ્ટી સાવરકુંડલા દશાશ્રીમાળી જૈન યુવક મંડળ. ૪. મંત્રી ગુરુકુલ એજ્યુકેશન, ઘાટકોપર. ૫. કાર્યવાહક સભ્ય. શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી સેવા સંઘ.
૬. ઉપપ્રમુખ હીંગવાલા ઉપાશ્રય, ઘાટકોપર.

પેટરબાર બિરાજિત ગોંડલ ગચ્છ શિરોમણિ ગુરુદેવ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. પ્રેરિત ચક્ષુચિકિત્સાલયના નૂતનીકરણના કાર્યમાં તેઓ પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની પ્રેરણાથી જોડાઈ ગયા અને અત્યંત ટૂંક સમયમાં તેઓએ સફળતા મેળવી છે.

તેઓ પૂ. ગુરુદેવના જન્મદિને ગુરુભક્તિથી પ્રેરિત થઈ શ્રુતભક્તિ કરી રહ્યા છે. તે માટે ખૂબ ખૂબ ધન્યવાદ.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય સદ્વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે - બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ - બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 13 | ક્રિયાજન્ય કર્મબંધ અને ભંગ | ૬૭ |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 15 | કર્મબંધ આશ્રિત ક્રિયા | ૬૯ |
| પૂ. શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 17 | જીવોને પરસ્પર થતી ક્રિયા | ૭૦ |
| પુનઃ પ્રકાશનના બે બોલ | 19 | ક્રિયાઓનો પરસ્પર સંબંધ(નિયમા-ભજના) | ૭૬ |
| પૂર્વ પ્રકાશનના બે બોલ | 21 | આયોજિતા ક્રિયા પાંચ(કાયિકી આદિ) | ૮૦ |
| અભિગમ | 23 | જીવોમાં ક્રિયાઓની સ્પૃષ્ટતા અસ્પૃષ્ટતા | ૮૧ |
| સંપાદકીય | 31 | પ્રકારાંતરથી પાંચ ક્રિયા– આરંભિકી આદિ | ૮૨ |
| સંપાદન અનુભવો | 53 | આરંભિકી આદિની પરસ્પર નિયમા-ભજના | ૮૫ |
| અનુવાદિકાની કલમે | 55 | જીવોમાં પાપસ્થાનોથી વિરતિ | ૯૦ |
| ૩૨ અસ્વાધ્યાય | 60 | પાપસ્થાન વિરત જીવોમાં કર્મબંધ | ૯૧ |
| **શાસ્ત્ર પ્રારંભ** | | પાપસ્થાન વિરત જીવોમાં ક્રિયા(આરંભિકી આદિ) | ૯૭ |
| **પદ–૨૧ : અવગાહના–સંસ્થાન** | | આરંભિકી આદિ ક્રિયાઓનું અલ્પબહુત્વ | ૧૦૦ |
| પરિચય | ૧ | **પદ–૨૩ : કર્મ પ્રકૃતિ : ઉદ્દેશક–૧** | |
| પદના વિષયો | ૨ | પરિચય | ૧૦૨ |
| વિધિદ્વાર (શરીર પ્રકાર) | ૨ | ઉદ્દેશકના વિષય | ૧૦૩ |
| ઔદારિક શરીરના પ્રકાર | ૩ | પ્રથમ દ્વાર–કર્મ પ્રકૃતિ સંખ્યા | ૧૦૩ |
| ઔદારિક શરીરના સંસ્થાન | ૯ | દ્વિતીય દ્વાર–કર્મબંધ પરંપરા | ૧૦૫ |
| ઔદારિક શરીર પ્રમાણ–અવગાહના | ૧૪ | તૃતીય દ્વાર–કર્મબંધ સ્થાન | ૧૦૭ |
| વૈક્રિય શરીર ભેદ-પ્રભેદ | ૨૦ | ચતુર્થ દ્વાર–કર્મ વેદન | ૧૦૮ |
| વૈક્રિય શરીર સંસ્થાન | ૨૭ | પાંચમું દ્વાર–અષ્ટ કર્મ વેદન પ્રકાર | ૧૦૯ |
| વૈક્રિય શરીર અવગાહના | ૩૦ | **પદ–૨૩ : ઉદ્દેશક–૨** | |
| આહારક શરીર ભેદ-પ્રભેદાદિ | ૩૪ | મૂળ કર્મ પ્રકૃતિ | ૧૨૩ |
| તૈજસ-કાર્મણ શરીર ભેદ-પ્રભેદાદિ | ૪૨ | જ્ઞાનાવરણીયાદિ કર્મોની ઉત્તર પ્રકૃતિ | ૧૨૩ |
| પુદ્ગલ ચયન દ્વાર | ૪૯ | કર્મપ્રકૃતિઓની સ્થિતિ | ૧૪૨ |
| શરીરની પરસ્પર નિયમા ભજના | ૫૦ | એકેન્દ્રિયોમાં કર્મોનો સ્થિતિબંધ | ૧૬૦ |
| શરીરોનું દ્રવ્ય-પ્રદેશાપેક્ષયા અલ્પબહુત્વ | ૫૩ | બેઈન્દ્રિયાદિમાં કર્મોનો સ્થિતિબંધ | ૧૬૪ |
| શરીરોનું અવગાહનાપેક્ષયા અલ્પબહુત્વ | ૫૫ | સંજ્ઞી પંચેન્દ્રિયમાં કર્મોનો સ્થિતિબંધ | ૧૬૯ |
| **પદ–૨૨ : ક્રિયા** | | કર્મોના જઘન્ય સ્થિતિબંધક | ૧૭૩ |
| પરિચય | ૫૯ | કર્મોના ઉત્કૃષ્ટ સ્થિતિબંધક | ૧૭૫ |
| ક્રિયાના ભેદ-પ્રભેદ | ૬૦ | **પદ–૨૪ : કર્મબંધ બંધક** | |
| જીવોમાં સક્રિયત્વ-અક્રિયત્વ | ૬૩ | પરિચય(પદ–૨૪, ૨૫, ૨૬, ૨૭નો) | ૧૮૦ |
| પ્રાણાતિપાતાદિ ક્રિયા તથા તેના વિષયો | ૬૪ | દરેક કર્મબંધમાં સપ્તવિધ આદિ કર્મબંધક | ૧૮૧ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| **પદ–૨૫ : કર્મબંધ વેદક** | | **પદ–૨૯ : ઉપયોગ** | |
| દરેક કર્મબંધમાં અષ્ટ વિધ આદિ કર્મવેદક | ૧૯૨ | પરિચય | ૨૫૮ |
| **પદ–૨૬ : કર્મવેદ બંધક** | | ઉપયોગના ભેદ-પ્રભેદ | ૨૫૯ |
| દરેક કર્મ ઉદયમાં સપ્તવિધ આદિ કર્મબંધક | ૧૯૫ | ૨૪ દંડકના જીવોમાં ઉપયોગ | ૨૬૦ |
| **પદ–૨૭ : કર્મવેદ વેદક** | | ૨૪ દંડકના જીવોમાં ઉપયોગનું કારણ | ૨૬૩ |
| દરેક કર્મ ઉદયમાં અષ્ટવિધ આદિ કર્મવેદક | ૨૦૪ | **પદ–૩૦ : પશ્યતા** | |
| **પદ–૨૮ : આહાર ઉદ્દેશક–૧** | | પરિચય | ૨૬૬ |
| પરિચય | ૨૦૭ | પશ્યતાના ભેદ પ્રભેદોની પ્રરૂપણા | ૨૬૭ |
| ઉદ્દેશક વર્ણિત વિષયો | ૨૦૯ | ૨૪ દંડકના જીવોમાં પશ્યતા | ૨૬૮ |
| સચિત્તાહાર આદિ | ૨૧૦ | જીવોમાં પશ્યતાનું કારણ | ૨૭૧ |
| નૈરયિકોનો આહાર (૨ થી ૮ દ્વાર) | ૨૧૦ | કેવળીમાં બંને ઉપયોગની ક્રમિકતા | ૨૭૨ |
| ભવનપતિ દેવોનો આહાર (૨ થી ૮ દ્વાર) | ૨૧૫ | **પદ–૩૧ : સંજ્ઞી** | |
| એકેન્દ્રિયોનો આહાર (૨ થી ૮ દ્વાર) | ૨૧૭ | પરિચય | ૨૭૬ |
| વિકલેન્દ્રિયોનો આહાર (૨ થી ૮ દ્વાર) | ૨૧૯ | ૨૪ દંડકોમાં સંજ્ઞી-અસંજ્ઞી આદિ | ૨૭૭ |
| પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યોનો આહાર (૨ થી ૮ દ્વાર) | ૨૨૨ | **પદ–૩૨ : સંયત** | |
| વ્યંતર જ્યોતિષી વૈમાનિકનો આહાર (૨ થી ૮ દ્વાર) | ૨૨૨ | પરિચય | ૨૮૦ |
| એકેન્દ્રિયાદિ શરીરનો આહાર | ૨૨૮ | ૨૪ દંડકોમાં સંયત આદિ | ૨૮૧ |
| લોમાહાર-પ્રક્ષેપાહાર | ૨૨૯ | **પદ–૩૩ : અવધિ** | |
| મનોભક્ષી આહાર | ૨૩૦ | પરિચય | ૨૮૪ |
| **પદ–૨૮ : ઉદ્દેશક–૨** | | વિષય નિર્દેશ | ૨૮૫ |
| ઉદ્દેશક વિષયક તેર દ્વાર | ૨૩૩ | ભેદ દ્વાર | ૨૮૫ |
| આહાર દ્વાર(આહારક–અનાહારક જીવો) | ૨૩૪ | વિષય દ્વાર | ૨૮૬ |
| ભવ્ય દ્વાર (આહારક–અનાહારક) | ૨૩૫ | સંસ્થાન દ્વાર | ૨૯૨ |
| સંજ્ઞી દ્વાર (આહારક–અનાહારક) | ૨૩૬ | આભ્યંતર-બાહ્ય દ્વાર | ૨૯૪ |
| લેશ્યા દ્વાર (આહારક–અનાહારક) | ૨૪૦ | દેશાવધિ-સર્વાવધિ દ્વાર | ૨૯૬ |
| દષ્ટિ દ્વાર (આહારક–અનાહારક) | ૨૪૨ | અવધિજ્ઞાન ક્ષય-વૃદ્ધિ આદિ દ્વાર | ૨૯૭ |
| સંયત દ્વાર (આહારક–અનાહારક) | ૨૪૩ | **પદ–૩૪ : પરિચારણા** | |
| કષાય દ્વાર (આહારક–અનાહારક) | ૨૪૫ | પરિચય | ૩૦૦ |
| જ્ઞાન દ્વાર (આહારક–અનાહારક) | ૨૪૬ | વિષય નિર્દેષ | ૩૦૧ |
| યોગ દ્વાર (આહારક–અનાહારક) | ૨૪૮ | અનંતરાહાર દ્વાર | ૩૦૧ |
| ઉપયોગ દ્વાર (આહારક–અનાહારક) | ૨૪૯ | આભોગ-અનાભોગ આહાર | ૩૦૩ |
| વેદ દ્વાર (આહારક–અનાહારક) | ૨૪૯ | પુદ્ગલ જ્ઞાન દ્વાર | ૩૦૪ |
| શરીર દ્વાર | ૨૫૦ | અધ્યવસાય દ્વાર | ૩૦૮ |
| પર્યાપ્તિ દ્વાર | ૨૫૧ | સમ્યક્ત્વાભિગમ દ્વાર | ૩૦૯ |
| | | પરિચારણા દ્વાર | ૩૦૯ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| અલ્પબહુત્વ દ્વાર | ૩૧૫ | બહુવચનથી અતીત-અનાગત સમુદ્ઘાત | ૩૩૮ |
| **પદ–૩૫ : વેદના** | | એક-એક જીવમાં પરસ્પર સમુદ્ઘાત | ૩૪૧ |
| પરિચય | ૩૧૮ | અનેક જીવોમાં પરસ્પર સમુદ્ઘાત | ૩૫૨ |
| વિષય નિર્દેશ | ૩૧૯ | સમવહત અસમવહત જીવોનું અલ્પબહુત્વ | ૩૫૬ |
| શીત આદિ વેદના દ્વાર | ૩૧૯ | કષાય સમુદ્ઘાત(ક્રોધાદિ ચાર પ્રકાર) | ૩૬૫ |
| દ્રવ્યાદિ વેદના દ્વાર | ૩૨૧ | જીવોમાં અતીત અનાગત કષાય સમુદ્ઘાત | ૩૬૭ |
| શારીરિક આદિ વેદના દ્વાર | ૩૨૨ | કષાય સમુદ્ઘાત સંબંધી અલ્પબહુત્વ | ૩૬૮ |
| શાતા આદિ વેદના દ્વાર | ૩૨૩ | જીવોમાં છ છાદ્મસ્થિક સમુદ્ઘાત | ૩૭૩ |
| દુઃખા આદિ વેદના દ્વાર | ૩૨૪ | સમુદ્ઘાત યુક્ત જીવોના ક્ષેત્ર, કાલ અને ક્રિયા | ૩૭૫ |
| આભ્યુપગમિકી આદિ વેદના દ્વાર | ૩૨૪ | કેવલી સમુદ્ઘાત નિર્જીર્ણ પુદ્ગલ | ૩૮૬ |
| નિદા-અનિદા વેદના દ્વાર | ૩૨૫ | કેવલી સમુદ્ઘાતનું પ્રયોજન | ૩૮૮ |
| **પદ–૩૬ : સમુદ્ઘાત** | | કેવળી સમુદ્ઘાત અને યોગ નિરોધ | ૩૯૦ |
| પરિચય | ૩૨૯ | સિદ્ધોનું સ્વરૂપ નિરૂપણ | ૩૯૬ |
| સમુદ્ઘાતના સાત પ્રકાર | ૩૩૧ | પરિશિષ્ટ–૧: વિવેચિત વિષયોની અનુક્રમણિકા | ૩૯૯ |
| સમુદ્ઘાતનું કાલમાન | ૩૩૩ | પરિશિષ્ટ–૨ : કર્મ–પરિશીલન | ૪૦૪ |
| ચોવીસ દંડકોમાં સમુદ્ઘાત | ૩૩૩ | પરિશિષ્ટ–૩ : ચૌદ ગુણસ્થાનમાં બંધ આદિ | ૪૦૮ |
| એક વચનથી અતીત-અનાગત સમુદ્ઘાત | ૩૩૫ | | |


## કોષ્ટક અને ચાર્ટ સૂચી


| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| **પદ–૨૧** | | પ્રાણાતિપાત આદિનો વિષય | ૬૬ |
| ઔદારિક શરીરના ૪૯ ભેદ | ૮ | એક અનેક જીવને અન્ય જીવથી લાગતી ક્રિયા | ૭૬ |
| જીવાદિમાં ઔદારિક શરીરોના સંસ્થાન | ૧૪ | કાયિકી આદિ પાંચ ક્રિયાઓનો પરસ્પર સંબંધ | ૮૦ |
| ઔદારિક શરીરોની અવગાહના | ૧૯ | આરંભિકી આદિ પાંચ ક્રિયાઓનો પરસ્પર સંબંધ | ૮૯ |
| છ આરામાં મનુષ્યોની અવગાહના | ૨૦ | ૨૪ દંડકના જીવોમાં આરંભિકી આદિ ક્રિયા | ૮૯ |
| વૈક્રિય શરીરના ૧૧૯ ભેદ | ૨૭ | જીવોમાં પાપસ્થાન વિરતિ | ૯૧ |
| વૈક્રિય શરીરોના સંસ્થાન | ૩૦ | પાપથી જીવોમાં કર્મ બંધ–ભંગ | ૯૭ |
| વૈક્રિય શરીરોની અવગાહના | ૩૪ | ૧૮ પાપથી વિરત જીવોમાં ક્રિયા | ૧૦૦ |
| તૈજસ કાર્મણ શરીરના ૧૬૧ ભેદ | ૪૧ | આરંભિકી આદિ પાંચ ક્રિયાઓનું અલ્પબહુત્વ | ૧૦૧ |
| તૈજસ શરીરોની અવગાહના | ૪૮ | **પદ–૨૩** | |
| પાંચ શરીરોનો પરસ્પર સંબંધ | ૫૨ | મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ | ૧૨૮ |
| પાંચ શરીરોનું અલ્પબહુત્વ(દ્રવ્ય-પ્રદેશથી) | ૫૫ | નામકર્મની ૯૩ પ્રકૃતિ | ૧૩૯ |
| જઘન્ય ઉત્કૃષ્ટ અવગાહનાનું અલ્પબહુત્વ | ૫૭ | આઠ કર્મોની ઉત્તર પ્રકૃતિ તથા વિપાક યોગ્ય પ્રકૃતિ | ૧૪૧ |
| પાંચ શરીરોમાં ભેદ આદિ સાત દ્વાર | ૫૮ | ૧૪૮ કર્મ પ્રકૃતિઓની બંધસ્થિતિ | ૧૫૭ |
| **પદ–૨૨** | | અબાધાકાલ | ૧૬૦ |
| સક્રિય અક્રિય–જીવ ભેદ | ૬૪ | આઠે કર્મોમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ૧૭૨ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| કર્મોના જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિબંધક | ૧૭૯ | દેવોમાં પરિચારણા | ૩૧૬ |
| **પદ–૨૪** | | પાંચ પ્રકારના પરિચારક દેવોનું અલ્પબહુત્વ | ૩૧૭ |
| આઠ કર્મના ઉદયમાં ગુણસ્થાન | ૧૯૦ | **પદ–૩૫** | |
| કર્મબંધમાં બંધ(એક જીવ) | ૧૯૦ | વેદના સંબંધી સાત દ્વાર અને ભેદ | ૩૧૯ |
| કર્મબંધમાં બંધ(અનેક જીવ) | ૧૯૦ | ૨૪ દંડકમાં નિદા-અનિદા વેદના | ૩૨૭ |
| **પદ–૨૫** | | સાત પ્રકારે વેદના અને વેદક જીવો | ૩૨૮ |
| કર્મબંધમાં વેદન(એક જીવ) | ૧૯૪ | **પદ–૩૬** | |
| કર્મબંધમાં વેદન(અનેક જીવ) | ૧૯૪ | ૨૪ દંડકના જીવોમાં સમુદ્ઘાત | ૩૩૫ |
| **પદ–૨૬** | | જીવોમાં ભૂત-ભવિષ્યકાલીન સમુદ્ઘાત | ૩૩૮ |
| કર્મ વેદનમાં બંધ(એક જીવ) | ૨૦૨ | અનેક જીવોમાં ભૂત-ભવિષ્યકાલીન સમુદ્ઘાત | ૩૪૧ |
| કર્મ વેદનમાં બંધ(અનેક જીવ) | ૨૦૩ | એક-એક જીવોમાં પરસ્પર ઉભયકાલીન સમુદ્ઘાત | ૩૫૧ |
| **પદ–૨૭** | | અનેક જીવોમાં પરસ્પર ઉભયકાલીન સમુદ્ઘાત | ૩૫૫ |
| કર્મ વેદનમાં વેદન(એક જીવ) | ૨૦૬ | સમુચ્ચય જીવોમાં સમુદ્ઘાત સંબંધી અલ્પબહુત્વ | ૩૬૦ |
| કર્મ વેદનમાં વેદન(અનેક જીવ) | ૨૦૬ | નૈરયિકમાં સમુદ્ઘાત સંબંધી અલ્પબહુત્વ | ૩૬૧ |
| **પદ–૨૮** | | દેવોમાં સમુદ્ઘાત સંબંધી અલ્પબહુત્વ | ૩૬૨ |
| આભોગ નિર્વર્તિત આહારેચ્છાનું અંતર | ૨૨૭ | ચાર સ્થાવરોમાં સમુદ્ઘાત સંબંધી અલ્પબહુત્વ | ૩૬૨ |
| ૨૪ દંડકમાં સચિત્તાદિ ૧૧ દ્વાર સંબંધી વિવરણ | ૨૩૨ | વાયુકાયમાં સમુદ્ઘાત સંબંધી અલ્પબહુત્વ | ૩૬૩ |
| તેર દ્વારમાં આહારક-અનાહારકના ભંગ | ૨૫૪ | વિકલેન્દ્રિયોમાં સમુદ્ઘાત સંબંધી અલ્પબહુત્વ | ૩૬૩ |
| **પદ–૨૯** | | તિર્યંચ પંચેન્દ્રિયોમાં સમુદ્ઘાતોનું અલ્પબહુત્વ | ૩૬૪ |
| ૨૪ દંડકના જીવોમાં ઉપયોગ | ૨૬૩ | મનુષ્યોમાં સમુદ્ઘાતોનું અલ્પબહુત્વ | ૩૬૪ |
| **પદ–૩૦** | | જીવોમાં કષાય સમુદ્ઘાતોનું અલ્પબહુત્વ | ૩૭૧ |
| ઉપયોગ અને પશ્યતામાં તુલના | ૨૬૮ | નારકીમાં કષાય સમુદ્ઘાતોનું અલ્પબહુત્વ | ૩૭૧ |
| ૨૪ દંડકના જીવોમાં પશ્યતા | ૨૭૦ | દેવોમાં કષાય સમુદ્ઘાતોનું અલ્પબહુત્વ | ૩૭૨ |
| ૨૪ દંડકના જીવોમાં ઉપયોગ અને પશ્યતા | ૨૭૫ | તિર્યંચોમાં કષાય સમુદ્ઘાતોનું અલ્પબહુત્વ | ૩૭૨ |
| **પદ–૩૧** | | મનુષ્યોમાં કષાય સમુદ્ઘાતોનું અલ્પબહુત્વ | ૩૭૩ |
| ૨૪ દંડકમાં સંજ્ઞી-અસંજ્ઞી | ૨૭૯ | સાત સમુદ્ઘાતના ક્ષેત્ર–કાલ–ક્રિયા | ૩૮૫ |
| **પદ–૩૨** | | **આકૃતિ સૂચી** | |
| ૨૪ દંડકના જીવોમાં સંયતાદિ | ૨૮૩ | | |
| **પદ–૩૩** | | જીવોના છ સંસ્થાન | ૧૨ |
| ચારે ગતિમાં અવધિજ્ઞાન વિષય ક્ષેત્ર | ૨૯૧ | જીવોના છ સંઘયણ | ૧૩૫ |
| ૨૪ દંડકમાં અવધિજ્ઞાનના ૧૦ દ્વાર | ૨૯૮ | જીવોના છ સંસ્થાન | ૧૩૫ |
| **પદ–૩૪** | | નારકી દેવોના અવધિ ક્ષેત્રનો આકાર | ૨૯૩ |
| આભોગ અનાભોગ આહાર દ્વાર | ૩૦૪ | આભ્યંતર બાહ્ય અવધિજ્ઞાન | ૨૯૫ |
| આહાર પુદ્ગલો જાણવા જોવા સંબંધી ભંગ | ૩૦૮ | કેવળી સમુદ્ઘાતનું સ્વરૂપ | ૩૯૪ |
| દેવલોકમાં જનારી અપરિગૃહીતા દેવીઓ | ૩૧૪ | ❖❖❖❖❖ | |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદ્રષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર. તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ (સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ',<br>રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.

શ્રી ગુરુપ્રાણ પ્રકાશન

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુક્તાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્‌ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ


શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

## પ્રજ્ઞાપના સૂત્રનું સૂક્ષ્મ દર્શન :–

જૈન દર્શન કોઈ પણ તત્ત્વનું પ્રથમ સામાન્ય નિદર્શન કરે છે. ત્યાર બાદ નય તથા સપ્તભંગીના આધારે સિદ્ધાંતની ચારેબાજુનું અવલોકન કરે છે. આ અવલોકન એટલે જ સૂક્ષ્મ દર્શન. જૈન દર્શન એક એવું દર્શન છે કે પદાર્થ તથા પદાર્થની ક્રિયાઓને તેના મૂળ સુધી તપાસીને, તેના ઉદ્ભવ, પ્રભાવ અને ફળ, એ બધાનું વિસ્તારથી વર્ણન કરે છે, એટલું જ નહીં પરંતુ બ્રહ્માંડની સમગ્ર જીવરાશિને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના પાંચ ભાગમાં વિભક્ત કરીને અથવા નારકી, તિર્યંચ, દેવ અને મનુષ્ય ચારે ભાગોના વિકસિત અને અવિકસિત જીવોને આશ્રય કરી, નિરંતર પ્રશ્નોત્તર કરી, કયા કયા સ્થાનમાં અને કઈ કઈ જીવરાશિમાં કેટ-કેટલી વ્યાપ્તિ(પ્રાપ્તિ) થાય છે, તેનું ઊંડાઈથી અવગાહન કરે છે.

ઉપરાંત વિચારોનું કે અધ્યવસાયોનું ગણિત અલ્પબહુત્વના આધારે સંખ્યાથી પ્રદર્શિત કરી, કયા સિદ્ધાંતની કેટલી પ્રભુતા છે અને કયા સિદ્ધાંતની કેટલી લઘુતા છે, તેનું અધ્યેતાને જ્ઞાન કરાવે છે. ખરેખર ! જૈન દર્શનનું સૂક્ષ્મ દર્શન, એ એક અજોડ પ્રક્રિયા છે. ખરૂ પૂછો તો ભગવતી સદશ આ પ્રજ્ઞાપના સૂત્ર અને ખાસ કરીને તેમના પાછળના પદો આવા અવગાહનથી લબાલબ ભરેલા છે.

પાઠકને ધીરજ ન હોય અને શાસ્ત્રો પ્રત્યે આવશ્યક ભક્તિ કે બહુમાન ન હોય તો ક્યારેક તેની અલ્પબુદ્ધિને કંટાળા ભરેલું પણ લાગે, જો કે તેથી શાસ્ત્રની મહાનતામાં જરા પણ ફરક પડતો નથી.

હવે આપણે વિષયને સ્પર્શ કરીએ તે પહેલાં કહેવું આવશ્યક છે કે આખું શાસ્ત્ર વિધિવત્ આ વિદ્વાન સાધ્વીજીઓ અને આગમદષ્ટા ત્રિલોકમુનિજી મહારાજશ્રીની પ્રેરણાથી વિશદ રૂપે અર્થ–ભાવાર્થ તો પ્રગટ થવાના છે જ, એટલે એ રીતે વિષયને સાક્ષાત્ સ્પર્શ ન કરતાં તેના ગૂઢ તત્ત્વ ઉપર દષ્ટિપાત કરીશું અને તેમાં સમાવિષ્ટ થયેલા કેટલાંક સૂક્ષ્મ ભાવોને પ્રગટ કરવા કોશિશ કરીશું.

"પ્રજ્ઞાપના શાસ્ત્ર" એક મહાસાગર છે. જ્યારે આપણી સામાન્ય બુદ્ધિ એક ઝરણા જેટલી પણ નથી, છતાં પણ વીર કૃપાથી જે ઝળકતા મોતી ચમકે છે, તેનું

મૂલ્યાંકન કરવામાં કે તેના વિશેષ ગુણોને પ્રગટ કરવામાં મનુષ્ય માત્રને બૌદ્ધિક હક્ક પ્રાપ્ત થયેલો છે. તદનુસાર આપણે પણ યથા સંભવ પ્રયાસ કરીશું.

ત્રીસમાં પદમાં **पासणया** ભાવનું વિવેચન છે. **पासणया** માં મતિજ્ઞાનનો છેદ કર્યો છે અને ''સાકાર ઉપયોગ''ના આઠ ભેદમાંથી છ ભેદ ગ્રહણ કર્યા છે.

અહીં આપણે મૂળ તત્ત્વને તપાસીએ ત્યારે જ **पासणया** ભાવ સ્પષ્ટ થશે......

આત્મા શક્તિનો ભંડાર છે. સમયે સમયે ક્ષયોપશમ થવાથી જીવના ગુણો યથાસંભવ પ્રગટ થાય છે. પ્રગટીભૂત થયેલા ગુણો ભિન્ન-ભિન્ન અવસ્થામાં આત્મા સાથે સંકળાયેલા રહે છે. ક્ષયોપશમ થયા પછી ઉદ્‌ભવેલો ગુણ જીવની સંપત્તિ બને છે, પરંતુ પ્રગટ થયેલો ગુણ હરક્ષણે ક્રિયાત્મક થાય, તેવું નિશ્ચિત નથી. મોહાદિ ભાવ, તેનો ઉદય અને ક્ષયોપશમ અથવા જીવના બીજા કેટલાક જ્ઞાનાત્મક કે વીર્યાત્મક ગુણો પણ પ્રગટ થયેલા ગુણોને ક્રિયાત્મક બનાવવામાં કારણ બને છે. આ કારણોને આધારે સંપત્તિ રૂપ ગુણ પ્રયોગમાં આવે છે.

જૈન દર્શનમાં આવા જ્ઞાન-દર્શન ગુણના પ્રયોગાત્મક રૂપને ''ઉપયોગ'' કહેવામાં આવે છે. ગુણનો ''ઉપયોગ'' થયા પછી પણ ગુણની ક્રિયા સર્વથા નિષ્ફળ કે શૂન્ય હોતી નથી. તેનું પણ કંઈક ફળ હોય છે અથવા સ્થાયી સંસ્કાર હોય છે. આવા સંસ્કારો, પદાર્થના સ્વરૂપને વધારે સ્પષ્ટતાથી ગ્રહણ કરે છે અને તે કેવળ વર્તમાન કાળ નો પરિચય પ્રાપ્ત કરી અટકતા નથી પરંતુ પદાર્થના ભૂતકાળને તથા ભવિષ્યકાળને પણ સ્પર્શ કરે છે; કહો કે તે ત્રિકાળ વિષયક બને છે.

આ વિવેચનને આપણે એક ઉદાહરણથી સમજીએ. એક પક્ષીને કાલક્રમમાં અંતરાયના ક્ષયોપશમથી ઉડવાની શક્તિ પ્રાપ્ત થઈ. ગુણનું આ પ્રથમ સ્ટેઈજ છે. ઉડવાની શક્તિ પ્રાપ્ત થયા પછી તે સતત ઉડતું જ રહે એવું નથી, પરંતુ તેમની આહાર આદિ ઈચ્છાઓ કે બીજા ભયજનક કારણોથી તે ઉડે છે. ગુણનું આ ક્રિયાત્મક રૂપ છે; આ બીજી ભૂમિકા થઈ. ત્યાર બાદ જે જગ્યાએ તેને ભય લાગ્યો છે અથવા જ્યાં ચારો મળ્યો છે, તે બંને જગ્યાએ ન જવાના કે જવાના સંસ્કાર ઉદ્‌ભવે છે. આ સંસ્કાર તે ગુણની ત્રીજી ભૂમિકા છે, ત્રીજી ભૂમિકામાં ભૂત–ભવિષ્યનું અવગાહન છે. ત્યાર બાદ પણ ગુણોનો અલગ અલગ રૂપે વિસ્તાર થતો રહે છે.

અહીં શાસ્ત્રકારે **पासणया** શબ્દથી સાકાર ઉપયોગની ત્રીજી ભૂમિકાનો સ્પર્શ કર્યો છે અને જ્ઞાનના પ્રસ્તટને ખોલ્યું છે. **पासणया** ની વ્યાખ્યા પ્રમાણે મતિજ્ઞાનમાં ત્રૈકાલિક અવગાહન સંભવ નથી, તેથી તેનો છેદ કર્યો છે. મતિ અજ્ઞાન અને મતિજ્ઞાન બંનેમાં આ નિર્બળતા છે. અહીં પાઠકે સાવધાન રહેવાની જરૂર છે. જૈન દર્શનનું અજ્ઞાન

અથવા મતિ અજ્ઞાન બે પ્રકારનું છે– (૧) એક ઉદય ભાવી અજ્ઞાન અને (૨) બીજું ક્ષયોપશમ ભાવી અજ્ઞાન. ઉદયભાવી અજ્ઞાનમાં સાકાર ઉપયોગ સંભવ નથી, પરંતુ ક્ષયોપશમ ભાવી અજ્ઞાન ઉપયોગ રૂપ હોય છે. અહીં જે મતિઅજ્ઞાન લીધું છે, તે ક્ષયોપશમ ભાવી છે તેમ સમજવું. જ્ઞાનરૂપ સાકાર ઉપયોગ છોડી, અનાકાર રૂપ દર્શન ઉપયોગમાં પણ **पासणया** નું અવગાહન કર્યું છે. ત્યાં પણ અચક્ષુદર્શનને વિઘટિત કર્યુ છે. ચક્ષુદર્શનને ગ્રહણ કર્યું છે. શાસ્ત્રકારના આ ઉત્તરથી એક મોટો ગૂંચવાડો ઊભો થાય છે. મતિજ્ઞાનમાં પણ ચાક્ષુષમતિજ્ઞાન છે અને દર્શનમાં પણ ચાક્ષુષ દર્શન છે. ચાક્ષુષમતિજ્ઞાન કરતાં ચાક્ષુષ દર્શન પૂર્વમાં ઉત્પન્ન થાય છે અને જ્ઞાન કરતાં ઘણું કમજોર છે અને અસ્પષ્ટ પણ છે, છતાં ચાક્ષુષદર્શનને **पासणया** કહ્યું છે. જ્યારે ચાક્ષુષમતિજ્ઞાનને **पासणया** ની સીમાથી બહાર રાખ્યું છે. પ્રશ્ન ઘણો ગંભીર છે અને કેવળીગમ્ય છે, છતાં પણ તર્કની દૃષ્ટિએ વિચાર કરીએ તો બધા અનાકાર ઉપયોગ સાકાર ઉપયોગથી ઉતરતા જ હોય અથવા અસ્પષ્ટ જ હોય તેવું લાગતું નથી. ચાક્ષુષ દર્શનમાં કોઈ પણ આકાર ઉદ્‌ભવ્યો નથી પરંતુ આભાસ ઉદ્‌ભવ્યો છે. સાકાર ઉપયોગમાં ''આકાર'' પ્રધાન છે અને અનાકાર ઉપયોગમાં ''આભાસ'' પ્રધાન છે અને આવો ચાક્ષુષદર્શનનો આભાસ પ્રતિભાસંપન્ન હોવાથી ત્રૈકાલિક હોઈ શકે છે તેથી ચાક્ષુષ દર્શનમાં **पासणया** પ્રવેશી જાય છે. આટલું વિવેચન કર્યા પછી ટૂંકમાં **पासणया** શબ્દનો અર્થ કરીને અને શબ્દ કોશ માન્ય અર્થનો સ્વીકાર કરી આપણે વિરમશું.........

કોષકાર **पासणया** શબ્દનો અર્થ કરે છે. **पश्यत्ता–प्रेक्षणता** મતલબ થયો ઉપયોગનો ઉદ્‌ભવ થયા પછી તે ઉપયોગના આધારે **જ્ઞાતા કે પ્રમાતા** વિષયનું અવલોકન કરી, ગંભીર ભાવે વિષયનું નિદર્શન કરે છે અને ભૂતકાળ કે ભવિષ્યકાળની પદાર્થ પ્રત્યેની પરિકલ્પનાને સાકાર કરે છે. જેમ કોઈ જ્યોતિષી ગ્રહદશાઓને જોઈ **જાતક**ની ભૂતકાળ અને ભવિષ્યકાળની અવસ્થાઓની ભવિષ્યવાણી કરે છે અને એ જ રીતે કોઈ સામુદ્રિકવેત્તા રેખા કે અંગલક્ષણોને જોઈ **જાતક** ના જીવનનું ઉદ્‌ઘાટન કરે છે. અહીં લાગે છે કે શાસ્ત્રકાર **पासणया** શબ્દથી ફક્ત જ્ઞાનનો જ મહિમા ન બતાવતા જ્ઞાનની અંદર પડેલા શક્તિશાળી બિંદુઓ કે ગૂઢ તત્ત્વો જે જ્ઞાનનું પોતાનું સમૃદ્ધ કેન્દ્ર છે, તે પ્રત્યે ધ્યાન દોરે છે. અચાનક ગૌતમ સ્વામી આમ પ્રશ્ન કરે છે કે ભંતે! કેટલા પ્રકારની **पासणया** છે ? પાંચ જ્ઞાનનું પૂર્ણ વિવેચન થયા પછી આ પ્રશ્નના ઉદ્‌ભવની જરૂર ન હતી, છતાં પણ એકાએક પ્રશ્ન ઉદ્‌ભવ્યો, તેનો અર્થ એ છે કે– ચાર જ્ઞાનના ઘણી, આવા પ્રબુદ્ધ શ્રુત કેવળીને જ્ઞાન પછી પણ જ્ઞાનના ગર્ભમાં પડેલા રત્નો જોવામાં આવ્યા, તેથી તેમણે પુનઃ **पासणया** ની ચર્ચા કરી છે. ધન્ય છે, આવા જૈન શાસ્ત્રના ગંભીર અવગાહનને ! !!

પ્રજ્ઞાપના સૂત્રના આ જ ત્રીસમા પદમાં– જ્ઞાન-દર્શન **સમ-સમય** ઉદ્ભવે છે કે **ભિન્ન–સમય** ઉદ્ભવે છે ? તે પ્રશ્ન ઉપાડ્યો છે. આ શાસ્ત્રમાં સ્પષ્ટ જવાબ હોવા છતા આ વિવાદ ઘણો જ જૂનો છે અને પાછળની શતાબ્દીના દાર્શનિક જૈન આચાર્યોએ આ પ્રશ્નને વિવિધ રૂપે તર્કની કસોટી ઉપર ચડાવ્યો અને ચગાવ્યો છે. તેમજ ઘણી જ ઝીણવટપૂર્વક છણાવટ કરીને પક્ષ-વિપક્ષમાં હજારો તર્કો ઉપસ્થિત કર્યા છે. દેખીતી રીતે આ પ્રશ્નના પક્ષ કે વિપક્ષમાં ઉત્તર મળવાથી આધ્યાત્મિક ક્ષેત્રમાં કશો વિશેષ ફરક પડતો નથી તેમજ જૈન દર્શનના સૈદ્ધાંતિક ભાવોમાં કશી વિડંબના ઉદ્ભવતી નથી, પરંતુ જાણવા ખાતર એક નિર્ણય સુધી પહોંચવા પ્રયાસ કરવામાં આવ્યો છે કારણ કે જૈન દર્શન એ તત્ત્વ સંબંધી નિર્ણાયક દર્શન છે. નિશ્ચિત ઉત્તર આપવો અને સ્યાદ્વાદની કસોટી પર ખરો ઉતરે તેવો જવાબ એ જૈન દર્શનની તાસીર છે, આ બુદ્ધિથી પરે છે, સમજી શકાય તેવું નથી; તેવો જવાબ ભાગ્યે જ જૈન આગમોમાં જોવા મળે છે. તેવા વિષય પરત્વે જૈન સંતો કેવળી ગમ્ય કહીને ઇતિશ્રી કરે છે. અસ્તુ.........

હવે આપણે મૂળવાત પર આવીએ. દર્શન અને જ્ઞાન એક પ્રકારે ક્રમિક જ્ઞાનનો જ પ્રકાર છે. જેમ કુંભાર માટીમાંથી ઘડો બનાવે અને જ્યારે તેનો ચાકડો શરુ થાય ત્યારે ઘડાની પ્રથમ અવસ્થા નિર્માણ થાય છે, પછી ક્રમશઃ આગળ વધતા ઘડો આકાર પામે છે. પ્રથમ ઘડાની નિરાકાર અવસ્થા હતી. જેને આપણે **દર્શન**ની ઉપમા આપી શકીએ અને ત્યાર બાદ સ્પષ્ટ અવસ્થા, જ્યાં આકાર છે, તેવા **સાકાર** ને **જ્ઞાન**ની ઉપમા આપી શકાય. નિરાકાર ઘડો અને સાકાર ઘડો, બંને ઘડાનું ક્રમિક રૂપ છે. અહીં વિવાદ એ જ છે કે જે અનાકાર ઘડો છે, તેને પણ **સાકાર** ગણવો કે કેમ ? તર્ક એ છે કે જો ઉત્પત્તિમાં પ્રથમ સમયે આકાર ન હોય તો પાછળથી આકાર જન્મે કેવી રીતે ? **નિરાકાર ઘડા** માં પણ અદશ્યભાવે **સાકાર ઘડો** સમાયેલો છે. આ વાતનો સ્વીકાર કરીએ તો **નિરાકાર** અને **સાકાર** એક સાથે જનમ્યા છે પરંતુ સ્પષ્ટ ભાવે જોવા જઈએ તો નિરાકાર પછી જ સાકારનો જન્મ થયો છે. એક સમયે બે અવસ્થા સંભવતી નથી. શાસ્ત્રકારે પણ અહીં સ્પષ્ટ કર્યુ છે અને દેવાધિદેવ ભગવાન સ્વયં કહે છે કે– **गोयमा ! णो इणट्ठे समट्ठे** આમ શાસ્ત્રકારનું મંતવ્ય સ્વીકારી લઈએ તો પણ આચાર્યોના વિવાદ ઉપર દૃષ્ટિપાત કરવો ઘટે છે. આ વિવાદના નિરાકરણ માટે એક માત્ર સાધન, **નય**નો આધાર છે. જે કાંઈ પ્રરૂપાય છે તે બધુ **નય** ગમ્ય હોય છે. **પ્રમાણ** ગમ્ય તો લગભગ **અવક્તવ્ય** હોય છે. એટલા માટે સપ્તભંગીમાં **અવક્તવ્ય** ભંગને સ્થાન આપવામાં આવ્યું છે. અહીં જે **સમ-સમય**નો સિદ્ધાંત છે, તે **નૈગમનય**ની દૃષ્ટિએ સમાહિત થાય છે, જ્યારે વ્યવહાર દૃષ્ટિએ તે ક્રમિક છે. યશોવિજયજી મહારાજશ્રીના **જ્ઞાનબિન્દુ** ગ્રંથમાં આ પ્રશ્નનો ઘણો જ ઝીણવટથી સ્પર્શ કર્યો છે અને શ્રી જિનવિજયજી જેવા વિદ્વાન રત્નના

હાથે સંપાદન થવાથી આ સૂક્ષ્મ પ્રશ્ન પર યથેચ્છ પ્રકાશ નાંખવામાં આવ્યો છે.

અહીં આપણે એટલું જ કહેશું કે– જે જ્ઞાતા અનાકાર ઉપયોગનું સેવન કરે છે. અર્થાત્ દર્શન પર્યાયમાં પરિણત થાય છે ત્યારે **દર્શન** કરે છે અર્થાત્ સામાન્ય ધર્મનો સ્પર્શ કરે છે. પદાર્થને જુએ છે પણ જાણતો નથી. **જોવું** અને **જાણવું** બંને ભિન્ન-ભિન્ન પ્રકારનો રસાસ્વાદ છે. 'જોવામાં શ્રદ્ધાનો ભાવ પ્રધાન છે,' જ્યારે **જાણવા**માં તર્કનો અર્થાત્ 'જ્ઞાનનો ભાવ પ્રધાન છે.' તેમાં તે વિશેષ ધર્મોને વાગોળે છે. એક સમયે બે ક્રિયા કદાચ થતી હોય તો પણ ઉપયોગ તો એક જ હોય. અહીં જે વિધાન કર્યુ છે, તે **ઉપયોગ**ને આશ્રિત છે.

પ્રથમ **સામાન્ય ઉપયોગ** વર્તમાન કાલિક હોય છે જ્યારે 'ઉત્તરકાલિક ઉપયોગ' ત્રૈકાલિક હોય છે, જે જાણવાનું કામ કરે છે. **જાણવું** એટલે ચારે તરફથી સમજવું અર્થાત્ **દર્શન** થયા પછી જ્ઞાતા **દર્શન**ને આધારે સ્વયં જ્ઞાનમાં રમણ કરે છે. લૌકિક દષ્ટિએ **જોવું** અને **જાણવું** એ સ્પષ્ટ બે ક્રિયા છે. વ્યવહાર દ્રષ્ટિએ બંને ક્રમિક છે, એમ નક્કી થાય છે. અસ્તુ.........અહીં આટલું વિવેચન કરી આપણે બીજા પદો ઉપર દ્રષ્ટિપાત કરીએ.......

પ્રજ્ઞાપનાના પદો ઉપર વધારે પડતું વિવેચન કરવા જતા મહાગ્રંથ તૈયાર થાય તેમ છે. અહીં તો થોડી મીમાંસા કરી. એક બે પ્રશ્નોને ચર્ચી, પ્રજ્ઞાપના ભગવતીની ઊંડાઈનું રહસ્યોદ્‌ઘાટન કરવું એજ ભક્તિ શ્રદ્ધાથી લખાયું છે. અસ્તુ..........

હવે આપણે આગળના પદના એક બે પ્રશ્ન ઉપર ચર્ચા કરી સૂક્ષ્મદર્શન કરાવતાં આમુખને પૂરું કરવા પ્રયાસ કરીશું....... અહીં ગૌતમ સ્વામી પૂછે છે. સંજ્ઞી અસંજ્ઞીના સંબંધમાં અને ત્યાર બાદ ઉત્તરમાં સિદ્ધ ભગવંતને **णो सण्णी णो असण्णी** અર્થાત્ ''નોસંજ્ઞી નોઅસંજ્ઞી'' આવો નિર્ણય આપ્યો છે. ખરેખર ! આ પ્રશ્ન સમગ્ર વ્યવહાર રાશિના જીવોની જે ઊર્ધ્વગામિતા થાય છે, તેના ઉપર એક નવો જ પ્રકાશ પાથરે છે, તે એક ઊંડો વિચાર માંગે છે. 'અવ્યવહાર રાશિથી લઈ મોક્ષ સુધીની ભવી જીવની યાત્રા છે.' એટલે ભવી જીવ આશ્રી મોક્ષનું સ્વરૂપ તૈયાર થયું છે. આ આખી યાત્રામાં ઉદય ભાવ પરિણામો, ક્ષયોપશમ પરિણામો કે બીજા ઉપશમ કે ક્ષાયિક પરિણામો મુખ્ય ભાવ ભજવે છે. અંતે તો ક્ષયોપશમ, ઉપશમ ભાવ પણ શમી જાય છે અને ક્ષાયિક ભાવ ચૌદમા ગુણસ્થાન સુધી જીવને ખેંચી જાય છે. વચ્ચગાળામાં જીવને અનાદિકાળથી જે ભાવો હતા નહીં, તેવા ભાવો પ્રાપ્ત થાય છે અને છેવટે તેવા ઉજ્જવળ ભાવો પણ વિલુપ્ત થઈ, જીવ મોક્ષગતિ પામે છે........

એકેન્દ્રિયપણું કે અસંજ્ઞીપણું જીવની પ્રથમ સંપત્તિ હતી. ત્યાર બાદ

અકામનિર્જરાના બળે કહો કે પુણ્ય યોગે કહો, પંચેન્દ્રિય જાતિમાં મનોયોગ પ્રાપ્ત થતાં જીવ સંજ્ઞી બને છે. એ જ રીતે ક્ષયોપશમ ભાવે ઘણા જ્ઞાનાદિ સ્વાભાવિક પરિણામો ઉદ્ભવે છે. આ બધા પરિણામો કર્મના ક્ષયોપશમથી કે નિર્જરા થવાથી જીવને પ્રાપ્ત થાય છે પરંતુ તે સદા કાળની સંપત્તિ નથી. જેમ કે જીવ પહેલા અલ્પવીર્યવાળો હતો, પછી સવીર્ય બને છે અર્થાત્ વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી કે ક્ષયથી અનંતવીર્ય જન્મે છે અને મોક્ષમાં જતા જીવ પુનઃ અવીર્યવાન બને છે. ભગવતી સૂત્ર આ વાતની સાક્ષી પૂરે છે. આ દૃષ્ટિથી જોતા જીવની ત્રણ અવસ્થાઓ સ્પષ્ટ થાય છે. કર્મના ઉદયથી થતી અવસ્થાઓ, કર્મનિર્જરાથી થતી અવસ્થાઓ અને ત્યાર પછી આ વચ્ચગાળાની બધી અવસ્થાઓથી રહિત એવી મુક્તિ સ્વરૂપ અકર્મ અવસ્થા પ્રાપ્ત થાય છે. અહીં મોક્ષ શાસ્ત્રમાં ઉમાસ્વામીજીએ ઉદય ભાવને વિભાવ કહ્યો છે અને ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિક ભાવને સ્વભાવ કહ્યો છે. વસ્તુતઃ આ બધા ખંડ ભાવો એ પણ એક પ્રકારના વિભાવ જ છે. જેમ સામાન્ય જીવ મતિજ્ઞાનને આધારે ઘડાને ઘડો કહે, કૂતરાને કૂતરો કહે, પરંતુ તત્ત્વ દૃષ્ટિએ **કૂતરો** એક પર્યાય છે. તેમાં 'અખંડ અરિહંત બિરાજમાન છે.' તેવું જ્ઞાન ન હોવાથી, પર્યાય જ્ઞાન પણ ખંડજ્ઞાન છે. શાસ્ત્રમાં કેવળજ્ઞાન છોડીને બાકીના ચારે જ્ઞાનોને ખંડ જ્ઞાન કહેલા છે. જ્ઞાન, તે જીવનો સ્વભાવ હોવા છતા ખંડજ્ઞાન હોવાથી એક પ્રકારનો વિભાવ જ છે. વચ્ચગાળાને આધારે પુણ્યના યોગે કે કર્મના ક્ષયોપશમને આધારે જે યોગો પ્રાપ્ત થયા છે, તે સહયોગી ભાવ હોવા છતાં મુક્તિની યાત્રામાં પરિપૂર્ણ રૂપે ઉપયોગી નથી. સાધકને તે જ્ઞાન હોવું જરૂરી છે. સમ્યગ્દષ્ટિ જીવ વિભાવોને, ઉદય ભાવોને, અને બાકીના લબ્ધિરૂપ ખંડ ભાવોને પરાયા માને છે. આનંદઘનજી મહારાજે ઠીક જ કહ્યું છે–

**ઘટ મંદિર દીપક કીયો, સહજ સુજ્યોતિ સ્વરૂપ,**
**આપ પરાઈ આપ હી, ઠાનત વસ્તુ અનૂપ.**

અર્થાત્ વાસ્તવિક જ્ઞાન પેદા થતા જીવ સ્વયં આત્મ અને અનાત્મ ભાવોનો ભેદ જાણી લે છે અને જેને ઉપમા ન આપી શકાય તેવી પદાર્થની સ્વરૂપતાનું ભાન કરે છે. અહીં આપણે એટલું જ કહેવું છે કે સિદ્ધ ભગવાન સંજ્ઞી અને અસંજ્ઞી એવા બંને ભાવોથી નિરાળા થઈ, બધા યોગનો વિયોગ કરી, અયોગી બન્યા છે. તે ભાવ સ્પષ્ટ રૂપે આ પ્રશ્નમાં ઝળકે છે.

અહીં બત્રીસમા પદમાં પુનઃનોસંજ્ઞી નોઅસંજ્ઞી જેવો જ બીજો પ્રશ્ન છે અર્થાત્ સિદ્ધ ભગવંતોને અસંયત, સંયત, સંયતાસંયત, એ ત્રણે ભાંગાથી પરે, એવા ચતુર્થ ભાંગામાં સ્થાન આપ્યું છે. આપણે સંજ્ઞી પદમાં ઘણો ખુલાસો કર્યો છે. અહીં વિશેષમાં

એટલું જ કહેવાનું છે કે સંજ્ઞી અસંજ્ઞી કર્મજન્ય ભાવો છે પરંતુ સંયત ભાવ તો શુદ્ધ ક્ષાયક ભાવ છે, છતાં પણ આ ક્ષાયક ભાવનો સિદ્ધ ભગવંતોમાં નિષેધ કર્યો છે. તેનો અર્થ જ એ છે કે સંયમ ભાવ પણ સાધનામાં સહાયક ભાવ છે. તે ભાવ બીજા વિભાવોને પૂરા કરી, પોતે પણ અદશ્ય થઈ જાય છે. જેમ સોયથી કાંટો કાઢ્યા પછી કાંટો અને સોય બંનેને પડતા મૂકી દેવામાં આવે છે. તે જ રીતે વચ્ચગાળાના શુદ્ધ ભાવો અશુદ્ધ ભાવોનો સંહાર કરી, પોતે પણ અદશ્ય થઈ જાય છે, વિલુપ્ત થઈ જાય છે, કારણ કે હવે સિદ્ધ ભગવંતોને બીજા કોઈ ચારિત્ર કે સંયમ ભાવોની આવશ્યકતા નથી. ફક્ત જ્ઞાન ભાવમાં રમણ કરે છે. જ્ઞાન ભાવ પણ એક પ્રકારનો ક્ષાયિક ભાવ છે પરંતુ તે વિદાય લેતો નથી, તેમજ વિલુપ્ત પણ થતો નથી; કારણ કે તે જીવનો સ્વભાવ છે, શાશ્વત ભાવ છે અને સિદ્ધ ભગવંતોને કેવળજ્ઞાનનું પ્રયોજન પણ છે. જો કેવળ જ્ઞાન વિલુપ્ત થઈ જાય તો જીવ દ્રવ્ય અચેતન બની જાય અને મૂળભૂત દ્રવ્ય વ્યવસ્થાને આઘાત પહોંચે. **અહીં ખાસ સમજવાનું એ છે કે શુદ્ધ ભાવ પણ બે પ્રકારના છે– (૧) અશાશ્વત અને (૨) શાશ્વત, અશાશ્વત ભાવો વિદાય થઈ જાય છે. તે કથન આ પદમાં સ્પષ્ટ રૂપે પ્રરૂપિત છે. આ એક ગૂઢ આધ્યાત્મિક રહસ્ય છે,** સાધકની બુદ્ધિ નિર્મળ થાય, તો જ આ ભૂમિકાને સમજી શકે તેમ છે. ધન્ય છે આવા પ્રરૂપિત શાસ્ત્ર ભાવોને ! ! ! જે અધ્યાત્મ ક્ષેત્રના ગૂઢ રહસ્યોને **મિત** શબ્દોમાં ઉદ્‌ઘાટિત કરે છે.

અંતિમ પદમાં સમુદ્‌ઘાતનું અતિ સૂક્ષ્મ વિવેચન છે. એક સમયને આશ્રિત અતિ સૂક્ષ્માતિસૂક્ષ્મ ક્રિયાઓની ગણના કરવામાં આવી છે અને જૈન દર્શનનો કાળ સંબંધી જે **સમય** સિદ્ધાંત છે, જેમાં આંખના એક પલકારામાં અસંખ્ય સમય વ્યતીત થાય છે. આટલા સૂક્ષ્મ સમયમાં એક એક સમયને આશ્રિત સૂક્ષ્મ ક્રિયાઓ થતી હોય તેનું બુદ્ધિ ભેદક વિવરણ છે. આ બધા વિવરણ શાસ્ત્રોક્ત છે. આજના વિજ્ઞાન(સાયન્સ)ના યુગમાં સાયન્સ પણ અતિ સૂક્ષ્મ એવી એક સેકન્ડમાં ૭૦(સિતેર) હજાર, ૭૨(બોતેર) અબજ ક્રિયાઓને સંચાલિત કરી શકે તેવા મહા કોમ્પ્યુટર અસ્તિત્વમાં આવ્યા છે. " વોશિંગ્ટન એ. પી.ના સમાચાર, ૭/૧૧/૦૪ના હિન્દી પેપર "દૈનિક જાગરણ"માં પ્રસિદ્ધ થયેલા સમાચાર છે કે અમેરિકાએ સુપર કોમ્પ્યુટર વિકસિત કર્યુ છે,(પરમાણુ હથિયારોની સુરક્ષા માટે) નિશ્ચિત કર્યુ છે. તે કોમ્પ્યુટર એક સેકન્ડમાં ૭૦ હજાર, ૭૨ અબજ ક્રિયાઓને સંચિત કરી શકે છે અને સંચાલિત પણ કરી શકે છે."

આ કોમ્પ્યુટરની રચના પણ જૈનદર્શનના અતિ સૂક્ષ્મ પર્યાય ભાવોની સાક્ષી પૂરે છે........

આપણે હવે બાકીના વિષયો લેખક ઉપર આશ્રિત કરી આ આમુખને સંકેલી લઈએ. સંપાદક મંડળ સૂત્રની સાંગોપાંગ અર્થ વિવેચના કરે છે, તેનો મને સંતોષ છે.

અંતે આટલું જ કહેશું કે પૂજ્ય પ્રજ્ઞાપના સૂત્રને ભગવતી સૂત્ર કહ્યું છે. જેમ રામાયણમાં રામાયણની ચર્ચા થયા પછી ઉત્તરકાંડ આવે છે. જે રામાયણના પ્રચ્છન્ન ભાવોને પુનઃ અધ્યાત્મ રીતે સંતુલિત કરે છે. તે જ રીતે લાગે છે કે મહાન ભગવતી સૂત્ર જે જ્ઞાનનો મેરુ છે અને જેમાં હીરા, માણેક, મોતીથી બનેલા હજારો જોજનના કાંડ છે અને ઉપરાંત ચાર પ્રકારના વનોથી સમસ્ત મેરુ આચ્છાદિત છે. આવા જ્ઞાન મેરુના જે કાંઈ ઝરણાઓ છે અથવા નદી પ્રવાહો છે, તે લાગે છે કે પ્રજ્ઞાપના સૂત્ર રૂપે પ્રવાહિત થાય છે. મેરુના ઝરણા પણ મેરુ જેવા જ ગણાય, રાજાના યુવરાજ રાજા જ ગણાય, આ રીતે આ પ્રજ્ઞાપના સૂત્ર ભલે ઉપાંગમાં હોય, પરંતુ તે મહા અંગનું ઉપાંગ છે, એટલે તેની મહત્તા અંગશાસ્ત્ર જેટલી જ આંકી શકાય, આથી શાસ્ત્રકારે પ્રજ્ઞાપના સૂત્રને ઠીક જ **पण्णवणा भगवई** કહ્યું છે.

પ્રજ્ઞાપના સૂત્ર ઉપર સૂક્ષ્મદર્શન લખવાનો આપ સહુએ મને જે અવસર આપ્યો અને જ્ઞાનવરણીય કર્મનો ક્ષયોપશમ કરવાની જે તક આપી છે તે ઉપકાર શાયદ ઘણા જન્મો સુધી પણ બદલો ન વાળી શકાય તેવો છે. આપ સૌ ઘણા જ ઉપકારી છો. ખાસ કરીને આજના આ ભૌતિકવાદ પ્રધાન યુગમાં આવા શાસ્ત્ર સાધનાના મહાનતમ કાર્યમાં સંલગ્ન થઈ આગમ ઝરણામાં જનતા સ્નાન કરી શકે તેવી સામગ્રી પીરસી રહ્યા છો. એટલું જ નહી પરંતુ ગુજરાત પ્રાંતમાં અને ગુજરાતી ભાષામાં સાંગોપાંગ શાસ્ત્રને અવતરિત કર્યુ. વરસોની એક ખોટ પૂરી કરતાં અજર-અમર કાર્યને રૂપ આપી રહ્યા છો. આગમોની મૂર્તિને પુનઃ ગુજરાતી ભાષામાં કંડારી રહ્યા છો અને તે મૂર્તિઓ ઉપર ચિંતનનો શૃંગાર કરી સુશોભાયમાન કરી રહ્યા છો. તે આપ સૌનો અવર્ણનીય પુરુષાર્થ છે........

ધન્ય છે લીલમબાઈ મહાસતીજી ને ! જેઓએ આગમવેત્તા અને આગમ ચેતા બની, પોતાની વિદુષી શિષ્યાઓને આ મહાકાર્યમાં જોડેલ છે અને સમગ્ર જીવનને ધન્ય બનાવી શકાય તેવી પળો ઊભી કરી છે. આપના આ આગમ રત્નના સંચાલક શ્રી શ્રી ત્રિલોક ઋષિજી મહાત્મા પણ અનંત-અનંત અભિનંદન અને વંદનના પાત્ર છે. અહીં આટલું કહ્યા પછી આ આમુખ લખવામાં અહીં બિરાજતા દર્શનાબાઈ સ્વામીએ પોતાના મોતી જેવા અક્ષરોથી અમારા લખાવવાના બધા ભાવોને જ્ઞાનપૂર્વક ઝીલી જે પાંડુલિપિ તૈયાર કરી છે, તેનો તો મારે ઉપકાર માનવો જ રહ્યો. અસ્તુ........**शुभम् स्यात्, शुद्धम् स्यात्........**

**જયંત મુનિ**
**પેટરબાર**

# સંપાદકીય

અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની
બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

## વીસ વિહરમાન વિભુ પ્રત્યેની વિજ્ઞપ્તિ :–

**વીસ વિહરમાનને વાંદીએ...અંતર અહોભાવે અભિવંદીએ.....**

વૃત્તિને **સીમ** કરી દષ્ટિ **યુગ** માત્ર ધરી **બાહુ-સુબાહુ** પ્રસારી જીવનમાં **સુજાત** બની રહું,
**સ્વયં પ્રભુ** હું છું એવી દિવ્ય ધ્વનિ **ૠષભાનન, અનંત સુર** પ્રભુની સુણી **વિશાળ** બની રહું,
વિવેક **વજ્ર** ધરી **ચંદ્રાનન ચંદ્રબાહુ ભુજંગદેવ** શ્રી **ઈશ્વરને** ભજી તપસ્વી બની રહું,
નેહે **નેમ** ધરી **વીરસેન, મહાભદ્ર, દેવજસ, અજિતસેન** ને સમરી સંયમી બની રહું.

પ્રિય પાઠક ! જિજ્ઞાસુ વાચક ગણ.....!

તમારી સમક્ષ આજે શ્રી પ્રજ્ઞાપના સૂત્રનાં ત્રીજા ભાગરૂપે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું ૨૯મું આગમ રત્ન પ્રસ્તુત કરી રહ્યા છીએ, તેનો આહ્લાદકભાવ અત્યંત અનુભવાય છે. મારા ઉપયોગરૂપી રાજહંસ કલહંસ બની **૬ થી ૨૦** સુધીનાં મુક્તાફલનું આસ્વાદન માણીને અનુત્તર ધર્મની શ્રદ્ધાથી દઢધર્મી બની ગયો. તેમની બુદ્ધિ પ્રજ્ઞાશીલ બનતાં પ્રૌઢભાવમાં કલશોર કરવા લાગ્યો. પરમહંસ થવાની તાકાત આ પંચમ આરામાં પુરુષાર્થની નબળાઈને કારણે નથી, પણ ભાવયોગમાં તેવી ભાવના ભાવવા લાગ્યો અને ચેતનાબહેન પાસે જઈને બોલ્યો : બહેન....! વીસ પદના મુક્તાફલમાંથી મારી બુદ્ધિ પ્રમાણે જ્ઞાનામૃતનું ભોજન કરી હું તૃપ્ત થયો છું.

હવે, પેલા **સોળ** મુક્તાફળ મહાવ્રતની મઢૂલીમાં પડ્યા છે તે અહીં લઈ આવું? અને સ્યાદ્વાદનાં સરોવરમાં જઈ સહેલ કરી આવું ? તેમ જ કરુણાનાં કમળોનું રસપાન કરવાનો રસિક તો હું છું જ તે પણ રસપાન કરી હમણાં જ આપની પાસે આવી જાઉં છું. મને સર્વ તત્ત્વ સમજાવજો, તેમ વિજ્ઞપ્તિ કરી.

ચેતનાબહેન ખુશ થઈને બોલ્યા...હા...વીરા...હા...! જા...જલદી...જા...ત્યાં રોકાઈ ન જતો. કલહંસ કહે, ના...બહેન...ના...હમણાં જ આ આવ્યો, એમ કહીને ઊડ્યો. જલદી ત્યાં રહેલા સોળ મુક્તાફલ લઈ આવ્યો. જાણે કે સોળે કળાએ ખીલેલા ચંદ્રમાના શીતલ કિરણોને ઝીલી શીતલ-શીતલ બની ગયા ન હોય તેવા તે લાગતા હતા.

ચેતનાબહેન પાસે **૧૬** મુક્તાફળ મૂકી, નેત્રની ઠંડક મેળવવા જોતો જ રહ્યો. ત્યારપછી એકવીસમું મુક્તાફળ ચાંચથી ખોલ્યું અને નામ નીકળ્યું– **એકવીસમું મુક્તાફળ અવગાહના પદ.** તેના અક્ષરશઃ અર્થ સમજવા માટે તે ઉત્સુક બની ગયો. બહેન ચેતના ઉવાચ–

**અ** અશરીરી બનવા સિદ્ધ ભગવંતનું ધ્યાન ધરો તો,

**વ** વરી જશો શિવરમણીને, જેથી ક્યારે ય જન્મ નહીં લેવો પડે.

**ગા** ગાઓ ગીત હંમેશાં અનંત ગુણધારી આત્મદેવના,

**હ** હસ્તગત કરી લો લોકાગ્રે રહેલા સ્વરાજ્ય સિદ્ધાલયને તો,

**ના** નારકાદિ ભાવના ભવ ફેરા સદાને માટે બંધ થઈ જાય.

પૂર્ણ શબ્દ છે, અવગાહના...સાંભળ...હંસ વીરા ! અવગાહના પદથી અર્થ નીકળે છે– જગ્યા, અવકાશ. જીવ બિચારો ભગવાન હોવા છતાં ભિખારી બની ગયો છે. તૈજસ અને કાર્મણશરીર અનંગ છે, તેઓની પાસે અંગ ઉપાંગ નહીં હોવાથી તેની ખરીદી કરવા આકાશ દ્રવ્ય પાસે જગ્યાની ભીખ માંગે છે. આકાશ દ્રવ્ય ઉદાર હોવાથી જગ્યા આપે છે. તે જગ્યા ગ્રહણ કરી પ્રથમ વિધિ દ્વારા ઉત્પત્તિના ક્ષેત્રમાં પુદ્‌ગલ ગ્રહણ કરી શરીર બનાવે છે. ત્યાર પછી ઇન્દ્રિય બનાવવા સામગ્રી ગ્રહણ કરી સંસ્થાનની રચના કરે છે. ત્યાર પછી કર્મની મૂડી પ્રમાણે જગ્યાનું પ્રમાણ નક્કી કરે છે.

તે શરીર રૂપી બંગલાને ટકાવી રાખવા ચય-ઉપચયની પૌદ્‌ગલિક સામગ્રી એકત્રિત કરે છે. ત્યાર પછી સાવયવી શરીરને રચી કેટલા શરીર સાથે પરસ્પર સંયોગ કરી શકે તે નિર્ણય કરે છે. દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થથી અલ્પબહુત્વ, અવગાહનાનું અલ્પબહુત્વ. આ રીતે ચોવીસ દંડકના જીવો, એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિયના જીવો, ઔદારિક, વૈક્રિય, આહારક આવા ત્રણ શરીર પોતાની શક્તિ પ્રમાણે બનાવે છે. જેમ કે એકેન્દ્રિય જીવો અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અને વનસ્પતિની અપેક્ષાએ એક હજાર યોજન પ્રમાણ ઔદારિક શરીર રચે છે, તેનું સંસ્થાન મસુરની દાળ, પાણીનાં પરપોટા, સોયની ભારી, ધ્વજા વગેરે વિવિધ આકારવાળું બનાવે છે. તેનાથી મોટા જીવો તેના પ્રમાણે અંગુલના અસંખ્યાતમા ભાગથી લઈને, મધ્યમ–વેંત, હાથ, ધનુષ, ગાઉ, યોજન સુધીનું બનાવે છે. તે બધા આકાશ દ્રવ્યના આધારે પુદ્‌ગલની સામગ્રી ગ્રહીને સંસ્થાન નામકર્મના ફળ પ્રમાણે છ એ છ સંસ્થાન રચીને રહે છે.

બીજું વૈક્રિય શરીર નારકી દેવોને જન્મજાત ભવમાં મળે છે અને તેઓ પણ કર્મની મૂડી પ્રમાણે અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગથી લઈને પાંચસો

ધનુષ્ય સુધીની પામે છે, ઉત્તર વૈક્રિય કરે તો લાખ યોજન સુધીની કરે છે. ઔદારિક શરીર ધારી તિર્યંચ એકેન્દ્રિય બાદર પર્યાપ્ત વાયરાને વૈક્રિય શરીર તથા પંચેન્દ્રિય જીવોમાં સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને કર્મભૂમિજ સંજ્ઞી મનુષ્ય પંચેન્દ્રિયને મળે છે. તે તપસ્યાદિ કરવાથી લબ્ધિજન્ય મળે છે. આહારક શરીર ફક્ત મનુષ્ય પંચેન્દ્રિય પર્યાપ્તા લબ્ધિધારી મુનિરાજોને જ મળે છે. બાકી મૂળ શરીર તિર્યંચગતિના જીવો તેમ જ મનુષ્ય ગતિના સર્વ જીવોને જન્મજાત ઔદારિક શરીર જ મળે છે.

આ રીતે અનેક વાત અગમ નિગમની આ પદમાં ભરી છે. તેનું તું આચમન કરજે અને પછી અંતરમાં ઊતારજે અને આકૃતિમાંથી નીકળી નિરાકૃતિમાં જવાનું નિતાંત નિદિધ્યાસન કરજે, એમ કહી ચેતના બહેન........મારા ઉપયોગરૂપી કલહંસ સામું જોઈ રહ્યા.

તે ખરેખર ચેતના બહેનનો ઉપદેશ પી રહ્યો હતો. ત્યાર પછી જાગૃત થઈને પ્રશ્ન પૂછવા લાગ્યો.

ચેતના બહેન ! જીવે એવો શું પુરુષાર્થ કર્યો કે તેને આવી બધી જગ્યા મેળવવી પડી ? તે બિચારા બધા સૂક્ષ્મ-બાદર જીવો નાનકડી કાયામાં કેમ રહેતા હશે ? ચેતનાએ કહ્યું ભાઈ ! તું ભૂલી ગયો છે. આપણે આવા બધા જ ભવ કર્યા છે. આવા ભવ કરવાનું કારણ કર્મ છે અને કર્મ ક્રિયા દ્વારા બંધાય છે. હંસ બોલ્યો, ''તે વળી કેવી ક્રિયા હોય, જેથી કર્મ બંધાય ? મારી ચાંચ આ વિષયમાં તો ડૂબતી જ નથી.''

ચેતના બોલી, ''મુંઝાઈ ન જા ભાઈ ! હવે પછી બાવીસમું મુક્તાફળ લાવ. તેમાં તારી મૂંઝવણનો ઉકેલ છે. લાવ જોઈએ'' હંસ ઉદાસ ભાવે મુક્તા ફળ લાવ્યો અને ખોલ્યું.... તેમાં નામ સરી પડ્યું– **બાવીસમું મુક્તાફળ ક્રિયા પદ.** બહેન ચેતના ઉવાચ– જો વાંચ અને અક્ષરશઃ તેનો અર્થ સાંભળ–

**ક્** ક્યારે તું તને ઓળખીશ ? ઓળખ વિના ક્યાં ક્યાં તું ભટકીશ ? સ્વસન્મુખ થા.
**રિ** રિખવદેવથી લઈને મહાવીર સુધીના બધા જ તીર્થંકરોનો આ ઉપદેશ છે.
**યા** યાજ્ઞિક ખરો તે જ બની શકે, જે સંપૂર્ણ કર્મનો હોમ કરનારી સત્ક્રિયા કરે.

સાંભળ.......હંસ વીરા.......! પૂર્ણ અક્ષરનો શબ્દ બને છે **ક્રિયા.** જ્યાં સુધી સત્ક્રિયા જીવ ન કરે ત્યાં સુધી નાના મોટા શરીર મેળવવા પડે છે. તે શરીર મેળવવા માટે કર્મ કરવા પડે છે, કર્મ ક્રિયાથી થાય છે, તે ક્રિયા માત્ર કાયાના સદ્‌ભાવથી થાય છે. જીવ તો અક્રિય છે છતાં પુદ્‌ગલના પનારે પડી જીવ, મળેલા શરીરનું પોષણ કરવા તે

કાયાને ક્રિયાન્વિત બનાવે છે, તેથી કાયિક ક્રિયા કહેવાય છે. જે જીવ કાયાને દુષ્ટરૂપે પ્રવર્તાવે તે દુષ્કૃત બાંધે, સારી રીતે પ્રવર્તાવે તે સુકૃત બાંધે. પુણ્ય-પાપ, કુશળ-અકુશળ ભાવોની પૂર્વભૂમિકા જ ક્રિયા છે. તે ક્રિયાથી જ કર્મ બંધાય છે. કર્મ અને ક્રિયા એક નથી. ક્રિયા કર્મની જનની છે. કર્મ તેનું સંતાન, સંતાનને જન્મ દેતા જનની ૧૮ પાપસ્થાનક બાંધે છે. ક્રિયાના ગર્ભનું પોષણ પાપસ્થાનક કરે છે. ત્યાર પછી કર્મ જન્મ ધારણ કરે છે, માટે જ તો કહ્યું છે– **पावाणं कम्माणं** = બંન્ને મળીને અર્થ થાય છે પાપ કર્મ.

હે હંસ ! સમજી લે. જગતમાં કોઈ એવી વસ્તુ નથી કે ક્રિયા કારિત્વ ભાવ ધરાવતી ન હોય. દરેક ચીજોમાં પ્રવૃત્તિ જ હોય છે. અહીં વિશેષ પ્રવૃત્તિ લઈને ક્રિયા શબ્દનો પ્રયોગ પ્રારંભાયો છે. ક્રિયાના પ્રથમ પાંચ ભેદ દર્શાવ્યા છે. કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી, પ્રાણાતિપાતિકી.

હંસ વીરા ! આપણે વિચારીએ તો, સરાગી જીવોને શરીરના સદ્ભાવથી કાયિકી ક્રિયા લાગે છે, અશુભ અધ્યવસાયના સદ્ભાવથી અધિકરણિકી ક્રિયા લાગે છે, કષાયના ભાવથી પ્રાદ્વેષિકી ક્રિયા લાગે છે. આ ત્રણ ક્રિયા સર્વ જીવોને લાગે છે, માટે ત્રણ ક્રિયા તો દરેક જીવો પાસે હોય છે, બાકીની બે ક્રિયા હોય અથવા ન પણ હોય. તેમજ તથાપ્રકારની બે ક્રિયાનો યોગ થતાં ચોથી પારિતાપનિકી અને પાંચમી પ્રાણાતિપાતિકી ક્રિયા કોઈક જીવોને નિયમા અથવા ભજનાથી લાગે છે.

આ પાંચે ક્રિયા હિંસા-અહિંસાના લક્ષ્ય સહિત થાય છે, હિંસાના લક્ષ્યથી થતી ક્રિયામાં ૧૮ પાપસ્થાનક સમાયેલા છે. જેમ કે (૧) પ્રાણાતિપાતથી છ કાય જીવોની હિંસા થાય છે. ચોવીસે દંડકમાં આ ક્રિયા લાગ્યા કરે છે, તેથી પ્રથમ પાપસ્થાન બંધાય છે. (૨) મૃષાવાદ પાપ સર્વદ્રવ્યોના સંબંધમાં જીવ કરે છે. (૩) સર્વ દ્રવ્ય રજા વિના ગ્રહણ કરવામાં અદત્તાદાનનું પાપ લગાડે છે. (૪) રૂપવાળા પદાર્થોમાં અથવા રૂપ જોવામાં મૈથુન પાપસ્થાન બાંધે છે. (૫) પરિગ્રહનું પાપ તો સર્વ દ્રવ્યને એકત્રિત કરવામાં લાગે છે. આ રીતે તેનો વિસ્તાર કાયિકી ક્રિયાથી લઈને પચીસ ક્રિયા સુધી લંબાય છે, તેનો હુબહુ ચિતાર આઠ કર્મ, સાત કર્મ, છ કર્મ અને એક કર્મ વગેરે બાંધવામાં આવતી ક્રિયાની ચર્ચા આ પદના મુક્તાફળમાં છે.

અરે......આ મુક્તાફળ તો ઠીક પરંતુ ક્રિયાનું પ્રકરણ તો શ્રી સ્થાનાંગ સૂત્રમાં વિસ્તારથી ભેદ-પ્રભેદ સહિત દર્શાવાયું છે. ત્યાં તો જીવક્રિયા, અજીવ ક્રિયા કહીને, ક્રિયાના ૭૨ જેટલા ભેદ કહ્યા છે. શ્રી સૂત્રકૃતાંગ સૂત્રમાં તેર ક્રિયા સ્થાન દર્શાવ્યા છે. તત્ત્વાર્થ સૂત્રમાં પચીસ ભેદ અને શ્રી ભગવતી સૂત્રમાં પણ અનેક સ્થળે ક્રિયાનું વર્ણન મળે છે. આ રીતે સાંપરાયિક ક્રિયાથી કર્મ બંધાય છે અને અહિંસાના લક્ષે બંધાતી

ઈરિયાવહી ક્રિયાથી પણ જીવ મુક્ત બને તો જ અક્રિય થાય છે.

તો......હંસ વીરા ! આ મુક્તાફળના કણેકણમાં ભરેલા રસાસ્વાદને માણીને નિષ્ક્રિય બની સ્વભાવિક સહજ ભાવમાં સ્થિર થવાની કોશિશ કરજે. લાવ જોઈએ હવે ર૩મું મુક્તાફળ તેમાંથી નીકળતો માલમલિદો કેવો છે તે તને સમજાવું.

ચેતના બહેન બોલ્યા, ખોલ જોઈએ.........હંસે, ત્રેવીસમું મુક્તાફળ ખોલ્યું, તેમાં નામ નીકળ્યું– **ત્રેવીસમું મુક્તાફળ કર્મપ્રકૃતિ પદ.** તેનો અક્ષરશઃ અર્થ તું જ કર, તેમ ચેતના બહેનના કહેવાથી અર્થ.... આ પ્રમાણે મારા ઉપયોગ રૂપી હંસે કર્યો–

**કર્** કર્મ ક્ષય કરવાનો પ્રયોગ શુક્લ ધ્યાન તપ છે.
**મ** મરજીવાની સમાન જ્ઞાન સાગરમાં ડૂબકી લગાવવી જોઈએ અને તેનું,
**પ્ર** પ્રશિક્ષણ જ્ઞાની ગુરુભગવંતો પાસેથી મેળવવું જ જોઈએ.
**કૃ** કૃશ, કાયાને ન કરતાં, કર્મને કૃશ કરવા જોઈએ.
**તિ** તિરાડ, કર્મ અને આત્મા વચ્ચે કરીને સ્વસ્વરૂપમાં સમાય જા.

હંસ આ અર્થ કરીને નાચી ઊઠ્યો. આ મુક્તાફળ અનેક કરામતોથી ભરેલ છે. હંસ ભાઈ...સ્યાદ્વાદના સરોવરે સ્નાન કરીને આવ્યા હતા. તેને હવે શબ્દના અક્ષરની વ્યંજન લબ્ધિ થોડી થોડી મળી ગઈ હતી, તેથી તેની ચાંચ ઊંડાણમાં ખૂંચાડતો થઈ ગયો હતો. ચેતના બહેન અર્થ સાંભળી ખુશ થયા, અને બોલ્યા સાંભળ ભાઈ ! ક્રિયાનું સંતાન કર્મ છે. તે બંધ રૂપે બંધાય છે. તેનો આ પદમાં પ્રારંભ થયો છે.

પ્રથમ નંબર કર્મપ્રકૃતિ અર્થાત્ કર્મનો સ્વભાવ– જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય; આ રીતે સ્વભાવ રચાય જાય છે. કર્મસંબંધી ચિંતન ઘણું જ સૂક્ષ્મતા પૂર્વક ઊંડાણથી વિચારાયું છે. વિરાટ વિશ્વમાં વિવિધ પ્રકારના પ્રાણીઓ વિષમતા ભોગવતાં દષ્ટિ ગોચર થાય છે, તે જ મૂળ કર્મ પ્રકૃતિનું કારણ છે.

જૈન દર્શન કર્મને કેવળ સંસ્કાર માત્ર માનતા નથી, એક વસ્તુભૂત પદાર્થ માને છે. તે રાગ-દ્વેષની ક્રિયાથી આકૃષ્ટ થઈને જીવની સાથે બંધાઈ જાય છે. તે પદાર્થ જીવ પ્રદેશના ક્ષેત્રમાં સ્થિત સૂક્ષ્મ કર્મ પ્રાયોગ્ય અનંતાનંત પરમાણુઓથી બનેલી વર્ગણાઓને આત્મા પોતાના સર્વ આત્મપ્રદેશોથી કર્મોને આકૃષ્ટ કરે છે, તે કર્મ સ્કંધો જ્ઞાનાવરણાદિ રૂપે વિભિન્ન પ્રકૃતિઓના રૂપમાં પરિણત થાય છે. પ્રત્યેક આત્મપ્રદેશ પર અનંતાનંત કર્મ પુદ્ગલ ચિપકી જાય છે અર્થાત્ બંધાય જાય છે ત્યાર પછી ઉદય થાય છે.

જેમ કે જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી દર્શનાવરણીય કર્મનો ઉદય થાય,

દર્શનાવરણીય કર્મના ઉદયથી દર્શન મોહનીયનો ઉદય થાય, દર્શન મોહનીયના ઉદયથી મિથ્યાત્વનો ઉદય થાય અને મિથ્યાત્વના ઉદયથી જીવ પાછો આઠે ય કર્મપ્રકૃતિઓ બાંધે છે. આ પ્રમાણે નરકથી માંડીને વૈમાનિક દેવ સુધીના ૨૪ દંડકોમાં એકત્વ, બહુત્વથી આઠ કર્મબંધનો સ્વભાવ જાણવો.

પ્રકૃતિ – જે જેવું બંધાયું તેવું તેનું સ્વરૂપ દર્શાવે છે. આ રીતે પૌદ્ગલિક વર્ગણાને ગ્રહણ કરીને કર્મસ્પર્ધકો જીવ પોતાના ઉપર લાવે છે. તેના બે ઉદ્દેશક આ મુક્તાફળમાં છે.

પ્રથમ ઉદ્દેશકના પાંચ દ્વાર છે– **પ્રથમ** દ્વારમાં ૨૪ દંડકવર્તી જીવોમાં મૂળ કર્મપ્રકૃતિની સંખ્યાનો સદ્ભાવ **બીજા** દ્વારમાં સમુચ્ચય જીવો તથા ૨૪ દંડકના જીવો આઠ કર્મની પરંપરાનું સર્જન કેવી રીતે કરે તે વાત દર્શાવી છે. **ત્રીજા** દ્વારમાં સર્જન કરવાની સામગ્રી જીવ પાસે રાગ-દ્વેષ રૂપ ભાવ કર્મની છે. તેના વાવેતરથી આત્મ ધરતી ઉપર કર્મપ્રકૃતિ ઊગી નીકળે છે. ત્યાર પછી ચોથા દ્વારમાં તેના અલ્પ બહુત્વનું માપ કરવામાં આવે છે અને પછી પાંચમા દ્વારમાં તે કર્મનો પાક મબલખ કેટલા પ્રમાણમાં થાય છે તેને વિપાક તરીકે દર્શાવેલ છે. આ રીતે પ્રથમ ઉદ્દેશક પૂર્ણ થાય છે.

ત્યારપછી બીજા ઉદ્દેશકમાં જીવ કૃષીવલે જે પાક નીપજાવ્યો છે, તેના ફણગારૂપ કર્મપ્રકૃતિના ભેદ-પ્રભેદ દર્શાવી જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોના બંધની એક-એક પ્રકૃતિની એકેન્દ્રિયથી લઈને અસંજ્ઞી-સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોની બંધ યોગ્ય સ્થિતિ દર્શાવી છે તથા તેના અનુભાગ અને પ્રદેશ બંધ અનેક દષ્ટિકોણથી સમજીને જઘન્ય ઉત્કૃષ્ટ કર્મ સ્થિતિ બાંધવાની કયા જીવની તાકાત કેટલા પ્રમાણમાં હોય છે તેનું વર્ણન તું આ મુક્તાફળ- માંથી શોધી કાઢજે. હવે પછીનું મુક્તાફળ લાવ... જોઈએ, આપણે તેનું પણ નિરીક્ષણ કરીએ.

હંસ...ચોવીસમું મુક્તાફળ લાવ્યો, ખોલ્યું– **ચોવીસમું મુક્તાફળ કર્મબંધ-બંધક પદ.** પોતે જ તેનો અર્થ અક્ષરશઃ કર્યો–

**કર્** કર્મતણી ગતિ ન્યારી છે. જેણે જાણી તેણે જ જાણી છે, તે જ જ્ઞાની કહેવાયા છે.

**મ** મજબૂરીથી જીવ માત્રને કર્મના ફળ ભોગવવા જ પડે છે.

**બં** બંકોનર તે જ બની શકે, જે સર્વ સંબંધનું બંધન તોડી નાંખે.

**ધ** ધન છોડ્યા પછી સંયમી જીવે ધર્માભિમુખ સદા બની રહેવું જોઈએ તો જ,

**ક** કરણ અપૂર્વમાં પ્રવેશી ક્ષપકશ્રેણી ચઢી શકે અને કર્મ ક્ષય કરી શકે

છે.

ચેતના બહેન બોલ્યા :– જો હંસ વીરા.....! તેં અક્ષરશઃ અર્થ જાણી લીધોને ? આ મુક્તાફળ અનેક ખૂબીઓથી ભરેલ છે. પેલી કર્મપ્રકૃતિ આઠ છે, તેના બાંધનારા જીવો ૨૪ દંડકના છે. તે જીવો એક જ્ઞાનાવરણીય કર્મ બાંધતા આઠ કર્મપ્રકૃતિ બંધમાંથી કેટલી બાંધે છે, તેનું ગણિત આ પદમાં ભાંગા દ્વારા દર્શાવ્યું છે. બધા જ જીવો કોઈપણ પ્રકૃતિને મુખ્ય-ગૌણ રાખીને સાત, આઠ કર્મ બાંધે છે, પરંતુ વિશિષ્ટતા એક જ છે કે કર્મભૂમિનો ગર્ભજ મનુષ્ય ક્યારેક સાત, આઠ, છ તથા ક્યારેક એક કર્મબાંધે અને ક્યારેક અબંધક પણ થઈ જાય છે.

હંસ...ભઈલા ! આ કર્મબંધના બંધકના પરિણામ ઉપર કેટલું સરસ ગણિત માંડીને જ્ઞાની પુરુષોએ એવી એક મંગલ માનસિક પરિસ્થિતિનું વર્ણન કરી આ મનુષ્ય ભવનું મૂલ્યાંકન કર્યું છે, તેને તું મનન પૂર્વક વાંચીને સર્વવિરતિ ભાવમાં રહી અપ્રમત દશામાં ઝૂલજે અને અબંધ દશાને કેળવજે.

લાવ...જોઈએ. હવે ૨૫મું મુક્તાફળ. લે ખોલ તેમાંથી જો નીકળ્યું– **પચીસમું કર્મબંધ વેદક પદ.** કર તેનો અક્ષરશઃ અર્થ, મારા ઉપયોગરૂપી હંસે ઉત્સુક થઈને અર્થ નીચે પ્રમાણે કર્યો–

**કર્** કર્મનું ફળ જીવ સુખ-દુઃખ રૂપે વેદે છે.
**મ** મહાત્મા પુરુષો ક્યારેય ખેદ કરતા નથી.
**વે** વેદકતા ગુણ ચેતનાનો છે, એમ તું જાણ
**દ** દરેક પળે આત્માનું લક્ષ્ય કરીએ તો નવું કર્મ તીવ્ર બંધાતું નથી.

કર્મવેદ પદનો આવો ભાવવાહી અર્થ સાંભળીને ચેતના બહેને સમજાવ્યું. કર્મવેદ એટલે વેદન કરવું, અનુભવ કરવો. એક બાજુ કર્મપ્રકૃતિનો બંધ કરવો અને બીજી બાજુ વેદન કરવું, આ બે વાતનું નિર્દેશન કરેલ છે. તેમાં પહેલું જ્ઞાનાવરણીય કર્મ બાંધતા જીવ આઠેય કર્મનું વેદન કરે છે. નારકીથી લઈને તિર્યંચ, મનુષ્ય, વૈમાનિક સર્વ દેવો માટે એકવચન અને બહુવચનથી જાણવું. એવી જ રીતે વેદનીય કર્મ છોડીને સાત કર્મોની પૃચ્છા કરવી, કારણ કે વેદનીય કર્મ બાંધતો ગર્ભજ કર્મભૂમિજ મનુષ્યનો એક જીવ અથવા અનેક જીવો સાત-આઠ કે ચાર કર્મ વેદનારા હોય છે. બાકીના દંડકના જીવો આઠ કર્મ વેદનારા હોય છે. એમ આ મુક્તાફળનો સ્વાદ માણતા મનુષ્ય ભવની બલિહારી સમજી લેજે. હવે જોઈએ ૨૬મું મુક્તાફળ.

હંસ બોલ્યો– બંધ બાંધતા વેદન કરવાની વાત જાણી. હવે આ મુક્તાફળમાં શું આવશે ? મારી જિજ્ઞાસાનું સમાધાન આપ ન હોત તો કોણ કરત ? હું જલદી જઈને લઈ આવું છવ્વીસમું મુક્તાફળ. જુઓ બહેન ! મેં ખોલ્યું અને આમાં લખ્યું છે– **છવ્વીસમું કર્મવેદ બંધક પદ.** ચેતના બોલી હવે તું જ તેનો અક્ષરશઃ અર્થ કર–

**કર્** કર્મ ફળ પ્રમાણે પરિસ્થિતિ ઊભી કરી દે છે.
**મ** મહાત્મા તેને જ્ઞાન દ્વારા પારખી લે છે.
**વે** વેદો નિજાત્માને, બાકી સઘળું ફોક કરતા શીખો.
**દ** દયા સ્વ ની રાખો જેથી જીવ હિંસા કરી દુર્ગતિમાં કદી ન જવાય.
**બં** બંધન તોડવા પ્રબળ પુરુષાર્થ ઉપાડો.
**ધ** ધર્મ એવો કરવો કે પરમ શાંતિ પ્રાપ્ત થાય.

ચેતના બહેન બોલ્યા – સાંભળ વીરા.....! પેલા મુક્તાફળમાં કર્મપ્રકૃતિ બાંધતો જીવ કેટલા કર્મનું વેદન કરે છે, તે વાત તું સમજી ગયો અને આ મુક્તાફળમાં ચોવીસ દંડકના જીવો તથા સમુચ્ચય જીવ એમ ૨૫ પ્રકારના જીવો કર્મની મૂળ પ્રકૃતિનું વેદન કરતાં, કેટલા કર્મનો બંધ કરે છે તે પ્રશ્નના જવાબમાં જ્ઞાની પુરુષોએ દર્શાવ્યું છે કે જીવ સાતનો, આઠનો, છનો અથવા તો એક કર્મપ્રકૃતિનો બંધ કરે છે. એક જીવ અથવા અનેક જીવોની અપેક્ષાએ વિવિધ પ્રકારે ભાંગા દર્શાવ્યા છે. કોઈમાં ત્રણ,નવ, સત્તાવીસ ભાંગા વગેરે નારકીથી લઈને વૈમાનિક સુધીના જીવોની વેદન કરવાની પદ્ધતિ પ્રમાણે પરિણામો થતાં બંધની ક્રિયાથી કર્મની પ્રકૃતિનો બંધ પડે છે. તેની અલગ-અલગ જ્ઞાનામૃતની વાનગીનો આસ્વાદ લેતાં મનુષ્યભવની પરમ ધન્યતા અનુભવજે.

હંસે માથું ઝુકાવ્યું અને સત્તાવીસમું મુક્તાફળ લેવા ઊડ્યો, લાવ્યો અને ખોલ્યું. નામ નીકળ્યું– **સત્તાવીસમું મુક્તાફળ કર્મવેદ વેદક પદ.** તેનો અક્ષરશઃ અર્થ આ પ્રમાણે છે–

**કર્** કર્તાપણું છોડવા કટ્ટીબદ્ધ બનીશ ત્યારે જ
**મ** મહાવીર માર્ગે મુક્તિને મેળવવા સમર્થ થઈશ.
**વે** વેદનો વિનાશ નવમે ગુણસ્થાનકે જીવ કરે છે અને,
**દ** દસમા ગુણસ્થાનકે સૂક્ષ્મ લોભનો નાશ કરી મોહ કર્મનો ક્ષય કરે છે.
**વે** વેદનાદિ ચાર અઘાતી કર્મનો નાશ થાય છે ત્યારે,
**દ** દરવાજા મોક્ષના ખુલ્લા થઈ જતાં જીવ સ્વ સામ્રાજ્યમાં સ્થિર થઈ જાય

છે.

અક્ષરશઃ અર્થ હંસને સમજાતા ગયા. કેવું વ્યાકરણ પ્રભુએ વિગતવાર વરસાવ્યું છે. એક અક્ષર પણ નિરર્થક નથી જતો. શ્રુતજ્ઞાનને મનોમન વંદીને, ચેતના બહેનની સામે જોયું.

ચેતના બહેન બોલ્યા જો હંસ...પ્રત્યેક આઠ કર્મમાંથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય આ ત્રણ પ્રકૃતિને વેદતો મનુષ્યનો જીવ આઠ કર્મપ્રકૃતિનું વેદન કરે છે અથવા સાત કર્મપ્રકૃતિનું વેદન કરે છે. એક જીવ આશ્રી અથવા બહુ જીવ આશ્રી કથન સમજવું. શેષ જીવો માટે આઠ કર્મનું વેદન છે અને મોહનીયકર્મનું વેદન કરતાં જીવ ફરજિયાત આઠ કર્મનું વેદન કરે છે.

હવે અઘાતી કર્મ– વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મની પ્રકૃતિ વેદતા ગર્ભજ કર્મભૂમિજ મનુષ્યને ૮, ૭, ૪ કર્મનું વેદન હોય છે. બાકીના જીવો આઠકર્મનું વેદન કરે છે.

આ રીતે પ્રભુએ ચિત્તને જ્ઞાનમાં સ્થાપવા માટે અનેક ભાંગા દર્શાવ્યા છે. તે તારા મતિજ્ઞાનના સહારે પ્રભુ વાણીના માધ્યમે જાણજે. તેમાંથી ભાંગાનું ગણિત તારવજે. આ કર્મનું પ્રકરણ પૂર્ણ થયું.

હવે લાવ અઠ્ઠાવીસમું મુક્તાફળ..... મારા કલશોર કરતાં હંસે અઠ્ઠાવીસમું મુક્તાફળ લાવીને ખોલી નાંખ્યુ અને શબ્દો સરી પડ્યા– **અઠ્ઠાવીસમું મુક્તાફળ આહાર પદ.**

**આ** આ છે અનાદિની રીત, પુદ્ગલમાં જીવ કરી રહ્યો છે પ્રીત.

**હા** હાર-જીત જીવની રાગ-દ્વેષના રમખાણમાં છે, તેનાથી છૂટવા માટે,

**ર** રત્નત્રયની સંપૂર્ણ આરાધના કરી લેવી જોઈએ.

અક્ષરશઃ અર્થ સાંભળતા ચેતના બહેને જાણ્યું– હા.....બરાબર અર્થ થયો. ચેતના બોલી, હા...હંસ...હા...અર્થ તો બરાબર છે, સાંભળ..... આ પદ ઘણું ગંભીર છે, ચારે ય ગતિમાં આના વિના ચાલતું નથી, માટે આ પદના બે ઉદ્દેશક–વિભાગ કરીને પાઠકની પ્રજ્ઞામાં ઉતારવાની કોશિષ કરી છે.

પ્રથમ ઉદ્દેશકમાં અગિયાર દ્વાર અને બીજામાં તેર દ્વાર આપ્યા છે. પ્રથમ ઉદ્દેશકમાં આહાર સંબંધી કથન છે અને બીજામાં આહાર કરનાર વ્યક્તિ સંબંધી કથન છે તેનો ખ્યાલ રાખજે. આહારના ત્રણ પ્રકાર છે– સચેત, અચેત, મિશ્ર.

ચોવીસ દંડકના જીવો, જીવ સહિતના પુદ્ગલોને ખાય તેને સચિત્ત આહાર કહેવાય. જીવો નીકળી ગયા હોય તેવા કલેવરને ગ્રહણ કરે, તે આહાર અચિત્ત કહેવાય. જેમાં કેટલાક જીવો છે અને કેટલાક જીવો ચ્યવી ગયા છે તેવો આહાર મિશ્ર કહેવાય છે. ભવ ધારણીય વૈક્રિય શરીરધારી નારકી-દેવો અચિત્ત આહાર કરે છે. ઔદારિક શરીરધારી જીવો ત્રણેય પ્રકારના આહાર કરે છે. તેની રીત રસમ આ મુક્તાફળમાં છે.

આ રીતે આહાર કયો જીવ, કેટલા પ્રમાણમાં, કયા ક્ષેત્રમાંથી, કેવી રીતે ખેંચે છે? કેવી રીતે પરિણત કરે છે ? કેટલાક પ્રમાણમાં પરિણત થાય છે ? અને જીવ ઈચ્છાથી ગ્રહણ કરે તેને આભોગ આહાર કહેવાય, ઈચ્છા વિના સહજ રીતે ગ્રહણ થઈ જાય તેને અણાભોગ આહાર કહેવાય. શરીર રચના માટે પ્રથમ આહાર કરે તે ઓજ આહાર કહેવાય, શરીર રચાય ગયા પછી ઈન્દ્રિય રોમરાયનાં માધ્યમે જે પુદ્ગલો ગ્રહણ થઈ જાય તે લોમ કે રોમ આહાર કહેવાય અને પ્રક્ષેપ કરીને ખાય તે કવળ કે પ્રક્ષેપ આહાર કહેવાય છે. આ પ્રક્ષેપ કરેલા આહારની પરિણતિની પદ્ધતિનો ઉલ્લેખ બહુ વિધિ સર કર્યો છે.

આ મુક્તાફળમાં સહસંપાદિકા તથા અનુવાદિકાના આપેલા પરિચય તથા વિવેચન ધ્યાન પૂર્વક વાંચીને તું વિચારજે. મનોભક્ષી આહાર દેવો કેમ કરે તેનો ખ્યાલ રાખજે. આહાર કેટલા સમયે કયા જીવ કરે તેની પળેપળ ભગવાને દર્શાવી છે. અસંખ્યાત સમયથી લઈને ૩૩ હજાર વર્ષ સુધીનો કાળ દર્શાવી જ્ઞાની પુરુષો જ્ઞાન કરાવે છે અને આહારીમાંથી અણાહારી ફક્ત ગર્ભજ કર્મભૂમિજ મનુષ્ય જ થઈ શકે છે, તેમ મર્મ આખરમાં ખોલી દીધો છે.

બીજા ઉદ્દેશકમાં આહાર, ભવ્ય, સંજ્ઞી, દષ્ટિ, સંયત, કષાય, જ્ઞાન, યોગ, ઉપયોગ, વેદ, શરીર, પર્યાપ્તિ આદિ દ્વારો છે. તેમાં જીવને આહારાર્થી, ભવ્યાદિથી લઈને પર્યાપ્તિ સુધી વિવિધ વિશેષણોવાળા કહીને વ્યક્તિની વિશેષતા પ્રગટ કરી છે, માટે નિર્ણય થાય છે કે કર્મધારી જીવો આહાર કરવાનો ભાવ કરે છે, તે પ્રમાણે પુદ્ગલ ગ્રાહ્ય આહારરૂપ બનીને આવે છે. એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય જીવોના શરીરના પુદ્ગલો આહારરૂપે પરિણત થાય છે. વિવિધ પાસાથી તેને જોઈએ. હે હંસ વીરા...! અનાહારી બનવા તત્પર થજે.

હંસ તો...આ વ્યાખ્યા સાંભળવામાં તલ્લીન બની ગયો હતો અને પછી એકાએક જાગૃત થયો, પ્રજ્ઞા પાંખ ફફડાવવા લાગ્યો. ને....ધીમી ગતિએ ૨૯મું મુક્તાફળ લઈ આવ્યો. ચેતના બહેન પાસે બેસીને મુક્તાફળ ખોલ્યું અને તેમાંથી નામ સર્યુ– **ઓગણત્રીસમું મુક્તાફળ ઉપયોગ પદ.** તેનો અક્ષરશઃ અર્થ હંસ વીરો કરવા લાગ્યો–

ઉ ઉલ્લાસપૂર્વક મુનિ જીવનમાં જ જીવવું જોઈએ,
પ પરમપદની પ્રાપ્તિ તો જ થાય છે.
યો યોગીઓ સમભાવમાં સદા રમે છે જેથી
ગ ગર્વ ક્યારે ય વિષમભાવમાં લઈ જતો નથી.

ચેતના બહેન બોલ્યા– પ્રિય હંસ ! તેં અક્ષરશઃ અર્થ બરાબર કર્યો. **ઉપયોગ** એ જ જીવનું શુદ્ધ લક્ષણ છે. ઉપયોગમાં જગતના સર્વ પદાર્થ બે રીતે જણાય છે. પદાર્થ માત્ર સામાન્ય અને વિશેષથી જ સ્વાભાવિક રીતે જોડાયેલ છે. સામાન્યથી જાણીએ ત્યારે તેને અનાકાર ઉપયોગ કહેવાય છે. એનું જ નામ દર્શન ઉપયોગ છે. પદાર્થને વિશેષ રૂપે(દ્રવ્ય, ગુણ અને પર્યાયથી) જાણીએ ત્યારે તેને સાકાર ઉપયોગ કહેવાય છે. એનું જ નામ જ્ઞાન ઉપયોગ કહેવાય છે.

શુદ્ધ ઉપયોગ બે જ હોય, છતાં એ અનાદિકાળથી કર્મધારી તરીકે આપણી ઓળખના કારણે બે માંથી બાર ઉપયોગની વ્યાખ્યા કરવી પડે છે. જ્યાં સુધી જીવો મિથ્યાત્વના સંગે હોય તો તેને મતિઅજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગ જ્ઞાનથી સાકાર ઉપયોગવાળા કહેવાય છે, તથા ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિ દર્શનથી અનાકાર ઉપયોગવાળા કહેવાય છે.

જીવ જો સમ્યગ્દષ્ટિ પામ્યો હોય તો તેને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન સાકાર ઉપયોગવાળા કહેવાય છે તથા ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શનવાળા અનાકાર ઉપયોગવાળા કહેવાય છે. આ રીતે ઉપયોગના બાર ભેદ પડે છે. ચોવીસ દંડકવર્તી જીવોમાંથી કોને, કેટલા ઉપયોગ પ્રાપ્ત થાય તેની વ્યાખ્યા આ મુક્તાફળમાં છે. તેનું તું મનન કરીને માનસ પટલમાં ઉતારજે, પરંતુ ખ્યાલ રાખજે કે જીવ સંયમમાં પરાક્રમ ફોરવી કર્મનો સંપૂર્ણ ક્ષય કરે છે ત્યારે શુદ્ધ દશા સાકાર-અનાકાર કેવળજ્ઞાન કેવળદર્શન રૂપ ઉપયોગવાળો બની જાય છે અર્થાત્ દસ ભેદ જે હતા તે અભેદ થઈને સંપૂર્ણ જ્ઞાન દર્શન બનીને વાસ્તવિક લક્ષણવાળા બની જાય છે. અરિહંત, કેવળી, સિદ્ધ ભગવાન કેવળજ્ઞાન, કેવળદર્શનથી લોકાલોકનું સ્વરૂપ જાણનાર, દેખનાર, હોવાથી જ્ઞાતા-દૃષ્ટા કહેવાય છે. તેવો તું બનવાનો ભાવ કેળવજે. એજ આપણું લક્ષણ છે.

વિશેષ જાણવા હવે લાવ જોઈએ ત્રીસમું મુક્તાફળ.... હંસને ઉપયોગની વાત ખૂબ ગમી ગઈ. પોતાના ઘરમાં જવાની તાલાવેલી લાગી. તે ત્રીસમું મુક્તાફળ પ્રસન્ન થતો લઈ આવ્યો અને મુક્તાફળ ખોલ્યું...તેમાં નામ સરી પડ્યું– **ત્રીસમું મુક્તાફળ**

**પશ્યતા પદ.** તેનો તે અક્ષરશઃ અર્થ કરવા લાગ્યો–

**પ** પરિસ્થિતિ તારી તેં જ ઉત્પન્ન કરેલી છે માટે,

**શ્** શ્વાન વૃત્તિ છોડી તું તને જ સુધાર

**ય** યતિધર્મના એક એક નિયમને પાળવા,

**તા** તારક પ્રભુના ઉપદેશને આત્મસાત્ કરી સ્વનો સાક્ષાત્કાર કરી લે.

અર્થ તો બરાબર કર્યો. ચેતના બહેન બોલ્યા– જો હંસ...આજે તારે મારા પ્રશ્નનો બુદ્ધિમત્તાથી જવાબ આપવાનો છે. સાંભળ......આ પશ્યતાપદમાં દશ્ ધાતુ છે તેનો આદેશ પશ્ય થાય છે. જોવાનું જેમાં પ્રત્યક્ષ થાય તેને પશ્યતા કહેવાય છે. ઉપયોગની જેમ જ તેના ભેદ છે, પણ ત્રણ ભેદ ઓછા છે. બોલ જોઈએ– કયા ત્રણ ભેદ ઓછા થયા? હંસે ઉપયોગ લગાડી વિચારીને કહ્યું– મતિજ્ઞાન, મતિઅજ્ઞાન, અચક્ષુદર્શન, આ ત્રણ ભેદ ઓછા થયા. કહો જોઈએ હંસ ભાઈ ! શા માટે ઓછા થયા ? હંસે આંખો બંધ કરી વિચાર્યુ અને પછી બોલ્યો, આ ત્રણ ઉપયોગ છે તે બુદ્ધિ ગ્રાહ્ય છે તેથી પશ્યતામાં તેનો સમાવેશ થતો નથી અને શ્રુતજ્ઞાન, શ્રુત અજ્ઞાન, ચક્ષુદર્શન આ ત્રણેય ઈન્દ્રિય ગ્રાહ્ય પ્રત્યક્ષ છે; માટે પશ્યતામાં સમાવેશ થાય છે અને તેના કુલ નવ ભેદ છે. તેમાં સાકાર પશ્યતાના ૬ ભેદ કહ્યા છે. ચાર જ્ઞાન– શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવળજ્ઞાન, બે અજ્ઞાન– શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાન તેમ ૬ ભેદ. અનાકાર પશ્યતાના– ચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન, એમ ત્રણ કુલ મળીને નવ ભેદ થાય છે. કહો ચેતના બહેન બરાબર છે ને ? ચેતના બહેન બોલ્યા– શાબાશ......શાબાશ....... તારી બુદ્ધિમત્તાને ધન્યવાદ ! આ તને બરાબર બેસી ગયું છે. મલયગિરિજીએ આની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે પશ્યતા શબ્દ રૂઢીના કારણે ઉપયોગ શબ્દની જેમ સાકાર-અનાકાર બોધનું પ્રતિપાદન કરનારો જરૂર છે પરંતુ જ્યાં લાંબા સમય સુધી ઉપયોગ ચાલે ત્યાં ત્રણેય કાળનો બોધ છદ્મસ્થ માટે થાય છે. તે મતિજ્ઞાનનો ઉપયોગ પ્રત્યક્ષીકરણ કરાવે તેવો સ્થિર થતો નથી, તેથી મતિજ્ઞાન, મતિઅજ્ઞાન સાકાર પશ્યતામાં અને અચક્ષુદર્શન અનાકાર પશ્યતામાં લીધું નથી તથા આચાર્ય અભયદેવે પણ પશ્યતાને ઉપયોગ વિશેષ કહ્યો છે. અધિક સ્પષ્ટીકરણ કરતા એમ પણ દર્શાવ્યું છે કે જે બોધમાં કેવળ ત્રૈકાલિક અવબોધ થાય તે પશ્યતા છે. જેમાં વર્તમાન કાળનો બોધ થાય તેને પશ્યતા કહેવાય નહીં, માટે આ ત્રણ ઉપયોગ પશ્યતામાં લીધા નથી, કારણ કે પશ્યતા પ્રકૃષ્ટ ઈક્ષણ છે. આ રીતે શીઘ્રગામી જોવામાં ચક્ષુ છે, તેથી ચક્ષુદર્શન અનાકાર પશ્યતામાં લીધું છે. અવધિદર્શન, કેવળદર્શન વિષયને પ્રત્યક્ષ કરે છે. પશ્યતાના નવ ભેદમાંથી ચોવીસ દંડકના જીવને કેટલા લાગે ? તેનું ગણિત મારે તને શીખવાડવું નહીં પડે, તું જ તારી રીતે કરી લેજે. હવે તું બહુ જ હોંશિયાર

થઈ ગયો છે.

હંસ.....ખુશ ખુશાલ થઈને એકત્રીસમું મુક્તાફળ લઈ આવ્યો, ખોલીને ચેતના બહેન પાસે બેઠો. તે મુક્તાફળમાંથી જ્ઞાનની સુગંધ તરબતર આવી રહી હતી. તેમાંથી નામ સરી પડ્યું– **એકત્રીસમું મુક્તાફળ સંજ્ઞી પદ.**

**સં** સંભોગ પચ્ચક્ખાણ કરવાથી સ્વાવલંબી થવાય છે.
**ગ્** ગ્લાનાદિની વૈયાવચ્ચ કરતાં તીર્થંકર નામકર્મ બંધાય છે.
**ની** નીતિ ધર્મ પાળવાથી પાત્રતા ઘડાય છે.

હંસે...અક્ષરશઃ અર્થ ફટાફટ શોધી કાઢ્યા. ચેતના બહેન બોલ્યા– સાંભળ હંસ, સંજ્ઞા ધારણ કરે તે સંજ્ઞી. ભૂત, વર્તમાન, ભાવી ભાવના સ્વભાવનું પર્યાલોચન કરે તે સંજ્ઞા. તેનાથી યુક્ત તે સંજ્ઞી જીવ કહેવાય છે. તેનામાં વિશિષ્ટ સ્મરણાદિરૂપ મનોવિજ્ઞાન હોય છે. તેનાથી વિપરીત યથોક્ત મનોવિજ્ઞાનથી જે વિકલ હોય તેને અસંજ્ઞી કહેવાય છે. આ પદમાં સિદ્ધભગવંતો સહિત સંપૂર્ણ જીવોને સંજ્ઞી, અસંજ્ઞી અને નોસંજ્ઞી નોઅસંજ્ઞી એમ ત્રણ ભેદમાં વિભક્ત કર્યા છે. સિદ્ધ તો સંજ્ઞી નથી તેમ જ અસંજ્ઞી પણ નથી, તેથી તેઓને નોસંજ્ઞી નોઅસંજ્ઞીના ભેદમાં ગ્રહણ કરેલ છે. કેવળીને પણ સિદ્ધ સમાન જ માન્યા છે. તેને સંજ્ઞી પણ કહીએ છીએ કારણ કે કેવળીને યોગ દશા બાકી છે, પરંતુ મન હોવા છતાં મનન કરવાનો વ્યાપાર કરતા નથી. હવે રહ્યા સંસારી સર્વજીવો, તેને બે વિભાગમાં વિભક્ત કરેલ છે.

એકેન્દ્રિયથી લઈને ચૌરેન્દ્રિય સુધીના જીવો અસંજ્ઞી છે. નારકી, ભવનપતિ, વાણવ્યંતર, તિર્યંચ પંચેન્દ્રિય બન્ને પ્રકારના છે, તે સંજ્ઞી છે અને અસંજ્ઞી પણ છે. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને નારકી, ભવનપતિ, વાણવ્યંતર દેવ થઈ શકે છે, તેથી નારકી, ભવનપતિ, વાણવ્યંતરને સંજ્ઞી-અસંજ્ઞીરૂપે સંબોધન કર્યુ છે. ઓળખ માટે તું આ પદમાંથી તેનો મર્મ મમળાવજે હોને ?

સંજ્ઞાના અનેક અર્થ જ્ઞાની પુરુષોએ કર્યા છે. શ્રી આચારાંગસૂત્રમાં સંજ્ઞા શબ્દ પૂર્વભવના જાતિસ્મરણ જ્ઞાન માટે વપરાયો છે. શ્રીદશાશ્રુતસ્કંધમાં દત્તચિત્ત માટે ઉલ્લેખાયો છે. શ્રીસ્થાનાંગ સૂત્રમાં આહારાદિ સંજ્ઞામાં લેવાયો છે. તો કોઈક જગ્યાએ પ્રત્યભિજ્ઞાન અને અનુભૂતિમાં લીધો છે, તો કોઈ જગ્યાએ સંપ્રધારણા કરવાની શક્તિવાળા પ્રાણીને જ સંજ્ઞી કહ્યો છે. આ પદમાં ફક્ત મનવાળા જીવોની વ્યાખ્યા છે. તો તું તેની શોધ કરી બોધ પામજે. બાકીનું આ મુક્તાફળના પદમાં વાંચી લેજે. લાવ જોઈએ હવે પછીનું મુક્તાફળ. હંસે બત્રીસમું મુક્તાફળ ખોલ્યું નામ પ્રગટ થયું–

**બત્રીસમું મુક્તાફળ સંયત પદ.** તેનો અક્ષરશઃ અર્થ કરવા હંસ ભાઈ વેગીલા થયા ને અર્થ કરવા લાગ્યા–

**સં** સંયમ......જ્ઞાન, દર્શન, ચારિત્ર સંપન્ન બનાવે છે.

**ય** યમ-નિયમ કુમાર્ગે જતા રોકી રાખે છે.

**ત** તપ આહારાદિ સંજ્ઞા તોડાવે છે.

અક્ષરશઃ અર્થ કરીને ચેતના બહેન સામે પ્રશ્ન ભરી દષ્ટિએ જોઈ રહ્યો. ચેતના બહેને હંસને ટપલી મારીને કહ્યું, જો તારું જ પદ આ છે. તું સંયત છો. મનુષ્યભવની મહત્તા અધિકાધિક છે. આ પદમાં ચોવીસે દંડકના જીવોને લઈને વિભાજન કરવામાં આવ્યું છે. ચાર ભેદથી સમસ્ત જીવોને આવકાર્યા છે. (૧) નારકી, એકેન્દ્રિયથી અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય, યુગલિક તિર્યંચ અને મનુષ્ય તથા ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક આટલા જીવો અસંયત છે. (૨) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અસંયત અથવા સંયતાસંયત છે. (૩) મનુષ્યના ભેદમાં સંયત છે, અસંયત છે અને સંયતાસંયત આમ ત્રણ ભેદ છે અને ચોથો પ્રકાર (૪) નોસંયત નોઅસંયત સિદ્ધોમાં પ્રાપ્ત થાય છે. આ રીતે આ મુક્તાફળમાં રસાસ્વાદનો મસાલો પ્રાપ્ત થાય છે. તેને તું માણી રહ્યો છે. સમજી લે કે આ તારું જ પદ છે.

આ વાત સાંભળી હંસે મસ્તક ઝુકાવી દીધું. સંયતનો ભાંગો સિદ્ધ કરી નોસંયત નોઅસંયત સિદ્ધ થવાની ભાવના ચેતના બહેન પાસે વ્યક્ત કરીને જયણાથી તેત્રીસમું મુક્તાફળ ખોલ્યું ને તેમાંથી નામ સરી પડ્યું– **તેત્રીસમું મુક્તાફળ અવધિ પદ.**

**અ** અજર અમર તું છો જ્ઞાન ગુણથી જાણ.

**વ** વર્ધમાન પ્રભુના ચરિત્રને વાંચી વિવેકી થા.

**ધિ** ધિરતા રાખ્યા વિના સ્થિરતા આવતી નથી.

અક્ષરશઃ અર્થ સાંભળી ચેતના બહેન બોલ્યા– બરાબર છે. જો હંસ ! આ પદમાં ક્ષયોપશમજન્ય આત્મ સંબંધ ધરાવતું એટલે કે ઈન્દ્રિયના માધ્યમ વિના રૂપી પુદ્‌ગલને જાણનારું અને જોનારું, તપોપૂતલબ્ધિ દ્વારા પ્રગટ થયેલું મર્યાદાવાળું જે જ્ઞાન થાય તેને અવધિજ્ઞાન કહેવાય છે. અવધિજ્ઞાન તે છ પ્રકારે હોય છે. જે જીવનો જેટલો પુરુષાર્થ નિર્મળ હોય તે પ્રમાણે થાય, વ્યક્તિના ભેદથી તેના ભેદ આ મુક્તાફળમાં દર્શાવ્યા છે. ત્યાર પછી તેનો વિષય તથા સંસ્થાન(આકાર) અનુગામી, અનાનુગામી, આભ્યંતર બાહ્યાવધિ, દેશાવધિ આવું જ્ઞાન થાય. પુરુષાર્થની મંદતા અને પ્રમત્તદશાથી

તે જ્ઞાન ઘટતું જાય તો હીયમાન કહેવાય. અપ્રમત્ત દશાથી જીવને જે જ્ઞાન વધતું જાય તેને વર્ધમાન કહેવાય.(ઉત્કૃષ્ટ પૂર્ણલોકના પુદ્‌ગલ દ્રવ્યને જાણી જોઈ શકે તેને વર્ધમાન અવધિજ્ઞાન કહેવાય છે) આવેલું જ્ઞાન એકાએક જીવને આશ્ચર્ય થાય તેટલી વારમાં ચાલ્યું પણ જાય, તેને પ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય અને કોઈ જીવ જ્ઞાન જીરવી શકે તો તે જ્ઞાન કેવળજ્ઞાન થઈ જાય ત્યાં સુધી ટકી રહે કે જીવનભર રહે તેનું નામ અપ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય છે. આ રીતે સાત વિષયની વિશદ ચર્ચા આ મુક્તાફળમાંથી તને ચાખવા મળશે. કોણ તેના અધિકારી છે, તે ચોવીસે દંડકના જીવોમાં તું તારી મતિ દ્વારા જ્ઞાન કરજે નહીં તો વીરવાણીના પદ પ્રકરણ વાંચી કંઠસ્થ કરી લેજે.

સુજ્ઞેષુ કિં બહુના...તે યુક્તિ ચરિતાર્થ કરજે. લાવ જોઈએ હવે ચોત્રીસમું મુક્તાફળ...હંસનો પુરુષાર્થ ઉપડયો અને લઈ આવ્યો ચોત્રીસમું મુક્તાફળ. ખોલી નાંખ્યું...નામ વાંચ્યું– **ચોત્રીસમું મુક્તાફળ પરિચારણા પદ.** તેનો અક્ષરશઃ અર્થ આ પ્રમાણે કરવા લાગ્યો–

**પ** પરમાર્થી જીવ પરમ નિધાન પ્રાપ્ત કરે છે.

**રિ** રિવીઝન આગમનું કરતાં સ્વ લક્ષી થવાય છે.

**ચા** ચારિત્ર સંપન્ન અણગાર શૈલેશીકરણ સિદ્ધ કરે છે.

**ર** રદિયો સંસારને આપનાર મૃત્યુંજય બને છે.

**ણા** ણામ ધારીને અનામી બનનાર શિવસુખ મેળવે છે.

અક્ષરશઃ અર્થ આ પ્રમાણે સાંભળીને ચેતના બહેન બોલ્યા... પ્રિય હંસ ! આ મુક્તાફળનું રસાયણ ઘણું જ ગંભીર ગહન છે. તેનું નામ પરિચારણા પદ છે. કોઈ કોઈ પ્રતિમાં પ્રવિચારણા શબ્દ મળે છે. તત્ત્વાર્થસૂત્રમાં પ્રવિચાર શબ્દ મૂળમાં છે. માટે પરિચારણા અથવા પ્રવિચાર બન્ને શબ્દ એકાર્થક છે. કઠોપનિષદમાં પરિચાર શબ્દનો પ્રયોગ મળે છે. પ્રવિચાર અથવા પરિચારણા બન્ને શબ્દોના અર્થ મૈથુન સેવન, ઈન્દ્રિયોના કામભોગ, કામક્રીડા, રતિ, વિષય ભોગાદિ કર્યા છે.

ભારતીય સાધકોએ વિશેષથી, જૈન તીર્થંકરોએ દેવોને મનુષ્ય જેટલું મહત્ત્વ આપ્યું નથી. દેવો મનુષ્યોથી ભોગ વિલાસમાં વૈષયિક દૈવિક સુખોમાં આગળ વધેલા અવશ્ય છે તથા મન માન્યા રૂપ બનાવવામાં જરૂર દક્ષ છે, છતાં એ મનુષ્ય જન્મને સર્વદેવો કરતાં શ્રેષ્ઠતમ માનવામાં આવ્યો છે કારણ કે કષાયો અને વિષયોથી સંપૂર્ણ મુક્તિ મનુષ્યમાં જ સંભવે છે. મનુષ્ય યોનિથી જ આ કાર્ય સિદ્ધ થાય છે. મનુષ્ય જીવનની

મહત્તા દર્શાવવા માટે, દેવ જીવનમાં વિષય ભોગોની ઉત્કૃષ્ટતા તથા નવગ્રૈવેયક એવં પાંચ અનુત્તર વિમાનોના દેવો સિવાય અન્ય દેવોમાં વિષયભોગોની તીવ્રતાનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. દેવ જીવનમાં ઉચ્ચકોટિના દેવોને છોડીને અન્ય દેવ ઈન્દ્રિય વિષય ભોગોનો ત્યાગ કરી જ શકતા નથી અને ઉચ્ચકોટિના વૈમાનિક દેવો ભલેને પરિચાર રહિત અને દેવીરહિત ઉપશાંત વેદ ભાવવાળા હોય તો પણ બ્રહ્મચારી કહેવાતા નથી કારણ કે ત્યાં તેઓને ચારિત્રના પરિણામ પ્રગટ થતા નથી. જ્યારે મનુષ્ય જીવનમાં મહાવ્રતી, સર્વવિરતિધર બનીને જીવ પૂર્ણ બ્રહ્મચારી બની શકે છે અને અણુવ્રતી બનીને મર્યાદિત બ્રહ્મચારી બની શકે છે. દેશવિરતિ તથા સર્વવિરતિ ચારિત્રનું પરિણામ પ્રગટ કરવાની શક્તિ મનુષ્ય જ ધરાવે છે. આ છે, મનુષ્ય ભવની મહત્તા.

સાંભળ...પ્રિય હંસ ! પ્રથમ આહાર પછી શરીર નિર્માણ, પછી ઈન્દ્રિય નિર્માણ, પછી ઈન્દ્રિયની પુષ્ટિ, પછી ઈન્દ્રિયનું ઉદ્દીપન થાય છે. ઈન્દ્રિયો ઉદ્દીપ્ત થાય પછી જ જીવ પરિચારણા કરે છે. ફરી તેમાં વિક્રિયા કરે છે. નારકાદિમાં આ રીતે હોય છે ત્યારે દેવોમાં પહેલા વિક્રિયા થાય છે પછી જ પરિચારણા કરે છે. એકેન્દ્રિયોમાં તથા વિકલેન્દ્રિયોમાં પરિચારણા છે, વિક્રિયા નથી હોતી. પરિચારણા, શબ્દાદિ સર્વવિષયોનો ઉપભોગ કરે તેને જ કહેવાય છે. તે ઉપભોગના સાધનો ઈન્દ્રિયો છે; ઈન્દ્રિયોની પુષ્ટિ આહાર કરે છે, માટે જ **आहार शुद्धौ सत्त्वशुद्धि** આ સૂક્તિ અનુસાર આહારના અધ્યવસાયની સાથે સંબંધ હોવાથી અહીં આહાર પછી અધ્યાવસાયના સ્થાનોની ચર્ચા કરવામાં આવી છે. ચોવીસ દંડકના જીવોમાં પ્રશસ્ત અધ્યવસાય અથવા અપ્રશસ્ત અધ્યવસાયના સ્થાન અસંખ્ય પ્રકારના હોય છે.

પરિચારણાની સાથે સ્થિતિબંધ અને અનુભાગ બંધનો નિકટ સંબંધ છે.

અધ્યવસાય સ્થાન જીવના હોય છે તે અધ્યવસાય ઉત્પન્ન કરનાર જીવો સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ કે મિશ્રદષ્ટિની ખાસ ચર્ચા આ મુક્તાફળમાં છે, તેથી પ્રતીતિ થાય છે કે પરિચારણા કરનાર જીવોની દષ્ટિ જેવા પ્રકારની હોય તેવી અસર જીવો ઉપર જુદી જુદી થાય છે. હે હંસ ! સમ્યગ્દષ્ટિ જીવો ભોગાવલીના ક્રમબદ્ધકર્મના ઉદય પ્રમાણે ઉદાસીન ભાવે પરિચારણા કરે છે ત્યારે મિથ્યાભિગામી અને મિશ્રાભિગામી જીવોની પરિચારણા આસક્તિના ભાવે ભોગાવલી કર્મ ભોગવે છે, માટે કર્મબંધમાં બહુ પ્રકારે અંતર પડે છે. આ પ્રમાણે પરિચારણા પહેલા તેની પૃષ્ઠ ભૂમિના રૂપમાં શાસ્ત્રકારે ઉપરોક્ત આ પાંચ દ્વાર પ્રતિપાદિત કર્યા છે. જેમ કે– (૧) અનન્તરાહાર દ્વાર, આહાર ભોગ દ્વાર, પુદ્‌ગલજ્ઞાન દ્વાર, અધ્યવસાય દ્વાર અને સમ્યક્ત્વાભિગમ દ્વાર. ત્યાર પછી

છઠ્ઠા દ્વારમાં પરિચારણાનો પ્રારંભ કર્યો છે. તેને ચાર વિકલ્પોથી પ્રતિપાદિત કરેલ છે. દેવોના સંબંધમાં ત્રણ વિકલ્પ થઈ શકે છે. (૧) સદેવી સપરિચારક દેવ (૨) અદેવી સપરિચારક દેવ (૩) અદેવી અપરિચારક દેવ.

(૧) ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને પહેલો બીજો દેવલોક, ત્યાં દેવીની ઉત્પત્તિ હોવાથી ત્યાંની પરિચારણા કાયિક હોય છે અર્થાત્ દેવીઓ સાથે દેવો મૈથુન સેવન કરે છે અને દેવીઓમાં દેવના શુક્ર પુદ્‌ગલ સંક્રમિત થાય છે, તે પુદ્‌ગલો દેવીઓને પાંચે ઈન્દ્રિયના સૌંદર્ય, લાવણ્ય રૂપે પરિણત થઈ જાય છે પરંતુ દેવીઓ ક્યારે ય ગર્ભ ધારણ કરતી નથી. તેનું રૂપ સદા યૌવનવંતુ રહે છે(મનુષ્યાણી અને તિર્યંચાણીને જ મૈથુન સેવનથી ગર્ભાધાન થાય છે.) (૨) ત્રીજા દેવલોકથી લઈને બારમા દેવલોકમાં કોઈ દેવીઓની ઉત્પત્તિ નથી છતાંએ ત્યાં દેવોની પરિચારણા હોય છે. જેમ કે દેવોને જ્યારે દેવીઓના અંગોપાંગને સ્પર્શ કરવાની ઈચ્છા જાગે કે તુરત જ પહેલા, બીજા દેવલોકની અપરિગૃહિતા દેવીઓ વિક્રિયા કરીને સ્વયં ઉપસ્થિત થઈ જાય છે. તેના અંગોપાંગનો સ્પર્શ કરીને દેવો તૃપ્ત થઈ જાય છે.

બ્રહ્મલોક અને લાંતક દેવલોકના દેવોમાં રૂપની પરિચારણા હોય છે. તે દેવો રૂપ જોવાનો સંકલ્પ કરે કે તુર્ત જ રૂપનું સૌંદર્ય દર્શાવવા દેવીઓ ત્યાં ઉપસ્થિત થઈ જાય છે. તેના રૂપને આંખો દ્વારા પાન કરીને દેવો તૃપ્ત થાય છે.

મહાશુક્ર અને સહસ્રાર દેવલોકનાં દેવોને શબ્દની પરિચારણા હોય છે. તેમને દેવીઓનાં મધુર ભાષણ, સંગીત, આલાપ સંલાપ કરવાની ઈચ્છા જાગે કે દેવીઓ તુર્ત જ ઉપસ્થિત થાય છે અને તેના મધુર શબ્દો સંભળાવે છે. દેવો તે શબ્દો સાંભળીને તૃપ્ત થઈ જાય છે. અનુક્રમે આ પરિચારણા આઠમા દેવલોક સુધી દેવીઓ સામેથી આવીને કરી જાય છે. દેવોમાં તૃપ્તિ થવાથી નીકળતા શુક્ર પરમાણુઓ દેવીઓના સૌંદર્ય, લાવણ્ય વર્ધક બને છે અને દેવીઓ પણ ખુશ થાય છે.

આનત, પ્રાણત, આરણ્ય, અચ્યુત દેવલોકના દેવોને મનપરિચારણા હોય છે. આ દેવલોકના દેવોને, દેવીઓને જોવાની મનોમન ઈચ્છા જાગૃત થતાં જ દેવ કે દેવીઓ પોતાના સ્થાનમાં રહી ને જ મનોરમ્ય સુંદર સુરૂપ વિક્રિયા કરીને શ્રૃંગાર કરીને સજ્જ રહે છે અને દેવ પોતાના સ્થાન પર રહીને મનની તૃપ્તિ કરે છે. ત્યાંથી તૃપ્તિના પરમાણુ પોતાના સ્થાનમાંથી નીકળીને પેલી દેવીઓ જ્યાં હોય ત્યાં પહોંચી, દેવીઓને દિવ્ય પ્રભાવવાળી, રૂપ-લાવણ્યવંતી બનાવી દે છે, આ છે માનસિક પરિચારણા.

આ રીતે છઠ્ઠું દ્વાર પુરું થાય છે અને સાતમા અંતિમ દ્વારમાં પરિચારણા વિષયક અલ્પબહુત્વ દર્શાવીને કહ્યું છે કે સર્વથી ઓછા અપરિચારક દેવો હોય છે, તેનાથી

સંખ્યાત ગુણા અધિક મનની પરિચારણા કરનાર દેવો છે. તેનાથી શબ્દ, રૂપ, સ્પર્શ તથા કાયિક સુખ ભોગવનાર દેવો ક્રમશઃ અસંખ્યાતગુણા છે.

હે હંસ ! આ દૈહિક સુખની ક્ષણભંગુરતાની કર્મલીલાની પરિચારણા થઈ, પરંતુ સુખની અનુભૂતિ કાયિક પરિચારણાવાળાને બહુ જ અલ્પ થાય છે. તેના કરતાં સ્પર્શ, રૂપ, શબ્દ અને મનથી પરિચારણા કરનારને ક્રમશઃ સુખ અધિકાધિક થાય છે. સર્વથી અધિક સુખ અપરિચારક દેવોમાં હોય છે. આ પદનું આ રહસ્ય ખૂબ-ખૂબ વિચારવા જેવું છે. વિશેષ તું વાંચીને વાગોળજે. આ ગંભીર રહસ્ય તારી પાસે રાખ્યું છે. સાચું સુખ આત્મસ્વરૂપ બ્રહ્મમાં છે. પુદ્ગલ પરિચારણામાં નથી જ. લાવ જોઈએ હવે પાંત્રીસમું મુક્તાફળ......

હંસ ભાઈએ પાંત્રીસમું મુક્તાફળ લાવી.....તેને ખોલ્યું તેમાંથી નામ સરી પડ્યું– **પાંત્રીસમું મુક્તાફળ વેદના પદ.** હંસ વીરાએ તેનો અક્ષરશઃ અર્થ આ પ્રમાણે કર્યો–

**વે** વેષ્મ એવું મેળવો કે કદી ખાલી કરવું ન પડે.

**દ** દરદને એવું રદ કરો કે આરોગ્ય પ્રાપ્ત કરાવે.

**ના** નાવિક એવા શોધો કે ભવોદધિ પાર ઉતારે.

ચેતના બહેને કહ્યું– વેદનાપદનો અર્થ હંસ તેં બરાબર કર્યો. હવે સાંભળ ! આ સંસારમાં સંસારી જીવો વિવિધ પ્રકારનો અનુભવ કરે છે અને કર્મવિપાક પ્રમાણે તેની વેદના અનુભવે છે. એક સંજ્ઞી પંચેન્દ્રિય પાસે જ વેદનાનો અનુભવ અંકિત કરવાનું સ્થાન મુખ્ય મન છે, તે મન ઉપર અંકિત થયેલી વેદના ચહેરા ઉપર ઉપસે છે અને તેને જોનારા બીજા માનવો અનુમાન બાંધી શકે છે અથવા ખુદ અનુભવ કરનારો માનવ પોતાની વેદના બીજાને કહી શકે છે તેથી તેનો ઈલાજ અથવા કર્મબંધ વિષયક જાણપણું કરી માનવ જ વેદના ક્ષય કરી શકે છે, આ થઈ માનવની વાત.

આપણા વીતરાગ પરમાત્માએ તો ૨૪ દંડકના સર્વ જીવોની વેદનાને જાણી છે અને તેનો સાત પ્રકારે ઉલ્લેખ કર્યો છે. જેમ કે (૧) શીત, ઉષ્ણ, શીતોષ્ણ પદાર્થથી થતી વેદના. (૨) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી થતી વેદના. (૩) શારીરિક, માનસિક ઉભય વેદના. (૪) શાતા, અશાતા અને શાતા-અશાતા રૂપ વેદના (૫) દુઃખા, સુખા અને અદુઃખ-સુખા વેદના (૬) આભ્યુપગમિકી, ઔપક્રમિકી વેદના (૭) નિદા-અનિદા વેદના (સંજ્ઞી જીવોને થતી વેદના તે નિદા, અસંજ્ઞી જીવોને થતી વેદના તે અનિદા કહેવાય છે.)

આ સાત પ્રકારની વેદનામાંથી કોને કઈ વેદના હોય છે, તે આ મુક્તાફળમાં

ભરેલા રહસ્ય સ્પર્ધકો ખુદ કહેશે પરંતુ તારી મૂંઝવણ ઓછી કરવા અદુઃખા-અસુખા વેદનાનો અર્થ એમ છે કે જે વેદનાને એકલા સુખરૂપ પણ કહી શકાય નહીં, જેમાં દુઃખનો પણ અનુભવ થાય છે, તેથી આ શબ્દનો ઉલ્લેખ કર્યો છે. બીજી વાત શાતા-અશાતા, સુખ-દુઃખમાં તફાવત એ જ છે કે વેદનીય કર્મના પુદ્‌ગલોનો ક્રમ પ્રાપ્ત ઉદય થવાથી જે વેદના થાય તે શાતા-અશાતારૂપ જાણવી અને અન્ય વ્યક્તિઓ દ્વારા ઉદીરણા કરવામાં આવે તેની જે વેદના થાય તેને સુખ-દુઃખ રૂપ જાણવી.

તપસ્યા વગેરે કરીને ભૂખ-તરસ સહન કરવામાં આવે તથા લોચ વગેરે સંયમ પ્રવૃત્તિઓ દ્વારા કષ્ટ સહન કરાય, તે ઈચ્છાપૂર્વક સ્વીકારેલી વેદના આભ્યુપગમિકી કહેવાય છે. કોઈ ઉપક્રમના નિમિત્તે થતી વેદનાને ઔપક્રમિકી વેદના કહેવાય છે.

આ રીતે સાત પ્રકારની વેદના કોને, કેવી રીતે હોય છે તેનું વર્ણન તું મુક્તાફળ માંથી માણજે. લાવ......હવે છત્રીસમું મુક્તાફળ.

ચેતના બહેન કહે ખોલ....હંસ વીરાએ ખોલ્યું અને તેમાંથી શબ્દો સરી પડ્યા– **છત્રીસમું મુક્તાફળ સમુદ્‌ઘાત પદ.** ત્યારે તેણે તેનો અક્ષરશઃ અર્થ કર્યો–

**સ** સર્વગુણ સંપન્ન જીવ કદાપિ શારીરિક-માનસિક દુઃખ પામતો નથી.

**મુ** મુક્ત જીવ શરીર રહિત બની લોકાગ્રે સદા વસે છે.

**દ્‌** દ્યોતિત થયેલા અનંત ગુણોમાં આત્મા રમણતા કરે છે.

**ઘા** ઘાતી-અઘાતીકર્મ મુક્તાત્માને ક્યારેય પણ બંધાતા નથી.

**ત** તરી જવાનો આ ઉપચાર છે, જે અમલમાં મૂકે તેનું કલ્યાણ થાય છે.

ચેતના બહેન બોલ્યા– પ્યારા હંસ ! આ છેલ્લું મુક્તાફળ છે. તેનું નામ સમુદ્‌ઘાત છે. સંપૂર્ણ કર્મક્ષય કરી કેવળી ભગવાન કેવી રીતે મોક્ષમાં જાય છે તેનું વર્ણન આ પદમાં છે. પહેલા શરીરધારી દરેક જીવોના શરીરમાંથી આત્મ પ્રદેશો કેવી રીતે બહાર નીકળે છે અને પાછા સમાઈ જાય છે, તેની અનોખી પદ્ધતિ-કાર્મણ શરીરના માધ્યમથી અથવા કર્મભેદના માધ્યમથી સાત પ્રકારે દર્શાવી છે. જેમ કે વેદના સમુદ્‌ઘાત અશાતા વેદનીય કર્મના આશ્રયે થાય છે. (૨) કષાય સમુદ્‌ઘાત, કષાય મોહનીય કર્મના આશ્રયે (૩) મારણાંતિક સમુદ્‌ઘાત આયુષ્યના અંતર્મુહૂર્ત અવશિષ્ટ રહે ત્યારે આયુષ્યકર્મના આશ્રયે (૪)વૈક્રિય સમુદ્‌ઘાત, વૈક્રિય શરીરનામ કર્મના આશ્રયે (૫) તૈજસ સમુદ્‌ઘાત તૈજસ શરીર નામકર્મના આશ્રયે (૬) આહારક સમુદ્‌ઘાત, આહારક શરીર નામકર્મના આશ્રયે, (૭) કેવળી સમુદ્‌ઘાત, વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય કર્મના આશ્રયે થાય છે. આ સાત સમુદ્‌ઘાતમાંથી, ૨૪ દંડકોના જીવોમાં કોને કેટલા હોય છે તે વાત વિસ્તારથી

વર્ણવી છે અને તેનું અલ્પબહુત્વ આપી, શરીરની લંબાઈ-પહોળાઈ કયા સમુદ્દ્ઘાત વખતે કયા દંડકના જીવની કેટલી થાય છે, તેવી ચિંતનાત્મક વાત આ મુક્તાફળમાં છે.

કષાય સમુદ્દ્ઘાતનું વર્ણન તો અજબ ગજબનું છે. તેમાં કયા કષાયથી કેટલી ક્રિયા, કેવો કર્મબંધ, કેવી કર્મનિર્જરા વગેરે દર્શાવીને કાર્મણ શરીરની મહત્તાનું મહાત્મ્ય છેલ્લે કેવળી સમુદ્દ્ઘાતમાં દર્શાવેલ છે.

ઉપસંહાર રૂપે, આત્માના પ્રદેશો એક સમયમાં કેટલા પ્રમાણમાં ફેલાવી શકાય છે તે વાત અંગુલના અસંખ્યાતમા ભાગથી લઈને પૂર્ણ લોક જેવડા દર્શાવીને કાર્મણ શરીરની શક્તિ છેલ્લે કેવળી સમુદ્દ્ઘાતમાં દર્શાવી છે. અંતે કાર્મણ શરીર છૂટું થઈને સહજ આત્માને સહજ સુખમાં મોકલી આપે છે તે વાત તું ગંભીરતાપૂર્વક આ પદમાંથી વાંચજે.

ચેતના બહેનની આ મીઠી શીખામણ સાંભળી હંસે ચેતના બહેનને કહ્યું–

અહો બહેન ! તમારા સંપર્કથી હું ધન્યાતિધન્ય બની ગયો છું. આ પ્રજ્ઞાપનાના છત્રીસ પદના મુક્તાફળોનું રહસ્ય તમે સમજાવ્યા પછી હું હવે આપશ્રીથી જુદો રહી શકીશ નહીં. તમે અને હું સાથે જ રહીએ તેવા આશીર્વાદ આપો.

ચેતના બહેન બોલ્યા. જો વીરા આ છત્રીસ પદની સાનુબંધ શાયરીને સ્મૃતિમાં સદા સંગ્રહી શીઘ્ર સિદ્ધત્વ પદને સાધજે.

"**પ્રજ્ઞા**ને સ્વર **સ્થાને** ગોઠવી **અલ્પ બહુત્વ** ભાવ છોડી **સ્થિતિ–પર્યાયોમાં** વિભાવની,
**વ્યુત્ક્રાન્તિ** કરી, **ઉચ્છ્વાસ** અરિહંતમાં જોડી **સંજ્ઞા** ત્યાગી **યોનિ**માં જન્મ લેવો બંધ કરજે.

**ચરમાચરમ**ને **ભાષા** દ્વારા સમજી અ**શરીરી** થવા શુદ્ધ **પરિણામે કષાય** વિષય છોડી,
**ઇન્દ્રિય**નો **પ્રયોગ**શુભ **લેશ્યા**થી ત્યજી **કાયસ્થિતિ** બંધ તોડવાના ભાવો હૈયે ભરજે.

**સમ્યક્ત્વ** યોગમાં સંચરી **અંતક્રિયા** કાજે અલૌકિક **અવગાહના** સત્ **ક્રિયા**થી કરી,
**કર્મપ્રકૃતિ**ને સમજી **બંધ–બંધ, બંધ–વેદ, વેદ–બંધ, વેદ–વેદ**ને દિલડે ધરજે.

**આહાર–ઉપયોગ**તાથી કરી **પશ્યતા**ની પરિણતિએ **સંજ્ઞી**ને જાણી શુદ્ધ **સંયતી** બની,
**અવધિ** જ્ઞાન થતાં **પરિચારણા, વેદના**ની નિર્જરા કેવળ **સમુદ્દ્ઘાત**થી કરી સંસાર તરજે."

પ્રાન્તે, પ્રિય પાઠક ગણ ! મારો ઉપયોગ રૂપી હંસ છેલ્લા ૨૧થી લઈને ૩૬ મુક્તાફળનું જ્ઞાન ચેતના બહેન પાસે પ્રાપ્ત કરીને તૃપ્ત થયો.

ચેતના બહેને છેલ્લા આશીર્વાદમાં છત્રીસેય પદની શાયરી બનાવી હંસને આગમની આંખ આપી, પ્રજ્ઞાની પાંખ મજબૂત બનાવીને કહ્યું શ્યામાચાર્યના રચેલા અને મલયગિરિ મહારાજના મઢેલા મુક્તાફળનું ખૂબ જતન કરજે, તે અક્ષયનિધિ સમા

છે. જ્યાં સુધી તું અને હું એક ન થઈએ ત્યાં સુધી મહાવ્રતની મઢૂલી છોડતો નહી. એવા આશીર્વાદ લઈ કલહંસ બનેલો ઉપયોગ મારા યોગમાં જોડાય ગયો. આ રીતે પ્રજ્ઞાપનાના ૨૧થી લઈને ૩૬ પદનો ત્રીજો ભાગ પૂર્ણ થયો. શ્રી પ્રજ્ઞાપના સૂત્ર સંપૂર્ણ થયું. આ પ્રજ્ઞાપના સૂત્ર સર્વજીવોને કલ્યાણકારી, શિવકારી, શ્રેયકારી, સુખકારી નીવડો એ જ શુભકામના.......અસ્તુ.......

## આભાર : ધન્યવાદ : સાધુવાદ :–

પ્રસ્તુત આગમના રહસ્યોને ખુલ્લા કરતો અણમોલ દિવ્ય અભિગમ પ્રેષિત કરનાર, મહાઉપકારી ગોંડલ ગચ્છ શિરોમણિ, પરમ દાર્શનિક, અમારા આગમ કાર્યને પ્રોત્સાહિત કરી આશીર્વાદની વર્ષા વરસાવનારા ગુરુદેવ પૂ. **શ્રી જયંતીલાલજી મ.સા.**નો અનન્ય ભાવે આભાર માનું છું અને શતકોટી સાદર ભાવે પ્રણિપાત, નમસ્કાર કરું છું. શ્રદ્ધેય, પ્રેરક, માર્ગદર્શક જેમના પસાયે પૂ. ત્રિલોક મુનિ મ.સા.નો યોગ પ્રાપ્ત થયો છે, તેવા વાણીભૂષણ પૂ. **ગિરીશ ગુરુદેવ**નો સહૃદયતાપૂર્વક આભાર માની વંદન કરું છું.

આ આગમને સુશોભિત બનાવનાર, સુંદર હાર્દના ભાવ ભરી અલંકૃત કરનાર, મૂળ પાઠનું સંશોધન કરી વ્યવસ્થિત કરનાર, આગમ મનીષી પૂ. **ત્રિલોકમુનિવર્ય**ને મારી શતકોટી વંદના પાઠવું છું.

મુનિ પુંગવોના ચરણાનુગામી, પ્રારંભેલા કાર્યને પૂર્ણતાના પગથારે પહોંચાડનારા, આગમ ગુજરાતી સંસ્કરણના ઉદ્ભવિકા, ઉત્સાહધરા, નિપુણા, કાર્યનિષ્ઠા, ઉગ્ર તપસ્વિની મમ ભગિની તેમજ સુશિષ્યા સ્વ. સાધ્વી શ્રી **ઉષાને** સ્મરણ સાથે ધન્યવાદ અર્પું છું.

આગમ અવગાહન કાર્યમાં સહયોગી સાધ્વીરત્ના પુષ્પાબાઈ મ., પ્રભાબાઈ મ. એવં ધીરમતી બાઈ મ., હસુમતી બાઈ મ., વીરમતી બાઈ મ. સહિત સેવારત રેણુકાબાઈ મ. આદિ દરેક ગુરુકુલવાસી સાધ્વીવૃંદને અનેકશઃ ધન્યવાદ આપું છું.

પ્રસ્તુત આગમના અનુવાદિકા છે અમારા પ્રશિષ્યા અને વિદુષી ભારતીબાઈ મ.ના શિષ્યા વ્યવહારધર્મ કલા પરાયણા, સુજ્ઞા સાધ્વીજી બા. બ્ર. સુધાબાઈ મહાસતીજી. જેમણે મોહમયી નગરીમાં રહી પ્રવચન સંભળાવતા તેમાંથી સમય ફાળવી અનુવાદ કરવાનો સ્વાધ્યાય કર્યો છે. તેમના પુરુષાર્થને અનેકશઃ સાધુવાદ આપું છું અને મહેચ્છા કરું છું કે તેઓ પ્રજ્ઞાપના સૂત્રને ઘટમાં ઉતારી નિશ્ચય ધર્મકલાને આચરણમય બનાવી, અખંડ પ્રજ્ઞાનું અનુસંધાન કરે.

સતત પ્રયત્નશીલ, અનેક આગમોનું અવગાહન કરીને અનુવાદની કાયાપલટ

કરી, આગમને સરલ, સુમધુર, સંમાર્જિત કરનાર, શબ્દાર્થ-ભાવાર્થ અને વિવેચનનું સંતુલન જાળવી રાખનાર, ભગીરથ કાર્યના યશસ્વી સહસંપાદિકા મમ શિષ્યા-પ્રશિષ્યા સાધ્વી રત્ના ડૉ. સાધ્વીશ્રી **આરતી** એવં સાધ્વીશ્રી **સુબોધિકાને** અભિનંદન સહિત સાદર ધન્યવાદ આપું છું.

આગમ નિષ્ઠાથી સેવા આપનાર શ્રમણોપાસક મુકુંદભાઈ પારેખ, મણિભાઈ શાહ એવં જયવંતભાઈ શાહ, કુમારી ભાનુબહેન પારેખને તથા સુંદર અક્ષરોમાં સંપાદકીય લેખ લખી આપનાર કુમારી યોજ્ઞાબહેન મહેતાને ધન્યવાદ આપું છું.

પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવ રાખનાર ગુરુપ્રાણ ફાઉન્ડેશનના માનદ્ સભ્ય ભામાશા શ્રીયુત રમણિકભાઈ તથા આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દઢ સંકલ્પી, તપસ્વિની માતા વિજ્યાબહેન તથા ભક્તિસભરહૃદયી પિતા માણેકચંદભાઈ શેઠના સુપુત્ર, નરબંકા, રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખ શ્રુતસેવાસંનિષ્ઠ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ તથા કાર્યાન્વિત શ્રી મહેન્દ્રભાઈ આદિ સર્વ સભ્યગણ; ધીરુભાઈ, વિનુભાઈ આદિ કાર્યકર્તાઓ; મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા સહયોગી સર્વ કાર્યકરો, આગમના શ્રુતાધાર બનનારને અને અન્ય દાનદાતા મહાનુભાવોને અભિનંદન સાથે સાધુવાદ આપું છું.

આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશકોને સાધુવાદ. આગમ અવગાહન કરવામાં ઉપયોગની શૂન્યતાથી કંઈક શબ્દો, અક્ષરો, પાઠમાં અશુદ્ધિ રહી જવા પામી હોય, વીતરાગ વાણી વિરુદ્ધ લખાયું, વંચાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

પ્રિય પાઠકો ! તમો આગમ વાંચો ત્યારે કંઈક અશુદ્ધિ રહી જવા પામી હોય તે ખ્યાલ આવે તો તેની નોંધ કરી અમને મોકલવા પ્રયત્ન કરશો. **नमामि सव्व जिणाणं–खमामि सव्वजीवाणं ।**

**વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય, તો માગુ પુનઃ પુનઃ ક્ષમાપના,**
**મંગલમૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું છું વિજ્ઞાપના**

પરમ પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ.સ.ના

**સુશિષ્યા – આર્યા લીલમ.**

# સંપાદન અનુભવ

ડૉ. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

જગજ્જીવોની વૈભાવિક પરિસ્થિતિઓનું વિવિધ પ્રકારે વિસ્તૃત બોધ કરાવતું શ્રી પ્રજ્ઞાપના સૂત્ર સાધકોને પરિવર્તનશીલ વૈભાવિક અવસ્થાઓને છોડીને શાશ્વત સ્વાભાવિક અવસ્થાની પ્રાપ્તિનો સંદેશ આપે છે. આગમના ભાવો ત્રૈકાલિક શાશ્વત છે પરંતુ સૂત્રપાઠનું પ્રસંગોચિત યોગ્ય અર્થ સાથે અનુસંધાન કરવું, તેના સંદર્ભોને સમજાવીને રહસ્યોને ઉદ્‌ઘાટિત કરવા તે સંપાદનનો મુખ્ય ઉદ્દેશ્ય હોય છે.

જેમ કે પદ–૨૮/૧માં સંસારી જીવોના આહારનું પરિણમન કઈ રીતે થાય, ગ્રહણ કરેલા આહારમાંથી કેટલો ભાગ પરિણમન પામે, વગેરે વિષયોનું વર્ણન છે. ત્યાં સૂત્ર–૨૫માં વિકલેન્દ્રિય જીવોના પ્રક્ષેપાહારના પરિણમનનો સૂત્રપાઠ આ પ્રમાણે છે– **जे पोग्गले पक्खेवाहारत्ताए गेण्हंति तेसिं असंखिज्जइभागमाहारेंति.....**બેઈન્દ્રિયો પ્રક્ષેપાહાર રૂપે જે પુદ્‌ગલો ગ્રહણ કરે છે તેમાંથી અસંખ્યાતમા ભાગનો આહાર કરે છે અને તેના અનેક હજારો ભાગ પ્રમાણ અર્થાત્ સંખ્યાતમો ભાગ સ્વાદ લીધા વિના કે સ્પર્શ કર્યા વિના જ નાશ પામે છે. અહીં ગૃહીત પુદ્‌ગલોમાંથી સંખ્યાતા હજારો ભાગ પરિણમન પામ્યા વિના જ નાશ પામતા હોય, તો આહાર રૂપે પરિણમન પામતા પુદ્‌ગલો પણ સંખ્યાતમા ભાગ પ્રમાણ જ હોય છે. તેમ છતાં અહીં પાઠમાં અસંખ્યાતમા ભાગનું કથન છે તો તેમાં **अ** લિપિદોષ વગેરે કોઈપણ કારણથી આવી ગયો હોય તેવી સંભાવના છે. તેથી પ્રસ્તુત સંસ્કરણમાં આ સૂત્ર પાઠમાં (अ) ને કૌંસમાં રાખીને સંખ્યાતમો ભાગ, તેમ પાઠ સ્વીકાર્યો છે.

પદ–૩૬માં સાત સમુદ્‌ઘાતના અલ્પબહુત્વના કથનમાં સમુદ્‌ઘાતરહિત જીવો **असंखेज्जगुणा** છે, તે પ્રકારનો પાઠ કેટલીક પ્રતોમાં ઉપલબ્ધ થાય છે પરંતુ આ શાસ્ત્રના ત્રીજા અલ્પબહુત્વ પદ અનુસાર સમુદ્‌ઘાતરહિત જીવો સંખ્યાતગુણા જ થાય છે. તેથી અહીં સૂત્ર–૩૯ માં **संखेज्जगुणा** પાઠ સ્વીકાર્યો છે. પદ–૩૬માં કષાય સમુદ્‌ઘાતનું અલ્પબહુત્વ પણ વિચારણીય છે.

ક્યારેક સૂત્રના ભાવો અત્યંત સંક્ષિપ્ત હોય, ત્યારે તે વિષયને વ્યાખ્યા ગ્રંથોના આધારે સ્પષ્ટ કરવો જરૂરી બની જાય છે. પદ–૩૪માં દેવોની પરિચારણાના કથનમાં બાર દેવલોકના દેવોની ક્રમશઃ કાયિક આદિ પરિચારણાનું કથન છે પરંતુ ત્રીજાથી બારમા દેવલોકમાં દેવીઓ નથી; તેથી તે દેવો કઈ દેવીઓને બોલાવીને પોતાની ઈચ્છા પૂર્તિ કરે, તેનું વર્ણન વ્યાખ્યાગ્રંથોમાં છે. તેના આધારે પહેલા-બીજા દેવલોકની અમુક-અમુક સ્થિતિવાળી અપરિગૃહીતા દેવીઓ અમુક-અમુક દેવલોક સુધી જાય છે, તેનું વિવેચનમાં સ્પષ્ટીકરણ કર્યું છે અને સુગમતા માટે તત્સંબંધી કોષ્ટક પણ આપ્યું છે.

આ રીતે આગમિક કથનોમાં પૂર્વાપર વિરોધ ન આવે તે લક્ષમાં રાખીને સૂત્ર અને

અર્થનો યથોચિત સમન્વય કરવો, તે જ સંપાદનનો પ્રાણ છે.

સૂત્રપાઠ અનુસાર ભાવાર્થ, વિવેચન, કોષ્ટકો, ચાર્ટ, આકૃતિ આદિ વિવિધ પધ્ધતિઓ દ્વારા આગમના ભાવોને આગમના સ્વાધ્યાયીઓ સુધી પહોંચાડવાનો અમે અલ્પ ક્ષયોપશમે પુરુષાર્થ માત્ર કર્યો છે. વાચકો ઉત્સાહપૂર્વકના વાંચન દ્વારા અમારા કાર્યને વધાવી રહ્યા છે, તેનો અમોને આનંદ છે.

આગમ સંપાદન કાર્ય પૂર્ણતા તરફ પ્રયાણ કરી રહ્યું છે ત્યારે પ્રતિક્ષણ, તન-મન અને રોમેરોમ ગુરુકૃપાના અલૌકિક સામર્થ્યનો સ્વીકાર કરે છે. મહામૂલા સંયમી જીવનમાં પોતાના પાવન સાંનિધ્યમાં આગમ વાંચના કરાવીને અમોને આ મહત્તમ કાર્ય માટેની યોગ્યતા પ્રદાન કરનાર અનંત ઉપકારી તપોધની ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા.ની પ્રેરણાનો પરિપાક, તે જ અમારી સફળતા છે.

તીક્ષ્ણ પ્રજ્ઞાધારક, અપ્રમત્તયોગી પૂ. ત્રિલોકમુનિજી મ.સા. અમારી સફળતાનો સદ્ધર સથવારો છે. જેમના નેતૃત્વમાં આગમ પ્રકાશનનું આ અનુપમ કાર્ય થઈ રહ્યું છે તેવા મહાપુણ્યવાન, મુખ્ય સંપાદિકા ભાવયોગિની ગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મ.નું નેતૃત્વ જ અમોને પ્રતિદિન નૂતન પ્રેરણા આપી રહ્યું છે.

અહર્નીશ અમારા શ્રમના કેવળ સાક્ષી જ નહીં પરંતુ અમારા કાર્યમાં સર્વાંશે સહયોગી ઉપકારી ગુરુણીમૈયા પૂ. વીરમતીબાઈ મ. શ્રુતસેવાની અનુમોદનાનો મહાન લાભ લઈ રહ્યા છે. ગુરુકુલવાસી પૂ. બિંદુબાઈ મ. આદિ સર્વ સતીજીઓની સદ્ભાવના અમારો ઉત્સાહ છે. અંતે ઉપકારી માત–તાતના સંસ્કાર સિંચનને સદા ય સ્મરણમાં રાખીને વિરામ પામીએ છીએ.

આગમ સંપાદનમાં જિનાજ્ઞાથી ઓછી અધિક કે વિપરીત પ્રરૂપણા થઈ હોય, તો પંચપરમેષ્ઠી ભગવંતોની સાક્ષીએ ત્રિવિધે–ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

સદા ઋણી માત-તાત **ચંપાબેન-શામળજીભાઈ !**<br>
કર્યું તમે સંસ્કારોનું સિંચન,<br>
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**<br>
આપ્યું અણમોલું સંયમ જીવન<br>
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત-લીલમ** ગુરુણીશ્રી !<br>
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન<br>
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા<br>
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત-તાત **લલિતાબેન-પોપટભાઈ !**<br>
કર્યું તમે સંસ્કારોનું સિંચન,<br>
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**<br>
આપ્યું અણમોલું સંયમ જીવન<br>
શરણુ ગ્રહ્યું **પૂ. મુક્ત-લીલમ-વીર** ગુરુણીશ્રી !<br>
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન<br>
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા<br>
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– સાધ્વી શ્રી સુધાબાઈ મ.

શ્રી પ્રજ્ઞાપના સૂત્ર ભાગ–૩માં ૨૧ થી ૩૬ પદનો સમાવેશ કર્યો છે. તેમાં મુખ્યત્વે જીવોના સંસાર પરિભ્રમણના મૂળભૂત કારણરૂપ કર્મ વિષયક વિસ્તૃત વર્ણન છે. તે ઉપરાંત સંસારી જીવોથી સંબંધિત અવગાહના, આહાર, સમુદ્ઘાત, વેદના, લેશ્યા, ઉપયોગ વગેરે વિષયોનું સંકલન છે.

એકવીસમા **અવગાહના સંસ્થાન પદમાં** ૨૪ દંડકના જીવોને પ્રાપ્ત થયેલા શરીરોની અવગાહનાનું નિરૂપણ છે, તેમાં તૈજસ-કાર્મણ શરીરની અવગાહના મારણાંતિક સમુદ્ઘાતની અપેક્ષાએ છે.

બાવીસમા **ક્રિયાપદમાં** કાયિકી આદિ પાંચ ક્રિયા તથા આરંભિકી આદિ પાંચ ક્રિયા, ચોવીસ દંડકના એક-અનેક જીવોને પરસ્પર અન્ય જીવોના સંબંધથી લાગતી ક્રિયાઓનું સ્પષ્ટીકરણ છે.

ત્રેવીસમા **કર્મપ્રકૃતિપદમાં** કર્મની બંધ યોગ્ય આઠ મૂળ પ્રકૃતિ તથા ૧૪૮ ઉત્તર પ્રકૃતિઓ અને તેની બંધ સ્થિતિ, અબાધાકાલ અને કર્મની વિપાક યોગ્ય પ્રકૃતિઓનું વિસ્તૃત વર્ણન છે.

ચોવીસમા **કર્મબંધ-બંધપદ**, પચીસમા **કર્મબંધ-વેદપદ**, છવ્વીસમા **કર્મવેદ-બંધપદ**, સત્તાવીસમા **કર્મવેદ-વેદપદ,** આ ચારે ય પદમાં કર્મબંધ અને વેદનના પરસ્પર સંબંધોને ચોવીસ દંડકના જીવોમાં સમજાવ્યા છે.

અઠ્ઠાવીસમા **આહારપદમાં** સંસારી જીવોનો આભોગ-અનાભોગ નિર્વર્તિત આહાર, તેનું પરિણમન તથા ૧૩ દ્વારના માધ્યમથી જીવોમાં આહારક–અનાહારકપણાનું તથા તેના વિવિધ વિકલ્પોનું વિસ્તૃત વર્ણન છે.

ઓગણત્રીસમા **ઉપયોગપદમાં** બાર પ્રકારના ઉપયોગનું તથા ત્રીસમા **પશ્યતા પદમાં** નવ પ્રકારના પશ્યતાઓનું કથન છે.

એકત્રીસમા **સંજ્ઞીપદમાં** સંજ્ઞી-અસંજ્ઞી જીવોનું, બત્રીસમા **સંયત પદમાં**

સંયત-અસંયત, સંયતાસંયત અને નોસંયત-નોઅસંયત જીવોનું, તેત્રીસમા **અવધિ પદમાં** અવધિજ્ઞાન અને તેના વિષય, સંસ્થાન આદિ વિગતોનું આકલન છે.

ચોત્રીસમા **પરિચારણા પદમાં** દેવોની પરિચારણાને જ પ્રાધાન્ય આપીને વિષય વર્ણન છે.

પાંત્રીસમા **વેદના પદમાં** વિવિધ પ્રકારે વેદનાના ભેદ પ્રભેદોનું કથન કરીને ચોવીસ દંડકના જીવોને પ્રાપ્ત થતી વેદનાઓનું વર્ણન છે.

છત્રીસમા **સમુદ્‌ઘાત પદમાં** સાત સમુદ્‌ઘાત તથા ચાર કષાય સમુદ્‌ઘાતનું સ્વરૂપ અને ૨૪ દંડકના જીવોને ૨૪ દંડકના જીવપણે પ્રાપ્ત થતા ત્રૈકાલિક સમુદ્‌ઘાતોનું નિરૂપણ છે. અંતે મોક્ષગામી જીવોને અવશ્ય થતું આયોજીકરણ, યોગનિરોધ અને સિદ્ધ ગતિનું કથન કરીને અંતિમ મંગલ ભાવથી ભરેલું આ શાસ્ત્ર પૂર્ણ થાય છે.

આ રીતે પ્રથમ પદમાં સંસારી જીવોના ભેદ પ્રભેદથી પ્રારંભ થયેલું આ શાસ્ત્ર, સંસારી જીવોની વિવિધ પરિસ્થિતિઓનું વિવિધ પ્રકારે દર્શન કરાવીને અંતે જીવના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિપર્યંતનો બોધ કરાવે છે. તેમાંથી સાધક સ્વયંની સ્થિતિ નિશ્ચિત કરીને આત્મવિકાસના એક એક સોપાનોને સર કરતાં અંતે સમસ્ત કર્મોનો આત્યંતિક નાશ કરીને અંતક્રિયા કરી શકે છે, તે જ સૂત્રકારનો ઉદ્દેશ્ય સ્પષ્ટ થાય છે.

**કૃતજ્ઞતા : વંદન :–** વિ. સં. ૨૦૫૪ એટલે સૌરાષ્ટ્ર કેસરી મહામહિમ પૂજ્યપાદ દાદા ગુરુદેવ શ્રી પ્રાણગુરુદેવનું જન્મ શતાબ્દી વર્ષ. આ પાવન વર્ષને ચિર સ્મરણીય બનાવવા પ્રાણ પરિવારના સંત-સતીજીઓના ઉત્સાહભર્યા સહિયારા પુરુષાર્થે અને આગમમનીષી પૂ. શ્રી ત્રિલોકમુનિ મ.સા, પ્રધાન સંપાદિકા મમ માતામહી ગુરુણીમૈયા ભાવયોગિની પૂ. બા. બ્ર. લીલમબાઈ મ., સહયોગી સંપાદક, પ્રકાશક તથા દાતાઓના તત્ત્વાવધાનમાં એક પછી એક આગમોના અભિનવ સંપાદિત સંસ્કરણો પ્રકાશિત થઈ રહ્યા છે. તે આગમોની શૃંખલામાં કડી રૂપે જોડાવા શ્રી પ્રજ્ઞાપના સૂત્ર ભાગ–૧, ૨ અને ત્યાર પછી ત્રીજો ભાગ જ્યારે સાકાર થઈ રહ્યો છે ત્યારે એક-એક કૃપાળુઓની કૃતજ્ઞતા સ્મૃતિ મારા હૃદયને ભીંજવતી જાય છે, આ અનુસંધાને શાસનપતિથી લઈને શ્રુતશાસન સેવકોના આશિષ, સહકાર, સંસ્કારોને તો હું કેમ વિસરી શકું !!

જિનાગમો આત્મ સુધારણા અને આત્મપ્રાપ્તિના અમૂલ્ય દસ્તાવેજો છે. એમાં પણ શ્રી પ્રજ્ઞાપના સૂત્ર દષ્ટિવાદ સૂત્રની 'લઘુતમ આવૃત્તિ' કહેવાય છે. આવા ગૂઢતમ આગમ અનુવાદનું મહત્તમ કાર્ય મારા સંવિભાગે આવ્યું અને એ કાર્ય સંપન્ન થયું,

એમાં સૌ પ્રથમ ઉપકારી છે શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી અને શ્રી ગણધર ભગવંતો. એમની કૃપા થકી જ મને ગળથૂથીમાં શ્રુત–ચારિત્રરૂપ દ્વિધારમય જયવંતુ જિનશાસન મળ્યું.

પૂર્વજ્ઞાની શ્રી શ્યામાચાર્યનું આ સંકલન વારસામાં મળ્યું. પૂજ્યપાદ શ્રી ડુંગર–જય–માણેક–પ્રાણ ગુરુ સમા ગુણનિધાન ચારિત્ર સંપન્ન મહાપુરુષોનું ઉજ્જવળ ગુરુકુળ સાંપડ્યું. તપ સમ્રાટ–તપોધની પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. ના શ્રીમુખેથી ચારિત્ર રત્ન અને વાત્સલ્ય ભરપૂર શિષ્યત્વ લાધ્યું. આવા દેવાધિદેવ અને દેવસ્વરૂપ મહાપુરુષોના શ્રી ચરણે આસ્થાભર્યા અંતરના વંદન !!!

ગચ્છશિરોમણી પરમદાર્શનિક અમારી અણમોલી અમાનત પૂ.બા.બ્ર. શ્રી જયંતિમુનિજી મ. સાહેબે સોનામાં સુગંધ મેળવી આ આગમને એક નૂતન 'અભિગમે' મંડિત કરી આપ્યું. ગુજરાત કેસરી, ગચ્છ ગરિમા, વાણીભૂષણ બા.બ્ર. પૂ. શ્રી ગિરીશમુનિ મ.સા, આગમ દિવાકર બા. બ્ર. પૂ. શ્રી જનકમુનિ મ.સા. તથા નિડરવક્તા પૂ. જગદીશમુનિ મ.સા. કે જેઓએ મને હંમેશાં અમી નજરે નિહાળી છે, તે સર્વ પૂજ્યશ્રીઓએ સમયે-સમયે હિત શિક્ષાઓનું દાન કર્યું છે.

આ ભાષાનુવાદના કાર્યનો શુભારંભ જેઓના વાત્સલ્ય વિવેક ભર્યા સાંનિધ્યમાં થયો, મારા મહદ્ ભાગ્યે જેમનું આજ્ઞા સાંનિધ્ય મળ્યું, જેઓના અંતરના આશીર્વાદ નિરંતર અનુભવું છું એવા અધ્યાત્મ યોગીરાજ ધ્યાન સાધક પૂ. બા. બ્ર. શ્રી હસમુખમુનિ મ.સા. તપસ્વીરત્ન સરળમના બા. બ્ર. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ.સા. અને શાસન અરૂણોદય પૂ. બા. બ્ર. નમ્રમુનિ મ.સા. આદિ સર્વ ગુરુ બંધુઓને તો હું શેં વીસરું ? એમની પણ સદા સદ્ભાવના રહી છે.

સંસ્કારદાત્રી ગુરુમાતામહી મંગલમૂર્તિ પૂજ્યવરા શ્રી મુક્તાબાઈ મ.અને અપ્રમત્તભાવ સેવી મારા ખાસ ઉપકારી ભાવયોગિની પૂ. બા. બ્ર. લીલમબાઈ મ. એ મારામાં અપૂર્વ સંસ્કારોનું સિંચન કર્યું છે. આ આગમ અનુવાદ ભાવનાના ઉદ્ભાવિકા પૂ. બા. બ્ર. ઉષાબાઈ મ.સ.નું ઋણ મારા અંતરમાં અંકિત છે.

મારા પરમ ઉપકારી ગુરુણીમૈયા જેઓના હૃદયે મારા માટે સ્નેહની અજસ્ર સરવાણી વહી રહી છે, જેઓએ મને હંમેશાં ઉત્તમ કાર્યો પ્રતિ પ્રેરી છે, પ્રશંસી છે, મારી હર ભાવનાના સાક્ષી પૂ. બા. બ્ર. શ્રી ભારતીબાઈ મ. સ. (બાપજી)ની મમતાએ મને સંયમની વાટ દેખાડી છે, પ્રત્યક્ષ પરોક્ષ પ્રેરણાદાત્રી એવા મમ સહોદરી અને ગુરુભગિની સ્વ. પૂ. બા. બ્ર. હર્ષિદાબાઈ મ.સ. આદિ સર્વ ગુરુતત્ત્વના શ્રી ચરણે શ્રદ્ધા

ભર્યા વંદન !!!

આગમ સંપાદનના અપદક છતાં સર્વે સર્વા આગમ મનીષી પૂ. બા. બ્ર. શ્રી ત્રિલોકમુનિ મ.સા. કે જેઓના પિતૃહૃદયે મારા પ્રતિ હંમેશ પુત્રીવત્ ભાવના રહી છે. પ્રધાન સંપાદિકા ગુરુણીમૈયા પૂ. બા. બ્ર. લીલમબાઈ મ.સ. તથા સહસંપાદિકા શ્રુતજ્ઞાનના મારા ભૂતપૂર્વ સહાધ્યાયી સાધ્વી શ્રી ડૉ. આરતીજી અને શ્રી સુબોધિકાજી આદિ સંપાદક મંડળે આ આગમને પારસ સ્પર્શ આપી સો ટચનું સુવર્ણ બનાવ્યું છે. તેઓશ્રીને મારા અહોભાવપૂર્વકના વંદન.

આ ભગીરથ કાર્યમાં મારા ક્ષણેક્ષણના મૂક સાથી, સહયોગી પીઠબળસમા પૂ. બા. બ્ર. પ્રિયદર્શનાબાઈ મ., શ્રી વિદુબાઈ મ. અને શ્રી રૂપલબાઈ મ. ને પણ મારા ભાવભર્યા વંદન. આ તકે મારા પરમ હિતસ્વી પૂ. બા. બ્ર. શ્રી ઉર્મિબાઈ મ. ના ઉપકારને પણ હૃદયથી વંદુ છું.

ઘાટકોપર હિંગવાલા સ્થા. જૈન સંઘ સંચાલિત શ્રમણી વિદ્યાપીઠના પિતૃવત્સલ મોટા પંડિતજી શ્રીમાન શોભાચંદજી ભારિલ્લ તેમજ નાના પંડિતજી શ્રી રોશનલાલજી જૈન, આ બંને પંડિતોનો જ્ઞાનના ક્ષેત્રે મારી શ્રુતદષ્ટિ ખોલવામાં મહત્વનો ફાળો છે, મારા માટે તેઓશ્રીનો ઉપકાર અવિસ્મરણીય છે.

જેઓએ અપાર વાત્સલ્ય સહ ઉત્તમ સંસ્કાર તેમજ ધર્મભાવનાના બીજનું મારામાં વાવેતર કર્યું છે, એવા માત-તાત સ્વ. શ્રી લીલાવંતીબેન અને સ્વ. શાંતિલાલ મૂળચંદ ટીંબડીયાની હું યાવત્જીવન ઋણી છું.

શરૂઆતથી લઈને અંત સુધી મારા કાર્યને વેગ આપવામાં તથા ભાષા દોષને શુદ્ધ કરી સજાવી કડીબદ્ધ કરવામાં સહયોગી સાક્ષર ડૉ. શ્રી રસિકભાઈ મહેતા (જગડુશા–ઘાટકોપર) તથા શ્રી અશોકભાઈ જયંતિલાલ અજમેરા (રાજાવાડી–ઘાટકોપર) એવં ચાર્ટ અને ચિત્ર તૈયાર કરવામાં સહયોગ આપનાર સ્વ. અંજનીબેન કિરીટકુમાર પરીખ(મુલુંડ)નો સહકાર પણ ભૂલાય તેમ નથી.

આ તબક્કે ગુરુપ્રાણ ફાઉન્ડેશન દ્વારા આગમનું પ્રકાશન કરી રહેલા ભામાશા શ્રી રમણિકભાઈ શાહ, પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ તથા મુદ્રક શ્રી નેહલભાઈને મારા હાર્દિક સાધુવાદ સહ ધન્યવાદ છે.

વૃત્તિકાર આચાર્ય શ્રી મલયગિરિ, યુવાચાર્ય મધુકર મિશ્રીમલજી મ.સા. તથા પૂજ્યવર શ્રી જ્ઞાનમુનિ મ.સા. આદિ પ્રતિ પણ અનુગ્રહિત છું.

આ આગમને ગ્રંથારૂઢ કરવાના યશભાગી શ્રુતાધારોની શ્રુતભક્તિ અને ગુરુભક્તિને અનેકશઃ અભિનંદન સહ સાધુવાદ.

સર્વ નામી અનામી કૃતજ્ઞજનોની સ્નેહસિક્ત સહાયે આવા ગહન આગમના ભાવોનું યત્કિંચિત્ અવગાહન કરી-કરાવી શકી છું; તે સર્વને કૃતજ્ઞભાવે વંદના... અભિવંદના !!!

મારી છદ્મસ્થતા તથા અલ્પમતિને કારણે જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાણું કે આલેખાણું હોય તો ત્રિવિધે ત્રિયોગે મિચ્છામિ દુક્કડમ્....

—ગુરુપાદ પદ્મરેણુ ભારતશિશુ
**સાધ્વી સુધા**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી પન્નવણા સૂત્ર

સ્થવિર રચિત ઉપાંગ સંજ્ઞક

## ભાગ - ૩

## પદ : ૨૧ થી ૩૬

મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ

: અનુવાદિકા :
પૂ. શ્રી સુધાબાઈ મ.

આ ઉત્કાલિક સૂત્ર છે. તેના મૂળ પાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાયકાલને છોડીને ગમે ત્યારે થઈ શકે છે.

# એકવીસમું પદ

## પરિચય

આ પદનું નામ 'અવગાહના-સંસ્થાનપદ' છે. આ પદમાં પાંચ શરીરોના સંબંધમાં વિવિધ વિચારણા છે.

બારમા શરીરપદમાં નારકાદિ ૨૪ દંડકના જીવોમાં શરીરોની વિચારણા છે તથા તે જીવોના બદ્ધ અને મુક્ત શરીરોની સંખ્યાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને આ **અવગાહના-સંસ્થાન** પદમાં પાંચ શરીરોના સંસ્થાનની અને અવગાહનાની મુખ્યતાએ સાત દ્વારોથી વિવિધ વિષયોની વિચારણા કરવામાં આવી છે.

**(૧) વિધિ દ્વાર–** જીવોની અપેક્ષાએ ઔદારિક આદિ પાંચ શરીરના ભેદ-પ્રભેદોનું નિરૂપણ છે.

**(૨) સંસ્થાન દ્વાર–** પાંચ શરીરના ભેદ-પ્રભેદની અપેક્ષાએ તેના સમચતુરસ્ર આદિ છ સંસ્થાનોનું કથન છે.

**(૩) પ્રમાણ(અવગાહના) દ્વાર–** પાંચ શરીરોની અવગાહનાનું કથન છે. તેમાં તૈજસ શરીરની અવગાહનાનું કથન મારણાંતિક સમુદ્‌ઘાતની અપેક્ષાએ છે.

**(૪) ચયોપચય દ્વાર–** શરીરના નિર્માણ માટે પુદ્‌ગલોના ચય, ઉપચય અને અપચયનું છ દિશાની અપેક્ષાએ પ્રતિપાદન છે. ઔદારિક અને તૈજસ-કાર્મણ શરીર સમસ્ત લોકમાં હોવાથી તેને યોગ્ય પુદ્‌ગલો જીવ જે સ્થાનમાં સ્થિત હોય, તે પ્રમાણે વ્યાઘાતની અપેક્ષાએ ત્રણ,ચાર કે પાંચ દિશામાંથીઅને નિર્વ્યાઘાતની અપેક્ષાએ છ દિશામાંથી ગ્રહણ કરે છે. વૈક્રિય શરીરી અને આહારક શરીરી જીવો લોકાંતમાં ન હોવાથી તે બંને શરીર યોગ્ય પુદ્‌ગલો છ દિશામાંથી ગ્રહણ થાય છે. તે જ રીતે પાંચે શરીરના પુદ્‌ગલો ત્રણ, ચાર, પાંચ કે છ દિશામાં વિખેરાય છે.

**(૫) સંયોગ દ્વાર–** આ દ્વારમાં પાંચે ય શરીરના પરસ્પર સંયોગનું કથનછે. ઔદારિક શરીરી જીવોને વૈક્રિય અને આહારક શરીરની ભજના અને તૈજસ-કાર્મણ શરીરની નિયમા હોય છે. વૈક્રિય શરીરી જીવોને આહારક શરીર હોતું નથી; ઔદારિક શરીરની ભજના અને તૈજસ-કાર્મણ શરીરની નિયમા હોય છે. આહારક શરીરી જીવોને વૈક્રિય શરીર હોતું નથી; ઔદારિક, તૈજસ-કાર્મણ શરીરની નિયમા હોય છે. તૈજસ-કાર્મણ શરીરમાં ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરની ભજના હોય છે.

**(૬) અલ્પબહુત્વ દ્વાર–** શરીરગત દ્રવ્યો અને પ્રદેશોના અલ્પબહુત્વની ચર્ચા છે.

**(૭) અવગાહનાની અપેક્ષાએ અલ્પબહુત્વ દ્વાર–** જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાની અપેક્ષાએ અલ્પબહુત્વનું પ્રતિપાદન છે.

❖❖❖❖❖

# એકવીસમું પદ : અવગાહના-સંસ્થાન

**પદના વિષયો :–**

**૧** विहि संठाण पमाणं, पोग्गलचिणणा सरीरसंजोगो ।
दव्वपएसप्पबहुं, सरीरओगाहणप्पबहुं य ॥

**ભાવાર્થ :– ( ગાથાર્થ )** આ એકવીશમા પદના સાત દ્વાર છે– (૧) વિધિ (૨) સંસ્થાન (૩) પ્રમાણ (૪) પુદ્‌ગલચયન (૫) શરીર સંયોગ (૬) દ્રવ્ય-પ્રદેશોનું અલ્પબહુત્વ અને (૭) શરીરાવગાહનાનું અલ્પબહુત્વ. આ સાત દ્વારોથી શરીર સંબંધી વર્ણન છે.

**(૧) વિધિદ્વાર :–**

**२** **कइ णं भंते ! सरीरया पण्णत्ता ? गोयमा ! पंच सरीरया पण्णत्ता, तं जहा– ओरालिए, वेउव्विए, आहारए, तेयए, कम्मए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શરીરના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઔદારિક શરીર (૨) વૈક્રિય શરીર (૩) આહારક શરીર (૪) તૈજસ શરીર અને (૫) કાર્મણ શરીર.

**વિવેચન :–**

**जीर्यते शीर्यते इति शरीरः ।** જે જીર્ણ–જૂનું થાય, શીર્ણ–પુદ્‌ગલ ક્ષીણ થાય તે શરીર અર્થાત્ નિરંતર જર્જરિત થાય, શીર્ણ થાય તે શરીર કહેવાય છે.

**(૧) ઔદારિક શરીર :–** ઔદારિક શબ્દ–ઉદાર શબ્દથી બન્યો છે. ઉદાર શબ્દના ચાર અર્થ છે– (૧) ઉદાર=પ્રધાન, (૨) ઉદાર=વિશાળ, વિસ્તૃત, (૩) ઉદાર=માંસ, મજ્જા, હાડકા વગેરે (૪) ઉદાર–સ્થૂલ.

(૧) અન્ય શરીરોમાં જે શરીર પ્રધાન હોય તે ઔદારિક શરીર કહેવાય છે. તીર્થંકરો, ગણધરો આદિ ચરમ શરીરી જીવોને આ શરીર હોય છે તથા ઔદારિક શરીર દ્વારા જ જીવ મુક્તિગમનમાં સહાયક એવી સંયમ સાધના કરી શકે છે, માટે અન્ય શરીરોમાં તે પ્રધાન છે (૨) ઔદારિક શરીરની અવગાહના અન્ય શરીર કરતાં વધુ મોટી હોય છે. વનસ્પતિકાયિક અને જળચર તિર્યંચ પંચેન્દ્રિય જીવોની અપેક્ષાએ ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના હજાર યોજન છે. વૈક્રિય શરીરની અવગાહના ૫૦૦ ધનુષ્યની છે, જોકે ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના લાખ યોજનની છે પણ તે અલ્પકાળ માટે જ હોય છે, ભવપર્યંત રહેતી નથી તેથી તેની ગણના ન કરતાં ઔદારિક શરીર જ અન્ય શરીરોમાં વિશાળ હોવાથી તેને ઉદાર-ઔદારિક શરીર કહેવામાં આવે છે. (૩) માંસ, હાડકા, સ્નાયુ વગેરેથી બદ્ધ શરીર ઔદારિક શરીર કહેવાય છે. પાંચ શરીરમાંથી એક માત્ર ઔદારિક શરીર જ માંસ, મજ્જા, લોહી વગેરેથી બનેલું હોય છે. (૪) ઔદારિક શરીર વૈક્રિયાદિ શરીરોની અપેક્ષાએ ઉદાર-સ્થૂલ પુદ્‌ગલોથી બનેલું હોવાથી તે ઔદારિક શરીર કહેવાય છે. આ શરીર મનુષ્ય અને તિર્યંચોને હોય છે.

**(૨) વૈક્રિય શરીર :–** જે શરીર દ્વારા વિવિધ, વિશિષ્ટ ક્રિયાઓ થઈ શકે, નાના-મોટા, દશ્ય-અદશ્ય આદિ અનેક રૂપ થઈ શકે, તે વૈક્રિય શરીર કહેવાય છે. તેના બે ભેદ છે– (૧) ભવ પ્રત્યયિક. (૨) લબ્ધિ પ્રત્યયિક. (૧) જે વૈક્રિય શરીર ભવના નિમિત્તથી જ પ્રાપ્ત થાય છે તે **ભવ પ્રત્યયિક** વૈક્રિય શરીર કહેવાય છે. (૨) જે શરીર વિશિષ્ટ લબ્ધિના પ્રયોગથી વૈક્રિય પુદ્ગલ દ્વારા બનાવવામાં આવે તે **લબ્ધિ પ્રત્યયિક** વૈક્રિય શરીર કહેવાય છે. લબ્ધિપ્રત્યયિક વૈક્રિય શરીર મનુષ્ય અને તિર્યંચને હોય છે. ભવપ્રત્યયિક વૈક્રિય શરીર દેવ અને નારકીને હોય છે.

**(૩) આહારક શરીર :–** ચૌદ પૂર્વધર મુનિ વિશિષ્ટ પ્રયોજન માટે પોતાને પ્રાપ્ત આહારક લબ્ધિના પ્રયોગથી જે શરીરનું નિર્માણ કરે છે, તે આહારક શરીર કહેવાય છે. આહારક લબ્ધિ પ્રાપ્ત મુનિને જ્યારે કોઈપણ જિજ્ઞાસાનું સમાધાન પ્રાપ્ત કરવાનું હોય અને તે સમયે પોતાના ક્ષેત્રમાં કેવળજ્ઞાની ભગવંત ન હોય, અન્યક્ષેત્રમાં હોય, જ્યાં ઔદારિક શરીરથી પહોંચી શકાય તેમ ન હોય, ત્યારે મુનિ લબ્ધિ વિશેષથી અતિ વિશુદ્ધ, સ્ફટિક સમાન નિર્મળ એક હાથનું શરીર બનાવીને તે શરીર દ્વારા તે ક્ષેત્રમાં જઈને તીર્થંકર કે કેવળી ભગવાન પાસેથી સમાધાન મેળવે છે, તે શરીર આહારક શરીર કહેવાય છે. આ શરીરનું નિર્માણ પ્રમત્ત સંયત, છટ્ઠા ગુણસ્થાનવર્તી મુનિ ચાર કારણે કરે છે, યથા– (૧) પ્રાણીદયા (૨) તીર્થંકરોની ઋદ્ધિ દર્શન (૩) છદ્મસ્થોપગ્રહ (૪) સંશય નિવારણ.

**(૪) તૈજસ શરીર :–** સ્થૂલ શરીરની દીપ્તિ અને પ્રભાનું જે કારણ છે તે તૈજસ શરીર છે. તે સૂક્ષ્મ શરીર છે. તૈજસ શરીર તેજોમય હોવાથી ભોજનને પચાવે છે. તે બે પ્રકારનું છે– **(૧) અનિઃસરણાત્મક–** સ્થૂલ શરીરની સાથે રહીને જે આહારના પાચનનું કાર્ય કરે, તે અનિઃસરણાત્મક તૈજસ શરીર કહેવાય છે. તે ઔદારિક, વૈક્રિય, આહારક શરીરમાં તેજ, પ્રભા, કાંતિનું નિમિત્ત બને છે. અનિઃસરણાત્મક તૈજસ શરીર સર્વ સંસારી જીવોને અવશ્ય હોય છે. **(૨) નિઃસરણાત્મક–** તેજોલબ્ધિના પ્રયોગથી થતું તૈજસ શરીર નિઃસરણાત્મક છે, તેજોલબ્ધિવાન પુરુષ પોતાના શરીરમાંથી તેજોમય પુદ્ગલોનો પ્રક્ષેપ અન્ય પર કરે છે. ત્યારે જે શુભ છે તે શાંતિ વગેરેનું કારણ બને છે અને જે અશુભ છે તે અશાંતિ વગેરેમાં કારણ બને છે. આ નિઃસરણાત્મક લબ્ધિપ્રત્યયિક તૈજસ શરીર તેજોલબ્ધિવાન તિર્યંચ, મનુષ્ય અને દેવોને હોય છે.

**(૫) કાર્મણ શરીર :–** આઠ પ્રકારના કર્મ સમુદાયથી જે નિષ્પન્ન થાય છે તથા ઔદારિક વગેરે શરીરનું જે કારણ છે તે કાર્મણ શરીર કહેવાય છે. આ શરીર પણ સર્વ સંસારી જીવોને હોય છે.

આ પાંચે શરીરોમાં ઔદારિક શરીર સ્વલ્પ પુદ્ગલોનું બને છે અને તે સૌથી વધુ સ્થૂલ છે અર્થાત્ તેમાં પોલાણ ભાગ વધુ છે. ત્યાર પછીના શરીરો ક્રમશઃ સૂક્ષ્મ-સૂક્ષ્મતર અને અધિક અધિકતર પુદ્ગલોના બનેલા હોય છે. અંતિમ ત્રણે શરીર ચર્મચક્ષુથી દષ્ટિગોચર થતા નથી, પરમાવધિજ્ઞાની કે કેવળજ્ઞાની જ તેને જોઈ શકે છે. વૈક્રિય શરીર ચર્મચક્ષુથી દશ્ય અને અદશ્ય બંને પ્રકારના હોય છે.

સર્વ સંસારી જીવોને તેની પ્રત્યેક અવસ્થામાં તૈજસ-કાર્મણ શરીર હોય છે. એક ભવનું આયુષ્ય પૂર્ણ થતાં જીવનું ઔદારિક કે વૈક્રિય રૂપ સ્થૂલ શરીર છૂટી જાય છે ત્યારે તૈજસ-કાર્મણ શરીર સહિત જીવ અન્ય ગતિમાં જાય છે અને ત્યાં તૈજસ-કાર્મણ શરીર સહિત જીવનો જન્મ થાય છે. ત્યાર પછી જીવ પોતાની ગતિ અનુસાર ઔદારિક કે વૈક્રિય શરીરનું નિર્માણ કરે છે. આ પ્રકારનું ચક્ર ચાલ્યા જ કરે છે, અંતે જ્યારે જીવ સિદ્ધ થાય, ત્યારે સૂક્ષ્મ અને સ્થૂલ સર્વ શરીરો છૂટી જાય છે.

**ઔદારિક શરીરના ભેદ–પ્રભેદ :–**

**३ ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं**

**जहा– एगिंदियओरालियसरीरे** *जाव* **पंचेंदियओरालियसरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– એકેન્દ્રિય ઔદારિક શરીર ***યાવત્*** પંચેંદ્રિય ઔદારિક શરીર.

**४ एगिंदियओरालियसरीरे णं भंते! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा– पुढविक्काइयएगिंदियओरालियसरीरे** *जाव* **वणस्सइकाइय एगिंदिय ओरालिय सरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના પાંચ પ્રકાર છે– પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર ***યાવત્*** વનસ્પતિકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર.

**५ पुढविक्काइयएगिंदियओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा! दुविहे पण्णत्ते, तं जहा– सुहुमपुढविक्काइयएगिंदियओरालियसरीरे य बादरपुढविक्काइय एगिंदियओरालियसरीरे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે, જેમ કે– સૂક્ષ્મપૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર અને બાદર પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર.

**६ सुहुमपुढविक्काइयएगिंदियओरालियसरीरे णं भंते! कइविहे पण्णत्ते ? गोयमा! दुविहे पण्णत्ते, तं जहा– पज्जत्तग-सुहुमपुढविक्काइय-एगिंदिय-ओरालिय-सरीरे य अपज्जत्तग-सुहुमपुढविक्काइय-एगिंदियओरालियसरीरे य । बादरपुढविकाइया वि एवं चेव । एवं** *जाव* **वणस्सइकाइय-एगिंदियओरालिय सरीरे त्ति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મપૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્તા સૂક્ષ્મપૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર. આ જ રીતે બાદર પૃથ્વીકાયિકના પણ બે ભેદ જાણવા જોઈએ.

આ જ રીતે અપ્કાયિકથી લઈને વનસ્પતિકાયિક સુધીના એકેન્દ્રિય ઔદારિક શરીર-સૂક્ષ્મ, બાદર અને અપર્યાપ્તા, પર્યાપ્તાના ભેદથી ચાર-ચાર પ્રકારના સમજવા જોઈએ.

**७ बेइंदियओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– पज्जत्तबेइंदियओरालियसरीरे य अपज्जत्तबेइंदियओरालियसरीरे य । एवं तेइंदिय-चउरिंदिया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય ઔદારિકશરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પર્યાપ્તા બેઇન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્તા બેઇન્દ્રિય ઔદારિક શરીર. આ જ રીતે તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયના પણ બે–બે પ્રકાર જાણવા જોઈએ.

**८ पंचेंदियओरालियसरीरे णं भंते! कइविहे पण्णत्ते ? गोयमा! दुविहे पण्णत्ते,**

**तं जहा– तिरिक्खपंचेंदियओरालियसरीरे य मणुस्सपंचेंदियओरालियसरीरे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેંદ્રિય ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર અને મનુષ્ય પંચેંદ્રિય ઔદારિક શરીર.

**૯ तिरिक्खजोणियपंचेंदियओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते?**

**गोयमा ! तिविहे पण्णत्ते, तं जहा– जलयरतिरिक्खजोणियपंचेंदिय-ओरालिय-सरीरे य, थलयरतिरिक्खजोणियपंचेंदियओरालियसरीरे य, खहयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ! તેના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) જળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિકશરીર, (૨) સ્થળચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને (૩) ખેચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર.

**૧૦ जलयरतिरिक्खजोणियपंचेंदियओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते?**

**गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– सम्मुच्छिमजलयरतिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य गब्भवक्कंतियजलयरतिरिक्खजोणियपंचेंदिय-ओरालियसरीरे य।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે– સંમૂર્ચ્છિમ જળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ જળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર.

**૧૧ संमुच्छिमजलयरतिरिक्खजोणियपंचेंदियओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ?**

**गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– पज्जत्तग-सम्मुच्छिम-जलयर-तिरिक्ख-जोणिय-पंचेंदिय-ओरालियसरीरे य अपज्जत्तग-सम्मुच्छिम-जलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य । एवं गब्भवक्कंतिए वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ જળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે– પર્યાપ્તા સંમૂર્ચ્છિમ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ જલચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર. આ જ રીતે ગર્ભજ જલચર તિર્યંચ પંચેન્દ્રિયના પણ બે પ્રકાર જાણવા જોઈએ.

**૧૨ थलयरतिरिक्खजोणियपंचेंदियओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– चउप्पयथलयरतिरिक्खजोणियपंचेंदिय-ओरालिय सरीरे य, परिसप्प-थलयरतिरिक्खजोणियपंचेंदियओरालियसरीरे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–**

હે ગૌતમ ! તેના બે પ્રકાર છે– ચતુષ્પદ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર અને પરિસર્પ સ્થળચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર.

**१३ चउप्पयथलयरतिरिक्खजोणियपंचेंदियओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– सम्मुच्छिम-चउप्पय-थलयर-तिरिक्ख-जोणिय-पंचेंदिय-ओरालिय-सरीरे य, गब्भवक्कंतिय-चउप्पयथलयर-तिरिक्ख-जोणिय-पंचेंदिय-ओरालिय-सरीरे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચતુષ્પદ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે– સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ ચતુષ્પદ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર.

**१४ सम्मुच्छिम-चउप्पय-थलयर-तिरिक्खजोणिय-पंचेंदियओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– पज्जत्तगसम्मुच्छिम-चउप्पय-थलयर-तिरिक्ख-जोणियपंचेंदियओरालियसरीरे य, अपज्जत्तगसम्मुच्छिम-चउप्पय-थलयर-तिरिक्खजोणिय-पंचेंदियओरालियसरीरे य । एवं गब्भवक्कंतिए वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે–પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર. આ જ રીતે ગર્ભજ ચતુષ્પદ સ્થળચર તિર્યંચ પંચેન્દ્રિયના બે પ્રકાર જાણવા જોઈએ.

**१५ परिसप्प-थलयर-तिरिक्ख-जोणिय-पंचेंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– उरपरिसप्प-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालिय-सरीरे य भुयपरिसप्प-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालिय-सरीरे य ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! પરિસર્પ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે– ઉરપરિસર્પ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર અને ભુજપરિસર્પ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર.

**१६ उरपरिसप्प-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– सम्मुच्छिम-उरपरिसप्पथलयर-तिरिक्ख-जोणिय-पंचेंदिय-ओरालियसरीरे य गब्भवक्कंतिय-उरपरिसप्पथलयर-तिरिक्ख-जोणिय-पंचेंदिय-ओरालियसरीरे य ।**

**सम्मुच्छिमे दुविहे पण्णत्ते, तं जहा– अपज्जत्तग-सम्मुच्छिम-उरपरिसप्प-थलयर-तिरिक्खजोणिय-पंचेंदियओरालियसरीरे य पज्जत्तग-सम्मुच्छिमउरपरिसप्प-थलयर-तिरिक्खजोणिय-पंचेंदियओरालियसरीरे य । एवं गब्भवक्कंतिए वि ।**

**एवं भुयपरिसप्पा वि सम्मुच्छिम-गब्भवक्कंतिय-पज्जत्त-अपज्जत्ता ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્! ઉરપરિસર્પ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે– સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ ઉર:પરિસર્પ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર.

સંમૂર્ચ્છિમના બે પ્રકાર છે– અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર અને પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર. આ જ રીતે ગર્ભજ ઉરપરિસર્પના પણ અપર્યાપ્તા અને પર્યાપ્તા રૂપ બે ભેદ થાય છે. આ જ રીતે ભુજપરિસર્પના પણ સંમૂર્ચ્છિમ-ગર્ભજ, પર્યાપ્તા અને અપર્યાપ્તા, આ ચાર ભેદ થાય છે.

**१७ खहयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते? गोयमा! दुविहे पण्णत्ते, तं जहा– सम्मुच्छिमा य गब्भवक्कंतिया य । सम्मुच्छिमा दुविहा पण्णत्ता, तं जहा– पज्जत्ता य अपज्जत्ता य । गब्भवक्कंतिया वि पज्जत्ता य अपज्जत्ता य ।**

**ભાવાર્થ :–** હે ભગવન્! ખેચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે? હે ગૌતમ! તેના બે પ્રકાર છે– સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. સંમૂર્ચ્છિમ ખેચર ઔદારિક શરીરના બે પ્રકાર છે–પર્યાપ્તા અને અપર્યાપ્તા. આ જ રીતે ગર્ભજ ખેચરના પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા આ બે પ્રકાર થાય છે.

**१८ मणूसपंचेंदियओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– सम्मुच्छिममणूसपंचेंदियओरालियसरीरे य गब्भवक्कंतिय-मणूस-पंचेंदिय-ओरालियसरीरे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! મનુષ્ય પંચેંદ્રિય ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે? **ઉત્તર–** હે ગૌતમ! તેના બે પ્રકાર છે– સંમૂર્ચ્છિમ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ મનુષ્ય પંચેંદ્રિય ઔદારિક શરીર.

**१९ गब्भवक्कंतिय-मणूसपंचेंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– पज्जत्तग-गब्भवक्कंतिय-मणूस-पंचेंदिय-ओरालियसरीरे य अपज्जत्तग-गब्भवक्कंतिय-मणूसपंचेंदिय-ओरालियसरीरे य।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! ગર્ભજ મનુષ્ય પંચેંદ્રિય ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે? **ઉત્તર–** હે ગૌતમ! તેના બે પ્રકાર છે– પર્યાપ્તા ગર્ભજ મનુષ્ય પંચેંદ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્તા ગર્ભજ મનુષ્ય પંચેંદ્રિય ઔદારિક શરીર.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઔદારિકશરીરના ભેદ-પ્રભેદોનું નિરૂપણ છે.

મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવોને ઔદારિક શરીર હોય છે, તેથી એકેન્દ્રિયથી પંચેંદ્રિય સુધીના

તિર્યંચ ગતિના જીવો અને મનુષ્યના જેટલા ભેદ-પ્રભેદ છે, તેટલા જ ઔદારિક શરીરના ભેદ-પ્રભેદ થાય છે.
**એકેન્દ્રિયના વીશ ભેદના વીશ ઔદારિક શરીર–** પાંચ એકેન્દ્રિય; પ્રત્યેકના સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા, આ ચાર-ચાર ભેદ છે, તેથી પાંચ એકેન્દ્રિયોના કુલ ૫×૪ = ૨૦ ભેદ થાય છે,આ **૨૦** ભેદના **૨૦** ઔદારિક શરીર છે. [અહીં ચાર ભેદની મુખ્યતાથી બાદર વનસ્પતિના પ્રત્યેક અને સાધારણ રૂપ ભેદોની વિવક્ષા કરી નથી. તેમ છતાં અહીં તેનો નિષેધ નહીં સમજવો, કારણ કે શાસ્ત્રમાં અન્યત્ર તે પ્રકારેના ભેદ પણ મળે છે.]

**ત્રણ વિકલેન્દ્રિયના છ ભેદના છ ઔદારિક શરીર :–** ત્રણ વિકલેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તાના ભેદથી **છ** ભેદના **છ** ઔદારિક શરીર થાય છે.

**તિર્યંચપંચેંદ્રિયના વીશ ભેદના વીશ ઔદારિક શરીર :–** તિર્યંચ પંચેંદ્રિયના મુખ્ય ત્રણ ભેદ છે– જળચર, સ્થળચર અને ખેચર. તેમાં સ્થળચરના બે ભેદ છે– ચતુષ્પદ અને પરિસર્પ. પરિસર્પના બે ભેદ છે– ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ. આ રીતે તિર્યંચ પંચેંદ્રિયના પાંચ ભેદ થાય છે– જળચર, ચતુષ્પદ સ્થળચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચર. આ પાંચેના ચાર-ચાર ભેદ છે– સંમૂર્ચ્છિમ, ગર્ભજ, અપર્યાપ્તા અને પર્યાપ્તા; તેથી તિર્યંચ પંચેન્દ્રિયના કુલ ૫×૪ = ૨૦ ભેદ થાય છે. **૨૦** ભેદના **૨૦** ઔદારિક શરીર છે.

**મનુષ્યના ત્રણ ભેદના ત્રણ ઔદારિક શરીર :–** સંમૂર્ચ્છિમ મનુષ્યો અપર્યાપ્તા જ હોય છે, તેથી તેનો એક ભેદ અને ગર્ભજ મનુષ્યના બે ભેદ છે અપર્યાપ્તા અને પર્યાપ્તા. આ રીતે મનુષ્યના કુલ ત્રણ ભેદના ત્રણ ઔદારિક શરીર થાય છે. આ રીતે સર્વમળીને એકેન્દ્રિયના–૨૦ + વિકલેંદ્રિયના–૬ + તિર્યંચ પંચેન્દ્રિયના–૨૦ + મનુષ્યના–૩ = ૪૯ ભેદ ઔદારિક શરીરના થાય છે.

**ઔદારિક શરીરના ૪૯ ભેદ**



**ઔદારિક શરીર–સંસ્થાન દ્વાર :–**

**૨૦ ओरालियसरीरे णं भंते ! किं संठिए पण्णत्ते ? गोयमा ! णाणासंठाणसंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઔદારિક શરીરનું સંસ્થાન કેવું હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઔદારિક શરીરના સંસ્થાન વિવિધ પ્રકારના હોય છે.

**૨૧ एगिंदियओरालियसरीरे णं भंते ! किं संठिए पण्णत्ते ? गोयमा ! णाणासंठाण- संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય ઔદારિક શરીરનું સંસ્થાન(આકાર)કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેનું સંસ્થાન વિવિધ પ્રકારનું છે.

**૨૨ पुढविक्काइयएगिंदियओरालियसरीरे णं भंते ! किं संठाणसंठिए पण्णत्ते?**

**गोयमा ! मसूरचंदसंठाणसंठिए पण्णत्ते ।एवं सुहुमपुढविक्काइयाण वि । बायराण वि एवं चेव । पज्जत्तापज्जत्ताण वि एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીરનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીરનું(હુંડ) સંસ્થાન મસૂરચંદ્ર(મસૂરની દાળ)જેવું છે.

આ જ રીતે સૂક્ષ્મ પૃથ્વીકાયિક ઔદારિક શરીરનું, બાદર-પૃથ્વીકાયિક ઔદારિક શરીરનું અને તેના પર્યાપ્તા, અપર્યાપ્તાનું સંસ્થાન પણ મસૂરની દાળ જેવું હોય છે.

**૨૩ आउक्काइयएगिंदियओरालियसरीरे णं भंते ! किं संठाणसंठिए पण्णत्ते ? गोयमा ! थिबुगबिंदुसंठाणसंठिए पण्णत्ते । एवं सुहुम-बायर-पज्जत्तापज्जत्ताण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપ્કાયિક એકેંદ્રિય ઔદારિક શરીરનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અપ્કાયિક એકેન્દ્રિય ઔદારિક શરીરનું(હુંડ) સંસ્થાન સ્તિબુકબિંદુ(પાણીના પરપોટા) જેવું છે. આ જ રીતે અપ્કાયિક જીવોના સૂક્ષ્મ-બાદર,પર્યાપ્તા અને અપર્યાપ્તા ઔદારિક શરીરનું સંસ્થાન છે.

**૨૪ तेउक्काइय-एगिंदियओरालियसरीरे णं भंते ! किं संठाणसंठिए पण्णत्ते ? गोयमा! सूईकलावसंठाणसंठिए पण्णत्ते ।एवं सुहुम-बादर-पज्जत्तापज्जत्ताण वि।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેજસ્કાયિક એકેંદ્રિય ઔદારિક શરીરનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેજસ્કાયિક એકેંદ્રિય ઔદારિક શરીરનું સંસ્થાન સૂચીકલાપ–સોયના ઢગલા(એક સાથે બાંધેલી સોયોના ભારા) જેવું છે. આ જ રીતે તેના સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત શરીરોનું સંસ્થાન પણ જાણવું જોઈએ.

**૨૫ वाउक्काइयाणं पडागासंठाणसंठिए पण्णत्ते । एवं सुहुम-बायर-पज्जत्ता- पज्जत्ताण वि ।**

**ભાવાર્થ :–** વાયુકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીરનું સંસ્થાન ધ્વજાપતાકા સમાન છે. આ જ રીતે તેના

સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત શરીરોનું સંસ્થાન પણ જાણવું જોઈએ.

**૨૬ वणस्सइकाइयाणं णाणासंठाणसंठिए पण्णत्ते । एवं सुहुम-बायर-पज्जत्ता-पज्जत्ताण वि ।**

**ભાવાર્થ :–** વનસ્પતિકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીરનું સંસ્થાન વિવિધ પ્રકારનું છે. આ જ રીતે તેના સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્તના શરીરોનું સંસ્થાન પણ જાણવું જોઈએ.

**૨૭ बेइंदियओरालियसरीरे णं भंते ! किं संठाणसंठिए पण्णत्ते ? गोयमा ! हुंड-संठाण-संठिए पण्णत्ते । एवं पज्जत्तापज्जत्ताण वि । एवं तेइंदिय-चउरिंदियाण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઈન્દ્રિય ઔદારિક શરીરનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બેઈન્દ્રિય ઔદારિક શરીરનું હુંડ સંસ્થાન હોય છે. આ જ રીતે તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત શરીરોનું પણ હુંડ સંસ્થાન છે. આ જ રીતે તેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિય ઔદારિક શરીરનું પણ હુંડ સંસ્થાન છે.

**૨૮ तिरिक्खजोणियपंचेंदियओरालियसरीरे णं भंते ! किं संठाणसंठिए पण्णत्ते? गोयमा ! छव्विहसंठाणसंठिए पण्णत्ते, तं जहा– समचउरंससंठाणसंठिए *जाव* हुंड-संठाणसंठिए वि । एवं पज्जत्तापज्जत्ताण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીરનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સમચતુરસ્ર સંસ્થાનથી લઈને હુંડ સંસ્થાન સુધી છ પ્રકારના સંસ્થાન હોય છે. આ જ રીતે તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત શરીર સંસ્થાનના વિષયમાં પણ જાણવું જોઈએ.

**૨૯ सम्मुच्छिम-तिरिक्खजोणिय-पंचेंदियओरालियसरीरे णं भंते ! किं संठाण-संठिए पण्णत्ते ? गोयमा ! हुंडसंठाणसंठिए पण्णत्ते । एवं पज्जत्तापज्जत्ताण वि ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીરનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! હુંડ સંસ્થાન છે. આ જ રીતે તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત શરીરનું પણ હુંડ સંસ્થાન જાણવું જોઈએ.

**૩૦ गब्भवक्कतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे णं भंते ! किं संठाणसंठिए पण्णत्ते ? गोयमा ! छव्विहसंठाणसंठिए पण्णत्ते, तं जहा– समचउरंसे *जाव* हुंडसंठाण-संठिए । एवं पज्जत्तापज्जत्ताण वि । एवमेते तिरिक्खजोणियाणं ओहियाणं णव आलावगा।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીરનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સમચતુરસ્ર સંસ્થાન ***યાવત્*** હુંડ સંસ્થાન, આ છએ પ્રકારના સંસ્થાન હોય છે. આ જ રીતે તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત શરીરના પણ છએ સંસ્થાન જાણવા જોઈએ.

આ જ રીતે સમુચ્ચય તિર્યંચયોનિક શરીરના પૂર્વોક્ત પ્રકારે નવ આલાપક થાય છે, જેમ કે– (૧) સમુચ્ચય તિર્યંચ પંચેન્દ્રિય, (૨–૩) તેના પર્યાપ્ત-અપર્યાપ્ત; (૪) સમુચ્ચય સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય

તથા (૫–૬) તેના પર્યાપ્ત-અપર્યાપ્ત અને (૭) સમુચ્ચય ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય તથા (૮–૯) તેના પર્યાપ્ત-અપર્યાપ્ત. આ રીતે નવ આલાપક થાય છે.

**३१ जलयर-तिरिक्खजोणिय-पंचेंदियओरालियसरीरे णं भंते ! किं संठाणसंठिए पण्णत्ते? गोयमा ! छव्विहसंठाणसंठिए पण्णत्ते, तं जहा– समचउरंसे *जाव* हुंडे। एवं पज्जत्तापज्जत्ताण वि । सम्मुच्छिमजलयरा हुंडसंठाणसंठिया । एएसिं चेव पज्जत्ता-पज्जत्तगा वि एवं चेव । गब्भवक्कंतियजलयरा छव्विहसंठाण संठिया। एवं पज्जत्ता-अपज्जत्तगा वि ।**

**एवं थलयराण वि णव सुत्ताणि । एवं चउप्पयथलयराण वि उरपरिसप्प-थलयराण वि भुयपरिसप्पथलयराण वि । एवं खहयराण वि णव सुत्ताणि, णवरं– सव्वत्थ सम्मुच्छिमा हुंडसंठाणसंठिया भाणियव्वा, इयरे छसु वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જળચર તિર્યંચપંચેંદ્રિય ઔદારિક શરીરનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શરીરના છએ પ્રકારના સંસ્થાન હોય છે, યથા– સમચતુરસ્ર ***યાવત્*** હુંડ સંસ્થાન. આ જ રીતે તેના પર્યાપ્ત-અપર્યાપ્ત ઔદારિક શરીરના પણ છ પ્રકારના સંસ્થાન છે.

સંમૂર્ચ્છિમ જળચર ઔદારિક શરીરનું હુંડ સંસ્થાન છે. તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત શરીરનું પણ હુંડ સંસ્થાન છે. ગર્ભજ જળચર ઔદારિક શરીરના છ પ્રકારના સંસ્થાન છે. આ જ રીતે તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત શરીરોના પણ છ સંસ્થાન છે. આ જ રીતે સ્થળચરોના પણ નવ સૂત્ર છે. આ જ રીતે ચતુષ્પદ સ્થળચર, ઉરપરિસર્પ સ્થળચર અને ભુજપરિસર્પ સ્થળચર ઔદારિક શરીર સંસ્થાનોના નવ-નવ સૂત્ર છે.

આ જ રીતે ખેચરોના પણ નવસૂત્રો જાણવા જોઈએ. વિશેષતા માત્ર એ છે કે **પાંચે પ્રકારના સંમૂર્ચ્છિમ તિર્યંચોના ઔદારિક શરીરોનું હુંડ સંસ્થાન હોય છે અને પાંચે પ્રકારના ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીરના છ સંસ્થાન હોય છે.**

**३२ मणूसपंचेंदियओरालियसरीरे णं भंते ! किं संठाणसंठिए पण्णत्ते ?**

**गोयमा ! छव्विहसंठाणसंठिए पण्णत्ते, तं जहा– समचउरंसे *जाव* हुंडे । पज्जत्ता-पज्जत्ताण वि एवं चेव । गब्भवक्कंतियाणं वि एवं चेव । पज्जत्ता-अपज्जत्तगाण वि एवं चेव । सम्मुच्छिमाणं पुच्छा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્ય પંચેંદ્રિય ઔદારિક શરીરનું સંસ્થાન કેવું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મનુષ્ય પંચેંદ્રિય ઔદારિક શરીરના છ પ્રકારના સંસ્થાન છે, જેમ કે– સમચતુરસ્ર ***યાવત્*** હુંડ સંસ્થાન. તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત શરીરના પણ છ સંસ્થાન જાણવા જોઈએ. ગર્ભજ મનુષ્ય ઔદારિક શરીર તથા તેના પર્યાપ્ત અને અપર્યાપ્તના પણ છ સંસ્થાન સમજવા. સંમૂર્ચ્છિમ મનુષ્યોનું ઔદારિક શરીર હુંડ સંસ્થાનથી સંસ્થિત હોય છે. સંમૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્તા જ હોય છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય મનુષ્ય સુધીના વિવિધ ઔદારિક શરીરોના સંસ્થાનોની પ્રરૂપણા કરવામાં આવી છે.




**સંસ્થાન : પ્રકાર અને સ્વરૂપ :–** શરીરની આકૃતિ કે રચના વિશેષને સંસ્થાન કહે છે. તેના છ પ્રકાર છે– **(૧) સમચતુરસ્ર –** સમ = સમાન, ચતુઃ = ચારેય, અસ્ર = કોણ(ખૂણા), અર્થાત્ પલાંઠીવાળીને બેસતાં શરીરના ચારે કોણ સમાનલાગે, આસન અને કપાળનું અંતર, બંને ગોઠણનું અંતર, ડાબો ખભો અને જમણા ગોઠણનું અંતર, જમણો ખભો અને ડાબા ગોઠણનું અંતર સમાન હોય તેને સમચતુરસ્ર સંસ્થાન કહે છે, તેમજ જેની શરીર રચના શાસ્ત્રમાં કથિત પ્રમાણાનુસાર પ્રમાણોપેત–સપ્રમાણ હોય તેને સમચતુરસ્ર સંસ્થાન કહે છે. **(૨) ન્યગ્રોધ પરિમંડળ –** ન્યગ્રોધ = વટવૃક્ષ. જેમ વટવૃક્ષનો ઉપરનો ભાગ સુંદર વિસ્તીર્ણ હોય છે અને નીચેનો ભાગ હીન હોય છે, તેમ જે શરીરમાં નાભિથી ઉપરનો ભાગ સપ્રમાણ હોય અને નાભિથી નીચેનો ભાગ લક્ષણહીન હોય, તેને ન્યગ્રોધપરિમંડળ સંસ્થાન કહે છે. **(૩) સાદિ સંસ્થાન –** સાદિ શબ્દગત 'આદિ' શબ્દ નાભિથી નીચેના ભાગનો વાચક છે. નાભિથી નીચેનો ભાગ પ્રમાણોપેત હોય અને નાભિથી ઉપરનો ભાગ હીન હોય, તે સાદિ સંસ્થાન કહે છે. કોઈ આચાર્ય **સાચી સંસ્થાન** કહે છે. સાચી એટલે શાલ્મલી(સેમટ) વૃક્ષ. શાલ્મલી વૃક્ષનું થડ અતિપુષ્ટ હોય છે અને તેનો ઉપરનો ભાગ વિશાળ કે પુષ્ટ હોતો નથી, તે જ રીતે જે શરીરનો અધોભાગ પરિપુષ્ટ (પરિપૂર્ણ) હોય અને ઉપરનો ભાગ હીન હોય, તે સાચી સંસ્થાન છે. **(૪) વામન સંસ્થાન–** જે શરીરના છાતી, પેટ આદિ અવયવ પ્રમાણોપેત હોય, પરંતુ હાથ-પગ આદિ અવયવ હીન હોય, તે વામન સંસ્થાન છે. **(૫) કુબ્જ સંસ્થાન–** જે શરીરના મસ્તક, ગર્દન, હાથ-પગ આદિ અવયવ પ્રમાણોપેત હોય પરંતુ વક્ષસ્થળ (છાતી) પેટ આદિ બેડોળ હોય, ખુંધ વગેરે નીકળવાના કારણે કુબડો હોય, તે કુબ્જ સંસ્થાન છે. **(૬) હુંડ સંસ્થાન–** જે શરીરના સર્વ અંગોપાંગ બેડોળ હોય,

પ્રમાણોપેત ન હોય, લક્ષણ રહિત હોય, તેને હુંડ સંસ્થાન કહે છે.

**પાંચ સ્થાવર જીવોના સંસ્થાન :–** સ્થાવર જીવોને હુંડ સંસ્થાન નામકર્મના ઉદયે હુંડ સંસ્થાન હોય છે, તેમ છતાં પૃથ્વી આદિ ચાર સ્થાવર જીવોના શરીરના ચોક્કસ આકાર સૂત્રમાં દર્શાવ્યા છે. પૃથ્વીકાયિક જીવોના શરીરનો આકાર મસુરચંદ્ર અર્થાત્ મસૂરની દાળ જેવો હોય છે.

**સ્તિબુકબિંદુ :–** (૧) જે પાણીનું ટીપું જામી ગયું હોય, બરફ રૂપે ઘનીભૂત થઈગયું હોય, તેને સ્તિબુકબિંદુ કહે છે. અપ્કાયિક જીવોના શરીરનો આકાર સ્તિબુક બિંદુસમાન છે. (૨) પાણીના પરપોટા જેવા આકારને સ્તિબુકબિંદુ આકાર કહે છે.

તેઉકાયિક જીવોનું સંસ્થાન સોઈના ભારા સમાન અને વાયુકાયિક જીવોનું ધ્વજાપતાકા સમાન છે. આ ચારે ય આકારનો સમાવેશ હુંડ સંસ્થાનમાં જ થાય છે. વનસ્પતિના શરીરનો આકાર વિવિધપ્રકારનો છે. તે પણ હુંડ સંસ્થાન જ હોય છે.

પાંચે સ્થાવર જીવોના સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્તનું સંસ્થાન એક સમાન જ હોય છે.

**पज्जत्तापज्जत्ताण वि एवं चेव...** શ્રી જીવાભિગમ સૂત્ર, શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર આદિમાં એકેન્દ્રિયોના અપર્યાપ્તામાં સંસ્થાનનું કથન કર્યું નથી, કારણ કે અપર્યાપ્તા જીવોના શરીર, વર્ણાદિથીઅસંપ્રાપ્ત હોવાથી ઈન્દ્રિય ગ્રાહ્ય નથી અર્થાત્ અપર્યાપ્તાવસ્થામાં શરીરનો આકાર સ્પષ્ટ ન હોવાથી ઉપરોક્ત સૂત્રોમાં તેના સંસ્થાનનું કથન કર્યું નથી.

પ્રસ્તુત સૂત્રમાં સંસ્થાન નામકર્મના ઉદયની અપેક્ષાએ પર્યાપ્ત અને અપર્યાપ્ત બંનેમાં સંસ્થાનનું કથન છે. જે જીવોને છ પ્રકારના સંસ્થાનમાંથી જે સંસ્થાન નામકર્મનો ઉદય પર્યાપ્ત કે અપર્યાપ્ત અવસ્થામાં હોય, તે સંસ્થાન તેની અપર્યાપ્ત અને પર્યાપ્ત અવસ્થામાં હોય છે.

**એકેન્દ્રિય, ત્રણ વિકલેન્દ્રિય**ના પર્યાપ્ત અને અપર્યાપ્તમાં એક હુંડ સંસ્થાન હોય છે. **સમુચ્ચય તિર્યંચ પંચેન્દ્રિય અને સમુચ્ચય મનુષ્ય** તથા તેના પર્યાપ્તા અને અપર્યાપ્તામાં છએ પ્રકારના સંસ્થાન હોય છે. તેના સંમૂર્ચ્છિમમાં હુંડ સંસ્થાન અને ગર્ભજમાં છ સંસ્થાન હોય છે.

**તિર્યંચ પંચેન્દ્રિયના ૫૪ આલાપક :–** સમુચ્ચય તિર્યંચ પંચેંદ્રિય; તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા, એ ત્રણ આલાપક; સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેંદ્રિય, તેના પર્યાપ્તા-અપર્યાપ્તા, એ ત્રણ આલાપક અને ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય, તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા એ ત્રણ આલાપક, આ રીતે કુલ નવ આલાપક થાય છે.

તે જ રીતે જલચર, સ્થલચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચર આ પાંચ પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિયના નવ-નવ આલાપક હોવાથી ૯×૫=૪૫ આલાપક તિર્યંચ પંચેન્દ્રિયના થાય છે. આ રીતે ૪૫ + ૯ = કુલ ૫૪ આલાપક થાય છે.

**મનુષ્યોના સાત આલાપક :–** સમુચ્ચય મનુષ્ય, તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા, એ ત્રણ આલાપક, તે જ રીતે ગર્ભજ મનુષ્યોના ત્રણ આલાપક અને સંમૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્તા જ હોવાથી તેનો એક આલાપક, આ રીતે ૩+૩+૧=૭ આલાપક થાય છે.

**ઔદારિક શરીરોના સંસ્થાન :–**

| ક્રમ | ઔદારિક શરીરના પ્રકાર | સંસ્થાન |
|---|---|---|
| ૧ | સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્ત પૃથ્વીકાયિક ઔદારિક શરીર | મસૂરની દાળ સમાન(હુંડ સંસ્થાન) |
| ૨ | સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્ત અપ્કાયિક ઔદારિક શરીર | પાણીના પરપોટા સમાન(હુંડ સંસ્થાન) |
| ૩ | સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્ત તેજસ્કાયિક ઔદારિક શરીર | સોયના ઢગલા સમાન(હુંડ સંસ્થાન) |
| ૪ | સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્ત વાયુકાયિક ઔદારિક શરીર | પતાકાના આકાર સમાન(હુંડ સંસ્થાન) |
| ૫ | સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્ત વનસ્પતિકાયિક ઔદારિક શરીર | વિવિધ આકાર(હુંડ સંસ્થાન) |
| ૬ | પર્યાપ્ત-અપર્યાપ્ત ત્રણ વિકલેન્દ્રિય ઔદારિક શરીર | હુંડ સંસ્થાન |
| ૭ | સમુચ્ચય તિર્યંચ પંચેંદ્રિય ઔદારિક શરીર | છ સંસ્થાન |
| ૮ | પર્યાપ્ત-અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર | હુંડ સંસ્થાન |
| ૯ | પર્યાપ્ત-અપર્યાપ્ત ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર | છ સંસ્થાન |
| ૧૦ | પર્યાપ્ત-અપર્યાપ્ત સમુચ્ચય તથા ગર્ભજ મનુષ્ય ઔદારિક શરીર | છ સંસ્થાન |
| ૧૧ | અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ મનુષ્ય ઔદારિક શરીર | હુંડ સંસ્થાન |
| ૧૨ | પર્યાપ્ત-અપર્યાપ્ત યુગલિક મનુષ્ય, યુગલિક તિર્યંચ ઔદારિક શરીર | સમચતુરસ્ર સંસ્થાન |

**ઔદારિક શરીરનું પ્રમાણ–અવગાહના દ્વાર :–**

**૩૩ ओरालियसरीरस्स णं भंते ! केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं साइरेगं जोयणसहस्सं । एगिंदिय ओरालियस्स वि एवं चेव जहा ओहियस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઔદારિક શરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સાધિક એક હજાર (૧૦૦૦) યોજન છે. એકેન્દ્રિયના ઔદારિક શરીરની અવગાહના પણ સમુચ્ચય ઔદારિક શરીરની જેમ સાધિક એક હજાર યોજનની છે.

**૩૪ पुढविक्काइय-एगिंदिय-ओरालिय-सरीरस्स णं भंते ! केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंगुलस्स असंखेज्जइभागं । एवं अपज्जत्तयाण वि पज्जत्तयाण वि । एवं सुहुमाण वि पज्जत्तापज्जत्ताणं । बादराणं पज्जत्तापज्जत्ताण वि एव । एसो णवओ भेदो । जहा पुढविक्काइयाणं तहा आउक्काइयाण वि तेउक्काइया वि वाउक्काइयाण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગની છે, આ જ રીતે તેના અપર્યાપ્તા અને પર્યાપ્તાની અવગાહના પણ અંગુલના અસંખ્યાતમા ભાગની છે, આ જ રીતે સમુચ્ચય સૂક્ષ્મ પૃથ્વીકાયિકો

અને તેના પર્યાપ્તા-અપર્યાપ્તા ઔદારિક શરીરોની અવગાહના પણ અંગુલના અસંખ્યાતમા ભાગની છે.

સમુચ્ચય બાદર પૃથ્વીકાયિકો અને તેના પર્યાપ્તા-અપર્યાપ્તાની પણ આ જ પ્રમાણે જાણવી. આ રીતે પૃથ્વીકાયના નવ આલાપક થયા. જેવી રીતે પૃથ્વીકાયિકોના નવ આલાપક થયા તેવી જ રીતે અપ્કાયિકોના, તેજસ્કાયિકોના અને વાયુકાયિકોના પણ નવ-નવ આલાપક કહેવા જોઈએ.

**૩૫ वणस्सइकाइय-ओरालिय-सरीरस्स णं भंते ! केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं साइरेगं जोयणसहस्स । अपज्जत्तगाणं जहण्णेणं वि उक्कोसेणं वि अंगुलस्स असंखेज्जइभागं । पज्जत्तगाणं जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं साइरेगं जोयणसहस्सं ।**

**बायराणं जहण्णेण अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं साइरेगं जोयणसहस्सं। पज्जत्ताण वि एवं चेव । अपज्जत्ताणं जहण्णेण वि उक्कोसेण वि अंगुलस्स असंखेज्जइभागं। सुहुमाणं पज्जत्तापज्जत्ताण य तिण्ह वि जहण्णेण वि उक्कोसेण वि अंगुलस्स असंखेज्जइभागं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વનસ્પતિકાયિક ઔદારિક શરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ(કમળનાલની અપેક્ષાએ) સાધિક એક હજાર યોજનની છે. વનસ્પતિકાયિક અપર્યાપ્તા ઔદારિક શરીરની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની છે.પર્યાપ્તા વનસ્પતિકાયિક ઔદારિક શરીરની અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ સાધિક હજાર યોજનની છે.

સમુચ્ચય બાદર વનસ્પતિકાયિક ઔદારિક શરીરની અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ સાધિક હજાર યોજનની છે. તેના પર્યાપ્તાની અવગાહના પણ આ જ પ્રમાણે જાણવી જોઈએ. તેના અપર્યાપ્તાની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની જાણવી જોઈએ. સમુચ્ચય સૂક્ષ્મ અને તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા, આ ત્રણેયની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની છે.

**૩૬ बेइंदियओरालियसरीरस्स णं भंते ! केमहालिया सरीरोगाहणा पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं बारस जोयणाइं। एवं सव्वत्थ वि अपज्जत्तयाणं अंगुलस्स असंखेज्जइभागं जहण्णेणं वि उक्कोसेण वि । पज्जत्तयाणं जहेव ओहियस्स। एवं तेइंदियाणं तिण्णि गाउयाइं। चउरिंदियाणं चत्तारि गाउयाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય ઔદારિક શરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ બાર યોજનની છે.

અપર્યાપ્તા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય ઔદારિક શરીરની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગની જાણવી જોઈએ. પર્યાપ્તા બેઇન્દ્રિય ઔદારિક શરીરની અવગાહના સમુચ્ચય બેઇન્દ્રિયની જેમ જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ બાર યોજનની છે.

આ રીતે સમુચ્ચય તેઇન્દ્રિય અને પર્યાપ્તા તેઇન્દ્રિય ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના ત્રણ ગાઉની તથા ચૌરેન્દ્રિયોની ચાર ગાઉની છે.

**૩૭ पंचिंदियतिरिक्खजोणियाणं उक्कोसेणं जोयणसहस्सं, एवं सम्मुच्छिमाणं, गब्भ-वक्कंतियाण वि । एवं चेव णवओ भेदो भाणियव्वो । एवं जलयराण वि जोयणसहस्सं, णवओ भेओ ।**

**ભાવાર્થ :–** સમુચ્ચય પંચેન્દ્રિય તિર્યંચોની ઉત્કૃષ્ટ અવગાહના એક હજાર યોજનની છે. સમુચ્ચય તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર તથા તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા, આ ત્રણ આલાપક થાય છે. તે જ રીતે સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય શરીરના ત્રણ અને ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય શરીરના ત્રણ, આ પ્રમાણે પંચેંદ્રિય તિર્યંચોની અવગાહનાના નવ આલાપક થાય છે. તેમાં દરેકના અપર્યાપ્તાની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની છે અને સમુચ્ચય તથા પર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિયની ઉત્કૃષ્ટ અવગાહના એક હજાર(૧૦૦૦) યોજનની છે.

આ જ રીતે સમુચ્ચય અને સંમૂર્ચ્છિમ તથા ગર્ભજ પર્યાપ્તા જળચર ઔદારિકશરીરની અવગાહના ઉત્કૃષ્ટ એકહજાર યોજનની છે. જઘન્ય અવગાહના તથા અપર્યાપ્તાની જઘન્ય-ઉત્કૃષ્ટ અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની છે. આ રીતે જળચરના પણ નવ આલાપક થાય છે.

**૩૮ थलयराण वि णवओ भेदो उक्कोसेणं छग्गाउयाइं, पज्जत्ताणं वि एवं चेव । सम्मुच्छिमाणं पज्जत्ताण य उक्कोसेणं गाउयपुहुत्तं । गब्भवक्कंतियाणं उक्कोसेणं छग्गाउयाइं पज्जत्ताण य ।**

**ओहियचउप्पयपज्जत्तय-गब्भवक्कंतियपज्जत्तयाण य उक्कोसेणं छग्गाउयाइं। सम्मुच्छिमाणं पज्जत्ताण य गाउयपुहुत्तं उक्कोसेणं ।**

**एवं उरपरिसप्पाण वि ओहिय-गब्भवक्कंतियपज्जत्तयाणं जोयणसहस्सं। सम्मुच्छिमाणं जोयणपुहुत्तं । भुयपरिसप्पाणं ओहियगब्भवक्कंतियाण य उक्कोसेणं गाउयपुहुत्तं । सम्मुच्छिमाणं धणुपुहुत्तं ।**

**ભાવાર્થ :–** સ્થળચર પંચેંદ્રિય તિર્યંચ ઔદારિક શરીરની અવગાહના સંબંધી નવ આલાપક પૂર્વવત્ થાય

છે. તેમાં સમુચ્ચય અને તેના પર્યાપ્તા સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના છ ગાઉની છે. સમુચ્ચય સંમૂર્ચ્છિમ અને તેના પર્યાપ્તા સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના અનેક ગાઉની હોય છે. સમુચ્ચય ગર્ભજ તથા તેના પર્યાપ્તા સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિયની ઉત્કૃષ્ટ અવગાહના છ ગાઉની છે.(તેના અપર્યાપ્તાની જઘન્ય અને ઉત્કૃષ્ટ શરીરાવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે.)

સમુચ્ચય ચતુષ્પદ, તેના પર્યાપ્તા, ગર્ભજ ચતુષ્પદ તથા તેના પર્યાપ્તા ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના છ ગાઉની છે.(તેના અપર્યાપ્તાની પૂર્વવત્ અંગુલના અસંખ્યાતમા ભાગની છે.) સંમૂર્ચ્છિમ અને તેના પર્યાપ્તાની ઉત્કૃષ્ટ અવગાહના અનેક ગાઉની છે.

આ જ રીતે સમુચ્ચય ઉરપરિસર્પ, તેના પર્યાપ્તા, ગર્ભજ ઉરપરિસર્પ તથા તેના પર્યાપ્તા ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના એક હજાર યોજનની છે. સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ અને તેના પર્યાપ્તા ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના અનેક યોજનની છે.

ભુજપરિસર્પના સમુચ્ચય, ગર્ભજ તથા તે બંનેના પર્યાપ્તા ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના અનેક ગાઉની છે અને સમુચ્ચય સંમૂર્ચ્છિમ તથા તેના પર્યાપ્તાની ઉત્કૃષ્ટ અવગાહના અનેક ધનુષની છે.

**૩૯** **खहयराणं ओहिय-गब्भवक्कंतियाणं सम्मुच्छिमाण य तिण्ह वि उक्कोसेणं धणुपुहुत्तं । इमाओ संगहणिगाहाओ ।**

**जोयणसहस्स छग्गाउयाइं, तत्तो य जोयणसहस्सं ।**
**गाउयपुहुत्त भुयए, धणुपुहत्तं च पक्खीसु ॥१॥**

**जोयणसहस्स गाउयपुहत्त, तत्तो य जोयणपुहुत्तं ।**
**दोण्हं तु धणुपुहुत्तं, सम्मुच्छिमे होइ उच्चत्तं ॥२॥**

**ભાવાર્થ :–** સમુચ્ચય ખેચર તથા તેના ગર્ભજ અને સંમૂર્ચ્છિમ, આ ત્રણેયની ઉત્કૃષ્ટ અવગાહના અનેક ધનુષની છે.

**ગાથાર્થ–** ગર્ભજ જળચરની ઉત્કૃષ્ટ અવગાહના એકહજાર યોજનની, ચતુષ્પદ સ્થળચરની છ ગાઉ, ઉરપરિસર્પની એક હજાર યોજનની, ભુજપરિસર્પની અનેક ગાઉની અને ખેચરની (પક્ષીઓની) અનેક ધનુષની છે.

સંમૂર્ચ્છિમ સ્થળચરની એકહજાર યોજનની, ચતુષ્પદ સ્થળચરની અનેક ગાઉની, ઉરપરિસર્પની અનેક યોજનની, ભુજપરિસર્પ અને ખેચરની અનેક ધનુષની ઉત્કૃષ્ટ અવગાહના જાણવી જોઈએ.

**૪૦** **मणुस्सोरालियसरीरस्स णं भंते ! केमहालिया सरीरोगाहणा पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं तिण्णि गाउयाइं। अपज्जत्ताणं जहण्णेण वि उक्कोसेण वि अंगुलस्स असंखेज्जइभागं ।**

**सम्मुच्छिमाणं जहण्णेणं वि उक्कोसेण वि अंगुलस्स असंखेज्जइभागं । गब्भ–वक्कंतियाणं पज्जत्ताण य जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं तिण्णि गाउयाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યોના ઔદારિકશરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉની છે.

અપર્યાપ્તા મનુષ્યોની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની છે. સંમૂર્ચ્છિમ મનુષ્યોની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની છે. ગર્ભજ મનુષ્યોની તથા તેના પર્યાપ્તાની અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં એકેન્દ્રિયથી પંચેંદ્રિય સુધીના ઔદારિક શરીરોની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાની પ્રરૂપણા છે, તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

કોઈપણ જીવની જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહના તેની ઉત્પત્તિના પ્રથમ સમયે હોય ત્યાર પછી તેમાં ક્રમશઃ વૃદ્ધિ થાય છે.

**સમુચ્ચય ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના–** સાધિક એક હજાર યોજનની છે, મધ્યલોકના બધા સમુદ્રો ૧૦૦૦ યોજન ઊંડા છે. તેમાં લવણ સમુદ્રના ગોતીર્થ આદિમાં રહેલા પદ્મનાલ(કમળની નાલ-દાંડી)ની ૧૦૦૦ યોજનનીઅવગાહના હોય છે. અન્ય સમુદ્રોમાં આટલી અવગાહનાવાળું ઔદારિક શરીર સંભવિત નથી. સમુદ્રો સિવાય અન્ય દ્રહ, વાવ આદિમાં યથાયોગ્ય અવગાહના થઈ શકે છે.

**નવ-નવ આલાપક :–** પૃથ્વીકાયિકથી વનસ્પતિકાયિક પર્યંતના પાંચે સ્થાવરમાં પ્રત્યેકના નવ-નવ સૂત્રો છે. (૧) સમુચ્ચય, (૨) સમુચ્ચય અપર્યાપ્તા, (૩) સમુચ્ચય પર્યાપ્તા , (૪) સમુચ્ચય સૂક્ષ્મ, (૫) સૂક્ષ્મ અપર્યાપ્તા, (૬) સૂક્ષ્મ પર્યાપ્તા અને (૭) સમુચ્ચય બાદર, (૮) બાદર અપર્યાપ્તા, (૯) બાદર પર્યાપ્તા. આ જ રીતે વિકલેંદ્રિયના પ્રત્યેકના નવ-નવ આલાપક છે.

આ જ રીતે જળચર, સ્થળચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચર, આ પાંચે પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિયના પ્રત્યેકના નવ-નવ આલાપક થાય છે.

**મનુષ્યોના ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના :–** ત્રણ ગાઉની છે. તે દેવકુરુ ઉત્તરકુરુ ક્ષેત્રના મનુષ્યોની અપેક્ષાએ સમજવી જોઈએ.

અહીં સૂત્રમાં કર્મભૂમિ કે અકર્મભૂમિના ભેદની વિવક્ષા વિના ગર્ભજ મનુષ્યોની અવગાહનાનું કથન છે. શ્રી જીવાભિગમ સૂત્રમાં ૧૫ કર્મભૂમિના, ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતરદ્વીપના મનુષ્યોની અવગાહનાનું પૃથક્ પૃથક્ કથન છે. કર્મભૂમિના ક્ષેત્રોમાં ભરત-ઐરવત ક્ષેત્રોમાં છ આરાના પરિવર્તન પ્રમાણે અવગાહનામાં પરિવર્તન થાય છે. કોષ્ટકમાં તેનું કથન કર્યું છે.

## ઔદારિક શરીરની અવગાહના :–

| ક્રમ | શરીર પ્રકાર | જઘન્ય અવગાહના | ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|---|---|
| ૧ | સમુચ્ચય ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | સાધિક ૧૦૦૦ યોજન |
| ૨ | એકેન્દ્રિય ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | સાધિક ૧૦૦૦ યોજન |
| ૩ | પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અંગુલનો અસંખ્યાતમો ભાગ |
| ૪ | સમુચ્ચય વનસ્પતિ ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | સાધિક ૧૦૦૦ યોજન |
| ૫ | સૂક્ષ્મ વનસ્પતિ ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અંગુલનો અસંખ્યાતમો ભાગ |
| ૬ | બાદર પ્રત્યેક વનસ્પતિ ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | સાધિક ૧૦૦૦ યોજન |
| ૭ | બેઇન્દ્રિય ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૧૨ યોજન |
| ૮ | તેઇન્દ્રિય ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૩ ગાઉ |
| ૯ | ચૌરેન્દ્રિય ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૪ ગાઉ |
| ૧૦ | તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૧૦૦૦ યોજન |
| ૧૧ | સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૧૦૦૦ યોજન |
| ૧૨ | ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૧૦૦૦ યોજન |
| ૧૩ | સંમૂર્ચ્છિમ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔ. શ. | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૧૦૦૦ યોજન |
| ૧૪ | ગર્ભજ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔ. શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૧૦૦૦ યોજન |
| ૧૫ | સંમૂ૦ સ્થલચર(ચતુષ્પદ) ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અનેક ગાઉ |
| ૧૬ | ગર્ભજ સ્થલચર(ચતુષ્પદ) ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૬ ગાઉ |
| ૧૭ | સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અનેક યોજન |
| ૧૮ | ગર્ભજ ઉરપરિસર્પ ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૧૦૦૦ યોજન |
| ૧૯ | સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અનેક ધનુષ |
| ૨૦ | ગર્ભજ ભુજપરિસર્પ ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અનેક ગાઉ |
| ૨૧ | સંમૂર્ચ્છિમ ખેચર ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અનેક ધનુષ |
| ૨૨ | ગર્ભજ ખેચર ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અનેક ધનુષ |
| ૨૩ | સમુચ્ચય મનુષ્ય ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૩ ગાઉ |
| ૨૪ | સંમૂર્ચ્છિમ મનુષ્ય ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અંગુલનો અસંખ્યાતમો ભાગ |
| ૨૫ | ગર્ભજ મનુષ્ય ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૩ ગાઉ |
| ૨૬ | કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૫૦૦ ધનુષ |
| ૨૭ | હેમવય–હેરણ્યવય મનુષ્ય ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૧ ગાઉ |
| ૨૮ | હરિવર્ષ–રમ્યક્ વર્ષ મનુષ્ય ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૨ ગાઉ |
| ૨૯ | દેવકુરુ–ઉત્તરકુરુ મનુષ્ય ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૩ ગાઉ |
| ૩૦ | ૫૬ અંતરદ્વીપ મનુષ્ય ઔદારિક શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૮૦૦ ધનુષ |

**ભરત–ઐરવત ક્ષેત્રના મનુષ્યોની ઔદારિક શરીરની અવગાહના :–**

| અવસર્પિણીકાલના આરા | પ્રારંભમાં | અંતમાં |
|---|---|---|
| પ્રથમ આરામાં | ૩ ગાઉ | ૨ ગાઉ |
| બીજા આરામાં | ૨ ગાઉ | ૧ ગાઉ |
| ત્રીજા આરામાં | ૧ ગાઉ | ૫૦૦ ધનુષ |
| ચોથા આરામાં | ૫૦૦ ધનુષ | ૭ હાથ |
| પાંચમા આરામાં | ૭ હાથ | ૧ હાથ |
| છટ્ઠા આરામાં | ૧ હાથ | મૂઢા(દેશોન) હાથ |

★ અપર્યાપ્ત ઔદારિક શરીરની અવગાહના જઘન્ય-ઉત્કૃષ્ટ અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. ★ દરેક જીવોના પર્યાપ્ત ઔદારિક શરીરની અવગાહના તેની સમુચ્ચય અવગાહનાની સમાન છે.

**વૈક્રિયશરીરના ભેદ–પ્રભેદ :–**

**૪૧ वेउव्वियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– एगिंदियवेउव्वियसरीरे य पंचेंदिय वेउव्विसरीरे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈક્રિય શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે– એકેન્દ્રિય વૈક્રિય શરીર અને પંચેન્દ્રિય વૈક્રિય શરીર.

**૪૨ जइ णं भंते ! एगिंदियवेउव्वियसरीरे, से किं वाउक्काइयएगिंदियवेउव्वियसरीरे अवाउक्काइयएगिंदियवेउव्वियसरीरे ? गोयमा ! वाउक्काइयएगिंदियवेउव्वियसरीरे, णो अवाउक्काइयएगिंदिय-वेउव्वियसरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો એકેન્દ્રિય વૈક્રિયશરીર છે, તો શું વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે કે અવાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર છે, અવાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર નથી.

**૪૩ जइ णं भंते ! वाउक्काइयएगिंदियवेउव्वियसरीरे, से किं सुहुमवाउक्काइय एगिंदिय-वेउव्वियसरीरे बादरवाउक्काइयएगिंदियवेउव्वियसरीरे ? गोयमा ! णो सुहुम-वाउक्काइयएगिंदियवेउव्वियसरीरे, बादरवाउक्काइय-एगिंदिय वेउव्विय-सरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર છે, તો શું સૂક્ષ્મ વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે કે બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સૂક્ષ્મ વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર નથી, પરંતુ બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર છે.

**૪૪ जइ णं भंते ! बादरवाउक्काइयएगिंदियवेउव्वियसरीरे, से किं पज्जत्तबादरवाउक्काइय-एगिंदियवेउव्वियसरीरे, अपज्जत्तबायरवाउक्काइय एगिंदियवेउव्वियसरीरे ?**

**गोयमा ! पज्जत्त-बादरवाउक्काइय-एगिंदिय-वेउव्वियसरीरे णो अपज्जत्त-बादर-वाउक्काइयएगिंदियवेउव्वियसरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો બાદરવાયુકાયિકએકેન્દ્રિય વૈક્રિયશરીર છે, તો શું પર્યાપ્તા બાદર-વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે કે અપર્યાપ્તા બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્ત બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર હોય છે. અપર્યાપ્ત બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર હોતું નથી.

**૪૫** **जइ णं भंते ! पंचेंदियवेउव्वियसरीरे, से किं णेरइयपंचेंदियवेउव्वियसरीरे** *जाव* **किं देवपंचेंदियवेउव्वियसरीरे ? गोयमा ! णेरइयपंचेंदियवेउव्वियसरीरे वि** *जाव* **देवपंचेंदिय-वेउव्वियसरीरे वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો પંચેંદ્રિય વૈક્રિયશરીર હોય, તો શું નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે કે ***યાવત્*** દેવ પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિયશરીર પણ છે ***યાવત્*** દેવ પંચેન્દ્રિય વૈક્રિયશરીર પણ છે.

**૪૬** **जइ णं भंते ! णेरइयपंचेदियवेउव्वियसरीरे, से किं रयणप्पभापुढविणेरइय-पंचेंदिय-वेउव्वियसरीरे** *जाव* **किं अहेसत्तमापुढविणेरइयपंचेंदियवेउव्विय-सरीरे?**

**गोयमा ! रयणप्पभापुढविणेरइयपंचेंदियवेउव्वियसरीरे वि** *जाव* **अहेसत्तमा-पुढविणेरइय पंचेंदियवेउव्वियसरीरे वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે, તો શું રત્નપ્રભાપૃથ્વી નૈરયિક પંચેંદ્રિય વૈક્રિયશરીર છે ***યાવત્*** અધઃસપ્તમ પૃથ્વી નૈરયિક પંચેંદ્રિય વૈક્રિયશરીર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! રત્નપ્રભાપૃથ્વી નૈરયિક પંચેંદ્રિય વૈક્રિયશરીર પણ છે ***યાવત્*** અધઃસપ્તમપૃથ્વી નૈરયિક પંચેંદ્રિય વૈક્રિય શરીર પણ છે.

**૪૭** **जइ णं भंते ! रयणप्पभापुढविणेरइयपंचेंदियवेउव्विसरीरे, से किं पज्जत्तग-रयणप्पभा-पुढविणेरइयपंचेंदियवेउव्वियसरीरे अपज्जत्तगरयणप्पभापुढविणेरइय-पंचेंदिय-वेउव्वियसरीरे ? एवं** *जाव* **अहेसत्तमाए दुहओ भेओ भाणियव्वो ।**

**ભાવાર્થ:– પ્રશ્ન–** હે ભગવન્ ! જો રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પંચેંદ્રિય વૈક્રિય શરીર છે, તો શું રત્નપ્રભાપૃથ્વી પર્યાપ્તા નૈરયિક પંચેંદ્રિય વૈક્રિયશરીર છે કે રત્નપ્રભાપૃથ્વી અપર્યાપ્તા નૈરયિક પંચેંદ્રિય વૈક્રિયશરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! રત્નપ્રભાપૃથ્વી પર્યાપ્તા નૈરયિક પંચેંદ્રિય વૈક્રિયશરીર પણ છે અને રત્નપ્રભા પૃથ્વી અપર્યાપ્તા નૈરયિક પંચેંદ્રિય વૈક્રિયશરીર પણ છે. આ જ રીતે શર્કરાપ્રભા પૃથ્વી નૈરયિક પંચેંદ્રિયોથી લઈ અધઃસપ્તમ પૃથ્વી નૈરયિક પંચેન્દ્રિયના પર્યાપ્તા અને અપર્યાપ્તા, બંને પ્રકારના વૈક્રિયશરીર છે.

**૪૮** **जइ णं भंते ! तिरिक्खजोणियपंचेंदियवेउव्वियसरीरे, से किं सम्मुच्छिम-तिरिक्ख-जोणियपंचेंदियवेउव्वियसरीरे, गब्भवक्कंतियतिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे ?**

गोयमा ! णो सम्मुच्छिमतिरिक्खजोणियपंचेंदियवेउव्वियसरीरे, गब्भ-वक्कंतिय-तिरिक्ख-जोणियपंचेंदियवेउव्वियसरीरे ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે, તો શું સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે કે ગર્ભજ-તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિય શરીર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર નથી, ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિય શરીર છે.

**૪૯** जइ णं भंते ! गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदियवेउव्वियसरीरे, से किं संखेज्ज-वासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदियवेउव्वियसरीरे, असंखेज्ज-वासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदियवेउव्वियसरीरे ?

गोयमा ! संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्विय-सरीरे, णो असंखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय वेउव्वियसरीरे ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે, તો શું સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે કે અસંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે, અસંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર નથી.

**૫૦** जइ णं भंते ! संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्विय-सरीरे किं पज्जत्तग संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदियवेउव्विय-सरीरे अपज्जत्तग-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय वेउव्विय सरीरे ?

गोयमा ! पज्जत्तग-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे,णो अपज्जत्तग-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्ख-जोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે, તો શું પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે કે અપર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે, અપર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર નથી.

**૫૧** जइ णं भंते ! संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्विय-सरीरे, से किं जलयर-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदियवेउव्विय-सरीरे, थलयर संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदियवेउव्विसरीरे, खहयर-संखेज्ज-वासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-

पंचेंदियवेउव्वियसरीरे ?

गोयमा ! जलयर-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्विय-सरीरे वि, थलयर-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे वि, खहयर-संखेज्जवासाउय-गब्भ-वक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे वि ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે, તો શું જળચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે, સ્થળચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે કે ખેચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જળચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે, સ્થળચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિય શરીર છે, ખેચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિય શરીર છે.

**૫૨** जइ णं भंते ! जलयर-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे, से किं पज्जत्तग-जलयर- संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदियवेउव्वियसरीरे, अपज्जत्तग-जलयर-संखेज्जवासाउय-गब्भ-वक्कंतिय-तिरिक्ख-जोणिय-पंचेंदियवेउव्वियसरीरे ?

गोयमा ! पज्जत्तग-जलयर-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्ख-जोणिय-पंचेंदियवेउव्वियसरीरे णो अपज्जत्तग-जलयर-संखेज्जवासाउय-गब्भ-वक्कंतिय-तिरिक्ख जोणिय-पंचेंदियवेउव्वियसरीरे ।

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! જો જળચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે, તો શું પર્યાપ્તા જળચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે કે અપર્યાપ્તા જળચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તા જળચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિય શરીર છે, અપર્યાપ્તા જળચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિય શરીર નથી.

**૫૩** जइ णं भंते ! थलयर-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे, से किं चउप्पय *जाव* सरीरे, परिसप्प *जाव* सरीरे ?

गोयमा ! चउप्पय *जाव* सरीरे वि, परिसप्प *जाव* सरीरे वि । एवं सव्वेसिं णेयं *जाव* खहयराणं पज्जत्ताणं, णो अपज्जत्ताणं ।

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! જો સ્થળચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિય શરીર છે, તો શું પર્યાપ્તા ચતુષ્પદ સ્થળચર વૈક્રિયશરીર છે કે પરિસર્પ(ઉરપરિસર્પ-ભુજપરિસર્પ) વૈક્રિય શરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચતુષ્પદ વૈક્રિયશરીર પણ છે અને પરિસર્પ(ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ)

વૈક્રિયશરીર પણ છે. આ જ રીતે સર્વ પ્રકારના સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર જાણવા ***યાવત્*** પર્યાપ્તા ખેચર વૈક્રિયશરીર છે, અપર્યાપ્તા ખેચર વૈક્રિય શરીર નથી.

**૫૪ जइ णं भंते ! मणूसपंचेंदिय-वेउव्वियसरीरे, से किं सम्मुच्छिम-मणूसपंचेंदिय-वेउव्विय-सरीरे गब्भवक्कंतिय-मणूसपंचेंदिय-वेउव्वियसरीरे ? गोयमा ! णो सम्मुच्छिम-मणूसपंचेंदिय-वेउव्वियसरीरे, गब्भवक्कंतिय-मणूसपंचेंदिय-वेउव्वियसरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે, તો શું સંમૂર્ચ્છિમ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે કે ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંમૂર્ચ્છિમ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર નથી, ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે.

**૫૫ जइ णं भंते ! गब्भवक्कंतिय-मणूसपंचेंदिय-वेउव्वियसरीरे, से किं कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसपंचेंदिय-वेउव्वियसरीरे, अकम्मभूमग-गब्भवक्कंतिय-मणूस-पंचेंदिय-वेउव्विय-सरीरे, अंतरदीवय-गब्भवक्कंतिय-मणूसपंचेंदिय- वेउव्वियसरीरे?**

**गोयमा ! कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसपंचेंदिय-वेउव्वियसरीरे, णो अकम्म-भूमग-गब्भवक्कंतिय-मणूसपंचेंदिय-वेउव्वियसरीरे णो अंतरदीवय-गब्भ-वक्कंतिय-मणूस-पंचेंदिय-वेउव्वियसरीरे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે, તો શું કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે, અકર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે કે અંતરદ્વીપજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે, અકર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર નથી અને અંતરદ્વીપજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર નથી.

**૫૬ जइ णं भंते ! कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसपंचेंदिय-वेउव्वियसरीरे, से किं संखेज्ज-वासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसपंचेंदिय-वेउव्वियसरीरे असंखेज्ज-वासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसपंचेंदिय-वेउव्वियसरीरे ?**

**गोयमा ! संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसपंचेंदिय-वेउव्वियसरीरे, णो असंखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसपंचेंदिय-वेउव्वियसरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે, તો શું સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે કે અસંખ્યેય વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંખ્યેય વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે, અસંખ્યેય

વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર નથી.

**૫૭** **जइ णं भंते ! संखेज्जवासाउय- कम्ममूमग-गब्भवक्कंतिय-मणूसपंचेंदिय-वेउव्विय-सरीरे से किं पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूस-पंचेंदिय-वेउव्विय-सरीरे अपज्जत्तगसंखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूस-पंचेंदियवेउव्विय सरीरे ?**

**गोयमा ! पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूस-पंचेंदिय-वेउव्वियसरीरे, णो अपज्जत्तगसंखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय मणूसपंचेंदिय-वेउव्वियसरीरे ।**

**ભાવાર્થ:– પ્રશ્ન–** હે ભગવન્ ! જો સંખ્યેય વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે, તો શું પર્યાપ્તા સંખ્યેય વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે કે અપર્યાપ્તા સંખ્યેય વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તા સંખ્યેય વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર છે અપર્યાપ્તા સંખ્યેય વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિયશરીર નથી.

**૫૮** **जइ णं भंते ! देवपंचेंदिय-वेउव्वियसरीरे, से किं भवणवासि-देवपंचेंदिय-वेउव्विय-सरीरे *जाव* वेमाणिय-देवपंचेंदिय-वेउव्वियसरीरे ? गोयमा ! भवणवासि-देवपंचेंदिय-वेउव्वियसरीरे वि *जाव* वेमाणिय-देवपंचेंदिय-वेउव्वियसरीरे वि ।**

**ભાવાર્થ:– પ્રશ્ન–** હે ભગવન્ ! જો દેવ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે, તો શું ભવનવાસી દેવ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે ***યાવત્*** વૈમાનિકદેવ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભવનવાસી દેવ પંચેંદ્રિય વૈક્રિયશરીર ***યાવત્*** વૈમાનિક દેવ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે.

**૫૯** **जइ णं भंते ! भवणवासि-देवपंचेंदिय-वेउव्वियसरीरे, से किं असुरकुमार-भवणवासि-देवपंचेंदिय-वेउव्वियसरीरे *जाव* थणियकुमार-भवणवासि-देवपंचेंदिय-वेउव्वियसरीरे ? गोयमा ! असुरकुमार *जाव* थणियकुमार-भवणवासि-देवपंचेंदिय-वेउव्वियसरीरे वि ।**

**ભાવાર્થ:– પ્રશ્ન–** હે ભગવન્ ! જો ભવનવાસી દેવ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે, તો શું અસુરકુમાર ભવનવાસી દેવ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે ***યાવત્*** સ્તનિતકુમાર ભવનવાસી દેવ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમારભવનવાસી દેવ પંચેંદ્રિય વૈક્રિયશરીર પણ છે ***યાવત્*** સ્તનિતકુમાર ભવનવાસી દેવ પંચેંદ્રિય વૈક્રિયશરીર પણ છે.

**૬૦** **जइ णं भंते ! असुरकुमार-भवणवासि-देवपंचेंदिय-वेउव्वियसरीरे, से किं पज्जत्तग-असुरकुमार-भवणवासि-देवपंचेंदिय-वेउव्वियसरीरे अपज्जत्तग-असुरकुमार-भवणवासि- देवपंचेंदिय-वेउव्वियसरीरे ?**

**गोयमा ! पज्जत्तग-असुरकुमार-भवणवासि-देवपंचेंदिय-वेउव्वियसरीरे वि अपज्जत्तग-असुरकुमार-भवणवासि-देवपंचेंदिय-वेउव्वियसरीरे वि । एवं** *जाव* **थणिय-कुमारे वि णं दुगओ भेओ । एवं वाणमंतराणं अट्ठविहाणं, जोइसियाणं पंचविहाणं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો અસુરકુમાર ભવનવાસી દેવ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે, તો શું પર્યાપ્તા અસુરકુમાર ભવનવાસી દેવ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે કે અપર્યાપ્તા અસુરકુમાર ભવનવાસી દેવ પંચેંદ્રિય વૈક્રિયશરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તા અસુરકુમાર ભવનવાસી દેવ પંચેંદ્રિય વૈક્રિયશરીર પણ છે, અપર્યાપ્તા અસુરકુમાર ભવનવાસી દેવ પંચેંદ્રિય વૈક્રિયશરીર પણ છે. આ જ રીતે સ્તનિતકુમાર સુધીના પર્યાપ્તા-અપર્યાપ્તા બંને પ્રકારના દેવ વૈક્રિયશરીર છે.

આ જ રીતે આઠ પ્રકારના વાણવ્યંતરદેવો તથા પાંચ પ્રકારના જ્યોતિષ્કદેવોના પર્યાપ્તા અને અપર્યાપ્તા બંને પ્રકારના દેવ વૈક્રિયશરીર છે.

**६१ वेमाणिया दुविहा– कप्पोवगा कप्पातीता य । कप्पोवगा बारसविहा, तेसिं पि एवं चेव दुगओ भेओ । कप्पातीता दुविहा– गेवेज्जगा य अणुत्तरा य । गेवेज्जगा णवविहा, अणुत्तरोववाइया पंचविहा, एएसिं पज्जत्तपज्जत्ताभिलावेणं दुगओ भेओ।**

**ભાવાર્થ :–** વૈમાનિક દેવોના બે પ્રકાર છે– કલ્પોપપન્ન અને કલ્પાતીત, કલ્પોપપન્નના બાર પ્રકાર છે. તેના પણ પર્યાપ્તા-અપર્યાપ્તા બે-બે ભેદ છે. તે બધાને વૈક્રિયશરીર હોય છે. કલ્પાતીત વૈમાનિક દેવોના પણ બે પ્રકાર છે– ગ્રૈવેયકવાસી અને અનુત્તરોપપાતિક. ગ્રૈવેયક દેવોના નવ પ્રકાર અને અનુત્તરોપપાતિક દેવોના પાંચ પ્રકાર છે. આ બધાના પર્યાપ્તા-અપર્યાપ્તાના અભિલાપથી બે-બે ભેદ વૈક્રિયશરીરના થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વૈક્રિયશરીરના ભેદ-પ્રભેદોનું નિરૂપણ છે.

એકેન્દ્રિય વૈક્રિય શરીરમાં વાયુકાય વૈક્રિયશરીર અને ચારે ગતિમાં પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય છે. વાયુકાયમાં પણ પર્યાપ્ત બાદર વાયુકાયિક જીવોને વૈક્રિય લબ્ધિ હોય છે. વાયુકાયના ચાર ભેદમાંથી સૂક્ષ્મના પર્યાપ્ત-અપર્યાપ્ત અને બાદરના અપર્યાપ્તને વૈક્રિય લબ્ધિ નથી. બાદર પર્યાપ્ત વાયુકાયિક જીવોના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જીવોને જ વૈક્રિય લબ્ધિ હોય છે.

મનુષ્ય અને તિર્યંચગતિના જીવોને લબ્ધિજન્ય વૈક્રિય શરીર હોય છે. કોઈ પણ લબ્ધિપ્રયોગ અપર્યાપ્તા અવસ્થામાં થતો નથી, તેથી અપર્યાપ્ત મનુષ્ય અને તિર્યંચને વૈક્રિય શરીર નથી. **તિર્યંચ પંચેન્દ્રિયમાં** સંખ્યાત વર્ષના આયુષ્યવાળા પર્યાપ્ત ગર્ભજ જળચર,સ્થળચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચર જીવોને વૈક્રિય શરીર હોય છે. યુગલિક કે સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયને વૈક્રિય લબ્ધિ નથી. **મનુષ્યોમાં** સંખ્યાત વર્ષાયુષ્ક પર્યાપ્તા ગર્ભજ મનુષ્યને વૈક્રિય શરીર છે.યુગલિક કે સંમૂર્ચ્છિમ મનુષ્યોને વૈક્રિયલબ્ધિ નથી. **નારકી અને દેવોમાં** સર્વ નારકી અને દેવોને ભવ પ્રત્યયયિક વૈક્રિય શરીર છે. તે જીવોને જન્મથી જ વૈક્રિય શરીર હોવાથી પર્યાપ્ત અને અપર્યાપ્ત બંને પ્રકારના વૈક્રિય શરીર હોય છે.




**વૈક્રિયશરીરનું સંસ્થાન :–**

**૬૨ वेउव्वियसरीरे णं भंते ! किं संठिए पण्णत्ते ? गोयमा ! णाणासंठाणसंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈક્રિયશરીરનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના વિવિધ પ્રકારના સંસ્થાન હોય છે.

**૬૩ वाउक्काइय-एगिंदिय-वेउव्विय-सरीरे णं भंते ! किं संठिए पण्णत्ते ? गोयमा ! पडागा-संठाणसंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીરનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ! તે પતાકાના આકારનું છે.

**૬૪ णेरइयपंचेंदिय-वेउव्वियसरीरे णं भंते ! किं संठाणसंठिए पण्णत्ते ?**

**गोयमा ! णेरइयपंचेंदिय-वेउव्वियसरीरे दुविहे पण्णत्ते, तं जहा– भवधारणिज्जे य उत्तरवेउव्विए य । तत्थ णं जे से भवधारणिज्जे से हुंडसंठाणसंठिए पण्णत्ते। तत्थ णं जे से उत्तरवेउव्विए से वि हुंडसंठाणसंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક પંચેંદ્રિય વૈક્રિયશરીરનું સંસ્થાન કેવું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક પંચેંદ્રિય વૈક્રિયશરીરના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– ભવધારણીય

વૈક્રિયશરીર અને ઉત્તરવૈક્રિયશરીર. તેમાંથી ભવધારણીય વૈક્રિયશરીરનું હુંડ સંસ્થાન છે અને ઉત્તરવૈક્રિય શરીરનું પણ હુંડ સંસ્થાન છે.

**૬૫ रयणप्पभापुढवि-णेरइयपंचेंदिय-वेउव्वियसरीरे णं भंते ! किंसंठाणसंठिए पण्णत्ते ? गोयमा ! रयणप्पभापुढवि-णेरइयाणं दुविहे सरीरे पण्णत्ते, तं जहा– भवधारणिज्जे य उत्तरवेउव्विए य । तत्थ णं जे से भवधारणिज्जे से वि हुंडे, जे वि उत्तरवेउव्विए से वि हुंडे । एवं** *जाव* **अहेसत्तमापुढवि-णेरइय-वेउव्वियसरीरे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રત્નપ્રભાપૃથ્વીના નૈરયિક પંચેંદ્રિય વૈક્રિયશરીરનું સંસ્થાન કેવું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! રત્નપ્રભાપૃથ્વીના નૈરયિક પંચેદ્રિય વૈક્રિય શરીરના બે પ્રકાર છે– ભવધારણીય વૈક્રિય શરીર અને ઉત્તરવૈક્રિય શરીર. તેમાંથી ભવધારણીય વૈક્રિયશરીરનું હુંડ સંસ્થાન છે અને ઉત્તરવૈક્રિય શરીરનું પણ હુંડ સંસ્થાન જ છે. આ જ રીતે શર્કરાપ્રભા પૃથ્વી ***યાવત્*** અધઃસપ્તમ પૃથ્વીના નારકીઓના ભવધારણીય અને ઉત્તર વૈક્રિય શરીરના સંસ્થાનનું કથન કરવું.

**૬૬ तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे णं भंते ! किं संठाणसंठिए पण्णत्ते? गोयमा! णाणासंठाणसंठिए पण्णत्ते ।**

**एवं जलयर-थलयर-खहयराण वि । थलयराणं– चउप्पय-परिसप्पाण वि। परिसप्पाणं– उरपरिसप्प-भुयपरिसप्पाण वि । एवं मणूसपंचेंदिय-वेउव्वियसरीरे वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિય શરીરનું સંસ્થાન કેવું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેના વિવિધ પ્રકારના સંસ્થાન–આકાર હોય છે. આ જ રીતે જળચર, સ્થળચર અને ખેચર તિર્યંચ વૈક્રિય શરીરના સંસ્થાન પણ અનેક પ્રકારના છે. સ્થળચરોમાં ચતુષ્પદ અને પરિસર્પ વૈક્રિય શરીરના તથા પરિસર્પમાં ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ વૈક્રિય શરીરના સંસ્થાન પણ વિવિધ પ્રકારના જાણવા જોઈએ. આ જ રીતે મનુષ્ય પંચેંદ્રિય વૈક્રિય શરીર પણ વિવિધ સંસ્થાન-આકારવાળા છે.

**૬૭ असुरकुमार-भवणवासि-देवपंचेंदिय-वेउव्वियसरीरे णं भंते ! किं संठाण-संठिए पण्णत्ते ? गोयमा ! असुरकुमाराणं देवाणं दुविहे सरीरे पण्णत्ते, तं जहा– भवधारणिज्जे य उत्तरवेउव्विए य । तत्थ णं जे से भवधारणिज्जे से णं समचउरंस-संठाणसंठिए पण्णत्ते । तत्थ णं जे से उत्तरवेउव्विए से णं णाणासंठाण-संठिए पण्णत्ते ।**

**एवं** *जाव* **थणियकुमार-देवपंचेंदिय-वेउव्वियसरीरे । एवं वाणमंतराण वि, णवरं– ओहिया वाणमंतरा पुच्छिज्जंति। एवं जोइसियाण वि ओहियाणं । एवं सोहम्म** *जाव* **अच्चुयदेवसरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર(ભવનપતિદેવ)પંચેંદ્રિય વૈક્રિયશરીરનું સંસ્થાન કેવું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમાર દેવ વૈક્રિય શરીરના બે પ્રકાર છે– ભવધારણીય વૈક્રિય શરીર અને

ઉત્તરવૈક્રિય શરીર. તેમાંથી ભવધારણીય વૈક્રિય શરીરનું સમચતુરસ્રસંસ્થાન છે અને ઉત્તરવૈક્રિય શરીરના અનેક પ્રકારના સંસ્થાન છે. આ જ રીતે અસુરકુમાર દેવોની જેમ નાગકુમારથી લઈને સ્તનિતકુમાર સુધીના દેવ વૈક્રિયશરીરોનું સંસ્થાન પણ જાણવું જોઈએ.

આ જ રીતે વાણવ્યંતર દેવ વૈક્રિયશરીરનું સંસ્થાન પણ અસુરકુમારાદિની જેમ ભવધારણીય અને ઉત્તરવૈક્રિયની અપેક્ષાએ ક્રમશઃ સમચતુરસ્ર તથા વિવિધ સંસ્થાન કહેવા જોઈએ. વિશેષતા એ છે કે અહીં વ્યંતર દેવોના ભેદ-પ્રભેદના વિષયમાં પ્રશ્ન ન કરતાં સમુચ્ચય વાણવ્યંતર દેવોના વૈક્રિય શરીરના સંસ્થાનના સંબંધમાં જાણવું જોઈએ. આ જ રીતે સમુચ્ચય જ્યોતિષ્ક દેવોનું કથન પણ ભેદ-પ્રભેદ વિના કરવું.

આ જ રીતે સૌધર્મકલ્પથી અચ્યુતકલ્પ સુધીના દેવ વૈક્રિયશરીરના સંબંધમાં કથન કરવું જોઈએ.

**૬૮ गेवेज्जग-कप्पातीय-वेमाणिय-देवपंचेंदिय-वेउव्वियसरीरे णं भंते ! किं संठाणसंठिए पण्णत्ते ? गोयमा ! गेवेज्जगदेवाणं एगे भवधारणिज्जे सरीरए, से णं समचउरंस-संठाणसंठिए पण्णत्ते । एवं अणुत्तरोववाइयाण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગ્રૈવેયક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેંદ્રિય વૈક્રિયશરીરનું સંસ્થાન કેવું છે? **ઉત્તર–** હે ગૌતમ ! ગ્રૈવેયક દેવોને એકમાત્ર ભવધારણીય વૈક્રિય શરીર જ હોય છે અને તેનું સમચતુરસ્ર સંસ્થાન હોય છે. આ જ રીતે પાંચ અનુત્તરોપપાતિક વૈમાનિક દેવોને પણ ભવધારણીય વૈક્રિયશરીર જ હોય છે અને તે સમચતુરસ્રસંસ્થાનવાળું હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમસ્ત પ્રકારના વૈક્રિય શરીરના સંસ્થાનોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**મનુષ્ય-તિર્યંચ વૈક્રિય શરીર સંસ્થાન :–** પર્યાપ્ત બાદર વાયુકાયિક, પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્યોને લબ્ધિ જન્ય વૈક્રિયશરીર હોય છે, વાયુકાયિકના વૈક્રિય શરીરનો આકાર ધ્વજાપતાકા જેવો છે, સંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય અને ગર્ભજ મનુષ્યને વૈક્રિય શરીર વિવિધ આકારનું હોય છે. તે જીવોનું વૈક્રિય શરીર લબ્ધિજન્ય હોવાથી સ્વેચ્છાનુસાર અનેક રૂપ બનાવી શકે છે.

નારકી અને બાર દેવલોક સુધીના દેવોમાં બે પ્રકારના વૈક્રિય શરીર છે– (૧) ભવધારણીય વૈક્રિય શરીર અને (૨) ઉત્તર વૈક્રિય શરીર. તેઓને જન્મથી મૃત્યુ પર્યંત જે શરીર હોય, તેને ભવધારણીય શરીર કહે છે અને પ્રયોજનવશ વૈક્રિય સમુદ્ઘાતપૂર્વક નારકી અને દેવો જે શરીરની રચના કરે, તેને ઉત્તરવૈક્રિય શરીર કહે છે.

**નારકીઓનું વૈક્રિય શરીર સંસ્થાન :–** નારકીઓના ભવધારણીય તથા ઉત્તરવૈક્રિય શરીરનું હુંડ સંસ્થાન હોય છે. તે હુંડ સંસ્થાન રૂંવાટી વિનાના પક્ષી જેવા બીભત્સ આકારવાળા હોય છે.

**દેવોનું વૈક્રિય શરીર સંસ્થાન :–** દશ પ્રકારના ભવનપતિ, વાણવ્યંતર દેવો, જ્યોતિષ્કદેવો, કલ્પોપપન્ન બાર દેવલોકના વૈમાનિકદેવોનું ભવધારણીય શરીર સમચતુરસ્ર સંસ્થાન સંપન્ન હોય છે અને તે દેવો ઈચ્છાનુસાર વિવિધ રૂપોની વિક્રિયા કરી શકે છે તેથી તેમનું ઉત્તરવૈક્રિય શરીર વિવિધ સંસ્થાનયુક્ત હોય છે. તેનો કોઈ નિયત આકાર નથી.

કલ્પાતીત દેવોમાં નવ ગ્રૈવેયકના દેવો તથા પાંચ અનુત્તરવિમાનવાસી દેવો ઉત્તરવૈક્રિય શરીર બનાવતા નથી, કારણ કે તે દેવોમાં પરિચારણા કે ગમનાગમન આદિ હોતા નથી, તેથી તે દેવોમાં એકમાત્ર ભવધારણીય વૈક્રિય શરીર હોય છે અને તેનું સમચતુરસ્ર સંસ્થાન હોય છે.

**વૈક્રિય શરીરના સંસ્થાન :–**

| જીવ શરીર | સંસ્થાન |
|---|---|
| વાયુકાય એકેન્દ્રિય વૈક્રિય શરીર | ધ્વજા પતાકાનો આકાર(હુંડ સંસ્થાન) |
| સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને સંજ્ઞી મનુષ્ય વૈક્રિય શરીર | વિવિધ આકાર |
| નૈરયિક ભવધારણીય વૈક્રિય શરીર | હુંડ સંસ્થાન |
| નૈરયિક ઉત્તર વૈક્રિય શરીર | હુંડ સંસ્થાન |
| સર્વ દેવોનું ભવધારણીય વૈક્રિય શરીર | સમચતુરસ્ર સંસ્થાન |
| ૧૨ દેવલોક સુધીના સર્વ દેવોનું ઉત્તર વૈક્રિય શરીર | ઈચ્છાનુસાર વિવિધ આકાર |
| નવ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના દેવોનું ભવધારણીય વૈક્રિય શરીર | સમચતુરસ્ર સંસ્થાન |
| નવ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના દેવોનું ઉત્તર વૈક્રિય શરીર | ઉત્તર વૈક્રિય કરતા નથી |

**વૈક્રિયશરીરની અવગાહના :–**

**૬૯ वेउव्वियसरीरस्स णं भंते ! केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं साइरेगं जोयणसयसहस्सं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈક્રિયશરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સાધિક એક લાખ યોજન છે.

**૭૦ वाउक्काइय-एगिंदिय-वेउव्वियसरीरस्स णं भंते ! केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! जहण्णेण अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेण वि अंगुलस्स असंखेज्जइभागं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગ છે.

**૭૧ णेरइयपंचेंदियवेउव्वियसरीरस्स णं भंते ! केमहालिया सरीरोगाहणा पण्णत्ता? गोयमा ! दुविहा पण्णत्ता । तं जहा- भवधारणिज्जा य उत्तरवेउव्विया य ।**

**तत्थ णं जा सा भवधारणिज्जा सा जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं पंचधणुसयाइं । तत्थ णं जा सा उत्तरवेउव्विया सा जहण्णेणं अंगुलस्स संखेज्जइभागं, उक्कोसेणं धणुसहस्सं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક પંચેંદ્રિય વૈક્રિય શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીરની અવગાહનાના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– ભવધારણીય અવગાહના અને ઉત્તરવૈક્રિય અવગાહના. તેમાંથી ભવધારણીય અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ છે તથા ઉત્તરવૈક્રિય અવગાહના જઘન્ય અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ એક હજાર ધનુષ છે.

**૭૨ रयणप्पभापुढविणेरइयाणं भंते ! केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा! दुविहा पण्णत्ता । तं जहा- भवधारणिज्जा य उत्तरवेउव्विया य।**

**तत्थ णं जा सा भवधारणिज्जा सा जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं सत्त धणूइं तिण्णि रयणीओ छच्च अंगुलाइं । तत्थ णं जा सा उत्तरवेउव्विया सा जहण्णेणं अंगुलस्स संखेज्जइभागं, उक्कोसेणं पण्णरस धणूइं अड्ढाइज्जाओ रयणीओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રત્નપ્રભાપૃથ્વીના નૈરયિકોની શરીરાવગાહના કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની અવગાહનાના બે પ્રકાર છે, જેમકે– ભવધારણીય અવગાહના અને ઉત્તરવૈક્રિય અવગાહના. ભવધારણીય શરીરાવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સાત ધનુષ, ત્રણ હાથ અને છ અંગુલ છે, ઉત્તરવૈક્રિય શરીરની અવગાહના જઘન્ય અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ પંદર ધનુષ બે હાથ અને ૧૨ અંગુલ છે.

**૭૩ सक्करप्पभाए पुच्छा ? गोयमा !** *जाव* **तत्थ णं जा सा भवधारणिज्जा सा जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं पण्णरस धणूइं अड्ढाइज्जाओ रयणीओ। तत्थ णं जा सा उत्तरवेउव्विया सा जहण्णेणं अंगुलस्स संखेज्जइभागं, उक्कोसेणं एक्कतीसं धणूइं एक्का य रयणी ।**

**वालुयप्पभाए भवधारणिज्जा एक्कतीसं धणूइं एक्का य रयणी, उत्तरवेउव्विया बावट्ठिं धणूइं दोण्णि य रयणीओ । पंकप्पभाए भवधारणिज्जा बावट्ठिं धणूइं दोण्णि य रयणीओ, उत्तरवेउव्विया पणुवीसं धणुसयं । धूमप्पभाए भवधारणिज्जा पणुवीसं धणुसयं, उत्तरवेउव्विया अड्ढाइज्जाइं धणुसयाइं । तमाए भवधारणिज्जा अड्ढाइज्जाइं धणुसयाइं, उत्तरवेउव्विया पंच धणुसयाइं ।**

**अहेसत्तमाए भवधारणिज्जा पंच धणुसयाइं, उत्तरवेउव्विया धणुसहस्सं । एवं उक्कोसेणं । जहण्णेणं भवधारणिज्जा अंगुलस्स असंखेज्जइभागं, उत्तरवेउव्विया अंगुलस्स संखेज्जइभागं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શર્કરાપ્રભા નૈરયિક વૈક્રિયશરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ભવધારણીય અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ પંદર ધનુષ, બે હાથ અને બાર અંગુલ છે, ઉત્તરવૈક્રિય શરીરની અવગાહના જઘન્ય અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ એકત્રીશ ધનુષ એક હાથ છે.

વાલુકાપ્રભા નૈરયિક વૈક્રિયશરીરની ભવધારણીય અવગાહના એકત્રીશ ધનુષ, એક હાથ અને ઉત્તરવૈક્રિય અવગાહના બાસઠ ધનુષ, બે હાથની અર્થાત્ સાડા બાસઠ ધનુષ છે.

પંકપ્રભા પૃથ્વી નૈરયિક વૈક્રિયશરીરની ભવધારણીય અવગાહના બાસઠ ધનુષ, બે હાથ છે અને ઉત્તરવૈક્રિય શરીરની અવગાહના એકસો પચીશ ધનુષ છે.

ધૂમપ્રભા પૃથ્વી નૈરયિક વૈક્રિયશરીરની ભવધારણીય અવગાહના એકસો પચીસ ધનુષ છે અને ઉત્તરવૈક્રિય શરીરની અવગાહના અઢીસો ધનુષ છે.

તમઃપ્રભા પૃથ્વી નૈરયિક વૈક્રિયશરીરની ભવધારણીય અવગાહના અઢીસો ધનુષ છે અને ઉત્તર-વૈક્રિય શરીરની અવગાહના પાંચસો ધનુષ છે.

અધઃસપ્તમ પૃથ્વી નૈરયિક વૈક્રિયશરીરની ભવધારણીય અવગાહના પાંચસો ધનુષ અને ઉત્તરવૈક્રિય શરીરની અવગાહના એક હજાર ધનુષ છે. આ રીતે નૈરયિક વૈક્રિયશરીરની ઉત્કૃષ્ટ અવગાહના જાણવી.

સર્વ નૈરયિકોની ભવધારણીય અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્તરવૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અંગુલનો સંખ્યાતમો ભાગ છે.

**૭૪ तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरस्स णं भंते ! के महालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंगुलस्स संखेज्जइभागं, उक्कोसेणं जोयणसयपुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચપંચેંદ્રિય વૈક્રિયશરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અનેક સો યોજન.(પરંપરાએ ૨૦૦ થી ૯૦૦ યોજન છે.)

**૭૫ मणूसपंचेंदिय–वेउव्वियसरीरस्स णं भंते ! केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंगुलस्स संखेज्जइभागं, उक्कोसेणं साइरेगं जोयणसयसहस्सं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્ય પંચેંદ્રિય વૈક્રિયશરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સાધિક એક લાખ યોજન છે.

**૭૬ असुरकुमारभवणवासि-देवपंचेंदिय-वेउव्वियसरीरस्स णं भंते ! केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! असुरकुमाराणं देवाणं दुविहा सरीरोगाहणा पण्णत्ता, तं जहा– भवधारणिज्जा य उत्तरवेउव्विया य ।**

**तत्थ णं जा सा भवधारणिज्जा सा जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं सत्त रयणीओ । तत्थ णं जा सा उत्तरवेउव्विया सा जहण्णेणं अंगुलस्स**

**संखेज्जइभागं, उक्कोसेणं जोयणसयसहस्सं । एवं** *जाव* **थणियकुमाराणं । एवं ओहियाणं वाणमंतराणं । एवं ओहिया जोइसियाण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારદેવ પંચેંદ્રિય વૈક્રિય શરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમાર દેવ પંચેંદ્રિય વૈક્રિય શરીરની અવગાહના બે પ્રકાર છે, જેમકે– ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાંથી ભવધારણીય શરીરની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ સાત હાથ છે. ઉત્તરવૈક્રિય શરીરની અવગાહના જઘન્ય અંગુલનો સંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ એક લાખ યોજન છે.

આ જ રીતે ***યાવત્*** સ્તનિતકુમાર સુધીના દેવોની ભવધારણીય અને ઉત્તરવૈક્રિય બંને પ્રકારના શરીરની જઘન્ય-ઉત્કૃષ્ટ અવગાહના જાણવી જોઈએ. આ જ રીતે સમુચ્ચય વાણવ્યંતરદેવોની અવગાહના પણ જાણવી જોઈએ. આ જ રીતે સમુચ્ચય જ્યોતિષ્કદેવોની પણ અવગાહના જાણવી જોઈએ.

**૭૭ सोहम्मीसाणगदेवाणं एवं चेव उत्तरवेउव्विया** *जाव* **अच्चुओ कप्पो । णवरं– सणंकुमारे भवधारणिज्जा जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं उक्कोसेणं छ रयणीओ, एवं माहिंदे वि, बंभलोयलंतगेसु पंच रयणीओ, महासुक्क-सहस्सारेसु चत्तारि रयणीओ, आणय-पाणय-आरण-अच्चुएसु तिण्णि रयणीओ ।**

**ભાવાર્થ :–** સૌધર્મ-ઈશાનકલ્પના દેવોથી અચ્યુતકલ્પના દેવો સુધીની ભવધારણીય અને ઉત્તરવૈક્રિય અવગાહના પૂર્વવત્ જાણવી જોઈએ. વિશેષતા માત્ર એ છે કે સનત્કુમાર કલ્પના દેવોની ભવધારણીય અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ છ હાથ, માહેન્દ્રકલ્પવાસી દેવોની પણ છ હાથ, બ્રહ્મલોક-લાંતક કલ્પના દેવોની પાંચ હાથ, મહાશુક્ર-સહસ્રાર કલ્પના દેવોની ચાર હાથ અને આણત-પ્રાણત, આરણ-અચ્યુત કલ્પના દેવોની અવગાહના ત્રણ હાથ છે.

**૭૮ गेवेज्जग–कप्पातीत–वेमाणिय–देवपंचेंदिय–वेउव्वियसरीरस्स णं भंते ! केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! गेवेज्जगदेवाणं एगा भवधारणिज्जा सरीरोगाहणा पण्णत्ता, सा जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं उक्कोसेणं दो रयणीओ । एवं अणुत्तरोववाइयदेवाण वि, णवरं– एक्का रयणी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગ્રૈવેયક કલ્પાતીત વૈમાનિકદેવ પંચેંદ્રિય વૈક્રિયશરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ગ્રૈવેયકદેવોની એકમાત્ર ભવધારણીય શરીરાવગાહના હોય છે, તે જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ બે હાથની છે.

આ જ રીતે અનુત્તરોપપાતિકદેવોની ભવધારણીય શરીરાવગાહના પણ જાણવી જોઈએ. વિશેષતા એ છે કે તેઓની ઉત્કૃષ્ટ શરીર અવગાહના એક હાથની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વૈક્રિયશરીરી જીવોના ભવધારણીય અને ઉત્તરવૈક્રિય શરીરોની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાની પ્રરૂપણા કરવામાં આવી છે. તેનું કોષ્ટક આ પ્રમાણે છે–

**વૈક્રિય શરીરની અવગાહના :–**

| ક્રમ | શરીર પ્રકાર | ભવધારણીય ઉત્કૃષ્ટ અવગાહના | ઉત્તરવૈક્રિય ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|---|---|
| ૧ | સમુચ્ચય વૈક્રિયશરીર | ૫૦૦ ધનુષ | સાધિક એક લાખ યોજન |
| ૨ | વાયુકાયિક વૈક્રિય શરીર | – | અંગુલનો અસંખ્યાતમો ભાગ |
| ૩ | સમુચ્ચય નૈરયિક વૈ૦ શ૦ | ૫૦૦ ધનુષ | ૧૦૦૦ ધનુષ |
| ૪ | રત્નપ્રભા નૈરયિક વૈ૦ શ૦ | ૭ ધનુષ, ૩ હાથ, ૬ અંગુલ (પોણા આઠ ધનુષ–૬ અંગુલ) | ૧૫ ધનુષ, ૨ ½ હાથ (સાડા પંદર ધનુષ ૧૨ અંગુલ) |
| ૫ | શર્કરાપ્રભા નૈરયિક વૈ૦ શ૦ | ૧૫ ½ ધનુષ, ૧૨ અંગુલ | ૩૧ ધનુષ, ૧ હાથ (સવા એકત્રીશ ધનુષ) |
| ૬ | વાલુકાપ્રભા નૈરયિક વૈ૦ શ૦ | ૩૧ ધનુષ, ૧ હાથ | ૬૨ ધનુષ, ૨ હાથ (સાડા બાસઠ ધનુષ) |
| ૭ | પંકપ્રભા નૈરયિક વૈક્રિય શરીર | ૬૨ ધનુષ, ૨ હાથ | ૧૨૫ ધનુષ |
| ૮ | ધૂમપ્રભા નૈરયિક વૈક્રિય શરીર | ૧૨૫ ધનુષ | ૨૫૦ ધનુષ |
| ૯ | તમઃપ્રભા નૈરયિક વૈ૦ શ૦ | ૨૫૦ ધનુષ | ૫૦૦ ધનુષ |
| ૧૦ | અધઃસપ્તમ નૈરયિક વૈ૦ શ૦ | ૫૦૦ ધનુષ | ૧૦૦૦ ધનુષ |
| ૧૧ | તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિય શરીર | – | અનેક સો યોજન(સેંકડો યોજન) |
| ૧૨ | મનુષ્ય વૈક્રિય શરીર | – | સાધિક એક લાખ યોજન |
| ૧૩ | બીજા દેવલોક સુધી દેવ વૈ૦ શ૦ | ૭ હાથ | ૧ લાખ યોજન |
| ૧૪ | સનત્કુમાર-માહેન્દ્ર દેવ વૈ૦ શ૦ | ૬ હાથ | ૧ લાખ યોજન |
| ૧૫ | બ્રહ્મલોક-લાંતક દેવ વૈ૦ શ૦ | ૫ હાથ | ૧ લાખ યોજન |
| ૧૬ | મહાશુક્ર-સહસ્રાર દેવ વૈ૦ શ૦ | ૪ હાથ | ૧ લાખ યોજન |
| ૧૭ | આણત-પ્રાણત દેવ વૈ. શ. | ૩ હાથ | ૧ લાખ યોજન |
| ૧૮ | આરણ-અચ્યુત દેવ વૈ૦ શ૦ | ૩ હાથ | ૧ લાખ યોજન |
| ૧૯ | નવ ગ્રૈવયક દેવ વૈ૦ શ૦ | ૨ હાથ | ઉત્તરવૈક્રિય કરતા નથી |
| ૨૦ | પાંચ અનુત્તરૌ૦ દેવ વૈ૦ શ૦ | ૧ હાથ | ઉત્તર વૈક્રિય કરતા નથી |

★ ભવધારણીય વૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય છે. ઉત્તર વૈક્રિય શરીરીની જઘન્ય અવગાહના વાયુકાયમાં અંગુલનો અસંખ્યાતમો ભાગ અને શેષ સર્વમાં અંગુલનો સંખ્યાતમો ભાગ હોય છે. ★ ૨૪ અંગુલ = ૧ હાથ અને ૪ હાથ = ૧ ધનુષ અને બે હાથ = ½ ધનુષ(અર્ધો ધનુષ)

**આહારક શરીરના ભેદ–પ્રભેદ :–**

**૭૯ आहारगसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! एगागारे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આહારક શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેનો એક જ પ્રકાર છે.

**૮૦ जइ णं भंते ! आहारगसरीरे एगागारे पण्णत्ते, से किं मणूसआहारगसरीरे,**

**अमणूस-आहारगसरीरे ? गोयमा ! मणूसआहारगसरीरे, णो अमणूसआहारगसरीरे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો આહારક શરીરનો એક જ પ્રકાર હોય, તો તે આહારક શરીર મનુષ્યને હોય કે અમનુષ્યને હોય ? **ઉત્તર–** હે ગૌતમ ! મનુષ્યને આહારક શરીર હોય છે, પરંતુ અમનુષ્યને(મનુષ્ય સિવાય ૨૩ દંડકના જીવોને) આહારક શરીર હોતું નથી.

**૮૧ जइ णं भंते ! मणूसआहारगसरीरे, से किं सम्मुच्छिममणूस-आहारगसरीरे गब्भ-वक्कंतिय मणूसआहारगसरीरे ? गोयमा ! णो सम्मुच्छिममणूसआहारग-सरीरे गब्भ-वक्कंतियमणूस-आहारगसरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો મનુષ્ય આહારક શરીર હોય, તો શું સંમૂર્ચ્છિમ મનુષ્ય આહારક શરીર હોય છે કે ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંમૂર્ચ્છિમ મનુષ્ય આહારક શરીર હોતું નથી, પરંતુ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે.

**૮૨ जइ णं भंते ! गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे, से किं कम्मभूमग-गब्भ-वक्कंतिय-मणूस-आहारगसरीरे, अकम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे, अंतरदीवग-गब्भ-वक्कंतिय-मणूसआहारगसरीरे ? गोयमा ! कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे, णो अकम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય, તો શું કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય, અકર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય કે અંતરદ્વીપજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે, પરંતુ અકર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય કે અંતરદ્વીપજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોતું નથી.

**૮૩ जइ णं भंते ! कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे, से किं संखेज्ज-वासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे असंखेज्जवासाउय-कम्म-भूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे ?**

**गोयमा ! संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे, णो असंखेज्ज-वासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો કર્મભૂમિજ-ગર્ભજમનુષ્ય આહારકશરીર હોય, તો શું સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે કે અસંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારકશરીર હોય છે, પરંતુ અસંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોતું નથી.

**૮૪ जइ णं भंते ! संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारग-सरीरे, से किं पज्जत्तग- संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारग-**

**सरीरे अपज्जत्तग-संखेज्ज-वासाउय-कम्मभूमग- गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे?**

**गोयमा ! पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारग-सरीरे, णो अपज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारग सरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે, તો શું પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે કે અપર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તા સંખ્યાતવર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે પરંતુ અપર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોતું નથી.

**૮૫ जइ णं भंते ! पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूस-आहारग-सरीरे, से किं सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग-गब्भ-वक्कंतिय-मणूस-आहारगसरीरे, मिच्छद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूस-आहारगसरीरे, सम्मामिच्छद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासायउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे ।**

**गोयमा ! सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय- कम्मभूमग-गब्भवक्कंतिय-मणूस-आहारगसरीरे, णो मिच्छद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय- कम्मभूमग-गब्भ-वक्कंतिय-मणूस-आहारगसरीरे, णो सम्मामिच्छद्दिट्ठि-पज्जत्तग-संखेज्ज-वासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય,તો શું સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે, મિથ્યાદષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે કે મિશ્રદષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે, મિથ્યાદષ્ટિ કે મિશ્રદષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોતું નથી.

**૮૬ जइ णं भंते ! सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूस-आहारगसरीरे, से किं संजयसम्मद्दिट्ठि-पज्जत्तगसंखेज्जवासाउय-कम्मभूमग-गब्भ-वक्कंतिय-मणूसआहारगसरीरे, असंजयसम्मदिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे,संजयासंजय- सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे ?**

**गोयमा ! संजयसम्मद्दिट्ठिपज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग-गब्भक्कंतिय-मणूसआहारगसरीरे, णो असंजयसम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग-**

**गब्भ-वक्कंतिय-मणूसआहारगसरीरे, णो संजयासंजय-सम्मद्दिट्ठिपज्जत्तगसंखेज्ज-वासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે, તો શું સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે કે અસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે કે સંયતાસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાતવર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે, અસંયત કે સંયતાસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર નથી.

**૮૭ जइ णं भंते ! संजयसम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग-गब्भ-वक्कंतिय-मणूसआहारगसरीरे, से किं पमत्तसंजयसम्मद्दिट्ठि-पज्जत्तगसंखेज्ज-वासाउय-कम्मभूमग-गब्भ-वक्कंतिय-मणूसआहारगसरीरे, अपमत्तसंजय-सम्मद्दिट्ठिपज्जत्तग-संखेज्ज-वासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे ?**

**गोयमा ! पमत्तसंजय-सम्मद्दिट्ठि- पज्जत्तगसंखेज्जवासाउय-कम्मभूमग-गब्भ-वक्कंतिय-मणूसआहारगसरीरे, णो अपमत्तसंजयसम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्ज-वासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય, તો શું પ્રમત્તસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે કે અપ્રમત્તસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ મનુષ્ય આહારક શરીર હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે, અપ્રમત્તસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોતું નથી.

**૮૮ जइ णं भंते ! पमत्तसंजयसम्मद्दिट्ठि-पज्जत्तसंखेज्जवासाउय-कम्मभूमग-गब्भ-वक्कंतिय-मणूसआहारगसरीरे किं इड्ढिपत्त-पमत्तसंजयसम्मद्दिट्ठि-पज्जत्तगसंखेज्ज-वासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे अणिड्ढिपत्तपमत्त संजय-सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्ज-वासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूस-आहारगसरीरे ?**

**गोयमा ! इड्ढिपत्तपमत्तसंजय-सम्मद्दिट्ठिपज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग गब्भ-वक्कंतिय-मणूसआहारगसरीरे, णो अणिड्ढिपत्त-पमत्तसंजयसम्मद्दिट्ठि-पज्जत्त-संखेज्ज वासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसआहारगसरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો પ્રમત્તસંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે, તો શું ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્તસંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે કે ઋદ્ધિ અપ્રાપ્ત પ્રમત્તસંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્તસંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય છે, ઋદ્ધિ અપ્રાપ્ત પ્રમત્તસંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોતું નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં આહારક શરીરનું વર્ણન છે.

આહારક શરીર એક જ પ્રકારનું છે. આહારક લબ્ધિ પ્રાપ્ત થઈ હોય તેવા ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યો આહારક શરીર બનાવી શકે છે, અન્ય કોઈ પણ જીવોને આહારક શરીર હોતું નથી.

**પમત્તસંજય :–** પ્રમત્ત સંયમી. સંજ્વલન કષાયના ઉદયે સંયમ આરાધનામાં યત્કિંચિત્ પ્રમાદનું સેવન કરનાર છઠ્ઠા ગુણસ્થાનવર્તી શ્રમણોને પ્રમત્ત સંયત કહે છે.

સરાગ સંયમમાં વિવિધ નિમિત્તોથી પ્રમાદનું સેવન થઈ શકે છે, જેમકે– ક્યારેક સંજ્વલન કષાયોદય, ક્યારેક પ્રાપ્ત થયેલી લબ્ધિના પ્રયોગની ઉત્સુકતા, ક્યારેક દેહરાગ કે ઉપકરણોના અનુરાગથી દેહલક્ષી કે ઉપકરણલક્ષી પ્રવૃત્તિથી સંયમ આરાધનામાં સ્ખલના થાય છે, તે પ્રમાદ સેવન છે.

આહારકલબ્ધિની પ્રાપ્તિ અપ્રમત્ત સંયતોને જ થાય છે પરંતુ કોઈ પણ લબ્ધિ પ્રયોગના પરિણામ, તે પ્રમત્તાવસ્થા છે, અપ્રમત્ત દશામાં કોઈ પણ પ્રકારની આતુરતા કે ઉત્સુકતા હોતી નથી. પ્રમત્તસંયતો જ આહારકલબ્ધિ પ્રયોગ દ્વારા આહારક શરીર બનાવે છે.

કર્મગ્રંથના વર્ણન પ્રમાણે સાતમા અપ્રમત્ત સંયત ગુણસ્થાનમાં આહારક મિશ્રકાય યોગ નથી પરંતુ આહારક કાયયોગ હોય છે અને આહારક શરીર નામ કર્મનો ઉદય પણ સાતમા ગુણસ્થાનમાં હોય છે. તદનુસાર આહારક શરીર બની ગયા પછી અલ્પ સમય માટે અપ્રમત્તદશા આવી શકે છે. પ્રસ્તુત પ્રસંગમાં તે અલ્પ સમયની વિવક્ષા કરી નથી.

**इड्ढिपत्त :–** ઋદ્ધિ પ્રાપ્ત. જંઘાચારણ, વિદ્યાચારણ આમર્ષૌષધિ ઇત્યાદિ ઋદ્ધિઓમાંથી કોઈ પણ ઋદ્ધિ જેને પ્રાપ્ત થઈ હોય, તેને ઋદ્ધિપ્રાપ્ત કહે છે. તેવા ઋદ્ધિ પ્રાપ્ત મુનિને જ આહારક લબ્ધિ પ્રાપ્ત થાય છે. ઋદ્ધિના બે પ્રકાર છે– (૧) સામાન્ય ઋદ્ધિ–ધન સંપત્તિ, પરિવાર અને પુણ્ય સામગ્રી આદિ (૨) વિશિષ્ટ ઋદ્ધિ– પુણ્યથી પ્રાપ્ત અને સાધનાથી સમુત્પન્ન લબ્ધિઓ. લબ્ધિઓના અઠ્ઠાવીસ પ્રકાર આ પ્રમાણે છે–

**અઠ્ઠાવીસ લબ્ધિઓ :–** (૧) આમર્શૌષધિ લબ્ધિ– આ લબ્ધિવાન વ્યક્તિ દ્વારા સ્પર્શ કરવા માત્રથી જ રોગી સ્વસ્થ થઈ જાય છે. (૨) વિપ્રુડૌષધિ લબ્ધિ– આ લબ્ધિવાન વ્યક્તિના મળ-મૂત્ર સુગંધી હોય અને તે ઔષધનું કાર્ય કરે. (૩) ખેલૌષધિ– આ લબ્ધિવાન વ્યક્તિના થૂંક અને કફ સુગંધી હોય તથા તે ઔષધનું કાર્ય કરે. (૪) જલ્લૌષધિ– આ લબ્ધિવાન વ્યક્તિના મેલ-પરસેવો સુગંધી હોય અને ઔષધનું કાર્ય કરે. (૫) સર્વૌષધિ– આ લબ્ધિવાન વ્યક્તિના મળ, મૂત્ર, નખ, કેશ આદિ સર્વે ય બાહ્ય પદાર્થો સુગંધી હોય અને ઔષધનું કાર્ય કરે. (૬) સંભિન્નશ્રોતો લબ્ધિ– આ લબ્ધિવાન વ્યક્તિને શરીરના દરેક અંગથી સંભળાય.

(૭) અવધિજ્ઞાન લબ્ધિ (૮) ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન લબ્ધિ (૯) વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન લબ્ધિ (૧૦) ચારણ લબ્ધિ– જંઘાચરણ અને વિદ્યાચરણ આ બે પ્રકારની ચારણ લબ્ધિ સામાયિક ચારિત્રવાનને તપ-સંયમથી પ્રાપ્ત થાય છે. જેનું વર્ણન ભગવતી સૂત્રમાં છે. (૧૧) આશીવિષ લબ્ધિ– આ લબ્ધિના કર્મ આશીવિષ અને જાતિ આશીવિષ રૂપ બે પ્રકાર છે– **૧.** કર્મ આશીવિષ વિશિષ્ટ તપ ત્યાગ સાધનાથી શાપ આદિની શક્તિરૂપે ઉપલબ્ધ થાય છે. **૨.** જાતિ આશીવિષ સાપ, વીંછી, દેડકા અને મનુષ્યને જન્મથી દાઢામાં વિષાક્ત શક્તિરૂપે હોય છે (૧૨) કેવલજ્ઞાનરૂપ લબ્ધિ (૧૩) ગણધરપદ લબ્ધિ (૧૪) પૂર્વધર લબ્ધિ– સંપૂર્ણ દસ પૂર્વથી અધિક ચૌદ પૂર્વ સુધીના જ્ઞાનવાળા પૂર્વ લબ્ધિવાન કહેવાય છે. તેના બે પ્રકારે અર્થ થાય છે– **૧.** જે લબ્ધિના પ્રભાવે ૧૪ પૂર્વનું જ્ઞાન ઉત્પન્ન થાય તે **૨.** જે લબ્ધિથી ચૌદ પૂર્વોનું જ્ઞાન એક મુહૂર્તમાં પરિયટ્ટણા કરી શકાય(ફેરવી શકાય) તે. (૧૫) તીર્થંકર (૧૬) ચક્રવર્તી (૧૭) બલદેવ (૧૮) વાસુદેવ (૧૯) ક્ષીરમધુસર્પિરાસવ લબ્ધિ– **૧.** જે લબ્ધિના પ્રભાવથી તે લબ્ધિવાન સાધુના પાત્રમાં ભિક્ષારૂપે પ્રાપ્ત લૂખા-સૂખા આદિ દરેક પદાર્થ ઘી, દૂધ અને સાકર આદિની સમાન સ્વાદિષ્ટ તથા ગુણકારક થઈ જાય તે. **૨.** જે લબ્ધિના પ્રભાવે વક્તાના વચન શ્રોતાને ઘી, દૂધ, સાકર આદિ જેવા મધુર મિષ્ટ અનુભવાય અને તેવું જ પરિણમન થાય. (૨૦) કોષ્ટબુદ્ધિ લબ્ધિ– એકવાર સાંભળેલાં અને ધારણ કરેલા તત્ત્વો વર્ષો સુધી તે જ રૂપે રહે, ભૂલાય નહીં તે. (૨૧) પદાનુસારિણી લબ્ધિ– જે લબ્ધિના પ્રભાવે કોઈ સૂત્રના એક બે પદનું શ્રવણ કે ઉચ્ચારણ થતાં તે પદના આધારે તે સૂત્રના કેટલાય પદ સ્વતઃ ઉપસ્થિત થઈ જાય તે. (૨૨) બીજબુદ્ધિ લબ્ધિ– કોઈપણ સૂત્ર પદનો અલ્પ અર્થ સાંભળીને કે જાણીને તેનો વિશાળ અર્થ ભાવ સમજાઈ જાય તે; થોડામાં ઘણું સમજાય જાય તે બીજબુદ્ધિ કહેવાય. (૨૩) તેજોલેશ્યા લબ્ધિ– ક્રોધાવેશમાં મુખમાંથી તીવ્ર તેજ પ્રવાહ(અગ્નિ જ્વાલારૂપે કે ધૂમાડારૂપે) કાઢીને અનેક યોજન પ્રમાણ ક્ષેત્રમાં ઇચ્છિત પદાર્થ કે પ્રાણીને નષ્ટ કરી શકવાની શક્તિ. (૨૪) શીતલેશ્યા લબ્ધિ– જેના દ્વારા કરુણા ભાવે અનુગ્રહ પ્રાપ્ત વ્યક્તિ કે સમૂહને તેજોલેશ્યા લબ્ધિના દુષ્પ્રભાવથી બચાવી શકાય તે લબ્ધિ. (૨૫) આહારક લબ્ધિ– આ લબ્ધિ ચૌદપૂર્વી મુનિરાજને હોય છે. જેના દ્વારા તે મુનિ એક હાથનું શરીર બનાવીને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર અથવા કેવલી ભગવાન પાસેથી સમાધાન મેળવી શકે છે. (૨૬) વૈક્રિય લબ્ધિ (૨૭) અક્ષીણ મહાનસી લબ્ધિ– આ લબ્ધિના પ્રભાવે અલ્પ ભોજનમાંથી પણ સેંકડો વ્યક્તિ ભોજન કરી લે છતાં પણ તે ભોજનનો અંત આવતો નથી. (૨૮) પુલાક લબ્ધિ– આ લબ્ધિ પૂર્વધારી મુનિરાજને હોય છે. સંઘ ઉપર આવેલી વિકટ પરિસ્થિતિમાં આ લબ્ધિ દ્વારા ચક્રવર્તી રાજા જેવાને પણ સબક આપી શકાય છે અને તેમના દ્વારા ઉત્પન્ન કરેલ સંકટથી સહુને ઉગારી શકાય છે.

અટ્ઠાવીસ લબ્ધિઓમાંથી દસ લબ્ધિ સ્ત્રીઓને હોતી નથી– (૧) તીર્થંકર (૨) ચક્રવર્તી (૩) બલદેવ (૪) વાસુદેવ (૫) સંભિન્ન શ્રોતોલબ્ધિ (૬) ચારણ લબ્ધિ (૭) પૂર્વધર લબ્ધિ (૮) ગણધર (૯) પુલાક (૧૦) આહારક.

અટ્ઠાવીસમાંથી તેર લબ્ધિ અભવી પુરુષોને હોતી નથી. ઉપર કહેલી ૧૦ અને (૧૧) ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન (૧૨) વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન (૧૩) કેવળજ્ઞાન.

અભવી સ્ત્રીઓને ઉપરોક્ત તેર અને ક્ષીરમધુસર્પિરાસવ લબ્ધિ, તેમ કુલ ૧૪ લબ્ધિ હોતી નથી.

આ અટ્ઠાવીસ લબ્ધિઓ સિવાય પણ કેટલીક લબ્ધિઓ હોય છે– (૧) અણુત્વ લબ્ધિ– અતિ સૂક્ષ્મ શરીર બનાવી લેવું. (૨) મહત્ત્વ લબ્ધિ– પર્વતથી મોટું શરીર બનાવી લેવું. (૩) લઘુત્વલબ્ધિ– વાયુથી હળવું શરીર બનાવી લેવું. (૪) ગુરુત્વ લબ્ધિ– વજ્ર જેવું ભારે શરીર બનાવી લેવું. (૫) વિસ્તારણ

લબ્ધિ– ભૂમિ ઉપર બેઠા હાથ વડે પર્વતના શિખરને સ્પર્શ કરી દેવો તે. (૬) પ્રાકામ્ય લબ્ધિ– જલમાં સ્થલની જેમ ચાલવું તે. (૭) ઈશિત્વ લબ્ધિ– તીર્થંકર કે ઇન્દ્ર આદિ જેવી ઋદ્ધિ બનાવી લેવી તે. (૮) વશિત્વ લબ્ધિ– કોઈને વશમાં કરવાની શક્તિ તે. (૯) અપ્રતિઘાતિત્વ લબ્ધિ– પર્વત ભીંત આદિ કોઈની રુકાવટ વિના તેના વચ્ચેથી ચાલ્યા જાય તે. (૧૦) અંતર્ધાન લબ્ધિ– શરીરને અદશ્ય બનાવી લેવું તે. (૧૧) કામરૂપત્વ લબ્ધિ– એકી સાથે અનેક પ્રકારના રૂપો બનાવી લેવા તે.

સંખ્યા રૂપે ૨૮ લબ્ધિઓ જ સાહિત્યમાં પ્રસિદ્ધ છે. આગમ શાસ્ત્રોમાં આ લબ્ધિઓમાંથી ઘણી લબ્ધિઓનું વર્ણન પ્રસંગાનુસાર યથાસ્થાન જોવા મળે છે, પરંતુ ઉપરોક્ત સમસ્ત લબ્ધિઓનું સંકલન પ્રવચન સારોદ્ધાર ગ્રંથ, દ્વાર–૨૭૦, ગાથા–૧૪૯૨ થી ૧૫૦૮ સુધીમાં પ્રાપ્ત થાય છે.

**આહારક શરીરનું સંસ્થાન દ્વાર :–**

**૮૯ आहारगसरीरे णं भंते ! किं संठिए पण्णत्ते ? गोयमा ! समचउरंससंठाण-संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આહારક શરીરનું સંસ્થાન કેવું હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સમચતુરસ્રસંસ્થાન હોય છે.

**વિવેચન :–**

આહારક શરીર સર્વાંગ સુંદર હોવાથી તે સમચતુરસ્ર સંસ્થાનથી સંપન્ન હોય છે.

**આહારક શરીરની અવગાહના :–**

**૯૦ आहारगसरीरस्स णं भंते ! केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा! जहण्णेणं देसूणा रयणी, उक्कोसेणं पडिपुण्णा रयणी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આહારક શરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દેશોન(કંઈક ન્યૂન) એક હાથ અને ઉત્કૃષ્ટ પૂર્ણ એક હાથ છે.

**વિવેચન :–**

આહારક શરીરની અવગાહનાનું પ્રમાણ ભાવાર્થથી સ્પષ્ટ છે. આહારક લબ્ધિધારી મુનિ એક હાથ કે દેશોન હાથનું આહારક શરીર બનાવીને પછી ગમન ક્રિયા કરે છે અર્થાત્ આહારક શરીરની અવગાહનામાં ક્રમશઃ વૃદ્ધિ થતી નથી. તેમ છતાં સર્વ ચૌદ પૂર્વધારીઓના આહારકશરીર એક સમાન હોતા નથી તેમાં હીનાધિકતા સંભવિત છે. સૂત્રમાં તેને જ જઘન્ય દેશોન હાથ અને ઉત્કૃષ્ટ એક હાથ અવગાહના કહી છે.

**તૈજસ શરીર : ભેદ–પ્રભેદ :–**

**૯૧ तेयगसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा– एगिंदियतेयगसरीरे** *जाव* **पंचेंदियतेयगसरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તૈજસ શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– એકેન્દ્રિય તૈજસ શરીર ***યાવત્*** પંચેંદ્રિય તૈજસ શરીર.

**૧૨** **एगिंदियतेयगसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा– पुढविक्काइय** *जाव* **वणस्सइकाइय-एगिंदियतेयगसरीरे । एवं जहा ओरालियसरीरस्स भेदो भणियो तहा तेयगस्स वि** *जाव* **चउरिंदियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય તૈજસ શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના પાંચ પ્રકાર છે, જેમકે– પૃથ્વીકાયિક તૈજસ શરીર ***યાવત્*** વનસ્પતિકાયિક તૈજસ શરીર. આ જ રીતે ચૌરેન્દ્રિય સુધી ઔદારિક શરીરના ભેદ-પ્રભેદોની જેમ તૈજસ શરીરના પણ ભેદ-પ્રભેદ કહેવા જોઈએ.

**૧૩** **पंचेंदियतेयगसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे पण्णत्ते । तं जहा– णेरइयतेयगसरीरे** *जाव* **देवतेयगसरीरे । णेरइयाणं दुगओ भेदो भाणियव्वो जहा वेउव्वियसरीरे ।**

**पंचेंदिय-तिरिक्खजोणियाणं मणूसाणं च जहा ओरालियसरीरे भेदो भणिओ तहा भाणियव्वो । देवाणं जहा वेउव्वियसरीरे भेओ भणिओ तहा तेयगस्स वि भाणियव्वो** *जाव* **सव्वट्ठसिद्धदेवे त्ति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેંદ્રિય તૈજસ શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના ચાર પ્રકાર છે, જેમકે– નૈરયિક તૈજસ શરીર ***યાવત્*** દેવ તૈજસ શરીર. જે રીતે નૈરયિકોના વૈક્રિય શરીરના પર્યાપ્તા અને અપર્યાપ્તા બે ભેદો કહ્યા છે, તે જ રીતે અહીં નૈરયિકોના તૈજસ શરીરના પણ બે ભેદ કહેવા જોઈએ.

જે રીતે તિર્યંચ પંચેંદ્રિયો અને મનુષ્યોના ઔદારિક શરીરના ભેદોનું કથન કર્યું છે, તે જ રીતે પંચેંદ્રિય તિર્યંચો અને મનુષ્યોના તૈજસ શરીરના ભેદોનું કથન કરવું જોઈએ. જે રીતે ચારે ય પ્રકારના દેવોના વૈક્રિય શરીરના ભેદ કહ્યા છે, તે જ રીતે ***યાવત્*** સર્વાર્થસિદ્ધદેવો સુધીના તૈજસ શરીરોના ભેદોનું કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમસ્ત સંસારી જીવોના તૈજસ શરીરના ભેદ-પ્રભેદોનું નિરૂપણ છે. સમસ્ત સંસારી જીવોની પર્યાપ્ત-અપર્યાપ્ત બંને અવસ્થામાં તૈજસ શરીર હોય છે. ઔદારિક, વૈક્રિય અને આહારક, આ ત્રણે પ્રકારના સ્થૂલ શરીરની સાથે તૈજસ-કાર્મણ શરીર હોય છે. તેથી જ તે ત્રણે સ્થૂલ શરીરના ભેદ-પ્રભેદ પ્રમાણે તૈજસ શરીરના પણ ભેદ-પ્રભેદ થાય છે.

**તૈજસ–કાર્મણ શરીરના ૧૬૧ ભેદ**




[અન્ય અપેક્ષાએ સંસારી જીવના ૫૬૩ ભેદની જેમ તૈજસ-કાર્મણ શરીરના પણ ૫૬૩ ભેદ થાય છે.]

**તૈજસ શરીરનું સંસ્થાન :–**

**૧૪ तेयगसरीरे णं भंते ! किं संठाणसंठिए पण्णत्ते ? गोयमा ! णाणासंठाणसंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તૈજસ શરીરનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના વિવિધ પ્રકારના સંસ્થાન છે.

**૧૫ एगिंदियतेयगसरीरे णं भंते ! किं संठाणसंठिए पण्णत्ते ? गोयमा ! णाणा-संठाणसंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય તૈજસ શરીરનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના વિવિધ પ્રકારના સંસ્થાન છે.

**૧૬ पुढविक्काइय-एगिंदियतेयगसरीरे णं भंते ! किं संठाणसंठिए पण्णत्ते ? गोयमा ! मसूरचंद-संठाणसंठिए पण्णत्ते । एवं ओरालियसंठाणाणुसारेणं भाणियव्वं** *जाव* **चउरिंदियाणं ति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક-એકેન્દ્રિય તૈજસ શરીરનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેનું સંસ્થાન મસૂરની દાળના આકારનું છે. આ જ રીતે એકેન્દ્રિયોથી ***યાવત્*** ચૌરેન્દ્રિયોના તૈજસ શરીરનું સંસ્થાન ઔદારિક શરીરના સંસ્થાન અનુસાર જાણવું જોઈએ.

**૧૭ णेरइयाणं भंते ! तेयगसरीरे किं संठाणसंठिए पण्णत्ते ? गोयमा ! जहा वेउव्वियसरीरे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક તૈજસ શરીરનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેનું સંસ્થાન તેના વૈક્રિય શરીરના સંસ્થાન પ્રમાણે જાણવું જોઈએ.

**૧૮ पंचेंदियतिरिक्खजोणियाणं मणूसाण य जहा एतेसिं चेव ओरालिय त्ति ।**

**ભાવાર્થ :–** પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્ય તૈજસ શરીરના સંસ્થાનનું કથન પણ તેના ઔદારિક શરીરની સમાન જાણવું જોઈએ.

**૧૯ देवाणं भंते ! तेयगसरीरे किं संठिए पण्णत्ते ? गोयमा ! जहा वेउव्वियस्स** *जाव* **अणुत्तरोववाइय त्ति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવ તૈજસ શરીરનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમારથી લઈને અનુત્તરોપપાતિક દેવ તૈજસ શરીરના સંસ્થાન તેઓના વૈક્રિય શરીરના સંસ્થાન સમાન જાણવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમસ્ત સંસારી જીવોના તૈજસશરીરના સંસ્થાનની વિચારણા છે. તૈજસ શરીર સંસારી જીવોને હોય જ છે. તૈજસ અને કાર્મણ તે બંને સૂક્ષ્મ શરીર છે, ઔદારિક, વૈક્રિય, આહારક આ ત્રણે સ્થૂલ શરીર છે. મૃત્યુ સમયે સ્થૂલ શરીર છૂટી જાય છે અને સૂક્ષ્મ શરીર સાથે જીવ ઉત્પત્તિ સ્થાને પહોંચી

પુનઃ ઔદારિક કે વૈક્રિય શરીર ધારણ કરે છે, ત્યારે તૈજસ અને કાર્મણ શરીર સ્થૂલ શરીમાં સ્થિત થઈ જાય છે. તેથી તૈજસ-કાર્મણ શરીરનું સંસ્થાન પોત-પોતાના ઔદારિક કે વૈક્રિય શરીરની સમાન જ હોય છે.

**તૈજસ શરીરની અવગાહના :–**

**१०० जीवस्स णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! सरीरपमाणमेत्ता विक्खंभ-बाहल्लेणं; आयामेणं जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागो, उक्कोसेणं लोगंताओ लोगंतो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત જીવના તૈજસ શરીરની અવગાહના કેટલી હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પહોળાઈ અને જાડાઈની અપેક્ષાએ શરીર પ્રમાણ છે તથા લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ લોકાંતથી લોકાંત સુધી હોય છે.

**१०१ एगिंदियस्स णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! एवं चेव** *जाव* **पुढवि-आउ-तेउ-वाउ-वणस्सइ-काइयस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત એકેન્દ્રિય જીવોના તૈજસ શરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત એકેન્દ્રિય તૈજસ શરીરની અવગાહના સમુચ્ચય જીવની સમાન છે. તે જ રીતે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાયિક તૈજસ શરીરની અવગાહના જાણવી.

**१०२ बेइंदियस्स णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! सरीरपमाणमेत्ता विक्खंभ-बाहल्लेणं; आयामेणं जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं तिरियलोगाओ लोगंतो । एवं** *जाव* **चउरिंदियस्स ।**

**ભાવાર્થ:– પ્રશ્ન–** હે ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત બેઇન્દ્રિયના તૈજસ શરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બેઇન્દ્રિય તૈજસ શરીરની અવગાહના-પહોળાઈ અને જાડાઈની અપેક્ષાએ શરીર પ્રમાણ છે અને લંબાઈની અપેક્ષાએ જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ તિરછાલોકથી લોકાંત સુધી હોય છે. તે જ રીતે તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય તૈજસ શરીરની અવગાહના જાણવી જોઈએ.

**१०३ णेरइयस्स णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणा पण्णत्ता ?**

**गोयमा ! सरीरपमाणमेत्ता विक्खंभ-बाहल्लेणं; आयामेणं जहण्णेणं साइरेगं जोयणसहस्सं, उक्कोसेणं अहे जाव अहेसत्तमा पुढवी, तिरियं जाव सयंभुरमणे समुद्दे, उड्ढं जाव पंडगवणे पुक्खरिणीओ ।**

**ભાવાર્થ:– પ્રશ્ન–** હે ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત નારકીના તૈજસ શરીરની અવગાહના

કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નારકી તૈજસ શરીરની અવગાહના પહોળાઈ અને જાડાઈની અપેક્ષાએ શરીર પ્રમાણ છે તથા લંબાઈની અપેક્ષાએ જઘન્ય સાધિક એક હજાર યોજન અને ઉત્કૃષ્ટ અધો દિશામાં સાતમી નરક પૃથ્વી, તિરછી દિશામાં સ્વયંભૂરમણ સમુદ્ર સુધી અને ઉર્ધ્વ દિશામાં પંડકવનમાં સ્થિત પુષ્કરણી સુધી હોય છે.

**૧૦૪ पंचेंदियतिरिक्खजोणियस्स णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेया-सरीरस्स केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! जहा बेइंदियसरीरस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત પંચેંદ્રિય તિર્યંચના તૈજસ શરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પંચેંદ્રિય તિર્યંચના તૈજસ શરીરની અવગાહના બેઇન્દ્રિયના તૈજસશરીરની અવગાહનાની સમાન જાણવી.

**૧૦૫ मणूसस्स णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! समयखेत्ताओ लोगंतो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મારણાંતિકસમુદ્‌ઘાતથી સમવહત મનુષ્યના તૈજસ શરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સમયક્ષેત્ર-મનુષ્યક્ષેત્રથી (સર્વ દિશાઓમાં) લોકાંત સુધી હોય છે.

**૧૦૬ असुरकुमारस्स णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणा पण्णत्ता ?**

**गोयमा ! सरीरपमाणमेत्ता विक्खंभ-बाहल्लेणं, आयामेणं जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं अहे जाव तच्चाए पुढवीए चरिमंते, तिरियं जाव सयंभुरमण-समुद्दस्स बाहिरिल्ले वेइयंते, उड्ढं जाव इसीपब्भारा पुढवी । एवं** *जाव* **थणियकुमार-तेयगसरीरस्स । वाणमंतर-जोइसिया-सोहम्मीसाणगा य एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત અસુરકુમાર દેવોના તૈજસશરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમાર દેવોના તૈજસશરીરની અવગાહના પહોળાઈ અને જાડાઈની અપેક્ષાએ શરીર પ્રમાણ અને લંબાઈની અપેક્ષાએ જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ નીચેની તરફ ત્રીજી નરકપૃથ્વીના ચરમાંત સુધી, તિરછી સ્વયંભૂરમણસમુદ્રની બહારની વેદિકા સુધી અને ઉપર ઈષત્પ્રાગ્ભારપૃથ્વી સુધી છે.

તે જ રીતે ***યાવત્*** સ્તનિતકુમાર સુધીના દેવોના તૈજસ શરીરની અવગાહના જાણવી. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને સૌધર્મ-ઈશાન કલ્પના દેવોના તૈજસ શરીરની અવગાહના પણ અસુરકુમારની સમાન જાણવી.

**૧૦૭ सणंकुमारदेवस्स णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणा पण्णत्ता ?**

**गोयमा ! सरीरपमाणमेत्ता विक्खंभ-बाहल्लेणं, आयामेणं जहण्णेणं**

**अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं अहे जाव महापायालाणं दोच्चे तिभागे, तिरियं जाव सयंभु-रमणसमुद्दे, उड्ढं जाव अच्चुओ कप्पो । एवं** *जाव* **सहस्सारदेवस्स।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત સનત્કુમારદેવના તૈજસશરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સનત્કુમાર દેવોના તૈજસ શરીરની અવગાહના પહોળાઈ અને જાડાઈની અપેક્ષાએ શરીર પ્રમાણ છે તથા લંબાઈની અપેક્ષાએ જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ નીચે મહાપાતાળ કળશના બીજા ત્રિભાગ સુધી, તિરછી સ્વયંભૂરમણસમુદ્ર સુધી અને ઉપર અચ્યુતકલ્પ સુધી હોય છે. તે જ રીતે ***યાવત્*** સહસ્રાર દેવલોકના દેવોના તૈજસ શરીરની અવગાહના જાણવી જોઈએ.

**१०८ आणयदेवस्स णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणा पण्णत्ता ?**

**गोयमा ! सरीरपमाणमेत्ता विक्खंभ-बाहल्लेणं; आयामेणं जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं अहे जाव अहेलोइयगामा, तिरियं जाव मणूसखेत्ते, उड्ढं जाव अच्चुओ कप्पो । एवं** *जाव* **आरणदेवस्स । अच्चुयदेवस्स वि एवं चेव, णवरं– उड्ढं जाव सगाइं विमाणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મારણાંતિક-સમુદ્ઘાતથી સમવહત આનતદેવના તૈજસ શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આનત દેવોના તૈજસ શરીરની અવગાહના પહોળાઈ અને જાડાઈની અપેક્ષાએ શરીર પ્રમાણ છે અને લંબાઈની અપેક્ષાએ જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ અધો લૌકિકગ્રામ-સલીલાવતી-વપ્રાવિજય સુધી, તિરછી મનુષ્યક્ષેત્ર સુધી અને ઉપર અચ્યુતકલ્પ સુધી હોય છે. આ જ રીતે પ્રાણત અને આરણ દેવલોકના દેવોના તૈજસ શરીરની અવગાહના જાણવી જોઈએ.

અચ્યુતદેવની અવગાહના પણ આ જ રીતે જાણવી; વિશેષતા એ છે કે તે દેવોના તૈજસ શરીરની અવગાહના ઉપર પોતાના(અચ્યુત કલ્પના) વિમાનો સુધી હોય છે.

**१०९ गेवेज्जगदेवस्स णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणा पण्णत्ता ?**

**गोयमा ! सरीरपमाणमेत्ता विक्खंभ-बाहल्लेणं; आयामेणं जहण्णेणं विज्जाहर सेढीओ, उक्कोसेणं** *जाव* **अहेलोइयगामा, तिरियं** *जाव* **मणूसखेत्ते, उड्ढं** *जाव* **सगाइं विमाणाइं । अणुत्तरोववाइयस्स वि एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત ગ્રૈવેયકદેવના તૈજસશરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ગૈવેયક દેવોના તૈજસ શરીરની અવગાહના પહોળાઈ અને જાડાઈની અપેક્ષાએ શરીર પ્રમાણ અને લંબાઈની અપેક્ષાએ જઘન્ય વિદ્યાધરની શ્રેણીઓ સુધી અને ઉત્કૃષ્ટ નીચેની તરફ અધોલૌકિકગ્રામ સુધી, તિરછી મનુષ્યક્ષેત્ર સુધી અને ઉપર પોત-પોતાના વિમાનો સુધી છે.

અનુત્તરોપપાતિક દેવોના તૈજસશરીરની અવગાહના પણ આ જ પ્રમાણે જાણવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંસારી જીવોના તૈજસશરીરની અવગાહનાનું કથન છે.

તૈજસ શરીર સૂક્ષ્મ શરીર છે. જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય અથવા મૃત્યુ પૂર્વે મારણાંતિક સમુદ્‌ઘાત દ્વારા આત્મપ્રદેશોને ઉત્પત્તિ સ્થાન સુધી લંબાવે, ત્યારે આત્મપ્રદેશોની સાથે તૈજસ-કાર્મણ શરીરનો પણ વિસ્તાર થાય છે, તેથી તૈજસ શરીરની અવગાહનાનું કથન મારણાંતિક સમુદ્‌ઘાતની અપેક્ષાએ છે.

**સમુચ્ચય તૈજસ શરીરની અવગાહના :–** જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ લોકાંતથી લોકાંત સુધી હોય છે. તે મારણાંતિક સમુદ્‌ઘાતની અપેક્ષાએ થાય છે.

કોઈ જીવ મૃત્યુ પૂર્વે મારણાંતિક સમુદ્‌ઘાત કરે, ત્યારે તેના આત્મપ્રદેશોની પહોળાઈ અને જાડાઈ શરીર પ્રમાણ હોય છે અને લંબાઈ તેના ઉત્પત્તિ સ્થાન સુધીની થાય છે. આ રીતે પ્રત્યેક જીવના પોત-પોતાના ઉત્પત્તિ સ્થાન અનુસાર તૈજસ શરીરની અવગાહના થાય છે.

જીવ પોતાના સ્થાનની અત્યંત નિકટ ઉત્પન્ન થાય ત્યારે તેના મારણાંતિક સમુદ્‌ઘાતની અપેક્ષાએ તેના તૈજસ શરીરની લંબાઈ જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની થાય અને ઉત્કૃષ્ટ જો તે જીવ અધોલોકાંતથી ઊર્ધ્વલોકાંતમાં કે ઊર્ધ્વલોકાંતથી અધોલોકાંતમાં સૂક્ષ્મ કે બાદર એકેન્દ્રિયપણે ઉત્પન્ન થાય તો, મારણાંતિક સમુદ્‌ઘાતની અપેક્ષાએ તેના તૈજસ શરીરની લંબાઈ ઉત્કૃષ્ટ લોકાંતથી લોકાંત સુધીની થાય છે.

**એકેન્દ્રિયના તૈજસ શરીરની અવગાહના :–** સમુચ્ચય તૈજસ શરીરની જેમ જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ લોકાંતથી લોકાંત સુધીની થાય છે.

**વિકલેન્દ્રિયોના તૈજસ શરીરની અવગાહના :–** વિકલેન્દ્રિય જીવો લોકાંતે હોતા નથી. લોકના મધ્યભાગમાં હોય છે. તે જીવ પોતાની અત્યંત નિકટના સ્થાનમાં ઉત્પન્ન થાય, તો તેની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ થાય છે, જો તે જીવ પોતાના સ્થાનથી નીકળીને ઊર્ધ્વ કે અધોલોકાંતે એકેન્દ્રિયપણે ઉત્પન્ન થાય, તો તેના તૈજસ શરીરની ઉત્કૃષ્ટ અવગાહના તિરછાલોકથી કોઈ પણ દિશામાં કે વિદિશામાં લોકાંત સુધીની થાય છે.

**નૈરયિકોના તૈજસ શરીરની અવગાહના :–** જઘન્ય સાધિક ૧૦૦૦ યોજનની છે. પ્રથમ રત્નપ્રભા નરકપૃથ્વીની જાડાઈ ૧,૮૦,૦૦૦ યોજનની છે અને લવણ સમુદ્રના ચાર પાતાળકળશો એક લાખ યોજન ઊંડા છે, તેથી તે પાતાળ કળશો પ્રથમ નરકના કેટલાક પાથડાઓને સ્પર્શે છે. પાતાળ કળશની ઠીકરીની જાડાઈ ૧૦૦૦ યોજનની છે.

પ્રથમ નરક પૃથ્વીના નરકાવાસના નારકી જે પાતાળ કળશની ઠીકરીને અડીને રહ્યા હોય અને તે મરીને પાતાળ કળશમાં બીજા ત્રિભાગના જળમાં મત્સ્ય રૂપે ઉત્પન્ન થાય ત્યારે તેના નરક ભવના આયુષ્યના અંતે મારણાંતિક સમુદ્‌ઘાત કરીને પોતાના આત્મપ્રદેશોને પાતાળ કળશના અંદર સુધી લંબાવે, ત્યારે પાતાળ કળશની ઠીકરીના ૧૦૦૦ યોજન અને તેની અંદરના ઉત્પત્તિ સ્થાન સુધીની ગણના કરતાં તેના તૈજસ શરીરની અવગાહના જઘન્ય સાધિક ૧૦૦૦ યોજનની થાય છે.

નારકી મરીને મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચમાં જ ઉત્પન્ન થાય છે. તેનું નિકટતમ ઉત્પત્તિ સ્થાન પાતાળ કળશ જ છે, તેથી તેની જઘન્ય અવગાહના સાધિક ૧૦૦૦ યોજનની થાય છે તેનાથી ઓછી થતી નથી.

નારકીના તૈજસ શરીરની ઉત્કૃષ્ટ અવગાહના નીચે સાતમી નરક પૃથ્વીથી તિરછી દિશામાં સ્વયંભૂરમણ સમુદ્ર પર્યંત અને ઊર્ધ્વ દિશામાં પંડગવનની વાવડી પર્યંત છે. સાતમી નરકનો નારકી મરીને તે તે સ્થાનમાં જલચર રૂપે ઉત્પન્ન થાય, તો તેના તૈજસ શરીરની અવગાહના તેટલી થાય છે.

**તિર્યંચ પંચેન્દ્રિયના તૈજસ શરીરની અવગાહના :–** તિર્યંચ પંચેન્દ્રિયો પણ લોકાંતે હોતા નથી, મધ્યલોકમાં હોય છે અને ત્યાંથી કોઈ પણ દિશા કે વિદિશામાં લોકાંતે એકેન્દ્રિયપણે ઉત્પન્ન થઈ શકે છે, તેથી તેના તૈજસ શરીરની ઉત્કૃષ્ટ અવગાહના વિકલેન્દ્રિય જીવોની જેમ મારણાંતિક સમુદઘાતની અપેક્ષાએ તિરછા લોકથી લોકાંત સુધીની હોય છે.

**મનુષ્યના તૈજસ શરીરની અવગાહના :–** જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. જો તે મનુષ્ય પોતાના અત્યંત નિકટતમ સ્થાનમાં ઉત્પન્ન થાય, તો તેના તૈજસ શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની થાય છે અને ઉત્કૃષ્ટ અવગાહના સમયક્ષેત્રથી લોકાંત સુધીની હોય છે. મનુષ્યોનું સ્વસ્થાન સમયક્ષેત્ર– અઢીદ્વીપ ક્ષેત્ર છે. મનુષ્યો મૃત્યુ પામીને ઊર્ધ્વ, અધો કે તિરછા લોકાંતે એકેન્દ્રિયપણે ઉત્પન્ન થઈ શકે છે તેથી તેની ઉત્કૃષ્ટ અવગાહના સમયક્ષેત્રથી કોઈ પણ દિશા કે વિદિશામાં લોકાંત સુધીની થાય છે.

**ભવનપતિથી બીજા દેવલોક સુધીના દેવોના તૈજસ શરીરની અવગાહના :–** જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. ભવનપતિ આદિ દેવો મરીને પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં ઉત્પન્ન થઈ શકે છે. તે દેવો પોતાના જ આભૂષણોમાં પૃથ્વી રૂપે ઉત્પન્ન થાય, તો મારણાંતિક સમુદ્‌ઘાતની અપેક્ષાએ તેના તૈજસ શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની થાય છે.

ભવનપતિ આદિ દેવો કોઈ પણ પ્રયોજનવશ ત્રીજી નરકપૃથ્વીના નીચેના ચરમાંત સુધી ગયા હોય અને ત્યાં જ તેનું આયુષ્ય પૂર્ણ થઈ જાય અને તે દેવો મરીને સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકાના અંત ભાગમાં કે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના અંત ભાગમાં; બાદર પૃથ્વીપણે ઉત્પન્ન થાય, તો તેની ઉત્કૃષ્ટ અવગાહના ત્રીજી નરકપૃથ્વીથી તિરછી સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકાના અંત ભાગ સુધી અને ઊર્ધ્વ દિશામાં ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધી થાય છે. ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીથી ઉપર દેવોને યોગ્ય બાદર પૃથ્વી આદિના સ્થાન ન હોવાથી તે દેવોની ઉત્કૃષ્ટ અવગાહના ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી સુધીની જ થાય છે.

**ત્રીજાથી આઠમા દેવલોકના દેવોના તૈજસ શરીરની અવગાહના :–** જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. ત્રીજાથી આઠમા દેવલોકના દેવો એકેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી. તે દેવો મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં જ ઉત્પન્ન થાય છે. તે દેવો મેરુપર્વતની વાવડી આદિમાં ક્રીડા માટે ગયા હોય, ત્યાં જ તેનું આયુષ્ય પૂર્ણ થઈ જાય અને તે જ વાવડીમાં તિર્યંચ પંચેન્દ્રિયપણે ઉત્પન્ન થાય, તો તેની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની થાય છે.

જો તે દેવ અન્ય દેવની નેશ્રાએ બારમા અચ્યુત દેવલોકમાં ગયા હોય, ત્યાં તેનું આયુષ્ય પૂર્ણ થાય અને તે દેવ મરીને નીચે પાતાળ કળશના બીજા ત્રિભાગમાં અથવા તિરછા સ્વયંભૂરમણ સમુદ્રમાં; તિર્યંચ પંચેન્દ્રિયપણે ઉત્પન્ન થાય, તો તેની ઉત્કૃષ્ટ અવગાહના ઊંચે બારમા દેવલોકથી લઈને નીચે પાતાળ કળશના બીજા ત્રિભાગ સુધી અને તિરછી સ્વયંભૂરમણ સમુદ્ર સુધી થાય છે.

**નવમાથી બારમા દેવલોકના દેવોના તૈજસ શરીરની અવગાહના :–** જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની છે. તે દેવ અવધિજ્ઞાનથી પોતાના આગામી ભવને જાણી પોતાના જન્મસ્થાન રૂપ સ્ત્રીની યોની ક્ષેત્રની શુદ્ધિ માટે પ્રવૃત્ત હોય અને તે સમયે જ દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને તે ગર્ભમાં મનુષ્ય રૂપે ઉત્પન્ન

થાય, તો મારણાંતિક સમુદ્ઘાતની અપેક્ષાએ તેના તૈજસ શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની થાય છે. (વ્યાખ્યામાં કોઈ સ્ત્રી સાથે કામક્રીડા કરતાં મૃત્યુ પામવાનું કથન છે પરંતુ તે દેવોને કાય પરિચારણા હોતી નથી.) નવમા, દશમા આદિ દેવલોકના દેવો અન્ય દેવોની નેશ્રાએ બારમા દેવલોકમાં ગયા હોય અને ત્યાં આયુષ્ય પૂર્ણ કરીને અધોલૌકિક ગ્રામમાં અથવા મનુષ્યક્ષેત્રના અંતિમ ભાગમાં મનુષ્ય રૂપે ઉત્પન્ન થાય, તો તેની ઉત્કૃષ્ટ અવગાહના ઉપર બારમા દેવલોકથી અધોદિશામાં અધોલૌકિક ગ્રામ સુધી અને તિરછી મનુષ્ય ક્ષેત્ર સુધીની થાય છે. બારમા દેવલોકના દેવોની તૈજસ શરીરની ઉત્કૃષ્ટ અવગાહના ઊંચે પોતાના વિમાનની ધ્વજા સુધીની હોય છે.

**નવગ્રૈવેયક અને અનુત્તર વિમાનના દેવોના તૈજસ શરીરની અવગાહના :–** જઘન્ય અવગાહના પોતાના સ્થાનથી વિદ્યાધરની શ્રેણી સુધીની હોય છે. તે દેવો ઉત્તરવૈક્રિય શરીર બનાવીને મનુષ્ય ક્ષેત્રમાં આવતા નથી, તેથી તેની અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહના થતી નથી. તે દેવો વૈતાઢય પર્વતની વિદ્યાધરની શ્રેણીમાં મનુષ્ય રૂપે ઉત્પન્ન થાય તો તેની જઘન્ય અવગાહના પોતાના સ્થાનથી વિદ્યાધરની શ્રેણી સુધીની થાય છે તેનાથી ઓછી થતી નથી અને જો તે દેવો નીચે અધોલૌકિક વિજયોમાં કે મનુષ્ય ક્ષેત્રમાં મનુષ્ય રૂપે ઉત્પન્ન થાય, તો ઉત્કૃષ્ટ અવગાહના તે પ્રમાણે થાય છે.

**તૈજસ શરીરની અવગાહના (૨૪ દંડકના જીવોમાં) :–**

| તૈજસ શરીરી જીવ | જઘન્ય અવગાહના | ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|---|
| સમુચ્ચય જીવ, પાંચ સ્થાવર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | એક લોકાંતથી બીજા લોકાંત સુધી |
| વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | તિર્યગ્લોકથી ઊર્ધ્વ કે અધોલોકાંત |
| મનુષ્ય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અઢીદ્વીપ ક્ષેત્રથી ઊર્ધ્વ કે અધોલોકાંત |
| નારકી | સાધિક ૧૦૦૦ યોજન | સાતમી નરક પૃથ્વીથી સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા સુધી તેમજ પંડગવનની વાવડી સુધી |
| ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી પહેલા બીજા દેવલોકના દેવો | અંગુલનો અસંખ્યાતમો ભાગ | નીચે ત્રીજી નરકના ચરમાંતથી તિરછી સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા, ઉપર ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી સુધી |
| ત્રીજાથી આઠમા દેવલોકના દેવો | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ઉપર બારમા દેવલોકથી તિરછી સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા, નીચે પાતાળ કળશના બીજા ત્રિભાગ સુધી |
| નવમાથી બારમા દેવલોકના દેવો | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ઉપર બારમા દેવલોકથી તિરછી મનુષ્ય ક્ષેત્ર, નીચે સલિલાવતી અને વપ્રા વિજય સુધી |
| નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર | સ્વસ્થાનથી વિદ્યાધરની શ્રેણી | સ્વસ્થાનથી તિરછે મનુષ્ય ક્ષેત્રના ચરમાંત સુધી, નીચે સલીલાવતી વિમાનના દેવો અને વ્રપા વિજય સુધી |

★ તૈજસ શરીરની અવગાહના મારણાંતિક સમુદ્ઘાતની અપેક્ષાએ છે.

★ દરેક જીવોના તૈજસ શરીરની અવગાહના જાડાઈ અને પહોળાઈમાં શરીર પ્રમાણ હોય છે અને લંબાઈમાં ઉપરોક્ત કોષ્ટક પ્રમાણે જાણવી.

**કાર્મણ શરીરના ભેદ-સંસ્થાન-અવગાહના :–**

**११० कम्मगसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते । तं जहा–**

**एगिंदिय-कम्मगसरीरे *जाव* पंचेंदिय कम्मगसरीरे एवं जहेव तेयगसरीरस्स भेओ, संठाणं, ओगाहणा य भणिया तहेव णिरवसेसं भाणियव्वं *जाव* अणुत्तरोववाइय त्ति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાર્મણ શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– એકેન્દ્રિય કાર્મણ શરીર ***યાવત્*** પંચેન્દ્રિય કાર્મણ શરીર. જે રીતે તૈજસ શરીરના ભેદ, સંસ્થાન અને અવગાહનાનું કથન છે, તે જ રીતે કાર્મણ શરીરના ભેદ, સંસ્થાનાદિનું કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

તૈજસશરીર અને કાર્મણશરીર સહચારી છે, બંનેનો અવિનાભાવી સંબંધ છે. જીવ જ્યારે સર્વ કર્મોથી મુક્ત થાય, ત્યારે જ તૈજસ-કાર્મણ બંને શરીર એક સાથે છૂટે છે. તેથી બંને શરીરના ભેદ, સંસ્થાન અને અવગાહના એક સમાન છે.

**પુદ્ગલ–ચયન દ્વાર :–**

**૧૧૧ ओरालियसरीरस्स णं भंते ! कइदिसिं पोग्गला चिज्जंति ? गोयमा ! णिव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं सिय चउदिसिं सिय पंचदिसिं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઔદારિક શરીરના પુદ્ગલોનો ચય કેટલી દિશામાંથી થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નિર્વ્યાઘાતની અપેક્ષાએ છ દિશામાંથી અને વ્યાઘાતની અપેક્ષાએ કદાચિત્ ત્રણ દિશામાંથી, કદાચિત્ ચાર દિશામાંથી અને કદાચિત્ પાંચ દિશામાંથી પુદ્ગલો એકઠા(ચય) થાય છે.

**૧૧૨ वेउव्वियसरीरस्स णं भंते ! कइदिसिं पोग्गला चिज्जंति ? गोयमा ! णियमा छद्दिसिं । एवं आहारगसरीरस्स वि । तेया-कम्मगाणं जहा ओरालियसरीरस्स।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈક્રિય શરીરના પુદ્ગલોનો ચય કેટલી દિશામાંથી થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નિયમા છ દિશામાંથી પુદ્ગલોનો ચય થાય છે. આ જ રીતે આહારકશરીર માટે પણ નિયમા છ દિશામાંથી પુદ્ગલોનો ચય થાય છે. તૈજસ અને કાર્મણ શરીરના પુદ્ગલોનો ચય ઔદારિકશરીરની જેમ ત્રણ, ચાર, પાંચ કે છ દિશામાંથી થાય છે.

**૧૧૩ ओरालियसरीरस्स णं भंते ! कइदिसिं पोग्गला उवचिज्जंति ? गोयमा ! एवं चेव *जाव* कम्मगसरीरस्स । एवं जहा उवचिज्जंति तहेव अवचिज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઔદારિકશરીરના પુદ્ગલોનો ઉપચય કેટલી દિશામાંથી થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચય પ્રમાણે જ ઉપચય ***યાવત્*** કાર્મણશરીર સુધી જાણવું જોઈએ. ઔદારિકાદિ શરીરોના પુદ્ગલોના ઉપચયની જેમ તેનો અપચય પણ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ શરીર યોગ્ય પુદ્ગલોના ચય, ઉપચય અને અપચય સંબંધી વિચારણા છે.

**ચય-ઉપચય અને અપચય :–** ચય=પુદ્ગલોનું સંચિત થવું, એકત્રિત થવું, એકઠા થવું, ઉપચય= પ્રચુર માત્રામાં સંચિત થવું, એકઠું થવું, વધવું અને અપચય=પુદ્ગલોનો હ્રાસ થવો, ઘટવું અથવા દૂર થવું.

જે જીવો લોકાંત સિવાયના લોકક્ષેત્રમાં હોય તે જીવોને એક પણ દિશામાં અલોકનો વ્યાઘાત થતો નથી, તેથી તે જીવો નિર્વ્યાઘાતની અપેક્ષાએ છએ દિશામાંથી પુદ્ગલો ગ્રહણ કરે છે અને જે જીવો લોકાંતે નિષ્કૂટોમાં હોય, તે જીવોની જેટલી દિશામાં અલોક આવે, તેટલી દિશામાંથી પુદ્ગલો ગ્રહણ કરી શકાતા નથી તેથી તે જીવોને અલોકના વ્યાઘાતની અપેક્ષાએ ત્રણ, ચાર કે પાંચ દિશામાંથી પુદ્ગલો ગ્રહણ થાય છે.

ઔદારિક, તૈજસ અને કાર્મણશરીરી જીવો સમગ્ર લોકમાં હોવાથી લોકાંતના નિષ્કૂટ-ખૂણાના પ્રદેશોમાં પણ હોય છે, ત્યાં તે ત્રણ શરીરી જીવો વ્યાઘાતની અપેક્ષાએ ત્રણ, ચાર કે પાંચ દિશામાંથી પુદ્ગલોનો ચય અને ઉપચય કરે છે અને આ ત્રણે શરીરી જીવો લોકના મધ્ય ભાગોના કોઈ પણ ક્ષેત્રમાં હોય, તો નિર્વ્યાઘાતની અપેક્ષાએ છ દિશામાંથી પુદ્ગલોનો ચય-ઉપચય કરે છે.

વૈક્રિય અને આહારક શરીરી જીવો લોકાંત પ્રદેશોમાં હોતા નથી, તેથી તે જીવોને કોઈ દિશામાં અલોકનો વ્યાઘાત ન હોવાથી છ દિશામાંથી પુદ્ગલોનો ચય-ઉપચય કરે છે.

જે જીવ જેટલી દિશામાંથી પુદ્ગલો ગ્રહણ કરે, તેટલી દિશામાં જ તેના પુદ્ગલો વિખેરાય છે, તેથી ચય-ઉપચયની જેમ જ અપચય પણ વ્યાઘાત આશ્રી ત્રણ, ચાર કે પાંચ દિશામાં અને નિર્વ્યાઘાત આશ્રી છએ દિશામાં થાય છે.

**શરીર સંયોગદ્વાર : પરસ્પર નિયમા ભજના :–**

**૧૧૪ जस्स णं भंते ! ओरालियसरीरं तस्स णं वेउव्वियसरीरं ? जस्स वेउव्वियसरीरं तस्स ओरालियसरीरं ?**

**गोयमा ! जस्स ओरालियसरीरं तस्स वेउव्वियसरीरं सिय अत्थि सिय णत्थि, जस्स वेउव्वियसरीरं तस्स ओरालियसरीरं सिय अत्थि सिय णत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવને ઔદારિક શરીર હોય છે, તેને શું વૈક્રિય શરીર હોય છે ? અને જેને વૈક્રિય શરીર હોય છે, તેને શું ઔદારિક શરીર હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેને ઔદારિક શરીર હોય છે, તેને વૈક્રિય શરીર કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતું નથી અને જેને વૈક્રિય શરીર હોય છે, તેને ઔદારિક શરીર કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતું નથી.

**૧૧૫ जस्स णं भंते ! ओरालियसरीरं तस्स आहारगसरीरं ? जस्स आहारगसरीरं तस्स ओरालियसरीरं ? गोयमा ! जस्स ओरालियसरीरं तस्स आहारगसरीरं सिय अत्थि सिय णत्थि, जस्स पुण आहारगसरीरं तस्स ओरालियसरीरं णियमा अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જેને ઔદારિક શરીર હોય છે, તેને શું આહારક શરીર હોય છે ? અને જેને આહારક શરીર હોય છે, તેને શું ઔદારિક હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેને ઔદારિક શરીર હોય છે તેને આહારક શરીર કદાચિત્ હોય છે અને

કદાચિત્ હોતું નથી, પરંતુ જેને આહારક શરીર હોય છે, તેને નિયમા ઔદારિક શરીર હોય છે.

**૧૧૬** **जस्स णं भंते ! ओरालियसरीरं तस्स तेयगसरीरं ? जस्स तेयगसरीरं तस्स ओरालिय-सरीरं ? गोयमा ! जस्स ओरालियसरीरं तस्स तेयगसरीरं णियमा अत्थि, जस्स पुण तेयगसरीरं तस्स ओरालियसरीरं सिय अत्थि सिय णत्थि । एवं कम्मगसरीरं पि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જેને ઔદારિક શરીર હોય છે તેને શું તૈજસ શરીર હોય છે ? અને જેને તૈજસ શરીર હોય છે, તેને શું ઔદારિક શરીર હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેને ઔદારિક શરીર હોય છે, તેને નિયમા તૈજસ શરીર હોય છે પરંતુ જેને તૈજસ શરીર હોય છે, તેને ઔદારિક શરીર કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતું નથી. આ જ રીતે ઔદારિક શરીર સાથે કાર્મણ શરીરનો સંયોગ પણ સમજી લેવો જોઈએ.

**૧૧૭** **जस्स णं भंते ! वेउव्वियसरीरं तस्स आहारगसरीरं ? जस्स आहारगसरीरं तस्स वेउव्वियसरीरं ?**

**गोयमा ! जस्स वेउव्वियसरीरं तस्साहारगसरीरं णत्थि, जस्स वि य आहारगसरीरं तस्स वि वेउव्वियसरीरं णत्थि । तेया-कम्माइं जहा ओरालिएण समं तहेव । आहारग-सरीरेण वि समं तेया-कम्माइं चारेयव्वाणि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જેને વૈક્રિય શરીર હોય છે, તેને શું આહારક શરીર હોય છે ? તથા જેને આહારક શરીર હોય છે, તેને શું વૈક્રિય શરીર હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેને વૈક્રિય શરીર હોય છે, તેને આહારક શરીર હોતું નથી અને જેને આહારક શરીર હોય છે, તેને વૈક્રિય શરીર હોતું નથી. જે રીતે ઔદારિક શરીર સાથે તૈજસ અને કાર્મણના સંયોગનું કથન કર્યું છે, તે જ રીતે વૈક્રિય અને આહારક શરીરની સાથે પણ તૈજસ-કાર્મણના સંયોગનું કથન કરવું જોઈએ.

**૧૧૮** **जस्स णं भंते ! तेयगसरीरं तस्स कम्मगसरीरं ? जस्स कम्मगसरीरं तस्स तेयगसरीरं ?**

**गोयमा ! जस्स तेयगसरीरं तस्स कम्मगसरीरं णियमा अत्थि, जस्स वि कम्मगसरीरं तस्स वि तेयगसरीरं णियमा अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જેને તૈજસ શરીર હોય છે, તેને શું કાર્મણ શરીર હોય છે ? જેને કાર્મણ શરીર હોય છે, તેને શું તૈજસ શરીર હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેને તૈજસ શરીર હોય છે, તેને કાર્મણ શરીર અવશ્ય હોય છે અને જેને કાર્મણ શરીર હોય છે, તેને અવશ્ય તૈજસ શરીર હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંયોગ દ્વારના માધ્યમે પાંચ શરીરોની પરસ્પર નિયમા-ભજનાનું કથન છે.

પાંચ શરીરમાંથી ઔદારિક, વૈક્રિય અને આહારક શરીર સ્થૂલ શરીર છે અને તૈજસ-કાર્મણ શરીર સૂક્ષ્મ છે. કોઈ પણ સ્થૂલ શરીર સાથે તૈજસ-કાર્મણ શરીર અવશ્ય હોય જ છે. આ સૂત્રોમાં સર્વ શરીરોની પરસ્પર વૈકલ્પિક વિચારણા છે.

**ઔદારિક શરીરનો** વૈક્રિય અને આહારક સાથે વૈકલ્પિક સંબંધ છે. મનુષ્ય અને તિર્યંચગતિના જીવોને જન્મથી ઔદારિક શરીર હોય છે. તે જીવોને વૈક્રિય અને આહારક શરીર લબ્ધિજન્ય હોય છે, તેથી જે જીવોને વૈક્રિય અને આહારક લબ્ધિ પ્રાપ્ત થઈ હોય, તે જીવો વૈક્રિય કે આહારક શરીર બનાવી શકે છે. અન્ય ઔદારિક શરીરી જીવોને વૈક્રિય કે આહારક શરીર હોતા નથી, તેથી ઔદારિક શરીરનો વૈક્રિય અને આહારક શરીર સાથે વૈકલ્પિક સંબંધ હોય છે અને તૈજસ કાર્મણ શરીર સાથે નિયમા સંબંધ છે.

**વૈક્રિય શરીરનો** ઔદારિક શરીર સાથે વૈકલ્પિક સંબંધ છે કારણ કે નારકી અને દેવોને જન્મથી જ વૈક્રિય શરીર હોય છે અને વૈક્રિય શરીર સાથે ઔદારિક શરીર નથી. મનુષ્ય અને તિર્યંચોમાં કોઈકને લબ્ધિજન્ય વૈક્રિયશરીર હોય છે, તેને ઔદારિક શરીર અવશ્ય હોય છે. વૈક્રિયશરીરનો આહારકશરીર સાથે સંબંધ હોતો નથી. મનુષ્યોને વૈક્રિય અને આહારક બંને લબ્ધિ એક સાથે હોય શકે છે, પરંતુ બંને લબ્ધિનો પ્રયોગ સાથે ન હોવાથી બંને શરીરો સાથે હોતા નથી. વૈક્રિય શરીરનો તૈજસ કાર્મણ શરીર સાથે નિયમતઃ સંબંધ છે.

**આહારક શરીરનો** ઔદારિકશરીર સાથે નિયમતઃ સંબંધ હોય છે, કારણ કે ચૌદ પૂર્વધર મુનિને જ આહારકલબ્ધિ પ્રગટ થાય છે, તેને ઔદારિક શરીર અવશ્ય હોય છે. આહારક શરીરનો વૈક્રિય શરીર સાથે સંબંધ હોતો નથી કારણ કે આ બંને શરીર સાથે થતા નથી. આહારક શરીરનો તૈજસ-કાર્મણ શરીર સાથે નિયમા સંબંધ છે.

**તૈજસ કાર્મણ શરીરનો** ત્રણે સ્થૂલ શરીર સાથે વૈકલ્પિક સંબંધ છે, કારણ કે જીવ જ્યારે એક ભવનું આયુષ્ય પૂર્ણ કરીને, સ્થૂલ શરીરને છોડીને પરભવમાં ઉત્પન્ન થવા માટે જતો હોય, ત્યારે વિગ્રહગતિમાં તૈજસ-કાર્મણ, આ બંને સૂક્ષ્મ શરીર જ હોય છે. ઔદારિક આદિ સ્થૂલ શરીર હોતા નથી, પરંતુ વિગ્રહગતિ સિવાયના અન્ય કોઈ પણ સમયે ઔદારિક આદિ ત્રણે સ્થૂલ શરીર સાથે તૈજસ-કાર્મણ શરીર અવશ્ય હોય છે.

તૈજસ-કાર્મણ શરીર પરસ્પર સહચારી છે તેથી તૈજસ શરીરનો કાર્મણ શરીર સાથે અને કાર્મણ શરીરનો તૈજસ શરીર સાથે નિયમા સંબંધ હોય છે.

**પાંચ શરીરોનો પરસ્પર સંબંધ :–**

| શરીર | ઔદારિક શરીર | વૈક્રિય શરીર | આહારક શરીર | તૈજસ-કાર્મણ શરીર |
|---|---|---|---|---|
| ૧. ઔદારિકનો | – | વૈકલ્પિક(ભજનાથી) | વૈકલ્પિક(ભજનાથી) | નિયમા |
| ૨. વૈક્રિયનો | વૈકલ્પિક(ભજનાથી) | – | × | નિયમા |
| ૩. આહારકનો | નિયમા | × | – | નિયમા |
| ૪. તૈજસ-કાર્મણનો | વૈકલ્પિક(ભજનાથી) | વૈકલ્પિક(ભજનાથી) | વૈકલ્પિક(ભજનાથી) | – |
| **સંકેત :** (–) = જે શરીરની પૃચ્છા છે તે સ્વયં. (×) = સંબંધ નથી એટલે તે બંને એકી સાથે હોતા નથી. | | | | |

**દ્રવ્ય-પ્રદેશની અપેક્ષાએ શરીરોનું અલ્પબહુત્વ :-**

**११९** एएसि णं भंते ! ओरालिय-वेउव्विय-आहारग-तेयग-कम्मसरीराणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?

गोयमा ! सव्वत्थोवा आहारगसरीरा दव्वट्ठयाए, वेउव्वियसरीरा दव्वट्ठयाए असंखेज्जगुणा, ओरालियसरीरा दव्वट्ठयाए असंखेज्जगुणा, तेयग-कम्मगसरीरा दो वि तुल्ला दव्वट्ठयाए अणंतगुणा;

पएसट्ठयाए– सव्वत्थोवा आहारगसरीरा पएसट्ठयाए, वेउव्वियसरीरा पएसट्ठयाए असंखेज्जगुणा, ओरालियसरीरा पएसट्ठयाए असंखेज्जगुणा, तेयगसरीरा पएसट्ठयाए अणंतगुणा, कम्मगसरीरा पएसट्ठयाए अणंतगुणा;

दव्वट्ठपएसट्ठयाए– सव्वत्थोवा आहारगसरीरा दव्वट्ठयाए, वेउव्वियसरीरा दव्वट्ठयाए असंखेज्जगुणा, ओरालियसरीरा दव्वट्ठयाए असंखेज्जगुणा, ओरालिय-सरीरेहिंतो दव्वट्ठयाए आहारगसरीरा पएसट्ठयाए अणंतगुणा, वेउव्वियसरीरा पएसट्ठयाए असंखेज्जगुणा, ओरालियसरीरा पएसट्ठयाए असंखेज्जगुणा, तेया-कम्मगसरीरा दो वि तुल्ला दव्वट्ठयाए अणंतगुणा, तेयगसरीरा पएसट्ठयाए अणंतगुणा, कम्मगसरीरा पएसट्ठयाए अणंतगुणा ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ, આ પાંચ શરીરોમાંથી દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ, તથા દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ કોણ, કોનાથી, અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! **દ્રવ્યની અપેક્ષાએ** સર્વથી થોડા આહારક શરીર છે. તેનાથી વૈક્રિય શરીર દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે. તેનાથી ઔદારિક શરીર દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે. તેનાથી તૈજસ અને કાર્મણ શરીર બંને તુલ્ય છે, પરંતુ ઔદારિક શરીરથી અનંતગુણા છે.

**પ્રદેશોની અપેક્ષાએ :–** સર્વથી થોડા આહારક શરીરના પ્રદેશો છે. તેનાથી પ્રદેશોની અપેક્ષાએ વૈક્રિય શરીર અસંખ્યાતગુણા છે. તેનાથી પ્રદેશોની અપેક્ષાએ ઔદારિક શરીર અસંખ્યાતગુણા છે. તેનાથી તૈજસ શરીર પ્રદેશોની અપેક્ષાએ અનંતગુણા છે. તેનાથી કાર્મણ શરીર પ્રદેશોની અપેક્ષાએ અનંતગુણા છે.

**દ્રવ્ય-પ્રદેશોની અપેક્ષાએ :–** સર્વથી થોડા દ્રવ્યની અપેક્ષાએ આહારક શરીર છે. તેનાથી વૈક્રિય શરીર દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે. તેનાથી ઔદારિક શરીર દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે. ઔદારિક શરીરોના દ્રવ્યથી આહારક શરીર પ્રદેશોની અપેક્ષાએ અનંતગુણા છે. તેનાથી વૈક્રિય શરીર પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે. તેનાથી ઔદારિક શરીર પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે. તૈજસ અને કાર્મણ બંને શરીર, દ્રવ્યની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે તથા ઔદારિક શરીરના પ્રદેશોથી અનંતગુણા છે. તેનાથી પ્રદેશોની અપેક્ષાએ તૈજસ શરીર અનંતગુણા છે. તેનાથી પ્રદેશોની અપેક્ષાએ કાર્મણ શરીર અનંતગુણા છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં પાંચ શરીરોના અલ્પબહુત્વની વિચારણા દ્રવ્યથી, પ્રદેશથી અને દ્રવ્ય-પ્રદેશથી કરી છે.

**દ્રવ્યની અપેક્ષાએ**– (૧) સર્વથી થોડા આહારક શરીર છે. આહારક શરીર ઉત્કૃષ્ટ અનેક હજાર હોય છે. (૨) તેનાથી વૈક્રિય શરીર અસંખ્યાતગુણા છે. કારણ કે સમસ્ત નારકી-દેવતાને તથા કેટલાક તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને બાદર વાયુકાયિકોને વૈક્રિય શરીર હોય છે. (૩) તેનાથી ઔદારિક શરીર અસંખ્યાતગુણા છે, કારણ કે એકેન્દ્રિયાદિ સમસ્ત તિર્યંચ અને મનુષ્યોને ઔદારિક શરીર હોય છે.(૪-૫) તેજસ અને કાર્મણ બંને શરીર સહચારી હોવાથી સંખ્યામાં સમાન છે, પરંતુ ઔદારિક શરીરથી અનંતગુણા છે. કારણ કે સૂક્ષ્મ અને બાદર નિગોદના જીવો અનંતાનંત છે, તેમાં અનંત જીવો વચ્ચે ઔદારિક શરીર તો એક જ હોય છે, પરંતુ તૈજસ-કાર્મણ શરીર સ્વતંત્ર હોય છે, તેથી ઔદારિક શરીર કરતાં તૈજસ-કાર્મણ શરીર અનંતગુણા છે. લોકમાં ઔદારિક શરીર અસંખ્યાત લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે અને તૈજસ-કાર્મણ શરીર અનંત લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે.

**પ્રદેશોની અપેક્ષાએ :**– સામાન્ય રીતે પાંચે શરીર ક્રમશઃ સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ વર્ગણાઓથી બનેલા હોય છે. ઔદારિક વર્ગણાથી વૈક્રિય વર્ગણા સૂક્ષ્મ હોય છે, તેમાં અનંત પરમાણુઓ અધિક હોય છે.

વૈક્રિય વર્ગણાથી આહારક વર્ગણા સૂક્ષ્મ હોય છે, તેથી એક ઔદારિક શરીરના પ્રદેશોથી એક વૈક્રિય શરીરના પ્રદેશો અનંતગુણા અધિક હોય, એક વૈક્રિય શરીરના પ્રદેશોથી એક આહારક શરીરના પ્રદેશો અનંતગુણા અધિક થાય છે પરંતુ પ્રસ્તુત પ્રસંગમાં લોકમાં રહેલા સમસ્ત ઔદારિક આદિ શરીરોના પ્રદેશોની અપેક્ષાએ અલ્પબહુત્વનું કથન હોવાથી સર્વથી થોડા આહારક શરીરના પ્રદેશો અલ્પ થાય છે.

(૧) સર્વથી થોડા આહારક શરીરોના પ્રદેશો છે કારણ કે આહારક શરીરની અવગાહના અને સંખ્યા લોકમાં અલ્પ જ હોય છે. (૨) તેનાથી વૈક્રિય શરીરોના પ્રદેશો અસંખ્યાતગુણા છે કારણ કે વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના એક લાખ યોજનની છે અને તે ચારે ગતિમાં હોય છે. આ રીતે અવગાહના અને સંખ્યા વધુ હોવાથી તેના પ્રદેશો આહારક શરીરોના પ્રદેશોથી અસંખ્યાતગુણા અધિક થાય છે. (૩) તેનાથી ઔદારિક શરીરોના પ્રદેશો અસંખ્યાતગુણા છે કારણ કે વૈક્રિય શરીરથી ઔદારિક શરીર અસંખ્યાતગુણા છે. વૈક્રિય શરીર અસંખ્યાત શ્રેણીના આકાશપ્રદેશ પ્રમાણ છે અને ઔદારિક શરીર અસંખ્યાત લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે, તેથી તેના પ્રદેશો અસંખ્યાત ગુણ અધિક છે. (૪) તેનાથી તૈજસ શરીરોના પ્રદેશો અનંતગુણા છે કારણ કે તે ઔદારિક શરીરથી અનંતગુણા છે. (૫) તેનાથી કાર્મણ શરીરોના પ્રદેશો અનંતગુણા છે. તૈજસ-કાર્મણ શરીર સંખ્યામાં એક સમાન છે તેમ છતાં તૈજસ વર્ગણાથી કાર્મણ વર્ગણા સૂક્ષ્મ છે તેથી તૈજસ શરીરના પ્રદેશોથી કાર્મણ શરીરના પ્રદેશો અનંતગુણા થાય છે.

**દ્રવ્ય પ્રદેશોની અપેક્ષાએ :**– (૧) દ્રવ્યની અપેક્ષાએ સર્વથી થોડા આહારક શરીર છે (૨) તેનાથી દ્રવ્યની અપેક્ષાએ વૈક્રિયશરીર અસંખ્યાતગુણા છે. (૩) તેનાથી દ્રવ્યની અપેક્ષાએ ઔદારિક શરીર અસંખ્યાતગુણા છે. (૪) તેનાથી આહારક શરીરના પ્રદેશો અનંતગુણા છે કારણ કે ઉપરોક્ત ત્રણે શરીર મળીને અસંખ્ય છે જ્યારે એક આહારક શરીરના પ્રદેશો અનંત છે. (૫) તેનાથી વૈક્રિય શરીરના પ્રદેશો અસંખ્યાતગુણા છે કારણ કે આહારક શરીરથી વૈક્રિય શરીર અસંખ્યાતગુણા છે, તેથી તેના પ્રદેશો વધુ થઈ જાય છે. (૬) તેનાથી ઔદારિક શરીર અસંખ્યાતગુણા હોવાથી તેના પ્રદેશો અસંખ્યાતગુણા છે. (૭-૮) તેનાથી દ્રવ્યની અપેક્ષાએ તૈજસ-કાર્મણ શરીર પરસ્પર તુલ્ય છે અને ઔદારિક શરીરના પ્રદેશોથી અનંતગુણા છે, કારણ કે અનંતાનંત સંસારી જીવોને તૈજસ-કાર્મણ શરીર હોય છે. (૯) તેનાથી તૈજસ શરીરના પ્રદેશો અનંતગુણા છે કારણ કે એક તૈજસ શરીરમાં અનંતાનંત પ્રદેશો હોય છે. (૧૦) તેનાથી કાર્મણ શરીરના પ્રદેશો અનંતગુણા છે કારણ કે કાર્મણ શરીર અત્યંત સૂક્ષ્મ છે તેથી તેના પ્રદેશો સંખ્યામાં અનંતગુણા વધી જાય છે.

**પાંચ શરીરોનું અલ્પબહુત્વ(દ્રવ્યની અપેક્ષાએ) :–**

| શરીર | પ્રમાણ | કારણ |
|---|---|---|
| ૧. આહારક | સર્વથી થોડા | એક સમયમાં અનેક હજાર હોય છે, મનુષ્યોને જ હોય છે. |
| ૨. વૈક્રિય | અસંખ્યાતગુણા | અસંખ્યાતા નારકી, દેવો, વાયુકાય અને કેટલાક સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્યોને હોય છે. |
| ૩. ઔદારિક | અસંખ્યાતગુણા | પાંચ સ્થાવરના અસંખ્ય શરીરો સમ્મિલિત છે. |
| ૪-૫ તૈજસ-કાર્મણ | અનંતગુણા | સર્વ સંસારી જીવોને તૈજસ-કાર્મણ શરીર સ્વતંત્ર હોવાથી |

**પાંચ શરીરોનું અલ્પબહુત્વ(પ્રદેશોની અપેક્ષાએ) :–**

| શરીર | પ્રમાણ | કારણ |
|---|---|---|
| ૧. આહારક | સર્વથી થોડા | તેની વર્ગણાઓ વૈક્રિય શરીરથી સૂક્ષ્મ હોવા છતાં અવગાહના અને સંખ્યા પ્રમાણ અલ્પ હોવાથી પ્રદેશો અલ્પ થાય છે. |
| ૨. વૈક્રિય | અસંખ્યાતગુણા | તેની સંખ્યા અસંખ્યાતગુણ અધિક હોવાથી પ્રદેશો અસંખ્યાતગુણા થાય છે. |
| ૩. ઔદારિક | અસંખ્યાતગુણા | સંખ્યા અસંખ્યાતગુણ અધિક હોવાથી પ્રદેશો અસંખ્યાતગુણા છે. |
| ૪. તૈજસ | અનંતગુણા | સંખ્યા અનંતગુણ અધિક હોવાથી પ્રદેશો અનંતગુણા છે. |
| ૫. કાર્મણ | અનંતગુણા | તૈજસ શરીરથી કાર્મણ શરીર અત્યંત સૂક્ષ્મ છે તેથી તેના પ્રદેશો અનંતગુણા થાય છે. |

**પાંચ શરીરોનું અલ્પબહુત્વ દ્રવ્ય–પ્રદેશની અપેક્ષાએ :–**

| શરીર | પ્રમાણ | કારણ |
|---|---|---|
| ૧. આહારક દ્રવ્યાપેક્ષયા | સર્વથી થોડા | એક સાથે અનેક હજાર હોય છે. |
| ૨. વૈક્રિય દ્રવ્યાપેક્ષયા | અસંખ્યાતગુણા | અસંખ્યાતા નારકી, દેવતા આદિ અસંખ્યાતા જીવોને હોય છે. |
| ૩. ઔદારિક દ્રવ્યાપેક્ષયા | અસંખ્યાતગુણા | પાંચ સ્થાવર જીવો સમ્મિલિત છે. |
| ૪. આહારક પ્રદેશાપેક્ષયા | અનંતગુણા | આહારક શરીર યોગ્ય એક વર્ગણામાં અભવી જીવોથી અનંતગુણા પ્રદેશો હોય છે. |
| ૫. વૈક્રિય પ્રદેશાપેક્ષયા | અસંખ્યાતગુણા | નારકી દેવતાની સંખ્યા અધિક છે. |
| ૬. ઔદારિક પ્રદેશાપેક્ષયા | અસંખ્યાતગુણા | એકેન્દ્રિયો સમ્મિલિત છે. |
| ૭–૮. તૈજસ-કાર્મણ દ્રવ્યાપેક્ષયા | અનંતગુણા | સમસ્ત સંસારી જીવોને હોય છે. |
| ૯. તૈજસ પ્રદેશાપ્રેક્ષયા | અનંતગુણા | એક તૈજસ શરીરમાં પણ અનંત પરમાણુથી યુક્ત અનંત વર્ગણા હોય છે. |
| ૧૦. કાર્મણ પ્રદેશાપ્રેક્ષયા | અનંતગુણા | પ્રદેશો અત્યંત સૂક્ષ્મ છે. |

**શરીરાવગાહના–અલ્પબહુત્વદ્વાર :–**

**१२०** एएसि णं भंते ! ओरालिय-वेउव्विय-आहारग-तेया-कम्मगसरीराणं जहण्णियाए

**ओगाहणाए उक्कोसियाए ओगाहणाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा ओरालियसरीरस्स जहण्णिया ओगाहणा, तेयाकम्मगाणं दोण्ह वि तुल्ला जहण्णिया ओगाहणा विसेसाहिया, वेउव्वियसरीरस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा, आहारगसरीरस्स जहण्णिया ओगाहणा असंखेज्ज गुणा; उक्कोसियाए ओगाहणाए– सव्वत्थोवा आहारगसरीरस्स उक्कोसिया ओगाहणा, ओरालियसरीरस्स उक्कोसिया ओगाहणा संखेज्जगुणा, वेउव्वियसरीरस्स उक्कोसिया ओगाहणा संखेज्जगुणा, तेया-कम्मगाणं दोण्ह वि तुल्ला उक्कोसिया ओगाहणा असंखेज्जगुणा; जहण्णुक्कोसियाए ओगाहणाए– सव्वत्थोवा ओरालियसरीरस्स जहण्णिया ओगाहणा, तेया-कम्मगाणं दोण्ह वि तुल्ला जहण्णिया ओगाहणा विसेसाहिया, वेउव्वियसरीरस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा, आहारग-सरीरस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा, आहारगसरीस्स जहण्णियाहिंतो ओगाहणाहिंतो तस्स चेव उक्कोसिया ओगाहणा विसेसाहिया, ओरालियसरीरस्स उक्कोसिया ओगाहणा संखेज्जगुणा, वेउव्वियसरीरस्स णं उक्कोसिया ओगाहणा संखेज्जगुणा, तेया-कम्मगाणं दोण्ह वि तुल्ला उक्कोसिया ओगाहणा असंखेज्जगुणा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ આ પાંચ શરીરોમાંથી જઘન્ય અવગાહના, ઉત્કૃષ્ટ અવગાહના, જઘન્યોત્કૃષ્ટ(બંને સાથે) અવગાહનાની દષ્ટિએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! **જઘન્ય અવગાહનાની દષ્ટિએ**–સર્વથી અલ્પ ઔદારિક શરીરની જઘન્ય અવગાહના છે. તેનાથી તૈજસ અને કાર્મણ બંને શરીરોની જઘન્ય અવગાહના વિશેષાધિક છે અને તે બંને પરસ્પર તુલ્ય છે, તેનાથી વૈક્રિયની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી છે. તેનાથી આહારક શરીરની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી છે.

**ઉત્કૃષ્ટ અવગાહનાની દષ્ટિએ :–** સર્વથી અલ્પ આહારક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના છે. તેનાથી ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાતગુણી છે. તેનાથી વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાતગુણી છે. તેનાથી તૈજસ અને કાર્મણ, બંનેની ઉત્કૃષ્ટ અવગાહના અસંખ્યાતગુણી અને પરસ્પર તુલ્ય છે.

**જઘન્યોત્કૃષ્ટ અવગાહનાની દષ્ટિએ :–** સર્વથી અલ્પ ઔદારિક શરીરની જઘન્ય અવગાહના, તેનાથી તૈજસ-કાર્મણ, બંનેની જઘન્ય અવગાહના વિશેષાધિક અને પરસ્પર તુલ્ય છે. તેનાથી વૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી છે. તેનાથી આહારક શરીરની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી છે. તેનાથી આહારક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક છે. તેનાથી ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના

સંખ્યાતગુણી છે. તેનાથી વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાતગુણી છે. તેનાથી તૈજસ અને કાર્મણ બંનેની ઉત્કૃષ્ટ અવગાહના અસંખ્યાતગુણી છે અને પરસ્પર તુલ્ય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ શરીરોની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના સંબંધી અલ્પબહુત્વ છે.

**જઘન્ય અવગાહનાની દષ્ટિએ :–** (૧) સર્વથી થોડી ઔદારિકની જઘન્ય અવગાહના છે કારણ કે તે અંગુલના અસંખ્યાતમા ભાગની છે. (૨) તેનાથી તૈજસ-કાર્મણ શરીરની જઘન્ય અવગાહના વિશેષાધિક છે અને બંને પરસ્પર તુલ્ય છે. તૈજસ-કાર્મણ શરીરની અવગાહનાનું કથન મારણાંતિક સમુદ્‌ઘાતની અપેક્ષાએ છે. મારણાંતિક સમુદ્‌ઘાત સમયે આત્મ પ્રદેશોનો વિસ્તાર નવા ઉત્પત્તિ સ્થાન સુધી થાય છે. નવું ઉત્પત્તિ સ્થાન મૂળ શરીરથી અંગુલનો અસંખ્યાતમો ભાગ જ દૂર હોય ત્યારે તૈજસ-કાર્મણ શરીરની જઘન્ય અવગાહના થાય છે અને તે ઔદારિક શરીરની જઘન્ય અવગાહનાથી વિશેષાધિક થાય છે. (૪) તેનાથી વૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોવા છતાં અસંખ્યાતગુણી છે, કારણ કે અંગુલના અસંખ્યાતમા ભાગના અસંખ્યાત ભેદ છે. (૫) તેનાથી આહારક શરીરની જઘન્ય અવગાહના અસંખ્યગુણી છે કારણ કે આહારક શરીરની જઘન્ય અવગાહના દેશોન એક હાથની છે.

**ઉત્કૃષ્ટ અવગાહનાની દષ્ટિએ :–** (૧) સર્વથી થોડી આહારક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના છે કારણ કે તે એક હાથ પ્રમાણ જ છે. (૨) તેનાથી ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજનની હોવાથી સંખ્યાતગુણી છે. (૩) તેનાથી વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના એક લાખ યોજનની હોવાથી સંખ્યાતગુણી છે. (૪-૫) તેનાથી તૈજસ-કાર્મણ શરીરની ઉત્કૃષ્ટ અવગાહના પરસ્પર તુલ્ય અને અસંખ્યાતગુણી છે કારણ કે તે ચૌદ રજ્જુ પ્રમાણ છે.

જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાનું સમ્મિલિત અલ્પબહુત્વ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**પાંચ શરીરોની જઘન્યોત્કૃષ્ટ અવગાહનાનું અલ્પબહુત્વ :–**

| | શરીર અવગાહના | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ઔદારિક–જઘન્ય | સર્વથી થોડી | અંગુલના અસંખ્યાતમા ભાગની છે. |
| ૨-૩ | તૈજસ-કાર્મણ-જઘન્ય (પરસ્પર તુલ્ય) | વિશેષાધિક | ઉત્પત્તિ સ્થાનના અંગુલના અસંખ્યાતમા ભાગ સિવાય સમુદ્‌ઘાત સમયે તૈજસ-કાર્મણ શરીરનો વિસ્તાર કંઈક અધિક થાય છે. |
| ૪ | વૈક્રિય-જઘન્ય | અસંખ્યાતગુણી | અંગુલ અસંખ્યાતમા ભાગના અસંખ્યાતા ભેદ છે. |
| ૫ | આહારક જઘન્ય | અસંખ્યાતગુણી | મૂઢા(દેશોન) હાથની છે. |
| ૬ | આહારક-ઉત્કૃષ્ટ | વિશેષાધિક | એક હાથ પ્રમાણ છે. |
| ૭ | ઔદારિક-ઉત્કૃષ્ટ | સંખ્યાતગુણી | એક હજાર યોજન પ્રમાણ છે. |
| ૮. | વૈક્રિય-ઉત્કૃષ્ટ | સંખ્યાતગુણી | એક લાખ યોજન પ્રમાણ છે. |
| ૯-૧૦ | તૈજસ-કાર્મણ-ઉત્કૃષ્ટ | અસંખ્યાતગુણી | મારણાંતિક સમુદ્‌ઘાતની અપેક્ષાએ ચૌદ રજ્જુ પ્રમાણ છે. |

**પાંચ શરીરમાં ભેદ આદિ સાત દ્વાર :–**

| ક્રમ | દ્વાર | ઔદારિક શરીર | વૈક્રિય શરીર | આહારક શરીર | તૈજસ શરીર | કાર્મણ શરીર |
|---|---|---|---|---|---|---|
| ૧ | વિધિ દ્વાર ભેદ–પ્રભેદ | ૪૯ ભેદ | ૧૧૯ ભેદ | ૧ ભેદ | ૧૬૧ ભેદ | ૧૬૧ ભેદ |
| ૨ | સંસ્થાન દ્વાર | ૬ સંસ્થાન | નારકી–હુંડ દેવ–સમુચતુરસ્ર ઉત્તર વૈક્રિય = ઈચ્છાનુસાર વાયુ–ધ્વજાપતાકા મનુષ્ય અને તિર્યંચ ઈચ્છાનુસાર | સમચતુરસ્ર | સ્થૂલ શરીર પ્રમાણે | સ્થૂલ શરીર પ્રમાણે |
| ૩ | અવાગહના દ્વાર | જઘ૦ અંગુલનો અસં૦ ભાગ ઉ૦ ૧૦૦૦ યોજન | જઘ૦ અંગુલનો અસં૦ ભાગ ઉ૦ એક લાખ યો૦ | જઘ૦ મૂઢાહાથ ઉ૦ એક હાથ | જઘ૦ અંગુલનો અસં૦ ભાગ ઉ૦ ૧૪ રજ્જૂ | તૈજસ શરીર પ્રમાણે |
| ૪ | પુદ્‌ગલચયન દ્વાર | ૩, ૪, ૫, ૬ દિશામાંથી | ૬ દિશામાંથી | ૬ દિશામાંથી | ૩, ૪, ૫, ૬ દિશામાંથી | ૩, ૪, ૫, ૬ દિશામાંથી |
| ૫ | શરીર સંયોગ દ્વાર | વૈક્રિય-આહારકની ભજના, તૈજસ કાર્મણની નિયમા | ઔદારિકની ભજના, આહારક નથી,તૈજસ કાર્મણની નિયમા | વૈક્રિય ન હોય ઔ૦ તૈજસ કાર્મણની નિયમા | ઔ૦ વૈ૦ આ. ની ભજના, કાર્મણની નિયમા | ઔ૦ વૈ૦ આ. ની ભજના, તૈજસની નિયમા |
| ૬ | અલ્પબહુત્વ (દ્રવ્યથી) | ૩ અસંખ્યાતગુણા | ૨ અસંખ્યાતગુણા | ૧ સર્વથી થોડા | ૪ અનંતગુણા | ૪ અનંતગુણા |
| | અલ્પબહુત્વ (પ્રદેશથી) | ૩ અસંખ્યાતગુણા | ૨ અસંખ્યાતગુણા | ૧ સર્વથી થોડા | ૪ અનંતગુણા | ૫ અનંતગુણા |
| ૭ | અલ્પબહુત્વ જ૦ અવગાહના | ૧ સર્વથી થોડી | ૩ અસંખ્યાતગુણી | ૪ અસંખ્યાતગુણી | ૨ અસંખ્યાતગુણી | ૨ અસંખ્યાતગુણી |
| | અલ્પબહુત્વ ઉ૦ અવગાહના | ૨ સંખ્યાતગુણી | ૩ સંખ્યાતગુણી | ૧ સર્વથી થોડી | ૪ અસંખ્યાતગુણી | ૪ અસંખ્યાતગુણી |

**।। એકવીસમું પદ સંપૂર્ણ ।।**

# બાવીસમું પદ

## પરિચય

આ પદનું નામ **ક્રિયાપદ** છે. આ પદમાં વિવિધ દષ્ટિકોણથી ક્રિયાઓનું ગંભીર ચિંતન પ્રગટ કરવામાં આવ્યું છે.

**ક્રિયા :–** કષાય અને યોગજન્ય પ્રવૃત્તિને ક્રિયા કહે છે, ક્રિયાથી કર્મબંધ અને કર્મબંધથી સંસાર પરિભ્રમણ થાય છે. આ રીતે જીવના ભવભ્રમણમાં ક્રિયા મુખ્ય કારણ હોવાથી અધ્યાત્મ સાધનામાં ક્રિયા વિષયક જ્ઞાન તથા તેનો ત્યાગ અત્યંત જરૂરી છે, તેથી જ અનેક આગમોમાં ક્રિયા સંબંધી અનેક પ્રકારે વર્ણન પ્રાપ્ત થાય છે.

શ્રી સ્થાનાંગ સૂત્રના બીજા સ્થાનમાં બે-બેના કથન પૂર્વક ૨૪ ક્રિયાઓનું સંકલન છે. પાંચમા સ્થાનમાં પાંચ-પાંચના કથન પૂર્વક ૨૫ ક્રિયાઓનો ઉલ્લેખ છે. શ્રી સૂયગડાંગ સૂત્રમાં ૧૩ ક્રિયાઓનું કથન છે. શ્રી ભગવતી સૂત્રમાં સાંપરાયિક અને ઈરિયાપથિક, આ બે ક્રિયાનું વર્ણન છે. પ્રસ્તુત પદમાં સૂત્રકારે બે પ્રકારે પાંચ-પાંચ ક્રિયાનું અર્થાત્ દશ ક્રિયાનું વર્ણન કર્યું છે.

**કાયિકી આદિ પાંચ ક્રિયા :–** જીવ હિંસાની અપેક્ષાએ ક્રિયાના પાંચ પ્રકાર છે– (૧) શરીરજન્ય ક્રિયા તે કાયિકી ક્રિયા (૨) પાપકારી સાધનજન્ય ક્રિયા તે અધિકરણિકી ક્રિયા (૩) કષાયજન્ય ક્રિયા તે પ્રાદ્વેષિકી ક્રિયા (૪) પર પીડાજન્ય ક્રિયા તે પારિતાપનિકી ક્રિયા અને (૫) જીવ હિંસાજન્ય ક્રિયા તે પ્રાણાતિપાતિકી ક્રિયા.

**આ પાંચે ક્રિયાઓમાંથી પ્રથમની ત્રણ ક્રિયા ૨૪ દંડકમાં પ્રત્યેક સરાગી જીવોને નિરંતર લાગે છે.** અંતિમ બે ક્રિયા તદર્થક પ્રવૃત્તિ થાય ત્યારે લાગે છે. સરાગી જીવોને ઓછામાં ઓછી ત્રણ, ક્યારેક ચાર અને ક્યારેક પાંચ ક્રિયા હોય છે. વીતરાગ અવસ્થામાં જીવ અક્રિય હોય છે.

ક્રિયાની પરંપરા ભૂતકાલીન પણ હોય છે. પૂર્વજન્મના શરીરને વોસિરાવ્યા ન હોય અને તે શરીર કે શરીરના કોઈ પણ વિભાગ દ્વારા પાપ પ્રવૃત્તિ થતી રહે, તો વર્તમાનભવમાં પણ જીવને તત્સંબંધી ક્રિયા લાગે છે. સૂત્રકારે ૨૪ દંડકના જીવને પરસ્પર ૨૪ દંડકના જીવોથી લાગતી આ પાંચ ક્રિયાઓનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

**ક્રિયા નિમિત્તક પાપ અને તેનો વિષય :–** અઢાર પાપસ્થાનના પરિણામથી ક્રિયા થાય છે. છકાયના જીવો,પ્રાણાતિપાતનો વિષય છે. લોક-અલોકગત સમસ્ત દ્રવ્યો અને પર્યાયો, મૃષાવાદનો વિષય છે. ગ્રહણ–ધારણ કરવા યોગ્ય પદાર્થો, અદત્તાદાનનો વિષય છે. રૂપ અને રૂપ સહગત પદાર્થો તથા સ્ત્રીઓ, મૈથુનનો વિષય છે અને સર્વ દ્રવ્ય-પર્યાયો, પરિગ્રહનો વિષય છે.

**ક્રિયાનું સાહચર્ય :–** કાયિકી આદિ ત્રણ ક્રિયાને પરસ્પર અવિનાભાવ સંબંધ છે. એક ક્રિયા હોય, ત્યાં ત્રણ ક્રિયા અવશ્ય હોય છે. પારિતાપનિકી ક્રિયા હોય, ત્યાં ચાર ક્રિયા અવશ્ય હોય અને પાંચમી પ્રાણાતિપાત ક્રિયા વિકલ્પે હોય છે. **પ્રાણાતિપાત ક્રિયા હોય ત્યાં પૂર્વની ચારે ક્રિયાઓ અવશ્ય હોય છે.**

આ પાંચે ક્રિયા જીવને સંસારમાં જોડનારી હોવાથી તેને **આયોજિતા ક્રિયા** પણ કહે છે.

**ક્રિયાથી કર્મબંધ :–** પ્રત્યેક જીવ અઢાર પાપસ્થાનજન્ય પાંચ ક્રિયા કરતાં સાત અથવા આઠ કર્મનો બંધ કરે છે. અનેક જીવોની અપેક્ષાએ પાંચ સ્થાવર જીવોમાં એક ભંગ–અનેક જીવો સાત કર્મોને બાંધે છે અને અનેક

જીવો આઠ કર્મ બાંધે છે. શેષ ૧૯ દંડકના જીવોમાં ત્રણ ભંગ થાય. (૧) સર્વ જીવો સાત કર્મ બાંધે છે. (૨) અનેક જીવો સાતકર્મ બાંધે, એક જીવ આઠ કર્મ બાંધે છે. (૩) અનેક જીવો સાતકર્મ બાંધે, અનેક જીવો આઠ કર્મ બાંધે છે.

**આરંભિકી આદિ પાંચ ક્રિયા :–** (૧) જીવહિંસાથી થતી ક્રિયા તે આરંભિકી ક્રિયા. (૨)મૂર્ચ્છાભાવથી થતી ક્રિયા તે પારિગ્રહિકી ક્રિયા (૩) કષાયજન્ય ક્રિયા તે માયાપ્રત્યયા ક્રિયા. (૪) અવિરતિના પરિણામોથી થતી ક્રિયા તે અપ્રત્યાખ્યાન ક્રિયા (૫) મિથ્યાત્વજન્ય ક્રિયા તે મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા છે.

૨૪ દંડકના જીવોમાં પાંચે ક્રિયાઓ હોય છે. મિથ્યાદર્શન ક્રિયા પ્રથમ ત્રણ ગુણસ્થાન સુધી, અપ્રત્યાખ્યાન ક્રિયા પ્રથમ ચાર ગુણસ્થાન સુધી, પારિગ્રહિકી ક્રિયા પ્રથમ પાંચ ગુણસ્થાન સુધી, આરંભિકી ક્રિયા પ્રથમ છ ગુણસ્થાન સુધી અને માયાપ્રત્યયા ક્રિયા પ્રથમ દશ ગુણસ્થાન સુધી હોય છે.

૨૪ દંડકના જીવોમાં તે તે જીવોના ગુણસ્થાન અનુસાર ક્રિયાનો સદ્ભાવ જાણી શકાય છે. આ પાંચે ક્રિયાનો અભાવ જીવના અધ્યાત્મ વિકાસને સૂચિત કરે છે.

સૂત્રકારે પાંચે ક્રિયાના પરસ્પર સંબંધને સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવોની અપેક્ષાએ સ્પષ્ટ કર્યા છે.

**પાપસ્થાનથી વિરત અને કર્મબંધ :–** મનુષ્યને છોડીને શેષ ૨૩ દંડકના જીવો સર્વ પાપથી વિરત થઈ શકતા નથી. મનુષ્ય અઢાર પાપસ્થાનથી વિરત થાય, તો તે આઠ, સાત, છ અથવા એક કર્મ બાંધે છે અથવા તે જીવ અબંધક પણ હોય છે. સૂત્રમાં કર્મબંધના વિવિધ વિકલ્પોની અપેક્ષાએ તેના ૨૭ ભંગનું કથન કર્યું છે.

**પાપસ્થાનોથી વિરત જીવને ક્રિયા :–** આ પાંચે ક્રિયા પાપપ્રવૃત્તિના સેવનથી લાગે છે. મિથ્યાત્વી જીવને પાંચ ક્રિયા લાગે છે. મિથ્યાદર્શનશલ્યનો ત્યાગ થાય ત્યારે પ્રથમ ચાર ક્રિયાની ભજના થાય છે. પ્રાણાતિપાત આદિ સત્તર પાપસ્થાનથી વિરત જીવને આરંભિયા અને માયાવત્તિયા બે જ ક્રિયા ભજનાથી હોય છે. સમસ્ત સંસારી જીવોમાંથી મનુષ્યો અઢારે પાપથી વિરત થઈ શકે છે. નારકી, દેવતા અને તિર્યંચ પંચેન્દ્રિય એક મિથ્યાદર્શનશલ્યથી વિરત થઈ શકે છે. પાંચ સ્થાવર જીવો અને ત્રણ વિકલેન્દ્રિયો એક પણ પાપસ્થાનથી વિરત થઈ શકતા નથી, તેથી તેને પાંચે ક્રિયા અવશ્ય લાગે છે.

અંતમાં પાંચ ક્રિયાના અલ્પબહુત્વનું કથન છે. આ રીતે વિવિધ દષ્ટિકોણથી ક્રિયાના વિસ્તૃત વર્ણન સાથે ક્રિયાપદ પૂર્ણ થાય છે.

❖❖❖❖❖

# બાવીસમું પદ : ક્રિયા

**ક્રિયાના ભેદ-પ્રભેદ :–**

**१ कइ णं भंते ! किरियाओ पण्णत्ताओ ? गोयमा ! पंच किरियाओ पण्णत्ताओ, तं जहा– काइया, अहिगरणिया, पाओसिया, पारियावणिया, पाणाइवायकिरिया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્રિયાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ક્રિયાના પાંચ પ્રકાર છે, જેમ કે – (૧) કાયિકી ક્રિયા (૨) અધિકરણિકી ક્રિયા (૩) પ્રાદ્વેષિકી ક્રિયા (૪) પારિતાપનિકી ક્રિયા અને (૫) પ્રાણાતિપાતિકી ક્રિયા.

**२ काइया णं भंते ! किरिया कइविहा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा– अणुवरयकाइया य, दुप्पउत्तकाइया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાયિકી ક્રિયાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બે પ્રકાર છે, જેમ કે– અનુપરતકાયિકી ક્રિયા અને દુષ્પ્રયુક્તકાયિકી ક્રિયા.

**३ आहिगरणिया णं भंते ! किरिया कइविहा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा– संजोयणाहिगरणिया य णिव्वत्तणाहिगरणिया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધિકરણિકી ક્રિયાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બે પ્રકાર છે, જેમ કે– સંયોજનાધિકરણિકી ક્રિયા અને નિર્વર્ત્તનાધિકરણિકી ક્રિયા.

**४ पाओसिया णं भंते ! किरिया कइविहा पण्णत्ता ? गोयमा ! तिविहा पण्णत्ता, तं जहा– जेणं अप्पणो वा परस्स वा तदुभयस्स वा असुभं मणं संपधारेइ । से तं पाओसिया किरिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાદ્વેષિકી ક્રિયાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ પ્રકાર છે, જેમ કે– જેનાથી પોતાના પ્રતિ, બીજાના પ્રતિ અને સ્વ-પર બંને પ્રતિ અશુભ વિચારણા કરાય, તે ત્રિવિધ પ્રાદ્વેષિકી ક્રિયા છે.

**५ पारियावणिया णं भंते ! किरिया कइविहा पण्णत्ता ? गोयमा ! तिविहा पण्णत्ता, तं जहा– जे णं अप्पणो वा परस्स वा तदुभयस्स वा असायं वेदणं उदीरेति । से तं पारियावणिया किरिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પારિતાપનિકી ક્રિયાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ પ્રકાર છે, જેમ કે – જેનાથી સ્વને માટે, પરને માટે કે સ્વ-પર બંનેને માટે અશાતા(દુઃખરૂપ) વેદના ઉત્પન્ન કરાય તે ત્રિવિધ પારિતાપનિકી ક્રિયા છે.

**૬ पाणाइवायकिरिया णं भंते ! कइविहा पण्णत्ता ? गोयमा ! तिविहा पण्णत्ता, तं जहा– जे णं अप्पाणं वा परं वा तदुभयं वा जीवियाओ ववरोवेइ । से तं पाणाइवायकिरिया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાણાતિપાત ક્રિયાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ પ્રકાર છે, જેમ કે – પોતાને, બીજાને કે સ્વ-પર બંનેને જીવન રહિત કરી દેવા તે ત્રિવિધ પ્રાણાતિપાત ક્રિયા છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં ક્રિયાના ભેદ-પ્રભેદનું નિરૂપણ છે.

**ક્રિયા :–** જૈનદર્શનમાં ક્રિયા એટલે કરવું માત્ર નહીં પરંતુ કર્મબંધના કારણભૂત કાયિક, વાચિક કે માનસિક પ્રત્યેક ચેષ્ટાને ક્રિયા કહે છે. જ્યાં સુધી જીવ સક્રિય(ઉક્ત ક્રિયા સહિત) છે ત્યાં સુધી તેને અવશ્ય કર્મબંધ થાય છે.

**(૧) કાયિકી ક્રિયા :–** કાયાથી થતી ક્રિયા તે કાયિકી ક્રિયા છે. તેના બે ભેદ છે– **અનુપરત કાયિકી ક્રિયા–** પ્રાણાતિપાત આદિ પાપથી અવિરત જીવોની કાયિક પ્રવૃત્તિ. તે અવિરત જીવોને હોય છે અર્થાત્ પ્રથમ ચાર ગુણસ્થાન સુધી હોય છે. **દુષ્પ્રયુક્ત કાયિકી ક્રિયા–** પાપ પ્રવૃત્તિમાં પ્રયુક્ત કાયા દ્વારા લાગતી ક્રિયા અથવા અસાવધાનીથી પ્રયુક્ત શરીર દ્વારા લાગતી ક્રિયા. આ ક્રિયા પ્રમત્ત સંયત ગુણસ્થાન સુધી અર્થાત્ પ્રથમ છ ગુણસ્થાન સુધી હોય છે. છટ્ઠા ગુણસ્થાનના જીવો પાપ પ્રવૃત્તિથી વિરત હોવા છતાં પ્રમાદવશ તેની કાયા પણ દુષ્પ્રયુક્ત થઈ જાય છે.

**(૨) અધિકરણિકી ક્રિયા :–** તલવાર, ચક્રાદિ શસ્ત્રો અધિકરણ છે. તે અધિકરણોના નિમિત્તથી થતી ક્રિયા, તે અધિકરણિકી ક્રિયા છે. તેના બે ભેદ છે– **સંયોજનાધિકરણ ક્રિયા–** સંયોજન=જોડવું. શસ્ત્રોના જુદા-જુદા ભાગ ભેગા કરીને એક શસ્ત્ર કે યંત્ર બનાવવું. દા.ત. કુહાડીના પાનામાં લાકડાનો હાથો સંયુક્ત કરવો. **નિર્વર્તનાધિકરણ ક્રિયા–** નિર્વર્તન=રચના. તલવાર, ભાલા વગેરે શસ્ત્રોની રચના કરવી, નવા બનાવવા.

**(૩) પ્રાદ્વેષિકી ક્રિયા :–** પ્રદ્વેષ, મત્સર ભાવોના નિમિત્તથી થતી ક્રિયા, તે પ્રાદ્વેષિકી ક્રિયા છે. તેના ત્રણ ભેદ છે– **૧.** સ્વપ્રાદ્વેષિકી ક્રિયા– પોતાના માટે અશુભ ચિંતન કરવું. જેમ કે ક્યારેક પોતાના દુષ્કૃત્યનું દુષ્ટપરિણામ જાણીને વ્યક્તિ સ્વયં પોતાના પર દ્વેષ કરે. **૨.**પરપ્રાદ્વેષિકી– બીજા પર દ્વેષ કરવો, બીજા માટે અશુભ ચિંતન કરવું. **૩.** સ્વ-પર(તદુભય) પ્રાદ્વેષિકી– સ્વ-પર બંને ઉપર દ્વેષ કરવો, બંને માટે અશુભ ચિંતવના કરવી.

**(૪) પારિતાપનિકી ક્રિયા :–** પરિતાપના એટલે પીડા. પીડાના નિમિત્તે થયેલી,કરાયેલી ક્રિયા અથવા પરિતાપરૂપ ક્રિયા, તે પારિતાપનિકી ક્રિયા છે. તેના પણ ત્રણ ભેદ છે– **૧.** સ્વપારિતાપનિકી ક્રિયા– પોતાને અશાતા ઉત્પન્ન થાય, તેવી ક્રિયા કરવી તે. **૨.** પરપરિતાપનિકી ક્રિયા– બીજાને અશાતા ઉત્પન્ન થાય, તેવી ક્રિયા કરવી તે. **૩.** તદુભયપરિતાપનિકી ક્રિયા– પોતાને અને પરને અશાતા ઉત્પન્ન થાય,તેવી ક્રિયા કરવી.

પારિતાપનિકી ક્રિયાનો આધાર આશયની શુદ્ધિ કે અશુદ્ધિ છે. આર્તધ્યાન કે રૌદ્રધ્યાનના પરિણામ સહિત સ્વ કે પરને પીડા પહોંચાડવાથી પારિતાપનિકી ક્રિયા લાગે છે પરંતુ આત્મસાધનાના લક્ષે લોચ, વિહાર, આતાપના આદિ અનુષ્ઠાનોનું આચરણ કરતાં સ્વ કે પરને પીડા ઉત્પન્ન થાય, તો પણ આશયશુદ્ધિ હોવાથી પારિતાપનિકી ક્રિયા લાગતી નથી.

**(૫) પ્રાણાતિપાતિકી ક્રિયા–** ઇન્દ્રિયાદિ ૧૦ પ્રાણોમાંથી જેને જેટલા પ્રાણ હોય તે સર્વનો અતિપાત- વિનાશ કરવો તે પ્રાણાતિપાત છે. પ્રાણાતિપાત થાય તેવી ક્રિયા પ્રાણાતિપાતિકી ક્રિયા છે. તેના પણ ત્રણ પ્રકાર છે– **૧.** સ્વપ્રાણાતિપાતિકી ક્રિયા– આત્મહત્યા કરવી, **૨.** પરપ્રાણાતિપાતિકી ક્રિયા– દ્વેષવશ બીજાના જીવનનો નાશ કરવો તે. **૩.** તદુભયપ્રાણાતિપાતિકી ક્રિયા– પોતાના અને પરના જીવનનો નાશ કરવો તે.

ક્રિયા વિષયક વિસ્તૃત વિવેચન શ્રી સ્થાનાંગ સૂત્રમાં પણ પ્રાપ્ત થાય છે. કાયિકી આદિ ત્રણ ક્રિયાનું આ સ્વરૂપ સ્થૂલ દષ્ટિએ છે. સૂક્ષ્મ દષ્ટિએ આ ત્રણ ક્રિયા દશમા ગુણસ્થાન સુધીના પ્રત્યેક સરાગી જીવોને નિરંતર લાગે છે. સૂક્ષ્મ દષ્ટિકોણથી ત્રણ ક્રિયાનું સ્વરૂપ આ પ્રમાણે છે– (૧) સરાગી જીવોને શરીરના સદ્‌ભાવ માત્રથી કાયિકી ક્રિયા થાય છે. (૨) અશુભ અધ્યવસાયના સદ્‌ભાવથી અધિકરણી ક્રિયા થાય છે. (૩) કષાયના સદ્‌ભાવથી પ્રાદ્વેષિકી ક્રિયા લાગે છે.

**જીવોમાં સક્રિયત્વ અને અક્રિયત્વ :-**

**૭** **जीवा णं भंते ! किं सकिरिया अकिरिया ? गोयमा ! जीवा सकिरिया वि अकिरिया वि । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जीवा सकिरिया वि अकिरिया वि?**

**गोयमा ! जीवा दुविहा पण्णत्ता, तं जहा– संसारसमावण्णगा य असंसार- समावण्णगा य । तत्थ णं जे ते असंसारसमावण्णगा ते णं सिद्धा, सिद्धा णं अकिरिया । तत्थ णं जे ते संसारसमावण्णगा ते दुविहा पण्णत्ता, तं जहा– सेलेसि- पडिवण्णगा य असेलेसि-पडिवण्णगा य ।**

**तत्थ णं जे ते सेलेसिपडिवण्णगा ते णं अकिरिया । तत्थ णं जे ते असेलेसि- पडिवण्णगा ते णं सकिरिया । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– जीवा सकिरिया वि अकिरिया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવો સક્રિય છે કે અક્રિય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવો સક્રિય પણ છે અને અક્રિય પણ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જીવો સક્રિય પણ છે અને અક્રિય પણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવોના બે પ્રકાર છે, જેમ કે – સંસારસમાપન્નક અને અસંસારસમાપન્નક. તેમાં જે અસંસારસમાપન્નક છે, તે સિદ્ધ જીવો છે. સિદ્ધ જીવો અક્રિય હોય છે અને જે સંસારસમાપન્નક છે તેના બે પ્રકાર છે, જેમ કે– શૈલેશી પ્રતિપન્નક અને અશૈલેશી પ્રતિપન્નક.

તેમાંથી જે શૈલેશી પ્રતિપન્નક છે, તે અક્રિય છે અને જે અશૈલેશી પ્રતિપન્નક છે, તે સક્રિય છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે જીવ સક્રિય પણ છે અને અક્રિય પણ છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં સક્રિય અને અક્રિય જીવોનું નિરૂપણ છે.

**સક્રિય–** પૂર્વોક્ત પાંચ પ્રકારમાંથી કોઈ પણ ક્રિયાઓથી યુક્ત હોય તે. **અક્રિય–** સમસ્ત ક્રિયાઓથી રહિત હોય તે. જ્યાં સુધી મન, વચન કે કાયાના યોગની સૂક્ષ્મ કે સ્થૂલ પ્રવૃત્તિ ચાલુ હોય ત્યાં સુધી પ્રત્યેક સંસારી જીવ સક્રિય હોય છે.

જીવ યોગ નિરોધ કરીને જ્યારે શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થાય ત્યારે અક્રિય થાય છે ત્યાર પછી ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાનોમાં તથા સંસારથી સર્વથા મુક્ત સિદ્ધ અવસ્થામાં અનંતકાલ પર્યંત જીવ અક્રિય રહે છે.




**પ્રાણાતિપાતાદિ ક્રિયા તથા તેના વિષય :–**

**૮ अत्थि णं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ ? हंता गोयमा ! अत्थि ! कम्हि णं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ ? गोयमा ! छसु जीवणिकाएसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવોને પ્રાણાતિપાતથી (જીવ હિંસાથી) ક્રિયા લાગે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! જીવોને પ્રાણાતિપાતથી ક્રિયા લાગે છે

**પ્રશ્ન–** હે ભગવન્ ! જીવોને કયા વિષયમાં પ્રાણાતિપાતથી ક્રિયા લાગે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! છ જીવનિકાયના વિષયમાં પ્રાણાતિપાતથી ક્રિયા લાગે છે.

**૯ अत्थि णं भंते ! णेरइयाणं पाणाइवाएणं किरिया कज्जइ ? गोयमा ! एवं चेव । एवं** *जाव* **णिरंतरं वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકોને પ્રાણાતિપાતથી (જીવ હિંસાથી) ક્રિયા લાગે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! લાગે છે. આ જ રીતે નિરંતર વૈમાનિક સુધીના ૨૪ દંડકના જીવોને પ્રાણાતિપાત–જીવ હિંસાથી ક્રિયા લાગે છે.

**૧૦ अत्थि णं भंते ! जीवाणं मुसावाएणं किरिया कज्जइ ? हंता अत्थि । कम्हि णं भंते! जीवाणं मुसावाएणं किरिया कज्जइ ? गोयमा ! सव्वदव्वेसु । एवं णिरंतरं णेरइयाणं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવોને મૃષાવાદથી (અસત્ય ભાષણથી) ક્રિયા લાગે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! જીવોને મૃષાવાદથી ક્રિયા લાગે છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! કયા વિષયમાં જીવોને મૃષાવાદથી ક્રિયા

લાગે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! સર્વ દ્રવ્યોના વિષયમાં મૃષાવાદ–અસત્ય ભાષણથી ક્રિયા લાગે છે. આ જ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિક સુધીના જીવોને મૃષાવાદથી ક્રિયા લાગે છે.

**૧૧ अत्थि णं भंते ! जीवाणं अदिण्णादाणेणं किरिया कज्जइ ? हंता अत्थि । कम्हि णं भंते ! जीवाणं अदिण्णादाणेणं किरिया कज्जइ ? गोयमा ! गहण-धारणिज्जेसु दव्वेसु । एवं णेरइयाणं णिरंतरं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શું જીવોને અદત્તાદાનથી(અદત્તગ્રહણથી–ચોરીથી) ક્રિયા લાગે છે ? **ઉત્તર**– હા, ગૌતમ ! જીવોને અદત્તાદાનથી ક્રિયા લાગે છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! કયા વિષયમાં જીવોને અદત્તાદાનથી ક્રિયા લાગે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! ગ્રહણ અને ધારણ કરવા યોગ્ય દ્રવ્યોના વિષયમાં જીવોને અદત્તાદાનથી ક્રિયા લાગે છે.

આ જ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિક સુધીના જીવોને અદત્તાદાનથી ક્રિયા લાગે છે.

**૧૨ अत्थि णं भंते ! जीवाणं मेहुणेणं किरिया कज्जइ ? हंता ! अत्थि । कम्हि णं भंते! जीवाणं मेहुणेणं किरिया कज्जइ ? गोयमा ! रूवेसु वा रूवसहगएसु वा दव्वेसु ? एवं णेरइयाणं णिरंतरं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શું જીવોને મૈથુન(કુશીલ સેવન)થી ક્રિયા લાગે છે ? **ઉત્તર**– હા, ગૌતમ! જીવોને મૈથુનથી ક્રિયા લાગે છે.

**પ્રશ્ન**– હે ભગવન્ ! જીવોને કયા વિષયમાં મૈથુનથી ક્રિયા લાગે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! રૂપ કે રૂપસહગત(સ્ત્રી) આદિ દ્રવ્યોના વિષયમાં મૈથુનથી ક્રિયા લાગે છે. આ જ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધીના જીવોને મૈથુનથી ક્રિયા લાગે છે.

**૧૩ अत्थि णं भंते ! जीवाणं परिग्गहेणं किरिया कज्जइ ? हंता ! अत्थि । कम्हि णं भंते! जीवाणं परिग्गहेणं किरिया कज्जइ ? गोयमा ! सव्वदव्वेसु । एवं णेरइयाणं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શું જીવોને પરિગ્રહથી ક્રિયા લાગે છે ? **ઉત્તર**– હા ગૌતમ ! જીવોને પરિગ્રહથી ક્રિયા લાગે છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! કયા વિષયમાં જીવોને પરિગ્રહથી ક્રિયા લાગે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! સર્વ દ્રવ્યોના વિષયમાં પરિગ્રહથી ક્રિયા લાગે છે. આ જ રીતે નૈરયિકોથી લઈ વૈમાનિક સુધી કથન કરવું જોઈએ.

**૧૪ एवं कोहेणं माणेणं मायाए लोभेणं पेज्जेणं दोसेणं कलहेणं अब्भक्खाणेणं पेसुण्णेणं परपरिवाएणं अरइरईए मायामोसेणं मिच्छादंसण-सल्लेणं । सव्वेसु जीव-णेरइयभेएणं भाणियव्वा णिरंतरं** *जाव* **वेमाणियाणं ति । एवं अट्ठारस एए दंडगा ।**

**ભાવાર્થ :–** આ જ રીતે ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, રાગથી, દ્વેષથી, કલહથી, અભ્યાખ્યાનથી, પૈશુન્યથી, પરપરિવાદથી, અરતિ-રતિથી, માયામૃષાથી અને મિથ્યાદર્શનશલ્યથી સમુચ્ચય જીવો તથા

નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધીના ૨૪ દંડકના જીવોને ક્રિયા લાગે છે તે પ્રમાણે કથન કરવું જોઈએ. આ રીતે આ અઢાર પાપસ્થાનોના સેવનથી લાગતી ક્રિયાઓ સંબંધી આ અઢાર દંડક–આલાપક થાય છે.

**વિવેચન :–**

પૂર્વ સાતમા સૂત્રમાં જીવોની સક્રિયતા અક્રિયતાનું કથન છે અને ત્યાર પછીના આ(૮ થી ૧૪) સૂત્રોમાં તે ક્રિયાના કારણ રૂપે અઢાર પાપસ્થાનોનું કથન છે. તાત્પર્ય એ છે કે પૂર્વ સૂત્રોક્ત સક્રિય જીવોને ક્રિયા કેમ લાગે છે ? તેનું સમાધાન આ સૂત્રોમાં છે. સંસારના સમસ્ત જીવો અઢાર પાપમાંથી કોઈપણ પાપનું સેવન કરે ત્યારે તેને ક્રિયા લાગે છે. આ રીતે પ્રસ્તુત સૂત્રોમાં અઢાર પાપ સેવનથી ક્રિયા લાગવાનું સામાન્ય રીતે કથન છે અને તે ક્રિયાઓ કેટલી છે ? તે ક્રિયાઓથી કયા કર્મબંધ થાય છે ઇત્યાદિ વિશેષ નિરૂપણ આ પછીના(પંદરથી આગળના) સૂત્રોમાં છે.

**અઢાર પાપ અને તેના વિષય :–**

**(૧) પ્રાણાતિપાત :–** ઇન્દ્રિયાદિ દશ પ્રાણમાંથી જેને જેટલા પ્રાણ પ્રાપ્ત થયા હોય તેનો વિનાશ કરવો, તે પ્રાણાતિપાત છે. પ્રાણાતિપાતના કારણભૂત અધ્યવસાયનો વિષય ષટ્જીવનિકાય છે, કારણ કે મારવાનો અધ્યવસાય જીવ વિષયક જ હોય છે, અજીવ વિષયક થતો નથી. દોરી આદિમાં સર્પાદિની બુદ્ધિથી જે મારવાનો અધ્યવસાય થાય છે, તે પણ 'આ સાપ છે' આ બુદ્ધિથી પ્રવૃત્તિ થાય છે, તેથી તે જીવ વિષયક જ છે. આ રીતે પ્રાણાતિપાત ષટ્જીવનિકાયોમાં થાય છે.

**(૨) મૃષાવાદ :–** સત્નો અપલાપ અને અસત્નું પ્રરૂપણ કરવું, તે મૃષાવાદ છે. મૃષાવાદનો અધ્યવસાય લોકગત અને અલોકગત સર્વ દ્રવ્યોના વિષયમાં થાય છે.

**(૩) અદત્તાદાન :–** અદત્ત=અન્ય દ્વારા નહીં અપાયેલી વસ્તુને, આદાન=ગ્રહણ કરવી, તે અદત્તાદાન–ચોરી છે. અદત્તાદાન ગ્રહણ અને ધારણ યોગ્ય, આદાન-પ્રદાન યોગ્ય વસ્તુમાં થાય છે. ધર્માસ્તિકાય આદિ દ્રવ્યનું આદાન-પ્રદાન થતું નથી, તેથી તદ્વિષયક અદત્તાદાન થતું નથી, કારણ કે ચક્ષુગ્રાહ્ય પુદ્ગલ દ્રવ્યોનું જ આદાન-પ્રદાન થાય છે અને ધર્મસ્તાકાય આદિ ચક્ષુગ્રાહ્ય નથી, તેથી તેમાં અદત્તાદાન થતું નથી.

**(૪) મૈથુન :–** વેદ મોહના ઉદયે વિકાર ભાવોની પ્રાપ્તિ અને તે ભાવો યુક્ત પ્રક્રિયા તે મૈથુન છે. શબ્દાદિ પાંચે વિષયોમાં રૂપની પ્રધાનતા છે, તેથી મૈથુનનો વિષય રૂપ અને રૂપ સહિતના પદાર્થો તથા સ્ત્રી આદિ છે.

**(૫) પરિગ્રહ :–** પદાર્થોમાં મૂર્ચ્છા કે આસક્તિના ભાવોથી પદાર્થોનો સંગ્રહ તે પરિગ્રહ છે. લોભના ઉદયથી સમસ્ત પદાર્થોમાં પરિગ્રહભાવ થાય છે.

**પ્રાણાતિપાત આદિનો વિષય :–**

| પાપ | | વિષય | દંડક |
|---|---|---|---|
| ૧. | પ્રાણાતિપાત | છ જીવનિકાય | ૨૪ દંડકમાં જીવોને પાંચ ક્રિયા હોય |
| ૨. | મૃષાવાદ | લોકાલોકના સમસ્ત દ્રવ્યો–પર્યાયો | |
| ૩. | અદત્તાદાન | ગ્રહણ–ધારણ કરી શકાય તેવા દ્રવ્યો | |
| ૪. | મૈથુન | કાષ્ટ કર્મ આદિ રૂપવાન પદાર્થો(પુદ્ગલ દ્રવ્ય) તથા રૂપ સહગત સ્ત્રી આદિ | |
| ૫. | પરિગ્રહ | સર્વ દ્રવ્યો–પર્યાયો | |
| ૬–૧૮ | ક્રોધાદિ | સર્વ દ્રવ્યો–પર્યાયો | |

તે જ રીતે ક્રોધ, માન, માયા, લોભ આદિ અઢારે પાપસ્થાનના સેવનથી જીવોને ક્રિયા લાગે છે. સમુચ્ચય જીવો અને ચોવીસ દંડકના જીવો અઢારે પાપસ્થાનનું સેવન કરે, તે તે પરિણામો કરે, ત્યારે તે જીવોને ક્રિયા લાગે છે અને તેથી તે જીવો સક્રિય કહેવાય છે.

**અભ્યાખ્યાન** = અસદ્ દોષારોપણ; જેમ કે– ચોર ન હોય છતાં તેના પર ચોરીનો આક્ષેપ મૂકવો. **પૈશુન્ય** = પરોક્ષમાં ખોટા કે સાચા દોષો પ્રગટ કરવા, ચાડીચુગલી ખાવી. **પરપરિવાદ**= અનેક લોકો સમક્ષ બીજાના દોષોનું કથન કરવું. **માયામૃષા**= માયા સહિત ખોટું બોલવું. કોઈની સાથે ધૂર્તતા, છેતરપિંડી આદિ વ્યવહાર કરવો. **મિથ્યાદર્શનશલ્ય**= ખોટી શ્રદ્ધા, કુદેવ, કુગુરુ અને કુધર્મમાં શ્રદ્ધા રાખવી.

**अट्ठारस एए दंडगा :–** સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવોમાં પ્રાણાતિપાત સંબંધી પ્રશ્નોત્તર રૂપ એક આલાપક તેમજ મૃષાવાદ સંબંધી એક આલાપક થાય, તે રીતે અઢાર પાપસ્થાનોની અપેક્ષાએ અઢાર આલાપક થાય છે. આલાપક અને દંડક એ બંને શબ્દો આગમમાં પર્યાયવાચી શબ્દરૂપે વપરાય છે.

**ક્રિયાજન્ય કર્મ બંધ અને ભંગ :–**

**૧૫ जीवे णं भंते ! पाणाइवाएणं कइ कम्मपगडीओ बंधइ ? गोयमा ! सत्तविहबंधए वा अट्ठविहबंधए वा । एवं णेरइए** *जाव* **णिरंतरं वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક જીવ પ્રાણાતિપાતના અધ્યવસાયથી કેટલી કર્મપ્રકૃતિ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સાત અથવા આઠ કર્મપ્રકૃતિઓ બાંધે છે. આ જ રીતે નૈરયિકોથી લઈ વૈમાનિકદેવ સુધીના પ્રત્યેક જીવ પ્રાણાતિપાત(જીવહિંસા)થી સાત કે આઠ કર્મ બાંધે છે.

**૧૬ जीवा णं भंते ! पाणाइवाएणं कइ कम्मपगडीओ बंधंति ? गोयमा ! सत्तविहबंधगा वि अट्ठविहबंधगा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક જીવો પ્રાણાતિપાતના અધ્યવસાયથી કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક જીવો સાત કર્મપ્રકૃતિ પણ બાંધે છે અને કેટલાક આઠ કર્મપ્રકૃતિ પણ બાંધે છે.

**૧૭ णेरइया णं भंते ! पाणाइवाएणं कइ कम्मपगडीओ बंधंति ?**

**गोयमा ! सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगे य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य ।**

**एवं असुरकुमारा वि** *जाव* **थणियकुमारा । पुढवि-आउ-तेउ-वाउ-वणस्सइ-काइया य, एए सव्वे वि जहा ओहिया जीवा । अवसेसा जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો પ્રાણાતિપાતથી કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ક્યારેક બધા નૈરયિકો સાત કર્મબંધક હોય છે. ક્યારેક ઘણા નૈરયિકો સાત કર્મબંધક અને એક નૈરયિક આઠ કર્મબંધક હોય છે. ક્યારેક ઘણા નૈરયિકો સાત કર્મબંધક હોય અને ઘણા નૈરયિકો આઠ કર્મબંધક પણ હોય છે.

આ જ રીતે અસુરકુમારોથી લઈ સ્તનિતકુમારો સુધી દેવોમાં ત્રણ-ત્રણ ભંગ જાણવા જોઈએ.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાયિક જીવોના વિષયમાં સમુચ્ચય અનેક જીવોના કર્મ બંધની સમાન જાણવું જોઈએ અર્થાત્ ઘણા જીવો સાત કર્મ બંધક પણ હોય અને ઘણા જીવો આઠ કર્મ બંધક પણ હોય છે. શેષ વૈમાનિક સુધીના સમસ્ત જીવોના કર્મબંધના વિષયમાં નૈરયિકોની સમાન જાણવું જોઈએ.

**૧૮** **एवं एए जीवेगिंदियवज्जा तिण्णि तिण्णि भंगा सव्वत्थ भाणियव्वा त्ति जाव मिच्छादंसणसल्लेणं । एवं एगत्त-पोहत्तिया छत्तीसं दंडगा होंति ।**

**ભાવાર્થ:–** આ રીતે મૃષાવાદથી મિથ્યાદર્શનશલ્ય સુધીના પાપસ્થાનકોમાં સમુચ્ચય જીવો અને એકેન્દ્રિયોને છોડીને સર્વ દંડકના જીવોમાં કર્મબંધ સંબંધી ત્રણ-ત્રણ ભંગ કહેવા જોઈએ. જીવ અને એકેન્દ્રિયમાં એક જ ભંગ હોય છે. આ રીતે સર્વ મળીને ૧૮ પાપના એકવચન અને બહુવચનની અપેક્ષાએ છત્રીશ આલાપક થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રાણાતિપાતાદિ દ્વારા બંધાતા આઠ કર્મ સંબંધી નિરૂપણ છે.

**એક જીવની અપેક્ષાએ :–** ૨૪ દંડકના જીવોમાંથી કોઈ પણ એક જીવ પ્રાણાતિપાતની ક્રિયાથી એક સમયે સાત કે આઠ કર્મોનો બંધ કરે છે. જો આયુષ્ય કર્મનો બંધ થતો હોય, તો આઠ કમોર્નો બંધ અને આયુષ્યનો બંધ થતો ન હોય, તો સાત કર્મોનો બંધ થાય છે. એક જીવમાં કોઈ પણ એક જ વિકલ્પ હોય છે.

**અનેક જીવોની અપેક્ષાએ :–** સમુચ્ચય અનેક જીવોમાં કેટલાક જીવો સાત કર્મ બાંધે છે અને કેટલાક જીવો આઠ કર્મ બાંધે છે. સાત કર્મબંધક અને આઠ કર્મબંધક, બંને પ્રકારના જીવો હંમેશાં ઘણા હોય છે. તેથી સમુચ્ચય અનેક જીવોમાં આ એક જ વિકલ્પ થાય છે, અન્ય વિકલ્પો થતા નથી.

**પાંચ સ્થાવર જીવોમાં** પણ સાત કર્મબંધક અને આઠ કર્મબંધક બંને પ્રકારના જીવો હંમેશાં ઘણા હોવાથી તેમાં પણ સમુચ્ચય જીવની સમાન એક જ વિકલ્પ હોય છે, અન્ય વિકલ્પો થતા નથી.

**૧૯ દંડકના જીવોમાં** સાત કર્મબંધક જીવો હંમેશાં પ્રાપ્ત થાય છે તેથી તે શાશ્વત છે પરંતુ આયુષ્ય કર્મબંધક જીવો હંમેશાં પ્રાપ્ત થતા નથી, તેથી આઠ કર્મબંધક જીવો અશાશ્વત છે, તેથી અનેક નારકી આદિ ૧૯ દંડકના જીવોમાં શાશ્વત-અશાશ્વત જીવોના સંયોગથી કર્મબંધ સંબંધી ત્રણ ભંગ આ પ્રમાણે થાય છે–

(૧) જ્યારે એક પણ નારકી આયુષ્યનો બંધ કરતા ન હોય, ત્યારે સર્વ નારકી સાત કર્મબંધક હોય છે. (૨) જ્યારે એક નારકી આયુષ્ય બાંધતો હોય, ત્યારે અનેક નારકી જીવો સાત કર્મબંધક અને એક નારકી જીવ આઠ કર્મબંધક હોય છે. (૩) જ્યારે અનેક નારકી જીવો આયુષ્ય બાંધતા હોય, ત્યારે અનેક નારકીઓ સાત કર્મબંધક અને અનેક નારકીઓ આઠ કર્મબંધક હોય છે.

આ રીતે પાંચ સ્થાવરને છોડીને શેષ ૧૯ દંડકના અનેક જીવોમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે. સંક્ષેપમાં સમુચ્ચય એક જીવ અથવા ચોવીસ દંડકમાંથી કોઈ પણ એક જીવ સાત કે આઠ કર્મ બાંધે છે, તેમાં અન્ય વિકલ્પો થતાં નથી.

**બહુવચનથી**– સમુચ્ચય અનેક જીવો કે પાંચ સ્થાવર જીવોમાં (૧) ઘણા જીવો સાત કર્મ બાંધે છે અને ઘણા જીવો આઠ કર્મ બાંધે છે. તે એક જ ભંગ થાય છે. શેષ ૧૯ દંડકના જીવોમાં (૧) ક્યારેક સર્વ જીવો સાત કર્મ બાંધે છે. (૨) ક્યારેક ઘણા જીવો સાત કર્મ બાંધે છે અને એક જીવ આઠ કર્મ બાંધે છે. (૩) ક્યારેક ઘણા જીવો સાત કર્મ બાંધે છે અને ઘણા જીવો આઠ કર્મ બાંધે છે, આ ત્રણ ભંગ થાય છે.

**एगत्तपोहत्तिया छत्तीसं दंडगा** – પ્રાણાતિપાતથી મિથ્યાદર્શનશલ્ય સુધી અઢાર પાપસ્થાનકોના એકત્વ અને બહુત્વની વિવક્ષાથી બે-બે આલાપક થાય છે તેથી ૧૮ પાપસ્થાનના કુલ મળીને ૩૬ આલાપક થાય છે.

**પ્રથમ આલાપક** – પ્રાણાતિપાતના સેવનથી સમુચ્ચય એક જીવ સાત અથવા આઠ કર્મ બાંધે છે. તે જ રીતે પ્રાણાતિપાતના સેવનથી ૨૪ દંડકના પ્રત્યેક જીવ પણ સાત અથવા આઠ કર્મ બાંધે છે.

**બીજો આલાપક** – પ્રાણાતિપાતના સેવનથી સમુચ્ચય અનેક જીવો સાત અને આઠ કર્મ બાંધે છે. તે જ રીતે પાંચ સ્થાવરના અનેક જીવો પણ સાત અને આઠ કર્મ બાંધે છે. આ એક ભંગ થાય છે. શેષ ૧૯ દંડકના અનેક જીવોમાં સાત અને આઠ કર્મબંધ સંબંધી ત્રણ ભંગ થાય છે.

આ રીતે અઢારે પાપસ્થાનના સેવન સંબંધી એક અને અનેક જીવોની અપેક્ષાએ બે-બે આલાપક થતાં ૩૬ આલાપક થાય છે.

**છત્રીસમો આલાપક** – અઢારમા પાપસ્થાન–મિથ્યાત્વના સેવનથી સમુચ્ચય અનેક જીવો તથા પાંચ સ્થાવરના જીવોમાં સાત અને આઠ કર્મબંધ સંબંધી એક ભંગ હોય છે. ૧૯ દંડકમાં સાત અને આઠ કર્મબંધ સંબંધી ત્રણ ભંગ થાય છે. આ રીતે છત્રીસે ય આલાપકોમાં સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવો, તેમ ૨૫ બોલની પૃચ્છા છે.

**કર્મબંધ આશ્રિત ક્રિયા :–**

**૧૯ जीवे णं भंते ! णाणावरणिज्जं कम्मं बंधमाणे कइ किरिए ? गोयमा ! सिय तिकिरिए सिय चउ किरिए, सिय पंचकिरिए । एवं णेरइए *जाव* वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જ્ઞાનાવરણીયકર્મ બાંધતો એક જીવ કાયિકી આદિ પાંચમાંથી કેટલી ક્રિયાવાળો હોય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! કદાચિત્ ત્રણ ક્રિયા, કદાચિત્ ચાર ક્રિયા અને કદાચિત્ પાંચ ક્રિયાવાળો હોય છે. આ જ રીતે નૈરયિકથી વૈમાનિક સુધીના દરેક જીવનું કથન કરવું જોઈએ.

**૨૦ जीवा णं भंते ! णाणावरणिज्जं कम्मं बंधमाणा कइ किरिया ? गोयमा ! तिकिरिया वि चउकिरिया वि पंचकिरिया वि । एवं णेरइया णिरंतरं *जाव* वेमाणिया।**

**एवं दरिसणावरणिज्जं वेयणिज्जं मोहणिज्जं आउयं णामं गोयं अंतराइयं च अट्ठविहकम्मपगडीओ भाणियव्वाओ । एगत्त-पोहत्तिया सोलस दंडगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મને બાંધતા અનેક જીવો કેટલી ક્રિયાવાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ ક્રિયાવાળા, ચાર ક્રિયાવાળા અને પાંચ ક્રિયાવાળા પણ હોય છે. આ જ રીતે નૈરયિકથી વૈમાનિક સુધીના જીવોનું કથન કરવું જોઈએ.

જ્ઞાનાવરણીયકર્મની જેમ દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય, આ કુલ આઠ પ્રકારની કર્મપ્રકૃતિઓને બાંધતા એક જીવ કે અનેક જીવોના ક્રિયા વિષયક આલાપકો કહેવા જોઈએ. એકત્વ અને બહુત્વના આઠ કર્મની અપેક્ષાએ આઠ-આઠ આલાપક થવાથી કુલ મળીને સોળ આલાપક થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કર્મબંધ આશ્રિત ક્રિયાનું નિરૂપણ છે.

જીવોને ક્રિયા દ્વારા કર્મબંધ થાય છે. જ્ઞાનાવરણીયકર્મનો બંધ દશ ગુણસ્થાન સુધી થાય છે, ત્યાં સુધી તે જીવ સરાગી હોય છે, તેથી જ્ઞાનાવરણીયાદિ કર્મ બાંધતા જીવોને ઓછામાં ઓછી ત્રણ ક્રિયા લાગે છે. સરાગી જીવોને કોઈ પણ પ્રવૃત્તિ કે અવસ્થામાં આ ત્રણ ક્રિયા તો લાગે જ છે. જો તે ક્રિયા કરતાં અન્ય જીવોને પરિતાપ પહોંચે તો પારિતાપનિકી ક્રિયા સહિત ચાર અને તે ક્રિયા કરતાં અન્ય જીવો મૃત્યુ પામે તો પ્રાણાતિપાતિકી ક્રિયા સહિત પાંચ ક્રિયા લાગે છે.

જ્ઞાનાવરણીયાદિ કર્મ બંધક અનેક જીવોમાંથી દરેક જીવોની વૃત્તિ અને પ્રવૃત્તિ ભિન્ન ભિન્ન હોવાથી કેટલાક જીવો ત્રણ ક્રિયાવાળા, કેટલાક જીવો ચાર ક્રિયાવાળા અને કેટલાક જીવો પાંચ ક્રિયાવાળા હોય છે. આ રીતે **એકવચનથી–** સમુચ્ચય જીવ કે ૨૪ દંડકના પ્રત્યેક જીવને ત્રણ ક્રિયા, ચાર ક્રિયા અથવા પાંચ ક્રિયા લાગે છે. **બહુવચનથી–** સમુચ્ચય અનેક જીવો તથા ૨૪ દંડકના અનેક જીવો જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ બાંધતા કેટલાક જીવો ત્રણ ક્રિયાવાળા કેટલાક જીવો ચાર ક્રિયાવાળા અને કેટલાક જીવો પાંચ ક્રિયાવાળા હોય છે.

**सोलस दंडगा – સોળ આલાપક :–** જ્ઞાનાવરણીય આદિ પ્રત્યેક કર્મમાં એકત્વ અને બહુત્વના ભેદથી અર્થાત્ એક અને અનેક જીવોની અપેક્ષાએ બે-બે આલાપક થાય છે. આ રીતે એક કર્મમાં બે-બે આલાપક હોવાથી આઠ કર્મોના ૧૬ આલાપક થાય છે. તે દરેક આલાપકમાં સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવ એમ ૨૫ બોલોની પૃચ્છા થાય છે.

ઉપરોક્ત સર્વ કથન સરાગી જીવોની અપેક્ષાએ છે. સરાગી જીવને કોઈ પણ કર્મ બાંધતાં ઓછામાં ઓછી ત્રણ ક્રિયા, મધ્યમ ચાર ક્રિયા અને ઉત્કૃષ્ટ પાંચ ક્રિયા લાગે છે. ૧૧ થી ૧૩ ગુણસ્થાનવર્તી વીતરાગી જીવો એકમાત્ર વેદનીય કર્મ બાંધે છે અને વેદનીય કર્મ બાંધતા તે જીવોને પૂર્વોક્ત પાંચ ક્રિયામાંથી એક પણ ક્રિયા લાગતી નથી. કાયિકી આદિ પાંચ ક્રિયાઓની અપેક્ષાએ વીતરાગી જીવ અક્રિય હોય છે. ચૌદમા ગુણસ્થાનવર્તી વીતરાગી જીવ અયોગી હોવાથી તેને કોઈ પણ કર્મબંધ કે ક્રિયા હોતી નથી.

**એક અને અનેક જીવોને પરસ્પર થતી ક્રિયા :–**

**२१ जीवे णं भंते ! जीवाओ कइ किरिए ? गोयमा ! सिय तिकिरिए, सिय चउकिरिए, सिय पंचकिरिए सिय अकिरिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક જીવ, એક જીવની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે કદાચિત્ ત્રણ ક્રિયાવાળો, કદાચિત્ ચાર ક્રિયાવાળો, કદાચિત્ પાંચ ક્રિયાવાળો અને કદાચિત્ ક્રિયા રહિત પણ હોય છે.

**૨૨ जीवे णं भंते ! णेरइयाओ कइ किरिए ? गोयमा ! सिय तिकरिए, सिय चउकिरिए, सिय अकिरिए । एवं** *जाव* **थणियकुमाराओ ।**

**पुढविक्काइय-आउक्काइय-तेउक्काइय-वाउक्काइय-वणस्सइकाइय-बेइंदिय-तेइंदिय-चउरिंदिय-पंचिंदियतिरिक्खजोणिय-मणुस्साओ जहा जीवाओ ।**

**वाणमंतर-जोइसिय-वेमाणियाओ जहा णेरइयाओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક જીવ, એક નારકીની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ ત્રણ ક્રિયાવાળો, કદાચિત્ ચાર ક્રિયાવાળો અને કદાચિત્ અક્રિય હોય છે. આ રીતે ***યાવત્*** સ્તનિતકુમાર સુધીના દેવોની અપેક્ષાએ આલાપક કહેવા જોઈએ.

એક પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને એક મનુષ્યની અપેક્ષાએ ક્રિયા સંબંધી આલાપક, સમુચ્ચય એક જીવના આલાપકની જેમ કહેવા જોઈએ અર્થાત્ કદાચિત્ ત્રણ, ચાર કે પાંચ ક્રિયાવાળો અથવા અક્રિય હોય છે. એક વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવનો ક્રિયા સંબંધી આલાપક એક નૈરયિકની જેમ કહેવો જોઈએ અર્થાત્ કદાચિત્ ત્રણ કે ચાર ક્રિયાવાળો અથવા કદાચિત્ અક્રિય હોય છે. (આ એક જીવનો એક જીવ સાથે, પ્રથમ આલાપક પૂર્ણ થયો.)

**૨૩ जीवे णं भंते ! जीवेहिंतो कइ किरिए ? गोयमा ! सिय तिकरिए, सिय चउकिरिए, सिय पंचकिरिए, सिय अकिरिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક જીવ, અનેક જીવોની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે કદાચિત્ ત્રણ ક્રિયાવાળો, કદાચિત્ ચાર ક્રિયાવાળો, કદાચિત્ પાંચ ક્રિયાવાળો અને કદાચિત્ અક્રિય હોય છે.(સિદ્ધ અને વીતરાગી જીવ આ પાંચ ક્રિયાની અપેક્ષાએ અક્રિય હોય છે.)

**૨૪ जीवे णं भंते ! णेरइएहिंतो कइ किरिए ? गोयमा ! सिय तिकिरिए, सिय चउकिरिए, सिय अकिरिए । एवं जहेव पढमो दंडओ तहा एसो वि बिईओ भाणियव्वो।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક જીવ, અનેક નૈરયિકોની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ ત્રણ ક્રિયાવાળો, કદાચિત્ ચાર ક્રિયાવાળો અને કદાચિત્ અક્રિય હોય છે. આ પ્રમાણે જે રીતે પ્રથમ આલાપક છે, તે જ રીતે આ બીજો આલાપક પણ કહેવો જોઈએ. (આ એક જીવનો અનેક જીવો સાથે, બીજો આલાપક થયો.)

**૨૫ जीवा णं भंते ! जीवाओ कइ किरिया ? गोयमा ! सिय तिकिरिया वि, सिय चउकिरिया वि, सिय पंचकिरिया वि, सिय अकिरिया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક જીવો, એક જીવની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ ત્રણ ક્રિયાવાળા, કદાચિત્ ચાર ક્રિયાવાળા, કદાચિત્ પાંચ ક્રિયાવાળા અને કદાચિત્ અક્રિય–ક્રિયા રહિત પણ હોય છે.

**૨૬ जीवा णं भंते ! णेरइयाओ कइ किरिया ? गोयमा ! जहेव आइल्लदंडओ तहेव भाणियव्वो** *जाव* **वेमाणिय त्ति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક જીવો, એક નૈરયિકની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રથમ આલાપકની જેમ આ આલાપક પણ વૈમાનિક સુધી કહેવો જોઈએ. અર્થાત્ એક નૈરયિકની અપેક્ષાએ ઘણા સમુચ્ચય જીવો કદાચિત્ ત્રણ ક્રિયાવાળા, કદાચિત્ ચાર ક્રિયાવાળા અને કદાચિત્ અક્રિય પણ હોય છે. આ રીતે પ્રથમ આલાપકની જેમ ૨૪ દંડકનું કથન કરવું. (આ અનેક જીવોનો એક જીવ સાથે, ત્રીજો આલાપક થયો.)

**૨૭ जीवा णं भंते ! जीवेहिंतो कइ किरिया ? गोयमा ! तिकिरिया वि चउकिरिया वि पंचकिरिया वि अकिरिया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક જીવો, અનેક જીવોની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ ક્રિયાવાળા, ચાર ક્રિયાવાળા અને પાંચ ક્રિયાવાળા હોય તથા અક્રિય પણ હોય છે.

**૨૮ जीवा णं भंते ! णेरइएहिंतो कइ किरिया ? गोयमा ! तिकिरिया वि, चउकिरिया वि, अकिरिया वि । असुरकुमारेहिंतो वि एवं चेव** *जाव* **वेमाणिएहिंतो, णवरं– ओरालिय-सरीरेहिंतो जहा जीवेहिंतो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક જીવો, અનેક નૈરયિકોની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ ક્રિયાવાળા, ચાર ક્રિયાવાળા અને અક્રિય પણ હોય છે.

આ જ રીતે અસુરકુમારોથી વૈમાનિકો સુધીની અપેક્ષાએ સમુચ્ચય જીવોના ક્રિયા સંબંધી આલાપકનું કથન કરવું. વિશેષતા એ છે કે પૃથ્વીકાયિકથી લઈ મનુષ્ય સુધીના ઔદારિક શરીરી દસ દંડકના જીવોની અપેક્ષાએ ક્રિયા સંબંધી કથન સમુચ્ચય અનેક જીવો સાથેના કથનની જેમ કરવું જોઈએ. અર્થાત્ દેવતા સંબંધી કથન નારકીની સમાન છે અને ઔદારિકના દસ દંડક સંબંધી કથન સમુચ્ચય જીવોની સમાન છે. (અનેક જીવનો અનેક જીવો સાથેનો આ ચોથો આલાપક થયો.) [આ રીતે સમુચ્ચય જીવના ચાર આલાપક ૨૫ બોલ સાથે પૂર્ણ થયા.]

**૨૯ णेरइए णं भंते ! जीवाओ कइ किरिए ? गोयमा ! सिय तिकिरिए सिय चउकिरिए, सिय पंचकिरिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક, એક સમુચ્ચય જીવની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત ત્રણ ક્રિયાવાળો, કદાચિત્ ચાર ક્રિયાવાળો અને કદાચિત પાંચ ક્રિયાવાળો હોય છે.

**३० णेरइए णं भंते ! णेरइयाओ कइ किरिए ? गोयमा ! सिय तिकिरिए सिय चउकिरिए । एवं *जाव* वेमाणियाओ, णवरं– ओरालियसरीराओ जहा जीवाओ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક, એક નૈરયિકની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે કદાચિત ત્રણ ક્રિયાવાળો અને કદાચિત્ ચાર ક્રિયાવાળો હોય છે ***યાવત્*** વૈમાનિકો સુધી આ જ પ્રમાણે જાણવું, વિશેષતા એ છે કે ઔદારિક શરીરી દસ દંડકના જીવોની અપેક્ષાએ સમુચ્ચય જીવની જેમ ત્રણ, ચાર કે પાંચ ક્રિયા કહેવી જોઈએ. આ નૈરયિકનો એક આલાપક પૂર્ણ થયો.

**३१ णेरइए णं भंते ! जीवेहिंतो कइ किरिए ? गोयमा ! सिय तिकिरिए सिय चउकिरिए सिय पंचकिरिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક, અનેક જીવોની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ ત્રણ ક્રિયાવાળો, કદાચિત્ ચાર ક્રિયાવાળો અને કદાચિત્ પાંચ ક્રિયાવાળો હોય છે.

**३२ णेरइए णं भंते ! णेरइएहिंतो कइ किरिए ? गोयमा ! सिय तिकिरिए सिय चउकिरिए । एवं जहेव पढमो दंडओ तहा एसो वि बितिओ भाणियव्वो *जाव* वेमाणिएहिंतो, णवरं– णेरइयस्स णेरइएहिंतो देवेहिंतो य पंचमा किरिया णत्थि।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક, અનેક નૈરયિકોની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ ત્રણ ક્રિયાવાળો અને કદાચિત્ ચાર ક્રિયાવાળો હોય છે. આ જ પ્રમાણે પ્રથમ આલાપકની જેમ બીજો આલાપક પણ કહેવો જોઈએ.

આ જ રીતે વૈમાનિકદેવ સુધીના જીવોની અપેક્ષાએ આલાપક કહેવા જોઈએ. વિશેષતા એ છે કે એક નૈરયિકને અનેક નૈરયિકો કે અનેક દેવોની અપેક્ષાએ પાંચમી ક્રિયા હોતી નથી, કારણ કે તે જીવો નિરૂપક્રમી આયુષ્યવાળા હોય છે. (આ બીજો આલાપક થયો)

**३३ णेरइया णं भंते ! जीवाओ कइ किरिया ? गोयमा ! सिय तिकिरिया सिय चउकिरिया सिय पंचकिरिया । एवं *जाव* वेमाणियाओ, णवरं– णेरइयाओ देवाओ य पंचमा किरिया णत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો, એક સમુચ્ચય જીવની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ ત્રણ ક્રિયાવાળા, કદાચિત્ ચાર ક્રિયાવાળા અને કદાચિત્ પાંચ ક્રિયાવાળા હોય છે.

આ રીતે ***યાવત્*** એક વૈમાનિક દેવની અપેક્ષાએ ક્રિયા સંબંધી આલાપક કહેવો જોઈએ. વિશેષતા એ છે કે એક નૈરયિકને અન્ય નૈરયિક કે એક દેવની અપેક્ષાએ પાંચમી ક્રિયા હોતી નથી.(આ ત્રીજો આલાપક થયો.)

**૩૪ णेरइया णं भंते ! जीवेहिंतो कइ किरिया ? गोयमा ! तिकिरिया वि चउकिरिया वि पंचकिरिया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો, અનેક જીવોની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ ક્રિયાવાળા પણ હોય છે, ચાર ક્રિયાવાળા અને પાંચ ક્રિયાવાળા પણ હોય છે.

**૩૫ णेरइया णं भंते ! णेरइएहिंतो कइ किरिया ? गोयमा ! तिकिरिया वि चउकिरिया वि । एवं** *जाव* **वेमाणिएहिंतो, णवरं– ओरालियसरीरेहिंतो जहा जीवेहिंतो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો, અનેક નૈરયિકોની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ ક્રિયાવાળા પણ હોય છે અને ચાર ક્રિયાવાળા પણ હોય છે.

આ રીતે ***યાવત્*** અનેક વૈમાનિક દેવો સુધીના જીવોની અપેક્ષાએ ક્રિયા સંબંધી આલાપક કહેવો પરંતુ વિશેષતા એ છે કે ઔદારિકશરીરી દશ દંડકના જીવોનું કથન સમુચ્ચય જીવોની જેમ કરવું.(આ ચોથો આલાપક થયો.) [આ રીતે નૈરયિકના ચાર આલાપક પૂર્ણ થયા]

**૩૬ असुरकुमारे णं भंते ! जीवाओ कइ किरिए ?**

**गोयमा ! जहेव णेरइए चत्तारि दंडगा तहेव असुरकुमारेण वि चत्तारि दंडगा भाणियव्वा । एवं उवउंज्जिऊण भावेयव्वं ति । जीवे मणूसे य अकिरिए वुच्चइ, सेसा अकिरिया ण वुच्चंति, सव्वे जीवा ओरालियसरीरेहिंतो पंचकिरिया। णेरइय-देवेहिंतो य पंचकिरिया ण वुच्चंति ।**

**एवं एक्केक्कजीवपए चत्तारि-चत्तारि दंडगा भाणियव्वा । एवं एयं दंडग-सयं । सव्वे वि य जीवाइया दंडगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક અસુરકુમાર, એક સમુચ્ચય જીવની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જેવી રીતે નારકીના ચાર આલાપક કહ્યા છે, તેવી જ રીતે અસુરકુમારની અપેક્ષાએ પણ ચાર આલાપક કહેવા જોઈએ.

આ જ રીતે ઉપયોગ પૂર્વક જાણવું કે સમુચ્ચય એક જીવ અને એક મનુષ્ય જ અક્રિય થાય છે, શેષ કોઈ પણ જીવો અક્રિય થતા નથી. સર્વે ય જીવો, ઔદારિક શરીરી જીવોની અપેક્ષાએ જ પાંચ ક્રિયાવાળા હોય છે, નારકી અને દેવોની અપેક્ષાએ પાંચ ક્રિયાવાળા થતા નથી.

આ રીતે એક-એક જીવ પદમાં ચાર-ચાર આલાપક હોવાથી સમુચ્ચય જીવ અને ૨૪ દંડક, આ પચીસના કુલ મળીને ૪×૨૫=૧૦૦ આલાપક થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય એક અને અનેક જીવોને જીવોથી લાગતી ક્રિયાઓનું પ્રતિપાદન છે.

(૧) સમુચ્ચય એક જીવને સમુચ્ચય એક જીવથી કદાચિત્ ત્રણ, ચાર કે પાંચ ક્રિયા લાગે છે અથવા તે અક્રિય પણ હોય છે.

કોઈ પણ જીવ પોતાના સંસારના વ્યવહારમાં અન્ય જીવો સાથે સંપર્કમાં આવે તેમાં તેને ત્રણ, ચાર કે પાંચ ક્રિયા લાગે છે. તે જ રીતે ૨૪ દંડકના પ્રત્યેક જીવને અન્ય દંડકના જીવોની અપેક્ષાએ ક્રિયા લાગે છે. કેટલાક દંડકના જીવો વર્તમાન ભવમાં પરસ્પર સંબંધમાં આવતા નથી. જેમકે નારકીના જીવોને મનુષ્યાદિ સાથે વર્તમાન ભવમાં સંબંધ થતો નથી. તેમ છતાં સૂત્રકારે ૨૪ દંડકના જીવોને પરસ્પર ૨૪ દંડકના જીવો સાથેની ક્રિયાનું કથન કર્યું છે, તેથી સ્પષ્ટ થાય છે કે ક્રિયાની પરંપરા ભૂતકાલીન ભવોથી પણ સંબંધિત છે.

જે જીવે પૂર્વભવના શરીરનો સ્વેચ્છાથી ત્યાગ કર્યો ન હોય, શરીર અને સાધનોને વોસિરાવી દીધા ન હોય, તે જીવને તે ભૂતકાળના તે તે શરીર અને સાધનો સંબંધી ક્રિયા લાગે છે. પૂર્વભવના શરીરથી જે-જે પાપપ્રવૃત્તિ થાય, તેના હાડકાં આદિથી શસ્ત્ર, અસ્ત્ર આદિ અધિકરણો બને, તે સંબંધી જીવને યથા સંભવ પાંચે ક્રિયા લાગે છે અર્થાત્ જો તે શરીરના કોઈ પણ ભાગ, અન્ય જીવના પરિતાપનું નિમિત્ત બનતું હોય, તો પારિતાપનિકી સહિત પ્રથમ **ચાર ક્રિયા** અને જો તે શરીરના કોઈ પણ ભાગથી અન્ય જીવોની ઘાત થતી હોય તો પ્રાણાતિપાતિકી સહિત **પાંચ ક્રિયા** લાગે છે. તે શરીરાદિ પરિતાપ કે હિંસાનું કારણ ન બને તો પણ પરંપરાએ ત્રણ ક્રિયા ચાલુ રહે છે. આ રીતે એક જીવને અન્ય જીવના નિમિત્તથી ત્રણ, ચાર કે પાંચ ક્રિયા લાગે છે.

(૧) જ્યારે પૂર્વભવના શરીર અને સાધન સંબંધી પુદ્‌ગલોને, અન્ય જીવો પોતાના શરીરપણે પરિણમન કરી લે, (૨) તે પુદ્‌ગલો પોતાની સ્થિતિ પૂર્ણ થતાં સ્વતઃ પરિણામાંતરને પ્રાપ્ત થઈ જાય, (૩) કોઈ જીવ મનુષ્ય ભવમાં વિરતિભાવને પ્રાપ્ત થાય ત્યારે પૂર્વ ભવ–ભવાંતરના શરીર સંબંધી લાગતી ક્રિયાઓ બંધ થઈ જાય છે.

૨૪ દંડકના જીવોમાંથી મનુષ્યો જ સમજણપૂર્વક શરીરાદિનું મમત્વ છોડી શકે છે, વોસિરાવી શકે છે, તેથી સમુચ્ચય જીવમાં અક્રિયપણું મનુષ્ય ભવની અપેક્ષાએ જ થાય છે.

કોઈ પણ એક જીવને નારકી કે દેવની અપેક્ષાએ ત્રણ કે ચાર ક્રિયા જ લાગે છે. નારકી અને દેવોનું નિરુપક્રમી આયુષ્ય હોવાથી તે જીવોનું મૃત્યુ અન્ય જીવના નિમિત્તથી થતું નથી, તેથી નારકી અને દેવની અપેક્ષાએ પાંચમી પ્રાણાતિપાતિકી ક્રિયા લાગતી નથી.

કોઈ પણ એક જીવને પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય આ દશ દંડકના જીવોની અપેક્ષાએ ત્રણ, ચાર કે પાંચ ક્રિયા લાગે છે અથવા તે અક્રિય હોય છે. આ રીતે (૧) એક જીવને એક જીવની અપેક્ષાએ (૨) એક જીવને અનેક જીવોની અપેક્ષાએ (૩) અનેક જીવોને એક જીવની અપેક્ષાએ ત્રણ, ચાર કે પાંચ ક્રિયા વિકલ્પથી થાય છે પરંતુ (૪) અનેક જીવોને અનેક જીવોની અપેક્ષાએ નિયમા ત્રણ, ચાર અને પાંચ ક્રિયા લાગે છે, કારણ કે જીવો ઘણા હોવાથી યથાસંભવ દરેક વિકલ્પ થાય છે. મનુષ્ય તથા સમુચ્ચય જીવમાં અક્રિય પણ હોય છે, વીતરાગી મનુષ્યોને આ પાંચ ક્રિયાઓમાંથી કોઈ ક્રિયા લાગતી નથી, તે અપેક્ષાએ સમુચ્ચય જીવ અને મનુષ્યમાં અક્રિયનો વિકલ્પ હોય છે. સિદ્ધોની અપેક્ષાએ પણ સમુચ્ચય જીવમાં અક્રિયનો વિકલ્પ હોય છે.

આ રીતે સમુચ્ચય જીવ + ૨૪ દંડકના જીવ = ૨૫ પ્રકારના જીવોના ચાર-ચાર આલાપક ગણતાં ૨૫ × ૪ = ૧૦૦ આલાપક થાય છે.

**એક જીવને અન્ય જીવ સંબંધિત લાગતી ક્રિયા :–**

| | જીવ | સંબંધિત જીવ | ક્રિયા |
|---|---|---|---|
| ૧ | સમુચ્ચય એક જીવને | સમુચ્ચય એક જીવ સંબંધિત | ૩, ૪ કે ૫ ક્રિયા લાગે અથવા અક્રિય |
| | સમુચ્ચય એક જીવને | એક નારકી અથવા એક દેવ સંબંધિત | ૩ કે ૪ ક્રિયા લાગે અથવા અક્રિય |
| | સમુચ્ચય એક જીવને | પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, ઔદારિકના આ દશ દંડકના કોઈ પણ એક જીવ સંબંધિત | ૩, ૪ કે ૫ ક્રિયા અથવા અક્રિય |
| ૨ | સમુચ્ચય એક જીવને | સમુચ્ચય અનેક જીવો સંબંધિત | ૩, ૪ કે ૫ ક્રિયા અથવા અક્રિય |
| | સમુચ્ચય એક જીવને | અનેક નારકી, અનેક દેવો સંબંધિત | ૩ કે ૪ ક્રિયા અથવા અક્રિય |
| | સમુચ્ચય એક જીવને | ઔદારિકના દશ દંડકના અનેક જીવો સંબંધિત | ૩, ૪ કે ૫ ક્રિયા અથવા અક્રિય |
| ૩ | સમુચ્ચય અનેક જીવોને | સમુચ્ચય એક જીવ સંબંધિત | ૩, ૪ અને ૫ ક્રિયા તથા અક્રિય |
| | સમુચ્ચય અનેક જીવોને | એક નારકી કે એક દેવ સંબંધિત | ૩ અને ૪ ક્રિયા તથા અક્રિય |
| | સમુચ્ચય અનેક જીવોને | ઔદારિકના દશ દંડકના એક-એક જીવ સંબંધિત | ૩, ૪ અને ૫ ક્રિયા તથા અક્રિય |
| ૪ | સમુચ્ચય અનેક જીવોને | સમુચ્ચય અનેક જીવો સંબંધિત | ૩, ૪ અને ૫ ક્રિયા તથા અક્રિય |
| | સમુચ્ચય અનેક જીવોને | અનેક નારકી કે અનેક દેવો સંબંધિત | ૩ અને ૪ ક્રિયા તથા અક્રિય |
| | સમુચ્ચય અનેક જીવોને | ઔદારિકના દશ દંડકના અનેક જીવો સંબંધિત | ૩, ૪ અને ૫ ક્રિયા તથા અક્રિય |
| ★ | સમુચ્ચય જીવની જેમ ૨૪ દંડકમાં એક-અનેક જીવોની અપેક્ષાએ ચાર-ચાર આલાપક થાય છે. | | |

**ક્રિયાઓનો પરસ્પર સંબંધ :–**

**३७ कइ णं भंते ! किरियाओ पण्णत्ताओ ? गोयमा ! पंच किरियाओ पण्णत्ताओ, तं जहा– काइया** *जाव* **पाणाइवायकिरिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્રિયાઓ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ક્રિયાઓ પાંચ છે, તે આ પ્રમાણે છે– કાયિકી ***યાવત્*** પ્રાણાતિપાત ક્રિયા.

**३८ णेरइयाणं भंते ! कइ किरियाओ पण्णत्ताओ ? गोयमा ! पंच किरियाओ पण्णत्ताओ, तं जहा– काइया** *जाव* **पाणाइवायकिरिया। एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલી ક્રિયાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પાંચ ક્રિયાઓ હોય છે, જેમકે – કાયિકી ***યાવત્*** પ્રાણાતિપાતક્રિયા.

આ જ રીતે ***યાવત્*** વૈમાનિકો સુધીના જીવોને પાંચ ક્રિયા હોય છે.

**३९ जस्स णं भंते ! जीवस्स काइया किरिया कज्जइ तस्स अहिगरणिया किरिया कज्जइ ? जस्स अहिगरणिया किरिया कज्जइ तस्स काइया किरिया कज्जइ ?**

**गोयमा ! जस्स णं जीवस्स काइया किरिया कज्जइ तस्स अहिगरणी णियमा कज्जइ, जस्स अहिगरणी किरिया कज्जइ तस्स वि काइया किरिया णियमा कज्जइ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવને કાયિકી ક્રિયા હોય તેને શું અધિકરણિકી ક્રિયા હોય છે ? અને જે જીવને અધિકરણિકી ક્રિયા હોય તેને શું કાયિકી ક્રિયા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે જીવને કાયિકી ક્રિયા હોય છે, તેને અધિકરણિકી ક્રિયા અવશ્ય હોય છે અને જે જીવને અધિકરણિકી ક્રિયા હોય છે, તેને કાયિકી ક્રિયા અવશ્ય હોય છે.

**૪૦ जस्स णं भंते ! जीवस्स काइया किरिया कज्जइ तस्स पाओसिया किरिया कज्जइ ? जस्स पाओसिया किरिया कज्जइ तस्स काइया किरिया कज्जइ ? गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવને કાયિકી ક્રિયા હોય છે, તેને શું પ્રાદ્વેષિકીક્રિયા હોય છે ? અને જેને પ્રાદ્વેષિકીક્રિયા હોય છે, તેને શું કાયિકી ક્રિયા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ બંને ક્રિયાનો પરસ્પર અવિનાભાવ સંબંધ છે.

**૪૧ जस्स णं भंते ! जीवस्स काइया किरिया कज्जइ तस्स पारियावणिया किरिया कज्जइ, जस्स पारियावणिया किरिया कज्जइ तस्स काइया किरिया कज्जइ ?**

**गोयमा ! जस्स णं जीवस्स काइया किरिया कज्जइ तस्स पारियावणिया किरिया सिय कज्जइ सिय णो कज्जइ, जस्स पुण पारियावणिया किरिया कज्जइ तस्स काइया णियमा कज्जइ । एवं पाणाइवायकिरिया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવને કાયિકી ક્રિયા હોય છે, તેને શું પારિતાપનિકી ક્રિયા હોય છે? અને જે જીવને પારિતાપનિકી ક્રિયા હોય છે, તેને શું કાયિકી ક્રિયા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે જીવને કાયિકી ક્રિયા હોય છે, તેને પારિતાપનિકીક્રિયા કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતી નથી, પરંતુ જેને પારિતાપનિકી ક્રિયા હોય છે, તેને કાયિકી ક્રિયા અવશ્ય હોય છે.

આ જ રીતે પ્રાણાતિપાતક્રિયા અને કાયિકી ક્રિયાના પરસ્પર સહભાવનું કથન કરવું જોઈએ.

**૪૨ एवं आदिल्लाओ परोप्परं णियमा तिण्णि कज्जंति । जस्स आदिल्लाओ तिण्णि कज्जंति तस्स उवरिल्लाओ दोण्णि सिय कज्जंति सिय णो कज्जंति । जस्स उवरिल्लाओ दोण्णि कज्जंति तस्स आइल्लाओ तिण्णि णियमा कज्जंति।**

**ભાવાર્થ :–** આ રીતે પ્રારંભની ત્રણ ક્રિયાઓનો પરસ્પર અવિનાભાવ સંબંધ છે. જેને પ્રારંભની ત્રણ ક્રિયાઓ હોય છે, તેને અંતિમ બે ક્રિયાઓ કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતી નથી, પરંતુ જેને અંતિમ બે ક્રિયા પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી ક્રિયા હોય છે, તેને પ્રારંભની ત્રણ કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયા અવશ્ય હોય છે.

**૪૩ जस्स णं भंते ! जीवस्स पारियावणिया किरिया कज्जइ तस्स पाणाइवायकिरिया कज्जइ; जस्स पाणाइवायकिरिया कज्जइ तस्स पारियावाणिया किरिया कज्जइ?**

**गोयमा ! जस्स णं जीवस्स पारियावणिया किरिया कज्जइ तस्स पाणाइवाय-**

**किरिया सिय कज्जइ सिय णो कज्जइ, जस्स पुण पाणाइवायकिरिया कज्जइ तस्स पारियावणिया किरिया णियमा कज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જેને પારિતાપનિકી ક્રિયા હોય છે, તેને શું પ્રાણાતિપાત ક્રિયા હોય છે? તથા જેને પ્રાણાતિપાત ક્રિયા હોય, તેને શું પારિતાપનિકી ક્રિયા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે જીવને પારિતાપનિકી ક્રિયા હોય છે, તેને પ્રાણાતિપાત ક્રિયા કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતી નથી, પરંતુ જેને પ્રાણાતિપાત ક્રિયા હોય છે, તેને પારિતાપનિકી ક્રિયા નિયમતઃ (નિશ્ચિત-રૂપે) હોય છે.

**૪૪ जस्स णं भंते ! णेरइयस्स काइया किरिया कज्जइ तस्स अहिगरणिया किरिया कज्जइ ? गोयमा ! जहेव जीवस्स तहेव णेरइयस्स वि । एवं णिरंतरं** *जाव* **वेमाणियस्स।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે નૈરયિકને કાયિકી ક્રિયા હોય છે, તેને શું અધિકરણિકી ક્રિયા હોય છે? **ઉત્તર–** હે ગૌતમ ! જેવી રીતે સમુચ્ચય જીવમાં ક્રિયાઓના પારસ્પરિક સહભાવની ચર્ચા કરી છે તેવી રીતે નૈરયિકમાં પણ જાણવું જોઈએ.

આ જ રીતે નિરંતર ***યાવત્*** વૈમાનિક સુધીના જીવોમાં ક્રિયાના સહભાવનું કથન કરવું જોઈએ.

**૪૫ जं समयं णं भंते ! जीवस्स काइया किरिया कज्जइ तं समयं अहिगरणिया किरिया कज्जइ ? जं समयं अहिगरणिया किरिया कज्जइ तं समयं काइया किरिया कज्जइ ?**

**एवं जहेव आइल्लओ दंडओ भणिओ तहेव भाणियव्वो** *जाव* **वेमाणियस्स।**

**ભાવાર્થ:– પ્રશ્ન–** હે ભગવન્ ! જે સમયે જીવને કાયિકી ક્રિયા હોય છે, તે સમયે તે જીવને શું અધિકરણિકી ક્રિયા હોય છે ? તથા જે સમયે તેને અધિકરણિકી ક્રિયા હોય છે, તે સમયે તેને શું કાયિકી ક્રિયા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે ક્રિયાઓના પરસ્પર સહભાવના સંબંધમાં પ્રારંભિક દંડક કહ્યો છે, તે જ રીતે અહીં પણ વૈમાનિક સુધી કહેવું જોઈએ.

**૪૬ जं देसं णं भंते ! जीवस्स काइया किरिया कज्जइ तं देसं णं अहिगरणिया किरिया कज्जइ ? गोयमा ! तहेव** *जाव* **वेमाणियस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે દેશમાં જીવને કાયિકીક્રિયા હોય છે, શું તે દેશમાં અધિકરણિકી ક્રિયા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અહીં પણ પૂર્વોક્ત સૂત્રોની જેમ વૈમાનિક સુધી કહેવું જોઈએ.

**૪૭ जं पएसं णं भंते ! जीवस्स काइया किरिया कज्जइ तं पएसं अहिगरणिया किरिया कज्जइ ? गोयमा ! तहेव** *जाव* **वेमाणियस्स । एवं एए जस्स जं समयं जं देसं जं पएसं णं चत्तारि दंडगा होंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે પ્રદેશમાં જીવને કાયિકી ક્રિયા હોય છે, તે પ્રદેશમાં શું અધિકરણિકી

ક્રિયા હોય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! પૂર્વોક્ત સૂત્રોની જેમ વૈમાનિક સુધી જાણવું જોઈએ.

આ રીતે (૧) જે જીવને, (૨) જે સમયમાં, (૩) જે દેશમાં અને (૪) જે પ્રદેશમાં કાયિકી ક્રિયા હોય, તે જીવને, તે સમયે, તે દેશમાં અને તે પ્રદેશમાં અધિકરણી ક્રિયા હોય છે. આ રીતે પાંચે ક્રિયા સંબંધિત ચાર-ચાર આલાપકો થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ ક્રિયાઓના (૧) જીવ (૨) સમય (૩) દેશ અને (૪) પ્રદેશની દષ્ટિએ પરસ્પર સદ્‌ભાવની વિચારણા છે.

**(૧) ક્રિયાનો પરસ્પર સહભાવ :–** કોઈ પણ સરાગી જીવો માનસિક, વાચિક કે કાયિક કોઈ પણ પ્રવૃત્તિ કરે, ત્યારે કાયિકી ક્રિયા, તેનું શરીર સ્વયં અધિકરણ હોવાથી અધિકરણી ક્રિયા અને તે સ્વયં સરાગી હોવાથી તેની પ્રવૃત્તિમાં રાગ-દ્વેષનો ભાવ હોય છે, તેથી પ્રાદ્વેષિકી ક્રિયા લાગે છે. આ રીતે પ્રથમ ત્રણ ક્રિયાનો પરસ્પર અવિનાભાવ સંબંધ છે. જ્યાં કાયિકી ક્રિયા હોય ત્યાં અધિકરણી કે પ્રાદ્વેષિકી ક્રિયા અવશ્ય હોય છે અને જ્યાં અધિકરણી કે પ્રાદ્વેષિકી ક્રિયા હોય ત્યાં અન્ય બે ક્રિયા હોય છે. એકથી દશ ગુણસ્થાન સુધીના જીવોને આ ત્રણ ક્રિયા હોય છે.

પ્રથમ ત્રણ ક્રિયાનો પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી ક્રિયા સાથે એકાંતિક(નિયમતઃ) સંબંધ નથી કારણ કે જીવની પ્રવૃત્તિમાં અન્ય જીવને પરિતાપ પહોંચે ત્યારે ચોથી પારિતાપનિકી ક્રિયા અને અન્ય જીવોનો ઘાત થાય ત્યારે પાંચમી પ્રાણાતિપાતિકી ક્રિયા લાગે છે પરંતુ જો અન્ય જીવોને પરિતાપ ન થાય કે જીવોનો ઘાત ન થાય, તો અંતિમ બે ક્રિયા લાગતી નથી.

પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી ક્રિયાનો પ્રથમ ત્રણ ક્રિયા સાથે એકાંતિક(નિયમતઃ) સંબંધ છે, કારણ કે અન્ય જીવોને પરિતાપ પહોંચાડનારા જીવોને કાયિકી, અધિકરણી અને પ્રાદ્વેષિકી ક્રિયા, આ ત્રણ ક્રિયા અવશ્ય હોય છે અને જીવોનો ઘાત કરનારાને પૂર્વની ચાર ક્રિયા અવશ્ય હોય છે.

પારિતાપનિકી ક્રિયાનો પ્રાણાતિપાત ક્રિયા સાથે વૈકલ્પિક(ભજનાથી) સંબંધ છે, જેમ કે કોઈ શિકારીએ મૃગને બાણ માર્યું ક્યારેક તે બાણથી મૃગ તરફડે છે અર્થાત્ તેને પરિતાપ પહોંચે છે તેથી પારિતાપનિકી ક્રિયા લાગે છે પરંતુ મૃગ મર્યું ન હોય તો પ્રાણાતિપાતિકી ક્રિયા લાગતી નથી. જો મૃગ મરે તો જ પ્રાણાતિપાતિકી ક્રિયા લાગે છે, તેથી જ્યારે પારિતાપનિકી ક્રિયા હોય ત્યારે પ્રાણાતિપાતિકી ક્રિયા હોય જ તેવું એકાંતે નથી, પરંતુ પ્રાણાતિપાત ક્રિયા હોય ત્યારે પૂર્વની ચારે ક્રિયા અવશ્ય હોય છે, તેથી પ્રાણાતિપાતિકી ક્રિયાનો પૂર્વની ચારે ક્રિયા સાથે એકાંતિક(નિયમતઃ) સંબંધ છે.

**(૨) ક્રિયાનો સમયની અપેક્ષાએ સહભાવ :–** અહીં સમય શબ્દનો અર્થ વર્તમાનનો એક સૂક્ષ્મ સમય નથી પરંતુ વ્યવહાર કાલ(સમય)નું કથન છે. ક્રિયાનો આધાર આત્માના અધ્યવસાય છે તેથી જે સમયે જીવને કાયિકી ક્રિયા લાગે તે જ સમયે તેને અધિકરણી ક્રિયા પણ લાગે છે. સમયની અપેક્ષાએ પણ પૂર્વવત્ પ્રથમ ત્રણ ક્રિયાનો પરસ્પર એકાંતિક(નિયમતઃ) સંબંધ છે. પ્રથમ ત્રણ ક્રિયાનો અંતિમ બે ક્રિયા સાથે વૈકલ્પિક સંબંધ છે. પારિતાપનિકી ક્રિયાનો પ્રથમ ત્રણ ક્રિયા સાથે એકાંતિક સંબંધ છે અને પ્રાણાતિપાતિકી ક્રિયા સાથે વૈકલ્પિક સંબંધ છે. પ્રાણાતિપાતિકી ક્રિયાનો પ્રથમ ચાર ક્રિયા સાથે એકાંતિક(નિયમતઃ) સંબંધ છે.

**(૩) ક્રિયાનો દેશની અપેક્ષાએ પરસ્પર સહભાવ :–** ક્રિયાના પરસ્પર સહભાવના કથનમાં અંતિમ

બે આલાપકમાં, દેશ અને પ્રદેશનું કથન ક્ષેત્રની અપેક્ષાએ છે. દેશ = વિશાળ ક્ષેત્ર. જે ક્ષેત્રમાં કાયિકી ક્રિયાના પરિણામ થયા હોય તે જ ક્ષેત્રમાં અધિકરણી ક્રિયાના પરિણામ થાય છે. આ રીતે દેશની અપેક્ષાએ પણ પાંચે ક્રિયાનો પરસ્પર સંબંધ પૂર્વવત્ જાણવો.

**(૪) ક્રિયાનો પ્રદેશની અપેક્ષાએ પરસ્પર સહભાવ :–** પ્રદેશ = દેશથી નાનું ક્ષેત્ર. પ્રદેશની અપેક્ષાએ પણ ક્રિયાઓનો પરસ્પર સંબંધ પૂર્વવત્ જાણવો.

આ રીતે પાંચે ક્રિયાઓના પરસ્પર સંબંધ વિષયક ચાર-ચાર આલાપક સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવોમાં થાય છે. ૨૪ દંડકના જીવો સરાગી હોવાથી તે જીવોને પાંચ-પાંચ ક્રિયાઓ સંભવિત છે.

**કાયિકી આદિ પાંચ ક્રિયાનો પરસ્પર સદ્ભાવ :–**

| ક્રિયા | કાયિકી | અધિકરણી | પ્રાદ્વેષિકી | પારિતાપનિકી | પ્રાણાતિપાતિકી |
|---|---|---|---|---|---|
| ૧. કાયિકી ક્રિયામાં | – | નિયમા | નિયમા | ભજના | ભજના |
| ૨. અધિકરણિકી ક્રિયામાં | નિયમા | – | નિયમા | ભજના | ભજના |
| ૩. પ્રાદ્વેષિકી ક્રિયામાં | નિયમા | નિયમા | – | ભજના | ભજના |
| ૪. પારિતાપનિકી ક્રિયામાં | નિયમા | નિયમા | નિયમા | – | ભજના |
| ૫. પ્રાણાતિપાતિકી ક્રિયામાં | નિયમા | નિયમા | નિયમા | નિયમા | – |

**જીવાદિમાં આયોજિતા ક્રિયા :-**

**૪૮ कइ णं भंते ! आओजियाओ किरियाओ पण्णत्ताओ ? गोयमा ! पंच आओजियाओ किरियाओ पण्णत्ताओ, तं जहा– काइया** *जाव* **पाणाइवाय किरिया। एवं णेरइयाणं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! આયોજિતા ક્રિયાઓ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ! આયોજિતા ક્રિયાના પાંચ પ્રકાર છે, જેમકે– કાયિકી ***યાવત્*** પ્રાણાતિપાતક્રિયા. નૈરયિકોથી લઈ વૈમાનિકો સુધી આ જ પ્રમાણે કથન કરવું જોઈએ.

**૪૯ जस्स णं भंते ! जीवस्स काइया आओजिया किरिया अत्थि तस्स अहिगरणिया आओजिया किरिया अत्थि, जस्स अहिगरणिया आओजिया किरिया अत्थि, तस्स काइया आओजिया किरिया अत्थि ?**

**एवं एएणं अभिलावेणं ते चेव चत्तारि दंडगा भाणियव्वा जस्स, जं समयं, जं देसं, जं पएसं । एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવને કાયિકી આયોજિતા ક્રિયા હોય છે, તેને શું અધિકરણિકી આયોજિતા ક્રિયા હોય છે? જેને અધિકરણિકી આયોજિતા ક્રિયા હોય છે, તેને શું કાયિકી આયોજિતા ક્રિયા હોય છે?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ (૧) જે જીવમાં (૨) જે સમયમાં (૩) જે દેશમાં અને (૪) જે પ્રદેશમાં આ ચાર અભિલાપ ***યાવત્*** વૈમાનિકો સુધી આયોજિતા ક્રિયા સંબંધી કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આયોજિતા ક્રિયાઓના ભેદ તથા જીવ, સમય, દેશ, પ્રદેશની અપેક્ષાએ તેના પરસ્પર સહભાવનું સંક્ષિપ્ત કથન છે.

**આયોજિતાક્રિયા** – आयोजयति जीवं संसारे इत्यायोजिकाः । જે ક્રિયાઓ જીવને સંસારમાં આયોજિત કરનારી એટલે જોડનારી છે, સંસાર પરિભ્રમણની કારણભૂત છે, તે આયોજિતા ક્રિયા કહેવાય છે. જોકે ક્રિયાઓ સાક્ષાત્ કર્મબંધનનું કારણ છે, છતાં તે પરંપરાએ સંસારનું કારણ બને છે. ક્રિયા દ્વારા જ જ્ઞાનાવરણીયાદિ કર્મબંધ થાય છે, તે સંસારનું સાક્ષાત્ કારણ છે, તેથી પરંપરાએ આ ક્રિયાઓ સંસારનું કારણ બને છે, તે સ્પષ્ટ થઈ જાય છે.

કાયિકી આદિ પાંચે ક્રિયાઓ જીવને સંસારમાં ભવભ્રમણ કરાવે છે, આયોજિત કરાવે છે, તેથી તે આયોજિતા ક્રિયા કહેવાય છે. તે ક્રિયાઓનો પરસ્પર સંબંધ વિષયક ચાર-ચાર આલાપક થાય છે.

**જીવમાં ક્રિયાઓની સ્પૃષ્ટતા-અસ્પૃષ્ટતા :–**

**૫૦ जीवे णं भंते ! जं समयं काइयाए अहिगरणियाए पाओसियाए किरियाए पुट्ठे तं समयं पारियावणियाए किरियाए पुट्ठे ? पाणाइवायकिरियाए पुट्ठे ?**

**गोयमा ! अत्थेगइए जीवे एगइयाओ जीवाओ जं समयं काइयाए अहिगरणियाए पाओसियाए किरियाए पुट्ठे तं समयं पारियावणियाए किरियाए पुट्ठे, पाणाइवायकिरियाए पुट्ठे । अत्थेगइए जीवे एगइयाओ जीवाओ जं समयं काइयाए अहिगरणियाए पाओसियाए किरियाए पुट्ठे तं समयं पारियावणियाए किरियाए पुट्ठे पाणाइवायकिरियाए अपुट्ठे ।**

**अत्थेगइए जीवे एगइयाओ जीवाओ जं समयं काइयाए अहिगरणियाए पाओसियाए किरियाए पुट्ठे तं समयं पारियावणियाए किरियाए अपुट्ठे पाणाइवाय-किरियाए अपुट्ठे, अत्थेगइए जीवे एगइओ जीवाओ जं समयं काइयाए अहिगरणियाए पाओसियाए किरियाए अपुट्ठे तं समयं पारियावणियाए किरियाए अपुट्ठे पाणाइवाय-किरियाए अपुट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે સમયે જીવ કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયાથી સ્પૃષ્ટ હોય છે, તે સમયે શું તે પારિતાપનિકી ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે અથવા પ્રાણાતિપાતિકી ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) એક જીવની અપેક્ષાએ કોઈ જીવ જે સમયે કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે, તે સમયે પારિતાપનિકી ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે અને પ્રાણાતિપાતક્રિયાથી (પણ) સ્પૃષ્ટ થાય છે, (૨) કોઈ જીવ જે સમયે કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે, તે સમયે પારિતાપનિકી ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે પરંતુ પ્રાણાતિપાતક્રિયાથી સ્પૃષ્ટ થતો નથી, (૩) કોઈ જીવ, જે સમયે કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે, તે સમયે પારિતાપનિકી ક્રિયાથી અસ્પૃષ્ટ હોય છે અને પ્રાણાતિપાતક્રિયાથી પણ અસ્પૃષ્ટ હોય છે તથા (૪) કોઈ જીવ, જે સમયે કાયિકી,

અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયાથી અસ્પૃષ્ટ હોય છે, તે સમયે પારિતાપનિકી ક્રિયાથી પણ અસ્પૃષ્ટ હોય છે અને પ્રાણાતિપાતક્રિયાથી પણ અસ્પૃષ્ટ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાંચ ક્રિયાના સ્પૃષ્ટ-અસ્પૃષ્ટનું કથન ચાર ભંગની અપેક્ષાએ કર્યું છે. જગતના અનંત જીવોના પરિણામોની વિવિધતાથી પ્રવૃત્તિની વિવિધતા થાય અને તેના પરિણામે ક્રિયાની સ્પૃષ્ટતા-અસ્પૃષ્ટતામાં પણ વિવિધતા થાય છે.

જેમકે કેટલાક જીવોની પ્રવૃત્તિથી પ્રથમ ત્રણ ક્રિયા લાગે, તે જ રીતે તેની પ્રવૃત્તિથી અન્ય જીવને પરિતાપ કે તેનો પ્રાણઘાત થતો હોય તો તેને ચોથી અને પાંચમી ક્રિયા પણ લાગે છે. કેટલાક જીવની પ્રવૃત્તિથી અન્ય જીવને પરિતાપ થતો હોય પરંતુ પ્રાણઘાત થતો ન હોય તો ચોથી ક્રિયાનો સ્પર્શ થાય છે, પાંચમી ક્રિયા લાગતી નથી. આ રીતે સૂત્રકારે અહીં ચાર વિકલ્પો કહ્યા છે.

**(૧)** કોઈ જીવ જે સમયે પ્રથમ ત્રણ ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે, તે સમયે ચોથી અને પાંચમી ક્રિયાથી પણ સ્પૃષ્ટ થાય છે.

**(૨)** કોઈ જીવ જે સમયે પ્રથમ ત્રણ ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે, તે સમયે ચોથી ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે; પણ પાંચમી ક્રિયાથી સ્પૃષ્ટ થતો નથી.

**(૩)** કોઈ જીવ જે સમયે પ્રથમ ત્રણ ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે, તે સમયે ચોથી અને પાંચમી બંને ક્રિયાથી સ્પૃષ્ટ થતો નથી.

**(૪)** કોઈ જીવ જે સમયે પ્રથમ ત્રણ ક્રિયાથી સ્પૃષ્ટ થતો નથી અને તે સમયે ચોથી-પાંચમી ક્રિયાથી પણ સ્પૃષ્ટ થતો નથી અર્થાત્ પાંચે ક્રિયાઓથી સ્પૃષ્ટ થતો નથી, તે જીવ અક્રિય હોય છે.

**પ્રકારાન્તરથી ક્રિયાના ભેદ :–**

**૫૧ कइ णं भंते ! किरियाओ पण्णत्ताओ ? गोयमा ! पंच किरियाओ पण्णत्ताओ, तं जहा– आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाणकिरिया, मिच्छा-दंसणवत्तिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્રિયાઓ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ક્રિયાઓ પાંચ છે, તે આ પ્રમાણે– (૧) આરંભિકી, (૨) પારિગ્રહિકી, (૩) માયા પ્રત્યયા, (૪) અપ્રત્યાખ્યાન ક્રિયા અને (૫) મિથ્યાદર્શન પ્રત્યયા.

**૫૨ आरंभिया णं भंते ! किरिया कस्स कज्जइ ? गोयमा ! अण्णयरस्सावि पमत्तसंजयस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આરંભિકી ક્રિયા કોને હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક પ્રમત્ત સંયતને હોય છે અર્થાત્ પ્રમત્ત સંયત ગુણસ્થાન સુધીના સર્વ સંસારી જીવોને આરંભિકી ક્રિયા હોય છે.

**૫૩ परिग्गहिया णं भंते ! किरिया कस्स कज्जइ ? गोयमा ! अण्णयरस्सावि संजयासंजयस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પારિગ્રહિકી ક્રિયા કોને હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક સંયતાસંયતને હોય છે અર્થાત્ સંયતાસંયત ગુણસ્થાન સુધીના સર્વ જીવોને પરિગ્રહિકી ક્રિયા હોય છે.

**૫૪ मायावत्तिया णं भंते ! किरिया कस्स कज्जइ ? गोयमा ! अण्णयरस्सावि अपमत्तसंजयस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! માયાપ્રત્યયા ક્રિયા કોને હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક અપ્રમત્ત સંયતને હોય છે અર્થાત્ દસમા ગુણસ્થાન સુધી સકષાયી જીવોને માયા પ્રત્યયાક્રિયા હોય છે.

**૫૫ अपच्चक्खाणकिरिया णं भंते ! कस्स कज्जइ ? गोयमा ! अण्णयरस्सावि अपच्चक्खाणिस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપ્રત્યાખ્યાન ક્રિયા કોને હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કોઈ પણ પ્રત્યાખ્યાન રહિત અવિરત જીવોને હોય છે અર્થાત્ ચોથા ગુણસ્થાન સુધી હોય છે.

**૫૬ मिच्छादंसणवत्तिया णं भंते ! किरिया कस्स कज्जइ ? गोयमा ! अण्णयरस्सावि मिच्छादंसणिस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મિથ્યાદર્શનપ્રત્યયા ક્રિયા કોને હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કોઈપણ મિથ્યાદષ્ટિને હોય છે.

**૫૭ णेरइयाणं भंते ! कइ किरियाओ पण्णत्ताओ ? गोयमा ! पंच किरियाओ पण्णत्ताओ, तं जहा– आरंभिया *जाव* मिच्छादंसणवत्तिया। एवं *जाव* वेमाणियाणं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલી ક્રિયાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પાંચ ક્રિયાઓ હોય છે, તે આ પ્રમાણે છે– આરંભિકી ***યાવત્*** મિથ્યાદર્શન પ્રત્યયા. આ જ રીતે ***યાવત્*** વૈમાનિકો સુધીના જીવોને પાંચ ક્રિયા હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જીવોમાં આરંભિકી આદિ પાંચે ય ક્રિયાઓ અને તેને પ્રાપ્ત કરનારનું દિગ્દર્શન છે.

**(૧) આરંભિકી ક્રિયા :–** પૃથ્વીકાયાદિ છ કાય જીવોની હિંસાના પરિણામોથી લાગતી આરંભિકી ક્રિયાના બે ભેદ છે– **૧.** જીવ આરંભિકી– છ કાય જીવોમાંથી કોઈ પણ જીવોનું ઉપમર્દન કે વધ સંબંધથી થતી ક્રિયા જીવ આરંભિકી છે. **૨.** અજીવ આરંભિકી– અચેત પદાર્થોને અયતનાથી તોડવા, ફોડવા, ફેંકવા, પછાડવા વગેરે પ્રવૃત્તિથી લાગતી ક્રિયા અજીવ આરંભિકી ક્રિયા છે. તે ઉપરાંત કોઈના પૂતળા બનાવી તેની કદર્થના કરવાથી પણ અજીવ આરંભિકી ક્રિયા લાગે છે.

**अण्णयरस्स पमत्त संजयस्स :–** આરંભિયા ક્રિયા એક થી છ ગુણસ્થાન સુધીના જીવોને લાગે છે. પ્રમત્ત સંયમી સાધુ સર્વ પ્રકારની જીવહિંસાથી નિવૃત્ત હોય છે, તેમ છતાં પ્રમાદજન્ય પ્રવૃત્તિઓથી, આરંભ જન્ય પ્રવૃત્તિઓના સંકલ્પથી અને તેના અનુમોદનથી તથા જીવોની યતનાપૂર્વકની સંયમ પ્રવૃત્તિઓમાં ઉપેક્ષા કે અવિવેક કરવાથી, પ્રમત્ત સંયતને આરંભિકી ક્રિયા લાગે છે, જેમકે કોઈ શ્રમણ

ઈર્યા સમિતિની વિધિની ઉપેક્ષા કરીને નીચે જોયા વગર ચાલે કે રાત્રે પૂંજ્યા વગર ચાલે ત્યારે તે પ્રમત્ત સંયતને જીવ રક્ષામાં ઉપેક્ષા અને અવિવેક હોવાથી જીવ હિંસા ન થાય તો પણ આરંભિકી ક્રિયા લાગે છે. પ્રાણાતિપાત ક્રિયા જીવ હિંસા થાય ત્યારે જ લાગે છે અન્યથા લાગતી નથી; જ્યારે આરંભિકી ક્રિયા તો હિંસા થાય કે ન થાય પરંતુ હિંસાના સંકલ્પથી કે અહિંસા વિધિની ઉપેક્ષા કે અસાવધાનીથી લાગે છે.

શ્રી ભગવતી સૂત્ર શતક–૧/૧માં શુભયોગી પ્રમત્ત સંયમીને અનારંભી કહ્યા છે, તેથી અશુભયોગી પ્રમત્ત સંયમીને જ આરંભિકી ક્રિયા લાગે છે. સૂત્રકારે **अण्णयरस्सावि** શબ્દ પ્રયોગ દ્વારા તે ભાવ સૂચિત કર્યો છે અને ''વિ'' શબ્દથી તેનાથી નીચેના ગુણસ્થાનોનું સૂચન પણ થાય છે અર્થાત્ એકથી છ ગુણસ્થાનનાં જીવોને આરંભિકી ક્રિયા લાગે છે.

**(૨) પારિગ્રહિકી ક્રિયા :–** સચિત્ત-અચિત્ત પદાર્થો પર મમત્વ કે મૂર્ચ્છા ભાવથી લાગતી ક્રિયા, તેના બે ભેદ છે– **૧.** જીવ પારિગ્રહિકી ક્રિયા– દાસ-દાસી, પશુ પક્ષી વગેરેનો મૂર્ચ્છાપૂર્વક સંગ્રહ કરવો. સ્વાર્થવશ તેના પર માલિકીભાવ રાખવો. **૨.** અજીવ પારિગ્રહિકી ક્રિયા– ધન-ધાન્ય, સોનુ-ચાંદી આદિ જડ પદાર્થોનો આસક્તિપૂર્વક સંગ્રહ કરવો. આવશ્યક ધાર્મિક ઉપકરણોમાં મમત્વભાવ કે સ્વાર્થ બુદ્ધિ ન હોવાથી તેની ગણના પરિગ્રહમાં થતી નથી.

પારિગ્રહિકી ક્રિયા એક થી પાંચ ગુણસ્થાન સુધીના જીવોને હોય છે. **अण्णयरस्सावि संजया-संजयस्स** = કેટલાક સંયતાસંયતને તેમજ **अपि** શબ્દથી તેનાથી નીચેના ગુણસ્થાનવર્તી જીવોને પણ આ ક્રિયા લાગે છે. શ્રાવક વ્રતધારી જીવોએ જે જે પરિગ્રહના પ્રત્યાખ્યાન કર્યા ન હોય તેને તત્સંબંધી પારિગ્રહિકી ક્રિયા લાગે છે.

**(૩) માયાવત્તિયા ક્રિયા :–** કુટિલતા કે વક્રતાના આચરણથી લાગતી ક્રિયાને માયાવત્તિયા ક્રિયા કહે છે. તેના બે ભેદ છે– **૧.** આત્મભાવવંચના ક્રિયા– સ્વયં પોતે-પોતાને છેતરવા. અંતરના ભાવો છુપાવીને બહાર સરલતાનો દેખાવ કરવો. પ્રમાદી હોવા છતાં અપ્રમાદીનો દેખાવ કરવો. **૨.** પરભાવવંચના ક્રિયા– ખોટા લેખ લખીને કે ખોટા માપ-તોલ રાખીને બીજાને છેતરવા.

સ્થૂલ અને સૂક્ષ્મ સર્વ પ્રકારના કષાયના સદ્ભાવમાં આ ક્રિયા લાગે છે. **अण्णयरस्सावि अप्पमत्त-संजयस्स** કેટલાક અપ્રમત સંયમીને આ ક્રિયા લાગે છે. સાતમાથી ચૌદમા ગુણસ્થાનવર્તી જીવો અપ્રમત્તસંયમી છે. પરંતુ તેમાં અગિયારમાથી ચૌદમા ગુણસ્થાનવર્તી જીવો તો વીતરાગી હોય છે, તેમને માયાપ્રત્યયા ક્રિયા લાગતી નથી. શેષ એક થી દશ ગુણસ્થાનવર્તી જીવોને આ ક્રિયા લાગે છે. અહીં ''માયા'' શબ્દ દ્વારા ઉપલક્ષણથી ચારે કષાયનું ગ્રહણ થાય છે.

**(૪) અપ્રત્યાખ્યાન ક્રિયા :–** પ્રત્યાખ્યાન ન કરવાથી લાગતી ક્રિયા, તેના બે ભેદ છે– **૧.** જીવ અપ્રત્યાખ્યાન ક્રિયા– જીવ યુક્ત સચેત પદાર્થોના પ્રત્યાખ્યાન ન કરવા. **૨.** અજીવ અપ્રત્યાખ્યાન ક્રિયા– જીવ રહિતના અચેત પદાર્થોનો ત્યાગ ન કરવો.

પ્રત્યાખ્યાન ન કરનારા અવિરત જીવોને આ ક્રિયા લાગે છે. **अण्णयरस्सावि अपच्चक्खाणिस्स** એક થી ચાર ગુણસ્થાનવર્તી જીવો અવિરત હોય છે. પાંચમા દેશવિરત ગુણસ્થાનવર્તી શ્રાવકો એક દેશથી પચ્ચક્ખાણ કરે છે. શ્રાવકો બાર પ્રકારના અવ્રતમાંથી એક ત્રસકાય સંબંધિત પચ્ચક્ખાણ કરે છે અને શેષ અગિયાર અવ્રતના પચ્ચક્ખાણ હોતા નથી. તેમ છતાં શ્રાવકોના પચ્ચક્ખાણના પરિણામ હોવાથી તેને અપ્રત્યાખ્યાન ક્રિયા લાગતી નથી, માટે પૂર્ણતયા અપ્રત્યાખ્યાની જીવોને આ ક્રિયા લાગે છે.

**(૫) મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા :–** મિથ્યાત્વ જન્ય ક્રિયા. તત્ત્વમાં અતત્ત્વબુદ્ધિ અને અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ રાખવી. જિનમાર્ગથી ઓછી, અધિક કે વિપરીત શ્રદ્ધા, પ્રરૂપણા કે સ્પર્શના કરવી, તે મિથ્યાત્વ છે. તદ્જન્ય ક્રિયા મિથ્યાદર્શન પ્રત્યયાક્રિયા છે. તેના બે ભેદ છે– **૧.** અનભિગૃહીત મિથ્યાદર્શન ક્રિયા– જે જીવોએ અન્ય દર્શનોના અભિપ્રાયને સર્વથા જાણ્યા કે ગ્રહણ કર્યા ન હોય, તેવા સંજ્ઞી કે અસંજ્ઞી જીવોના મિથ્યાત્વને અનભિગૃહીત મિથ્યાત્વ કહે છે. તદ્જન્ય ક્રિયા, તે અનભિગૃહીત મિથ્યાદર્શન પ્રત્યયાક્રિયા છે. **૨.** અભિગૃહીત મિથ્યાદર્શન ક્રિયા– તેના બે ભેદ છે– (૧) હીનાતિરિક્ત મિથ્યાદર્શન ક્રિયા– જિનેશ્વર કથિત તત્ત્વથી પોતાની માન્યતા ઓછી કે અધિક રાખવી. જેમ કે આત્માને અંગુષ્ઠ માત્ર અથવા સર્વ લોક વ્યાપી માનવો. (૨) તદ્વ્યતિરિક્ત મિથ્યાદર્શન ક્રિયા– સદ્ભૂત પદાર્થોના અસ્તિત્વનો સ્વીકાર ન કરવો અથવા વિપરીત રીતે સ્વીકાર કરવો, જેમ કે– આત્માને ન માનવો અથવા કુદેવ, કુગુરુ અને કુધર્મનો સ્વીકાર કરવો.

આ ક્રિયા **अण्णयरस्सावि मिच्छादंसणिस्स** । પહેલા અને ત્રીજા ગુણસ્થાને મિથ્યાત્વનો ઉદય છે અને બીજા ગુણસ્થાને સાસ્વાદન સમ્યક્ત્વ હોવા છતાં તે જીવ મિથ્યાત્વાભિમુખ હોવાથી તેને મિથ્યાત્વજન્ય ક્રિયા લાગે છે. આ રીતે પહેલા, બીજા અને ત્રીજા ગુણસ્થાનવર્તી જીવોને આ ક્રિયા હોય છે.

આરંભિકી આદિ આ પાંચે ય પ્રકારની ક્રિયાઓ ૨૪ દંડકના જીવોને સંભવે છે.

**આરંભિકી આદિ ક્રિયાઓનો પરસ્પર સહભાવ :–**

**૫૮ जस्स णं भंते ! जीवस्स आरंभिया किरिया कज्जइ, तस्स परिग्गहिया किरिया कज्जइ ? जस्स परिग्गहिया किरिया कज्जइ, तस्स आरंभिया किरिया कज्जइ ?**

**गोयमा ! जस्स णं जीवस्स आरंभिया किरिया कज्जइ तस्स परिग्गहिया किरिया सिय कज्जइ सिय णो कज्जइ, जस्स पुण परिग्गहिया किरिया कज्जइ तस्स आरंभिया किरिया णियमा कज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે, તેને શું પારિગ્રહિકી ક્રિયા હોય છે? જેને પારિગ્રહિકી ક્રિયા હોય છે, તેને શું આરંભિકી ક્રિયા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે, તેને પારિગ્રહિકી ક્રિયા કદાચિત્ હોય છે, કદાચિત્ હોતી નથી, જેને પારિગ્રાહિકી ક્રિયા હોય છે, તેને આરંભિકી ક્રિયા નિયમા હોય છે.

**૫૯ जस्स णं भंते ! जीवस्स आरंभिया किरिया कज्जइ तस्स मायावत्तिया किरिया कज्जइ पुच्छा ? गोयमा ! जस्स णं जीवस्स आरंभिया किरिया कज्जइ तस्स मायावत्तिया किरिया णियमा कज्जइ, जस्स पुण मायावत्तिया किरिया कज्जइ तस्स आरंभिया किरिया सिय कज्जइ सिय णो कज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે, તેને શું માયાપ્રત્યયા ક્રિયા હોય છે? તથા જેને માયા પ્રત્યયા ક્રિયા હોય છે, તેને શું આરંભિકી ક્રિયા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે, તેને માયાપ્રત્યયા નિયમા હોય છે અને જેને માયા પ્રત્યયા ક્રિયા હોય છે, તેને આરંભિકી ક્રિયા કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતી નથી.

**૬૦** **जस्स णं भंते ! जीवस्स आरंभिया किरिया कज्जइ तस्स अपच्चक्खाणकिरिया कज्जइ पुच्छा ?**

**गोयमा ! जस्स णं जीवस्स आरंभिया किरिया कज्जइ तस्स अप्पच्चक्खाण-किरिया सिय कज्जइ सिय णो कज्जइ, जस्स पुण अपच्चक्खाणकिरिया कज्जइ तस्स आरंभिया किरिया णियमा कज्जइ । एवं मिच्छादंसणवत्तियाए वि समं ।**

**एवं परिग्गहिया वि तिहिं उवरिल्लाहिं समं चारेयव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે, તેને શું અપ્રત્યાખ્યાનક્રિયા હોય છે? તથા જેને અપ્રત્યાખ્યાનક્રિયા હોય છે, તેને શું આરંભિકી ક્રિયા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે, તેને અપ્રત્યાખ્યાનક્રિયા કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતી નથી, તથા જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય છે, તેને આરંભિકી ક્રિયા નિશ્ચિત રૂપે હોય છે. આ જ રીતે આરંભિકી ક્રિયા સાથે મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયાના સહભાવનું કથન કરવું જોઈએ.

પારિગ્રહિકી ક્રિયા માટે ત્યાર પછીની ત્રણ ક્રિયાઓ માયાપ્રત્યયા, અપ્રત્યાખ્યાની અને મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા સાથે પણ સહભાવ સંબંધી પ્રશ્નોત્તર સમજી લેવા જોઈએ.

**૬૧** **जस्स मायावत्तिया किरिया कज्जइ तस्स उवरिल्लाओ दो वि सिय कज्जंति सिय णो कज्जंति, जस्स उवरिल्लाओ दो कज्जंति तस्स मायावत्तिया णियमा कज्जइ।**

**ભાવાર્થ :–** જેને માયા પ્રત્યયાક્રિયા હોય છે, તેને ત્યાર પછીની બે અપ્રત્યાખ્યાનક્રિયા અને મિથ્યાદર્શન ક્રિયાઓ કદાચિત્ હોય છે, કદાચિત્ હોતી નથી, પરંતુ જેને અંતિમ બે અપ્રત્યાખ્યાનક્રિયા અને મિથ્યાદર્શનપ્રત્યયા ક્રિયા હોય છે તેને માયા પ્રત્યયાક્રિયા નિશ્ચિત રૂપે હોય છે.

**૬૨** **जस्स अपच्चक्खाणकिरिया कज्जइ तस्स मिच्छादंसणवत्तिया किरिया सिय कज्जइ सिय णो कज्जइ, जस्स पुण मिच्छादंसणवत्तिया किरिया कज्जइ तस्स अपच्चक्खाण किरिया णियमा कज्जइ ।**

**ભાવાર્થ :–** જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય છે, તેને મિથ્યાદર્શનપ્રત્યયાક્રિયા કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતી નથી. જેને મિથ્યાદર્શન પ્રત્યયાક્રિયા હોય છે, તેને અપ્રત્યાખ્યાન ક્રિયા નિશ્ચિતરૂપે હોય છે.

**૬૩** **णेरइयस्स आइल्लियाओ चत्तारि परोप्परं णियमा कज्जंति, जस्स एयाओ चत्तारि कज्जंति तस्स मिच्छादंसणवत्तिया किरिया भइज्जइ, जस्स पुण मिच्छा-दंसणवत्तिया किरिया कज्जइ तस्स एयाओ चत्तारि णियमा कज्जंति । एवं** *जाव* **थणियकुमारस्स ।**

**ભાવાર્થ :–** નારકીને પ્રારંભની ચાર ક્રિયાઓ અવશ્ય હોય છે. જેને આ ચાર ક્રિયાઓ હોય છે, તેને મિથ્યાદર્શન પ્રત્યયાક્રિયા વિકલ્પથી હોય છે, પરંતુ જેને મિથ્યાદર્શનપ્રત્યયાક્રિયા હોય છે, તેને પૂર્વની ચારેય ક્રિયાઓ અવશ્ય હોય છે.

આ રીતે નૈરયિકોમાં ક્રિયાઓના પરસ્પર સહભાવના કથનની જેમ અસુરકુમારથી લઈ સ્તનિતકુમાર સુધીના ભવનવાસી દેવોમાં પણ ક્રિયાઓના સહભાવનું કથન કરવું જોઈએ.

**૬૪** **पुढविक्काइयस्स** *जाव* **चउरिंदियस्स पंच वि परोप्परं णियमा कज्जंति ।**

**ભાવાર્થ :–** પૃથ્વીકાયિકથી લઈને ચૌરેન્દ્રિય સુધીના જીવોને પાંચેય ક્રિયાઓ પરસ્પર નિયમા હોય છે.

**૬૫** **पंचेंदियतिरिक्खजोणियस्स आइल्लियाओ तिण्णि वि परोप्परं णियमा कज्जंति, जस्स एयाओ कज्जंति तस्स उवरिल्लाओ दो भइज्जंति, जस्स उवरिल्लाओ दोण्णि कज्जंति तस्स एयाओ तिण्णि वि णियमा कज्जंति, जस्स अपच्चक्खाणकिरिया तस्स मिच्छादंसणवत्तिया सिय कज्जइ सिय णो कज्जइ, जस्स पुण मिच्छादंसणवत्तिया किरिया कज्जइ तस्स अपच्चक्खाणकिरिया णियमा कज्जइ ।**

**ભાવાર્થ :–** પંચેંદ્રિય તિર્યંચોને પ્રારંભની ત્રણ ક્રિયાઓ અવશ્ય હોય છે. જેને આ ત્રણ ક્રિયાઓ હોય છે, તેને શેષ બે ક્રિયાઓ અપ્રત્યાખ્યાન ક્રિયા અને મિથ્યાદર્શનપ્રત્યયા ક્રિયા કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતી નથી. જેને અંતિમ બે ક્રિયાઓ હોય છે, તેને પ્રારંભની ત્રણ ક્રિયાઓ અવશ્ય હોય છે. જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય છે, તેને મિથ્યાદર્શનપ્રત્યયા ક્રિયા કદાચિત્ હોય છે કદાચિત્ હોતી નથી, પરંતુ જેને મિથ્યાદર્શન-પ્રત્યયા ક્રિયા હોય છે, તેને અપ્રત્યાખ્યાન ક્રિયા અવશ્ય હોય છે.

**૬૬** **मणूसस्स जहा जीवस्स । वाणमंतर-जोइसिय-वेमाणियस्स जहा णेरइयस्स ।**

**ભાવાર્થ :–** મનુષ્યમાં ક્રિયાઓના સહભાવનું કથન સમુચ્ચય જીવની જેમ જાણવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં ક્રિયાઓના સહભાવનું કથન નૈરયિકોની જેમ જાણવું જોઈએ.

**૬૭** **जं समयं णं भंते ! जीवस्स आरंभिया किरिया कज्जइ तं समयं परिग्गहिया किरिया कज्जइ ? एवं एए– जस्स, जं समयं, जं देसं, जं पएसं णं चत्तारि दंडगा णेयव्वा । जहा णेरइयाणं तहा सव्वदेवाणं णेयव्वं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ:– પ્રશ્ન–** હે ભગવન્ ! જે સમયે જીવને આરંભિયા ક્રિયા હોય છે, તે સમયે તેને શું પરિગ્રહિકીક્રિયા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે ક્રિયાઓના સંબંધમાં આ પ્રમાણે જાણવું – (૧) જે જીવને, (૨) જે સમયમાં, (૩) જે દેશમાં અને (૪) જે પ્રદેશમાં, આ ચારે ય આલાપકો પૂર્વવત્ કહેવા જોઈએ. જેમ નૈરયિકોના વિષયમાં આ ચાર આલાપક કહ્યા છે, તેમ વૈમાનિકો સુધીના સમસ્ત જીવોના વિષયમાં પણ ચાર-ચાર આલાપક કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય જીવમાં તથા નારકાદિ ચોવીશ દંડકના જીવોમાં આરંભિકી આદિ પાંચ ક્રિયાઓના પરસ્પર સહભાવની ચર્ચા કરવામાં આવી છે.

સામાન્ય રીતે મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા એક થી ત્રણ ગુણસ્થાન સુધી, અપ્રત્યાખ્યાનક્રિયા એક થી ચાર ગુણસ્થાન સુધી, પારિગ્રહિકીક્રિયા એક થી પાંચ ગુણસ્થાન સુધી, આરંભિકી ક્રિયા એકથી છ ગુણસ્થાન સુધી અને માયા પ્રત્યયા ક્રિયા એક થી દશ ગુણસ્થાન સુધી હોય છે.

**(૧) જેને આરંભિયા ક્રિયા હોય,** તેને પારિગ્રહિકી ક્રિયા વિકલ્પે હોય છે કારણ કે એક થી પાંચ ગુણસ્થાનવર્તી જીવોને આરંભિકી અને પારિગ્રહિકી આ બંને ક્રિયા હોય છે; છટ્ઠા ગુણસ્થાનવર્તી જીવોને આરંભિકી ક્રિયા તો છે પરંતુ પારિગ્રહિકી ક્રિયા નથી.

જેને આરંભિકીક્રિયા હોય, તેને અપ્રત્યાખ્યાન ક્રિયા વિકલ્પે હોય છે, કારણ કે એક થી ચાર ગુણસ્થાનવર્તી જીવોને આરંભિકી અને અપ્રત્યાખ્યાની આ બંને ક્રિયા હોય છે. પાંચમા અને છટ્ઠા ગુણસ્થાનવર્તી જીવોને આરંભિકીક્રિયા તો છે પરંતુ અપ્રત્યાખ્યાની ક્રિયા નથી.

જેને આરંભિકી ક્રિયા હોય તેને મિથ્યાદર્શનપ્રત્યયા ક્રિયા વિકલ્પે હોય છે, કારણ કે એકથી ત્રણ ગુણસ્થાનવર્તી જીવોને આરંભિકી અને મિથ્યાદર્શનપ્રત્યયા આ બંને ક્રિયા અવશ્ય હોય છે. ચોથા, પાંચમા કે છટ્ઠા ગુણસ્થાનવર્તી જીવોને આરંભિકી ક્રિયા તો હોય છે પરંતુ સમકિતી હોવાથી મિથ્યાદર્શન પ્રત્યયાક્રિયા નથી. જેને આરંભિકીક્રિયા હોય તેને માયાપ્રત્યયા ક્રિયા અવશ્ય હોય છે કારણ કે આરંભિકીક્રિયા છ ગુણસ્થાન સુધી હોય છે અને માયાપ્રત્યયા ક્રિયા દશ ગુણસ્થાન સુધી હોય છે.

સંક્ષેપમાં **આરંભિકીક્રિયાનો** પારિગ્રહિકી, અપ્રત્યાખ્યાન અને મિથ્યાદર્શન પ્રત્યયા, આ ત્રણ ક્રિયા સાથે વૈકલ્પિક સંબંધ છે અને માયા પ્રત્યયાક્રિયા સાથે એકાંતિક(નિયમતઃ) સંબંધ છે.

**(૨) જેને પારિગ્રહિકીક્રિયા હોય,** તેને આરંભિકી અને માયાપ્રત્યયા ક્રિયા અવશ્ય હોય છે, કારણ કે આરંભિકી ક્રિયા છ ગુણસ્થાન સુધી અને માયાપ્રત્યયા ક્રિયા દશ ગુણસ્થાન સુધી હોય છે અને પરિગ્રહિકી ક્રિયા પાંચ ગુણસ્થાન સુધી જ હોય છે તેથી પરિગ્રહિકી ક્રિયાનો આરંભિયા અને માયાપ્રત્યયા ક્રિયા સાથે એકાંતિક સંબંધ છે. જેને પારિગ્રહિકી ક્રિયા હોય, તેને અપ્રત્યાખ્યાન ક્રિયા અને મિથ્યાદર્શન ક્રિયા વિકલ્પે હોય છે, કારણ કે અપ્રત્યાખ્યાન ક્રિયા પ્રથમ ચાર ગુણસ્થાન સુધી અને મિથ્યાદર્શન ક્રિયા પ્રથમ ત્રણ ગુણસ્થાન સુધી હોય છે. જ્યારે પારિગ્રહિકી ક્રિયા પાંચ ગુણસ્થાન સુધી હોય છે તેથી તેનો સંબંધ વૈકલ્પિક હોય છે.

**(૩) જેને માયાપ્રત્યયા ક્રિયા હોય,** તેને શેષ ચારે ક્રિયા વિકલ્પે હોય છે, કારણ કે માયાપ્રત્યયા ક્રિયા એક થી દશ ગુણસ્થાન સુધી હોય છે જ્યારે આરંભિયાદિ ક્રિયા ઉત્કૃષ્ટ છ ગુણસ્થાન સુધી જ હોય છે.

**(૪) જેને અપ્રત્યયાખ્યાન ક્રિયા હોય,** તેને પૂર્વની ત્રણ ક્રિયા અવશ્ય હોય છે કારણ કે અપ્રત્યાખ્યાન ક્રિયા પ્રથમ ચાર ગુણસ્થાન સુધી હોય છે. ચાર ગુણસ્થાનવર્તી અવિરત જીવોને આરંભિકી, પારિગ્રહિકી અને માયાપ્રત્યયા ક્રિયા અવશ્ય હોય છે.

અપ્રત્યાખ્યાન ક્રિયા હોય તેને મિથ્યાદર્શન ક્રિયા વિકલ્પે હોય છે. અપ્રત્યાખ્યાન ક્રિયા અવિરત જીવોને હોય છે. અવિરત જીવો કેટલાક મિથ્યાત્વી હોય છે અને કેટલાક સમકિતી હોય છે તેથી તેને મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા વિકલ્પે લાગે છે.

**(૫) જેને મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા હોય,** તેને પૂર્વની ચારે ક્રિયા અવશ્ય હોય છે, કારણ કે મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા મિથ્યાત્વી જીવોને હોય છે અને તે જીવોને આરંભિકી આદિ ચારેય ક્રિયાઓ અવશ્ય હોય છે.

સમુચ્ચય જીવોમાં ૧૧ થી ૧૪ ગુણસ્થાનવર્તી વીતરાગી જીવોને ઉપરોક્ત પાંચે ક્રિયા હોતી નથી.

**૨૪ દંડકોમાં ક્રિયા :– નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી તથા વૈમાનિક** દેવોમાં પ્રથમ ચાર

ગુણસ્થાન હોય છે. તેમાં કેટલાક જીવો સમકિતી અને કેટલાક મિથ્યાત્વી હોય છે. સમકિતીને મિથ્યાદર્શન ક્રિયા નથી, તેથી ચાર ક્રિયા અને મિથ્યાત્વીને પાંચ ક્રિયા હોય છે. આ રીતે નારકી અને દેવોમાં આરંભિકી આદિ ચાર ક્રિયા અવશ્ય હોય છે, મિથ્યાદર્શન ક્રિયા વિકલ્પે હોય છે. **પાંચ સ્થાવર** જીવો એકાંત મિથ્યાત્વી હોવાથી તેમાં પાંચે ક્રિયાઓ અવશ્ય હોય છે. **ત્રણ વિકલેન્દ્રિયોમાં** અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમકિતી હોય છે, પરંતુ મિથ્યાત્વાભિમુખ હોવાથી તે જીવોને મિથ્યાત્વજન્ય મિથ્યાદર્શન પ્રત્યયાક્રિયા લાગે છે. જે જીવોને મિથ્યાદર્શન ક્રિયા હોય તેને પ્રથમ ચાર ક્રિયા હોય છે. આ રીતે તે જીવોને પણ પાંચ ક્રિયા નિયમતઃ હોય છે.

**તિર્યંચ પંચેન્દ્રિયોમાં** પ્રથમ પાંચ ગુણસ્થાન હોય છે. તેમાં કેટલાક જીવો સમકિતી, કેટલાક મિથ્યાત્વી, કેટલાક દેશ વિરતિ અને કેટલાક અવિરતિ હોય છે, તેથી તે જીવોને પ્રથમની ત્રણ ક્રિયા અવશ્ય હોય છે, અપ્રત્યાખ્યાન ક્રિયા અને મિથ્યાદર્શન પ્રત્યયાક્રિયા વિકલ્પે હોય છે, તેમાં મિથ્યાત્વીને પાંચ ક્રિયા, સમકિતીને મિથ્યાદર્શન પ્રત્યયાક્રિયા છોડીને ચાર ક્રિયા, દેશવિરતિને મિથ્યાદર્શન પ્રત્યયાક્રિયા અને અપ્રત્યાખ્યાન ક્રિયા છોડીને શેષ ત્રણ ક્રિયા હોય છે.

**મનુષ્યમાં** ચૌદ ગુણસ્થાન હોય છે, તેથી તેમાં પાંચ, ચાર, ત્રણ, બે અથવા એક ક્રિયા વિકલ્પે હોય છે અને કેટલાક જીવો અક્રિય પણ હોય છે.

મનુષ્યોમાં મિથ્યાત્વીને પાંચ ક્રિયા, સમકિતીને ચાર ક્રિયા, દેશવિરતિને ત્રણ ક્રિયા, પ્રમત્ત સંયતને આરંભિયા અને માયાવત્તિયા, આ બે ક્રિયા, સરાગી અપ્રમત્ત સંયતને એક માયાવત્તિયા ક્રિયા હોય છે અને અગિયારમાથી ચૌદમા ગુણસ્થાનવર્તી વીતરાગી જીવો આરંભિકી આદિ આ પાંચ ક્રિયાની અપેક્ષાએ અક્રિય હોય છે.

**આરંભિકી આદિ પાંચ ક્રિયાનો પરસ્પર સદ્ભાવ :–**

| ક્રિયા | ગુણસ્થાન | આરંભિકી | પરિગ્રહિકી | માયાપ્રત્યયા | અપ્રત્યાખ્યાન | મિથ્યાદર્શન |
|---|---|---|---|---|---|---|
| આરંભિકી ક્રિયામાં | ૬ | – | ભજના | નિયમા | ભજના | ભજના |
| પરિગ્રહિકી ક્રિયામાં | ૫ | નિયમા | – | નિયમા | ભજના | ભજના |
| માયાપ્રત્યયા ક્રિયામાં | ૧૦ | ભજના | ભજના | – | ભજના | ભજના |
| અપ્રત્યાખ્યાન ક્રિયામાં | ૪ | નિયમા | નિયમા | નિયમા | – | ભજના |
| મિથ્યાદર્શન ક્રિયામાં | ૩ | નિયમા | નિયમા | નિયમા | નિયમા | – |

**૨૪ દંડકના જીવોમાં આરંભિકી આદિ ક્રિયા :–**

| ક્રિયા | ગુણસ્થાન | આરંભિકી | પરિગ્રહિકી | માયાપ્રત્યયા | અપ્રત્યાખ્યાન | મિથ્યાદર્શન |
|---|---|---|---|---|---|---|
| ૧. નારકી–દેવો | ૪ | નિયમા | નિયમા | નિયમા | નિયમા | ભજના |
| ૨. પાંચ સ્થાવર | ૧ | નિયમા | નિયમા | નિયમા | નિયમા | નિયમા |
| ૩. ત્રણ વિકલેન્દ્રિય | ૧, ૨ | નિયમા | નિયમા | નિયમા | નિયમા | નિયમા |
| ૪. તિર્યંચ પંચેન્દ્રિય | ૫ | નિયમા | નિયમા | નિયમા | ભજના | ભજના |
| ૫. સરાગી મનુષ્યો | ૧ થી ૧૦ | ભજના | ભજના | નિયમા | ભજના | ભજના |
| ૬. વીતરાગી મનુષ્યો | ૧૧ થી ૧૪ | × | × | × | × | × |

**જીવ આદિમાં પાપસ્થાનોથી વિરતિ :-**

**૬૮** **अत्थि णं भंते ! जीवाणं पाणाइवायवेरमणे कज्जइ ? हंता ! अत्थि । कम्हि णं भंते ! जीवाणं पाणाइवायवेरमणे कज्जइ ? गोयमा ! छसु जीवणिकाएसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવોને પ્રાણાતિપાત વિરમણ હોય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! હોય છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! જીવોને કયા વિષયમાં પ્રાણાતિપાત વિરમણ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ષડ્જીવનિકાય(છકાય) જીવોના વિષયમાં પ્રાણાતિપાત વિરમણ હોય છે.

**૬૯** **अत्थि णं भंते ! णेरइयाणं पाणाइवायवेरमणे कज्जइ ? गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं** *जाव* **वेमाणियाणं । णवरं मणूसाणं जहा जीवाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકોને પ્રાણાતિપાતથી વિરમણ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી. આ જ રીતે વૈમાનિકો સુધીના સર્વ દંડકના જીવોમાં જાણવું જોઈએ, તેમાં વિશેષતા એ છે કે મનુષ્યમાં સમુચ્ચય જીવની જેમ જાણવું.

**૭૦** **एवं मुसावाएणं** *जाव* **मायामोसेणं जीवस्स य मणूसस्स य, सेसाणं णो इणट्ठे समट्ठे । णवरं– अदिण्णादाणे गहण-धारणिज्जेसु दव्वेसु, मेहुणे रूवेसु वा रूवसहगएसु वा दव्वेसु, सेसाणं सव्वदव्वेसु ।**

**ભાવાર્થ :–** આ રીતે મૃષાવાદથી લઈ માયામૃષા સુધીના પાપસ્થાનથી વિરમણ સમુચ્ચય જીવોને અને મનુષ્યોને હોય છે. શેષ જીવોમાં હોતું નથી. તેમાં વિશેષતા એ છે કે અદત્તાદાન-વિરમણ ગ્રહણ-ધારણ કરવા યોગ્ય દ્રવ્યોમાં, મૈથુન વિરમણ રૂપોમાં અથવા રૂપ સહગત(સ્ત્રી આદિ)માં થાય છે. શેષ પાપસ્થાનોથી વિરમણ સર્વ દ્રવ્યોના વિષયમાં થાય છે.

**૭૧** **अत्थि णं भंते ! जीवाणं मिच्छादंसणसल्लवेरमणे कज्जइ ? गोयमा ! हंता अत्थि । कम्हि णं भंते ! जीवाणं मिच्छादंसणसल्लवेरमणे कज्जइ ? गोयमा ! सव्व-दव्वेसु । एवं णेरइयाणं** *जाव* **वेमाणियाणं, णवरं– एगिंदिय-विगलिंदियाणं णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવોને મિથ્યાદર્શનશલ્યથી વિરમણ હોય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! હોય છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! કયા વિષયમાં જીવોને મિથ્યાદર્શનશલ્યથી વિરમણ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વદ્રવ્યોના વિષયમાં હોય છે.

આ રીતે નૈરયિકથી લઈ વૈમાનિક સુધીના જીવોને મિથ્યાદર્શનશલ્યના વિરમણનું કથન કરવું જોઈએ. તેમાં વિશેષતા એ છે કે એકેન્દ્રિયો અને વિકલેંદ્રિયોમાં મિથ્યાત્વનું વિરમણ થતું નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય જીવ અને ચોવીસદંડકવર્તી જીવોમાં પ્રાણાતિપાત આદિ ૧૮ પાપસ્થાનોથી વિરતિનું પ્રતિપાદન છે.

ચોવીસ દંડકના જીવોમાંથી મનુષ્ય સિવાય કોઈ પણ જીવો તથાપ્રકારના ભવસ્વભાવથી જ પ્રાણાતિપાત આદિ ૧૭ પાપસ્થાનોથી વિરતિ કરી શકતા નથી. નારકી, દેવતા, સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય, તે સોળ દંડકના જીવો સમ્યગ્દર્શન પ્રગટ કરી શકતા હોવાથી તે જીવો મિથ્યાદર્શનશલ્યથી વિરત થઈ શકે છે.

પાંચ સ્થાવર જીવો એકાંત મિથ્યાત્વી હોવાથી મિથ્યાદર્શનશલ્યથી વિરત થઈ શકતા નથી. ત્રણ વિકલેન્દ્રિયો અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમકિતની સ્પર્શના કરવા છતાં મિથ્યાત્વાભિમુખ હોવાથી તે જીવો મિથ્યાદર્શનશલ્યથી વિરત થઈ શકતા નથી. સમુચ્ચય જીવોમાં પાપસ્થાનથી વિરતિનું કથન છે, તે મનુષ્યની અપેક્ષાએ છે.

**પાપસ્થાનકોના વિરમણનો વિષય :–** પાપસ્થાનનો જે વિષય છે તે જ તેના વિરમણનો વિષય બને છે. તેથી પ્રાણાતિપાત વિરમણ છ કાય જીવોના વિષયમાં હોય છે. મૃષાવાદ વિરમણ લોકના સમસ્ત દ્રવ્યોમાં હોય છે. અદત્તાદાન વિરમણ ગ્રહણ-ધારણ કરવા યોગ્ય દ્રવ્યોના વિષયમાં હોય છે. મૈથુન વિરમણ રૂપો અને રૂપ સહગત સ્ત્રી આદિના વિષયમાં હોય છે. અવશેષ સર્વ(૧૩) પાપસ્થાન વિરમણ સર્વદ્રવ્યોના વિષયમાં હોય છે.

**૨૪ દંડકના જીવોમાં પાપસ્થાન વિરતિ :–**

| જીવ પ્રકાર | ૧૮–પાપસ્થાનકથી વિરતિ |
|---|---|
| નારકી, દેવતા | ૧–મિથ્યાદર્શનશલ્યથી વિરમણ |
| એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય | × |
| ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય | ૧–મિથ્યાદર્શનશલ્યથી વિરમણ |
| મનુષ્ય | ૧૮–પ્રાણાતિપાતાદિ ૧૮ પાપથી વિરમણ |

**પાપસ્થાનવિરત જીવોમાં કર્મપ્રકૃતિબંધ :–**

**૭૨ पाणाइवायविरए णं भंते ! जीवे कइ कम्मपगडीओ बंधइ ? गोयमा ! सत्तविहबंधगे वा अट्ठविहबंधगे वा छव्विहबंधगे वा एगविहबंधगे वा अबंधगे वा। एवं मणूसे वि भाणियव्वे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાણાતિપાતથી વિરત થયેલો એક જીવ કેટલી કર્મપ્રકૃતિઓનો બંધ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સાત કર્મનોબંધક, આઠ કર્મનોબંધક, છ કર્મનોબંધક, એક કર્મનોબંધક અથવા અબંધક હોય છે. આ જ રીતે મનુષ્યના વિષયમાં પણ કથન કરવું જોઈએ.

**૭૩** पाणाइवायविरया णं भंते ! जीवा कइ कम्मपगडीओ बंधंति ? गोयमा ! सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा य एगविहबंधगा य ।

अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगा य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगे य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगा य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अबंधगे य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अबंधगा य ।

अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे य छव्विहबंधगे य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे य छव्विहबंधगा अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगे य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगा य ।

अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे य अबंधए य अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे अबंधगा य अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगा य अंबंधगे य । अहवा सत्तविहबंधगा य एगविह बंधगा य अट्ठविहबंधगा य अबंधगा य ।

अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगे य अबंधगे य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगे य अबंधगा य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगा य अबंधए य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगा य अबंधगा य ।

अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे य छव्विहबंधगे य अबंधगे य अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे य छव्विहबंधगे य अबंधगा य अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे य छव्विहबंधगा य अबंधगे य अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे य छव्विहबंधगा य अबंधगा य ।

अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगे य अबंधगे य अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगे य अबंधगा य अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगा य अबंधगे य अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविह- बंधगा य छव्विहबंधगा य अबंधगा य एते अट्ठ भंगा । सव्वे वि मिलिया सत्तावीसं भंगा भवंति ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાણાતિપાતથી વિરત અનેક જીવો કેટલી કર્મપ્રકૃતિઓનો બંધ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસંયોગી એક ભંગ (૧) સર્વ જીવો સાત કર્મ બંધક કે એક કર્મ બંધક. (અર્થાત્ અનેક જીવો સાત કર્મબંધક અને અનેક જીવો આઠ કર્મબંધક હોય છે.)

**દ્વિ સંયોગી છ ભંગ :–**

(૧) અનેક જીવો સાત કે એક કર્મ બંધક અને એક આઠ કર્મ બંધક,
(૨) અનેક જીવો સાત કે એક કર્મ બંધક અને અનેક આઠ કર્મ બંધક,
(૩) અનેક જીવો સાત કે એક કર્મ બંધક અને એક છ કર્મ બંધક,
(૪) અનેક જીવો સાત કે એક કર્મ બંધક અને અનેક છ કર્મ બંધક,
(૫) અનેક જીવો સાત કે એક કર્મ બંધક અને એક અબંધક,
(૬) અનેક જીવો સાત કે એક કર્મ બંધક અને અનેક અબંધક હોય છે.

**ત્રિ સંયોગી બાર ભંગ :–**

(૧) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, એક આઠ કર્મ બંધક અને એક છ કર્મ બંધક,
(૨) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, એક આઠ કર્મ બંધક અને અનેક છ કર્મ બંધક,
(૩) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, અનેક આઠ કર્મ બંધક અને એક છ કર્મ બંધક,
(૪) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, અનેક આઠ કર્મ બંધક અને અનેક છ કર્મ બંધક,
(૫) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, એક આઠ કર્મ બંધક અને એક અબંધક,
(૬) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, એક આઠ કર્મ બંધક અને અનેક અબંધક,
(૭) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, અનેક આઠ કર્મ બંધક અને એક અબંધક,
(૮) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, અનેક આઠ કર્મ બંધક અને અનેક અબંધક,
(૯) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, એક છ કર્મ બંધક અને એક અબંધક ,
(૧૦) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, એક છ કર્મ બંધક અને અનેક અબંધક ,
(૧૧) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, અનેક છ કર્મ બંધક અને એક અબંધક,
(૧૨) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, અનેક છ કર્મ બંધક અને અનેક અબંધક હોય છે.

**ંચાર સંયોગી આઠ ભંગ :–**

(૧) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, એક આઠ કર્મ બંધક, એક છ કર્મ બંધક, એક અબંધક,
(૨) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, એક આઠ કર્મ બંધક, એક છ કર્મ બંધક, અનેક અબંધક,
(૩) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, એક આઠ કર્મ બંધક, અનેક છ કર્મ બંધક, એક અબંધક,
(૪) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, એક આઠ કર્મ બંધક, અનેક છ કર્મ બંધક, અનેક અબંધક.
(૫) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, અનેક આઠ કર્મ બંધક, એક છ કર્મ બંધક, એક અબંધક,
(૬) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, અનેક આઠ કર્મ બંધક, એક છ કર્મ બંધક, અનેક અબંધક,
(૭) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, અનેક આઠ કર્મ બંધક, અનેક છ કર્મ બંધક, એક અબંધક,
(૮) અનેક જીવો સાત કે એક કર્મ બંધક, અનેક આઠ કર્મ બંધક, અનેક છ કર્મ બંધક, અનેક અબંધક.

આ રીતે અસંયોગી એક ભંગ + દ્વિસંયોગી છ ભંગ, ત્રિ સંયોગી બાર ભંગ અને ચાર સંયોગી આઠ ભંગ થાય. કુલ મળીને ૧+૬+૧૨+૮=૨૭ ભંગ થાય છે.

**૭૪ एवं मणूसाण वि एए चेव सत्तावीसं भंगा भाणियव्वा । एवं मुसावाय-विरयस्स *जाव* मायामोसविरयस्स जीवस्स य मणूसस्स य ।**

**ભાવાર્થ :–** આ જ રીતે મનુષ્યોમાં પણ ૨૭ ભંગ કહેવા જોઈએ. આ જ રીતે મૃષાવાદ વિરત ***યાવત્*** માયામૃષાવિરત જીવ અને મનુષ્ય સંબંધી કર્મ બંધનું કથન કરવું જોઈએ.

**૭૫ मिच्छादंसणसल्लविरए णं भंते ! जीवे कइ कम्मपगडीओ बंधइ ? गोयमा ! सत्तविहबंधए वा अट्ठविहबंधए वा छव्विहबंधए वा एगविहबंधए वा अबंधए वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મિથ્યાદર્શનશલ્યવિરતજીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સાત, આઠ, છ અથવા એક કર્મ પ્રકૃતિ બાંધે છે અથવા તે અબંધક હોય છે.

**૭૬ मिच्छादंसणसल्लविरए णं भंते! णेरइए कइ कम्मपगडीओ बंधइ ? गोयमा ! सत्तविहबंधए वा अट्ठविहबंधए वा, *जाव* पंचेंदियतिरिक्खजोणिए । मणूसे जहा जीवे । वाणमंतर-जोइसिए-वेमाणिए जहा णेरइए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મિથ્યાદર્શનશલ્ય વિરત એક નૈરયિક કેટલી કર્મપ્રકૃતિ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાત અથવા આઠ કર્મપ્રકૃતિ બાંધે છે; આ જ રીતે પંચેંદ્રિય તિર્યંચ સુધી જાણવું જોઈએ. મનુષ્યના વિષયમાં કર્મબંધનનું કથન સમુચ્ચય જીવની જેમ જાણવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોમાં કર્મબંધનું કથન નૈરયિકોની સમાન જાણવું જોઈએ.

**૭૭ मिच्छादंसणसल्लविरया णं भंते ! जीवा कइ कम्मपगडीओ बंधंति ? गोयमा ! ते चेव सत्तावीसं भंगा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મિથ્યાદર્શનશલ્યથી વિરત અનેક જીવો કેટલી કર્મપ્રકૃતિ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વોક્ત ૨૭ ભંગ અહીં કહેવા જોઈએ.

**૭૮ मिच्छादंसणसल्लविरया णं भंते ! णेरइया कइ कम्मपगडीओ बंधंति ? गोयमा ! सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा । अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगे य । अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य । एवं *जाव* वेमाणिया, णवरं– मणूसाणं जहा जीवाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મિથ્યાદર્શનશલ્યથી વિરત અનેક નૈરયિકો કેટલી કર્મપ્રકૃતિ બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મિથ્યાદર્શનશલ્યથી વિરત (૧) સર્વે ય નારકી સાત કર્મ બાંધે (૨) અથવા અનેક નારકી સાત કર્મ બાંધે અને એક નારકી આઠ કર્મ બાંધે (૩) અથવા અનેક નારકી સાત કર્મ બાંધે અને અનેક નારકી આઠ કર્મ બાંધે. આ રીતે વૈમાનિકો સુધીના જીવોમાં કર્મબંધના આલાપક કહેવા જોઈએ. વિશેષતા એ છે કે અનેક મનુષ્યોમાં કર્મબંધ સંબંધી આલાપક સમુચ્ચય અનેક જીવોના આલાપકોની સમાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અઢાર પાપસ્થાનથી વિરત જીવોના કર્મ બંધ સંબંધી પ્રતિપાદન છે.

પ્રાણાતિપાત આદિ સત્તર પાપસ્થાનથી વિરત થયેલા જીવો છઠ્ઠાથી ચૌદમાં ગુણસ્થાન સુધી હોય છે. તેમાં છઠ્ઠા, સાતમા ગુણસ્થાને આઠ કર્મ, આઠમા-નવમા ગુણસ્થાને આયુષ્ય કર્મને છોડીને સાત કર્મ, દશમા ગુણસ્થાને આયુષ્ય અને મોહનીયકર્મને છોડીને છ કર્મ, અગિયારમા, બારમા, તેરમા ગુણસ્થાને એક શાતાવેદનીય કર્મ બાંધે છે અને ચૌદમા ગુણસ્થાને અબંધક હોય છે.

જીવોને થતાં કર્મબંધના વિવિધ વિકલ્પોમાં કેટલાક શાશ્વત છે અને કેટલાક અશાશ્વત છે. શાશ્વત-અશાશ્વતના સંયોગથી ભંગ બને છે.

**આઠ કર્મબંધક જીવો અશાશ્વત :–** સર્વ પાપથી વિરત જીવ છઠ્ઠે અને સાતમે ગુણસ્થાને સાત અથવા આઠ કર્મ બાંધે છે. આયુષ્યનો બંધ થતો હોય, ત્યારે આઠ કર્મ અને તે સિવાયના કાલમાં સાત કર્મ બાંધે છે. આયુષ્યનો બંધ જીવનમાં એક જ વાર અંતર્મુહૂર્ત કાલ પર્યંત હોવાથી આયુષ્યનો બંધ કરનારા જીવો હંમેશાં પ્રાપ્ત થતા નથી, તેથી આઠ કર્મબંધક જીવો અશાશ્વત છે.

**સાત કર્મબંધક શાશ્વત :–** છઠ્ઠા, સાતમા ગુણસ્થાનવર્તી અનેક જીવો અને આઠમા-નવમા ગુણસ્થાનવર્તી સર્વ જીવો સાત કર્મ બાંધે છે. તેમાં આઠમું-નવમું ગુણસ્થાન અશાશ્વત છે, પરંતુ છઠ્ઠું ગુણસ્થાન શાશ્વત છે, તેથી તેમાં આયુષ્ય ન બાંધનારા ઘણા જીવો હંમેશાં પ્રાપ્ત થાય છે તેથી સાતકર્મ બંધક જીવો શાશ્વત છે.

**છ કર્મ બંધક અશાશ્વત :–** દશમે ગુણસ્થાને આયુષ્ય અને મોહનીયકર્મને છોડીને છ કર્મનો બંધ થાય છે. દશમું ગુણસ્થાન અશાશ્વત હોવાથી છ કર્મબંધક જીવો હંમેશાં પ્રાપ્ત થતા નથી, તેથી તે અશાશ્વત છે.

**એક કર્મબંધક શાશ્વત :–** અગિયારમા, બારમા અને તેરમા ગુણસ્થાને એક શાતાવેદનીય કર્મનો બંધ થાય છે. તેમાં અગિયારમું અને બારમું ગુણસ્થાન અશાશ્વત છે, પરંતુ તેરમું ગુણસ્થાન શાશ્વત હોવાથી એક કર્મબંધક અનેક જીવો હંમેશાં પ્રાપ્ત થાય છે, તેથી તે શાશ્વત છે.

**અબંધક જીવો અશાશ્વત :–** ચૌદમા ગુણસ્થાને જીવ અબંધક હોય છે. ચૌદમું ગુણસ્થાન અશાશ્વત હોવાથી અબંધક જીવો હંમેશાં પ્રાપ્ત થતા નથી.

આ રીતે સાત કર્મબંધક અને એક કર્મબંધક, આ બે પ્રકારના જીવો શાશ્વત છે તથા આઠ કર્મબંધક, છ કર્મબંધક અને અબંધક, આ ત્રણ પ્રકારના જીવો અશાશ્વત છે. તે અશાશ્વત જીવો જ્યારે હોય ત્યારે એક અથવા અનેક જીવો હોય છે, તેથી બે શાશ્વત અને ત્રણ અશાશ્વત વિકલ્પોના સંયોગથી અનેક જીવોમાં ૨૭ ભંગ થાય છે.

**સમુચ્ચય એક જીવ :–** પ્રાણાતિપાત આદિ અઢાર પાપસ્થાનથી વિરત હોય, તો તે જીવ જે ગુણસ્થાને સ્થિત હોય, તે પ્રમાણે આઠ, સાત, છ અથવા એક કર્મ બાંધે છે અથવા તે એક જીવ અબંધક હોય છે. આ રીતે એક જીવમાં કોઈ પણ એક ભંગ(બંધ વિકલ્પ) હોય છે.

**સમુચ્ચય અનેક જીવો :–** પ્રાણાતિપાત આદિ અઢાર પાપસ્થાનથી વિરત હોય, તો કર્મબંધ સંબંધી ૨૭ ભંગ થાય છે. અનેક જીવોમાં કેટલાક જીવો સાત કર્મબંધક હોય અને કેટલાક જીવો એક કર્મબંધક હોય પરંતુ આઠ કે છ કર્મબંધક અથવા અબંધક એક પણ જીવ ન હોય. ત્યારે (૧) અનેક જીવો સાત કર્મબંધક અને અનેક જીવો એક કર્મબંધક હોય, તે દ્વિસંયોગી એક ભંગ થાય.

**ત્રિસંયોગી ભંગ :–** અનેક જીવો સાત કર્મબંધક અને અનેક જીવો એક કર્મબંધક હોય તથા તેની સાથે એક કે અનેક જીવો આઠ કર્મબંધક, એક કે અનેક જીવો છ કર્મબંધક અને એક કે અનેક જીવો અબંધક હોય ત્યારે ત્રિસંયોગી ૬ ભંગ થાય છે.

**ચાર સંયોગી ભંગ :–** અનેક જીવો સાત કર્મબંધક અને અનેક જીવો એક કર્મબંધક હોય તથા તેની સાથે એક કે અનેક આઠ કર્મબંધક અને એક કે અનેક છ કર્મબંધક જીવોના સંયોગે ૪ ભંગ થાય છે. તે જ રીતે અનેક સાત કર્મબંધક અને અનેક એક કર્મબંધક જીવો સાથે એક કે અનેક આઠ કર્મબંધક અને એક કે અનેક અબંધક જીવોના સંયોગે ૪ ભંગ થાય છે. તેવી જ રીતે અનેક સાત કર્મબંધક અને અનેક એક કર્મબંધક જીવો સાથે એ કે અનેક છ કર્મબંધક અને એક કે અનેક અબંધક જીવોના સંયોગે ૪ ભંગ થાય છે. આ રીતે ત્રણવાર ચાર ભંગ થતાં કુલ ૪+૪+૪=૧૨ ભંગ **ચાર સંયોગી** થાય છે.

**પાંચસંયોગી ભંગ :–** અનેક સાત કર્મબંધક અને અનેક એક કર્મબંધક જીવો હોય તથા તેની સાથે એક કે અનેક આઠ કર્મબંધક અને એક કે અનેક છ કર્મબંધક તેમજ એક કે અનેક અંબધક જીવોના સંયોગે પાંચ સંયોગીના આઠ ભંગ બને છે.

આ રીતે ઉપરોક્ત સર્વ મળીને દ્વિસંયોગી ૧+ ત્રિસંયોગી ૬+ ચાર સંયોગી ૧૨+ પાંચસંયોગી ૮ ભંગ = કુલ ૨૭ ભંગ થાય છે. સમુચ્ચય અનેક જીવોમાં અનેક પ્રકારે વિવિધતા હોવાથી આ ૨૭ ભંગ થાય છે. ભંગોનું સ્પષ્ટીકરણ ભાવર્થમાં છે.

**૨૩ દંડકના એક જીવ :–** મનુષ્યને છોડીને શેષ ૨૩ દંડકના જીવો પ્રાણાતિપાત આદિ સત્તર પાપસ્થાનથી વિરત થઈ શકતા નથી. તેમાંથી નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો અને તિર્યંચ પંચેન્દ્રિય કુલ ૧૫ દંડકના જીવો સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે ત્યારે મિથ્યાદર્શનશલ્યથી(એક પાપથી) વિરત થાય છે. મિથ્યાદર્શનશલ્યથી વિરત થયેલો એક જીવ જ્યારે આયુષ્યકર્મ બાંધતો હોય, ત્યારે આઠ કર્મ અને આયુષ્ય કર્મ ન બાંધતો હોય, ત્યારે સાત કર્મ બાંધે છે. નારકી આદિ પંદર દંડકના જીવોમાં કર્મબંધ સંબંધી અન્ય વિકલ્પ સંભવિત નથી અને એક જીવમાં તો કોઈ પણ એક જ વિકલ્પ સંભવે છે. પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયો આ આઠ દંડકના જીવો મિથ્યાદર્શનશલ્યથી વિરત થતા નથી.

**૨૩ દંડકના અનેક જીવો :–** તે જીવો પ્રાણાતિપાત આદિ સત્તર પાપસ્થાનથી વિરત થઈ શકતા નથી.

નારકી, દેવો અને તિર્યંચ પંચેન્દ્રિય, આ પંદર દંડકના જીવો મિથ્યાદર્શનશલ્યથી વિરત થઈ શકે છે. તે જીવોમાં સાત કર્મબંધક જીવો હંમેશાં અનેક હોય છે અને આઠ કર્મબંધક જીવો ક્યારેક હોય છે અને ક્યારેક હોતા નથી. તેમાં એક અને અનેક જીવોની અપેક્ષાએ ત્રણ ભંગ થાય છે– (૧) સર્વ જીવો સાત કર્મબંધક હોય. (૨) અનેક જીવો સાત કર્મબંધક અને એક જીવ આઠ કર્મબંધક હોય. (૩) અનેક જીવો સાત કર્મબંધક અને અનેક જીવો આઠ કર્મબંધક હોય છે.

**એક મનુષ્ય :–** તેમાં ચૌદ ગુણસ્થાન સંભવે છે. કોઈ પણ એક મનુષ્ય આઠ, સાત, છ અથવા એક કર્મનો બંધ કરે છે અથવા તે અબંધક પણ હોય છે. આ પાંચ વિકલ્પોમાંથી એક મનુષ્યમાં કોઈ પણ એક જ વિકલ્પ સંભવે છે.

**અનેક મનુષ્યો :–** મનુષ્ય અઢારે પાપસ્થાનથી વિરત થઈ શકે છે, તે વિરત મનુષ્યોમાં સાત કર્મબંધક અને એક કર્મબંધક જીવો શાશ્વત છે અને આઠ કર્મબંધક, છ કર્મબંધક અને અબંધક જીવો અશાશ્વત છે. શાશ્વત-અશાશ્વત વિકલ્પોની અપેક્ષાએ ઉપરોક્ત ૨૭ ભંગ થાય છે.

**અઢાર પાપ સ્થાનથી વિરત જીવોમાં કર્મબંધ સંબંધી ભંગ :–**

| જીવ પ્રકાર | ભંગ સંખ્યા | વિવરણ |
|---|---|---|
| સમુચ્ચય એક જીવ | ૧ | ૮, ૭, ૬ અથવા ૧ કર્મબંધક હોય અથવા અબંધક હોય, આ પાંચ વિકલ્પોમાંથી કોઈ પણ એક જ વિકલ્પ–ભંગ હોય. |
| સમુચ્ચય અનેક જીવો | ૨૭ | સાત કર્મબંધક અને એક કર્મબંધક જીવો શાશ્વતા અને આઠ કે છ કર્મબંધક અને અબંધક જીવો અશાશ્વતા. શાશ્વતા અનેક જીવો તથા અશાશ્વતાએક કે અનેક જીવોની અપેક્ષાએ દ્વિસંયોગી ૧ + ત્રિસંયોગી ૬ + ચાર સંયોગી ૧૨ + પાંચ સંયોગી ૮ ભંગ = ૨૭ ભંગ થાય. |
| ૧૫ દંડકના એક જીવ (નારકી+૧૩ દેવના+તિર્યંચ પંચેન્દ્રિય) | ૧ | સત્તર પાપસ્થાનથી વિરત થતા નથી. મિથ્યાદર્શન શલ્યથી વિરત થાય છે. તે સાત અથવા આઠ કર્મબંધક હોય. એક જીવમાં બેમાંથી કોઈ પણ એક વિકલ્પ હોય. |
| ૧૫ દંડકના અનેક જીવો | ૩ | મિથ્યાત્વની વિરતિની અપેક્ષાએ ત્રણ ભંગ. સાત કર્મબંધક જીવો શાશ્વત આઠ કર્મબંધક અશાશ્વત. તેના એક–અનેક જીવોની અપેક્ષાએ ત્રણભંગ. |
| એક મનુષ્ય | ૧ | ૮, ૭, ૬ અથવા ૧ કર્મબંધક હોય અથવા અબંધક હોય. કોઈપણ એક વિકલ્પ હોય. |
| અનેક મનુષ્યો | ૨૭ | સમુચ્ચય અનેક જીવો પ્રમાણે. |
| ★ પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય જીવો અઢાર પાપસ્થાનથી વિરત થતા નથી. ★ કર્મબંધ વિકલ્પોમાં બધા વિકલ્પો શાશ્વત હોય, તો ૧ ભંગ, ★ એક વિકલ્પ શાશ્વત, એક અશાશ્વત હોય, તો ૩ ભંગ, ★ એક શાશ્વત, બે અશાશ્વત હોય, તો ૯ ભંગ, ★ એક શાશ્વત, ત્રણ અશાશ્વત હોય, તો ૨૭ ભંગ. | | |

**૧૮ પાપસ્થાનથી વિરત જીવોમાં ક્રિયા :–**

**૭૯ पाणाइवायविरयस्स णं भंते ! जीवस्स किं आरंभिया किरिया कज्जइ ? गोयमा ! पाणाइवायविरयस्स जीवस्स आरंभिया किरिया सिय कज्जइ सिय णो कज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાણાતિપાતથી વિરત જીવને શું આરંભિકી ક્રિયા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પ્રાણાતિપાતવિરત જીવને આરંભિકી ક્રિયા કદાચિત્ હોય છે, કદાચિત્ હોતી નથી.

**૮૦ पाणाइवायविरयस्स णं भंते ! जीवस्स परिग्गहिया किरिया कज्जइ ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાણાતિપાતવિરત જીવને શું પારિગ્રહિકીક્રિયા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી.

**૮૧ पाणाइवायविरयस्स णं भंते ! जीवस्स मायावत्तिया किरिया कज्जइ ? गोयमा ! सिय कज्जइ सिय णो कज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાણાતિપાતવિરત જીવને માયાપ્રત્યયાક્રિયા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ હોય છે, કદાચિત્ હોતી નથી.

**૮૨ पाणाइवायविरयस्स णं भंते ! जीवस्स अपच्चक्खाणवत्तिया किरिया कज्जइ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાણાતિપાતવિરત જીવને શું અપ્રત્યાખ્યાનક્રિયા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી.

**૮૩ मिच्छादंसणवत्तियाए पुच्छा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं पाणाइवाय-विरयस्स मणूसस्स वि । एवं** *जाव* **मायामोसविरयस्स जीवस्स मणूसस्स य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાણાતિપાત વિરત જીવને શું મિથ્યાદર્શનપ્રત્યયા ક્રિયા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી. આ જ રીતે પ્રાણાતિપાતવિરત મનુષ્યનો આલાપક પણ જાણવો જોઈએ.(શેષ ૨૩ દંડકમાં જીવ પ્રાણાતિપાતથી વિરત હોતા નથી.)

આ જ રીતે ***યાવત્*** માયામૃષાવિરત(સત્તરમા પાપથી વિરત) સમુચ્ચય જીવ અને મનુષ્યના સંબંધમાં જાણવું જોઈએ.

**૮૪ मिच्छादंसणसल्लविरयस्स णं भंते ! जीवस्स किं आरंभिया किरिया कज्जइ** *जाव* **मिच्छादंसणवत्तिया किरिया कज्जइ ?**

**गोयमा ! मिच्छादंसणसल्लविरयस्स जीवस्स आरंभिया किरिया सिय कज्जइ सिय णो कज्जइ । एवं** *जाव* **अपच्चक्खाणकिरिया । मिच्छादंसणवत्तिया किरिया णो कज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મિથ્યાદર્શનશલ્યથી વિરત જીવને શું આરંભિકી ક્રિયા હોય છે ? ***યાવત્*** મિથ્યાદર્શનપ્રત્યયા ક્રિયા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મિથ્યાદર્શનશલ્યથી વિરત જીવને આરંભિકી ક્રિયા કદાચિત્ હોય છે, કદાચિત્ હોતી નથી. આ જ રીતે અપ્રત્યાખ્યાન ક્રિયા સુધીની ક્રિયા કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતી નથી, પરંતુ અઢારમા મિથ્યાદર્શનશલ્યથી વિરત જીવને મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા હોતી નથી.

**૮૫ मिच्छादंसणसल्लविरयस्स णं भंते ! णेरइयस्स किं आरंभिया किरिया कज्जइ** *जाव* **मिच्छादंसणवत्तिया किरिया कज्जइ ?**

**गोयमा ! आरंभिया वि किरिया कज्जइ** *जाव* **अपच्चक्खाणकिरिया वि कज्जइ, मिच्छादंसणवत्तिया किरिया णो कज्जइ । एवं** *जाव* **थणियकुमारस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મિથ્યાદર્શનશલ્યથીવિરત નૈરયિકોને શું આરંભિયાક્રિયા હોય છે ? ***યાવત્*** મિથ્યાદર્શનપ્રત્યયાક્રિયા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેને આરંભિયાક્રિયા હોય છે ***યાવત્*** અપ્રત્યાખ્યાનક્રિયા પણ હોય છે, પરંતુ મિથ્યાદર્શનપ્રત્યયાક્રિયા હોતી નથી. આ જ રીતે સ્તનિતકુમાર સુધી જાણવું જોઈએ.

**૮૬ मिच्छादंसण-सल्लविरयस्स णं भंते ! पंचेंदिय-तिरिक्खजोणियस्स एवमेव पुच्छा ? गोयमा ! आरंभिया किरिया कज्जइ** *जाव* **मायावत्तिया किरिया कज्जइ, अपच्चक्खाणकिरिया सिय कज्जइ, सिय णो कज्जइ; मिच्छादंसणवत्तिया किरिया णो कज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મિથ્યાદર્શનશલ્યથી વિરત પંચેંદ્રિય તિર્યંચોને શું આરંભિકીક્રિયા હોય છે ***યાવત્*** મિથ્યાદર્શનપ્રત્યયાક્રિયા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેને આરંભિયાક્રિયા હોય છે ***યાવત્*** માયાપ્રત્યયાક્રિયા હોય છે. અપ્રત્યાખ્યાન ક્રિયા કદાચિત્ હોય અને કદાચિત્ ન પણ હોય પરંતુ મિથ્યાદર્શનપ્રત્યયાક્રિયા હોતી નથી.

**૮૭ मणूसस्स जहा जीवस्स । वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा णेरइयस्स।**

**ભાવાર્થ:–** મનુષ્યમાં ક્રિયા સંબંધી નિરૂપણ સમુચ્ચય જીવની સમાન જાણવું જોઈએ. મિથ્યાદર્શન શલ્યવિરત વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોનું ક્રિયાસંબંધી કથન નૈરયિકોની જેમ જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રાણાતિપાતથી લઈને મિથ્યાદર્શનશલ્યથી વિરત સમુચ્ચય જીવો તથા ચોવીસ દંડકવર્તી જીવોની આરંભિકી આદિ પાંચ ક્રિયાઓની પ્રરૂપણા છે.

**સમુચ્ચય જીવ અને મનુષ્ય :–** પ્રાણાતિપાતથી લઈને માયામૃષાથી વિરત સમુચ્ચય જીવ તથા મનુષ્યને આરંભિકી અને માયાપ્રત્યયાક્રિયા વિકલ્પે લાગે છે, શેષ ત્રણ–પારિગ્રહિકી, અપ્રત્યાખ્યાનપ્રત્યયા અને મિથ્યાદર્શનશલ્યપ્રત્યયા ક્રિયા લાગતી નથી, કારણ કે જે જીવ અને મનુષ્ય પ્રાણાતિપાતથી વિરત હોય છે, તે સર્વવિરત હોય છે, તેણે સમ્યક્ત્વપૂર્વક હિંસાદિના પ્રત્યાખ્યાન કર્યા હોય છે તથા અપરિગ્રહ મહાવ્રતને પણ ગ્રહણ કર્યું હોય છે, તેથી તે જીવને મિથ્યાદર્શનપ્રત્યયા, અપ્રત્યાખ્યાનપ્રત્યયા અને પારિગ્રહિકીક્રિયા લાગતી નથી. પ્રાણાતિપાતવિરત પ્રમત્ત સંયતને આરંભિકીક્રિયા હોય છે, અપ્રમત્ત સંયતને આરંભિકીક્રિયા હોતી નથી. અપ્રમત્તસંયતને સંજ્વલન કષાયના ઉદયથી માયાપ્રત્યયાક્રિયા કદાચિત્ લાગે છે, **મિથ્યાદર્શનશલ્યથી વિરત** સમુચ્ચય જીવ તથા મનુષ્યને એક મિથ્યાદર્શનક્રિયા હોતી નથી. શેષ આરંભિકી આદિ ચાર ક્રિયા વિકલ્પે હોય છે.

મિથ્યાદર્શનશલ્યથી વિરત જીવ ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધી હોય છે. ચોથા ગુણસ્થાનવર્તી જીવ સમકિતી હોવા છતાં અવિરતિ હોવાથી મિથ્યાદર્શનશલ્યથી વિરતને અપ્રત્યાખ્યાનક્રિયા લાગે છે. પાંચમા ગુણસ્થાન સુધી પારિગ્રહિકીક્રિયા લાગે છે. છટ્ઠા ગુણસ્થાન સુધી આરંભિકીક્રિયા લાગે છે અને દશ ગુણસ્થાન સુધી માયાપ્રત્યયા ક્રિયા લાગે છે.

તેનાથી આગળના ગુણસ્થાને આ પાંચ ક્રિયાઓ લાગતી નથી. આ રીતે મિથ્યાદર્શનશલ્યથી વિરત જીવને આરંભિકી આદિ ચારે ક્રિયા વિકલ્પે લાગે છે. જો તે જીવ વીતરાગી હોય, તો અક્રિય પણ હોય છે.

૨૩ દંડકના જીવો પ્રાણાતિપાત આદિ સત્તર પાપથી વિરત થઈ શકતા નથી. નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો તથા તિર્યંચ પંચેન્દ્રિય આ પંદર દંડકના જીવો મિથ્યાદર્શનશલ્યથી વિરત થઈ શકે છે. તેમાં નારકી અને દેવોને મિથ્યાદર્શનક્રિયાને છોડીને આરંભિકી આદિ ચાર ક્રિયા લાગે છે.

તિર્યંચ પંચેન્દ્રિયને આરંભિકી, પારિગ્રહિકી અને માયાપ્રત્યયાક્રિયા અવશ્ય લાગે છે અને અપ્રત્યાખ્યાનક્રિયા વિકલ્પે લાગે છે. ચોથા ગુણસ્થાનવર્તી અવિરત તિર્યંચ પંચેન્દ્રિયને અપ્રત્યાખ્યાનક્રિયા લાગે છે; પાંચમા ગુણસ્થાનવર્તી દેશવિરત તિર્યંચ પંચેન્દ્રિયને અપ્રત્યાખ્યાનક્રિયા લાગતી નથી.

આ રીતે મિથ્યાદર્શનશલ્યથી વિરત તિર્યંચ પંચેન્દ્રિયને ત્રણ અથવા ચાર ક્રિયા લાગે છે.

**૧૮ પાપસ્થાનથી વિરત જીવોમાં ક્રિયા :–**

| જીવ પ્રકાર | ગુણસ્થાન | આરંભિકી | પારિગ્રહિકી | માયાપ્રત્યયા | અપ્રત્યાખ્યાન | મિથ્યાદર્શન |
|---|---|---|---|---|---|---|
| પ્રાણાતિપાત આદિ ૧૭ પાપથી વિરત સમુચ્ચય જીવ,મનુષ્ય | ૬ થી ૧૪ | ભજના | નથી | ભજના | નથી | નથી |
| મિથ્યાદર્શનથી વિરત સમુચ્ચય જીવ-મનુષ્ય | ૪ થી ૧૪ | ભજના | ભજના | ભજના | ભજના | નથી |
| મિથ્યાદર્શનથી વિરત નારકી, દેવો | ૪થું | નિયમા | નિયમા | નિયમા | નિયમા | નથી |
| મિથ્યાદર્શનથી વિરત તિર્યંચ પંચેન્દ્રિય | ૪–૫ | નિયમા | નિયમા | નિયમા | ભજના | નથી |

★ પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય ૧૮ પાપસ્થાનથી વિરત થઈ શકતા નથી. નારકી–દેવો, તિર્યંચ પંચેન્દ્રિય એક મિથ્યાદર્શનથી જ વિરત થઈ શકે છે. શેષ પ્રાણાતિપાત આદિ સત્તર પાપથી વિરત થતા નથી.

**આરંભિકી આદિ ક્રિયાઓનું અલ્પબહુત્વ :–**

**૮૮ एयासि णं भंते ! आरंभियाणं *जाव* मिच्छादंसणवत्तियाणं य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवाओ मिच्छादंसणवत्तियाओ किरियाओ, अपच्चक्खाण-किरियाओ विसेसाहियाओ, परिग्गहियाओ किरियाओ विसेसाहियाओ, आरंभियाओ किरियाओ विसेसाहियाओ, मायावत्तियाओ किरियाओ विसेसाहियाओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આરંભિકીથી લઈને મિથ્યાદર્શનપ્રત્યયા સુધીની પાંચ ક્રિયાઓમાં (ક્રિયાવાળા જીવોમાં) કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી અલ્પ મિથ્યાદર્શનપ્રત્યયાક્રિયા(વાળા જીવો) છે. (૨) તેનાથી અપ્રત્યયાખ્યાનક્રિયા વિશેષાધિક છે, (૩) તેનાથી પારિગ્રહિકીક્રિયા વિશેષાધિક છે. (૪) તેનાથી આરંભિકીક્રિયા વિશેષાધિક છે. (૫) તેનાથી માયાપ્રત્યયાક્રિયા વિશેષાધિક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આરંભિકી આદિ પાંચ ક્રિયાનું અર્થાત્ પાંચ ક્રિયાવાળા જીવોના અલ્પબહુત્વનું પ્રતિપાદન છે.

(૧) સર્વથી અલ્પ મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા છે કારણ કે તે એકથી ત્રણ ગુણસ્થાનવર્તી જીવોને જ હોય છે.

(૨) તેનાથી અપ્રત્યાખ્યાનક્રિયા વિશેષાધિક છે, કારણ કે તેમાં એકથી ચાર ગુણસ્થાનવર્તી જીવોનો સમાવેશ થાય છે. પ્રથમ ગુણસ્થાનમાં જ અનંત જીવો છે, તેમાં ચોથા ગુણસ્થાનવર્તી અવિરત અસંખ્યાતા જીવો સમ્મિલિત થાય, તેથી તે અનંત જીવોથી વિશેષાધિક જ થાય છે.

(૩) તેનાથી પારિગ્રહિકીક્રિયા વિશેષાધિક છે, કારણ કે તેમાં એકથી પાંચ ગુણસ્થાનવર્તી જીવોનો સમાવેશ થાય છે. તેમાં પાંચમા ગુણસ્થાનવર્તી દેશવિરત જીવો સમાવિષ્ટ થવાથી તે વિશેષાધિક થાય છે.

(૪) તેનાથી આરંભિકીક્રિયા વિશેષાધિક છે, કારણ કે તેમાં એક થી છ ગુણસ્થાનવર્તી જીવોનો સમાવેશ થાય છે. તેમાં છટ્ઠા ગુણસ્થાનવર્તી પ્રમત્ત સંયત જીવો સમાવિષ્ટ થવાથી તે વિશેષાધિક છે.

(૫) તેનાથી માયાપ્રત્યયાક્રિયા વિશેષાધિક છે, કારણ કે તેમાં એકથી દશ ગુણસ્થાનવર્તી જીવોનો સમાવેશ થાય છે. તેમાં સાતમાથી દસમા ગુણસ્થાનવર્તી અપ્રમત્ત સંયત સમાવિષ્ટ થવાથી તે વિશેષાધિક થાય છે.

**આરંભિકી આદિ પાંચ ક્રિયાવાળા જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | ક્રિયા | સંખ્યા | કારણ |
|---|---|---|---|
| ૧. | મિથ્યાદર્શન ક્રિયા | સર્વથી થોડા | ૧ થી ૩ ગુણસ્થાનવર્તી મિથ્યાત્વી જીવોને જ હોય છે. |
| ૨. | અપ્રત્યાખ્યાન ક્રિયા | વિશેષાધિક | ૧ થી ૪ ગુણસ્થાવર્તી, મિથ્યાત્વી + અવિરત જીવોને હોય છે. |
| ૩. | પરિગ્રહિકી ક્રિયા | વિશેષાધિક | ૧ થી ૫ ગુણસ્થાનવર્તી, મિથ્યાત્વી+ અવિરત + દેશવિરતિ જીવોને હોય છે. |
| ૪. | આરંભિકી ક્રિયા | વિશેષાધિક | ૧ થી ૬ ગુણસ્થાનવર્તી, મિથ્યાત્વી + અવિરત + દેશવિરતિ + પ્રમત્ત સંયત જીવોને હોય છે. |
| ૫. | માયા પ્રત્યયા ક્રિયા | વિશેષાધિક | ૧ થી ૧૦ ગુણસ્થાનવર્તી, મિથ્યાત્વી + અવિરત + દેશવિરત + પ્રમત્ત સંયત + અપ્રમત્ત સંયતને હોય છે. |

## ।। બાવીસમું પદ સંપૂર્ણ ।।

# ત્રેવીસમું પદ

## પરિચય

આ પદનું નામ કર્મપ્રકૃતિ પદ છે. તેના બે ઉદ્દેશક છે.

**પ્રથમ ઉદ્દેશકમાં** પાંચ દ્વારોના માધ્યમથી કર્મસિદ્ધાંતની ચર્ચા કરવામાં આવી છે.

**પ્રથમ દ્વારમાં** મૂળ કર્મપ્રકૃતિની સંખ્યા અને ૨૪ દંડકવર્તી જીવોમાં તેના સદ્‌ભાવની પ્રરૂપણા છે.

**બીજા દ્વારમાં** સમુચ્ચય જીવ તથા ૨૪ દંડકવર્તી જીવો, આઠ કર્મોની પરંપરાનું સર્જન કેવી રીતે કરે છે ? તેનું વર્ણન છે.

**ત્રીજા દ્વારમાં** એક કે અનેક સમુચ્ચય જીવો તથા ૨૪ દંડકવર્તી જીવોમાં મૂળભૂત કારણરૂપ રાગ અને દ્વેષનું નિરૂપણ છે.

**ચોથા દ્વારમાં** ૨૫ પ્રકારના જીવો એકત્વ કે બહુત્વની અપેક્ષાએ આઠ કર્મોથી કયા કયા કર્મોનું વેદન કરે છે ? તેનું કથન છે.

**પાંચમા દ્વારમાં** આઠ કર્મની વિપાક યોગ્ય પ્રકૃતિઓનું વર્ણન છે.

**બીજા ઉદ્દેશકમાં** સર્વપ્રથમ આઠ કર્મોની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓના ભેદ-પ્રભેદોનું નિરૂપણ છે.

ત્યાર પછી જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોના ભેદ પ્રભેદોની સ્થિતિનું વર્ણન છે.

એકેન્દ્રિયથી લઈ સંજ્ઞી-અસંજ્ઞી પંચેંદ્રિય સુધીના જીવોમાં જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોના બંધની કાલમર્યાદા તથા જ્ઞાનાવરણીયાદિ આઠકર્મોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધનારા જીવોનું વિસ્તૃત વર્ણન છે.

આ રીતે બંને ઉદ્દેશકોમાં કર્મબંધના કારણ, કર્મ પરંપરા તથા આઠ કર્મની પ્રકૃતિ, સ્થિતિ અને અનુભાગ(વિપાક) બંધ વગેરે કર્મ સિદ્ધાંતોનું વિશદ વિશ્લેષણ છે.

❖❖❖❖❖

# ત્રેવીસમું પદ : કર્મપ્રકૃતિ

## પ્રથમ ઉદ્દેશક

**ઉદ્દેશકના પ્રતિપાદ્ય વિષય :–**

**१** **कइ पयडी कहं बंधइ, कइहिं व ठाणेहिं बंधए जीवो ।**
**कइ वेएइ य पयडी, अणुभावो कइविहो कस्स ॥**

**ગાથાર્થ–** (૧) (કર્મ) પ્રકૃતિઓ કેટલી છે ? (૨) કેવી રીતે બંધાય છે ? (૩) જીવ કેટલાં સ્થાનોથી (કર્મ) બાંધે છે ? (૪) કેટલી કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે ? (૫) કયા કર્મનો અનુભાગ, કેટલા પ્રકારનો હોય છે ? આ ઉદ્દેશકમાં આ પાંચ દ્વારથી વિષયનું વર્ણન કર્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથા બદ્ધ સૂત્રમાં પાંચ દ્વારોના માધ્યમે ઉદ્દેશકના વિષયોનું દિગ્દર્શન કર્યું છે.

**(१) कइ पगडी :–** આ દ્વારમાં કર્મ પ્રકૃતિની સંખ્યાનું કથન છે.

**(२) कहं बंधइ :–** આ દ્વારમાં જીવ કઈ રીતે કર્મ બાંધે છે ? અર્થાત્ સકર્મા જીવની કર્મ પરંપરા કઈ રીતે આગળ વધે છે, તે વિષયનું સ્પષ્ટીકરણ છે. એક કર્મનો ઉદય અન્ય કર્મબંધનું કારણ બને છે. એક કર્મથી બીજું કર્મ, બીજા કર્મથી ત્રીજું કર્મ, આ રીતે કર્મ પરંપરાનું ચક્ર દર્શાવ્યું છે.

**(३) कइहिं ठाणेहिं बंधइ :–** કેટલા સ્થાનથી જીવ કર્મ બાંધે છે ? આ દ્વારમાં કર્મબંધના મૂળભૂત કારણ રાગ અને દ્વેષનું કથન છે.

**(४) कइ वेएइ :–** કેટલી પ્રકૃતિઓનું વેદન કરે છે ? આ દ્વારમાં ૨૪ દંડકના જીવોમાં વેદન કરાતી પ્રકૃતિઓની ગણના છે.

**(५) कइविहो अणुभावो :–** કયા કર્મોનો કેટલા પ્રકારનો અનુભાગ-વિપાક છે ? આ દ્વારમાં કયુ કર્મ કઈ- કઈ રીતે પોતાનું ફળ આપે છે, તેનું સ્પષ્ટીકરણ છે અર્થાત્ આઠ કર્મોની વિપાક યોગ્ય પ્રકૃતિઓનું નિરૂપણ છે.

**પ્રથમ દ્વાર : કર્મપ્રકૃતિની સંખ્યા :–**

**२** **कइ णं भंते ! कम्मपगडीओ पण्णत्ताओ ? गोयमा ! अट्ठ कम्मपगडीओ पण्णत्ताओ, तं जहा– णाणावरणिज्जं, दरिसणावरणिज्जं, वेयणिज्जं, मोहणिज्जं, आउयं, णामं, गोयं, अंतराइयं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કર્મપ્રકૃતિઓ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કર્મપ્રકૃતિઓ આઠ છે, તે

આ પ્રમાણે છે– (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગોત્ર (૮) અંતરાય.

**૩ णेरइयाणं भंते ! कइ कम्मपगडीओ पण्णत्ताओ ? गोयमा ! एवं चेव ! एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલી કર્મપ્રકૃતિઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આ જ રીતે આઠ કર્મપ્રકૃતિઓ હોય છે. નૈરયિકોની જેમ વૈમાનિકો સુધીના સર્વ જીવોને આઠ કર્મપ્રકૃતિઓ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રથમ કતિદ્વારના માધ્યમથી કર્મપ્રકૃતિના મૂળભેદ તથા ચોવીશ દંડકના જીવોમાં તે મૂળ ભેદોનું નિરૂપણ છે.

**કર્મ :–** કષાય અને યોગના નિમિત્તથી આત્મા કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે. તે કાર્મણ વર્ગણાના પુદ્ગલો આત્મા સાથે ક્ષીર અને નીરની જેમ એક મેક થઈને બંધાય જાય છે, તેને કર્મ કહે છે. તે કર્મની મુખ્ય આઠ પ્રકૃતિ–સ્વભાવ છે. પ્રત્યેક કર્મ પોતાના પ્રકૃતિ–સ્વભાવ અનુસાર ફળ આપે છે.

**(૧) જ્ઞાનાવરણીય કર્મ :–** આત્માના મુખ્ય બે ગુણ છે– જ્ઞાન અને દર્શન. આત્માના જ્ઞાનગુણ પર આવરણ કરે, જ્ઞાનગુણને ઢાંકે, તે જ્ઞાનાવરણીયકર્મ છે. જ્ઞાનાવરણીયકર્મ વસ્તુને જાણવા રૂપ આત્માના જ્ઞાનગુણને ઢાંકે છે. તે આંખના પાટા સમાન છે. આંખમાં જોવાની શક્તિ હોવા છતાં પાટાનું આવરણ વસ્તુના બોધમાં બાધક બને છે. તે જ રીતે આત્મામાં અનંત જ્ઞાનગુણ હોવા છતાં જ્ઞાનાવરણીયકર્મ તેમાં(જાણવામાં) બાધક બને છે. જેમ-જેમ આવરણ દૂર થાય, તેમ તેમ જ્ઞાનગુણ પ્રગટ થાય છે.

**(૨) દર્શનાવરણીયકર્મ :–** આત્માના જોવા રૂપ દર્શનગુણને સામાન્ય બોધને આવરણ કરે, તે દર્શનાવરણીયકર્મ છે. તે રાજાના દ્વારપાલ સમાન છે. જે રીતે દ્વારપાલ રાજાના દર્શનમાં બાધક બને છે. તે રીતે દર્શનાવરણીયકર્મ પદાર્થોને સામાન્ય રીતે જોવા-જાણવામાં બાધક બને છે.

**(૩) વેદનીય કર્મ :–** ઇન્દ્રિયજન્ય કે મનોજન્ય ભૌતિકસુખનું વેદન કરાવે, તે વેદનીય કર્મ છે. તે મધ લગાડેલી તલવારની ધાર સમાન છે. તેમાં મધને ચાટવા સમાન, જીવને અનુકૂળતાની અનુભૂતિ કરાવનાર શાતાવેદનીય કર્મ છે અને મધ ચાટતા તલવારની ધારથી જીભ કપાય તેની સમાન, પ્રતિકૂળતાની અનુભૂતિ કરાવનાર અશાતાવેદનીય કર્મ છે.

**(૪) મોહનીય કર્મ :–** જીવને મૂઢ બનાવીને હિતાહિતનો વિવેક ન થવા દે, તે મોહનીય કર્મ છે. તે મદિરાપાન સમાન છે. મદિરાના કેફમાં વ્યક્તિ ભાન ભૂલી જાય છે તેમ મોહનીય કર્મનો ઉદય જીવને સત્-અસત્, હેય-ઉપાદેય, હિત-અહિતના વિવેકમાં ભાન ભુલાવે છે.

**(૫) આયુષ્ય કર્મ :–** જીવને નિશ્ચિતકાલ સુધી કોઈ એક ભવમાં જકડી રાખે, તે આયુષ્ય કર્મ છે. તે બેડી સમાન છે. જેમ બેડીમાં બંધાયેલો ગુનેગાર પોતાના દંડની કાલમર્યાદા પૂર્ણ થયા પહેલા છૂટી શકતો નથી. તે જ રીતે આયુષ્ય કર્મથી બંધાયેલો જીવ નરકાદિ ભવમાંથી આયુષ્યની કાલ મર્યાદા પૂર્ણ થયા પહેલાં નીકળી શકતો નથી.

**(૬) નામ કર્મ :–** જીવને વિવિધ ગતિ, જાતિ, શરીર, ઇન્દ્રિય આદિ વિવિધ પરિણામોની પ્રાપ્તિ કરાવે, તે નામકર્મ છે અર્થાત્ "આ નારકી છે, આ તિર્યંચ છે." આ પ્રમાણે ચોક્કસ નામ ધારણ કરાવે, તે નામ કર્મ છે. તે ચિત્રકાર સમાન છે. ચિત્રકાર વિવિધ રંગોથી ભિન્ન-ભિન્ન ચિત્રો તૈયાર કરે છે. તેમ નામ કર્મના ઉદયથી જીવ નરકાદિ વિવિધ અવસ્થાઓ રૂપે પ્રકટ થાય છે.

**(૭) ગોત્ર કર્મ :–** જીવને ઉચ્ચ અને નીચ ગોત્રમાં જન્મ ધારણ કરાવીને ઉચ્ચતા કે નિમ્નતા પ્રાપ્ત કરાવે તે ગોત્રકર્મ છે. તે કુંભારના ચાકડા સમાન છે. જેમ એક જ ચાકડા પર કુંભાર અનેક પ્રકારના ઘડા બનાવે છે. તેમાંથી કેટલાક ઘડા અક્ષત, કંકુ, ચંદન આદિથી ભરાઈને પૂજનીય બને છે અને કેટલાક ઘડા મદિરા આદિથી ભરાઈને નિંદનીય બને છે, તેમ ગોત્ર કર્મના ઉદયથી જીવ જાતિ, કુલ, બલ, જ્ઞાન આદિની ઉચ્ચતા અને નિમ્નતાને પ્રાપ્ત કરી પૂજનીય કે નિંદનીય બને છે.

**(૮) અંતરાય કર્મ :–** જીવને દાન, લાભ, ભોગ, ઉપભોગ કે વીર્ય(પરાક્રમ)માં વિઘ્ન ઉત્પન્ન કરે, તે અંતરાય કર્મ છે. તે રાજાના ભંડારી સમાન છે. જેવી રીતે રાજા કોઈ યાચકને દાન આપવાની ઇચ્છા કરે, આજ્ઞા પણ આપે પરંતુ ભંડારી તેમાં વિઘ્ન કરે, તો રાજાની ઇચ્છા કે આજ્ઞા સફળ થતી નથી. તે રીતે અંતરાય કર્મ આત્માના દાનાદિ પરિણામોમાં વિઘ્નરૂપ બને છે.

**આઠ કર્મ પ્રકૃતિના ક્રમની સાર્થકતા :–** (૧) જ્ઞાન-દર્શન, તે આત્માનું સ્વરૂપ છે. જ્ઞાનના અભાવમાં જીવનું જીવત્વ સંભવિત નથી. જ્ઞાન-દર્શન બંને ગુણ સાથે જ હોય છે, તેમ છતાં તે બંનેમાં જ્ઞાનગુણની પ્રધાનતા છે. જ્ઞાનના માધ્યમથી જ વિચારોની અને શાસ્ત્રોની પરંપરા ચાલે છે. સર્વ લબ્ધિઓ જ્ઞાનોપયોગમાં જ પ્રાપ્ત થાય છે. **सव्वाओ लद्धिओ सागरोवओगउत्तस्स, ण अणागारोवओगउत्तस्स** । તે ઉપરાંત જીવ સિદ્ધ થાય, ત્યારે પણ સાકારોપયોગ જ હોય છે. આ રીતે સર્વ દષ્ટિકોણથી જ્ઞાનગુણની પ્રધાનતા હોવાથી તેને આવરણ કરનાર જ્ઞાનાવરણીયકર્મનું સ્થાન પ્રથમ છે. (૨) જ્ઞાન ગુણનો સહચારી દર્શનગુણ છે, તેથી તેને આવરણ કરનાર બીજું દર્શનાવરણીય કર્મ છે. (૩) જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના વિપાકની અનુભૂતિ કરતાં જીવને હર્ષ-શોક, સુખ-દુઃખનું વેદન થાય છે. જેમ કે જ્ઞાનાવરણીયકર્મના તીવ્ર ઉદયથી અજ્ઞાનતા, દર્શનાવરણીયકર્મના ઉદયથી અંધતા વગેરે જીવના દુઃખનું કારણ બને છે અને તે બંને કર્મના ક્ષયોપશમથી તીવ્ર બુદ્ધિમત્તા વગેરે જીવના સુખનું કારણ બને છે. આ રીતે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો ક્ષપોપશમ કે ઉદય જીવના સુખ-દુઃખમાં નિમિત્તભૂત હોવાથી ત્રીજું વેદનીય કર્મ છે. (૪) સુખ-દુઃખની અનુભૂતિમાં સંસારી જીવો અવશ્ય રાગ-દ્વેષ કરે છે, તેથી ચોથું મોહનીય કર્મ છે. (૫) રાગદ્વેષ-મોહમાં આસક્ત જીવ નરકાદિનું આયુષ્ય બાંધે છે માટે પાંચમું આયુષ્યકર્મ છે. (૬) નરકાદિ આયુષ્યના ઉદય સાથે આયુષ્યાનુસાર ગતિ-જાતિ આદિ નામકર્મ ઉદયમાં આવે છે તેથી છટ્ઠું નામ કર્મ છે. (૭) નામકર્મના ઉદયમાં ઊંચ કે નીચ ગોત્રકર્મનો વિપાકોદય અવશ્ય પ્રાપ્ત થાય છે, તેથી સાતમું ગોત્રકર્મ છે. (૮) ઊંચગોત્રમાં પ્રાયઃ દાનાદિ પાંચનો ક્ષયોપશમ હોય છે અને નીચ ગોત્રમાં પ્રાયઃ દાનાદિની અંતરાય હોય છે તેથી ગોત્રકર્મ પછી અંતરાય કર્મનું વર્ણન છે.

**(૨) દ્વિતીય દ્વાર : કર્મબંધ પરંપરા :-**

**૪** **कहण्णं भंते ! जीवे अट्ठ कम्मपगडीओ बंधइ ?**

**गोयमा ! णाणावरणिज्जस्स कम्मस्स उदएणं दरिसणावरणिज्जं कम्मं णियच्छइ, दंसणावरणिज्जस्स कम्मस्स उदएणं दंसणमोहणिज्जं कम्मं णियच्छइ, दंसणमोह-**

**णिज्जस्स कम्मस्स उदएणं मिच्छत्तं णियच्छइ, मिच्छत्तेणं उदिण्णेणं गोयमा ! एवं खलु जीवे अट्ठ कम्मपगडीओ बंधइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ આઠ કર્મપ્રકૃતિઓ કેવી રીતે બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી જીવ દર્શનાવરણીય કર્મને પામે છે. દર્શનાવરણીયકર્મના ઉદયથી જીવ દર્શનમોહનીયકર્મને પ્રાપ્ત કરે છે, દર્શનમોહનીય કર્મના ઉદયથી જીવ મિથ્યાત્વને પ્રાપ્ત કરે છે અને હે ગૌતમ ! આ પ્રમાણે મિથ્યાત્વનો ઉદય થવાથી જીવ આઠ કર્મપ્રકૃતિઓને બાંધે છે.

**५ कहण्णं भंते ! णेरइए अट्ठ कम्मपगडीओ बंधइ ? गोयमा ! एवं चेव । एवं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક આઠ કર્મપ્રકૃતિઓ કેવી રીતે બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આ જ રીતે જાણવું જોઈએ ***યાવત્*** વૈમાનિક સુધી આ પ્રમાણે જ જાણવું.

**६ कहण्णं भंते ! जीवा अट्ठ कम्मपगडीओ बंधंति ? गोयमा ! एवं चेव । एवं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઘણા જીવો આઠકર્મની પ્રકૃતિઓ કેવી રીતે બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ! આ જ પ્રમાણે એક વચનના કથનની જેમજ ***યાવત્*** ઘણા વૈમાનિક દેવો સુધી જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત દ્વારમાં આઠ પ્રકારના કર્મબંધની પરંપરાનું કથન છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના બત્રીસમા અધ્યયનમાં કહ્યું છે કે– **रागो य दोसो वि य कम्मबीयं** = રાગ અને દ્વેષ કર્મબંધના બીજભૂત છે અર્થાત્ રાગ-દ્વેષ કર્મબંધના મૂળભૂત કારણ છે અને રાગ-દ્વેષના પરિણામ કર્મના ઉદયજન્ય હોય છે.

પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે એક કર્મના ઉદયને જ અન્ય કર્મબંધનું કારણ કહ્યું છે. પૂર્વકર્મના ઉદયથી નવા કર્મોનો બંધ અને પૂર્વકૃત બંધ પ્રમાણે કર્મોનો ઉદય થાય છે, આ રીતે ઉદયથી બંધ અને બંધથી ઉદય થાય, આ રીતે કર્મના બંધ-ઉદયથી સંસારચક્ર ચાલ્યા કરે છે.

જ્ઞાનાવરણીયકર્મનો તીવ્રતમ ઉદય જીવના સામાન્ય બોધના આવરણ રૂપ બની જાય છે અર્થાત્ જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી દર્શનાવરણીયકર્મનો ઉદય થાય છે. જીવના દર્શનગુણ પર આવરણ આવી જતાં જીવ મૂઢ બની જાય છે, તેને હિતાહિતનો વિવેક રહેતો નથી. આ રીતે દર્શનાવરણીય કર્મના ઉદયથી દર્શન મોહનીય કર્મનો ઉદય થાય છે. દર્શન મોહનીયજન્ય મૂઢતાથી મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉદય થાય છે. મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયથી જીવ આઠ કર્મનો બંધ કરે છે.

સૂત્રોક્ત કથન સાપેક્ષ છે કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવને મિથ્યાત્વનો ઉદય નથી તેમ છતાં તે આઠ કર્મ બાંધે છે. દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન સુધી જીવ છ કર્મોનો બંધ કરે છે. તાત્પર્ય એ છે કે –

**जीव परिणाम हेऊ, कम्मत्ता पोग्गला परिणमंति ।**
**पुग्गल कम्म निमित्तं, जीवो वि तहेव परिणमइ ॥**

જીવના પરિણામથી જ કાર્મણ વર્ગણાના પુદ્ગલો કર્મ રૂપે પરિણત થાય છે અને કર્મ પુદ્ગલના ઉદય સંયોગે જ જીવ વિવિધ પરિણામ કરે છે. જેમ બીજથી અંકુર અને અંકુરથી પત્ર, પુષ્પ, ફળ અને પુનઃ બીજ ઉત્પન્ન થાય છે, તેમ એક કર્મનો ઉદય અન્ય કર્મબંધનું કારણ બને છે. સંક્ષેપમાં સકર્મા જીવ જ કર્મ બાંધે છે.

**તૃતીયદ્વાર : કર્મબંધ સ્થાન :–**

**૭ जीवे णं भंते ! णाणावरणिज्जं कम्मं कइहिं ठाणेहिं बंधइ ?**

**गोयमा ! दोहिं ठाणेहिं । तं जहा– रागेण य दोसेण य । रागे दुविहे पण्णत्ते, तं जहा– माया य लोभे य । दोसे दुविहे पण्णत्ते, तं जहा– कोहे य माणे य । इच्चेएहिं चउहिं ठाणेहिं वीरिओवग्गहिएहिं एवं खलु जीवे णाणावरणिज्जं कम्मं बंधइ । एवं णेरइए** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ કેટલાં(સ્થાનોથી) કારણોથી જ્ઞાનાવરણીયકર્મ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે બે કારણોથી જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે, જેમકે– રાગથી અને દ્વેષથી. રાગના બે પ્રકાર છે– માયા અને લોભ. દ્વેષના પણ બે પ્રકાર છે– ક્રોધ અને માન. આ પ્રમાણે વીર્યથી ઉપાર્જિત ચાર કારણોથી જીવ જ્ઞાનાવરણીયાદિ કર્મ બાંધે છે. આ જ રીતે નૈરયિકથી વૈમાનિક પર્યંત જાણવું જોઈએ.

**૮ जीवा णं भंते ! णाणावरणिज्जं कम्मं कइहिं ठाणेहिं बंधंति ? गोयमा ! दोहिं ठाणेहिं, एवं चेव । एवं णेरइया** *जाव* **वेमाणिया ।**

**एवं दंसणावरणिज्जं** *जाव* **अंतराइयं । एवं एए एगत्त-पोहत्तिया सोलस दंडगा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક જીવો કેટલાં કારણોથી જ્ઞાનાવરણીયકર્મ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વોક્ત બે કારણોથી બાંધે છે. આ રીતે અનેક નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધી જાણવું જોઈએ. આ જ રીતે દર્શનાવરણીયથી અંતરાયકર્મ સુધી કર્મબંધના કારણો જાણવા જોઈએ. આ રીતે એકવચન અને બહુવચનની વિવક્ષાથી આઠ કર્મના સોળ આલાપક થાય છે.

**વિવેચન :–**

બીજા દ્વારમાં કર્મબંધનો ક્રમ તથા તેના બાહ્ય કારણોનું કથન છે અને આ ત્રીજા દ્વારમાં કર્મબંધના અંતરંગ કારણોની વિચારણા છે.

**રાગ–દ્વેષ :–** પ્રીતિરૂપ પરિણામને રાગ અને અપ્રીતિરૂપ પરિણામને દ્વેષ કહે છે. રાગના બે પ્રકાર છે– માયા અને લોભ. લોભ તો આસક્તિરૂપ, પ્રીતિરૂપ છે અને બીજાને છેતરવારૂપ માયાના પરિણામ જીવને પ્રિય લાગે છે, તેથી તે પણ પ્રીતિરૂપ છે, તેનો સમાવેશ રાગમાં થાય છે. દ્વેષના બે પ્રકાર છે– ક્રોધ અને માન. ક્રોધ અપ્રીતિરૂપ છે જ પરંતુ માન પણ બીજાના ગુણો પ્રતિ અસહિષ્ણુતારૂપ હોવાથી અપ્રીતિરૂપ છે.

**वीरिओवग्गहिएहिं :– वीर्योपगृहितैः = વીર્યથી ઉપગૃહિત.** કર્મપુદ્ગલોના ગ્રહણમાં કષાય અને યોગ બંને કારણભૂત છે. જીવ રાગ-દ્વેષાદિ પરિણામોથી યોગના માધ્યમ દ્વારા કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે. ગ્રહણ કરેલા કર્મપુદ્ગલો આત્મા સાથે એક-મેક થઈને કર્મ રૂપે બંધાઈ જાય છે.

યોગની પ્રવૃત્તિ વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી થાય છે. વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમ કે ક્ષયજન્ય વીર્ય કારણ છે અને યોગ કાર્ય છે. કર્મ પુદ્‌ગલોનું ગ્રહણ યોગના માધ્યમથી થાય છે. તેમ છતાં પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે કારણમાં કાર્યનો ઉપચાર કરીને વીર્ય દ્વારા ઉપગૃહિત-ઉપાર્જિત કર્મ પુદ્‌ગલો કર્મ રૂપે બંધાય છે. તે પ્રમાણે કથન કર્યું છે.

**सोलस दंडगा :–** એક જીવ આઠ કર્મોનો બંધ રાગ-દ્વેષથી કરે છે. આઠ કર્મની અપેક્ષાએ તેના આઠ આલાપક છે અને તે જ રીતે અનેક જીવો આઠે કર્મનો બંધ રાગ-દ્વેષથી કરે છે. તેના પણ આઠ આલાપક થાય છે. આ રીતે ૮+૮=૧૬ આલાપક થાય છે.

**ચતુર્થદ્વાર : કર્મ વેદન :–**

**९ जीवे णं भंते ! णाणावरणिज्जं कम्मं वेदेइ ? गोयमा ! अत्थेगइए वेदेइ, अत्थेगइए णो वेदेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ જ્ઞાનાવરણીય કર્મનું વેદન કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક જીવ જ્ઞાનાવરણીય કર્મનું વેદન કરે છે અને કેટલાક જીવ વેદન કરતા નથી.

**१० णेरइए णं भंते ! णाणावरणिज्जं कम्मं वेदेइ ? गोयमा ! णियमा वेदेइ । एवं** *जाव* **वेमाणिए, णवरं– मणूसे जहा जीवे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નારકી જ્ઞાનાવરણીય કર્મનું વેદન કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે અવશ્ય વેદન કરે છે. આ જ રીતે ***યાવત્*** વૈમાનિક સુધી જાણવું જોઈએ. વિશેષતા એ કે મનુષ્યમાં સમુચ્ચય જીવની જેમ જાણવું જોઈએ.

**११ जीवा णं भंते ! णाणावरणिज्जं कम्मं वेदेंति ? गोयमा ! एवं चेव । एवं** *जाव* **वेमाणिया । एवं जहा णाणावरणिज्जं तहा दंसणावरणिज्जं मोहणिज्जं अंतराइयं च ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અનેક જીવો જ્ઞાનાવરણીયકર્મનું વેદન કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આ જ રીતે એક વચનના વર્ણનની જેમ બહુવચનનું વર્ણન પણ જાણવું જોઈએ. આ જ રીતે ***યાવત્*** વૈમાનિક સુધી જાણવું જોઈએ.

જે રીતે જ્ઞાનાવરણીયકર્મના સંબંધમાં કહ્યું, તે જ રીતે દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયકર્મના વેદનના વિષયમાં જાણવું જોઈએ.

**१२ वेयणिज्जआउय-णाम-गोयाइं एवं चेव, णवरं– मणूसे वि णियमा वेदेइ । एवं एए एगत्त-पोहत्तिया सोलस दंडगा ।**

**ભાવાર્થ :–** વેદનીય, આયુ, નામ અને ગોત્રકર્મના વેદનના વિષયમાં પણ આ જ પ્રમાણે જાણવું. તેમાં વિશેષતા માત્ર એ છે કે મનુષ્ય પણ આ ચારે ય અઘાતિકર્મનું વેદન અવશ્ય કરે છે. આ રીતે એકત્વ અને બહુત્વની વિવક્ષાથી આઠ કર્મના સોળ આલાપક થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવોમાં આઠ કર્મના વેદનનું કથન છે. સામાન્ય રીતે ૨૪ દંડકના સમસ્ત

સંસારી જીવો આઠે કર્મનું વેદન કરે છે. તેમાંથી જે જીવ સ્વપુરુષાર્થથી કર્મનો ક્ષય કરે, તે જીવોને તે તે કર્મનું વેદન અટકી જાય છે.

જે જીવના ઘાતીકર્મોનો ક્ષય થયો નથી, તે જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મોનું વેદન કરે છે, જે જીવે મોહનીય કર્મનો ઉપશમ કે ક્ષય કર્યો હોય તેવા અગિયારમા અને બારમા ગુણસ્થાનવર્તી છદ્મસ્થ વીતરાગી જીવો સાત કર્મોનું વેદન કરે છે અને જેણે ચારે ઘાતીકર્મોનો ક્ષય કર્યો છે, તેવા કેવળજ્ઞાની જીવો ચાર અઘાતી કર્મોનું વેદન કરે છે. મનુષ્યને છોડી શેષ ૨૩ દંડકના જીવો ઘાતીકર્મોનો ક્ષય કરવામાં સમર્થ ન હોવાથી તે આઠે ય કર્મોનું વેદન કરે છે. મનુષ્યના એક દંડકમાં ચાર ઘાતીકર્મનું વેદન વિકલ્પે થાય છે, તેથી મનુષ્યોમાં એકથી દશ ગુણસ્થાનવર્તી મનુષ્યો આઠ કર્મોનું વેદન કરે છે. અગિયારમા, બારમા ગુણસ્થાનવર્તી મનુષ્યો સાત કર્મોનું વેદન કરે છે. તેરમા-ચૌદમા ગુણસ્થાનવર્તી મનુષ્યો ચાર અઘાતી કર્મોનું વેદન કરે છે. વેદનીય આદિ ચાર અઘાતીકર્મનો ઉદય ચૌદમા ગુણસ્થાન સુધી હોય છે. તેથી અઘાતીકર્મોનું વેદન બધા જ મનુષ્યો કરે છે. સિદ્ધ જીવો એક પણ કર્મનું વેદન કરતા નથી.

**પાંચમું દ્વાર : અષ્ટ કર્મ વેદન પ્રકાર :–**

**१३ णाणावरणिज्जस्स णं भंते ! कम्मस्स जीवेणं बद्धस्स पुट्ठस्स बद्ध-फास-पुट्ठस्स संचियस्स चियस्स उवचियस्स आवागपत्तस्स विवागपत्तस्स फलपत्तस्स उदयपत्तस्स जीवेणं कडस्स, जीवेणं णिव्वत्तियस्स, जीवेणं परिणामियस्स, सयं वा उदिण्णस्स, परेण वा उदीरियस्स, तदुभएण वा उदीरिज्जमाणस्स, गइं पप्प, ठिइं पप्प, भवं पप्प, पोग्गलं पप्प, पोग्गलपरिणामं पप्प, कइविहे अणुभावे पण्णत्ते ?**

**गोयमा ! णाणावरणिज्जस्स णं कम्मस्स जीवेणं बद्धस्स *जाव* पोग्गलपरिणामं पप्प दसविहे अणुभावे पण्णत्ते, तं जहा– सोयावरणे, सोयविण्णाणावरणे, णेत्तावरणे, णेत्तविण्णाणावरणे, घाणावरणे, घाणविण्णाणावरणे, रसावरणे, रसविण्णाणावरणे, फासावरणे, फासविण्णाणावरणे । जं वेदेइ पोग्गलं वा पोग्गले वा पोग्गलपरिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं, तेसिं वा उदएणं जाणियव्वं ण जाणइ, जाणिउकामे वि ण जाणइ, जाणित्ता वि ण जाणइ, उच्छण्णणाणी यावि भवइ णाणावरणिज्जस्स कम्मस्स उदएणं । एस णं गोयमा ! णाणावरणिज्जे कम्मे । एस णं गोयमा ! णाणा-वरणिज्जस्स कम्मस्स जीवेणं बद्धस्स *जाव* पोग्गलपरिणामं पप्प दसविहे अणुभावे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ દ્વારા બદ્ધ, સ્પૃષ્ટ, બદ્ધ-સ્પૃષ્ટ, સંચિત, ચિત અને ઉપચિત, કિંચિત્ વિપાકને પ્રાપ્ત, વિશિષ્ટ વિપાકને પ્રાપ્ત, ફળને પ્રાપ્ત તથા ઉદય પ્રાપ્ત, જીવ દ્વારા કૃત, જીવ દ્વારા નિષ્પાદિત, જીવ દ્વારા પરિણામિત, સ્વયં દ્વારા ઉદીર્ણ(ઉદયને પ્રાપ્ત) બીજા દ્વારા ઉદયને પ્રાપ્ત અથવા સ્વ પર બંને દ્વારા(જ્ઞાનાવરણીયાદિ કર્મના) ઉદયને પ્રાપ્ત કરીને, ગતિને પ્રાપ્ત કરીને, સ્થિતિને પ્રાપ્ત કરીને, ભવને, પુદ્ગલને તથા પુદ્ગલ પરિણામને પ્રાપ્ત કરીને જ્ઞાનાવરણીય કર્મનો કેટલા પ્રકારનો અનુભાવ–વિપાક હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ દ્વારા બદ્ધ ***યાવત્*** પુદ્ગલ પરિણામને પ્રાપ્ત જ્ઞાનાવરણીયકર્મનો દશ પ્રકારનો વિપાક હોય છે. જેમ કે– (૧) શ્રોત્રાવરણ (૨) શ્રોત્રવિજ્ઞાનાવરણ (૩) નેત્રાવરણ (૪) નેત્રવિજ્ઞાનાવરણ (૫) ઘ્રાણાવરણ (૬) ઘ્રાણવિજ્ઞાનાવરણ (૭) રસાવરણ (૮) રસ વિજ્ઞાનાવરણ (૯) સ્પર્શાવરણ (૧૦) સ્પર્શવિજ્ઞાનાવરણ.

જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી જે પુદ્ગલને અથવા પુદ્ગલોને કે પુદ્ગલ પરિણામને અથવા સ્વભાવથી પુદ્ગલોના પરિણામને વેદે છે, તેના ઉદયથી જીવ જાણવા યોગ્ય પદાર્થોને જાણતો નથી, જાણવાની ઇચ્છા હોવા છતાં પણ જાણતો નથી, જાણવા છતાં પણ જાણતો નથી, તે જીવ જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી આચ્છાદિત જ્ઞાનવાળો થાય છે. હે ગૌતમ ! આ જ્ઞાનાવરણીયકર્મ સ્વરૂપ છે. હે ગૌતમ ! આ જીવ દ્વારા બદ્ધ ***યાવત્*** પુદ્ગલ પરિણામને પ્રાપ્ત જ્ઞાનાવરણીયકર્મનો દશ પ્રકારનો વિપાક હોય છે.

**१४ दरिसणावरणिज्जस्स णं भंते ! कम्मस्स जीवेणं बद्धस्स** *जाव* **पोग्गलपरिणामं पप्प कइविहे अणुभावे पण्णत्ते ?**

**गोयमा ! दरिसणावरणिज्जस्स णं कम्मस्स जीवेणं बद्धस्स** *जाव* **पोग्गलपरिणामं पप्प णवविहे अणुभावे पण्णत्ते, तं जहा– णिद्दा, णिद्दाणिद्दा, पयला, पयलापयला, थीणगिद्धी, चक्खुदंसणावरणे, अचक्खुदंसणावरणे, ओहिदंसणावरणे, केवलदंसणावरणे । जं वेदेइ पोग्गलं वा पोग्गले वा पोग्गलपरिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं, तेसिं वा उदएणं पासियव्वं ण पासइ, पासिउकम्मे वि ण पासइ, पासित्ता वि ण पासइ, उच्छण्णदंसणी यावि भवइ, दरिसणावरणिज्जस्स कम्मस्स उदएणं । एस णं गोयमा ! दरिसणावरणिज्जे कम्मे । एस णं गोयमा ! दरिसणावरणिज्जस्स कम्मस्स जीवेणं बद्धस्स** *जाव* **पोग्गलपरिणामं पप्प णवविहे अणुभावे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ દ્વારા બદ્ધ ***યાવત્*** પુદ્ગલ પરિણામને પ્રાપ્ત થયેલા દર્શનાવરણીય કર્મનો કેટલા પ્રકારનો વિપાક હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ દ્વારા બદ્ધ,સ્પૃષ્ટ ***યાવત્*** પુદ્ગલ પરિણામને પ્રાપ્ત દર્શનાવરણીય કર્મનો નવ પ્રકારનો વિપાક કહ્યો છે, તે આ પ્રમાણે છે– (૧) નિદ્રા (૨) નિદ્રા-નિદ્રા (૩) પ્રચલા (૪) પ્રચલા-પ્રચલા (૫) સ્ત્યાનર્દ્ધિ (૬) ચક્ષુદર્શનાવરણ (૭) અચક્ષુદર્શનાવરણ (૮) અવધિદર્શનાવરણ અને (૯) કેવળદર્શનાવરણ. જે પુદ્ગલને, પુદ્ગલોને, પુદ્ગલ પરિણામને, પુદ્ગલોના વિસ્રસા(સ્વાભાવિક) પરિણામને વેદે, તે કર્મના ઉદયથી જીવ જોવા યોગ્ય વસ્તુને જોતો નથી, જોવાની ઇચ્છાવાળો હોવા છતાં પણ જોતો નથી, જોયા પછી પણ જોતો નથી. તે જીવ દર્શનાવરણીયકર્મના ઉદયથી આચ્છાદિત દર્શનવાળો થઈ જાય છે.

હે ગૌતમ ! આ દર્શનાવરણીયકર્મ છે. હે ગૌતમ ! આ જીવે બાંધેલા ***યાવત્*** પુદ્ગલ પરિણામને પ્રાપ્ત દર્શનાવરણ કર્મનો નવ પ્રકારનો વિપાક હોય છે.

**१५ सायावेयणिज्जस्स णं भंते ! कम्मस्स जीवेणं बद्धस्स** *जाव* **पोग्गलपरिणामं पप्प कइविहे अणुभावे पण्णत्ते ?**

**गोयमा ! सायावेयणिज्जस्स णं कम्मस्स जीवेणं बद्धस्स** *जाव* **अट्ठविहे अणुभावे पण्णत्ते, तं जहा– मणुण्णा सद्दा, मणुण्णारूवा, मणुण्णा गंधा, मणुण्णा रसा, मणुण्णा फासा, मणोसुहया, वइसुहया, कायसुहया । जं वेएइ पोग्गलं वा पोग्गले वा पोग्गलपरिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं, तेसिं वा उदए णं सायावेयणिज्जं कम्मं वेदेइ । एस णं गोयमा ! सायावेयणिज्जे कम्मे । एस णं गोयमा ! सायावेयणिज्जस्स** *जाव* **अट्ठविहे अणुभावे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવે બાંધેલા ***યાવત્*** પુદ્ગલ પરિણામને પ્રાપ્ત થયેલા શાતાવેદનીય કર્મનો કેટલા પ્રકારનો વિપાક હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવે બાંધેલા ***યાવત્*** શાતાવેદનીય કર્મનો આઠ પ્રકારનો વિપાક હોય છે. તે આ પ્રમાણે છે– (૧) મનોજ્ઞશબ્દ (૨) મનોજ્ઞરૂપ (૩) મનોજ્ઞ ગંધ (૪) મનોજ્ઞ રસ (૫) મનોજ્ઞ સ્પર્શ (૬) મન સંબંધી સુખ (૭) વચન સંબંધી સુખ અને (૮) શારીરિક સુખ.

જે પુદ્ગલને, પુદ્ગલોને, પુદ્ગલ પરિણામને; સ્વભાવથી પુદ્ગલોના વિસ્રસા(સ્વાભાવિક) પરિણામને જીવ વેદે છે અને તેના ઉદયથી શાતાવેદનીયકર્મ વેદે છે. હે ગૌતમ ! આ શાતાવેદનીયકર્મ છે– હે ગૌતમ ! આ શાતાવેદનીયકર્મનો આઠ પ્રકારનો વિપાક છે.

**१६ असायावेयणिज्जस्स णं भंते ! कम्मस्स जीवेणं बद्धस्स** *जाव* **तहेव पुच्छा उत्तरं च, णवरं– अमणुण्णा सद्दा** *जाव* **कायदुहया । एस णं गोयमा ! असाया-वेयणिज्जस्स** *जाव* **अट्ठविहे अणुभावे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવે બાંધેલા અશાતાવેદનીયકર્મનો વિપાક કેટલા પ્રકારનો હોય છે ? ઇત્યાદિ પ્રશ્ન અને ઉત્તર પૂર્વવત્ જાણવા, તેમાં અમનોજ્ઞ શબ્દો ***યાવત્*** શરીર સંબંધી દુઃખ, તે આઠ પ્રકારનો વિપાક હોય છે. હે ગૌતમ ! આ અશાતાવેદનીયકર્મ છે, હે ગૌતમ ! આ અશાતાવેદનીયકર્મનો આઠ પ્રકારનો વિપાક હોય છે.

**१७ मोहणिज्जस्सं णं भंते ! कम्मस्स जीवेणं बद्धस्स** *जाव* **कइविहे अणुभावे पण्णत्ते ?**

**गोयमा ! मोहणिज्जस्स णं कम्मस्स जीवेणं बद्धस्स** *जाव* **पंचविहे अणुभावे पण्णत्ते, तं जहा– सम्मत्तवेयणिज्जे, मिच्छत्तवेयणिज्जे, सम्मामिच्छत्त-वेयणिज्जे, कसायवेयणिज्जे, णोकसायवेयणिज्जे । जं वेदेइ पोग्गलं वा पोग्गले वा पोग्गलपरिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं, तेसिं वा उदएणं मोहणिज्जं कम्मं वेदेइ । एस णं गोयमा ! मोहणिज्जे कम्मे । एस णं गोयमा ! मोहणिज्जस्स कम्मस्स** *जाव* **पंचविहे अणुभावे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવે બાંધેલા ***યાવત્*** મોહનીયકર્મનો કેટલા પ્રકારનો વિપાક હોય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જીવે બાંધેલા મોહનીય કર્મનો ***યાવત્*** પાંચ પ્રકારનો વિપાક હોય છે. તે આ પ્રમાણે છે– (૧) સમ્યક્ત્વવેદનીય (૨) મિથ્યાત્વવેદનીય (૩) સમ્યગ્મિથ્યાત્વવેદનીય (૪) કષાયવેદનીય અને (૫) નોકષાયવેદનીય. જે પુદ્ગલને, પુદ્ગલોને, પુદ્ગલપરિણામને અને પુદ્ગલોના વિસ્રસા (સ્વાભાવિક) પરિણામને વેદે છે અથવા તે-તે પ્રકૃતિના ઉદયથી જીવ મોહનીયકર્મ વેદે છે. હે ગૌતમ ! આ મોહનીય કર્મ છે. હે ગૌતમ ! આ મોહનીયકર્મનો ***યાવત્*** પાંચ પ્રકારનો વિપાક હોય છે.

**૧૮ आउयस्स णं भंते ! कम्मस्स जीवेणं** *जाव* **कइविहे अणुभावे पण्णत्ते ?**

**गोयमा ! आउयस्स णं कम्मस्स जीवेणं बद्धस्स** *जाव* **चउव्विहे अणुभावे पण्णत्ते, तं जहा– णेरइयाउए, तिरियाउए, मणुयाउए, देवाउए । जं वेएइ पोग्गलं वा पोग्गले वा पोग्गलपरिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं, तेसिं वा उदएणं आउयं कम्मं वेदेइ । एस णं गोयमा ! आउए कम्मे । एस णं गोयमा ! आउयस्स कम्मस्स** *जाव* **चउव्विहे अणुभावे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જીવે બાંધેલા આયુષ્યકર્મનો કેટલા પ્રકારનો વિપાક હોય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જીવે બાંધેલા આયુષ્ય કર્મનો ***યાવત્*** ચાર પ્રકારનો વિપાક છે. તે આ પ્રમાણે છે– (૧) નરકાયુ (૨) તિર્યંચાયુ (૩) મનુષ્યાયુ અને (૪) દેવાયુ. જે પુદ્ગલને, પુદ્ગલોને, પુદ્ગલ-પરિણામને કે પુદ્ગલોના સ્વાભાવિક પરિણામને જીવ વેદે છે અથવા તે-તે આયુષ્ય કર્મની પ્રકૃતિઓના ઉદયથી જીવ આયુષ્ય કર્મ વેદે છે. હે ગૌતમ ! આ આયુષ્યકર્મ છે અને હે ગૌતમ ! આ આયુષ્યકર્મનો ચાર પ્રકારનો વિપાક હોય છે.

**૧૯ सुभणामस्स णं भंते ! कम्मस्स जीवेणं** *जाव* **कइविहे अणुभावे पण्णत्ते ?**

**गोयमा ! सुभणामस्स णं कम्मस्स जीवेणं बद्धस्स** *जाव* **पोग्गल परिणामं पप्प चोद्दसविहे अणुभावे पण्णत्ते, तं जहा– इट्ठा सद्दा, इट्ठा रूवा, इट्ठा गंधा, इट्ठा रसा, इट्ठा फासा, इट्ठा गइ, इट्ठा ठिई, इट्ठे लावण्णे, इट्ठा जसोकित्ती, इट्ठे उट्ठाण-कम्म-बल-वीरिय-पुरिसक्कार-परक्कमे, इट्ठस्सरया, कंतस्सरया, पियस्सरया, मणुण्णस्सरया । जं वेएइ पोग्गलं वा पोग्गले वा पोग्गल-परिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं, तेसिं वा उदएणं सुभणामं कम्मं वेदेइ । एस णं गोयमा ! सुभणामे कम्मे । एस णं गोयमा ! सुभणामस्स कम्मस्स** *जाव* **चोद्दसविहे अणुभावे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જીવે બાંધેલા શુભનામકર્મનો વિપાક કેટલા પ્રકારનો હોય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જીવ દ્વારા બાંધેલા શુભ નામકર્મનો ચૌદ પ્રકારનો વિપાક હોય છે, જેમ કે– (૧) ઇષ્ટ શબ્દ (૨) ઇષ્ટ રૂપ (૩) ઇષ્ટ ગંધ (૪) ઇષ્ટ રસ (૫) ઇષ્ટ સ્પર્શ (૬) ઇષ્ટ ગતિ (૭) ઇષ્ટ સ્થિતિ (૮) ઇષ્ટ લાવણ્ય (૯) ઇષ્ટ યશઃકીર્તિ (૧૦) ઇષ્ટ બળ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમ (૧૧) ઇષ્ટ સ્વર (૧૨) કાંતસ્વર (૧૩) પ્રિયસ્વર અને (૧૪) મનોજ્ઞ સ્વર. જે પુદ્ગલ, પુદ્ગલો, પુદ્ગલ પરિણામ અને સ્વભાવથી

પુદ્ગલ પરિણામને વેદે છે અથવા તે-તે કર્મ પ્રકૃતિના ઉદયથી જીવ શુભનામકર્મ વેદે છે. આ શુભનામકર્મ છે. હે ગૌતમ ! આ શુભનામકર્મનો ચૌદ પ્રકારનો વિપાક હોય છે.

**२० दुहणामस्स णं भंते ! पुच्छा ? गोयमा ! एवं चेव । णवरं- अणिट्ठा सद्दा** *जाव* **हीणस्सरया, दीणस्सरया, अणिट्ठस्सरया, अकंतस्सरया । जं वेएइ, सेसं तं चेव** *जाव* **चोद्दसविहे अणुभावे पण्णत्ते ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! અશુભ નામકર્મનો વિપાક કેટલા પ્રકારનો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શુભનામ કર્મ પ્રમાણે અશુભ નામકર્મના પણ ૧૦ પ્રકારના વિપાક છે. વિશેષતા એ છે કે અહીં અનિષ્ટ શબ્દ ***યાવત્*** (૧૧) હીનસ્વર (૧૨) દીનસ્વર (૧૩) અનિષ્ટસ્વર અને (૧૪) અકાંતસ્વર જાણવા. જે પુદ્ગલ, પુદ્ગલો ઇત્યાદિ સર્વ શુભનામકર્મની સમાન જાણવું ***યાવત્*** તે-તે કર્મ પ્રકૃતિના ઉદયથી જીવ અશુભનામકર્મ વેદે છે. આ અશુભ નામકર્મ છે. હે ગૌતમ ! આ ચૌદ પ્રકારનો અશુભ નામકર્મનો વિપાક હોય છે.

**२१ उच्चागोयस्स णं भंते ! कम्मस्स जीवेणं** *जाव* **कइविहे अणुभावे पण्णत्ते ?**

**गोयमा ! उच्चागोयस्स णं कम्मस्स जीवेणं बद्धस्स** *जाव* **अट्ठविहे अणुभावे पण्णत्ते, तं जहा- जाइविसिट्ठया, कुलविसिट्ठया, बलविसिट्ठया, रूवविसिट्ठया, तवविसिट्ठया, सुयविसिट्ठया, लाभविसिट्ठया, इस्सरियविसिट्ठया । जं वेदेइ पोग्गलं वा पोग्गले वा पोग्गल-परिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं, तेसिं वा उदएणं** *जाव* **अट्ठविहे अणुभावे पण्णत्ते ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! જીવે બાંધેલા ઊંચ ગોત્ર કર્મનો વિપાક કેટલા પ્રકારનો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવે બાંધેલા ઊંચ ગોત્ર કર્મનો આઠ પ્રકારનો વિપાક હોય છે. તે આ પ્રમાણે છે– (૧) જાતિ વિશિષ્ટતા (૨) કુળ વિશિષ્ટતા (૩) બળ વિશિષ્ટતા (૪) રૂપ વિશિષ્ટતા (૫) તપ વિશિષ્ટતા (૬) શ્રુત વિશિષ્ટતા (૭) લાભ વિશિષ્ટતા અને (૮) ઐશ્વર્ય વિશિષ્ટતા.

જે પુદ્ગલને, પુદ્ગલોને, પુદ્ગલ પરિણામને અથવા વિસ્રસા પુદ્ગલોનાં પરિણામને વેદે છે અને તે-તે કર્મપ્રકૃતિના ઉદયથી જીવ ઊંચગોત્ર કર્મ વેદે છે. આ પ્રમાણે ઉચ્ચગોત્રકર્મ છે. હે ગૌતમ્ ! ***યાવત્*** આ આઠ પ્રકારનો ઊંચ ગોત્રકર્મનો વિપાક હોય છે.

**२२ णीयागोयस्स णं भंते ! पुच्छा ? गोयमा ! एवं चेव, णवरं जाइविहीणया** *जाव* **इस्सरियविहीणया । जं वेदेइ पोग्गलं वा पोग्गले वा पोग्गलपरिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं, तेसिं वा उदएणं** *जाव* **अट्ठविहे अणुभावे पण्णत्ते ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! નીચગોત્ર કર્મનો વિપાક કેટલા પ્રકારનો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઉચ્ચગોત્રની સમાન જાણવું, વિશેષતા એ છે કે અહીં જાતિ ***યાવત્*** ઐશ્વર્યની હીનતાનું કથન કરવું. જે પુદ્ગલને, પુદ્ગલોને, પુદ્ગલ પરિણામને કે સ્વભાવથી જ પુદ્ગલોના પરિણામને વેદે છે અને તે-તે કર્મપ્રકૃતિના ઉદયથી જીવ નીચગોત્ર કર્મ વેદે છે ***યાવત્*** હે ગૌતમ ! આ નીચગોત્ર કર્મનો આઠ પ્રકારનો વિપાક હોય છે.

**२३** **अंतराइयस्स णं भंते ! कम्मस्स जीवेणं पुच्छा ?**

**गोयमा ! अंतराइयस्स णं कम्मस्स जीवेणं बद्धस्स** *जाव* **पंचविहे अणुभावे पण्णत्ते, तं जहा– दाणंतराए, लाभंतराए, भोगंतराए, उवभोगंतराए, वीरियंतराए । जं वेदेइ पोग्गलं वा पोग्गले वा** *जाव* **वीससा वा पोग्गलाणं परिणामं, तेसिं वा उदएणं अंतराइयं कम्मं वेदेइ । एस णं गोयमा ! अंतराइए कम्मे । एस णं गोयमा !** *जाव* **पंचविहे अणुभावे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવે બાંધેલા અંતરાય કર્મનો કેટલા પ્રકારનો વિપાક હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવે બાંધેલા અંતરાય કર્મનો ***યાવત્*** પાંચ પ્રકારનો વિપાક હોય છે. તે આ પ્રમાણે છે– (૧) દાનાંતરાય, (૨) લાભાન્તરાય, (૩) ભોગાંતરાય, (૪) ઉપભોગાંતરાય, (૫) વીર્યાંતરાય. જે પુદ્‍ગલને વેદે છે અથવા પુદ્‍ગલ પરિણામને ***યાવત્*** સ્વભાવથી જ પુદ્‍ગલોના પરિણામને વેદે છે અને તે-તે કર્મપ્રકૃતિના ઉદયથી જીવ અંતરાયકર્મ વેદે છે.

હે ગૌતમ ! આ અંતરાય કર્મ છે ***યાવત્*** આ અંતરાયકર્મનો પાંચ પ્રકારનો વિપાક હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આઠે કર્મ પ્રકૃતિઓના વિપાકનું વિસ્તૃત વર્ણન છે. જીવે બાંધેલા કર્મો જ ઉદયમાં આવે છે અને ઉદયમાં આવેલા કર્મોનું જ વેદન–અનુભવ થાય છે.

સૂત્રકારે કર્મપ્રકૃતિઓના વિપાકનું કથન કરતાં પહેલાં કર્મબંધની અને ઉદયને પ્રાપ્ત થવાની કર્મની ક્રમિક અવસ્થાઓનું નિરૂપણ કર્યું છે.

**कम्मस्स बद्धस्स... :–** (૧) બદ્ધ– રાગદ્વેષ આદિ પરિણામોને વશીભૂત થઈને બાંધેલા એટલે કર્મરૂપે પરિણત કરેલા, (૨) સ્પૃષ્ટ– આત્મપ્રદેશો સાથે સંબંધને પ્રાપ્ત થયેલા, (૩) બદ્ધ-સ્પૃષ્ટ– ફરીથી ગાઢપણે બાંધેલા, અતિ-ઉપચયપૂર્વક ગાઢ બંધને બાંધેલા, (૪) સંચિત– અબાધાકાળને છોડીને ત્યાર પછી વેદનને યોગ્ય નિષિક્ત કરેલા–નિષેક-રચનાને પ્રાપ્ત થયેલા, (૫) ચિત– ચયને પ્રાપ્ત થયેલા અર્થાત્ ઉત્તરોત્તર સ્થિતિમાં પ્રદેશની હાનિ અને રસની વૃદ્ધિ વડે અવસ્થિત (૬) ઉપચિત– સમાન જાતિની બીજી પ્રકૃતિઓના સંક્રમ વડે ઉપચયને પ્રાપ્ત થયેલા, (૭) આપાકપ્રાપ્ત– કંઈક વિપાકાવસ્થાને અભિમુખ થયેલા, (૮) વિપાકપ્રાપ્ત– વિશિષ્ટ વિપાકાવસ્થાને પ્રાપ્ત થયેલા, (૯) ફળપ્રાપ્ત– ફળ આપવા સન્મુખ થયેલા અને સામગ્રીથી ઉદયને પ્રાપ્ત થયેલા, જેમ આમ્રફળ પ્રથમ અલ્પપક્વાવસ્થામાં હોય છે, ત્યારપછી વિશિષ્ટ પક્વાવસ્થાને પ્રાપ્ત થાય છે, ત્યાર પછી તૃપ્તિ, પ્રમોદ વગેરે ફળ આપવાને યોગ્ય થાય છે. તેમ કર્મ પણ અપાકપ્રાપ્ત, વિપાકપ્રાપ્ત થઈને ત્યાર પછી તેનું ફળ આપે છે. (૧૦) ઉદયપ્રાપ્ત– ભવ, સ્થિતિ આદિ નિમિત્તને પ્રાપ્ત કરીને ઉપભોગને પ્રાપ્ત થયેલા છે.

**जीवेण कयस्स :– जीवेन कर्मबन्धन बद्धेनेति गम्यते ।** જીવ દ્વારા કરાયેલા અર્થાત્ બદ્ધ જીવો દ્વારા કરાયેલા. રાગદ્વેષાદિ વૈભાવિક પરિણામોથી જીવ કર્મનો બંધ કરે છે અને કર્મથી બંધાયેલા જીવમાં જ રાગ-દ્વેષાદિ થાય છે. કર્મમુક્ત સિદ્ધ જીવોમાં રાગ-દ્વેષાદિ થતા નથી. જીવ અનાદિકાલથી કર્મબદ્ધ છે અને

કર્મબદ્ધ જીવ જ નવા કર્મોને બાંધે છે. કર્મથી સર્વથા મુક્ત થયેલા સિદ્ધ જીવો કર્મ બાંધતા નથી, તેથી "શુદ્ધ જીવ દ્વારા કરાયેલા નહીં પરંતુ કર્મબદ્ધ જીવ દ્વારા કરાયેલા" એ અર્થ સમીચીન છે.

**जीवेण णिवत्तियस्स :–** જીવ દ્વારા નિષ્પાદિત. કર્મબંધ સમયે જીવ કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે. **કાર્મણ વર્ગણામાં જ્ઞાનાવરણીયાદિ કર્મપ્રકૃતિઓના ભેદ હોતા નથી. જીવ ગ્રહણ કરે ત્યારે તુરંત જ જીવના વીર્ય પરાક્રમથી તેમાં કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ નિશ્ચિત થાય છે.** જે રીતે એક જ આહારના પુદ્ગલો સહજ રીતે શરીરમાં પરિણમન પામીને સાત ધાતુમાં પરિણત થાય, તે જ રીતે કાર્મણ વર્ગણાના પુદ્ગલો જ્ઞાનાવરણીય આદિ પ્રકૃતિરૂપે પરિણત થાય છે, તેને કર્મનું નિષ્પાદન–નિર્વર્તન કહે છે. આ પ્રક્રિયા જીવના અનાભોગ વીર્યથી જ થાય છે, તેથી સૂત્રકારે જીવ દ્વારા નિષ્પાદિત કહ્યું છે.

**जीवेण परिणामियस्स :–** જીવ દ્વારા પરિણામિત. **કર્મબંધ સમયે જીવના પરિણામો જેવા હોય તે પ્રમાણે કર્મપ્રકૃતિ નિશ્ચિત થાય છે.** જ્ઞાન, જ્ઞાની કે જ્ઞાનના સાધનો ઉપર પ્રદ્વેષ કરતા કર્મ બંધ થતો હોય, તો તે કર્મ જ્ઞાન પર આવરણ કરશે. આ રીતે પ્રત્યેક કર્મબંધના કારણો પ્રમાણે ઉત્તરોત્તર કર્મ પરિણામને પ્રાપ્ત થયેલા.

**सयं वा उदिण्णस्स :–** સ્વયં ઉદીરણાને પ્રાપ્ત થયેલા. અન્ય કોઈ પણ નિમિત્ત વિના પોતાની ગતિ,જાતિ અનુસાર કર્મ ઉદયમાં આવે. જેમ કે– મનુષ્યાયુષ્ય સાથે પંચેન્દ્રિય જાતિ નામ કર્મ સ્વયં ઉદયમાં આવે છે, તે સ્વયં ઉદીરિત કહેવાય છે.

**परेण वा उदीरियस्स :–** અન્ય નિમિત્તથી ઉદીરણાને પ્રાપ્ત થયેલા. જેમ કે અન્યના કટુ વચન શ્રવણથી અરતિ મોહનીયનો ઉદય થાય, તો તે પર દ્વારા ઉદીરિત કર્મ કહેવાય.

**तदुभएण वा उदीरिज्जमाणस्स :–** સ્વ અને પર બંનેના નિમિત્તથી ઉદયમાં આવેલા. જેમ કે નરકગતિમાં પરમાધામીકૃત વેદનામાં પોતાના કર્મનો ઉદય અને અન્યનું નિમિત્ત બંને હોય છે.

**गइंपप्प :–** ગતિને પ્રાપ્ત કરીને. કોઈ કર્મનો વિપાક ગતિના નિમિત્તથી થાય છે. તે કર્મ ચોક્કસ ગતિને પામીને તીવ્ર વિપાકયુક્ત થઈ જાય છે, જેમ કે– અશાતાવેદનીયકર્મ નરકગતિને પ્રાપ્ત કરીને તીવ્ર વિપાકવાળું થઈ જાય છે. અશાતાવેદનીય કર્મનો તીવ્ર ઉદય નારકીઓને હોય છે તેવો તિર્યંચ આદિ અન્ય ગતિના જીવોને હોતો નથી.

**ठिइंपप्प :–** સ્થિતિને પામીને, અહીં સ્થિતિ શબ્દથી સર્વોત્કૃષ્ટ સ્થિતિનું ગ્રહણ થાય છે. કોઈ કર્મ સર્વોત્કૃષ્ટ સ્થિતિને પામીને તીવ્ર વિપાકવાળું થાય છે. **भवं पप्प** ભવને પ્રાપ્ત કરીને, કોઈ કર્મ ભવના નિમિત્તથી પોતાનો વિપાક બતાવવા સમર્થ હોય છે, જેમ કે– મનુષ્યભવ અને તિર્યંચભવને પામી નિદ્રારૂપ દર્શનાવરણીય કર્મ પોતાનો વિશિષ્ટ વિપાક પ્રગટ કરે છે. **पोग्गलं पप्प** કાષ્ઠ, ઢેફું અને તલવાર વગેરે બાહ્ય પુદ્ગલનું નિમિત્ત પામીને કર્મનો ઉદય થાય છે, જેમ કે– બીજાએ ફેંકેલ કાષ્ઠ, ઢેફું અને તલવાર વગેરે પુદ્ગલને પામી અશાતાવેદનીય કર્મ અને ક્રોધાદિ કષાય મોહનીય કર્મનો ઉદય થાય છે.

**पोग्गल परिणामं पप्प :–** પુદ્ગલ પરિણામને પામીને. કોઈ કર્મ પુદ્ગલના પરિણામને પામીને વિપાકને પ્રાપ્ત થાય છે, જેમ કે– આહારના અજીર્ણ પરિણામથી અશાતાવેદનીય કર્મ અને મદિરાપાનથી જ્ઞાનાવરણીયકર્મ વિપાકને પ્રાપ્ત થાય છે.

કર્મોદયના ઉપરોક્ત નિમિત્તમાંથી ગતિ, સ્થિતિ અને ભવનું નિમિત્ત સ્વનિમિત્ત છે અને એક કે અનેક પૌદ્‌ગલિક પદાર્થો કે પદાર્થનું પરિણમન પર નિમિત્ત છે. કર્મનો ઉદય ક્યારેક સ્વનિમિત્તક હોય, ક્યારેક પરનિમિત્તક હોય અને ક્યારેક સ્વ–પર ઉભય નિમિત્તક હોય છે. આ રીતે પ્રત્યેક કર્મોનો વિપાક ગતિ, સ્થિતિ આદિ નિમિત્તને પ્રાપ્ત કરીને પુદ્‌ગલના માધ્યમથી થાય છે.

**જ્ઞાનવરણીય કર્મનો વિપાક :–** જ્ઞાનાવરણીય કર્મનો વિપાક દશ પ્રકારે અનુભવાય છે. જ્ઞાનાવરણીય કર્મનું ફળ દશ પ્રકારે ભોગવાય છે. પાંચ ઇન્દ્રિયનું આવરણ અને તેના વિજ્ઞાનનું આવરણ. આ રીતે તેના દશ પ્રકાર થાય છે. તેનાં મુખ્ય પ્રકાર બે છે– (૧) ઇન્દ્રિયાવરણ– શબ્દાદિ વિષયો ગ્રહણ કરવાની ક્ષમતા ન હોવી, તે ઇન્દ્રિયાવરણ છે. (૨) ઇન્દ્રિય-વિજ્ઞાનાવરણ– વિષયો ગ્રહણ થયા પછી તેનું વિશેષ જ્ઞાન ન થવું અથવા તેની સ્મૃતિ કે ધારણા ન થવી, તે વિજ્ઞાનાવરણ છે. આ રીતે પાંચે ઇન્દ્રિય અને તેના વિજ્ઞાનનું આવરણ સમજી શકાય છે.

પાંચે પ્રકારની દ્રવ્યેન્દ્રિયની પ્રાપ્તિ અંગોપાંગનામકર્મજન્ય છે પરંતુ પાંચે પ્રકારની ભાવેન્દ્રિયની પ્રાપ્તિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે. ભાવેન્દ્રિયના બે ભેદ છે– લબ્ધિ અને ઉપયોગ. કાન, આંખ આદિ દ્રવ્યેન્દ્રિયોની પ્રાપ્તિ થવા છતાં ઇન્દ્રિયાવરણથી તે-તે ઇન્દ્રિયની લબ્ધિ-ભાવેન્દ્રિય પર આવરણ થાય છે. તેથી તે ઇન્દ્રિયની પોતાના વિષયને ગ્રહણ કરવાની ક્ષમતા રહેતી નથી અને ઇન્દ્રિય વિજ્ઞાનાવરણથી તે-તે ઇન્દ્રિય-ભાવેન્દ્રિય(ઉપયોગ) પર આવરણ થાય છે, તેથી વિષય ગ્રહણ થવા છતાં તે તે વિષયનું વિશેષ જ્ઞાન થતું નથી. દસ પ્રકારનો વિપાક આ પ્રમાણે છે–

**(૧)** શ્રોત્રાવરણ– શ્રોત્ર–શ્રોતેન્દ્રિય વિષયક લબ્ધિ–ક્ષયોપશમ પર આવરણ થવું. એકેન્દ્રિયાદિ જીવોને કાન ન મળવા અથવા પંચેન્દ્રિય જીવોને કાન મળવા છતાં કાનમાં શબ્દ ગ્રહણ કરવાની શક્તિ ન હોય અર્થાત્ બહેરાપણું હોય, તે શ્રોત્રાવરણ છે.

**(૨)** શ્રોત્ર વિજ્ઞાનાવરણ– શ્રોતેન્દ્રિયના ઉપયોગ પર આવરણ થવું. અર્થાત્ શબ્દ સાંભળવા છતાં તેનો વિશેષ અર્થ ન સમજવો. અબુધ બાળક શબ્દ સાંભળે છે, છતાં તેનો ભાવ સમજી શકતા નથી.

**(૩)** નેત્રાવરણ– એકેન્દ્રિયયાદિ જીવોને આંખ ન મળવી તેમજ ચૌરેન્દ્રિયાદિ જીવોને આંખ મળવા છતાં જોવાની ક્ષમતા ન હોવી અર્થાત્ જન્માંધતા, મોતિબંદુ કે ચશ્માના નંબર આવવા તે નેત્રાવરણ છે.

**(૪)** નેત્ર વિજ્ઞાનાવરણ– દેખાવા છતાં તેનું વિશેષ જ્ઞાન ન થવું. મૂર્ખ વ્યક્તિ સામે ઊભેલી અન્ય વ્યક્તિને જોઈ શકે છે, પરંતુ તેના હાવભાવ વગેરે ઓળખી શકતી નથી.

**(૫)** ઘ્રાણાવરણ– એકેન્દ્રિયાદિ જીવોને નાક ન મળવા તેમજ તેઇન્દ્રિયાદિ જીવોને નાક મળવા છતાં ગંધના પુદ્‌ગલોને ગ્રહણ કરવાની ક્ષમતા ન હોવી.

**(૬)** ઘ્રાણવિજ્ઞાનાવરણ– ગંધ આવવા છતાં તેની વિશેષ પરખ ન હોવી.

**(૭)** રસેન્દ્રિયાવરણ– એકેન્દ્રિય જીવોને જીભ ન મળવી તેમજ બેઇન્દ્રિયાદિ જીવોને જીભ હોવા છતાં સ્વાદના પુદ્‌ગલોને ગ્રહણ કરવાની ક્ષમતા ન હોવી.

**(૮)** રસેન્દ્રિય વિજ્ઞાનાવરણ– સ્વાદ આવવા છતાં તેની વિશેષ પરખ ન હોવી.

**(૯)** સ્પર્શેન્દ્રિયાવરણ– સ્પર્શેન્દ્રિય હોવા છતાં સ્પર્શની શક્તિ ન હોવી. સ્પર્શનો અનુભવ ન થવો. શરીરના જે ભાગમાં લકવાની અસર હોય, ત્યાં સ્પર્શનો અનુભવ થતો નથી.

**(૧૦)** સ્પર્શેન્દ્રિયવિજ્ઞાનાવરણ– સ્પર્શનો અનુભવ થવા છતાં તેની વિશેષ પરખ ન હોવી.

સ્પર્શેન્દ્રિયનું આવરણ કોઈ જીવોને હોતું નથી કારણ કે એકેન્દ્રિય જીવોને પણ સ્પર્શેન્દ્રિય હોય જ છે. જ્યાં સુધી ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થઈ ન હોય, ત્યાં સુધી અપર્યાપ્તાવસ્થામાં સ્પર્શેન્દ્રિયનું આવરણ ગણી શકાય છે પરંતુ કોઈ પણ પર્યાપ્તા જીવોને સ્પર્શેન્દ્રિયનું આવરણ નથી, તેથી અહીં સ્પર્શેન્દ્રિયનું આવરણ નહીં પરંતુ સ્પર્શનું સામાન્ય જ્ઞાન ન થવું, તે જ સ્પર્શેન્દ્રિયાવરણ અને સ્પર્શનું વિશેષ જ્ઞાન ન થવું, તે સ્પર્શેન્દ્રિય વિજ્ઞાનાવરણ છે.

એકેન્દ્રિયોને રસેન્દ્રિયાદિ ચાર ઈન્દ્રિયાવરણ અને ચારે ઈન્દ્રિયવિજ્ઞાનાવરણ પ્રાયઃ બંને હોય છે. વૃત્તિકારે તેનું સ્પષ્ટીકરણ આપ્યું છે. બકુલ આદિ કેટલીક વનસ્પતિ એકેન્દ્રિય હોવા છતાં તે શબ્દાદિ પાંચે વિષયને આંશિક રૂપે ગ્રહણ કરે છે. જેમ ક્યારેક દ્રવ્યશ્રુતના અભાવમાં ભાવ શ્રુત હોય છે, તેમ ક્યારેક દ્રવ્યેન્દ્રિયના અભાવમાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ભાવેન્દ્રિય હોય છે.

બેઇન્દ્રિયોને ઘ્રાણાદિ ત્રણ ઈન્દ્રિયોનું, તેઇન્દ્રિયોને ચક્ષુ આદિ બે ઈન્દ્રિયોનું અને ચૌરેન્દ્રિયોને શ્રોત્રેન્દ્રિયનું અને તે તે ઈન્દ્રિયોના વિજ્ઞાનનું આવરણ હોય છે.

જ્ઞાનના પાંચ પ્રકાર છે તે જ રીતે જ્ઞાનાવરણીયકર્મના પણ પાંચ પ્રકાર છે. તેમ છતાં સૂત્રકારે જ્ઞાનાવરણીયકર્મના વિપાકમાં અવધિજ્ઞાન આદિ ત્રણ પ્રત્યક્ષ જ્ઞાનની વિવક્ષા કરી નથી. પ્રસ્તુત પ્રસંગમાં ઈન્દ્રિયજન્ય મતિ અને શ્રુતજ્ઞાનની વિવક્ષા કરીને તેના વિપાકના દશ પ્રકારનું કથન કર્યું છે, પરંતુ અવધિજ્ઞાનાદિની પ્રાપ્તિ ન થવી તે પણ જ્ઞાનાવરણીય કર્મનો જ વિપાક છે, તે જ્ઞાનાવરણીય કર્મનું ફળ છે.

**जं वेएइ पोग्गलं... :–** કોઈ પણ કર્મનું ફળ પુદ્ગલના માધ્યમથી ભોગવી શકાય છે. તથાપ્રકારના પુદ્ગલનો સંયોગ ક્યારેક અન્ય નિમિત્તથી થાય છે અને ક્યારેક સ્વતઃ થાય છે. જેમ કોઈએ ફેંકેલો પત્થર આંખ પર વાગે ત્યારે જોવાની શક્તિ ક્ષીણ થાય છે, ક્યારેક આહારના અજીર્ણ રૂપ પરિણમનથી જીવની જ્ઞાનશક્તિ ક્ષીણ થઈ જાય છે અથવા ક્યારેક જ્ઞાનાવરણીયકર્મના સ્વતઃ ઉદયથી જ જ્ઞાન શક્તિ ક્ષીણ થાય છે.

આ રીતે સ્વતઃ અથવા પરતઃ તથાપ્રકારના પુદ્ગલ અને પુદ્ગલ પરિણામને પ્રાપ્ત કરીને જીવની જ્ઞાનશક્તિ ક્ષીણ થાય છે, ત્યારે જીવની જાણવાની શક્તિ હોવા છતાં જાણી શકતો નથી. કદાચ જાણે છતાં પણ તે વિષયનું વિશેષજ્ઞાન કે સ્મૃતિ-ધારણા કરી શકતો નથી. આ જ્ઞાનાવરણીય કર્મનું ફળ છે, જ્ઞાનાવરણીય કર્મનો પ્રભાવ છે.

**દર્શનાવરણીયકર્મનો નવ પ્રકારનો વિપાક :–** ચક્ષુ આદિ દર્શનનું આવરણ કરનારું કર્મ દર્શનાવરણીય કર્મ છે. તેનો વિપાક નવ પ્રકારે અનુભવાય છે. પાંચ પ્રકારની નિદ્રા અને ચક્ષુ દર્શનાદિ ચારે પ્રકારના દર્શન પર આવરણ થવું. **(૧)** નિદ્રા– સુખપૂર્વક જાગે, **(૨)** નિદ્રા-નિદ્રા– દુઃખપૂર્વક જાગે તે. **(૩)** પ્રચલા– બેઠા બેઠા કે ઊભા-ઊભા ઊંઘ આવે તે, **(૪)** પ્રચલા-પ્રચલા– ચાલતાં-ચાલતાં, હરતા-ફરતાં ઊંઘ આવે તે, **(૫)** સ્ત્યાનગૃદ્ધિ– અતિ સંક્લિષ્ટ કર્મના ઉદયે ગાઢ નિદ્રામાં સૂતેલી વ્યક્તિ પોતાની શક્તિથી અનેકગુણી વધુ શક્તિ પામીને પ્રાયઃ દિવસે ચિંતવેલા અસાધારણ કાર્યને નિદ્રાવસ્થામાં કરી નાંખે છે.

**(૬)** ચક્ષુદર્શનાવરણ– નેત્ર દ્વારા થતાં દર્શનનું આવરણ કરનાર કર્મ. **(૭)** અચક્ષુદર્શનાવરણ– નેત્ર સિવાય શેષ ચાર ઈન્દ્રિય અને મન દ્વારા થતાં દર્શનનું આવરણ કરનાર કર્મ. **(૮)** અવધિદર્શનાવરણ– રૂપી પદાર્થને જોનાર આત્માના અવધિદર્શન ગુણ પર આવરણ કરનાર કર્મ અથવા અવધિજ્ઞાનની સાથે

થતાં સામાન્ય બોધનું આવરણ કરનાર કર્મ. **(૯)** કેવળદર્શનાવરણ– એક જ સમયમાં લોકાલોકના ભાવો જોનાર આત્માના કેવળદર્શન ગુણનું આવરણ કરનાર કર્મ.

જ્ઞાનાવરણીય કર્મની જેમ જ સ્વયં ઉદયને પ્રાપ્ત અથવા બીજા દ્વારા ઉદીરિત થતાં દર્શનાવરણીયકર્મ દ્વારા દર્શન ગુણ આવરિત થાય છે.

**जं वेएइ पोग्गलं... :–** જીવ અન્ય નિમિત્તથી અથવા સ્વાભાવિક રીતે તથાપ્રકારના એક કે અનેક પુદ્ગલોને અથવા પુદ્ગલ પરિણામને ભોગવે છે. તે પુદ્ગલોને ભોગવતાં-ભોગવતાં તેની દર્શન શક્તિ ક્ષીણ થાય છે, જેમ કે– કોમળ શય્યા આદિ સાધનો, ગરિષ્ટ પદાર્થ યુક્ત ભોજનનું પરિણમન, અત્યંત શ્રમ પછી એકાંત શાંત સ્થાન વગેરે નિમિત્તો પ્રાપ્ત થતાં જીવ નિદ્રાધીન બની જાય, પાંચ પ્રકારની નિદ્રાવસ્થા દર્શનગુણની સર્વ ઘાતી પકૃતિ છે. નિદ્રાવસ્થામાં ચક્ષુ કે ચક્ષુ સિવાયની ઇન્દ્રિયો દ્વારા બોધ થતો નથી. આ રીતે નિદ્રાવસ્થા દર્શનગુણ પર સંપૂર્ણપણે આવરણ કરે છે તેથી તેનો સમાવેશ દર્શનાવરણીયકર્મના વિપાકમાં થાય છે.

આ રીતે પાંચ પ્રકારની નિદ્રાવસ્થા અને ચક્ષુ આદિ ચાર પ્રકારના દર્શનનું આવરણ થાય તે દર્શનાવરણીય કર્મનો વિપાક-ફળ છે.

**વેદનીયકર્મનો વિપાક :–** વેદનીય કર્મના બે ભેદ છે– શાતાવેદનીય અને અશાતાવેદનીય. બંને પ્રકારના વેદનીય કર્મોનો આઠ-આઠ પ્રકારનો વિપાક છે.

**શાતાવેદનીય કર્મનો આઠ પ્રકારનો વિપાક :–** શાતાવેદનીયકર્મ પોતાનું ફળ આઠ પ્રકારે આપે છે– (૧) મનોજ્ઞ(મનગમતા) વેણુ, વીણા આદિના શબ્દોની પ્રાપ્તિ (૨) મનોજ્ઞરૂપની પ્રાપ્તિ (૩) અત્તર, ચંદન, ફૂલ આદિ મનોજ્ઞ ગંધની પ્રાપ્તિ (૪) શેરડી આદિ મનોજ્ઞ સુસ્વાદુ રસની પ્રાપ્તિ (૫) મનોજ્ઞ સ્પર્શની પ્રાપ્તિ (૬) મનનું સુખ (૭) વચનનું સુખ, વચનો સાંભળવા માત્રથી કાનમાં અને મનમાં આહ્લાદ ઉત્પન્ન થાય તે (૮) કાયાનું સુખ.

ઉપરોક્ત આઠે પ્રકારના વિપાકમાં પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોની પ્રાપ્તિ થવી. બીજાના અનુકૂળ શબ્દાદિનું શ્રવણ થાય, અનુકૂળ રૂપ, ગંધ, રસ અને સ્પર્શની પ્રાપ્તિ થાય, તે શાતાવેદનીયકર્મના ઉદયનું ફળ છે. ક્યારેક અન્ય કોઈ પણ નિમિત્ત વિના મનમાં સહજ રીતે પ્રસન્નતાનો અનુભવ થાય, તે મનસૌખ્ય છે, તે રીતે વચન અને કાયાનું પણ શુભ અનુકૂળ પ્રવર્તન થવું તે વચનસૌખ્ય અને કાય સૌખ્ય છે. સંક્ષેપમાં અનુકૂળ પુદ્ગલોની, અનુકૂળ સંયોગોની, અનુકૂળ વાતાવરણની પ્રાપ્તિ થવી તે શાતાવેદનીય કર્મનું ફળ છે.

**અશાતાવેદનીયકર્મનો આઠ પ્રકારનો વિપાક :–** શાતાવેદનીયકર્મથી વિપરીત આઠ પ્રકારનો અશાતાવેદનીયકર્મનો વિપાક-ફળ છે.

**(૧)** અમનોજ્ઞ શબ્દ– મનને અપ્રિય લાગે તેવા કાગડા, ગધેડા આદિના કર્કશ શબ્દોની પ્રાપ્તિ થવી. **(૨)** અમનોજ્ઞ રૂપ– મનને અપ્રિય લાગે તેવા કદરૂપા પદાર્થોનો સંયોગ થવો. **(૩)** અમનોજ્ઞ ગંધ– મૃત કલેવર આદિ દુર્ગંધી પદાર્થોનો સંયોગ થવો. **(૪)** અમનોજ્ઞ રસ– મનને પ્રતિકૂળ સ્વાદવાળા પદાર્થો પ્રાપ્ત થવા. **(૫)** અમનોજ્ઞ સ્પર્શ– કર્કશાદિ પ્રતિકૂળ સ્પર્શની પ્રાપ્તિ થવી. **(૬)** મનનું દુઃખ– તથા પ્રકારના સંયોગથી મનની અપ્રસન્નતા, શોક, નારાજગી વગેરે. **(૭)** વચનનું દુઃખ– અન્યની કર્કશ, કઠોર આદિ અપ્રિય વાણી સાંભળવા મળવી. **(૮)** કાયાનું દુઃખ– તથા પ્રકારના સંયોગથી શારીરિક દુઃખ, પ્રતિકૂળતા પ્રાપ્ત થવી.

આ રીતે પાંચે ઈન્દ્રિયોના પ્રતિકૂળ વિષયોની પ્રાપ્તિ થવી. ક્યારેક બાહ્ય નિમિત્તથી અને ક્યારેક બાહ્ય નિમિત્ત વિના સ્વતઃ મનની અપ્રસન્નતા, દ્વિધા, મુંઝવણ આદિની અનુભૂતિ થવી, તેમજ વચન અને કાયાનું વિપરીત વર્તન કરવું. સંક્ષેપમાં પ્રતિકૂળ સંયોગો, પ્રતિકૂળ વાતાવરણ અને પ્રતિકૂળ પુદ્ગલોની પ્રાપ્તિ થવી તે અશાતા વેદનીય કર્મનું ફળ છે.

**મોહનીયકર્મનો પાંચ પ્રકારનો વિપાક :–** મોહનીય કર્મના મુખ્ય બે ભેદ છે– દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય.

**દર્શનમોહનીય–** દર્શન–શ્રદ્ધામાં બાધક બને તે દર્શનમોહનીય કર્મ છે. દર્શન મોહનીયકર્મનું વેદન ત્રણ પ્રકારે થાય છે– (૧) સમ્યક્ત્વ વેદનીય– જે કર્મના ઉદયમાં ક્ષયોપશમ સમકિત થાય પરંતુ ઉપશમ કે ક્ષાયિક સમકિતમાં બાધક બને, તે કર્મ સમ્યકત્વ વેદનીય કહેવાય છે. જીવ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે, ત્યારે મિથ્યાત્વના દલિકોના ત્રણ પુંજ કરે છે– શુદ્ધ, અર્ધશુદ્ધ અને અશુદ્ધ. મિથ્યાત્વના શુદ્ધ થયેલા દલિકોનું વેદન થાય, તે જ સમ્યક્ત્વ વેદનીય કર્મ છે. તેના ઉદયમાં ક્ષાયોપશમિક સમકિત થાય છે. સમ્યગ્ દર્શનની અનુભૂતિ હોવાથી શમ–સંવેગ આદિ પરિણામોનું વેદન થાય છે, પરંતુ તેમાં મોહનીયકર્મના શુદ્ધ દલિકોનું વેદન થતું હોવાથી તે સમ્યક્ત્વમાં ચલ, મલ અને અગાઢ દોષ ઉત્પન્ન થતા રહે છે. (૨) મિશ્ર વેદનીય– મિથ્યાત્વના અર્ધ શુદ્ધ દલિકોનું વેદન કરવું, તે મિશ્ર મોહનીય છે. તેના ઉદયથી જીવની દષ્ટિ મિશ્ર રહે છે અર્થાત્ સમ્યક્ત્વ અને મિથ્યાત્વ રૂપ મિશ્રપરિણામનું વેદન હોય છે. આ પ્રકૃતિના ઉદયથી જીવ કુદેવ, કુગુરુ અને કુધર્મ પર પણ શ્રદ્ધા કરે છે તેમજ સુદેવ, સુગુરુ અને સુધર્મમાં પણ શ્રદ્ધા રાખે છે તથા બંને પ્રકારના આચરણ પણ કરે છે પરંતુ શુદ્ધ વીતરાગ ધર્મમાં સ્થિર થાય નહીં. (૩) મિથ્યાત્વ વેદનીય– મિથ્યાત્વના અશુદ્ધ દલિકોનું વેદન કરવું, તે મિથ્યાત્વવેદનીય છે. તેના ઉદયથી જીવની મિથ્યાદષ્ટિ થાય અર્થાત્ કુદેવ, કુગુરુ અને કુધર્મમાં સુદેવ આદિ બુદ્ધિ થાય અને શ્રદ્ધાનો અભાવ થાય છે.

**ચારિત્ર મોહનીય–** ચારિત્ર–સદાચરણમાં, ચારિત્રપાલનમાં બાધક બને તે ચારિત્ર મોહનીય કર્મ છે. તેનું વેદન બે પ્રકારે થાય છે– **(૧)** કષાય વેદનીય– ક્રોધ, માન, માયા, લોભના પરિણામોનું વેદન કરવું, તે કષાય વેદનીય છે. **(૨)** નોકષાય વેદનીય– કષાયને પ્રગટ કરનારા, કષાયને સહાયક હાસ્ય, રતિ, અરતિ આદિ પરિણામોનું વેદન કરવું , તે નોકષાય વેદનીય છે.

મોહનીય કર્મની પ્રકૃતિઓ પોતાનું ફળ આપે ત્યારે વિવિધ પરિણામોનું વેદન થતું હોવાથી સૂત્રકારે સમ્યક્ત્વ વેદનીય, મિથ્યાત્વ વેદનીય આદિ દરેક પ્રકૃતિ સાથે 'વેદનીય' શબ્દ પ્રયોગ કર્યો છે.

મોહનીય કર્મનું વેદન પરતઃ એટલે પુદ્ગલના નિમિત્તથી થાય અને ક્યારેક સ્વતઃ થાય છે, જેમ કે– મેઘ ધનુષના પલટાતા રંગને જોઈને વૈરાગ્યના પરિણામ જાગૃત થાય અને શમ, સંવેગ આદિ સમ્યક્ત્વ ગુણોનો વિકાસ થાય, તો તેને ત્યારે સમ્યક્ત્વ મોહનીયનું વેદન પરતઃ છે. કર્મના ઉદયમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને ભવ, તે પાંચે નિમિત્ત રૂપ બને છે.

સમ્યક્ત્વ વેદનીયના અનુભવમાં મેઘધનુષનું રૂપ એટલે કે 'દ્રવ્ય' કારણભૂત બન્યું, તે જ રીતે કોઈ ક્ષેત્રાદિ પણ કારણભૂત બને છે; ક્યારેક બાહ્ય નિમિત્ત વિના પણ સમ્યક્ત્વ વેદનીય કર્મના ઉદયથી જીવના પ્રશમ આદિ પરિણામ થાય છે.

**આયુષ્યકર્મનો ચાર પ્રકારનો વિપાક :–** આયુષ્ય કર્મ ચાર પ્રકારે ભોગવાય છે– નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય,

મનુષ્યાયુષ્ય અને દેવાયુષ્ય. જીવ ચાર કારણે નરકાદિ ગતિનો આયુ બંધ કરે છે. તે કર્મ યથાસમયે તદ્રૂપે ઉદયમાં આવે છે અને સ્થિતિ પ્રમાણે નિકાચિત રૂપે જીવ તેનો અનુભવ કરે છે.

આયુષ્ય કર્મનું ફળ ક્યારેક પરતઃ પ્રાપ્ત થાય છે, જેમ કે– વર્તમાન ભવના આયુષ્યને અપવર્તન (અલ્પ) કરનારા શસ્ત્ર આદિનો સંયોગ થાય, વિષમિશ્રિત આહારનું પરિણમન થાય અથવા તથાપ્રકારના સંયોગે સ્વાભાવિક રીતે અત્યંત શીત કે અત્યંત ઉષ્ણ પુદ્ગલોનો સંયોગ થાય, આ રીતે કોઈપણ નિમિત્તથી વર્તમાન ભવનું આયુષ્ય પૂર્ણ થાય અને જીવ નારકી રૂપે ઉત્પન્ન થઈને નરકાયુષ્યને ભોગવે તો તે નરકાયુષ્યનો ઉદય પરતઃ કહેવાય છે. ક્યારેક અન્ય નિમત્ત વિના પણ વર્તમાન આયુષ્ય પૂર્ણ થાય અને તે જીવ નરકમાં ઉત્પન્ન થઈને નરકાયુષ્યનું વેદન કરે, તે સ્વતઃ ઉદય કહેવાય છે. આ રીતે ચારે ય પ્રકારના આયુષ્યનો વિપાક સમજવો.

**શુભ-અશુભ નામકર્મનો વિપાક :–** નામકર્મના મુખ્ય બે ભેદ છે– શુભનામકર્મ અને અશુભનામ કર્મ. શુભનામકર્મ ૧૪ પ્રકારે પોતાનું ફળ આપે છે.

(૧થી૫) ઈષ્ટ શબ્દ– શુભનામ કર્મના સંયોગે પોતાના શબ્દો સ્વયંને, અન્યને અનુકૂળ કે મનગમતા લાગે, શ્રવણ કરતાં આનંદ થાય, તે જ રીતે પોતાના શરીરની આકૃતિ–રૂપ ગંધ, રસ અને સ્પર્શ અનુકૂળ હોય, તે સ્વયંને અને બીજાને પ્રિય લાગે, તે સર્વે શુભ નામ કર્મનું ફળ છે. આ રીતે ઈષ્ટ શબ્દ, ઈષ્ટરૂપ, ઈષ્ટગંધ, ઈષ્ટરસ અને ઈષ્ટસ્પર્શનું સ્વરૂપ છે. (૬) ઈષ્ટ ગતિ– તેના બે અર્થ છે– (૧) દેવગતિ કે મનુષ્યગતિ અથવા (૨) હાથી આદિ જેવી ઉત્તમ ચાલ. (૭) ઈષ્ટ સ્થિતિ– ઈષ્ટ અને સહજ સિંહાસન આદિ પર આરોહણ (૮) ઈષ્ટ લાવણ્ય– અભિષ્ટ કાંતિ વિશેષ અથવા શારીરિક સૌંદર્ય (૯) ઈષ્ટ યશઃકીર્તિ– વિશિષ્ટ પરાક્રમ પ્રદર્શિત કરવાથી થનારી ખ્યાતિને યશ કહે છે અને દાન, પુણ્ય આદિથી થનારી ખ્યાતિને કીર્તિ કહે છે. (૧૦) ઈષ્ટ ઉત્થાનાદિ– શરીર સંબંધી ચેષ્ટાને **ઉત્થાન,** ભ્રમણ આદિને **કર્મ,** શારીરિક શક્તિને **બળ,** આત્માથી ઉત્પન્ન થનારા સામર્થ્યને **વીર્ય,** આત્મજન્ય સ્વાભિમાન વિશેષને **પુરુષાકાર** અને પોતાના કાર્યમાં સફળતા પ્રાપ્ત કરાવે તેવા પુરુષાર્થને **પરાક્રમ** કહે છે. (૧૧) ઈષ્ટ સ્વર– વીણા આદિની સમાન વલ્લભસ્વર (૧૨) કાંતસ્વર– કોયલના સ્વર સમાન કમનીય સ્વર. સામાન્ય રીતે ઈચ્છિત સ્વર. (૧૩) પ્રિયસ્વર– વારંવાર સાંભળવો ગમે, તે પ્રિયસ્વર અને (૧૪) મનોજ્ઞ સ્વર– મનને ગમે તેવો સ્વર કોઈ પણ પૂર્વ પરિચય ન હોવા છતાં સ્વાભાવિક રીતે અન્યને આપણો સ્વર આકર્ષક અને મનોહર લાગે, તે મનોજ્ઞ સ્વર કહેવાય છે. ઈષ્ટ શબ્દમાં શબ્દોની મધુરતા છે અને કટુતા રહિત શબ્દોનો પ્રયોગ થાય છે; જ્યારે ઈષ્ટ સ્વરમાં કંઠની મધુરતા પ્રમુખ છે.

**અશુભનામકર્મનો વિપાક :–** અશુભનામકર્મનો ઉદય પણ શુભનામકર્મની જેમ ૧૪ પ્રકારનો છે. તે શુભનામકર્મથી વિપરીત છે.

(૧) અનિષ્ટ શબ્દ– પોતાના શબ્દોનો પ્રયોગ સ્વયંને તથા અન્યને પ્રતિકૂળ લાગે, મનગમતા શબ્દો ન હોય, તે અનિષ્ટ શબ્દ કહેવાય છે, જેમ કે– કાગડા, કૂતરા, ગધેડા આદિ જીવોના કર્કશ શબ્દો અનિષ્ટ હોય છે, તે કોઈને પણ ઈષ્ટ લાગતા નથી. (૨–૫) પોતાના શરીરના રૂપ, ગંધ આદિ પ્રતિકૂળ અમનોજ્ઞ હોય, તો તે અનિષ્ટ રૂપ, ગંધ આદિ કહેવાય છે. આ રીતે અનિષ્ટ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શનું સ્વરૂપ ઈષ્ટ શબ્દાદિથી વિપરીત પોતાના શરીરની અપેક્ષાએ હોય છે. (૬) અનિષ્ટ ગતિ– ઊંટ જેવી અસુંદર ગતિ, (૭) અનિષ્ટ સ્થિતિ– સહજ રીતે તુચ્છ સ્થાનમાં સ્થિતિ, (૮) અનિષ્ટ લાવણ્ય– કાંતિ રહિત નિસ્તેજ શરીર, (૯) અયશોકીર્તિ–અપયશ પામવો. (૧૦) અનિષ્ટ ઉત્થાનાદિ, (૧૧) અનિષ્ટ

સ્વર– કર્કશ સ્વર, (૧૨) અકાંત સ્વર– અનિચ્છિત સ્વર, (૧૩) અપ્રિયસ્વર, (૧૪) અમનોજ્ઞ સ્વર– બીજાને વારંવાર સાંભળવાની ઈચ્છા ન થાય, તેવો સ્વર. આ ચૌદ અશુભ નામકર્મનું સ્વરૂપ ઉપર વર્ણિત શુભ નામકર્મના સ્વરૂપથી વિપરીત છે.

આ રીતે નામકર્મ શરીર સંબંધિત છે. રૂપવાન, તેજસ્વી આકર્ષક શરીરની પ્રાપ્તિ થવી તે શુભ નામકર્મનું ફળ છે અને કદરૂપું, નિસ્તેજ, કાંતિહીન શરીરની પ્રાપ્તિ થવી, તે અશુભ નામકર્મનું ફળ છે.

**ગોત્ર કર્મનો વિપાક :–** ગોત્રકર્મના મુખ્ય બે ભેદ છે– **(૧)** ઉચ્ચગોત્ર કર્મ. **(૨)** નીચગોત્ર કર્મ. જાતિ આદિ આઠ પ્રકારની વિશિષ્ટતાનો અનુભવ કરાવે, તે ઊંચગોત્ર કર્મનો વિપાક છે અને તે આઠ પ્રકારે હીનતાનો અનુભવ કરાવે તે નીચગોત્રનો વિપાક છે.

**ઊંચ ગોત્ર કર્મનો આઠ પ્રકારે વિપાક– (૧)** જાતિ વિશિષ્ટતા– શ્રેષ્ઠ જાતિમાં જન્મ થવો અથવા નિમ્ન જાતિમાં જન્મ થવા છતાં રાજા વગેરે વિશિષ્ટ પુરુષ તેનો સ્વીકાર કરીને ઊંચ પદે સ્થાપિત કરે, તો તે જાતિવિશિષ્ટતા કહેવાય છે. **(૨)** કુળ વિશિષ્ટતા– શ્રેષ્ઠ કુળમાં જન્મ થવો અથવા શ્રેષ્ઠ કુળમાં સન્માનિત થવું. **(૩)** બળ વિશિષ્ટતા– મલ્લ આદિની જેમ વિશિષ્ટ શારીરિક શક્તિથી સંપન્ન હોવું. **(૪)** રૂપ વિશિષ્ટતા– ઉત્તમ વસ્ત્ર-અલંકારાદિથી સંપન્ન. **(૫)** તપ વિશિષ્ટતા– ઉત્તમ કોટિના તપનું આચરણ કરવું. બાર ભેદે તપ કરવાની વિશિષ્ટ ક્ષમતાની પ્રાપ્તિ થવી. **(૬)** શ્રુત વિશિષ્ટતા– વિશિષ્ટ જ્ઞાન અને અદ્ભુત જ્ઞાનની પ્રાપ્તિ થવી. **(૭)** લાભ વિશિષ્ટતા– પોત-પોતાની જાતિમાં સર્વ શ્રેષ્ઠ પદાર્થને રત્ન કહે છે, જેમ કે મનુષ્યોમાં ચક્રવર્તી શ્રેષ્ઠ છે, તેથી તેને નરરત્ન, એકેન્દ્રિયોમાં ચક્ર આદિ સાત ચક્રવર્તીના રત્નો, તિર્યંચ પંચેન્દ્રિયમાં અશ્વરત્ન, ગજરત્ન વગેરે. આ રીતે પોત-પોતાની જાતિમાં શ્રેષ્ઠતમ અવસ્થાનો લાભ થવો તેમજ બહુમૂલ્યવાન ઉત્તમ કોટિના રત્ન વગરેની પ્રાપ્તિ થવી. **(૮)** ઐશ્વર્ય વિશિષ્ટતા– ધન, સુવર્ણ આદિ પદાર્થો તથા સન્માન પ્રતિષ્ઠા લોકમાં ઐશ્વર્યજનક છે, તેનાથી સંપન્ન થવું.

**નીચ ગોત્ર કર્મનો આઠ પ્રકારનો વિપાક :–** જાતિ આદિની આઠ પ્રકારે હીનતા પ્રાપ્ત થવી, તે નીચગોત્રનું ફળ છે. **(૧)** જાતિ હીનતા– નીચ જાતિમાં જન્મ થવો. **(૨)** કુળ હીનતા– નીચ કુળમાં જન્મ થવો. તેમજ તુચ્છ કે નિંદનીય નીચ કુળ યોગ્ય આચરણ કરવું. તે કુળ હીનતા છે. **(૩)** શારીરિક બળની હીનતા. **(૪)** રૂપહીનતા **(૫)** તપહીનતા– શ્રેષ્ઠ તપ સાધનાનું આચરણ ન કરવું. **(૬)** શ્રુત હીનતા– વિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ ન થવી. **(૭)** લાભ હીનતા– કોઈ પણ શ્રેષ્ઠ પદાર્થોનો લાભ ન થવો, દેશ-કાળને અયોગ્ય વ્યાપાર કરવાથી લાભહીનતા થવી. **(૮)** ઐશ્વર્ય હીનતા– બાહ્ય ઋદ્ધિ ધન સંપત્તિ આદિ અને આભ્યંતર ઋદ્ધિ, બુદ્ધિ સંપન્નતા આદિ ગુણોની પ્રાપ્તિ ન થવી.

સંક્ષેપમાં ઊંચ ગોત્ર કર્મના ફળ સ્વરૂપે જીવને શ્રેષ્ઠ સ્થાન, શ્રેષ્ઠ પદ અને શ્રેષ્ઠ પદાર્થો તથા ઉત્તમ કોટિના લાભની પ્રાપ્તિ થાય છે અને નીચ ગોત્ર કર્મના ફળ સ્વરૂપે શ્રેષ્ઠ સ્થાનાદિ તથા ઉત્તમ કોટિના લાભની પ્રાપ્તિ થતી નથી.

ગોત્ર કર્મનો ઉદય ક્યારેક પુદ્ગલ અને પુદ્ગલ પરિણામથી થાય છે. જેવી રીતે શક્તિવર્ધક ઔષધિના નિરંતર સેવનથી બળની વિશિષ્ટતા પ્રાપ્ત થાય છે અને ક્યારેક ગોત્ર કર્મના સ્વતઃ ઉદયથી જ જાતિ આદિની વિશિષ્ટતા કે હીનતા પ્રાપ્ત થાય છે.

**અંતરાયકર્મનો વિપાક :–** અંતરાયકર્મની પાંચ પ્રકૃતિ છે અને તે પાંચ પ્રકારે જ પોતાનું ફળ આપે છે.

**દાનાંતરાય :–** દાનની સામગ્રી પાસે હોય, ગુણવાન પાત્ર દાન લેવા સામે તૈયાર હોય, દાનનું ફળ પણ જાણતા હોય, દાનની ઈચ્છા પણ હોય, તેમ છતાં જે કર્મના ઉદયથી જીવ દાન દઈ ન શકે, આળસ આદિ કેટલાય પ્રકારની બાધાઓ ઉત્પન્ન થાય; તેને 'દાનાંતરાયકર્મ' કહે છે. તે જ રીતે દાનના ભાવો જ ન થાય તે પણ દાનાંતરાય કર્મનો વિપાક છે.

**લાભાંતરાય :–** દાતા ઉદાર હોય, દેય વસ્તુ પણ વિદ્યમાન હોય, લેનાર પણ કુશળ અને ગુણવાન પાત્ર હોય, છતાં પણ જે કર્મના ઉદયથી તેને ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થાય, તેને 'લાભાંતરાયકર્મ' કહે છે. પુરુષાર્થ કરવા છતાં લાભના સંયોગો જ ન થાય, તે પણ લાભાંતરાય કર્મનો વિપાક છે.

**ભોગાંતરાય :–** જે પદાર્થ એકવાર ભોગવી શકાય તેને ભોગ કહે છે, જેમ કે– ભોજન આદિ. ભોગના વિવિધ સાધન હોવા છતાં પણ જીવ જે કર્મના ઉદયથી ભોગ્ય વસ્તુઓનું સેવન કરી શકે નહીં, તેને ભોગાંતરાય કર્મ કહે છે. ભોગ્ય પદાર્થો ન મળવા તે પણ ભોગાંતરાય કર્મનો વિપાક છે.

**ઉપભોગાંતરાય :–** જે પદાર્થ વારંવાર ભોગવી શકાય, તેને ઉપભોગ કહે છે, જેમકે– મકાન, વસ્ત્ર, આભૂષણ આદિ. ઉપભોગની સામગ્રી હોવા છતાં પણ જે કર્મના ઉદયથી જીવ તે સામગ્રીનો ઉપભોગ કરી ન શકે, તેને ઉપભોગાંતરાય કર્મ કહે છે. ઉપયોગી સામગ્રી પ્રાપ્ત ન થવી, તે પણ ઉપભોગાંતરાય કર્મનો વિપાક છે.

**વીર્યાંતરાય :–** વીર્ય=પરાક્રમ. જે કર્મના ઉદયથી જીવ મંદોત્સાહ, હતોત્સાહ, આળસ, દુર્બળતાના કારણે કાર્ય વિશેષમાં પરાક્રમ કરી ન શકે, શક્તિ સામર્થ્યનો ઉપયોગ કરી ન શકે, સંયમ-તપમાં પરાક્રમ ન કરી શકે, તેને વીર્યાંતરાયકર્મ કહે છે.

વીર્યના ત્રણ પ્રકાર હોવાથી વીર્યાંતરાયકર્મના પણ ત્રણ પ્રકાર છે.

**(૧) બાલવીર્યાંતરાય–** જે કર્મના ઉદયથી જીવ સંસાર સંબંધિત કાર્યો કરવામાં સમર્થ ન થાય, તેમજ સમર્થ હોવા છતાં તે કાર્યમાં પુરુષાર્થ કરી ન શકે, તે બાલવીર્યાંતરાયકર્મ છે.

**(૨) પંડિતવીર્યાંતરાય–** જે કર્મના ઉદયથી જીવ રત્નત્રયની સાધના કરવામાં સમર્થ ન થાય તેમજ સમર્થ હોવા છતાં તે માર્ગમાં પુરુષાર્થ કરી ન શકે, તે પંડિત વીર્યાંતરાયકર્મ છે.

**(૩) બાલપંડિતવીર્યાંતરાય–** જે કર્મના ઉદયથી જીવ શ્રાવકવ્રતની સાધના કરવામાં સમર્થ ન થાય તેમજ સમર્થ હોવા છતાં તે માર્ગમાં પુરુષાર્થ કરી ન શકે, તે બાલપંડિતવીર્યાંતરાયકર્મ છે.

અંતરાય કર્મનું ફળ ક્યારેક પુદ્‌ગલ અને પુદ્‌ગલ પરિણામના વેદનથી થાય છે, જેમ કે અચાનક અકસ્માત્ થતાં, હાથ-પગ ભાંગી જાય, તો તે વ્યક્તિ વીર્યાંતરાય કર્મના ઉદયે પોતાનું પરાક્રમ ફોરવી શકતી નથી અને ક્યારેક અંતરાય કર્મના સ્વતઃ ઉદયજન્ય પરિણામથી વ્યક્તિની શક્તિ કુંઠિત થઈ જાય છે.

**॥ પ્રથમ ઉદ્દેશક સંપૂર્ણ ॥**

# ત્રેવીસમું પદ : બીજો ઉદ્દેશક

**મૂળ કર્મપ્રકૃતિ :-**

**१ कइ णं भंते ! कम्मपगडीओ पण्णत्तओ ? गोयमा ! अट्ठ कम्मपगडीओ पण्णत्ताओ, तं जहा- णाणावरणिज्जं** *जाव* **अंतराइयं ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! કર્મપ્રકૃતિઓ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કર્મપ્રકૃતિઓ આઠ છે. જ્ઞાનાવરણીય ***યાવત્*** અંતરાય.

**જ્ઞાનાવરણીયકર્મ :-**

**२ णाणावरणिज्जे णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा- आभिणिबोहियणाणावरणिज्जे** *जाव* **केवलणाणावरणिज्जे**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીયકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના પાંચ પ્રકાર છે, જેમ કે– આભિનિબોધિકજ્ઞાનાવરણીય ***યાવત્*** કેવળજ્ઞાનાવરણીયકર્મ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં જ્ઞાનાવરણીય કર્મની પાંચ ઉત્તર પ્રકૃતિઓનું કથન છે. જ્ઞાનના પાંચ પ્રકાર હોવાથી તેને આવરણ કરનાર જ્ઞાનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિઓના પાંચ પ્રકાર છે.

**(૧) મતિજ્ઞાનાવરણીયકર્મ :–** પાંચ ઇન્દ્રિય અને મનના નિમિત્તથી જે જ્ઞાન થાય, તે આભિનિબોધિક– મતિ જ્ઞાન છે. તેને આવરણ કરનારું કર્મ, તે આભિનિબોધિક જ્ઞાનાવરણીય અથવા મતિજ્ઞાનાવરણીય કર્મ છે.

**(૨) શ્રુત જ્ઞાનાવરણીયકર્મ :–** (૧) શ્રુત–શ્રવણથી–સાંભળવાથી જે જ્ઞાન થાય, તે શ્રુતજ્ઞાન (૨) શાસ્ત્રના માધ્યમથી જે જ્ઞાન થાય, તે શ્રુતજ્ઞાન. શાસ્ત્ર દ્રવ્યશ્રુત છે અને તેનાથી જે બોધ થાય, તે ભાવશ્રુત છે. (૩) મતિજ્ઞાનથી જાણેલા પદાર્થોની વિશેષ વિચારણા કરવી અર્થાત્ મતિજ્ઞાનની જ પરિપક્વ અવસ્થા, તે શ્રુતજ્ઞાન છે. તેને આવરણ કરનારું કર્મ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ છે.

**(૩) અવધિજ્ઞાનાવરણીયકર્મ :–** જેના દ્વારા ઇન્દ્રિય અને મનની સહાયતા વિના આત્માથી જ મર્યાદિત ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થોનું જ્ઞાન થાય, તે અવધિજ્ઞાનછે, તેને આવરણ કરનારું કર્મ, અવધિજ્ઞાનાવરણીય કર્મ છે.

**(૪) મનઃપર્યવજ્ઞાનાવરણીયકર્મ :–** જેના દ્વારા ઇન્દ્રિય અને મનની સહાયતા વિના આત્માથી અઢી દ્વીપ ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનની વાત જણાય તે મનઃપર્યવજ્ઞાન છે, તેને આવરણ કરનારું કર્મ, મનઃપર્યવજ્ઞાનાવરણીયકર્મ છે.

**(૫) કેવલજ્ઞાનાવરણીયકર્મ :–** જેના દ્વારા ત્રણે લોકના ત્રણે કાલના રૂપી-અરૂપી સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયો એક જ સમયમાં જણાય, તે કેવળજ્ઞાન છે. તેને આવરણ કરનારું કર્મ કેવળજ્ઞાનાવરણીયકર્મ છે.

**દર્શનાવરણીયકર્મ :–**

**૩ दरिसणावरणिज्जे णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– णिद्दापंचए य दंसणचउक्कए य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દર્શનાવરણીયકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે, જેમ કે– નિદ્રાપંચક અને દર્શનચતુષ્ક.

**૪ णिद्दापंचए णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा– णिद्दा** *जाव* **थीणगिद्धी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નિદ્રા-પંચકના કેટલા પ્રકાર છે ?**ઉત્તર–** હે ગૌતમ ! તેના પાંચ પ્રકાર છે, જેમ કે– નિદ્રા ***યાવત્*** સ્ત્યાનગૃદ્ધિ(સ્ત્યાનર્દ્ધિ)

**૫ दंसणचउक्कए णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा– चक्खुदंसणावरणिज्जे** *जाव* **केवल-दंसणावरणिज्जे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દર્શન ચતુષ્કના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના ચાર પ્રકાર છે, જેમ કે– ચક્ષુદર્શનાવરણ ***યાવત્*** કેવળદર્શનાવરણ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દર્શનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિઓનું નિરૂપણ છે.

કેટલાક કર્મોમાં બંધ યોગ્ય પ્રકૃતિ અને તેની વિપાક યોગ્ય પ્રકૃતિ ભિન્ન હોય છે અને કેટલાક કર્મોમાં બંધ યોગ્ય પ્રકૃતિ અને તેની વિપાક યોગ્ય પ્રકૃતિ એક સમાન હોય છે, જેમ કે– જ્ઞાનાવરણીયકર્મની બંધ યોગ્ય પ્રકૃતિ પાંચ છે અને તેના વિપાકમાં, ફળાનુભૂતિમાં દશ પ્રકૃતિ છે. દર્શનાવરણીય કર્મની બંધ યોગ્ય પ્રકૃતિ અને વિપાક યોગ્ય પ્રકૃતિ એક સમાન નવ-નવ છે.

આત્માના દર્શન ગુણ પર આવરણ કરનારું કર્મ, દર્શનાવરણીયકર્મ છે. દર્શનના ચાર પ્રકાર હોવાથી દર્શનાવરણીયકર્મના પણ ચાર પ્રકાર છે. ચક્ષુદર્શનાવરણીયાદિ ચારે પ્રકૃતિ આત્માના દર્શનગુણ પર આવરણ કરે છે. ચારે પ્રકૃતિના ઉદયે જીવને દર્શનલબ્ધિ પ્રગટ થતી નથી.

તે ચારે પ્રકૃતિના ક્ષયોપશમથી જીવને દર્શનલબ્ધિ પ્રગટ થાય છે. તેમ છતાં નિદ્રા આદિ પાંચ પ્રકૃતિના ઉદયે આત્માની જોવાની શક્તિ–દર્શનલબ્ધિ કુંઠિત થાય છે. આ રીતે નિદ્રાપંચક આત્માની દર્શન શક્તિમાં બાધક બને છે, તેથી શાસ્ત્રકારે દર્શનાવરણીયકર્મની પ્રકૃતિઓમાં નિદ્રાપંચકની ગણના કરી છે. નિદ્રાની ગાઢ, ગાઢતર, ગાઢતમ અવસ્થાના આધારે તેના પાંચ પ્રકાર થાય છે. નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિમાં ઉત્તરોત્તર ગાઢ નિદ્રા હોય છે. આ રીતે ચાર દર્શનને આવરણ કરનાર ચાર પ્રકૃતિ+પ્રાપ્ત દર્શનની ઉપઘાતક નિદ્રાદિ પાંચ પ્રકૃતિ= દર્શનાવરણીયકર્મની નવ પ્રકૃતિ થાય છે.

**વેદનીયકર્મ :–**

**૬ वेयणिज्जे णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– सायावेयणिज्जे य आसायावेयणिज्जे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદનીયકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે, જેમ કે– શાતાવેદનીય અને અશાતાવેદનીય.

**૭ सायावेयणिज्जे णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! अट्ठविहे पण्णत्ते, तं जहा– मणुण्णा सद्दा** *जाव* **कायसुहया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શાતાવેદનીયકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના આઠ પ્રકાર છે, જેમ કે– મનોજ્ઞશબ્દ ***યાવત્*** કાયાનું સુખ.

**૮ असायावेयणिज्जे णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! अट्ठविहे पण्णत्ते । तं जहा– अमणुण्णा सद्दा** *जाव* **कायदुहया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અશાતાવેદનીયકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના આઠ પ્રકાર છે, જેમ કે– અમનોજ્ઞ શબ્દ ***યાવત્*** કાયાનું દુઃખ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વેદનીયકર્મની ઉત્તર પ્રકૃતિઓના ભેદ-પ્રભેદનું કથન છે.

જે કર્મ ઇન્દ્રિયજન્ય સુખ-દુઃખનું વેદન કરાવે, તેને વેદનીયકર્મ કહે છે. તેના મુખ્ય બે પ્રકાર છે. **(૧) શાતાવેદનીય–** જે કર્મના ઉદયે આત્માને ઇન્દ્રિય વિષય સંબંધી અનુકૂલતા પ્રાપ્ત થાય, ભૌતિક સુખનો અનુભવ થાય તેને શાતાવેદનીયકર્મ કહે છે. **(૨) અશાતાવેદનીયકર્મ–** જે કર્મના ઉદયથી આત્માને અનુકૂળ વિષયોની પ્રાપ્તિ ન થાય અને પ્રતિકૂળ વિષયોની પ્રાપ્તિમાં દુઃખનો અનુભવ થાય તેને અશાતાવેદનીય કર્મ કહે છે. શાતાવેદનીય કર્મના મનોજ્ઞ શબ્દ આદિ આઠ પ્રકારના વિપાકની જેમ આઠ ભેદ છે અને તેનાથી વિપરીત અશાતાવેદનીયકર્મના પણ અમનોજ્ઞ શબ્દ આદિ આઠ પ્રકારના વિપાકની જેમ આઠ ભેદ છે. તેનું સ્પષ્ટીકરણ પ્રથમ ઉદ્દેશક પ્રમાણે જાણવું.

**મોહનીય કર્મ :–**

**૯ मोहणिज्जे णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– दंसणमोहणिज्जे य चरित्तमोहणिज्जे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મોહનીયકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે, જેમ કે– (૧) દર્શનમોહનીય અને (૨) ચારિત્રમોહનીય.

**૧૦ दंसणमोहणिज्जे णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! तिविहे पण्णत्ते, तं जहा– सम्मत्तवेयणिज्जे, मिच्छत्तवेयणिज्जे, सम्मामिच्छत्तवेयणिज्जे, य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દર્શનમોહનીયકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના ત્રણ પ્રકાર છે, જેમ કે– (૧) સમ્યક્ત્વ વેદનીય, (૨) મિથ્યાત્વ વેદનીય અને (૩) સમ્યગ્મિથ્યાત્વ વેદનીય.

**૧૧ चरित्तमोहणिज्जे णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– कसायवेयणिज्जे य णोकसायवेयणिज्जे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચારિત્ર મોહનીયકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ! તેના બે

પ્રકાર છે, યથા– કષાયવેદનીય અને નોકષાયવેદનીય.

**१२ कसायवेयणिज्जे णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ?**

**गोयमा ! सोलसविहे पण्णत्ते, तं जहा– अणंताणुबंधी कोहे, अणंताणुबंधी माणे, अणंताणुबंधी माया, अणंताणुबंधी लोभे । अपच्चक्खाणे कोहे, एवं माणे, माया, लोभे । पच्चक्खाणावरणे कोहे, एवं माणे, माया, लोभे । संजलणे कोहे, एवं माणे, माया, लोभे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કષાયવેદનીયકર્મના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેના સોળ પ્રકાર છે, જેમ કે– (૧) અનંતાનુબંધી ક્રોધ, (૨) અનંતાનુબંધી માન, (૩) અનંતાનુબંધી માયા, (૪) અનંતાનુબંધી લોભ, (૫, ૬, ૭, ૮) અપ્રત્યાખ્યાની ક્રોધ-માન-માયા અને લોભ, (૯, ૧૦, ૧૧, ૧૨) પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા અને લોભ, (૧૩, ૧૪, ૧૫, ૧૬) સંજ્વલન ક્રોધ-માન-માયા અને લોભ.

**१३ णोकसायवेयणिज्जे णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! णवविहे पण्णत्ते, तं जहा– इत्थिवेए पुरिसवेए णपुंसगवेए हासे रई अरई भये सोगे दुगुंछा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નોકષાય વેદનીયકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના નવ પ્રકાર છે, જેમ કે– (૧) સ્ત્રીવેદ (૨) પુરુષવેદ (૩) નપુંસકવેદ (૪) હાસ્ય (૫) રતિ (૬) અરતિ (૭) ભય (૮) શોક અને (૯) જુગુપ્સા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં મોહનીયકર્મની ઉત્તરપ્રકૃતિઓના ભેદ-પ્રભેદનું નિરૂપણ છે.

**મોહનીયકર્મ :–** મોહનીયકર્મની ઉત્તર પ્રકૃતિ અને તેની વિપાકયોગ્ય પ્રકૃતિ એક સમાન છે. મોહનીયકર્મના બે ભેદ– દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. દર્શન મોહનીયકર્મના ત્રણ ભેદ છે. તેનું સ્વરૂપ ઉદ્દેશક–૧ પ્રમાણે જાણવું. ચારિત્રમોહનીયકર્મના મુખ્ય બે ભેદ છે– કષાયવેદનીય અને નોકષાયવેદનીય.

**(૧) કષાયવેદનીય ચરિત્ર મોહનીયકર્મ :–** જે કર્મનું ક્રોધ, માન, માયા, લોભરૂપે વેદન કરાય, તે કષાયવેદનીય કર્મ છે. કષાયના ચાર ભેદ છે– **૧.** ક્રોધ– સ્વભાનને ભૂલી આવેશમાં આવી જવું. **૨.** માન– ગર્વ, અભિમાન, અહંકાર, મદ, જૂઠું આત્મપ્રદર્શન. **૩.** માયા– કપટ, છળ, પ્રવંચના, ત્રિયોગમાં વિસંવાદ. **૪.** લોભ– અપ્રાપ્ત ને પ્રાપ્ત કરવાની ઇચ્છા, અભિલાષા.

આ ચારે પ્રકારના કષાયના તીવ્રતમ, તીવ્રતર, તીવ્ર અને મંદ સ્થિતિ તથા રસના કારણે ચાર-ચાર પ્રકાર છે– **૧. અનંતાનુબંધી કષાય –** જે કષાય જીવને અનંત સંસારમાં પરિભ્રમણ કરાવે, આત્માના સમ્યક્ત્વગુણની ઘાત કરે, તે અનંતાનુબંધી કષાય કહેવાય છે. તેની સ્થિતિ તથા રસ તીવ્રતમ હોય છે. **૨. અપ્રત્યાખ્યાની કષાય –** જે કષાય જીવને આંશિક પણ વ્રત-પ્રત્યાખ્યાનમાં, શ્રાવકધર્મના સ્વીકારમાં બાધક બને, તે અપ્રત્યાખ્યાની કષાય છે. તેની સ્થિતિ તથા રસ તીવ્રતર હોય છે. **૩. પ્રત્યાખ્યાનાવરણ કષાય –** જે કષાય જીવને સર્વવિરતિ ચારિત્ર–શ્રમણધર્મના સ્વીકારમાં બાધક બને, તે પ્રત્યાખ્યાનાવરણીય

કષાય છે. તેની સ્થિતિ તથા રસ તીવ્ર હોય છે. **૪. સંજ્વલન કષાય :–** જે કષાય જીવને યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિમાં અર્થાત્ વીતરાગદશાની પ્રાપ્તિમાં બાધક બને, તે સંજ્વલન કષાય છે. તેની સ્થિતિ તથા રસ મંદ હોય છે.

શ્રી સ્થાનાંગ સૂત્રમાં આ ચારે કષાય તથા તેના ચાર-ચાર ભેદના સ્વરૂપને દૃષ્ટાંતથી સમજાવ્યા છે. તેમાં ક્રોધને તિરાડની, માનને થાંભલાની, માયાને વક્રતાની અને લોભને રંગની ઉપમા આપવામાં આવી છે.

**ચાર પ્રકારના ક્રોધ :–** (૧) અનંતાનુબંધી ક્રોધ– પર્વતની તિરાડ સમાન, જે ક્રોધ ઉત્પન્ન થયા પછી કોઈપણ ઉપાયે શાંત ન થાય, તે અનંતાનુબંધી ક્રોધ છે. (૨) અપ્રત્યાખ્યાની ક્રોધ– સૂકી નદીમાં પડેલી તિરાડ સમાન, પાણીનો સંયોગ થવાથી તિરાડ ભૂંસાઈ જાય તેમ જે ક્રોધ પરિશ્રમ અને વિશેષ પ્રકારના ઉપાયથી શાંત થાય. તે અપ્રત્યાખ્યાની ક્રોધ છે. (૩) પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ– વેળુ(રેતી) મધ્યે પડેલી તિરાડ સમાન, હવા આવવાથી રેતીની તિરાડ ભૂંસાઈ જાય છે, તેમ જે ક્રોધ અલ્પ પરિશ્રમથી શાંત થઈ જાય, તે પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ છે. (૪) સંજ્વલન ક્રોધ– પાણી મધ્યે ખેંચેલી લીટી સમાન, જે ક્રોધ તત્કાળ શાંત થઈ જાય, તે સંજ્વલન ક્રોધ છે.

**ચાર પ્રકારના માન :–** (૧) અનંતાનુબંધીમાન– પથ્થરના થાંભલા સમાન, જે માનને કઠિન પરિશ્રમ દ્વારા પણ નમાવવો મુશ્કેલ હોય તે અનંતાનુબંધી માન છે. (૨) અપ્રત્યાખ્યાની માન– હાડકાંના થાંભલા સમાન, જે માનને નમાવવામાં અતિપરિશ્રમ અને ઉપાય કરવો પડે તે અપ્રત્યાખ્યાની માન છે. (૩) પ્રત્યાખ્યાનાવરણ માન– કાષ્ઠના થાંભલા સમાન, તે પ્રયત્ન વિશેષથી નરમ બને તેમ જે માન પ્રયત્ન અને ઉપાયથી નમી જાય, તેને પ્રત્યાખ્યાનાવરણીય માન કહે છે. (૪) સંજ્વલનમાન– નેતરના થાંભલા સમાન, તે અત્યંત અલ્પતમ પ્રયત્ને વળી જાય છે તેમ જે માન ક્ષણભરમાં પોતાના આગ્રહને છોડી નમી જાય તે સંજ્વલન માન છે.

**ચાર પ્રકારની માયા :–** (૧) અનંતાનુબંધી માયા– વાંસના મૂળિયા સમાન જેની વક્રતાનું સીધું થવું અસંભવ છે, તેમ જે માયા અત્યંત પ્રયત્ન કરવા છતાં છૂટવી અસંભવ હોય તે અનંતાનુબંધી માયા છે. (૨) અપ્રત્યાખ્યાની માયા– ઘેટાનાં શીંગડા સમાન, તેની વક્રતાને કઠિન પરિશ્રમે દૂર કરી શકાય. તેમ જે માયાને અત્યંત કઠિન પરિશ્રમ અને ઉપાયોથી દૂર કરી શકાય, તે અપ્રત્યાખ્યાની માયા છે. (૩) પ્રત્યાખ્યાનાવરણ માયા– ગોમૂત્રિકાની વક્રતા સમાન, જે માયાના કુટિલ પરિણામો અલ્પ પ્રયત્નથી દૂર કરી શકાય તે પ્રત્યાખ્યાનાવરણ માયા છે. (૪) સંજ્વલન માયા– વાંસના છોલની વક્રતા સમાન, જે માયાને તુરંત જ વાળી શકાય–સરળ થઈ જાય તે સંજ્વલન માયા છે.

**ચાર પ્રકારનાં લોભ :–** (૧) અનંતાનુબંધી લોભ– કિરમજીના રંગ સમાન, વસ્તુ તૂટે-ફાટે પણ તે રંગ જરાય ન ઉડે; તેમ અત્યંત પ્રયત્ન છતાં જે લોભ છૂટે નહીં તે અનંતાનુબંધી લોભ છે. (૨) અપ્રત્યાખ્યાની લોભ– ગાડાના ઊંજન(કીલ) રંગ સમાન, અત્યંત પ્રયત્નથી જે લોભ છૂટે તે અપ્રત્યાખ્યાની લોભ છે. (૩) પ્રત્યાખ્યાનાવરણ લોભ– કાજળ(આંજણ)ના રંગ સમાન, અલ્પ પ્રયત્નથી જે લોભનો રંગ છૂટી જાય તે પ્રત્યાખ્યાનાવરણ લોભ છે. (૪) સંજ્વલન લોભ– હળદરના રંગ સમાન, સૂર્યનાં કિરણ લાગતા તુરંત ઊડી જાય; તેમ જે લોભ તુરંત છૂટી જાય, તે સંજ્વલન લોભ છે.

**નોકષાય વેદનીય :–** જે કષાય નથી, પરંતુ કષાયના ઉદયની સાથે જેનો ઉદય થાય છે, અથવા જે કષાયોને ઉત્તેજિત કરવામાં સહાયક બને છે, તે નોકષાય વેદનીય કર્મ છે. તેના નવ ભેદ છે.

**(૧) સ્ત્રીવેદ :–** જે કર્મના ઉદયથી પુરુષની સાથે રમણ કરવાની ઇચ્છા થાય, તે સ્ત્રીવેદ મોહકર્મ છે. તેની કામાગ્નિ છાણાની અગ્નિ સમાન દીર્ઘકાલીન હોય છે. **(૨) પુરુષવેદ :–** જે કર્મના ઉદયથી સ્ત્રીની સાથે રમણ કરવાની ઇચ્છા થાય, તે પુરુષવેદ મોહકર્મ છે. તેની કામાગ્નિ તૃણાગ્નિ સમાન અલ્પકાલીન હોય છે. **(૩) નપુંસકવેદ :–** જે કર્મના ઉદયથી સ્ત્રી અને પુરુષ બંનેની સાથે રમણ કરવાની ઇચ્છા થાય, તે નપુંસકવેદ મોહકર્મ છે. તેની કામાગ્નિ નગરદાહ સમાન અત્યંત દીર્ઘકાલીન હોય છે.

**(૪) હાસ્ય :–** જે કર્મના ઉદયથી કારણવશ કે કારણ વિના હસવું આવે અથવા બીજાને હસાવવામાં આવે, તે હાસ્યવેદનીય છે. **(૫-૬) રતિ-અરતિ :–** જે કર્મના ઉદયથી સકારણ કે અકારણ પદાર્થો પ્રતિ રાગ-પ્રીતિ કે દ્વેષ-અપ્રીતિ ઉત્પન્ન થાય, તે ક્રમશઃ રતિ–અરતિ વેદનીય છે. **(૭) શોક :–** જે કર્મના ઉદયથી સકારણ કે અકારણ શોક-નારાજગી થાય, તે શોક વેદનીય છે. **(૮) ભય–** જે કર્મના ઉદયથી સકારણ કે અકારણ સાત ભયોમાંથી કોઈપણ પ્રકારનો ભય ઉત્પન્ન થાય, તે ભયવેદનીય છે. **(૯) જુગુપ્સા :–** જે કર્મના ઉદયથી સકારણ કે અકારણ પદાર્થો પ્રતિ ઘૃણા કે જુગુપ્સા(દુર્ગંછા)ના ભાવ ઉત્પન્ન થાય તે જુગુપ્સા વેદનીય છે.



**આયુષ્યકર્મ :–**

**१४ आउए णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा– णेरइयाउए** *जाव* **देवाउए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આયુકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના ચાર પ્રકાર છે, યથા– નારકાયુ ***યાવત્*** દેવાયુ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આયુષ્યકર્મની ઉત્તર પ્રકૃતિનું નિરૂપણ છે.

**આયુષ્યકર્મ :–** જે કર્મના ઉદયથી જીવ દેવાદિ ચાર ગતિરૂપ ભવમાં જીવે છે અને જેનો ક્ષય થવાથી તે ભવનો ત્યાગ કરીને મૃત્યુ પામે છે, તે આયુષ્યકર્મ છે. આયુષ્યકર્મનો સ્વભાવ કારાગાર સમાન છે. જેવી રીતે અપરાધીને છૂટવાની ઈચ્છા હોવા છતાં પણ તેની અવધિ પૂરી થયા વિના કારાગાર(જેલ)થી છૂટી શકતા નથી, તેવી રીતે આયુકર્મના કારણે જીવને નિશ્ચિત કાળ સુધી નરકાદિ ગતિઓમાં રહેવું પડે છે. આયુ ભોગવાયા પછી જ તે શરીરથી છૂટકારો થાય છે. આયુષ્યકર્મનું કાર્ય જીવને સુખ-દુઃખ દેવાનું નથી, પરંતુ નિયત સમય સુધી કોઈ એક શરીરમાં જીવને ટકાવી રાખવાનું છે. જીવને દેવ શરીરમાં ટકાવી રાખે તે દેવાયુષ્ય છે. તે જ રીતે શેષ આયુષ્યનું સ્વરૂપ સમજી લેવું.

**નામકર્મ :–**

**१५ णामे णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ?**

**गोयमा ! बायालीसइविहे पण्णत्ते, तं जहा– गतिणामे, जाइणामे, सरीरणामे, सरीरंगोवंगणामे, सरीरबंधणणामे, सरीरसंघायणामे, संघयणणामे, संठाणणामे, वण्णणामे, गंधणामे, रसणामे, फासणामे, अगुरुलहुयणामे, उवघायणामे, पराघायणामे, आणुपुव्वीणामे, उस्सासणामे, आयवणामे, उज्जोयणामे, विहायगतिणामे, तसणामे, थावरणामे, सुहुमणामे, बादरणामे, पज्जत्तणामे, अपज्जत्तणामे, साहारणसरीरणामे, पत्तेयसरीरणामे, थिरणामे, अथिरणामे, सुभणामे, असुभणामे, सुभगणामे, दूभगणामे, सूसरणामे, दूसरणामे, आदेज्जणामे, अणादेज्जणामे, जसोकित्तिणामे, अजसोकित्तिणामे, णिम्माणणामे, तित्थयरणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નામકર્મના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેના બેતાળીશ પ્રકાર છે, જેમ કે– (૧) ગતિનામ (૨) જાતિનામ (૩) શરીરનામ (૪) શરીરાંગોપાંગનામ (૫) શરીર બંધનનામ (૬) શરીર સંઘાતનામ (૭) સંહનન નામ (૮) સંસ્થાનનામ (૯) વર્ણનામ (૧૦) ગંધનામ (૧૧) રસનામ (૧૨) સ્પર્શનામ (૧૩) અગુરુલઘુનામ (૧૪) ઉપઘાતનામ (૧૫) પરાઘાતનામ (૧૬) આનુપૂર્વીનામ (૧૭) ઉચ્છ્વાસનામ (૧૮) આતપનામ (૧૯) ઉદ્યોતનામ (૨૦) વિહાયોગતિનામ (૨૧) ત્રસનામ (૨૨) સ્થાવરનામ (૨૩) સૂક્ષ્મનામ (૨૪)

બાદરનામ (૨૫) પર્યાપ્તનામ (૨૬) અપર્યાપ્તનામ (૨૭) સાધારણનામ (૨૮) પ્રત્યેક નામ (૨૯) સ્થિરનામ (૩૦) અસ્થિરનામ (૩૧) શુભનામ (૩૨) અશુભનામ (૩૩) સુભગનામ (૩૪) દુર્ભગનામ (૩૫) સુસ્વરનામ (૩૬) દુઃસ્વરનામ (૩૭) આદેયનામ (૩૮) અનાદેયનામ (૩૯) યશઃકીર્તિનામ (૪૦) અયશઃકીર્તિનામ (૪૧) નિર્માણનામ અને (૪૨) તીર્થંકરનામ.

**१६ गतिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा- णिरयगतिणामे, तिरियगतिणामे, मणुयगतिणामे, देवगतिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગતિનામકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના ચાર પ્રકાર છે, જેમ કે– (૧) નરકગતિનામ (૨) તિર્યંચગતિનામ (૩) મનુષ્યગતિનામ અને (૪) દેવગતિનામ.

**१७ जाइणामे णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा- एगिंदियजाइणामे** *जाव* **पंचेंदियजाइणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જાતિનામકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના પાંચ પ્રકાર છે, જેમ કે– એકેન્દ્રિયજાતિનામ ***યાવત્*** પંચેન્દ્રિયજાતિનામ.

**१८ सरीरणामे णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा- ओरालियसरीरणामे** *जाव* **कम्मगसरीरणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શરીરનામકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના પાંચ પ્રકાર છે, જેમ કે– ઔદારિકશરીરનામ ***યાવત્*** કાર્મણશરીરનામ.

**१९ सरीररंगोवंगणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! तिविहे पण्णत्ते, तं जहा- ओरालियसरीरंगोवंगणामे, वेउव्वियसरीरंगोवंगणामे, आहारगसरीरं गोवंगणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શરીરાંગોપાંગનામકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના ત્રણ પ્રકાર છે, જેમ કે– (૧) ઔદારિકશરીરાંગોપાંગ નામ (૨) વૈક્રિય શરીરાંગોપાંગ નામ અને (૩) આહારકશરીરાંગોપાંગનામ.

**२० सरीरबंधणणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते । तं जहा- ओरालियसरीरबंधणणामे** *जाव* **कम्मगसरीरबंधणणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શરીરબંધનનામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના પાંચ પ્રકાર છે, જેમ કે– ઔદારિકશરીર બંધન નામ ***યાવત્*** કાર્મણ શરીરબંધનનામ.

**२१ सरीरसंघायणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा- ओरालियसरीरसंघायणामे** *जाव* **कम्मगसरीरसंघायणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શરીરસંઘાતનામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના પાંચ

પ્રકાર છે, જેમ કે– ઔદારિકશરીર સંઘાતનામ ***યાવત્*** કાર્મણ શરીર સંઘાતનામ.

**૨૨ संघयणणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! छव्विहे पण्णत्ते, तं जहा– वइरोसभ-णारायसंघयणणामे, उसभणारायसंघयणणामे, णारायसंघयणणामे, अद्ध-णारायसंघयणणामे, कीलियासंघयणणामे, छेवट्टसंघयणणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંહનનનામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના છ પ્રકાર છે, જેમ કે– (૧) વજ્રઋષભનારાચ સંહનન નામ (૨) ઋષભનારાચ સંહનન નામ (૩) નારાચ સંહનન નામ (૪) અર્ધનારાચ સંહનન નામ (૫) કીલિકા સંહનન નામ અને (૬) સેવાર્ત સંહનન નામ.

**૨૩ संठाणणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! छव्विहे पण्णत्ते, तं जहा– समचउरंससंठाणणामे, णग्गोहपरिमंडलसंठाणणामे, सादिसंठाणणामे, वामण-संठाणणामे, खुज्जसंठाणणामे, हुंडसंठाणणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંસ્થાનનામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના છ પ્રકાર છે, જેમ કે– (૧) સમચતુરસ્રસંસ્થાન નામ (૨) ન્યગ્રોધપરિમંડળસંસ્થાન નામ (૩) સાદિસંસ્થાન નામ (૪) વામનસંસ્થાન નામ (૫) કુબ્જસંસ્થાન નામ અને (૬) હુંડ સંસ્થાન નામ.

**૨૪ वण्णणामे णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा– कालवण्णणामे** *जाव* **सुक्किलवण्णणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વર્ણનામકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના પાંચ પ્રકાર છે, જેમ કે– કાળોવર્ણનામ ***યાવત્*** શ્વેતવર્ણનામ.

**૨૫ गंधणामे णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– सुरभिगंधणामे दुरभिगंधणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગંધનામકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે, જેમ કે– સુરભિગંધનામ અને દુરભિગંધનામ.

**૨૬ रसणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा– तित्तरसणामे** *जाव* **महुररसणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રસનામકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના પાંચ પ્રકાર છે, જેમ કે– તિક્તરસ નામ ***યાવત્*** મધુરરસ નામ.

**૨૭ फासणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! अट्ठविहे पण्णत्ते । तं जहा– कक्खडफासणामे** *जाव* **लुक्खफासणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્પર્શનામકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના આઠ પ્રકાર છે, જેમ કે– કર્કશ સ્પર્શ નામ ***યાવત્*** રૂક્ષસ્પર્શ નામકર્મ.

**२८ अगुरुलहुयणामे एगागारे पण्णत्ते । उवघायणामे एगागारे पण्णत्ते । पराघाय-णामे एगागारे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** અગુરુલઘુનામનો એક પ્રકાર છે. ઉપઘાતનામનો એક પ્રકાર છે. પરાઘાતનામનો એક પ્રકાર છે.

**२९ आणुपुव्विणामे चउव्विहे पण्णत्ते, तं जहा– णेरइयाणुपुव्विणाम** *जाव* **देवाणु पुव्विणाम । उस्सासणामे एगागारे पण्णत्ते ।**

**सेसाणि सव्वाणि एगागाराइं पण्णत्ताइं** *जाव* **तित्थगरणामे, णवरं– विहाय- गतिणामे दुविहे पण्णत्ते, तं जहा– पसत्थविहाय-गतिणामे य अपसत्थविहाय- गतिणामे य ।**

**ભાવાર્થ :–** આનુપૂર્વીનામકર્મના ચાર પ્રકાર છે, જેમ કે– નૈરયિકાનુપૂર્વીનામ ***યાવત્*** દેવાનુપૂર્વીનામકર્મ. ઉચ્છ્‌વાસનામ કર્મનો એક પ્રકાર છે.

શેષ તીર્થંકરનામકર્મ સુધીની સર્વ પ્રકૃતિઓના એક-એક પ્રકાર છે. તેમાં વિશેષતા એ છે કે વિહાયોગતિનામના બે પ્રકાર છે, જેમ કે– પ્રશસ્તવિહાયોગતિનામ અને અપ્રશસ્તવિહાયોગતિનામ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં નામકર્મના ભેદ-પ્રભેદોનું કથન છે.

જે કર્મના ઉદયથી જીવ નરકાદિ ગતિને પ્રાપ્ત કરી, જાતિ, શરીર, સંઘયણ, સંસ્થાન આદિ વિવિધ પર્યાયોને પ્રાપ્ત કરે છે, તેને નામકર્મ કહે છે અથવા જે કર્મના ઉદયથી જીવ નારકી આદિ નામને ધારણ કરે, તે નામકર્મ છે. નામકર્મની ઉત્તરપ્રકૃતિ બેતાળીશ છે, તેમાં ચૌદ પિંડ પ્રકૃતિ, આઠ પ્રત્યેક પ્રકૃતિ, ત્રસદશક અને સ્થાવર દશકનો સમાવેશ થાય છે.

નામ કર્મની જે ઉત્તર પ્રકૃતિઓ સમૂહરૂપ હોય અને જેના પેટાભેદ થતા હોય, તે **પિંડ પ્રકૃતિ** કહેવાય છે. પિંડપ્રકૃતિના **૧૪** ભેદ છે અને તેના પેટાભેદ **૬૫** છે.

**(૧) ગતિનામકર્મ :–** જે કર્મના ઉદયથી જીવ નરકાદિમાં ગમન કરે છે, તે ગતિનામકર્મ છે. તેના ચાર ભેદ છે– **૧.** નરકગતિ– જે કર્મના ઉદયથી જીવ નરક ગતિમાં જાય છે, તે નરકગતિ નામકર્મ છે. **૨.** તિર્યંચગતિ– જે કર્મના ઉદયથી જીવ તિર્યંચ ગતિમાં જાય, તે તિર્યંચ ગતિ નામકર્મ છે. **૩.** મનુષ્યગતિ– જે કર્મના ઉદયથી જીવ મનુષ્ય ગતિમાં જાય, તે મનુષ્ય ગતિ નામકર્મ છે. **૪.** દેવગતિ– જે કર્મના ઉદયથી જીવ દેવગતિમાં જાય, તે દેવગતિ નામ છે.

**(૨) જાતિનામ કર્મ :–** જે કર્મના ઉદયથી જીવને એકેન્દ્રિયાદિ પર્યાય પ્રાપ્ત થાય, તે જાતિનામ કર્મ છે. તેના પાંચ ભેદ છે– **૧.** એકેન્દ્રિયજાતિનામ– જે કર્મના ઉદયથી જીવને એક સ્પર્શેન્દ્રિય જ પ્રાપ્ત થાય, તે એકેન્દ્રિય જાતિનામકર્મ છે. **૨.** બેઇન્દ્રિયજાતિનામ– જે કર્મના ઉદયથી જીવને સ્પર્શેન્દ્રિય અને જિહ્વેન્દ્રિય, આ બે ઈન્દ્રિય પ્રાપ્ત થાય, તે બેઇન્દ્રિય જાતિનામકર્મ છે. **૩.** તેઇન્દ્રિયજાતિનામ– જે કર્મના ઉદયથી જીવને સ્પર્શેન્દ્રિય,

જિહ્વેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય, આ ત્રણ ઈન્દ્રિય પ્રાપ્ત થાય, તે તેઈન્દ્રિયજાતિનામકર્મ છે. **૪.** ચૌરેન્દ્રિયજાતિનામ– જે કર્મના ઉદયથી જીવને સ્પર્શેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય, આ ચાર ઈન્દ્રિય પ્રાપ્ત થાય, તે ચૌરેન્દ્રિયજાતિનામકર્મ છે. **૫.** પંચેન્દ્રિયજાતિનામ– જે કર્મના ઉદયથી જીવને સ્પર્શેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોતેન્દ્રિય, આ પાંચે ઈન્દ્રિય પ્રાપ્ત થાય, તે પંચેન્દ્રિયજાતિ નામકર્મ છે.

**(૩) શરીરનામકર્મ :–** જે કર્મના ઉદયથી ઔદારિક, વૈક્રિય આદિ શરીરોની પ્રાપ્તિ થાય અર્થાત્ શરીરનું બંધારણ થાય, તે શરીરનામકર્મ છે. તેના પાંચ ભેદ છે–

(૧) ઔદારિક શરીરનામ– જે કર્મના ઉદયથી લોહી, માંસ આદિ યુક્ત ઔદારિક શરીર પ્રાપ્ત થાય, તે ઔદારિક શરીરનામ છે. (૨) વૈક્રિયશરીરનામ– જે કર્મના ઉદયથી વિવિધ ક્રિયાઓ કરવામાં સમર્થ, લોહી માંસ રહિત વૈક્રિયશરીર પ્રાપ્ત થાય, તે વૈક્રિયશરીરનામ છે. (૩) આહારકશરીરનામ– જે કર્મના ઉદયથી આહાર કલબ્ધિજન્ય સ્ફટિક સમાન નિર્મળ શરીર પ્રાપ્ત થાય, તે આહારકશરીરકનામ છે. (૪) તૈજસશરીરનામ– જે કર્મના ઉદયથી આહારને પાચન કરનાર, તેજોમય શરીર પ્રાપ્ત થાય, તે તૈજસશરીરનામ છે. (૫) કાર્મણશરીર– જે કર્મના ઉદયથી આઠ કર્મના જથ્થારૂપ શરીર પ્રાપ્ત થાય, તે કાર્મણશરીર નામ છે.

**(૪) શરીર-અંગોપાંગ-નામકર્મ :–** શરીરના મુખ્ય ભાગોને અંગ કહે છે અને અંગના અવયવરૂપ હિસ્સાને ઉપાંગ કહે છે– મસ્તક, હૃદય, પેટ, પીઠ, બે ભુજાઓ અને બે જાંઘો, શરીરના આ આઠ **અંગો** છે. હાથરૂપ અંગના અવયવરૂપ આંગળીઓ **ઉપાંગ** છે. જે કર્મના ઉદયથી અંગ અને ઉપાંગ રૂપે પુદ્ગલોનું પરિણમન થાય, અર્થાત્ જે કર્મ અંગોપાંગની રચનામાં કારણ હોય, તે અંગોપાંગનામકર્મ છે. તેના ત્રણ પ્રકાર છે– (૧) ઔદારિક શરીર અંગોપાંગનામ– જે કર્મના ઉદયથી પુદ્ગલોનું પરિણમન ઔદારિક શરીરના અંગોપાંગ રૂપે થાય, તે ઔદારિક અંગોપાંગનામ છે. તે જ રીતે (૨) વૈક્રિય અંગોપાંગનામ અને (૩) આહારક અંગોપાંગ નામકર્મ જાણવું. તૈજસ-કાર્મણ બે શરીરને અંગોપાંગ હોતા નથી.

તૈજસ અને કાર્મણ શરીર સૂક્ષ્મ છે. જેમ પાણી, પાત્ર પ્રમાણે આકાર ધારણ કરે છે તેમ તૈજસ-કાર્મણ શરીર પણ સ્થૂલ શરીરના આકારને જ ધારણ કરે છે, તેથી તેના સ્વતંત્ર કોઈ અંગોપાંગ હોતા નથી.

**(૫) શરીરબંધનનામ કર્મ :–** જે કર્મના ઉદયથી પૂર્વગૃહિત ઔદારિકાદિ શરીરના પુદ્ગલો અને વર્તમાનમાં ગ્રહણ કરાતા ઔદારિકાદિ શરીરના પુદ્ગલોને પરસ્પરમાં સંબંધ થાય તથા તૈજસ-કાર્મણ શરીર સાથે પણ સંબંધ બંધાય તે શરીર બંધનનામકર્મ છે. પાંચ શરીરની અપેક્ષાએ તેના પાંચ પ્રકાર છે.

કર્મ ગ્રંથકારોએ **બંધનના** પંદર પ્રકાર કહ્યા છે. તે આ પ્રમાણે છે– (૧) ઔદારિક-ઔદારિક બંધનનામ (૨) ઔદારિક-તૈજસ બંધનનામ (૩) ઔદારિક-કાર્મણ બંધનનામ (૪) વૈક્રિય-વૈક્રિયબંધન નામ (૫) વૈક્રિય-તૈજસ બંધન નામ (૬) વૈક્રિય-કાર્મણ બંધન નામ (૭) આહારક-આહારક બંધન નામ (૮) આહારક-તૈજસ બંધન નામ (૯) આહારક-કાર્મણ બંધન નામ (૧૦) ઔદારિક-તૈજસ-કાર્મણ બંધન નામ (૧૧) વૈક્રિય- તૈજસ-કાર્મણ બંધન નામ (૧૨) આહારક-તૈજસ-કાર્મણ બંધન નામ (૧૩) તૈજસ-તૈજસ બંધનનામ (૧૪) તૈજસ- કાર્મણ બંધન નામ (૧૫) કાર્મણ-કાર્મણ બંધન નામ.

આ પંદર પ્રકાર પૂર્વબદ્ધ શરીરની અપેક્ષાએ છે. પૂર્વબદ્ધ શરીર સાથે વર્તમાનમાં ગ્રહણ થતાં જે

શરીરના પુદ્ગલો સંબંધિત થાય, તે બંધનનામ કહેવાય છે. જેમ કે– પૂર્વબદ્ધ ઔદારિક શરીર સાથે વર્તમાનમાં ગ્રહણ થતા ઔદારિક વર્ગણાના પુદ્ગલો સંબંધિત થાય, તે ઔદારિક-ઔદારિક બંધન છે. તે જ રીતે પૂર્વબદ્ધ તૈજસ કે કાર્મણ શરીર સાથે વર્તમાનમાં ગ્રહણ થતાં ઔદારિક વર્ગણાના પુદ્ગલો સંબંધિત થાય, તે ક્રમશઃ ઔદારિક-તૈજસ બંધનનામ અને ઔદારિક-કાર્મણ બંધનનામ છે. આ જ રીતે પંદર પ્રકારોનું સ્વરૂપ છે.

મનુષ્ય અથવા તિર્યંચ વૈક્રિયલબ્ધિ પ્રયોગથી વૈક્રિય શરીર બનાવવા માટે વૈક્રિય વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે. તે પુદ્ગલો પૂર્વબદ્ધ તૈજસ-કાર્મણ શરીર સાથે સંબંધિત થવાથી ક્રમશઃ વૈક્રિય-તૈજસ બંધનનામ અને વૈક્રિય-કાર્મણ બંધનનામ થાય છે પરંતુ ઔદારિક શરીરી જીવ જ્યારે વૈક્રિયશરીર બનાવતો હોય ત્યારે ઔદારિક-વૈક્રિયબંધન થતું નથી, કારણ કે જે સમયે એક શરીરનો(ભગવતી સૂત્ર શતક–૮/૯ પ્રમાણે) સર્વબંધ કે દેશબંધ થતો હોય તે સમયે અન્ય શરીરનો બંધ થતો નથી. આ નિયમ અનુસાર વૈક્રિયશરીરના બંધ સાથે ઔદારિક શરીરનો બંધ થતો નથી વૈક્રિય વર્ગણાના પુદ્ગલો પૂર્વબદ્ધ તૈજસ-કાર્મણ શરીર સાથે સંબંધિત થાય છે, તેથી વૈક્રિય તૈજસ બંધન અને વૈક્રિય કાર્મણ બંધન થાય છે પરંતુ ઔદારિક-વૈક્રિય બંધન થતું નથી. તે જ રીતે મનુષ્ય જ્યારે આહારક શરીર બનાવે ત્યારે ઔદારિક-આહારક બંધન પણ થતું નથી.

સંક્ષેપમાં **કર્મ ગ્રંથાનુસાર બંધનનામ કર્મના ૧૫ પ્રકાર છે અને તેમાં એક સ્થૂલ શરીરનું બીજા સ્થૂલ શરીર સાથે બંધન થતું નથી, તે પ્રમાણે ૧૫ નામ ઉપર કહ્યા છે. આગમમાં પાંચ શરીરોના બંધન પાંચ જ કહ્યા છે.** પંદર બંધનનો ક્યાં ય ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી; તેથી નામ કર્મની ઉત્તર પ્રકૃતિ ૯૩ અને આઠ કર્મની કુલ ૧૪૮ પ્રકૃતિ થાય છે. બંધનના ૧૫ પ્રકાર ગણતાં કર્મગ્રંથાનુસાર નામ કર્મની ૧૦૩ પ્રકૃતિ અને આઠ કર્મની કુલ ૧૫૮ પ્રકૃતિ પણ થાય છે, તેમ છતાં કર્મગ્રંથમાં પણ **આઠ** કર્મની ૧૪૮ પ્રકૃતિનું કથન વિશેષ પ્રચલિત છે.

**(૬) સંઘાતનામ :– पिण्डीक्रियन्ते येन स संघातः ।** જે કર્મના ઉદયથી ઔદારિક આદિ પુદ્ગલો પિંડ રૂપે એકઠા થાય, તે સંઘાતનામ છે. પાંચ શરીરની અપેક્ષાએ તેના પણ પાંચ પ્રકાર છે– (૧) ઔદારિક સંઘાતનામ (૨) વૈક્રિય સંઘાતનામ (૩) આહારક સંઘાતનામ (૪) તૈજસ સંઘાતનામ (૫) કાર્મણ સંઘાતનામ.

સંઘાતનામ કર્મ અને બંધન નામકર્મનું કાર્ય ક્રમશઃ સાથે જ થાય છે. શરીર યોગ્ય પુદ્ગલોને ભેગા કરવાનું કાર્ય સંઘાતનામ કર્મ દ્વારા થાય છે અને ત્યાર પછી ભેગા થયેલા તે પુદ્ગલોને પૂર્વબદ્ધ શરીરના પુદ્ગલો સાથે બંધન–સંબંધિત કરવાનું કાર્ય બંધનનામ કર્મ દ્વારા થાય છે.

કર્મગ્રંથમાં સંઘાતનામ કર્મને ઘાસને ભેગું કરવાની દંતાળી સમાન તથા બંધનનામકર્મને બે પદાર્થોનું જોડાણ કરાવનાર, બે પદાર્થોને ચોંટાડનાર લાખ સમાન કહ્યું છે. જેમ કે– છૂટા-છૂટા એક સમાન પાનાને વ્યવસ્થિત રૂપે ભેગા કરવા તેને ગોઠવવા સમાન સંઘાતનામકર્મ છે અને વ્યવસ્થિત રૂપે ગોઠવેલા પાનાને ગુંદ આદિથી ચોંટાડવા સમાન બંધનનામ કર્મ છે.

**(૭) સંહનનનામ :–** હાડકાંની રચના વિશેષ અથવા હાડકાની મજબૂતાઈ વિશેષને સંહનન–સંઘયણ કહે છે. જે કર્મના ઉદયથી શરીરમાં હાડકાંની રચના આદિ થાય, તે સંહનનનામ છે. તેના છ પ્રકાર છે–

**છ સંઘયણની આકૃતિ :–**




**૧.** વજ્રઋષભ નારાચ– વજ્રનો અર્થ કીલિકા–ખીલી, ઋષભનો અર્થ પરિવેષ્ટન પટ (વીંટવાનો પાટો) અને નારાચનો અર્થ બંને બાજુ મર્કટ બંધ છે. બે હાડકાંઓ બંને બાજુથી મર્કટબંધથી જોડાયેલા હોય, ઉપર ત્રીજું હાડકું પટ્ટારૂપે વીંટળાયેલું હોય અને તેની ઉપરથી ત્રણેય હાકડાંઓને વીંધતી એક ખીલી હોય તો, આ પ્રકારની હાડકાંની મજબૂત રચનાને વજ્રઋષભનારાચ સંહનન કહે છે. **૨.** ઋષભનારાચ– જેમાં બંને બાજુ મર્કટબંધ હોય, પાટો હોય પરંતુ ખીલી ન હોય, તેવી હાડકાંની રચનાને ઋષભનારાચ સંઘયણ કહે છે. **૩.** નારાચ– જેમાં બંને બાજુ મર્કટબંધથી જ હાડકાંઓ જોડાયેલા હોય, તે નારાચ સંહનન છે. **૪.** અર્ધનારાચ–જેમાં એક બાજુ મર્કટ બંધ હોય અને બીજી બાજુ ખીલી હોય, તે અર્ધનારાચ સંઘયણ છે. **૫.** કીલિકા– જેમાં હાડકાંઓ માત્ર ખીલીથી જોડાયેલા હોય તે કીલિકા સંહનન છે. **૬.** સેવાર્ત– **यत्रास्थीनि परस्पर छेदेन वर्तन्ते न कीलिकामात्रेणापि बन्धस्तत् षष्ठं छेदवर्ति ।** જેમાં હાડકાંઓ માત્ર એક બીજામાં જોડેલાં હોય. (ખીલી આદિનું પણ બંધન ન હોય) તે સેવાર્ત અથવા છેવટ્ટું સંહનન છે.

**(૮) સંસ્થાનનામ :–** સંસ્થાન–આકાર વિશેષ. જે કર્મના ઉદયથી ઔદારિકાદિ ત્રણ શરીરનો ચોક્કસ આકાર નિશ્ચિત થાય, તે સંસ્થાનનામ છે. તેના છ પ્રકાર છે.

**છ સંસ્થાન :–**



**૧. સમચતુરસ્ર સંસ્થાન–** પલાંઠી વાળીને બેસતા બંને જંઘાઓ, જમણી જંઘા અને ડાબો ખભો, જમણો ખભો અને ડાબી જંઘાનું અંતર સમાન હોય, આસનથી(બેઠક) કપાળ સુધીનું અંતર સમાન હોય તેવી શરીર આકૃતિને સમચતુરસ્ર સંસ્થાન કહે છે તેમજ જે શરીર સર્વાંગે પ્રમાણોપેત હોય, તે સમચતુરસ્ર સંસ્થાન છે. **૨. ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન–** ન્યગ્રોધનો અર્થ વટવૃક્ષ છે, વટવૃક્ષની જેમ– જે શરીરમાં નાભિથી ઉપરનો ભાગ સુંદર અને નીચેનો ભાગ હીન હોય, તે ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન છે. **૩. સાદિ–** અહીં સાદિનો અર્થ નાભિથી નીચેનો ભાગ છે. જે શરીરમાં નાભિથી નીચેનો ભાગ સુંદર હોય અને ઉપરનો ભાગ હીન હોય, તે સાદિ સંસ્થાન છે. **૪. કુબ્જ–** જે શરીરમાં હાથ, પગ, મસ્તક આદિ અવયવો પ્રમાણોપેત હોય પરંતુ છાતી, પીઠ, પેટ, પ્રમાણોપેત ન હોય, તે કુબ્જ સંસ્થાન છે. **૫. વામન–** જે શરીરમાં છાતી, પેટ, પીઠ આદિ અવયવ સપ્રમાણ હોય પરંતુ હાથ પગ આદિ અવયવો સપ્રમાણ ન હોય, તે વામન સંસ્થાન છે. **૬. હુંડ–** જે શરીરના બધા અવયવો હીનાધિક, અશુભ અને વિકૃત હોય તે હુંડ સંસ્થાન છે.

**(૯) વર્ણનામકર્મ :–** જે કર્મના ઉદયથી શરીરને કાળો, ગોરો કે અન્ય રંગ મળે છે અર્થાત્ જે કર્મ શરીરમાં વર્ણજનક હોય તે વર્ણનામ છે. વર્ણના પાંચ પ્રકાર હોવાથી વર્ણનામકર્મના પણ પાંચ ભેદ છે– (૧) કાળોવર્ણનામ, (૨) નીલવર્ણનામ (૩) લાલવર્ણ નામ (૪) પીળોવર્ણનામ (૫) સફેદવર્ણનામ. આ પાંચ વર્ણના સંયોગથી અન્ય વર્ણ બને છે. **પાંચ વર્ણમાં સફેદ,લાલ અને પીળો વર્ણ શુભ છે, નીલો અને કાળો અશુભ છે.**

**(૧૦) ગંધનામકર્મ :–** જે કર્મના ઉદયથી શરીરમાં સારી કે નરસી ગંધ આવે તે ગંધનામકર્મ છે. ગંધના બે ભેદ છે– (૧) જે કર્મના ઉદયથી શરીરમાં મનોજ્ઞ સુંગધ આવે તે સુરભિગંધનામ છે. (૨) જે કર્મના ઉદયથી શરીરમાં અમનોજ્ઞ અશુભ ગંધ આવે તે દુરભિગંધનામ છે.

**(૧૧) રસનામકર્મ :–** જે કર્મના ઉદયથી શરીરમાં તિક્ત, મધુર આદિ શુભ-અશુભ રસોની ઉત્પત્તિ થાય તે રસ નામકર્મ છે. તેના પાંચ પ્રકાર છે– (૧) તીખો રસનામ (૨) કડવો રસનામ (૩) કષાયેલો રસનામ (૪) ખાટો રસનામ (૫) મીઠો રસનામ. તેમાં **કષાયેલો, ખાટો, મીઠો આ ત્રણ શુભરસ છે. તીખો અને કડવો અશુભ રસ છે.**

**(૧૨) સ્પર્શનામકર્મ :–** જે કર્મના ઉદયથી શરીરનો સ્પર્શ, કર્કશ, મૃદુ, સ્નિગ્ધ, રૂક્ષ આદિ હોય તે સ્પર્શનામકર્મ છે. તેના આઠ પ્રકાર છે– (૧) કર્કશ સ્પર્શનામ (૨) મૃદુસ્પર્શનામ (૩) ભારે સ્પર્શનામ (૪) હળવો સ્પર્શ નામ (૫) ચીકણો સ્પર્શનામ (૬) લૂખો સ્પર્શ (૭) શીત સ્પર્શનામ (૮) ઉષ્ણ સ્પર્શનામ. આ આઠ સ્પર્શમાંથી **મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ, આ ચાર સ્પર્શ શુભ છે. શેષ ચાર અશુભ છે.**

**(૧૩) આનુપૂર્વીનામકર્મ :–** જે કર્મનો ઉદય વાટે વહેતા–વિગ્રહગતિવાળા જીવોને ઉત્પત્તિ સ્થાન સુધી પહોંચાડે, તે આનુપૂર્વીનામ છે. આનુપૂર્વીનામકર્મ બળદની નાથ સમાન છે. જેમ ગમે ત્યાં ભટકતા બળદને નાથ દ્વારા ખેંચીને યથાસ્થાને લાવી શકાય છે. તે રીતે વિગ્રહગતિવાળા જીવોને પોતાના આયુષ્યબંધ અનુસાર યથાસ્થાને પહોંચાડવાનું કામ આનુપૂર્વીનામ કર્મ દ્વારા થાય છે. આ કર્મનો ઉદય વિગ્રહગતિમાં જ થાય છે. આયુષ્યના ચાર પ્રકાર હોવાથી આનુપૂર્વીનામ કર્મના પણ ચાર પ્રકાર છે–

૧. નરકાનુપૂર્વીનામ– જે કર્મનો ઉદય જીવોને નરકગતિમાં જ પહોંચાડે છે, તે નરકાપૂર્વીનામ છે. તે જ રીતે ૨. તિર્યંચાનુપૂર્વીનામ ૩. મનુષ્યાનુપૂર્વીનામ અને દેવાનુપૂર્વીનામ કર્મ જાણવું.

**(૧૪) વિહાયોગતિનામકર્મ :–** વિહાયસ-આકાશમાં ગમન કરવું તે વિહાયોગતિ કહેવાય છે. તેના બે ભેદ છે– ૧. શુભવિહાયોગતિ– વર્તમાન ભવ દરમ્યાન જે કર્મના ઉદયથી હાથી જેવી શુભ ચાલ હોય તે શુભવિહાયોગતિ નામ છે. ૨. અશુભવિહાયોગતિ– જે કર્મના ઉદયથી ઊંટ, ગધેડા આદિ જેવી અશુભ ચાલ હોય, તે અશુભ વિહાયોગતિ છે.

આ રીતે સર્વનો યોગ કરતાં ગતિ–૪ + જાતિ–૫ + શરીર–૫ + અંગોપાંગ–૩ + બંધન–૫ + સંઘાત–૫ + સંઘયણ–૬ + સંસ્થાન–૬ + વર્ણ–૫ + ગંધ–૨ + રસ–૫ + સ્પર્શ–૮ + આનુપૂર્વી–૪ + વિહાયોગતિ–૨ = ૬૫. આ રીતે **૧૪** પિંડ પ્રકૃતિના ઉત્તર ભેદ(પ્રભેદ) **૬૫** થાય છે.

**પ્રત્યેક પ્રકૃતિ :–** નામ કર્મની જે પ્રકૃતિ સમૂહ રૂપ ન હોય પરંતુ એક જ હોય અને જેના પેટાભેદ ન હોય તે પ્રત્યેક પ્રકૃતિ છે. તેના આઠ પ્રકાર આ પ્રમાણે છે–

**(૧)** અગુરુલઘુનામકર્મ– જે કર્મના ઉદયથી જીવોનું શરીર પાષાણ જેવું ભારે કે રૂ જેવું હળવું ન હોય તે અગુરુલઘુનામકર્મ છે. **(૨)** ઉપઘાતનામકર્મ– જે કર્મના ઉદયથી પોતાનું શરીર પોતાનાં જ અવયવોથી ઉપઘાત-બાધા પામે, તે ઉપઘાતનામકર્મ છે, જેમ કે– ચોરદાંત, પડજીભ આદિ સ્વયં પોતાના જ શરીરને પીડા કરે છે. **(૩)** પરાઘાતનામકર્મ– જે કર્મના ઉદયથી સામેની પ્રતિભાશાળી, ઓજસ્વી, તેજસ્વી વ્યક્તિ પણ પરાજિત કે હતપ્રભ થઈ જાય, દબાઈ જાય, તે પરાઘાતનામકર્મ છે. **(૪)** ઉચ્છ્‌વાસનામકર્મ– જે કર્મના ઉદયથી જીવને શ્વાસોચ્છ્‌વાસ લેવાની શક્તિ પ્રાપ્ત થાય તે ઉચ્છ્‌વાસનામકર્મ છે. **(૫)** આતપનામકર્મ– જે કર્મના ઉદયથી જીવનું શરીર ઉષ્ણ ન હોય, પરંતુ બીજાને ઉષ્ણતા પ્રદાન કરે તે આતાપનામકર્મ છે, જેમ કે– સૂર્યવિમાનવર્તી પૃથ્વીકાયિક જીવોના શરીર. **(૬)** ઉદ્યોતનામકર્મ– જે કર્મના ઉદયથી જીવનું શરીર ઉષ્ણતાથી રહિત, પ્રકાશથી યુક્ત હોય છે, તે ઉદ્યોતનામકર્મ છે, જેમ કે– ચંદ્ર વિમાનવર્તી રત્નો, અન્ય મણીરત્નો તથા આગીયા આદિ જીવોના શરીર. **(૭)** નિર્માણનામકર્મ– જે કર્મના ઉદયથી પ્રાણીઓના શરીરમાં પોતપોતાની જાતિ અનુસાર અંગોપાંગનું યથાસ્થાને નિર્માણ થાય, તે નિર્માણનામકર્મ છે. **(૮)** તીર્થંકરનામકર્મ– જે કર્મના ઉદયથી જીવને ૩૪ અતિશય, ૩૫ વાણીના ગુણ પ્રગટ થાય, ત્રૈલોક્યપૂજનીય અવસ્થા પ્રાપ્ત થાય, તે તીર્થંકર નામકર્મ છે.

**ત્રસ દશક પ્રકૃતિઓ :–** પ્રાયઃ ત્રસજીવોને યોગ્ય દશ પ્રકૃતિના સમૂહને ત્રસદશક કહે છે. તે આ પ્રમાણે છે–

**(૧)** ત્રસનામકર્મ– જે જીવ સ્વયં હલન ચલન કરી શકે, ગમનાગમન કરી શકે, તેવા બેઇન્દ્રિયાદિ જીવો ત્રસ કહેવાય છે. જે કર્મના ઉદયથી ત્રસપર્યાયની પ્રાપ્તિ થાય તે ત્રસનામકર્મ છે. **(૨)** બાદરનામકર્મ– જે જીવનું શરીર ચક્ષુ ગ્રાહ્ય બને તેવું સ્થૂલ હોય, શસ્ત્રો દ્વારા જેનો ઘાત થાય, તેને બાદર કહે છે. જે કર્મના ઉદયથી જીવનું શરીર બાદર પર્યાયને પ્રાપ્ત કરે છે, તે બાદરનામકર્મ છે. **(૩)** પર્યાપ્તનામકર્મ– જે કર્મના ઉદયથી જીવ સ્વ યોગ્ય આહારાદિ પર્યાપ્તિઓને પૂર્ણ કરે, તે પર્યાપ્તનામકર્મ છે. **(૪)** પ્રત્યેકનામકર્મ– જે કર્મના ઉદયથી પ્રત્યેક જીવનું શરીર પૃથક્-પૃથક્ હોય, તે પ્રત્યેકનામકર્મ છે. **(૫)** સ્થિરનામકર્મ– જે કર્મના ઉદયથી અસ્થિ, દાંત આદિ શરીરનાં અવયવ સ્થિર હોય, તે સ્થિરનામકર્મ છે. **(૬)** શુભનામકર્મ– જે કર્મના

ઉદયથી શરીરના અવયવો શુભ હોય છે, તે શુભનામકર્મ છે. **(૭)** સુભગનામકર્મ– જે કર્મના ઉદયથી વ્યક્તિ બધાને પ્રિય લાગે, તે સુભગનામકર્મ છે. **(૮)** સુસ્વરનામકર્મ– જે કર્મના ઉદયથી જીવનો સ્વર મધુર અને સુરીલો હોય, શ્રોતાઓને પ્રમોદકારી અને કર્ણપ્રિય હોય તે સુસ્વરનામકર્મ છે. **(૯)** આદેયનામકર્મ– જે કર્મના ઉદયથી જીવના વચનો આદરણીય, સ્વીકાર્ય બને, તે આદેયનામ કર્મ છે. **(૧૦)** યશઃકીર્તિનામકર્મ– જે કર્મના ઉદયથી લોકમાં યશ અને કીર્તિ ફેલાય. શૌર્ય, પરાક્રમ, ત્યાગ, તપ આદિ દ્વારા ઉપાર્જિત ખ્યાતિના કારણે પ્રશંસા થવી, તે યશોકીર્તિ નામકર્મ છે. બીજી રીતે દશે દિશાઓમાં પ્રશંસા ફેલાય તેને કીર્તિ કહે છે તથા એક દિશામાં ફેલાય તેને યશ કહે છે.

**સ્થાવર દશક પ્રકૃતિ :–** પ્રાયઃ સ્થાવર જીવોને યોગ્ય દશ પ્રકૃતિઓના સમૂહને સ્થાવર દશક કહે છે. ત્રસ દશકથી વિપરીત સ્થાવર દશક છે. તે આ પ્રમાણે છે–

**(૧)** સ્થાવરનામકર્મ– જે જીવ સ્વયં હલન ચલન કરી શકે નહીં તેવા પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય જીવોને સ્થાવર કહે છે. જે કર્મના ઉદયથી સ્થાવર પર્યાયની પ્રાપ્તિ થાય, તે સ્થાવર નામકર્મ છે. **(૨)** સૂક્ષ્મનામકર્મ– જે જીવોનું શરીર સમુદાયરૂપે હોવા છતાં પણ છદ્મસ્થને ચક્ષુ ગ્રાહ્ય ન બને, તેવું સૂક્ષ્મ હોય, કોઈ પણ શસ્ત્રોથી જેનો ઘાત ન થાય, તેને સૂક્ષ્મ કહે છે. જે કર્મના ઉદયથી જીવનું શરીર સૂક્ષ્મ પર્યાયને પ્રાપ્ત કરે, તે સૂક્ષ્મનામકર્મ છે. **(૩)** અપર્યાપ્તનામકર્મ– જે કર્મના ઉદયથી જીવ સ્વ યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરી ન શકે અપૂર્ણાવસ્થામાં જ મૃત્યુ પામે, તે અપર્યાપ્તાનામકર્મ છે. **(૪)** સાધારણશરીરનામકર્મ– જે કર્મના ઉદયથી અનંત જીવોનું એક જ ઔદારિક શરીર હોય અને તૈજસ કાર્મણશરીર ભિન્ન હોય, તે સાધારણનામકર્મ છે. **(૫)** અસ્થિરનામકર્મ– જે કર્મના ઉદયે શરીરના જીભ આદિ અવયવ અસ્થિર હોય, તે અસ્થિરનામકર્મ છે. **(૬)** અશુભનામકર્મ– જે કર્મના ઉદયે શરીરાવયવ અશુભ હોય, તે અશુભનામકર્મ છે. **(૭)** દુર્ભગનામકર્મ– જે કર્મના ઉદયથી વ્યક્તિ બધાને અપ્રિય લાગે, તે દુર્ભગનામકર્મ છે. **(૮)** દુઃસ્વર– જે કર્મના ઉદયથી જીવનો સ્વર કર્કશ કે શ્રોતાઓને અપ્રીતિનું કારણ બને, કર્ણપ્રિય ન હોય, તે દુઃસ્વર નામકર્મ છે. **(૯)** અનાદેયનામકર્મ– જે કર્મના ઉદયથી જીવના વચનો આદરણીય ન હોય, તે અનાદેયનામકર્મ છે. **(૧૦)** અયશઃકીર્તિનામકર્મ– જે કર્મના ઉદયથી સર્વત્ર અપકીર્તિ થાય, તે અયશોકીર્તિનામકર્મ છે.

આ ત્રસ દશક અને સ્થાવર દશકની પ્રકૃતિઓમાંથી ત્રસ દશકની કેટલીક પ્રકૃતિઓ સ્થાવર જીવોને અને સ્થાવર દશકની કેટલીક પ્રકૃતિઓ ત્રસ જીવોને પણ હોય શકે છે.

**નામકર્મની ઉત્તર પ્રકૃતિઓની સંખ્યા :–** નામકર્મની ઉત્તરપ્રકૃતિઓની ગણના ભિન્ન-ભિન્ન રીતે થાય છે. જેમ કે– **(૧) નામકર્મની ૪૨ પ્રકૃતિ** – ૧૪ પિંડ પ્રકૃતિ + ૮ પ્રત્યેક પ્રકૃતિ + ૧૦ ત્રસ દશક + ૧૦ સ્થાવર દશક = કુલ ૪૨(બેતાળીશ) પ્રકૃતિ થાય. **(૨) નામકર્મની ૯૩ પ્રકૃતિઓ** – ૧૪ પિંડ પ્રકૃતિઓની ૬૫ પ્રકૃતિ + ૮ પ્રત્યેક પ્રકૃતિ + ૧૦ ત્રસ દશક + ૧૦ સ્થાવર દશક = ૯૩ પ્રકૃતિ થાય છે. **(૩) નામકર્મની ૧૦૩ પ્રકૃતિઓ** – કર્મગ્રંથમાં સંઘાતનામકર્મના પાંચ ભેદના સ્થાને પંદર ભેદ કર્યા હોવાથી નામકર્મની ઉપરોક્ત ૯૩ + ૧૦ સંઘાત નામની પ્રકૃતિ ઉમેરતાં નામકર્મની ૧૦૩ પ્રકૃતિ થાય છે.

**નામ કર્મની ૯૩ પ્રકૃતિ :–** [**૧૪** પિંડ પ્રકૃતિના ૬૫ ભેદ + **૧૦** ત્રસ દશક + **૧૦** સ્થાવર દશક + **૮** પ્રત્યેક પ્રકૃતિ]

| **ક્રમ** | **પિંડ પ્રકૃતિ-૧૪** | **નામકર્મની ઉત્તર પ્રકૃતિ–૯૩** | |
|---|---|---|---|
| ૧ | ગતિ નામ | **૪** | (૧) નરક ગતિ (૨) તિર્યંચ ગતિ (૩) મનુષ્ય ગતિ (૪) દેવગતિનામ |
| ૨ | જાતિ નામ | **૫** | (૧) એકેન્દ્રિય જાતિ (૨) બેઇન્દ્રિય જાતિ (૩) તેઇન્દ્રિય જાતિ (૪) ચૌરેન્દ્રિય જાતિ (૫) પંચેન્દ્રિય જાતિનામ. |
| ૩ | શરીર નામ | **૫** | (૧) ઔદારિક શરીર નામ (૨) વૈક્રિય શરીર નામ (૩) આહારક શરીર નામ (૪) તૈજસ શરીર નામ (૫) કાર્મણ શરીર નામ. |
| ૪ | અંગોપાંગ નામ | **૩** | (૧) ઔદારિક શરીર અંગોપાંગ નામ (૨) વૈક્રિય શરીર અંગોપાંગ નામ (૩) આહારક શરીર અંગોપાંગ નામ. |
| ૫ | બંધન નામ | **૫** | (૧) ઔદારિક શરીર બંધન નામ (૨) વૈક્રિય શરીર બંધન નામ (૩) આહારક શરીર બંધન નામ (૪) તૈજસ શરીર બંધન નામ (૫) કાર્મણ શરીર બંધન નામ. |
| ૬ | સંઘાત નામ | **૫** | (૧) ઔદારિક સંઘાત નામ (૨) વૈક્રિય સંઘાત નામ (૩) આહારક સંઘાત નામ (૪)તૈજસ સંઘાત નામ (૫) કાર્મણ સંઘાત નામ |
| ૭ | સંઘયણ નામ | **૬** | (૧) વજ્રઋષભ નારાચ સંઘયણ નામ (૨) ઋષભનારાચ (૩) નારાચ (૪) અર્ધનારાચ (૫) કિલિકા (૬) છેવટ્ટુ સંઘયણ નામ. |
| ૮ | સંસ્થાન નામ | **૬** | (૧) સમચતુરસ્ર સંસ્થાન નામ (૨) ન્યગ્રોધ પરિમંડલ (૩) સાદિ (૪) વામન (૫) કુબ્જ (૬) હુંડ સંસ્થાન નામ. |
| ૯ | વર્ણ નામ | **૫** | (૧) કાળો વર્ણ (૨) નીલ (૩) લાલ (૪) પીળો (૫) શ્વેત વર્ણ નામ. |
| ૧૦ | ગંધ નામ | **૨** | (૧) સુરભિગંધ નામ (૨) દુરભિગંધ નામ. |
| ૧૧ | રસ નામ | **૫** | (૧) તિક્તરસ નામ (૨) કટુ (૩) કષાયેલો (૪) ખાટો (૫) મીઠો રસ નામ. |
| ૧૨ | સ્પર્શ નામ | **૮** | (૧) શીત સ્પર્શ નામ (૨) ઉષ્ણ (૩) સ્નિગ્ધ (૪) રૂક્ષ (૫) ગુરુ (૬) લઘુ (૭) કર્કશ (૮) સુંવાળો સ્પર્શનામ. |
| ૧૩ | આનુપૂર્વી | **૪** | (૧) નરકાનુપૂર્વી (૨) તિર્યંચાનુપૂર્વી (૩) મનુષ્યાનુપૂર્વી (૪) દેવાનુપૂર્વીનામ. |
| ૧૪ | વિહાયગતિ નામ | **૨** | (૧) શુભ વિહાયગતિ (૨) અશુભ વિહાયગતિનામ. |
| | **ત્રસ દશક** | **૧૦** | (૧) ત્રસ નામ (૨) બાદર નામ (૩) પ્રત્યેક નામ (૪) પર્યાપ્ત નામ (૫) સ્થિર નામ (૬) શુભ નામ (૭) સૌભાગ્ય નામ (૮) સુસ્વર નામ (૯) આદેય નામ (૧૦) યશોકીર્તિ નામ. |
| | **સ્થાવર દશક** | **૧૦** | (૧) સ્થાવર નામ (૨) સૂક્ષ્મ નામ (૩) સાધારણ નામ (૪) અપર્યાપ્તા નામ (૫) અસ્થિર નામ (૬) અશુભ નામ (૭) દુર્ભાગ્ય નામ (૮) દુઃસ્વર નામ (૯) અનાદેય નામ (૧૦) અયશોકીર્તિ નામ. |
| | **પ્રત્યેક પ્રકૃતિ** | **૮** | (૧) અગુરુલઘુ નામ (૨) ઉપઘાત નામ (૩) પરાઘાત નામ (૪) ઉચ્છ્વાસ નામ (૫) આતપ નામ (૬) ઉદ્યોત નામ (૭) નિર્માણ નામ (૮) તીર્થંકર નામ. |
| | **કુલ** | **૯૩** પ્રકૃતિ. | |

**ગોત્રકર્મ :-**

**३० गोए णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा- उच्चागोए य णीयागोए य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગોત્રકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે, જેમ કે– ઊંચગોત્ર અને નીચગોત્ર.

**३१ उच्चागोए णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! अट्ठविहे पण्णत्ते, तं जहा- जाइविसिट्ठया** *जाव* **इस्सरियविसिट्ठया । एवं णीयागोए वि, णवरं- जाइविहीणया** *जाव* **इस्सरियविहीणया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઊંચગોત્ર કર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના આઠ પ્રકાર છે, યથા– જાતિવિશિષ્ટતા ***યાવત્*** ઐશ્વર્યવિશિષ્ટતા. આ જ પ્રમાણે નીચગોત્ર પણ આઠ પ્રકારનું છે. તેમાં વિશેષતા એ છે કે તે ઊંચગોત્રથી વિપરીત છે જેમ કે– જાતિવિહીનતા ***યાવત્*** ઐશ્વર્યવિહીનતા.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં ગોત્ર કર્મના બે ભેદ ઊંચગોત્ર અને નીચગોત્ર તથા બંનેના આઠ-આઠ પેટાભેદનું નિરૂપણ છે.

જે કર્મના ઉદયથી જીવ ઊંચ કે નીચકુળમાં જન્મ ધારણ કરે છે, તેને ગોત્રકર્મ કહે છે. તેના બે ભેદ છે. જે કર્મના ઉદયે લોકમાં સંમાનિત, પ્રતિષ્ઠિત જાતિ-કુળાદિની પ્રાપ્તિ થાય છે તથા ઉત્તમ બળ, તપ, રૂપ, શ્રુત, લાભ અને ઐશ્વર્ય, આદિની પ્રાપ્તિ થાય છે, તે ઊંચ ગોત્ર છે.

જે કર્મના ઉદયથી લોકમાં નિંદિતકુળ, જાતિ આદિ આઠ બોલની હીનતા પ્રાપ્ત થાય છે, તેને નીચગોત્ર કહે છે. ઊંચ અને નીચ ગોત્રકર્મની આઠ-આઠ પ્રકૃતિઓનું સ્પષ્ટીકરણ પ્રથમ ઉદ્દેશક પ્રમાણે જાણવું.

**અંતરાયકર્મ :-**

**३२ अंतराइए णं भंते ! कम्मे कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा- दाणंतराइए** *जाव* **वीरियंतराइए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અંતરાયકર્મના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના પાંચ પ્રકાર છે, જેમ કે– દાનાંતરાય ***યાવત્*** વીર્યાંતરાયકર્મ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં અંતરાયકર્મની ઉત્તર પ્રકૃતિઓનું કથન છે.

જે કર્મના ઉદયથી જીવને દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય(પરાક્રમ)માં અંતરાય-વિઘ્ન ઉત્પન્ન થાય, તેને અંતરાયકર્મ કહે છે. તેના પાંચ ભેદ છે. પાંચે પ્રકૃતિઓનું સ્વરૂપ ઉદ્દેશક–૧ પ્રમાણે જાણવું.

## આઠ કર્મની ઉત્તર પ્રકૃતિ અને કર્મ વિપાકના પ્રકાર :–

| કર્મ | ઉત્તર પ્રકૃતિ | કર્મ વિપાકના પ્રકાર |
|---|---|---|
| ૧. જ્ઞાનાવરણીય | [૫] (૧)મતિ જ્ઞાનાવરણીય(૨)શ્રુત જ્ઞાનાવરણીય (૩) અવધિ જ્ઞાનાવરણીય (૪) મનઃપર્યવ જ્ઞાનાવરણીય (૫) કેવળ જ્ઞાનાવરણીય | [૧૦] (૧) શ્રોતાવરણ (૨) શ્રોત વિજ્ઞાનાવરણ (૩) નેત્રાવરણ (૪) નેત્ર વિજ્ઞાનાવરણ (૫) ઘ્રાણાવરણ (૬) ઘ્રાણ વિજ્ઞાનાવરણ (૭) રસેન્દ્રિયાવરણ (૮) રસેન્દ્રિય વિજ્ઞાનાવરણ (૯) સ્પર્શેન્દ્રિયાવરણ (૧૦) સ્પર્શેન્દ્રિય વિજ્ઞાનાવરણ. |
| ૨. દર્શનાવરણીય | [૯] (૧) ચક્ષુદર્શનાવરણીય (૨) અચક્ષુદર્શના–વરણીય (૨) અવધિ દર્શનાવરણીય(૩) કેવળ દર્શનાવરણીય (૪) નિદ્રા (૫) નિદ્રા નિદ્રા (૬) પ્રચલા (૯) પ્રચલા પ્રચલા (૮) થીણદ્ધિ નિદ્રા. | [૯] ઉત્તર પ્રકૃતિ પ્રમાણે |
| ૩. વેદનીય | [૨] શાતાવેદનીય–અશાતાવેદનીય<br>શાતાવેદનીયના **૮** ભેદ (૧) મનોજ્ઞ શબ્દ (૨) મનોજ્ઞ રૂપ (૩) મનોજ્ઞ ગંધ (૪) મનોજ્ઞ રસ (૫) મનોજ્ઞ સ્પર્શ (૬) મનનું સુખ (૭) વચનનું સુખ (૮) કાયાનું સુખ.<br>અશાતાવેદનીયના **૮** ભેદ અમનોજ્ઞ શબ્દાદિ | [૨] ઉત્તર પ્રકૃતિ પ્રમાણે |
| ૪. મોહનીય | [૨] (૧) દર્શન મોહનીય (૨) ચારિત્ર મોહનીય<br>(૧) દર્શન મોહનીયના **૩** ભેદ-સમ્યક્ત્વ મોહ૦ મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય<br>(૨) ચારિત્ર મોહનીયના **૨૫** ભેદ,<br>કષાય મોહનીયના– **૧૬** ભેદ-અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની,સંજ્વલન આ ચાર પ્રકારના ક્રોધ, માન, માયા, લોભ ૪ × ૪ = ૧૬ કષાય.<br>નોકષાય મોહનીયના **૯** ભેદ-હાસ્ય,રતિ,અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસક વેદ. | [૫] દર્શનમોહનીયના ૩ ભેદ, ચારિત્રમોહનીયના **૨** ભેદ. આ રીતે ૩ + ૨ = ૫ ભેદ.<br>ચારિત્રમોહનીયના ૨ ભેદના ૨૫ પેટા ભેદ છે |
| ૫. આયુષ્ય | [૪] નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ, દેવાયુ. | [૪] ઉત્તર પ્રકૃતિ પ્રમાણે |
| ૬. નામ કર્મ | [૪૨] ૧૪ પિંડ પ્રકૃતિ + ૮ પ્રત્યેક પ્રકૃતિ + ૧૦ ત્રસ દશક + ૧૦ સ્થાવર દશક અથવા<br>[૯૩] ૧૪ પિંડ પ્રકૃતિના ૬૫ ભેદ + ૮ પ્રત્યેક પ્રકૃતિ+ ૧૦ ત્રસ દશક + ૧૦ સ્થાવર દશક | [૨] (૧) શુભનામ (૨) અશુભનામ. શુભનામના ૧૪ ભેદ (૧–૫) ઈષ્ટ શબ્દ, રૂપ, ગંધ, રસ, ઈષ્ટ સ્પર્શ (૬) ઈષ્ટ ગતિ (૭) ઈષ્ટ સ્થિતિ (૮) ઈષ્ટ લાવણ્ય (૯) ઈષ્ટ યશોકીર્તિ (૧૦) ઈષ્ટ ઉત્થાનાદિ (૧૧) ઈષ્ટ સ્વર (૧૨) કાંત સ્વર (૧૩) પ્રિય સ્વર (૧૪) મનોજ્ઞ સ્વર.<br>અશુભ નામના **૧૪** ભેદ અનિષ્ટ શબ્દાદિ. |

| | | | |
|---|---|---|---|
| ૭. ગોત્ર | ૨ (૧) ઊંચ ગોત્ર (૨) નીચ ગોત્ર (૧) ઊંચ ગોત્રના ૮ ભેદ. ઊંચ-શ્રેષ્ઠ જાતિ, કુળ, બળ, રૂપ, તપ, શ્રુત, લાભ અને ઐશ્વર્ય (૨) નીચ ગોત્રના ૮ ભેદ નીચ જાતિ આદિ. | ૨ | ઉત્તર પ્રકૃતિ પ્રમાણે |
| ૮. અંતરાય | ૫ (૧) દાનાંતરાય (૨) લાભાંતરાય (૩) ભોગાંતરાય (૪) ઉપભોગાંતરાય (૫) વીર્યાંતરાય. | ૫ | ઉત્તર પ્રકૃતિ પ્રમાણે |

**કર્મપ્રકૃતિઓની સ્થિતિ :–**

**૩૩ णाणावरणिज्जस्स णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं तीसं सागरोवमकोडाकोडीओ; तिण्णि य वाससहस्साइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રીશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૩૪ णिद्दापंचयस्स णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स तिण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइ-भागेणं ऊणिया, उक्कोसेणं तीसं सागरोवमकोडाकोडीओ; तिण्णि य वाससहस्साइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નિદ્રાપંચક (દર્શનાવરણીય)કર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના $\frac{3}{7}$ ભાગની છે અને ઉત્કૃષ્ટ ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૩૫ दंसणचउक्कस्स णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तीसं सागरोवमकोडाकोडीओ; तिण्णि य वाससहस्साइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દર્શન ચતુષ્ક(દર્શનાવરણીય)કર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૩૬ सायावेयणिज्जस्स इरियावहियबंधगं पडुच्च अजहण्णमणुक्कोसेणं दो समया,**

संपराइयबंधगं पडुच्च जहण्णेणं बारस मुहुत्ता, उक्कोसेणं पण्णरस्स सागरोवमकोडा-कोडीओ; पण्णरस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।

**ભાવાર્થ :–** શાતાવેદનીયકર્મની સ્થિતિ ઈર્યાપથિક-બંધકની અપેક્ષાએ જઘન્ય અને ઉત્કૃષ્ટના ભેદ રહિત બે સમયની છે તથા સાંપરાયિક-બંધકની અપેક્ષાએ જઘન્ય બાર મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પંદર ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ પંદરસો વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૩૭** असायावेयणिज्जस्स जहण्णेणं सागरोवमस्स तिण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणया, उक्कोसेणं तीसं सागरोवमकोडाकोडीओ; तिण्णि य वाससहस्साइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।

**ભાવાર્થ :–** અશાતાવેદનીયકર્મની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના સાત ભાગોમાંથી ત્રણ ભાગની ($\frac{3}{7}$ સાગરોપમની) છે અને ઉત્કૃષ્ટ ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૩૮** सम्मत्तवेयणिज्जस्स णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं छावट्ठिं सागरोवमाइं साइरेगाइं ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સમ્યક્ત્વ-વેદનીય(મોહનીય)ની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક છાસઠ સાગરોપમની છે.

**૩૯** मिच्छत्तवेयणिज्जस्स जहण्णेणं सागरोवमं पलिओवमस्स असंखेज्जभागेणं ऊणगं, उक्कोसेणं सत्तरिं सागरोवम कोडाकोडीओ; सत्त य वाससहस्साइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।

सम्मामिच्छत्तवेयणिज्जस्स जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं।

**ભાવાર્થ :–** મિથ્યાત્વવેદનીય(મોહનીય)ની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ સાત હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે. સમ્યગ્મિથ્યાત્વ–મિશ્ર વેદનીય(મોહનીય)કર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**૪૦** कसायबारसगस्स जहण्णेणं सागरोवमस्स चत्तारि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणया, उक्कोसेणं चत्तालीसं सागरोवमकोडाकोडीओ; चत्तालीसं वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।

**ભાવાર્થ :–** કષાય-દ્વાદશક પ્રારંભના બાર કષાયોની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ

ન્યૂન સાગરોપમના સાત ભાગોમાંથી ચાર ભાગની($\frac{૪}{૭}$ સાગરોપમ) અને ઉત્કૃષ્ટ ચાલીશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ ચાર હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૪૧ कोहसंजलणाए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं दो मासा, उक्कोसेणं चत्तालीसं सागरोवम कोडाकोडीओ; चत्तालीसं वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંજ્વલન ક્રોધની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય બે માસ અને ઉત્કૃષ્ટ ચાલીશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ ચાર હજાર વર્ષનો છે. સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૪૨ माणसंजलणाए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा! जहण्णेणं मासं, उक्कोसेणं जहा कोहस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંજ્વલનમાનની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક માસ અને ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રોધની સમાન ૪૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે.

**૪૩ मायासंजलणाए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा! जहण्णेणं अद्धमासं, उक्कोसेणं जहा कोहस्स ।**

**ભાવાર્થ :–** સ્થિતિ હે ભગવન્ ! સંજ્વલન માયાની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અર્ધ માસ(પંદર દિવસ) અને ઉત્કૃષ્ટ ક્રોધની સમાન ૪૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે.

**૪૪ लोभसंजलणाए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं जहा कोहस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંજ્વલન લોભની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોધની સમાન ૪૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે.

**૪૫ इत्थिवेयस्स णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स दिवड्ढं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणयं, उक्कोसेणं पण्णरस्स सागरोवमकोडाकोडीओ; पण्णरस्स य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્ત્રીવેદની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના સાત ભાગમાંથી દોઢ ભાગની ($\frac{૧\frac{૧}{૨}}{૭}$ સાગરોપમ) અને ઉત્કૃષ્ટ પંદર ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ પંદરસો

વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૪૬ पुरिसवेयस्स णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं अट्ठ संवच्छराइं, उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ; दस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુરુષવેદની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય આઠ વર્ષની અને ઉત્કૃષ્ટ દશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ એક હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૪૭ णपुंसगवेयस्स णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स दुण्णि सत्तभागा पलिओवमस्स असंखिज्जइ-भागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ; वीसइं वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નપુંસકવેદની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના સાત ભાગમાંથી બે ભાગ($\frac{2}{7}$ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ વીશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ બે હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૪૮ हास-रईणं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स एक्कं सत्तभागं पलिओवमस्स असंखेज्जइ-भागेणं ऊणं, उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ; दस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! હાસ્ય અને રતિ મોહકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના સાત ભાગમાંથી એક ભાગ( $\frac{1}{7}$ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ દશ ક્રોડાક્રોડી સાગરોપમની છે તથા તેનો અબાધાકાળ એક હજાર વર્ષનો છે. કર્મનિષેકકાલ પૂર્વવત છે. તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૪૯ अरइ-भय-सोग-दुगुंछाणं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स दोण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइ-भागेणं ऊणया, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ; वीसइं वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અરતિ, ભય, શોક અને જુગુપ્સા મોહકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના સાત ભાગમાંથી બે ભાગ( ૨/૭ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ વીશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ બે હજાર વર્ષનો છે કર્મનિષેક કાલ પૂર્વવત્ છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કાળ કર્મનિષેકનો કાળ છે.

**૫૦ णेरइयाउयस्स णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं अंतोमुहुत्तमब्भहियाइं उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं पुव्वकोडीतिभागमब्भहियाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નરકાયુની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ૧૦,૦૦૦(દશ હજાર) વર્ષ અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વનો ત્રીજોભાગ અધિક તેત્રીસ સાગરોપમની છે.

**૫૧ तिरिक्खजोणियाउयस्स णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं पुव्वकोडी-तिभागमब्महियाइं। एवं मणूसाउयस्स वि। देवाउयस्स जहा णेरइयाउयस्स ठिइ त्ति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચાયુની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વનો ત્રીજો ભાગ અધિક ત્રણ પલ્યોપમની છે. આ જ રીતે મનુષ્યાયુની સ્થિતિ પણ જાણવી જોઈએ. દેવાયુની સ્થિતિ નરકાયુની સ્થિતિ સમાન જાણવી જોઈએ.

**૫૨ णिरयगइणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमसहस्सस्स दो सत्तभागा पलिओवमस्स असंखेज्जइ भागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ; वीस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो । तिरियगइणामए जहा णपुंसगवेयस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નરકગતિનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક હજાર સાગરોપમના સાત ભાગમાંથી બે ભાગ( ૨/૭ ×૧૦૦૦ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ વીશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ બે હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કાળ કર્મનિષેકનો કાળ છે.

તિર્યંચગતિનામકર્મની સ્થિતિ નપુંસકવેદની સમાન ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે.

**૫૩ मणुयगइणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स दिवड्ढं सत्तभागं पलिओवमस्स असंखेज्ज भागेणं ऊणगं, उक्कोसेणं पण्णरस्स सागरोवमकोडाकोडीओ; पण्णरस्स य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યગતિનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના સાત ભાગમાંથી દોઢ ભાગ( ૧॥/૭ સાગરોપમ)ની છે અને ઉત્કૃષ્ટ પંદર ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધા-કાળ પંદરસો વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૫૪ देवगइणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमसहस्सस्स एक्कं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगं, उक्कोसेणं जहा पुरिसवेयस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવગતિનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક હજાર સાગરોપમના સાત ભાગમાંથી એક ભાગ( ૧/૭ × ૧૦૦૦ સાગરોપમ)ની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પુરુષવેદની સ્થિતિની સમાન ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે.

**૫૫ एगिंदियजाइणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स दोण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइ-भागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ; वीस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય જાતિનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક સાગરોપમના સાત ભાગમાંથી બે ભાગ( ૨/૭ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ બે હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૫૬ बेइंदियजाइणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स णवपणतीसइभागा पलिओवमस्स असंखेज्जइ-भागेणं ऊणगा, उक्कोसेणं अट्ठारस सागरोवमकोडाकोडीओ; अट्ठारस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઈન્દ્રિય જાતિનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના પાંત્રીસ ભાગમાંથી નવ ભાગ( ૯/૩૫ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ અઢારસો (૧૮૦૦) વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૫૭ तेइंदियजाइणामए णं जहण्णेणं एवं चेव, उक्कोसेणं अट्ठारस सागरोवम-**

**कोडाकोडीओ; अट्ठारस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેઈન્દ્રિય જાતિનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની જઘન્ય સ્થિતિ બે ઈન્દ્રિયની સમાન છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ અઢારસો વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૫૮ चउरिंदियजाइणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**जहण्णेणं सागरोवमस्स णव पणतीसइभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणया, उक्कोसेणं अट्ठारस सागरोवमकोडाकोडीओ; अट्ठारस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચૌરેન્દ્રિય જાતિનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના પાંત્રીસ ભાગમાંથી નવ ભાગ( ૯/૩૫ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ અઢારસો વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૫૯ पंचेंदियजाइणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स दोण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइ-भागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ; वीस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो । ओरालियसरीरणामए वि एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય જાતિનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના સાત ભાગમાંથી બે ભાગ( ૨/૭ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ વીશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ બે હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે. ઔદારિકશરીર નામકર્મની સ્થિતિ પણ પંચેન્દ્રિય જાતિનામકર્મ પ્રમાણે(ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમની) જાણવી જોઈએ.

**૬૦ वेउव्वियसरीरणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमसहस्सस्स दो सत्तभागा पलिओवमस्स असंखेज्जइ-भागेणं ऊणया, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ; वीस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈક્રિયશરીરનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક હજાર સાગરોપમના સાત ભાગમાંથી બે ભાગ( ૨/૭ ×૧૦૦૦ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ વીશ ક્રોડાક્રોડી

સાગરોપમની છે. તેનો અબાધાકાળ બે હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૬૧ आहारगसरीरणामए जहण्णेणं अंतोसागरोवमकोडाकोडीओ; उक्कोसेणं वि अंतोसागरोवमकोडाकोडीओ ।**

**ભાવાર્થ :–** આહારક શરીરનામકર્મની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતઃક્રોડાક્રોડી સાગરોપમની છે.

**૬૨ तेया-कम्मसरीरणामए जहण्णेणं सागरोवमस्स दोण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणया, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ; अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :–** તૈજસ અને કાર્મણશરીરનામકર્મની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના સાત ભાગમાંથી બે ભાગ( ૨/૭ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ વીશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. અબાધાકાળ બે હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૬૩ ओरालिय-वेउव्विय-आहारगसरीरंगोवंगणामए तिण्णि वि एवं चेव । सरीरबंधण-णामए वि पंचण्ह वि एवं चेव । सरीरसंघायणामए पंचण्ह वि जहा सरीरणामए कम्मस्स ठिइ त्ति ।**

**ભાવાર્થ :–** ઔદારિકશરીરાંગોપાંગ, વૈક્રિયશરીરાંગોપાંગ અને આહારકશરીરાંગોપાંગ; આ ત્રણેય નામકર્મની સ્થિતિ પણ પોત-પોતાના શરીરની સ્થિતિ પ્રમાણે છે.

પાંચે ય શરીરબંધન નામકર્મોની સ્થિતિ પણ પોત-પોતાના શરીર પ્રમાણે છે. પાંચે ય શરીર સંઘાતનામકર્મોની સ્થિતિ પણ પોત-પોતાના શરીરનામકર્મની સ્થિતિ અનુસાર છે.

**૬૪ वइरोसभणारायसंघयणणामए जहा रतिणामए । उसभणारायसंघयणणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स छ पणतीसतिभागा पलिओवमस्स असंखेज्जइ-भागेणं ऊणया, उक्कोसेणं बारस सागरोवमकोडाकोडीओ; बारस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :–** વજ્રઋષભનારાચ સંહનન નામકર્મની સ્થિતિ રતિ મોહનીય કર્મની સ્થિતિ સમાન છે અર્થાત્ ઉત્કૃષ્ટ ૧૦ ક્રોડક્રોડી સાગરોપમની છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! ઋષભનારાચ સંહનનનામકર્મની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના પાંત્રીસ ભાગમાંથી છ ભાગ( ૬/૩૫ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ બાર ક્રોડાક્રોડી સાગરોપમની છે, તથા તેનો અબાધાકાળ બારસો (૧૨૦૦) વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૬૫** **णारायसंघयणणामए जहण्णेणं सागरोवमस्स सत्त पणतीसइभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं चोद्दस सागरोवमकोडाकोडीओ; चोद्दस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :–** નારાચ સંહનનનામકર્મની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના પાંત્રીસ ભાગમાંથી સાત ભાગ( ૭/૩૫ સાગરોપમ)ની તથા ઉત્કૃષ્ટ ચૌદ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ ચૌદ સો(૧૪૦૦) વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૬૬** **अद्धणारायसंघयणणामस्स जहण्णेणं सागरोवमस्स अट्ठ पणतीसइभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं सोलस सागरोवमकोडाकोडीओ; सोलस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :–** અર્ધનારાચ સંહનનનામકર્મની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના પાંત્રીસ ભાગમાંથી આઠ ભાગ( ૮/૩૫ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ સોળ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ સોળ સો(૧૬૦૦) વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૬૭** **खीलियासंघयणे णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स णव पणतीसइभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं अट्ठारस सागरोवमकोडाकोडीओ; अट्ठारस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કીલિકા સંહનનનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના પાંત્રીસ ભાગમાંથી નવ ભાગ( ૯/૩૫ સાગરોપમ)ની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ અઢારસો વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૬૮** **सेवट्टसंघयणणामस्स णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स दोण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ; वीस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**एवं जहा संघयणणामए छ भणिया एवं संठाणा वि छ भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સેવાર્ત સંહનનનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના

સાત ભાગમાંથી બે ભાગ($\frac{૨}{૭}$ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ વીશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ બે હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

જે રીતે સંહનન નામકર્મની સ્થિતિ કહી, તે જ રીતે છ સંસ્થાન નામકર્મોની પણ સ્થિતિ જાણવી જોઈએ.

**૬૯** **सुक्किलवण्णणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स एगं सत्तभागं पलिओवमस्स असंखिज्जइ-भागेणं ऊणगं, उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ; दस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શુક્લવર્ણનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન, સાગરોપમના સાત ભાગમાંથી એક ભાગ( $^{૧}/_{૭}$ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ એક હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૭૦** **हालिद्दवण्णणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स पंच अट्ठावीसइभागा पलिओवमस्स असंखेज्जइ-भागेणं ऊणगा, उक्कोसेणं अद्धतेरस सागरोवमकोडाकोडीओ; अद्धतेरस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પીળા વર્ણનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના અટ્ઠાવીસ ભાગમાંથી પાંચ ભાગ( $\frac{૫}{૨૮}$ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ સાડા બાર ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ સાડા બારસો વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૭૧** **लोहियवण्णणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स छ अट्ठावीसतिभागा पलिओवमस्स असंखेज्जइ-भागेणं ऊणगा, उक्कोसेणं पण्णरस्स सागरोवमकोडाकोडीओ; पण्णरस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રક્ત(લાલ) વર્ણ નામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના અટ્ઠાવીસ ભાગમાંથી છ ભાગ( $\frac{૬}{૨૮}$ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ પંદર ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ પંદરસો(૧૫૦૦) વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૭૨ णीलवण्णणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स सत्त अट्ठावीसतिभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणया, उक्कोसेणं अद्धट्ठारस सागरोवमकोडाकोडीओ; अद्धट्ठारस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**कालवण्णणामए जहा सेवट्टसंघयणस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નીલવર્ણ નામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના અટ્ઠાવીસ ભાગમાંથી સાત ભાગો( $\frac{૭}{૨૮}$ સાગરોપમ)ની ઉત્કૃષ્ટ સાડાસત્તર ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ સાડા સત્તર સો(૧૭૫૦) વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે. કૃષ્ણ વર્ણનામકર્મની સ્થિતિ સેવાર્ત સંહનનનામકર્મની સ્થિતિ પ્રમાણે જાણવી અર્થાત્ ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડ સાગરોપમની છે.

**૭૩ सुब्भिगंधणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा! जहा सुक्किलवण्णणामस्स । दुब्भिगंधणामए जहा सेवट्टसंघयणस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સુરભિગંધનામકર્મની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ શુક્લવર્ણનામકર્મની સમાન ઉત્કૃષ્ટ ૧૦ ક્રોડાક્રોડ સાગરોપમની છે. દુરભિગંધ નામકર્મની સ્થિતિ સેવાર્ત સંહનનનામકર્મની સમાન ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે.

**૭૪ रसाणं महुरादीणं जहा वण्णाणं भणियं तहेव परिवाडीए भाणियव्वं ।**

**ભાવાર્થ :–** મધુર આદિ પાંચે રસોની સ્થિતિનું કથન ક્રમશઃ પાંચે વર્ણોની સ્થિતિ પ્રમાણે જાણવું.

**૭૫ फासा जे अपसत्था तेसिं जहा सेवट्टस्स, जे पसत्था तेसिं जहा सुक्किलवण्णणामस्स ।**

**ભાવાર્થ :–** કર્કશ, ગુરુ, રૂક્ષ અને શીત આ ચાર અપ્રશસ્ત સ્પર્શોની સ્થિતિ સેવાર્ત સંહનનની સ્થિતિ અનુસાર ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે તથા મૃદુ, લઘુ, સ્નિગ્ધ અને ઉષ્ણ આ પ્રશસ્ત સ્પર્શોની સ્થિતિ શુક્લવર્ણનામકર્મની સ્થિતિ પ્રમાણે ઉત્કૃષ્ટ ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે.

**૭૬ अगुरूलहुणामए जहा सेवट्टस्स । एवं उवघायणामए वि । पराघायणामए वि एवं चेव ।**

**ભાવાર્થ :–** અગુરુલઘુનામકર્મની સ્થિતિ સેવાર્ત સંહનનની સ્થિતિ પ્રમાણે ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે. આ જ પ્રમાણે ઉપઘાતનામકર્મની સ્થિતિ વિષે પણ જાણવું જોઈએ. પરાઘાતનામકર્મની સ્થિતિ પણ આ જ પ્રમાણે છે.

**૭૭ णिरयाणुपुव्विणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमसहस्सस्स दो सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ; वीस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નરકાનુપૂર્વીનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક હજાર સાગરોપમના સાત ભાગમાંથી બે ભાગ( $\frac{૨}{૭}$ ×૧૦૦૦ સાગરોપમ)ની તથા ઉત્કૃષ્ટ વીશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. અબાધાકાળ બે હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૭૮ तिरियाणुपुव्वीए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स दो सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ; वीस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચાનુપૂર્વીની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના સાત ભાગમાંથી બે ભાગ( $\frac{૨}{૭}$ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ વીશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. અબાધાકાળ બે હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૭૯ मणुयाणुपुव्विणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स दिवड्ढं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगं, उक्कोसेणं पण्णरस सागरोवमकोडाकोडीओ; पण्णरस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યાનુપૂર્વીનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના સાત ભાગમાંથી દોઢ ભાગ( ૧॥/૭ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ પંદર ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ પંદરસો વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૮૦ देवाणुपुव्विणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमसहस्सस्स एगं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगं, उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ; दस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવાનુપૂર્વીનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક હજાર સાગરોપમના સાત ભાગમાંથી એક ભાગ($\frac{1}{7}$ ×૧૦૦૦ સાગરોપમ)ની અને ઉત્કૃષ્ટ સ્થિતિ દશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ એક હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૮૧ उस्सासणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहा तिरियाणुपुव्वीए । आयवणामए वि एवं चेव, उज्जोवणामए वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉચ્છ્વાસનામકર્મની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ તિર્યંચાનુપૂર્વી પ્રમાણે ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે.

આ રીતે આતપનામકર્મની અને ઉદ્યોતનામકર્મની સ્થિતિ પણ પૂર્વવત્ તિર્યંચાનુપૂર્વી પ્રમાણે ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમની જાણવી જોઈએ.

**૮૨ पसत्थविहायगइणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं एगं सागरोवमस्स सत्तभागं, उक्कोसेणं दस सागरोवम-कोडाकोडीओ; दस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રશસ્ત વિહાયોગતિનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના સાત ભાગમાંથી એક ભાગ($\frac{1}{7}$ સાગરોપમ)ની તથા ઉત્કૃષ્ટ દશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. અબાધાકાળ એક હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**૮૩ अपसत्थविहायगइणामस्स णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता?**

**गोयमा ! जहण्णेणं एगं सागरोवमस्स दोण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइ-भागेणं ऊणया, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ; वीस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो । तसणामए थावरणामए य एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપ્રશસ્ત વિહાયોગતિનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના સાત ભાગમાંથી બે ભાગ($\frac{2}{7}$ સાગરોપમ)ની તથા ઉત્કૃષ્ટ વીશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. અબાધાકાળ બે હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

ત્રસનામકર્મ અને સ્થાવરનામકર્મની સ્થિતિ પણ અપ્રશસ્તવિહાયગતિ નામ કર્મ પ્રમાણે જ છે.

**૮૪ सुहुमणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स णव पणतीसतिभागा पलिओवमस्स असंखेज्जइ-**

**भागेणं ऊणया, उक्कोसेणं अट्ठारस सागरोवमकोडाकोडीओ; अट्ठारस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**बादरणामए जहा अपसत्थविहायगतिणामस्स । एवं पज्जत्तगणामए वि । अपज्जत्तगणामए जहा सुहुमणामस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મનામકર્મની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના પાંત્રીસ ભાગમાંથી નવ ભાગ( $\frac{૯}{૩૫}$ સાગરોપમ)ની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ અઢારસો(૧૮૦૦) વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

બાદરનામકર્મની અને પર્યાપ્તા નામકર્મની સ્થિતિ અપ્રશસ્ત વિહાયોગતિની સ્થિતિ પ્રમાણે ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમની જાણવી જોઈએ. અપર્યાપ્તા નામકર્મની સ્થિતિ સૂક્ષ્મનામકર્મની સ્થિતિ પ્રમાણે ઉત્કૃષ્ટ ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમની છે.

**૮૫** **पत्तेयसरीरणामए वि दो सत्तभागा । साहारणसरीरणामए जहा सुहुमस्स।**
**थिरणामए एगं सत्तभागं अथिरणामए दो ।**
**सुभणामए एगो । असुभणामए दो ।**
**सुभगणामए एगो । दूभगणामए दो ।**
**सूसरणामए एगो । दूसरणामए दो ।**
**आएज्जणामए एगो । अणाएज्जणामए दो ।**

**ભાવાર્થ :–** [હવે પછી સંક્ષિપ્ત કથન છે તેમાં જઘન્ય સ્થિતિની વિશેષતા માત્ર કહી છે. તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન વગેરે કથન સ્વતઃ સમજી લેવું.] પ્રત્યેક શરીરનામકર્મની જઘન્ય સ્થિતિ પણ $\frac{૨}{૭}$ સાગરોપમની છે. સાધારણ શરીરનામકર્મની સ્થિતિ સૂક્ષ્મ નામકર્મની સ્થિતિની સમાન ઉત્કૃષ્ટ ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમની છે.

સ્થિરનામકર્મની જઘન્ય સ્થિતિ $\frac{૧}{૭}$ સાગરોપમની છે તથા અસ્થિરનામકર્મની જઘન્ય સ્થિતિ $\frac{૨}{૭}$ સાગરોપમની છે.

શુભનામકર્મની જઘન્ય સ્થિતિ $\frac{૧}{૭}$ સાગરોપમની અને અશુભનામકર્મની જઘન્ય સ્થિતિ $\frac{૨}{૭}$ સાગરોપમની સમજવી.

સુભગનામકર્મની જઘન્ય સ્થિતિ $\frac{૧}{૭}$ સાગરોપમની અને દુર્ભગ નામકર્મની જઘન્ય સ્થિતિ $\frac{૨}{૭}$ સાગરોપમની હોય છે.

સુસ્વરનામકર્મની જઘન્ય સ્થિતિ $\frac{૧}{૭}$ સાગરોપમની અને દુઃસ્વર નામકર્મની જઘન્ય સ્થિતિ $\frac{૨}{૭}$ સાગરોપમની હોય છે.

આદેયનામકર્મની જઘન્ય સ્થિતિ $\frac{૧}{૭}$ સાગરોપમની અને અનાદેય નામકર્મની જઘન્ય સ્થિતિ $\frac{૨}{૭}$ સાગરોપમની હોય છે.

**८६ जसोकित्तिणामए जहण्णेणं अट्ठ मुहुत्ता, उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ; दस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :–** યશઃકીર્તિનામકર્મની સ્થિતિ જઘન્ય આઠ મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ એક હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કાળ કર્મનિષેકનો કાળ છે.

**८७ अजसोकित्तिणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहा अपसत्थविहायगतिणामस्स । एवं णिम्माणणामए वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અયશોકીર્તિનામકર્મની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ અપ્રશસ્ત વિહાયોગતિનામકર્મની સ્થિતિની સમાન ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડ સાગરોપમની જાણવી જોઈએ. આ જ પ્રમાણે નિર્માણ નામકર્મની સ્થિતિ પણ જાણવી જોઈએ.

**८८ तित्थगरणामए णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोसागरोवमकोडाकोडीओ; उक्कोसेण वि अंतोसागरोवमकोडाकोडीओ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તીર્થંકરનામકર્મની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતઃક્રોડાક્રોડી સાગરોપમની છે.

**८९ एवं जत्थ एगो सत्तभागो तत्थ उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ दस य वाससयाइं अबाहा । जत्थ दो सत्तभागा तत्थ उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ वीस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :–** જ્યાં જઘન્ય સ્થિતિ સાગરોપમના $\frac{1}{7}$ ભાગની હોય, ત્યાં ઉત્કૃષ્ટ સ્થિતિ દશ ક્રોડાક્રોડી સાગરોપમની અને અબાધાકાળ એક હજાર વર્ષનો જાણવો અને જ્યાં જઘન્ય સ્થિતિ $\frac{2}{7}$ ભાગની હોય, ત્યાં ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ ક્રોડાક્રોડી સાગરોપમની અને અબાધાકાળ બે હજાર વર્ષનો જાણવો જોઈએ તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**९० उच्चागोयस्स णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं अट्ठ मुहुत्ता, उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ; दस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**णीयागोयस्स णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहा अपसत्थविहायगतिणामस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઊંચગોત્રકર્મની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય આઠ મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તથા તેનો અબાધાકાળ એક હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! નીચગોત્રકર્મની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ

અપ્રશસ્ત વિહાયોગતિ નામકર્મની સ્થિતિ પ્રમાણે ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે.

**९१ अंतराइयस्स णं भंते ! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तीसं सागरोवमकोडाकोडीओ; तिण्णि य वाससहस्साइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અંતરાયકર્મની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં આઠ કર્મોની ઉત્તર પ્રકૃતિઓની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ તથા તેના અબાધાકાળ તથા નિષેકકાળનું કથન છે.

**કર્મ સ્થિતિ :–** કર્મોને આત્મા સાથે રહેવાની કાલમર્યાદાને કર્મસ્થિતિ કહે છે. તેની અલ્પતમ કાલમર્યાદાને **જઘન્ય સ્થિતિ** અને અધિકતમ કાલમર્યાદાને **ઉત્કૃષ્ટ સ્થિતિ** કહે છે.

**અબાધાકાલ :–** કોઈ પણ કર્મબંધ થયા પછી તે કર્મ તુરંત જ પોતાનું ફળ આપતા નથી. તે બંધાયા પછી જેટલા કાલ સુધી આત્માને કોઈ પણ પ્રકારની બાધા-પીડા પહોંચાડે નહીં, પોતાનું ફળ આપે નહીં, તે કાલમર્યાદાને અબાધાકાલ કહે છે. જે કર્મોની જેટલા ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિ હોય, તેટલા સો વર્ષોનો તેનો અબાધાકાલ હોય છે. યથા– જ્ઞાનાવરણીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે, તો તેનો અબાધાકાલ ત્રીસ સો અર્થાત્ ૩૦૦૦ વર્ષનો છે. ઉત્કૃષ્ટ સ્થિતિનું જ્ઞાનાવરણીયકર્મ ૩૦૦૦ વર્ષ સુધી પોતાનું ફળ આપતું નથી.

**કર્મનિષેકકાલ :–** કર્મની સ્થિતિમાંથી અબાધાકાલને ન્યૂન કરતાં જેટલી સ્થિતિ શેષ રહે, તે કર્મનો નિષેકકાલ છે અર્થાત્ કર્મ પુદ્ગલોની ગોઠવણીનો કાલ છે તે કર્મોની અનુભવ યોગ્ય સ્થિતિ છે. જ્ઞાનાવરણીય કર્મોનો નિષેકકાલ–કર્મ પુદ્ગલ રચનાકાલ ૩૦૦૦ વર્ષ ન્યૂન ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમનો છે અર્થાત્ ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિવાળું કર્મ ૩૦૦૦ વર્ષ ન્યૂન ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી ફળ આપે છે.

**૧૪૮ કર્મ પ્રકૃતિઓની બંધ સ્થિતિ :–**

| ક્રમ | કર્મ પ્રકૃતિ નામ | જઘન્ય બંધ સ્થિતિ | ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ |
|---|---|---|---|
| ૧-૫ | મતિ જ્ઞાનાવરણીય આદિ પાંચ | અંતર્મુહૂર્ત | ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૬-૯ | ચક્ષુદર્શનાવરણીય આદિ ચાર | અંતર્મુહૂર્ત | ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૦-૧૪ | નિદ્રા આદિ પાંચ | દેશોન $\frac{3}{7}$ સાગરોપમ | ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૫ | ઈર્યાવહિ શાતા વેદનીય<br>સાંપરાયિક શાતા વેદનીય | બે સમય<br>૧૨ મુહૂર્ત | બે સમય<br>૧૫ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૬ | અશાતા વેદનીય | દેશોન $\frac{3}{7}$ સાગરોપમ | ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૭ | સમ્યક્ત્વ મોહનીય | અંતર્મુહૂર્ત | સાધિક ૬૬ સાગરોપમ |

| ક્રમ | કર્મ પ્રકૃતિ નામ | જઘન્ય બંધ સ્થિતિ | ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ |
|---|---|---|---|
| ૧૮ | મિથ્યાત્વ મોહનીય | દેશોન ૧ સાગરોપમ | ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૯ | મિશ્ર મોહનીય | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૨૦-૩૧ | ત્રણ કષાય ચોક (૧૨) | દેશોન ૪/૭ સાગરોપમ | ૪૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૩૨-૩૫ | સંજ્વલન ક્રોધ, માન, માયા,લોભ | ૨ માસ / ૧ માસ/ અર્ધમાસ/અંતર્મુહૂર્ત | ૪૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૩૬ | સ્ત્રી વેદ | દેશોન ૧.૫/૭ સાગરોપમ | ૧૫ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૩૭ | પુરુષ વેદ | ૮ વર્ષ | ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૩૮ | નપુંસક વેદ | દેશોન ૨/૭ સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૩૯-૪૦ | હાસ્ય, રતિ | દેશોન ૧/૭ સાગરોપમ | ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૪૧-૪૪ | અરતિ, ભય, શોક, દુગંછા | ૨/૭ સાગર દેશોન | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૪૫-૪૬ | નરકાયુ, દેવાયુ | અંતર્મુહૂર્ત અધિક ૧૦૦૦૦ વર્ષ | ક્રોડપૂર્વનો ત્રીજો ભાગ અધિક ૩૩ સાગરોપમ |
| ૪૭-૪૮ | તિર્યંચાયુ, મનુષ્યાયુ | અંતર્મુહૂર્ત | ક્રોડપૂર્વનો ત્રીજો ભાગ અધિક ૩ પલ્યોપમ |
| ૪૯ | નરક ગતિ | દેશોન ૨/૭ હજાર સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૫૦ | તિર્યંચ ગતિ | દેશોન ૨/૭ સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૫૧ | મનુષ્ય ગતિ | દેશોન ૧.૫/૭ સાગરોપમ | ૧૫ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૫૨ | દેવ ગતિ | દેશોન ૧/૭ હજાર સાગરોપમ | ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૫૩ | એકેન્દ્રિય જાતિ | દેશોન ૨/૭ સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૫૪-૫૬ | બેઈન્દ્રિયાદિ ત્રણ જાતિ | દેશોન ૯/૩૫ સાગરોપમ | ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૫૭ | પંચેન્દ્રિય જાતિ | દેશોન ૨/૭ સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૫૮ | ઔદારિક શરીર | દેશોન ૨/૭ સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૫૯ | વૈક્રિય શરીર | દેશોન ૨/૭ હજાર સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૬૦ | આહારક શરીર | અંતઃ ક્રોડાક્રોડી સાગરોપમ | અંતઃક્રોડાક્રોડી સાગરોપમ |
| ૬૧-૬૨ | તૈજસ કાર્મણ શરીર | દેશોન ૨/૭ સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૬૩-૭૨ | ૫ બંધન, ૫ સંઘાતન | સ્વ શરીર સમાન | સ્વ શરીર સમાન |
| ૭૩-૭૫ | અંગોપાંગ ત્રણ | સ્વ શરીર સમાન | સ્વ શરીર સમાન |
| ૭૬ | વજ્ર ઋષભ નારાચ સંઘયણ | દેશોન ૫/૩૫ (૧/૭) સાગરોપમ | ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૭૭ | ઋષભ નારાચ સંઘયણ | દેશોન ૬/૩૫ સાગરોપમ | ૧૨ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૭૮ | નારાચ સંઘયણ | દેશોન ૭/૩૫ (૧/૫) સાગરોપમ | ૧૪ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૭૯ | અર્ધનારાચ | દેશોન ૮/૩૫ સાગરોપમ | ૧૬ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૮૦ | કીલિકા સંઘયણ | દેશોન ૯/૩૫ સાગરોપમ | ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમ |

| ક્રમ | કર્મ પ્રકૃતિ નામ | જઘન્ય બંધ સ્થિતિ | ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ |
|---|---|---|---|
| ૮૧ | સેવાર્ત સંઘયણ | દેશોન $\frac{૧૦}{૩૫}$ ($\frac{૨}{૭}$)સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૮૨-૮૭ | સંસ્થાન ૬ | સંઘયણની સમાન | સંઘયણની સમાન |
| ૮૮ | સફેદ વર્ણ | દેશોન $\frac{૪}{૨૮}$ ($\frac{૧}{૭}$)સાગરોપમ | ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૮૯ | પીળો વર્ણ | દેશોન $\frac{૫}{૨૮}$ સાગરોપમ | ૧૨$\frac{૧}{૨}$ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૯૦ | લાલ વર્ણ | દેશોન $\frac{૬}{૨૮}$ સાગરોપમ | ૧૫ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૯૧ | નીલો વર્ણ | દેશોન $\frac{૭}{૨૮}$ ($\frac{૧}{૪}$) સાગરોપમ | ૧૭$\frac{૧}{૨}$ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૯૨ | કાળો વર્ણ | દેશોન $\frac{૮}{૨૮}$ ($\frac{૨}{૭}$)સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૯૩ | સુગંધ | દેશોન $\frac{૧}{૭}$ સાગરોપમ | ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૯૪ | દુર્ગંધ | દેશોન $\frac{૨}{૭}$ સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૯૫-૯૯ | ંચ રસ | પાંચ વર્ણની સમાન | પાંચ વર્ણની સમાન |
| ૧૦૦-૧૦૩ | કર્કશ, ગુરુ, રૂક્ષ, શીત | દેશોન $\frac{૨}{૭}$ સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૦૪-૧૦૭ | મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ | દેશોન $\frac{૧}{૭}$ સાગરોપમ | ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૦૮-૧૧૦ | અગુરુ લઘુ, ઉપઘાત, પરાઘાત | દેશોન $\frac{૨}{૭}$ સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૧૧-૧૧૪ | ચાર આનુપૂર્વી | ૪ ગતિની સમાન | ૪ ગતિની સમાન |
| ૧૧૫-૧૧૮ | ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, નિર્માણ નામકર્મ | દેશોન $\frac{૨}{૭}$ સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૧૯ | તીર્થંકર નામકર્મ | અંતઃ ક્રોડાકોડી સાગરોપમ | અંતઃ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૨૦ | શુભ વિહાયોગતિ | દેશોન $\frac{૧}{૭}$ સાગરોપમ | ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૨૧ | અશુભ વિહાયોગતિ | દેશોન $\frac{૨}{૭}$ સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૨૨-૧૨૬ | ત્રસ, સ્થાવર, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક | દેશોન $\frac{૨}{૭}$ સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૨૭-૧૨૯ | સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ | દેશોન$\frac{૯}{૩૫}$ સાગરોપમ | ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૩૦-૧૩૪ | સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય નામકર્મ | દેશોન $\frac{૧}{૭}$ સાગરોપમ | ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૩૫-૧૪૦ | અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશકીર્તિ | દેશોન $\frac{૨}{૭}$ સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૪૧ | યશકીર્તિ નામકર્મ | આઠ મુહૂર્ત | ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૪૨ | ઉચ્ચ ગોત્ર | આઠ મુહૂર્ત | ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૪૩ | નીચ ગોત્ર | દેશોન $\frac{૨}{૭}$ સાગરોપમ | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૧૪૪–૧૪૮ | દાનાંતરાયાદિ પાંચ | અંતર્મુહૂર્ત | ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |

★ દેશોન = પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન $\frac{૧}{૭}$ સાગરોપમ = એક સાગરોપમનો એક સાતમો ભાગ. $\frac{૧}{૭} \times ૧૦૦૦$ સાગરોપમ = એક હજાર સાગરોપમનો એક સાતમો ભાગ. $\frac{૯}{૩૫}$ સાગરોપમ = એક સાગરોપમના ૩૫ ભાગમાં ૯ ભાગ.

★ $\frac{૧.૫}{૭}$ = સાત ભાગમાંથી દોઢ ભાગ.(ક્રમાંક ૩૬ અને ૫૧માં)

**અબાધાકાલ :–** દરેક કર્મ પ્રકૃતિની બંધ સ્થિતિના અનુપાતથી અબાધાકાલ થાય છે. જે કર્મની જેટલી ક્રોડાક્રોડ સાગરોપમની બંધસ્થિતિ છે તેટલા જ સો વર્ષનો અબાધાકાલ જાણવો જોઈએ જેમકે –

| ઉત્કૃષ્ટ બંધ | ઉત્કૃષ્ટ અબાધાકાલ |
|---|---|
| ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમ | ૭૦૦૦ વર્ષ |
| ૩૦ ક્રોડાક્રોડ સાગરોપમ | ૩૦૦૦ વર્ષ |
| ૨૦ ક્રોડાક્રોડ સાગરોપમ | ૨૦૦૦ વર્ષ |
| ૧૫ ક્રોડાક્રોડ સાગરોપમ | ૧૫૦૦ વર્ષ |
| ૧૦ ક્રોડાક્રોડ સાગરોપમ | ૧૦૦૦ વર્ષ |
| ૧૨ ક્રોડાક્રોડ સાગરોપમ | ૧૨૦૦ વર્ષ |
| ૧૮ ક્રોડાક્રોડ સાગરોપમ | ૧૮૦૦ વર્ષ |
| ૧૭$\frac{૧}{૨}$ ક્રોડાક્રોડ સાગરોપમ | ૧૭૫૦ વર્ષ |
| ૧૪ ક્રોડાક્રોડ સાગરોપમ | ૧૪૦૦ વર્ષ |
| ૧૬ ક્રોડાક્રોડ સાગરોપમ | ૧૬૦૦ વર્ષ |
| ૧૨$\frac{૧}{૨}$ ક્રોડાક્રોડ સાગરોપમ | ૧૨૫૦ વર્ષ |

**એકેન્દ્રિયોમાં કર્મોનો સ્થિતિબંધ :–**

**૧૨ एगिंदिया णं भंते ! जीवा णाणावरणिज्जस्स कम्मस्स किं बंधंति ? गोयमा ! जहण्णेणं सागरोवमस्स तिण्णि सत्तभागे पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणए, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति । एवं णिद्दापंचकस्स वि दंसणचउक्कस्स वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય જીવો કેટલી સ્થિતિનું જ્ઞાનાવરણીયકર્મ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના $\frac{૩}{૭}$ ભાગ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ સાગરોપમના $\frac{૩}{૭}$ ભાગનું બાંધે છે. આ જ રીતે નિદ્રાપંચક અને દર્શન ચતુષ્કનો જઘન્ય અને ઉત્કૃષ્ટ બંધ પણ જ્ઞાનાવરણીય કર્મબંધ પ્રમાણે જાણવો જોઈએ.

**૧૩ एगिंदिया णं भंते ! जीवा सायावेयणिज्जस्स कम्मस्स किं बंधंति ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमस्स दिवड्ढं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति । असायावेयणिज्जस्स जहा णाणावरणिज्जस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય જીવો કેટલી સ્થિતિનું શાતાવેદનીયકર્મ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમના સાત ભાગમાંથી દોઢ ભાગ( $\frac{૧\frac{૧}{૨}}{૭}$ સાગરોપમ)નું અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ સાગરોપમના $\frac{૧\frac{૧}{૨}}{૭}$ ભાગનું બાંધે છે.

અશાતાવેદનીયકર્મનો જઘન્ય-ઉત્કૃષ્ટ બંધ જ્ઞાનાવરણીયકર્મના સ્થિતિબંધ પ્રમાણે જાણવો જોઈએ.

**९४ एगिंदिया णं भंते ! जीवा सम्मत्तवेयणिज्जस्स कम्मस्स किं बंधंति ? गोयमा ! णत्थि किं चि बंधंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય જીવો કેટલી સ્થિતિનું સમ્યક્ત્વ વેદનીય(મોહનીય) બાંધે છે? **ઉત્તર–** હે ગૌતમ ! એકેન્દ્રિય જીવો સમ્યક્ત્વવેદનીય કર્મનો બંધ કરતા નથી.

**९५ एगिंदिया णं भंते ! जीवा मिच्छत्तवेयणिज्जस्स कम्मस्स किं बंधंति ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય જીવો કેટલી સ્થિતિનું મિથ્યાત્વ વેદનીય(મોહનીય) બાંધે છે?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક સાગરોપમનું બાંધે છે.

**९६ एगिंदिया णं भंते ! सम्मामिच्छत्तवेयणिज्जस्स कम्मस्स किं बंधंति ? गोयमा ! णत्थि किंचि बंधंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય જીવો કેટલી સ્થિતિનું મિશ્ર મોહનીયકર્મ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એકેન્દ્રિય જીવો મિશ્ર મોહનીય કર્મનો બંધ કરતા નથી.

**९७ एगिंदिया णं भंते ! कसायबारसगस्स किं बंधंति ? गोयमा ! जहण्णेणं सागरोवमस्स चत्तारि सत्तभागे पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणए, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति । एवं कोहसंजलणाए वि** *जाव* **लोभसंजलणाए वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય જીવો કેટલી સ્થિતિના અનંતાનુબંધી આદિ બાર પ્રકારના કષાય દ્વાદશનો બંધ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક સાગરોપમના સાત ભાગમાંથી ચાર ભાગ( $\frac{૪}{૭}$ સાગરોપમ) અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ $\frac{૪}{૭}$ સાગરોપમ બાંધે છે.

આ જ રીતે સંજવલન ક્રોધથી લઈને સંજવલન લોભ સુધીનું કથન કરવું.

**९८ इत्थिवेयस्स जहा सायावेयणिज्जस्स ।**

**ભાવાર્થ :–** એકેન્દ્રિયોને સ્ત્રીવેદનો બંધકાળ શાતાવેદનીયકર્મના બંધકાળની સમાન જાણવો.

**९९ एगिंदिया पुरिसवेयस्स कम्मस्स जहण्णेणं सागरोवमस्स एक्कं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति ।**

**ભાવાર્થ :–** એકેન્દ્રિય જીવો પુરુષ વેદનો બંધ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમનો $\frac{૧}{૭}$ ભાગ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક સાગરોપમના $\frac{૧}{૭}$ ભાગ બાંધે છે.

**१०० एगिंदिया णपुंसगवेयस्स कम्मस्स जहण्णेणं सागरोवमस्स दो सत्तभागे पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणए, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति ।**

**ભાવાર્થ :–** એકેન્દ્રિય જીવો નપુંસકવેદનો બંધ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમનો $\frac{૨}{૭}$ ભાગ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક સાગરોપમના $\frac{૨}{૭}$ ભાગ બાંધે છે.

**१०१ हास-रईए जहा पुरिसवेयस्स । अरइ-भय-सोग-दुगुंछाए जहा णपुंसगवेयस्स।**

**ભાવાર્થ :–** હાસ્ય, રતિનો બંધકાળ પુરુષવેદની સમાન જાણવો. અરતિ, ભય, શોક, જુગુપ્સાનો બંધકાળ નપુંસકવેદની સમાન જાણવો જોઈએ.

**१०२ णेरइयाउय-देवाउय-णिरयगइणाम-देवगइणाम-वेउव्वियसरीर-णाम-आहारग-सरीरणाम-णेरइयाणुपुव्विणाम-देवाणुपुव्विणाम-तित्थगरणाम एयाणि पयाणि ण बंधंति।**

**ભાવાર્થ :–** એકેન્દ્રિય જીવો નરકાયુ, દેવાયુ, નરકગતિનામ, દેવગતિનામ, વૈક્રિયશરીરનામ, આહારકશરીર નામ, નરકાનુપૂર્વીનામ, દેવાનુપૂર્વીનામ, તીર્થંકરનામ આ નવ પ્રકૃતિઓ બાંધતા નથી.

**१०३ तिरिक्खजोणियाउयस्स जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी सत्तहिं वाससहस्सेहिं वाससहस्सतिभागेण य अहियं बंधंति । एवं मणुस्साउअस्स वि ।**

**ભાવાર્થ :–** એકેન્દ્રિય જીવો તિર્યંચાયુષ્યનો બંધ જઘન્ય અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષ તથા એક હજાર વર્ષનો ત્રીજો ભાગ અધિક ક્રોડપૂર્વ વર્ષનો કરે છે. મનુષ્યનો બંધ પણ આ પ્રમાણે જાણવો.

**१०४ तिरियगतिणामए जहा णपुंसगवेयस्स । मणुयगइणामए जहा सायावेयणिज्जस्स।**

**ભાવાર્થ :–** એકેન્દ્રિય જીવોનો તિર્યંચ ગતિનામકર્મનો બંધકાળ નપુંસકવેદની સમાન છે તથા મનુષ્ય ગતિનામકર્મનો બંધકાળ શાતાવેદનીય કર્મના બંધકાળની સમાન છે.

**१०५ एगिंदियजाइणामए पंचेंदियजाइणामए य जहा णपुंसगवेयस्स । बेइंदिय-तेइंदिय-जाइणामए जहण्णेणं सागरोवमस्स णव पणतीसइभागे पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणए, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति । चउरिंदियजाइणामए वि जहण्णेणं सागरोवमस्स णव पणतीसइभागे पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणए, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति ।**

**ભાવાર્થ :–** એકેન્દ્રિય જાતિનામ અને પંચેન્દ્રિય જાતિનામકર્મનો બંધકાળ નપુંસકવેદની સમાન જાણવો જોઈએ. તથા બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિય જાતિનામકર્મનો બંધ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક સાગરોપમનો $\frac{૯}{૩૫}$ ભાગ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક સાગરોપમના $\frac{૯}{૩૫}$ ભાગ બાંધે છે.

**१०६ एवं जत्थ जहण्णगं दो सत्तभागा तिण्णि वा चत्तारि वा सत्तभागा, अट्ठावीसइ-**

भागा, भवंति तत्थ णं जहण्णेणं ते चेव पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा भाणियव्वा, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति । जत्थ णं जहण्णेणं एगो वा दिवड्ढो वा सत्तभागो तत्थ जहण्णेणं तं चेव भाणियव्वं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति।

**ભાવાર્થ :–** જ્યાં જઘન્ય $\frac{૨}{૭}$ ભાગ, $\frac{૩}{૭}$ ભાગ કે $\frac{૪}{૭}$ ભાગ અથવા અટ્ઠાવીસયા ભાગ કહ્યા છે, ત્યાં તે ભાગમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કહેવું જોઈએ અને ઉત્કૃષ્ટરૂપે એક સાગરોપમના તે જ ભાગ પરિપૂર્ણ રૂપે કહેવા જોઈએ. આ જ પ્રમાણે જ્યાં જઘન્યરૂપે $\frac{૧}{૭}$ કે $\frac{૧\frac{૧}{૨}}{૭}$ ભાગ છે, ત્યાં જઘન્યરૂપે તે જ ભાગમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સાગરોપમ કહેવા જોઈએ અને ઉત્કૃષ્ટરૂપે એક સાગરોપમના તે ભાગ પરિપૂર્ણ કહેવા જોઈએ.

**૧૦૭** जसोकित्ति-उच्चागोयाणं जहण्णेणं सागरोवमस्स एगं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति ।

**ભાવાર્થ :–** એકેન્દ્રિય જીવોને યશઃકીર્તિનામ અને ઊંચગોત્રનો બંધકાળ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક સાગરોપમના $\frac{૧}{૭}$ ભાગ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક સાગરોપમના $\frac{૧}{૭}$ ભાગ છે.

**૧૦૮** अंतराइयस्स णं भंते ! कम्मस्स एगिंदिया किं बंधति ? गोयमा ! जहा णाणावरणिज्जस्स *जाव* उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય જીવો કેટલી સ્થિતિનું અંતરાયકર્મ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ! તેનો જઘન્ય અને ઉત્કૃષ્ટ બંધકાળ જ્ઞાનાવરણીયકર્મ અનુસાર જાણવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં એકેન્દ્રિય જીવોની અપેક્ષાએ આઠ કર્મોની ઉત્તર પ્રકૃતિઓના સ્થિતિબંધનું કથન છે.

ચાર પ્રકારના બંધમાં સ્થિતિબંધ અને અનુભાગ બંધ કષાયના આધારે નિશ્ચિત થાય છે. એકેન્દ્રિય જીવોને એક જ ઈન્દ્રિય છે. મનનો અભાવ છે તેથી તેના કષાયના પરિણામો તીવ્રતમ થતા નથી. એકેન્દ્રિય જીવો એક સાગરોપમથી અધિક કાલની સ્થિતિના કર્મોનો બંધ કરતા નથી.

એકેન્દ્રિય જીવો મરીને નરક કે દેવગતિમાં જતાં નથી તેમ જ વિશેષ પ્રકારની પુણ્ય પ્રકૃતિનો બંધ કરી શકે તેવી તેની યોગ્યતા નથી, તેથી તે જીવો નરકાયુષ્ય, નરકગતિનામ, નરકાનુપૂર્વી(નરકત્રિક), દેવાયુષ્ય, દેવગતિનામ, દેવાનુપૂર્વી(દેવત્રિક) વૈક્રિયશરીરનામ, વૈક્રિય અંગોપાંગનામ(વૈક્રિયદ્વિક), આહારકશરીરનામ, આહારક અંગોપાંગનામ(આહારક દ્વિક), તીર્થંકરનામ, સમ્યક્ મોહનીય અને મિશ્ર મોહનીય તે તેર પ્રકૃતિનો બંધ કરતા નથી.

તેમને કુલ ૧૪૮ પ્રકૃતિ–૧૩ = ૧૩૫ પ્રકૃતિનો બંધ થાય છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

**એકેન્દ્રિય જીવોમાં આયુષ્યબંધ :–** એકેન્દ્રિય જીવો મરીને મનુષ્ય અને તિર્યંચગતિમાં જ જાય છે. એકેન્દ્રિય જીવો તે બંને ગતિમાં પણ ક્રોડપૂર્વવર્ષનું આયુષ્ય જ બાંધે છે, કારણ કે તે જીવો મરીને યુગલિક થતા નથી.

એકેન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૨,૦૦૦ વર્ષનું હોય છે. તેના બે ભાગ વ્યતીત થઈ જાય અને

ત્રીજો ભાગ શેષ રહે ત્યારે આયુષ્યનો બંધ થાય છે. ૨૨૦૦૦ વર્ષનો ત્રીજો ભાગ ૭૦૦૦ વર્ષ અને હજાર વર્ષનો ત્રીજો ભાગ થાય. ત્યારે કોઈ જીવ ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વવર્ષના આયુષ્યનો બંધ કરે. ત્યારે એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ આયુષ્ય બંધ ૭૦૦૦ વર્ષ + ૧૦૦૦ વર્ષનો ત્રીજો ભાગ + ક્રોડપૂર્વવર્ષનો થાય છે.

**બેઈન્દ્રિયોમાં કર્મોનો સ્થિતિબંધ :-**

**१०९ बेइंदिया णं भंते ! जीवा णाणावरणिज्जस्स कम्मस्स किं बंधंति ? गोयमा ! जहण्णेणं सागरोवमपणुवीसाए तिण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणया, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति । एवं णिद्दापंचगस्स वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઈન્દ્રિય જીવો કેટલી સ્થિતિનું જ્ઞાનાવરણીયકર્મ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન પચીસ સાગરોપમના $\frac{3}{7}$ ભાગ અને ઉત્કૃષ્ટ તે જ પરિપૂર્ણ અર્થાત્ ૨૫ સાગરોપમના $\frac{3}{7}$ ભાગનું બાંધે છે. આ રીતે નિદ્રાપંચક(નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલા-પ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિ)ની સ્થિતિના વિષયમાં પણ જાણવું જોઈએ.

**११० एवं जहा एगिंदियाणं भणियं तहा बेइंदियाण वि भाणियव्वं, णवरं– सागरोवम-पणुवीसाए सह भाणियव्वा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणा, सेसं तं चेव, जत्थ एगिंदिया ण बंधंति तत्थ एते वि ण बंधंति ।**

**ભાવાર્થ :–** જે રીતે એકેન્દ્રિય જીવોમાં સ્થિતિ બંધનું કથન કર્યું છે, તે જ રીતે બેઈન્દ્રિય જીવોમાં પણ સ્થિતિ બંધનું કથન કરવું જોઈએ. જે પ્રકૃતિઓને એકેન્દ્રિય જીવો બાંધતા નથી, તે પ્રકૃતિઓને બેઈન્દ્રિય જીવો પણ બાંધતા નથી. વિશેષતા એ છે કે એકેન્દ્રિયમાં ૧ સાગરોપમ સાથે જે કથન છે તેને અહીં બેઈન્દ્રિયમાં ૨૫ સાગરોપમ સાથે કથન કરવું જોઈએ.

**१११ बेइंदिया णं भंते ! जीवा मिच्छत्तवेयणिज्जस्स किं बंधंति ? गोयमा ! जहण्णेणं सागरोवमपणुवीसं पलिओवमस्स असंखिज्जइभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઈન્દ્રિય જીવો કેટલી સ્થિતિનું મિથ્યાત્વ વેદનીય(મોહનીય)કર્મ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન પચીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ પચીસ સાગરોપમની સ્થિતિ બાંધે છે.

**११२ तिरिक्खजोणियाउअस्स जहण्णेण अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडिं चउहिं वासेहिं अहियं बंधंति । एवं मणुयाउअस्स वि । सेसं जहा एगिंदियाणं** *जाव* **अंतराइयस्स ।**

**ભાવાર્થ :–** બેઈન્દ્રિય જીવો તિર્યંચાયુનો બંધ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ચાર વર્ષ અધિક ક્રોડપૂર્વવર્ષની સ્થિતિનો કરે છે. આ જ રીતે મનુષ્યાયુનું પણ કથન કરવું જોઈએ. શેષ સર્વ કથન અંતરાયકર્મ સુધી એકેન્દ્રિયોના સ્થિતિબંધની સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં બેઇન્દ્રિય જીવોમાં સ્થિતિ બંધનું કથન છે.

બેઇન્દ્રિય જીવોનો કર્મબંધકાળ એકેન્દ્રિય જીવો કરતાં પચીસગુણો વધારે હોય છે, જેમ કે– એકેન્દ્રિયના જ્ઞાનાવરણીય કર્મનો બંધકાળ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક સાગરોપમના ૩/૭ ભાગનો છે, જ્યારે બેઇન્દ્રિયનો જઘન્ય બંધકાળ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન પચીસ સાગરોપમના ૩/૭ ભાગનો છે. આ રીતે પ્રત્યેક કર્મ પ્રકૃતિમાં પચીસ ગુણો અધિક સ્થિતિબંધ થાય છે. જે કર્મ પ્રકૃતિઓનો બંધ એકેન્દ્રિય કરતા નથી, તે કર્મ પ્રકૃતિઓને બેઇન્દ્રિય જીવો પણ બાંધતા નથી.

**બેઇન્દ્રિયમાં આયુષ્યબંધ :–** બેઇન્દ્રિય જીવ મરીને સંખ્યાતવર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચ જ થાય છે. બેઇન્દ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાર વર્ષનું છે તેનો ત્રીજો ભાગ શેષ રહે ત્યારે અર્થાત્ ચાર વર્ષ શેષ રહે ત્યારે કોઈ બેઇન્દ્રિય જીવ ક્રોડપૂર્વનું આયુષ્ય બાંધે, તો તેના આયુષ્યનો ઉત્કૃષ્ટ બંધ ચાર વર્ષ અધિક ક્રોડપૂર્વ વર્ષનો થાય છે.

**તેઇન્દ્રિયોમાં કર્મોનો સ્થિતિબંધ :–**

**११३ तेइंदिया णं भंते ! जीवा णाणावरणिज्जस्स कम्मस्स किं बंधंति ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमपण्णासाए तिण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणया, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति । एवं जस्स जइ भागा ते तस्स सागरोवमपण्णासाए सह भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેઇન્દ્રિય જીવો કેટલી સ્થિતિનું જ્ઞાનાવરણીયકર્મ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન પચાસ સાગરોપમના ૩/૭ ભાગ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ ૫૦ સાગરોપમના ૩/૭ ભાગનું બાંધે છે. આ રીતે જેના જેટલા ભાગ છે, તે પચાસ સાગરોપમ સહિત કહેવા જોઈએ.

**११४ तेइंदिया णं मिच्छत्तवेयणिज्जस्स कम्मस्स किं बंधंति ? गोयमा ! जहण्णेणं सागरोवम-पण्णासं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેઇન્દ્રિય જીવો કેટલી સ્થિતિનું મિથ્યાત્વવેદનીયકર્મ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન પચાસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ પચાસ સાગરોપમનો બંધ કરે છે.

**११५ तिरिक्खजोणियाउयस्स जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडिं सोलसहिं राइंदिएहिं राइंदियतिभागेण य अहियं बंधंति । एवं मणुस्साउयस्स वि । सेसं जहा बेइंदियाणं** *जाव* **अंतराइयस्स ।**

**ભાવાર્થ :–** તેઇન્દ્રિય જીવો તિર્યંચાયુનો જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સોળ અહોરાત્ર તથા એક

અહોરાત્રનો ત્રીજો ભાગ અધિક ક્રોડપૂર્વવર્ષનો બંધ કરે છે. આ રીતે મનુષ્યાયુનો બંધકાળ પણ જાણવો. શેષ સર્વ કથન અંતરાય કર્મ સુધી બેઇન્દ્રિયોના બંધકાળની સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં તેઇન્દ્રિય જીવોમાં કર્મોની સ્થિતિબંધનું નિરૂપણ છે.

જીવને ક્રમશઃ એક એક ઇન્દ્રિયની પ્રાપ્તિ અધિક થાય છે તેમ તેમ તેના સ્થિતિબંધની ક્ષમતા વધતી જાય છે. તેઇન્દ્રિય જીવનો સ્થિતિબંધ એકેન્દ્રિયોના સ્થિતિબંધથી પચાસ ગુણો અધિક હોય છે. શેષ કથન એકેન્દ્રિયોની સમાન છે.

તેઇન્દ્રિયો પણ ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વવર્ષનું આયુષ્ય બાંધે છે, તેથી સ્વયંની સ્થિતિનો(૪૯ અહોરાત્રિનો) ત્રીજો ભાગ અધિક ક્રોડપૂર્વવર્ષનો આયુષ્યબંધ કરે છે.

**ચૌરેન્દ્રિયોમાં કર્મોનો સ્થિતિબંધ :–**

**११६ चउरिंदिया णं भंते ! जीवा णाणावरणिज्जस्स कम्मस्स किं बंधंति ?**

**गोयमा ! जहण्णेणं सागरोवमसयस्स तिण्णि सत्तभागे पलिओवमस्स असंखेज्जइ-भागेणं ऊणए, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति । एवं जस्स जइ भागा ते तस्स सागरोवमसएण सह भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચૌરેન્દ્રિય જીવો કેટલી સ્થિતિનું જ્ઞાનાવરણીયકર્મ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સો સાગરોપમના $\frac{3}{7}$ ભાગ અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ સો (૧૦૦) સાગરોપમના $\frac{3}{7}$ ભાગનો બંધ કરે છે.

**११७ तिरिक्खजोणियाउयस्स कम्मस्स जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडिं दोहिं मासेहिं अहियं । एवं मणुस्साउयस्स वि ।**

**ભાવાર્થ :–** તિર્યંચાયુકર્મનો બંધકાળ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બે માસ અધિક ક્રોડપૂર્વ વર્ષનો છે. આ જ રીતે મનુષ્યાયુબંધનો કાળ પણ જાણવો જોઈએ.

**११८ सेसं जहा बेइंदियाणं । णवरं– मिच्छत्तवेयणिज्जस्स जहण्णेणं सागरोवमसयं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति । सेसं जहा बेइंदियाणं** *जाव* **अंतराइयस्स ।**

**ભાવાર્થ :–** શેષ કથન બેઇન્દ્રિય જીવોની સમાન જાણવું જોઈએ. વિશેષતા એ છે કે મિથ્યાત્વવેદનીય (મોહનીય)કર્મનો બંધ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સો(૧૦૦) સાગરોપમ અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ સો સાગરોપમનો કરે છે. શેષ સંપૂર્ણ કથન અંતરાયકર્મ સુધી બેઇન્દ્રિયોની સમાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચૌરેન્દ્રિય જીવોમાં કર્મોની સ્થિતિ બંધનું નિરૂપણ છે. ચૌરેન્દ્રિય જીવોનો બંધકાળ એકેન્દ્રિય કરતાં સો(૧૦૦) ગુણો અધિક હોય છે. શેષ કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

**અસંજ્ઞી(તિર્યંચ) પંચેન્દ્રિયોમાં કર્મોનો સ્થિતિબંધ :–**

**११९ असण्णी णं भंते ! जीवा पंचेंदिया णाणावरणिज्जस्स कम्मस्स किं बंधंति?**

**गोयमा ! जहण्णेणं सागरोवमसहस्सस्स तिण्णि सत्तभागे पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणए, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति । एवं सो चेव गमो जहा बेइंदियाणं, णवरं– सागरोवमसहस्सेण समं भाणियव्वा जस्स जति भाग त्ति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવો કેટલી સ્થિતિનું જ્ઞાનાવરણીયકર્મ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક હજાર સાગરોપમના $\frac{3}{7}$ ભાગ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક હજાર સાગરોપમના $\frac{3}{7}$ ભાગનો બંધ કરે છે. આ રીતે બેઇન્દ્રિયના સ્થિતિબંધની સમાન સર્વ કથન જાણવું જોઈએ, તેમાં વિશેષતા એ છે કે એકેન્દ્રિયમાં જે કર્મનો જેટલો ભાગ હોય, તેનો તેટલો જ ભાગ એક હજાર સાગરોપમથી ગુણિત કરીને કહેવા જોઈએ.

**१२० मिच्छत्तवेयणिज्जस्स जहण्णेणं सागरोवमसहस्सं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं ।**

**ભાવાર્થ :–** અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મિથ્યાત્વવેદનીયકર્મનો જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક હજાર સાગરોપમ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક હજાર સાગરોપમનો બંધ કરે છે.

**१२१ णेरइयाउयस्स जहण्णेणं दस वाससहस्साइं अंतोमुहुत्तब्भहियाइं, उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागं पुव्वकोडितिभागब्भहियं बंधंति ।**

**एवं तिरिक्खजोणियाउयस्स वि, णवरं– जहण्णेणं अंतोमुहुत्तं । एवं मणुस्साउयस्स वि । देवाउयस्स जहा णेरइयाउयस्स ।**

**ભાવાર્થ :–** અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય નરકાયુષ્યકર્મનો બંધ જઘન્ય અંતર્મુહૂર્ત અધિક દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષનો ત્રીજો ભાગ અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો કરે છે.

આ જ રીતે તિર્યંચાયુનો પણ ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષનો ત્રીજો ભાગ અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો બંધ કરે છે, પરંતુ તેમાં જઘન્ય અંતર્મુહૂર્તનો બંધ છે. તિર્યંચાયુ પ્રમાણે મનુષ્યાયુના વિષયમાં પણ જાણવું જોઈએ. દેવાયુનો બંધ નરકાયુની સમાન જાણવો જોઈએ.

**१२२ असण्णी णं भंते ! जीवा पंचिदिया णिरयगइ णामाए कम्मस्स किं बंधंति ? गोयमा ! जहण्णेणं सागरोवमसहस्सस्स दो सत्तभागे पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणाए, उक्कोसेणं ते चेव पडिपुण्णे ।**

**एवं तिरियगईए वि । मणुयगइणामए वि एवं चेव, णवरं– जहण्णेणं सागरोवमसहस्सस्स दिवड्ढं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય કેટલી સ્થિતિનું નરકગતિનામકર્મ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક હજાર સાગરોપમના $\frac{૨}{૭}$ ભાગ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક હજાર સાગરોપમના $\frac{૨}{૭}$ ભાગનો બંધ કરે છે.

આ જ રીતે તિર્યંચગતિનામકર્મ બંધના વિષયમાં જાણવું જોઈએ. મનુષ્યગતિનામકર્મ બંધના વિષયમાં પણ આ જ પ્રમાણે જાણવું જોઈએ. તેમાં વિશેષતા એ છે કે મનુષ્યગતિનો બંધ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક હજાર સાગરોપમના $\frac{૧\frac{૧}{૨}}{૭}$ ભાગ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક હજાર સાગરોપમના $\frac{૧\frac{૧}{૨}}{૭}$ ભાગનો કરે છે.

**૧૨૩ एवं देवगइणामए वि, णवरं– जहण्णेणं सागरोवमसहस्सस्स एगं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं ।**

**ભાવાર્થ :–** આ રીતે દેવગતિનામકર્મના બંધના વિષયમાં જાણવું, પરંતુ તેમાં વિશેષતા એ છે કે દેવગતિનો જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક હજાર સાગરોપમના $\frac{૧}{૭}$ ભાગ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક હજાર સાગરોપમના $\frac{૧}{૭}$ ભાગનો બંધ કરે છે.

**૧૨૪ वेउव्वियसरीरणामए पुच्छा ? गोयमा ! जहण्णेणं सागरोवमसहस्सस्स दो सत्तभागे पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणए, उक्कोसेणं तं चेव पडिपुण्णे बंधंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય કેટલી સ્થિતિનું વૈક્રિયશરીરનામકર્મ બાંધે છે?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક હજાર સાગરોપમના $\frac{૨}{૭}$ ભાગ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક હજાર સાગરોપમના $\frac{૨}{૭}$ ભાગનો બંધ કરે છે.

**૧૨૫ सम्मत्त-सम्मामिच्छत्त-आहारगसरीरणामए तित्थगरणामए य ण किंचि बंधंति।**

**अवसिट्ठं जहा बेइंदियाणं णवरं जस्स जत्तिया भागा तस्स ते सागरोवमसहस्सेणं सह भाणियव्वा । सव्वेसिं आणुपुव्वीए *जाव* अंतराइयस्स ।**

**ભાવાર્થ :–** અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય સમ્યક્ત્વમોહનીય, મિશ્ર મોહનીય, આહારક શરીરનામકર્મ અને તીર્થંકરનામકર્મનો બંધ કરતાં નથી.

શેષ કર્મ પ્રકૃતિઓનો બંધકાળ બેઇન્દ્રિય જીવોના સ્થિતિબંધની સમાન જાણવો. તેમાં વિશેષતા એ છે કે જેના જેટલા ભાગ છે તે બધા એક હજાર સાગરોપમ સહિત કહેવા જોઈએ. આ રીતે અનુક્રમથી ***યાવત્*** અંતરાયકર્મ સુધી સર્વ કર્મપ્રકૃતિઓનો યથાયોગ્ય બંધકાળ કહેવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં સ્થિતિબંધનું નિરૂપણ છે.

અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયનું સર્વ કથન બેઇન્દ્રિય સમાન છે પરંતુ તે ઉત્કૃષ્ટ એક હજાર સાગરોપમની સ્થિતિના કર્મો બાંધે છે, તેથી તેના જઘન્ય–ઉત્કૃષ્ટ બંધકાળમાં જેટલા ભાગનું કથન છે તે સર્વ એક હજાર સાગરોપમ સહિત કહેવું જોઈએ.

**અસંજ્ઞી પંચેન્દ્રિયમાં આયુષ્ય બંધ :–** અસંજ્ઞી પંચેન્દ્રિય ચારે ગતિનું આયુષ્ય બાંધે છે. તે જીવ પ્રથમ નરકના નારકીનું, ભવનપતિ કે વાણવ્યંતર દેવનું આયુષ્ય બાંધે, તો જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય બાંધે છે.

અસંજ્ઞી તિર્યંચ મરીને છપ્પન અંતર્દ્વીપના યુગલિકમાં પણ જઈ શકે છે તેથી મનુષ્ય કે તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધે, તો જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય બાંધે છે. આ રીતે અસંજ્ઞી પંચેન્દ્રિય ચારે ગતિમાં ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય બાંધે છે. અસંજ્ઞી પંચેન્દ્રિયનું વર્તમાન ભવનું આયુષ્ય ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષનું છે. તેનો ત્રીજો ભાગ શેષ રહે ત્યારે આયુષ્યનો બંધ કરે તો તેના આયુષ્ય કર્મનો બંધ ક્રોડપૂર્વવર્ષનો ત્રીજો ભાગ અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો થાય છે.

**સંજ્ઞી પંચેન્દ્રિયોમાં કર્મોનો સ્થિતિબંધ :–**

**१२६ सण्णी णं भंते ! जीवा पंचेंदिया णाणावरणिज्जस्स कम्मस्स किं बंधंति ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तीसं सागरोवमकोडाकोडीओ, तिण्णि य वाससहस्साइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંજ્ઞી પંચેન્દ્રિયો કેટલી સ્થિતિનું જ્ઞાનાવરણીયકર્મ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમનો બંધ કરે છે. તેનો અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**१२७ सण्णी णं भंते ! पंचेंदिया णिद्दापंचगस्स कम्मस्स किं बंधंति ?**

**गोयमा ! जहण्णेणं अंतोसागरोवमकोडाकोडीओ; उक्कोसेणं तीसं सागरोवम-कोडाकोडीओ, तिण्णि य वाससहस्साइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो।**

**दंसणचउक्कस जहा णाणावरणिज्जस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંજ્ઞી પંચેન્દ્રિયો કેટલી સ્થિતિનું નિદ્રાપંચક કર્મ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતઃક્રોડાક્રોડી સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમનું બાંધે છે. તેનો અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

સંજ્ઞી પંચેન્દ્રિયમાં દર્શન ચતુષ્કનો બંધકાળ જ્ઞાનાવરણીયકર્મના બંધકાળની સમાન છે.

**१२८ सायावेयणिज्जस्स जहा ओहिया ठिई भणिया तहेव भाणियव्वा इरियावहिय-बंधयं पडुच्च संपराइयबंधयं च । असायावेयणिज्जस्स जहा णिद्दापंचगस्स ।**

**ભાવાર્થ :–** શાતાવેદનીયકર્મનો બંધકાળ તેની ઔઘિક સ્થિતિ અનુસાર જાણવો જોઈએ. ઈર્યાપથિકબંધ અને સાંપરાયિકબંધની અપેક્ષાએ શાતાવેદનીયનો બંધકાળ પૃથક્-પૃથક્ જાણવો જોઈએ.

સંજ્ઞી પંચેન્દ્રિયનો અશાતાવેદનીયનો બંધકાળ નિદ્રાપંચકની સમાન જાણવો જોઈએ.

**१२९ सम्मत्तवेयणिज्जस्स सम्मामिच्छत्तवेयणिज्जस्स य जा ओहिया ठिई भणिया तं बंधंति ।**

**ભાવાર્થ :–** સંજ્ઞી પંચેન્દ્રિયમાં સમ્યક્‌વેદનીય(મોહનીય) અને મિશ્ર વેદનીય(મોહનીય) કર્મનો બંધ તેની ઔધિક સ્થિતિ અનુસાર જાણવો.

**१३० मिच्छत्तवेयणिज्जस्स जहण्णेणं अंतोसागरोवमकोडाकोडीओ, उक्कोसेणं सत्तरिं सागरोवमकोडाकोडीओ, सत्त य वाससहस्साइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :–** સંજ્ઞી પંચેન્દ્રિયમાં મિથ્યાત્વવેદનીયનો બંધ જઘન્ય અંતઃક્રોડાક્રોડી સાગરોપમ અને ઉત્કૃષ્ટ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમનો છે. તેનો અબાધાકાળ સાત હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**१३१ कसायबारसगस्स जहण्णेणं एवं चेव, उक्कोसेणं चत्तालीसं सागरोवमकोडाकोडीओ; चत्तालीस य वाससहस्साइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो।**

**ભાવાર્થ :–** કષાય દ્વાદશ(અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિ બાર કષાય)નો બંધકાળ જઘન્ય અંતઃક્રોડાક્રોડી સાગરોપમ અને ઉત્કૃષ્ટ ચાલીશ ક્રોડાક્રોડી સાગરોપમનો છે. તેનો અબાધાકાળ ચાલીશ હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**१३२ कोह-माण-माया-लोभसंजलणाए य दो मासा, मासो, अद्धमासो अंतोमुहुत्तो, एयं जहण्णगं; उक्कोसगं पुण जहा कसायबारसगस्स ।**

**ભાવાર્થ :–** સંજ્ઞી પંચેન્દ્રિયમાં સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભનો જઘન્ય બંધ ક્રમશઃ બે માસ, એક માસ, અર્ધમાસ તથા અંતર્મુહૂર્તનો છે અને ઉત્કૃષ્ટ બંધકાળ બાર કષાયની સમાન છે.

**१३३ चउण्ह वि आउयाणं जा ओहिया ठिई भणिया तं बंधंति ।**

**ભાવાર્થ :–** સંજ્ઞી પંચેન્દ્રિયમાં ચારે પ્રકારના આયુષ્ય કર્મનો બંધ તેની સમુચ્ચય બંધ સ્થિતિની સમાન છે.

**१३४ आहारगसरीरस्स तित्थगरणामए य जहण्णेणं अंतोसागरोवम-कोडाकोडीओ; उक्कोसेणं वि अंतोसागरोवमकोडाकोडीओ बंधंति ।**

**ભાવાર્થ :–** સંજ્ઞી પંચેન્દ્રિય આહારક શરીર અને તીર્થંકર નામકર્મનો બંધ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતઃ ક્રોડાક્રોડી સાગરોપમનો કરે છે.

**१३५ पुरिसवेयस्स जहण्णेणं अट्ठ संवच्छराइं, उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ; दस य वाससयाइं अबाहा, अबाहूणिया कम्मठिई कम्मणिसेगो ।**

**ભાવાર્થ :–** સંજ્ઞી પંચેન્દ્રિય પુરુષ વેદનો બંધ જઘન્ય આઠ વર્ષ અને ઉત્કૃષ્ટ દશ ક્રોડાક્રોડી સાગરોપમનો

કરે છે. તેનો અબાધાકાળ એક હજાર વર્ષનો છે તથા સંપૂર્ણ કર્મ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં શેષ કર્મનિષેકનો કાળ છે.

**१३६ जसोकित्तिणामए उच्चागोयस्स य एवं चेव, णवरं– जहण्णेणं अट्ठमुहुत्ता।**

**ભાવાર્થ :–** સંજ્ઞી પંચેન્દ્રિયમાં યશઃકીર્તિ નામકર્મનો અને ઊંચગોત્રનો બંધ પણ પુરુષવેદ પ્રમાણે જાણવો જોઈએ. વિશેષતા એ છે કે અહીં સંજ્ઞી પંચેંદ્રિય જીવોનો જઘન્ય સ્થિતિબંધ આઠ મુહૂર્તનો છે.

**१३७ अंतराइयस्स जहा णाणावरणिज्जस्स ।**

**ભાવાર્થ :–** સંજ્ઞી પંચેન્દ્રિયને અંતરાયકર્મનો બંધકાળ જ્ઞાનાવરણીયકર્મના બંધકાળની સમાન છે.

**१३८ सेसेसु सव्वेसु ठाणेसु संघयणेसु संठाणेसु वण्णेसु गंधेसु य जहण्णेणं अंतो-सागरोवम- कोडाकोडीओ, उक्कोसेणं जा जस्स ओहिया ठिई भणिया तं बंधंति, णवरं इमं णाणत्तं– अबाहा अबाहूणिया ण वुच्चइ । एवं आणुपुव्वीए सव्वेसिं** *जाव* **अंतराइयस्स ताव भाणियव्वं ।**

**ભાવાર્થ :–** સંજ્ઞી પંચેન્દ્રિયને શેષ સંહનન, સંસ્થાન, વર્ણ, ગંધનામકર્મ વગેરે સર્વ પ્રકૃતિનો બંધકાળ જઘન્ય અંતઃક્રોડાક્રોડી સાગરોપમ અને ઉત્કૃષ્ટ તે-તે કર્મ પ્રકૃતિની સમુચ્ચય સ્થિતિ પ્રમાણે જાણવો. વિશેષતા એ છે કે તેનો અબાધાકાળ અને અબાધાકાળન્યૂન કર્મ નિષેકકાળનું કથન ન કરવું જોઈએ.

આ રીતે અનુક્રમથી અંતરાય કર્મ સુધી સ્થિતિબંધકાળ જાણવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંજ્ઞી પંચેન્દ્રિયોમાં સ્થિતિબંધનું પ્રતિપાદન છે.

સંજ્ઞી પંચેન્દ્રિયોને ઇન્દ્રિય અને મનની પરિપૂર્ણતા હોવાથી તે જીવો કર્મોનો ઉત્કૃષ્ટ બંધ કરી શકે છે. તેમજ અધ્યાત્મવિકાસના પ્રભાવે કેટલીક કર્મપ્રકૃતિઓનો જઘન્ય બંધ પણ કરી શકે છે.

સંજ્ઞી પંચેન્દ્રિય જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કે અંતરાયકર્મનો જઘન્ય અંતર્મુહૂર્તનો બંધ, તેના બંધ વિચ્છેદના ચરમ સમયે કરે છે. જ્ઞાનાવરણીયાદિ કર્મોનો બંધ દશમા ગુણસ્થાન સુધી થાય છે. ક્ષપક કે ઉપશમ શ્રેણીને પ્રાપ્ત થયેલા દશમા ગુણસ્થાનના અંતિમ સમયવર્તી જીવોના અધ્યવસાય વિશુદ્ધ હોય છે. તે જીવ સૂક્ષ્મ લોભના પણ અંતિમ દલિકોનું જ વેદન કરી રહ્યા હોય છે. તે જીવોને કષાયની માત્રા નહીંવત્ હોવાથી અત્યંત અલ્પતમ સ્થિતિનો કર્મબંધ કરે છે, તેથી જ્ઞાનાવરણીયાદિ કર્મોનો જઘન્ય બંધ દસમા ગુણસ્થાનના અંતિમ સમયે છે.

સંજ્ઞી પંચેન્દ્રિયમાં નરક, દેવ અને તિર્યંચ ગતિમાં એકપણ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થતો નથી. તે ત્રણે ગતિના જીવો બધી પ્રકૃતિઓનો જઘન્ય અંતઃક્રોડાક્રોડી સાગરોપમનો બંધ કરે છે અને ઉત્કૃષ્ટ સમુચ્ચય સ્થિતિની સમાન બંધ કરે છે. મનુષ્ય, સમુચ્ચય કર્મોની સ્થિતિમાં જે-જે કર્મ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત, બાર મુહૂર્ત, આઠ મુહૂર્ત કે આઠ વર્ષ આદિ છે, તેટલો જઘન્ય બંધ કરે છે અને જે પ્રકૃતિનો જઘન્ય બંધ સાગરોપમ પ્રમાણ છે તે પ્રકૃતિનો અંતઃક્રોડાક્રોડી સાગરોપમનો બંધ કરે છે અને ઉત્કૃષ્ટબંધ સમુચ્ચય સ્થિતિની સમાન છે.

**એકેન્દ્રિયથી પંચેન્દ્રિયોમાં આઠે કર્મોનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ :–**

| કર્મ | સમુચ્ચ જીવ તથા સંજ્ઞી પંચેન્દ્રિય | એકેન્દ્રિય | બેઇન્દ્રિય | તેઇન્દ્રિય | ચૌરેન્દ્રિય | અસંજ્ઞી પંચેન્દ્રિય |
|---|---|---|---|---|---|---|
| **૧.** જ્ઞાનાવરણીય | ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ | એક સાગરોપમના સાતિયા ત્રણ ભાગ | ૨૫ સાગરોપમના સાતિયા ત્રણ ભાગ | ૫૦ સાગરોપમના સાતિયા ત્રણ ભાગ | ૧૦૦ સાગરોપમના સાતિયા ત્રણ ભાગ | ૧૦૦૦ સાગરોપમના સાતિયા ત્રણ ભાગ |
| ૨. દર્શનાવરણીય | " " " | " " " | " " " | " " " | " " " | " " " |
| ૩. વેદનીય- શાતા વેદનીય | ૧૫ ક્રોડાક્રોડી સાગરોપમ | એક સાગરોપમના દોઢ સાતિયા ભાગ | ૨૫ સાગરોપમના દોઢ સાતિયા ભાગ | ૫૦ સાગરોપમના દોઢ સાતિયા ભાગ | ૧૦૦ સાગરોપમના દોઢ સાતિયા ભાગ | ૧૦૦૦ સાગરોપમના દોઢ સાતિયા ભાગ |
| અશાતા વેદનીય | ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ | એક સાગરોપમના સાતિયા ત્રણ ભાગ | ૨૫ સાગરોપમના સાતિયા ત્રણ ભાગ | ૫૦ સાગરોપમના સાતિયા ત્રણ ભાગ | ૧૦૦ સાગરોપમના સાતિયા ત્રણ ભાગ | ૧૦૦૦ સાગરોપમના સાતિયા ત્રણ ભાગ |
| ૪ મોહનીય | ૭૦ ક્રો૰ ક્રો૰ સાગરો૰ | ૧ સાગરોપમ | ૨૫ સાગરોપમ | ૫૦ સાગરોપમ | ૧૦૦ સાગરોપમ | ૧૦૦૦ સાગરોપમ |
| ૫. આયુષ્ય | ૩૩ સાગરોપમ | ૭૦૦૦ વર્ષ તથા ૧૦૦૦ વર્ષનો ત્રીજો ભાગ અધિક ક્રોડપૂર્વ | ૪ વર્ષ અધિક ક્રોડપૂર્વ વર્ષ | ૧૬–૧/૩ આહોરાત્ર અધિક ક્રોડપૂર્વ વર્ષ | બે માસ અધિક ક્રોડપૂર્વ વર્ષ | ક્રોડપૂર્વનો ત્રીજો ભાગ અધિક પલ્યો.નો અસંખ્યાતમો ભાગ |
| ૬-૭નામ-ગોત્ર | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ | ૧ સાગરોપમના સાતિયા બે ભાગ | ૨૫ સાગરોપમના સાતિયા બે ભાગ | ૫૦ સાગરોપમના સાતિયા બે ભાગ | ૧૦૦ સાગરોપમના સાતિયા બે ભાગ | ૧૦૦૦ સાગરોપમના સાતિયા બે ભાગ |
| ૮ અંતરાય | ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ | ૧ સાગરોપમના સાતિયા ત્રણ ભાગ | ૨૫ સાગરોપમના સાતિયા ત્રણ ભાગ | ૫૦ સાગરોપમના સાતિયા ત્રણ ભાગ | ૧૦૦ સાગરોપમના સાતિયા ત્રણ ભાગ | ૧૦૦૦ સાગરોપમના સાતિયા ત્રણ ભાગ |

★ એકેન્દ્રિય જીવો ઉત્કૃષ્ટ ૧ સાગરોપમની સ્થિતિનો કર્મબંધ કરે, બેઇન્દ્રિય તેનાથી ૨૫ ગુણો, તેઇન્દ્રિય ૫૦ ગુણો, ચૌરેન્દ્રિય ૧૦૦ ગુણો અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો ૧૦૦૦ ગુણો અર્થાત્ ૧૦૦૦ સાગરોપમની સ્થિતિનો કર્મબંધ કરી શકે છે.

★ એકેન્દ્રિયથી અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય સુધીના જીવોમાં જઘન્ય બંધકાલ પોત–પોતાના ઉત્કૃષ્ટ બંધકાલથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન છે.

★ **સંજ્ઞી પંચેન્દ્રિયમાં–** નારકી, દેવતા અને સંજ્ઞી તિર્યંચ– સર્વ પ્રકૃતિઓનો જઘન્ય અંતઃક્રોડાક્રોડી સાગરોપમનો બંધ કરે છે.

★ **મનુષ્ય–** જે જે કર્મોની સ્થિતિ અંતર્મુહૂર્ત આદિ પ્રમાણ છે, તે-તે પ્રકૃતિનો તેટલો બંધ કરે અને જે કર્મની જઘન્ય સ્થિતિ સાગરોપમની ગણનામાં છે તેનો અંતઃક્રોડાક્રોડી સાગરોપમનો બંધ કરે છે.

**કર્મોના જઘન્ય સ્થિતિબંધકોની પ્રરૂપણા :–**

**१३९** णाणावरणिज्जस्स णं भंते ! कम्मस्स जहण्णठिइबंधए के ?

**गोयमा ! अण्णयरे सुहुमसंपराए उवसामए वा खवए वा, एस णं गोयमा! णाणावरणिज्जस्स कम्मस्स जहण्णठिइबंधए, तव्वइरित्ते अजहण्णे । एवं एएणं अभिलावेणं मोहाउयवज्जाणं सेसकम्माणं भाणियव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મના જઘન્ય સ્થિતિબંધક કોણ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દસમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનવર્તી ઉપશામક કે ક્ષપક કોઈ પણ જીવ જ્ઞાનાવરણીયકર્મની જઘન્ય સ્થિતિના બંધક હોય છે. તેનાથી ભિન્ન જીવો અજઘન્ય એટલે મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિના બંધક હોય છે. એવી જ રીતે મોહનીય અને આયુષ્યકર્મને છોડીને શેષ સર્વ કર્મોની જઘન્ય સ્થિતિના બંધક દસમા ગુણસ્થાનવર્તી જીવો હોય છે.

**१४०** मोहणिज्जस्स णं भंते ! कम्मस्स जहण्णठिइबंधए के ?

**गोयमा ! अण्णयरे बायरसंपराए उवसामए वा खवए वा, एस णं गोयमा! मोहणिज्जस्स कम्मस्स जहण्णठिइबंधए, तव्वइरित्ते अजहण्णे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મોહનીયકર્મના જઘન્ય સ્થિતિબંધક કોણ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નવમા અનિવૃત્તિ બાદર ગુણસ્થાનવર્તી બાદર સંપરાયના ઉપશામક કે ક્ષપક કોઈ પણ જીવ મોહનીયકર્મની જઘન્ય સ્થિતિનો બંધક હોય છે. તેનાથી ભિન્ન જીવો અજઘન્ય સ્થિતિના બંધક હોય છે.

**१४१** आउयस्स णं भंते ! कम्मस्स जहण्णठिइबंधए के ?

**गोयमा ! जे णं जीवे असंखेप्पद्धप्पविट्ठे सव्वणिरुद्धे से आउए, सेसे सव्वमहंतीए आउयबंधद्धाए, तीसे णं आउयबंधद्धाए चरिमकालसमयंसि सव्वजहण्णियं ठिइं पज्जत्ता-पज्जत्तियं णिव्वत्तेइ । एस णं गोयमा ! आउयकम्मस्स जहण्णठिइबंधए, तव्वइरित्ते अजहण्णे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આયુષ્યકર્મના જઘન્ય સ્થિતિબંધક કોણ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે જીવ અસંક્ષેપ્ય અદ્ધાપ્રવિષ્ટ છે અર્થાત્ જેના આયુષ્યના ત્રીજા ભાગાદિથી સંક્ષેપ થઈ ન શકે તેટલું માત્ર આયુષ્ય શેષ રહ્યું હોય, જે સર્વનિરુદ્ધ એટલે આયુષ્યબંધના અંતિમ જઘન્ય કાળમાં વર્તતા હોય, તે જીવ પર્યાપ્ત અને અપર્યાપ્તરૂપ સર્વથી જઘન્ય સ્થિતિ બાંધે છે. હે ગૌતમ ! આ આયુષ્યકર્મનો જઘન્ય સ્થિતિબંધક હોય છે, તેનાથી અન્ય જીવો અજઘન્ય સ્થિતિબંધક હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં આઠ કર્મોના જઘન્ય સ્થિતિબંધક જીવોનું કથન છે.

**જઘન્ય સ્થિતિ બંધક :–** કોઈ પણ કર્મોનો જઘન્ય સ્થિતિબંધ તેના બંધવિચ્છેદ સમયે થાય છે. મોહનીય અને આયુષ્યકર્મને છોડીને શેષ(જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, નામ, ગોત્ર અને સાંપરાયિક વેદનીય) કર્મોનો બંધ વિચ્છેદ દશમા ગુણસ્થાને થાય છે, તેથી દશમા ગુણસ્થાને તે-તે કર્મોની જઘન્ય સ્થિતિનો બંધ થાય છે. આગમ પાઠ અનુસાર દશમા ગુણસ્થાને વર્તતા ઉપશામક અને ક્ષપક બંને પ્રકારના જીવો જ્ઞાનાવરણીયાદિ કર્મોનો જઘન્ય સ્થિતિબંધ કરે છે. અધ્યવસાયની તરતમતાના આધારે તેના અનુભાગ બંધમાં તરતમતા હોઈ શકે છે.

કર્મગ્રંથાનુસાર દશમાગુણસ્થાનવર્તી ઉપશામક અને ક્ષપક જીવોના પરિણામોની વિશુદ્ધિમાં તરતમતા હોવાથી ક્ષપક જીવો ૧૨ મુહૂર્તનો બંધ કરે, શ્રેણી ચઢતા ઉપશામક જીવો ૨૪ મુહૂર્તનો બંધ કરે છે અને શ્રેણી ઉતરતા ઉપશામક જીવો ૪૮ મુહૂર્તનો બંધ કરે છે.

**મોહનીયકર્મના જઘન્ય સ્થિતિબંધક :–** મોહનીયકર્મનો બંધ વિચ્છેદ નવમા ગુણસ્થાને થાય છે, તેથી તેના જઘન્ય સ્થિતિબંધક બાદર સંપરાય ઉપશામક અને ક્ષપક બંને પ્રકારના જીવો હોય છે.

એક થી નવ ગુણસ્થાન સુધી બાદર સંપરાય કષાયનો ઉદય હોય છે, તેમ છતાં જઘન્ય સ્થિતિબંધ નવમા ગુણસ્થાને જ થાય છે તેથી 'બાદર સંપરાય' શબ્દ પ્રયોગથી નવમા અનિવૃત્તિબાદર ગુણસ્થાનવર્તી જીવોનું ગ્રહણ થાય છે.

**આયુષ્યકર્મના જઘન્ય સ્થિતિબંધક :–** સોપક્રમ આયુષ્યવાળા, આયુષ્યબંધના અંતિમ અંતર્મુહૂર્તમાં વર્તતા જીવો આયુષ્ય કર્મનો જઘન્ય બંધ કરે છે.

નારકી, દેવો, યુગલિકો, ચરમ શરીરી જીવો તથા ઉત્તમ પુરુષો અવશ્ય નિરુપક્રમ આયુષ્યવાળા હોય છે. તે જીવો સર્વ જઘન્ય આયુષ્ય બંધ કરતા નથી. શેષ સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચોમાં કેટલાક જીવો નિરુપક્રમ આયુષ્યવાળા અને કેટલાક જીવો સોપક્રમ આયુષ્યવાળા હોય છે. જે જીવો નિરુપક્રમ આયુષ્યવાળા છે, તે જીવો પોતાના આયુષ્યના બે ભાગ વ્યતીત થાય, ત્રીજો ભાગ શેષ રહે ત્યારે આયુષ્યનો બંધ કરે છે, તેથી તે જીવો પણ સર્વ જઘન્ય આયુષ્યનો બંધ કરતા નથી.

જે જીવો સોપક્રમ આયુષ્યવાળા છે. તેમાંથી કેટલાક જીવો પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ શેષ રહે ત્યારે આયુષ્યનો બંધ કરે છે. કેટલાક જીવો ત્રીજા ભાગનો પણ ત્રીજો ભાગ અને કેટલાક જીવો તેનો પણ ત્રીજો ભાગ શેષ રહે ત્યારે આયુષ્યનો બંધ કરે છે. તે જ રીતે કેટલાક જીવો **असंखेप्पद्धापविट्ठे सव्व णिरुद्धाउए–** અસંક્ષેપ્ય કાલમાં પ્રવિષ્ટ અર્થાત્ જેનો સંક્ષેપ કરી ન શકાય તેટલું સંક્ષિપ્ત જેનું આયુષ્ય શેષ રહ્યું હોય તેવા આયુષ્યબંધ યોગ્ય અંતિમ જઘન્ય કાલમાં અર્થાત્ આયુષ્યના અંતિમ અંતર્મુહૂર્તમાં વર્તતા જીવો સર્વ જઘન્ય આયુષ્ય બંધ કરે છે. તે જ વિષયની સ્પષ્ટતા માટે સૂત્રકારે તે જીવોના અન્ય વિશેષણોનો પ્રયોગ કર્યો છે. **सेसे सव्व महंतीए आउयबद्धए–** જે સર્વથી મોટા આયુષ્યબંધકાલના શેષ અંતિમ ભાગમાં જ વર્તતા હોય તેવા જીવો. આયુષ્યબંધનો ઉત્કૃષ્ટકાલ આઠ આકર્ષ પ્રમાણ અને જઘન્યકાલ એક આકર્ષ પ્રમાણ છે. જે જીવોનું આયુષ્ય એક આકર્ષ પ્રમાણ જ શેષ હોય, તે આયુષ્યબંધકાલના અંતિમ

ભાગમાં વર્તે છે. તેવા જીવો **चरिमकाल समयंसि**– પોતાના આયુષ્યબંધના અંતિમ સમયમાં અર્થાત્ અંતિમ ભાગમાં જઘન્ય આયુષ્ય બાંધે છે. પ્રસ્તુત પ્રસંગમાં **चरिमसमयंसि** શબ્દ પ્રયોગથી અંતિમ સૂક્ષ્મ એક સમયનું ગ્રહણ થતું નથી, પરંતુ આયુષ્યબંધનો ચરમ–અંતિમ વિભાગ અર્થાત્ અંતિમ એક આકર્ષ પ્રમાણ કાલનું ગ્રહણ થાય છે. **सव्व जहण्णियं ठिइ पज्जत्ता पज्जत्तियं णिव्वत्तेइ...**આયુષ્યબંધના અંતિમ અંતર્મુહૂર્તમાં વર્તતા જીવો પર્યાપ્ત-અપર્યાપ્તરૂપ સર્વજઘન્ય સ્થિતિ બંધ કરે છે.

કોઈ પણ જીવ આહાર, શરીર અને ઇન્દ્રિય પર્યાપ્તિથી પૂર્ણ થાય, ત્યાર પછી જ પરભવનું આયુષ્ય બાંધે છે અને ત્યાર પછી જ તેનું મૃત્યુ થાય છે, તેથી સર્વજઘન્ય આયુષ્યવાળા જીવો પણ પ્રથમ ત્રણ પર્યાપ્તિથી પર્યાપ્ત અને શ્વાસોચ્છ્વાસ આદિ પર્યાપ્તિથી અપર્યાપ્ત હોય છે.

ટીકાકારે આ વિષયની સ્પષ્ટતા માટે કહ્યું છે કે **जेणोरालियाईणं तिण्हं सरीराणं कायजोगे वट्टमाणो आउय बंधगो, ण कम्मए ओरालियमिस्से वा । ઔદારિક, વૈક્રિય અને આહારક કાયયોગમાં વર્તતા જીવો જ આયુષ્યબંધ કરે છે, કાર્મણ કાયયોગ કે ઔદારિકમિશ્ર કે વૈક્રિયમિશ્રકાયયોગમાં વર્તતા જીવો આયુષ્ય બાંધતા નથી.** શરીર અને ઇન્દ્રિય પર્યાપ્તિથી પર્યાપ્ત જીવોને જ વિશિષ્ટ ઔદારિક આદિ યોગ હોય છે. કેવળ આહાર પર્યાપ્તિ કે શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત જીવોને વિશિષ્ટ ઔદારિકાદિ યોગ હોતો નથી, તેથી તે જીવો આયુષ્ય બાંધતા નથી, તેનાથી એમ સિદ્ધ થાય છે કે **શરીર અને ઇન્દ્રિય પર્યાપ્તિના પર્યાપ્ત જીવ જ આયુષ્ય બાંધે છે** અને જીવનું જઘન્ય આયુષ્ય પ્રથમ ત્રણ પર્યાપ્તિથી પર્યાપ્ત અને શેષ પર્યાપ્તિઓથી અપર્યાપ્તરૂપ હોય છે.

આ રીતે સોપક્રમ આયુષ્યવાળા, આયુષ્ય બંધના અંતિમ એક આકર્ષ પ્રમાણ આયુષ્યમાં વર્તતા જીવો જઘન્ય આયુષ્યનો બંધ કરે છે અને તે જઘન્ય આયુષ્ય શરીર પર્યાપ્તિ અને ઇન્દ્રિય પર્યાપ્તિથી પર્યાપ્ત અને શેષ પર્યાપ્તિથી અપર્યાપ્તરૂપ હોય છે.

**કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિના બંધકો :–**

**१४२ उक्कोसकालठिईयं णं भंते ! णाणावरणिज्जं कम्मं किं णेरइओ बंधइ तिरिक्खजोणिओ बंधइ, तिरिक्खजोणिणी बंधइ, मणुस्सो बंधइ, मणुस्सी बंधइ, देवो बंधइ, देवी बंधइ ?**

**गोयमा ! णेरइओ वि बंधंति** *जाव* **देवी वि बंधंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ કોણ બાંધે છે ? શું નારકી બાંધે છે? તિર્યંચ બાંધે છે ? તિર્યંચાણી બાંધે છે ? મનુષ્ય બાંધે છે ? મનુષ્યાણી બાંધે છે ? દેવ બાંધે છે કે દેવી બાંધે છે ?
**ઉત્તર–** હે ગૌતમ ! તેને નારક પણ બાંધે છે ***યાવત્*** દેવી પણ બાંધે છે.

**१४३ केरिसए णं भंते ! णेरइए उक्कोसकालठिईयं णाणावरणिज्जं कम्मं बंधइ?**

**गोयमा ! सण्णी पंचिंदिए सव्वाहिं पज्जत्तीहिं पज्जत्तए सागारे जागरे सुतोवउत्ते मिच्छादिट्ठी कण्हलेसे उक्कोससंकिलिट्ठपरिणामे ईसिमज्झिमपरिणामे वा,**

**एरिसए णं गोयमा ! णेरइए उक्कोसकालठिईयं णाणावरणिज्जं कम्मं बंधइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવા પ્રકારના નારકી ઉત્કૃષ્ટ સ્થિતિનું જ્ઞાનાવરણીયકર્મ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે સંજ્ઞી પંચેંદ્રિય, સમસ્ત પર્યાપ્તિઓથી પર્યાપ્ત, સાકારોપયોગવાળો, જાગૃત, શ્રુતમાં ઉપયોગવાન, મિથ્યાદષ્ટિ, કૃષ્ણલેશી, ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી અથવા કિંચિત્ મધ્યમ પરિણામી હોય, તેવો નારકી ઉત્કૃષ્ટ સ્થિતિવાળા જ્ઞાનાવરણીયકર્મને બાંધે છે.

**१४४ केरिसए णं भंते ! तिरिक्खजोणिए उक्कोसकालठिईयं णाणावरणिज्जं कम्मं बंधइ ? गोयमा ! कम्मभूमए वा कम्मभूमगपलिभागी वा सण्णी पंचेंदिए सव्वाहिं पज्जत्तीहिं पज्जत्तए, सेसं तं चेव जहा णेरइयस्स । एवं तिरिक्खजोणिणी वि, मणूसे वि मणूसी वि । देव-देवी जहा णेरइए ।**

**एवं आउयवज्जाणं सत्तण्हं कम्माणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવા પ્રકારનો તિર્યંચ ઉત્કૃષ્ટ સ્થિતિનું જ્ઞાનાવરણીયકર્મ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા અથવા કર્મભૂમિજ પ્રતિભાગી(આયુષ્યની અપેક્ષાએ કર્મભૂમિજ અને ક્ષેત્રની અપેક્ષાએ અકર્મભૂમિજ) સંજ્ઞી પંચેન્દ્રિય, સર્વ પર્યાયોથી પર્યાપ્તા, સાકારોપયોગ સંપન્ન, જાગૃત, શ્રુતમાં ઉપયોગવાન, મિથ્યાદષ્ટિ, કૃષ્ણલેશી અને ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી અથવા કિંચિત્‌માત્ર મધ્યમ પરિણામી તિર્યંચ, ઉત્કૃષ્ટ સ્થિતિનું જ્ઞાનાવરણીયકર્મ બાંધે છે.

આ રીતે પૂર્વોક્ત વિશેષણોથી યુક્ત તિર્યંચાણી, મનુષ્ય અને મનુષ્યાણી પણ ઉત્કૃષ્ટ સ્થિતિનું જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. પૂર્વોક્ત વિશેષણ યુક્ત નારકીની સમાન દેવ અને દેવી ઉત્કૃષ્ટ સ્થિતિનું જ્ઞાનાવરણીયકર્મ બાંધે છે.

આયુષ્ય સિવાય ઉત્કૃષ્ટ સ્થિતિવાળા શેષ સાત કર્મબંધક જીવોના વિષયમાં આ જ રીતે જાણવું જોઈએ.

**१४५ उक्कोसकालठिईयं णं भंते ! आउयं कम्मं किं णेरइओ बंधइ *जाव* देवी बंधइ?**

**गोयमा ! णो णेरइओ बंधइ, तिरिक्खजोणिओ बंधइ, णो तिरिक्खजोणिणी बंधइ, मणुस्सो वि बंधइ, मणुस्सी वि बंधइ, णो देवो बंधइ, णो देवी बंधइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉત્કૃષ્ટ સ્થિતિનું આયુષ્ય કર્મ કોણ બાંધે છે ? શું નારકી ***યાવત્*** દેવી બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેને નારકી બાંધતો નથી, તિર્યંચ બાંધે છે, પરંતુ તિર્યંચાણી દેવ કે દેવી બાંધતા નથી, મનુષ્ય બાંધે છે તથા મનુષ્યાણી પણ બાંધે છે.

**१४६ केरिसए णं भंते ! तिरिक्खजोणिए उक्कोसकालठिईयं आउयं कम्मं बंधइ?**

**गोयमा ! कम्मभूमए वा कम्मभूमगपलिभागी वा सण्णी पंचेंदिए सव्वाहिं पज्जत्तीहिं पज्जत्तए सागारे जागरे सुत्तोवउत्ते मिच्छद्दिट्ठी परमकिण्हलेस्से उक्कोस-**

**संकिलिट्ठपरिणामे, एरिसए णं गोयमा ! तिरिक्खजोणिए उक्कोस-कालठिईयं आउयं कम्मं बंधइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવા પ્રકારના તિર્યંચ ઉત્કૃષ્ટ સ્થિતિનું આયુષ્યકર્મ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા અથવા કર્મભૂમિની સમાન(કર્મભૂમિજ આયુષ્યવાળા), સંજ્ઞી પંચેંદ્રિય, સર્વ પર્યાપ્તિથી પર્યાપ્તા, સાકારોપયોગ યુક્ત, જાગૃત, શ્રુતમાં ઉપયોગવાન, મિથ્યાદષ્ટિ, પરમકૃષ્ણ લેશી અને ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી તિર્યંચ પંચેંદ્રિય ઉત્કૃષ્ટ સ્થિતિનું આયુષ્યકર્મ બાંધે છે.

**१४७ केरिसए णं भंते ! मणूसे उक्कोसकालठिईयं आउयं कम्मं बंधइ ?**

**गोयमा ! कम्मभूमगे वा कम्मभूमगपलिभागी वा** *जाव* **सुतोवउत्ते सम्मद्दिट्ठी वा मिच्छद्दिट्ठी वा कण्हलेसे वा सुक्कलेसे वा णाणी वा अण्णाणी वा उक्कोस-संकिलिट्ठपरिणामे वा तप्पाउग्गविसुज्झमाणपरिणामे वा, एरिसए णं गोयमा ! मणूसे उक्कोसकालठिईयं आउयं कम्मं बंधइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવા પ્રકારનો મનુષ્ય ઉત્કૃષ્ટ સ્થિતિનું આયુષ્યકર્મ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા અથવા કર્મભૂમિજ આયુષ્યવાળા ***યાવત્*** શ્રુતમાં ઉપયોગવાન, સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિ, કૃષ્ણલેશી કે શુક્લલેશી, જ્ઞાની કે અજ્ઞાની, ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી અથવા તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામી મનુષ્ય ઉત્કૃષ્ટ સ્થિતિના આયુષ્યકર્મને બાંધે છે.

**१४८ केरिसिया णं भंते ! मणूसी उक्कोसकालठिईयं आउयं कम्मं बंधइ ?**

**गोयमा ! कम्मभूमिगा वा कम्मभूमगपलिभागी वा** *जाव* **सुत्तोवउत्ता सम्मद्दिट्ठि सुक्कलेस्सा तप्पाउग्गविसुज्झमाणपरिणामा एरिसिया णं गोयमा ! मणुस्सी उक्कोस-कालठिईयं आउयं कम्मं बंधइ ।**

**अंतराइयं जहा णाणावरणिज्जं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવા પ્રકારની સ્ત્રી(મનુષ્યાણી) ઉત્કૃષ્ટ સ્થિતિનું આયુષ્યકર્મ બાંધે છે?

**ઉત્તર–** હે ગૌતમ ! કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલી અથવા કર્મભૂમિજ આયુષ્યવાળી ***યાવત્*** શ્રુતમાં ઉપયોગ યુક્ત, સમ્યગ્દષ્ટિ, શુક્લલેશી, તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામી મનુષ્યાણી ઉત્કૃષ્ટ સ્થિતિનું આયુષ્યકર્મ બાંધે છે.

ઉત્કૃષ્ટ સ્થિતિના અંતરાયકર્મના બંધક જીવોના વિષયમાં જ્ઞાનાવરણીયકર્મની સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં આઠ કર્મના ઉત્કૃષ્ટ સ્થિતિબંધક જીવોનું કથન છે.

**સાતકર્મના ઉત્કૃષ્ટ સ્થિતિબંધક :–** ઉત્કૃષ્ટ સ્થિતિબંધ માટે તીવ્રતમ અધ્યયવસાયની આવશ્યકતા હોય છે. તીવ્રતમ અધ્યવસાય પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં જ હોય છે. તે જીવોના પણ તીવ્રતમ અધ્યવસાય તેના સંપૂર્ણ જીવનકાલ દરમ્યાન હોતા નથી, પરંતુ તેની કેટલીક વિશિષ્ટ પરિસ્થિતિમાં જ હોય છે, તેથી સૂત્રકારે તેના માટે અન્ય વિશેષણોનો પ્રયોગ કર્યો છે. સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓથી પર્યાપ્ત, સાકારોપયોગયુક્ત, જાગૃત અને શ્રુતજ્ઞાનમાં ઉપયોગવાન જીવોમાં વિશેષ જાણપણું અને જ્ઞાનની પરિપક્વતા હોવાથી પરિણામોની તીવ્રતા હોય છે.

પર્યાપ્ત, જાગૃતાદિ જીવોમાં પણ સમકિતી કે નીલાદિ લેશી જીવોની અપેક્ષાએ મિથ્યાત્વી અને કૃષ્ણલેશી જીવોના પરિણામ સંકિલષ્ટ હોય છે. કૃષ્ણલેશ્યાના પણ અસંખ્યાત અધ્યવસાય સ્થાન હોય છે તેમાં ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાનવાળા જીવોના પરિણામ અધિકતમ સંકિલષ્ટ હોય છે.

આ કારણે સંજ્ઞી પંચેન્દ્રિય, પર્યાપ્ત, સાકારોપયોગ યુક્ત, જાગૃત, શ્રુતજ્ઞાનમાં ઉપયોગવાન, મિથ્યાત્વી, કૃષ્ણલેશી, અત્યંત સંકિલષ્ટ પરિણામી ચારે ગતિના જીવો આયુષ્યકર્મને છોડીને શેષ સાત કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે. કેટલીક શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કિંચિત્ મધ્યમ પરિણામમાં થાય છે.

**આયુષ્યકર્મના ઉત્કૃષ્ટ સ્થિતિબંધક :–** આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની છે. તે સાતમી નરકના નારકી અને અનુત્તર વિમાનના દેવોની અપેક્ષાએ છે.

નારકી અને દેવો મરીને નરક કે દેવગતિમાં જતા નથી તેથી ઉપરોક્ત વિશેષણ યુક્ત મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચ જ આયુષ્ય કર્મના ઉત્કૃષ્ટ સ્થિતિબંધક હોય છે.

**ઉત્કૃષ્ટ આયુષ્ય બંધક સંજ્ઞી તિર્યંચ :–** યુગલિકો મરીને દેવગતિમાં બીજા દેવલોક સુધી જાય છે તેથી તે ઉત્કૃષ્ટ સ્થિતિનું આયુષ્ય બાંધી શકતા નથી, તેથી મિથ્યાત્વી, કૃષ્ણલેશી, અત્યંત સંકિલષ્ટ પરિણામી કર્મભૂમિના સંજ્ઞી તિર્યંચ, સાતમી નરકનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાંધી શકે છે. તિર્યંચાણી મરીને છ નરક સુધી જાય અને આઠમા દેવલોક સુધી જ જાય છે તેથી તિર્યંચાણી ઉત્કૃષ્ટ આયુષ્ય બાંધી શકતી નથી.

**ઉત્કૃષ્ટ આયુષ્ય બંધક મનુષ્ય :–** મિથ્યાત્વી, કૃષ્ણલેશી, સંકિલષ્ટ પરિણામી કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો સાતમી નરકનું આયુષ્ય બાંધી શકે છે. સમ્યગ્દષ્ટિ, શુક્લલેશી, તદ્યોગ્ય વિશુદ્ધ પરિણામી અપ્રમત સંયમી મનુષ્ય તથા મનુષ્યાણી બંને અનુત્તર વિમાનનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાંધી શકે છે.

આ રીતે સમકિતી અથવા મિથ્યાત્વી, કૃષ્ણલેશી અથવા શુક્લલેશી, સંકિલષ્ટ પરિણામી અથવા વિશુદ્ધ પરિણામી, મનુષ્ય અથવા મનુષ્યાણી ઉત્કૃષ્ટ આયુષ્ય બાંધી શકે છે.

**कम्मभूमगपलिभागी :–** કર્મભૂમક–પલિભાગી. કોઈ પણ દેવ, કર્મભૂમિના ગર્ભજ તિર્યંચ કે મનુષ્યનું સંહરણ કરીને અકર્મભૂમિમાં લઈ જાય. તો તે મનુષ્ય કે તિર્યંચ અકર્મભૂમિમાં હોવા છતાં કર્મભૂમિના મનુષ્યની સમાન કહેવાય છે.

કોઈ દેવ તિર્યંચાણી કે મનુષ્યાણીનું સંહરણ કરીને અકર્મભૂમિમાં લઈ જાય, ત્યાં તે કોઈ બાળકને જન્મ આપે, તો તે બાળક અકર્મભૂમિમાં જન્મેલું હોવા છતાં કર્મભૂમિજ જીવોની સમાન કહેવાય છે.

**આઠ કર્મના જઘન્ય–ઉત્કૃષ્ટ સ્થિતિ બંધક :–**

| કર્મ | જઘન્ય સ્થિતિબંધક જીવો | ઉત્કૃષ્ટ સ્થિતિબંધક જીવો |
|---|---|---|
| જ્ઞાનાવરણીય દર્શનાવરણીય વેદનીય, નામ, ગોત્ર, અંતરાય | દશમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનવર્તી ઉપશમક અને ક્ષપક જીવો | પર્યાપ્ત, સાકારોપયોગ યુક્ત, જાગૃત, શ્રુતજ્ઞાનમાં ઉપયોગવાન, મિથ્યાત્વી, કૃષ્ણલેશી, સંક્લિષ્ટ પરિણામી, સંજ્ઞી પંચેન્દ્રિય જીવો. |
| મોહનીય | નવમા ગુણસ્થાવર્તી બાદર સંપરાય–ઉપશમક અને ક્ષપક જીવો | પર્યાપ્ત, સાકારોપયોગ યુક્ત, જાગૃત, શ્રુતજ્ઞાનમાં ઉપયોગવાન, મિથ્યાત્વી, કૃષ્ણલેશી, સંક્લિષ્ટ પરિણામી, સંજ્ઞી પંચેન્દ્રિય જીવો |
| આયુષ્ય | સોપક્રમ આયુષ્યવાળા આયુષ્ય બંધના અંતિમ અંતર્મુહૂર્તમાં વર્તતા જીવો | પર્યાપ્ત આદિ વિશેષણયુક્ત સંજ્ઞી તિર્યંચ અને પર્યાપ્ત આદિ વિશેષણ સહિત સમકિતી કે મિથ્યાત્વી, કૃષ્ણલેશી કે શુક્લલેશી સંક્લિષ્ટ પરિણામી કે તદ્‍યોગ્ય વિશુદ્ધ પરિણામી કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય, મનુષ્યાણી |

**॥ બીજો ઉદ્દેશક સંપૂર્ણ ॥**

## ॥ ત્રેવીશમું પદ સંપૂર્ણ ॥

# પદ : ૨૪, ૨૫, ૨૬, ૨૭

## પરિચય

**૨૪મું પદ : કર્મબંધ-બંધક પદ** – જ્ઞાનાવરણીય આદિ પ્રત્યેક કર્મને બાંધતો જીવ બીજા કેટલા અને કયા કર્મ બાંધે, તે વિશેની વિચારણા આ પદમાં છે તેથી આ પદનું નામ **કર્મબંધ-બંધક** પદ છે. તેને **કર્મબંધ** પદ પણ કહેવાય છે.

**૨૫મું પદ : કર્મબંધ-વેદક પદ** – જ્ઞાનાવરણીય આદિ પ્રત્યેક કર્મને બાંધતો જીવ બીજા કેટલા અને કયા કર્મોનું વેદન કરે, તે વિશેની વિચારણા આ પદમાં છે તેથી આ પદનું નામ **કર્મબંધ-વેદક** પદ છે.

**૨૬મું પદ : કર્મવેદ બંધક પદ** – જ્ઞાનાવરણીય આદિ પ્રત્યેક કર્મને વેદતો જીવ બીજા કેટલા અને કયા કર્મ બાંધે, તે વિશેની વિચારણા આ પદમાં છે તેથી આ પદનું નામ **કર્મવેદ-બંધક** પદ છે.

**૨૭મું પદ : કર્મવેદ-વેદક પદ** – જ્ઞાનાવરણીય આદિ પ્રત્યેક કર્મને વેદતો જીવ બીજા કેટલા અને કયા કર્મ વેદે, તે વિશેની વિચારણા આ પદમાં છે તેથી આ પદનું નામ **કર્મવેદ-વેદક** પદ છે.

આ રીતે ચારે પદમાં કર્મના બંધ અને વેદનનો તથા વેદન અને બંધનો પરસ્પર સંબંધ પ્રદર્શિત કર્યો છે.

સકર્મા જીવ પોતાની સયોગી અવસ્થા સુધી નિરંતર તે તે કર્મોનો બંધ કરે છે અને અયોગી અવસ્થા સુધી તે તે કર્મોનું વેદન પણ નિરંતર કરે છે. નવા કર્મોનો બંધ અને પૂર્વકૃત કર્મોનું વેદન કરતાં પુનઃ બંધ અને વેદન, આ ચક્ર ચાલ્યા જ કરે છે.

જીવની ગુણસ્થાનની સ્થિતિ અનુસાર અથવા આત્મગુણોના વિકાસ અનુસાર કર્મબંધ અને વેદનમાં તરતમતા હોય છે.

આ ચારે પદમાં સૂત્રકારે તદ્‌વિષયક વિસ્તૃત વિચારણા કરી છે.

સમુચ્ચય જીવ તથા ૨૪ દંડકના જીવો, આ ૨૫ પ્રકારના જીવો આઠ કર્મો બાંધે છે તથા વેદે છે; એટલે પ્રત્યેક પદના ૨૫ જીવ × ૮ કર્મ = ૨૦૦ બોલ થાય છે. તદનુસાર (૧) બાંધતો બાંધેના ૨૦૦ બોલ, (૨) બાંધતો વેદેના ૨૦૦ બોલ, (૩) વેદતો બાંધેના ૨૦૦ બોલ અને (૪) વેદતો વેદેના ૨૦૦ બોલ થાય છે, તે કુલ મળીને ૨૦૦ × ૪ = ૮૦૦ બોલ થાય છે.

❖❖❖❖❖

# ચોવીસમું પદ : કર્મબંધ-બંધક

**જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ બંધમાં અન્ય કર્મબંધ :-**

**१** **कइ णं भंते ! कम्मपगडीओ पण्णत्ताओ ? गोयमा ! अट्ठ कम्मपगडीओ पण्णत्ताओ, तं जहा- णाणावरणिज्जं** *जाव* **अंतराइयं। एवं णेरइयाणं** *जाव* **वेमाणियाणं।**

**ભાવાર્થ :-** **પ્રશ્ન–** હે ભગવન્ ! કર્મપ્રકૃતિઓ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આઠ કર્મપ્રકૃતિ છે, જેમ કે– જ્ઞાનાવરણીય ***યાવત્*** અંતરાય. આ જ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધીના ૨૪ દંડકના જીવોને આઠ કર્મપ્રકૃતિઓ છે.

**२** **जीवे णं भंते ! णाणावरणिज्जं कम्मं बंधमाणे कइ कम्मपगडीओ बंधइ ? गोयमा ! सत्तविहबंधए वा अट्ठविहबंधए वा छव्विहबंधए वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક જીવ જ્ઞાનાવરણીયકર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સાત, આઠ કે છ કર્મપ્રકૃતિઓ બાંધે છે.

**३** **णेरइए णं भंते ! णाणावरणिज्जं कम्मं बंधमाणे कइ कम्मपगडीओ बंधइ? गोयमा! सत्तविहबंधए वा अट्ठविहबंधए वा । एवं** *जाव* **वेमाणिए, णवरं- मणूसे जहा जीवे**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ બાંધતાં કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સાત કે આઠ કર્મપ્રકૃતિઓ બાંધે છે. આ જ રીતે ***યાવત્*** વૈમાનિક સુધીનું કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે મનુષ્ય સંબંધી કથન સમુચ્ચય જીવની સમાન જાણવું જોઈએ.

**४** **जीवा णं भंते ! णाणावरणिज्जं कम्मं बंधमाणा कइ कम्मपगडीओ बंधंति?**

**गोयमा ! सव्वे ति ताव होज्जा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगे य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક જીવો જ્ઞાનાવરણીય કર્મ બાંધતા કેટલી પ્રકૃતિઓ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વ(અનેક) જીવો સાત કર્મબંધક અને અનેક જીવો આઠ કર્મબંધક, (૨) અનેક સાત તથા આઠ કર્મબંધક અને એક છ કર્મ બંધક, (૩) અનેક સાત તથા આઠ કર્મબંધક અને અનેક છ કર્મબંધક છે.

**૫** **णेरइया णं भंते ! णाणावरणिज्जं कम्मं बंधमाणा कइ कम्मपगडीओ बंधंति ?**

**गोयमा ! सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगे य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य, तिण्णि भंगा । एवं** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો જ્ઞાનાવરણીયકર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વ નૈરયિકો સાતકર્મ બાંધે છે; અથવા (૨) અનેક નૈરયિકો સાત કર્મબંધક અને એક નૈરયિક આઠ કર્મબંધક; અથવા (૩) અનેક નૈરયિકો સાતકર્મ બંધક અને અનેક નૈરયિક આઠ કર્મપ્રકૃતિબંધક. આ જ રીતે ***યાવત્*** સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.

**૬** **पुढविक्काइयाणं णं भंते ! णाणावरणिज्जं कम्मं बंधमाणा कइ कम्मपगडीओ बंधंति ? गोयमा ! सत्तविहबंधगा वि अट्ठविहबंधगा वि । एवं** *जाव* **वणस्सइकाइया।**

**ભાવાર્થ:– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક પૃથ્વીકાયિક જીવો જ્ઞાનાવરણીયકર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિઓને બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાત કર્મબંધક પણ હોય અને આઠ કર્મબંધક પણ હોય છે. આ જ રીતે વનસ્પતિકાયિક સુધી કથન કરવું.

**૭** **वियलाणं पंचेंदियतिरिक्खजोणियाण य तियभंगो– सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधए य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य ।**

**ભાવાર્થ :–** વિકલેન્દ્રિયો અને તિર્યંચ-પંચેંદ્રિય જીવોમાં ત્રણ ભંગ થાય છે– (૧) સર્વ જીવો સાતકર્મના બંધક, અથવા (૨) અનેક સાત કર્મબંધક અને એક આઠ કર્મબંધક, અથવા (૩) અનેક સાતકર્મબંધક અને અનેક આઠ કર્મબંધક.

**૮** **मणूसा णं भंते ! णाणावरणिज्जं कम्मं बंधमाणा कइ कम्मपगडीओ बंधंति ?**

**गोयमा ! सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधए य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य, अहवा सत्तविहबंधगा य छव्विहबंधए य, अहवा सत्तविहबंधगा य छव्विहबंधगा य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधए य छव्विहबंधए, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगे य छव्विहबंधगा य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधए य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगा य, एवं एते णव भंगा। सेसा वाणमंतराइया** *जाव* **वेमाणिया जहा णेरइया सत्तविहादिबंधगा भणिया तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક મનુષ્યો જ્ઞાનાવરણીય કર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વ મનુષ્યો સાતકર્મબંધક(એક અસંયોગી ભંગ છે), અથવા (૨) અનેક મનુષ્યો સાતકર્મબંધક અને એક આઠકર્મબંધક, અથવા (૩) અનેક મનુષ્યો સાત કર્મબંધક અને અનેક મનુષ્યો આઠ કર્મબંધક, અથવા (૪) અનેક મનુષ્યો સાત કર્મબંધક અને એક મનુષ્ય છ કર્મબંધક, અથવા (૫) અનેક મનુષ્યો સાતકર્મબંધક હોય અને અનેક મનુષ્યો છ કર્મબંધક(આ દ્વિ સંયોગી ચાર ભંગ છે.);

અથવા (૬) અનેક મનુષ્યો સાત કર્મબંધક, એક મનુષ્ય આઠ કર્મબંધક અને એક મનુષ્ય છ કર્મબંધક. (૭) અનેક મનુષ્યો સાત કર્મબંધક, એક મનુષ્ય આઠ કર્મબંધક અને અનેક મનુષ્યો છ કર્મબંધક છે. (૮) અનેક મનુષ્યો સાત કર્મબંધક, અનેક મનુષ્યો આઠ કર્મબંધક અને એક મનુષ્ય છ કર્મબંધક અથવા (૯) અનેક મનુષ્યો સાત કર્મબંધક, અનેક મનુષ્યો આઠ કર્મબંધક અને અનેક મનુષ્યો છ કર્મબંધક (આ ત્રિસંયોગી ચાર ભંગ છે.) આ રીતે ૧ + ૪ + ૪ = નવ ભંગ થાય છે.

શેષ વાણવ્યન્તરથી વૈમાનિક દેવ પર્યંતના જીવોમાં નૈરયિકોની જેમ સાત અને આઠ કર્મબંધના ત્રણ ભંગ થાય છે.

**૯ एवं जहा णाणावरणं बंधमाणा जाहिं भणिया दंसणावरणं पि बंधमाणा ताहिं जीवादीया एगत्त-पोहत्तेहिं भाणियव्वा ।**

**ભાવાર્થ :–** જે રીતે જ્ઞાનાવરણીયકર્મને બાંધતા કર્મના બંધનું કથન કર્યું, તે જ રીતે દર્શનાવરણીય કર્મને બાંધતા જીવોના વિષયમાં એક વચન અને બહુવચનની અપેક્ષાએ કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય એક અને અનેક જીવો તથા ૨૪ દંડકના એક અને અનેક જીવોમાં જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના બંધ સમયે થતાં અન્ય કર્મબંધના વિકલ્પોનું કથન છે.

જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો બંધ દશમા 'સૂક્ષ્મસંપરાય' ગુણસ્થાન સુધી થાય છે. ત્યાં સુધીમાં સમુચ્ચય જીવની અપેક્ષાએ ત્રણ બંધસ્થાન હોય છે. એક થી સાત ગુણસ્થાનમાં ત્રીજું ગુણસ્થાન છોડીને શેષ ગુણસ્થાનમાં આયુષ્ય કર્મનો બંધ થતો હોય ત્યારે (૧) આઠ કર્મનો બંધ થાય, (૨) આયુષ્ય કર્મનો બંધ ન થતો હોય ત્યારે સાત કર્મનો બંધ થાય. તે જ રીતે ત્રીજે, આઠમે અને નવમે ગુણસ્થાને આયુષ્ય કર્મનો બંધ થતો નથી તેથી સાત કર્મનો બંધ થાય છે. (૩) દશમે ગુણસ્થાને આયુષ્ય અને મોહનીયકર્મને છોડીને છ કર્મનો બંધ થાય છે.

**સમુચ્ચય એક જીવ–** જ્ઞાનવરણીય અને દર્શનાવરણીય કર્મ બાંધતાં આઠ, સાત અથવા છ કર્મનો બંધ કરે છે. આ ત્રણ વિકલ્પમાંથી કોઈ પણ એક વિકલ્પ હોય છે. મનુષ્યોને છોડીને **૨૩ દંડકનો કોઈ પણ એક જીવ** આઠ અથવા સાત કર્મોનો બંધ કરે છે. તે પ્રત્યેક જીવમાં આ બે વિકલ્પમાંથી કોઈ પણ એક વિકલ્પ હોય છે. નારકી આદિ ૨૩ દંડકના જીવોમાં દશમું સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન હોતું નથી

તેથી તે જીવોમાં છ કર્મ બંધનો વિકલ્પ સંભવિત નથી. **એક મનુષ્યમાં** દશમા ગુણસ્થાનની સંભાવના હોવાથી સમુચ્ચય એક જીવની જેમ આઠ, સાત અથવા છ કર્મ બાંધે છે. પ્રત્યેક મનુષ્યમાં આ ત્રણ વિકલ્પમાંથી કોઈ પણ એક વિકલ્પ હોય છે.

**સમુચ્ચય અનેક જીવો :–** તેમાં કેટલાક જીવો આઠ કર્મના બંધક અને કેટલાક જીવો સાત કર્મના બંધક હોય છે. આઠ કર્મબંધક અને સાત કર્મ બંધક જીવો હંમેશાં હોય છે, પરંતુ દશમું ગુણસ્થાન શાશ્વત ન હોવાથી છ કર્મબંધક જીવો ક્યારેક હોય છે અને ક્યારેક હોતા નથી, કારણ કે દશમા ગુણસ્થાનવર્તી જીવોનું ઉત્કૃષ્ટ છ માસનું અંતર પડે છે. જ્યારે દશમા ગુણસ્થાનવર્તી જીવો હોય, ત્યારે જઘન્ય ૧, ૨, ૩ અને ઉત્કૃષ્ટ ૧૦૮ જીવો હોય છે. આ રીતે **આઠ અને સાત કર્મબંધક જીવો શાશ્વત છે અને છ કર્મબંધક જીવો અશાશ્વત હોય છે.** શાશ્વત-અશાશ્વત જીવોની અપેક્ષાએ તેના ત્રણ ભંગ થાય છે. (૧) સર્વ(અનેક) આઠકર્મબંધક અને સાતકર્મ બંધક.(જ્યારે છ કર્મબંધક જીવોનો વિરહ હોય ત્યારે આ પ્રથમ ભંગ થાય છે.) (૨) અનેક જીવો આઠકર્મબંધક અને અનેક સાત કર્મબંધક તથા એક છ કર્મબંધક.(સાત અને આઠ કર્મબંધક અનેક જીવો હંમેશાં હોય જ છે અને તેની સાથે કોઈ એક જીવ દશમા ગુણસ્થાને હોય ત્યારે આ બીજો ભંગ થાય છે.) (૩) અનેક આઠ કર્મબંધક અને સાત કર્મબંધક તથા અનેક છ કર્મબંધક છે.(જ્યારે દશમા ગુણસ્થાને અનેક જીવો હોય ત્યારે આ ત્રીજો ભંગ થાય છે.) આ રીતે એક બંધસ્થાન અશાશ્વત હોય, ત્યાં ત્રણ ભંગ થાય છે.

તદનુસાર સમુચ્ચય અનેક જીવોમાં જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના બંધ સમયે અન્ય કર્મબંધ સંબંધી ઉપરોક્ત ત્રણ ભંગ થાય છે.

**અનેક નારકી અને દેવો :–** તે બંનેમાં પ્રથમ ચાર ગુણસ્થાન જ હોવાથી સાત અને આઠ કર્મબંધક જીવો જ હોય છે. તેમાં પણ આયુષ્યકર્મબંધક જીવો હંમેશાં હોતા નથી, તેથી આઠ કર્મબંધક જીવો અશાશ્વત છે અને સાત કર્મબંધક જીવો શાશ્વત હોય છે. એક શાશ્વત અને એક અશાશ્વત બંધસ્થાનની અપેક્ષાએ તેમાં ત્રણ ભંગ થાય છે જેમ કે –

(૧) જ્યારે આયુષ્યકર્મ બાંધનારા જીવો એક પણ ન હોય, ત્યારે સર્વ જીવો સાત કર્મબંધક હોય છે. તે પ્રથમ ભંગ થાય છે. (૨) જ્યારે એક જીવ આયુષ્ય કર્મ બાંધનાર હોય ત્યારે અનેક સાત કર્મબંધક અને એક આઠ કર્મબંધક, આ બીજો ભંગ થાય છે. (૩) જ્યારે અનેક જીવો આયુષ્યકર્મ બાંધનારા હોય, ત્યારે અનેક સાત કર્મબંધક અને અનેક આઠ કર્મબંધક, આ ત્રીજો ભંગ થાય છે. આ રીતે નારકી અને દેવોમાં અનેક જીવોની અપેક્ષાએ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મબંધ સમયે કર્મબંધ સંબંધી ત્રણ ભંગ થાય છે.

**પાંચ સ્થાવરના અનેક જીવો :–** તેમાં આયુષ્યબંધક જીવો હંમેશાં હોવાથી બંને પ્રકારના જીવો શાશ્વત છે તેથી (૧) અનેક સાત કર્મબંધક અને અનેક આઠ કર્મબંધક, આ એક જ ભંગ થાય છે. તેમાં અન્ય ભંગ-વિકલ્પ ન હોવાથી તેને અભંગક પણ કહેવાય છે.

**ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અનેક જીવો :–** તેમાં સાત કર્મબંધક જીવો હંમેશાં હોય છે, તેથી તે બોલ શાશ્વત છે પરંતુ આયુષ્ય બંધક જીવો હંમેશાં હોતા નથી, તેથી તે બોલ અશાશ્વત હોવાથી એક શાશ્વત અને એક અશાશ્વત બંધ સ્થાનની અપેક્ષાએ વિકલેન્દ્રિયો અને તિર્યંચ પંચેન્દ્રિયોમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે.

**અનેક મનુષ્યો :–** જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મબંધ સમયે મનુષ્યોને આઠ, સાત અથવા છ

કર્મનો બંધ થાય છે. આ ત્રણ બંધ સ્થાનમાંથી સાત કર્મબંધક મનુષ્યો હંમેશાં હોય છે. આયુષ્ય બંધક જીવો હંમેશાં હોતા નથી, તેથી આઠ કર્મબંધક જીવો અશાશ્વત છે. તે જ રીતે દશમું ગુણસ્થાન પણ અશાશ્વત હોવાથી છ કર્મબંધક જીવો પણ અશાશ્વત હોય છે. મનુષ્યોમાં બે અશાશ્વત બંધ સ્થાનની અપેક્ષાએ અસંયોગી, દ્વિસંયોગી અને ત્રિસંયોગી કુલ નવ ભંગ થાય છે.

**અસંયોગી ભંગ :–** જ્યારે આયુષ્યબંધક જીવો અને દશમા ગુણસ્થાનવર્તી એક પણ જીવ ન હોય ત્યારે (૧) સર્વ જીવો સાતકર્મ બંધક, આ પ્રથમ અસંયોગી ભંગ થાય છે.

**દ્વિસંયોગી ભંગ :–** સાત કર્મબંધક જીવો હંમેશાં હોય છે અને તેની સાથે આઠ કર્મબંધક એક કે અનેક જીવો હોય, તે અપેક્ષાએ બે ભંગ અને છ કર્મબંધક એક કે અનેક જીવો હોય, તેની અપેક્ષાએ બીજા બે ભંગ હોય છે. આ રીતે દ્વિસંયોગી ચાર ભંગ થાય છે.

**ત્રિસંયોગી ભંગ :–** સાત કર્મબંધક જીવો હંમેશાં હોય છે અને તેની સાથે આઠ કર્મબંધક અને છ કર્મબંધક બંને પ્રકારના એક કે અનેક જીવો હોય, તે અપેક્ષાએ ત્રિસંયોગી ચાર ભંગ થાય છે.

આ રીતે અનેક મનુષ્યોમાં જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના બંધ સમયે અન્ય કર્મબંધ સંબંધી અસંયોગી ૧ ભંગ + દ્વિસંયોગી ૪ ભંગ + ત્રિસંયોગી ૪ ભંગ = કુલ નવ ભંગ થાય છે. તે ભંગનું સ્વરૂપ ભાવાર્થથી સ્પષ્ટ છે.

એક કર્મબંધમાં અન્ય કર્મબંધ સંબંધી ભંગ સંખ્યા તેના અશાશ્વત બંધસ્થાન અનુસાર નિશ્ચિત થાય છે. જો એક બંધસ્થાન અશાશ્વત હોય, તો એક-અનેક જીવોની અપેક્ષાએ ત્રણ ભંગ, જો બે બંધસ્થાન અશાશ્વત હોય તો નવ ભંગ અને ત્રણ બંધ સ્થાન અશાશ્વત હોય તો ૨૭ ભંગ થાય છે.

**વેદનીય કર્મબંધમાં અન્ય કર્મબંધ :–**

**१० जीवे णं भंते ! वेयणिज्जं कम्मं बंधमाणे कइ कम्मपगडीओ बंधइ ? गोयमा ! सत्तविहबंधए वा अट्ठविहबंधए वा छव्विहबंधए वा एगविहबंधए वा। एवं मणूसे वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદનીય કર્મ બાંધતા એક જીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાત, આઠ, છ અથવા એક પ્રકૃતિનો બંધક હોય છે. મનુષ્યના સંબંધમાં પણ આ જ રીતે કહેવું જોઈએ.

**११ सेसा णारगादीया सत्तविहबंधगा य अट्ठविहबंधगा य *जाव* वेमाणिए ।**

**ભાવાર્થ :–** શેષ નારકીથી વૈમાનિક સુધીના પ્રત્યેક જીવ સાત કર્મબંધક અથવા આઠ કર્મબંધક હોય છે.

**१२ जीवा णं भंते ! वेयणिज्जं कम्मं बंधमाणा कइ कम्म पगडीओ बंधइ ?**

**गोयमा ! सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य एगविह बंधगा य अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगे य । अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદનીયકર્મ બાંધતા અનેક જીવો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વ(અનેક) જીવો સાત કર્મબંધક અને આઠ કર્મબંધક તથા એક કર્મબંધક હોય. (૨) અનેક જીવો સાત કર્મબંધક અને આઠ કર્મબંધક તથા એક કર્મબંધક હોય, તેની સાથે એક જીવ છ કર્મબંધક હોય, (૩) અનેક જીવો સાત કર્મબંધક અને આઠ કર્મબંધક તથા એક કર્મબંધક હોય અને તેની સાથે અનેક જીવો છ કર્મબંધક પણ હોય છે.

**१३ अवसेसा णारगादीया** *जाव* **वेमाणिया जाओ णाणावरणं बंधमाणा बंधंति ताहिं भाणियव्वा ।**

**ભાવાર્થ :–** શેષ નારકીથી વૈમાનિક સુધીના જીવો જ્ઞાનાવરણીય કર્મને બાંધતા જેટલી પ્રકૃતિઓને બાંધે છે, તેટલી જ પ્રકૃતિના બંધનું કથન અહીં પણ વેદનીય કર્મ સાથે કહેવું જોઈએ.

**१४ णवरं मणूसा णं भंते! वेयणिज्जं कम्मं बंधमाणा कइ कम्मपगडीओ बंधंति?**

**गोयमा ! सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा य एगविहबंधगा य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधए । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगा य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगे । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगा य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधए य छव्विहबंधए य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधए य छव्विहबंधगा य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधए य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगा य। एवं णव भंगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક મનુષ્યો વેદનીયકર્મ બાંધતાં કેટલી કર્મ પ્રકૃતિઓ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વ મનુષ્યો સાત કર્મબંધક અને એક કર્મબંધક હોય, (૨) અનેક મનુષ્યો સાત કર્મબંધક અને એક કર્મબંધક હોય અને તેની સાથે એક મનુષ્ય આઠ કર્મબંધક હોય, (૩) અનેક મનુષ્યો સાત કર્મબંધક અને એક કર્મબંધક હોય અને તેની સાથે અનેક મનુષ્યો આઠ કર્મબંધક હોય, (૪) અનેક મનુષ્યો સાત કર્મબંધક અને એક કર્મબંધક હોય અને તેની સાથે એક મનુષ્ય છ કર્મબંધક હોય, (૫) અનેક મનુષ્યો સાત કર્મબંધક અને એક કર્મબંધક હોય અને તેની સાથે અનેક મનુષ્યો છ કર્મબંધક હોય,

(૬) અનેક મનુષ્યો સાત કર્મબંધક અને એક કર્મબંધક હોય, તેની સાથે એક મનુષ્ય આઠ કર્મબંધક અને એક મનુષ્ય છ કર્મબંધક, (૭) અનેક મનુષ્યો સાત કર્મબંધક અને એક કર્મબંધક હોય, તેની સાથે એક મનુષ્ય આઠ કર્મબંધક અને અનેક મનુષ્યો છ કર્મબંધક હોય, (૮) અનેક મનુષ્યો સાત કર્મબંધક અને એક કર્મબંધક હોય, તેની સાથે અનેક મનુષ્યો આઠ કર્મબંધક અને એક મનુષ્ય છ કર્મબંધક હોય, (૯) અનેક મનુષ્યો સાત કર્મબંધક અને એક કર્મબંધક હોય, તેની સાથે અનેક મનુષ્યો આઠ કર્મબંધક અને

અનેક મનુષ્યો છ કર્મબંધક હોય, આ રીતે નવ ભંગ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં એક અને અનેક જીવોની અપેક્ષાએ વેદનીય કર્મના બંધ સમયે બંધાતા અન્ય કર્મબંધ સંબંધી વિકલ્પોનું કથન છે.

વેદનીયકર્મનો બંધ તેર ગુણસ્થાન સુધી થાય છે. તેમાં આઠ, સાત, છ અને એક, તે ચાર બંધસ્થાન હોય છે. ત્રીજું ગુણસ્થાન છોડીને એક થી સાત ગુણસ્થાનમાં સાત અથવા આઠ કર્મનો બંધ, ત્રીજા, આઠમા અને નવમા ગુણસ્થાનમાં સાત કર્મનોબંધ, દશમા ગુણસ્થાનમાં છ કર્મનો બંધ અને અગિયારમા, બારમા તથા તેરમા ગુણસ્થાનમાં એક શાતાવેદનીય કર્મનો બંધ થાય છે.

**સમુચ્ચય એક જીવ :–** વેદનીય કર્મને બાંધતા આઠ, સાત, છ અથવા એક કર્મનો બંધ કરે છે. એક જીવમાં પોતાના ગુણસ્થાન અનુસાર ચાર વિકલ્પમાંથી કોઈ પણ એક વિકલ્પ હોય છે.

**૨૩ દંડકના એક-એક જીવમાં–** દશમા આદિ ગુણસ્થાનની નથી, તેથી તે જીવોને છ કે એક કર્મનો બંધ થતો નથી. તે જીવો વેદનીય કર્મને બાંધતા સાત અથવા આઠ કર્મનો બંધ કરે છે અર્થાત્ આયુષ્યનો બંધ થતો હોય, ત્યારે આઠ કર્મ અને તે સિવાયના સમયમાં સાત કર્મ બાંધે છે, તેથી ૨૩ દંડકના કોઈ પણ એક જીવમાં આઠ અથવા સાત, તે બે વિકલ્પમાંથી કોઈ પણ એક વિકલ્પ હોય છે.

**એક મનુષ્યમાં** સમુચ્ચય એક જીવની જેમ આઠ, સાત, છ અથવા એક કર્મનો બંધ, આ ચાર વિકલ્પમાંથી કોઈ પણ એક વિકલ્પ હોય છે.

**સમુચ્ચય અનેક જીવો :–** અનેક જીવોમાં પૂર્વવત્ આઠ, સાત, છ અને એક કર્મબંધ રૂપ ચાર બંધ સ્થાન હોય છે. તેમાંથી સમુચ્ચય અનેક જીવોમાં આઠ કર્મબંધક, સાત કર્મબંધક અને કેવળી ભગવાનની અપેક્ષાએ એક કર્મબંધક જીવો શાશ્વત છે, પરંતુ દશમા ગુણસ્થાનમાં છ માસનો વિરહ(વિચ્છેદ) હોવાથી છ કર્મબંધક જીવો શાશ્વત નથી. આ રીતે આઠ કર્મબંધક, સાત કર્મબંધક અને એક કર્મબંધક જીવો શાશ્વત છે તથા છ કર્મબંધક જીવો અશાશ્વત છે. તેમાં એક બંધસ્થાન અશાશ્વત હોવાથી ત્રણ ભંગ થાય છે. તે આ પ્રમાણે છે– (૧) જ્યારે છ કર્મબંધક જીવો એક પણ ન હોય ત્યારે સર્વ(અનેક) જીવો આઠ, સાત અને એક કર્મબંધક હોય, આ પ્રથમ ભંગ થાય છે. જ્યારે છ કર્મબંધક જીવ એક કે અનેક હોય ત્યારે ક્રમશઃ તેના બે ભંગ થાય છે– (૨) અનેક જીવો આઠ-સાત-એક કર્મબંધક અને એક જીવ છ કર્મબંધક. (૩) અનેક જીવો આઠ-સાત-એક કર્મબંધક અને અનેક જીવો છ કર્મબંધક. આ રીતે સમુચ્ચય અનેક જીવોમાં વેદનીય કર્મના બંધ સમયે કર્મબંધ સંબંધી ત્રણ ભંગ થાય છે.

**અનેક પાંચ સ્થાવરના જીવોમાં** સાત અથવા આઠ કર્મનો બંધ થાય છે તે જીવોમાં બંને પ્રકારના બંધવાળા જીવો શાશ્વત હોવાથી એક જ ભંગ થાય છે– (૧) અનેક જીવો સાત કર્મબંધક અને અનેક જીવો આઠ કર્મબંધક હોય છે. તેમાં અન્ય ભંગ-વિકલ્પો ન હોવાથી તે અભંગક કહેવાય છે.

**અનેક નારકી, દેવતા, વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિયો :–** તે જીવોમાં પણ સાત અથવા આઠ કર્મનો

જ બંધ થાય છે, પરંતુ તેમાં આયુષ્ય કર્મબંધક જીવો હંમેશાં હોતા નથી. આ રીતે સાત કર્મબંધક જીવો શાશ્વત અને આઠ કર્મબંધક જીવો અશાશ્વત હોવાથી પૂર્વવત્ ત્રણ ભંગ થાય છે, જેમ કે– (૧) સર્વ જીવો સાત કર્મબંધક હોય, (૨) અનેક જીવો સાત કર્મબંધક અને એક જીવ આઠ કર્મબંધક હોય, (૩) અનેક જીવો સાત કર્મબંધક અને અનેક જીવો આઠ કર્મબંધક હોય છે.

**અનેક મનુષ્યો :–** વેદનીય કર્મ બાંધતા મનુષ્યોમાં આઠ, સાત, છ અથવા એક કર્મબંધ થાય છે. આ ચાર બંધ સ્થાનમાંથી સાત કર્મબંધક અને કેવળી ભગવાનની અપેક્ષાએ એક કર્મબંધક જીવો શાશ્વત છે અને આઠ કર્મબંધક જીવો હંમેશાં ન હોવાથી આઠ કર્મબંધક જીવો તથા દશમું ગુણસ્થાન અશાશ્વત હોવાથી છ કર્મબંધક અશાશ્વત છે. શાશ્વત સાથે બે અશાશ્વત કર્મબંધ સ્થાનના સંયોગથી તેમાં નવ ભંગ આ પ્રમાણે થાય છે–

**અસંયોગી એક ભંગ–** (૧) સર્વ જીવો સાત કે એક કર્મબંધક હોય.(અર્થાત્ સાત અને એક બંને પ્રકારના કર્મબંધક જીવો અનેક-અનેક હોય છે. અન્ય આઠ કે છ કર્મબંધક જીવો એક પણ ન હોય ત્યારે બંને શાશ્વતનો આ એક ભંગ થાય છે.)

**દ્વિ સંયોગી ચાર ભંગ–** જ્યારે શાશ્વત બે બંધસ્થાનો સાથે આઠ કે છ કર્મબંધક એક કે અનેક જીવો હોય ત્યારે આ ચાર ભંગ થાય છે યથા–

(૧) અનેક જીવો સાત કે એક કર્મબંધક અને તેની સાથે એક જીવ આઠ કર્મબંધક.

(૨) અનેક જીવો સાત કે એક કર્મબંધક અને તેની સાથે અનેક જીવો આઠ કર્મબંધક.

(૩) અનેક જીવો સાત કે એક કર્મબંધક અને તેની સાથે એક જીવ છ કર્મબંધક.

(૪) અનેક જીવો સાત કે એક કર્મબંધક અને તેની સાથે અનેક જીવો છ કર્મબંધક.

**ત્રિ સંયોગી ચાર ભંગ :–** શાશ્વત બે બંધસ્થાનો સાથે આઠ અને છ કર્મબંધક બંને પ્રકારના જીવો એક કે અનેક હોય ત્યારે આ ચાર ભંગ થાય છે યથા–

(૧) અનેક જીવો સાત કે એક કર્મબંધક અને એક જીવ આઠ કર્મબંધક, એક જીવ છ કર્મબંધક.

(૨) અનેક જીવો સાત કે એક કર્મબંધક અને એક જીવ આઠ કર્મબંધક, અનેક જીવો છ કર્મબંધક.

(૩) અનેક જીવો સાત કે એક કર્મબંધક અને અનેક જીવો આઠ કર્મબંધક, એક જીવ છ કર્મબંધક.

(૪) અનેક જીવો સાત કે એક કર્મબંધક અને અનેક જીવો આઠ કર્મબંધક, અનેક જીવો છ કર્મબંધક.

આ રીતે અનેક મનુષ્યો વેદનીય કર્મ બાંધતા હોય, ત્યારે કર્મબંધ સંબંધી અસંયોગી એક ભંગ + દ્વિસંયોગી ચાર ભંગ + ત્રિ સંયોગી ચાર ભંગ = કુલ નવ ભંગ થાય છે.

**મોહનીય આદિ કર્મમાં અન્યકર્મ બંધ :-**

**૧૫ मोहणिज्जं बंधमाणे णं भंते ! जीवे कइ कम्मपगडीओ बंधइ ? गोयमा ! जीवेगिंदियवज्जो तियभंगो । जीवेगिंदिया सत्तविहबंधगा वि अट्ठविहबंधगा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મોહનીય કર્મ બાંધતા જીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ? **ઉત્તર–** હે

ગૌતમ ! સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભંગ કહેવા જોઈએ. સમુચ્ચય જીવ અને એકેન્દ્રિય સાતકર્મબંધક પણ હોય અને આઠ કર્મબંધક પણ હોય છે.

**૧૬ जीवे णं भंते ! आउयं कम्मं बंधमाणे कइ कम्मपगडीओ बंधइ ? गोयमा ! णियमा अट्ठ । एवं णेरइए *जाव* वेमाणिए । एवं पुहत्तेण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આયુષ્યકર્મને બાંધતા એક જીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નિયમા આઠ કર્મ બાંધે છે. નૈરયિકોથી લઈ વૈમાનિક સુધી બધા દંડકોમાં આ જ પ્રમાણે કહેવું જોઈએ. આ રીતે બહુવચનના વિષયમાં અનેક જીવોના સંબંધમાં પણ કહેવું જોઈએ.

**૧૭ णाम-गोय-अंतरायं बंधमाणे णं भंते ! जीवे कइ कम्मपगडीओ बंधइ ? गोयमा ! जाओ णाणावरणिज्जं बंधमाणे बंधइ ताहिं भाणियव्वो । एवं णेरइए वि *जाव* वेमाणिए । एवं पुहत्तेण वि भाणियव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નામ, ગોત્ર અને અંતરાય કર્મને બાંધતા એક જીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મના બંધ સમયે બંધાતા અન્ય કર્મ બંધની સમાન જાણવું જોઈએ. આ જ રીતે નૈરયિકથી લઈ વૈમાનિક સુધી જાણવું જોઈએ. આ જ રીતે બહુવચનમાં પણ જાણવું જોઈએ.

**વિવેચન :–**

**મોહનીય કર્મ :–** મોહનીય કર્મનો બંધ નવ ગુણસ્થાન સુધી થાય છે અને નવ ગુણસ્થાન સુધી સાત અને આઠ કર્મબંધક જીવો જ હોય છે. છ કર્મબંધક જીવો દશમા ગુણસ્થાને હોવાથી મોહનીય કર્મ બંધક જીવો છ કર્મબંધક હોતા નથી.

મોહનીય કર્મ બાંધતા સમુચ્ચય જીવો અને **પાંચ સ્થાવર જીવોમાં** સાત અને આઠ કર્મબંધક જીવો શાશ્વત હોય, તેથી તેમાં (૧) અનેક જીવો સાત કર્મબંધક અને અનેક જીવો આઠ કર્મબંધક, આ એક જ ભંગ થાય છે.

**શેષ ૧૯ દંડકના જીવોમાં** સાતકર્મબંધક જીવો હંમેશાં હોય છે પરંતુ આયુષ્યકર્મબંધક જીવો હંમેશાં હોતા નથી, તેથી શાશ્વત સાથે એક અશાશ્વત બંધસ્થાનની અપેક્ષાએ ત્રણ ભંગ આ રીતે થાય છે– (૧) સર્વ જીવો સાત કર્મબંધક, (૨) અનેક જીવો સાત કર્મબંધક અને એક જીવ આઠ કર્મબંધક, (૩) અનેક જીવો સાત કર્મબંધક અને અનેક જીવો આઠ કર્મબંધક.

**આયુષ્યકર્મ :–** આયુષ્યકર્મ ત્રીજા ગુણસ્થાનને છોડીને ૧ થી ૭ ગુણસ્થાન સુધી બંધાય છે. જ્યારે આયુષ્ય બાંધે ત્યારે પ્રત્યેક જીવો નિયમા આઠ કર્મબંધક હોય છે.

**નામ, ગોત્ર અને અંતરાય કર્મ :–** તે કર્મનો બંધ જ્ઞાનાવરણીયકર્મની જેમ દશ ગુણસ્થાન સુધી જ થાય છે, તેથી તેની સાથે બંધાતા અન્ય કર્મો તથા તત્સંબંધી ભંગ-વિકલ્પો જ્ઞાનાવરણીયકર્મની સમાન છે.

**આઠ કર્મના બંધ–ઉદયમાં ગુણસ્થાન :–**

| કર્મ | બંધમાં ગુણસ્થાન | ઉદયમાં ગુણસ્થાન |
|---|---|---|
| જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય | ૧૦ | ૧૨ |
| મોહનીય | ૯ | ૧૦ |
| વેદનીય | ૧૩ | ૧૪ |
| આયુષ્ય | ૧ થી ૭ (ત્રીજું છોડીને) | ૧૪ |
| નામ અને ગોત્ર | ૧૦ | ૧૪ |

**એક કર્મબંધમાં અન્ય કર્મબંધ(એક જીવની અપેક્ષા) :–**

| કર્મ | બંધક જીવ | સાત કર્મબંધક | આઠ કર્મબંધક | છ કર્મબંધક | એક કર્મબંધક |
|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અંતરાય, નામ, ગોત્ર | સમુચ્ચય જીવ | ✓ | ✓ | ✓ | ✓ |
| | મનુષ્ય | ✓ | ✓ | ✓ | ✓ |
| | ૨૩ દંડકના જીવો | ✓ | ✓ | × | × |
| મોહનીય કર્મ | સમુચ્ચય જીવ | ✓ | ✓ | × | × |
| | ૨૪ દંડકના જીવ | ✓ | ✓ | × | × |
| વેદનીય | સમુચ્ચય જીવ | ✓ | ✓ | ✓ | ✓ |
| | મનુષ્ય | ✓ | ✓ | ✓ | ✓ |
| | ૨૩ દંડકના જીવ | ✓ | ✓ | × | × |
| આયુષ્ય | સર્વ જીવ | × | ✓ | × | × |

**એક કર્મબંધમાં અન્ય કર્મબંધ(અનેક જીવોની અપેક્ષાએ) :–**

| કર્મ | બંધક જીવો | આઠ | સાત કર્મબંધક | છ કર્મબંધક | એક કર્મબંધક | ભંગ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, નામ અને ગોત્ર આ પાંચ કર્મ | સમુચ્ચય જીવો | ✓ | ✓ | વિકલ્પે | × | ૩ |
| | મનુષ્યો | વિકલ્પે | ✓ | વિકલ્પે | × | ૯ |
| | પાંચ સ્થાવરો | ✓ | ✓ | × | × | અભંગ |
| | ૧૮ દંડકના જીવો (નારકી, દેવતા, વિકલેન્દ્રિય તિર્યંચ પંચેન્દ્રિય) | વિકલ્પે | ✓ | × | × | ૩ |
| મોહનીય | સમુચ્ચય જીવો | ✓ | ✓ | × | × | અભંગ |
| | મનુષ્યો | વિકલ્પે | ✓ | × | × | ૩ |
| | પાંચ સ્થાવરો | ✓ | ✓ | × | × | અભંગ |
| | ૧૮ દંડકના જીવો | વિકલ્પે | ✓ | × | × | ૩ |

| કર્મ | બંધક જીવો | આઠ | સાત કર્મબંધક | છ કર્મબંધક | એક કર્મબંધક | ભંગ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| વેદનીય | સમુચ્ચય જીવો | ✓ | ✓ | વિકલ્પે | ✓ | ૩ |
| | મનુષ્યો | વિકલ્પે | ✓ | વિકલ્પે | ✓ | ૯ |
| | પાંચ સ્થાવરો | ✓ | ✓ | × | × | અભંગ |
| | ૧૮ દંડકના જીવો | વિકલ્પે | ✓ | × | × | ૩ |
| આયુષ્ય | સર્વ જીવો | ✓ | × | × | × | અભંગ |

★ એક બંધ સ્થાન વિકલ્પે હોય તો–૩ ભંગ , બે બંધ સ્થાન વિકલ્પે હોય તો–૯ ભંગ, ત્રણ બંધ સ્થાન વિકલ્પે હોય તો–૨૭ ભંગ થાય છે.

★ સાત કર્મ બંધક = આયુષ્ય સિવાય સાત કર્મ બાંધનાર. છ કર્મ બંધક = આયુષ્ય + મોહનીયકર્મ સિવાય છ કર્મ બાંધનાર. એક કર્મ બંધક = શાતાવેદનીય કર્મ બાંધનાર. અભંગ = વૈકલ્પિક ભંગ નથી, એક જ ભંગ છે.

## ।। ચોવીસમું પદ સંપૂર્ણ ।।

# પચીશમું પદ : કર્મબંધ–વેદક

**જ્ઞાનાવરણીયાદિ કર્મબંધમાં અન્ય કર્મ વેદન :–**

**१ कइ णं भंते ! कम्मपगडीओ पण्णत्ताओ ? गोयमा ! अट्ठ कम्मपगडीओ पण्णत्ताओ । तं जहा– णाणावरणिज्जं *जाव* अंतराइयं । एवं णेरइयाणं *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કર્મપ્રકૃતિઓ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કર્મપ્રકૃતિઓ આઠ છે, જેમ કે– જ્ઞાનાવરણીય ***યાવત્*** અંતરાય. આ જ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધીના અર્થાત્ ૨૪ દંડકના જીવોમાં આ આઠ કર્મપ્રકૃતિઓ હોય છે.

**२ जीवे णं भंते ! णाणावरणिज्जं कम्मं बंधमाणं कइ कम्मपगडीओ वेदेइ ? गोयमा ! णियमा अट्ठ कम्मपगडीओ वेदेइ । एवं णेरइए *जाव* वेमाणिए । एवं पुहत्तेण वि । एवं वेयणिज्जवज्जं *जाव* अंतराइयं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક જીવ જ્ઞાનાવરણીયકર્મનો બંધ કરતાં કેટલી કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે નિયમા આઠ કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે.

આ જ રીતે એક નૈરયિકથી લઈને એક વૈમાનિક સુધીના ૨૪ દંડકના પ્રત્યેક જીવ આઠ કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે. આ જ રીતે અનેક નારકીથી લઈને અનેક વૈમાનિક દેવો સુધીના ૨૪ દંડકના અનેક જીવો પણ આઠ કર્મ પ્રકૃતિઓનું વેદન કરે છે. વેદનીય કર્મને છોડીને શેષ છ કર્મોના સંબંધમાં આ જ્ઞાનાવરણીય કર્મની જેમ જાણવું જોઈએ.

**३ जीवे णं भंते ! वेयणिज्जं कम्मं बंधमाणे कइ कम्मपगडीओ वेदेइ ? गोयमा! सत्तविहवेदए वा अट्ठविहवेदए वा चउव्विहवेदए वा ।**

**एवं मणूसे वि । सेसा णेरइयाई एगत्तेण वि पुहत्तेण वि णियमा अट्ठकम्मपगडीओ वेदेंति *जाव* वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક જીવ વેદનીય કર્મને બાંધતો કેટલી કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સાત, આઠ અથવા ચાર કર્મનું વેદન કરે છે.

આ જ રીતે મનુષ્યના સંબંધમાં જાણવું જોઈએ. શેષ નૈરયિકથી લઈને વૈમાનિક સુધીના એક કે અનેક જીવો વેદનીય કર્મ બાંધતા નિયમા આઠ કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે.

**४ जीवा णं भंते ! वेयणिज्जं कम्मं बंधमाणा कइ कम्मपगडीओ वेदेंति ? गोयमा ! सव्वे वि ताव होज्जा अट्ठविहवेदगा य चउव्विहवेदगा य । अहवा**

**अट्ठविहवेदगा य चउव्विहवेदगा य सत्तविहवेदगे य । अहवा अट्ठविहवेदगा य चउव्विहवेदगा य सत्तविहवेदगा य । एवं मणूसा वि भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક જીવો વેદનીયકર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વ જીવો વેદનીયકર્મને બાંધતાં આઠ અને ચાર કર્મનું વેદન કરે છે, (૨) અનેક જીવો આઠ અને ચાર કર્મનું તથા તેની સાથે એક જીવ સાત કર્મનું વેદન કરે છે. (૩) અનેક જીવો આઠ અને ચાર કર્મનું વેદન કરે છે તથા તેની સાથે અનેક જીવો સાત કર્મનું પણ વેદન કરે છે.

આ જ રીતે અનેક મનુષ્યો વેદનીયકર્મ બાંધતા આઠ, સાત અથવા ચાર કર્મપ્રકૃતિઓનું વેદન કરે, તદ્‌વિષયક ઉપરોક્ત ત્રણ ભંગ જાણવા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના એક અને અનેક જીવોની અપેક્ષાએ આઠ કર્મોના બંધ સમયે વેદન કરાતી કર્મપ્રકૃતિઓનું નિરૂપણ છે.

**જ્ઞાનાવરણીય આદિ સાત** કર્મના બંધ સમયે જીવ અવશ્ય આઠ કર્મોનું વેદન કરે છે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, નામ, ગોત્ર આ પાંચ કર્મોનો બંધ દશ ગુણસ્થાન સુધી, મોહનીય કર્મનો બંધ નવ ગુણસ્થાન સુધી અને આયુષ્ય કર્મનો બંધ ત્રીજું ગુણસ્થાન છોડીને શેષ સાત ગુણસ્થાન સુધી થાય છે.

જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મોનો ઉદય બાર ગુણસ્થાન સુધી હોય જ છે, તેથી આઠ, સાત કે છ કર્મ બાંધતા જીવો અવશ્ય આઠે કર્મોનું વેદન કરે છે. આ રીતે ૨૪ દંડકના એક કે અનેક જીવો જ્ઞાનાવરણીયાદિ સાત કર્મોને બાંધતા આઠ કર્મોનું વેદન કરે છે.

**વેદનીય કર્મનો** બંધ કરતા જીવ આઠ, સાત અથવા ચાર કર્મોનું વેદન કરે છે. વેદનીય કર્મનો બંધ તેર ગુણસ્થાન સુધી થાય છે. તેમાં એકથી દશ ગુણસ્થાનવર્તી જીવો આઠ કર્મોનું, અગિયારમા ઉપશાંત મોહનીય અને બારમા ક્ષીણ મોહનીય ગુણસ્થાનવર્તી જીવ મોહનીય કર્મને છોડીને શેષ સાત કર્મોનું અને તેરમા ગુણસ્થાનવર્તી સયોગી કેવળી વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર, આ ચાર અઘાતી કર્મોનું વેદન કરે છે.

મનુષ્યને છોડીને શેષ ૨૩ દંડકના જીવોમાં એક કે અનેક જીવો અવશ્ય આઠ કર્મોનું વેદન કરે છે કારણ કે તે જીવો કોઈ પણ કર્મને ઉપશાંત કે ક્ષય કરી શકતા નથી.

**સમુચ્ચય એક જીવ અથવા એક મનુષ્યમાં** એકથી ચૌદ ગુણસ્થાન હોય શકે છે, તેથી એક મનુષ્ય ગુણસ્થાનોની સ્થિતિ અનુસાર આઠ, સાત અથવા ચાર કર્મોનું વેદન કરે છે. સમુચ્ચય એક જીવમાં અને એક મનુષ્યમાં આ ત્રણ વિકલ્પમાંથી કોઈ પણ એક વિકલ્પ હોય છે.

**સમુચ્ચય અનેક જીવો અથવા અનેક મનુષ્યોમાં** વેદનીય કર્મના બંધ સમયે અન્ય કર્મના વેદન સંબંધી ત્રણ ભંગ થાય છે. એકથી દશ ગુણસ્થાનવર્તી જીવો આઠ કર્મોનું વેદન કરે છે. તે જીવો હંમેશાં હોય છે. ૧૧, ૧૨મા ગુણસ્થાનવર્તી જીવો સાત કર્મોનું વેદન કરે છે, પરંતુ તે બંને ગુણસ્થાનો અશાશ્વત છે, તેમાં છ માસનું અંતર છે, તેથી તેના વિરહકાલમાં સાત કર્મવેદક જીવો હોતા નથી.

તેરમા ગુણસ્થાનવર્તી જીવો ચાર કર્મોનું વેદન કરે છે. તેરમું ગુણસ્થાન કેવળી ભગવાનની અપેક્ષાએ શાશ્વત છે, તેથી ચાર કર્મવેદક જીવો હંમેશાં હોય છે.

આ રીતે આઠ કર્મવેદક અને ચાર કર્મવેદક જીવો શાશ્વત અને સાત કર્મવેદક જીવો અશાશ્વત છે. શાશ્વત સાથે એક અશાશ્વત બોલમાં એક કે અનેક જીવોની અપેક્ષાએ ત્રણ ભંગ થાય છે.

જ્યારે સાત કર્મવેદક જીવો એક પણ ન હોય ત્યારે (૧) સર્વ(અનેક) જીવો આઠ અને ચાર કર્મ વેદક હોય છે, આ પ્રથમ ભંગ થાય છે. જ્યારે સાતકર્મવેદક એક જીવ હોય ત્યારે (૨) અનેક જીવો આઠ તથા ચાર કર્મવેદક હોય અને તેની સાથે એક જીવ સાત કર્મવેદક હોય, આ બીજો ભંગ થાય છે. સાત કર્મવેદક અનેક જીવો હોય ત્યારે (૩) અનેક જીવો આઠ તથા ચાર કર્મવેદક હોય, અને તેની સાથે અનેક જીવો સાત કર્મવેદક હોય, આ ત્રીજો ભંગ થાય છે.

આ રીતે અનેક સમુચ્ચય જીવો અને મનુષ્યોમાં વેદનીયકર્મના બંધ સમયે કર્મવેદન સંબંધી ત્રણ ભંગ થાય છે.

**એક કર્મબંધ સમયે કર્મવેદન(એક જીવની અપેક્ષાએ):–**

| કર્મ | બંધક જીવ | આઠ કર્મ વેદક | સાત કર્મ વેદક મોહનીયને વર્જીને | ચાર કર્મ વેદક અઘાતિ કર્મ |
|---|---|---|---|---|
| જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, આયુષ્ય, નામ, ગોત્ર | સર્વ જીવો | ✓ | × | × |
| વેદનીય | સમુચ્ચય જીવ | ✓ | ✓ | ✓ |
| | મનુષ્ય | ✓ | ✓ | ✓ |
| | ૨૩ દંડકના જીવ | ✓ | × | × |

**એક કર્મબંધ સમયે અન્ય કર્મવેદન(અનેક જીવોની અપેક્ષાએ) :–**

| કર્મ | બંધક જીવો | આઠ કર્મવેદક | સાત કર્મવેદક | ચાર કર્મવેદક | ભંગ સંખ્યા |
|---|---|---|---|---|---|
| સાત કર્મ (વેદનીય છોડીને) | સમુચ્ચય જીવો અને મનુષ્યો | ✓ | × | × | અભંગ |
| વેદનીય | સમુચ્ચય જીવો અને મનુષ્યો | ✓ | વિકલ્પે | ✓ | ૩ |
| આઠ કર્મ | ૨૩ દંડકના જીવો | ✓ | × | × | અભંગ |

★ અભંગ = વૈકલ્પિક ભંગ નથી, એક જ ભંગ છે.

## ॥ પચીસમું પદ સંપૂર્ણ ॥

# છવ્વીસમું પદ : કર્મવેદ બંધ

**જ્ઞાનાવરણીયાદિ કર્મના વેદનમાં અન્ય કર્મ બંધ :–**

**१ कइ णं भंते ! कम्मपगडीओ पण्णत्ताओ ? गोयमा ! अट्ठ कम्मपगडीओ पण्णत्ताओ । तं जहा– णाणावरणिज्जं** *जाव* **अंतराइयं । एवं णेरइयाणं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કર્મપ્રકૃતિઓ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કર્મપ્રકૃતિઓ આઠ છે. જેમ કે– જ્ઞાનાવરણીય ***યાવત્*** અંતરાય. આ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધીના જીવોને આઠ કર્મપ્રકૃતિઓ હોય છે.

**२ जीवे णं भंते! णाणावरणिज्जं कम्मं वेयमाणे कइ कम्मपगडीओ बंधइ ? गोयमा! सत्तविहबंधए वा अट्ठविहबंधए वा छव्विहबंधए वा एगविहबंधए वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક જીવ જ્ઞાનાવરણીય કર્મનું વેદન કરતાં કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સાત, આઠ, છ કે એક કર્મપ્રકૃતિનો બંધ કરે છે.

**३ णेरइए णं भंते ! णाणावरणिज्जं कम्मं वेयमाणे कइ कम्मपगडीओ बंधइ?**

**गोयमा! सत्तविहबंधए वा अट्ठविहबंधए वा । एवं** *जाव* **वेमाणिए, णवरं– मणूसे जहा जीवे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક જીવ જ્ઞાનાવરણીય કર્મનું વેદન કરતાં કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સાત અથવા આઠ કર્મપ્રકૃતિઓનો બંધ કરે છે. આ જ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ, પરંતુ મનુષ્યનું કથન સમુચ્ચય જીવના કથનની સમાન છે.

**४ जीवा णं भंते ! णाणावरणिज्जं कम्मं वेयमाणा कइ कम्मपगडीओ बंधइ ?**

**गोयमा ! सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधए य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगा य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य एगविहबंधगे य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य एगविहबंधगा य,**

**अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधए य एगविहबंधए य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधए य एगविहबंधगा य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगा य एगविहबंधए य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगा य एगविहबंधगा य, एवं एए णव भंगा । अवसेसाणं एगिंदिय-मणूसवज्जाणं तियभंगो** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક જીવો જ્ઞાનાવરણીય કર્મનું વેદન કરતાં કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વ જીવો સાત કે આઠ કર્મના બંધક હોય છે અર્થાત્ અનેક જીવો સાત કર્મના બંધક અને અનેક જીવો આઠ કર્મના બંધક હોય છે,

(૨) અનેક જીવો સાત અને આઠ કર્મના બંધક તથા એક જીવ છ કર્મનો બંધક હોય છે, (૩) અનેક જીવો સાત અને આઠ કર્મબંધક તથા અનેક જીવો છ કર્મના બંધક હોય છે, (૪) અનેક જીવો સાત અને આઠ કર્મના બંધક તથા એક જીવ એક કર્મનો બંધક હોય છે, (૫) અનેક જીવો સાત અને આઠ કર્મના બંધક તથા અનેક જીવો એક કર્મના બંધક હોય છે;

(૬) અનેક જીવો સાત અને આઠ કર્મના બંધક તથા એક જીવ છ કર્મનો અને એક જીવ એક કર્મનો બંધક હોય છે, (૭) અનેક જીવો સાત અને આઠ કર્મના બંધક તથા એક જીવ છ કર્મનો બંધક અને અનેક જીવો એક કર્મના બંધક હોય છે, (૮) અનેક જીવો સાત અને આઠ કર્મના બંધક તથા અનેક જીવો છ કર્મના બંધક અને એક જીવ એક કર્મનો બંધક હોય છે, (૯) અનેક જીવો સાત અને આઠ કર્મના બંધક તથા અનેક જીવો છ કર્મબંધક અને અનેક જીવો એક કર્મબંધક હોય છે. આ પ્રમાણે કુલ નવ ભંગ થાય છે. એકેન્દ્રિય જીવો અને મનુષ્યોને છોડીને શેષ વૈમાનિક સુધીના જીવોમાં ત્રણ-ત્રણ ભંગ જાણવા જોઈએ.

**૫ एगिंदिया णं सत्तविहबंधगा य अट्ठविहबंधगा य ।**

**ભાવાર્થ :–** સર્વ એકેન્દ્રિય જીવોમાં અનેક જીવો સાત કર્મબંધક અને અનેક જીવો આઠ કર્મબંધક હોય છે.

**६ मणूसाणं भंते ! पुच्छा ? गोयमा ! सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगे य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य, अहवा सत्तविहबंधगा य छव्विहबंधए य; एवं छव्विहबंधएण वि समं दो भंगा; एगविहबंधएण वि समं दो भंगा;**

**अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधए य छव्विहबंधए य चउभंगो; अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधए य एगविहबंधए य चउभंगो; अहवा सत्तविहबंधगा य छव्विहबंधगे य एगविहबंधए य चउभंगो;**

**अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधए य छव्विहबंधए य एगविहबंधए य भंगा अट्ठ; एवं एए सत्तावीसं भंगा । एवं जहा णाणावरणिज्जं तहा दरिसणावरणिज्जं पि, अंतराइयं पि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક મનુષ્યો જ્ઞાનાવરણીય કર્મનું વેદન કરતા કેટલી કર્મ પ્રકૃતિઓનો બંધ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વ મનુષ્યો સાત કર્મબંધક હોય છે. (૨) અનેક મનુષ્યો સાત કર્મબંધક અને એક મનુષ્ય આઠ કર્મબંધક હોય છે. (૩) અનેક મનુષ્યો સાત કર્મબંધક અને અનેક મનુષ્યો આઠ કર્મબંધક હોય છે.

આ જ રીતે (૪-૫) સાત અને છ કર્મબંધકના બે ભંગ થાય. (૬-૭) સાત અને એક કર્મબંધકના બે ભંગ થાય. (૮થી૧૧) સાત, આઠ અને છ કર્મબંધકના ચાર ભંગ થાય. (૧૨થી૧૫) સાત, આઠ અને એક કર્મબંધકના ચાર ભંગ થાય.(૧૬થી૧૯) સાત, છ અને એક કર્મબંધકના ચાર ભંગ થાય. (૨૦થી૨૭)

સાત, આઠ છ અને એક કર્મબંધકના ચતુઃસંયોગી આઠ ભંગ થાય, આ રીતે ૨૭ ભંગ થાય છે.

જેવી રીતે જ્ઞાનાવરણીય કર્મના વેદન સમયે અન્ય કર્મબંધ સંબંધીનું કથન કર્યું, તે જ રીતે દર્શનાવરણીય અને અંતરાય કર્મના વેદન સમયે અન્ય કર્મબંધ સંબંધી કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય અને ૨૪ દંડકના એક કે અનેક જીવોમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનું વેદન કરતાં બંધાતી કર્મપ્રકૃતિઓનું કથન છે.

જ્ઞાનાવરણીય આદિ ત્રણે કર્મોનું વેદન બાર ગુણસ્થાન સુધી થાય છે. ત્યાં સુધીમાં આઠ, સાત, છ અથવા એક કર્મબંધ, આ ચાર બંધસ્થાન હોય છે.

ત્રીજું ગુણસ્થાન છોડીને એક થી સાત ગુણસ્થાન સુધી આયુષ્યકર્મનો બંધ થતો હોય, તો આઠ કર્મનો બંધ; આયુષ્યનો બંધ થતો ન હોય, તો સાત કર્મનો બંધ; ત્રીજે, આઠમે અને નવમે ગુણસ્થાને સાત કર્મનો બંધ; દશમે ગુણસ્થાને આયુષ્ય અને મોહનીયકર્મને છોડીને છ કર્મનો બંધ અને અગિયારમે, બારમે ગુણસ્થાને એક શાતાવેદનીય કર્મનો બંધ થાય છે.

**સમુચ્ચય એક જીવ અથવા એક મનુષ્ય :–** પોતાના ગુણસ્થાન અનુસાર આઠ, સાત, છ અથવા એક કર્મ બાંધે છે. એક જીવમાં એક સમયે ચાર બંધસ્થાનમાંથી કોઈ પણ એક વિકલ્પ હોય છે.

**મનુષ્ય સિવાય ૨૩ દંડકના એક જીવ** સાત અથવા આઠ કર્મોનો બંધ કરે છે. તે જીવ કોઈ પણ કર્મોનો બંધ વિચ્છેદ કરી નહીં. તેથી તેને આયુષ્ય કર્મના બંધ સમયે આઠ કર્મોનો અને આયુષ્ય કર્મના અબંધ સમયે સાત કર્મોનો બંધ થાય છે.

**સમુચ્ચય અનેક જીવો :–** તેમાં જ્ઞાનાવરણીય કર્મના વેદન સમયે આઠ, સાત, છ અથવા એક કર્મનો બંધ થાય છે. આ ચાર બંધ સ્થાનમાંથી સાત અને આઠ કર્મના બંધક જીવો શાશ્વત હોય છે અને દશમું, અગિયારમું અને બારમું ગુણસ્થાન અશાશ્વત હોવાથી છ કર્મબંધક તથા એક કર્મબંધક જીવો અશાશ્વત હોય છે. બે બંધ સ્થાન અશાશ્વત હોવાથી તેના **નવ ભંગ** થાય છે, તે આ પ્રમાણે છે–

**અસંયોગી એક ભંગ–** (૧) સર્વ જીવો આઠ કે સાત કર્મબંધક હોય છે.(અર્થાત્ સર્વ જીવોમાં અનેક જીવો આઠ કર્મના બંધક અને અનેક જીવો સાત કર્મના બંધક હોય છે.)

**દ્વિ સંયોગી ચાર ભંગ–**

(૨) અનેક જીવો આઠ કે સાત કર્મના બંધક, એક જીવ છ કર્મબંધક.
(૩) અનેક જીવો આઠ કે સાત કર્મબંધક, અનેક જીવો છ કર્મબંધક.
(૪) અનેક જીવો આઠ કે સાત કર્મબંધક, એક જીવ એક કર્મબંધક.
(૫) અનેક જીવો આઠ કે સાત કર્મબંધક, અનેક જીવો એક કર્મબંધક.

**ત્રિ સંયોગી ચાર ભંગ–**

(૬) અનેક જીવો આઠ કે સાત કર્મબંધક, એક છ કર્મબંધક અને એક જીવ એક કર્મબંધક,
(૭) અનેક જીવો આઠ કે સાત કર્મબંધક, એક છ કર્મબંધક અને અનેક જીવો એક કર્મબંધક,
(૮) અનેક જીવો આઠ કે સાત કર્મબંધક, અનેક છ કર્મબંધક અને એક જીવ એક કર્મબંધક,
(૯) અનેક જીવો આઠ કે સાત કર્મબંધક, અનેક છ કર્મબંધક અને અનેક જીવો એક કર્મબંધક.

આ રીતે સમુચ્ચય અનેક જીવોમાં જ્ઞાનાવરણીયકર્મના વેદન સમયે દ્વિસંયોગી એક ભંગ, ત્રિસંયોગી ચાર ભંગ, ચારસંયોગી ચાર ભંગ, કુલ નવ ભંગ થાય છે.

**૨૪ દંડકમાં :–** મનુષ્યને છોડીને શેષ ૨૩ દંડકના જીવોમાં સાત અથવા આઠ કર્મબંધ રૂપ બે બંધસ્થાન જ હોય છે.

**અનેક પાંચ સ્થાવર જીવોમાં–** સાત અને આઠ કર્મબંધક જીવો હંમેશાં હોય છે, તેથી તેમાં અનેક જીવો આઠ કર્મબંધક અને અનેક જીવો સાત કર્મબંધક આ એક જ ભંગ થાય છે. તેમાં અન્ય ભંગ ન હોવાથી તે અભંગક કહેવાય છે.

**અનેક નારકી, દેવતા, ત્રણ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં–** આયુષ્ય કર્મબંધક જીવો હંમેશાં હોતા નથી. તેમાં સાત કર્મબંધક જીવો શાશ્વત અને આઠ કર્મબંધક જીવો અશાશ્વત હોવાથી ત્રણ ભંગ થાય છે. યથા– (૧) કોઈ સમયે સર્વ જીવો સાત કર્મબંધક હોય (૨) કોઈ સમયે અનેક જીવો સાત કર્મબંધક હોય અને એક જીવ આઠ કર્મબંધક હોય (૩) કોઈ સમયે અનેક જીવો સાત કર્મબંધક હોય અને અનેક જીવો આઠ કર્મબંધક હોય છે.

**અનેક મનુષ્યોમાં–** સમુચ્ચય જીવોની જેમ આઠ, સાત, છ અને એક કર્મબંધક, આ ચાર બંધસ્થાન હોય છે. વિશેષતા એ છે કે સમુચ્ચય જીવોમાં બે બંધસ્થાન અશાશ્વત છે અને મનુષ્યોમાં આયુષ્ય કર્મબંધક જીવો પણ હંમેશાં હોતા નથી, તેથી આઠ, છ અને એક કર્મબંધક એમ ત્રણ બંધ સ્થાન અશાશ્વત હોય છે, તેથી મનુષ્યોમાં એક શાશ્વત અને ત્રણ અશાશ્વત બંધ સ્થાનોના સંયોગથી ૨૭ ભંગ થાય છે.

**અનેક મનુષ્યોમાં થતા ૨૭ ભંગો :–**

**અસંયોગી એક ભંગ–** (૧) સર્વ જીવો સાત કર્મબંધક.

**દ્વિસંયોગી છ ભંગ–** (૨) અનેક જીવો સાત કર્મબંધક અને એક જીવ આઠ કર્મબંધક.

(૩) અનેક જીવો સાત કર્મબંધક અને અનેક જીવો આઠ કર્મબંધક.

(૪) અનેક જીવો સાત કર્મબંધક અને એક જીવ છ કર્મબંધક.

(૫) અનેક જીવો સાત કર્મબંધક અને અનેક જીવો છ કર્મબંધક.

(૬) અનેક જીવો સાત કર્મબંધક અને એક જીવ એક કર્મબંધક.

(૭) અનેક જીવો સાત કર્મબંધક અને અનેક જીવો એક કર્મબંધક.

**ત્રિસંયોગી બાર ભંગ–** (૮) અનેક જીવો સાત કર્મબંધક, એક જીવ આઠ કર્મબંધક, એક જીવ છ કર્મબંધક.

(૯) અનેક જીવો સાત કર્મબંધક, એક જીવ આઠ કર્મબંધક, અનેક જીવો છ કર્મબંધક.

(૧૦) અનેક જીવો સાત કર્મબંધક, અનેક જીવ આઠ કર્મબંધક, એક જીવ છ કર્મબંધક.

(૧૧) અનેક જીવો સાત કર્મબંધક, અનેક જીવ આઠ કર્મબંધક, અનેક જીવો છ કર્મબંધક.

(૧૨) અનેક જીવો સાત કર્મબંધક, એક જીવ આઠ કર્મબંધક, એક જીવ એક કર્મબંધક.

(૧૩) અનેક જીવો સાત કર્મબંધક, એક જીવ આઠ કર્મબંધક, અનેક જીવો એક કર્મબંધક.

(૧૪) અનેક જીવો સાત કર્મબંધક, અનેક જીવો આઠ કર્મબંધક, એક જીવ એક કર્મબંધક.

(૧૫) અનેક જીવો સાત કર્મબંધક, અનેક જીવો આઠ કર્મબંધક, અનેક જીવો એક કર્મબંધક.

(૧૬) અનેક જીવો સાત કર્મબંધક, એક જીવ છ કર્મબંધક, એક જીવ એક કર્મબંધક.
(૧૭) અનેક જીવો સાત કર્મબંધક, એક જીવ છ કર્મબંધક, અનેક જીવો એક કર્મબંધક.
(૧૮) અનેક જીવો સાત કર્મબંધક, અનેક જીવો છ કર્મબંધક, એક જીવ એક કર્મબંધક.
(૧૯) અનેક જીવો સાત કર્મબંધક, અનેક જીવો છ કર્મબંધક, અનેક જીવો એક કર્મબંધક.

**ચાર સંયોગી આઠ ભંગ–** (૨૦) અનેક જીવો સાત કર્મબંધક, એક જીવ આઠ કર્મબંધક, એક જીવ છ કર્મબંધક, એક જીવ એક કર્મબંધક. (૨૧) અનેક જીવો સાત કર્મબંધક, એક જીવ આઠ કર્મબંધક, એક જીવ છ કર્મબંધક, અનેક જીવો એક કર્મબંધક. (૨૨) અનેક જીવો સાત કર્મબંધક, એક જીવ આઠ કર્મબંધક, અનેક જીવો છ કર્મબંધક, એક જીવ એક કર્મબંધક. (૨૩) અનેક જીવો સાત કર્મબંધક, એક જીવ આઠ કર્મબંધક, અનેક જીવો છ કર્મબંધક, અનેક જીવો એક કર્મબંધક.

(૨૪) અનેક જીવો સાત કર્મબંધક, અનેક જીવો આઠ કર્મબંધક, એક જીવ છ કર્મબંધક, એક જીવ એક કર્મબંધક. (૨૫) અનેક જીવો સાત કર્મબંધક, અનેક જીવો આઠ કર્મબંધક, એક જીવ છ કર્મબંધક, અનેક જીવો એક કર્મબંધક. (૨૬) અનેક જીવો સાત કર્મબંધક, અનેક જીવો આઠ કર્મબંધક, અનેક જીવો છ કર્મબંધક, એક જીવ એક કર્મબંધક. (૨૭) અનેક જીવો સાત કર્મબંધક, અનેક જીવો આઠ કર્મબંધક, અનેક જીવો છ કર્મબંધક, અનેક જીવો એક કર્મબંધક.

આ રીતે અનેક મનુષ્યોમાં જ્ઞાનાવરણીય કર્મના વેદન સમયે અન્ય કર્મબંધ સંબંધી અસંયોગી ૧ + દ્વિસંયોગી ૬ + ત્રિસંયોગી ૧૨ + ચતુઃસંયોગી ૮ = કુલ ૨૭ ભંગ થાય છે. **દર્શનાવરણીય અને અંતરાય** કર્મનો ઉદય પણ બાર ગુણસ્થાન સુધી હોય છે, તેથી તેનું સમગ્ર કથન જ્ઞાનાવરણીય કર્મની સમાન છે.

સંક્ષેપમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનું વેદન કરતા સમુચ્ચય અનેક જીવો સાત, આઠ, છ અથવા એક કર્મ બાંધે છે. તેના નવ ભંગ થાય છે. અનેક મનુષ્યો પણ સાત, આઠ, છ અથવા એક કર્મ બાંધે છે, તેના ૨૭ ભંગ થાય છે. શેષ ૨૩ દંડકના જીવો સાત અથવા આઠ કર્મ બાંધે છે, તેમાં પાંચ સ્થાવર જીવો અભંગક અને શેષ નારકી આદિ અઢાર દંડકના જીવોમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે.

**વેદનીય કર્મવેદન સાથે કર્મ બંધ :–**

**૭ जीवे णं भंते ! वेयणिज्जं कम्मं वेदेमाणे कइ कम्मपगडीओ बंधइ ?**

**गोयमा ! सत्तविहबंधए वा अट्ठविहबंधए वा छव्विहबंधए वा एगविहबंधए वा अबंधए वा । एवं मणूसे वि । अवसेसा णारगादीया सत्तविहबंधगा य अट्ठविह-बंधगा य । एवं** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક જીવ વેદનીય કર્મનું વેદન કરતાં કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સાત, આઠ, છ કે એક કર્મનો બંધક હોય છે અથવા અબંધક પણ હોય છે. આ જ રીતે એક મનુષ્યના વિષયમાં પણ જાણવું જોઈએ. શેષ નૈરયિકથી વૈમાનિક દેવો સુધીના ૨૩ દંડકોના પ્રત્યેક જીવ સાત અથવા આઠ કર્મના બંધક હોય છે.

**૮ जीवाणं भंते ! वेयणिज्जं कम्मं वेएमाणा कइ कम्मपगडीओ बंधंति ?**

**गोयमा ! सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य एगविह-**

**बंधगा य; अहवा सत्तविह बंधगा य अट्ठविह बंधगा य एगविहबंधगा य, छव्विह-बंधए य; अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य एगविहबंधगा य, छव्विहबंधगा य। एवं अबंधगेण वि समं दो भंगा भाणियव्वा । अहवा सत्तविह बंधगा य अट्ठविह-बंधगा य एगविहबंधगा य छव्विहबंधए य अबंधए य चउभंगो, एवं एए णव भंगा। एगिंदियाणं अभंगयं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સમુચ્ચય અનેક જીવો વેદનીય કર્મનું વેદન કરતાં કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) કોઈ સમયે સર્વ જીવો સાત, આઠ અને એક કર્મબંધક હોય છે અર્થાત્ અનેક જીવો સાત કર્મબંધક, અનેક જીવો આઠ કર્મબંધક અને અનેક જીવો એક કર્મબંધક હોય છે. (૨) કોઈ સમયે અનેક જીવો સાત, આઠ તથા એક કર્મબંધક હોય અને એક જીવ છ કર્મબંધક હોય છે. (૩) કોઈ સમયે અનેક જીવો સાત, આઠ તથા એક કર્મબંધક હોય અને અનેક જીવો છ કર્મબંધક હોય છે. (૪–૫) આ જ રીતે અબંધક સાથે બે ભંગ થાય છે. (૬ થી ૯) અનેક જીવો સાત, આઠ અને એક કર્મબંધક હોય ત્યારે તેની સાથે છ કર્મબંધક અને અબંધકના એક-અનેકની અપેક્ષાએ ચાર ભંગ થાય છે. આ રીતે કુલ નવ ભંગ થાય છે. એકેન્દ્રિયોમાં અભંગ હોય છે અર્થાત્ અનેક જીવો સાત કર્મબંધક અને અનેક જીવો આઠ કર્મબંધક, એવો એક જ પ્રકાર હોય છે. તેમાં બીજો ભંગ ન હોવાથી તેને અભંગ કહેવાય છે.

**९ णारगादीणं तियभंगो** *जाव* **वेमाणियाणं । णवरं मणूसाणं पुच्छा ?**

**गोयमा ! सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा य एगविहबंधगा य । अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधए य अट्ठविहबंधए य अबंधए य, एवं एए सत्तावीसं भंगा भाणियव्वा जहा किरियासु पाणाइवायविरयस्स ।**

**एवं जहा वेयणिज्जं तहा आउयं णामं गोयं च भाणियव्वं ।**

**ભાવાર્થ :–** નારકથી વૈમાનિકો સુધીના જીવોમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક મનુષ્યો વેદનીય કર્મનું વેદન કરતા કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) કોઈ સમયે સર્વ મનુષ્યો સાત અને એક કર્મના બંધક હોય છે અર્થાત્ સર્વ જીવોમાં અનેક જીવો સાત કર્મબંધક હોય અને અનેક જીવો એક કર્મબંધક હોય છે. (૨) કોઈ સમયે અનેક મનુષ્યો સાત અને એક કર્મબંધક હોય અને તેની સાથે એક મનુષ્ય છ કર્મબંધક અથવા આઠ કર્મબંધક અથવા અબંધક પણ હોય, તેના એકવચન અને બહુવચનથી ત્રિસંયોગી, ચાર સંયોગી તથા પાંચ સંયોગીના કુલ મળીને સત્તાવીશ ભંગ થાય છે. જેવી રીતે પ્રાણાતિપાતથી વિરતની ક્રિયાઓના વિષયમાં પદ–૨૨માં કહ્યું છે, તે જ રીતે અહીં પણ કહેવું જોઈએ.

જે રીતે વેદનીય કર્મના વેદન સમયે થતા કર્મબંધનું કથન કર્યું છે, તે જ રીતે આયુષ્ય, નામ અને ગોત્ર કર્મના વેદન સમયે થતા કર્મ બંધનું કથન કરવું જોઈએ. આ ત્રણે ય અઘાતી કર્મોનું વેદન પણ વેદનીય કર્મની જેમ ચૌદ ગુણસ્થાન સુધી હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના એક કે અનેક જીવોની અપેક્ષાએ વેદનીયાદિ ચાર અઘાતી કર્મના

વેદનમાં બંધાતી કર્મપ્રકૃતિઓનું નિરૂપણ છે.

ચારે અઘાતી કર્મોનો ઉદય ચૌદ ગુણસ્થાન સુધી હોય છે, તેથી **સમુચ્ચય એક જીવ અથવા એક મનુષ્ય** પોતાના ગુણસ્થાન અનુસાર આઠ, સાત, છ કે એક કર્મબંધક હોય તથા જો તે જીવ ચૌદમા ગુણસ્થાને સ્થિત હોય તો અબંધક પણ હોય છે. ચૌદમા ગુણસ્થાને કર્મબંધના કારણ રૂપ કષાય અને યોગનો અભાવ હોવાથી કોઈ પણ કર્મબંધ થતો નથી. આ રીતે **સમુચ્ચય એક જીવમાં અથવા એક મનુષ્યમાં** ઉપરોક્ત પાંચ વિકલ્પમાંથી કોઈ પણ એક વિકલ્પ હોય છે. **શેષ નારકાદિ ૨૩ દંડકના** એક-એક જીવમાં સાત કર્મબંધક અને આઠ કર્મબંધક, આ બે વિકલ્પમાંથી કોઈ પણ એક વિકલ્પ હોય છે.

**સમુચ્ચય અનેક જીવોમાં** સાત, આઠ, છ, એક કર્મબંધ, આ ચાર અને અબંધક, આ પાંચ વિકલ્પો હોય શકે છે. તેમાં સાત, આઠ અને એક કર્મબંધક જીવો શાશ્વત છે, દશમું અને ચૌદમું ગુણસ્થાન અશાશ્વત હોવાથી છ કર્મબંધક અને અબંધક જીવો અશાશ્વત હોય છે. તેમાં બે વિકલ્પો અશાશ્વત હોવાથી નવ ભંગ થાય છે.

**અસંયોગી એક ભંગ–** (૧) સર્વ જીવો સાત, આઠ કે એક કર્મબંધક હોય છે.(અર્થાત્ અનેક જીવો સાત કર્મબંધક, અનેક જીવો આઠ કર્મબંધક અને અનેક જીવો એક કર્મબંધક હોય છે.)

**દ્વિ સંયોગી ચાર ભંગ–** (૨) અનેક જીવો સાત-આઠ-એક કર્મબંધક તથા તેની સાથે એક જીવ છ કર્મબંધક. (૩) અનેક જીવો સાત-આઠ-એક કર્મબંધક તથા તેની સાથે અનેક જીવો છ કર્મબંધક. (૪) અનેક જીવો સાત-આઠ-એક કર્મબંધક તથા તેની સાથે એક જીવ અબંધક. (૫) અનેક જીવો સાત-આઠ-એક કર્મબંધક તથા તેની સાથે અનેક જીવો અબંધક.

**ત્રિ સંયોગી ચાર ભંગ–** (૬) અનેક જીવો સાત-આઠ-એક કર્મબંધક તથા તેની સાથે એક જીવ છ કર્મબંધક અને એક જીવ અબંધક. (૭) અનેક જીવો સાત-આઠ-એક કર્મબંધક તથા તેની સાથે એક જીવ છ કર્મબંધક અને અનેક જીવો અબંધક. (૮) અનેક જીવો સાત-આઠ-એક કર્મબંધક તથા તેની સાથે અનેક જીવો છ કર્મબંધક અને એક જીવ અબંધક. (૯) અનેક જીવો સાત-આઠ-એક કર્મબંધક તથા તેની સાથે અનેક જીવો છ કર્મબંધક અને અનેક જીવો અબંધક.

મનુષ્યોને છોડીને શેષ ૨૩ દંડકના જીવોમાં સાત અથવા આઠ કર્મબંધક જીવો જ હોય છે.

**પાંચ સ્થાવરના અનેક જીવોમાં** સાત કર્મબંધક અને આઠ કર્મબંધક જીવો શાશ્વત છે. તેમાં અન્ય ભંગ થતા ન હોવાથી તેને અભંગક કહેવાય છે. નારકી, દેવતા, વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિય **તે ૧૮ દંડકના અનેક જીવોમાં** સાત કર્મબંધક જીવો શાશ્વત અને આઠ કર્મબંધક જીવો અશાશ્વત હોવાથી ત્રણ ભંગ થાય છે– (૧) સર્વ જીવો સાત કર્મબંધક. (૨) અનેક જીવો સાત કર્મબંધક અને એક જીવ આઠ કર્મબંધક. (૩) અનેક જીવો સાત કર્મબંધક અને અનેક જીવો આઠ કર્મબંધક.

**અનેક મનુષ્યોમાં** સમુચ્ચય જીવોની જેમ સાત, આઠ, છ, એક કર્મ બંધક, આ ચાર અને અબંધક તેમ પાંચ વિકલ્પ હોય છે. તે પાંચ વિકલ્પોમાંથી સાત કર્મબંધક અને(કેવળી ભગવાનની અપેક્ષાએ) એક કર્મબંધક જીવો શાશ્વત છે. આયુષ્ય કર્મબંધક મનુષ્યો હંમેશાં હોતા નથી, તેથી આઠ કર્મબંધક અને તે જ રીતે છ કર્મબંધક તથા અબંધક જીવો પણ હંમેશાં ન હોવાથી ત્રણ વિકલ્પ અશાશ્વત હોય છે.

આ રીતે પાંચ વિકલ્પમાંથી ત્રણ વિકલ્પ અશાશ્વત હોવાથી તેમાં એક-અનેક જીવોની અપેક્ષાએ

પૂર્વવત્ ૨૭ ભંગ થાય છે. તેમાં દ્વિસંયોગી **એક** ભંગ + ત્રણસંયોગી **છ** ભંગ + ચારસંયોગી **બાર** ભંગ + પાંચસંયોગી **આઠ** ભંગ. કુલ ૧ + ૬ + ૧૨ + ૮ = ૨૭ ભંગ થાય છે.

આ જ રીતે આયુષ્ય, નામ અને ગોત્ર કર્મના વેદન સમયે થતા કર્મબંધ સંબંધી સમુચ્ચય અનેક જીવોમાં નવ-નવ ભંગ થાય છે, નારકી આદિ અઢાર દંડકના જીવોમાં ત્રણ-ત્રણ ભંગ હોય છે, મનુષ્યોમાં ૨૭ ભંગ હોય છે તેમજ પાંચ સ્થાવર જીવો અભંગક હોય છે.

### મોહનીય કર્મ વેદનમાં કર્મબંધ :–

**૧૦** **मोहणिज्जं वेयमाणे जहा बंधे णाणावरणिज्जं तहा भाणियव्वं ।**

**ભાવાર્થ :–** જે રીતે જ્ઞાનાવરણીય કર્મના બંધ સમયે થતા કર્મબંધનું કથન કર્યું છે, તે જ રીતે મોહનીય કર્મના વેદન સમયે થતાં કર્મ સાથે બંધનું કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

જે રીતે જ્ઞાનાવરણીય કર્મનો બંધ ૧૦ ગુણસ્થાન સુધી થાય છે, ત્યાં સુધીમાં જીવ આઠ, સાત અથવા છ કર્મ બાંધે છે. તે જ રીતે મોહનીયકર્મનું વેદન દશમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન સુધી થાય છે. ત્યાં સુધીમાં પણ જીવ આઠ, સાત અથવા છ કર્મનો બંધક હોય છે, કારણ કે સૂક્ષ્મ સંપરાય અવસ્થામાં મોહનીય કર્મનું વેદન થાય છે, પરંતુ બંધ થતો નથી. સમુચ્ચય જીવ અને મનુષ્યના એક જીવમાં આઠ, સાત કે છ કર્મબંધ, આ ત્રણ બંધસ્થાનમાંથી કોઈ પણ એક વિકલ્પ હોય છે. **શેષ ૨૩ દંડકના પ્રત્યેક જીવમાં** સૂક્ષ્મ સંપરાયાવસ્થા પ્રાપ્ત ન હોવાથી તે જીવ સાત કે આઠ કર્મના જ બંધક હોય છે.

સમુચ્ચય અનેક જીવો અને નારકી, દેવતા, વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયના અનેક જીવોમાં સાત અને આઠ કર્મબંધ સંબંધી ત્રણ-ત્રણ ભંગ પૂર્વવત્ જાણવા.

પાંચ સ્થાવર જીવોમાં સાત અને આઠ કર્મબંધક જીવો હંમેશાં હોય છે, તે સિવાય કોઈ વિકલ્પ થતો નથી તેથી તે અભગક છે. અનેક મનુષ્યોમાં સાત કર્મબંધક જીવો શાશ્વત અને આઠ તથા છ કર્મબંધક જીવો અશાશ્વત હોવાથી જ્ઞાનાવરણીય કર્મની જેમ તત્સંબંધી નવ ભંગ થાય છે.

### એક કર્મવેદન સમયે અન્ય કર્મબંધ(એક જીવની અપેક્ષાએ) :–

| કર્મ | વેદક જીવો | આઠ કર્મબંધક | સાત કર્મબંધક | છ કર્મબંધક | એક કર્મબંધક | અબંધક |
|---|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય | સમુચ્ચય જીવ અને મનુષ્ય | ✓ | ✓ | ✓ | ✓ | × |
| | ૨૩ દંડકના જીવ | ✓ | ✓ | × | × | × |
| મોહનીય | સમુચ્ચય જીવ અને મનુષ્ય | ✓ | ✓ | ✓ | × | × |
| | ૨૩ દંડકના જીવ | ✓ | ✓ | × | × | × |
| વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર | સમુચ્ચય જીવ અને મનુષ્ય | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| | ૨૩ દંડકના જીવ | ✓ | ✓ | × | × | × |

**એક કર્મવેદનમાં અન્ય કર્મબંધ(અનેક જીવોની અપેક્ષાએ) :–**

| કર્મ | વેદક જીવો | આઠ કર્મબંધક | સાત કર્મબંધક | છ કર્મબંધક | એક કર્મબંધક | અબંધક | ભંગ |
|---|---|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય | સમુચ્ચય જીવો | ✓ | ✓ | વિકલ્પે | વિકલ્પે | × | ૯ |
| | મનુષ્યો | વિકલ્પે | ✓ | વિકલ્પે | વિકલ્પે | × | ૨૭ |
| | પાંચ સ્થાવરો | ✓ | ✓ | × | × | × | અભંગ |
| | ૧૮ દંડકના જીવો | વિકલ્પે | ✓ | × | × | × | ૩ |
| મોહનીય | સમુચ્ચય જીવો | ✓ | ✓ | વિકલ્પે | × | × | ૩ |
| | મનુષ્યો | વિકલ્પે | ✓ | વિકલ્પે | × | × | ૯ |
| | પાંચ સ્થાવરો | ✓ | ✓ | × | × | × | અભંગ |
| | ૧૮ દંડકના જીવો | વિકલ્પે | ✓ | × | × | × | ૩ |
| વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર | સમુચ્ચય જીવો | ✓ | ✓ | વિકલ્પે | ✓ | વિકલ્પે | ૯ |
| | મનુષ્યો | વિકલ્પે | ✓ | વિકલ્પે | ✓ | વિકલ્પે | ૨૭ |
| | પાંચ સ્થાવરો | ✓ | ✓ | × | × | × | અભંગ |
| | ૧૮ દંડકના જીવો | વિકલ્પે | ✓ | × | × | × | ૩ |

★ એક બંધ સ્થાન વિકલ્પે હોય તો–૩ ભંગ થાય છે, બે બંધ સ્થાન વિકલ્પે હોય તો–૯ ભંગ થાય છે, ત્રણ બંધ સ્થાન વિકલ્પે હોય તો–૨૭ ભંગ થાય છે. ★ સાત કર્મ બંધક = આયુ સિવાય સાત કર્મ બાંધનાર. છ કર્મ બંધક = આયુ + મોહકર્મ સિવાય છ કર્મ બાંધનાર. એક કર્મ બંધક = શાતાવેદનીય કર્મ બાંધનાર. અભંગ = વૈકલ્પિક ભંગ નથી, એક જ ભંગ છે.

**॥ છવ્વીસમું પદ સંપૂર્ણ ॥**

# સત્તાવીસમું પદ : કર્મવેદ–વેદક

**જ્ઞાનાવરણીયાદિ કર્મ વેદનમાં અન્ય કર્મ વેદન :–**

**૧ कइ णं भंते ! कम्मपगडीओ पण्णत्ताओ ? गोयमा ! अट्ठ । तं जहा– णाणावरणिज्जं** *जाव* **अंतराइयं । एवं णेरइयाणं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કર્મપ્રકૃતિઓ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આઠ છે, જેમ કે– જ્ઞાનાવરણીય ***યાવત્*** અંતરાયકર્મ. આ જ રીતે નારકીથી લઈને વૈમાનિક સુધી ૨૪ દંડકના જીવોને આઠ કર્મપ્રકૃતિઓ હોય છે.

**૨ जीवे णं भंते ! णाणावरणिज्जं कम्मं वेदेमाणे कइ कम्मपगडीओ वेदेइ ?**

**गोयमा! सत्तविहवेदए वा अट्ठविहवेदए वा । एवं मणूसे वि । अवसेसा एगत्तेण वि पुहत्तेण वि णियमा अट्ठविहकम्मपगडीओ वेदेंति** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મનું વેદન કરતો એક જીવ કેટલી કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સાત કે આઠ કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે.

આ રીતે મનુષ્યના વિષયમાં પણ જાણવું જોઈએ. મનુષ્ય સિવાય શેષ સર્વ દંડકના એક કે અનેક જીવો નિયમા આઠ કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે.

**૩ जीवा णं भंते ! णाणावरणिज्जं कम्मं वेदेमाणा कइ कम्मपगडीओ वेदेंति?**

**गोयमा ! सव्वे वि ताव होज्जा अट्ठविहवेदगा, अहवा अट्ठविहवेदगा य सत्तविहवेदगे य, अहवा अट्ठविहवेदगा य सत्तविहवेदगा य । एवं मणूसा वि ।**

**दरिसणावरणिज्जं अंतराइयं च एवं चेव भाणियव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક જીવો જ્ઞાનાવરણીયકર્મનું વેદન કરતા કેટલી કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વ જીવો આઠ કર્મ વેદક હોય છે અથવા (૨) અનેક જીવો આઠ કર્મ વેદક હોય છે અને એક જીવ સાત કર્મ વેદક હોય છે અથવા (૩) અનેક જીવો આઠ કર્મ વેદક અને અનેક જીવો સાત કર્મ વેદક હોય છે. આ જ રીતે મનુષ્યોમાં પણ આ ત્રણ ભંગ થાય છે.

દર્શનાવરણીય અને અંતરાય કર્મના વેદનમાં અન્ય કર્મોના વેદન સંબંધી કથન જ્ઞાનાવરણીય કર્મની સમાન જાણવું જોઈએ.

**૪ वेयणिज्ज-आउय-णाम-गोयाइं वेदेमाणे कइ कम्मपगडीओ वेदेइ ? गोयमा! जहा बंधगवेदगस्स वेयणिज्जं तहा भाणियव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રકર્મનું વેદન કરતો એક જીવ કેટલી કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જેવી રીતે વેદનીય કર્મના બંધ-વેદકનું કથન કર્યું છે, તેવી જ રીતે વેદનીય કર્મમાં વેદ-વેદકનું કથન કરવું જોઈએ.

**૫ जीवे णं भंते ! मोहणिज्जं कम्मं वेदेमाणे कइ कम्मपगडीओ वेदेइ ? गोयमा ! णियमा अट्ठ कम्मपगडीओ वेदेइ । एवं णेरइए *जाव* वेमाणिए । एवं पुहत्तेण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મોહનીય કર્મનું વેદન કરતો એક જીવ કેટલી કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે નિયમા આઠ કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે. આ જ રીતે નારકીથી લઈને વૈમાનિક સુધીના જીવો અવશ્ય આઠ કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે. આ રીતે સમુચ્ચય અનેક જીવો તથા ૨૪ દંડકના અનેક જીવોમાં પણ આઠે ય કર્મના વેદ-વેદકનું કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત પદમાં જ્ઞાનાવરણીય આદિ કર્મનું વેદન કરતાં, અન્ય કર્મપ્રકૃતિઓના વેદનનું નિરૂપણ છે.

**જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય** કર્મનું વેદન કરતો એક જીવ અથવા એક મનુષ્ય સાત કે આઠ કર્મનું વેદન કરે છે. આ ત્રણે કર્મોનો ઉદય બાર ગુણસ્થાન સુધી હોય છે. બાર ગુણસ્થાન સુધીમાં કર્મવેદનના બે વિકલ્પ સંભવે છે– (૧) ૧ થી ૧૦ ગુણસ્થાન સુધી આઠ કર્મ અને (૨) ૧૧મા, ૧૨મા ગુણસ્થાનમાં સાત કર્મનું વેદન છે. કોઈ પણ એક જીવમાં અથવા એક મનુષ્યમાં આ બે વિકલ્પમાંથી એક વિકલ્પ હોય છે.

**અનેક જીવો તથા અનેક મનુષ્યોમાં** ત્રણ ભંગ થાય છે, તેમાં અગિયારમું અને બારમું ગુણસ્થાન અશાશ્વત હોવાથી સાત કર્મવેદક જીવો હંમેશાં હોતા નથી. તેથી તેમાં એક વિકલ્પ અશાશ્વત હોવાથી ત્રણ ભંગ થાય છે– (૧) સર્વ જીવો આઠ કર્મવેદક, (૨) અનેક જીવો આઠ કર્મવેદક અને એક જીવ સાત કર્મવેદક, (૩) અનેક જીવો આઠ કર્મવેદક અને અનેક જીવો સાત કર્મવેદક.

**મોહનીય કર્મનું** વેદન કરતા એક કે અનેક જીવો અવશ્ય આઠ કર્મોનું વેદન કરે છે. મોહનીય કર્મનું વેદન દશ ગુણસ્થાન સુધી હોય છે. ત્યાં સુધી સર્વ જીવોને અવશ્ય આઠે કર્મોનું વેદન હોય છે.

**વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મનું** વેદન કરતો એક જીવ કે એક મનુષ્ય આઠ, સાત અથવા ચાર કર્મોનું વેદન કરે છે. આ ચારે કર્મોનો ઉદય ચૌદ ગુણસ્થાન સુધી હોય છે. ચૌદ ગુણસ્થાન સુધીમાં કર્મવેદનના ત્રણ વિકલ્પ થાય છે. એક થી દશ ગુણસ્થાન સુધી આઠ કર્મોનો, અગિયારમા-બારમા ગુણસ્થાને સાત કર્મોનો અને તેરમા-ચૌદમા ગુણસ્થાને ચાર કર્મોનો ઉદય હોય છે. કોઈ પણ એક જીવમાં આ ત્રણ વિકલ્પમાંથી એક વિકલ્પ હોય છે.

**અનેક જીવો અને અનેક મનુષ્યોમાં** વેદનીય ચારે અઘાતી કર્મો સંબંધી ત્રણ ભંગ થાય છે. તેમાં તેરમું ગુણસ્થાન શાશ્વત હોવાથી ચાર કર્મવેદક જીવો શાશ્વત હોય છે, પરંતુ અગિયારમું અને બારમું ગુણસ્થાન અશાશ્વત હોવાથી સાત કર્મ વેદક જીવો હંમેશાં હોતા નથી, તેથી એક વિકલ્પ અશાશ્વત હોવાના કારણે ત્રણ ભંગ થાય છે– (૧) સર્વ જીવોમાં અનેક જીવો આઠ કર્મવેદક અને અનેક જીવો ચાર કર્મવેદક. (૨) અનેક જીવો આઠ અને ચાર કર્મવેદક તથા એક જીવ સાત કર્મવેદક. (૩) અનેક જીવો આઠ અને ચાર કર્મવેદક તથા અનેક જીવો સાત કર્મવેદક.

શેષ ૨૩ દંડકના એક કે અનેક જીવો વેદનીયાદિ ચાર અઘાતી કર્મોનું વેદન કરતાં અવશ્ય આઠ કર્મોનું વેદન કરે છે. અન્ય કોઈ વિકલ્પ થતો નથી.

**એક કર્મવેદન સમયે અન્ય કર્મવેદન(એક જીવની અપેક્ષાએ) :–**

| કર્મ | વેદક જીવ | આઠ કર્મ વેદક | સાત કર્મ વેદક | ચાર કર્મ વેદક |
|---|---|---|---|---|
| જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અંતરાય | સમુચ્ચય જીવ અને મનુષ્ય | ✓ | ✓ | × |
| | ૨૩ દંડકના જીવ | ✓ | × | × |
| મોહનીય | ૨૪ દંડકના જીવ | ✓ | × | × |
| વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર | સમુચ્ચય જીવ અને મનુષ્ય | ✓ | ✓ | ✓ |
| | ૨૩ દંડકના જીવ | ✓ | × | × |
| ★ સાત કર્મ વેદક = મોહનીય કર્મ સિવાય. ચાર કર્મવેદક = ચારે અઘાતી કર્મ. | | | | |

**એક કર્મવેદનમાં અન્ય કર્મવેદન(અનેક જીવોની અપેક્ષાએ) :–**

| કર્મ | વેદક જીવો | આઠ કર્મવેદક | સાત કર્મવેદક | ચાર કર્મવેદક | ભંગ સંખ્યા |
|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય | સમુચ્ચય જીવો અને મનુષ્યો | ✓ | વિકલ્પે | × | ૩ |
| | ૨૩ દંડકના જીવો | ✓ | × | × | અભંગ |
| મોહનીય | સર્વ જીવો | ✓ | × | × | અભંગ |
| વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર | સમુચ્ચય જીવો અને મનુષ્યો | ✓ | વિકલ્પે | ✓ | ૩ |
| | ૨૩ દંડકના જીવો | ✓ | × | × | અભંગ |
| ★ અભંગ = વૈકલ્પિક ભંગ નથી. એક જ વિકલ્પ છે. | | | | | |

## ।। સત્તાવીસમું પદ સંપૂર્ણ ।।

# અઠ્ઠાવીસમું પદ

## પરિચય

આ પદનું નામ **આહાર પદ** છે. તેમાં બે ઉદ્દેશક છે.

**ઉદ્દેશક–૧ :** તેમાં અગિયાર દ્વારના માધ્યમથી ૨૪ દંડકના જીવોના આહાર વિષયક વિવિધ પ્રકારે વિચારણા છે. પ્રસ્તુતમાં આહાર યોગ્ય પુદ્‌ગલોની વિવિધતા અને આહાર ગ્રહણ કરવાની પદ્ધતિના આધારે આહારના અનેક પ્રકારે ભેદ કર્યા છે–

જીવ દ્વારા શરીરને ટકાવવા માટે નિરંતર, શરીર યોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ થાય છે, તેને **અનાભોગ નિર્વર્તિત** આહાર કહે છે. ક્યારેક જીવ ઉપયોગપૂર્વક પોતાની ઈચ્છાથી આહાર ગ્રહણ કરે છે, તેને **આભોગનિર્વર્તિત આહાર** કહે છે. તેની કાલમર્યાદા પ્રત્યેક દંડકના જીવોની ભિન્ન-ભિન્ન હોય છે.

આહાર યોગ્ય પુદ્‌ગલો સચેત, અચેત અને મિશ્ર, તેમ ત્રણ પ્રકારના હોય છે.

જીવ ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થઈને પ્રથમ સમયે જે પુદ્‌ગલો ગ્રહણ કરે, તેને **ઓજાહાર** કહે છે. આહાર યોગ્ય પુદ્‌ગલો રોમરાય દ્વારા ગ્રહણ થાય છે, તેને **લોમાહાર** કહે છે અને જે પુદ્‌ગલોનો મુખમાં કે શરીરમાં પ્રક્ષેપ કરાય, તેને **પ્રક્ષેપાહાર** કહે છે. દેવગતિના પુણ્યવાન જીવો શુભ પુદ્‌ગલોને મન દ્વારા જ ગ્રહણ કરી લે છે, તેને **મનોભક્ષી** આહાર કહે છે.

વૈક્રિય શરીરી જીવો અચિત્તાહારી છે અને ઔદારિક શરીરી જીવો ત્રણે પ્રકારનો આહાર ગ્રહણ કરે છે. સમસ્ત સંસારી જીવોને ઓજાહાર અને લોમાહાર હોય જ છે. વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને પ્રક્ષેપાહાર પણ હોય છે.

નારકીઓ પોતાના તીવ્ર પાપ કર્મના ઉદયે અશુભ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે અને તેનું પરિણમન પણ અશુભપણે જ થાય છે. દેવો પુણ્યોદયે શુભ પુદ્‌ગલોને ગ્રહણ કરે અને તેનું પરિણમન પણ શુભપણે જ થાય છે. મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવો પોતાની યોગ્યતા પ્રમાણે શુભાશુભ પુદ્‌ગલોને ગ્રહણ કરી તેનું શુભાશુભ પરિણમન કરે છે.

જીવો આહાર યોગ્ય પુદ્‌ગલોને પોતાના શરીર પ્રમાણે પરિણમન કરે છે. એકેન્દ્રિયોનો આહાર એક સ્પર્શેન્દ્રિયપણે પરિણત થાય છે. તે જ રીતે બેઇન્દ્રિયનો બે, તેઇન્દ્રિયનો ત્રણ, ચૌરેન્દ્રિયનો ચાર અને પંચેન્દ્રિયોનો આહાર પાંચ ઇન્દ્રિયપણે પરિણત થાય છે.

આ રીતે આ ઉદ્દેશકમાં જીવોના આહારનું સ્વરૂપ, આહારેચ્છાનું કાલમાન, તેનું પરિણમન તેમજ આહાર ગ્રહણની પદ્ધતિનું વર્ણન છે.

**ઉદ્દેશક–૨ :** તેમાં તેર દ્વારના માધ્યમથી જીવોની વિવિધ અવસ્થાઓની અપેક્ષાએ આહારક-અનાહારકનું નિરૂપણ છે. જીવ સતત આહાર યોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ કરે છે તેથી તે આહારક જ હોય છે. તેમ છતાં ચાર અવસ્થાઓમાં તે અનાહારક હોય છે–

(૧) મોડવાળી વિગ્રહગતિમાં (૨) કેવળી સમુદ્‌ઘાતના સમયે (૩) ચૌદમા ગુણસ્થાને અયોગી અવસ્થામાં તથા (૪) સિદ્ધ અવસ્થામાં. જે બોલમાં, જે જીવના ભેદમાં જ્યાં આ ચારમાંથી કોઈ અવસ્થા હોય, તે જીવને તે બોલમાં અનાહારકપણું ઘટિત થાય છે.

કોઈ પણ એક જીવ પોતાની કોઈ પણ અવસ્થામાં આહારક અથવા અનાહારક હોય છે. એક જીવમાં કોઈ પણ એક જ વિકલ્પ હોય છે.

અનેક જીવોની અપેક્ષાએ તેમાં વિવિધ વિકલ્પોની સંભાવના છે.

**એક ભંગ(અભંગક)–** જે બોલમાં આહારક અનાહારક બંને પ્રકારના જીવો હંમેશાં હોય તે બોલમાં (૧) અનેક જીવો આહારક અને અનેક જીવો અનાહારક, આ એક જ ભંગ થાય છે. તેમાં અન્ય ભંગની સંભાવના ન હોવાથી સૂત્રકારે તેને **અભંગક** કહ્યા છે. જેમ કે– પાંચ સ્થાવરના જીવો.

**ત્રણ ભંગ–** જે બોલમાં પૂર્વે ઉત્પન્ન થયેલા આહારક જીવો હંમેશાં પ્રાપ્ત થતા હોય અને નવા ઉત્પન્ન થતા વિગ્રહગતિના અનાહારક જીવો અશાશ્વત હોય અર્થાત્‌ જેમાં ઉત્પત્તિનો વિરહકાલ થતો હોય તેમજ તે સમયે અન્ય અનાહારક જીવો પણ ન હોય તેમાં ત્રણ ભંગ થાય છે– (૧) ક્યારેક સર્વ જીવો આહારક. (૨) ક્યારેક અનેક જીવો આહારક અને એક જીવ અનાહારક. (૩) ક્યારેક અનેક જીવો આહારક અને અનેક જીવો અનાહારક.

પાંચ સ્થાવર જીવોને છોડીને શેષ ૧૯ દંડકના જીવોમાં ઉત્પત્તિનો વિરહકાલ હોવાથી આ ત્રણ ભંગ થાય છે. પાંચ સ્થાવારમાં આહારક-અનાહારક બંને શાશ્વત હોવાથી એક ભંગ(અભંગક) હોય છે.

**છ ભંગ–** જે બોલમાં આહારક-અનાહારક બંને ન હોય અર્થાત્‌ તે બોલ જ અશાશ્વત હોય તો તેમાં છ ભંગ થાય છે. જેમ કે– સમ્યગ્‌દષ્ટિ વિકલેન્દ્રિયોમાં છ ભંગ થાય છે.

વિકલેન્દ્રિયોને અપર્યાપ્તાવસ્થામાં જ સાસ્વાદન સમકિત હોય છે. તેવા જીવો બહુ થોડા હોય અને તેની કાલ મર્યાદા પણ અલ્પ છે તેથી તે જીવો હંમેશાં પ્રાપ્ત થતા નથી, તેથી તેના આહારક અને અનાહારક બંને બોલ અશાશ્વત હોવાથી છ ભંગ થાય છે– (૧) સર્વ જીવો આહારક. (૨) સર્વ જીવો અનાહારક. (૩) એક જીવ આહારક, એક જીવ અનાહારક. (૪) એક જીવ આહારક, અનેક જીવો અનાહારક. (૫) અનેક જીવો આહારક, એક જીવ અનાહારક. (૬) અનેક જીવો આહારક, અનેક જીવો અનાહારક.

બીજા ઉદ્દેશકમાં તેર દ્વારના ૬૯ બોલમાં ઉપરોક્ત ભંગ દ્વારા જીવોની આહારક-અનાહારક અવસ્થાનું પ્રતિપાદન છે.

❖❖❖❖❖

# અઠ્ઠાવીશમું પદ : આહાર

## પ્રથમ ઉદ્દેશક

**ઉદ્દેશક વર્ણિત વિષયો :-**

**૧** **सचित्ताहारट्ठी केवइ, किं वा वि सव्वओ चेव ।**
**कइभागं सव्वे खलु, परिणामे चेव बोद्धव्वे ॥१॥**

**एगिंदियसरीराई, लोमाहारो तहेव मणभक्खी ।**
**एएसिं तु पयाणं, विभावणा होइ कायव्वा ॥२॥**

**ભાવાર્થ :-(ગાથાર્થ)** પ્રથમ ઉદ્દેશકમાં આ અગિયાર દ્વાર છે– (૧) સચિત્તાહાર, (૨) આહારર્થી, (૩) કેટલા કાળે આહાર ગ્રહણ કરે ? (૪) શેનો આહાર કરે છે ? (૫) સર્વ આત્મ પ્રદેશોથી આહાર કરે છે. (૬) કેટલા ભાગનો આહાર કરે ? (૭) શું સર્વ પુદ્ગલોનો આહાર કરે ? (૮) આહાર પરિણમન (૯) એકેન્દ્રિયાદિના શરીરનો આહાર (૧૦) લોમાહાર (૧૧) મનોભક્ષી આહાર. આ અગિયાર દ્વાર જાણવાં જોઈએ. ॥૧–૨॥

**વિવેચન :-**

આ સૂત્ર (ગાથાઓ)માં પ્રસ્તુત ઉદ્દેશકના પ્રતિપાદ્ય અગિયાર દ્વારોના નામોનો ઉલ્લેખ છે.

**(૧) પહેલું દ્વાર–** નૈરયિકથી લઈને વૈમાનિક સુધીના જીવો શું સચિત્તાહારી છે, અચિત્તાહારી છે કે મિશ્રાહારી છે ?

**(૨) બીજું દ્વાર–** નારકાદિ જીવો આહારાર્થી છે કે નહીં ?

**(૩) ત્રીજું દ્વાર–** તે જીવોને કેટલા કાળે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે ?

**(૪) ચોથું દ્વાર–** કઈ વસ્તુનો આહાર કરે છે ?

**(૫) પાંચમું દ્વાર–** શું તે જીવો સર્વતઃ(સર્વ આત્મપ્રદેશોથી) આહાર કરે છે ?

**(૬) છઠ્ઠું દ્વાર–** કેટલા ભાગનો આહાર કે આસ્વાદન કરે છે ?

**(૭) સાતમું દ્વાર–** શું ગ્રહણ કરેલા બધા પુદ્ગલોનો આહાર કરે છે ?

**(૮) આઠમું દ્વાર–** ગ્રહણ કરેલા પુદ્ગલોને કયા કયા રૂપે વારંવાર પરિણત કરે છે ?

**(૯) નવમું દ્વાર–** શું તેઓ એકેન્દ્રિયાદિ શરીરોનો આહાર કરે છે ?

**(૧૦) દશમું દ્વાર–** નારકાદિ જીવ લોમાહારી છે કે પ્રક્ષેપાહારી(કવલાહારી) ?

**(૧૧) અગિયારમું દ્વાર–** જીવ ઓજાહારી હોય છે કે મનોભક્ષી ? આ ઉદ્દેશકમાં ઉપરોક્ત વિષયોની ક્રમશઃ વિસ્તૃત વિચારણા છે.

**(૧) સચિત્તાહાર દ્વાર :–**

**२** **णेरइया णं भंते ! किं सचित्ताहारा, अचित्ताहारा, मीसाहारा ?**

**गोयमा ! णो सचित्ताहारा, अचित्ताहारा, णो मीसाहारा । एवं असुरकुमारा** *जाव* **वेमाणिया । ओरालियसरीरी** *जाव* **मणूसा सचित्ताहारा वि अचित्ताहारा वि मीसाहारा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકો સચિત્તાહારી હોય છે, અચિત્તાહારી હોય છે કે મિશ્રાહારી હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક સચિત્તાહારી નથી, મિશ્રાહારી પણ નથી, પરંતુ અચિત્તાહારી છે. આ રીતે અસુરકુમારોથી લઈને વૈમાનિકો સુધી જાણવું જોઈએ.

ઔદારિક શરીરી જીવો એટલે પૃથ્વીકાય ***યાવત્*** મનુષ્યો સચિત્તાહારી પણ છે, અચિત્તાહારી પણ છે અને મિશ્રાહારી પણ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ૨૪ દંડકના જીવોના આહારનું કથન છે.

સમસ્ત સંસારી જીવો શરીરના પોષણ માટે પોતાના શરીરને યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરે છે તેને **આહાર** કહે છે. તેના ત્રણ પ્રકાર છે– **(૧) સચિત્તાહાર–** જીવ સંયુક્ત પુદ્‌ગલો સચિત્તાહાર કહેવાય છે. **(૨) અચિત્તાહાર–** જીવ રહિતના પુદ્‌ગલો અચિત્તાહાર કહેવાય છે અને **(૩) મિશ્રાહાર–** જે પુદ્‌ગલોમાં કેટલાક સચિત્ત હોય અને કેટલાક અચિત્ત હોય, તે મિશ્રાહાર છે.

નારકી, ૧૦ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો, આ ચૌદ દંડકના વૈક્રિય શરીરી જીવો અચિત્ત પુદ્‌ગલોને જ આહારરૂપે ગ્રહણ કરે છે, તેથી તે જીવો અચિત્તાહારી છે.

પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય, આ દશ દંડકના ઔદારિક શરીરી જીવો સચિત્ત, અચિત્ત અને મિશ્ર તે ત્રણે પ્રકારના આહાર પુદ્‌ગલોને ગ્રહણ કરે છે, તેથી તે જીવો સચિત્તાહારી, અચિત્તાહારી અને મિશ્રાહારી હોય છે.

**નૈરયિકોનો આહાર (૨ થી ૮ દ્વાર) :–**

**३** **णेरइया णं भंते ! आहारट्ठी ? हंता गोयमा ! आहारट्ठी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકો આહારાર્થી–આહારના અભિલાષી હોય છે ? **ઉત્તર–** હા ગૌતમ ! તેઓ આહારના અભિલાષી હોય છે.

**४** **णेरइयाणं भंते ! केवइकालस्स आहारट्ठे समुप्पज्जइ ?**

**गोयमा ! णेरइयाणं आहारे दुविहे पण्णत्ते, तं जहा– आभोगणिव्वत्तिए य अणाभोगणिव्वत्तिए य । तत्थ णं जे से अणाभोगणिव्वत्तिए से णं अणुसमयमविरहिए आहारट्ठे समुप्पज्जइ । तत्थ णं जे से आभोगणिव्वत्तिए से णं असंखेज्जसमइए अंतोमुहुत्तिए आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલા કાળે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોનો આહાર બે પ્રકારનો છે– (૧) આભોગ નિર્વર્તિત–ઇચ્છાપૂર્વક ગ્રહણ કરેલો આહાર અને (૨) અણાભોગનિર્વર્તિત– ઇચ્છા વિના નિરંતર રોમરાય દ્વારા ગ્રહણ થતો આહાર. તેમાં જે અણાભોગ નિર્વર્તિત આહાર છે, તે આહારનું ગ્રહણ પ્રતિસમય નિરંતર થતું રહે છે, પરંતુ જે આભોગનિર્વર્તિત આહાર છે, તે આહારની અભિલાષા અસંખ્યાતા સમયના અંતર્મુહૂર્તે થાય છે.

**૫ णेरइया णं भंते ! किमाहारमाहारेंति ?**

**गोयमा ! दव्वओ अणंतपएसियाइं, खेत्तओ असंखेज्जपएसोगाढाइं, कालओ अण्णयरट्ठिईयाइं, भावओ वण्णमंताइं गंधमंताइं रसमंताइं फासमंताइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો કેવા પુદ્‌ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે દ્રવ્યથી અનંતપ્રદેશીસ્કંધ, ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‌ગલો, કાળથી કોઈપણ સ્થિતિના પુદ્‌ગલો અને ભાવથી વર્ણયુક્ત, ગંધયુક્ત, રસયુક્ત અને સ્પર્શયુક્ત પુદ્‌ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે.

**૬ जाइं भंते ! भावओ वण्णमंताइं आहारेंति ताइं किं एगवण्णाइं आहारेंति** *जाव* **किं पंचवण्णाइं आहारेंति ?**

**गोयमा ! ठाणमग्गणं पडुच्च– एगवण्णाइं पि आहारेंति** *जाव* **पंचवण्णाइं पि आहारेंति, विहाणमग्गणं पडुच्च– कालवण्णाइं पि आहारेंति** *जाव* **सुक्किलाइं पि आहारेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો ભાવથી વર્ણવાળા જે પુદ્‌ગલોનો આહાર કરે છે, શું તે એક વર્ણવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે ***યાવત્*** શું પાંચ વર્ણવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો સ્થાન માર્ગણા(સમુચ્ચય)ની અપેક્ષાએ એક વર્ણવાળા પુદ્‌ગલોનો પણ આહાર કરે છે ***યાવત્*** પાંચ વર્ણવાળા પુદ્‌ગલોનો પણ આહાર કરે છે તથા ભેદ માર્ગણાની અપેક્ષાએ કાળાવર્ણવાળા પુદ્‌ગલોનો પણ આહાર કરે છે ***યાવત્*** શુક્લવર્ણવાળા પુદ્‌ગલોનો પણ આહાર કરે છે.

**૭ जाइं भंते ! वण्णओ कालवण्णाइं आहारेंति ताइं किं एगगुणकालाइं आहारेंति** *जाव* **दसगुणकालाइं आहारेंति; संखेज्जगुणकालाइं, असंखेज्जगुणकालाइं, अणंत-गुणकालाइं आहारेंति ?**

**गोयमा ! एगगुणकालाइं पि आहारेंति** *जाव* **अणंतगुणकालाइं पि आहारेंति। एवं** *जाव* **सुक्किलाइं पि । एवं गंधओ वि रसओ वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો વર્ણથી કાળા વર્ણના પુદ્‌ગલોનો આહાર કરે છે, તો શું તે એક ગુણ કાળા પુદ્‌ગલોનો આહાર કરે છે ***યાવત્*** દશગુણકાળા, સંખ્યાતગુણકાળા, અસંખ્યાતગુણકાળા અને અનંત ગુણ કાળા વર્ણવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો એક ગુણ કાળા પુદ્‌ગલોનો પણ આહાર કરે છે ***યાવત્*** અનંતગુણ કાળા પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. આ જ રીતે લાલ વર્ણથી લઈને ***યાવત્*** શુક્લવર્ણના વિષયમાં જાણવું જોઈએ. આ જ રીતે ગંધ અને રસની અપેક્ષાએ પણ પૂર્વવત્ આલાપક કહેવા જોઈએ.

**૮** **जाइं भंते ! भावओ फासमंताइं आहारेंति ताइं किं एग फासाइं, दुफासाइं** *जाव* **अट्ठफासाइं आहारेंति ?**

**गोयमा ! ठाणमग्गणं पडुच्च– णो एगफासाइं आहारेंति, णो दुफासाइं आहारेंति, णो तिफासाइं आहारेंति, चउफासाइं आहारेंति** *जाव* **अट्ठफासाइं पि आहारेंति। विहाणमग्गणं पडुच्च– कक्खडाइं पि आहारेंति** *जाव* **लुक्खाइं पि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે નૈરયિકો ભાવથી સ્પર્શવાળા પુદ્ગલોનો આહાર કરે છે તે શું એક સ્પર્શવાળા, બેસ્પર્શવાળા ***યાવત્*** આઠ સ્પર્શવાળા પુદ્ગલોનો આહાર કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સ્થાન માર્ગણાની અપેક્ષાએ તે એક સ્પર્શવાળા પુદ્ગલોનો આહાર કરતા નથી, બે કે ત્રણ સ્પર્શવાળા પુદ્ગલોનો આહાર કરતા નથી, પરંતુ ચારસ્પર્શવાળા ***યાવત્*** આઠસ્પર્શ-વાળા પુદ્ગલોનો આહાર કરે છે. વિધાન(ભેદ) માર્ગણાની અપેક્ષાએ તેઓ કર્કશ ***યાવત્*** રૂક્ષ પુદ્ગલોનો પણ આહાર કરે છે.

**૯** **जाइं भंते ! फासओ कक्खडाइं आहारेंति, ताइं किं एगगुणकक्खडाइं आहारेंति** *जाव* **अणंतगुणकक्खडाइं आहारेंति ?**

**गोयमा ! एगगुणकक्खडाइं पि आहारेंति** *जाव* **अणंतगुणकक्खडाइं पि आहारेंति । एवं अट्ठ वि फासा भाणियव्वा** *जाव* **अणंतगुणलुक्खाइं पि आहारेंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જે કર્કશ સ્પર્શવાળા પુદ્ગલોનો આહાર કરે છે, તે શું એકગુણ કર્કશ પુદ્ગલોનો આહાર કરે છે ***યાવત્*** અનંત ગુણ કર્કશ પુદ્ગલોનો આહાર કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો એકગુણ કર્કશ પુદ્ગલોનો પણ આહાર કરે છે ***યાવત્*** અનંતગુણ કર્કશ પુદ્ગલોનો પણ આહાર કરે છે. આ રીતે ક્રમશઃ આઠે ય સ્પર્શોના વિષયમાં 'અનંતગુણ રૂક્ષ પુદ્ગલોનો પણ આહાર કરે છે,' ત્યાં સુધી કહેવું જોઈએ.

**૧૦** **जाइं भंते ! अणंतगुणलुक्खाइं आहारेंति, ताइं किं पुट्ठाइं आहारेंति अपुट्ठाइं आहारेंति ? गोयमा ! पुट्ठाइं आहारेंति, णो अपुट्ठाइं आहारेंति, जहा भासुद्देसए** *जाव* **णियमा छद्दिसिं आहारेंति ।**

**ओसण्णकारणं पडुच्च– वण्णओ काल-णीलाइं, गंधओ दुब्भिगंधाइं, रसओ तित्तरसकडुयाइं, फासओ कक्खड-गरुय-सीय-लुक्खाइं तेसिं पोराणे वण्णगुणे गंधगुणे फासगुणे विप्परिणामइत्ता परिपीलइत्ता परिसाडइत्ता परिविद्धंसइत्ता अण्णे अपुव्वे वण्णगुणे गंधगुणे रसगुणे फासगुणे उप्पाएत्ता आयसरीर खेत्तोगाढे पोग्गले सव्वप्पणयाए आहारमाहारेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જે અનંતગુણ રૂક્ષ પુદ્ગલોનો આહાર કરે છે, શું તે સ્પૃષ્ટ પુદ્ગલોનો આહાર કરે છે કે અસ્પૃષ્ટ પુદ્ગલોનો આહાર કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો સ્પૃષ્ટ પુદ્ગલોનો આહાર કરે છે, અસ્પૃષ્ટ પુદ્ગલોનો આહાર કરતા

નથી. આ રીતે ભાષા ઉદ્દેશકમાં કહ્યું છે, તે જ પ્રમાણે નૈરયિકો ***યાવત્*** નિયમા છએ દિશાઓમાંથી આવેલા પુદ્‌ગલોનો આહાર કરે છે.

બાહુલ્ય–પ્રધાનતાની અપેક્ષાએ નૈરયિકો વર્ણથી કાળા અને નીલા, ગંધથી દુર્ગંધી, રસથી કડવા અને તીખા, સ્પર્શથી કર્કશ, ગુરુ, શીત અને રૂક્ષ પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે છે. તે પુદ્‌ગલોના પૂર્વના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શગુણનું વિપરિણમન કરી, પરિપીડત કરી(છિન્ન-ભિન્ન કરી), નાશ કરી, વિધ્વંસ કરીને; બીજા અપૂર્વ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શગુણને ઉત્પન્ન કરીને પોતાના શરીર અવગાહિત ક્ષેત્રમાં રહેલા પુદ્‌ગલોનો સર્વ આત્મપ્રદેશો વડે આહાર કરે છે.

**११ णेरइया णं भंते ! सव्वओ आहारेंति, सव्वओ परिणामेंति, सव्वओ ऊससंति, सव्वओ णीससंति, अभिक्खणं आहारेंति, अभिक्खणं परिणामेंति, अभिक्खणं ऊससंति, अभिक्खणं णीससंति, आहच्च आहारेंति, आहच्च परिणामेंति, आहच्च ऊससंति, आहच्च णीससंति ? हंता गोयमा ! णेरइया सव्वओ आहारेंति एवं तं चेव** *जाव* **आहच्च णीससंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિક સર્વતઃ એટલે સર્વ આત્મપ્રદેશોથી આહાર કરે છે ? પૂર્ણરૂપે પરિણત કરે છે ? સર્વાત્મપ્રદેશો વડે ઉચ્છ્‌વાસ લે છે, સર્વાત્મપ્રદેશો વડે નિઃશ્વાસ મૂકે છે ? વારંવાર આહાર કરે છે ? વારંવાર પરિણમાવે છે ? વારંવાર ઉચ્છ્‌વાસ લે છે ? વારંવાર નિઃશ્વાસ મૂકે છે ? અથવા ક્યારેક આહાર કરે છે ? ક્યારેક પરિણમન કરે છે ? ક્યારેક ઉચ્છ્‌વાસ લે છે અને ક્યારેક નિઃશ્વાસ મૂકે છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! નૈરયિકો સર્વતઃ આહાર કરે છે, આ રીતે ***યાવત્*** ક્યારેક નિઃશ્વાસ મૂકે છે.

**१२ णेरइया णं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हंति ते णं तेसिं पोग्गलाणं सेयालंसि कइभागं आहारेंति कइभागं आसाएंति ?**

**गोयमा ! असंखेज्जइभागं आहारेंति, अणंतभागं आसाएंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જે પુદ્‌ગલોને આહારપણે ગ્રહણ કરે છે, તે પુદ્‌ગલોના કેટલા ભાગનો આહાર ભવિષ્યકાલમાં કરે છે, કેટલા ભાગનો આસ્વાદ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો જે પુદ્‌ગલોને આહારપણે ગ્રહણ કરે છે, ભવિષ્યકાલમાં તે પુદ્‌ગલોના અસંખ્યાતમા ભાગનો આહાર કરે છે અને અનંતમા ભાગનો આસ્વાદ લે છે.

**१३ णेरइया णं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हंति, ते किं सव्वे आहारेंति णो सव्वे आहारेंति ? गोयमा ! ते सव्वे अपरिसेसिए आहारेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જે પુદ્‌ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે, તે સર્વ પુદ્‌ગલોનો આહાર કરે છે કે સર્વ પુદ્‌ગલોનો આહાર કરતા નથી ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સર્વ અપરિશેષ પુદ્‌ગલોનો આહાર કરે છે.

**१४ णेरइया णं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हंति, ते णं तेसिं पोग्गला कीसत्ताए भुज्जो-भुज्जो परिणमंति ?**

**गोयमा ! सोइंदियत्ताए** *जाव* **फासिंदियत्ताए, अणिट्ठत्ताए अकंतत्ताए अप्पियत्ताए असुभत्ताए अमणुण्णत्ताए अमणामत्ताए अणिच्छियत्ताए अणभिज्झियत्ताए अहत्ताए णो उड्ढत्ताए दुक्खत्ताए णो सुहत्ताए, ते तेसिं भुज्जो-भुज्जो परिणमंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે, તે પુદ્ગલોનું વારંવાર કયા રૂપે પરિણમન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોને તે પુદ્ગલો શ્રોતેન્દ્રિયરૂપે ***યાવત્*** સ્પર્શેન્દ્રિયરૂપે, અનિષ્ટપણે, અકાંતપણે, અપ્રિયપણે, અશુભપણે, અમનોજ્ઞપણે, અમનોહરપણે, અનિચ્છનીયપણે, અનભિલષિતપણે, ભારેપણે–લઘુપણે નહીં, દુઃખરૂપે–સુખરૂપે નહીં, આ પ્રકારે તે પુદ્ગલોનું વારંવાર પરિણમન થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં નૈરયિકોના આહાર સંબંધી વર્ણન બીજાથી આઠમા દ્વારના માધ્યમથી કર્યું છે.

**(૨) आहारट्ठी–** સમસ્ત સંસારી જીવો આહારાર્થી હોય છે. આહારના બે પ્રકાર છે– **૧.** હું આહાર ગ્રહણ કરું તેવીઈચ્છાપૂર્વક, સભાનપણે કરાતો આહાર **આભોગનિર્વર્તિત** આહાર છે અને **૨.** ઈચ્છા વિના પ્રતિ સમયે ગ્રહણ થતો આહાર **અનાભોગ નિર્વર્તિત** આહાર છે.

**(૩) केवइ–** કેટલા કાલે આહાર કરે છે ? સમસ્ત સંસારી જીવોનો અનાભોગ નિર્વર્તિત આહાર નિરંતર ચાલુ જ હોય છે. આભોગનિર્વર્તિત આહારનો કાલ ભિન્ન-ભિન્ન હોય છે. નૈરયિકોને અંતર્મુહૂર્તે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**(૪) किमाहारेंति–** સમસ્ત સંસારી જીવોના આહાર યોગ્ય પુદ્ગલોની યોગ્યતા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી આ પ્રમાણે હોય છે– આહાર યોગ્ય પુદ્ગલો **દ્રવ્યથી** અનંતપ્રદેશી, **ક્ષેત્રથી** અસંખ્યાત પ્રદેશાવગાઢ, **કાલથી** એકસમયથી અસંખ્યાતસમય સુધીની સ્થિતિવાળા, **ભાવથી** પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને ચાર સ્પર્શથી લઈને આઠ સ્પર્શ સુધીના પુદ્ગલોને ગ્રહણ કરે છે.

**ठाणमग्गणं–** સ્થાનમાર્ગણા–સમુચ્ચય અપેક્ષાએ એકવર્ણથીપાંચ વર્ણવાળા, એક ગંધ કે બે ગંધવાળા, એકથી પાંચ રસવાળા, ચાર સ્પર્શથી આઠ સ્પર્શવાળા પુદ્ગલોને ગ્રહણ કરે છે.

**विहाणमग्गणं–** વિધાન માર્ગણા– વિશેષ અપેક્ષાએ અર્થાત્ ગ્રહણ કરેલા સ્કંધોમાંથી પ્રત્યેક સ્કંધના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની પૃથક્-પૃથક્ વિવક્ષા કરવી તે વિધાન માર્ગણા છે. તે સ્કંધ એક ગુણ કાળો, બે ગુણ કાળો ***યાવત્*** અનંતગુણ કાળો હોય શકે છે. આ રીતે પ્રત્યેક વર્ણાદિમાં અનંતગુણ સુધીની યોગ્યતા હોય છે.

જીવ આહાર યોગ્ય જે પુદ્ગલોને ગ્રહણ કરે છે તે અનંતપ્રદેશી સ્કંધ જ હોય છે. અનંતપ્રદેશી સ્કંધમાં એક, બે કે ત્રણ સ્પર્શ હોતા નથી તેથી આત્મપ્રદેશો સાથે સ્પૃષ્ટ ચારસ્પર્શીથી આઠસ્પર્શી સુધીના પુદ્ગલોને જીવ સર્વાત્મપ્રદેશોથી ગ્રહણ કરે છે.

નૈરયિકો અશુભ કર્મના ઉદયે અશુભ પુદ્ગલોને જ ગ્રહણ કરે છે અને તેનું પરિણમન પણ અશુભ જ થાય છે. તે પ્રાયઃ કાળા અને નીલાવર્ણવાળા, દુરભિગંધવાળા, તીખા અને કડવા રસવાળા તથા કર્કશ,ગુરુ, શીત અને રૂક્ષ સ્પર્શવાળા પુદ્ગલોને ગ્રહણ કરેછે. તે ગ્રહણ કરેલા પુદ્ગલોના જે વર્ણ, ગંધ આદિ હોય, તેનો પણ નાશ થઈને અશુભ વર્ણાદિ રૂપે પરિણત થાય છે.

**ओसण्णं–** પ્રાયઃ, આ શબ્દપ્રયોગ બહુલતા સૂચક છે, તેથી કોઈક નારકી ક્યારેક શુભ પુદ્ગલોનો

આહાર પણ કરી શકે છે, તેમના શુભ કર્મોદયે તે પુદ્‌ગલોનું પરિણમન શુભરૂપે પણ થઈ શકે છે.

**૫ सव्वओ आहारेंति**– ત્રસ જીવ સ્થૂલ દષ્ટિએ મુખથી આહાર ગ્રહણ કરે છે પરંતુ વાસ્તવમાં રસ થયા પછી તે આહાર શરીરસ્થ સર્વાત્મ પ્રદેશોમાં પહોંચે છે તેથી **सव्वओ आहारेंति** કથન છે. તથાપ્રકારના સ્વભાવથી જ (૧) સર્વાત્મપ્રદેશોથી આહાર ગ્રહણ કરે છે. (૨) સર્વાત્મપ્રદેશોથી પરિણમન કરે છે. (૩–૪) સર્વાત્મપ્રદેશોથી તેની ઉચ્છ્‌વાસ-નિઃશ્વાસની ક્રિયા થાય છે. આ ચારે ક્રિયા સહજ રીતે અનાભોગ પણે જન્મથી-મૃત્યુ પર્યંત સતત થયા જ કરે છે.

જીવ જ્યારે પર્યાપ્તાવસ્થાને પ્રાપ્ત કરે, ત્યાર પછી પોતાની ઈચ્છા અનુસાર (૫) વારંવાર આહાર ગ્રહણ કરે (૬) વારંવાર પરિણમન કરે (૭–૮) વારંવાર શ્વાસ લે છે અને મૂકે છે અને ક્યારેક (૯) કદાચિત્ ગ્રહણ કરે (૧૦) કદાચિત્ પરિણમન કરે(૧૧–૧૨) કદાચિત્ શ્વાસ લે છે અને મૂકે છે.

ઉપરોક્ત બાર બોલમાંથી પ્રથમ ચાર બોલ અનાભોગ આહારની અપેક્ષાએ છે અને શેષ આઠ બોલ આભોગ આહારની અપેક્ષાએ છે. તેમાં પાંચથી આઠ, આ ચાર બોલ પર્યાપ્ત જીવોની અપેક્ષાએ છે અને અંતિમ ચાર બોલ અપર્યાપ્ત જીવોની અપેક્ષાએ છે.

**૬ कइभागं**– નૈરયિકો, લોમાહારરૂપે ગ્રહણ કરેલા પુદ્‌ગલોમાંથી અસંખ્યાતમા ભાગના પુદ્‌ગલોને જ આભ્યંતર આહારરૂપે ગ્રહણ કરે છે અને અનંતમા ભાગના પુદ્‌ગલોનું જ આસ્વાદન કરે છે. જે રીતે ગાય આદિ એક સાથે ઘણું ઘાસ મોઢામાં લે અને તે પેટમાં જાય છે, પરંતુ તેમાંથી કેટલુંક ઘાસ પડી જાય, ગ્રહણ કરેલા ઘાસમાંથી કેટલોક ભાગ જ આહાર રૂપે અંદર જાય અને તેમાંથી પણ અત્યંત અલ્પ પુદ્‌ગલોનું જ શરીરરૂપે પરિણમન થાય છે. તે રીતે અહીં પણ અસંખ્યાતમા ભાગનો આહાર અને અનંતમાં ભાગનું આસ્વાદન સમજવું. રસનેન્દ્રિય સ્વયં અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણવાળીછે, તેથી ઘણા પુદ્‌ગલો આસ્વાદિત થયા વિના જ શરીરમાં જાય છે. તે જ કારણે અનંતમા ભાગના આસ્વાદનનું કથન છે. જે પુદ્‌ગલોનું આસ્વાદન થતું નથી, તે પુદ્‌ગલો આસ્વાદન વિના જ શરીર રૂપે પરિણત થઈ જાય છે.

**૭ सव्वे**– છઠ્ઠા દ્વારમાં નિરૂપિત જે પુદ્‌ગલોનું આહાર રૂપે ગ્રહણ થાય, તે સર્વ પુદ્‌ગલોનું પરિણમન શરીર રૂપે થાય છે.

નૈરયિકોને લોમાહાર જ હોય છે. લોમાહાર દ્વારા ગ્રહિત આભ્યંતર આહારનું અપરિશેષ– સંપૂર્ણરૂપે પરિણમન થાય છે. તેમાં કોઈ પણ પુદ્‌ગલો ખળરૂપે પરિણત થઈને નાશ પામતા નથી.

સૂત્રકારે છઠ્ઠા દ્વારમાં સામાન્ય રૂપે આહારના પુદ્‌ગલોનું કથન કર્યું છે, તેથી ત્યાં ગ્રહણ કરેલા પુદ્‌ગલોમાંથી અસંખ્યાતમો ભાગ આહાર રૂપે ગ્રહણ થાય છે, તેમ કહ્યું છે અને સાતમા દ્વારમાં વિશેષ અપેક્ષાએ અર્થાત્ આહારના રસભાગની અપેક્ષાએ કથન છે, તેથી સર્વતઃ પરિણમનનું કથન છે. લોમાહારમાં ગ્રહણ કરેલા આહારના સર્વ પુદ્‌ગલો શરીર રૂપે પરિણમન પામે છે. નારકી અને દેવોમાં લોમાહાર હોવાથી સર્વ–અપરિશેષ આહારનું જ કથન છે, તેઓને પ્રક્ષેપાહાર નથી.

**૮ परिणामे**– નૈરયિકોએ ગ્રહણ કરેલો આહાર તેના શરીરની પાંચે ઈન્દ્રિય રૂપે પરિણત થાય છે પરંતુ અશુભ કર્મોદયે તે અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ,અમનોજ્ઞ, અમનોહર, અનીચ્છનીય અને અનભિલષિત રૂપે પરિણત થાય છે. શુભ પુદ્‌ગલ હોય તોપણ અશુભ રૂપે(દુઃખ રૂપે) પરિણત થાય છે.

**ભવનપતિ દેવોનો આહાર (૨ થી ૮ દ્વાર) :-**

**૧૫** **असुरकुमारा णं भंते ! आहारट्ठी ? गोयमा ! हंता आहारट्ठी ।**

**एवं जहा णेरइयाणं तहा असुरकुमाराण वि भाणियव्वं** *जाव* **ते तेसिं भुज्जो भुज्जो परिणमंति । तत्थ णं जे से आभोगणिव्वत्तिए से णं जहण्णेणं चउत्थभत्तस्स उक्कोसेणं साइरेगस्स वाससहस्सस्स आहारट्ठे समुप्पज्जइ । ओसण्णकारणं पडुच्च– वण्णओ हालिद्द-सुक्किलाइं, गंधओ सुब्भिगंधाइं, रसओ अंबिल-महुराइं, फासओ मउय-लहुय-णिद्धुण्हाइं, तेसिं पोराणे वण्णगुणे** *जाव* **फासिंदियत्ताए** *जाव* **मणामत्ताए इच्छियत्ताए अभिज्झियत्ताए उड्ढत्ताए णो अहत्ताए सुहत्ताए णो दुहत्ताए ते तेसिं भुज्जो-भुज्जो परिणमंति । सेसं जहा णेरइयाणं ।**

**एवं** *जाव* **थणियकुमाराणं । णवरं– आभोगणिव्वत्तिए उक्कोसेणं दिवसपुहत्तस्स आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અસુરકુમાર દેવો આહારાર્થી હોય છે ? **ઉત્તર–** હા ગૌતમ ! તે આહારાર્થી હોય છે.

જેવી રીતે નૈરયિકોની વક્તવ્યતા કહી, તેવી જ રીતે અસુરકુમારોના વિષયમાં ***યાવત્*** તેઓનાં પુદ્ગલોનું વારંવાર પરિણમન થાય છે, ત્યાં સુધી કહેવું જોઈએ. તેઓમાં જે આભોગનિર્વર્તિત આહાર છે, તે આહારની અભિલાષા જઘન્ય ચતુર્થભક્ત–એક દિવસના અંતરે અને ઉત્કૃષ્ટ સાધિક એક હજાર વર્ષે ઉત્પન્ન થાય છે.

પ્રાયઃ તેઓ વર્ણથી–પીળા અને શ્વેત વર્ણના, ગંધથી–સુગંધી, રસથી–અમ્લ અને મધુર તથા સ્પર્શથી– મૃદુ, લઘુ, સ્નિગ્ધ અને ઉષ્ણ પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે. આહારરૂપે ગ્રહણ કરાતા તે પુદ્ગલોના જૂના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-ગુણને વિનષ્ટ કરી, પરિવર્તિત કરીને, નવા વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ગુણને ઉત્પન્ન કરીને પોતાના શરીરક્ષેત્રમાં અવગાઢ પુદ્ગલોને સર્વાત્મ પ્રદેશોથી આહારરૂપે ગ્રહણ કરે છે. આહારરૂપે ગ્રહિત તે પુદ્ગલો શ્રોતેન્દ્રિયાદિ પાંચ ઈન્દ્રિયોરૂપે તથા ઈષ્ટ, કાંત, પ્રિય, શુભ, મનોજ્ઞ, મનોહર, ઈચ્છિત, અભિલષિતરૂપે પરિણત થાય છે. તે પુદ્ગલો ભારેપણે નહીં, પરંતુ લઘુ–હળવાપણે, દુઃખરૂપે નહીં પરંતુ સુખરૂપે પરિણત થાય છે, આ રીતે અસુરકુમાર દ્વારા ગ્રહીત પુદ્ગલો તેના માટે વારંવાર પરિણત થાય છે. શેષ કથન નૈરયિકોના કથનની સમાન જાણવું જોઈએ.

આ જ રીતે સ્તનિતકુમાર દેવો સુધીનું કથન અસુરકુમારોની સમાન જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તેઓને આભોગ નિર્વર્તિત આહારની અભિલાષા ઉત્કૃષ્ટ અનેક દિવસો પછી થાય છે અને જઘન્ય એક દિવસના આંતરે અસુરકુમારવત્ સમજવી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દશ પ્રકારના ભવનપતિ દેવોના આહાર સંબંધી કથન બીજાથી આઠમા દ્વારના માધ્યમે નૈરયિકોના અતિદેશપૂર્વક છે.

દેવોના આભોગનિર્વર્તિત આહારની ઈચ્છાનું કાલમાન તેની સ્થિતિ અનુસાર નિશ્ચિત થાય છે. દેવોમાં જેટલા સાગરોપમની સ્થિતિ હોય તેટલા હજાર વર્ષે તેને આહારની ઈચ્છા થાય છે. ભવનપતિ દેવોની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ સાધિક એક સાગરોપમની છે. તેમાંથી ૧૦,૦૦૦

વર્ષની સ્થિતિવાળા ભવનપતિ દેવોને એક દિવસના આંતરે અને સાધિક એક સાગરોપમની સ્થિતિવાળા દેવોને સાધિક એક હજાર વર્ષે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

નવનિકાયના દેવોની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ દેશોન બે પલ્યોમની છે તેથી તેમાંથી ૧૦,૦૦૦ વર્ષની સ્થિતિવાળા દેવોને એક દિવસના આંતરે અને ઉત્કૃષ્ટ દેશોન બે પલ્યોપમની સ્થિતિવાળા દેવોને અનેક દિવસે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

દેવોને પણ અનાભોગ આહાર નિરંતર ચાલુ જ હોય છે. દેવોના આહાર ગ્રહણ, પરિણમન આદિ સર્વ કથન નૈરયિકોની સમાન છે. દેવોના પુણ્યોદયે તેણે ગ્રહણ કરેલા પુદ્ગલોનું શુભરૂપે અને સુખરૂપે પરિણમન થાય છે.

**એકેન્દ્રિયોનો આહાર (૨–૮દ્વાર) :-**

**१६ पुढविकाइया णं भंते ! आहारट्ठी ? हंता ! आहारट्ठी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પૃથ્વીકાયિક જીવો આહારાર્થી હોય છે ? **ઉત્તર–** હા ગૌતમ ! તેઓ આહારાર્થી હોય છે.

**१७ पुढविक्काइया णं भंते ! केवइकालस्स आहारट्ठे समुप्पज्जइ ? गोयमा ! अणुसमयं अविरहिए आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોને કેટલા કાલે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓને પ્રતિસમય, વિરહ વિના નિરંતર આહારની અભિલાષા ઉત્પન્ન થાય છે.

**१८ पुढविक्काइया णं भंते ! किमाहारमाहारेंति ? एवं जहा णेरइयाणं** *जाव* **ताइं भंते ! कइ दिसिं आहारेंति ?**

**गोयमा ! णिव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं सिय चउदिसिं सिय पंचदिसिं, णवरं ओसण्णकारणं ण भवइ, वण्णओ काल-णील-लोहिय-हालिद्द-सुक्किलाइं, गंधओ सुब्भिगंध-दुब्भिगंधाइं, रसओ तित्त-कडुय-कसाय-अंबिल-महुराइं, फासओ कक्खड-मउय-गुरुय-लहुय-सीय-उसिण-णिद्ध-लुक्खाइं,तेसिं पोराणे वण्णगुणे, सेसं जहा णेरइयाणं** *जाव* **आहच्च णीससंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો કેવા પ્રકારનો આહાર ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આ વિષયનું કથન નૈરયિકોના કથનની સમાન જાણવું જોઈએ; ***યાવત્*** **પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો કેટલી દિશામાંથી આહારના પુદ્ગલો ગ્રહણ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ! વ્યાઘાત ન હોય તો નિયમા છએ દિશાઓમાંથી આહાર કરે છે અને અલોકનો વ્યાઘાત હોય તો કદાચિત્ ત્રણ દિશા, કદાચિત્ ચાર દિશા અને કદાચિત્ પાંચ દિશાઓમાંથી આવેલા, આહારના પુદ્ગલો ગ્રહણ કરે છે. વિશેષતા એ છે કે પૃથ્વીકાયિકોના સંબંધમાં બાહુલ્ય–પ્રાયઃ કારણ હોતું નથી.પૃથ્વીકાયિક જીવ વર્ણથી– કૃષ્ણ, નીલ, લાલ, પીળો અને શ્વેત, આ પાંચ વર્ણવાળા; ગંધથી– સુગંધી અને દુર્ગંધી, આ બે ગંધવાળા; રસથી– તીખો, કડવો, કષાયેલો, ખાટો અને મધુર, આ પાંચ રસ યુક્ત

અને સ્પર્શથી– કર્કશ, મૃદુ, ભારે, હળવો, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ, આ આઠ સ્પર્શવાળા આહાર દ્રવ્યોને ગ્રહણ કરે છે તથા તે આહારરૂપે ગ્રહણ કરેલા પુદ્ગલોના જૂના વર્ણાદિ ગુણ નષ્ટ થઈ જાય છે. ઈત્યાદિ શેષ કથન નારકીના કથન સમાન ***યાવત્*** કદાચિત્ ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ લે-મૂકે છે.

**૧૯ पुढविक्काइया णं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हंति तेसि णं भंते ! पोग्गलाणं सेयकालंसि कइभागं आहारेंति, कइभागं आसाएंति ।**

**गोयमा ! असंखेज्जइभागं आहारेंति, अणंतभागं आसाएंति ।**

**ભાવાર્થ:– પ્રશ્ન–** હે ભગવન્! પૃથ્વીકાયિક જીવ જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે, તે પુદ્ગલોમાંથી ભવિષ્યકાળમાં કેટલા ભાગનો આહાર કરે છે અને કેટલા ભાગનું આસ્વાદન કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આહાર રૂપે ગ્રહણ કરાયેલા પુદ્ગલોના અસંખ્યાતમા ભાગનો આહાર કરે છે અને અનંતમા ભાગનો આસ્વાદ કરે છે.

**૨૦ पुढविक्काइया णं भंते ! जे पुग्गले आहारत्ताए गिण्हंति ते किं सव्वे आहारेंति, णो सव्वे आहारेंति ? गोयमा ! जहेव णेरइया तहेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે, શું તે બધાનો આહાર કરે છે કે તે બધાનો આહાર કરતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે નૈરયિકોની વક્તવ્યતા કહી છે, તે જ રીતે પૃથ્વીકાયિક જીવોના વિષયમાં કહેવું જોઈએ.

**૨૧ पुढविक्काइया णं भंते! जे पोग्गले आहारत्ताए गेण्हंति ते णं तेसिं पोग्गला कीसत्ताए भुज्जो-भुज्जो परिणमंति ? गोयमा ! फासेंदियवेमायत्ताए भुज्जो-भुज्जो परिणमंति । एवं *जाव* वणस्सइकाइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે, તે પુદ્ગલો કઈ રીતે વારંવાર પરિણત થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે પુદ્ગલો સ્પર્શેન્દ્રિયની વિષમ માત્રા રૂપે અર્થાત્ ઈષ્ટ અને અનિષ્ટ રૂપે વારંવાર પરિણત થાય છે.

આ જ રીતે અપ્કાયિકોથી ***યાવત્*** વનસ્પતિકાયિક સુધીના જીવોની વક્તવ્યતા સમજી લેવી જોઈએ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ સ્થાવર જીવોના આહાર સંબંધી વર્ણન છે. તે પ્રાયઃ નૈરયિકોની સમાન છે. પાંચ સ્થાવર જીવો સમગ્ર લોકમાં વ્યાપ્ત છે, તેથી લોકના નિષ્કૂટ–ખૂણામાં રહેલા સ્થાવર જીવોની એક, બે કે ત્રણ દિશામાં અલોક સંભવે છે.

લોકની મધ્યમાં રહેલા જીવો છએ દિશામાંથી આવેલા પુદ્ગલોને ગ્રહણ કરે છે પરંતુ જે જીવોને અલોકનો વ્યાઘાત હોય, તે જીવો ત્રણ, ચાર કે પાંચ દિશામાંથી આવેલા પુદ્ગલોને ગ્રહણ કરે છે.

**એકેન્દ્રિયોનું આહાર પરિણમન–** તે જીવોને નૈરયિકોની જેમ તીવ્ર પાપનો ઉદય કે દેવોની જેમ પ્રબળ

પુણ્યનો ઉદય હોતો નથી, તેથી તે જીવોના આહારનું પરિણમન ક્યારેક ઈષ્ટ, કાંત, પ્રિય આદિ રૂપે કે શુભ રૂપે થાય અને ક્યારેક અનિષ્ટ, અકાંત, અપ્રિય આદિ રૂપે કે અશુભ રૂપે થાય છે. જેમકે રત્નરૂપ પૃથ્વીએ ગ્રહણ કરેલા પુદ્ગલો શુભ રૂપે અને માટી રૂપ પૃથ્વીએ ગ્રહણ કરેલા પુદ્ગલો રત્નથી કાંઈક અશુભ રૂપે પરિણમન થાય છે.

એકેન્દ્રિયોનો આહાર તેના શરીરની એક સ્પર્શેન્દ્રિય રૂપે જ પરિણમન પામે છે. શેષ સર્વ કથન નૈરયિકોની સમાન છે.

**વિકલેન્દ્રિયોનો આહાર (ર થી ૮ દ્વાર) :–**

**૨૨ बेइंदिया णं भंते ! आहारट्ठी ? हंता गोयमा ! आहारट्ठी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બેઈન્દ્રિયો આહારાર્થી હોય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! તેઓ આહારાર્થી હોય છે.

**૨૩ बेइंदियाणं भंते ! केवइकालस्स आहारट्ठे समुप्पज्जइ ? गोयमा ! जहा णेरइयाणं, णवरं– तत्थ णं जे से आभोगणिव्वत्तिए से णं असंखेज्जसमइए अंतोमुहुत्तिए वेमायाए आहारट्ठे समुप्पज्जइ । सेसं जहा पुढविक्काइयाणं** *जाव* **आहच्च णीससंति, णवरं णियमा छद्दिसिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઈન્દ્રિય જીવોને કેટલા કાળે આહારની અભિલાષા ઉત્પન્ન થાય છે?

**ઉત્તર–** હે ગૌતમ ! તેનું કથન નૈરયિકોની સમાન જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તેમાં આભોગ નિર્વર્તિત આહારની અભિલાષા અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત પછી વિવિધરૂપે ઉત્પન્ન થાય છે. શેષ સર્વ "કદાચિત્ નિઃશ્વાસ મૂકે છે" ત્યાં સુધીનું કથન પૃથ્વીકાયિકોની સમાન કરવું જોઈએ. વિશેષતા એ છે કે તેઓ નિયમા છએ દિશાઓમાંથી આહાર ગ્રહણ કરે છે.

**૨૪ बेइंदिया णं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हंति ते णं तेसिं पोग्गलाणं सेयालंसि कइभागं आहारेंति कइभागं आसाएंति ? एवं जहा णेरइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઈન્દ્રિયો જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે, તે પુદ્ગલોમાંથી ભવિષ્યમાં કેટલા ભાગનો આહાર કરે છે અને કેટલા ભાગનો આસ્વાદ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોની સમાન કહેવું જોઈએ.

**૨૫ बेइंदिया णं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हंति ते किं सव्वे आहारेंति, णो सव्वे आहारेंति ?**

**गोयमा ! बेइंदियाणं दुविहे आहारे पण्णत्ते, तं जहा– लोमाहारे य पक्खेवाहारे य । जे पोग्गले लोमाहारत्ताए गेण्हंति ते सव्वे अपरिसेसे आहारेंति, जे पोग्गले पक्खेवाहारत्ताए गेण्हंति तेसिं [अ]संखेज्जइभागमाहारेंति णेगाइं च णं भागसहस्साइं अफासाइज्जमाणाणं अणासाइज्जमाणाणं विद्धंसमागच्छंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિયો જે પુદ્ગલોને આહારપણે ગ્રહણ કરે છે, શું તે બધાનો આહાર કરે છે કે તે બધાનો આહાર કરતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! બેઇન્દ્રિય જીવોનો આહાર બે પ્રકારનો છે, જેમ કે– લોમાહાર અને પ્રક્ષેપાહાર. તેમાં જે પુદ્ગલોને લોમાહારપણે ગ્રહણ કરે છે, તે બધાનો સમગ્રપણે આહાર કરે છે અને જે પુદ્ગલોને પ્રક્ષેપાહારપણે ગ્રહણ કરે છે, તેમાંથી સંખ્યાતમા ભાગનો આહાર કરે છે અને અનેક હજાર(સંખ્યાતા) ભાગો સ્પર્શ્યા વિના કે સ્વાદ લીધા વિના નાશ પામે છે.

**૨૬ एएसि णं भंते ! पोग्गलाणं अणासाइज्जमाणाणं अफासाइज्जमाणाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा पोग्गला अणासाइज्जमाणा, अफासाइज्जमाणा अणंतगुणा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૂર્વોક્ત પ્રક્ષેપાહારના પુદ્ગલોમાંથી સ્વાદ લીધા વિના અને સ્પર્શ કર્યા વિનાના પુદ્ગલોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા સ્વાદ લીધા વિનાના પુદ્ગલો છે, તેનાથી અનંતગુણા પુદ્ગલો સ્પર્શ કર્યા વિનાના છે.

**૨૭ बेइंदिया णं भंते ! जे पोग्गले आहारत्ताए, पुच्छा ? गोयमा ! जिब्भिदिय-फासिंदियवेमायत्ताए ते तेसिं भुज्जो भुज्जो परिणमंति ।**

**एवं *जाव* चउरिंदिया । णवरं णेगाइं च णं भागसहस्साइं अणाघाइज्जमाणाइं अणासाइज्जमाणाइं अफासाइज्जमाणाइं विद्धंसमागच्छंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિયો જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે, તે પુદ્ગલો કયા કયા રૂપે વારંવાર પરિણત થાય છે ? ઇત્યાદિ પૂર્વવત્ પ્રશ્ન. **ઉત્તર–** હે ગૌતમ ! તે પુદ્ગલો જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય રૂપે વિવિધપણે વારંવાર પરિણત થાય છે.

આ રીતે ***યાવત્*** ચૌરેન્દ્રિય સુધી કહેવું જોઈએ, વિશેષતા એ છે કે તેઓ દ્વારા પ્રક્ષેપાહારરૂપે ગ્રહણ કરાયેલા પુદ્ગલોના અનેક સહસ્રભાગ સૂંઘ્યા વિનાના, અનાસ્વાદ્યમાન–સ્વાદ લીધા વિના તથા સ્પર્શ્યા વિના જ નાશ પામે છે.

**૨૮ एएसिं णं भंते ! पोग्गलाणं अणाघाइज्जमाणाणं अणासाइज्जमाणाणं अफासा-इज्जमाणाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा पोग्गला अणाघाइज्जमाणा, अणासाइज्जमाणा अणंतगुणा, अफासाइज्जमाणा अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂંઘ્યા વિનાના, સ્વાદ લીધા વિનાના અને સ્પર્શ્યા વિનાના આ પુદ્ગલોમાંથી કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા સૂંઘ્યા વગરના પુદ્ગલો છે, તેનાથી સ્વાદ લીધા વિનાના પુદ્ગલો અનંતગુણા છે, તેનાથી સ્પર્શ્યા વિનાના પુદ્ગલો અનંતગુણા છે.

**૨૯** **तेइंदिया णं भंते ! जे पोग्गला, पुच्छा ? गोयमा ! घाणिंदिय-जिब्भिंदिय-फासिंदियवेमायत्ताए ते तेसिं भुज्जो-भुज्जो परिणमंति।**

**चउरिंदियाणं चक्खिंदिय-घाणिंदिय-जिब्भिंदिय-फासिंदियवेमायत्ताए ते तेसिं भुज्जो-भुज्जो परिणमंति, सेसं जहा तेइंदियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેઇન્દ્રિયો જે પુદ્ગલોને આહારપણે ગ્રહણ કરે છે, તે પુદ્ગલોનું કયા રૂપે વારંવાર પરિણમન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે પુદ્ગલોનું ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયપણે વિવિધ રૂપે અર્થાત્ ઈષ્ટાનિષ્ટરૂપે વારંવાર પરિણમન થાય છે.

ચૌરેન્દ્રિયો દ્વારા આહાર રૂપે ગ્રહણ કરાયેલા પુદ્ગલો ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયપણે વિવિધરૂપે વારંવાર પરિણમે છે. ચૌરેન્દ્રિયોનું શેષ કથન તેઇન્દ્રિયોના કથન સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ત્રણ વિકલેન્દ્રિય જીવોના આહાર વિષયક કથન છે.

વિકલેન્દ્રિય જીવો બે પ્રકારે આહાર ગ્રહણ કરે છે– **(૧) લોમાહાર–** લોમ કે રોમ(રૂંવાટા) દ્વારા ગ્રહણ થતાં આહારને લોમાહાર અથવા રોમાહાર કહે છે. **(૨) પ્રક્ષેપાહાર–** કવલાહાર. મુખ દ્વારા અનાજ, પ્રવાહી વગેરે કોળિયા રૂપે કે ઘૂંટડા રૂપે શરીરમાં પ્રક્ષિપ્ત કરવામાં આવે, તેમજ માલિસ કે ઈન્જેકશનાદિ રૂપે શરીરમાં પહોંચાડવામાં આવે; તે સર્વે ય આહાર પ્રક્ષેપાહાર કહેવાય છે. **લોમાહારના** પુદ્ગલો સંપૂર્ણપણે પરિણમન પામે છે પરંતુ **પ્રક્ષેપાહારના** પુદ્ગલોમાંથી સૂંઘ્યા, સ્પર્શ્યા કે ચાખ્યા વિના જ અનેક હજાર ભાગ નાશ પામે છે અને અનેક હજારમો ભાગનું શરીરરૂપે ગ્રહણ અને પરિણમન થાય છે.

પ્રતોમાં સૂ. ૨૫માં **तेसिं असंखेज्जइभागमाहारेंति** = અસંખ્યાતમાં ભાગનો આહાર કરે છે. આ પ્રકારનો પાઠ મળે છે. પરંતુ ત્યાર પછી જ **णेगाइं च णं भागसहस्साइं अफासाइज्जमाणाणं अणासाइज्जमाणाणं विद्धंसमागच्छंति ।** = પ્રક્ષેપાહારરૂપે ગ્રહણ કરેલા આહારમાંથી અનેક હજાર ભાગો સ્પર્શ્યા વિના કે સ્વાદ લીધા વિના નાશ પામે છે; આ પ્રકારનો પાઠ પ્રાપ્ત થાય છે. આ રીતે એક જ સૂત્રમાં પૂર્વાપર વિરોધ પ્રતીત થાય છે, કારણ કે સંખ્યાત હજારો ભાગ નાશ પામે તો સંખ્યાત હજારમો ભાગ જ પરિણમન પામે, અસંખ્યાતમો ભાગ નહીં તે સિદ્ધ થઈ જાય છે, તેથી સૂત્ર પાઠમાં લિપિદોષ વગેરે કોઈ પણ કારણથી **સંખ્યાત**ના બદલે **અસંખ્યાત** થઈ ગયું હોય તેવી સંભાવના છે, તેથી જ પ્રસ્તુત સંસ્કરણના મૂળ પાઠમાં અસંખ્યાતમા ભાગના સ્થાને સંખ્યાતમા ભાગને સ્વીકારીને [अ] કોષ્ટકમાં રાખ્યો છે.

**આહાર્ય પુદ્ગલોનું અલ્પબહુત્વ :–** તેઇન્દ્રિય જીવોમાં પ્રક્ષેપાહારરૂપે ગ્રહણ કરાતા પુદ્ગલોમાં (૧) સર્વથી થોડા અનાઘ્રાયમાન–સૂંઘ્યા વિનાના પુદ્ગલો છે, કારણ કે એક-એક સ્પર્શ યોગ્ય પુદ્ગલોમાં અનંતમો ભાગ આસ્વાદ યોગ્ય છે અને તેનો પણ અનંતમો ભાગ સૂંઘવા યોગ્ય હોય છે, તેથી સૌથી થોડા સૂંઘ્યા વિનાના છે, (૨) તેનાથી સ્વાદ લીધા વિનાના પુદ્ગલો અનંતગુણા છે અને (૩) તેનાથી પણ અસ્પૃશ્યમાન પુદ્ગલો અનંતગુણા હોય છે. શેષ સર્વ કથન પૃથ્વીકાયિકોની સમાન છે.

**પંચેંદ્રિય તિર્યંચો અને મનુષ્યોનો આહાર (૨ થી ૮ દ્વાર) :-**

**૩૦ पंचेंदियतिरिक्खजोणिया जहा तेइंदिया, णवरं- तत्थ णं जे से आभोगणिव्वत्तिए से जहण्णेणं अंतोमुहुत्तस्स, उक्कोसेणं छट्ठभत्तस्स आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચોના આહારનું કથન તેઇન્દ્રિય જીવોની સમાન જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તેઓમાં જે આભોગનિર્વર્તિત આહારની અભિલાષા જઘન્ય અંતર્મુહૂર્તે અને ઉત્કૃષ્ટ છટ્ઠ ભક્ત–બે દિવસના આંતરે ઉત્પન્ન થાય છે.

**૩૧ पंचेंदियतिरिक्खजोणिया णं भंते । जे पोग्गले आहारत्ताए, पुच्छा ?**

**गोयमा ! सोइंदिय-चक्खिंदिय-घाणिंदिय-जिब्भिंदिय-फासेंदियवेमायत्ताए भुज्जो-भुज्जो परिणमंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે, તે પુદ્ગલોને કેવી રીતે વારંવાર પરિણત કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આહારરૂપે ગ્રહણ કરાયેલા તે પુદ્ગલો શ્રોતેંદ્રિય, ચક્ષુઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયપણે વિવિધરૂપે–ઇષ્ટાનિષ્ટપણે વારંવાર પરિણમન પામે છે.

**૩૨ मणूसा एवं चेव, णवरं- आभोगणिव्वत्तिए जहण्णेणं अंतोमुहुत्तस्स, उक्कोसेणं अट्ठमभत्तस्स आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** મનુષ્યોની આહાર સંબંધી વક્તવ્યતા તિર્યંચ પંચેન્દ્રિયો પ્રમાણે જાણવી. તેમાં વિશેષતા એ છે કે તેઓની આભોગનિર્વર્તિત આહારની અભિલાષા જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અટ્ઠમભક્ત–ત્રણ દિવસના આંતરે ઉત્પન્ન થાય છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોના આહાર સંબંધી વર્ણન વિકલેન્દ્રિયોના અતિદેશપૂર્વક છે, પરંતુ તેના આહારેચ્છાના કાલમાનમાં તફાવત છે.

તિર્યંચ પંચેન્દ્રિયને આભોગનિર્વર્તિત આહારની ઇચ્છા જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ છટ્ઠ ભક્ત–બે દિવસના આંતરે થાય છે. આ ઉત્કૃષ્ટ કાલમાનનું કથન દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્રોના તિર્યંચ પંચેંદ્રિયોની અપેક્ષાએ સમજવું જોઈએ. મનુષ્યોને આભોગનિર્વર્તિત આહારેચ્છા જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અટ્ઠમ ભક્ત–ત્રણ દિવસે થાય છે. અહીં પણ ઉત્કૃષ્ટ કાલમાનનું કથન દેવકુરુ ઉત્તરકુરુ ક્ષેત્રોના મનુષ્યોની અપેક્ષાએ સમજવું જોઈએ. ગ્રહણ કરેલા પુદ્ગલો મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય બંનેને પાંચ ઇન્દ્રિયો રૂપે ક્યારેક ઇષ્ટપણે, ક્યારેક અનિષ્ટપણે આમ વિવિધરૂપે વારંવાર પરિણમે છે.

**વ્યંતર–જ્યોતિષી–વૈમાનિક દેવોનો આહાર(૨ થી ૮ દ્વાર) :-**

**૩૩ वाणमंतरा जहा णागकुमारा । एवं जोइसिया वि, णवरं- आभोगणिव्वत्तिए जहण्णेणं दिवस पुहत्तस्स, उक्कोसेण वि दिवसपुहत्तस्स आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર દેવોનું આહાર સંબંધી કથન નાગકુમારોની સમાન જાણવું જોઈએ.

આ જ રીતે જ્યોતિષ્ક દેવોનું આહાર સંબંધી કથન છે પરંતુ તે દેવોને આભોગનિર્વર્તિત આહારની અભિલાષા જઘન્ય અને ઉત્કૃષ્ટ અનેક દિવસે ઉત્પન્ન થાય છે.

**३४ एवं वेमाणिया वि । णवरं आभोगणिव्वत्तिए जहण्णेणं दिवसपुहत्तस्स, उक्कोसेणं तेत्तीसाए वाससहस्साणं आहारट्ठे समुप्पज्जइ । सेसं जहा असुरकुमाराणं** *जाव* **ते तेसिं भुज्जो-भुज्जो परिणमंति ।**

**ભાવાર્થ :–** આ જ રીતે વૈમાનિક દેવોની પણ આહાર સંબંધી વક્તવ્યતા જાણવી જોઈએ. વિશેષતા એ છે કે તેઓને આભોગનિર્વર્તિત આહારની અભિલાષા જઘન્ય અનેક દિવસે અને ઉત્કૃષ્ટ તેત્રીશ હજાર વર્ષે ઉત્પન્ન થાય છે. શેષ "તેઓના તે પુદ્ગલોનું વારંવાર શુભ પરિણમન થાય છે" અહીં સુધીની વક્તવ્યતા અસુરકુમારોની સમાન જાણવી જોઈએ.

**३५ सोहम्मे णं भंते ! आभोगणिव्वत्तिए पुच्छा ? गोयमा ! जहण्णेणं दिवस-पुहत्तस्स, उक्कोसेणं दोण्हं वाससहस्साणं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મકલ્પના દેવોને આભોગનિર્વર્તિત આહારની અભિલાષા કેટલા કાળે થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અનેક દિવસે અને ઉત્કૃષ્ટ બે હજાર વર્ષે ઉત્પન્ન થાય છે.

**३६ ईसाणाणं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं दिवसपुहत्तस्स साइरेगस्स, उक्कोसेणं साइरेगाणं दोण्हं वाससहस्साणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઈશાનકલ્પના દેવોને કેટલા કાળે આહારની અભિલાષા ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય કાંઈક અધિક અનેક દિવસે અને ઉત્કૃષ્ટ સાધિક બે હજાર વર્ષે આહારની અભિલાષા ઉત્પન્ન થાય છે.

**३७ सणंकुमाराणं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं दोण्हं वाससहस्साणं, उक्कोसेणं सत्तण्हं वाससहस्साणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સનત્કુમાર કલ્પના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય બે હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષે આહારેચ્છા ઉત્પન્ન થાય છે.

**३८ माहिंदे णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं दोण्हं वाससहस्साणं साइरेगाणं, उक्कोसेणं सत्तण्हं वाससहस्साणं साइरेगाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! માહેન્દ્રકલ્પના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સાધિક બે હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ સાધિક સાત હજાર વર્ષે આહારાભિલાષા થાય છે.

**३९ बंभलोए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं सत्तण्हं वाससहस्साणं, उक्कोसेणं दसण्हं वाससहस्साणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બ્રહ્મલોક કલ્પના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે?
**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સાત હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ દશ હજાર વર્ષે આહારભિલાષા ઉત્પન્ન થાય છે.

**૪૦ लंतए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं दसण्हं वाससहस्साणं, उक्कोसेणं चोद्दसण्हं वाससहस्साणं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લાંતક કલ્પના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ?
**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ ચૌદ હજાર વર્ષે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે.

**૪૧ महासुक्के णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं चोद्दसण्हं वाससहस्साणं, उक्कोसेणं सत्तरसण्हं वाससहस्साणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહાશુક્રકલ્પના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ?
**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ચૌદ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ સત્તર હજાર વર્ષે આહારેચ્છા ઉત્પન્ન થાય છે.

**૪૨ सहस्सारे णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं सत्तरसण्हं वाससहस्साणं, उक्कोसेणं अट्ठारसण्हं वाससहस्साणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સહસ્રાર કલ્પના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે?
**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સત્તર હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ અઢાર હજાર વર્ષે આહારેચ્છા ઉત્પન્ન થાય છે.

**૪૩ आणए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अट्ठारसण्हं वाससहस्साणं, उक्कोसेणं एगूणवीसाए वाससहस्साणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આનત કલ્પના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ?
**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અઢાર હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ ઓગણીશ હજાર વર્ષે આહારેચ્છા ઉત્પન્ન થાય છે.

**૪૪ पाणए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं एगूणवीसाए वाससहस्साणं, उक्कोसेणं वीसाए वाससहस्साणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાણતકલ્પના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ?
**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ઓગણીસ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ વીશ હજાર વર્ષે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે.

**૪૫ आरणे णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं वीसाए वाससहस्साणं, उक्कोसेणं एक्कवीसाए वाससहस्साणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આરણકલ્પના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ?
**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય વીશ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ એકવીશ હજાર વર્ષે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે.

**૪૬ अच्चुए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं एक्कवीसाए वाससहस्साणं, उक्कोसेणं बावीसाए वाससहस्साणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અચ્યુતકલ્પના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એકવીશ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષે આહારાભિલાષા થાય છે.

**૪૭ हेट्ठिमहेट्ठिमगेवेज्जगाणं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं बावीसाए वाससहस्साणं, उक्कोसेणं तेवीसाए वाससहस्साणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન-અધસ્તન(સૌથી નીચલી) ગ્રૈવેયકના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય બાવીશ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ ત્રેવીશ હજાર વર્ષે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે.

**૪૮ हेट्ठिममज्झिमाणं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं तेवीसाए, उक्कोसेणं चउवीसाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન મધ્યમ ગ્રૈવેયકના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ત્રેવીસ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ ચોવીશ હજાર વર્ષે તેઓને આહારેચ્છા ઉત્પન્ન થાય છે.

**૪૯ हेट्ठिमउवरिमाणं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं चउवीसाए, उक्कोसेणं पणुवीसाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન-ઉપરિમ ગ્રૈવેયકના દેવોને કેટલા કાળે આહારાભિલાષા થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ચોવીશ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ પચ્ચીસ હજાર વર્ષે આહારેચ્છા થાય છે.

**૫૦ मज्झिमहेट्ठिमाणं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं पणुवीसाए, उक्कोसेणं छव्वीसाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ-અધસ્તન ગ્રૈવેયકના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પચ્ચીસ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ છવ્વીસ હજાર વર્ષે આહારની અભિલાષા ઉત્પન્ન થાય છે.

**૫૧ मज्झिममज्झिमाणं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं छव्वीसाए, उक्कोसेणं सत्तावीसाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ-મધ્યમ ગ્રૈવેયકના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય છવ્વીસ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ સત્યાવીસ હજાર વર્ષે આહારેચ્છા ઉત્પન્ન થાય છે.

**૫૨ मज्झिमउवरिमाणं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं सत्तावीसाए उक्कोसेण अट्ठावीसाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ ઉપરિમ ગ્રૈવેયકના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સત્યાવીસ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ અઠયાવીસ હજાર વર્ષે આહારેચ્છા ઉત્પન્ન થાય છે.

**૫૩ उवरिमहेट्ठिमाणं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अट्ठावीसाए, उक्कोसेणं एगूणतीसाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિમ અધસ્તન ગ્રૈવેયકના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અઠયાવીસ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ ઓગણત્રીસ હજાર વર્ષે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૫૪ उवरिममज्झिमाणं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं एक्कूणतीसाए, उक्कोसेणं तीसाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિમ-મધ્યમ ગ્રૈવેયકના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ઓગણત્રીસ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ ત્રીસ હજાર વર્ષે આહારેચ્છા ઉત્પન્ન થાય છે.

**૫૫ उवरिमउवरिमगेवेज्जगाणं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं तीसाए, उक्कोसेणं एक्कतीसाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિમ-ઉપરિમ ગ્રૈવેયકના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ત્રીસ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ એકત્રીસ હજાર વર્ષે તેઓને આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૫૬ विजय-वेजयंत-जयंत-अपराजियाणं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं एक्कतीसाए, उक्कोसेणं तेत्तीसाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિજય વૈજયંત, જયંત, અપરાજિત વિમાનના દેવોને કેટલા કાળે આહારની અભિલાષા ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એકત્રીસ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટ તેત્રીસ હજાર વર્ષે આહારની અભિલાષા ઉત્પન્ન થાય છે.

**૫૭ सव्वट्ठगदेवाणं भंते ! पुच्छा ? गोयमा ! अजहण्णमणुक्कोसेणं तेत्तीसाए वाससहस्साणं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોને કેટલા કાળે આહારાભિલાષા ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અજઘન્ય-અનુત્કૃષ્ટ(જઘન્ય-ઉત્કૃષ્ટના ભેદ રહિત) તેત્રીસ હજાર વર્ષે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોના આહાર સંબંધી વર્ણન છે. તે સમગ્ર વર્ણન અસુરકુમાર દેવોની સમાન છે. ઉપર-ઉપરના દેવલોકના દેવોને આહારની ઈચ્છા અલ્પ હોય છે; તેથી તેની આહારેચ્છાનું કાલમાન ક્રમશઃ વધતું જાય છે. **દેવોને જ્યારે આહારની ઈચ્છા થાય ત્યારે મન દ્વારા જ શુભ પુદ્ગલોને ગ્રહણ કરે અને પોતાના શરીર રૂપે પરિણત કરે છે; તેથી દેવો મનોભક્ષી કહેવાય છે.** પ્રત્યેક જાતિના દેવોની આહારેચ્છામાં તફાવત છે, તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

## ૨૪ દંડકના જીવોમાં આભોગનિર્વર્તિત આહારેચ્છાનું અંતર :–

| ક્રમ | જીવ પ્રકાર | આહારેચ્છાનો જઘન્ય સમય | આહારેચ્છાનો ઉત્કૃષ્ટ સમય |
|---|---|---|---|
| ૧ | નારકી | અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત પછી | અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત પછી |
| ૨ | પાંચ સ્થાવર જીવો | નિરંતર | નિરંતર |
| ૩ | ત્રણ વિકલેન્દ્રિય | અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત પછી | અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત પછી |
| ૪ | તિર્યંચ પંચેન્દ્રિય | અંતર્મુહૂર્ત | બે દિવસે |
| ૫ | મનુષ્ય | અંતર્મુહૂર્ત | ત્રણ દિવસે |
| ૬ | અસુરકુમાર દેવ | એક દિવસે | સાધિક ૧૦૦૦ વર્ષે |
| ૭ | નવનિકાય અને વ્યંતર દેવ | એક દિવસે | અનેક દિવસે |
| ૮ | જ્યોતિષી દેવ | અનેક દિવસે | અનેક દિવસે |
| ૯ | વૈમાનિક દેવ | અનેક દિવસે | ૩૩૦૦૦ વર્ષે |
| ૧૦ | સૌધર્મ કલ્પના દેવ | અનેક દિવસે | બે હજાર વર્ષે |
| ૧૧ | ઈશાન કલ્પના દેવ | સાધિક અનેક દિવસે | સાધિક બે હજાર વર્ષે |
| ૧૨ | સનત્કુમાર કલ્પના દેવ | બે હજાર વર્ષે | સાત હજાર વર્ષે |
| ૧૩ | માહેન્દ્ર કલ્પના દેવ | સાધિક બે હજાર વર્ષે | સાધિક સાત હજાર વર્ષે |
| ૧૪ | બ્રહ્મલોક કલ્પના દેવ | સાત હજાર વર્ષે | દશ હજાર વર્ષે |
| ૧૫ | લાંતક કલ્પના દેવ | દશ હજાર વર્ષે | ચૌદ હજાર વર્ષે |
| ૧૬ | મહાશુક્ર કલ્પના દેવ | ચૌદ હજાર વર્ષે | સત્તર હજાર વર્ષે |
| ૧૭ | સહસ્રાર કલ્પના દેવ | સત્તર હજાર વર્ષે | અઢાર હજાર વર્ષે |
| ૧૮ | આણત કલ્પના દેવ | અઢાર હજાર વર્ષે | ઓગણીશ હજાર વર્ષે |
| ૧૯ | પ્રાણત કલ્પના દેવ | ઓગણીશ હજાર વર્ષે | વીશ હજાર વર્ષે |
| ૨૦ | આરણ કલ્પના દેવ | વીશ હજાર વર્ષે | એકવીશ હજાર વર્ષે |
| ૨૧ | અચ્યુત કલ્પના દેવ | એકવીશ હજાર વર્ષે | બાવીશ હજાર વર્ષે |
| ૨૨ | અધસ્તન–અધસ્તન ગ્રૈવેયક | બાવીશ હજાર વર્ષે | ત્રેવીશ હજાર વર્ષે |
| ૨૩ | અધસ્તન–મધ્યમ ગ્રૈવેયક | ત્રેવીશ હજાર વર્ષે | ચોવીશ હજાર વર્ષે |
| ૨૪ | અધસ્તન–ઉપરિમ ગ્રૈવેયક | ચોવીશ હજાર વર્ષે | પચ્ચીશ હજાર વર્ષે |
| ૨૫ | મધ્યમ–અધસ્તન ગ્રૈવેયક | પચ્ચીશ હજાર વર્ષે | છવ્વીશ હજાર વર્ષે |
| ૨૬ | મધ્યમ–મધ્યમ ગ્રૈવેયક | છવ્વીશ હજાર વર્ષે | સત્તાવીશ હજાર વર્ષે |
| ૨૭ | મધ્યમ–ઉપરિમ ગ્રૈવેયક | સત્તાવીશ હજાર વર્ષે | અઠ્ઠાવીશ હજાર વર્ષે |
| ૨૮ | ઉપરિમ–અધસ્તન ગ્રૈવેયક | અઠ્ઠાવીશ હજાર વર્ષે | ઓગણત્રીશ હજાર વર્ષે |
| ૨૯ | ઉપરિમ–મધ્યમ ગ્રૈવેયક | ઓગણત્રીશ હજાર વર્ષે | ત્રીશ હજાર વર્ષે |
| ૩૦ | ઉપરિમ–ઉપરિમ ગ્રૈવેયક | ત્રીશ હજાર વર્ષે | એકત્રીશ હજાર વર્ષે |
| ૩૧ | વિજયાદિ ચાર અનુત્તરદેવ | એકત્રીશ હજાર વર્ષે | તેત્રીશ હજાર વર્ષે |
| ૩૨ | સર્વાર્થસિદ્ધ દેવ | અજઘન્ય તેત્રીશ હજાર વર્ષે | અનુત્કૃષ્ટ તેત્રીશ હજાર વર્ષે |

**(૯) એકેન્દ્રિયશરીરાદિ દ્વાર :–**

**૫૮ णेरइया णं भंते ! किं एगिंदियसरीराइं आहारेंति** *જાવ* **पंचेंदियसरीराइं आहारेंति ? गोयमा ! पुव्वभावपण्णवणं पडुच्च– एगिंदियसरीराइं पि आहारेंति** *જાવ* **पंचेंदियसरीराइं पि, पडुप्पण्णभावपण्णवणं पडुच्च– णियमा पंचेंदियसरीराइं आहारेंति । एवं** *જાવ* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો શું એકેન્દ્રિય શરીરોનો આહાર કરે છે ***યાવત્*** પંચેંદ્રિય શરીરનો આહાર કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ નૈરયિકો એકેન્દ્રિય શરીરોનો પણ આહાર કરે છે ***યાવત્*** પંચેન્દ્રિય શરીરોનો પણ આહાર કરે છે. વર્તમાન ભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ નિશ્ચયથી તેઓ પંચેંદ્રિય શરીરોનો આહાર કરે છે. આ રીતે અસુરકુમારોથી લઈ સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.

**૫૯ पुढविक्काइया णं भंते ! पुच्छा ? गोयमा ! पुव्वभावपण्णवणं पडुच्च एवं चेव, पडुप्पण्णभावपण्णवणं पडुच्च णियमा एगिंदियसरीराइं आहारेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકો શું એકેન્દ્રિય શરીરોનો આહાર કરે છે ***યાવત્*** પંચેંદ્રિય શરીરનો આહાર કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ નૈરયિકોની સમાન એટલે એકેન્દ્રિય ***યાવત્*** પંચેન્દ્રિય શરીરોનો આહાર કરે છે. વર્તમાન ભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ નિશ્ચયથી એકેન્દ્રિય શરીરોનો આહાર કરે છે.

**૬૦ बेइंदिया पुव्वभावपण्णवणं पडुच्च एवं चेव, पडुप्पण्णभावपण्णवणं पडुच्च णियमा बेइंदियसरीराइं आहारेंति ।**

**एवं** *જાવ* **चउरिंदिया ताव पुव्वभावपण्णवणं पडुच्च एवं, पडुप्पण्णभावपण्णवणं पडुच्च णियमा जस्स जति इंदियाइं ततिंदियसरीराइं ते आहारेंति। सेसा जहा णेरइया** *જાવ* **वेमाणिया ।**

**ભાવાર્થ :–** બેઈન્દ્રિય જીવોના સંબંધમાં પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ પૂર્વવત્ જાણવું જોઈએ. વર્તમાન ભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ તે જીવો નિયમા બેઈન્દ્રિય શરીરોનો આહાર કરે છે.

આ જ રીતે ***યાવત્*** ચૌરેન્દ્રિય સુધીના જીવો પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ એકેન્દ્રિય ***યાવત્*** પંચેન્દ્રિય શરીરોનો આહાર કરે છે. વર્તમાન ભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ જેને જેટલી ઈન્દ્રિયો છે, તેટલી જ ઈન્દ્રિયોવાળા શરીરનો આહાર કરે છે. વૈમાનિક સુધી શેષ જીવોનું કથન નૈરયિકોની સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં 'એકેન્દ્રિયાદિ શરીર દ્વાર'ના માધ્યમથી ૨૪ દંડકના જીવોના આહાર સંબંધી નિરૂપણ

છે. તેમાં બે પ્રકારે વિષયની વિચારણા થઈ છે.

**पुव्वभावपण्णवणं पडुच्च**– પૂર્વભાવ પ્રજ્ઞાપના–ભૂતકાલીન અવસ્થાનું કથન કરવું. વર્તમાનમાં જીવ દ્વારા ગ્રહણ કરાતા આહાર યોગ્ય પુદ્ગલોનું સ્વરૂપ ભૂતકાલમાં કેવું હતું ? તેની વિચારણા કરવી તેને પૂર્વભાવ પ્રજ્ઞાપના કહે છે.

**पडुपण्णभावपण्णवणं पडुच्च**– પ્રત્યુત્પન્ન–વર્તમાનકાલીન અવસ્થાનું કથનકરવું. જીવ દ્વારા ગ્રહણ કરાતા આહાર યોગ્ય પુદ્ગલોની વર્તમાનકાલીન અવસ્થાની વિચારણા કરવી તે પ્રત્યુત્પન્ન પ્રજ્ઞાપના કહેવાય છે.

કોઈ પણ જીવ પોતાના શરીરને યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરે છે અને પોતાના શરીર રૂપે પરિણત કરે છે. જે પુદ્ગલો શરીર રૂપે પરિણત થાય છે, તે આહાર કહેવાય છે. નૈરયિકોનું પંચેન્દ્રિય શરીર હોવાથી, તેણે ગ્રહણ કરેલા પુદ્ગલો પંચેન્દ્રિય રૂપે પરિણત થાય છે, તેથી તેનો આહાર પંચેન્દ્રિય શરીરનો કહેવાય છે, પરંતુ તે પુદ્ગલોની ભૂતકાલીન અવસ્થા એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય કે પંચેન્દ્રિય શરીર પરિણત હોય શકે છે.

આ રીતે ૨૪ દંડકના કોઈ પણ જીવનો આહાર પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય કે પંચેન્દ્રિય શરીર પરિણત હોય છે અને પ્રત્યુત્પન્ન ભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ જે જીવોને જેટલી ઇન્દ્રિય હોય, તેટલી ઇન્દ્રિયયુક્ત શરીરનો આહાર કરે છે. તદનુસાર વર્તમાન ભાવની અપેક્ષાએ પાંચ સ્થાવરો એકેન્દ્રિય શરીરનો, બેઇન્દ્રિય જીવ બેઇન્દ્રિય શરીરનો, તેઇન્દ્રિય જીવ તેઇન્દ્રિય શરીરનો, ચૌરેન્દ્રિય જીવ ચૌરેન્દ્રિય શરીરનો, નારકી, દેવતા, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો પંચેન્દ્રિય શરીરનો આહાર કરે છે.

**(૧૦)લોમાહાર દ્વાર :–**

**૬૧ णेरइया णं भंते ! किं लोमाहारा पक्खेवाहारा ? गोयमा ! लोमाहारा, णो पक्खेवाहारा । एवं एगिंदिया, सव्वे देवा य भाणियव्वा** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! નારકી જીવો લોમાહારી છે કે પ્રક્ષેપાહારી છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! તેઓ લોમાહારી છે, પ્રક્ષેપાહારી નથી. આ જ રીતે એકેન્દ્રિય જીવો તથા વૈમાનિકો સુધીના બધા દેવોના વિષયમાં કહેવું જોઈએ કે તે લોમાહારી છે, પ્રક્ષેપાહારી નથી.

**૬૨ बेइंदिया** *जाव* **मणूसा लोमाहारा वि पक्खेवाहारा वि ।**

**ભાવાર્થ :–** બેઇન્દ્રિયોથી લઈને મનુષ્યો સુધીના જીવો લોમાહારી પણ છે, પ્રક્ષેપાહારી પણ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવોમાં લોમાહાર અને પ્રક્ષેપાહારનું કથન છે.

**લોમાહાર** (રોમાહાર)– શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી ત્વચા–રોમ દ્વારા ગ્રહણ કરાતો આહાર લોમાહાર

કહેવાય છે. ૨૪ દંડકના જીવોમાં લોમાહાર હોય જ છે.

**પ્રક્ષેપાહાર–** કવલરૂપ આહારનો મુખમાં પ્રક્ષેપ કરવો, તે પ્રક્ષેપાહાર છે. ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને પ્રક્ષેપાહાર હોય છે. એકેન્દ્રિય જીવોને મુખ ન હોવાથી પ્રક્ષેપાહાર નથી. નારકી અને દેવો વૈક્રિયશરીરી છે. તે જીવોને મુખ હોવા છતાં સ્વભાવથી તેઓ લોમાહારી જ હોય છે પ્રક્ષેપાહારની તેઓને આવશ્યકતા હોતી નથી.

**(૧૧) મનોભક્ષી દ્વાર :–**

**૬૩ णेरइया णं भंते ! किं ओयाहारा मणभक्खी ? गोयमा ! ओयाहारा, णो मणभक्खी । एवं सव्वे ओरालियसरीरा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો ઓજાહારી હોય છે કે મનોભક્ષી હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેઓ ઓજાહારી હોય છે, મનોભક્ષી હોતા નથી. આ જ રીતે બધા ઔદારિક શરીરધારી સર્વ જીવો પણ ઓજ આહારવાળા હોય છે.

**૬૪ देवा सव्वे** *जाव* **वेमाणिया ओयाहारा वि मणभक्खी वि । तत्थ णं जे ते मणभक्खी देवा तेसि णं इच्छामणे समुप्पज्जइ ''इच्छामो णं मणभक्खं करित्तए'' तए णं तेहिं देवेहिं एवं मणसीकए समाणे खिप्पामेव जे पोग्गला इट्ठा कंता** *जाव* **मणामा ते तेसिं मणभक्खत्ताए परिणमंति ।**

**से जहाणामए सीया पोग्गला सीयं पप्प सीयं चेव अइवइत्ताणं चिट्ठंति उसिणा वा पोग्गला उसिणं पप्प उसिणं चेव अइवइत्ताणं चिट्ठंति । एवामेव तेहिं देवेहिं मणभक्खे कए समाणे गोयमा ! से इच्छामणे खिप्पामेव अवेइ ।**

**ભાવાર્થ :–** અસુરકુમારથી વૈમાનિક સુધીના સર્વ દેવો ઓજ આહારી પણ હોય છે અને મનોભક્ષી પણ હોય છે. દેવોમાં જે મનોભક્ષી(ઓજાહારી સિવાય) દેવો છે તે દેવોને "અમે મનોભક્ષી આહાર કરીએ" એવું ઇચ્છા પ્રધાન મન ઉત્પન્ન થાય છે અર્થાત્ મનમાં આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે. જ્યારે તે દેવો આ પ્રકારનો વિચાર કરે ત્યારે તુરંત જ ઇષ્ટ, કાંત ***યાવત્*** મનને અનુકૂળ પુદ્ગલો મનોભક્ષણરૂપે પરિણમે છે.

જે રીતે શીત પુદ્ગલો શીત સ્વભાવને પ્રાપ્ત કરી શીતયોનિવાળા જીવને આશ્રિત શીતરૂપે પરિણમે છે અથવા ઉષ્ણ પુદ્ગલો ઉષ્ણ સ્વભાવને પામી ઉષ્ણરૂપે પરિણમે છે; તે જ રીતે હે ગૌતમ ! તે દેવો મનોભક્ષણ કરે છે ત્યારે તેઓનું ઇચ્છા પ્રધાન મન તુરંત જ શાંત-તૃપ્ત થઈ જાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવોમાં ઓજાહારી અને મનોભક્ષી આહાર સંબંધી નિરૂપણ છે.

**ઓજાહારી–** જીવના ઉત્પત્તિ સ્થાનમાં આહારયોગ્ય(શરીર યોગ્ય) પુદ્ગલોનો સમૂહ હોય છે, તે 'ઓજ' કહેવાય છે. ઓજને ગ્રહણ કરનાર ઓજાહારી છે. **૨૪ દંડકના સમસ્ત સંસારી જીવો ઉત્પત્તિના પ્રથમ સમયથી શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઓજાહારી હોય છે.**

**મનોભક્ષી–** પોતાની ઇચ્છાનુસાર મનથી જ આહારયોગ્ય પુદ્ગલોનું ગ્રહણ કરનાર જીવોને મનોભક્ષી કહેવાય છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક જાતિના દેવો પોતાના પુણ્યોદયે મનોભક્ષી હોય છે. દેવોને દીર્ઘકાલે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય, ત્યારે ઇચ્છાપૂર્તિ માટે અન્ય કોઈ પુરુષાર્થ કરવો પડતો નથી. દેવો મનથી જ શુભ પુદ્ગલોને ગ્રહણ કરે છે. તે પુદ્ગલો દેવોના પુણ્યોદયે શુભરૂપે પરિણત થાય છે અને ઇચ્છાપૂર્તિ થઈ જતાં દેવો સંતોષની અનુભૂતિ કરે છે. જેમ શીતયોનિક જીવોને શીત પુદ્ગલો, ઉષ્ણયોનિક જીવોને ઉષ્ણ પુદ્ગલો અનુકૂળ અને સુખરૂપ લાગે છે. અનુકૂળ પુદ્ગલોને પામીને તે તે જીવો પરિતૃપ્ત થઈ જાય છે તે રીતે દેવોને પોતાની ઇચ્છાપૂર્તિથી તૃપ્તિ થઈ જાય છે.

નારકી જીવો પાપકર્મના ઉદયે પોતાની ઇચ્છાનુસાર મનથી આહારયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી શકતા નથી, તેથી **તે જીવો મનોભક્ષી નથી. ઔદારિક દંડકોમાં પણ મનોભક્ષી આહાર નથી.**

શ્રી સૂયગડાંગ સૂત્રની નિર્યુક્તિની પાંચ ગાથાઓમાં ઓજાહાર, રોમાહાર અને પ્રક્ષેપાહાર તથા મનોભક્ષી જીવોનું કથન કર્યું છે.

**सरीरेणोयाहारो, तयाय फासेण लोम आहारो,**
**पक्खेवाहारो, कावलिओ होइ नायव्वो ॥१॥**

**ओयाहारा जीवा सव्वे, अपज्जत्तगा मुणेयव्वा ।**
**पज्जत्तगा य लोमे, पक्खेवे होंति भइयव्वा ॥२॥**

**एगिंदियदेवाणं, नेरइयाणं च णत्थि पक्खेवो ।**
**सेसाणं जीवाणं, संसारत्थाण पक्खेवो ॥३॥**

**लोमाहारा एगिंदिया उ, नेरइय सुरगणा चेव ।**
**सेसाणं आहारो, लोमे पक्खेवओ चेव ॥४॥**

**ओयाहारा मणभक्खिणो य, सव्वे वि सुरगणा होंति ॥**
**सेसा हवंति जीवा, लोमे पक्खेवओ चेव ॥५॥** *સૂય.–૨, અધ્ય.–૩ નિર્યુક્તિ.*

ઓજાહાર શરીર દ્વારા, રોમાહાર ત્વચા(ચામડી) દ્વારા અને પ્રક્ષેપાહાર કવલ(કોળિયા) દ્વારા કરાતો આહાર છે. **॥૧॥**

અપર્યાપ્તા જીવોને ઓજાહાર છે, પર્યાપ્તા સર્વ જીવોને રોમાહાર હોય છે અને પ્રક્ષેપાહારની તેઓને ભજના હોય છે. **॥૨॥**

એકેન્દ્રિય, નારકી અને દેવોને પ્રક્ષેપાહાર નથી. શેષ સર્વ સંસારી જીવોને પ્રક્ષેપાહાર હોય છે. **॥૩॥**

એકેન્દ્રિય, નારકી તથા અસુરકુમાર આદિ સર્વ દેવો રોમાહારી હોય છે, શેષ જીવોને રોમાહાર અને પ્રક્ષેપાહાર હોય છે. **॥૪॥**

સર્વ પ્રકારના દેવો ઓજાહારી અને મનોભક્ષી હોય છે. શેષ જીવો રોમાહારી અને પ્રક્ષેપાહારી હોય છે. **॥૫॥**

**૨૪ દંડકના જીવોમાં સચિત્તાહારાદિ આહાર સંબંધી ૧૧ દ્વાર :–**

| દ્વાર | નારકી | દેવતા | એકેન્દ્રિય | વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય |
|---|---|---|---|---|
| ૧ સચિત્તાહારાદિ | અચિત્તાહારી | અચિત્તાહારી | સચિત્ત, અચિત્ત, મિશ્રાહારી | સચિત્ત, અચિત્ત, મિશ્રાહારી |
| ૨ આહારાર્થી | છે | છે | છે | છે |
| ૩ અણાભોગ આહાર | નિરંતર | નિરંતર | નિરંતર | નિરંતર |
| આભોગ આહાર કેટલા સમયે ? | અંતર્મુહૂર્તે | જઘન્ય એક દિવસે ઉ૦ ૩૩૦૦૦ વર્ષે | નિરંતર | વિકલે૦ અંતર્મુહૂર્તે તિર્યંચ પંચે૦ ઉ૦ બે દિવસે મનુષ્ય ઉ૦ત્રણ દિવસે |
| ૪ કેવો આહાર | અશુભ પુદ્ગલોનો | શુભ પુદ્ગલોનો | શુભાશુભ પુદ્ગલોનો | શુભાશુભ પુદ્ગલોનો |
| ૫ સર્વતઃ + દિશા | સર્વાત્મ પ્રદેશોથી. છ દિશામાંથી | સર્વાત્મ પ્રદેશોથી. છ દિશામાંથી | સર્વાત્મ પ્રદેશોથી. ૩,૪,૫,૬ દિશામાંથી | સર્વાત્મ પ્રદેશોથી. છ દિશામાંથી |
| ૬ ગ્રહણ આસ્વાદન | સંખ્યાતમા ભાગનું અનંતમા ભાગનું | સંખ્યાતમા ભાગનું અનંતમા ભાગનું | સંખ્યાતમા ભાગનું અનંતમા ભાગનું | સંખ્યાતમા ભાગનું અનંતમા ભાગનું |
| ૭ સર્વતઃ પરિણમન | સર્વ પુદ્ગલોનું અપરિશેષ પરિણમન | અપરિશેષ પરિણમન | અપરિશેષ પરિણમન | લોમાહાર-અપરિશેષ પ્રક્ષેપાહાર-સં૦ ભાગનું |
| ૮ પરિણામ | પાંચે ઇન્દ્રિયપણે અશુભપણે | પાંચે ઇન્દ્રિયપણે શુભપણે | એકેન્દ્રિયપણે શુભાશુભપણે | બે, ત્રણ, ચાર, પાંચ યથાયોગ્ય ઇન્દ્રિયપણે. શુભાશુભપણે |
| ૯ એકેન્દ્રિયાદિ પૂર્વભાવની અપેક્ષાએ | એકેન્દ્રિયથી પંચેન્દ્રિયના પુદ્ગલોનું ગ્રહણ | એકેન્દ્રિયથી પંચેન્દ્રિયના પુદ્ગલોનું ગ્રહણ | એકેન્દ્રિયથી પંચેન્દ્રિયના પુદ્ગલોનું ગ્રહણ | એકેન્દ્રિયથી પંચેન્દ્રિયના પુદ્ગલોનું ગ્રહણ |
| વર્તમાન ભાવની અપેક્ષાએ | પંચેન્દ્રિયના પુદ્ગલો | પંચેન્દ્રિયના પુદ્ગલો | એકેન્દ્રિયના પુદ્ગલો | યથા યોગ્ય બેઈ૦ તેઈ૦ ચૌરે૦ ના પુદ્ગલો |
| ૧૦ લોમાહારાદિ | લોમાહાર | લોમાહાર | લોમાહાર | લોમાહાર-પ્રક્ષેપાહાર |
| ૧૧ ઓજાહારાદિ | ઓજાહારી | ઓજાહારી, મનોભક્ષી | ઓજાહારી | ઓજાહારી |

★ જીવ અનંતપ્રદેશી, અસંખ્ય પ્રદેશાવગાઢ, એકથી અસંખ્ય સમયની સ્થિતિવાળા અને એકથી અનંતગુણ યુક્ત પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ તથા ચારથી આઠ સ્પર્શ યુક્ત, આત્મપ્રદેશાવગાઢ પુદ્ગલોને ગ્રહણ કરે છે. ★ પ્રક્ષેપાહાર સં૦ ભાગનું = પ્રક્ષેપાહારનો સંખ્યાતમો ભાગ શરીરમાં પરિણમન પામે છે. તે સિવાય સંખ્યાતા હજારો ભાગ વિસર્જિત થાય છે.

**॥ પ્રથમ ઉદ્દેશક સંપૂર્ણ ॥**

# અઠ્ઠાવીસમું પદ : આહાર

## બીજો ઉદ્દેશક

**વિષય સૂચક તેર દ્વાર :-**

**૧** आहार भविय सण्णी, लेस्सा दिट्ठी य संजय कसाया ।
णाणे जोगुवओगे, वेदे य सरीर पज्जत्ती ॥

**ભાવાર્થ :-(ગાથાર્થ)** બીજા ઉદ્દેશકમાં નિમ્નોક્ત તેર દ્વારો છે– (૧) આહારદ્વાર (ર) ભવિકદ્વાર (૩) સંજ્ઞીદ્વાર (૪) લેશ્યાદ્વાર (૫) દષ્ટિદ્વાર (૬) સંયતદ્વાર (૭) કષાયદ્વાર (૮) જ્ઞાનદ્વાર (૯) યોગદ્વાર (૧૦) ઉપયોગદ્વાર (૧૧) વેદદ્વાર (૧૨) શરીરદ્વાર અને (૧૩) પર્યાપ્તિદ્વાર.

**વિવેચન :-**

બીજા ઉદ્દેશકમાં આ તેર દ્વારોના આધારે આહારક–અનાહારકની પ્રરૂપણા કરવામાં આવશે. અહીં આહાર, ભવિક આદિ શબ્દના કથનથી તેના પ્રતિપક્ષી અથવા તેના ભેદ-પ્રભેદોનું પણ ગ્રહણ થાય છે.

**(૧)** આહારદ્વારમાં જીવ અને ૨૪ દંડકના એક-અનેક જીવોમાં– **૧.** આહારક **૨.** અનાહારકનું કથન છે.

**(૨)** ભવિકદ્વારના ત્રણ ભેદ– **૧.** ભવસિદ્ધિક **૨.**અભવસિદ્ધિક **૩.** નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક.

**(૩)** સંજ્ઞીદ્વારના ત્રણ ભેદ– **૧.** સંજ્ઞી **૨.** અસંજ્ઞી **૩.** નોસંજ્ઞી નોઅસંજ્ઞી.

**(૪)** લેશ્યાદ્વારના આઠ ભેદ– **૧.** સલેશી **૨ થી ૭.** કૃષ્ણાદિ છ લેશી **૮.** અલેશી.

**(૫)** દષ્ટિદ્વારના ત્રણ ભેદ– **૧.** સમ્યગ્દૃષ્ટિ **૨.** મિથ્યાદષ્ટિ **૩.** મિશ્રદષ્ટિ

**(૬)** સંયતદ્વારના ચારભેદ– **૧.** સંયત **૨.** અસંયત **૩.** સંયતાસંયત **૪.** નોસંયત નોઅસંયત નોસંયતાસંયત.

**(૭)** કષાયદ્વારના છ ભેદ– **૧.** સકષાયી **૨ થી ૫.** ક્રોધાદિ ચાર કષાયી **૬.** અકષાયી.

**(૮)** જ્ઞાનદ્વારના દશભેદ– **૧.** સજ્ઞાની **૨.** મતિજ્ઞાની **૩.** શ્રુતજ્ઞાની **૪.** અવધિજ્ઞાની **૫.** મનઃપર્યવજ્ઞાની **૬.** કેવળજ્ઞાની **૭.** અજ્ઞાની **૮.** મતિ અજ્ઞાની **૯.** શ્રુત અજ્ઞાની **૧૦.** વિભંગજ્ઞાની.

**(૯)** યોગદ્વારના પાંચ ભેદ– **૧.** સયોગી **૨.** મનયોગી **૩.** વચનયોગી **૪.** કાયયોગી **૫.** અયોગી.

**(૧૦)**ઉપયોગદ્વારના બે ભેદ– **૧.** સાકારોપયોગી **૨.** અનાકારોપયોગી.

**(૧૧)** વેદદ્વારના પાંચ ભેદ– **૧.** સવેદી **૨.** સ્ત્રીવેદી **૩.** પુરુષવેદી **૪.** નપુંસકવેદી **૫.** અવેદી.

**(૧૨)** શરીરદ્વારના સાતભેદ– **૧.** સશરીરી **૨.** ઔદારિકશરીરી **૩.** વૈક્રિયશરીરી **૪.** આહારકશરીરી **૫.** તૈજસશરીરી **૬.** કાર્મણશરીરી **૭.** અશરીરી.

**(૧૩)** પર્યાપ્તિદ્વારના બાર દ્વાર– **૧.** આહારપર્યાપ્તિ **૨.** શરીરપર્યાપ્તિ **૩.** ઇન્દ્રિયપર્યાપ્તિ **૪.** શ્વાસોશ્વાસપર્યાપ્તિ **૫.** ભાષાપર્યાપ્તિ **૬.** મનઃપર્યાપ્તિ **૭ થી૧૨.** છ પ્રકારની અપર્યાપ્તિ.

આ રીતે આ ઉદ્દેશકમાં ૬૮ બોલોના માધ્યમે જીવોમાં આહારક-અનાહારકનું કથન છે.

**(૧) આહાર દ્વાર :-**

**૨ जीवे णं भंते ! किं आहारए अणाहारए ? गोयमा ! सिय आहारए सिय अणाहारए । एवं णेरइए** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! એક જીવ આહારક છે કે અનાહારક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે કદાચિત્ આહારક છે, કદાચિત્ અનાહારક છે. આ રીતે નૈરયિકથી લઈને વૈમાનિક સુધીના સર્વ જીવોમાં જાણવું જોઈએ.

**૩ सिद्धे णं भंते ! किं आहारए अणाहारए । गोयमा ! णो आहारए, अणाहारए ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! એક સિદ્ધ જીવ આહારક છે કે અનાહારક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સિદ્ધ જીવ આહારક હોતા નથી પરંતુ અનાહારક હોય છે.

**૪ जीवा णं भंते ! किं आहारगा अणाहारगा ? गोयमा ! आहारगा वि, अणाहारगा वि ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક જીવો આહારક છે કે અનાહારક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓ આહારક પણ હોય છે અને અનાહારક પણ હોય છે.

**૫ णेरइयाणं भंते ! पुच्छा ? गोयमा ! सव्वे वि ताव होज्जा आहारगा, अहवा आहारगा य अणाहारगे य, अहवा आहारगा य अणाहारगा य ।**

**एवं** *जाव* **वेमाणिया, णवरं- एगिंदिया जहा जीवा ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો આહારક હોય છે કે અનાહારક હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) કદાચિત્ સર્વ નૈરયિકો આહારક હોય છે (૨) ક્યારેક અનેક આહારક અને એક અનાહારક હોય છે અને (૩) ક્યારેક અનેક આહારક અને અનેક અનાહારક હોય છે.

આ જ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ. વિશેષતા એ છે કે એકેન્દ્રિય જીવોનું કથન સમુચ્ચય જીવોની સમાન જાણવું જોઈએ.

**૬ सिद्धाणं भंते ! पुच्छा ? गोयमा ! णो आहारगा, अणाहारगा ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક સિદ્ધોના વિષયમાં પૂર્વવત્ પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! સિદ્ધો આહારક હોતા નથી પરંતુ અનાહારક હોય છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના તથા સિદ્ધગતિના એક અને અનેક જીવોમાં આહારક તથા અનાહારક ભાવનું નિરૂપણ છે.

**આહાર–** આહાર સંજ્ઞાથી પ્રેરિત જીવ, ઇચ્છાપૂર્તિ અને શરીર નિષ્પાદન કે શરીર નિર્વાહાર્થે આહાર યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરે, તેને આહાર કહે છે. સંસારી જીવો જન્મથી મૃત્યુપર્યંત આહાર યોગ્ય પુદ્‌ગલો

ગ્રહણ કરતા હોવાથી આહારક જ હોય છે; તેમ છતાં જીવની અનાહારક અવસ્થાઓ આ પ્રમાણે છે–

**विग्गहगइमावण्णा, केवलिणो समोहया अजोगी य ।**
**सिद्धा य अणाहारा, सेसा आहारगा जीवा ॥१॥** પ્રવ૦ સારો૦ દ્વાર–૨૩૩

**અર્થ :–** (૧) મૃત્યુ પામીને નવો જન્મ ધારણ કરવા માટે જીવ વળાંકવાળી વિગ્રહગતિથી જતો હોય, ત્યારે (૨) કેવળી સમુદ્દ્ઘાતના ત્રીજા, ચોથા અને પાંચમા સમયે (૩) ચૌદમા ગુણસ્થાને શૈલેશી અવસ્થામાં તથા (૪) સિદ્ધ અવસ્થામાં જીવ અનાહારક હોય છે. શેષ સર્વ અવસ્થામાં સંસારી જીવો આહારક હોય છે.

**૨૪ દંડકના પ્રત્યેક જીવ–** કદાચિત્ આહારક અને કદાચિત્ અનાહારક હોય છે. મનુષ્યને છોડીને શેષ ૨૩ દંડકના જીવો વળાંકવાળી વિગ્રહગતિની અપેક્ષાએ જ અનાહારક હોય છે. મનુષ્યમાં ઉપરોક્ત ચારમાંથી ત્રણે અપેક્ષાએ અનાહારક હોય, શેષ અવસ્થામાં આહારક હોય છે. **કોઈ પણ એક જીવમાં આહારક કે અનાહારક કોઈ પણ એક વિકલ્પ(અવસ્થા) હોય છે.**

**એક કે અનેક સિદ્ધો–** સર્વ સિદ્ધો સદા અનાહારક જ હોય છે, કારણ કે તે અશરીરી છે.

**સમુચ્ચય અનેક જીવો–** અનેક જીવોમાં કેટલાક આહારક અને કેટલાક અનાહારક જીવો હંમેશાં પ્રાપ્ત થાય છે, કારણ કે સમુચ્ચય નિગોદના એક અસંખ્યાતમા ભાગ પ્રમાણ જીવો સદાકાલ વિગ્રહ ગતિમાં જ હોય છે, તે જીવો અનાહારક હોય છે; તેથી અનેક જીવો અનાહારક અને અનેક જીવો આહારક હોય છે. તે એક ભંગ છે અને અન્ય ભંગ ન હોવાથી તે અભંગક કહેવાય છે.

**પાંચ સ્થાવરના અનેક જીવોમાં** પણ ઉત્પત્તિનો વિરહકાલ ન હોવાથી અનેક જીવો આહારક અને અનેક જીવો અનાહારક હોય છે.

**૧૯ દંડકના અનેક જીવો–** નારકી આદિમાં ઉત્પત્તિના વિરહકાલમાં એક પણ જીવ વિગ્રહગતિમાં ન હોવાથી અનાહારક જીવો હોતા નથી. પૂર્વોત્પન્ન સર્વ જીવો આહારક હોય છે. વિરહકાલ પછી એક કે અનેક જીવો ઉત્પન્ન થાય તેની અપેક્ષાએ કુલ ત્રણ ભંગ થાય છે.

**(૧)** સર્વ નૈરયિકો આહારક હોય છે, ઉત્પત્તિના વિરહકાલમાં આ પ્રથમ ભંગ ઘટિત થાય છે.

**(૨)** અનેક નૈરયિકો આહારક અને એક નૈરયિક અનાહારક હોય છે, નરકગતિમાં એક જીવ વિગ્રહગતિથી ઉત્પન્ન થતો હોય, ત્યારે આ બીજો ભંગ ઘટિત થાય છે.

**(૩)** અનેક નૈરયિકો આહારક અને અનેક નૈરયિકો અનાહારક હોય છે, નરકગતિમાં અનેક જીવો વિગ્રહગતિથી ઉત્પન્ન થતાં હોય, ત્યારે આ ત્રીજો ભંગ ઘટિત થાય છે. આ રીતે ૧૯ દંડકમાં ઉત્પત્તિનો વિરહકાલ હોવાથી આહારક-અનાહારક સંબંધી ત્રણ ભંગ ઘટિત થાય છે.

**(૨) ભવ્યદ્વાર :–**

**૭ भवसिद्धिए णं भंते ! जीवे किं आहारए अणाहारए ? गोयमा ! सिय आहारए सिय अणाहारए । एवं** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભવસિદ્ધિક જીવ આહારક હોય કે અનાહારક ? **ઉત્તર–** હે ગૌતમ! તે કદાચિત્ આહારક હોય છે, કદાચિત્ અનાહારક હોય છે. આ જ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ.

**૮ भवसिद्धिया णं भंते! जीवा किं आहारगा अणाहारगा ? गोयमा ! जीवेगिंदिय-वज्जो तियभंगो । अभवसिद्धिए वि एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક ભવસિદ્ધિક જીવો આહારક હોય છે કે અનાહારક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયને છોડીને શેષ દંડકના જીવોમાં ત્રણ ભંગ કહેવા જોઈએ.

એક અને અનેક અભવસિદ્ધિક જીવોના આહારક-અનાહારકનું કથન ભવસિદ્ધિક જીવોની જેમ જાણવું જોઈએ.

**૯ णोभवसिद्धिए णोअभवसिद्धिए णं भंते ! जीवे किं आहारए अणाहारए ? गोयमा ! णो आहारए, अणाहारए । एवं सिद्धे वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક એક જીવ આહારક છે કે અનાહારક?

**ઉત્તર–** હે ગૌતમ ! તે આહારક નથી, પરંતુ અનાહારક છે. આ જ રીતે સિદ્ધ એક જીવના વિષયમાં જાણવું જોઈએ.

**૧૦ णोभवसिद्धिया णोअभवसिद्धिया णं भंते ! जीवा किं आहारगा अणाहारगा? गोयमा ! णो आहारगा, अणाहारगा । एवं सिद्धा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક જીવો આહારક છે કે અનાહારક? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓ આહારક નથી, પરંતુ અનાહારક છે. આ રીતે સમુચ્ચય જીવોની જેમ ઘણા સિદ્ધોના વિષયમાં પણ જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભવસિદ્ધિક, અભવસિદ્ધિક અને નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક જીવોમાં આહારક-અનાહારકનું કથન છે.

મોક્ષગમનને યોગ્ય ભવસિદ્ધિક અને મોક્ષગમનને અયોગ્ય અભવસિદ્ધિક બંને પ્રકારના જીવો ૨૪ દંડકમાં હોય છે, તેથી તેનું કથન પ્રથમ દ્વારની સમાન છે.

એક ભવસિદ્ધિક અને એક અભવસિદ્ધિક જીવમાં આહારક અથવા અનાહારક કોઈ પણ એક અવસ્થા હોય છે. અનેક જીવોની અપેક્ષાએ એકેન્દ્રિય ભવસિદ્ધિક-અભવસિદ્ધિક જીવોમાં અનેક જીવો આહારક અને અનેક જીવો અનાહારક હોય; આ એક જ ભંગ હોય છે. શેષ ૧૯ દંડકના અનેક ભવસિદ્ધિક તથા અનેક અભવ સિદ્ધિક જીવોમાં ત્રણ ભંગ થાય છે. નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક જીવ અને સિદ્ધ એક વચન તથા બહુવચનમાં અનાહારક જ હોય છે.

**(૩) સંજ્ઞી દ્વાર :–**

**૧૧ सण्णी णं भंते ! जीवे किं आहारगे अणाहारगे ? गोयमा ! सिय आहारगे, सिय अणाहारगे । एवं *जाव* वेमाणिए । णवरं– एगिंदिय-विगलिंदिया ण पुच्छिज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંજ્ઞી જીવ આહારક છે કે અનાહારક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે કદાચિત્ આહારક અને કદાચિત્ અનાહારક હોય છે. આ જ રીતે વૈમાનિક સુધી કહેવું જોઈએ પરંતુ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવોના વિષયમાં પ્રશ્ન કરવા ન જોઈએ.

**१२ सण्णी णं भंते ! जीवा किं आहारगा अणाहारगा ? गोयमा ! जीवाईओ तियभंगो** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક સંજ્ઞી જીવો આહારક છે કે અનાહારક છે ? **ઉત્તર–** હે ગૌતમ! સમુચ્ચય જીવાદિથી લઈને વૈમાનિક સુધીના અનેક જીવોમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે.

**१३ असण्णी णं भंते ! जीवे किं आहारए अणाहारए ? गोयमा ! सिय आहारए सिय अणाहारए । एवं णेरइए** *जाव* **वाणमंतरे । जोइसिय-वेमाणिया ण पुच्छिज्जंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંજ્ઞીજીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે કદાચિત્ આહારક અને કદાચિત્ અનાહારક હોય છે. આ જ રીતે નૈરયિકથી લઈ વાણવ્યંતર સુધી જાણવું જોઈએ. જ્યોતિષ્ક અને વૈમાનિકના વિષયમાં પ્રશ્ન કરવો ન જોઈએ કારણ કે તેઓ અસંજ્ઞી નથી.

**१४ असण्णी णं भंते ! जीवा किं आहारगा अणाहारगा ? गोयमा ! आहारगा वि अणाहारगा वि, एगो भंगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક અસંજ્ઞી જીવો આહારક હોય છે કે અનાહારક હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે આહારક પણ હોય અને અનાહારક પણ હોય છે. તેમાં માત્ર એક જ ભંગ થાય છે.

**१५ असण्णी णं भंते ! णेरइया किं आहारगा अणाहारगा ?**

**गोयमा ! आहारगा वा अणाहारगा वा अहवा आहारए य अणाहारए य, अहवा आहारए य अणाहारगा य, अहवा आहारगा य अणाहारगे य, अहवा आहारगा य अणाहारगा य, एवं एए छब्भंगा । एवं** *जाव* **थणियकुमारा ।**

**एगिंदिएसु अभंगयं । बेइंदिय** *जाव* **पंचेंदियतिरिक्खजोणिएसु तियभंगो। मणूस-वाणमंतरेसु छब्भंगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક અસંજ્ઞી નૈરયિકો આહારક હોય છે કે અનાહારક હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) ક્યારેક સર્વ જીવો આહારક હોય છે (૨) ક્યારેક સર્વ જીવો અનાહારક હોય છે (૩) ક્યારેક એક આહારક અને એક અનાહારક હોય છે અથવા (૪) એક આહારક અને અનેક અનાહારક હોય છે અથવા (૫) અનેક આહારક અને એક અનાહારક હોય છે અથવા (૬) અનેક આહારક અને અનેક અનાહારક હોય છે. આ જ રીતે સ્તનિતકુમાર સુધી જાણવું જોઈએ.

એકેન્દ્રિય જીવો અભંગક હોય છે. બેઈન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય તિર્યંચ સુધીના જીવોમાં ત્રણ ભંગ તથા મનુષ્યો અને વાણવ્યંતર દેવોમાં છ ભંગ હોય છે.

**૧૬** **णोसण्णी-णोअसण्णी णं भंते ! जीवे किं आहारए अणाहारए ? गोयमा ! सिय आहारए सिय अणाहारए । एवं मणूसे वि । सिद्धे अणाहारए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નોસંજ્ઞી નોઅસંજ્ઞી જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ આહારક અને કદાચિત્ અનાહારક હોય છે. આ જ રીતે મનુષ્યના વિષયમાં પણ જાણવું. સિદ્ધ જીવ અનાહારક હોય છે.

**૧૭** **पुहत्तेणं णोसण्णी णोअसण्णी जीवा आहारगा वि अणाहारगा वि । मणूसेसु तियभंगो । सिद्धा अणाहारगा ।**

**ભાવાર્થ :–** બહુવચનની અપેક્ષાએ નોસંજ્ઞી નોઅસંજ્ઞી જીવો આહારક પણ હોય છે અને અનાહારક પણ હોય છે. બહુવચનની અપેક્ષાએ નોસંજ્ઞી નોઅસંજ્ઞી મનુષ્યોમાં ત્રણ ભંગ થાય છે. અનેક સિદ્ધો અનાહારક જ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંજ્ઞી-અસંજ્ઞી તથા નોસંજ્ઞી નોઅસંજ્ઞી જીવોમાં આહારક-અનાહારકનું કથન છે.

મન સહિતના જીવો સંજ્ઞી અને મન રહિત જીવો અસંજ્ઞી કહેવાય છે. કોઈ પણ પંચેન્દ્રિય જીવ પર્યાપ્તાવસ્થામાં જ મનયુક્ત થાય છે. વિગ્રહગતિમાં કે અપર્યાપ્તાવસ્થામાં જીવોને મન હોતું નથી. તેમ છતાં જેમ નરકાયુષ્યનું વેદન કરનાર જીવ વિગ્રહગતિમાં પણ નારકી કહેવાય છે, તેમ જે જીવ સંજ્ઞીના આયુષ્યનું વેદન કરી રહ્યા હોય, તે જીવ તેની વિગ્રહગતિમાં પણ સંજ્ઞી જ કહેવાય છે; તેથી વિગ્રહગતિમાં વર્તતા જીવો અનાહારક અને શેષ જીવો આહારક હોય છે.**એક સંજ્ઞી જીવ**માં બેમાંથી કોઈ પણ એક અવસ્થા હોય છે.

૨૪ દંડકમાંથી પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયજીવો અસંજ્ઞી છે, તેથી સંજ્ઞી જીવોના કથનમાં તે આઠ દંડકનો નિષેધ કર્યો છે.

શેષ ૧૬ દંડકના પ્રત્યેક સંજ્ઞી જીવોમાં આહારક કે અનાહારક, કોઈ પણ એક વિકલ્પ હોય છે. **અનેક સંજ્ઞી જીવોમાં** ત્રણ ભંગ થાય છે.

સંજ્ઞી જીવોમાં આહારક જીવો શાશ્વત છે. ઉત્પત્તિના વિરહકાલમાં વિગ્રહ ગતિવાળા જીવો હોતા નથી, તેથી અનાહારક જીવો અશાશ્વત હોય છે, ત્યારે શાશ્વત-અશાશ્વત જીવોના સંયોગથી ત્રણ-ત્રણ ભંગ થાય છે. યથા –

(૧) સર્વ જીવો આહારક. જ્યારે એક પણ જીવ વળાંકવાળી વિગ્રહગતિમાં ન હોય, ત્યારે અનાહારક જીવો હોતા નથી, ત્યારે આ પ્રથમ ભંગ ઘટિત થાય છે. (૨) અનેક જીવો આહારક અને એક જીવ અનાહારક. જ્યારે એક જીવ વળાંકવાળી વિગ્રહગતિમાં અનાહારકપણામાં હોય ત્યારે આ બીજો ભંગ ઘટિત થાય છે. (૩) અનેક જીવો આહારક, અનેક જીવો અનાહારક. જ્યારે અનેક જીવો વળાંકવાળી વિગ્રહગતિમાં અનાહારકપણામાં હોય ત્યારે ત્રીજો ભંગ ઘટિત થાય છે. આ રીતે સંજ્ઞીના ૧૬ દંડકના અનેક જીવોમાં આહારક-અનાહારક સંબંધી ત્રણ ભંગ થાય છે.

**એક અસંજ્ઞી જીવ–** કદાચિત્ આહારક, કદાચિત્ અનાહારક હોય છે. તેમાં કોઈ પણ એક વિકલ્પ હોય છે. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને પ્રથમ નરક, ભવનપતિ અને વ્યંતર દેવોમાં ઉત્પન્ન થાય ત્યારે તેની અપર્યાપ્તાવસ્થામાં તે અસંજ્ઞી કહેવાય છે. જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં અસંજ્ઞી જીવો ઉત્પન્ન થતા ન હોવાથી તેમાં અસંજ્ઞીપણાનો વ્યવહાર થતો નથી.

આ રીતે જ્યોતિષી અને વૈમાનિક દેવને છોડીને શેષ ૨૨ દંડકના એક-એક અસંજ્ઞી જીવમાં આહારક અથવા અનાહારક કોઈ પણ એક વિકલ્પ હોય છે.

**અનેક અસંજ્ઞી જીવોમાં** અનેક જીવો આહારક અને અનેક જીવો અનાહારક હોય છે. અસંજ્ઞી જીવોમાં એકેન્દ્રિયોની અપેક્ષાએ વાળાંકવાળી વિગ્રહગતિમાં અનેક જીવો હંમેશાં હોય જ છે, તેથી અનાહારક જીવો શાશ્વત હોય છે. આ કારણે તેમાં અનેક જીવો આહારક અને અનેક જીવો અનાહારક હોય છે. ત્યારે તેમાં અન્ય ભંગ ઘટિત ન થવાથી તે અભંગક કહેવાય છે.

**અનેક અસંજ્ઞી નૈરયિકો, ભવનપતિ, વ્યંતર દેવો–** નૈરયિકો કે દેવો સંજ્ઞી જ છે પરંતુ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને નારકી કે ભવનપતિ અથવા વ્યંતર દેવમાં ઉત્પન્ન થાય, ત્યારે તેની અપર્યાપ્તાવસ્થામાં તે અસંજ્ઞી કહેવાય છે. તેવા જીવો અલ્પ સંખ્યક હોય છે. તેમાં વિગ્રહગતિમાં વર્તતા અનાહારક જીવો તથા ઉત્પન્ન થઈ ગયેલા આહારક જીવો બંને અશાશ્વત છે, તેથી તેના છ ભંગ થાય છે. તે આ પ્રમાણે છે–

(૧) સર્વ જીવો આહારક. પ્રથમ નરકમાં ઉત્પન્ન થનારા સર્વ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને નરકમાં ઉત્પન્ન થઈ ગયા હોય અને તે અપર્યાપ્તાવસ્થામાં અસંજ્ઞીપણામાં જ વર્તતા હોય ત્યારે તે બધા જીવો આહારક હોય છે, તેથી તેમાં પ્રથમ ભંગ ઘટિત થાય છે.

(૨) સર્વ જીવો અનાહારક. જ્યારે પ્રથમ નરકમાં ઉત્પન્ન થનારા સર્વ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને નરકમાં ઉત્પન્ન થવા માટે વિગ્રહ ગતિમાં વર્તતા હોય ત્યારે તે બધા જીવો અનાહારક હોય છે, તેથી તેમાં બીજો ભંગ ઘટિત થાય છે.

(૩) એક જીવ આહારક અને એક જીવ અનાહારક. જ્યારે પ્રથમ નરકમાં ઉત્પન્ન થનારા બે અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાંથી એક જીવ મરીને નરકમાં ઉત્પન્ન થવા માટે વિગ્રહ ગતિમાં વર્તતો હોય, તે અનાહારક હોય અને એક જીવ ઉત્પન્ન થઈને અપર્યાપ્તાવસ્થામાં હોય, તે આહારક હોય ત્યારે એક આહારક અને એક અનાહારક નામનો ત્રીજો ભંગ ઘટિત થાય છે.

(૪) એક જીવ આહારક અને અનેક જીવો અનાહારક. જ્યારે એક અસંજ્ઞી પંચેન્દ્રિય નરકમાં ઉત્પન્ન થઈને અપર્યાપ્તાવસ્થામાં હોય અને અનેક જીવો વિગ્રહ ગતિમાં અનાહારક હોય ત્યારે એક આહારક, અનેક અનાહારક નામનો ચોથો ભંગ ઘટિત થાય છે.

(૫) અનેક જીવો આહારક અને એક જીવ અનાહારક. જ્યારે અનેક અસંજ્ઞી પંચેન્દ્રિયો મરીને નરકમાં ઉત્પન્ન થઈને અપર્યાપ્તાવસ્થામાં વર્તતા હોય અને એક જીવ વિગ્રહ ગતિમાં અનાહારક હોય ત્યારે અનેક આહારક અને એક અનાહારક નામનો પાંચમો ભંગ ઘટિત થાય છે.

(૬) અનેક જીવો આહારક, અનેક જીવો અનાહારક. જ્યારે અનેક અસંજ્ઞી પંચેન્દ્રિયો મરીને નરકમાં ઉત્પન્ન થઈને અપર્યાપ્તાવસ્થામાં હોય અને અનેક જીવો વિગ્રહ ગતિમાં અનાહારક હોય, ત્યારે અનેક આહારક અને અનેક અનાહારક નામનો છઠ્ઠો ભંગ ઘટિત થાય છે.

***આ રીતે જે બોલમાં (૧) આહારક અને અનાહારક બંને અવસ્થા શાશ્વત હોય ત્યાં એક ભંગ અથવા અભંગક, (૨) જ્યાં આહારક અવસ્થા શાશ્વત અને અનાહારક અવસ્થા અશાશ્વત હોય ત્યાં ત્રણ ભંગ તથા જે બોલમાં આહારક અને અનાહારક બંને અવસ્થા અશાશ્વત હોય ત્યાં છ ભંગ થાય છે.***

આ રીતે અસંજ્ઞી ભવનપતિ અને વ્યંતર દેવોમાં પણ છ ભંગ થાય છે. **અનેક પાંચ સ્થાવરો–** પાંચ સ્થાવર જીવોમાં આહારક અને અનાહારક બંને પ્રકારના અનેક જીવો હંમેશાં પ્રાપ્ત થાય છે. આ કારણે તેમાં અન્ય ભંગ થતાં નથી તેથી તે અભંગક કહેવાય છે.

**અનેક વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય–** તેમાં અંતર્મુહૂર્તનો વિરહકાલ છે તે વિરહકાળમાં પૂર્વે ઉત્પન્ન થયેલા સર્વ જીવો આહારક હોય છે, વિરહકાલ પછી એક કે અનેક જીવો ઉત્પન્ન થવા માટે વિગ્રહ ગતિમાં વર્તતા હોય, ત્યારે તે જીવો અનાહારક હોય છે. આ રીતે તે જીવોમાં જ્યારે વિરહકાલ પછી નવા જીવોની ઉત્પત્તિ થાય ત્યારે અનાહારક જીવો પ્રાપ્ત થાય છે, તે સિવાય અનાહારક જીવો હોતા નથી. તેથી તેમાં આહારક જીવો શાશ્વત અને અનાહારક જીવો અશાશ્વત હોવાથી ત્રણ ભંગ થાય છે. યથા –

(૧) સર્વે જીવો આહારક. (૨) અનેક જીવો આહારક અને એક અનાહારક. (૩) અનેક જીવો આહારક અને અનેક અનાહારક.

**અનેક અસંજ્ઞી મનુષ્યો–** તેમાં ચોવીસ મુહૂર્તનો વિરહકાલ હોય છે. વિરહકાલમાં પૂર્વે ઉત્પન્ન થયેલા સર્વ જીવો પોતાનું અંતર્મુહૂર્તનું આયુષ્ય પૂર્ણ કરીને નાશ પામી જાય છે. ત્યારે એક પણ અસંજ્ઞી મનુષ્યો હોતા નથી, તેથી આહારક કે અનાહારક બંને પ્રકારના જીવો હોતા નથી. વિરહકાલ પછી એક કે અનેક જીવો ઉત્પન્ન થાય, ત્યારે તેની વિગ્રહ ગતિમાં રહેલા એક કે અનેક જીવો અનાહારક હોય છે અને ઉત્પન્ન થઈ ગયા પછી એક કે અનેક જીવો આહારક હોય છે. આ રીતે અસંજ્ઞી મનુષ્યોમાં આહારક અને અનાહારક બંને પ્રકારના જીવો અશાશ્વત છે તેથી તેમાં અસંજ્ઞી નૈરયિકોની જેમ છ ભંગ થાય છે.

**નોસંજ્ઞી નોઅસંજ્ઞી–** તેરમા, ચૌદમા ગુણસ્થાનવર્તી મનુષ્ય અને સિદ્ધ નોસંજ્ઞી નો અસંજ્ઞી છે. તેમાંથી મનુષ્ય કેવળી સમુદ્‌ઘાતના સમયે તથા ચૌદમા ગુણસ્થાનમાં અનાહારક અને શેષ સમયોમાં આહારક હોય છે. આ રીતે એક મનુષ્યમાં આહારક અથવા અનાહારક બેમાંથી કોઈપણ એક વિકલ્પ ઘટિત થાય છે.

અનેક મનુષ્યોમાં કેવળી ભગવાનની અપેક્ષાએ તેરમું ગુણસ્થાન શાશ્વત છે તેથી આહારક જીવો શાશ્વત છે. તે સિવાય કેવળી સમુદ્‌ઘાત કરનારા અને ચૌદમા ગુણસ્થાનવર્તી જીવો ક્યારેક જ હોય છે તેથી અનાહારક જીવો અશાશ્વત છે.

આ રીતે શાશ્વત અને અશાશ્વતના સંયોગે નોસંજ્ઞી નોઅસંજ્ઞી મનુષ્યોમાં ત્રણ ભંગ થાય છે. સિદ્ધ જીવો સદા અનાહારક જ હોય છે.

**(૪) લેશ્યા દ્વાર :–**

**૧૮ सलेसे णं भंते ! जीवे किं आहारए अणाहारए ? गोयमा ! सिय आहारए सिय अणाहारए । एवं** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સલેશી જીવ આહારક હોય કે અનાહારક હોય ? **ઉત્તર–** હે ગૌતમ! તે કદાચિત્ આહારક હોય છે અને કદાચિત્ અનાહારક હોય છે. આ જ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ.

**૧૯** **सलेसा णं भंते ! जीवा किं आहारगा अणाहारगा ? गोयमा ! जीवेगिंदियवज्जो तियभंगो । एवं कण्हलेसाए वि णीललेसाए वि काउलेसाए वि जीवेगिंदियवज्जो तियभंगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક સલેશી જીવો આહારક હોય છે કે અનાહારક હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સમુચ્ચય જીવો અને એકેન્દ્રિયને છોડીને શેષ દંડકના જીવોમાં ત્રણ ભંગ થાય છે. સલેશી જીવોની જેમ કૃષ્ણલેશી, નીલલેશી અને કાપોતલેશી જીવોના વિષયમાં પણ સમુચ્ચય જીવો અને એકેન્દ્રિયને છોડીને શેષ સર્વ દંડકના જીવોમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે.

**૨૦** **तेउलेस्साए पुढवि-आउ-वणस्सइकाइयाणं छब्भंगा । सेसाणं जीवादीओ तियभंगो, जेसिं अत्थि तेउलेस्सा । पम्हलेस्साए सुक्कलेस्साए य जीवादीओ तियभंगो ।**

**ભાવાર્થ :–** તેજોલેશી પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિકોમાં છ ભંગ થાય. શેષ તેજોલેશી સમુચ્ચય જીવો તથા અન્ય દંડકના તેજોલેશી જીવોમાં ત્રણ ભંગ થાય છે. પદ્મલેશી અને શુક્લલેશી જીવાદિ ત્રણ દંડકમાં ત્રણ ભંગ થાય છે.

**૨૧** **अलेस्सा जीवा, मणूसा, सिद्धा य एगत्तेण वि पुहत्तेण वि णो आहारगा, अणाहारगा ।**

**ભાવાર્થ :–** અલેશી સમુચ્ચય જીવ, મનુષ્ય(અયોગી કેવળી) અને સિદ્ધ, એકવચન અને બહુવચનની અપેક્ષાએ આહારક હોતા નથી, પરંતુ અનાહારક જ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સલેશી ***યાવત્*** અલેશી જીવોમાં આહારક-અનાહારક ભાવનું પ્રતિપાદન છે.

સલેશી સમુચ્ચય જીવો તથા મનુષ્યોમાં વિગ્રહગતિ, કેવળી સમુદ્ઘાત અને શૈલેશીકરણ આ ત્રણ અવસ્થાની અપેક્ષાએ અનાહારક અને અન્ય અવસ્થામાં આહારક હોય છે. શેષ ૨૩ દંડકના જીવો એક માત્ર વિગ્રહગતિની અપેક્ષાએ જ અનાહારક હોય છે, અન્ય અવસ્થામાં આહારક હોય છે.

**સલેશી સમુચ્ચય એક જીવ તથા ૨૪ દંડકના એક–એક જીવ** કદાચિત્ આહારક, કદાચિત્ અનાહારક હોય છે. એક જીવમાં કોઈ પણ એક વિકલ્પ હોય છે.

**સલેશી સમુચ્ચય અનેક જીવો અને પાંચ સ્થાવરોમાં** એકેન્દ્રિયોની અપેક્ષાએ આહારક અને અનાહારક બંને પ્રકારના અનેક જીવો હંમેશાં પ્રાપ્ત થાય છે, તેથી તે અભંગક છે. કૃષ્ણ, નીલ અને કાપોતલેશી પાંચ સ્થાવરો પણ સલેશી જીવોની જેમ અભંગક છે.

**તેજોલેશી પૃથ્વી, પાણી, વનસ્પતિના અનેક જીવોમાં** છ ભંગ થાય છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને પહેલા, બીજા દેવલોકના કોઈ તેજોલેશી દેવ મરીને પૃથ્વી આદિમાં ઉત્પન્ન થાય ત્યારે તેની અપર્યાપ્તાવસ્થામાં તેજોલેશ્યા હોય છે અને પર્યાપ્તાવસ્થામાં તેજોલેશ્યા હોતી નથી, તેથી પૃથ્વી, પાણી

અને વનસ્પતિમાં તેજોલેશી જીવો અલ્પસંખ્યક હોય છે અને તેની કાલમર્યાદા પણ અત્યંત અલ્પકાલીન છે. આ કારણે તેજોલેશી વિગ્રહ ગતિમાં વર્તતા અને ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત થયેલા પૃથ્વીકાય આદિના જીવો હંમેશાં પ્રાપ્ત થતા નથી, તેથી તેજોલેશી પૃથ્વીકાય આદિમાં આહારક અને અનાહારક બંને પ્રકારના જીવો અશાશ્વત હોવાથી છ ભંગ થાય છે. જેમ કે– (૧) સર્વ જીવો આહારક. (૨) સર્વ જીવો અનાહારક. (૩) એક આહારક, એક અનાહારક. (૪) એક આહારક, અનેક અનાહારક. (૫) અનેક આહારક, એક અનાહારક. (૬) અનેક આહારક, અનેક અનાહારક.

**શેષ ૧૯ દંડકના** અનેક જીવોમાં જે જીવોને જે લેશ્યા હોય તેમાં ત્રણ ભંગ થાય છે, કારણ કે ૧૯ દંડકના જીવોમાં ઉત્પત્તિનો વિરહકાલ છે.

ઉત્પત્તિના વિરહકાલમાં અનાહારક જીવો હોતા નથી અને પૂર્વે ઉત્પન્ન થયેલા આહારક જીવો હંમેશાં હોય છે. આ રીતે આહારક જીવો શાશ્વત અને અનાહારક જીવો અશાશ્વત હોવાથી ત્રણ ભંગ થાય છે. જેમ કે– (૧) સર્વ જીવો આહારક. (૨) અનેક જીવો આહારક, એક અનાહારક. (૩) અનેક જીવો આહારક, અનેક અનાહારક.

**અલેશી એક કે અનેક જીવો** અનાહારક હોય છે. ચૌદમા ગુણસ્થાનવર્તી મનુષ્યો અને સિદ્ધો અલેશી હોય છે. તે જીવો અનાહારક જ હોય છે.

**(૫) દષ્ટિ દ્વાર :–**

**૨૨ सम्मद्दिट्ठी णं भंते ! जीवे किं आहारए अणाहारए ? गोयमा ! सिय आहारए सिय अणाहारए । बेइंदिय-तेइंदिय-चउरिंदिया छब्भंगा । सिद्धा अणाहारगा । अवसेसाणं तियभंगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સમ્યગ્દષ્ટિ જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ આહારક હોય છે અને કદાચિત્ અનાહારક હોય છે. સમ્યગ્દષ્ટિ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયમાં છ ભંગ હોય છે, સિદ્ધ અનાહારક હોય છે, શેષ સમ્યગ્દષ્ટિ સર્વ જીવોમાં(સર્વે પંચેન્દ્રિયોમાં) ત્રણ ભંગ હોય છે.

**૨૩ मिच्छद्दिट्ठीसु जीवेगिंदियवज्जो तियभंगो । सम्मामिच्छद्दिट्ठी णं भंते ! किं आहारए अणाहारए ? गोयमा ! आहारए, णो अणाहारए । एवं एगिंदियविगलिंदिय-वज्जं *जाव* वेमाणिए ।एवं पुहत्तेण वि ।**

**ભાવાર્થ :–** મિથ્યાદષ્ટિમાં સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયને છોડીને શેષ સર્વ દંડકમાં ત્રણ ભંગ હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! મિશ્રદષ્ટિ જીવ આહારક હોય છે કે અનાહારક ? **ઉત્તર–** હે ગૌતમ ! તે આહારક હોય છે, અનાહારક હોતા નથી. આ જ રીતે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોને છોડી વૈમાનિક સુધીના સર્વ દંડકના જીવોમાં ત્રણે ય દષ્ટિનું કથન કરવું જોઈએ. આ જ રીતે બહુવચનની અપેક્ષાએ પણ જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ત્રણ દષ્ટિમાં આહારક-અનાહારક ભાવનું કથન છે.

**સમ્યગ્દષ્ટિ એક જીવ–** કદાચિત્ આહારક અને કદાચિત્ અનાહારક હોય છે. પાંચ સ્થાવર જીવો એકાંત મિથ્યાત્વી હોય છે. શેષ ૧૯ દંડકના પ્રત્યેક જીવમાં આહારક અથવા અનાહારક, આ બે વિકલ્પોમાંથી કોઈ પણ એક વિકલ્પ હોય છે.

**સમ્યગ્દષ્ટિ અનેક જીવો–** ત્રણ વિકલેન્દ્રિયોને છોડીને શેષ ૧૬ દંડકના જીવોમાં ત્રણ ભંગ હોય છે.

**સમ્યગ્દષ્ટિ અનેક વિકલેન્દ્રિયોમાં** આહારક-અનાહારક સંબંધી છ ભંગ હોય છે. કોઈ જીવ સમકિતનું વમન કરતાં વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થાય, તો તેને અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમકિત હોય છે. તેવા જીવો અલ્પ હોય અને તેની સમકિતની સ્થિતિ પણ અત્યંત અલ્પ છે, તે કારણે તેમાં આહારક અને અનાહારક બંને પ્રકારના જીવો અશાશ્વત છે, તેથી તેમાં છ ભંગ થાય છે. સમ્યગ્દષ્ટિ **સિદ્ધો** અનાહારક છે.

**મિથ્યાદષ્ટિ જીવોમાં** એક વિગ્રહગતિની અપેક્ષાએ જ અનાહારકપણું હોય છે. ૨૪ દંડકના મિથ્યાદષ્ટિ એક જીવમાં આહારક કે અનાહારક કોઈ પણ એક અવસ્થા હોય છે.

અનેક જીવોની અપેક્ષાએ મિથ્યાદષ્ટિ પાંચ સ્થાવરો અભંગક છે અને શેષ ૧૯ દંડકના જીવોમાં અનાહારક અશાશ્વત હોવાથી ત્રણ ભંગ થાય છે.

**મિશ્રદષ્ટિ જીવોમાં** એકવચન અને બહુવચનની અપેક્ષાએ આહારક જ હોય છે, કારણ કે વિગ્રહગતિમાં મિશ્રદષ્ટિ હોતી નથી, પર્યાપ્તામાં જ મિશ્રદષ્ટિ હોય છે. ત્રીજા ગુણસ્થાનવર્તી પર્યાપ્તા સર્વ જીવો આહારક હોય છે, તેથી એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને છોડીને શેષ ૧૬ દંડકના મિશ્રદષ્ટિવાળા જીવો આહારક હોય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિયમાં મિશ્રદષ્ટિ નથી.

**(૬) સંયત દ્વાર :–**

**૨૪ संजए णं भंते ! जीवे किं आहारए अणाहारए ? गोयमा ! सिय आहारए सिय अणाहारए । एवं मणूसे वि । पुहत्तेण तियभंगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંયત જીવ આહારક હોય છે કે અનાહારક ?

**ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ આહારક હોય છે અને કદાચિત્ અનાહારક હોય છે. આ જ રીતે સંયત મનુષ્યનું પણ કથન કરવું જોઈએ. બહુવચનની અપેક્ષાએ સમુચ્ચય જીવ અને મનુષ્યમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે.

**૨૫ असंजए णं भंते ! जीवे किं आहारए अणाहारए ? गोयमा ! सिय आहारए सिय अणाहारए । पुहत्तेणं जीवेगिंदियवज्जो तियभंगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંયત જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે કદાચિત્ આહારક હોય છે અને કદાચિત્ અનાહારક હોય છે. બહુવચનની અપેક્ષાએ સમુચ્ચય જીવો અને એકેન્દ્રિયોને છોડીને શેષ દંડકના જીવોમાં ત્રણ ભંગ થાય છે.

**૨૬ संजयासंजए जीवे, पंचेंदियतिरिक्खजोणिए, मणूसे य एए एगत्तेण वि पुहत्तेण वि आहारगा, णो अणाहारगा ।**

**ભાવાર્થ :–** સંયતાસંયત જીવ, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય, તે એકવચન અને બહુવચનની અપેક્ષાએ આહારક જ હોય છે, અનાહારક હોતા નથી.

**૨૭ णोसंजए णोअसंजए णोसंजयासंजए जीवे सिद्धे य एए एगत्तेण वि पुहत्तेण वि णो आहारगा, अणाहारगा ।**

**ભાવાર્થ :–** નોસંયત નોઅસંયત નોસંયતાસંયત જીવ અને સિદ્ધ એકવચન અને બહુવચનની અપેક્ષાએ આહારક નથી પરંતુ અનાહારક હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંયત, અસંયત આદિ જીવોમાં આહારક-અનાહારક ભાવનું કથન છે.

**સંયત–** જે સર્વ પ્રકારના પાપથી જીવનપર્યંત નિવૃત્ત થઈ જાય અને સાધુના પંચ મહાવ્રતોનો સ્વીકાર કરે છે તે સંયત છે. તેમાં સમુચ્ચય જીવ અને મનુષ્યનો જ સમાવેશ થાય છે. સંયત અવસ્થા પર્યાપ્ત જીવોને જ હોય છે. તેમાં કેવળી સમુદ્‌ઘાત અને અયોગીપણું, આ બે અવસ્થાની અપેક્ષાએ અનાહારકપણું ઘટિત થાય છે. સમુચ્ચય એક સંયત જીવ અથવા એક સંયત મનુષ્યમાં આહારક અને અનાહારકમાંથી કોઈ પણ એક અવસ્થા હોય છે.

**અનેક સંયત જીવો તથા સંયત મનુષ્યોમાં** ત્રણ ભંગ થાય છે. તેમાં આહારક જીવો શાશ્વત છે અને અનાહારક જીવો(ક્યારેક જ હોવાથી) અશાશ્વત છે, તેથી તેમાં ત્રણ ભંગ થાય છે, જેમ કે– (૧) સર્વ જીવો આહારક. જ્યારે એક પણ જીવ કેવળી સમુદ્‌ઘાત કે અયોગી અવસ્થામાં ન હોય ત્યારે સર્વ સંયત મનુષ્યો આહારક હોય છે. (૨) અનેક જીવો આહારક અને એક અનાહારક. જ્યારે કોઈ એક જીવ કેવળી સમુદ્‌ઘાતમાં અથવા અયોગીપણામાં વર્તતો હોય ત્યારે તે એક સંયત જીવ અનાહારક અને શેષ અનેક સંયત જીવ કે મનુષ્ય આહારક હોય છે. (૩) અનેક આહારક, અનેક અનાહારક. જ્યારે કેવળી સમુદ્‌ઘાત અને ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાનમાં અનેક જીવો હોય ત્યારે તે અનેક અનાહારક અને (તેરમા ગુણસ્થાનની અપેક્ષાએ) અનેક આહારક નામનો આ ત્રીજો ભંગ ઘટિત થાય છે.

આ રીતે સમુચ્ચય સંયત જીવો તથા સંયત મનુષ્યોમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે. શેષ ૨૩ દંડકના જીવો સંયત થઈ શકતા નથી.

**સંયતાસંયત–** જે પાપ પ્રવૃત્તિનો એકદેશથી ત્યાગ કરે છે, શ્રાવકના વ્રતનો સ્વીકાર કરે છે, તેને સંયતાસંયત કહે છે. તેમાં સમુચ્ચય જીવ, મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયનો સમાવેશ થાય છે. સંયતાસંયતપણું પર્યાપ્તાવસ્થામાં જ હોય છે. તેમાં એક પાંચમું ગુણસ્થાન હોય છે, આ કારણે તેમાં વિગ્રહગતિ અથવા કેવળી સમુદ્‌ઘાત કે અયોગી અવસ્થા પ્રાપ્ત થતી નથી, તેથી તે જીવો અનાહારક થતા નથી, તે સર્વ જીવો આહારક જ હોય છે.

**અસંયત–** જે પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરતા નથી અને કોઈપણ વ્રત-પ્રત્યાખ્યાન કરતા નથી, તેવા ચાર ગુણસ્થાન પર્યંતના અવિરત જીવોને અસંયત કહે છે. તેમાં ૨૪ દંડકના જીવોનો સમાવેશ થાય છે. તે જીવો વિગ્રહગતિની અપેક્ષાએ જ અનાહારક હોય છે અને શેષ સર્વ અવસ્થાઓમાં આહારક હોય છે.

**અનેક જીવો–** પાંચ સ્થાવર જીવોમાં ઘણા જીવો આહારક અને ઘણા જીવો અનાહારક હોય છે.

તેમાં અન્ય ભંગ થતા નથી. શેષ ૧૯ દંડકના જીવોમાં પૂર્વવત્ ત્રણ ભંગ થાય છે.

**નોસંયત નોઅસંયત નોસંયતાસંયત**– જે જીવમાં સંયતાદિ ત્રણે ય અવસ્થા ન હોય, તેવા સિદ્ધ જીવ નોસંયત નોઅસંયત નોસંયતાસંયત છે, તેઓ અનાહારક જ હોય છે.

**(૭) કષાય દ્વાર :–**

**૨૮ सकसाई णं भंते ! जीवे किं आहारए अणाहारए ?**

**गोयमा ! सिय आहारए सिय अणाहारए । एवं** *जाव* **वेमाणिए । पुहत्तेणं जीवेगिंदियवज्जो तियभंगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! સકષાયી જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય છે. આ જ રીતે નારકીથી લઈને વૈમાનિક સુધી જાણવું જોઈએ. બહુવચનની અપેક્ષાએ સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયને છોડીને સકષાયી નારકી આદિ ૧૯ દંડકમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે.

**૨૯ कोहकसाईसु जीवाइएसु एवं चेव, णवरं देवेसु छब्भंगा । माणकसाईसु मायाकसाईसु य एवं चेव । णवरं देव-णेरइएसु छब्भंगा । अवसेसाणं जीवेगिंदिय-वज्जो तियभंगो ।**

**लोभकसाईएसु णेरइएसु छब्भंगा । अवसेसेसु जीवेगिंदियवज्जो तियभंगो। अकसाई जहा णोसण्णी णोअसण्णी ।**

**ભાવાર્થ :–** ક્રોધકષાયી આદિમાં પણ આ જ રીતે ત્રણ ભંગ કહેવા જોઈએ. વિશેષતા એ છે કે ક્રોધ કષાયી દેવોમાં છ ભંગ થાય છે.

માનકષાયી અને માયાકષાયીમાં આ જ રીતે ત્રણ-ત્રણ ભંગ કહેવા જોઈએ. વિશેષતા એ છે કે દેવો અને નારકીઓમાં છ ભંગ પ્રાપ્ત થાય છે. સમુચ્ચય જીવો અને એકેન્દ્રિયોને છોડીને શેષ જીવોમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે.

લોભકષાયી નૈરયિકોમાં છ ભંગ હોય છે. સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયને છોડીને શેષ ૧૯ દંડકના જીવોમાં ત્રણ-ત્રણ ભંગ હોય છે. અકષાયીની વક્તવ્યતા નોસંજ્ઞી નોઅસંજ્ઞીની સમાન જાણવી જોઈએ.

**વિવેચન :–**

**સકષાયી** – ક્રોધાદિ કોઈપણ કષાય સહિતના જીવોને સકષાયી કહે છે. એકથી દશ ગુણસ્થાનવર્તી જીવો સકષાયી છે. સમુચ્ચય જીવો તથા ૨૪ દંડકના જીવો સકષાયી હોય છે. તેમાં એક માત્ર વળાંકવાળી વિગ્રહગતિની અપેક્ષાએ જીવ અનાહારક હોય છે.

એક જીવમાં આહારક અથવા અનાહારક કોઈપણ એક અવસ્થા હોય છે. અનેક જીવોની અપેક્ષાએ સકષાયી સમુચ્ચય જીવો તથા સકષાયી પાંચ સ્થાવર જીવોમાં ઘણા જીવો આહારક અને ઘણા જીવો અનાહારક હોય છે. તેમાં અન્ય ભંગ થતા નથી તેથી તે અભંગક છે. શેષ ૧૯ દંડકના સકષાયી અનેક જીવોમાં ત્રણ ભંગ થાય છે.

**ક્રોધ-માન-માયા-લોભકષાયી–** ૨૪ દંડકના જીવોમાં ચારે કષાય હોય છે પરંતુ નારકીઓમાં ક્રોધકષાયી જીવો શાશ્વત છે, માન-માયા અને લોભકષાયી જીવો ક્યારેક હોય અને ક્યારેક હોતા નથી અર્થાત્ તે અશાશ્વત છે.

દેવોમાં લોભકષાયી જીવો શાશ્વત અને ક્રોધ-માન-માયા કષાયી જીવો અશાશ્વત છે. મનુષ્ય અને તિર્યંચગતિમાં ચારે કષાયવાળા જીવો હંમેશાં પ્રાપ્ત થાય છે, તેથી નારકીઓમાં માન-માયા-લોભકષાયી જીવોમાં છ ભંગ અને ક્રોધકષાયી જીવોમાં ત્રણ ભંગ થાય છે. દેવોમાં ક્રોધ-માન-માયાકષાયી જીવોમાં છ ભંગ અને લોભકષાયીમાં ત્રણ ભંગ થાય છે. શેષ જીવોમાં ત્રણ ભંગ થાય છે.

**નારકીઓમાં માનકષાયી જીવોમાં છ ભંગ–** (૧) સર્વ માનકષાયી નૈરયિકો આહારક હોય. માનકષાયી એક પણ નારકી વિગ્રહગતિમાં ન હોય ત્યારે આ પ્રથમ ભંગ થાય છે. (૨) સર્વ માનકષાયી નૈરયિકો અનાહારક હોય છે. નરકગતિમાં માનકષાયી સર્વ નૈરયિકો વિગ્રહગતિમાં જ હોય, એક પણ માનકષાયી નારકી ઉત્પત્તિસ્થાનમાં ન હોય, ત્યારે આ બીજો ભંગ થાય છે. એક કે અનેક માનકષાયી નારકી વિગ્રહગતિમાં અને ઉત્પત્તિસ્થાનમાં બંને સ્થળે હોય, તે અપેક્ષાએ બીજા ચાર ભંગ થાય છે. જેમ કે –

(૩) એક આહારક, એક અનાહારક (૪) એક આહારક, અનેક અનાહારક (૫) અનેક આહારક, એક અનાહારક (૬) અનેક આહારક, અનેક અનાહારક.

આ જ રીતે ક્રોધ-માન-માયાકષાયી દેવોમાં છ-છ ભંગ થાય છે.

**અકષાયી–** ક્રોધાદિ કષાય રહિત જીવોને અકષાયી કહે છે. ૧૧ થી ૧૪ ગુણસ્થાનવર્તી મનુષ્યો તથા સિદ્ધ ભગવંતો અકષાયી હોય છે. તેમાં મનુષ્ય કેવળી સમુદ્ઘાત તથા અયોગી અવસ્થામાં અનાહારક હોય છે, અન્ય અવસ્થામાં આહારક હોય છે. તેમાં આહારક જીવો હંમેશાં હોય છે પરંતુ અનાહારક જીવો હંમેશાં હોતા નથી, તેથી ત્રણ ભંગ થાય છે અને સિદ્ધ જીવો અનાહારક જ હોય છે.

**(૮) જ્ઞાન દ્વાર :-**

**३०** **णाणी जहा सम्मद्दिट्ठी ।**

**ભાવાર્થ :–** જ્ઞાનીની વક્તવ્યતા સમ્યગ્દૃષ્ટિ સમાન જાણવી જોઈએ.

**३१** **आभिणिबोहियणाणि-सुयणाणिसु बेइंदिय-तेइंदिय-चउरिंदिएसु छब्भंगा । अवसेसेसु जीवादीओ तियभंगो, जेसिं अत्थि ।**

**ભાવાર્થ:–** આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોમાં સમ્યગ્દૃષ્ટિ વિકલેન્દ્રિયોની જેમ છ ભંગ થાય છે. શેષ સમુચ્ચય જીવાદિમાં, જે જીવોમાં જ્ઞાન હોય છે, તેમાં ત્રણ ભંગ થાય છે.

**३२** **ओहिणाणी पंचेंदियतिरिक्खजोणिया आहारगा, णो अणाहारगा । अवसेसेसु जीवादीओ तियभंगो, जेसिं अत्थि ओहिणाणं ।**

**ભાવાર્થ :–** અવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચ આહારક જ હોય છે, અનાહારક નથી. શેષ સમુચ્ચય જીવાદિમાં, જે જીવોમાં અવધિજ્ઞાન હોય છે, તેમાં ત્રણ ભંગ થાય છે.

**૩૩ मणपज्जवणाणी जीवा मणूसा य एगत्तेण वि पुहत्तेण वि आहारगा, णो अणाहारगा ।**

**ભાવાર્થ :–** મનઃપર્યવજ્ઞાની સમુચ્ચય જીવ અને મનુષ્ય એકવચન અને બહુવચનની અપેક્ષાએ આહારક હોય છે, અનાહારક નથી.

**૩૪ केवलणाणी जहा णोसण्णी णोअसण्णी ।**

**ભાવાર્થ :–** કેવળજ્ઞાનીનું કથન નોસંજ્ઞી નોઅસંજ્ઞીના કથનની જેમ જાણવું જોઈએ.

**૩૫ अण्णाणी मइअण्णाणी सुयअण्णाणी जीवेगिंदियवज्जो तियभंगो ।**

**ભાવાર્થ :–** અજ્ઞાની, મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાનીમાં સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયને છોડીને શેષ ૨૩ દંડકના જીવોમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે. સમુચ્ચય અનેક જીવ અને એકેન્દ્રિય અજ્ઞાનીમાં એક ભંગ(અભંગક) થાય છે.

**૩૬ विभंगणाणी पंचेंदियतिरिक्खजोणिया मणूसा य आहारगा, णो अणाहारगा अवसेसेसु जीवादीओ तियभंगो ।**

**ભાવાર્થ :–** વિભંગજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો આહારક હોય છે, અનાહારક હોતા નથી. શેષ જીવાદિમાં જેને વિભંગજ્ઞાન છે તેમાં ત્રણ ભંગ થાય છે.

**વિવેચન :–**

**સમુચ્ચયજ્ઞાની :–** સમ્યગ્દૃષ્ટિ જીવોના બોધને જ જ્ઞાન કહેવાય છે તેથી સમુચ્ચય જ્ઞાનીમાં સૂત્રકારે સમ્યગ્દૃષ્ટિનો અતિદેશ કર્યો છે. એકેન્દ્રિય મિથ્યાદૃષ્ટિ હોવાથી તે સિવાયના ઓગણીસ દંડકના પ્રત્યેક જીવ તથા સમુચ્ચય જીવ એકવચનની અપેક્ષાએ કદાચિત્ આહારક અને કદાચિત્ અનાહારક હોય છે. બહુવચનની અપેક્ષાએ સમુચ્ચય જ્ઞાની જીવો, નારકી, ભવનપતિ, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે. સિદ્ધ જ્ઞાની અનાહારક જ હોય છે.

**સમ્યગ્દૃષ્ટિ વિકલેન્દ્રિયોમાં છ ભંગ :–** વિકલેન્દ્રિયોમાં કેટલાક જીવોને અપર્યાપ્તાવસ્થામાં અત્યંત અલ્પકાલ માટે જ સાસ્વાદન સમકિત હોય છે તેથી તેમાં જ્ઞાનીઅવસ્થા પણ અલ્પ સંખ્યક જીવોને અલ્પકાલીન હોય છે. તેમાં આહારક અને અનાહારક બંને પ્રકારના જીવો અશાશ્વત હોવાથી છ ભંગ થાય છે.

**આભિનિબોધિકજ્ઞાની તથા શ્રુતજ્ઞાની :–** બંને જ્ઞાન સમુચ્ચય જ્ઞાનીની જેમ સર્વ જીવોમાં જાણવા. એકેન્દ્રિયોમાં જ્ઞાનનો જ અભાવ હોવાથી તેની પૃચ્છા કરી નથી.

**અવધિજ્ઞાની :–** પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, નારકી અને દેવોને અવધિજ્ઞાન હોય છે, શેષ જીવોમાં તેનો અભાવ છે અર્થાત્ એકેન્દ્રિય તથા ત્રણ વિકલેન્દ્રિય તે આઠ દંડકના જીવોમાં અવધિજ્ઞાન નથી. તિર્યંચ પંચેન્દ્રિય પૂર્વ ભવમાંથી અવધિજ્ઞાન સહિત જન્મ ધારણ કરતા નથી, તેથી તેને અપર્યાપ્તાવસ્થામાં કે વિગ્રહગતિમાં અવધિજ્ઞાન હોતું નથી, પર્યાપ્તાવસ્થામાં જ કોઈને અવધિજ્ઞાન હોવાથી તે આહારક જ હોય છે. અવધિજ્ઞાની સમુચ્ચય જીવો, મનુષ્યો, નૈરયિકો તથા સર્વ દેવોમાં ત્રણ-ત્રણ ભંગ હોય છે.

**મનઃપર્યવજ્ઞાની** એક કે અનેક જીવ તથા મનુષ્ય આહારક જ હોય છે, અનાહારક નહીં. માત્ર મનુષ્યોને જ મનઃપર્યવજ્ઞાન હોય છે અને તે પણ પર્યાપ્તાવસ્થામાં જ હોય છે; અપર્યાપ્તામાં કે વિગ્રહગતિમાં ન હોવાથી તે અનાહારક હોતા નથી.

**કેવળજ્ઞાની :–** (૧) સમુચ્ચય જીવ (૨) મનુષ્ય અને (૩) સિદ્ધ કેવળજ્ઞાની હોય છે. એક સમુચ્ચય કેવળી જીવ અને કેવળી મનુષ્યમાં આહારક અથવા અનાહારક કોઈ પણ એક અવસ્થા હોય છે.

અનેક સમુચ્ચય કેવળી જીવોમાં મનુષ્યોની અપેક્ષાએ ઘણા જીવો આહારક અને સિદ્ધોની અપેક્ષાએ ઘણા જીવો અનાહારક શાશ્વત(હંમેશાં) હોય છે. તેમાં આહારક અને અનાહારક બંને પ્રકારના જીવો શાશ્વત હોવાથી અન્ય ભંગ થતાં નથી.

અનેક કેવળી મનુષ્યોમાં આહારક જીવો હંમેશાં હોય છે પરંતુ કેવળી સમુદ્ઘાત કરનારા કેવળીઓ કે અયોગી કેવળી હંમેશાં હોતા નથી તેથી અનાહારક જીવો અશાશ્વત હોવાથી તેમાં એક અશાશ્વતના ત્રણ ભંગ થાય છે. સર્વે ય સિદ્ધ અનાહારક હોય છે.

**અજ્ઞાની :–** સમુચ્ચય અજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની સમુચ્ચય જીવો તથા એકેન્દ્રિયોમાં આહારક અને અનાહારક બંને ય ઘણા હોય છે, તેથી તે અભંગક છે. શેષ ૧૯ દંડકના જીવોમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે. વિભંગજ્ઞાની નારકી-દેવોમાં ત્રણ-ત્રણ ભંગ હોય છે. મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં પર્યાપ્તાને જ વિભંગજ્ઞાન હોય છે. વિગ્રહગતિમાં કે અપર્યાપ્તામાં વિભંગજ્ઞાન હોતું નથી, તેથી વિભંગજ્ઞાની મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય આહારક જ હોય છે, અનાહારક હોતા નથી.

**(૯) યોગ દ્વાર :–**

**૩૭ सजोगीसु जीवेगिंदियवज्जो तियभंगो । मणजोगी वइजोगी य जहा सम्मामिच्छद्दिट्ठी, णवरं वइजोगो विगलिंदियाण वि । कायजोगीसु जीवेगिंदियवज्जो तियभंगो । अजोगी जीव-मणूस-सिद्धा अणाहारगा ।**

**ભાવાર્થ :–** સયોગીમાં સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયને છોડી શેષ દંડકના જીવોમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે. મનોયોગી અને વચનયોગીના વિષયમાં સમ્યગ્મિથ્યાદષ્ટિની સમાન જાણવું. વિશેષતા એ છે કે વચન યોગમાં વિકલેન્દ્રિયોનું પણ કથન કરવું જોઈએ.

કાયયોગી જીવોમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને શેષ ૧૯ દંડકના જીવોમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે.(જીવ અને એકેન્દ્રિયમાં અભંગ હોય છે.) અયોગી સમુચ્ચય જીવ, મનુષ્ય અને સિદ્ધ હોય છે અને તેઓ અનાહારક જ છે.

**વિવેચન :–**

**સયોગી :–** મન, વચન, કાયાના યોગ સહિત હોય, તેને સયોગી કહે છે. સમુચ્ચય જીવ તથા ૨૪ દંડકના એક જીવ કદાચિત્ આહારક અને કદાચિત્ અનાહારક હોય છે.

અનેક જીવોની અપેક્ષાએ સમુચ્ચય સયોગી જીવો તથા સયોગી પાંચ સ્થાવરોમાં ઘણા જીવો આહારક અને ઘણા જીવો અનાહારક હોય છે. તેમાં અન્ય ભંગ થતા ન હોવાથી તે અભંગક કહેવાય છે. શેષ ૧૯ દંડકના અનેક સયોગી જીવોમાં ઉત્પત્તિના વિરહકાલની અપેક્ષાએ અનાહારક જીવો અશાશ્વત છે તેથી તેમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે.

**મનયોગી-વચનયોગી :–** મનયોગીમાં નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવ, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય તે ૧૬ દંડકના જીવો અને વચનયોગીમાં ત્રણ વિકલેન્દ્રિયો સહિત ૧૯ દંડકના જીવોનો સમાવેશ થાય છે. મનયોગ અને વચનયોગ પર્યાપ્તાવસ્થામાં જ હોય છે, તેથી તે જીવો આહારક જ હોય છે, અનાહારક હોતા નથી. કેવળી સમુદ્ઘાતમાં પણ આ બંને યોગ નથી.

**કાયયોગી :–** ૨૪ દંડકના જીવો કાયયોગી હોય છે. તેમાંથી સમુચ્ચય જીવો અને પાંચ સ્થાવર જીવોમાં અભંગક અને શેષ ૧૯ દંડકના જીવોમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે.

**અયોગી :–** મન, વચન અને કાયાના યોગની પ્રવૃત્તિથી રહિત હોય, તેને અયોગી કહે છે. તેમાં સમુચ્ચય જીવ, મનુષ્ય તથા સિદ્ધનો સમાવેશ થાય છે. તે એક કે અનેક જીવો અનાહારક જ હોય છે.

**(૧૦) ઉપયોગ દ્વાર :–**

**३८ सागाराणागारोवउत्तेसु जीवेगिंदियवज्जो तियभंगो । सिद्धा अणाहारगा।**

**ભાવાર્થ :–** સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયોને છોડીને અન્ય સાકાર અને અનાકાર ઉપયોગયુક્ત જીવોમાં ત્રણ ભંગ હોય છે. સિદ્ધ જીવો અનાહારક હોય છે.

**વિવેચન :–**

સાકાર ઉપયોગ એટલે જ્ઞાનોપયોગ અને અનાકારોપયોગ એટલે દર્શન ઉપયોગ. તેમાં સમુચ્ચય જીવો અને પાંચ સ્થાવર જીવોમાં ઘણા આહારક અને ઘણા અનાહારક હોય છે. શેષ ૧૯ દંડકના જીવોમાં અનાહારક અશાશ્વત હોવાથી ત્રણ ભંગ થાય છે.

**(૧૧) વેદ દ્વાર :–**

**३९ सवेदे जीवेगिंदियवज्जो तियभंगो । इत्थिवेद-पुरिसवेदेसु जीवादीओ तियभंगो। णपुंसगवेदए जीवेगिंदियवज्जो तियभंगो । अवेदए जहा केवलणाणी ।**

**ભાવાર્થ :–** સમુચ્ચય જીવો અને એકેન્દ્રિયોને છોડી અન્ય સવેદી જીવોમાં ત્રણ ભંગ હોય છે. સ્ત્રીવેદી અને પુરુષવેદી જીવોમાં ત્રણ ભંગ હોય છે. નપુંસકવેદી સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયને છોડીને શેષ જીવોમાં ત્રણ ભંગ હોય છે. અવેદી જીવોનું કથન કેવળજ્ઞાનીના કથન સમાન કરવું જોઈએ.

**વિવેચન :–**

**સવેદી :–** સ્ત્રીવેદ, પુરુષવેદ અથવા નપુંસકવેદ સહિત હોય, તેને સવેદી કહે છે. સવેદી જીવોમાંથી એકેન્દ્રિયોમાં અને સમુચ્ચય જીવોમાં ઘણા આહારક અને ઘણા અનાહારક હોય છે. શેષ ૧૯ દંડકના જીવોમાં ત્રણ ભંગ થાય છે.

**સ્ત્રીવેદી-પુરુષવેદી:–** નારકી, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય તે નવ દંડક સિવાય શેષ ૧૫ દંડકના સ્ત્રીવેદી કે પુરુષવેદી જીવોમાં વિગ્રહગતિની અપેક્ષાએ અનાહારકપણું હોય છે. તેમાં આહારક જીવો શાશ્વત અને ઉત્પત્તિના વિરહકાલની અપેક્ષાએ અનાહારકપણું અશાશ્વત છે, તેથી ત્રણ ભંગ થાય છે.

**નપુંસક વેદી :–** દેવતાના તેર દંડક સિવાય શેષ ૧૧ દંડકના જીવોમાંથી પાંચ સ્થાવર જીવોમાં ઘણા આહારક અને ઘણા અનાહારક હોય છે. શેષ જીવોમાં અનાહારક અશાશ્વત હોવાથી ત્રણ ભંગ થાય છે.

**અવેદી :–** ત્રણે પ્રકારના વેદોથી રહિત જીવો અવેદી હોય છે. તેમાં સમુચ્ચય જીવ, મનુષ્ય અને સિદ્ધોનો સમાવેશ થાય છે.

સમુચ્ચય જીવોમાં દશમા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાનવર્તી મનુષ્યો અને સર્વે ય સિદ્ધો અવેદી છે. તેમાં તેરમું ગુણસ્થાન શાશ્વત હોવાથી આહારક જીવો શાશ્વત છે અને સિદ્ધ ભગવાનની અપેક્ષાએ અનાહારક જીવો શાશ્વત છે. આ રીતે અવેદીમાં આહારક અને અનાહારક બંને પ્રકારના અનેક જીવો હંમેશાં પ્રાપ્ત થાય છે, તેથી અન્ય ભંગ થતા નથી.

અવેદી મનુષ્યોમાં આહારક જીવો શાશ્વત છે પરંતુ કેવળી સમુદ્ઘાત કરનારા કેવળી કે અયોગી કેવળી હંમેશાં હોતા નથી, તેથી અનાહારક જીવો અશાશ્વત હોવાથી ત્રણ ભંગ થાય છે. અવેદી સિદ્ધ સર્વે ય અનાહારક હોય છે.

**(૧૨) શરીર દ્વાર :–**

**૪૦** **ससरीरी जीवेगिंदियवज्जो तियभंगो ।**

**ભાવાર્થ :–** સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયને છોડીને શેષ સશરીરી નારકી આદિમાં બહુવચનની અપેક્ષાએ ત્રણ ભંગ થાય છે.

**૪૧** **ओरालियसरीरीसु जीव-मणूसेसु तियभंगो । अवसेसा आहारगा, णो अणाहारगा, जेसिं अत्थि ओरालियसरीरं ।**

**ભાવાર્થ :–** ઔદારિક શરીરી સમુચ્ચય જીવો અને મનુષ્યોમાં ત્રણ ભંગ હોય છે. ઔદારિક શરીરી શેષ નવ દંડકના જીવો આહારક હોય છે, અનાહારક હોતા નથી. આ રીતે જેને ઔદારિક શરીર હોય છે, તેનું જ કથન કરવું જોઈએ.

**૪૨** **वेउव्वियसरीरी आहारगसरीरी य आहारगा, णो अणाहारगा, जेसिं अत्थि।**

**ભાવાર્થ :–** વૈક્રિય શરીરી અને આહારક શરીરી જીવો આહારક હોય છે, અનાહારક નથી. આ કથન જેને વૈક્રિય શરીર અને આહારક શરીર હોય છે, તેને માટે જ કરવું જોઈએ.

**૪૩** **तेया-कम्मगसरीरी जीवेगिंदियवज्जो तियभंगो । असरीरी जीवा सिद्धा य णो आहारगा, अणाहारगा ।**

**ભાવાર્થ :–** સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયને છોડીને શેષ ૧૯ દંડકના તૈજસશરીરી તથા કાર્મણશરીરી જીવોમાં ત્રણ-ત્રણ ભંગ હોય છે. અશરીરી જીવ અને સિદ્ધ, આહારક નથી પરંતુ અનાહારક જ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સશરીરી-અશરીરી જીવોમાં આહારક-અનાહારકનું કથન છે.

**સશરીરી :–** સમુચ્ચય જીવ સશરીરી પણ હોય અને અશરીરી પણ હોય તથા ૨૪ દંડકના જીવો સશરીરી જ છે. તેમાં એકવચનની અપેક્ષાએ સમુચ્ચય જીવ તથા ૨૪ દંડકના જીવ કદાચિત્ આહારક કદાચિત્ અનાહારક હોય છે. અનેક જીવોની અપેક્ષાએ સમુચ્ચય જીવો તથા પાંચ સ્થાવર જીવોમાં ઘણા જીવો

આહારક અને ઘણા જીવો અનાહારક હોય છે. તેમાં અન્ય ભંગ થતા નથી. શેષ ૧૯ દંડકના જીવોમાં આહારક અવસ્થા શાશ્વત અને અનાહારક અવસ્થા અશાશ્વત હોવાથી ત્રણ ભંગ થાય છે.

**ઔદારિક શરીરી :–** કોઈ પણ જીવને વિગ્રહગતિમાં તૈજસ-કાર્મણ શરીર જ હોય છે. ઔદારિક,વૈક્રિય કે આહારક શરીર હોતું નથી, તેથી ઔદારિક શરીરી જીવોમાં વિગ્રહગતિની અપેક્ષાએ અનાહારકપણું ઘટિત થતું નથી પરંતુ તેમાં કેવળી સમુદ્ઘાત અને અયોગી અવસ્થાની અપેક્ષાએ અનાહારકપણું ઘટિત થાય છે, તેથી ઔદારિક શરીરી સમુચ્ચય જીવો અને મનુષ્યોમાં ત્રણ ભંગ થાય છે. ઔદારિક શરીરી પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિય તે નવ દંડકના જીવોમાં કેવળી સમુદ્ઘાત કે અયોગી અવસ્થા હોતી નથી, તેથી તે જીવો અનાહારક હોતા નથી. આ કારણે ઔદારિક શરીરી નવ દંડકના જીવો આહારક જ હોય છે.

**વૈક્રિય અને આહારક શરીરી :–** નારકી-દેવતા, તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્ય તે ૧૬ દંડકના જીવોમાં વૈક્રિય શરીર હોય છે અને મનુષ્યના એક દંડકમાં આહારક શરીર હોય છે. આ બંને શરીર વળાંકવાળી વિગ્રહગતિમાં હોતા નથી. તેમજ આ શરીરોમાં કેવળી સમુદ્ઘાત કે અયોગી અવસ્થા ન હોવાથી તે જીવો અનાહારક હોતા નથી, તેથી વૈક્રિય અને આહારક શરીરી જીવો આહારક જ હોય છે.

**તૈજસ અને કાર્મણ શરીરી :–** સમસ્ત સંસારી જીવોને વિગ્રહગતિમાં તૈજસ-કાર્મણ શરીર હોય છે. તેમાં વિગ્રહગતિની અપેક્ષાએ અનાહારક અને ઉત્પન્ન થયા પછી આહારક હોય છે. તેમાં સમુચ્ચય જીવ અને પાંચ સ્થાવરમાં ઘણા જીવો આહારક અને ઘણા જીવો અનાહારક હોય છે, તેથી તે અભંગક છે. શેષ ૧૯ દંડકના જીવોમાં ત્રણ-ત્રણ ભંગ થાય છે.

**અશરીરી :–** સિદ્ધ જીવ અશરીરી છે, તેથી તે એક કે અનેક જીવો અનાહારક જ હોય છે.

**(૧૩) પર્યાપ્તિ દ્વાર :–**

**૪૪ आहारपज्जत्तीपज्जत्तए सरीरपज्जत्तीपज्जत्तए इंदियपज्जत्तीपज्जत्तए आणापाणुपज्जत्तीपज्जत्तए भासा-मणपज्जत्तीपज्जत्तए एयासु पंचसु वि पज्जत्तीसु जीवेसु मणूसेसु य तियभंगो । अवसेसा आहारगा, णो अणाहारगा ।**

**भासा-मणपज्जत्ती पंचेंदियाणं, अवसेसाणं णत्थि ।**

**ભાવાર્થ :–** આહાર પર્યાપ્તિ, શરીર પર્યાતિ, ઈન્દ્રિય પર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ તથા ભાષા-મનપર્યાપ્તિ; આ પાંચ (છ) પર્યાપ્તિઓથી પર્યાપ્ત સમુચ્ચય જીવો અને મનુષ્યોમાં ત્રણ-ત્રણ ભંગ હોય છે, શેષ સર્વ જીવો આહારક હોય છે, અનાહારક નથી.

તેમાં ભાષા-મન પર્યાપ્તિ પંચેન્દ્રિયોમાં હોય છે, અન્ય જીવોમાં હોતી નથી.

**૪૫ आहारपज्जत्ती अपज्जत्तए णो आहारए, अणाहारए, एगत्तेण वि पुहत्तेण वि।**

**ભાવાર્થ :–** આહાર પર્યાપ્તિથી અપર્યાપ્ત જીવ એકવચન અને બહુવચનની અપેક્ષાએ આહારક હોતા નથી, પરંતુ અનાહારક જ હોય છે.

**૪૬ सरीरपज्जत्ती अपज्जत्तए सिय आहारए सिय अणाहारए । एवं** *जाव*

**भास-मणअपज्जत्तए सिय आहारए सिय अणाहारए ।**

**ભાવાર્થ :–** શરીર પર્યાપ્તિથી અપર્યાપ્તા એક જીવ કદાચિત્ આહારક, કદાચિત્ અનાહારક હોય છે. આ જ રીતે ***યાવત્*** ભાષા-મન અપર્યાપ્તક એક જીવ કદાચિત્ આહારક, કદાચિત્ અનાહારક હોય છે.

**૪૭ उवरिल्लियासु चउसु अपज्जत्तीसु णेरइय-देव-मणूसेसु छब्भंगा, अवसेसाणं जीवेगिंदियवज्जो तियभंगो ।**

**ભાવાર્થ :–** આહાર અપર્યાપ્તિ સિવાય શેષ–અંતિમ ઇન્દ્રિયાદિ ચાર પર્યાપ્તિથી અપર્યાપ્તા નારકી, દેવતા અને મનુષ્યોમાં છ ભંગ થાય છે. એકેન્દ્રિયો અને સમુચ્ચય જીવોમાં અભંગક, શેષ સર્વ જીવોમાં ત્રણ ભંગ હોય છે.

**૪૮ भासा-मणपज्जत्तीए अपज्जत्तएसु जीवेसु पंचेंदियतिरिक्खजोणिएसु य तियभंगो, णेरइय-देव-मणुएसु छब्भंगा ।**

**ભાવાર્થ :–** ભાષા-મનપર્યાપ્તિથી અપર્યાપ્તા સમુચ્ચય જીવો અને પંચેન્દ્રિય તિર્યંચોમાં ત્રણ ભંગ હોય છે. ભાષા અને મન પર્યાપ્તિથી અપર્યાપ્ત નૈરયિકો, દેવો અને મનુષ્યોમાં છ ભંગ થાય છે.

**૪૯ सव्वपएसु एगत्त-पुहत्तेणं जीवादीया दंडगा पुच्छाए भाणियव्वा । जस्स जं अत्थि तस्स तं पुच्छिज्जइ, जं णत्थि तं ण पुच्छिज्जइ** *जाव* **भासा-मणपज्जत्तीए अपज्जत्तएसु णेरइय-देव-मणुएसु य छब्भंगा । सेसेसु तियभंगो ।**

**ભાવાર્થ :–** બધા (૧૩) પદોમાં એકવચન અને બહુવચનની અપેક્ષાએ સમુચ્ચય જીવ અને ચોવીશ દંડક અનુસાર પૃચ્છા કરવી જોઈએ. જે દંડકમાં જે પદ સંભવે છે, તેની જ પૃચ્છા કરવી જોઈએ. જે ન સંભવે તેની પૃચ્છા ન કરવી જોઈએ ***યાવત્*** ભાષા-મન પર્યાપ્તિથી અપર્યાપ્તા નારકો, દેવો અને મનુષ્યોમાં છ ભંગ તથા તે સિવાયના સમુચ્ચય જીવો અને પંચેન્દ્રિય-તિર્યંચોમાં ત્રણ ભંગ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પર્યાપ્તા-અપર્યાપ્તા જીવોમાં આહારક-અનાહારકનું નિરૂપણ છે.

જોકે શાસ્ત્રોમાં પર્યાપ્તિ છ માનવામાં આવી છે, પરંતુ અહીં ભાષા પર્યાપ્તિ અને મનપર્યાપ્તિ બંનેનો એકમાં સમાવેશ કરીને પાંચ પર્યાપ્તિનું કથન કર્યું છે.

**પર્યાપ્તા :–** સ્વયોગ્ય પર્યાપ્તિને પૂર્ણ કરે તેને પર્યાપ્તા કહે છે. પર્યાપ્તા જીવોમાં વિગ્રહગતિની અપેક્ષાએ અનાહારકપણું ઘટિત થતું નથી, પરંતુ પર્યાપ્તા મનુષ્યોમાં કેવળી સમુદ્ઘાત અને અયોગી અવસ્થાની અપેક્ષાએ અનાહારકપણું ઘટિત થાય છે. તેમાં અનાહારક જીવો હંમેશાં હોતા નથી, તેથી સમુચ્ચય પર્યાપ્તા જીવો અને મનુષ્યોમાં ત્રણ ભંગ થાય છે. જેમ કે –

(૧) સર્વ જીવો આહારક. જ્યારે એક પણ જીવ કેવળી સમુદ્ઘાત કે અયોગીપણામાં ન હોય ત્યારે આ પ્રથમ ભંગ થાય છે. (૨) અનેક જીવો આહારક, એક જીવ અનાહારક. જ્યારે એક જીવ કેવળી સમુદ્ઘાત કે અયોગી અવસ્થામાં હોય ત્યારે આ બીજો ભંગ ઘટિત થાય છે. (૩) અનેક જીવો આહારક, અનેક જીવો

અનાહારક. જ્યારે કેવળી સમુદ્દ્ઘાત કે અયોગી અવસ્થામાં અનેક જીવો હોય ત્યારે આ ત્રીજો ભંગ ઘટિત થાય છે. શેષ ૧૯ દંડકના પર્યાપ્તા જીવોમાં કેવળી સમુદ્દ્ઘાત કે અયોગી અવસ્થાની સંભાવના ન હોવાથી તે એક કે અનેક જીવો આહારક જ હોય છે.

**અપર્યાપ્તા :–** સ્વયોગ્ય પર્યાપ્તિને પૂર્ણ ન કરે તેને અપર્યાપ્તા કહે છે.

**આહાર પર્યાપ્તિથી અપર્યાપ્ત :–** વળાંકવાળી વિગ્રહગતિમાં વર્તતા જીવો જ આહાર પર્યાપ્તિથી અપર્યાપ્ત હોય છે. કોઈપણ જીવ ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થઈને તુરત જ આહાર ગ્રહણ કરીને આહાર પર્યાપ્તિથી પર્યાપ્ત થાય છે તેથી જ્યાં સુધી તે જીવ આહાર પર્યાપ્તિથી અપર્યાપ્ત હોય, ત્યાં સુધી અનાહારક જ હોય છે. તેમાં સમસ્ત સંસારી જીવોનો સમાવેશ થાય છે.

**શરીર પર્યાપ્તિથી અપર્યાપ્ત :–** વિગ્રહગતિથી લઈને ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત કરી, શરીર પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી તે જીવ શરીર પર્યાપ્તિથી અપર્યાપ્ત કહેવાય છે. તે જીવો વળાંકવાળી વિગ્રહગતિમાં અનાહારક અને ઉત્પત્તિક્ષેત્રને પ્રાપ્ત થઈને આહાર ગ્રહણ કરતા હોવાથી શરીર પર્યાપ્તિને પૂર્ણ ન કરે ત્યાં સુધી આહારક હોય છે, તેથી સમુચ્ચય એક જીવ અથવા ૨૪ દંડકના એક જીવ કદાચિત્ આહારક અને કદાચિત્ અનાહારક હોય છે.

અનેક જીવોની અપેક્ષાએ સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયમાં અનેક જીવો આહારક તથા અનેક જીવો અનાહારક હોય છે. શેષ ૧૯ દંડકના જીવોમાં ત્રણ ભંગ થાય છે.

**ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ અને ભાષા-મન પર્યાપ્તિથી અપર્યાપ્ત** જીવોમાં પણ સમુચ્ચય જીવો અને એકેન્દ્રિયોમાં અનેક જીવો આહારક અને અનેક જીવો અનાહારક હોય છે. ત્રણ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયોમાં ત્રણ ભંગ થાય છે.

ત્રણ વિકલેન્દ્રિયાદિ જીવોમાં ઉત્પત્તિના વિરહકાલમાં વિગ્રહગતિમાં વર્તતા જીવો હંમેશાં હોતા નથી પરંતુ ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત થયેલા અપર્યાપ્તા જીવો હંમેશાં હોય છે. તે જીવો ઉત્પત્તિના વિરહકાલના અંતર્મુહૂર્તથી અપર્યાપ્તાવસ્થાનો અંતર્મુહૂર્ત કાલ મોટો હોય છે, તેથી ઉત્પત્તિના વિરહકાલમાં પણ અપર્યાપ્ત જીવો હોય જ છે અને તેથી જ ઇન્દ્રિય અને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી અપર્યાપ્ત ત્રણ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં અનાહારક જીવો અશાશ્વત અને આહારક જીવો શાશ્વત હોય છે અને તેના ત્રણ ભંગ થાય છે.

નારકી, દેવતા અને મનુષ્યોમાં ઉત્પત્તિનો વિરહકાલ મોટો હોય છે અને અપર્યાપ્તાવસ્થાનો કાલ નાનો છે તેથી ઇન્દ્રિયાદિ પર્યાપ્તિથી અપર્યાપ્ત વિગ્રહગતિમાં વર્તતા અનાહારક જીવો અને ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત થયેલા અપર્યાપ્ત આહારક જીવો બંને પ્રકારના જીવો અશાશ્વત છે, તેથી તેમાં છ ભંગ થાય છે–

(૧) સર્વ જીવો આહારક. (૨) સર્વ જીવો અનાહારક. (૩) એક જીવ આહારક અને એક જીવ અનાહારક. (૪) એક જીવ આહારક અને અનેક જીવો અનાહારક. (૫) અનેક જીવો આહારક અને એક જીવ અનાહારક. (૬) અનેક જીવો આહારક અને અનેક જીવો અનાહારક.

૨૪ દંડકના જીવોમાં પાંચ સ્થાવર જીવોને પ્રથમ ચાર પર્યાપ્તિ, ત્રણ વિકલેન્દ્રિયોને પ્રથમ પાંચ પર્યાપ્તિ, નારકી, દેવતા, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને છ પર્યાપ્તિ હોય છે. જે જીવોને જેટલી પર્યાપ્તિ કે અપર્યાપ્તિ હોય, તે પ્રમાણે તેનું વર્ણન સમજવું.

## તેર દ્વારના ૬૯ બોલમાં આહારક–અનાહારક (અનેક જીવોની અપેક્ષાએ) :–

| જીવ | | | આહારક | અનાહારક | ભંગ |
|---|---|---|---|---|---|
| **(૧)** | **જીવ દ્વાર** | | | | |
| | (૧) | સમુચ્ચય જીવો | ✓ | ✓ | અભંગ |
| | | પાંચ સ્થાવર જીવો | ✓ | ✓ | અભંગ |
| | | ૧૯ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | | સિદ્ધ જીવો | × | ✓ | – |
| **(૨)** | **ભવી દ્વાર–૩ બોલ** | | | | |
| | (૧) | ભવસિદ્ધિક સમુચ્ચય જીવો અને ભવસિદ્ધિક પાંચ સ્થાવર જીવો | ✓ | ✓ | અભંગ |
| | | ભવસિદ્ધિક ૧૯ દંડકોના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | (૨) | અભવસિદ્ધિક સમુચ્ચય જીવો અને અભવસિદ્ધિક પાંચ સ્થાવર જીવો | ✓ | ✓ | અભંગ |
| | | અભવસિદ્ધિક ૧૯ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | (૩) | નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક સમુચ્ચય જીવો–સિદ્ધો | × | ✓ | – |
| **(૩)** | **સંજ્ઞી દ્વાર–૩** | | | | |
| | (૧) | સંજ્ઞી સમુચ્ચય જીવો અને ૧૬ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | (૨) | અસંજ્ઞી સમુચ્ચય જીવો અને પાંચ સ્થાવર જીવો | ✓ | ✓ | અભંગ |
| | | ત્રણ વિકલેન્દ્રિયો, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | | નારકી, ભવનપતિ, વ્યંતર અને મનુષ્યો | વિકલ્પે | વિકલ્પે | છ ભંગ |
| | (૩) | નોસંજ્ઞી નોઅસંજ્ઞી સમુચ્ચય જીવો | ✓ | ✓ | અભંગ |
| | | નોસંજ્ઞી નોઅસંજ્ઞી મનુષ્યો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | | નોસંજ્ઞી નોઅસંજ્ઞી સિદ્ધો | × | ✓ | – |
| **(૪)** | **લેશ્યા દ્વાર–૮ બોલ** | | | | |
| | (૧) | સલેશી સમુચ્ચય જીવો, પાંચ સ્થાવર જીવો | ✓ | ✓ | અભંગ |
| | | સલેશી ૧૯ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | (૨-૭) | કૃષ્ણ, નીલ, કાપોતલેશી પાંચ સ્થાવર જીવો | ✓ | ✓ | અભંગ |
| | | તેજોલેશી પૃથ્વી, પાણી, વનસ્પતિના જીવો | વિકલ્પે | વિકલ્પે | છ ભંગ |
| | | યથાયોગ્ય લેશી ૧૯ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | (૮) | અલેશી સમુચ્ચય જીવો, મનુષ્યો અને સિદ્ધો | × | ✓ | – |

| જીવ | | આહારક | અનાહારક | ભંગ |
|---|---|---|---|---|
| **(પ)** | **દૃષ્ટિ દ્વાર–૩ બોલ** | | | |
| | (૧) સમ્યગ્દૃષ્ટિ સમુચ્ચય જીવો | ✓ | ✓ | અભંગ |
| | સમ્યગ્દૃષ્ટિ નારકી, દેવતા, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્યો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | સમ્યગ્દૃષ્ટિ વિકલેન્દ્રિયો | વિકલ્પે | વિકલ્પે | છ ભંગ |
| | સિદ્ધો | × | ✓ | – |
| | (ર) મિથ્યાદૃષ્ટિ સમુચ્ચય જીવો, પાંચ સ્થાવર જીવો | ✓ | ✓ | અભંગ |
| | મિથ્યાદૃષ્ટિ ૧૯ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | (૩) મિશ્ર દૃષ્ટિ સમુચ્ચય જીવો, ૧૬ પંચેન્દ્રિય દંડકના જીવો | ✓ | × | – |
| **(૬)** | **સંયત દ્વાર–૪ બોલ** | | | |
| | (૧) સંયત સમુચ્ચય જીવો, મનુષ્યો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | (ર) સંયતાસંયત સમુચ્ચય જીવો, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્યો | ✓ | × | – |
| | (૩) અસંયત સમુચ્ચય જીવો, પાંચ સ્થાવર જીવો | ✓ | ✓ | અભંગ |
| | અસંયત ૧૯ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | (૪) નોસંયત–નોઅસંયત સિદ્ધ | × | ✓ | – |
| **(૭)** | **કષાય દ્વાર–૬ બોલ** | | | |
| | (૧) સકષાયી સમુચ્ચય જીવો, પાંચ સ્થાવરો | ✓ | ✓ | અભંગ |
| | સકષાયી ૧૯ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | (ર-પ) ક્રોધાદિ ચાર કષાયી સમુચ્ચય જીવો, સ્થાવરો | ✓ | ✓ | અભંગ |
| | વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | ક્રોધયુક્ત નારકી | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | માન, માયા, લોભયુક્ત નારકી | વિકલ્પે | વિકલ્પે | છ ભંગ |
| | લોભયુક્ત દેવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | ક્રોધ, માન, માયાયુક્ત દેવો | વિકલ્પે | વિકલ્પે | છ ભંગ |
| | (૬) અકષાયી સમુચ્ચય જીવો | ✓ | ✓ | અભંગ |
| | અકષાયી મનુષ્યો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | સિદ્ધો | × | ✓ | – |
| **(૮)** | **જ્ઞાન દ્વાર–૧૦ બોલ** | | | |
| | (૧) સમુચ્ચય જ્ઞાની જીવો | ✓ | ✓ | અભંગ |
| | (ર-૩) મતિ-શ્રુતજ્ઞાની સમુચ્ચય જીવો અને ૧૬ દંડકના પંચેન્દ્રિય જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| | મતિ-શ્રુતજ્ઞાની વિકલેન્દ્રિયો | વિકલ્પે | વિકલ્પે | છ ભંગ |

| જીવ | આહારક | અનાહારક | ભંગ |
|---|---|---|---|
| (૪) અવધિજ્ઞાની સમુચ્ચય જીવો, નારકી, દેવો, મનુષ્યો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| અવધિજ્ઞાની તિર્યંચ પંચેન્દ્રિયો | ✓ | × | – |
| (૫) મનઃપર્યવજ્ઞાની સમુચ્ચય જીવો, મનુષ્યો | ✓ | × | – |
| (૬) કેવળજ્ઞાની સમુચ્ચય જીવો | ✓ | ✓ | અભંગ |
| કેવળજ્ઞાની મનુષ્યો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| સિદ્ધો | × | ✓ | – |
| (૭-૯) અજ્ઞાની, મતિ–શ્રુત અજ્ઞાની સમુચ્ચય જીવો, સ્થાવરો | ✓ | ✓ | અભંગ |
| ૧૯ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| (૧૦) વિભંગજ્ઞાની સમુચ્ચય જીવો, નારકી, દેવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| વિભંગજ્ઞાની તિર્યંચ પંચેન્દ્રિયો, મનુષ્યો | ✓ | × | – |
| **(૯) યોગ દ્વાર–૫ બોલ** | | | |
| (૧) સયોગી સમુચ્ચય જીવો, સ્થાવરો | ✓ | ✓ | અભંગ |
| ૧૯ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| (૨) મનયોગી સમુચ્ચય જીવો, ૧૬ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| (૩) વચનયોગી જીવો, ૧૯ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| (૪) કાયયોગી જીવો, સ્થાવરો | ✓ | ✓ | અભંગ |
| ૧૯ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| (૫) અયોગી સમુચ્ચય જીવો, મનુષ્યો, સિદ્ધો | × | ✓ | – |
| **(૧૦) ઉપયોગ દ્વાર–૨ બોલ** | | | |
| (૧-૨) સાકાર–અનાકાર ઉપયોગી સમુચ્ચય જીવો–સ્થાવરો | ✓ | ✓ | અભંગ |
| ૧૯ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| **(૧૧) વેદ દ્વાર–૫ બોલ** | | | |
| (૧) સવેદી સમુચ્ચય જીવો, સ્થાવરો | ✓ | ✓ | અભંગ |
| ૧૯ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| (૨-૩) સ્ત્રીવેદી, પુરુષવેદી, સમુચ્ચય જીવો, ૧૫ દંડક | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| (૪) નપુંસકવેદી સમુચ્ચય જીવો, સ્થાવરો | ✓ | ✓ | અભંગ |
| નારકી, ત્રણ વિકલેન્દ્રિયો, તિર્યંચ પંચેન્દ્રિયો, મનુષ્યો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| (૫) અવેદી સમુચ્ચય જીવો | ✓ | ✓ | અભંગ |
| અવેદી મનુષ્યો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| સિદ્ધો | × | ✓ | – |

| જીવ | આહારક | અનાહારક | ભંગ |
|---|---|---|---|
| **(૧૨) શરીર દ્વાર–૭ બોલ** | | | |
| (૧) સશરીરી સમુચ્ચય જીવો, સ્થાવરો | ✓ | ✓ | અભંગ |
| ૧૯ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| (૨) ઔદારિક શરીરી સમુચ્ચય જીવો, મનુષ્યો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| સ્થાવરો, વિકલેન્દ્રિયો, તિર્યંચ પંચેન્દ્રિયો | ✓ | × | – |
| (૩) વૈક્રિય શરીરી–જીવો, ૧૬ દંડક અને વાયુકાયના જીવો | ✓ | × | – |
| (૪) આહારક શરીરી જીવો, મનુષ્યો | ✓ | × | – |
| (૫-૬) તૈજસ–કાર્મણ શરીરી સમુચ્ચય જીવો, પાંચ સ્થાવરો | ✓ | ✓ | અભંગ |
| ૧૯ દંડકના જીવો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| (૭) અશરીરી સમુચ્ચય જીવો, સિદ્ધો | × | ✓ | – |
| **(૧૩) પર્યાપ્તિ દ્વાર–૧૨ બોલ** | | | |
| (૧-૬) પર્યાપ્તા સમુચ્ચય જીવો, મનુષ્યો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| પર્યાપ્તા ૨૩ દંડકના જીવો | ✓ | × | – |
| (૭) આહાર પર્યાપ્તિથી અપર્યાપ્ત જીવો, ૨૪ દંડક | × | ✓ | – |
| (૮) શરીર પર્યાપ્તિથી અપર્યાપ્ત જીવો, ૨૪ દંડક | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| (૯-૧૨) ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ ભાષા–મન પર્યાપ્તિથી અપર્યાપ્ત સ્થાવરો | ✓ | ✓ | અભંગ |
| ત્રણ વિકલેન્દ્રિયો, તિર્યંચ પંચેન્દ્રિયો | ✓ | વિકલ્પે | ત્રણ ભંગ |
| ઇન્દ્રિયાદિ પર્યાપ્તિથી અપર્યાપ્ત નારકો, દેવો, મનુષ્યો | વિકલ્પે | વિકલ્પે | છ ભંગ |

★ ૧૬ દંડક = નારકી, દેવતા, મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય, ૧૫ દંડક = દેવતા, મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય, ૧૭ દંડક = ૧૬ ઉપરોક્ત + વાયુકાય.

**॥ બીજો ઉદ્દેશક સંપૂર્ણ ॥**

## ॥ અઠ્ઠાવીસમું પદ સંપૂર્ણ ॥

# ઓગણત્રીસમું પદ

## પરિચય

આ પદનું નામ **ઉપયોગ પદ** છે.

આત્માની ચૈતન્ય શક્તિનો પ્રયોગ તે **ઉપયોગ** છે. ઉપયોગ, તે જીવનું લક્ષણ છે. જેમ ધૂમાડાથી અગ્નિને જાણી શકાય, ધ્વજાથી મંદિરને જાણી શકાય તેમ ઉપયોગ રૂપ લક્ષણથી જીવને જાણી શકાય છે.

આત્મા સ્વયં જ્ઞાન અને દર્શન સ્વરૂપ છે. તે બંને આત્માના અભિન્ન ગુણો છે. શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે– **जे आया से विण्णाया, जे विण्णाया से आया ।** જે આત્મા છે તે વિજ્ઞાતા છે અને જે વિજ્ઞાતા છે તે જ આત્મા છે.

આત્મા સ્વયં પોતાની જ્ઞાન-દર્શન રૂપ શક્તિનો પ્રયોગ જ્યારે કરે ત્યારે તે ઉપયોગ કહેવાય છે. શાસ્ત્રકાર જ્ઞાન ગુણના ઉપયોગને સાકારોપયોગ અને દર્શન ગુણના ઉપયોગને અનાકારોપયોગ કહે છે.

કર્મના ક્ષયોપશમ અને ક્ષય આદિની તરતમતાના આધારે સાકારોપયોગના પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન રૂપ આઠ પ્રકાર થાય છે તથા અનાકારોપયોગના ચાર દર્શન રૂપે ચાર પ્રકાર થાય છે. આ રીતે સાકારોપયોગના આઠ અને અનાકારોપયોગના ચાર ભેદ મળીને ઉપયોગના બાર ભેદ થાય છે.

પ્રત્યેક જીવને પોતાની યોગ્યતા અનુસાર ભિન્ન-ભિન્ન સંખ્યામાં ઉપયોગ હોય છે.

પ્રસ્તુત પદમાં સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવોમાં પ્રાપ્ત થતા ઉપયોગોનું વર્ણન કર્યું છે.

❖❖❖❖❖

# ઓગણત્રીસમું પદ : ઉપયોગ

**ઉપયોગના ભેદ-પ્રભેદ :-**

**१** **कइविहे णं भंते ! उवओगे पण्णत्ते ? गोयमा ! दुविहे उवओगे पण्णत्ते, तं जहा- सागारोवओगे य अणागारोवओगे य ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપયોગના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બે પ્રકાર છે, જેમ કે– સાકારોપયોગ અને અનાકારોપયોગ.

**२** **सागारोवओगे णं भंते ! कइविहे पण्णत्ते ?**

**गोयमा ! अट्ठविहे पण्णत्ते, तं जहा- आभिणिबोहियणाणसागारोवओगे, सुयणाणसागारोवओगे, ओहिणाणसागारोवओगे, मणपज्जवणाणसागारोवओगे, केवलणाणसागारोवओगे, मइअण्णाणसागारोवओगे, सुयअण्णाणसागारोवओगे, विभंगणाणसागारोवओगे ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! સાકારોપયોગના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આઠ પ્રકાર છે, જેમ કે– (૧) આભિનિબોધિકજ્ઞાન સાકારોપયોગ (૨) શ્રુતજ્ઞાન સાકારોપયોગ (૩) અવધિજ્ઞાન સાકારોપયોગ (૪) મનઃપર્યવજ્ઞાન સાકારોપયોગ (૫) કેવળજ્ઞાન સાકારોપયોગ (૬) મતિ અજ્ઞાન સાકારોપયોગ (૭) શ્રુતઅજ્ઞાન સાકારોપયોગ અને (૮) વિભંગજ્ઞાન (અવધિ અજ્ઞાન) સાકારોપયોગ.

**३** **अणागारोवओगे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा- चक्खुदंसण-अणागारोवओगे, अचक्खुदंसण-अणागारोवओगे, ओहिदंसण-अणागारोवओगे, केवलदंसण-अणागारोवओगे । एवं जीवाणं पि ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! અનાકારોપયોગના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચાર પ્રકાર છે, જેમ કે – (૧) ચક્ષુદર્શન અનાકારોપયોગ (૨) અચક્ષુદર્શન અનાકારોપયોગ (૩) અવધિદર્શન અનાકારોપયોગ અને (૪) કેવળદર્શન અનાકારોપયોગ. આ જ પ્રમાણે સમુચ્ચય જીવોના સાકારોપયોગના આઠ અને અનાકારોપયોગના ચાર પ્રકાર છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં ઉપયોગના ભેદ-પ્રભેદનું કથન છે.

**ઉપયોગ–** જેના દ્વારા જીવ વસ્તુનો બોધ કરવા માટે પ્રવૃત્તિ કરે છે તે ઉપયોગ છે તેમજ જીવની ચેતના શક્તિનો એટલે કે જ્ઞાન-દર્શન ગુણનો પ્રયોગ, તે ઉપયોગ છે. તેના બે ભેદ છે– (૧) સાકારોપયોગ અને (૨) અનાકારોપયોગ.

**સાકારોપયોગ** – જ્ઞાનના માધ્યમે જીવ વસ્તુના બોધ માટે પ્રવૃત્તિ કરે તે સાકારોપયોગ છે તેમાં જીવ વિવિધ વિચારણા સહિત જાણે છે. સાકારોપયોગ જ્ઞાનરૂપ છે. તેના આઠ ભેદ છે– પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન.

સમ્યગ્દષ્ટિના બોધને જ્ઞાન અને મિથ્યાત્વીના બોધને અજ્ઞાન કહે છે. જીવના મતિ, શ્રુત અને અવધિરૂપ બોધ જ તેના મિથ્યાત્વ પરિણામના કારણે ક્રમશઃ મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાન કહેવાય છે. મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન સમકિતીને જ થાય છે તેથી તે જ્ઞાનરૂપ જ છે, અજ્ઞાનરૂપ નથી.

**અનાકારોપયોગ**– ચક્ષુ આદિ દર્શનોના માધ્યમે જીવ વસ્તુના બોધ માટે પ્રવૃત્તિ કરે તેને અનાકારોપયોગ કહે છે. તેમાં જીવ વસ્તુને વિશેષ વિચારણા રહિત સામાન્યપણે જાણે–જુએ છે. અનાકારોપયોગ દર્શનરૂપ છે. તેના ચાર ભેદ છે– (૧) ચક્ષુદર્શન (૨) અચક્ષુદર્શન (૩) અવધિદર્શન અને (૪) કેવળદર્શન. અનાકારોપયોગ સામાન્ય દર્શન રૂપ હોવાથી તેમાં સમકિતી અને મિથ્યાત્વીના દર્શનમાં કોઈ તફાવત નથી.

**૨૪ દંડકના જીવોમાં ઉપયોગ :-**

**४ णेरइयाणं भंते ! कइविहे उवओगे पण्णत्ते ? गोयमा ! दुविहे उवओगे पण्णत्ते, तं जहा- सागारोवओगे य अणागारोवओगे य ।**

**ભાવાર્થ :- પ્રશ્ન**– હે ભગવન્ ! નૈરયિકોના ઉપયોગના કેટલા પ્રકાર છે ? **ઉત્તર**– હે ગૌતમ ! બે પ્રકાર છે, જેમ કે– સાકારોપયોગ અને અનાકારોપયોગ.

**५ णेरइयाणं भंते ! सागारोवओगे कइविहे पण्णत्ते ?**

**गोयमा ! छव्विहे पण्णत्ते, तं जहा- मइणाणसागारोवओगे, सुयणाण-सागारोवओगे, ओहिणाणसागरोवओगे, मइअण्णाणसागारोवओगे, सुयअण्णाण-सागारोवओगे, विभंगणाणसागारोवओगे ।**

**ભાવાર્થ :- પ્રશ્ન**– હે ભગવન્ ! નૈરયિકોના સાકારોપયોગના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! છ પ્રકાર છે, જેમ કે – (૧) મતિજ્ઞાન સાકારોપયોગ (૨) શ્રુતજ્ઞાન સાકારોપયોગ (૩) અવધિજ્ઞાન સાકારોપયોગ (૪) મતિ અજ્ઞાન સાકારોપયોગ (૫) શ્રુત-અજ્ઞાન સાકારોપયોગ અને (૬) વિભંગજ્ઞાન સાકારોપયોગ.

**६ णेरइयाणं भंते ! अणागारोवओगे कइविहे पण्णत्ते ?**

**गोयमा ! तिविहे पण्णत्ते, तं जहा- चक्खुदंसणअणागारोवओगे, अचक्खु-दंसणअणागारोवओगे, ओहिदंसणअणागारोवओगे य । एवं** *जाव* **थणियकुमाराणं।**

**ભાવાર્થ :- પ્રશ્ન**– હે ભગવન્ ! નૈરયિકોના અનાકારોપયોગના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! ત્રણ પ્રકાર છે, જેમ કે– (૧) ચક્ષુદર્શન અનાકારોપયોગ (૨) અચક્ષુદર્શન અનાકારોપયોગ અને (૩) અવધિદર્શન અનાકારોપયોગ. આ જ રીતે અસુરકુમારથી લઈને સ્તનિતકુમાર સુધી (સાકારોપયોગ અને અનાકારોપયોગનું કથન કરવું જોઈએ.)

**७ पुढविक्काइयाणं भंते ! पुच्छा ? गोयमा ! दुविहे उवओगे पण्णत्ते, तं जहा- सागारोवओगे य अणागारोवओगे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકના ઉપયોગના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બે પ્રકાર છે, જેમ કે– સાકારોપયોગ અને અનાકારોપયોગ.

**८ पुढविक्काइयाणं भंते ! सागारोवओगे कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा- मइअण्णाणे सुयअण्णाणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોના સાકારોપયોગના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બે પ્રકાર છે, જેમ કે– મતિ અજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન.

**९ पुढविक्काइयाणं भंते ! अणागारोवओगे कइविहे पण्णत्ते ? गोयमा ! एगे अचक्खुदंसणाणागारोवओगे पण्णत्ते । एवं *जाव* वणस्सइकाइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોના અનાકારોપયોગના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓને એકમાત્ર અચક્ષુદર્શન અનાકારોપયોગ હોય છે. આ જ રીતે ***યાવત્*** વનસ્પતિકાયિક જીવો સુધી જાણવું જોઈએ.

**१० बेइंदियाणं भंते ! पुच्छा ? गोयमा ! दुविहे उवओगे पण्णत्ते । तं जहा- सागारे अणागारे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવોના ઉપયોગના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બે પ્રકાર છે, જેમ કે– સાકારોપયોગ અને અનાકારોપયોગ.

**११ बेइंदियाणं भंते ! सागारोवओगे कइविहे पण्णत्ते ?**

**गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा- आभिणिबोहियणाणसागारोवओगे, सुयणाणसागारोवओगे, मइअण्णाणसागारोवओगे, सुयअण्णाणसागारोवओगे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવોના સાકારોપયોગના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચાર પ્રકાર છે, જેમ કે– (૧) આભિનિબોધિકજ્ઞાન સાકારોપયોગ (૨) શ્રુતજ્ઞાન સાકારોપયોગ (૩) મતિઅજ્ઞાન સાકારોપયોગ અને (૪) શ્રુતઅજ્ઞાન સાકારોપયોગ.

**१२ बेइंदियाणं भंते ! अणागारोवओगे कइविहे पण्णत्ते ? गोयमा ! एगे अचक्खु-दंसणअणागारोवओगे । एवं तेइंदियाण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવોના અનાકારોપયોગના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓને એક અચક્ષુદર્શન અનાકારોપયોગ હોય છે. આ જ રીતે તેઇન્દ્રિયોમાં પણ જાણવું.

**१३ चउरिंदियाण वि एवं चेव । णवरं- अणागारोवओगे दुविहे पण्णत्ते, तं जहा- चक्खुदंसणअणागारोवओगे य अचक्खुदंसणअणागारोवओगे य ।**

**ભાવાર્થ :–** ચૌરેન્દ્રિય જીવોના વિષયમાં પણ આ જ પ્રમાણે સમજવું. તેમાં વિશેષતા એ છે કે ચૌરેન્દ્રિયના અનાકારોપયોગના બે પ્રકાર છે, જેમ કે– (૧) ચક્ષુદર્શન અનાકારોપયોગ અને (૨) અચક્ષુદર્શન અનાકારોપયોગ.

**૧૪** **पंचेंदियतिरिक्खजोणियाणं जहा णेरइयाणं । मणुस्साणं जहा ओहिए उवओगे भणियं तहेव भाणियव्वं । वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा णेरइयाणं ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉપયોગનું કથન નૈરયિકોની સમાન જાણવું. મનુષ્યોમાં ઉપયોગનું કથન સમુચ્ચય જીવોના ઉપયોગની જેમ જાણવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોના સાકારોપયોગ અનાકારોપયોગ સંબંધી કથન નૈરયિકોની સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવોમાં ઉપયોગનું નિરૂપણ છે.

**સાકારોપયોગ :–** કોઈ પણ સંસારી જીવોને ઓછામાં ઓછા મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન આ બે અજ્ઞાન હોય છે. જો તે જીવ સમકિતી હોય, તો તેને મતિ-શ્રુત, તે બે જ્ઞાન હોય છે. નારકી અને દેવતાને જન્મથી જ અવધિજ્ઞાન અથવા વિભંગજ્ઞાન હોય છે. અવધિ કે વિભંગજ્ઞાન તે બંને ય પંચેન્દ્રિય જીવોને જ હોય છે.

સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોમાંથી કેટલાકને જ સંયમ-તપની સાધનાથી કે ક્ષયોપશમ ભાવથી અવધિજ્ઞાન અથવા વિભંગજ્ઞાન પ્રાપ્ત થાય છે. સર્વ સંજ્ઞી તિર્યંચ કે મનુષ્યોને અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાન હોતા નથી.

કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોમાંથી કેટલાક સંયત મનુષ્યોને મનઃપર્યવજ્ઞાન તેમજ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અન્ય ત્રણે ગતિના જીવોને આ બે જ્ઞાન હોતા નથી.

**અનાકારોપયોગ :–** સમસ્ત સંસારી જીવોને અચક્ષુદર્શન, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોને ચક્ષુદર્શન, અવધિજ્ઞાની કે વિભંગજ્ઞાનીને અવધિદર્શન અને કેવળજ્ઞાનીને કેવળદર્શન હોય છે.

૨૪ દંડકના જીવોમાં ઉપયોગ કોષ્ટકથી જાણવા.

સૂત્રકારે પ્રત્યેક દંડકના જીવોમાં સમુચ્ચય ઉપયોગનું કથન કર્યું છે તે ભાવાર્થથી સ્પષ્ટ છે પરંતુ અન્ય આગમોના સંદર્ભથી તેની વિશેષતા આ પ્રમાણે સમજવી–

**નારકી–** સમુચ્ચય નારકીમાં ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન, આ નવ ઉપયોગ હોય છે. **સાતમી નરકના અપર્યાપ્તા–** તે એકાંત મિથ્યાત્વી છે તેથી તેમાં ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન, આ છ ઉપયોગ હોય છે.

**દેવતાના ૧૩ દંડક–** સમુચ્ચય દેવોમાં ત્રણ જ્ઞાન,ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન, આ નવ ઉપયોગ હોય છે. **પરમાધામી અને કિલ્વીષી દેવો–** એકાંત મિથ્યાત્વી હોવાથી તેમાં ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન, આ છ ઉપયોગ છે. **અનુત્તરવિમાનના દેવો–** એકાંત સમકિતી હોવાથી તેમાં ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન, આ છ ઉપયોગ હોય છે.

**તિર્યંચ પંચેન્દ્રિય–** સમુચ્ચય તિર્યંચ પંચેન્દ્રિયમાં ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન, આ નવ ઉપયોગ હોય છે. **અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય–** તેમાં અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન ન હોવાથી બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન, આ છ ઉપયોગ હોય છે. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમક્તિ હોવાથી બે જ્ઞાન હોય છે. પર્યાપ્તાવસ્થામાં એકાંત મિથ્યાત્વી હોવાથી માત્ર બે અજ્ઞાન અને બે દર્શન હોય છે.

**મનુષ્ય–** સમુચ્ચય મનુષ્યોમાં બાર ઉપયોગ હોય છે, તે કથન કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોના પર્યાપ્તાની અપેક્ષાએ છે. ૩૦ અકર્મભૂમિના યુગલિક મનુષ્યોમાં બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન, આ છ ઉપયોગ હોય છે. **૫૬ અંતરદ્વીપના યુગલિક મનુષ્ય–** એકાંત મિથ્યાત્વી હોવાથી તેમાં બે અજ્ઞાન, બે દર્શન, આ ચાર ઉપયોગ હોય છે. **સંમૂર્ચ્છિમ મનુષ્યો–** એકાંત મિથ્યાત્વી હોવાથી તેમાં પણ બે અજ્ઞાન અને બે દર્શન, આ ચાર ઉપયોગ હોય છે.

**૨૪ દંડકના જીવોમાં ઉપયોગ :–**

| જીવ | સાકરોપયોગ | અનાકારપયોગ | કુલ | કારણ |
|---|---|---|---|---|
| સમુચ્ચય જીવો | ૮<br>૫ જ્ઞાન + ૩ અજ્ઞાન | ૪<br>દર્શન | ૧૨ | સર્વ દંડકના જીવોનો સમાવેશ થાય છે. |
| નારકી, દેવતા, તિર્યંચ પંચેન્દ્રિય | ૬<br>૩ જ્ઞાન + ૩ અજ્ઞાન | ૩<br>દર્શન | ૯ | સમકિતી અને મિથ્યાત્વી બંને પ્રકારના જીવો હોય છે. મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન અને કેવળદર્શન નથી. |
| પાંચ સ્થાવર | ૨ અજ્ઞાન | ૧ અચક્ષુ દર્શન | ૩ | એકાંત મિથ્યાત્વી હોવાથી બે અજ્ઞાન અને એક જ ઇન્દ્રિય હોવાથી માત્ર અચક્ષુદર્શન હોય. |
| બેઇન્દ્રિય, તેઇન્દ્રિય | ૪<br>૨ જ્ઞાન, ૨ અજ્ઞાન | ૧<br>અચક્ષુદર્શન | ૫ | અપર્યાપ્તાવસ્થામાં સમ્યગ્દૃષ્ટિ હોય તેથી બે જ્ઞાન, પર્યાપ્તાવસ્થામાં બે અજ્ઞાન. |
| ચૌરેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | ૪<br>૨ જ્ઞાન, ૨ અજ્ઞાન | ૨<br>ચક્ષુ, અચક્ષુ | ૬ | ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય જીવોને ચક્ષુરિન્દ્રિય હોવાથી ચક્ષુદર્શન વધે. |
| કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો | ૮<br>૫ જ્ઞાન, ૩ અજ્ઞાન | ૪<br>દર્શન | ૧૨ | એકથી ચૌદ બધા ગુણસ્થાન હોય છે. |
| સંમૂર્ચ્છિમ મનુષ્યો | ૨ અજ્ઞાન | ૨ દર્શન | ૪ | એકાંત મિથ્યાત્વી છે |
| ૩૦ અકર્મભૂમિના યુગલિક મનુષ્યો | ૪<br>૨ જ્ઞાન, ૨ અજ્ઞાન | ૨<br>દર્શન | ૬ | સમ્યગ્દષ્ટિ–મિથ્યાદષ્ટિ બંને હોય. યુગલિકોને અવધિજ્ઞાનાદિ હોતા નથી. |
| ૫૬ અંતરદ્વીપના યુગલિક મનુષ્યો | ૨<br>અજ્ઞાન | ૨<br>દર્શન | ૪ | એકાંત મિથ્યાત્વી હોવાથી જ્ઞાન નથી. |

**૨૪ દંડકના જીવોમાં ઉપયોગનું કારણ :-**

**१५** **जीवा णं भंते ! किं सागारोवउत्ता अणागारोवउत्ता ? गोयमा ! सागारोवउत्ता वि अणागारोवउत्ता वि । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जीवा सागारोवउत्ता वि अणागारोवउत्ता वि ?**

**गोयमा ! जे णं जीवा आभिणिबोहियणाण-सुयणाण-ओहिणाण-मण-केवल-मइअण्णाण-सुयअण्णाण-विभंगणाणोवउत्ता ते णं जीवा सागारोवउत्ता, जे णं जीवा चक्खुदंसण-अचक्खुदंसण-ओहिदंसण-केवलदंसणोवउत्ता ते णं जीवा अणागारोवउत्ता,**

**से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ जीवा सागारोवउत्ता वि अणागारोवउत्ता वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવો શું સાકારોપયોગયુક્ત હોય છે કે અનાકારોપયોગયુક્ત હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવો સાકારોપયોગથી ઉપયુક્ત પણ હોય છે અને અનાકારોપયોગથી ઉપયુક્ત પણ હોય છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જીવો સાકારોપયોગયુક્ત પણ હોય છે અને અનાકારોપયોગ યુક્ત પણ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે જીવો આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળ જ્ઞાન, તથા મતિ અજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનના ઉપયોગવાળા હોય છે, તેઓ સાકારોપયોગયુક્ત કહેવાય છે. જે જીવો ચક્ષુદર્શન, અચક્ષુદર્શન,અવધિદર્શન અને કેવળદર્શનના ઉપયોગયુક્ત હોય છે, તેઓ અનાકારોપયોગયુક્ત કહેવાય છે. તેથી હે ગૌતમ ! એમ કહેવાય છે કે જીવો સાકારોપયોગયુક્ત પણ હોય છે અને અનાકારોપયોગયુક્ત પણ હોય છે.

**१६ णेरइया णं भंते ! किं सागरोवउत्ता अणागारोवउत्ता ? गोयमा ! णेरइया सागारोवउत्ता वि अणागारोवउत्ता वि । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जे णं णेरइया आभिणिबोहियणाण-सुय-ओहिणाण-मइअण्णाण-सुय-अण्णाण-विभंगणाणोवउत्ता ते णं णेरइया सागारोवउत्ता । जे णं णेरइया चक्खुदंसण-अचक्खुदंसण-ओहिदंसणोवउत्ता ते णं णेरइया अणागारोवउत्ता, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ** *जाव* **सागरोवउत्ता वि अणागारोवउत्ता वि । एवं** *जाव* **थणियकुमारा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો શું સાકારોપયોગયુક્ત હોય છે કે અનાકારોપયોગયુક્ત હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો સાકારોપયોગયુક્ત પણ હોય છે અને અનાકારોપયોગયુક્ત પણ હોય છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નૈરયિકો સાકારોપયોગયુક્ત પણ હોય છે અને અનાકારોપ-યોગયુક્ત પણ હોય છે.

**ઉત્તર–** હે ગૌતમ ! જે નૈરયિકો આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન તથા મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનના ઉપયોગથી યુક્ત હોય છે, તેઓ સાકારોપયોગયુક્ત હોય છે અને જે નૈરયિકો ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શનના ઉપયોગથી યુક્ત છે, તેઓ અનાકારોપયોગયુક્ત કહેવાય છે. તેથી હે ગૌતમ ! એમ કહેવાય છે કે નૈરયિકો સાકારોપયોગયુક્ત પણ હોય છે અને અનાકારોપયોગયુક્ત પણ હોય છે. આ જ રીતે સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.

**१७ पुढविक्काइया णं भंते ! पुच्छा ? गोयमा ! तहेव** *जाव* **जे णं पुढविकाइया मइअण्णाण-सुयअण्णाणोवउत्ता ते णं पुढविकाइया सागारोवउत्ता, जे णं पुढवि-काइया अचक्खुदंसणोवउत्ता ते णं पुढविक्काइया अणागारोवउत्ता । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ** *जाव* **वणस्सइकाइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકો શું સાકારોપયોગયુક્ત હોય છે કે અનાકારોપયોગયુક્ત હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું ***યાવત્*** જે પૃથ્વીકાયિકો મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનના

ઉપયોગથી યુક્ત હોય છે, તેઓ સાકારોપયોગયુક્ત હોય છે તથા જે પૃથ્વીકાયિકો અચક્ષુદર્શનના ઉપયોગથી યુક્ત હોય છે, તેઓ અનાકારોપયોગયુક્ત હોય છે. તેથી હે ગૌતમ ! એમ કહેવાય છે કે પૃથ્વીકાયિક જીવો સાકારોપયોગયુક્ત પણ હોય છે અને અનાકારોપયોગયુક્ત પણ હોય છે.

**૧૮ बेइंदिया णं भंते ! पुच्छा ? गोयमा !** *जाव* **जे णं बेइंदिया आभिणिबोहियणाण-सुयणाण-मइअण्णाण-सुयअण्णाणोवउत्ता ते णं बेइंदिया सागरोवउत्ता । जे णं बेइंदिया अचक्खुदंसणोवउत्ता ते णं बेइंदिया अणागारोवउत्ता, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ।**

**एवं** *जाव* **चउरिंदिया । णवरं चक्खुदंसणं अब्भहियं चउरिंदियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવોના ઉપયોગ વિષયક પૂર્વવત્ કારણ સહિત પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! ***યાવત્*** જે બેઇન્દ્રિયો આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનના ઉપયોગ યુક્ત હોય છે, તેથી તેઓ સાકારોપયોગયુક્ત હોય છે અને જે બેઇન્દ્રિયો અચક્ષુદર્શનના ઉપયોગથી યુક્ત હોય છે, તેઓ અનાકારોપયોગયુક્ત હોય છે. તેથી હે ગૌતમ ! એમ કહેવાય છે કે બેઇન્દ્રિય જીવો સાકારોપયોગયુક્ત પણ હોય છે અને અનાકારોપયોગયુક્ત પણ હોય છે.

આ જ રીતે તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયના ઉપયોગના વિષયમાં પણ જાણવું જોઈએ. તેમાં વિશેષતા એ છે કે ચૌરેન્દ્રિય જીવોમાં ચક્ષુદર્શન અધિક કહેવું જોઈએ.

**૧૯ पंचेंदियतिरिक्खजोणिया जहा णेरइया । मणूसा जहा जीवा । वाणमंतर-जोइसिय-वेमाणिया जहा णेरइया ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોના ઉપયોગનું કથન નૈરયિકોની સમાન જાણવું. મનુષ્યોના ઉપયોગનું કથન સમુચ્ચય જીવોની સમાન જાણવું. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકદેવોના ઉપયોગનું કથન નૈરયિકોની સમાન જાણવું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચયજીવો અને ચોવીશ દંડકવર્તી જીવોમાં સાકારોપયોગયુક્ત અને અનાકારોપયોગયુક્તનું કથન કરવામાં આવ્યું છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે કે જ્ઞાન-અજ્ઞાનના ઉપયોગથી જીવ સાકારોપયોગયુક્ત કહેવાય છે અને દર્શનના ઉપયોગથી જીવ અનાકારોપયોગયુક્ત કહેવાય છે.

## ॥ ઓગણત્રીસમું પદ સંપૂર્ણ ॥

# ત્રીસમું પદ

## પરિચય

આ પદનું નામ **પશ્યતાપદ** છે.

વિશેષ પ્રકારના બોધને અર્થાત્ ત્રૈકાલિક બોધને પશ્યતા કહે છે. પ્રકૃષ્ટ ઈક્ષણ–પ્રકૃષ્ટ દર્શનને પશ્યતા કહે છે.

પશ્યતા જ્ઞાન પરિણામ સ્વરૂપ જ છે પરંતુ તેમાં ત્રૈકાલિક બોધનું જ ગ્રહણ થાય છે. માત્ર વર્તમાનકાલીન બોધ હોય, તો તેનું ગ્રહણ પશ્યતામાં થતું નથી. મતિજ્ઞાન અને મતિ અજ્ઞાનમાં ત્રૈકાલિકબોધ નથી તેમજ અચક્ષુદર્શનમાં પ્રકૃષ્ટ બોધ નથી, તેથી તે ત્રણેનો સમાવેશ પશ્યતામાં થતો નથી. આ કારણે ઉપયોગના બાર ભેદ છે અને પશ્યતાના નવ ભેદ જ થાય છે.

સૂત્રકારે ઉપયોગની જેમ પશ્યતાના ભેદ-પ્રભેદનું કથન કરીને ત્યાર પછી સમુચ્ચય જીવો અને ૨૪ દંડકના જીવોમાં પશ્યતાનું નિરૂપણ કર્યું છે.

**કેવળી ભગવાનના ઉપયોગની ક્રમિકતા–** છદ્મસ્થોને પહેલા દર્શન ઉપયોગ અને ત્યાર પછી જ્ઞાનોપયોગ હોય છે. આ રીતે બંને ઉપયોગ ક્રમિક હોય છે. તે જ રીતે કેવળી ભગવાનને પણ જ્ઞાન અને દર્શન બંને ઉપયોગ ક્રમિક જ હોય છે.

સૂત્રકારે સાકાર અને અનાકાર બંને ઉપયોગને પરસ્પર પ્રતિપક્ષી દર્શાવતાં છદ્મસ્થોની જેમ કેવળી ભગવાનના બંને ઉપયોગની ક્રમિકતા પ્રગટ કરી છે.

❖❖❖❖❖

# ત્રીસમું પદ : પશ્યતા

**પશ્યતાના ભેદ-પ્રભેદોની પ્રરૂપણા :–**

**१** **कइविहा णं भंते ! पासणया पण्णत्ता ? गोयमा ! दुविहा पासणया पण्णत्ता, तं जहा– सागारपासणया अणागारपासणया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પશ્યતાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બે પ્રકાર છે, જેમ કે – સાકારપશ્યતા અને અનાકારપશ્યતા.

**२** **सागारपासणया णं भंते ! कइविहा पण्णत्ता ?**

**गोयमा ! छव्विहा पण्णत्ता, तं जहा– सुयणाणसागारपासणया, ओहिणाण-सागारपासणया, मणपज्जवणाणसागारपासणया, केवलणाणसागारपासणया, सुयअण्णाणसागारपासणया, विभंगणाणसागारपासणया ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! સાકારપશ્યતાના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! છ પ્રકાર છે, જેમ કે– (૧) શ્રુતજ્ઞાન સાકારપશ્યતા, (૨) અવધિજ્ઞાન સાકારપશ્યતા, (૩) મનઃપર્યવજ્ઞાન સાકારપશ્યતા, (૪) કેવળજ્ઞાન સાકારપશ્યતા, (૫) શ્રુતઅજ્ઞાન સાકારપશ્યતા અને (૬) વિભંગજ્ઞાન સાકારપશ્યતા.

**३** **अणागारपासणया णं भंते ! कइविहा पण्णत्ता ?**

**गोयमा ! तिविहा पण्णत्ता, तं जहा– चक्खुदंसणअणागारपासणया, ओहि-दंसणअणागारपासणया, केवलदंसणअणागारपासणया । एवं जीवाणं पि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનાકારપશ્યતાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ પ્રકાર છે, જેમ કે – (૧) ચક્ષુદર્શન અનાકારપશ્યતા, (૨) અવધિદર્શન અનાકારપશ્યતા અને (૩) કેવળદર્શન અનાકારપશ્યતા. આ જ રીતે સમુચ્ચય જીવોમાં પણ નવ પ્રકારના પશ્યતા કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જ્ઞાનના જ પરિણામ સ્વરૂપ 'પશ્યતા' ના ભેદ-પ્રભેદનું વર્ણન છે.

**પશ્યતા–** આ શબ્દ **दृशिर्–** 'જોવું' ધાતુથી બન્યો છે પરંતુ અહીં પશ્યતા શબ્દ ઉપયોગની જેમ સાકાર અને અનાકાર બંને પ્રકારનો બોધક છે. ત્રૈકાલિક અને સ્પષ્ટ દર્શનરૂપ બોધને પશ્યતા કહેવાય છે. તેના પણ બે ભેદ છે– સાકાર પશ્યતા અને અનાકાર પશ્યતા.

**સાકાર પશ્યતા–** વસ્તુનો ત્રણે કાલ વિષયક વિશેષ રૂપે અથવા સ્પષ્ટ રૂપે બોધ થાય, તે સાકાર પશ્યતા છે, તેના છ ભેદ આ પ્રમાણે છે– (૧) શ્રુતજ્ઞાન (૨) અવધિજ્ઞાન (૩) મનઃપર્યવજ્ઞાન (૪) કેવળજ્ઞાન

(૫) શ્રુતઅજ્ઞાન અને (૬) વિભંગજ્ઞાન. **અનાકાર પશ્યતા–** સ્પષ્ટતર પ્રેક્ષણ-દર્શનને અનાકાર પશ્યતા કહે છે, તેના ત્રણ ભેદ છે– (૧) ચક્ષુદર્શન (૨) અવધિદર્શન (૩) કેવળદર્શન.

**ઉપયોગ અને પશ્યતામાં અંતર :–**

| ઉપયોગ | પશ્યતા |
|---|---|
| (૧) સાકાર ઉપયોગ ત્રૈકાલિક અને વર્તમાનકાલીન બંને પ્રકારના ભાવોને જાણે છે. | (૧) સાકાર પશ્યતા ત્રૈકાલિક ભાવોને જાણે છે. (માત્ર વર્તમાનકાલીન બોધ, હોય તો તે પશ્યતા નથી) |
| (૨) અનાકાર ઉપયોગ સ્પષ્ટ–સ્પષ્ટતર બંને પ્રકારના ભાવોને જાણે છે. | (૨) અનાકાર પશ્યતા સ્પષ્ટતર ભાવોને જ જાણે છે. |
| (૩) ઉપયોગના ૧૨ ભેદ છે –<br>સાકાર ઉપયોગના – ૮<br>અનાકાર ઉપયોગના – ૪<br>૧૨ પ્રકારના ઉપયોગ | (૩) પશ્યતાના ૯ ભેદ છે –<br>સાકાર પશ્યતાના – ૬<br>અનાકાર પશ્યતાના – ૩<br>૯ પ્રકારના પશ્યતા |

મતિજ્ઞાન અને મતિઅજ્ઞાન વર્તમાનકાલીન વિષયને જ ગ્રહણ કરે છે. આ બંને ઇન્દ્રિય જન્ય જ્ઞાન છે. ઇન્દ્રિયો વર્તમાન વિષયને જ ગ્રહણ કરી શકે છે. વૃત્તિકારે મતિજ્ઞાનની વ્યાખ્યા કરતા ગાથા રજૂ કરી છે. તેમાં મતિજ્ઞાનને વર્તમાનકાલીન કહ્યું છે. જેમ કે –

**जमवग्गहादिरूवं; पच्चुपण्णावत्थुगाहगं लोए ।**
**इंदिय मणो णिमितं, तमाभिणिबोधगं बेंति ॥** વૃત્તિ.

વર્તમાન વસ્તુને ગ્રહણ કરનાર ઇન્દ્રિય અને મનના નિમિત્તથી થતા અવગ્રહાદિરૂપ બોધને અભિનિબોધિક જ્ઞાન કહે છે.

આ રીતે મતિજ્ઞાન અને મતિઅજ્ઞાન માત્ર વર્તમાન કાલીન હોવાથી તેની પશ્યતામાં ગણના નથી. શ્રુતજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન અતીત, અનાગત ભાવોને જાણે છે; અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાન અતીત, અનાગત અસંખ્યાત ઉત્સર્પિણી, અવસર્પિણી કાલના રૂપી પદાર્થોને જાણે છે; મનઃપર્યવજ્ઞાન પલ્યના અસંખ્યાતમા ભાગના અતીત, અનાગત કાલને જાણી શકે છે અને કેવળજ્ઞાન સર્વકાલના વિષયને જાણે છે; આ રીતે ચાર જ્ઞાન અને બે અજ્ઞાન ત્રૈકાલિક વિષયને ગ્રહણ કરતા હોવાથી તેની પશ્યતા અને ઉપયોગ બંનેમાં ગણના કરવામાં આવે છે.

અચક્ષુ દર્શનમાં સ્પષ્ટતર બોધ થતો નથી, તેથી તેની ગણના પશ્યતામાં નથી. ચક્ષુ, અવધિ અને કેવળદર્શનમાં સ્પષ્ટતર બોધ છે, તેથી તેની ગણના પશ્યતા અને ઉપયોગ બંનેમાં કરવામાં આવે છે.

**૨૪ દંડકના જીવોમાં પશ્યતા :–**

**૪ णेरइयाणं भंते ! कइविहा पासणया पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा– सागारपासणया य अणागारपासणया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવોને કેટલા પ્રકારના પશ્યતા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ! બે પ્રકારના પશ્યતા હોય છે, જેમ કે – સાકારપશ્યતા અને અનાકારપશ્યતા.

**૫ णेरइयाणं भंते ! सागारपासणया कइविहा पण्णत्ता ?**

गोयमा ! चउव्विहा पण्णत्ता, तं जहा- सुयणाणसागारपासणया, ओहिणाणसागारपासणया, सुयअण्णाणसागारपासणया, विभंगणाणसागारपासणया ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારના સાકારપશ્યતા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચાર પ્રકારના સાકારપશ્યતા હોય છે, જેમ કે – (૧) શ્રુતજ્ઞાન સાકારપશ્યતા (૨) અવધિજ્ઞાન સાકારપશ્યતા (૩) શ્રુતઅજ્ઞાન સાકારપશ્યતા અને (૪) વિભંગજ્ઞાન સાકારપશ્યતા.

**६** णेरइयाणं भंते ! अणागारपासणया कइविहा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- चक्खुदंसणअणागारपासणया य ओहिदंसणअणागारपासणया य । एवं *जाव* थणियकुमार ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારના અનાકારપશ્યતા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! બે પ્રકારના પશ્યતા હોય છે, જેમ કે – (૧) ચક્ષુદર્શન અનાકારપશ્યતા અને (૨) અવધિદર્શન અનાકારપશ્યતા. આ જ રીતે સ્તનિતકુમારો સુધીના દેવોના પશ્યતા જાણવા જોઈએ.

**७** पुढविक्काइयाणं भंते ! कइविहा पासणया पण्णत्ता ? गोयमा ! एगा सागारपासणया ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોને કેટલા પ્રકારના પશ્યતા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે જીવોને એક સાકારપશ્યતા હોય છે.

**८** पुढविक्काइयाणं भंते ! सागारपासणया कइविहा पण्णत्ता ? गोयमा ! एगा सुयअण्णाणसागारपासणया पण्णत्ता । एवं *जाव* वणस्सइकाइयाणं ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોને સાકારપશ્યતા કેટલા પ્રકારના હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે જીવોને એકમાત્ર શ્રુતઅજ્ઞાન સાકારપશ્યતા હોય છે. આ જ રીતે ***યાવત્*** વનસ્પતિકાયિક સુધી જીવોના પશ્યતા જાણવા જોઈએ.

**९** बेइंदियाणं भंते ! कइविहा पासणया पण्णत्ता ? गोयमा ! एगा सागारपासणया पण्णत्ता ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઈન્દ્રિય જીવોને કેટલા પ્રકારના પશ્યતા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે જીવોને એકમાત્ર સાકારપશ્યતા હોય છે.

**१०** बेइंदियाणं भंते ! सागारपासणया कइविहा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- सुयणाणसागारपासणया य सुयअण्णाणसागारपासणया य । एवं तेइंदियाण वि ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઈન્દ્રિય જીવોને સાકારપશ્યતા કેટલા પ્રકારના હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે જીવોને બે પ્રકારના સાકારપશ્યતા હોય છે, જેમ કે – શ્રુતજ્ઞાન સાકારપશ્યતા અને (૨) શ્રુતઅજ્ઞાન સાકારપશ્યતા. આ જ રીતે તેઈન્દ્રિય જીવોની પણ વક્તવ્યતા જાણવી જોઈએ.

**११ चउरिंदियाणं भंते ! पुच्छा ? गोयमा ! दुविहा पण्णत्ता । तं जहा- सागार-पासणया य अणागारपासणया य । सागारपासणया जहा बेइंदियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચૌરેન્દ્રિય જીવોને કેટલા પ્રકારના પશ્યતા હોય છે ?

**ઉત્તર**–હે ગૌતમ ! બે પ્રકારના પશ્યતા હોય છે, જેમ કે – સાકારપશ્યતા અને અનાકારપશ્યતા. તે જીવોને સાકારપશ્યતા બેઇન્દ્રિયના સાકારપશ્યતાની સમાન જાણવા જોઈએ.

**१२ चउरिंदियाणं भंते ! अणागारपासणया कइविहा पण्णत्ता ? गोयमा ! एगा चक्खुदंसणअणागारपासणया पण्णत्ता । मणूसाणं जहा जीवाणं । सेसा जहा णेरइया *जाव* वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચૌરેન્દ્રિય જીવોને કેટલા પ્રકારના અનાકારપશ્યતા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એકમાત્ર ચક્ષુદર્શન અનાકારપશ્યતા હોય છે. મનુષ્યોમાં બંને પ્રકારના પશ્યતા સમુચ્ચય જીવોની સમાન છે. વૈમાનિક પર્યંત શેષ દંડકોમાં પશ્યતા સંબંધી કથન નૈરયિકોની સમાન જાણવા.

**વિવેચન :–**

**૨૪ દંડકના જીવોમાં ૯ પશ્યતા :– [બાર પ્રકારના ઉપયોગમાંથી મતિજ્ઞાન, મતિઅજ્ઞાન અને અચક્ષુદર્શન નથી.]**

| જીવ | સાકાર પશ્યતા ૬ | અનાકાર પશ્યતા–૩ | કુલ | કારણ |
|---|---|---|---|---|
| સમુચ્ચય જીવો | ૬<br>૪ જ્ઞાન + ૨ અજ્ઞાન | ૩<br>દર્શન | ૯ | સર્વ દંડકના જીવોનો સમાવેશ હોવાથી સર્વે પશ્યતા છે. |
| નારકી, દેવતા અને સંજ્ઞી તિર્યંચ | ૪<br>૨ જ્ઞાન + ૨ અજ્ઞાન | ૨<br>ચક્ષુ–અવધિ. | ૬ | મનઃપર્યવ જ્ઞાન, કેવળજ્ઞાન, કેવળ દર્શન નથી. |
| પાંચ સ્થાવર | ૧<br>શ્રુત અજ્ઞાન | × | ૧ | ઉપયોગ ૩ હોય પરંતુ પશ્યતા એક જ છે. |
| બેઇન્દ્રિય, તેઇન્દ્રિય | ૨<br>શ્રુતજ્ઞાન, શ્રુતઅજ્ઞાન | × | ૨ | પાંચ ઉપયોગ હોય તેમાંથી પશ્યતા બે જ હોય |
| ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | ૨<br>શ્રુતજ્ઞાન, શ્રુતઅજ્ઞાન | ૧<br>ચક્ષુદર્શન | ૩ | ચક્ષુદર્શન વધે છે. |
| કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય | ૬ | ૩ | ૯ | સર્વ ગુણસ્થાન હોવાથી સર્વ પશ્યતા હોય |
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | ૧<br>શ્રુત અજ્ઞાન | ૧<br>ચક્ષુદર્શન | ૨ | ઉપયોગ ૪ હોય, પણ પશ્યતા બે જ હોય |
| ૩૦ અકર્મભૂમિના યુગલિક મનુષ્ય | ૨<br>શ્રુતજ્ઞાન, શ્રુતઅજ્ઞાન | ૧<br>ચક્ષુદર્શન | ૩ | ઉપયોગ ૬ હોય, પણ પશ્યતા ત્રણ જ હોય |
| ૫૬ અંતરદ્વીપના યુગલિક મનુષ્ય | ૧<br>શ્રુતઅજ્ઞાન | ૧<br>ચક્ષુદર્શન | ૨ | એકાંત મિથ્યાત્વી હોવાથી શ્રુતજ્ઞાન નથી. |

**ચોવીશ દંડકના જીવોમાં પશ્યતાનું કારણ :–**

**१३** **जीवा णं भंते ! किं सागारपस्सी अणागारपस्सी ? गोयमा ! जीवा सागारपस्सी वि अणागारपस्सी वि । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जीवा सागारपस्सी वि अणागारपस्सी वि ?**

**गोयमा ! जे णं जीवा सुयणाणी ओहिणाणी मणपज्जवणाणी केवलणाणी सुयअण्णाणी विभंगणाणी ते णं जीवा सागारपस्सी, जे णं जीवा चक्खुदंसणी ओहिदंसणी केवलदंसणी ते णं जीवा अणागारपस्सी, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– जीवा सागारपस्सी वि अणागारपस्सी वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ સાકારપશ્યતાવાળો હોય છે કે અનાકારપશ્યતાવાળો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ સાકારપશ્યતાવાળો પણ હોય છે અને અનાકારપશ્યતાવાળો પણ હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જીવ સાકારપશ્યતાવાળો પણ હોય છે અને અનાકાર-પશ્યતાવાળો પણ હોય છે.

**ઉત્તર–** હે ગૌતમ ! જે જીવો શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની, શ્રુતઅજ્ઞાની અને વિભંગજ્ઞાની હોય છે, તેઓ સાકારપશ્યતાવાળા કહેવાય છે અને જે જીવો ચક્ષુદર્શની, અવધિદર્શની અને કેવળદર્શની હોય છે, તેઓ અનાકારપશ્યતાવાળા હોય છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે જીવો સાકારપશ્યતાવાળા પણ હોય છે અને અનાકારપશ્યતાવાળા પણ હોય છે.

**१४** **णेरइया णं भंते ! किं सागारपस्सी अणागारपस्सी ?**

**गोयमा ! एवं चेव, णवरं– सागारपासणयाए मणपज्जवणाणी केवलणाणी ण वुच्चंति, अणागारपासणयाए केवलदंसणं णत्थि । एवं** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો સાકારપશ્યતાવાળા છે કે અનાકારપશ્યતાવાળા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ બંને પ્રકારના પશ્યતાવાળા હોય છે પરંતુ નૈરયિકોમાં સાકારપશ્યતામાં મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાની નથી અને અનાકારપશ્યતામાં કેવળદર્શની નથી.

આ જ રીતે સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.

**१५** **पुढविक्काइयाणं भंते ! पुच्छा ? गोयमा ! पुढविक्काइया सागारपस्सी, णो अणागारपस्सी । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! पुढविक्काइयाणं एगा सुयअण्णाणसागारपासणया पण्णत्ता, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ । एवं** *जाव* **वणस्सइकाइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો સાકાર પશ્યતાવાળા હોય છે કે અનાકાર પશ્યતા-વાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો સાકારપશ્યતાવાળા હોય છે, અનાકારપશ્યતા-વાળા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે પૃથ્વીકાયિક જીવો સાકારપશ્યતાવાળા છે, અનાકાર પશ્યતાવાળા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિકોમાં એકમાત્ર શ્રુતઅજ્ઞાન સાકારપશ્યતા હોય છે. તેથી હે ગૌતમ ! એમ કહેવાય છે કે પૃથ્વીકાયિક જીવો સાકારપશ્યતાવાળા છે, અનાકાર પશ્યતાવાળા નથી.

આ જ રીતે અપ્કાયિકથી લઈને વનસ્પતિકાયિકો સુધી જાણવું જોઈએ.

**१६ बेइंदियाणं भंते ! पुच्छा ? गोयमा ! सागारपस्सी, णो अणागारपस्सी । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! बेइंदियाणं दुविहा सागारपासणया पण्णत्ता । तं जहा– सुयणाण-सागारपासणया य सुयअण्णाणसागारपासणया य । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ । एवं तेइंदियाण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવો સાકારપશ્યતાવાળા છે કે અનાકારપશ્યતાવાળા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેઓ સાકારપશ્યતાવાળા છે, અનાકારપશ્યતાવાળા નથી. **પ્રશ્ન–** હે ભગવન્! તેનું શું કારણ છે કે બેઇન્દ્રિય જીવો સાકારપશ્યતાવાળા છે, અનાકારપશ્યતા વાળા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! બેઇન્દ્રિય જીવોને બે પ્રકારના સાકાર પશ્યતા હોય છે, યથા– શ્રુતજ્ઞાન સાકાર પશ્યતા અને શ્રુતઅજ્ઞાન સાકારપશ્યતા. તેથી હે ગૌતમ ! એમ કહેવાય છે કે બેઇન્દ્રિય સાકારપશ્યતા-વાળા છે, અનાકારપશ્યતાવાળા નથી. આ જ રીતે તેઇન્દ્રિય જીવોના વિષયમાં પણ કથન કરવું જોઈએ.

**१७ चउरिंदियाणं भंते ! पुच्छा ? गोयमा ! चउरिंदिया सागारपस्सी वि अणागार-पस्सी वि । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जे णं चउरिंदिया सुयणाणी सुयअण्णाणी ते णं चउरिंदिया सागार-पस्सी, जे णं चउरिंदिया चक्खुदंसणी ते णं चउरिंदिया अणागारपस्सी । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ । मणूसा जहा जीवा । अवसेसा जहा णेरइया *जाव* वेमाणिया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચૌરેન્દ્રિયની પશ્યતા વિષયક પૂર્વવત્ પ્રશ્નો ? **ઉત્તર–** હે ગૌતમ ! ચૌરેન્દ્રિય જીવોને સાકારપશ્યતા અને અનાકારપશ્યતા પણ હોય છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ચૌરેન્દ્રિય જીવોને સાકાર અને અનાકાર પશ્યતા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચૌરેન્દ્રિયજીવો શ્રુતજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની હોય છે, તેથી તે સાકાર પશ્યતા-વાળા અને તે ચક્ષુદર્શની છે, તેથી અનાકારપશ્યતાવાળા છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે ચૌરેન્દ્રિયો સાકારપશ્યતાવાળા પણ છે અને અનાકારપશ્યતાવાળા પણ છે. મનુષ્યોનું પશ્યતા સંબંધિત કથન સમુચ્ચય જીવોની સમાન જાણવું. શેષ વૈમાનિક સુધીના જીવોના પશ્યતા નૈરયિકોની સમાન જાણવા જોઈએ.

**કેવળીમાં બંને ઉપયોગની ક્રમિકતા :–**

**१८ केवली णं भंते ! इमं रयणप्पभं पुढविं आगारेहिं हेऊहिं उवमाहिं दिट्ठंतेहिं**

**वण्णेहिं संठाणेहिं पमाणेहिं पडोयारेहिं जं समयं जाणइ तं समयं पासइ जं समयं पासइ तं समयं जाणइ ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ- केवली णं इमं रयणप्पभं पुढविं आगारेहिं** *जाव* **जं समयं जाणइ णो तं समयं पासइ, जं समयं पासइ णो तं समयं जाणइ?**

**गोयमा ! सागारे से णाणे भवइ, अणागारे से दंसणे भवइ । से तेणट्ठेणं** *जाव* **णो तं समयं जाणइ । एवं** *जाव* **अहेसत्तमं । एवं सोहम्मं कप्पं** *जाव* **अच्चुयं गेवेज्जग-विमाणे अणुत्तरविमाणे ईसीपब्भारं पुढविं परमाणुपोग्गलं दुपएसियं खंधं** *जाव* **अणंत-पएसियं खंधं ।**

**ભાવાર્થ:– પ્રશ્ન–** હે ભગવન્! શું કેવળજ્ઞાની આ રત્નપ્રભા પૃથ્વીને આકારોથી, હેતુઓથી, ઉપમાઓથી, દષ્ટાંતોથી, વર્ણોથી, સંસ્થાનોથી, પ્રમાણોથી અને પ્રત્યાવતારોથી પૂર્ણ રૂપે– ચારે બાજુથી જે સમયે જાણે છે, તે સમયે જુએ છે ? તથા જે સમયે જુએ છે, તે સમયે જાણે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કેવળી ભગવાન રત્નપ્રભા પૃથ્વીને આકારોથી ***યાવત્*** પ્રત્યાવતારોથી જે સમયે જાણે છે તે સમયે જોતા નથી અને જે સમયે જુએ છે તે સમયે જાણતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે સાકાર છે, તે જ્ઞાન છે અને જે અનાકાર છે તે દર્શન છે, તેથી જે સમયે જ્ઞાન હોય, તે સમયે દર્શન થતું નથી અને જે સમયે દર્શન થાય છે, તે સમયે જ્ઞાન થતું નથી. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહેવાય છે કે કેવળજ્ઞાની જે સમયે જાણે છે તે સમયે જોતા નથી ***યાવત્*** જે સમયે જુએ છે તે સમયે જાણતા નથી. આ જ રીતે શર્કરાપૃથ્વીથી અધઃસપ્તમ(સાતમી) નરક પૃથ્વી સુધી અને સૌધર્મ કલ્પથી અચ્યુતકલ્પ સુધી, ગ્રૈવેયક વિમાન, અનુત્તર વિમાન, ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી, પરમાણુ પુદ્ગલ, દ્વિપ્રદેશી સ્કંધ ***યાવત્*** અનંતપ્રદેશી સ્કંધ આદિ પ્રત્યેક પદાર્થોના જાણવા અને જોવાના વિષયમાં જાણવું જોઈએ.

**१९ केवली णं भंते ! इमं रयणप्पभं पुढविं अणागारेहिं अहेऊहिं अणुवमाहिं अदिट्ठंतेहिं अवण्णेहिं असंठाणेहिं अपमाणेहिं अपडोयारेहिं पासइ, ण जाणइ ?**

**हंता गोयमा ! केवली णं इमं रयणप्पभं पुढविं अणागारेहिं** *जाव* **पासइ, ण जाणइ । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ केवली णं इमं रयणप्पभं पुढविं अणागारेहिं** *जाव* **पासइ, ण जाणइ ?**

**गोयमा ! अणागारे से दंसणे भवइ सागारे से णाणे भवइ, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- केवली णं इमं रयणप्पभं पुढविं अणागारेहिं** *जाव* **पासइ, ण जाणइ । एवं** *जाव* **ईसीपब्भारं पुढविं परमाणुपोग्गलं अणंतपएसियं खंधं पासइ, ण जाणइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કેવળજ્ઞાની આ રત્નપ્રભા પૃથ્વીને અનાકારોથી, અહેતુઓથી, અનુપમાઓથી, અદષ્ટાંતોથી, અવર્ણોથી, અસંસ્થાનોથી, અપ્રમાણોથી અને અપ્રત્યાવતારોથી જુએ છે, પણ જાણતા નથી ? **ઉત્તર–** હે ગૌતમ ! કેવળી ભગવાન આ રત્નપ્રભા પૃથ્વીને અનાકારોથી ***યાવત્*** જુએ

છે, પણ જાણતા નથી. **પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કેવળી આ રત્નપ્રભા પૃથ્વીને અનાકારોથી જુએ છે, પણ જાણતા નથી ?

**ઉત્તર**– હે ગૌતમ ! જે અનાકાર હોય છે, તે દર્શન હોય છે અને સાકાર હોય છે તે જ્ઞાન હોય છે. તેથી હે ગૌતમ ! એમ કહેવાય છે કે કેવળી આ રત્નપ્રભા પૃથ્વીને અનાકારોથી ***યાવત્*** જુએ છે પણ જાણતા નથી. આ જ રીતે ***યાવત્*** ઈષત્પ્રાગ્ભારાપૃથ્વી, પરમાણુ પુદ્ગલ તથા અનંતપ્રદેશી સ્કંધ વગેરે પદાર્થોને જુએ છે, પણ જાણતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કેવળી ભગવાનના સાકાર અને અનાકાર ઉપયોગની સ્વતંત્રતા દર્શાવી છે.

કેવળી ભગવાનને ચાર ઘાતી કર્મોનો ક્ષય થયો છે. તેઓ કેવળજ્ઞાન અને કેવળદર્શન દ્વારા લોકાલોકના ત્રૈકાલિક ભાવોને એક સમય માત્રમાં જાણવાનું અને જોવાનું સામર્થ્ય ધરાવે છે. તેમ છતાં સાકાર-અનાકાર બંને પ્રકારના ઉપયોગનું સ્વરૂપ સ્વતંત્ર હોવાથી કેવળી ભગવાનને પણ છદ્મસ્થ જીવોની જેમ સાકાર અને અનાકાર બંને ઉપયોગ ક્રમશઃ જ હોય છે.

અનાકારોપયોગ દર્શન સ્વરૂપ છે. તે વસ્તુને વિશેષ પ્રકારના આકાર-પ્રકાર રહિત સામાન્યપણે જુએ છે અને સાકારોપયોગ જ્ઞાનરૂપ છે. તે વસ્તુને વિશેષ પ્રકારના આકાર-પ્રકાર સહિત વિશેષપણે જાણે છે. જેમ કે પશુ સમૂહ ઉપર દષ્ટિ પડતાં જોવું કે આ પશુઓ છે, તે અનાકારોપયોગ–દર્શન છે અને આ ગાય છે, કાળી છે, દુધાળી છે, શાંત છે, યુવાન છે; તે પ્રમાણે જાણવું, તે સાકારોપયોગ–જ્ઞાન છે.

જે સમયે દર્શનોપયોગ હોય છે, તે સમયે જ્ઞાનોપયોગ હોતો નથી અને જે સમયે જ્ઞાનોપયોગ હોય છે, તે સમયે દર્શનોપયોગ હોતો નથી. કોઈ પણ જ્ઞાની જે સમયે વસ્તુને જુએ છે તે જ સમયે જાણતા નથી અને જે સમયે જાણે છે તે જ સમયે જોતા નથી, તેથી કેવળી ભગવાનને સાકાર અને અનાકાર બંને ઉપયોગ ક્રમિક હોય છે.

**આગારેહિં આદિ પદોનું સ્પષ્ટીકરણ :–** (૧) **आगारेहिं**– કેવળી ભગવાન આ રત્નપ્રભા પૃથ્વીને આકારો-પ્રકારોથી અર્થાત્ રત્નપ્રભા પૃથ્વીના ત્રણકાંડ છે– ખરકાંડ, પંકકાંડ અને અપ્બહુલકાંડ. ખરકાંડના ૧૬(સોળ) ભેદો છે, તેમાંથી એક હજાર યોજનનો વૈડૂર્યકાંડ છે, ઈત્યાદિ આકારો-પ્રકારોથી. (૨) **हेउहिं**– યુક્તિઓથી. જેમ કે– આ પૃથ્વીનું નામ રત્નપ્રભા કેમ છે ? યુક્તિ દ્વારા તેનું સમાધાન એ છે કે રત્નમયકાંડ હોવાથી તેમાં રત્નોની પ્રભા-કાંતિ છે, તેથી આ પૃથ્વીનું રત્નપ્રભા નામ સાર્થક છે. (૩) **उवमाहिं**– ઉપમાઓથી, સમાનતાઓથી જાણવું, જેમ કે– વર્ણની અપેક્ષાએ પદ્મરાગમણિ સદશ રત્નમય કાંડની પ્રભા-કાંતિ છે, ઈત્યાદિ. (૪) **दिट्ठंतेहिं**– દષ્ટાંતોથી, ઉદાહરણોથી જેમ કે– ઘટ, પટથી ભિન્ન છે, તે જ રીતે રત્નપ્રભા-પૃથ્વી, શર્કરાપ્રભા પૃથ્વી આદિ અન્ય નરકપૃથ્વીઓથી ભિન્ન છે, કારણ કે તેના ધર્મો ભિન્ન છે, ઈત્યાદિ. (૫) **वण्णेहिं**– વર્ણ, ગંધાદિ ભેદથી. શુક્લાદિ વર્ણોના ઉત્કર્ષ-અપકર્ષરૂપ સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ અને અનંત ગુણના વિભાગથી તથા ગંધ, રસ અને સ્પર્શના વિભાગથી. (૬) **संठाणेहिं**– સંસ્થાન-આકારોથી. રત્નપ્રભા પૃથ્વીમાં રહેલા ભવનો અને નરકાવાસોની રચનાના આકારોથી. જેમ કે– ભવનો બહારથી ગોળ, અંદરથી ચોરસ, નીચેથી પુષ્કર કર્ણિકાની આકૃતિના છે. નરકાવાસો અંદરથી ગોળ, બહારથી ચોરસ અને નીચે ક્ષુરપ્ર (ખુરપા)ના આકારના છે, ઈત્યાદિ. (૭) **पमाणेहिं**– પ્રમાણોથી.

અર્થાત્ તેની લંબાઈ, પહોળાઈ, જાડાઈ આદિ રૂપ પરિમાણોથી. જેમ કે– એક લાખ એંશી હજાર યોજન જાડાઈ યુક્ત તથા એક રજ્જુ પ્રમાણ લંબાઈ પહોળાઈ પ્રમાણ રત્નપ્રભા પૃથ્વી છે, ઇત્યાદિ. (૮) **पडोयारेहिं**– પ્રત્યવતારોથી અર્થાત્ ઘેરાવાથી, ચારે તરફ પૂર્ણરૂપે વ્યાપ્ત કરનારા પદાર્થોથી. જેમ કે– ઘનોદધિ આદિ વલયો બધી દિશાઓ-વિદિશાઓમાં વ્યાપ્ત કરીને રહ્યા છે.

**૨૪ દંડકના જીવોમાં ઉપયોગ અને પશ્યતા :–**

| જીવ પ્રકાર | ઉપયોગ | | | પશ્યતા | | |
|---|---|---|---|---|---|---|
| | સાકાર | અનાકાર | કુલ | સાકાર | અનાકાર | કુલ |
| સમુચ્ચય જીવો,<br>કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યો | ૮<br>૫ જ્ઞાન<br>૩ જ્ઞાન | ૪<br>૪ દર્શન | ૧૨ | ૬<br>૪ જ્ઞાન<br>૨ અજ્ઞાન | ૩<br>૩ દર્શન | જ<br>૯ |
| નારકી, દેવતા<br>સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | ૬<br>૩ જ્ઞાન<br>૩ અજ્ઞાન | ૩<br>૩ દર્શન | ૯ | ૪<br>૨ જ્ઞાન<br>૨ અજ્ઞાન | ૨<br>૨ દર્શન | ૬ |
| પાંચ સ્થાવર | ૨<br>૨ અજ્ઞાન | ૧<br>અચક્ષુ દર્શન | ૩ | ૧<br>શ્રુત અજ્ઞાન | × | ૧ |
| બેઇન્દ્રિય, તેઇન્દ્રિય | ૪<br>૨ જ્ઞાન<br>૨ અજ્ઞાન | ૧<br>અચક્ષુ દર્શન | ૫ | ૨<br>૧ શ્રુત જ્ઞાન<br>૧ શ્રુત અજ્ઞાન | × | ૨ |
| ચૌરેન્દ્રિય<br>અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | ૪<br>૨ જ્ઞાન<br>૨ અજ્ઞાન | ૨<br>૨ દર્શન | ૬ | ૨<br>શ્રુત જ્ઞાન<br>શ્રુત અજ્ઞાન | ૧<br>ચક્ષુદર્શન | ૩ |
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | ૨<br>૨ અજ્ઞાન | ૨<br>દર્શન | ૪ | ૧<br>શ્રુત અજ્ઞાન | ૧<br>ચક્ષુદર્શન | ૨ |
| ૩૦ અકર્મભૂમિના<br>યુગલિક મનુષ્ય | ૪<br>૨ જ્ઞાન<br>૨ અજ્ઞાન | ૨<br>૨ દર્શન | ૬ | ૨<br>૧ જ્ઞાન<br>૧ અજ્ઞાન | ૧<br>૧ ચક્ષુદર્શન | ૩ |
| ૫૬ અંતરદ્વીપના<br>યુગલિક મનુષ્યો | ૨<br>૨ અજ્ઞાન | ૨<br>દર્શન | ૪ | ૧<br>અજ્ઞાન | ૧<br>ચક્ષુદર્શન | ૨ |

**॥ ત્રીસમું પદ સંપૂર્ણ ॥**

# એકત્રીસમું પદ

## પરિચય

આ પદનું નામ **સંજ્ઞીપદ** છે.

આ પદમાં સંજ્ઞી, અસંજ્ઞી અને નોસંજ્ઞી નોઅસંજ્ઞી, આ ત્રણ પ્રકારમાં જીવોનું વિભાજન છે.

જે જીવો મન સહિત હોય તે **સંજ્ઞી;** જે મન રહિત હોય તે **અસંજ્ઞી** અને સંજ્ઞી હોવા છતાં જે ચિંતન મનન રૂપ મનોવ્યાપારથી રહિત હોય તે **નોસંજ્ઞી નોઅસંજ્ઞી** છે.

પ્રસ્તુતમાં મનપર્યાપ્તિને પૂર્ણ કરવાની યોગ્યતા ધરાવતા જીવોને સંજ્ઞી કહ્યા છે.

સમુચ્ચય જીવ, ૨૪ દંડકના જીવ અને સિદ્ધજીવ, આ સર્વ જીવોમાં સંજ્ઞી-અસંજ્ઞી આદિનું કથન આ પદમાં કર્યું છે.

નારકી, ભવનપતિ અને વ્યંતર દેવો સંજ્ઞી અને અસંજ્ઞી બંને પ્રકારના છે. જ્યોતિષી અને વૈમાનિક દેવો સંજ્ઞી છે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય જીવો અસંજ્ઞી છે. તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો સંજ્ઞી-અસંજ્ઞી બંને છે. ૧૩–૧૪ ગુણસ્થાનવાળા એટલે કેવળી ભગવાન મનોવ્યાપારથી પર થઈ ગયા હોવાથી નોસંજ્ઞી નોઅસંજ્ઞી છે. સર્વ સિદ્ધ ભગવંતો અયોગી હોવાથી નોસંજ્ઞી નોઅસંજ્ઞી છે.

❖❖❖❖❖

# એકત્રીસમું પદ : સંજ્ઞી

**ચોવીશ દંડકોમાં સંજ્ઞી આદિ :–**

**१ जीवा णं भंते ! किं सण्णी, असण्णी, णोसण्णी-णोअसण्णी ? गोयमा ! जीवा सण्णी वि असण्णी वि णोसण्णी णोअसण्णी वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવો સંજ્ઞી છે, અસંજ્ઞી છે કે નોસંજ્ઞી નોઅસંજ્ઞી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવો સંજ્ઞી પણ છે, અસંજ્ઞી પણ છે અને નોસંજ્ઞી નોઅસંજ્ઞી પણ છે.

**२ णेरइया णं भंते ! पुच्छा ? गोयमा ! णेरइया सण्णी वि असण्णी वि, णो णोसण्णी णोअसण्णी । एवं असुरकुमारा *जाव* थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો સંજ્ઞી છે, અસંજ્ઞી છે કે નોસંજ્ઞી નોઅસંજ્ઞી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો સંજ્ઞી પણ છે, અસંજ્ઞી પણ છે, પરંતુ નોસંજ્ઞી નોઅસંજ્ઞી નથી. આ જ રીતે અસુરકુમારોથી લઈને સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.

**३ पुढविक्काइयाणं भंते ! पुच्छा ?**

**गोयमा ! णो सण्णी, असण्णी, णो णोसण्णी णोअसण्णी । एवं *जाव* वणस्सइ-काइयाणं । बेइंदिय-तेइंदिय-चउरिंदिया वि एवं चेव ।**

**मणूसा जहा जीवा । पंचेंदियतिरिक्खजोणिया वाणमंतरा य जहा णेरइया। जोइसिय-वेमाणिया सण्णी, णो असण्णी, णो णोसण्णी णोअसण्णी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકો શું સંજ્ઞી છે, અસંજ્ઞી છે કે નોસંજ્ઞી નોઅસંજ્ઞી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો સંજ્ઞી નથી, નોસંજ્ઞી નોઅસંજ્ઞી પણ નથી, પરંતુ અસંજ્ઞી છે. આ જ રીતે વનસ્પતિકાયિક સુધીના પાંચે સ્થાવર જીવો તથા બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચૌરેન્દ્રિય જીવો પણ અસંજ્ઞી જ હોય છે.

મનુષ્યોની વક્તવ્યતા સમુચ્ચય જીવોની જેમ જાણવી જોઈએ. પંચેન્દ્રિય તિર્યંચો અને વાણવ્યંતરોનું કથન નૈરયિકો સમાન છે. જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો સંજ્ઞી હોય છે, તેઓ અસંજ્ઞી નથી અને નોસંજ્ઞી નોઅસંજ્ઞી પણ નથી.

**४ सिद्धाणं भंते ! पुच्छा ? गोयमा ! णो सण्णी, णो असण्णी, णोसण्णी णोअसण्णी।**

**णेरइय तिरिय मणुया य, वणयरसुरा सण्णी असण्णी य ।**
**विगलिंदिया असण्णी, जोइस वेमाणिया सण्णी ॥१॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સિદ્ધજીવો સંજ્ઞી હોય છે ઇત્યાદિ પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓ

સંજ્ઞી નથી, અસંજ્ઞી નથી, પરંતુ નોસંજ્ઞી નોઅસંજ્ઞી છે.

**ગાથાર્થ–** નારકી, તિર્યંચ, મનુષ્ય, વાણવ્યંતર અને અસુરકુમારાદિ ભવનવાસી દેવો સંજ્ઞી અને અસંજ્ઞી હોય છે, વિકલેન્દ્રિયો અને એકેન્દ્રિયો અસંજ્ઞી છે તથા જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો સંજ્ઞી જ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય જીવોમાં, ૨૪ દંડકના જીવોમાં અને સિદ્ધોમાં સંજ્ઞી, અસંજ્ઞી અને નોસંજ્ઞી નોઅસંજ્ઞી સંબંધી વિચારણા છે.

**સંજ્ઞી, અસંજ્ઞી અને નોસંજ્ઞી નોઅસંજ્ઞી :–** (૧) જે જીવોને ભૂતકાલીન, વર્તમાનકાલીન અને ભવિષ્ય-કાલીન પદાર્થોની સમ્યક વિચારણા, મનોવૃત્તિ કે વૈચારિક શક્તિ હોય તે **સંજ્ઞી** કહેવાય છે. (૨) જેઓમાં વિશિષ્ટ સ્મરણાદિરૂપ મનોવિજ્ઞાન હોય, તે સંજ્ઞી છે. (૩) મન સહિતના જીવો **સંજ્ઞી** કહેવાય છે. જેઓ આ પ્રકારના મનોવિજ્ઞાનથી વિકલ(રહિત) હોય તે **અસંજ્ઞી** કહેવાય છે અર્થાત્ જેને મનોવૃત્તિનો અભાવ તે **અસંજ્ઞી** છે. જેઓ સંજ્ઞી અને અસંજ્ઞી બંને પ્રકારોથી અતીત હોય, તેવા કેવળી ભગવાન કે સિદ્ધજીવો **નોસંજ્ઞી નોઅસંજ્ઞી** કહેવાય છે.

સમસ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવો પર્યાપ્તાવસ્થામાં જ મનનો પ્રયોગ કરે છે, અપર્યાપ્તાવસ્થામાં મનનો પ્રયોગ હોતો નથી. તેમ છતાં સંજ્ઞી જીવો મનપર્યાપ્તિ પૂર્ણ કરવાના છે, તે જીવો અપર્યાપ્તાવસ્થામાં પણ સંજ્ઞી કહેવાય છે.

**નારકી–દેવતા** સંજ્ઞી જ હોય છે તેમ છતાં અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને પ્રથમ નરકના નારકીપણે કે ભવનપતિ તથા વ્યંતર જાતિના દેવપણે ઉત્પન્ન થાય, ત્યારે તેની અપર્યાપ્તાવસ્થામાં મનપર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી તે જીવોમાં પૂર્વભવની અપેક્ષાએ અસંજ્ઞીપણાનું કથન કરવામાં આવે છે. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને બીજીથી સાતમી નરકમાં કે જ્યોતિષી કે વૈમાનિક દેવમાં જતા નથી, તેથી તે સ્થાનોમાં સર્વ જીવો સંજ્ઞી હોય છે. સંજ્ઞી જીવો મરીને નરક કે દેવલોકમાં જાય ત્યારે તેની અપર્યાપ્તાવસ્થામાં પણ તે લબ્ધિની અપેક્ષાએ સંજ્ઞી કહેવાય છે.

**પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયોને** મનનો અભાવ હોવાથી અસંજ્ઞી જ હોય છે.

**તિર્યંચ પંચેન્દ્રિય–** જલચર, સ્થલચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચર, તે પાંચે પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિય જીવોમાં કેટલાક જીવો સંજ્ઞી અને કેટલાક જીવો અસંજ્ઞી હોય છે. આ રીતે તિર્યંચ પંચેન્દ્રિયમાં બંને પ્રકારના જીવો હોય છે.

**મનુષ્ય–** તેમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો એકાંતે અસંજ્ઞી હોય છે, યુગલિક મનુષ્યો એકાંતે સંજ્ઞી હોય છે અને કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો સંજ્ઞી હોય છે, તેમાં તેરમા, ચૌદમા ગુણસ્થાનવર્તી મનુષ્યો નોસંજ્ઞી નોઅસંજ્ઞી હોય છે.

કેવળી ભગવાનને ચિંતન-મનન રૂપ મનોયોગ નથી, તેથી તે સંજ્ઞી નથી તેમ છતાં કોઈ મનઃપર્યવજ્ઞાની કે અનુત્તર વિમાનના દેવોના મનથી પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર આપવા મનોવર્ગણાને તદાકારે પરિણત કરવા રૂપ મનનો પ્રયોગ કરે છે, તે દ્રવ્યમન છે, તેથી તે અસંજ્ઞી પણ નથી. આ રીતે કેવળી ભગવાન સંજ્ઞી પણ નથી અને અસંજ્ઞી પણ નથી, તેથી તેમના માટે નોસંજ્ઞી નોઅસંજ્ઞી શબ્દ પ્રયોગ થાય છે. સિદ્ધ જીવો પણ કેવળજ્ઞાની હોવાથી નોસંજ્ઞી નોઅસંજ્ઞી છે.

**૨૪ દંડકમાં સંજ્ઞી–અસંજ્ઞી :–**

| ક્રમ | જીવ ભેદ | સંજ્ઞી | અસંજ્ઞી | નોસંજ્ઞી–નોઅસંજ્ઞી |
|---|---|---|---|---|
| ૧ | પ્રથમ નરકના અપર્યાપ્તા | ✓ | ✓ | × |
| ૨ | પ્રથમ નરકના પર્યાપ્તા અને<br>૨ થી ૭ નરકના પર્યાપ્ત–અપર્યાપ્ત | ✓ | × | × |
| ૩ | ભવનપતિ, વ્યંતર અપર્યાપ્ત | ✓ | ✓ | × |
| | ભવનપતિ, વ્યંતર પર્યાપ્તા | ✓ | × | × |
| ૪ | પાંચ સ્થાવર | × | ✓ | × |
| ૫ | ત્રણ વિકલેન્દ્રિય | × | ✓ | × |
| ૬ | અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | × | ✓ | × |
| ૭ | સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | ✓ | × | × |
| ૮ | કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય | ✓ | × | ✓ |
| ૯ | યુગલિક મનુષ્ય | ✓ | × | × |
| ૧૦ | સંમૂર્ચ્છિમ મનુષ્ય | × | ✓ | × |
| ૧૧ | જ્યોતિષી, વૈમાનિક દેવો પર્યા૦–અપર્યા૦ | ✓ | × | × |
| ૧૨ | સિદ્ધ | × | × | ✓ |

**।। એકત્રીસમું પદ સંપૂર્ણ ।।**

# બત્રીસમું પદ

## પરિચય

આ પદનું નામ **સંયતપદ** છે.

સંયમની સાધના એ માનવજીવનની સર્વોત્કૃષ્ટ સફળતા છે. સંયમી જીવન દ્વારા મોક્ષની યાત્રા ઉત્તરોત્તર શીઘ્રતાથી પાર કરી શકાય છે.

શ્રી ભગવતી સૂત્ર શતક–૨૫માં પાંચ પ્રકારના ચારિત્રનું વિસ્તૃત વર્ણન છે. તે ચારિત્રવાન જીવોને જ અહીં 'સંયત' કહ્યા છે. **સામાયિક આદિ ચાર સંયત અવસ્થા ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે અને યથાખ્યાત સંયત અવસ્થા ચારિત્ર મોહનીયકર્મના ઉપશમ કે ક્ષયથી પ્રાપ્ત થાય છે.** જ્યારે જીવ આઠે ય કર્મોનો આત્યંતિક નાશ કરે ત્યારે નોસંયત નોઅસંયત નોસંયતાસંયત ભાવ પ્રગટ થાય છે.

પ્રસ્તુત પદમાં સમુચ્ચય જીવો અને ૨૪ દંડકના જીવોમાં સંયત, સંયતાસંયત, અસંયત અને નોસંયત નોઅસંયત નોસંયતાસંયત, આ ચાર પ્રકારનું વિભાજન છે.

જે જીવો સર્વ પ્રકારની પાપ પ્રવૃત્તિથી જીવનપર્યંત નિવૃત્ત થઈ ગયા છે તેવા સર્વવિરતિ સાધકો **સંયત** છે, જે જીવો પાપપ્રવૃત્તિથી આંશિક નિવૃત્ત થયા હોય, તેવા દેશવિરતિ ધર્મનું પાલન કરતા શ્રાવકો **સંયતા સંયત** છે. જે જીવો પાપપ્રવૃત્તિથી નિવૃત્ત થયા ન હોય, તેવા અવિરત જીવો **અસંયત** છે. સંયમનું પાલન તેમજ પાપપ્રવૃત્તિ શરીરના માધ્યમથી થાય છે તેથી પણ અશરીરી સિદ્ધ જીવો સંયત, સંયતાસંયત કે અસંયત નથી, તેથી તેના માટે **નોસંયત નોઅસંયત નોસંયતાસંયત** શબ્દનો પ્રયોગ થાય છે.

❖❖❖❖❖

# બત્રીસમું પદ : સંયત

**ચોવીશ દંડકોમાં સંયત આદિ :–**

**१ जीवा णं भंते ! किं संजया असंजया, संजयासंजया, णोसंजय णोअसंजय णोसंजयासंजया ? गोयमा ! जीवा णं संजया वि, असंजया वि, संजयासंजया वि, णोसंजय णोअसंजय णोसंजयासंजया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સમુચ્ચય જીવો શું સંયત છે, અસંયત છે, સંયતાસંયત છે કે નોસંયત નોઅસંયત નોસંયતાસંયત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવો સંયત પણ હોય છે, અસંયત પણ હોય છે, સંયતાસંયત પણ છે અને નોસંયત નોઅસંયત નોસંયતાસંયત પણ છે.

**२ णेरइया णं भंते ! किं संजया, असंजया, संजयासंजया, णोसंजय णोअसंजय णोसंजयासंजया ?**

**गोयमा ! णेरइया णो संजया, असंजया, णो संजयासंजया, णो णोसंजय णोअसंजय णोसंजयासंजया । एवं *जाव* चउरिंदिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો સંયત છે, અસંયત છે, સંયતાસંયત છે કે નોસંયત નોઅસંયત નોસંયતાસંયત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો સંયત નથી, સંયતાસંયત નથી અને નોસંયત નોઅસંયત નોસંયતાસંયત પણ નથી, પરંતુ અસંયત હોય છે. આ જ રીતે દશ ભવનપતિ, પાંચ સ્થાવર,બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય સુધીના ૧૮ દંડકના જીવો અસંયત છે. તે બધામાં શેષ સંયત આદિ ત્રણે ભાવ નથી.

**३ पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! पुच्छा ? गोयमा ! पंचेंदियतिरिक्खजोणिया णो संजया, असंजया वि, संजयासंजया वि, णो णोसंजय णोअसंजय णोसंजयासंजया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચ પંચેન્દ્રિય જીવો શું સંયત હોય છે ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચ જીવો સંયત નથી અને નોસંયત નોઅસંયત નોસંયતાસંયત પણ નથી પરંતુ તે અસંયત અથવા સંયતાસંયત હોય છે.

**४ मणूसा णं भंते ! पुच्छा ? गोयमा ! मणूसा संजया वि असंजया वि, संजया-संजया वि, णो णोसंजय णोअसंजय णो संजयासंजया । वाणमंतर-जोइसिय-वेमाणिया जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યો શું સંયત હોય છે, ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! મનુષ્યો સંયત પણ હોય છે, અસંયત પણ હોય છે, સંયતાસંયત પણ હોય છે,

પરંતુ નોસંયત નોઅસંયત નોસંયતાસંયત હોતા નથી. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોનું કથન નૈરયિકોની સમાન જાણવું જોઈએ.

**૫ सिद्धा णं भंते ! पुच्छा ? गोयमा ! सिद्धा णो संजया, णो असंजया, णो संजया-संजया, णोसंजय णोअसंजय णोसंजयासंजया ।**

**संजय असंजय मीसगा य, जीवा तहेव मणूया य ।**
**संजयरहिया तिरिया, सेसा असंजया होंति ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સિદ્ધો શું સંયત હોય છે ઇત્યાદિ પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! સિદ્ધો સંયત નથી, અસંયત નથી અને સંયતાસંયત પણ નથી, પરંતુ નોસંયત નોઅસંયત નોસંયતાસંયત છે.

**ગાથાર્થ–** સમુચ્ચય જીવ અને મનુષ્યો સંયત, અસંયત અને સંયતાસંયત હોય છે. તિર્યંચ પંચેન્દ્રિય સંયત હોતા નથી પરંતુ અસંયત અને સંયતાસંયત હોય છે. શેષ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને દેવો તથા નારકી જીવો અસંયત હોય છે.

**વિવેચન :–**

જે જીવો સર્વ પ્રકારના સાવદ્યયોગોથી એટલે હિંસા આદિ પાપસ્થાનોથી સર્વથા નિવૃત્ત થઈ ગયા હોય અને ચારિત્ર પરિણામની વૃદ્ધિના કારણભૂત નિરવદ્ય યોગોમાં પ્રવર્તતા હોય તેઓ **સંયત** છે. તેનાથી વિપરીત સર્વથા અવિરત જીવો **અસંયત** છે. જે હિંસાદિ પાપસ્થાનોથી આંશિકરૂપે વિરત છે, તે **સંયતાસંયત** છે. જે જીવો સંયતાદિ ત્રણે પ્રકારના ભાવોથી ભિન્ન અવસ્થામાં વર્તે છે, તે **નોસંયત નોઅસંયત નોસંયતાસંયત** કહેવાય છે.

એકથી ચાર ગુણસ્થાનવર્તી અવિરત જીવો અસંયત છે. પાંચમા ગુણસ્થાનવર્તી દેશવિરતિ શ્રાવકો સંયતાસંયત છે, છટ્ઠાથી ચૌદમા ગુણસ્થાનવર્તી સર્વવિરતિ શ્રમણો સંયત છે અને અશરીરી સિદ્ધ જીવો નોસંયત નોઅસંયત નોસંયતાસંયત છે.

**સમુચ્ચય જીવો–** તેમાં સમસ્ત સંસારી જીવોનો અને સિદ્ધોનો સમાવેશ થાય છે, તેથી તેમાં સંયતાદિ ચારે પ્રકારના ભાવો હોય છે.

**નારકી-દેવો**માં પ્રથમ ચાર ગુણસ્થાન હોય છે તેથી તે જીવો અસંયત જ હોય છે. નારકી(દેવસંયોગે) અને દેવો ધર્મશ્રવણ, સમ્યગ્દર્શન આદિ પ્રાપ્ત કરી શકે છે પરંતુ વ્રત પ્રત્યાખ્યાન કરી શકતા નથી.

**પાંચ સ્થાવર જીવો** એકાંત મિથ્યાત્વી હોવાથી માત્ર અસંયત છે.

**ત્રણ વિકલેન્દ્રિય**માં અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમ્યગ્દર્શન હોય છે અને પર્યાપ્તાવસ્થામાં એકાંત મિથ્યાત્વી હોય છે, આ રીતે પર્યાપ્ત, અપર્યાપ્ત બંને અવસ્થામાં તેઓ અસંયત હોય છે.

**તિર્યંચ પંચેન્દ્રિય**માં પ્રથમના પાંચ ગુણસ્થાન હોય છે. તેમાં કેટલાક જીવો ઉપદેશ શ્રવણથી અને જાતિસ્મરણ જ્ઞાનથી શ્રાવક વ્રતોનો સ્વીકાર કરી શકે છે, તે સંયતાસંયત છે. તે સિવાયના સર્વ જીવો અસંયત હોય છે. શ્રાવક વ્રતનો સ્વીકાર કર્યા પછી કેટલાક તિર્યંચો અંત સમયે ચારે પ્રકારના આહારના તેમજ સમસ્ત પાપ પ્રવૃત્તિના ત્રણ કરણ-ત્રણ યોગે પચ્ચક્ખાણ કરીને સંથારો પણ કરે છે. તેના તે પ્રત્યાખ્યાન

શ્રાવકના ઉત્તર ગુણ પ્રત્યાખ્યાન છે. તે જીવોને પ્રત્યાખ્યાનાવરણીય કષાયનો ઉદય હોવાથી મહાવ્રત તથા સામાયિક ચારિત્ર ગ્રહણના પરિણામ થતા નથી, પાપપ્રવૃત્તિનો ત્યાગ અને ચારિત્ર ભાવનો સ્વીકાર, તે બંનેમાં કંઈક ભિન્નતા છે. તિર્યંચ શ્રાવકને કે મનુષ્ય શ્રાવકને ભક્તપ્રત્યાખ્યાન આદિ સંથારા સમયે પાપપ્રવૃત્તિનો ત્યાગ હોય છે પરંતુ તેઓને ચારિત્રનો સ્વીકાર હોતો નથી, તેથી તે જીવો સંયત થતા નથી પરંતુ સંથારા સમયે પણ તેઓ સંયતાસંયત જ કહેવાય છે. સંયતાસંયત મનુષ્યોને ભક્તપ્રત્યાખ્યાન સંથારાની અવસ્થામાં ગૃહસ્થો જ સેવા પરિચર્યા કરે છે, માટે તે સંયત કહેવાતા નથી પરંતુ સંયતાસંયત જ કહેવાય છે.

**મનુષ્યો**માં સંમૂચ્છિમ મનુષ્યો એકાંત મિથ્યાત્વી હોવાથી અસંયત છે. યુગલિક મનુષ્યોમાં એક થી ચાર ગુણસ્થાન હોય છે. તે યુગલિક મનુષ્યોને વ્રત પચ્ચક્ખાણના પરિણામો થતા નથી, તેથી તેઓ અસંયત હોય છે. કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોમાં એકથી ચૌદ ગુણસ્થાન હોય છે, તેમાં સંયત, સંયતાસંયત અને અસંયત આ ત્રણે પ્રકારના ભાવો હોય છે. મનુષ્યો અશરીરી હોતા નથી, તેથી તે નોસંયત નોઅસંયત નોસંયતાસંયત નથી.

**સિદ્ધ જીવો** અશરીરી છે. તે જીવો અવિરતિના પરિણામોથી ઉપર ઊઠી ગયા છે, તેથી તે અસંયત નથી. દેશવિરતિ-સર્વવિરતિ રૂપ ચારિત્રનું પાલન શરીરના આશ્રયે થાય છે, સિદ્ધો અશરીરી હોવાથી સંયત કે સંયતાસંયત પણ નથી. આઠે કર્મોના સંપૂર્ણ ક્ષયથી નોસંયત નોઅસંયત ભાવ પ્રગટ થાય છે, તેથી તેઓ નોસંયત નોઅસંયત નોસંયતાસંયત છે.

સંક્ષેપમાં સમુચ્ચય જીવોમાં સંયતાદિ ચારે બોલ, મનુષ્યોમાં સંયતાદિ ત્રણ બોલ, તિર્યંચ પંચેન્દ્રિયમાં સંયતાસંયત અને અસંયત, આ બે બોલ અને શેષ બાવીસ દંડકના જીવો અસંયત હોય છે અને સિદ્ધો નોસંયત નોઅસંયત નોસંયતાસંયત હોય છે.

**૨૪ દંડકના જીવોમાં સંયતાદિ :–**

| ક્રમ | જીવ ભેદ | સંયત | અસંયત | સંયતાસંયત | નોસંયત આદિ |
|---|---|---|---|---|---|
| ૧ | સમુચ્ચય જીવ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૨ | તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય આ બે વર્જીને બાવીશ દંડકના જીવો | × | ✓ | × | × |
| ૩ | તિર્યંચ પંચેન્દ્રિય | × | ✓ | ✓ | × |
| ૪ | મનુષ્ય | ✓ | ✓ | ✓ | × |
| ૫ | સિદ્ધ ભગવાન | × | × | × | ✓ |

**॥ બત્રીસમું પદ સંપૂર્ણ ॥**

# તેત્રીસમું પદ

## પરિચય

આ પદનું નામ **અવધિપદ** છે. તેમાં અવધિજ્ઞાનના ભેદ, વિષય, સંસ્થાનાદિ અવધિજ્ઞાન સંબંધિત વિવિધ વિષયોની પ્રરૂપણા છે.

અવધિજ્ઞાન અતીન્દ્રિય પરંતુ સીમિત જ્ઞાન છે. અવધિજ્ઞાનથી કેવળ રૂપી દ્રવ્યોને જ જાણી શકાય છે, અરૂપી દ્રવ્યોને જાણી શકાતા નથી.

અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મર્યાદિત ક્ષેત્રમાં રહેલ રૂપી પદાર્થોને સાક્ષાત્ આત્માથી જે જાણે, તે **અવધિજ્ઞાન** કહેવાય છે.

નારકી અને દેવતાને જન્મથી જ અવધિજ્ઞાન હોય છે. કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયોમાં કેટલાક મનુષ્યો અને તિર્યંચોને ક્યારેક સ્વાભાવિક ક્ષયોપશમથી અને કેટલાકને સાધનાથી અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે. **મનુષ્યોમાં કેટલાક મનુષ્યો પૂર્વ ભવ સંબંધી અવધિજ્ઞાન સાથે લઈને જન્મધારણ કરે છે. તિર્યંચોમાં પૂર્વભવ સંબંધી અવધિજ્ઞાન જન્મ સમયે હોતું નથી.**

અવધિજ્ઞાન ક્ષાયોપશમિક જ્ઞાન હોવાથી તેમાં અનેક પ્રકારની વિવિધતા હોય છે. નારકી અને દેવતાને જન્મથી જે અવધિજ્ઞાન હોય છે તેટલું જ જીવનપર્યંત રહે છે, તેમાં વધ-ઘટ થતી નથી. મનુષ્ય અને તિર્યંચોને જે અવધિજ્ઞાન થાય તેમાં આત્મપરિણામોની શુદ્ધિ-અશુદ્ધિથી વધ-ઘટ થતી રહે છે. ક્યારેક પ્રાપ્ત થયેલું અવધિજ્ઞાન નાશ પામી જાય છે અને ક્યારેક જીવનપર્યંત કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પર્યંત રહે છે. અવધિજ્ઞાનની આવી અનેક પ્રકારની વિવિધતાને સૂત્રકારે અનુગામી, અનનુગામી, વર્ધમાન, હીયમાન, પ્રતિપાતિ-અપ્રતિપાતિ અવસ્થિત-અનવસ્થિત આદિ પ્રકારોથી સ્પષ્ટતા કરી છે. તે ઉપરાંત તેમાં આભ્યંતર અવધિ-બાહ્યાવધિ, દેશાવધિ-સર્વાવધિ આદિ વિવિધતાઓ પણ હોય છે.

અવધિજ્ઞાની જીવ **દ્રવ્યથી** અનંત રૂપી દ્રવ્યોને, **ક્ષેત્રથી** જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ લોક અને અલોકમાં પણ લોક જેટલા અસંખ્ય ખંડ હોય તો તે ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થોને, **કાલથી** જઘન્ય આવલિકાના અસંખ્યાતમા ભાગના અતીત-અનાગતકાલને અને ઉત્કૃષ્ટ અતીત-અનાગત અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી કાલમાં રહેલા રૂપી પદાર્થોને અને **ભાવથી** રૂપી પદાર્થોની અનંતાનંત પર્યાયોને જાણે છે અને જુએ છે. ચારે ગતિના જીવોના અવધિજ્ઞાનનો વિષય, સંસ્થાન આદિ ભિન્ન-ભિન્ન હોય છે. જેમ-જેમ જીવના આત્મપરિણામોની નિર્મળતા વધતી જાય, તેમ-તેમ તેના અવધિજ્ઞાનનો વિષય વધતો જાય છે.

આ પદમાં દશ દ્વારના માધ્યમથી અવધિજ્ઞાનના સ્વરૂપને સ્પષ્ટ કર્યું છે.

❖❖❖❖❖

# તેત્રીસમું પદ : અવધિજ્ઞાન

**વિષય નિર્દેશ :-**

**૧** **भेद विसय संठाणे, अब्भिंतर बाहिरे य देसोही ।**
**ओहिस्स य खयवुड्डी, पडिवाई चेव अपडिवाई ॥**

**ભાવાર્થ :-** (૧) ભેદ (૨) વિષય (૩) સંસ્થાન (૪) આભ્યંતરાવધિ (૫) બાહ્યાવધિ (૬) દેશાવધિ (૭) ક્ષય–હીયમાનઅવધિ (૮) વૃદ્ધિ–વર્ધમાનઅવધિ (૯) પ્રતિપાતી અવધિ (૧૦) અપ્રતિપાતી અવધિ. આ દશ દ્વાર છે.

**વિવેચન :-**

**(૧)** ભેદ દ્વાર– અવધિજ્ઞાનના ભેદ-પ્રભેદ. **(૨)** વિષય દ્વાર– અવધિજ્ઞાનનું વિષયભૂત ક્ષેત્ર. **(૩)** સંસ્થાન દ્વાર– અવધિજ્ઞાનના વિષયભૂત ક્ષેત્રનો આકાર. **(૪)** આભ્યંતરાવધિ દ્વાર– આભ્યંતર અવધિજ્ઞાન. **(૫)** બાહ્યાવધિ દ્વાર– બાહ્ય અવધિજ્ઞાન. **(૬)** દેશાવધિ દ્વાર– તેમાં દેશ અવધિજ્ઞાન અને સર્વ અવધિજ્ઞાન. **(૭)** ક્ષય દ્વાર– હીયમાનઅવધિજ્ઞાન. **(૮)** વૃદ્ધિ દ્વાર– વર્ધમાન અવધિજ્ઞાન.**(૯)** પ્રતિપાતિ દ્વાર– પ્રતિપાતિ અવધિજ્ઞાન. **(૧૦)** અપ્રતિપાતિ દ્વાર– અપ્રતિપાતિ અવધિજ્ઞાનનું નિરૂપણ છે. આ પદમાં દશ દ્વારોના માધ્યમે ક્રમશઃ અવધિજ્ઞાનનું વર્ણન છે.

આ દશ દ્વારમાંથી ચોથા-પાંચમા દ્વારની, સાતમા-આઠમા દ્વારની તથા નવમા-દસમા દ્વારની સમ્મિલિત ગણના કરવાની અપેક્ષાએ સાત દ્વારનો ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે.

**(૧) ભેદ દ્વાર :-**

**२** **कइविहा णं भंते ! ओही पण्णत्ता ?**

**गोयमा ! दुविहा ओही पण्णत्ता, तं जहा- भवपच्चइया य खओवसमिया य। दोण्हं भवपच्चइया, तं जहा- देवाण य णेरइयाण य । दोण्हं खओवसमिया, तं जहा- मणूसाण य पंचेंदियतिरिक्खजोणियाण य ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! અવધિજ્ઞાનના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અવધિજ્ઞાનના બે પ્રકાર છે, જેમ કે– ભવપ્રત્યયિક અવધિજ્ઞાન અને ક્ષાયોપશમિક અવધિજ્ઞાન. બે ગતિના જીવોને ભવપ્રત્યયિક અવધિજ્ઞાન હોય છે– દેવોને અને નૈરયિકોને. બે ગતિના જીવોને ક્ષાયોપશમિક અવધિજ્ઞાન હોય છે– મનુષ્યોને અને તિર્યંચ પંચેન્દ્રિયોને.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં અવધિજ્ઞાનના મુખ્ય બે ભેદનું કથન છે.

**અવધિજ્ઞાન :–** અવધિજ્ઞાનનો વ્યુત્પત્તિજન્ય અર્થ આ પ્રમાણે થાય છે– **अवधीयते इति अधोऽधो**

**विस्तृतं परिच्छिद्यते मर्यादया वेति ।** જે જ્ઞાન દ્વારા નીચે-નીચેની તરફ ઉત્તરોત્તર વિસ્તૃત બોધ થાય તે અવધિજ્ઞાન છે.(અવધિજ્ઞાનનો આ વ્યુત્પત્તિલભ્ય અર્થ વૈમાનિક દેવોની અપેક્ષાએ છે. તેઓનું અવધિજ્ઞાન અધોદિશામાં વિસ્તૃત થતું જાય છે.) અથવા જેના દ્વારા મર્યાદા પૂર્વક જ્ઞાન થાય, તે અવધિજ્ઞાન છે.

અવધિજ્ઞાનનો પ્રચલિત અર્થ આ પ્રમાણે છે– ઇન્દ્રિય અને મનની સહાયતા વિના આત્માથી અવધિ-મર્યાદિત ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થોનું જ્ઞાન થાય તેને **અવધિજ્ઞાન** કહે છે.

નિમિત્તના ભેદથી તેના બે પ્રકાર છે– **(૧) ભવપ્રત્યયિક અવધિજ્ઞાન–** જે અવધિજ્ઞાનની પ્રાપ્તિમાં ભવ મુખ્યતમ નિમિત્ત બને અર્થાત્ ભવના નિમિત્તથી થતું અવધિજ્ઞાન ભવપ્રત્યયિક અવધિજ્ઞાન છે. **(૨) ક્ષાયોપશમિક અવધિજ્ઞાન–** જે અવધિજ્ઞાનની પ્રાપ્તિમાં અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જ મુખ્યતમ નિમિત્ત બને તેને ક્ષાયોપશમિક અવધિજ્ઞાન કહે છે.

અવધિજ્ઞાન ક્ષાયોપશમિક જ્ઞાન છે. ઉદયમાં આવેલા અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષય અને ઉદયમાં નહીં આવેલા કર્મદલિકોના ઉપશમથી અવધિજ્ઞાન પ્રગટ થાય છે.

કોઈ પણ જીવને અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જ અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેમ છતાં તેના નિમિત્તમાં ભિન્નતા હોય છે.જેમ પક્ષીઓને ઉડવાની કળા, જલચર જીવોને તરવાની કળા જન્મજાત હોય છે તેમ નૈરયિકો અને દેવોને અવધિજ્ઞાનની પ્રાપ્તિ જન્મજાત હોય છે. દેવ અને નરકભવમાં જન્મ થતાં જ સહજ રીતે અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થઈ જવાથી અવધિજ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે.

જેમ મનુષ્યો અને તિર્યંચોને ઉડવાની કળા વિદ્યા પ્રયોગથી કે વિદ્યાધરોના સંયોગથી તથા તરવાની કળા અભ્યાસથી પ્રાપ્ત થાય છે. તેમ તેઓને વિશિષ્ટ સાધનાથી અથવા વિશિષ્ટ સંયોગથી અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે.

તીર્થંકરોને તથા કેટલાક અન્ય મનુષ્યોને જન્મથી અવધિજ્ઞાન હોય છે, તેમ છતાં તેઓના અવધિજ્ઞાનમાં મનુષ્યભવ મુખ્ય કારણ નથી. પૂર્વભવના ક્ષયોપશમથી જ તે જીવો અવધિજ્ઞાન સહિત જન્મ ધારણ કરે છે, તેથી તેઓનું અવધિજ્ઞાન ભવપ્રત્યયિક નહીં પરંતુ ક્ષાયોપશમિક જ કહેવાય છે.

કર્મગ્રંથમાં ક્ષાયોપશમિક અવધિજ્ઞાનને જ ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન કહ્યું છે.

**(૨) વિષય દ્વાર :–**

**३ णेरइया णं भंते ! केवइयं खेत्तं ओहिणा जाणंति पासंति ? गोयमा ! जहण्णेणं अद्ध गाउयं, उक्कोसेणं चत्तारि गाउयाइं ओहिणा जाणंति पासंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો અવધિજ્ઞાન દ્વારા કેટલાં ક્ષેત્રને જાણે-દેખે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓ જઘન્ય અર્ધો ગાઉ અને ઉત્કૃષ્ટ ચાર ગાઉ ક્ષેત્રને અવધિજ્ઞાનથી જાણે-દેખે છે.

**४ रयणप्पभापुढविणेरइया णं भंते ! केवइयं खेत्तं ओहिणा जाणंति पासंति? गोयमा ! जहण्णेणं अद्धुट्ठाइं गाउयाइं, उक्कोसेणं चत्तारि गाउयाइं ओहिणा जाणंति पासंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો અવધિજ્ઞાનથી કેટલા ક્ષેત્રને જાણે-દેખે છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સાડા ત્રણ ગાઉ અને ઉત્કૃષ્ટ ચાર ગાઉ ક્ષેત્રને અવધિજ્ઞાનથી જાણે-દેખે છે.

**૫** **सक्करप्पभापुढविणेरइया जहण्णेणं तिण्णि गाउयाइं, उक्कोसेणं अद्धुट्ठाइं गाउयाइं ओहिणा जाणंति पासंति ।**

**ભાવાર્થ :–** શર્કરાપ્રભા પૃથ્વીના નૈરયિકો જઘન્ય ત્રણ ગાઉ અને ઉત્કૃષ્ટ સાડા ત્રણ ગાઉ ક્ષેત્રને અવધિજ્ઞાનથી જાણે-દેખે છે.

**૬** **वालुयप्पभापुढविणेरइया जहण्णेणं अड्ढाइज्जाइं गाउयाइं, उक्कोसेणं तिण्णि गाउयाइं ओहिणा जाणंति पासंति ।**

**ભાવાર્થ :–** વાલુકાપ્રભા પૃથ્વીના નૈરયિકો જઘન્ય અઢી ગાઉ અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉ ક્ષેત્રને અવધિજ્ઞાનથી જાણે-દેખે છે.

**૭** **पंकप्पभापुढविणेरइया जहण्णेणं दोण्णि गाउयाइं, उक्कोसेणं अड्ढाइज्जाइं गाउयाइं ओहिणा जाणंति पासंति ।**

**ભાવાર્થ :–** પંકપ્રભા પૃથ્વીના નૈરયિકો જઘન્ય બે ગાઉ અને ઉત્કૃષ્ટ અઢી ગાઉ ક્ષેત્રને અવધિજ્ઞાનથી જાણે-દેખે છે.

**૮** **धूमप्पभापुढविणेरइया जहण्णेणं दिवड्ढं गाउयं, उक्कोसेणं दो गाउयाइं ओहिणा जाणंति पासंति ।**

**ભાવાર્થ :–** ધૂમપ્રભા પૃથ્વીના નૈરયિકો જઘન્ય દોઢ ગાઉ અને ઉત્કૃષ્ટ બે ગાઉ ક્ષેત્રને અવધિજ્ઞાનથી જાણે-દેખે છે.

**૯** **तमापुढविणेरइया जहण्णेणं गाउयं, उक्कोसेणं दिवड्ढं गाउयं ओहिणा जाणंति पासंति ।**

**ભાવાર્થ :–** તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકો જઘન્ય એક ગાઉ અને ઉત્કૃષ્ટ દોઢ ગાઉ ક્ષેત્રને અવધિજ્ઞાનથી જાણે-દેખે છે.

**૧૦** **अहेसत्तमापुढविणेरइया णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अद्धगाउयं, उक्कोसेणं गाउयं ओहिणा जाणंति पासंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધઃસપ્તમ પૃથ્વીના નૈરયિકો અવધિજ્ઞાન દ્વારા કેટલા ક્ષેત્રને જાણે-દેખે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અર્ધો ગાઉ અને ઉત્કૃષ્ટ એક ગાઉ ક્ષેત્રને અવધિજ્ઞાનથી જાણે-દેખે છે.

**૧૧** **असुरकुमारा णं भंते ! ओहिणा केवइयं खेत्तं जाणंति पासंति ? गोयमा ! जहण्णेणं पणुवीसं जोयणाइं, उक्कोसेणं असंखेज्जे दीव-समुद्दे ओहिणा जाणंति पासंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવો અવધિજ્ઞાનથી કેટલા ક્ષેત્રને જાણે-દેખે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પચીસ યોજન અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા દ્વીપસમુદ્રો અવધિજ્ઞાનથી જાણે-દેખે છે.

**૧૨** **णागकुमारा णं जहण्णेणं पणुवीसं जोयणाइं, उक्कोसेणं संखेज्जे दीव-समुद्दे ओहिणा जाणंति पासंति । एवं** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :–** નાગકુમાર દેવો જઘન્ય પચીસ યોજન અને ઉત્કૃષ્ટ સંખ્યાત દ્વીપ-સમુદ્રો સુધીના ક્ષેત્રને અવધિજ્ઞાનથી જાણે-દેખે છે. આ જ રીતે સ્તનિતકુમાર સુધીના દેવોનું કથન કરવું જોઈએ.

**१३ पंचेंदियतिरिक्खजोणिया णं भंते ! केवइयं खेत्तं ओहिणा जाणंति पासंति? गोयमा ! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं असंखेज्जे दीवसमुद्दे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચ અવધિજ્ઞાનથી કેટલા ક્ષેત્રને જાણે-દેખે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા દ્વીપ-સમુદ્રોને જાણે-દેખે છે.

**१४ मणूसा णं भंते ! ओहिणा केवइयं खेत्तं जाणंति पासंति ? गोयमा ! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं असंखेज्जाइं अलोए लोयप्पमाणमेत्ताइं खंडाइं ओहिणा जाणंति पासंति । वाणमंतरा जहा णागकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યો અવધિજ્ઞાનથી કેટલા ક્ષેત્રને જાણે-દેખે છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અલોકમાં લોકપ્રમાણ અસંખ્યાત ખંડોને અવધિજ્ઞાનથી જાણે-દેખે છે. વાણવ્યંતર દેવોના અવધિજ્ઞાનનો વિષય નાગકુમાર દેવોની સમાન જાણવો જોઈએ.

**१५ जोइसिया णं भंते ! केवइयं खेत्तं ओहिणा जाणंति पासंति । गोयमा ! जहण्णेणं संखेज्जे दीवसमुद्दे, उक्कोसेणं वि संखिज्जे दीवसमुद्दे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યોતિષ્ક દેવો કેટલા ક્ષેત્રને અવધિજ્ઞાન દ્વારા જાણે-દેખે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સંખ્યાત દ્વીપ સમુદ્રોને તથા ઉત્કૃષ્ટ પણ સંખ્યાત દ્વીપ-સમુદ્રોને જાણે-દેખે છે.

**१६ सोहम्मगदेवा णं भंते ! केवइयं खेत्तं ओहिणा जाणंति पासंति ?**

**गोयमा ! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं अहे जाव इमीसे रयणप्पभाए पुढवीए हेट्ठिल्ले चरिमंते, तिरियं जाव असंखेज्जे दीवसमुद्दे, उड्ढं जाव सगाइं विमाणाइं ओहिणा जाणंति पासंति । एवं ईसाणगदेवा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મ દેવલોકના દેવો કેટલા ક્ષેત્રને અવધિજ્ઞાન દ્વારા જાણે-દેખે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ નીચે રત્નપ્રભા પૃથ્વીના નીચલા ચરમાંત સુધી, તિરછા અસંખ્યાત દ્વીપ-સમુદ્રો સુધી અને ઉપર પોત-પોતાનાં વિમાનો સુધીના ક્ષેત્રને અવધિજ્ઞાન દ્વારા જાણે-દેખે છે. આ જ રીતે ઈશાન દેવોના વિષયમાં પણ જાણવું જોઈએ.

**१७ सणंकुमारादेवा वि एवं चेव। णवरं अहे जाव दोच्चाए सक्करप्पभाए पुढवीए हेट्ठिल्ले चरिमंते । एवं माहिंदगदेवा वि ।**

**बंभलोग-लंतगदेवा तच्चाए पुढवीए हेट्ठिल्ले चरिमंते । महासुक्क-सहस्सारग-देवा चउत्थीए पंकप्पभाए पुढवीए हेट्ठिल्ले चरिमंते । आणय-पाणय-आरण-अच्चुय-देवा अहे जाव पंचमाए धूमप्पभाए पुढवीए हेट्ठिल्ले चरिमंते ।**

**ભાવાર્થ :–** સનત્કુમાર દેવોના અવધિજ્ઞાનનો વિષય પૂર્વવત્ જાણવો જોઈએ, વિશેષતા એ છે કે ત્રીજા દેવલોકના દેવો નીચે બીજી શર્કરાપ્રભા નરક પૃથ્વીના નીચલા ચરમાંત સુધી જાણે-દેખે છે. માહેન્દ્ર દેવોના

અવધિજ્ઞાનના વિષયનું કથન પણ આ જ પ્રમાણે જાણવું જોઈએ.

બ્રહ્મલોક અને લાંતકદેવો નીચે ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીના નીચલા ચરમાંત સુધી જાણે-દેખે છે. શેષ કથન પૂર્વવત્ જાણવું. મહાશુક્ર અને સહસ્રાર દેવલોકના દેવો નીચે ચોથી પંકપ્રભાપૃથ્વીના નીચલા ચરમાંત સુધી જાણે-દેખે છે. આણત, પ્રાણત, આરણ, અચ્યુત દેવલોકના દેવો નીચે પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના નીચલા ચરમાંત સુધી જાણે-દેખે છે.

**૧૮ हेट्ठिम-मज्झिमगेवेज्जगदेवा अहे छट्ठाए तमाए पुढवीए हेट्ठिल्ले चरिमंते। उवरिमगेवेज्जगदेवा णं भंते ! केवइयं खेत्तं ओहिणा जाणंति पासंति ?**

**गोयमा ! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं अहे जाव सत्तमाए पुढवीए हेट्ठिल्ले चरिमंते, तिरियं जाव असंखेज्जे दीव-समुद्दे, उड्ढं जाव सगाइं विमाणाइं ओहिणा जाणंति पासंति ।**

**ભાવાર્થ :–** નીચેની ત્રિક અને મધ્યમ ત્રિકના ગ્રૈવેયક દેવો નીચે છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીના નીચલા ચરમાંત સુધીના ક્ષેત્રને જાણે-દેખે છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિમ ત્રિકના ગ્રૈવેયક દેવો અવધિજ્ઞાનથી કેટલા ક્ષેત્રને જાણે-દેખે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ નીચે સાતમી અધઃસપ્તમ પૃથ્વીના નીચલા ચરમાંત સુધી, તિરછા અસંખ્યાત દ્વીપ-સમુદ્રો સુધી તથા ઉપર પોતાનાં વિમાનો સુધીના ક્ષેત્રને અવધિજ્ઞાનથી જાણે-દેખે છે.

**૧૯ अणुत्तरोववाइयदेवा णं भंते ! केवइयं खेत्तं ओहिणा जाणंति पासंति । गोयमा ! संभिण्णं लोगणालिं ओहिणा जाणंति पासंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનુત્તરોપપાતિક દેવો અવધિજ્ઞાન દ્વારા કેટલા ક્ષેત્રને જાણે-દેખે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓ સંભિન્ન લોકનાડી–દેશોન ચૌદ રજ્જુ પ્રમાણ ક્ષત્રને અવધિજ્ઞાનથી જાણે-દેખે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચારે ગતિના જીવોમાં અવધિજ્ઞાનના વિષયનું પ્રતિપાદન છે.

**(૧) નારકીના અવધિજ્ઞાનનો વિષય :–** નારકી અને દેવતાને ભવપ્રત્યયિક અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેના વિષયક્ષેત્રની મર્યાદા તેની સ્થિતિના આધારે નિશ્ચિત થાય છે. નીચે-નીચેની નરકમાં ક્રમશઃ સ્થિતિ વધતી જાય છે અને અવધિજ્ઞાનનું વિષયક્ષેત્ર ક્રમશઃ ઘટતું જાય છે અર્થાત્ નરકમાં અલ્પસ્થિતિ-વાળા નારકોના અવધિજ્ઞાનનું વિષયક્ષેત્ર અધિક હોય અને અધિક સ્થિતિવાળા નારકીના અવધિજ્ઞાનનું વિષયક્ષેત્ર ન્યૂન હોય છે.

નારકી અને દેવોને અવસ્થિત અવધિજ્ઞાન હોય છે, તેથી પોતાની સ્થિતિ અનુસાર જ્ઞાનના વિષયક્ષેત્રની મર્યાદા જન્મથી જ નિશ્ચિત થઈ જાય છે. જીવન પર્યંત તેમાં કોઈ પણ પ્રકારની વધઘટ થતી નથી. સાતે નરકના નારકીઓના અવધિજ્ઞાનનું વિષયક્ષેત્ર ભાવાર્થથી સ્પષ્ટ છે.

**(૨) ભવનપતિ અને વ્યંતરદેવોના અવધિજ્ઞાનનો વિષય :–** દેવોમાં અલ્પસ્થિતિવાળા દેવોનું વિષયક્ષેત્ર અલ્પ અને અધિક સ્થિતિવાળા દેવોનું વિષયક્ષેત્ર અધિક હોય છે. ઉપર-ઉપરના દેવલોકમાં સ્થિતિ ક્રમશઃ વધતી જાય છે તેમ અવધિજ્ઞાનનું વિષયક્ષેત્ર પણ ક્રમશઃ વધતું જાય છે. ભવનપતિ દેવો અવધિજ્ઞાનથી

જઘન્ય પચીસ યોજન અને ઉત્કૃષ્ટ અસંખ્યાત દ્વીપ-સમુદ્ર જેટલા ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થોને જાણે છે, જુએ છે. આ કથન સર્વ ભવનપતિદેવોની અપેક્ષાએ છે. પ્રત્યેક ભવનપતિ દેવને પોતાની સ્થિતિ અનુસાર એક જ પ્રકારનું અવધિજ્ઞાન હોય છે, યથા– ૧૦,૦૦૦ વર્ષની સ્થિતિવાળા દેવો પચીસ યોજન ક્ષેત્રને, પલ્યોપમની સ્થિતિવાળા દેવો સંખ્યાત દ્વીપ સમુદ્રોને અને સાગરોપમની સ્થિતિવાળા દેવો અસંખ્યાત દ્વીપ-સમુદ્રોને જાણે છે અને જુએ છે. નવનિકાયના દેવોની અને વ્યંતર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમ પ્રમાણ હોવાથી તે દેવો ઉત્કૃષ્ટ સંખ્યાત દ્વીપ-સમુદ્રોને જ જાણી-દેખી શકે છે.

**જ્યોતિષી દેવોના અવધિજ્ઞાનનો વિષય :–** જ્યોતિષી દેવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને પ્રકારની સ્થિતિ પલ્યોપમની ગણનામાં જ છે, તેથી તેના અવધિજ્ઞાનનો જઘન્ય અને ઉત્કૃષ્ટ વિષય સંખ્યાત દ્વીપ સમુદ્ર પ્રમાણ છે. સંખ્યાતના સંખ્યાતા ભેદ હોવાથી જઘન્ય વિષયથી ઉત્કૃષ્ટ વિષય અધિક હોય છે.

**વૈમાનિક દેવોના અવધિજ્ઞાનનો વિષય :–** જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થોને જાણે છે અને ઉત્કૃષ્ટ વિષયક્ષેત્ર પ્રત્યેક દેવલોકના દેવોનું ભિન્ન-ભિન્ન છે– વૈમાનિક દેવોની સ્થિતિ જઘન્ય ૧ પલ્યોપમ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ છે. તદનુસાર તે દેવોનું અવધિજ્ઞાન જઘન્ય પલ્યોપમની સ્થિતિવાળા દેવોને સંખ્યાત દ્વીપ-સમુદ્ર પ્રમાણ અને ઉત્કૃષ્ટ સાગરોપમની સ્થિતિ-વાળા દેવોનું અવધિજ્ઞાન અસંખ્ય દ્વીપ-સમુદ્ર પ્રમાણ, તેમ નિશ્ચિત ક્ષેત્રસીમાવાળું હોય છે.

**जहण्णेणं अंगुलस्स असंखेज्जइ भागं :–** ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષી દેવોના અવધિજ્ઞાનની ક્ષેત્રસીમાના કથનથી વૈમાનિક દેવોની ક્ષેત્ર સીમાના કથનમાં વિશેષતા છે. આ વિશેષતા અવધિજ્ઞાનની ક્ષેત્રસીમાની અપેક્ષાએ નહીં પરંતુ તેની સૂક્ષ્મતાની અપેક્ષાએ છે. જેમ-જેમ અવધિજ્ઞાનનું ક્ષેત્ર વધે છે તેમ-તેમ દ્રવ્યની અપેક્ષાએ તેની સૂક્ષ્મતા વધતી જાય છે. વૈમાનિક દેવોમાં કેટલાક વિશિષ્ટ અવધિજ્ઞાની અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા સૂક્ષ્મ રૂપી પદાર્થોને પણ જાણી-દેખી શકે છે. ભવનપતિ, વ્યંતર કે જ્યોતિષી દેવો આટલા સૂક્ષ્મ પદાર્થોને જાણી-દેખી શકતા નથી. વૈમાનિક દેવોમાં પણ પલ્યોપમની સ્થિતિવાળા દેવોમાં સૂક્ષ્મ પદાર્થોને જાણવાનું સામર્થ્ય નથી પરંતુ સાગરોપમની સ્થિતિવાળા દેવોમાં અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા સૂક્ષ્મ પદાર્થોને જાણવા-જોવાની વિશિષ્ટ ક્ષમતા હોય છે.

વૈમાનિક દેવોના અવધિજ્ઞાનના જઘન્ય વિષયક્ષેત્રના વિષયમાં ભિન્ન-ભિન્ન વિદ્વાનોએ ભિન્ન-ભિન્ન રીતે સ્પષ્ટીકરણ કર્યું છે, તે પ્રજ્ઞાવાનો માટે મનનીય છે.

**તિર્યંચ પંચેન્દ્રિયોનો અવધિજ્ઞાનનો વિષય :–** જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અસંખ્યાત દ્વીપ-સમુદ્ર પર્યંતના ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થોને જાણે-દેખે છે. મનુષ્યો અને તિર્યંચોને અનવસ્થિત અવધિજ્ઞાન હોવાથી તેમાં પરિણામોની શુદ્ધિ-અશુદ્ધિના આધારે ક્રમશઃ વધઘટ થાય છે.

અવધિજ્ઞાનની પ્રાપ્તિ સમયે અંગુલના અસંખ્યાતમા ભાગનું અત્યંત ન્યૂનતમ જ્ઞાન હોય છે, ત્યાર પછી ભાવવિશુદ્ધિથી ક્રમશઃ વૃદ્ધિ પામે છે અને પરિણામોની મલિનતાથી પ્રાપ્ત થયેલું નાનું કે મોટું કોઈ પણ અવધિજ્ઞાન નાશ પણ પામે છે.

**મનુષ્યોના અવધિજ્ઞાનનો વિષય :–** જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ લોક અને અલોકમાં પણ લોકપ્રમાણ અસંખ્યાત ખંડ હોય, તો તેને જાણવાનું સામર્થ્ય હોય છે. અલોકમાં રૂપી દ્રવ્ય નથી પરંતુ પ્રસ્તુતમાં અવધિજ્ઞાનના ઉત્કૃષ્ટ વિષયના સામર્થ્ય માત્રનું કથન છે કે જો અલોકમાં રૂપી દ્રવ્ય હોય તો તે અવધિજ્ઞાની અસંખ્ય લોક પ્રમાણ ક્ષેત્રના રૂપી દ્રવ્યોને જાણી શકે તેટલું સામર્થ્ય છે.

અવધિજ્ઞાનના ક્ષેત્રની વૃદ્ધિ થતાં તેમાં દ્રવ્યની અપેક્ષાએ જાણવાનું સામર્થ્ય વધે છે. તદનુસાર અલોકાકાશને જાણવાનું સામર્થ્યવાળા અવધિજ્ઞાની લોકમાં રહેલા સૂક્ષ્મ-સૂક્ષ્મતમ પદાર્થો અને અંતે પરમાણુને પણ જાણી શકે છે. અવધિજ્ઞાન સંબંધી વિશેષ વિશ્લેષણ શ્રીનંદીસૂત્રમાં છે.

**ચારે ગતિના જીવોના અવધિજ્ઞાનનું વિષય ક્ષેત્ર :–**

| ક્રમ | જીવ ભેદ | જઘન્ય વિષય ક્ષેત્ર | ઉત્કૃષ્ટ વિષય ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧ | સમુચ્ચય નારકી | અર્ધો ગાઉ | ચાર ગાઉ |
| ૨ | રત્નપ્રભા પૃથ્વીના નારકી | સાડા ત્રણ ગાઉ | ચાર ગાઉ |
| ૩ | શર્કરાપ્રભા પૃથ્વીના નારકી | ત્રણ ગાઉ | સાડા ત્રણ ગાઉ |
| ૪ | વાલુકાપ્રભા પૃથ્વીના નારકી | અઢી ગાઉ | ત્રણ ગાઉ |
| ૫ | પંકપ્રભા પૃથ્વીના નારકી | બે ગાઉ | અઢી ગાઉ |
| ૬ | ધૂમપ્રભા પૃથ્વીના નારકી | દોઢ ગાઉ | બે ગાઉ |
| ૭ | તમઃપ્રભા પૃથ્વીના નારકી | એક ગાઉ | દોઢ ગાઉ |
| ૮ | તમસ્તમઃ પ્રભા પૃથ્વીના નારકી | અર્ધો ગાઉ | એક ગાઉ |
| ૯ | અસુરકુમાર દેવ | પચીસ યોજન | અસંખ્યાત દ્વીપ–સમુદ્ર |
| ૧૦ | નવનિકાયના દેવ | પચીસ યોજન | સંખ્યાત દ્વીપ–સમુદ્ર |
| ૧૧ | તિર્યંચ પંચેન્દ્રિય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અસંખ્યાત દ્વીપ સમુદ્ર |
| ૧૨ | મનુષ્ય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અલોકમાં લોકપ્રમાણ અસંખ્યાત ખંડ |
| ૧૩ | વાણવ્યંતર | પચીસ યોજન | સંખ્યાત દ્વીપ સમુદ્ર |
| ૧૪ | જ્યોતિષ્ક દેવ | સંખ્યાત દ્વીપ સમુદ્ર | સંખ્યાત દ્વીપ સમુદ્ર |
| ૧૫ | સૌધર્મ દેવલોક અને ઈશાન દેવલોકના દેવ | અંગુલનો અસંખ્યાતમો ભાગ | નીચે પ્રથમ નરક સુધી, તિરછું અસંખ્યાત દ્વીપ સમુદ્ર, ઉપર પોત-પોતાના વિમાન સુધી |
| ૧૬ | સનત્કુમાર દેવ અને માહેન્દ્ર દેવ | અંગુલનો અસંખ્યાતમો ભાગ | નીચે બીજી નરક સુધી, તિરછું અને ઉપર સૌધર્મ દેવલોકની સમાન |
| ૧૭ | બ્રહ્મલોક અને લાંતક દેવ | અંગુલનો અસંખ્યાતમો ભાગ | નીચે ત્રીજી નરકના ચરમાંત સુધી |
| ૧૮ | મહાશુક્ર અને સહસ્રાર દેવ | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ચોથી નરકના ચરમાંત સુધી |
| ૧૯ | આણત, પ્રાણત, આરણ, અચ્યુત | અંગુલનો અસંખ્યાતમો ભાગ | પાંચમી નરકના ચરમાંત સુધી |
| ૨૦ | અધસ્તન, મધ્યમ ગ્રૈવેયકો(૬) | અંગુલનો અસંખ્યાતમો ભાગ | છઠ્ઠી નરકના ચરમાંત સુધી |
| ૨૧ | ઉપરિમ ગ્રૈવેયક દેવો(૩) | અંગુલનો અસંખ્યાતમો ભાગ | સાતમી નરકના ચરમાંત સુધી |
| ૨૨ | અનુત્તરોપપાતિક દેવો | સંપૂર્ણ લોકનાડી | સંપૂર્ણ લોકનાડી |
| ★ પ્રથમ દેવલોકથી અનુત્તર વિમાનના દેવો તિરછું અસંખ્યાત દ્વીપ-સમુદ્ર સુધી અને ઉપર પોત-પોતાના વિમાનની ધ્વજા સુધી જાણી શકે છે. | | | |

**(૩) સંસ્થાન દ્વાર :-**

**२० णेरइयाणं भंते ! ओही किं संठिए पण्णत्ते ? गोयमा ! तप्पागारसंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોનું અવધિજ્ઞાન કેવા આકારનું હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે ત્રાપાના આકારનું હોય છે.

**२१ असुरकुमाराणं भंते ! पुच्छा ? गोयमा ! पल्लगसंठाणसंठिए पण्णत्ते । एवं** *जाव* **थणियकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારોનું અવધિજ્ઞાન કેવા આકારનું હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પાલાના આકારનું હોય છે. આ જ રીતે નાગકુમારોથી લઈને સ્તનિતકુમારો સુધીના દેવોના અવધિસંસ્થાનના વિષયમાં જાણવું જોઈએ.

**२२ पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! पुच्छा ? गोयमा ! णाणासंठाणसंठिए पण्णत्ते । एवं मणूसाण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચોનું અવધિજ્ઞાન કેવા આકારનું હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વિવિધ આકારનું હોય છે. આ જ રીતે મનુષ્યોના અવધિ સંસ્થાનના વિષયમાં જાણવું જોઈએ.

**२३ वाणमंतराणं भंते ! पुच्छा ? गोयमा ! पडहसंठाणसंठिए पण्णत्ते । एवं जोइसियाणं झल्लरिसंठाणसंठिए । सोहम्मगदेवाणं उड्ढमुइंगागारसंठिए । एवं** *जाव* **अच्चुयदेवाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાણવ્યંતર દેવોનું અવધિજ્ઞાન કેવા આકારનું હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પટહ(ઢોલ)ના આકારનું હોય છે. આ રીતે જ્યોતિષ્ક દેવોનું અવધિજ્ઞાન ઝાલરના આકારનું હોય છે. સૌધર્મ દેવલોકના દેવોનું અવધિજ્ઞાન ઊર્ધ્વ મૃદંગના આકારનું હોય છે, તે જ રીતે અચ્યુત દેવલોકના દેવો સુધી અવધિજ્ઞાનના આકારના વિષયમાં જાણવું જોઈએ.

**२४ गेवेज्जगदेवाणं भंते ! पुच्छा ? गोयमा ! पुप्फचंगेरिसंठाणसंठिए पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગ્રૈવેયક દેવોનું અવધિજ્ઞાન કેવા આકારનું હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ! ફૂલની ચંગેરી(છાબડી-ટોપલી)ના આકારનું હોય છે.

**२५ अणुत्तरोववाइयाणं भंते ! ओही किं संठिए पण्णत्ते ? गोयमा ! जवणालिया-संठाणसंठिए ओही पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનુત્તરોપપાતિક દેવોનું અવધિજ્ઞાન કેવા આકારનું હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જવનાલિકા-કન્યાની કંચુકીના આકારનું હોય છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં અવધિજ્ઞાનના વિષયભૂત ક્ષેત્રના આકારનું નિરૂપણ છે.

**નારકી અને દેવોના અવધિજ્ઞાન ક્ષેત્રનો આકાર :–**

નારકી



ત્રાપાકાર

ભવનપતિ દેવો



પલ્યાકાર

વ્યંતર દેવો



પડહાકાર

જ્યોતિષી દેવો



ખંજરી આકાર

વૈમાનિક દેવો



ઉભી મૃદંગ

નવ ગ્રૈવેયક દેવો



પુષ્પ ચંગેરી

અનુત્તર વિમાનના દેવો



યવનાલિકા

નારકીઓ અને દેવોમાં અવસ્થિત અવધિજ્ઞાન હોવાથી તેનું વિષયક્ષેત્ર નિશ્ચિત હોય છે તેથી તેનો આકાર પણ નિશ્ચિત છે. સૂત્રમાં વિષયક્ષેત્ર અનુસાર તેના ભિન્ન-ભિન્ન આકારોને ઉપમા દ્વારા સમજાવ્યા છે.

**નારકીઓનું અવધિજ્ઞાન :–** ત્રાપાના આકારે છે. તેના વિભિન્ન રીતે અર્થ થાય છે– (૧) ટીકાકારે ત્રાપાનો અર્થ 'નદીના વેગમાં વહેતું, દૂરથી લાવેલું લાંબુ અને ત્રિકોણાકાર કાષ્ટ' વિશેષ કર્યો છે. (૨) નારકીઓનું વિષયક્ષેત્ર તિરછું વિશેષ હોય છે, તેથી તેનો આકાર ત્રિકોણ નૌકા જેવો અથવા લાંબા અને ત્રિકોણ કાષ્ઠ સમૂહ જેવો હોય છે. (૩) થોકડામાં નારકીઓનું અવધિજ્ઞાન ત્રિપાઈના આકારનું કહ્યું છે. આ સર્વ કથનનું તાત્પર્ય ત્રિકોણાકાર રૂપે પ્રાયઃ સમાન થાય છે.

**ભવનપતિ દેવોનું અવધિજ્ઞાન :–** પલ્લક–પાલાના આકારે છે. પલ્લક-લાઢ દેશમાં ધાન્ય ભરવાનું એક પાત્ર વિશેષ નીચે-ઉપર લાંબુ અને ઉપરના ભાગમાં જરાક સાંકડું હોય છે. ભવનપતિ દેવોનું અવધિજ્ઞાન સ્વસ્થાનથી ઉપરની તરફ વધુ હોય છે તેથીતેનો આકાર લાંબા પાત્ર જેવો થાય છે.

**વ્યંતર દેવોનું અવધિજ્ઞાન :–** પટહ = એક ઢોલ વિશેષના આકારનું હોય છે. તેના અવધિજ્ઞાનનું ક્ષેત્ર લંબાઈ-પહોળાઈમાં અધિક અને જાડાઈમાં અલ્પ હોય છે.

**જ્યોતિષી દેવોનું અવધિજ્ઞાન :–** ઝાલર(ખંજરી)ના આકારનું હોય છે. તે ચામડાથી મઢેલું વિસ્તીર્ણ અને ગોળાકાર તેમજ ચારે બાજુ ઘૂઘરી બાંધેલું, ખણણ ખણણ અવાજ કરનારું એક વાજિંત્ર વિશેષ છે. જ્યોતિષી દેવોનું અવધિજ્ઞાન તિરછી દિશામાં વિસ્તૃત અને ઉપર નીચે પહોળાઈમાં અલ્પ હોવાથી તેનો આકાર ઝાલર(ખંજરી) જેવો હોય છે. પટહથી ખંજરી જાડાઈમાં અલ્પ હોય છે, માટે વ્યંતર દેવોથી જ્યોતિષી દેવોના અવધિ ક્ષેત્રની જાડાઈ અલ્પ હોય છે.

**બાર દેવલોકના દેવોનું અવધિજ્ઞાન :–** ઊર્ધ્વ મૃદંગના આકારનું હોય છે. તે નીચેથી વિસ્તીર્ણ અને ઉપરથી સાંકડું હોય છે. વૈમાનિક દેવોના અવધિજ્ઞાનનો વિષય અધોદિશામાં વિશેષ ફેલાયેલો હોવાથી તેનો આકાર ઊર્ધ્વ મૃદંગ જેવો થાય છે.

**નવ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના દેવોનું અવધિજ્ઞાન :–** નવ ગ્રૈવેયક દેવોનું પુષ્પ ચંગેરી–ટોચ સુધી ભરેલી ઊભી ફૂલછાબડીના આકારનું અને અનુત્તર વિમાનના દેવોનું યવનાલિકા– કન્યાની કંચુકીના આકારનું હોય છે.

**મનુષ્ય અને તિર્યંચોનું અવધિજ્ઞાન :–** વિવિધ આકારનું હોય છે. મનુષ્ય અને તિર્યંચોના અવધિજ્ઞાનમાં વધઘટ થયા કરે છે તેથી તેનો કોઈ નિશ્ચિત આકાર નથી.

**(૪-૫) આભ્યંતર-બાહ્ય દ્વાર :–**

**૨૬ णेरइया णं भंते ! ओहिस्स किं अंतो, बाहिं ? गोयमा ! अंतो, णो बाहिं। एवं** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકો અવધિજ્ઞાનની મધ્યવર્તી-અંદર હોય છે કે બહાર હોય છે?
**ઉત્તર–** હે ગૌતમ ! અંદર હોય છે, બહાર હોતા નથી. આ જ રીતે સ્તનિતકુમાર સુધી જાણવું જોઈએ.

**૨૭ पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! पुच्छा ? गोयमा ! णो अंतो, बाहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચો અવધિજ્ઞાનની અંદર હોય છે કે બહાર હોય છે ?
**ઉત્તર–** હે ગૌતમ ! તેઓ અંદર હોતા નથી, બહાર હોય છે.

**૨૮ मणूसाणं भंते ! पुच्छा ? गोयमा ! अंतो वि, बाहिं पि । वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा णेरइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યો અવધિજ્ઞાનની અંદર હોય છે કે બહાર હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓ અંદર પણ હોય છે અને બહાર પણ હોય છે. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોનું કથન નૈરયિકોની સમાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં આભ્યંતરાવધિ અને બાહ્યાવધિ જ્ઞાનનું નિરૂપણ છે.



**આભ્યંતર અવધિજ્ઞાનઃ–** અવધિજ્ઞાની સ્વયં અવધિજ્ઞાન દ્વારા પ્રકાશિત ક્ષેત્રની અંદર જ હોય, તેને આભ્યંતર(મધ્યગત) અવધિજ્ઞાન કહે છે અર્થાત્ આભ્યંતર અવધિજ્ઞાન અવધિજ્ઞાનીની સાથે જ રહે છે અને સર્વ દિશાઓમાં પોતાની ક્ષેત્ર મર્યાદા અનુસાર જાણવા યોગ્ય પદાર્થોને જાણે છે. નારકી અને દેવોને આભ્યંતર અવધિજ્ઞાન જ હોય છે. મનુષ્યોમાં આભ્યંતર અને બાહ્ય બંને પ્રકારના અવધિજ્ઞાન હોય છે.

**બાહ્યાવધિજ્ઞાન :–** અવધિજ્ઞાની સ્વયં અવધિજ્ઞાન દ્વારા પ્રકાશિત ક્ષેત્રની બહાર હોય, તેને બાહ્યાવધિજ્ઞાન કહે છે. બાહ્ય અવધિજ્ઞાન નિરંતર સાથે રહેતું નથી. તે સ્પર્ધક રૂપ હોય છે અર્થાત્ જેમ બારીના જાળિયામાંથી બહાર નીકળતો દીપકનો પ્રકાશ જાળીના છિદ્રોના કારણે અનેક વિભાગોમાં વિભક્ત હોય છે, તેમ અવધિજ્ઞાનનું વિષયભૂત ક્ષેત્ર અનેક વિભાગોમાં વિભક્ત હોય છે. તિર્યંચોને બાહ્યાવધિજ્ઞાન જ હોય છે. મનુષ્યોમાં બાહ્ય-આભ્યંતર બંને પ્રકારના અવધિજ્ઞાન હોય છે.

આભ્યંતર અવધિજ્ઞાન પૂર્વ જન્મથી સાથે લાવેલું પણ હોય અને આ જન્મમાં પણ પ્રાપ્ત થઈ શકે છે પરંતુ બાહ્યાવધિજ્ઞાન પૂર્વભવથી સાથે આવેલું હોતું નથી.

*શ્રી નંદીસૂત્રમાં અવધિજ્ઞાનના વર્ણનમાં અનુગામી અવધિજ્ઞાનના બે ભેદ કર્યા છે– અંતગત અને મધ્યગત. તેમાં મધ્યગત અવધિજ્ઞાનનું સ્વરૂપ આભ્યંતરાવધિજ્ઞાનની સમાન છે અને અંતગત અવધિજ્ઞાનનું સ્વરૂપ બાહ્યાવધિજ્ઞાનની સમાન છે. અંતગત અવધિજ્ઞાન સર્વ(ચારે ય) દિશાઓમાં હોતું નથી. તેમાં સ્વભાવથી જ કોઈ પણ એક કે બે દિશામાં બોધ થાય છે. તે અંતગત અવધિજ્ઞાનના પુનઃ ત્રણ પ્રકાર કહ્યા છે, તે આ પ્રમાણે છે–*

***(૧) પુરતઃ** = આગળની દિશાને જાણનારું અવધિજ્ઞાન*

***(૨) પૃષ્ઠતઃ** = પાછળની દિશાને જાણનારું અવધિજ્ઞાન*

***(૩) પાર્શ્વતઃ** = બંને બાજુની દિશાને જાણનારું અવધિજ્ઞાન.*

**(૬) દેશાવધિ-સર્વાવધિ દ્વાર :–**

**૨૯ णेरइया णं भंते! किं देसोही सव्वोही ? गोयमा ! देसोही, णो सव्वोही । एवं** *जाव* **थणियकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! નૈરયિકોને દેશાવધિજ્ઞાન હોય છે કે સર્વાવધિજ્ઞાન હોય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તેઓનું અવધિજ્ઞાન દેશાવધિજ્ઞાન હોય છે, સર્વાવધિજ્ઞાન હોતું નથી. આ જ રીતે સ્તનિતકુમારો સુધી જાણવું.

**૩૦ पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! पुच्छा । गोयमा ! देसोही, णो सव्वोही।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને દેશાવધિજ્ઞાન હોય છે કે સર્વાવધિજ્ઞાન હોય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! દેશાવધિજ્ઞાન હોય છે, સર્વાવધિજ્ઞાન હોતું નથી.

**૩૧ मणूसाणं भंते ! पुच्छा ? गोयमा ! देसोही वि सव्वोही वि ।वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा णेरइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! મનુષ્યોને દેશાવધિજ્ઞાન હોય છે કે સર્વાવધિજ્ઞાન હોય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તેઓને દેશાવધિજ્ઞાન પણ હોય છે અને સર્વાવધિજ્ઞાન પણ હોય છે. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોને પણ નૈરયિકો સમાન દેશાવધિ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દેશાવધિ અને સર્વાવધિરૂપ અવધિજ્ઞાનના બે ભેદનું કથન છે.

**પરમ અવધિજ્ઞાનથી કંઈક ન્યૂન અવધિજ્ઞાનને દેશાવધિ કહે છે.** તેમાં જઘન્ય અને મધ્યમ બંને પ્રકારના અવધિજ્ઞાનનો સમાવેશ થાય છે અને **સર્વોત્કૃષ્ટ અવધિજ્ઞાનને પરમાવધિજ્ઞાન અથવા સર્વાવધિજ્ઞાન કહે છે.**

**જઘન્ય અવધિજ્ઞાની** દ્રવ્યની અપેક્ષાએ તેજસ વર્ગણા અને ભાષા વર્ગણાના અપાંતરાલવર્તી દ્રવ્યોને અર્થાત્ ભાષા વર્ગણા કરતાં સૂક્ષ્મ અને તેજસ વર્ગણા કરતાં સ્થૂળ પુદ્ગલ દ્રવ્યોને જાણે છે. ક્ષેત્રની અપેક્ષાએ અંગુલના અસંખ્યાતમા ભાગને, કાળની અપેક્ષાએ આવલિકાના અસંખ્યાતમા ભાગ અતીત અને અનાગતકાળને જાણે છે. જોકે અવધિજ્ઞાની રૂપી પદાર્થોને જાણે છે, ક્ષેત્ર (આકાશ) અને કાળ અમૂર્ત હોવાથી તેને સાક્ષાત્ જાણી શકતા નથી, પરંતુ તે-તે ક્ષેત્ર અને તે-તે કાળમાં રહેલા રૂપી દ્રવ્યોને જાણે છે અને ભાવથી અનંત ભાવોને જાણે છે. **સર્વોત્કૃષ્ટ** અવધિજ્ઞાન દ્રવ્યની અપેક્ષાએ સમસ્ત રૂપી દ્રવ્યોને જાણે છે, ક્ષેત્રની અપેક્ષાએ સંપૂર્ણ લોકને અને અલોકમાં લોક પ્રમાણ અસંખ્યાત ખંડોને જાણવાનું સામર્થ્ય ધરાવે છે, કાળની અપેક્ષાએ અસંખ્યાત અતીત અને અનાગત ઉત્સર્પિણી–અવસર્પિણીકાલને જાણે છે તથા ભાવની અપેક્ષાએ દરેક પદાર્થના અનંત ગુણધર્મ રૂપ અનંત ભાવોને જાણે છે. અવધિજ્ઞાનના જઘન્ય વિષયથી કંઈક અધિક અને ઉત્કૃષ્ટ વિષયથી કંઈક ન્યૂન વિષયને જાણનારું જ્ઞાન મધ્યમ અવધિજ્ઞાન- દેશાવધિજ્ઞાન જ કહેવાય છે.

નારકી, ભવનપતિ આદિ ચારે જાતિના દેવો તેમજ તિર્યંચ પંચેન્દ્રિયોને દેશાવધિજ્ઞાન હોય છે. મનુષ્યોને દેશાવધિજ્ઞાન અને સર્વાવધિજ્ઞાન બંને પ્રકારનું અવધિજ્ઞાન હોય છે.

**(૭-૮) અવધિ-ક્ષય, વૃદ્ધિ આદિ દ્વાર :–**

**૩૨ णेरइयाणं भंते ! ओही किं आणुगामिए-अणाणुगामिए, वड्ढमाणए-हायमाणए, पडिवाई-अपडिवाई, अवट्ठिए-अणवट्ठिए ?**

**गोयमा ! आणुगामिए, णो अणाणुगामिए; णो वड्ढमाणए, णो हायमाणए; णो पडिवाई, अपडिवाई; अवट्ठिए, णो अणवट्ठिए । एवं** *जाव* **थणियकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોનું અવધિજ્ઞાન શું આનુગામિક, અનાનુગામિક, વર્ધમાન, હીયમાન, પ્રતિપાતી, અપ્રતિપાતી, અવસ્થિત કે અનવસ્થિત હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે આનુગામિક છે, પરંતુ અનાનુગામિક નથી. તેમજ વર્ધમાન, હીયમાન, પ્રતિપાતી અને અનવસ્થિત નથી, અપ્રતિપાતી અને અવસ્થિત હોય છે. આ જ રીતે સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.

**૩૩ पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! पुच्छा ? गोयमा ! आणुगामिए वि** *जाव* **अणवट्ठिए वि । एवं मणूसाण वि । वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा णेरइयाणं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચોનું અવધિજ્ઞાન શું આનુગામિક હોય છે ઇત્યાદિ પ્રશ્ન પૂર્વવત્ ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓનું અવધિજ્ઞાન આનુગામિક પણ હોય છે ***યાવત્*** અનવસ્થિત પણ હોય છે. આ જ રીતે મનુષ્યોના અવધિજ્ઞાનના વિષયમાં પણ જાણવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોના અવધિજ્ઞાનની વક્તવ્યતા નૈરયિકો સમાન જાણવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ક્ષય-વૃદ્ધિ દ્વારમાં અવધિજ્ઞાનના આઠ પ્રકારનું નિરૂપણ છે.

**(૧) આનુગામિક–** જે અવધિજ્ઞાન અવધિજ્ઞાનીની સાથે જ વિદ્યમાન રહે છે, તેને આનુગામિક કહે છે. હાથમાં રાખેલી ટોર્ચનો પ્રકાશ માણસ જ્યાં-જ્યાં જાય ત્યાં તેની સાથે-સાથે જાય, તેમ આનુગામિક અવધિજ્ઞાન, અવધિજ્ઞાની જ્યાં-જ્યાં જાય, ત્યાં-ત્યાં તેની સાથે ને સાથે જ રહે છે. **(૨) અનાનુગામિક–** જે અવધિજ્ઞાન સાથે ન આવે; જે સ્થાને જેટલા ક્ષેત્રનું અવધિજ્ઞાન થયું હોય તે જ સ્થાનમાં અને તેટલા ક્ષેત્રમાં અવધિજ્ઞાની સ્થિત થઈને પદાર્થોને જાણે-દેખે પરંતુ તે અવધિજ્ઞાનના સીમાક્ષેત્રથી દૂર જાય તો તે પદાર્થોને જાણી-દેખી શકતા નથી, તે અનાનુગામિક અવધિજ્ઞાન છે. જેમ સ્ટ્રીટલાઈટનો પ્રકાશ જ્યાં લાઈટનો થાંભલો હોય ત્યાં અને તેની આસ-પાસ પ્રકાશ આપે છે પરંતુ તે પ્રકાશક્ષેત્રથી દૂર જાય, તો તે લાઈટનો પ્રકાશ સાથે આવતો નથી, તેમ **અનાનુગામિક** અવધિજ્ઞાન પોતાના જ સ્થાન પર અવસ્થિત રહે છે; પોતાની ક્ષેત્રમર્યાદાથી બહાર જતું નથી. **(૩) વર્ધમાન–** જે અવધિજ્ઞાન ઉત્પત્તિના સમયે અલ્પ વિષયવાળું હોય અને પરિણામ વિશુદ્ધિની સાથે પ્રશસ્ત, પ્રશસ્તતર અધ્યવસાયથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદામાં વૃદ્ધિ પામે અર્થાત્ અધિકાધિક વિષયવાળું થાય તે **'વર્ધમાન'** અવધિજ્ઞાન કહેવાય છે. **(૪) હીયમાન–** જે જ્ઞાન પહેલાં અધિક વિષયવાળું હોય અને પછી પરિણામોની અશુદ્ધિથી ક્રમશઃ અલ્પ, અલ્પતર અને અલ્પતમ વિષયવાળું થઈ જાય છે, તેને **હીયમાન** અવધિજ્ઞાન કહે છે.

**(૫) પ્રતિપાતી–** પડિવાઈ-પતિત થનારું અથવા સમાપ્ત થઈ જનારું જ્ઞાન પ્રતિપાતી અવધિજ્ઞાન છે. જેમ ઝગમગતો દીપક વાયુના ઝોંકાથી એકાએક બુજાઈ જાય છે તેમ જે અવધિજ્ઞાન એકાએક લુપ્ત થઈ જાય છે, તેને **પ્રતિપાતી** કહે છે. આ અવધિજ્ઞાન જીવનમાં કોઈપણ ક્ષણે ઉત્પન્ન થઈને લુપ્ત થઈ શકે છે. **(૬) અપ્રતિપાતી–** જે અવધિજ્ઞાન પતનશીલ ન હોય અર્થાત્ ભવપર્યંત સ્થિર રહે છે અથવા કેવળ જ્ઞાનની પ્રાપ્તિ પર્યંત રહે, તેને **અપ્રતિપાતી** કહે છે. હીયમાન અને પ્રતિપાતીમાં અંતર એ છે કે હીયમાન અવધિજ્ઞાન પૂર્વાપેક્ષયા ધીરે-ધીરે હ્રાસ પામે છે, જ્યારે પ્રતિપાતી અવધિજ્ઞાન દીપકની જેમ એક જ ક્ષણમાં નષ્ટ થઈ જાય છે. **(૭) અવસ્થિત–** જે અવધિજ્ઞાન વધ-ઘટ થયા વિના તે જ સ્વરૂપે ભવપર્યંત સ્થિર રહે અથવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી સ્થિત રહે તે અવસ્થિત અવધિજ્ઞાન છે. **(૮) અનવસ્થિત–** જળતરંગોની જેમ જે અવધિજ્ઞાન ઘટે-વધે, આવે ને જાય, તે 'અનવસ્થિત અવધિજ્ઞાન' છે.

શ્રી નંદીસૂત્રમાં અનુગામિક આદિ છ પ્રકારના અવધિજ્ઞાનનું જ કથન છે. પ્રસ્તુત પ્રસંગમાં અવસ્થિત-અનવસ્થિત આ બે ભેદ વધુ છે તેનું ઉપરોક્ત પ્રકારે અર્થઘટન કરીને સમજી લેવું જોઈએ.

યથા– (૧) અવસ્થિત = હાનિ-વૃદ્ધિ ન થાય, તેમાં હીયમાન કે વર્ધમાન એકેયનો સમાવેશ નથી. (૨) અપ્રતિપાતી = નષ્ટ ન થાય પરંતુ વધ-ઘટ થાય, તેથી તેમાં હીયમાન વર્ધમાન બંનેનો સમાવેશ થાય છે. (૩) અનવસ્થિત = ઘટ-વધ થાય. (૪) પ્રતિપાતી = નષ્ટ થાય.

**સંક્ષેપમાં–** નૈરયિકો તથા ચારે જાતિના દેવોનું અવધિજ્ઞાન આનુગામિક, અપ્રતિપાતી અને અવસ્થિત હોય છે. તિર્યંચ પંચેન્દ્રિયો અને મનુષ્યોને અવધિજ્ઞાન પૂર્વોક્ત આઠે ય પ્રકારનું હોય છે. સર્વાવધિ એટલે પરમાવધિજ્ઞાન, તે મનુષ્યોને જ હોય છે અને દેશાવધિજ્ઞાન ચારે ગતિના જીવોને હોય છે.

**૨૪ દંડકના જીવોમાં અવધિજ્ઞાનના ૧૦ દ્વાર :–**

| | દ્વાર | નારકી | ભવનપતિ | વ્યંતર | જ્યોતિષી | વૈમાનિક દેવ | તિર્યંચ પંચે૰ | મનુષ્ય |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભેદ | ભવપ્રત્યયિક | ભવપ્રત્યયિક | ભવપ્રત્યયિક | ભવપ્રત્યયિક | ભવપ્રત્યયિક | ક્ષાયોપશમિક | ક્ષાયોપશમિક |
| ૨ | વિષય–જઘન્ય | અર્ધો ગાઉ | ૨૫ યોજન | ૨૫ યોજન | સંખ્યાતા દ્વીપ સમુદ્ર | અંગુલનો અસં૰ ભાગ | અંગુલનો અસં૰ ભાગ | અંગુલનો અસં૰ ભાગ |
| | ઉત્કૃષ્ટ | ચાર ગાઉ | અસુરકુમાર અસંખ્ય દ્વીપ સમુદ્ર નવનિકાયના દેવો સંખ્યાતા દ્વીપ સમુદ્ર | સંખ્યાતા દ્વીપ સમુદ્ર | સંખ્યાતા દ્વીપ સમુદ્ર | સંપૂર્ણ ત્રસનાડી | અસંખ્ય દ્વીપ સમુદ્ર | સંપૂર્ણ લોકઅને અલોકમાં લોક જેવડા અસંખ્ય ખંડને જાણવાનું સામર્થ્ય |
| ૩ | સંસ્થાન આકાર | ત્રાપાના આકારે | પાલાના આકારે | પટહ–ઢોલના આકારે | ઝાલરના આકારે | **૧૨ દેવ૰** ઊભા મૃદંગાકારે **નવ ગ્રૈવેયક** પુષ્પચંગેરીના **અનુ૰ વિમાન** જવનાલિકા | વિવિધ | વિવિધ |

| | દ્વાર | નારકી | ભવનપતિ | વ્યંતર | જ્યોતિષી | વૈમાનિક દેવ | તિર્યંચ પંચે૦ | મનુષ્ય |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪-૫ | આભ્યંતર બાહ્યાવધિ | આભ્યંતર | આભ્યંતર | આભ્યંતર | આભ્યંતર | આભ્યંતર | બાહ્ય | બંને |
| ૬ | દેશ–સર્વ | દેશાવધિ | દેશાવધિ | દેશાવધિ | દેશાવધિ | દેશાવધિ | દેશાવધિ | બંને |
| ૭-૮ | હીયમાન વર્ધમાન | × | × | × | × | × | બંને | બંને |
| ૯-૧૦ | પ્રતિપાતી– અપ્રતિપાતી | અપ્રતિપાતી | અપ્રતિપાતી | અપ્રતિપાતી | અપ્રતિપાતી | અપ્રતિપાતી | બંને | બંને |
| | અનુગામી– અનાનુગામી | અનુગામી | અનુગામી | અનુગામી | અનુગામી | અનુગામી | બંને | બંને |
| | અવસ્થિત– અનવસ્થિત | અવસ્થિત | અવસ્થિત | અવસ્થિત | અવસ્થિત | અવસ્થિત | બંને | બંને |

## ।। તેત્રીસમું પદ સંપૂર્ણ ।।

# ચોત્રીસમું પદ

## પરિચય

આ પદનું નામ **પરિચારણાપદ** છે.

**પરિચારણા :–** પરિચારણા શબ્દનો અર્થ મૈથુન સેવન, ઇન્દ્રિયોના વિષયોનું સેવન, કામક્રીડા, રતિ અથવા વિષયભોગ આદિ થાય છે. પરિચારણા માટે કોઈ-કોઈ પ્રતોમાં પ્રવીચારણા શબ્દ મળે છે, તત્ત્વાર્થ સૂત્રમાં 'પ્રવીચાર' શબ્દનો ઉલ્લેખ છે. પ્રવીચારનો અર્થ પણ મૈથુન સેવન થાય છે, તેથી પ્રવીચાર અને પરિચારણા બંને શબ્દો એકાર્થક છે.

પાંચ ઇન્દ્રિયના ૨૩ વિષય છે અને તેમાં રાગ-દ્વેષાત્મક ભાવ રૂપ ૨૪૦ વિકારો છે. તે વિકારો એ જ પરિચારણા છે. ઇન્દ્રિયના વિષયોને રાગ-દ્વેષાત્મક ભાવો સહિત ભોગવવા તે પરિચારણા અને વિષયોને રાગ-દ્વેષાત્મક ભાવો રહિત અનુભવવા તે અપરિચારણા છે.

પરિચારણા કે મૈથુન સેવનનો મૂળ આધાર શરીર તથા શરીરથી સંબંધિત સ્પર્શ, રૂપ, શબ્દ, મન, અંગોપાંગ, ઇન્દ્રિયો, શારીરિક લાવણ્ય, સૌષ્ઠવ(બાંધો), ચપળતા કે વર્ણ આદિ છે, તેથી સૂત્રમાં સર્વપ્રથમ આહાર, શરીર નિષ્પત્તિ, પુદ્‌ગલ ગ્રહણ, તેનું ઇન્દ્રિયાદિ રૂપે પરિણમન, પરિચારણા અને વિકુવર્ણા આ છ ક્રિયાની ક્રમશઃ વિચારણા છે.

પરિચારણાની પૃષ્ઠભૂમિકા રૂપે– (૧) અનંતર આહાર દ્વાર, (૨) આહારાભોગ દ્વાર, (૩) પુદ્‌ગલજ્ઞાન દ્વાર, (૪) અધ્યવસાય દ્વાર અને (૫) સમ્યક્ત્વાભિગમ દ્વાર. આ પાંચ દ્વારના માધ્યમથી વિષયનું નિરૂપણ છે. ત્યાર પછી પરિચારણાદ્વારનો પ્રારંભ થાય છે. પ્રસ્તુત સૂત્રોમાં દેવોની પરિચારણાનું જ સ્પષ્ટીકરણ છે; મનુષ્ય કે તિર્યંચગતિના જીવોની પરિચારણાનો ઉલ્લેખ નથી. દેવો પોતાની વૈક્રિયલબ્ધિથી અને ઉચ્ચકોટિના પુણ્યથી વિવિધ પ્રકારે પોતાની વૃત્તિ પ્રમાણે ભોગેચ્છાને પૂર્ણ કરે છે. જે દેવલોકમાં દેવીઓ હોય છે, તે દેવો મનુષ્યોની જેમ જ કાયિક પરિચારણા કરે છે. જે દેવલોકમાં દેવીઓ નથી, તે દેવલોકના દેવો, અન્ય દેવલોકની દેવીઓને બોલાવીને તેના સ્પર્શ, રૂપ દર્શન કે શબ્દ શ્રવણથી ઇચ્છાપૂર્તિ કરે છે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને પહેલા-બીજા દેવલોકના દેવોમાં મનુષ્યોની જેમ કાયિક પરિચારણા, (૧) સનત્કુમાર અને માહેન્દ્રકલ્પમાં સ્પર્શ-પરિચારણા, (૨) બ્રહ્મલોક અને લાંતક દેવલોકમાં રૂપ-પરિચારણા, (૩) મહાશુક્ર અને સહસ્રારકલ્પમાં શબ્દ-પરિચારણા (૪) આનત, પ્રાણત અને આરણ, અચ્યુતકલ્પમાં મનપરિચારણા હોય છે. નવ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના દેવોને પરિચારણા નથી.

દેવોની કાયિક પરિચારણા મનુષ્યના કાયિક મૈથુનસેવનની સમાન દેવીઓની સાથે હોય છે. દેવોમાં શુક્ર પુદ્‌ગલ હોય છે, તે પુદ્‌ગલો તે દેવીઓમાં સંક્રમણ પામીને તેની પાંચે ઇન્દ્રિયોરૂપે પરિણત થાય છે તથા તેના રૂપ-લાવણ્યવર્ધક પણ થાય છે. દેવોના તે શુક્ર પુદ્‌ગલથી અપ્સરાઓને ગર્ભાધાન થતું નથી, કારણ કે વૈક્રિયશરીરી જીવોનો જન્મ ગર્ભજ નથી, તેઓને ઔપપાતિક જન્મ જ છે.

પદના અંતમાં સમસ્ત પરિચારક-અપરિચારક દેવોના અલ્પબહુત્વની વિચારણા છે.

❖❖❖❖❖

# ચોત્રીસમું પદ : પરિચારણા

**વિષય નિર્દેશ :-**

**૧** अणंतरागयआहारे, आहाराभोगणाइ य ।
पोग्गला णेव जाणंति, अज्झवसाणा य आहिया ॥१॥

सम्मत्तस्स अभिगमे, तत्तो परियारणा य बोद्धव्वा ।
काए फासे य रूवे, सद्दे मणे य अप्पबहुं ॥२॥

**ભાવાર્થ :–** (૧) અનંતરાગત આહાર, (૨) આહાર-આભોગાદિ, (૩) આહાર રૂપ ગ્રહણ કરેલા પુદ્‌ગલોને જાણતા નથી, (૪) અધ્યવસાયો, (૫) સમ્યક્‌ત્વનો અભિગમ, (૬) કાય, સ્પર્શ, રૂપ, શબ્દ અને મન સંબંધિત પરિચારણા અને (૭) પરિચારણા કરનારાઓનું અલ્પબહુત્વ.

**વિવેચન :-**

પ્રસ્તુત બે ગાથાઓમાં આ પદના વિષયોનો સાત દ્વારોના માધ્યમથી નિર્દેશ કર્યો છે.

**(૧) અનંતરાહાર દ્વાર :–** સર્વ સંસારી જીવો ઉત્પત્તિના પ્રથમ સમયે જ આહાર ગ્રહણ કરે છે ત્યાર પછી શરીર રચના થાય છે, તે ક્રિયાનું વર્ણન છે.

**(૨) આહાર–આભોગદ્વાર :–** જીવોમાં આભોગ અને અનાભોગ નિર્વર્તિત આહારની વિચારણા છે.

**(૩) પુદ્‌ગલજ્ઞાન દ્વાર :–** સર્વ જીવો આહાર રૂપે ગ્રહણ થતાં પુદ્‌ગલોને જાણે-જુએ અને ત્યાર પછી આહાર રૂપે ગ્રહણ કરે છે કે જાણ્યા-જોયા વિના પણ શું આહાર રૂપે ગ્રહણ કરે છે ? તેની ચર્ચા છે.

**(૪) અધ્યવસાય દ્વાર:–** ૨૪ દંડકના જીવોના પ્રશસ્ત-અપ્રશસ્ત અસંખ્યાત અધ્યવસાયોનું કથન છે.

**(૫) સમ્યક્‌ત્વાભિગમ દ્વાર :–** ૨૪ દંડકના જીવોમાં સમ્યક્‌ત્વ, મિથ્યાત્વ અને સમ્યક્‌ત્વ-મિથ્યાત્વ, તે ત્રણે પ્રકારના અભિગમનું નિરૂપણ છે.

**(૬) પરિચારણા દ્વાર :–** દેવોમાં કાયિક,સ્પર્શ, રૂપ, શબ્દ અને મન, આ પાંચ પ્રકારની પરિચારણાનું વર્ણન છે.

**(૭) અલ્પબહુત્વ :–** પાંચે પ્રકારના પરિચારક અને અપરિચારક દેવોના અલ્પબહુત્વનું પ્રતિપાદન છે.

**(૧) અનંતરાહાર દ્વાર :-**

**૨** णेरइया णं भंते ! अणंतराहारा, तओ णिव्वत्तणया, तओ परियाइयणया, तओ परिणामणया, तओ परियारणया, तओ पच्छा विउव्वणया ?

हंता गोयमा ! णेरइया णं अणंतराहारा, तओ णिव्वत्तणया, तओ परियाइयणया, तओ परिणामणया, तओ परियारणया, तओ पच्छा विउव्वणया ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકો અનંતરાહારક હોય છે ? ત્યાર પછી તેઓના શરીરની નિષ્પતિ થાય છે ? ત્યારપછી પર્યાદાનતા–પુદ્ગલોનું ગ્રહણ થાય છે ? પછી તેનું ઇન્દ્રિયાદિ રૂપે પરિણમન થાય છે ? ત્યાર પછી પરિચારણા કરે છે અને ત્યાર પછી વિકુર્વણા કરે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! નૈરયિકો અનંતરાહારક હોય છે, પછી તેઓના શરીરની નિષ્પત્તિ(રચના) થાય છે, ત્યારપછી પુદ્ગલ ગ્રહણ અને તેનું પરિણમન થાય છે, ત્યારપછી પરિચારણા અને ત્યાર પછી વિકુર્વણા કરે છે.

**૩ असुरकुमारा णं भंते ! अणंतराहारा, तओ णिव्वत्तणया, तओ परियाइयणया तओ परिणामणया, तओ विउव्वणया, तओ पच्छा परियारणया ?**

**गोयमा ! असुरकुमारा अणंतराहारा, तओ णिव्वत्तणया** *जाव* **तओ पच्छा परियारणया । एवं** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અસુરકુમારો પણ અનંતરાહારક હોય છે ? ત્યાર પછી તેઓના શરીરની નિષ્પત્તિ થાય છે ? પછી તેઓ ક્રમશઃ પુદ્ગલ ગ્રહણ, તેનું પરિણમન, વિકુર્વણા અને ત્યાર પછી પરિચારણા કરે છે ? **ઉત્તર–** હા, ગૌતમ અસુરકુમારો અનંતરાહારી હોય છે, પછી તેઓના શરીરની નિષ્પત્તિ થાય છે ***યાવત્*** ત્યાર પછી તેઓ પરિચારણા કરે છે. આ જ રીતે સ્તનિતકુમાર સુધી જાણવું જોઈએ.

**૪ पुढविक्काइया णं भंते ! अणंतराहारा, तओ णिव्वत्तणया, तओ परियाइयणया, तओ परिणामणया य, तओ परियारणया, तओ विउव्वणया ?**

**हंता गोयमा ! तं चेव** *जाव* **परियारणया, णो चेव णं विउव्वणया । एवं** *जाव* **चउरिंदिया, णवरं– वाउक्काइया पंचेंदियतिरिक्खजोणिया मणुस्सा य जहा णेरइया। वाणमंतर-जोइसिय-वेमाणिया जहा असुरकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પૃથ્વીકાયિકો અનંતરાહારક હોય છે ? પછી તેઓના શરીરની નિષ્પત્તિ થાય છે ? તત્પશ્ચાત્ પુદ્ગલ ગ્રહણ, પરિણમન, પરિચારણા અને ત્યાર પછી શું વિકુર્વણા કરે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! પૃથ્વીકાયિકોની વક્તવ્યતા ***યાવત્*** પરિચારણા પર્યંતનું કથન આ જ રીતે જાણવું જોઈએ, પરંતુ તેઓ વિકુર્વણા કરતા નથી. આ જ રીતે ચૌરેન્દ્રિય સુધી કથન કરવું જોઈએ; વિશેષતા એ છે કે વાયુકાયિક, પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યોના વિષયમાં નૈરયિકોની સમાન જાણવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોની વક્તવ્યતા અસુરકુમારોની વક્તવ્યતાની સમાન જાણવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જીવોના વિષયમાં અનંતરાહાર આદિ છ બોલોના ક્રમની વિચારણા છે. છ બોલના વિશેષાર્થ આ પ્રમાણે છે– **અનંતરાહાર–** ઉત્પત્તિ ક્ષેત્રમાં ઉત્પન્ન થતાં જ આહાર કરવો. **નિર્વર્તના–** શરીરની નિષ્પત્તિ(રચના). **પર્યાદાનતા–** શરીર રચના થયા પછી અંગ-ઉપાંગ દ્વારા લોમાહારથી પુદ્ગલોને ગ્રહણ કરવા. **પરિણમન–** ગ્રહિત પુદ્ગલોને શરીર, ઇન્દ્રિય આદિરૂપે પરિણત કરવા. **પરિચારણા–** યથાયોગ્ય શબ્દાદિ વિષયોનો ઉપભોગ કરવો. **વિકુર્વણા–** વૈક્રિય લબ્ધિના સામર્થ્યથી વિક્રિયા કરવી.

સમસ્ત સંસારી જીવોમાં આ **છ** ક્રિયામાંથી પ્રથમ **ચાર** પ્રક્રિયાઓ તો **ક્રમથી** જ થાય છે. પ્રત્યેક જીવ પોત-પોતાના ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થતાંની સાથે જ ઓજ આહાર ગ્રહણ કરે છે. આહાર ગ્રહણ કર્યા પછી તેના શરીરની રચના થાય છે. શરીર રચના થયા પછી લોમાહાર દ્વારા સ્વશરીર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે અને ત્યાર પછી તે ગ્રહણ કરેલા પુદ્ગલોનું ઈન્દ્રિયાદિરૂપે પરિણમન કરે છે. આ ચાર ક્રિયા ક્રમશઃ થયા પછી જીવ પરિચારણા અથવા વિકુવર્ણા કરે છે. તેમાં નૈરયિકો પોતાની ઈન્દ્રિયો પુષ્ટ બન્યા પછી શબ્દાદિ વિષયોનો ઉપભોગ અર્થાત્ પરિચારણા કરે છે અને ત્યાર પછી શબ્દાદિ ભોગના હર્ષાતિરેકથી વિશિષ્ટ ભોગની અભિલાષાથી વિકુવર્ણા કરે છે. તે જ રીતે વાયુકાય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં પણ વૈક્રિય લબ્ધિવાન જીવોમાં પૂર્વોક્ત ચાર ક્રિયા ક્રમશઃ થયા પછી પરિચારણા અને ત્યાર પછી વિકુવર્ણા થાય છે. શેષ ચાર સ્થાવર જીવો અને ત્રણ વિકલેન્દ્રિયોમાં વૈક્રિયલબ્ધિ હોતી નથી, તેથી તે જીવોમાં પરિચારણા સુધીની પાંચે ક્રિયાઓ ક્રમશઃ થાય છે. ભવનપતિ, વ્યંતર,જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં અનંતરાહાર, શરીર રચના, પુદ્ગલ ગ્રહણ અને તેનું પરિણમન તે ચાર ક્રિયા ક્રમશઃ થયા પછી વિકુર્વણા છે અને ત્યાર પછી પરિચારણા કરે છે, કારણ કે દેવોનો તથાપ્રકારનો સ્વભાવ જ હોય છે. મૂળ ટીકામાં કહ્યું છે કે–

पुव्वं विउव्वणा खलु, पच्छा परियारणा सुरगणाणं ।
सेसाण पुव्वपरियारणा उ, पच्छा विउव्वणया ॥

**બધા દેવોને પહેલા વિકુવર્ણા અને પછી પરિચારણા હોય છે. શેષ સર્વ જીવોને પહેલાં પરિચારણા અને પછી વિકુર્વણા હોય છે.** દેવોને વિશિષ્ટ શબ્દાદિના ઉપભોગની અભિલાષા થાય, ત્યારે તેઓ પહેલાં વૈક્રિયરૂપ બનાવે છે, પછી શબ્દાદિ વિષયોના ઉપભોગ રૂપ પરિચારણા કરે છે.

**(૨) આભોગ–અનાભોગ આહાર દ્વાર :–**

**૫ णेरइयाणं भंते ! आहारे किं आभोगणिव्वतिए अणाभोगणिव्वतिए ?**

**गोयमा ! आभोगणिव्वतिए वि अणाभोगणिव्वतिए वि । एवं असुरकुमाराणं** *जाव* **वेमाणियाणं, णवरं- एगिंदियाणं णो आभोगणिव्वत्तिए, अणाभोगणिव्वत्तिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોનો આહાર આભોગ નિર્વર્તિત હોય છે કે અનાભોગ નિર્વર્તિત હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોનો આહાર આભોગ નિર્વર્તિત પણ હોય છે અને અનાભોગ નિર્વર્તિત પણ હોય છે. આ જ રીતે અસુરકુમારથી લઈને વૈમાનિકો સુધી જાણવું જોઈએ. વિશેષતા એ છે કે એકેન્દ્રિય જીવોનો આહાર આભોગ નિર્વર્તિત હોતો નથી, અનાભોગ નિર્વર્તિત જ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ૨૪ દંડકના જીવોમાં બે પ્રકારના આહારનું કથન છે. આહારના બે પ્રકાર છે– આભોગનિર્વર્તિત આહાર અને અનાભોગનિર્વર્તિત આહાર.

**(૧) આભોગ–અનાભોગ નિર્વર્તિતઆહાર :–** ઈચ્છાપૂર્વક ગ્રહણ કરાતો આહાર આભોગ નિર્વર્તિત છે તથા મનપ્રણિધાનપૂર્વક ગ્રહણ કરાતો આહાર **આભોગનિર્વર્તિત** છે અને ઈચ્છા વિના સ્વતઃ નિરંતર ગ્રહણ કરાતો આહાર **અનાભોગ નિર્વર્તિત** છે અને તે ઓજાહાર અથવા લોમાહારરૂપ હોય છે.

પાંચ સ્થાવરને છોડીને શેષ ૧૯ દંડકના જીવો જ્યારે પોતાની ઇચ્છાથી ઉપયોગપૂર્વક આહાર કરે, ત્યારે આભોગનિર્વર્તિત આહાર હોય અને તે સિવાય નિરંતર ગ્રહણ થતો લોમાહાર અનાભોગ નિર્વર્તિત આહાર છે.

**પાંચ સ્થાવર જીવોમાં** આભોગ નિર્વર્તિત આહાર નથી. એકેન્દ્રિયોની ચેતના અત્યંત અલ્પ વિકસિત છે. તે જીવોને કોઈ સ્પષ્ટ ઇચ્છા જણાતી નથી, તેથી તેઓને આભોગનિર્વર્તિત આહાર હોતો નથી. તે જીવોને નિરંતર અનાભોગ નિર્વર્તિત આહાર હોય છે.

વિકલેન્દ્રિય જીવો અસંજ્ઞી હોવાથી તેને મન નથી, પરંતુ તે જીવોની ચેતના કંઈક વિકસિત હોય છે, તેથી તેને આહારેચ્છા તથા આહારની પ્રાપ્તિ માટે ગમનાગમન વગેરે ક્રિયા હોય છે. કર્મગ્રંથ અનુસાર તે જીવોમાં દીર્ઘકાલિકી સંજ્ઞા હોય છે. તે ઉપરાંત વિકલેન્દ્રિય જીવોને કવલ આહાર પણ હોય છે. કવલાહાર આભોગ નિર્વર્તિત છે, તેથી વિકલેન્દ્રિય જીવોમાં આભોગ નિર્વર્તિત આહાર હોય છે પરંતુ એકેન્દ્રિયોમાં આભોગનિર્વર્તિત આહાર નથી.

અટ્ઠાવીસમા આહાર પદમાં જીવોમાં આભોગ નિર્વર્તિત અને અનાભોગ નિર્વર્તિત બંને પ્રકારના આહારનું કથન કર્યું છે. ત્યાં એકેન્દ્રિયમાં આભોગ અને અનાભોગના વિકલ્પ વિના જ નિરંતર આહારનું કથન છે.

**૨૪ દંડકમાં આભોગ–અનાભોગ નિર્વર્તિત આહાર :–**

| જીવ પ્રકાર | આહાર | વિવરણ |
|---|---|---|
| એકેન્દ્રિયમાં | અનાભોગ નિર્વર્તિત | એક જ ઇન્દ્રિય હોવાથી |
| એકેન્દ્રિય સિવાય ૧૯ દંડકમાં | આભોગ નિર્વર્તિત | ઇચ્છાપૂર્વક આહાર ગ્રહણ કરે ત્યારે થાય છે. |
| | અનાભોગ નિર્વર્તિત | નિરંતર લોમાહાર થાય છે, તે અનાભોગ |

**(૩) પુદ્ગલજ્ઞાન દ્વાર :–**

**૬ णेरइया णं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हंति ते किं जाणंति पासंति आहारेंति ? गोयमा ! ण जाणंति ण पासंति, आहारेंति । एवं *जाव* तेइंदिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે, શું તેઓ તે પુદ્ગલોને જાણે છે, જુએ છે અને તેનો આહાર કરે છે કે જાણતા નથી, જોતા નથી પરંતુ આહાર કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેઓ જાણતા નથી, જોતા નથી. પરંતુ તે પુદ્ગલોનો આહાર કરે છે. આ જ રીતે દશ ભવનપતિ દેવો, પાંચ સ્થાવર, બેઇન્દ્રિય અને તેઇન્દ્રિયના વિષયમાં જાણવું જોઈએ.

**૭ चउरिंदियाणं भंते ! पुच्छा ? गोयमा ! अत्थेगइया ण जाणंति पासंति आहारेंति, अत्थेगइया ण जाणंति ण पासंति आहारेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચૌરેન્દ્રિયના વિષયમાં પૂર્વવત્ પૃચ્છા ?

**ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક ચૌરેન્દ્રિયો આહાર રૂપે ગ્રહણ કરાતા પુદ્ગલોને જાણતા નથી, પણ જુએ છે અને આહાર કરે છે, કેટલાક જાણતા નથી અને જોતા નથી, પરંતુ આહાર કરે છે.

**૮** **पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! पुच्छा ?**

**गोयमा ! अत्थेगइया जाणंति पासंति आहारेंति, अत्थेगइया जाणंति ण पासंति आहारेंति, अत्थेगइया ण जाणंति पासंति आहारेंति, अत्थेगइया ण जाणंति ण पासंति आहारेंति । एवं मणूसाण वि । वाणमंतर-जोइसिया जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચોના વિષયમાં પૂર્વવત્ પૃચ્છા ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) કેટલાક પંચેંદ્રિય તિર્યંચો આહાર રૂપે ગ્રહણ કરાતા પુદ્ગલોને જાણે છે, જુએ છે અને આહાર કરે છે, (૨) કેટલાક જાણે છે, જોતા નથી અને આહાર કરે છે, (૩) કેટલાક જાણતા નથી, જુએ છે અને આહાર કરે છે, (૪) કેટલાક પંચેન્દ્રિય તિર્યંચ જાણતા નથી અને જોતા નથી પરંતુ આહાર કરે છે. આ જ રીતે મનુષ્યોના વિષયમાં પણ જાણવું જોઈએ. વાણવ્યંતરો અને જ્યોતિષ્કોનું કથન નૈરયિકો સમાન જાણવું જોઈએ.

**૯** **वेमाणियाणं भंते ! पुच्छा ?**

**गोयमा ! अत्थेगइया जाणंति पासंति आहारेंति, अत्थेगइया ण जाणंति ण पासंति आहारेंति । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– अत्थेगइया जाणंति पासंति आहारेंति, अत्थेगइया ण जाणंति ण पासंति आहारेंति ?**

**गोयमा ! वेमाणिया दुविहा पण्णत्ता, तं जहा– माइमिच्छद्दिट्ठिउववण्णगा य अमाइसम्मद्दिट्ठिउववण्णगा य, एवं जहा इंदियउद्देसए पढमे भणियं तहा भाणियव्वं** *जाव* **से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈમાનિક દેવો જે પુદ્ગલોનો આહાર કરે છે, ઈત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) વૈમાનિક દેવો જે પુદ્ગલોનો આહાર કરે છે તેમાં કેટલાક વૈમાનિક દેવો જાણે છે, જુએ છે અને આહાર કરે છે અને (૨) કેટલાક તો જાણતા નથી, જોતા નથી પરંતુ આહાર કરે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કેટલાક વૈમાનિકો આહાર રૂપે ગ્રહણ થતા પુદ્ગલોને જાણે છે, જુએ છે અને આહાર કરે છે અને (૨) કેટલાક વૈમાનિકો તે પુદ્ગલોને જાણતા નથી કે જોતા નથી પરંતુ આહાર કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વૈમાનિક દેવોના બે પ્રકાર છે, જેમ કે– માયીમિથ્યાદષ્ટિ ઉત્પન્નક અને અમાયી સમ્યગ્દષ્ટિ ઉત્પન્નક. આ રીતે ઈન્દ્રિય પદના પ્રથમ ઉદ્દેશક અનુસાર સમસ્ત વર્ણન જાણવું ***યાવત્*** તેથી હે ગૌતમ ! આ પ્રમાણે કથન કર્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવો દ્વારા ગ્રહણ કરાતા આહારના પુદ્ગલોને જાણવા અને જોવા સંબંધી વિચારણા છે.

પ્રત્યેક સંસારી જીવો નિરંતર આહાર યોગ્ય પુદ્ગલોને લોમાહાર રૂપે ગ્રહણ કરે છે અને કેટલાક જીવો પોતાની ઈચ્છાનુસાર કવલાહાર પણ ગ્રહણ કરે છે પરંતુ તે જીવોને આહાર રૂપે ગ્રહણ કરાતા

પુદ્‌ગલોનું જ્ઞાન હોવું જરૂરી નથી. તે પુદ્‌ગલોનું જ્ઞાન કે દર્શન ન હોવા છતાં તેને ગ્રહણ કરી શકે છે. જેને સમ્યગ્‌જ્ઞાન હોય તે જીવો આહાર યોગ્ય પુદ્‌ગલોને જાણી શકે છે અને જેને ચક્ષુરિન્દ્રિયનો ઉપયોગ હોય, તે જીવો તે પુદ્‌ગલોને જોઈ શકે છે. તે સિવાયના સર્વ જીવો આહાર યોગ્ય પુદ્‌ગલોને જાણી કે જોઈ શકતા નથી પરંતુ સર્વ જીવો તે પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. આ રીતે જાણવા અને જોવા સંબંધી ચાર વિકલ્પો આ પ્રમાણે છે–

(૧) જાણે છે, જુએ છે અને આહાર કરે છે. (૨) જાણે છે, જોતા નથી અને આહાર કરે છે. (૩) જાણતા નથી, જુએ છે અને આહાર કરે છે. (૪) જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે.

**નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી દેવોને** લોમાહાર હોય છે. લોમાહારના પુદ્‌ગલો અત્યંત સૂક્ષ્મ હોય છે. તે પુદ્‌ગલો ચક્ષુરિન્દ્રિયનો વિષય થતા નથી અને નારકી આદિ જીવોને વિશિષ્ટ પ્રકારનું અવધિજ્ઞાન ન હોવાથી આહાર યોગ્ય પુદ્‌ગલોને જાણતા નથી કે જોતા નથી પરંતુ આહાર રૂપે ગ્રહણ કરે છે. આ રીતે નારકી અને જ્યોતિષી સુધીના દેવોમાં એક જ ચોથો ભંગ ઘટિત થાય છે.

**પાંચ સ્થાવર** જીવોને પણ લોમાહાર જ હોય છે તે ઉપરાંત તે જીવોને અત્યંત અસ્પષ્ટ મતિજ્ઞાન હોવાથી તેમજ એક જ ઈન્દ્રિય હોવાથી લોમાહારના પુદ્‌ગલોને જાણવાની કે જોવાની કોઈ ક્ષમતા હોતી નથી, તેથી તે જીવો આહારના પુદ્‌ગલોને જાણતા કે જોતા નથી પરંતુ આહાર રૂપે ગ્રહણ કરે છે. તેમાં પણ એક ચોથો ભંગ ઘટિત થાય છે.

**બેઇન્દ્રિય–તેઇન્દ્રિય** જીવોને લોમાહાર અને કવલાહાર બંને પ્રકારના આહાર હોય છે પરંતુ તે જીવોનું મતિજ્ઞાન અત્યંત અસ્પષ્ટ હોવાથી અને ચક્ષુરિન્દ્રિય ન હોવાથી તે જીવો પણ બંને પ્રકારના આહાર યોગ્ય પુદ્‌ગલોને જાણતા નથી કે જોતા નથી પરંતુ આહાર કરે છે. તેમાં પણ એક ચોથો ભંગ જ ઘટિત થાય છે.

**ચૌરેન્દ્રિય જીવોને** ચક્ષુઇન્દ્રિય હોવાથી જુએ છે પરંતુ તે જીવોનું મતિજ્ઞાન અત્યંત અસ્પષ્ટ હોવાથી જાણતા નથી, તેથી તે જીવોમાં બે વિકલ્પ ઘટિત થાય છે– (૧) કેટલાક જીવો સમ્યગ્‌જ્ઞાનના અભાવે જાણતા નથી પરંતુ ચક્ષુઇન્દ્રિય દ્વારા જુએ છે અને આહાર કરે છે. (૨) કેટલાક જીવો જાણતા નથી અને ચક્ષુઇન્દ્રિયના ઉપયોગ રહિત હોવાથી અથવા અન્ય વ્યવધાનથી જોતા પણ નથી અને આહાર કરે છે. આ રીતે તેમાં બીજો અને ચોથો બે વિકલ્પ ઘટિત થાય છે.

**તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં** લોમાહાર અને કવલાહાર બંને પ્રકારના આહાર હોય છે. તેમાં કવલાહાર સ્થૂલ હોવાથી તેનું જ્ઞાન મતિ-શ્રુત જ્ઞાન દ્વારા અને તેનું દર્શન ચક્ષુરિન્દ્રિય દ્વારા થઈ શકે છે.

**લોમાહારના પુદ્‌ગલો અત્યંત સૂક્ષ્મ હોય છે. તે મતિ-શ્રુતજ્ઞાનથી જાણી શકાતા નથી તે વિશિષ્ટ અવધિજ્ઞાન-દર્શનથી જ જાણી અને જોઈ શકાય છે.**

મનુષ્યો અને તિર્યંચોમાં મતિ, શ્રુત અને અવધિજ્ઞાન તે ત્રણે જ્ઞાન હોય છે તેમજ તીવ્ર ક્ષયોપશમ અને ચક્ષુઇન્દ્રિયની પટુતા પણ હોય છે, તેથી તે જીવોમાં લોમાહાર અને કવલાહારને જાણવા-જોવાની ક્ષમતા હોય છે. જે જીવોમાં અવધિજ્ઞાનાદિ વિશિષ્ટ જ્ઞાન ન હોય તે નિરંતર ગ્રહણ થતા લોમાહારના પુદ્‌ગલોને જાણતા નથી પરંતુ કવલાહારને જાણે છે. જેને તીવ્ર ક્ષયોપશમ કે ચક્ષુઇન્દ્રિયની પટુતા ન હોય

તે જીવો જોતા નથી. આ રીતે મનુષ્યો અને તિર્યંચોમાં જ્ઞાન-દર્શનની યોગ્યતામાં વિવિધતા હોવાથી પ્રક્ષેપાહાર અને લોમાહારની અપેક્ષાએ ચાર-ચાર વિકલ્પ થાય છે.

**પ્રક્ષેપાહારની અપેક્ષાએ ચાર વિકલ્પ–** (૧) કેટલાક જીવો સમ્યગ્જ્ઞાનથી જાણે છે, ચક્ષુઇન્દ્રિયના ઉપયોગથી જુએ છે અને આહાર કરે છે. (૨) કેટલાક જીવો સમ્યગ્જ્ઞાનથી જાણે છે, ચક્ષુઇન્દ્રિયના ઉપયોગ રહિત હોવાથી જોતા નથી અને આહાર કરે છે. (૩) કેટલાક જીવો સમ્યગ્જ્ઞાનના અભાવે જાણતા નથી, ચક્ષુઇન્દ્રિયથી જુએ છે અને આહાર કરે છે. (૪) કેટલાક જીવો સમ્યગ્જ્ઞાનના અભાવે જાણતા નથી, ચક્ષુઇન્દ્રિયના અભાવે જોતા નથી અને આહાર કરે છે.

**લોમાહારની અપેક્ષાએ ચાર વિકલ્પ–** નિરંતર ગ્રહણ થતાં લોમાહાર યોગ્ય સૂક્ષ્મ પુદ્ગલો અવધિજ્ઞાન-દર્શનથી જાણી અને જોઈ શકાય છે, તેથી તે અપેક્ષાએ ચાર વિકલ્પ થાય છે– (૧) કેટલાક જીવો અવધિજ્ઞાનથી જાણે છે, અવધિદર્શનથી જુએ છે અને આહાર કરે છે. (૨) કેટલાક જીવો અવધિજ્ઞાનથી જાણે છે પરંતુ અવધિદર્શનના ઉપયોગ રહિત હોવાથી જોતા નથી અને આહાર કરે છે. (૩) કેટલાક જીવો અવધિજ્ઞાનના ઉપયોગ રહિત હોવાથી જાણતા નથી, પરંતુ અવધિદર્શનથી જુએ છે અને આહાર કરે છે. (૪) કેટલાક જીવો જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે.

**વૈમાનિક દેવોમાં** લોમાહાર હોય છે, તે ઉપરાંત દેવો મનોભક્ષી પણ હોય છે. દેવોને કવલાહાર નથી. તે દેવો વિશિષ્ટ અવધિજ્ઞાન-દર્શન દ્વારા આહાર યોગ્ય પુદ્ગલોને જાણે છે અને જુએ છે. જે દેવોને વિશિષ્ટ અવધિજ્ઞાન હોય તે ઉપરાંત અવધિજ્ઞાનના ઉપયોગ સહિત હોય તે દેવો આહારના પુદ્ગલોને જાણી શકે છે અન્ય દેવો જાણી શકતા નથી.

વૈમાનિક દેવોના બે પ્રકાર છે– માયી મિથ્યાદષ્ટિ અને અમાયી સમ્યગ્દષ્ટિ. મિથ્યાદષ્ટિ શબ્દ સાથે પ્રયુક્ત **માયી** શબ્દનો અર્થ આ પ્રમાણે છે– માયી = અનંતાનુબંધી કષાયયુક્ત. જેમ માયાપ્રત્યયા ક્રિયામાં પણ માયા શબ્દ કષાય માત્રનો બોધક છે તેમ અહીં **માયી** શબ્દ વિશિષ્ટ કષાયનો બોધક છે. મિથ્યાદષ્ટિ જીવોને અનંતાનુબંધી કષાયનો ઉદય હોય છે અને સમ્યગ્દષ્ટિ જીવોને અનંતાનુબંધી કષાય હોતા નથી, તેથી મિથ્યાદષ્ટિ માટે માયી અને સમ્યગ્દષ્ટિ માટે અમાયી વિશેષણરૂપ શબ્દ પ્રયોગ છે.

**માયી મિથ્યાદષ્ટિ** દેવોમાં સંકલ્પ માત્રથી ગ્રહણ થતા આહારના સૂક્ષ્મ પુદ્ગલોને જાણી કે જોઈ શકે તેવા અવધિજ્ઞાન-દર્શન હોતાં નથી, તેથી તે દેવો આહારના પુદ્ગલોને જાણતા નથી, જોતા નથી પરંતુ આહાર કરે છે. આ રીતે તેમાં એક વિકલ્પ ઘટિત થાય છે.

**અમાયી સમ્યગ્દષ્ટિ** દેવોના બે પ્રકાર છે– (૧) ઉત્પત્તિના પ્રથમ સમયવર્તી અનંતરોત્પન્નક (૨) ઉત્પત્તિના દ્વિતીયાદિ સમયવર્તી પરંપરોત્પન્નક. અનંતરોત્પન્નક જીવની સ્થિતિ એક સમયની છે. છદ્મસ્થોનો ઉપયોગ અસંખ્યાત સમયનો હોવાથી અનંતરોત્પન્નક દેવો જાણી કે જોઈ શકતા નથી પરંતુ આહાર કરે છે. પરંપરોત્પન્નક દેવોના બે પ્રકાર છે– પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં અપર્યાપ્તા અવસ્થામાં વિશિષ્ટ અવધિજ્ઞાન ન હોવાથી આહાર યોગ્ય પુદ્ગલોને જાણી કે જોઈ શકતા નથી પરંતુ આહાર કરે છે. આ રીતે તેમાં એક ચોથો વિકલ્પ ઘટિત થાય છે.

પર્યાપ્તા દેવોના બે પ્રકાર છે– ઉપયોગ સહિત અને ઉપયોગ રહિત. તેમાં ઉપયોગ રહિત દેવોમાં જાણવા અને જોવાનું સામર્થ્ય હોવા છતાં ઉપયોગના અભાવે જાણતા કે જોતા નથી પરંતુ આહાર કરે છે.

આ રીતે તેમાં ચોથોભંગ ઘટિત થાય છે. અમાયી સમ્યગ્દષ્ટિ, પરંપરોપપન્નક અને અવધિજ્ઞાનના ઉપયોગ સહિત દેવો આહાર યોગ્ય પુદ્ગલોને જાણે છે, જુએ છે અને આહાર કરે છે; તેમાં પ્રથમ વિકલ્પ ઘટિત થાય છે અને માયી મિથ્યાદષ્ટિ, અનંતરોપપન્નક, અપર્યાપ્તા અને અવધિજ્ઞાનના ઉપયોગ રહિત દેવો આહાર યોગ્ય પુદ્ગલોને જાણતા અને જોતા નથી પરંતુ આહાર કરે છે. આ રીતે વૈમાનિક દેવોમાં આહાર સંબંધી બે વિકલ્પ થાય છે.

વૈમાનિક દેવોમાં પહેલા દેવલોકથી નવગ્રૈવેયક સુધીના દેવોમાં માયી મિથ્યાદષ્ટિ અને અમાયી સમ્યગ્દષ્ટિ બંને પ્રકારના દેવો હોય છે. અનુત્તર વિમાનના દેવો અમાયી સમ્યગ્દષ્ટિ જ હોય છે.

**જીવોમાં આહારના પુદ્ગલોને જાણવા-જોવા સંબંધી ભંગ :–**

| ક્રમ | જીવ પ્રકાર | પ્રથમ ભંગ જાણે–જુએ આહાર કરે | બીજો ભંગ જાણે–ન જુએ આહાર કરે | ત્રીજો ભંગ ન જાણે–જુએ આહાર કરે | ચોથો ભંગ ન જાણે–ન જુએ આહાર કરે |
|---|---|---|---|---|---|
| ૧ | નૈરયિક, ભવનપતિ વાણવ્યંતર, જ્યોતિષ્ક, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય | × | × | × | ✓ |
| ૨ | ચૌરેન્દ્રિય જીવો | × | × | ✓ | ✓ |
| ૩ | તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્યો | ✓ | ✓ | ✓ | ✓ |
| ૪ | વૈમાનિક દેવો | ✓ | × | × | ✓ |

**(૪) અધ્યવસાય દ્વાર :–**

**૧૦ णेरइयाणं भंते ! केवइया अज्झवसाणा पण्णत्ता ?**

**गोयमा ! असंखेज्जा अज्झवसाणा पण्णत्ता । ते णं भंते ! किं पसत्था अप्पसत्था ? गोयमा ! पसत्था वि अप्पसत्था वि । एवं *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોના કેટલા અધ્યવસાયો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્યાતા અધ્યવસાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તે અધ્યવસાયો પ્રશસ્ત હોય છે કે અપ્રશસ્ત હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે પ્રશસ્ત પણ હોય છે અને અપ્રશસ્ત પણ હોય છે. આ જ રીતે વૈમાનિકો સુધીનું કથન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સમસ્ત સંસારી જીવોના અધ્યવસાયોનું કથન છે.

**અધ્યવસાય–** સંસારી જીવોના આત્મપરિણામોને અધ્યવસાય કહે છે. અધ્યવસાય, પરિણામ તથા ભાવલેશ્યા આ ત્રણેનું તાત્પર્ય એક જ થાય છે.

પ્રત્યેક જીવ કર્માધીન છે. પૂર્વકૃત કર્મોના ઉદયે અને વર્તમાનકાલીન સંયોગો અનુસાર તેના અધ્યવસાયોમાં પરિવર્તન થયા જ કરે છે.

સમસ્ત સંસારી જીવોના અધ્યવસાય સ્થાન અસંખ્યાતા છે. સમયે સમયે અધ્યવસાયોમાં પરિવર્તન થયા જ કરે છે તેથી સર્વ જીવોના અસંખ્યાતા-અસંખ્યાત અધ્યવસાય કહ્યા છે. ક્યારેક તે અધ્યવસાય શુભ-પ્રશસ્ત અને ક્યારેક અશુભ-અપ્રશસ્ત પણ હોય છે.

**(૫) સમ્યક્ત્વ અભિગમ દ્વાર :–**

**११ णेरइया णं भंते ! किं सम्मत्ताभिगमी मिच्छत्ताभिगमी सम्मा-मिच्छत्ताभिगमी?**

**गोयमा ! सम्मत्ताभिगमी वि मिच्छत्ताभिगमी वि सम्मामिच्छत्ताभिगमी वि । एवं** *जाव* **वेमाणिया । णवरं– एगिंदिय-विगलिंदिया णो सम्मत्ताभिगमी, मिच्छत्ताभिगमी, णो सम्मामिच्छत्ताभिगमी ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો સમ્યક્ત્વાભિગમી હોય છે કે મિથ્યાત્વાભિગમી હોય છે કે સમ્યગ્-મિથ્યાત્વાભિગમી હોય છે? **ઉત્તર–** હે ગૌતમ! તેઓ સમ્યક્ત્વાભિગમી પણ હોય છે, મિથ્યાત્વાભિગમી પણ છે અને સમ્યગ્- મિથ્યાત્વાભિગમી પણ હોય છે.

આ જ રીતે ***યાવત્*** વૈમાનિક સુધી જાણવું જોઈએ. વિશેષતા એ છે કે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવો માત્ર મિથ્યાત્વાભિગમી હોય છે, તેઓ સમ્યક્ત્વાભિગમી કે સમ્યગ્-મિથ્યાત્વાભિગમી હોતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચોવીસ દંડકોના જીવોમાં સમ્યક્ત્વાભિગમી આદિનું નિરૂપણ છે. સમ્યગ્દષ્ટિ જીવો સમ્યક્ત્વાભિગમી હોય છે, તે જ રીતે મિથ્યાદષ્ટિ જીવો મિથ્યાત્વાભિગમી અને મિશ્રદષ્ટિ જીવો મિશ્રાભિગમી હોય છે.

એકેન્દ્રિયો એકાંત મિથ્યાત્વી હોવાથી મિથ્યાત્વાભિગમી જ હોય છે વિકલેન્દ્રિય જીવોમાં કેટલાક જીવોને અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમકિત હોય છે પરંતુ સાસ્વાદન સમ્યક્ત્વ અત્યંત અલ્પકાલીન અને મિથ્યાત્વની અભિમુખ હોવાથી અહીં વિકલેન્દ્રિયોને પણ મિથ્યાત્વાભિગમી કહ્યા છે. શેષ નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય તે સોળ દંડકના જીવોમાં ત્રણે દષ્ટિ હોવાથી તે જીવો સમ્યક્ત્વાભિગમી, મિથ્યાત્વાભિગમી અને સમ્યક્ત્વ-મિથ્યાત્વાભિગમી હોય છે.

**(૬) પરિચારણા દ્વાર :–**

**१२ देवा णं भंते ! किं सदेवीया सपरियारा, सदेवीया अपरियारा, अदेवीया सपरियारा, अदेवीया अपरियारा ? गोयमा ! अत्थेगइया देवा सदेवीया सपरियारा, अत्थेगइया देवा अदेवीया सपरियारा, अत्थेगइया देवा अदेवीया अपरियारा, णो चेव णं देवा सदेवीया अपरियारा ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– अत्थेगइया देवा सदेवीया सपरियारा तं चेव** *जाव* **णो चेव णं देवा सदेवीया अपरियारा ?**

**गोयमा ! भवणवइ-वाणमंतर-जोइस-सोहम्मीसाणेसु कप्पेसु देवा सदेवीया**

**सपरियारा,सणंकुमार-माहिंद-बंभलोग-लंतग-महासुक्क-सहस्सार-आणय-पाणय-आरण-अच्चुएसु कप्पेसु देवा अदेवीया सपरियारा, गेवेज्ज-अणुत्तरोववाइयदेवा अदेवीया अपरियारा, णो चेव णं देवा सदेवीया अपरियारा । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– अत्थेगइया देवा सदेवीया सपरियारा तं चेव** *जाव* **णो चेव णं देवा सदेवीया अपरियारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! (૧) શું દેવો, દેવીઓ સહિત અને સપરિચાર–વિષયભોગ સહિત હોય છે ? (૨) શું દેવો, દેવીઓ સહિત અને અપરિચાર-વિષયભોગથી રહિત હોય છે ? (૩) શું દેવો, દેવીઓ રહિત અને સપરિચાર-વિષયભોગ સહિત હોય છે ? (૪) શું દેવો, દેવીઓ રહિત અને અપરિચાર-વિષય ભોગથી રહિત હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) કેટલાક દેવો દેવીઓ સહિત અને વિષયભોગ સહિત હોય છે. (૨) કેટલાક દેવો દેવીઓ રહિત પરંતુ વિષયભોગ સહિત હોય છે. (૩) કેટલાક દેવો દેવીઓ રહિત અને વિષયભોગથી પણ રહિત હોય છે, પરંતુ દેવીઓ સહિત અને વિષયભોગ રહિત કોઈ દેવો હોતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કેટલાક દેવો દેવીઓ સહિત અને વિષય ભોગ સહિત હોય છે ***યાવત્*** દેવીઓ સહિત અને વિષયભોગથી રહિત હોતા નથી.

**ઉત્તર–** હે ગૌતમ ! ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ તથા ઈશાનકલ્પના દેવો, દેવીઓ સહિત અને વિષયભોગ સહિત હોય છે. સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આણત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પોના દેવો, દેવીઓ રહિત અને વિષયભોગ સહિત હોય છે. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરોપપાતિક દેવો, દેવીઓ રહિત અને વિષયભોગ રહિત હોય છે, પરંતુ કોઈ પણ દેવો, દેવીઓ સહિત અને વિષયભોગ રહિત હોતા નથી.

**१३ कइविहा णं भंते ! परियारणा पण्णत्ता ?**

**गोयमा ! पंचविहा पण्णत्ता । तं जहा– कायपरियारणा, फासपरियारणा, रूवपरियारणा, सद्दपरियारणा, मणपरियारणा ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– पंचविहा परियारणा पण्णत्ता तं जहा– कायपरियारणा** *जाव* **मणपरियारणा ?**

**गोयमा ! भवणवइ-वाणमंतर-जोइस-सोहम्मीसाणेसु कप्पेसु देवा कायपरियारगा, सणंकुमारमाहिंदेसु कप्पेसु देवा फासपरियारगा, बंभलोय-लंतगेसु कप्पेसु देवा रूव-परियारगा, महासुक्क-सहस्सारेसु देवा सद्दपरियारगा, आणय- पाणय-आरण-अच्चुएसु कप्पेसु देवा मणपरियारगा, गेवेज्जअणुत्तरोववाइया देवा अपरियारगा, से तेणट्ठेणं गोयमा ! तं चेव** *जाव* **मणपरियारणा ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! પરિચારણાના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પરિચારણાના પાંચ પ્રકાર છે, જેમ કે– (૧) કાયપરિચારણા (૨) સ્પર્શ

પરિચારણા (૩) રૂપ પરિચારણા (૪) શબ્દ પરિચારણા અને (૫) મનપરિચારણા

**પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે પરિચારણાના પાંચ પ્રકાર છે, જેમ કે– કાયપરિચારણા ***યાવત્*** મનપરિચારણા ?

**ઉત્તર**– હે ગૌતમ ! ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને સૌધર્મ ઈશાનકલ્પના દેવો કાયપરિચારક હોય છે. સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોકના દેવો સ્પર્શ પરિચારક હોય છે. બ્રહ્મલોક અને લાંતક કલ્પના દેવો રૂપ પરિચારક હોય છે. મહાશુક્ર અને સહસ્રાર કલ્પના દેવો શબ્દ પરિચારક હોય છે. આણત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પના દેવો મનપરિચારક હોય છે. ગ્રૈવેયક અને અનુત્તરોપપાતિક દેવો અપરિચારક હોય છે. તેથી હે ગૌતમ ! પરિચારણાના પાંચ પ્રકાર કહ્યા છે ***યાવત્*** મનપરિચારણા.

**१४ तत्थ णं जे ते कायपरियारगा देवा तेसि णं इच्छामणे समुप्पज्जइ– इच्छामो णं अच्छराहिं सद्धिं कायपरियारणं करेत्तए, तए णं तेहिं देवेहिं एवं मणसीकए समाणे खिप्पामेव ताओ अच्छराओ ओरालाइं सिंगाराइं मणुण्णाइं मणोहराइं मणोरमाइं उत्तरवेउव्वियाइं रूवाइं विउव्वंति, विउव्वित्ता तेसिं देवाणं अंतियं पाउब्भवंति, तए णं ते देवा ताहिं अच्छराहिं सद्धिं कायपरियारणं करेंति । से जहाणामए सीया पोग्गला सीयं पप्प सीयं चेव अइवइत्ताणं चिट्ठंति, उसिणा वा पोग्गला उसिणं पप्प उसिणं चेव अइवइत्ता णं चिट्ठंति । एवामेव तेहिं देवेहिं ताहिं अच्छाराहिं सद्धिं कायपरियारणे कए समाणे से इच्छामणे खिप्पामेवावेइ ।**

**अत्थि णं भंते ! तेसिं देवाणं सुक्कपोग्गला ? गोयमा ! हंता अत्थि । ते णं भंते ! तासिं अच्छराणं कीसत्ताए भुज्जो-भुज्जो परिणमंति ?**

**गोयमा ! सोइंदियत्ताए चक्खिंदियत्ताए घाणिंदियत्ताए रसिंदियत्ताए फासिंदियत्ताए इट्ठत्ताए कंतत्ताए मणुण्णत्ताए मणामत्ताए सुभगत्ताए सोहग्ग-रूव-जोव्वण-गुणलावण्णत्ताए ते तासिं भुज्जो-भुज्जो परिणमंति ।**

**ભાવાર્થ :–** દેવોમાંથી જે દેવો કાયપરિચારક(કાયાથી વિષયેચ્છાની પૂર્તિ કરનારા) છે. તેઓના મનમાં ઈચ્છા ઉત્પન્ન થાય છે કે અમે અપ્સરાઓની સાથે કાયાથી વિષયેચ્છાને તૃપ્ત કરીએ. તે દેવો મનથી આ પ્રકારનો વિચાર કરે ત્યારે તે અપ્સરાઓ વૈક્રિયલબ્ધિ દ્વારા શ્રેષ્ઠ શૃંગારયુક્ત, મનોજ્ઞ, મનોહર અને મનોરમ ઉત્તરવૈક્રિયરૂપની વિકુર્વણા કરે છે.

આ પ્રમાણે વિકુર્વણા કરીને તે અપ્સરાઓ, તે દેવો પાસે આવે છે. ત્યારે તે દેવો તે અપ્સરાઓ સાથે કાયપરિચારણા કરે છે. જેવી રીતે શીત પુદ્ગલો શીતયોનિવાળા પ્રાણીને પ્રાપ્ત કરીને અત્યંત શીતાવસ્થાને પામે છે અથવા ઉષ્ણ પુદ્ગલો, ઉષ્ણ-યોનિવાળા જીવોને પામી અત્યંત ઉષ્ણાવસ્થાને પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે તે દેવો અપ્સરાઓની સાથે કાયાથી પરિચારણા કરે ત્યારે તેઓનું ઈચ્છામન તરત જ તૃપ્ત થઈ જાય છે.

**પ્રશ્ન**– હે ભગવન્ ! શું તે દેવોને શુક્ર-પુદ્ગલ હોય છે ? **ઉત્તર**– હા, ગૌતમ ! હોય છે. **પ્રશ્ન**– હે

ભગવન્ ! તે શુક્ર પુદ્‌ગલ અપ્સરાઓ માટે કયા રૂપે વારંવાર પરિણત થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે શુક્ર પુદ્‌ગલો અપ્સરાઓને શ્રોતેન્દ્રિય, ચક્ષુઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયરૂપે, ઇષ્ટ, કમનીય, મનોજ્ઞ, મનોહર, સુંદર સૌભાગ્યરૂપે, યૌવન-ગુણ-લાવણ્યરૂપે વારંવાર પરિણત થાય છે.

**१५ तत्थ णं जे ते फासपरियारगा देवा तेसि णं इच्छामणे समुप्पज्जइ, एवं जहेव कायपरियारगा तहेव णिरवसेसं भाणियव्वं ।**

**ભાવાર્થ :–** તે દેવોમાંથી જે દેવો સ્પર્શ પરિચારક છે, તેઓના મનમાં ઇચ્છા ઉત્પન્ન થાય ત્યારે, જે રીતે કાયપરિચારક દેવોની વક્તવ્યતા કહી છે, તેવી જ રીતે અહીં પણ સમગ્ર વક્તવ્યતા કહેવી જોઈએ.

**१६ तत्थ णं जे ते रूवपरियारगा देवा तेसि णं इच्छामणे समुप्पज्जइ– इच्छामो णं अच्छराहिं सद्धिं रूवपरियारणं करेत्तए, तए णं तेहिं देवेहिं एवं मणसीकए समाणे तहेव *जाव* उत्तरवेउव्वियाइं रूवाइं विउव्वंति, विउव्वित्ता जेणामेव ते देवा तेणामेव उवागच्छंति, तेणामेव उवागच्छित्ता तेसिं देवाणं अदूरसामंते ठिच्चा ताइं ओरालाइं *जाव* मणोरमाइं उत्तरवेउव्वियाइं रूवाइं उवदंसेमाणीओ चिट्ठंति, तए णं ते देवा ताहिं अच्छराहिं सद्धिं रूवपरियारणं करेंति, सेसं तं चेव *जाव* भुज्जो-भुज्जो परिणमंति ।**

**ભાવાર્થ :–** તે દેવોમાંથી જે દેવો રૂપપરિચારક છે, તેઓના મનમાં ઇચ્છા ઉત્પન્ન થાય કે અમે અપ્સરાઓની સાથે રૂપપરિચારણા કરીએ. તે દેવો મનથી આ પ્રકારનો વિચાર કરે ત્યારે તે દેવીઓ ***યાવત્*** ઉત્તરવૈક્રિય રૂપની વિકુર્વણા કરે છે, વિકુર્વણા કરીને તે દેવો જ્યાં હોય છે, ત્યાં આવે છે અને પછી તે દેવોથી ન અતિ દૂર કે ન અતિ નજીક સ્થિત થઈને, તે ઉદાર ***યાવત્*** મનોરમ ઉત્તરવૈક્રિય રૂપને દેખાડતી-દેખાડતી ઊભી રહે છે. ત્યારપછી તે દેવો તે અપ્સરાઓની સાથે રૂપપરિચારણા કરે છે. શેષ સર્વ કથન પૂર્વવત્ છે ***યાવત્*** તે શુક્ર પુદ્‌ગલો વારંવાર પરિણત થાય છે.

**१७ तत्थ णं जे ते सद्दपरियारगा देवा तेसि णं इच्छामणे समुप्पज्जइ– इच्छामो णं अच्छराहिं सद्धिं सद्दपरियारणं करेत्तए, तए णं तेहिं देवेहिं एवं मणसीकए समाणे तहेव *जाव* उत्तरवेउव्वियाइं रूवाइं विउव्वंति, विउव्वित्ता जेणामेव ते देवा तेणामेव उवागच्छंति, उवागच्छित्ता तेसिं देवाणं अदूरसामंते ठिच्चा अणुत्तराइं उच्चावयाइं सद्दाइं समुदीरेमाणीओ समुदीरेमाणीओ चिट्ठंति, तए णं ते देवा ताहिं अच्छराहिं सद्धिं सद्दपरियारणं करेंति, सेसं तं चेव *जाव* भुज्जो-भुज्जो परिणमंति ।**

**ભાવાર્થ :–** તે દેવોમાંથી જે દેવો શબ્દ પરિચારક હોય છે, તેઓના મનમાં ઇચ્છા ઉત્પન્ન થાય કે અમે અપ્સરાઓની સાથે શબ્દ પરિચારણા કરીએ. તે દેવો આ પ્રમાણે મનમાં વિચાર કરે ત્યારે દેવીઓ ***યાવત્*** ઉત્તર વૈક્રિય રૂપોની વિકુર્વણા કરીને જ્યાં તે દેવો હોય છે ત્યાં આવે છે. તે દેવોથી ન અતિ દૂર કે ન અતિ નજીક રહીને સર્વોત્કૃષ્ટ ઉચ્ચ-મંદ સ્વરે શબ્દોનું વારંવાર ઉચ્ચારણ કરતી ઊભી રહે છે. આ પ્રમાણે દેવો તે અપ્સરાઓની સાથે શબ્દ પરિચારણા કરે છે. શેષ કથન પૂર્વવત્ ***યાવત્*** વારંવાર પરિણત થાય છે.

**१८ तत्थ णं जे ते मणपरियारगा देवा तेसिं इच्छामणे समुप्पज्जइ– इच्छामो णं अच्छराहिं सद्धिं मणपरियारणं करेत्तए, तए णं तेहिं देवेहिं एवं मणसीकए समाणे खिप्पामेव ताओ अच्छराओ तत्थगयाओ चेव समाणीओ अणुत्तराइं उच्चावयाइं मणाइं संपहारेमाणीओ संपहारेमाणीओ चिट्ठंति, तए णं ते देवा ताहिं अच्छाराहिं सद्धिं मणपरियारणं करेंति, सेसं णिरवसेसं तं चेव** *जाव* **भुज्जो-भुज्जो परिणमंति।**

**ભાવાર્થ :–** તે દેવોમાંથી જે દેવો મનપરિચારક હોય છે, તેઓના મનમાં ઈચ્છા ઉત્પન્ન થાય કે અમે અપ્સરાઓ સાથે મનથી પરિચારણા કરીએ. તે દેવો મનમાં આ પ્રમાણે વિચાર કરે, ત્યારે તે અપ્સરાઓ તુરંત જ પોતાના સ્થાન પર રહીને શ્રેષ્ઠ અને વિવિધ પ્રકારના મનોભાવને ધારણ કરે છે ત્યારે તે દેવો, તે અપ્સરાઓની સાથે મનથી પરિચારણા કરે છે. શેષ સર્વ કથન પૂર્વવત્ ***યાવત્*** વારંવાર પરિણત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પરિચારણા દ્વારના માધ્યમે દેવોની પરિચારણા સંબંધી વિવિધ દષ્ટિકોણથી વિચાર કરવામાં આવ્યો છે.

પરિચારણાના પાંચ પ્રકાર છે– (૧) કાયપરિચારણા (૨) સ્પર્શપરિચારણા (૩) રૂપપરિચારણા (૪) શબ્દપરિચારણા અને (૫) મનપરિચારણા.

**દેવોની પરિચારણા :–** દેવોમાં પણ વેદ મોહનીય કર્મના ઉદયે વિષયેચ્છા થાય છે પરંતુ દેવો વૈક્રિય લબ્ધિના ધારક હોવાથી પોતાની ઈચ્છાપૂર્તિ વિવિધ રીતે કરે છે.

(૧) કેટલાક દેવો, દેવીઓ સહિત હોય અને દેવીઓ સાથે કાયપરિચારણાથી વિષયેચ્છાની તૃપ્તિ કરે છે.

(૨) કેટલાક દેવો દેવીઓ રહિત હોવા છતાં અન્ય દેવલોકની દેવીઓને બોલાવીને તેના સ્પર્શાનુભવ, રૂપદર્શન કે શબ્દ શ્રવણ આદિથી વિષયેચ્છાની પૂર્તિ કરે છે અને કેટલાક દેવો માત્ર મનથી દેવીઓનું સ્મરણ કરીને વિષયેચ્છાની પૂર્તિ કરે છે.

(૩) કેટલાક દેવો, દેવીઓ રહિત હોય છે અને તેનું વેદ મોહનીય કર્મ પણ ઉપશાંત હોવાથી તે દેવોને વિષયેચ્છા થતી જ નથી.

(૪) કોઈ પણ દેવો, દેવીઓ સહિત હોય અને કાયપરિચારણા-વિષયેચ્છાથી રહિત હોય તેવું થતું નથી. જે દેવોને દેવીઓ હોય તે દેવો અવશ્ય કાયપરિચારણા(મૈથુન સેવન) કરે છે. કોઈ પણ દેવલોકના દેવો દેવી સહિત હોય તો તેઓ કાયપરિચારણા રહિત હોતા નથી.

**પરિચારણા પદ્ધતિ :–** પ્રત્યેક દેવોના વેદમોહનીય કર્મના ઉદયમાં તીવ્રતા-મંદતા હોય છે તેમજ પ્રત્યેક દેવોના પુણ્યમાં તરતમતા હોય છે તેથી તે તે દેવો પોતાના પુણ્ય અને ઋદ્ધિ પ્રમાણે વિવિધ રીતે પોતાની ઈચ્છાપૂર્તિ કરે છે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને પહેલા-બીજા દેવલોક સુધી દેવીઓ હોય છે. તે દેવોને મનુષ્યોની જેમ કાયિક પરિચારણા હોય છે. ત્યાર પછીના દેવલોકમાં દેવીઓ નથી. તે દેવોને જ્યારે વિષયેચ્છા જાગૃત થાય, ત્યારે પહેલા-બીજા દેવલોકની અપરિગૃહીતા દેવીઓને બોલાવે છે. પરિગૃહીતા દેવીઓ

અન્ય દેવો પાસે જતી નથી. ઉપરના દેવલોકના દેવો અપરિગૃહીતા દેવીઓના સ્પર્શ, રૂપદર્શન, શબ્દ શ્રવણ આદિ દ્વારા પોતાની ઈચ્છા પૂર્તિ કરે છે.

દેવોને અવધિજ્ઞાન હોવાથી જ્ઞાન દ્વારા જ દેવીઓના રૂપનું દર્શન, કે શબ્દશ્રવણ કરી શકે છે તેમ છતાં પરિચારણાના સાધન ઈન્દ્રિયો હોવાથી દેવીઓ તેમની પાસે આવે, ચક્ષુઈન્દ્રિય દ્વારા રૂપદર્શન થાય, કે શ્રોતેન્દ્રિય દ્વારા શબ્દશ્રવણ થાય, ત્યારે તેઓની ઈચ્છાપૂર્તિ થાય છે.

કયા દેવલોકના દેવો કેટલી સ્થિતિવાળી દેવીઓને બોલાવે છે અને કેટલી સ્થિતિવાળી દેવીઓ કયા દેવલોક સુધી જાય છે તેનું સ્પષ્ટીકરણ વ્યાખ્યાકારે વ્યાખ્યામાં(ટીકામાં) કર્યું છે.

પહેલા દેવલોકની અપરિગૃહીતા દેવીની સ્થિતિ જઘન્ય એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ પચાસ પલ્યોપમની અને બીજા દેવલોકની અપરિગૃહીતા દેવીની સ્થિતિ જઘન્ય સાધિક એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમની છે. પહેલા દેવલોકની દેવીઓ ત્રીજા, પાંચમા અને સાતમા દેવલોકમાં જાય છે તથા નવમા અને અગિયારમા દેવલોકના દેવો તે પહેલા દેવલોકની દેવીઓનું ચિંતન કરે છે. બીજા દેવલોકની દેવીઓ ચોથા, છટ્ઠા અને આઠમા દેવલોકમાં જાય છે તથા દશમા અને બારમા દેવલોકના દેવો તે બીજા દેવલોકની દેવીઓનું મનથી ચિંતન કરે છે.

**દેવલોકોમાં જનારી અપરિગૃહીતા દેવીઓ :–**

| દેવલોકની | દેવલોકમાં | જનારી અપરિગૃહીતા દેવીઓ |
|---|---|---|
| સૌધર્મ | ત્રીજા દેવલોકમાં | એક પલ્યોપમથી ૧૦ પલ્યોપમની સ્થિતિવાળી |
| ઈશાન | ચોથા દેવલોકમાં | સાધિક એક પલ્યોપમથી ૧૫ પલ્યોપમની સ્થિતિવાળી |
| સૌધર્મ | પાંચમા દેવલોકમાં | સાધિક ૧૦ થી ૨૦ પલ્યોપમની સ્થિતિવાળી |
| ઈશાન | છટ્ઠા દેવલોકમાં | સાધિક ૧૫ થી ૨૫ પલ્યોપમની સ્થિતિવાળી |
| સૌધર્મ | સાતમા દેવલોકમાં | સાધિક ૨૦ થી ૩૦ પલ્યોપમની સ્થિતિવાળી |
| ઈશાન | આઠમા દેવલોકમાં | સાધિક ૨૫ થી ૩૫ પલ્યોપમની સ્થિતિવાળી |
| સૌધર્મ | નવમા દેવલોકના દેવો | સૌધર્મ સાધિક ૩૦ થી ૪૦ પલ્યોપમની સ્થિતિવાળી દેવીઓનું ચિંતન કરે. |
| ઈશાન | દશમા દેવલોકમાંના દેવો | સાધિક ૩૫ થી ૪૫ પલ્યોપમની સ્થિતિવાળી દેવીઓનું ચિંતન કરે. |
| સૌધર્મ | અગિયારમા દેવલોકના દેવો | સાધિક ૪૦ થી ૫૦ પલ્યોપમની સ્થિતિવાળીનું ચિંતન કરે. |
| ઈશાન | બારમાં દેવલોકના દેવો | સાધિક ૪૫ થી ૫૫ પલ્યોપમની સ્થિતિવાળીનું ચિંતન કરે. |

આ રીતે ઉપર-ઉપરના દેવલોકના દેવો ક્રમશઃ અધિકાધિક સ્થિતિવાળી દેવીઓના માધ્યમથી પોતાની ઈચ્છા પૂર્તિ કરે છે.

**ત્રીજા ચોથા દેવલોકના** દેવોને કાયિક પરિચારણા હોતી નથી, તે દેવોને ભોગેચ્છાની પૂર્તિ દેવીઓના સ્પર્શ માત્રથી થઈ જાય છે.

**પાંચમા, છઠ્ઠા દેવલોકના** દેવોને કાયિક પરિચારણા કે સ્પર્શ પરિચારણા હોતી નથી, તે દેવોને ભોગેચ્છાની પૂર્તિ દેવીઓના વિવિધ પ્રકારના રૂપ દર્શન, અંગોપાંગ દર્શન, દષ્ટિ નિક્ષેપ આદિ દ્વારા થઈ જાય છે.

**સાતમા, આઠમા દેવલોકના** દેવોને રૂપ પરિચારણા પણ હોતી નથી. તે દેવોને ભોગેચ્છાની પૂર્તિ દેવીઓના મધુર શબ્દ શ્રવણથી થઈ જાય છે.

**નવમાથી બારમા દેવલોકના** દેવોને શબ્દ પરિચારણા પણ હોતી નથી, તે દેવોને ભોગેચ્છાની પૂર્તિ મનમાં દેવીઓનું ચિંતન કરવા માત્રથી થઈ જાય છે.

આ રીતે બાર દેવલોકના દેવોમાં ઉપર-ઉપરના દેવલોકની વેદમોહનીય કર્મની તીવ્રતા ક્રમશઃ મંદ થતી જાય છે. **નવ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના** દેવોનું વેદમોહનીય કર્મ ઉપશાંત હોવાથી તે દેવોને પરિચારણાની ઈચ્છા થતી નથી. તેમ છતાં તે દેવોને ચારિત્રના પરિણામ ન હોવાથી તે દેવો ત્યાગી કહેવાતા નથી.

કાયિક પરિચારણાથી સ્પર્શ પરિચારણામાં દેવો વિશેષ આનંદની અનુભૂતિ કરે છે. તે જ રીતે રૂપ પરિચારણા, શબ્દ પરિચારણા અને મનપરિચારણામાં ક્રમશઃ અધિક આનંદ અને તૃપ્તિનો અનુભવ થાય છે. ઉપર-ઉપરના દેવલોકના દેવોનું પુણ્ય અધિક હોવાથી તે દેવો અલ્પ પુરુષાર્થે વિશેષ તૃપ્તિને પામે છે.

કાયિક પરિચારણાની જેમ સ્પર્શ પરિચારણા, રૂપ, શબ્દ કે મનપરિચારણામાં પણ દેવતાના શુક્ર પુદ્‌ગલો દિવ્ય પ્રભાવથી દેવીઓના શરીરમાં પ્રવેશ પામે છે પરંતુ તે વૈક્રિય શરીરના પુદ્‌ગલો હોવાથી ગર્ભાધાનનું નિમિત્ત બનતા નથી. દેવીઓ શુક્ર પુદ્‌ગલના સંક્રમણથી પરમ સુખની અનુભૂતિ કરે છે. તે પુદ્‌ગલો દેવીઓના શરીરમાં પાંચ ઈન્દ્રિયો રૂપે, ઈષ્ટ, કાંત, મનોજ્ઞ અને મનોહર પણે પરિણમન પામે છે.

ઉપરના દેવલોકના દેવો મનથી દેવીઓની ઈચ્છા કરે, ત્યારે તે દેવીઓ પોતાના વિશિષ્ટ મતિજ્ઞાનથી તે દેવની ઈચ્છાને જાણે છે, અવધિજ્ઞાનથી નહીં; કારણ કે દેવ-દેવીઓનું અવધિજ્ઞાન પોતાના વિમાનની ધ્વજા સુધીનું જ હોય છે.

**(૭) અલ્પબહુત્વ દ્વાર :–**

**१९ एएसि णं भंते ! देवाणं कायपरियारगाणं *जाव* मणपरियारगाणं अपरियारगाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा देवा अपरियारगा, मणपरियारगा संखेज्जगुणा, सद्दपरियारगा असंखेज्जगुणा, रूवपरियारगा असंखेज्जगुणा, फासपरियारगा असंखेज्जगुणा, कायपरियारगा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાયપરિચારક ***યાવત્*** મનપરિચારક અને અપરિચારક દેવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા અપરિચારક દેવો છે, તેનાથી મનપરિચારક દેવો સંખ્યાતગુણા છે, તેનાથી શબ્દ પરિચારક દેવો અસંખ્યાતગુણા છે, તેનાથી રૂપ પરિચારક દેવો અસંખ્યાત ગુણા છે,

તેનાથી સ્પર્શ પરિચારક દેવો અસંખ્યાતગુણા છે અને તેનાથી કાયપરિચારક દેવો અસંખ્યાતગુણા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાંચ પ્રકારની પરિચારણાઓનું અલ્પબહુત્વ કરવામાં આવ્યું છે.

**અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા અપરિચારક દેવો છે કારણ કે નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવો જ અપરિચારક હોય છે. તેની સંખ્યા અલ્પ હોય છે. (૨) તેનાથી મનપરિચારક દેવો સંખ્યાતગુણા છે, કારણ કે નવમાથી બારમા દેવલોકના દેવો તેનાથી વધુ છે. તેમાં માત્ર ગર્ભજ મનુષ્યો ઉત્પન્ન થતાં હોવાથી તે સંખ્યાતગુણા જ થાય છે. (૩) તેનાથી શબ્દ પરિચારક દેવો અસંખ્યાતગુણા છે, કારણ કે સાતમા-આઠમા દેવલોકના દેવોની સંખ્યા ત્રીજા પદમાં અસંખ્યાતગુણી કહી છે અને તેમાં અસંખ્ય તિર્યંચ પંચેન્દ્રિય ઉત્પન્ન થાય છે. (૪) તેનાથી રૂપ પરિચારક દેવો અસંખ્યાતગુણા છે, કારણ કે નીચે-નીચેના દેવલોકના દેવો ક્રમશઃ વધુ છે. (૫) તેનાથી સ્પર્શ પરિચારક દેવો અસંખ્યાતગુણા છે, કારણ કે ત્રીજા ચોથા દેવલોકના દેવો સ્પર્શ પરિચારક છે. (૬) તેનાથી કાયપરિચારક દેવો અસંખ્યાતગુણા છે, કારણ કે તેમાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને પહેલા-બીજા દેવલોકના સર્વ દેવોનો સમાવેશ થાય છે.

પરિચારક-અપરિચારક દેવોના અલ્પબહુત્વને જોતાં સ્પષ્ટ થાય છે કે પ્રત્યેક દેવોમાં પાંચ પ્રકારની પરિચારણામાંથી કોઈ પણ એક પ્રકારની પરિચારણા હોય છે, પરંતુ વિચારતાં જણાય છે કે કાયિક પરિચારણામાં સ્પર્શ, રૂપદર્શન આદિ સહજ થઈ જાય છે, સ્પર્શ પરિચારણામાં, રૂપદર્શન થાય જ છે. આ રીતે એક પરિચારણાના સેવનમાં અન્ય વિષયોનો સંયોગ થાય જ છે. તેમ છતાં તે-તે દેવોને પરિચારણાની ઈચ્છા એક-એક પ્રકારની હોય છે, તેથી દેવોમાં મુખ્યત્વે એક-એક પરિચારણાનું કથન છે. તેમ સૂત્રનો આશય સમજવો જોઈએ અથવા અલ્પબહુત્વની આ ગણનામાં મુખ્ય પરિચારણાની જ વિવક્ષા હોય તેમ પણ સમજી શકાય છે.

**દેવોમાં પરિચારણા :–**

| દેવ પ્રકાર | પરિચારણા પ્રકાર | વિશેષ |
|---|---|---|
| ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, ૧-૨ દેવલોકના દેવો | કાયિક પરિચારણા | દેવીઓ છે. મનુષ્યોની જેમ જ કામભોગનું સેવન કરે. |
| ત્રીજા, ચોથા દેવલોકના દેવો | સ્પર્શ પરિચારણા | દેવીઓ નથી. પહેલા-બીજા દેવલોકની અપરિગૃહીતા દેવીઓને બોલાવે, તેના સ્પર્શ, આલિંગન, આદિથી ઈચ્છાપૂર્તિ. |
| પાંચમા-છઠ્ઠા દેવલોકના દેવો | રૂપ પરિચારણા | અપરિગૃહીતા દેવીઓના રૂપ અવલોકનથી ઈચ્છાપૂર્તિ. |
| ૭-૮મા દેવલોકના દેવો | શબ્દ પરિચારણા | અપરિગૃહીતા દેવીઓના શબ્દ શ્રવણથી ઈચ્છાપૂર્તિ. |
| નવમાથી બારમા દેવલોકના દેવો | મન પરિચારણા | મનથી જ દેવીઓની સાથેના કામભોગની ચિંતવનાથી ઈચ્છાપૂર્તિ. |
| નવ ગ્રૈવેયક, અનુત્તર વિમાનના દેવો | પરિચારણા રહિત | વેદ મોહનીય કર્મ ઉપશાંત હોય છે. ચારિત્રના પરિણામ ન હોવાથી ત્યાગી નથી. |

**પાંચ પ્રકારના પરિચારક દેવોનું અલ્પબહુત્વ :–**

| | પરિચારક પ્રકાર | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | અપરિચારક | સર્વથી થોડા | નવ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના દેવોની સંખ્યા અલ્પ છે. |
| ૨ | મન પરિચારક | સંખ્યાતગુણા | નવ થી બાર દેવલોકના દેવોની સંખ્યા અધિક છે. તેમાં મનુષ્યો જ ઉત્પન્ન થતાં હોવાથી સંખ્યાતગુણા થાય. |
| ૩ | શબ્દ પરિચારક | અસંખ્યાતગુણા | સાતમા-આઠમા દેવલોકમાં તિર્યંચો ઉત્પન્ન થતા હોવાથી અસંખ્યાતગુણા થાય છે. |
| ૪ | રૂપ પરિચારક | અસંખ્યાતગુણા | નીચે-નીચે દેવલોકના દેવોની સંખ્યા અધિક છે. |
| ૫ | સ્પર્શ પરિચારક | અસંખ્યાતગુણા | દેવોની સંખ્યા અધિક છે. |
| ૬ | કાય પરિચારક | અસંખ્યાતગુણા | જ્યોતિષી દેવોની સંખ્યા સર્વથી અધિક છે તે દેવો કાય પરિચારક છે. |

**॥ ચોત્રીસમું પદ સંપૂર્ણ ॥**

# પાંત્રીસમું પદ

## પરિચય

આ પદનું નામ **વેદનાપદ** છે.

આ પદમાં સંસારી જીવોને અનુભવમાં આવનારી સાત પ્રકારની વેદનાઓનું પ્રતિપાદન ૨૪ દંડકના માધ્યમે કર્યુ છે.

જીવ જ્યાં સુધી છદ્મસ્થ છે, ત્યાં સુધી વિવિધ પ્રકારની અનુભૂતિઓ તેને થતી જ રહે છે. આ અનુભૂતિઓનું મુખ્ય કેન્દ્ર મન છે. મન ઉપર વિવિધ પ્રકારની વેદનાઓ અંકિત થતી રહે છે. જીવ જે રૂપે જે વેદનાને ગ્રહણ કરે છે, તે જ રૂપે તેનો પ્રતિધ્વનિ અનુભૂતિ રૂપે વ્યક્ત થાય છે. શાસ્ત્રકારે આ પદમાં વિવિધ નિમિત્તોથી મન પર અંકિત થનારી વિવિધ વેદનાઓનું દિગ્દર્શન કરાવ્યું છે.

**વેદનાના વિભિન્ન અર્થો** થાય છે, જેમ કે– વેદના એટલે જ્ઞાન, સુખ દુઃખાદિનો અનુભવ, પીડા, સંતાપ, રોગાદિ જનિત વેદના, કર્મફળ-ભોગ, શાતા-અશાતારૂપ અનુભવ, ઉદયાવલિકા પ્રવિષ્ટ કર્મોનો અનુભવ આદિ.

આ બધા અર્થોને અનુલક્ષીને વેદના સંબંધી સાત દ્વાર આ પદમાં રજૂ કરવામાં આવ્યા છે, જેમાં વિવિધ વેદનાઓનું નિરૂપણ છે.

તે સાત દ્વાર આ પ્રમાણે છે– **(૧)** શીતાદિ વેદના દ્વાર– જેમાં શીત, ઉષ્ણ, શીતોષ્ણ આ ત્રણ વેદનાઓનું નિરૂપણ છે, **(૨)** દ્રવ્ય દ્વાર– જેમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ થનારી વેદનાનું નિરૂપણ છે, **(૩)** શરીર વેદના દ્વાર– જેમાં શારીરિક, માનસિક અને શારીરિક-માનસિક વેદનાનું વર્ણન છે, **(૪)** શાતા વેદના દ્વાર– જેમાં શાતા, અશાતા, શાતા-અશાતા વેદનાનું નિરૂપણ છે, **(૫)** દુઃખવેદના દ્વાર– જેમાં દુઃખરૂપ, સુખરૂપ તથા દુઃખ-સુખરૂપ વેદનાનું પ્રતિપાદન છે, **(૬)** આભ્યુપગમિકી અને ઔપક્રમિકી વેદના દ્વાર– જેમાં આ બંને પ્રકારની વેદનાઓનું નિરૂપણ છે તથા **(૭)** નિદા-અનિદા વેદના દ્વાર– તેમાં આ બંને પ્રકારની વેદનાઓની પ્રરૂપણા છે.

ત્યાર પછી ૨૪ દંડકના જીવોમાં ઉપરોક્ત સાત પ્રકારની વેદનાનું પ્રતિપાદન છે, યથા– એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યો મનોવેદનાથી રહિત હોય છે, કારણ કે તે અસંજ્ઞી હોય છે. સર્વ વેદનાનો અનુભવ સર્વ સંસારી જીવોને ભિન્ન-ભિન્ન રીતે થાય છે.

❖❖❖❖❖

# પાંત્રીસમું પદ : વેદના

**વિષય નિર્દેશ :–**

**૧** सीया य दव्व सरीर, साय तह वेयणा हवइ दुक्खा ।
अब्भुवगमोवक्कमिया, णिदा य अणिदा य णायव्वा ॥१॥

सायमसायं सव्वे, सुहं च दुक्खं अदुक्खमसुहं च ।
माणसरहियं विगलिंदिया उ, सेसा दुविहमेव ॥२॥

**ભાવાર્થ :– ( ગાથાર્થ )** આ પદના સાત દ્વારો આ પ્રમાણે છે– (૧) શીત (૨) દ્રવ્ય (૩) શરીર (૪) શાતા (૫) દુઃખરૂપ વેદના (૬) આભ્યુપગમિકી અને ઔપક્રમિકી વેદના અને (૭) નિદા અને અનિદાવેદના. ॥૧॥

સર્વ જીવો શાતા અને અશાતા વેદના વેદે છે. આ જ રીતે સુખ, દુઃખ અને અદુઃખ-અસુખ વેદના પણ સર્વ જીવો વેદે છે. વિકલેન્દ્રિયો(એકેન્દ્રિયથી ચૌરેન્દ્રિય) માનસ વેદનાથી રહિત છે. શેષ સર્વ જીવો(પંચેન્દ્રિયો) બંને પ્રકારની વેદના વેદે છે. ॥૨॥

**વિવેચન :–**

પ્રસ્તુત બે ગાથામાંથી પ્રથમ ગાથામાં સાત પ્રકારની વેદનાનું કથન સાત દ્વારના માધ્યમથી કર્યું છે. તે સાતે દ્વારથી તે તે વેદનાના પેટા ભેદનું પણ ગ્રહણ થાય છે. બીજી ગાથામાં તે વેદનાઓને ભોગવનાર જીવોનું કથન છે.

**વેદના સંબંધી સાત દ્વાર :–**

| | દ્વાર | પ્રભેદ | વિવરણ |
|---|---|---|---|
| ૧ | શીત દ્વાર | ૩ | શીત વેદના, ઉષ્ણ વેદના, શીતોષ્ણ વેદના. |
| ૨ | દ્રવ્ય દ્વાર | ૪ | દ્રવ્ય વેદના, ક્ષેત્ર વેદના, કાલ વેદના, ભાવ વેદના. |
| ૩ | શરીર દ્વાર | ૩ | શારીરિક વેદના, માનસિક વેદના, શારીરિક-માનસિક વેદના. |
| ૪ | શાતા દ્વાર | ૩ | શાતા વેદના,-અશાતા વેદના, શાતા-અશાતાવેદના. |
| ૫ | દુઃખ વેદના દ્વાર | ૩ | દુઃખ વેદના, સુખ વેદના, અદુઃખસુખ વેદના. |
| ૬ | આભ્યુપગમિકી | ૨ | આભ્યુપગમિકી વેદના, ઔપક્રમિકી વેદના. |
| ૭ | નિદા-અનિદા દ્વાર | ૨ | નિદા વેદના, અનિદા વેદના. |

**(૧) શીતાદિ વેદના દ્વાર :–**

**૨** कइविहा णं भंते ! वेयणा पण्णत्ता ? गोयमा ! तिविहा वेयणा पण्णत्ता, तं जहा– सीया, उसिणा, सीयोसिणा ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વેદનાના ત્રણ પ્રકાર છે, જેમ કે– (૧) શીતવેદના, (૨) ઉષ્ણવેદના અને (૩) શીતોષ્ણવેદના.

**३ णेरइया णं भंते ! किं सीयं वेयणं वेदेंति, उसिणं वेयणं वेदेंति, सीयोसिणं वेयणं वेदेंति ? गोयमा ! सीयं पि वेयणं वेदेंति, उसिणं पि वेयणं वेदेंति, णो सीयोसिणं वेयणं वेदेंति ।** केई एक्केक्कए पुढवीए वेयणाओ भणंति ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો શું શીતવેદના વેદે છે, ઉષ્ણવેદના વેદે છે કે શીતોષ્ણ વેદના વેદે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો શીતવેદના પણ વેદે છે, ઉષ્ણવેદના પણ વેદે છે, પરંતુ શીતોષ્ણવેદના વેદતા નથી. કેટલાક(મુનિપુંગવો) પ્રત્યેક નરક પૃથ્વીના સ્પષ્ટીકરણપૂર્વક વેદનાઓનું કથન કરે છે.

**४ रयणप्पभापुढविणेरइया णं भंते ! पुच्छा ? गोयमा ! णो सीयं वेयणं वेदेंति, उसिणं वेयणं वेदेंति, णो सीयोसिणं वेयणं वेदेंति । एवं** *जाव* **वालुयप्पभा पुढवि णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રત્નપ્રભાપૃથ્વીના નૈરયિકો શું શીત વેદના વેદે છે, ઉષ્ણ વેદના વેદે છે કે શીતોષ્ણ વેદના વેદે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓ શીત વેદનાનું વેદન કરતા નથી, શીતોષ્ણ વેદનાનું વેદન કરતા નથી, પરંતુ ઉષ્ણ વેદનાનું વેદન કરે છે. આ જ રીતે ત્રીજી વાલુકાપ્રભા નરકપૃથ્વીના નૈરયિકો સુધી જાણવું જોઈએ.

**५ पंकप्पभापुढविणेरइया णं भंते ! पुच्छा ? गोयमा ! सीयं पि वेयणं वेदेंति, उसिणं पि वेयणं वेदेंति, णो सीयोसिणं वेयणं वेदेंति । ते बहुयतरागा जे उसिणं वेयणं वेदेंति । ते थोवतरागा जे सीयं वेयणं वेदेंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંકપ્રભા પૃથ્વીના નૈરયિકો શું શીતવેદના વેદે છે ઇત્યાદિ પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓ શીતવેદના પણ વેદે છે અને ઉષ્ણવેદના પણ વેદે છે, પરંતુ શીતોષ્ણવેદના વેદતા નથી. તેમાં ઉષ્ણવેદનાવાળા નૈરયિકો ઘણા છે અને શીતવેદનાવાળા નૈરયિકો અલ્પ છે.

**६ धूमप्पभाए एवं चेव दुविहा, णवरं– ते बहुयतरागा जे सीयं वेयणं वेदेंति, ते थोवतरागा जे उसिणं वेयणं वेदेंति ।**

**ભાવાર્થ :–** ધૂમપ્રભા પૃથ્વીના નૈરયિકો પણ બંને પ્રકારની વેદના વેદે છે. વિશેષતા એ છે કે ધૂમપ્રભા પૃથ્વીમાં શીતવેદનાવાળા નૈરયિકો ઘણા છે અને ઉષ્ણવેદનાવાળા નૈરયિકો અલ્પ છે.

**७ तमाए तमतमाए य सीयं वेयणं वेदेंति, णो उसिणं वेयणं वेदेंति, णो सीयोसिणं वेयणं वेदेंति ।**

**ભાવાર્થ :–** તમા અને તમસ્તમા પૃથ્વીના નૈરયિકો શીતવેદના વેદે છે, પરંતુ ઉષ્ણવેદના કે શીતોષ્ણવેદના વેદતા નથી.

**८ असुरकुमाराणं भंते ! पुच्छा ? गोयमा ! सीयं पि वेयणं वेदेंति, उसिणं पि**

**वेयणं वेदेंति, सीयोसिणं पि वेयणं वेदेंति । एवं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારો શું શીતવેદના વેદે છે ઈત્યાદિ પૂર્વવત્ પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓ શીતવેદના પણ વેદે છે, ઉષ્ણવેદના પણ વેદે છે અને શીતોષ્ણવેદના પણ વેદે છે.

આ જ રીતે વૈમાનિકો સુધી જાણવું જોઈએ. અર્થાત્ દશે ભવનપતિ દેવો, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો સુધીના સર્વ દંડકના જીવો ત્રણે પ્રકારની વેદના વેદે છે

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં શીતાદિ વેદનાનું વર્ણન કરવામાં આવ્યું છે.

વેદના એક પ્રકારની અનુભૂતિ છે. તેના ત્રણ પ્રકાર છે– શીત, ઉષ્ણ અને શીતોષ્ણ. શીત પુદ્ગલોના સંયોગથી થનારી વેદના **શીતવેદના**, ઉષ્ણ પુદ્ગલોના સંયોગથી થનારી વેદના **ઉષ્ણવેદના** અને શીતોષ્ણ પુદ્ગલોના સંયોગથી ઉત્પન્ન થનારી વેદના **શીતોષ્ણવેદના** કહેવાય છે.

સામાન્ય રીતે નૈરયિકો શીત કે ઉષ્ણવેદનાનો અનુભવ કરે છે, પરંતુ શીતોષ્ણવેદનાનો અનુભવ કરતા નથી. પ્રારંભની ત્રણ નરકપૃથ્વીઓના નૈરયિકો ઉષ્ણવેદના વેદે છે, કારણ કે તેઓના આધારભૂત નરકાવાસો ખેરના અંગારાની સમાન અત્યંત લાલ, અતિ સંતપ્ત અને અત્યંત ઉષ્ણ પુદ્ગલોથી બનેલા હોય છે. ચોથી પંકપ્રભા પૃથ્વીમાં કેટલાક નૈરયિકો ઉષ્ણવેદના અને કેટલાક નૈરયિકો શીતવેદનાને અનુભવે છે, કારણ કે ત્યાંના નરકાવાસો કેટલાક શીત અને કેટલાક ઉષ્ણ હોય છે. તેમાંથી ઉષ્ણ પુદ્ગલમય નરકાવાસો અધિક હોવાથી ઉષ્ણવેદનાનો અનુભવ કરનારા નૈરયિકો અધિક છે અને શીત પુદ્ગલમય નરકાવાસો અલ્પ હોવાથી શીતવેદનાનો અનુભવ કરનારા નૈરયિકો અલ્પ હોય છે. ધૂમપ્રભા પૃથ્વીમાં કેટલાક નૈરયિકો શીતવેદના અને કેટલાક ઉષ્ણવેદનાનો અનુભવ કરે છે. તેમાં શીત વેદનાનું વેદન કરનારા નૈરયિકો અધિક અને ઉષ્ણ વેદનાનું વેદન કરનારા નૈરયિકો અલ્પ હોય છે, કારણ કે ત્યાં શીત પુદ્ગલમય નરકાવાસો અધિક અને ઉષ્ણપુદ્ગલમય નરકાવાસો અલ્પ હોય છે. છઠ્ઠી અને સાતમી નરક પૃથ્વીઓના નૈરયિકો શીતવેદનાનો જ અનુભવ કરે છે, કારણ કે ત્યાંના નરકાવાસો અત્યધિક શીત પુદ્ગલમય હોય છે.

અસુરકુમારોથી લઈને વૈમાનિકો સુધીના સર્વ દંડકના જીવો ત્રણે ય પ્રકારની વેદના અનુભવે છે. શીતળ જલ વગેરેના સ્પર્શથી શીતવેદના, ક્રોધ કે અન્ય ઉષ્ણ પદાર્થોના સંયોગે ઉષ્ણવેદના અને શરીરમાં વિભિન્ન અવયવોમાં એક સાથે શીત અને ઉષ્ણ પુદ્ગલોનો સંપર્ક થાય ત્યારે શીતોષ્ણ વેદનાને અનુભવે છે.

**(૨) દ્રવ્યાદિ વેદના દ્વાર :–**

**९ कइविहा णं भंते ! वेयणा पण्णत्ता ? गोयमा ! चउव्विहा वेयणा पण्णत्ता, तं जहा– दव्वओ खेत्तओ कालओ भावओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વેદનાના ચાર પ્રકાર છે, જેમ કે– (૧) દ્રવ્યથી (૨) ક્ષેત્રથી (૩) કાળથી અને (૪) ભાવથી(વેદના).

**१० णेरइया णं भंते ! किं दव्वओ वेयणं वेदेंति** *जाव* **किं भावओ वेयणं**

**वेदेंति ? गोयमा ! दव्वओ वि वेयणं वेदेंति** *जाव* **भावओ वि वेयणं वेदेंति । एवं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો શું દ્રવ્યથી વેદના વેદે છે ***યાવત્*** ભાવથી વેદના વેદે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેઓ દ્રવ્યથી પણ વેદના વેદે છે ***યાવત્*** ભાવથી પણ વેદના વેદે છે. આ જ રીતે વૈમાનિકો સુધીના સર્વ દંડકના જીવો ચારે પ્રકારની વેદના વેદે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દ્રવ્યાદિ ચાર પ્રકારની વેદનાનું કથન છે.

વેદનાની ઉત્પત્તિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ સામગ્રીના નિમિત્તે થાય છે. નિમિત્તની અપેક્ષાએ વેદનાના ચાર પ્રકાર છે– (૧) કોઈ પુદ્ગલ આદિ દ્રવ્યના સંયોગે ઉત્પન્ન થનારી વેદના **દ્રવ્યવેદના** કહેવાય છે. યથા– આઈસ્ક્રીમ વગેરે શીત પદાર્થના આહારથી ઠંડકનો અનુભવ થાય છે. (૨) ઉપપાત ક્ષેત્રાદિના નિમિત્તે(સંયોગે) થનારી વેદના **ક્ષેત્રવેદના** કહેવાય છે. જેમ હિમાલયમાં ઠંડીનો અનુભવ થાય છે. (૩) શીતાદિ ૠતુ તથા દિવસ, રાત, મધ્યાહ્ન આદિ કાળના સંયોગે થનારી વેદના **કાળવેદના** કહેવાય છે. જેમ કે– શિયાળામાં ઠંડી અને ઊનાળામાં ગરમીનો અનુભવ થાય છે. (૪) વેદનીય કર્મના ઉદયરૂપ પ્રધાન કારણથી ઉત્પન્ન થનારી વેદના **ભાવવેદના** કહેવાય છે. જેમ કે– સહજ રીતે શરીરમાં બીમારીનો ઉપદ્રવ થાય, તે ભાવવેદના છે. ચોવીશે દંડકના જીવો આ ચારે ય પ્રકારની વેદનાનો અનુભવ કરે છે.

**(૩) શારીરિક વેદના દ્વાર :–**

**११ कइविहा णं भंते ! वेयणा पण्णत्ता ? गोयमा ! तिविहा वेयणा पण्णत्ता, तं जहा– सारीरा, माणसा, सारीरमाणसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વેદનાના ત્રણ પ્રકાર છે, જેમ કે– (૧) શારીરિક વેદના, (૨) માનસિક વેદના અને (૩) શારીરિક-માનસિક વેદના.

**१२ णेरइया णं भंते ! किं सारीरं वेयणं वेदेंति, माणसं वेयणं वेदेंति, सारीरमाणसं वेयणं वेदेंति ? गोयमा ! सारीरं पि वेयणं वेदेंति, माणसं पि वेयणं वेदेंति, सारीरमाणसं पि वेयणं वेदेंति ।**

**एवं** *जाव* **वेमाणिया, णवरं एगिंदिय-विगलिंदिया सारीरं वेयणं वेदेंति, णो माणसं वेयणं वेदेंति णो सारीरमाणसं वेयणं वेदेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો શું શારીરિક વેદના વેદે છે, માનસિક વેદના વેદે છે કે શારીરિક- માનસિક વેદના વેદે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો શારીરિક વેદના વેદે છે, માનસિક વેદના વેદે છે અથવા શારીરિક-માનસિક વેદના વેદે છે.

આ જ રીતે વૈમાનિકો પર્યંત સર્વ દંડકના જીવો ત્રણે પ્રકારની વેદના વેદે છે. તેમાં વિશેષતા એ છે કે– એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવો માત્ર શારીરિક વેદના જ વેદે છે, તે જીવો માનસિક વેદના અને શારીરિક-માનસિક વેદના વેદતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રકારાન્તરથી ત્રિવિધ વેદનાનું કથન છે.

(૧) શરીરમાં થનારી વેદના **શારીરિક વેદના**, (૨) મનમાં થનારી વેદના **માનસિક વેદના** તથા (૩) શરીર અને મન બંનેમાં થનારી વેદના **શારીરિક-માનસિકવેદના** કહેવાય છે. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોને છોડીને શેષ સર્વ દંડકવર્તી જીવો મન સહિત હોવાથી તે જીવોમાં ત્રણે ય પ્રકારની વેદના હોય છે. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવો અસંજ્ઞી-મનરહિત હોવાથી તે જીવોને માનસિક અને શારીરિક-માનસિક વેદના હોતી નથી, એક શારીરિક વેદના જ હોય છે.

**(૪) શાતાદિ વેદના દ્વાર :–**

**१३ कइविहा णं भंते ! वेयणा पण्णत्ता ? गोयमा ! तिविहा वेयणा पण्णत्ता, तं जहा– साया, असाया, सायासाया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! વેદનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર**– હે ગૌતમ ! વેદનાના ત્રણ પ્રકાર છે, જેમ કે– (૧) શાતા વેદના, (૨) અશાતા વેદના અને (૩) શાતા-અશાતા વેદના.

**१४ णेरइया णं भंते ! किं सायं वेयणं वेदेंति, असायं वेयणं वेदेंति, सायासायं वेयणं वेदेंति ? गोयमा ! तिविहं पि वेयणं वेदेंति । एवं सव्वजीवा** *जाव* **वेमाणिया।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! નૈરયિકો શું શાતાવેદના વેદે છે, અશાતાવેદના વેદે છે કે શાતા-અશાતા વેદના વેદે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! નૈરયિકો ત્રણે પ્રકારની વેદના વેદે છે. આ જ રીતે વૈમાનિકો સુધીના ૨૪ દંડકના સર્વ જીવો ત્રણે પ્રકારની વેદના વેદે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રકારાન્તરથી ત્રણ પ્રકારની વેદનાનું કથન છે.

**શાતાદિ ત્રિવિધ વેદના :–** અનુકૂળતાજન્ય સુખરૂપ વેદનાને **શાતાવેદના**, પ્રતિકૂળતાજન્ય દુઃખરૂપ વેદનાને **અશાતાવેદના** અને સુખ-દુઃખ ઉભય રૂપ વેદનાને **શાતા-અશાતા** વેદના કહે છે.

નૈરયિકોથી લઈ વૈમાનિકો સુધીના સર્વ જીવોમાં ત્રણે ય પ્રકારની વેદના હોય છે. નૈરયિકો મિત્ર દેવોના સંયોગ વગેરે કારણોથી મનમાં શાતાનો અનુભવ કરે છે, ક્ષેત્ર પ્રભાવથી કે અસુરકુમારોના કઠોર વ્યવહારથી નારકીઓ અશાતા વેદનાનો અનુભવ કરે છે અને ક્યારેક આ બંનેની અપેક્ષાએ શાતા-અશાતારૂપ બંને વેદનાનો અનુભવ કરે છે. સર્વ જીવોમાં આ પ્રમાણે ત્રિવિધ વેદના હોય છે. પૃથ્વીકાયિકાદિને જ્યારે કોઈ ઉપદ્રવ હોતો નથી ત્યારે શાતાવેદનાનો અનુભવ કરે છે. અન્ય પ્રાણીઓ પૃથ્વી ખોદે, તેના પર ચાલે આદિ ઉપદ્રવ કરે ત્યારે અશાતાનો અનુભવ થાય તથા જ્યારે એક દેશથી ઉપદ્રવ થાય છે, ત્યારે શાતા-અશાતા ઉભયરૂપ વેદનાનો અનુભવ થાય છે. દેવોને સુખાનુભવના સમયે શાતાવેદના, ચ્યવનાદિના સમયે અશાતાવેદના તથા બીજા દેવના વૈભવને જોઈને માત્સર્ય થવાથી અશાતાવેદના અને પોતાની પ્રિય દેવી સાથે મધુરાલાપાદિ કરતી વખતે શાતાવેદના; ક્યારેક બંને પ્રકારની વેદના એક સાથે થાય છે. આ રીતે દેવોમાં ત્રણે પ્રકારની વેદના હોય છે.

વિકલેન્દ્રિયો, તિર્યંચ પંચેન્દ્રિયો અને મનુષ્યોમાં પણ ત્રણે પ્રકારની વેદના ભિન્ન-ભિન્ન નિમિત્તો-પ્રસંગોથી થાય છે.

**(૫) દુઃખાદિ વેદના દ્વાર :–**

**૧૫ कइविहा णं भंते ! वेयणा पण्णत्ता ? गोयमा ! तिविहा वेयणा पण्णत्ता, तं जहा– दुक्खा, सुहा, अदुक्खसुहा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વેદનાના ત્રણ પ્રકાર છે, જેમ કે– (૧) સુખા વેદના (૨) દુઃખા વેદના અને (૩) અદુઃખા-અસુખા વેદના.

**૧૬ णेरइया णं भंते ! किं दुक्खं वेयणं वेदेंति, पुच्छा ? गोयमा ! दुक्खं पि वेयणं वेदेंति, सुहं पि वेयणं वेदेंति, अदुक्खसुहं पि वेयणं वेदेंति । एवं *जाव* वेमाणिया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો શું દુઃખવેદના વેદે છે, સુખવેદના વેદે છે કે અદુઃખસુખા વેદના વેદે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે દુઃખવેદના પણ વેદે છે, સુખ વેદના પણ વેદે છે અને અદુઃખસુખા વેદના પણ વેદે છે. આ જ રીતે વૈમાનિકો સુધી કહેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રકારાન્તરથી વેદનાનું કથન છે. જેમાં દુઃખનું વેદન થાય, તે **દુઃખાવેદના,** સુખનું વેદન થાય, તે **સુખાવેદના** અને જે વેદના એકાંત દુઃખરૂપ નથી અને એકાંત સુખરૂપ નથી પરંતુ જેમાં આંશિક દુઃખનો કે આંશિક સુખનો અનુભવ હોય, તે **અદુઃખસુખા** વેદના છે. સ્વયં ઉદયમાં આવેલા વેદનીયકર્મના ઉદયથી અનુકૂળ કે પ્રતિકૂળ વેદન થાય તેને ક્રમશઃ શાતા-અશાતા વેદના કહે છે તથા બીજા દ્વારા ઉદીરિત(ઉત્પાદિત) સાંયોગિક અનુકૂળતા-પ્રતિકૂળતાને ક્રમશઃ સુખ-દુઃખ કહે છે. આ રીતે પૂર્વસૂત્રોક્ત શાતા-અશાતા વેદનામાં કર્મનો ઉદય મુખ્ય કારણ છે અને પ્રસ્તુત સૂત્રોક્ત સુખા, દુઃખા વેદનામાં અન્ય બાહ્ય નિમિત્ત મુખ્ય કારણ છે. આ ભિન્નતા દર્શાવવા તત્સંબંધી જુદા-જુદા પ્રશ્નોત્તર છે. ૨૪ દંડકના જીવો ત્રણે પ્રકારની વેદનાને વેદે છે.

**(૬) આભ્યુપગમિકી અને ઔપક્રમિકી વેદના દ્વાર :–**

**૧૭ कइविहा णं भंते ! वेयणा पण्णत्ता ? गोयमा ! दुविहा वेयणा पण्णत्ता, तं जहा– अब्भोवगमिया य ओवक्कमिया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વેદનાના બે પ્રકાર છે જેમ કે– આભ્યુપગમિકી વેદના અને ઔપક્રમિકી વેદના.

**૧૮ णेरइया णं भंते ! किं अब्भोवगमियं वेयणं वेदेंति, ओवक्कमियं वेयणं वेदेंति ? गोयमा ! णो अब्भोवगमियं वेयणं वेदेंति, ओवक्कमियं वेयणं वेदेंति। एवं *जाव* चउरिंदिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો શું આભ્યુપગમિકી વેદના વેદે છે કે ઔપક્રમિકી વેદના વેદે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓ આભ્યુપગમિકી વેદના વેદતા નથી, ઔપક્રમિકી વેદના વેદે છે. આ જ રીતે ચૌરેન્દ્રિયો સુધી જાણવું જોઈએ.

**૧૯ पंचेंदियतिरिक्खजोणिया मणूसा य दुविहं पि वेयणं वेदेंति । वाणमंतर-जोइसिय-वेमाणिया जहा णेरइया ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો બંને પ્રકારની વેદનાનો અનુભવ કરે છે. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો નૈરયિકોની જેમ ઔપક્રમિકી વેદનાનો અનુભવ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રકારાન્તરથી બે વેદનાનું કથન છે.

**આભ્યુપગમિકી વેદના :–** જે વેદના સ્વેચ્છાપૂર્વક સ્વીકારવામાં આવે છે, તે **આભ્યુપગમિકી** વેદના છે. જેમ કે– કેશલોચ, તપ, આતપના આદિ. જે વેદના સ્વયમેવ ઉદયને પ્રાપ્ત થાય અથવા બીજા દ્વારા દેવામાં આવે, તે **ઔપક્રમિકી** વેદના કહેવાય છે.

નૈરયિકો, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોને ઔપક્રમિકી વેદના હોય છે. પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય જીવોને પણ એક ઔપક્રમિકી વેદના હોય છે. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને બંને પ્રકારની વેદના હોય છે, કારણ કે સમ્યગ્દષ્ટિ તિર્યંચો અને મનુષ્યો કર્મ ક્ષય માટે સ્વેચ્છાથી આભ્યુપગમિકી વેદનાનો સ્વીકાર કરે છે અને તે સિવાય શેષ ૨૨ દંડકના જીવો સ્વતઃ આતાપના આદિ રૂપે આભ્યુપગમિકી વેદનાને સ્વીકારતા નથી, તેથી તે સર્વ જીવોને ઔપક્રમિકી વેદના જ હોય છે.

**(૭) નિદા-અનિદા વેદના દ્વાર :–**

**૨૦ कइविहा णं भंते ! वेयणा पण्णत्ता ? गोयमा ! दुविहा वेयणा पण्णत्ता, तं जहा– णिदा य अणिदा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વેદનાના બે પ્રકાર છે, જેમ કે– નિદા અને અનિદા.

**૨૧ णेरइया णं भंते ! किं णिदायं वेयणं वेदेंति, अणिदायं वेयणं वेदेंति ? गोयमा ! णिदायं पि वेयणं वेदेंति, अणिदायं पि वेयणं वेदेंति । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ णेरइया णिदायं पि वेयणं वेदेंति, अणिदायं पि वेयणं वेदेंति?**

**गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा– सण्णिभूया य असण्णिभूया य । तत्थ णं जे ते सण्णिभूया ते णं णिदायं वेयणं वेदेंति । तत्थ णं जे ते असण्णिभूया ते णं अणिदायं वेयणं वेदेंति, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– णेरइया णिदायं पि वेयणं वेदेंति, अणिदायं पि वेयणं वेदेंति । एवं** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો શું નિદાવેદના વેદે છે કે અનિદા વેદના વેદે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો નિદાવેદના પણ વેદે છે અને અનિદાવેદના પણ વેદે છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નૈરયિકો નિદા વેદના પણ વેદે છે અને અનિદા વેદના પણ વેદે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોના બે પ્રકાર છે, જેમ કે– સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. તેમાં જે સંજ્ઞીભૂત નૈરયિકો છે, તે નિદાવેદના વેદે છે અને જે અસંજ્ઞીભૂત નૈરયિકો હોય છે, તે અનિદાવેદના વેદે છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે નૈરયિકો નિદા વેદના પણ વેદે છે અને અનિદાવેદના પણ વેદે છે. આ જ રીતે સ્તનિતકુમારો સુધી કહેવું જોઈએ.

**२२ पुढविक्काइया णं भंते ! पुच्छा ? गोयमा ! णो णिदायं वेयणं वेदेंति, अणिदायं वेयणं वेदेंति । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ पुढविक्काइया णो णिदायं वेयणं वेदेंति, अणिदायं वेयणं वेदेंति ?**

**गोयमा ! पुढविक्काइया सव्वे असण्णी असण्णिभूयं अणिदायं वेयणं वेदेंति, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ पुढविक्काइया णो णिदायं वेयणं वेदेंति, अणिदायं वेयणं वेदेंति । एवं** *जाव* **चउरिंदिया ।**

**पंचेंदियतिरिक्खजोणिया, मणूसा, वाणमंतरा जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકો શું નિદા વેદના વેદે છે કે અનિદા વેદના વેદે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓ નિદાવેદના વેદતા નથી, પરંતુ અનિદાવેદના વેદે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે પૃથ્વીકાયિક જીવો નિદાવેદના વેદતા નથી, પરંતુ અનિદાવેદના વેદે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બધા પૃથ્વીકાયિકો અસંજ્ઞી અને અસંજ્ઞીભૂત છે, તેથી તે જીવો અનિદાવેદના વેદે છે, તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે પૃથ્વીકાયિક જીવો નિદાવેદના વેદતા નથી, પરંતુ અનિદા વેદના વેદે છે. આ જ રીતે ચૌરેન્દ્રિય સુધી જાણવું જોઈએ.

પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને વાણવ્યંતર દેવોનું કથન નૈરયિકોના કથનની સમાન જાણવું જોઈએ.

**२३ जोइसिया णं भंते ! पुच्छा ? गोयमा ! णिदायं पि वेयणं वेदेंति, अणिदायं पि वेयणं वेदेंति । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जोइसिया णिदायं पि वेयणं वेदेंति, अणिदायं पि वेयणं वेदेंति ?**

**गोयमा ! जोइसिया दुविहा पण्णत्ता, तं जहा– माइमिच्छद्दिट्ठिउववण्णगा य अमाइसम्मद्दिट्ठि-उव्ववण्णगा य, तत्थ णं जे ते माइमिच्छद्दिट्ठि-उववण्णगा ते णं अणिदायं वेयणं वेदेंति, तत्थ णं जे ते अमाइसम्मद्दिट्ठिउववण्णगा ते णं णिदायं वेयणं वेदेंति, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– जोइसिया दुविहं पि वेयणं वेदेंति। एवं वेमाणिया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યોતિષ્કદેવો શું નિદા વેદના વેદે છે કે અનિદા વેદના વેદે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જ્યોતિષ્કદેવો નિદા વેદના પણ વેદે છે અને અનિદા વેદના પણ વેદે છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જ્યોતિષ્કદેવો નિદા વેદના પણ વેદે છે અને અનિદા વેદના પણ વેદે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્યોતિષ્ક દેવોના બે પ્રકાર છે, જેમ કે– માયી મિથ્યાદષ્ટિ ઉત્પન્નક અને અમાયી સમ્યગ્દષ્ટિ ઉત્પન્નક. તેમાં જે માયી મિથ્યાદષ્ટિ ઉત્પન્નક છે, તેઓ અનિદા વેદના વેદે છે અને જે અમાયી સમ્યગ્દષ્ટિ ઉત્પન્નક છે, તેઓ નિદા વેદના વેદે છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે જ્યોતિષ્ક દેવો બંને પ્રકારની વેદના વેદે છે. વૈમાનિક દેવોના સંબંધમાં પણ આ જ પ્રમાણે જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રકારાન્તરથી બે પ્રકારની વેદનાનું કથન છે.

**નિદા-અનિદા વેદના :– नितरां निश्चितं वा सम्यग् दीयते चितमस्यामिति निदा ।** (૧) જેમાં પૂર્ણ રૂપે ચિત્ત જોડાયેલું હોય, જે વેદનાનું જીવને ચોક્કસપણે ધ્યાન કે ભાન હોય, જે વેદનાનું માનસિક જ્ઞાન હોય, તે નિદાવેદના છે. (૨) જેમાં ચિત્ત જોડાયેલું ન હોય, જેનું જીવને ચોક્કસપણે ધ્યાન કે ભાન ન હોય, માનસિક જ્ઞાન ન હોય, તે અનિદાવેદના છે. સંક્ષેપમાં મન સહિતની સંજ્ઞી જીવોની વેદના નિદા વેદના છે. મન રહિતની અસંજ્ઞી જીવોની વેદના અનિદા વેદના છે.

**નારકીઓમાં** બંને પ્રકારની વેદના હોય છે, કારણ કે નારકીઓના બે પ્રકાર છે– સંજ્ઞીભૂત નારકી અને અસંજ્ઞીભૂત નારકી. જે સંજ્ઞી જીવો મરીને નરકગતિમાં ઉત્પન્ન થાય તે સંજ્ઞીભૂત નારકી અને અસંજ્ઞી જીવ મરીને નરકગતિમાં ઉત્પન્ન થાય તે અસંજ્ઞીભૂત નારકી કહેવાય છે. અસંજ્ઞીભૂત નારકીઓ અનિદા વેદના વેદે છે. કારણ કે અસંજ્ઞી તિર્યંચમાંથી આવીને ઉત્પન્ન થનારા નારકી અપર્યાપ્તાવસ્થા સુધી અસંજ્ઞી રહે છે. તે અવસ્થામાં મન ન હોવાથી તે નારકીઓ અનિદા = અવ્યક્ત વેદના વેદે છે. તે સિવાયના બધા નારકીઓને મન હોવાથી નિદા = વ્યક્ત વેદના વેદે છે.

**ભવનપતિ અને વ્યંતર દેવોમાં** પણ સંજ્ઞીભૂત દેવો નિદાવેદના અને અસંજ્ઞીભૂત દેવો અનિદાવેદના વેદે છે. અસંજ્ઞી પંચેન્દ્રિયો ભવનપતિ અને વ્યંતર દેવરૂપે ઉત્પન્ન થાય ત્યારે અપર્યાપ્તાવસ્થા સુધી અસંજ્ઞીભૂત રહે છે. **પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય** જીવો અસંજ્ઞી હોવાથી એક માત્ર અનિદા વેદનાને વેદે છે. **તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં** બંને પ્રકારની વેદના હોય છે. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યો અનિદાવેદના અને ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યો નિદાવેદના વેદે છે.

**જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં** પણ બંને પ્રકારની વેદના હોય છે. અસંજ્ઞી જીવો મરીને જ્યોતિષી અને વૈમાનિક દેવ થતાં નથી, તેથી તેમાં સર્વ દેવો સંજ્ઞી અને સંજ્ઞીભૂત જ હોય છે. તે દેવોના બે પ્રકાર છે– માયી મિથ્યાદષ્ટિ ઉત્પન્નક અને અમાયી સમ્યગ્દષ્ટિ ઉત્પન્નક. તેમાં માયી મિથ્યાદષ્ટિ ઉત્પન્નક દેવોને સમ્યગ્જ્ઞાન હોતું નથી તેથી તે દેવો વ્રત વિરાધના કે બાલ તપના કારણે પોતાની આ સ્થિતિ થઈ છે, તેવું યથાર્થપણે જાણી શકતા નથી; તેથી તેઓ અનિદાવેદના વેદે છે અને અમાયી સમ્યગ્દષ્ટિ ઉત્પન્નક દેવોને પોતાની પરિસ્થિતિનું સમ્યગ્જ્ઞાન હોવાથી નિદાવેદના વેદે છે.

**૨૪ દંડકમાં નિદા-અનિદા વેદના :–**

| | જીવ પ્રકાર | નિદા વેદના | અનિદા વેદના |
|---|---|---|---|
| ૧ | સંજ્ઞીભૂત નારકી | ✓ | × |
| | અસંજ્ઞીભૂત નારકી | × | ✓ |
| ૨ | સંજ્ઞીભૂત ભવનપતિ-વ્યંતર દેવ | ✓ | × |
| | અસંજ્ઞીભૂત | × | ✓ |
| ૩ | પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય | × | ✓ |
| ૪ | અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય-સંમૂર્ચ્છિમ મનુષ્ય | × | ✓ |
| ૫ | ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્ય | ✓ | × |
| ૬ | માયીમિથ્યા દષ્ટિ જ્યોતિષી-વૈમાનિક દેવ | × | ✓ |
| | અમાયી સમ્યગ્દષ્ટિ જ્યોતિષી-વૈમાનિક દેવ | ✓ | × |

**સાત પ્રકારે વેદના અને વેદક જીવો :–**

| | વેદના પ્રકાર | વ્યાખ્યા | વેદક જીવો |
|---|---|---|---|
| ૧ | શીત વેદના | શીત પુદ્ગલોના સંપર્કથી થનારી વેદના શીત વેદના છે. | ૪,૫,૬,૭મી નરકમાં તથા શેષ ૨૩ દંડકમાં |
| | ઉષ્ણ વેદના | ઉષ્ણ પુદ્ગલોના સંયોગથી થનારી વેદના ઉષ્ણ વેદના છે. | ૧,૨,૩નરકમાં અને ૨૩ દંડકમાં |
| | શીતોષ્ણ વેદના | શીત–ઉષ્ણ બંને પ્રકારનાં પુદ્ગલોના સંયોગથી થનારી વેદના શીતોષ્ણ છે. | ૨૩ દંડકમાં (નારકી વર્જીને) |
| ૨ | દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ | દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ આદિ ચારમાંથી કોઈપણ નિમિત્તે થનારી વેદના | ચારે પ્રકારની વેદના ૨૪ દંડકના જીવોમાં |
| ૩ | શારીરિક વેદના | શરીરમાં થનારી વેદના, શારીરિક વેદના | ૨૪ દંડકમાં |
| | માનસિક વેદના | મનમાં થનારી વેદના, માનસિક વેદના. | સંજ્ઞી જીવોના ૧૬ દંડકમાં |
| | શારીરિક-માનસિક | શારીરિક–માનસિક બંને રીતે થનારી વેદના, | સંજ્ઞી જીવોના ૧૬ દંડકમાં |
| ૪ | શાતા વેદના | વેદનીય કર્મના ઉદયે સ્વયં ઉદયમાં આવેલી અનુકૂળ (સુખરૂપ) વેદના | ૨૪ દંડકમાં |
| | અશાતા વેદના | વેદનીય કર્મના ઉદયે સ્વયં ઉદયમાં આવેલી પ્રતિકૂળ (દુઃખરૂપ) વેદના | ૨૪ દંડકમાં |
| | શાતા-અશાતા (મિશ્ર) | વેદનીય કર્મના કારણે સ્વયં ઉદયમાં આવેલી ઉભય (સુખ-દુઃખરૂપ) વેદના | ૨૪ દંડકમાં |
| ૫ | સુખ વેદના | બીજા દ્વારા ઉત્પાદિત સાંયોગિક અનુકૂળ વેદના | ૨૪ દંડકમાં |
| | દુઃખ વેદના | બીજા દ્વારા ઉત્પાદિત સાંયોગિક પ્રતિકૂળ વેદના | ૨૪ દંડકમાં |
| | સુખ-દુઃખ વેદના | બીજા દ્વારા ઉત્પાદિત સાંયોગિક અનુકૂળ–પ્રતિકૂળ વેદના | ૨૪ દંડકમાં |
| ૬ | આભ્યુપગમિકી | સ્વેચ્છાપૂર્વક સ્વીકારવામાં આવતી વેદના. જેમ કે– કેશલોચ, તપ આદિ. | મનુષ્યો, તિર્યંચ પંચેન્દ્રિયમાં |
| | ઔપક્રમિકી | સ્વયમેવ ઉદય પ્રાપ્ત / ઉદીરણાથી પ્રાપ્ત થતી વેદના | ૨૪ દંડકમાં |
| ૭ | નિદા વેદના | ચિત્તપૂર્વક વેદાતી કે સમ્યગ્દૃષ્ટિ દ્વારા વેદાતી વેદના | સંજ્ઞી જીવોના ૧૬ દંડકમાં |
| | અનિદા વેદના | ચિત્તના ઉપયોગ રહિત વેદાતી અવ્યક્ત વેદના / મિથ્યાદૃષ્ટિ દ્વારા વેદાતી વેદના. | ૨૪ દંડકમાં |

**॥ પાંત્રીસમું પદ સંપૂર્ણ ॥**

# છત્રીસમું પદ

## પરિચય

આ પદનું નામ **સમુદ્ઘાતપદ** છે.

આ પદમાં સમુદ્ઘાત, તેના પ્રકાર, ચોવીશ દંડકના જીવોને વર્તમાન ભવ સંબંધી તથા ભૂત-ભવિષ્ય-કાલીન સમુદ્ઘાત; વગેરે વિષયોની વિચારણા કરવામાં આવી છે.

'સમુદ્ઘાત' જૈન શાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે. તેનો અર્થ શબ્દ શાસ્ત્રાનુસાર આ પ્રમાણે થાય છે– (૧) સમ = એકી ભાવપૂર્વક, ઉદ્ = પ્રબલતાથી, ઘાત = વેદનાદિ કર્મો પર ઘાત-ચોટ કરવી, તે **સમુદ્ઘાત** છે. વ્યાખ્યાકારે તેની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે– (૨) વેદના આદિના અનુભવરૂપ પરિણામોની સાથે આત્માનો ઉત્કૃષ્ટ એકીભાવ, તે સમુદ્ઘાત છે. (૩) વેદના આદિના નિમિત્તે મૂળ શરીરને છોડ્યા વિના આત્મપ્રદેશોનો વિસ્તાર થવો, તે સમુદ્ઘાત છે.

વેદનાદિ સમુદ્ઘાત વડે પરિણત થયેલો આત્મા કાળાંતરે અનુભવ કરવા યોગ્ય વેદનાદિના કર્મપુદ્ગલોને ઉદીરણાકરણ વડે આકર્ષી ઉદયાવલિકામાં નાંખી, અનુભવીને એક સાથે ક્ષય કરે છે અર્થાત્ આત્મપ્રદેશોની સાથે રહેલાં સંક્લિષ્ટ કર્મોનો નાશ કરે છે.

વસ્તુતઃ સમુદ્ઘાતનો કર્મોની સાથે ઘનિષ્ઠ સંબંધ છે. નિમિત્તની અપેક્ષાએ સમુદ્ઘાત સાત પ્રકારના કહ્યા છે– (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મારણાંતિક સમુદ્ઘાત (૪) વૈક્રિય સમુદ્ઘાત (૫) તૈજસ સમુદ્ઘાત (૬) આહારક સમુદ્ઘાત અને (૭) કેવળી સમુદ્ઘાત.

વ્યાખ્યાકારે કયો સમુદ્ઘાત કયા કયા કર્મને આશ્રિત છે તેનું વર્ણન કર્યું છે. જેમ કે– વેદના સમુદ્ઘાત વેદનીય કર્માશ્રિત છે, કષાય સમુદ્ઘાત કષાય ચારિત્ર મોહનીય કર્માશ્રિત હોય છે, મારણાંતિક સમુદ્ઘાત આયુષ્ય કર્માશ્રિત છે, વૈક્રિય સમુદ્ઘાત વૈક્રિય શરીર નામ કર્માશ્રિત છે, તૈજસ સમુદ્ઘાત તૈજસશરીર નામ કર્માશ્રિત છે, આહારક સમુદ્ઘાત આહારક શરીર નામ કર્માશ્રિત હોય છે અને કેવળી સમુદ્ઘાત શુભ-અશુભનામ કર્મ, શાતા-અશાતાવેદનીય તથા ઊંચ-નીચગોત્ર કર્માશ્રિત હોય છે.

સાતે ય સમુદ્ઘાતોમાંથી કેવળી સમુદ્ઘાત આઠ સમયનો છે, શેષ છ સમુદ્ઘાત અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત કાળના હોય છે.

પ્રારંભના ત્રણ સમુદ્ઘાત કોઈ પણ જીવને થઈ શકે છે. તીવ્ર વેદના સમયે વેદના સમુદ્ઘાત અને તીવ્ર કષાયના ઉદયમાં કષાય સમુદ્ઘાત થાય છે, મારણાંતિક સમુદ્ઘાત મૃત્યુ સમયે થાય છે. વૈક્રિયલબ્ધિ, તેજોલબ્ધિ કે આહારકલબ્ધિના પ્રયોગના પ્રારંભકાલમાં ક્રમશઃ વૈક્રિય સમુદ્ઘાત, તૈજસ સમુદ્ઘાત અને આહારક સમુદ્ઘાત થાય છે અને આયુષ્યના અંતિમ અંતર્મુહૂર્તમાં કેવળી ભગવાનને કેવળી સમુદ્ઘાત થાય છે.

આ પદમાં ૨૪ દંડકના એક અને અનેક જીવોની અપેક્ષાએ પ્રાપ્ત થતાં વર્તમાન ભવાશ્રિત અને ભૂતકાલીન-ભવિષ્યકાલીન સમુદ્‌ઘાતોનું વિસ્તૃત વર્ણન છે અને ત્યાર પછી સમુદ્‌ઘાતની અપેક્ષાએ જીવોના અલ્પબહુત્વનું નિરૂપણ છે.

સાત પ્રકારના સમુદ્‌ઘાતના કથન પછી ચાર પ્રકારના કષાય સમુદ્‌ઘાતનું વર્ણન ૨૪ દંડકના એક-અનેક જીવોની અપેક્ષાએ તથા ભૂત-ભવિષ્યકાળની અપેક્ષાએ છે. ત્યાર પછી વેદના આદિ સમુદ્‌ઘાતોના બહાર નીકળેલા પુદ્‌ગલોના ક્ષેત્ર, કાલ અને ક્રિયાની વિચારણા છે.

પ્રસ્તુતમાં કેવળી સમુદ્‌ઘાત સંબંધી વિસ્તૃત વર્ણન છે. સયોગી કેવળી જ્યાં સુધી મન, વચન અને કાયાના યોગનો નિરોધ કરીને અયોગીદશાને પ્રાપ્ત કરતા નથી ત્યાં સુધી સિદ્ધ થતા નથી વગેરે તથ્યોને ઉજાગર કરીને સૂત્રકારે સિદ્ધત્વ પ્રાપ્તિની પ્રક્રિયાનું અને સિદ્ધોના સ્વરૂપનું સૂક્ષ્મતાથી પ્રતિપાદન સાથે આ પદને અને શાસ્ત્રને પૂર્ણ કર્યું છે.

❖❖❖❖❖

# છત્રીસમું પદ : સમુદ્ઘાત

**સમુદ્ઘાત પ્રકાર :–**

**१** **वेयण कसाय मरणे, वेउव्विय तेयए य आहारे ।**
**केवलिए चेव भवे, जीव मणुस्साण सत्तेव ॥**

**ભાવાર્થ :– ( ગાથાર્થ )** સમુચ્ચય જીવો અને મનુષ્યોમાં આ સાત સમુદ્ઘાત હોય છે– (૧) વેદના (૨) કષાય (૩) મારણાંતિક (૪) વૈક્રિય (૫) તૈજસ (૬) આહાર(આહારક) અને (૭) કેવળી.

**२ कइ णं भंते ! समुग्घाया पण्णत्ता ? गोयमा ! सत्त समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए , कसायसमुग्घाए , मारणंतियसमुग्घाए , वेउव्वियसमुग्घाए , तेयासमुग्घाए , आहारगसमुग्घाए , केवलिसमुग्घाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સમુદ્ઘાતના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સમુદ્ઘાતના સાત પ્રકાર છે, જેમ કે– (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મારણાંતિક સમુદ્ઘાત (૪) વૈક્રિય સમુદ્ઘાત (૫) તૈજસ સમુદ્ઘાત (૬) આહારક સમુદ્ઘાત અને (૭) કેવળી સમુદ્ઘાત.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાત સમુદ્ઘાતનું નિરૂપણ છે.

**સમુદ્ઘાત શા માટે ? :–** જેમ કોઈ પક્ષીની પાંખો પર અત્યંત ધૂળ છવાઈ ગઈ હોય ત્યારે તે પક્ષી પોતાની પાંખ ફેલાવી(ફફડાવી)ને તેના પર છવાયેલી ધૂળને ખંખેરી નાંખે છે તેમ આત્મા પણ બદ્ધ કર્મના અણુઓને ખંખેરવા માટે સમુદ્ઘાત નામની ક્રિયા કરે છે.

આત્મપ્રદેશોમાં સંકોચ-વિસ્તારનો ગુણ હોય છે. તેથી જ સામાન્ય રીતે આત્મા પોતાના નામકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા નાના-મોટા શરીર પ્રમાણે સ્થિત થઈ જાય છે. તેમ છતાં ક્યારેક, કેટલાક કારણોથી, અલ્પ સમય માટે પ્રદેશોને શરીરની બહાર ફેલાવે છે અને પાછા સંકોચી લે છે. આ ક્રિયાને જ જૈન પરિભાષામાં સમુદ્ઘાત કહે છે.

**સમુદ્ઘાત :–** (૧) વિશેષ પરિસ્થિતિમાં પોતાના આત્મપ્રદેશોનું બહાર પ્રક્ષેપણ કરવું તે ક્રિયાને સમુદ્ઘાત કહે છે. (૨) સમ = એકી સાથે, ઉદ્ = ઉત્કૃષ્ટ પણે, ઘાત = કર્મોનો ઘાત. જે ક્રિયામાં એકી સાથે ઉત્કૃષ્ટપણે કર્મોનો ઘાત–ક્ષય થાય તે ક્રિયાને સમુદ્ઘાત કહે છે. સમુદ્ઘાત સાત છે તેનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**(૧) વેદના સમુદ્ઘાત :–** વેદનાના નિમિત્તે જે સમુદ્ઘાત થાય તેને વેદનાસમુદ્ઘાત કહે છે. તે અશાતાવેદનીય કર્મજન્ય છે. જ્યારે જીવ વેદનાથી અત્યંત પીડિત થાય ત્યારે તે અનંતાનંત(અશાતા વેદનીય) કર્મ સ્કંધોથી વ્યાપ્ત પોતાના આત્મપ્રદેશોને શરીરની બહારના ભાગમાં ફેલાવે છે, તે મુખ, ઉદર આદિ પોલાણને તથા કાન અને ખંભાની વચ્ચેના અંતરાલોને ભરી દઈને, લંબાઈ અને પહોળાઈમાં શરીર પ્રમાણ ક્ષેત્રમાં વ્યાપ્ત થાય છે. જીવ એક અંતર્મુહૂર્ત પર્યંત આ અવસ્થામાં રહે છે, આ ક્રિયાનું નામ

વેદના સમુદ્‌ઘાત છે. તે અંતર્મુહૂર્તમાં અશાતાવેદનીય કર્મના પુદ્‌ગલો વેદન થઈને ક્ષય પામે છે.

**(૨) કષાય સમુદ્‌ઘાત :–** ક્રોધાદિ કષાયના કારણે થતા સમુદ્‌ઘાતને કષાય સમુદ્‌ઘાત કહે છે. તે મોહનીય કર્મને આશ્રિત છે. તીવ્ર કષાયના ઉદયમાં જીવ જ્યારે ક્રોધાદિયુક્ત બને છે ત્યારે આત્મપ્રદેશોને બહાર ફેલાવીને, મુખ, ઉદર આદિ શરીરગત પોલાણ તથા કાન અને ખંભાની વચ્ચેના ભાગમાં વ્યાપ્ત કરે છે. વ્યાપ્ત થઈને આત્મપ્રદેશો શરીરપ્રમાણ લાંબા-પહોળાં ક્ષેત્રમાં અંતર્મુહૂર્ત પર્યંત સ્થિત રહે છે, આ ક્રિયા કષાય સમુદ્‌ઘાત છે. તે સમયમાં કષાય મોહનીય કર્મના પુદ્‌ગલો વેદન થઈને ક્ષય પામે છે.

**(૩) મારણાંતિક સમુદ્‌ઘાત :–** મૃત્યુ સમયે, આયુષ્યકર્મને આશ્રિત જે સમુદ્‌ઘાત થાય તેને મારણાન્તિક સમુદ્‌ઘાત કહે છે. આયુષ્યકર્મ ભોગવતાં ભોગવતાં જ્યારે અંતર્મુહૂર્ત પ્રમાણ શેષ રહે ત્યારે જીવ પોતાના આત્મપ્રદેશોને ફેલાવીને શરીરમાં મુખ, ઉદર વગેરે પોલાણ તથા શરીરની બહાર કાન અને ખંભાની વચ્ચેના આકાશપ્રદેશો પર તે આત્મપ્રદેશને ફેલાવી પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાત્મો ભાગ અને ઉત્કૃષ્ટ એક જ દિશામાં ઉત્પત્તિ સ્થાન સુધી અસંખ્યાત યોજનમાં વ્યાપ્ત થઈને, અંતર્મુહૂર્ત સુધી તે જ અવસ્થામાં સ્થિત રહે છે, આ ક્રિયાને મારણાન્તિક સમુદ્‌ઘાત કહે છે. તે સમયે આયુષ્ય કર્મના પુદ્‌ગલો વેદન થઈને ક્ષય પામે છે.

**(૪) વૈક્રિય સમુદ્‌ઘાત :–** વૈક્રિય શરીર બનાવવાના પ્રારંભ સમયે વૈક્રિયશરીરનામ કર્મને આશ્રિત જે સમુદ્‌ઘાત થાય તેને વૈક્રિય સમુદ્‌ઘાત કહે છે. વૈક્રિય લબ્ધિ સંપન્ન જીવ પોતાના જીર્ણ શરીરને પુષ્ટ અને સુંદર બનાવવા માટે અથવા વિવિધ રૂપોની વિકુર્વણા કરવા માટે પોતાના આત્મપ્રદેશોને એક દંડના આકારે બહાર કાઢે છે. તે દંડની પહોળાઈ અને જાડાઈ શરીર પ્રમાણ અને લંબાઈ સંખ્યાત યોજનની હોય છે. એક અંતર્મુહૂર્ત પર્યંત આ અવસ્થામાં સ્થિત રહીને વૈક્રિય શરીર બનાવવા યોગ્ય સૂક્ષ્મ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે, આ વૈક્રિય સમુદ્‌ઘાત છે.

**(૫) તૈજસ સમુદ્‌ઘાત :–** તેજોલબ્ધિના પ્રયોગ સમયે તેજોલબ્ધિ સંપન્ન પુરુષ પોતાના આત્મપ્રદેશોનું શરીરની બહાર પ્રક્ષેપણ કરે છે, તેને તૈજસ સમુદ્‌ઘાત કહે છે. તે પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજન પ્રમાણ દંડાકારે આત્મપ્રદેશોને ફેલાવે છે અને તદ્‌યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરીને, તેજોલેશ્યાનો પ્રયોગ કરે છે. તેનો ઉદ્દેશ્ય અનુગ્રહ અને નિગ્રહ, આ બંને પ્રકારનો સંભવે છે. અનુગ્રહને માટે શીત તેજોલેશ્યા અને નિગ્રહ માટે ઉષ્ણ તેજોલેશ્યાનો પ્રયોગ થાય છે. આધુનિક વિજ્ઞાન પરમાણુ શક્તિનો ઉપયોગ નિર્માણ અને ધ્વંસ બંને માટે કરે છે. તે જ રીતે તેજોલબ્ધિનો પ્રયોગ પણ નિર્માણ અને ધ્વંસ બંને માટે થાય છે.

**(૬) આહારક સમુદ્‌ઘાત :–** ચૌદ પૂર્વધારી સાધુ આહારક શરીર બનાવે છે. આહારક લબ્ધિના પ્રયોગ સમયે થતાં સમુદ્‌ઘાતને આહારક સમુદ્‌ઘાત કહે છે. આહારક લબ્ધિધારી સાધુ આહારક શરીર બનાવવાની ઈચ્છા કરીને, પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજન પ્રમાણ આત્મપ્રદેશોને દંડાકારે શરીરમાંથી બહાર કાઢે છે અને તે ક્ષેત્રમાં સ્થિત આહારક શરીર બનાવવા યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરે છે, તે આહારક સમુદ્‌ઘાત છે.

**(૭) કેવલી સમુદ્‌ઘાત :–** અંતર્મુહૂર્તમાં જ મોક્ષ પ્રાપ્ત કરનારા કેવલી ભગવાન જે સમુદ્‌ઘાતકરે તેને કેવલીસમુદ્‌ઘાત કહે છે. વેદનીય, નામ, ગોત્ર આ ત્રણ કર્મોની સ્થિતિને આયુષ્ય કર્મની સમાન કરવા માટે આ સમુદ્‌ઘાત કરે છે, જેમાં કેવલ આઠ સમય જ થાય છે.

પ્રથમ સમયમાં કેવલી ભગવાન આત્મપ્રદેશોના દંડની રચના કરે છે. તે દંડ પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં ઊર્ધ્વલોકાંતથી અધોલોકાંત પર્યંતનો વિસ્તૃત હોય છે. બીજે સમયે તે દંડને પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ)માં ફેલાવે છે. જેથી તે દંડ લોકપર્યંત ફેલાયેલા બે કપાટનો આકાર ધારણ કરે છે. ત્રીજા સમયે કપાટને લોકાંતપર્યંત ફેલાવીને તે જગ્યાને પૂરિત કરે છે. ત્યારે તે જ કપાટ, પૂરિત મંથનનો આકાર ધારણ કરે છે. આમ કરવાથી લોકનો અધિકાંશ ભાગ આત્મપ્રદેશોથી વ્યાપ્ત થઈ જાય છે. પરંતુ માત્ર લોકાંતના ખૂણાના પ્રદેશ ખાલી રહે છે. ચોથા સમયે તેને પણ પૂર્ણ કરી સમસ્ત લોકાકાશને આત્મપ્રદેશોથી વ્યાપ્ત કરે છે, કારણ કે લોકાકાશના અને જીવના પ્રદેશ તુલ્ય છે. પાંચમા, છઠ્ઠા, સાતમા અને આઠમા સમયે વિપરીત ક્રમથી આત્મપ્રદેશોનો સંકોચ કરે છે અને શરીરસ્થ થાય છે.

**સમુદ્ઘાતનું કાલમાન :-**

**૩ वेयणासमुग्घाए णं भंते ! कइसमइए पण्णत्ते ? गोयमा ! असंखेज्जसमइए अंतोमुहुत्तिए पण्णत्ते । एवं *जाव* आहारगसमुग्घाए । केवलिसमुग्घाए णं भंते ! कइसमइए पण्णत्ते ? गोयमा ! अट्ठसमइए पण्णत्ते ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! વેદના સમુદ્ઘાતનો સમય કેટલો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્યાત સમયના અંતર્મુહૂર્તનો હોય છે. આ જ રીતે આહારક સમુદ્ઘાત સુધી જાણવું જોઈએ. **પ્રશ્ન–** હે ભગવન્ ! કેવળી સમુદ્ઘાતનો સમય કેટલો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે આઠ સમયનો હોય છે.

**વિવેચન :-**

આ સૂત્રમાં સાતે ય સમુદ્ઘાતની કાળમર્યાદાનું નિરૂપણ કર્યું છે. પ્રથમના છ સમુદ્ઘાતનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે અને કેવળી સમુદ્ઘાત આઠ સમય પ્રમાણ છે.

**ચોવીસ દંડકોમાં સમુદ્ઘાત :-**

**૪ णेरइयाणं भंते ! कइ समुग्घाया पण्णत्ता ? गोयमा ! चत्तारि समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्विय समुग्घाए ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલા સમુદ્ઘાત હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચાર સમુદ્ઘાત હોય છે, તે આ પ્રમાણે છે– (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મારણાંતિક સમુદ્ઘાત અને (૪) વૈક્રિય સમુદ્ઘાત.

**૫ असुरकुमाराणं भंते ! कइ समुग्घाया पण्णत्ता ?**

**गोयमा ! पंच समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए, तेयासमुग्घाए । एवं *जाव* थणियकुमाराणं ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવોને કેટલા સમુદ્ઘાત હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પાંચ સમુદ્ઘાત હોય છે, તે આ પ્રમાણે છે– (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મારણાંતિક સમુદ્ઘાત (૪) વૈક્રિય સમુદ્ઘાત અને (૫) તૈજસ સમુદ્ઘાત. આ જ રીતે સ્તનિતકુમાર દેવો સુધી જાણવું જોઈએ.

**६ पुढविक्काइयाणं भंते ! कइ समुग्घाया पण्णत्ता ? गोयमा ! तिण्णि समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए ।**

**एवं *जाव* चउरिंदियाणं । णवरं वाउक्काइयाणं चत्तारि समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલા સમુદ્ઘાત હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ સમુદ્ઘાત હોય છે, તે આ પ્રમાણે છે– (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મારણાંતિક સમુદ્ઘાત. આ જ રીતે ચૌરેન્દ્રિય સુધી જાણવું જોઈએ. વિશેષતા એ છે કે વાયુકાયિક જીવોને ચાર સમુદ્ઘાત હોય છે, જેમ કે– (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મારણાંતિક સમુદ્ઘાત અને (૪) વૈક્રિય સમુદ્ઘાત.

**૭ पंचेंदियतिरिक्खजोणियाणं *जाव* वेमाणियाणं भंते ! कइ समुग्घाया पण्णत्ता ?**

**गोयमा ! पंच समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए, तेयासमुग्घाए । णवरं– मणूसाणं सत्तविहे समुग्घाए पण्णत्ते, तं जहा– वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए तेयासमुग्घाए, आहारगसमुग्घाए, केवलिसमुग्घाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચોથી લઈને વૈમાનિકો સુધી અર્થાત્ પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોને કેટલા સમુદ્ઘાત હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેઓને પાંચ સમુદ્ઘાત હોય છે, જેમ કે– (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મારણાંતિક સમુદ્ઘાત (૪) વૈક્રિય સમુદ્ઘાત અને (૫) તૈજસ સમુદ્ઘાત. તેમાં વિશેષતા એ છે કે મનુષ્યમાં સાત સમુદ્ઘાત હોય છે, જેમ કે– (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મારણાંતિક સમુદ્ઘાત (૪) વૈક્રિય સમુદ્ઘાત (૫) તૈજસ સમુદ્ઘાત (૬) આહારક સમુદ્ઘાત અને (૭) કેવળી સમુદ્ઘાત.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવોમાં પ્રાપ્ત થતાં સમુદ્ઘાતનું નિરૂપણ છે.

**સામાન્ય રીતે પ્રથમ ત્રણ સમુદ્ઘાત સમસ્ત સંસારી જીવોમાં હોય છે.** ત્યાર પછી જેને વૈક્રિય, તૈજસ કે આહારક લબ્ધિ હોય, તેને ક્રમશઃ વૈક્રિયાદિ સમુદ્ઘાત હોય છે અને **કેવળી સમુદ્ઘાત તો કેવળી ભગવાનને અર્થાત્ કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોને જ હોય છે.**

નારકીઓમાં પ્રથમ ચાર સમુદ્ઘાત હોય છે. નૈરયિકોને વૈક્રિય લબ્ધિ હોવાથી વૈક્રિય સમુદ્ઘાત હોય છે. તેજોલબ્ધિ કે આહારક લબ્ધિ નૈરયિકોને હોતી નથી, તેથી તૈજસ સમુદ્ઘાત આદિ અંતિમ ત્રણ સમુદ્ઘાત તેઓને નથી.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં અને તિર્યંચ પંચેન્દ્રિયમાં વૈક્રિયલબ્ધિ અને તેજોલબ્ધિ હોય છે, તેથી તે જીવોને પ્રથમ પાંચ સમુદ્ઘાત હોય છે. તે જીવોને આહારક કે કેવળજ્ઞાન લબ્ધિ હોતી નથી, તેથી અંતિમ બે સમુદ્ઘાત નથી.

વાયુકાયિક જીવોને વૈક્રિયલબ્ધિ હોવાથી પ્રથમ ચાર સમુદ્ઘાત હોય છે. શેષ ચાર સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્યો, યુગલિક મનુષ્યો વગેરે જીવોને વૈક્રિયાદિ કોઈ પણ લબ્ધિની સંભાવના નથી, તેથી તે જીવોને વેદના, કષાય અને મારણાંતિક, આ ત્રણ સમુદ્ઘાત જ હોય છે. કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોમાં સર્વ લબ્ધિની સંભાવના હોવાથી તેમાં સાત સમુદ્ઘાત હોય છે.

**૨૪ દંડકના જીવોમાં સમુદ્ઘાત :–**

| | જીવ પ્રકાર | સમુદ્ઘાત સંખ્યા | વિવરણ |
|---|---|---|---|
| ૧ | નારકી, વાયુકાય | ૪ | વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય સમુદ્ઘાત |
| ૨ | ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવ, તિર્યંચ પંચેન્દ્રિય | ૫ | વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ સમુદ્ઘાત |
| ૩ | ચાર સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય, યુગલિક મનુષ્યો | ૩ | વેદના, કષાય, મારણાંતિક સમુદ્ઘાત |
| ૪ | કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો | ૭ | વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, આહારક અને કેવળી સમુદ્ઘાત |

**એકવચનની અપેક્ષાએ અતીત-અનાગત સમુદ્ઘાત :–**

**૮ एगमेगस्स णं भंते ! णेरइयस्स केवइया वेयणासमुग्घाया अतीता ? गोयमा ! अणंता । केवइया पुरेक्खडा ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा अणंता वा । एवं असुरकुमारस्स वि, णिरंतरं *जाव* वेमाणियस्स । एवं *जाव* तेयग-समुग्घाए । एवं एए पंच चउवीसा दंडगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક-એક નારકીને ભૂતકાલમાં કેટલા વેદના સમુદ્ઘાત થયા છે?**ઉત્તર–** હે ગૌતમ ! અનંત થયા છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! એક એક નારકીને ભવિષ્યમાં કેટલા વેદના સમુદ્ઘાત થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! કોઈક નૈરયિકને થશે અને કોઈક નૈરયિકને થશે નહીં. જે નૈરયિકને થશે, તેને જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત થશે.

આ જ રીતે અસુરકુમારથી વૈમાનિક સુધીના સર્વ દંડકના જીવોમાં જાણવું જોઈએ. આ જ રીતે તૈજસ સમુદ્ઘાત સુધી જાણવું જોઈએ. આ રીતે આ પાંચ સમુદ્ઘાતોનું ભૂત-ભવિષ્યકાલીન કથન ચોવીસ દંડકોના ક્રમથી જાણવું જોઈએ.

**૯ एगमेगस्स णं भंते ! णेरइयस्स केवइया आहारगसमुग्घाया अतीता?**

**गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि जहण्णेणं एक्को वा दो वा, उक्कोसेणं तिण्णि ।**

**केवइया पुरेक्खडा ? कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि जहण्णेणं**

**एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं चत्तारि ।**

**एवं णिरंतरं *जाव* वेमाणियस्स । णवरं– मणूसस्स अतीता वि पुरेक्खडा वि जहा णेरइयस्स पुरेक्खडा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક-એક નારકીને ભૂતકાલમાં કેટલા આહારક સમુદ્‌ઘાતો થયા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કોઈક નૈરયિકને થયા છે અને કોઈક નૈરયિકને થયા નથી. જેને ભૂતકાલીન આહારક સમુદ્‌ઘાત થયા હોય છે, તેને પણ જઘન્ય એક કે બે અને ઉત્કૃષ્ટ ત્રણ થયા હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! એક-એક નારકીને ભવિષ્યકાલીન કેટલા આહારક સમુદ્‌ઘાતો થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! કોઈક નૈરયિકને થશે અને કોઈક નૈરયિકને થશે નહીં. જેને થશે, તેને જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ ચાર આહારક સમુદ્‌ઘાત થશે.

આ જ રીતે (અસુરકુમારોથી લઈ)ને વૈમાનિક પર્યંતના સર્વ દંડકના જીવોમાં જાણવું જોઈએ. વિશેષતા એ છે કે મનુષ્યના અતીત અને અનાગતકાલીન આહારક સમુદ્‌ઘાતનું કથન નારકીના અનાગતકાલીન આહારક સમુદ્‌ઘાતના કથનની સમાન છે અર્થાત્ અતીત અને અનાગતકાલીન બંનેમાં ઉત્કૃષ્ટ ચાર-ચાર સમુદ્‌ઘાત કહેવા જોઈએ.

**૧૦ एगमेगस्स णं भंते ! णेरइयस्स केवइया केवलिसमुग्घाया अतीता ? गोयमा ! णत्थि । केवइया पुरेक्खडा ?**

**गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि एक्को । एवं *जाव* वेमाणियस्स, णवरं– मणूसस्स अतीता कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि एक्को । एवं पुरेक्खडा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક-એક નારકીને ભૂતકાલમાં કેટલા કેવળી સમુદ્‌ઘાત થયા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક પણ થયા નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! એક-એક નારકીને ભવિષ્યકાલીન કેટલા કેવળી સમુદ્‌ઘાત થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! કોઈક નૈરયિકને ભવિષ્યકાલમાં કેવળી સમુદ્‌ઘાત થશે અને કોઈક નૈરયિકને થશે નહીં, જેને થશે તેને એક જ થશે.

આ જ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ. વિશેષતા એ છે કે કોઈક મનુષ્યને ભૂતકાલીન કેવળી સમુદ્‌ઘાત થયા હોય છે, કોઈકને હોતા નથી. જેને હોય છે, તેને એક જ હોય છે. આ જ રીતે ભવિષ્યકાલીન કેવળી સમુદ્‌ઘાતનું કથન પણ જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના એક-એક જીવના અતીત, અનાગત વેદનાદિ સમુદ્‌ઘાતોની સંખ્યાનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**(૧) વેદના સમુદ્‌ઘાત :–** એક નારકીની અપેક્ષાએ **ભૂતકાળમાં** અનંતા વેદના સમુદ્‌ઘાત થયા છે, કારણ કે ભૂતકાલમાં તે જીવે નરકગતિમાં અનંતવાર જન્મ ધારણ કર્યા છે અને એક-એક નારક ભવમાં અનેકવાર વેદના સમુદ્‌ઘાત થાય છે, તેથી અનંત ભૂતકાલની અપેક્ષાએ એક નારકીને અનંતા વેદના

સમુદ્‌ઘાત થાય છે. જે નૈરયિકો અલ્પ કાળ પૂર્વે જ અવ્યવહાર રાશિમાંથી બહાર નીકળેલા હોય તે નૈરયિકોને યથાસંભવ સંખ્યાતા, અસંખ્યાતા વેદના સમુદ્‌ઘાતો પણ થયા હોય છે પરંતુ આવા જીવો અલ્પસંખ્યક જ હોય છે, માટે તેની વિવક્ષા કરી નથી.

**ભવિષ્યકાળની** અપેક્ષાએ એક-એક નારકીને વેદના સમુદ્‌ઘાત થાય અથવા ન પણ થાય, કારણ કે કેટલાક નૈરયિકો પૃચ્છા સમય પછી વેદના સમુદ્‌ઘાત કર્યા વિના જ નરકમાંથી નીકળી મનુષ્ય ભવમાં પણ વેદના સમુદ્‌ઘાત કર્યા વિના જ સિદ્ધ થાય છે. તેઓને ભવિષ્ય સંબંધી વેદના સમુદ્‌ઘાત થશે નહીં અને જે જીવને થશે, તેને જઘન્ય એક, બે કે ત્રણ ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત, અનંત થશે. મનુષ્ય ભવમાં એક, બે કે ત્રણ વેદના સમુદ્‌ઘાત કરીને મોક્ષે જનારની અપેક્ષાએ એક, બે કે ત્રણ વેદના સમુદ્‌ઘાત થશે. સંખ્યાતકાળ સુધી સંસારમાં રહેનારાની અપેક્ષાએ સંખ્યાતા, અસંખ્યાતકાળ સંસારમાં રહેનારાને અસંખ્યાતા અને અનંતકાળ સંસારમાં રહેનારાને અનંતા વેદના સમુદ્‌ઘાતો થશે. આ જ પ્રમાણે ચોવીસ દંડકના જીવોમાં જાણી લેવું જોઈએ.

**કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ સમુદ્‌ઘાત :–** વેદના સમુદ્‌ઘાતની જેમ ૨૪ દંડકના પ્રત્યેક જીવે **ભૂતકાલમાં** અનંત-અનંત કષાયાદિ સમુદ્‌ઘાત કર્યા હતા અને **ભવિષ્યમાં** તેના ભવભ્રમણ અનુસાર કોઈક જીવને થશે અને કોઈક જીવને થશે નહીં, જે જીવને થશે તેને જઘન્ય એક, બે કે ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા અથવા અનંત થશે.

**(૬) આહારક સમુદ્‌ઘાત :–** કોઈ **નૈરયિકને ભૂતકાલમાં આહારક સમુદ્‌ઘાત** થયા છે અને કોઈને થયા નથી. જે નારકીએ પૂર્વ ભવમાં ચૌદ પૂર્વોનું અધ્યયન કર્યું નથી અને કદાચ ચૌદ પૂર્વનું જ્ઞાન કર્યું હોય, તોપણ આહારકલબ્ધિનો અભાવ હોય અથવા તથાવિધ પ્રયોજનના અભાવથી આહારક શરીર કર્યું ન હોય, તેને આહારક સમુદ્‌ઘાત થયા નથી અને જેને આહારકલબ્ધિ હોય અને આહારક શરીર બનાવ્યું હોય તેને જઘન્ય એક કે બે અને ઉત્કૃષ્ટ ત્રણ આહારક સમુદ્‌ઘાત થયા હોય છે, પણ ચાર હોતા નથી; કારણ કે **જેણે ચાર વાર આહારક શરીર બનાવ્યું હોય તે જીવ નિશ્ચિત રૂપે બીજી કોઈ ગતિમાં જતો નથી અને ત્યાર પછી આહારક સમુદ્‌ઘાત કર્યા વગર જ સિદ્ધિને પ્રાપ્ત કરે છે.**

**ભવિષ્યકાલમાં** કોઈ નૈરયિકને આહારક સમુદ્‌ઘાત થશે, કોઈકને થશે નહીં; કારણ કે કેટલાક જીવો આહારક સમુદ્‌ઘાત કર્યા વિના જ મોક્ષે જાય છે અને જે જીવોને ભવિષ્યમાં આહારક સમુદ્‌ઘાત થશે, તેને પણ જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ ચાર આહારક સમુદ્‌ઘાત થશે; કારણ કે કોઈ પણ જીવ ભવ-ભવાંતરમાં ચાર વાર જ આહારક સમુદ્‌ઘાત કરી શકે છે. તેનાથી વધુ આહારક સમુદ્‌ઘાત એક જીવને થશે નહીં. નારકીની જેમ જ મનુષ્ય સિવાયના શેષ ૨૨ દંડકના પ્રત્યેક જીવમાં પણ તે જ રીતે જાણવું. મનુષ્યમાં ભૂત-ભવિષ્યકાલીન ચાર-ચાર આહારક સમુદ્‌ઘાત સંભવી શકે છે. ચોથીવાર આહારક સમુદ્‌ઘાત કરનાર મનુષ્ય તે જ ભવમાં મોક્ષે જાય છે.

**(૭) કેવળી સમુદ્‌ઘાત :–** મનુષ્યને છોડીને શેષ **૨૩ દંડકના** જીવોને ભૂતકાલમાં એક પણ કેવળી સમુદ્‌ઘાત થયો નથી, કારણ કે કેવળી સમુદ્‌ઘાત થયા પછી તે જીવનો મોક્ષ થાય છે. ત્યાર પછી તે જીવનું અન્ય કોઈ પણ ગતિમાં પરિભ્રમણ થતું નથી.

**મનુષ્યોમાં** કોઈક મનુષ્યને ભૂતકાલમાં(અંતર્મુહૂર્તના ભૂતકાલમાં) કેવળી સમુદ્‌ઘાત થયો હોય છે કોઈકને થયો નથી. જે મનુષ્યને થયો હોય તેને એક જ વાર થયો હોય છે, કારણ કે કોઈ પણ જીવને

કેવળી સમુદ્‌ઘાત એક જ વાર થાય છે. જે કેવળી ભગવાનને કેવળી સમુદ્‌ઘાત થઈ ગયો હોય અને ત્યાર પછીના અંતર્મુહૂર્ત સુધી તે હજુ મોક્ષગતિને પામ્યા ન હોય તેવા કેવળીની અપેક્ષાએ ભૂતકાલીન એક કેવળી સમુદ્‌ઘાત સમજવો જોઈએ.

**ભવિષ્યકાલમાં** ૨૪ દંડકના એક-એક જીવ કેવળી સમુદ્‌ઘાત કરશે અથવા કરશે નહીં. જે જીવ મોક્ષગમનને અયોગ્ય છે તેવા અભવી જીવો કદાપિ કેવળી સમુદ્‌ઘાત કરશે નહીં અને કેટલાક મોક્ષગમનને યોગ્ય ભવી જીવો કેવળી સમુદ્‌ઘાત કર્યા વિના પણ મોક્ષગતિને પ્રાપ્ત કરે છે. કહ્યું છે કે– **अगंतूण समुग्घायमणंता केवलि जिणा, जरमरण विप्पमुक्का सिद्धिंवरगइं गया ।** કેવળી સમુદ્‌ઘાત કર્યા વિના અનંત જિનેશ્વરોએ જન્મ-જરા-મરણથી રહિત થઈને શ્રેષ્ઠ એવી સિદ્ધગતિને પ્રાપ્ત કરી છે.

જે જીવો ભવિષ્યમાં મનુષ્ય જન્મમાં કેવળી સમુદ્‌ઘાત કરશે તે એક જ વાર કરશે કારણ કે કેવળી સમુદ્‌ઘાત પછી એક અંતર્મુહૂર્તમાં જ જીવનો મોક્ષ થતો હોવાથી કેવળી સમુદ્‌ઘાત એક જ વાર થાય છે.

**૨૪ દંડકમાં એકવચનની અપેક્ષાએ ભૂત-ભવિષ્યકાલીન સમુદ્‌ઘાત :–**

| સમુદ્‌ઘાત | જીવ | ભૂતકાળ | | ભવિષ્યકાળ | |
|---|---|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| વેદનીયાદિ પાંચ | ૨૪ દંડકમાં | – | અનંત | ×/૧–૨–૩ | અનંત |
| આહારક | ૨૩ દંડકમાં (મનુષ્ય છોડી) | ×/૧–૨ | ૩ | ×/૧–૨–૩ | ૪ |
| આહારક | મનુષ્યમાં | ×/૧–૨–૩ | ૪ | ×/૧–૨–૩ | ૪ |
| કેવળી | ૨૩ દંડકમાં | × | × | ×/૧ | × |
| કેવળી | મનુષ્યમાં | ×/૧ | × | ×/૧ | × |

**ચોવીસ દંડકમાં બહુત્વની અપેક્ષાએ અતીત–અનાગત સમુદ્‌ઘાત :–**

**११ णेरइयाणं भंते ! केवइया वेयणासमुग्घाया अतीता ? गोयमा ! अणंता । केवइया पुरेक्खडा ? गोयमा ! अणंता । एवं** *जाव* **वेमाणियाणं । एवं** *जाव* **तेयगसमुग्घाए । एवं एए वि पंच चउवीसा दंडगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકોના ભૂતકાલમાં કેટલા વેદના સમુદ્‌ઘાત થયા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનંત થયા છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકોના ભવિષ્યકાલમાં કેટલા વેદના સમુદ્‌ઘાત થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત થશે. આ જ રીતે વૈમાનિકો સુધીના સર્વ દંડકના જીવોમાં ભૂત અને ભવિષ્યકાલમાં અનંત વેદના સમુદ્‌ઘાત થયા છે અને થશે. આ જ રીતે તૈજસ સમુદ્‌ઘાત સુધી જાણવું જોઈએ. આ રીતે પાંચ સમુદ્‌ઘાતોનું ભૂત-ભવિષ્યકાલીન કથન ચોવીસ દંડકોમાં જાણવું જોઈએ.

**१२ णेरइयाणं भंते ! केवइया आहारगसमुग्घाया अतीता ?**

**गोयमा ! असंखेज्जा । केवइया पुरेक्खडा ? गोयमा ! असंखेज्जा । एवं** *जाव* **वेमाणियाणं, णवरं– वणस्सइकाइयाणं मणूसाण य इमं णाणत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકોના ભૂતકાલમાં કેટલા આહારક સમુદ્‌ઘાત થયા છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! અસંખ્યાત થયા છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! તેઓના ભવિષ્યકાલીન કેટલા આહારક સમુદ્‌ઘાત થશે ? **ઉત્તર**– હે ગૌતમ ! તે પણ અસંખ્યાતા થશે.

આ રીતે નૈરયિકોની સમાન વૈમાનિકો સુધીના સર્વ દંડકના જીવોનું કથન જાણવું જોઈએ, પરંતુ વનસ્પતિકાયિકો અને મનુષ્યોના ભવિષ્યકાલીન આહારક સમુદ્‌ઘાતના વિષયમાં ભિન્નતા છે.

**१३ वणस्सइकाइयाणं भंते ! केवइया आहारगसमुग्घाया अतीता ?**

**गोयमा ! अणंता । मणूसाणं भंते ! केवइया आहारगसमुग्घाया अतीता? गोयमा ! सिय संखेज्जा सिय असंखेज्जा । एवं पुरेक्खडा वि ।**

**ભાવાર્થ :–પ્રશ્ન**– હે ભગવન્ ! અનેક વનસ્પતિકાયિકોના ભૂતકાલીન કેટલા આહારક સમુદ્‌ઘાત થયા છે ? **ઉત્તર**– હે ગૌતમ ! અનંત થયા છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! અનેક મનુષ્યોના ભૂતકાલીન કેટલા આહારક સમુદ્‌ઘાત થયા છે ? **ઉત્તર**– હે ગૌતમ ! કદાચિત્ સંખ્યાત અને કદાચિત્ અસંખ્યાત થયા છે. આ જ રીતે તેઓના ભવિષ્યકાલીન આહારક સમુદ્‌ઘાત પણ જાણવા જોઈએ.

**१४ णेरइयाणं भंते ! केवइया केवलिसमुग्घाया अतीता ?**

**गोयमा ! णत्थि । केवइया पुरेक्खडा ? गोयमा ! असंखेज्जा । एवं** *जाव* **वेमाणियाणं, णवरं– वणस्सइकाइय-मणूसेसु इमं णाणत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! અનેક નૈરયિકોના ભૂતકાલમાં કેટલા કેવળી સમુદ્‌ઘાત થયા છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! એક પણ નહીં. **પ્રશ્ન**– હે ભગવન્ ! અનેક નૈરયિકોના ભવિષ્યમાં કેટલા કેવળી સમુદ્‌ઘાત થશે ? **ઉત્તર**– હે ગૌતમ ! અસંખ્યાતા થશે. આ જ રીતે વૈમાનિકો સુધીના દંડકમાં જાણવું જોઈએ, પરંતુ વનસ્પતિકાયિકો અને મનુષ્યોમાં ભિન્નતા છે.

**१५ वणस्सइकाइयाणं भंते ! केवइया केवलिसमुग्घाया अतीता ? गोयमा ! णत्थि। केवइया पुरेक्खडा ? गोयमा ! अणंता ।**

**ભાવાર્થ :–પ્રશ્ન**– હે ભગવન્ ! અનેક વનસ્પતિકાયિકોના ભૂતકાલમાં કેટલા કેવળી સમુદ્‌ઘાત થયા છે ? **ઉત્તર**– હે ગૌતમ ! થયા નથી. **પ્રશ્ન**– હે ભગવન્ ! ભવિષ્યકાલમાં કેટલા કેવળી સમુદ્‌ઘાત થશે ? **ઉત્તર**– હે ગૌતમ ! અનંતા થશે.

**१६ मणूसाणं भंते ! केवइया केवलिसमुग्घाया अतीता ?**

**गोयमा ! सिय अत्थि सिय णत्थि, जइ अत्थि जहण्णेणं वा एक्को दो वा तिण्णि वा, उक्कोसेणं सयपुहत्तं । केवइया पुरेक्खडा ? गोयमा ! सिय संखेज्जा सिय असंखेज्जा ।**

**ભાવાર્થ :–પ્રશ્ન**– હે ભગવન્ ! અનેક મનુષ્યોમાં ભૂતકાલમાં કેટલા કેવળી સમુદ્‌ઘાત થયા છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! કદાચિત્ હોય છે, કદાચિત્ હોતા નથી. જો થયા હોય તો જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ અનેક સો થયા હોય છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! તેઓના ભવિષ્યકાલીન કેટલા કેવળી સમુદ્‌ઘાત

થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ સંખ્યાત અને કદાચિત્ અસંખ્યાત થશે.

**વિવેચન :-**

**૨૪ દંડકના જીવોમાં વેદના આદિ પાંચ સમુદ્ઘાત :–** ભૂત-ભવિષ્યકાલીન વેદના આદિ પાંચે ય સમુદ્ઘાતો ચોવીસે દંડકોમાં અનંતા છે, કારણ કે અનંતકાળથી અવ્યવહાર રાશિથી નીકળેલા ઘણા જીવો ૨૪ દંડકમાં જન્મ-મરણ કરી રહ્યા છે અને ઘણા જીવો ભવિષ્યમાં અનંતકાળ સુધી સંસારમાં રહેવાના છે, તેથી પ્રત્યેક દંડકમાં અનેક જીવોની અપેક્ષાએ વેદનાદિ પાંચે સમુદ્ઘાત ભૂતકાલમાં અનંતા થયા છે અને ભવિષ્યકાલમાં અનંતા થશે.

**આહારક સમુદ્ઘાત :–** વનસ્પતિ અને મનુષ્યોને છોડી શેષ બાવીસ દંડકના જીવોમાં અસંખ્યાતા આહારક સમુદ્ઘાત ભૂતકાલ અને ભવિષ્યકાલમાં હોય છે. નારકી આદિ પ્રત્યેક દંડકના જીવો અસંખ્યાતા છે. તેમાંથી અસંખ્યાતા નારકી આદિ પ્રત્યેક દંડકના જીવોએ ભૂતકાળમાં આહારક સમુદ્ઘાત કરી લીધો હોય અને ભવિષ્યમાં પણ નારકી આદિ બાવીસ દંડકના અસંખ્યાતા જીવો આહારક સમુદ્ઘાત કરશે, કારણ કે ભૂત અને ભવિષ્ય બંને કાલ અનંતા છે. અનંતકાળમાં જે જે દંડકોમાં જેટલા-જેટલા જીવો છે, તેટલા-તેટલા જીવો બંને કાળમાં આહારક સમુદ્ઘાત કરનારા પ્રાપ્ત થાય છે તેથી વનસ્પતિકાયિક અને મનુષ્ય, તે બે દંડકના જીવોને છોડીને શેષ **બાવીસ દંડકના** જીવોમાં ભૂતકાલીન અને ભવિષ્યકાલીન આહારક સમુદ્ઘાત પણ અસંખ્યાતા થાય છે.

**વનસ્પતિકાયિકોના આહારક સમુદ્ઘાત :–** વનસ્પતિકાયિક જીવો અનંતાનંત છે, તેથી તેમાં પૃચ્છા સમયે બંને કાળમાં અનંત જીવો આહારક સમુદ્ઘાતવાળા હોય છે, અનંતા વનસ્પતિકાયિક જીવો એવા છે કે જેઓએ ભૂતકાળમાં ચૌદપૂર્વોનું જ્ઞાન અને આહારક લબ્ધિ ઉપલબ્ધ કરી હતી અને આહારક સમુદ્ઘાત પણ કર્યા હતા પરંતુ પ્રમાદવશ પડિવાઈ થઈ વનસ્પતિકાયમાં ઉત્પન્ન થયા છે અને અનંતા જીવો ભવિષ્યમાં મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી, આહારક સમુદ્ઘાત કરશે.

**મનુષ્યના આહારક સમુદ્ઘાત :–** મનુષ્યોમાં ભૂતકાલીન અને ભવિષ્યકાલીન આહારક સમુદ્ઘાત કદાચિત્ સંખ્યાતા અને કદાચિત્ અસંખ્યાતા હોય છે, કારણ કે ગર્ભજ મનુષ્યો સંખ્યાતા અને સંમૂર્ચ્છિમ મનુષ્યો અસંખ્યાતા છે. તે બંને પ્રકારના મનુષ્યો ભેગા થાય, તોપણ કદાચિત્ પૃચ્છા સમયે આહારક સમુદ્ઘાત કર્યા હોય, તેવા મનુષ્યો સંખ્યાતા હોય અને કદાચિત્ અસંખ્યાતા હોય છે. તે જ રીતે મનુષ્યોના ભવિષ્યકાલીન આહારક સમુદ્ઘાત પણ ક્યારેક સંખ્યાત અને ક્યારેક અસંખ્યાતા હોય છે.

**કેવળી સમુદ્ઘાત :–** મનુષ્યો સિવાયના શેષ ૨૩ દંડકના જીવોના ભૂતકાલીન કેવળી સમુદ્ઘાત હોતા નથી, કારણ કે કેવળી સમુદ્ઘાત કર્યા પછી અંતર્મુહૂર્તમાં જ તે જીવ અવશ્ય મોક્ષે જાય છે, ત્રેવીસ દંડકના જીવો સીધા મોક્ષે જઈ શકતા નથી.

**મનુષ્યના ભૂતકાલીન કેવળી સમુદ્ઘાત :–** કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતા નથી. પૃચ્છા સમયે કેવળી સમુદ્ઘાતથી નિવૃત્ત થયેલા કેવળી ભગવાન મોક્ષે ગયા ન હોય તો ભૂતકાલીન કેવળી સમુદ્ઘાત હોય છે અને જો તેવા જીવો ન હોય, તો ભૂતકાલીન કેવળી સમુદ્ઘાત હોતા નથી. જઘન્ય બે ક્રોડ અને ઉત્કૃષ્ટ નવ ક્રોડ કેવળી હોય છે પરંતુ તેમાં સમુદ્ઘાત કરનારા, તો જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ અનેક સો હોય છે. તીર્થંકરો અને ઘણા કેવળી ભગવંતો સમુદ્ઘાત કર્યા વિના જ મોક્ષે જાય છે તેથી કેવળી સમુદ્ઘાત કરનારા જીવોની સંખ્યા અત્યંત સીમિત છે.

**ભવિષ્યકાળ** અનંત હોવાથી જે દંડકમાં જેટલા જીવો છે, એટલા જીવોની ભવિષ્યકાલીન કેવળી સમુદ્‌ઘાત થઈ શકે છે. આ રીતે નારકી આદિ બાવીસ દંડકના અસંખ્યાતા, વનસ્પતિકાયિકોના અનંતા અને મનુષ્યોના સંખ્યાતા અથવા અસંખ્યાતા ભવિષ્યકાલીન કેવળી સમુદ્‌ઘાતો હોઈ શકે છે.

**ચોવીશ દંડકમાં બહુવચનની અપેક્ષાએ ભૂત-ભવિષ્યકાલીન સમુદ્‌ઘાતો :–**

| સમુદ્‌ઘાત | જીવો | ભૂતકાળ | | ભવિષ્યકાળ | |
|---|---|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| વેદનીયાદિ પાંચ | ૨૪ દંડકમાં | – | અનંત | × | અનંત |
| આહારક | ૨૨ દંડકમાં | – | અસંખ્યાત | × | અસંખ્યાત |
| આહારક | વનસ્પતિમાં | – | અનંતા | × | અનંત |
| આહારક | મનુષ્યમાં | સંખ્યાતા | અસંખ્યાત | સંખ્યાતા | અસંખ્યાતા |
| કેવળી | ૨૨ દંડકમાં | × | × | × | અસંખ્યાતા |
| કેવળી | વનસ્પતિમાં | × | × | × | અનંતા |
| કેવળી | મનુષ્યમાં | ×/૧–૨–૩ | અનેક સો | સંખ્યાત | અસંખ્યાત |

**એક–એક જીવોના પરસ્પર ભૂત–ભવિષ્યકાલીન સમુદ્‌ઘાતો :–**

**१७ एगमेगस्स णं भंते ! णेरइयस्स णेरइयत्ते केवइया वेयणासमुग्घाया अतीता? गोयमा ! अणंता । केवइया पुरेक्खडा ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा अणंता वा । एवं असुरकुमारत्ते** *जाव* **वेमाणियत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક-એક નૈરયિકને નારકીપણે ભૂતકાલમાં કેટલા વેદના સમુદ્‌ઘાત થયા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત થયા છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! એક-એક નૈરયિકને નારકીપણે ભવિષ્યકાલમાં કેટલા વેદના સમુદ્‌ઘાત થશે? **ઉત્તર–** હે ગૌતમ ! કોઈક નૈરયિકને થશે, કોઈકને થશે નહીં; જેને થશે તેને જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત થશે.

આ જ રીતે એક-એક નૈરયિકને અસુરકુમારદેવપણે ***યાવત્*** વૈમાનિકદેવપણે ભૂતકાલીન અને ભવિષ્યકાલીન વેદના સમુદ્‌ઘાત સમજી લેવા જોઈએ.

**१८ एगमेगस्स णं भंते ! असुरकुमारस्स णेरइयत्ते केवइया वेयणासमुग्घाया अतीता ? गोयमा ! अणंता । केवइया पुरेक्खडा ?**

**गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि तस्स सिय संखेज्जा सिय असंखेज्जा सिय अणंता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક-એક અસુરકુમારને નારકીપણે ભૂતકાલમાં કેટલા વેદના સમુદ્‌ઘાત

થયા છે ? **ઉત્તર**– હે ગૌતમ ! અનંત થયા છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! એક-એક અસુરકુમાર દેવને નારકીપણે ભવિષ્યકાલમાં કેટલા વેદના સમુદ્‌ઘાત થશે ? **ઉત્તર**– હે ગૌતમ ! કોઈક અસુરકુમાર દેવને ભવિષ્યકાલીન વેદના સમુદ્‌ઘાત થશે અને કોઈને થશે નહીં. જેને થશે, તેને કદાચિત્ સંખ્યાત, કદાચિત્ અસંખ્યાત અને કદાચિત્ અનંત થશે.

**૧૯ एगमेगस्स णं भंते ! असुरकुमारस्स असुरकुमारत्ते केवइया वेयणासमुग्घाया अतीता ? गोयमा ! अणंता । केवइया पुरेक्खडा ?**

**गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा अणंता वा । एवं णागकुमारत्ते वि** *जाव* **वेमाणियत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! એક-એક અસુરકુમાર દેવને અસુરકુમારદેવપણે ભૂતકાલમાં કેટલા વેદના સમુદ્‌ઘાત થયા છે ? **ઉત્તર**– હે ગૌતમ ! અનંત થયા છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! એક-એક અસુરકુમાર દેવને ભવિષ્યકાલમાં અસુરકુમારદેવપણે કેટલા વેદના સમુદ્‌ઘાત થશે ?

**ઉત્તર**– હે ગૌતમ ! કોઈક અસુરકુમાર દેવને અસુરકુમારદેવપણે વેદના સમુદ્‌ઘાત થશે, કોઈને થશે નહીં, જેને થશે તેને જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત થશે. આ જ રીતે અસુરકુમાર દેવના નાગકુમારદેવપણે ***યાવત્*** વૈમાનિકદેવપણે ભૂત-ભવિષ્યકાલીન વેદના સમુદ્‌ઘાત જાણવા જોઈએ.

**૨૦ एवं जहा वेयणासमुग्घाएणं असुरकुमारे णेरइयाइ-वेमाणिय-पज्जवसाणेसु भणिए तहा णागकुमाराईया अवसेसेसु सट्ठाण-परट्ठाणेसु भाणियव्वा** *जाव* **वेमाणियस्स वेमाणियत्ते । एवमेए चउव्वीसं चउव्वीसा दंडगा भवंति ।**

**ભાવાર્થ :–** જે રીતે અસુરકુમારના નારકીપણે ***યાવત્*** વૈમાનિકદેવપણે ભૂત-ભવિષ્યકાલીન વેદના સમુદ્‌ઘાતનું કથન કર્યું, તે જ રીતે નાગકુમાર આદિથી લઈને શેષ સર્વ દંડકના જીવોમાં સ્વસ્થાન અને પરસ્થાનમાં વેદનાસમુદ્‌ઘાતનું કથન કરવું જોઈએ ***યાવત્*** વૈમાનિકદેવના વૈમાનિકદેવપણે વેદનીય સમુદ્‌ઘાત કહેવા જોઈએ.

આ રીતે ચોવીસ દંડકોમાંથી પ્રત્યેકના ચોવીસ-ચોવીસ આલાપક કહેવા જોઈએ.

**૨૧ एगमेगस्स णं भंते ! णेरइयस्स णेरइयत्ते केवइया कसायसमुग्घाया अतीता?**

**गोयमा ! अणंता । केवइया पुरेक्खडा ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि एगुत्तरियाए** *जाव* **अणंता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! એક-એક નૈરયિકને નારકીપણે ભૂતકાલમાં કેટલા કષાય સમુદ્‌ઘાત થયા છે ? **ઉત્તર**– હે ગૌતમ ! અનંત થયા છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! એક નૈરયિકને નારકીપણે ભવિષ્યકાલમાં કેટલા કષાય સમુદ્‌ઘાત થશે ? **ઉત્તર**– હે ગૌતમ ! ભવિષ્યકાલમાં કોઈને થશે, કોઈને થશે નહીં. જેને થશે તેને એકથી લઈ ***યાવત્*** અનંત થશે.

**૨૨** **एगमेगस्स णं भंते ! णेरइयस्स असुरकुमारत्ते केवइया कसायसमुग्घाया अतीता ? गोयमा ! अणंता । केवइया पुरेक्खडा ?**

**गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि सिय संखेज्जा, सिय असंखेज्जा, सिय अणंता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક-એક નૈરયિકને અસુરકુમારદેવપણે કેટલા કષાય સમુદ્‍ઘાત થયા છે? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત થયા છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિકને અસુરકુમારદેવપણે ભવિષ્યકાલમાં કેટલા કષાય સમુદ્‍ઘાત થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કોઈકને ભવિષ્યકાલમાં થશે અને કોઈકને થશે નહીં, જેને થશે તેને કદાચિત્ સંખ્યાત, કદાચિત્ અસંખ્યાત અને કદાચિત્ અનંત થશે.

**૨૩** **एवं** *जाव* **णेरइयस्स थणियकुमारत्ते । पुढविकाइयत्ते एगुत्तरियाणं णेयव्वं, एवं** *जाव* **मणूसत्ते । वाणमंतरत्ते जहा असुरकुमारत्ते । जोइसियत्ते अतीता अणंता, पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि; जस्स अत्थि सिय असंखेज्जा सिय अणंता । एवं वेमाणियत्ते वि सिय असंखेज्जा सिय अणंता ।**

**ભાવાર્થ :–** આ જ રીતે નારકીના ભવિષ્યકાલમાં ***યાવત્*** સ્તનિતકુમારદેવપણે કષાય સમુદ્‍ઘાત જાણવા જોઈએ. આ જ રીતે એક-એક નૈરયિકના પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યપણામાં ભૂત-ભવિષ્યકાલીન કષાય સમુદ્‍ઘાત એકથી લઈને અનંત સુધી જાણવા જોઈએ. એક નૈરયિકના વાણવ્યંતર દેવપણે થતાં કષાય સમુદ્‍ઘાતનું કથન અસુરકુમારદેવપણાના કથનની સમાન જાણવું.

એક નૈરયિકને જ્યોતિષીદેવપણે અતીત કષાય સમુદ્‍ઘાત અનંત થયા છે તથા ભવિષ્યકાલીન કષાય સમુદ્‍ઘાત કોઈને થશે, કોઈને થશે નહીં, જેને થશે તેને કદાચિત્ અસંખ્યાતા અને કદાચિત્ અનંતા થશે. આ જ રીતે એક નૈરયિકને વૈમાનિકદેવપણે કદાચિત્ અસંખ્યાત અને કદાચિત્ અનંત ભવિષ્યકાલીન કષાય સમુદ્‍ઘાત થશે.

**૨૪** **असुरकुमारस्स णेरइयत्ते कसाय समुग्घाया अतीता अणंता, पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि सिय संखेज्जा सिय असंखेज्जा सिय अणंता ।**

**ભાવાર્થ :–** એક અસુરકુમારદેવને નૈરયિકપણે અતીત કષાય સમુદ્‍ઘાત અનંત થયા છે. ભવિષ્યકાલીન કષાય સમુદ્‍ઘાત કોઈને થશે અને કોઈને થશે નહીં. જેને થશે તેને કદાચિત્ સંખ્યાત, કદાચિત્ અસંખ્યાત અને કદાચિત્ અનંત થશે.

**૨૫** **असुरकुमारस्स असुरकुमारत्ते अतीता अणंता । पुरेक्खडा एगुत्तरिया । एवं णागकुमारत्ते णिरंतरं** *जाव* **वेमाणियत्ते जहा णेरइयस्स भणियं तहेव भाणियव्वं।**

**एवं** *जाव* **थणियकुमारस्स वि** *जाव* **वेमाणियत्ते, णवरं– सव्वेसिं सट्ठाणे एगुत्तरिए परट्ठाणे जहेव असुरकुमारस्स ।**

**ભાવાર્થ :–** એક અસુરકુમારને અસુરકુમારદેવપણે અતીત કષાય સમુદ્ઘાત અનંત થયા છે અને ભવિષ્યકાલીન કષાય સમુદ્ઘાત એકથી લઈને સંખ્યાત, અસંખ્યાત કે અનંત કહેવા જોઈએ.

આ જ રીતે અસુકુમારને નાગકુમારપણાથી લઈને વૈમાનિક દેવપણે થતા કષાય સમુદ્ઘાતનું કથન નૈરયિકની સમાન જાણવું. આ જ રીતે સ્તનિતકુમાર સુધીના દેવોને પણ ***યાવત્*** વૈમાનિકદેવપણે થતાં કષાય સમુદ્ઘાતનું કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે સર્વ દંડકના જીવોમાં સ્વસ્થાનમાં ભવિષ્યકાલીન કષાય સમુદ્ઘાત એકથી લઈને ઉત્તરોત્તર અનંત સુધી છે અને પરસ્થાનમાં અસુરકુમારના ભવિષ્યકાલીન કષાય સમુદ્ઘાતની સમાન જાણવું.

**૨૬ पुढविक्काइयस्स णेरइयत्ते** *जाव* **थणियकुमारत्ते अतीता अणंता । पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि सिय संखेज्जा सिय असंखेज्जा सिय अणंता ।**

**ભાવાર્થ :–** એક પૃથ્વીકાયિક જીવને નારકીપણે ***યાવત્*** સ્તનિતકુમારદેવપણે ભૂતકાલમાં અનંત કષાય સમુદ્ઘાત થયા છે, ભવિષ્યકાલમાં કોઈને થાય છે, કોઈને થતા નથી, જેને થાય છે તેને કદાચિત્ સંખ્યાત, કદાચિત્ અસંખ્યાત અને કદાચિત્ અનંત થાય છે.

**૨૭ पुढविक्काइयस्स पुढविक्काइयत्ते** *जाव* **मणूसत्ते अतीता अणंता । पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि एगुत्तरिया । वाणमंतरत्ते जहा णेरइयत्ते ।**

**जोइसियवेमाणियत्ते अतीता अणंता, पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि सिय असंखेज्जा सिय अणंता । एवं** *जाव* **मणूसे वि णेयव्वं ।**

**ભાવાર્થ :–** પૃથ્વીકાયિકને પૃથ્વીકાયિકપણે ***યાવત્*** મનુષ્યપણે ભૂતકાલમાં કષાય સમુદ્ઘાત અનંત થયા છે. તેના ભવિષ્યકાલીન કષાય સમુદ્ઘાત કોઈને થશે, કોઈને થશે નહીં. જેને થશે તેને એકથી લઈને અનંત થશે. એક પૃથ્વીકાયને વાણવ્યંતર દેવપણે થતા કષાય સમુદ્ઘાતનું કથન નૈરયિકપણાની સમાન જાણવું. જ્યોતિષ્ક અને વૈમાનિક દેવપણે ભૂતકાલમાં અનંત થયા છે. ભવિષ્યકાલમાં કોઈને થશે, કોઈને થશે નહીં, જેને થશે તેને કદાચિત્ અસંખ્યાત, કદાચિત્ અનંત થશે.

આ રીતે એક પૃથ્વીકાયિક જીવના ૨૪ દંડકના જીવ પણે થતાં કષાય સમુદ્ઘાતનું જે કથન કર્યું તે જ રીતે પાંચે સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યને ૨૪ દંડકના જીવપણે થતા કષાય સમુદ્ઘાતનું કથન જાણવું જોઈએ.

**૨૮ वाणमंतर-जोइसिय-वेमाणिया जहा असुरकुमारे । णवरं सट्ठाणे एगुत्तरियाए भाणियव्वा** *जाव* **वेमाणियस्स वेमाणियत्ते ।**

**एवं एए चउवीसं चउवीसा दंडगा।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોને ૨૪ દંડકના જીવપણે થતા કષાય સમુદ્ઘાતની વક્તવ્યતા અસુરકુમારોની સમાન જાણવી જોઈએ. વિશેષતા એ છે કે સ્વસ્થાનમાં સર્વત્ર એકથી લઈને ઉત્તરોત્તર અનંત સુધી જાણવા.

આ રીતે ***યાવત્*** વૈમાનિક દેવને વૈમાનિક દેવપણે કષાય સમુદ્‌ઘાત જાણવા જોઈએ. આ રીતે ચોવીસ દંડકના જીવોમાં ચોવીસ દંડકના જીવોના કષાય સમુદ્‌ઘાત સંબંધી આલાપક થાય છે.

**૨૯ मारणंतियसमुग्घाओ सट्ठाणे वि परट्ठाणे वि एगुत्तरियाए णेयव्वो** *जाव* **वेमाणियस्स वेमाणियत्ते । एवमेए चउवीसं चउवीसा दंडगा ।**

**भावार्थ :–** મારણાંતિક સમુદ્‌ઘાત સ્વસ્થાનમાં અને પરસ્થાનમાં પૂર્વોક્ત એકોત્તરિકાથી અર્થાત્ એકથી લઈને અનંત જાણવા જોઈએ ***યાવત્*** વૈમાનિક દેવના વૈમાનિક દેવપણા સુધી એકથી અનંતપર્યંત મારણાંતિક સમુદ્‌ઘાત કહેવા જોઈએ. આ પ્રમાણે ચોવીસ દંડકોમાં ચોવીસ આલાપક થાય છે.

**૩૦ वेउव्वियसमुग्घाओ जहा कसायसमुग्घाओ तहा णिरवसेसो भाणियव्वो । णवरं जस्स णत्थि तस्स ण वुच्चइ । एत्थ वि चउवीसं चउवीसा दंडगा भाणियव्वा।**

**भावार्थ :–** વૈક્રિય સમુદ્‌ઘાતની સમગ્ર વક્તવ્યતા કષાય સમુદ્‌ઘાતની સમાન જાણવી જોઈએ. વિશેષતા એ છે કે જેને વૈક્રિય સમુદ્‌ઘાત નથી, તેના વિષયમાં કથન કરવું ન જોઈએ. અહીં પણ ચોવીસ દંડકોમાં ચોવીસ આલાપક કહેવા જોઈએ.

**૩૧ तेयगसमुग्घाओ जहा मारणंतियसमुग्घाओ, । णवरं– जस्स अत्थि । एवं एते वि चउवीसं चउवीसा दंडगा ।**

**भावार्थ :–** તૈજસ સમુદ્‌ઘાતનું કથન મારણાંતિક સમુદ્‌ઘાતની સમાન જાણવું જોઈએ. વિશેષતા એ છે કે જેને તૈજસ સમુદ્‌ઘાત હોય છે તેનું જ કથન કરવું જોઈએ. આ રીતે અહીં પણ ચોવીસ દંડકોમાં ચોવીસ આલાપક થાય છે.

**૩૨ एगमेगस्स णं भंते ! णेरइयस्स णेरइयत्ते केवइया आहारगसमुग्घाया अतीता? गोयमा ! णत्थि । केवइया पुरेक्खडा ? गोयमा ! णत्थि ।**

**एवं** *जाव* **वेमाणियत्ते, णवरं– मणूसत्ते अतीता कस्सइ अत्थि, कस्सइ णत्थि, जस्स अत्थि जहण्णेणं एक्को वा दो वा, उक्कोसेणं तिण्णि ।**

**केवइया पुरेक्खडा ? गोयमा ! कस्सइ अत्थि, कस्सइ णत्थि, जस्स अत्थि जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं चत्तारि । एवं सव्वजीवाणं मणूसेसु भाणियव्वं ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક-એક નૈરયિકને ભૂતકાલમાં નારકીપણે કેટલા આહારક સમુદ્‌ઘાત થયા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક નૈરયિકને નારકીપણે ભૂતકાલીન આહારક સમુદ્‌ઘાત થયા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! ભવિષ્યકાલીન આહારક સમુદ્‌ઘાત કેટલા થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભવિષ્યકાલીન આહારક સમુદ્‌ઘાત પણ થશે નહીં. આ રીતે નૈરયિકના ***યાવત્*** વૈમાનિક દેવપણે થતા આહારક સમુદ્‌ઘાતનું કથન જાણવું જોઈએ, વિશેષતા એ છે કે એક નૈરયિકને ભૂતકાલમાં **મનુષ્યપણે**

આહારક સમુદ્ઘાત કોઈને થયા છે, કોઈને થયા નથી, જેને થયા છે તેને જઘન્ય એક અથવા બે અને ઉત્કૃષ્ટ ત્રણ થયા છે.

**પ્રશ્ન**– હે ભગવન્ ! એક નૈરયિકને મનુષ્યપણે ભવિષ્યકાલીન કેટલા આહારક સમુદ્ઘાત થશે ? **ઉત્તર**– હે ગૌતમ ! કોઈને ભવિષ્યકાલમાં થશે, કોઈને થશે નહીં. જેને થશે તેને જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ ચાર થશે. આ જ રીતે સમસ્ત જીવોને મનુષ્યપણામાં થતા ભૂતકાલીન અને ભવિષ્યકાલીન આહારક સમુદ્ઘાત જાણવા જોઈએ.

**३३ मणूसस्स मणूसत्ते अतीता कस्सइ अत्थि, कस्सइ णत्थि, जस्स अत्थि जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं चत्तारि । एवं पुरेक्खडा वि। एवमेते वि चउवीसं चउवीसा दंडगा *जाव* वेमाणियस्स वेमाणियत्ते ।**

**ભાવાર્થ :–** મનુષ્યને મનુષ્યપણામાં અતીત આહારક સમુદ્ઘાત કોઈને થયા છે અને કોઈને થયા નથી, જેને થયા છે તેને જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ ચાર થયા છે. આ જ રીતે ભવિષ્યકાલીન આહારક સમુદ્ઘાત જાણવા જોઈએ. આ રીતે આહારક સમુદ્ઘાતના પણ ચોવીસ દંડકોમાં ચોવીસ આલાપક થાય છે ***યાવત્*** વૈમાનિકને વૈમાનિકપણા સુધીનું કથન કરવું જોઈએ.

**३४ एगमेगस्स णं भंते ! णेरइयस्स णेरइयत्ते केवइया केवलिसमुग्घाया अतीता? गोयमा ! णत्थि । केवइया पुरेक्खडा ? गोयमा ! णत्थि ।**

**एवं *जाव* वेमाणियत्ते । णवरं– मणूसत्ते अतीता णत्थि, पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि एक्को । एवं *जाव* वेमाणियस्स वेमाणियत्ते। णवरं– मणूसस्स मणूसत्ते इमं णाणत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! એક-એક નૈરયિકને નારકપણામાં ભૂતકાલીન કેવળી સમુદ્ઘાત કેટલા થયા છે ? **ઉત્તર**– હે ગૌતમ ! થયા નથી. **પ્રશ્ન**– હે ભગવન્ ! તેના ભવિષ્યકાલીન કેટલા કેવળી સમુદ્ઘાત થશે ? **ઉત્તર**– હે ગૌતમ ! તે પણ થશે નહીં.

આ જ રીતે ***યાવત્*** વૈમાનિક દેવપણા સુધી કહેવું જોઈએ. વિશેષતા એ છે કે મનુષ્યને છોડીને શેષ ૨૩ દંડકના જીવોને મનુષ્યપણામાં અતીત કેવળી સમુદ્ઘાત થયા નથી. ભવિષ્યકાલીન કેવળી સમુદ્ઘાત કોઈને થશે અને કોઈને થશે નહીં, જેને થશે તેને એક જ થશે. આ રીતે નૈરયિકની જેમ ચોવીસે ય દંડકના જીવોનું કથન કરવું **યાવત્** એક-એક વૈમાનિક દેવને વૈમાનિક દેવપણે કેવળી સમુદ્ઘાતનું કથન કરવું પરંતુ મનુષ્યને મનુષ્યપણે કેવળી સમુદ્ઘાતના કથનમાં વિશેષતા છે.

**३५ मणूसस्स मणूसत्ते अतीया कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि इक्को । एवं पुरेक्खडा वि । एवमेए चउवीसं चउवीसा दंडगा ।**

**ભાવાર્થ :–** મનુષ્યને મનુષ્યપણામાં અતીત કેવળી સમુદ્ઘાત કોઈને થયા છે કોઈને થયા નથી, જેને થયા છે તેને એક જ થયો છે. આ જ પ્રમાણે ભવિષ્યકાલીન કેવળી સમુદ્ઘાતના વિષયમાં પણ કહેવું

જોઈએ અર્થાત્ કોઈને થશે તો એક જ થશે. આ રીતે આ ચોવીસ દંડકમાં ચોવીસ આલાપક થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચોવીસ દંડકના જીવોમાં એકવચનની અપેક્ષાએ સ્વસ્થાન અને પરસ્થાનમાં અતીત-અનાગત સાતે ય સમુદ્ઘાતોની પ્રરૂપણા છે. નારકી-નારકીપણે જે સમુદ્ઘાત કરે, તેને **સ્વસ્થાન** અને નારકી સિવાયના ત્રેવીસ દંડકના જીવપણે જે સમુદ્ઘાત કરે, તેને **પરસ્થાન** કહેવાય છે. આ રીતે ૨૪ દંડકમાં સ્વસ્થાન-પરસ્થાનનું કથન સમજવું.

**વેદના સમુદ્ઘાત :–** ભૂતકાલમાં ૨૪ દંડકના પ્રત્યેક જીવે ૨૪ દંડકમાં અનંત વાર જન્મ ધારણ કર્યા છે. તેથી ૨૪ દંડકના પ્રત્યેક જીવના ૨૪ દંડકના જીવપણે અનંત વેદના સમુદ્ઘાત ભૂતકાલમાં થયા છે. જે રીતે એક નારકીના ભૂતકાલમાં નારકીપણે, દશ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિકદેવપણે, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યપણે અનંત વેદના સમુદ્ઘાત થયા છે; તે જ રીતે ચોવીસ દંડકના પ્રત્યેક જીવને ચોવીસ દંડકના પ્રત્યેક જીવપણે અનંત વેદના સમુદ્ઘાત થયા છે.

**ભવિષ્યકાલમાં** જીવના ભવભ્રમણ પ્રમાણે ભવિષ્યકાલીન સમુદ્ઘાત થાય છે, જેમ કે– એક નૈરયિકને ભવિષ્યકાલમાં નારકીપણે વેદના સમુદ્ઘાત થાય અથવા ન પણ થાય. જે નારકી વેદના સમુદ્ઘાત કર્યા વિના જ નરકગતિમાંથી નીકળીને મનુષ્યગતિમાં જન્મ ધારણ કરીને મોક્ષે જાય, તેને વેદના સમુદ્ઘાત થતા નથી. કોઈ નારકી એક, બે, ત્રણ વાર વેદના સમુદ્ઘાત કરીને નરકગતિમાંથી નીકળીને મનુષ્ય ભવમાં આવીને સિદ્ધ થાય, તેની અપેક્ષાએ ભવિષ્યકાલીન જઘન્ય એક, બે કે ત્રણ વેદના સમુદ્ઘાત થાય છે.

જે નારકી નરકમાંથી નીકળીને પુનઃ ભવભ્રમણ કરતાં એક વાર નરકમાં જન્મ ધારણ કરે, તો સંખ્યાતા વેદના સમુદ્ઘાત થાય છે, કારણ કે નરકગતિમાં નારકી સતત તીવ્ર વેદનાનો અનુભવ કરે છે, તેથી સંખ્યાતાવર્ષની સ્થિતિવાળા નારકીને સંખ્યાતા અને અસંખ્યાતાવર્ષોની સ્થિતિવાળાને અસંખ્યાતા વેદના સમુદ્ઘાત થાય છે. જો તે અનંતવાર નરકમાં જન્મ ધારણ કરે, તો તેને અનંત વેદના સમુદ્ઘાત થાય છે. આ જ રીતે એક નારકીને શેષ ત્રેવીસ દંડકપણે ભવિષ્યકાલીન જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા વેદના સમુદ્ઘાત થાય છે.

એક **અસુરકુમાર દેવને** ભવિષ્યમાં નારકીપણે વેદના સમુદ્ઘાત થશે અથવા થશે નહીં. જો તે દેવ ભવિષ્યમાં નારકીપણે જન્મ ધારણ ન કરે, તો તે દેવને નારકીપણે વેદના સમુદ્ઘાત થશે નહીં. જો તે દેવ ભવિષ્યમાં એક વાર નરકમાં જન્મ ધારણ કરે, તો તેને સંખ્યાતા વર્ષની સ્થિતિમાં સંખ્યાતા અને અસંખ્યાતા વર્ષની સ્થિતિમાં અસંખ્યાતા વેદના સમુદ્ઘાત થશે. જો તે જીવ અનંતવાર નરકમાં ઉત્પન્ન થાય, તો અનંતા વેદના સમુદ્ઘાત થશે.

એક અસુરકુમાર દેવને ભવાંતરમાં પુનઃ અસુરકુમાર દેવપણે ભવષ્યિકાલીન વેદના સમુદ્ઘાત થાય છે અથવા થતા નથી. જો તે દેવ ભવિષ્યમાં પુનઃ અસુરકુમાર દેવપણે ઉત્પન્ન થયા વિના જ મોક્ષે જાય, તો તેના અસુરકુમાર દેવપણે વેદના સમુદ્ઘાત થતા નથી અને જો તે દેવ ભવાંતરમાં પુનઃ અસુરકુમાર દેવપણે ઉત્પન્ન થાય તો તે જેટલી વાર ઉત્પન્ન થાય તે પ્રમાણે જઘન્ય એક, બે, ત્રણ તથા ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત વેદના સમુદ્ઘાત થાય છે.

આ જ રીતે એક અસુરકુમાર દેવને નારકી સિવાય ૨૩ દંડકના જીવપણે ભવિષ્યકાલીન વેદના સમુદ્‌ઘાત થશે અથવા થશે નહીં, જો થશે તો જઘન્ય એક, બે, કે ત્રણ અને ઉત્કૃષ્ટ અનંતા થશે.

નરકગતિના જીવો નિરંતર તીવ્રતમ વેદનાનો અનુભવ કરે છે, તેથી તેમાં ૨૩ દંડકના જીવ જન્મ ધારણ કરે તો તેને સંખ્યાતા વર્ષની સ્થિતિમાં સંખ્યાતા વેદના સમુદ્‌ઘાત થાય છે. તે સિવાય અન્ય કોઈ પણ સ્થાનમાં ત્રેવીસ દંડકના જીવો જન્મ ધારણ કરે, તો તેને ત્યાં વેદના સમુદ્‌ઘાત કદાચિત્ થાય કદાચિત્ ન થાય, જો થાય તો જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા વેદના સમુદ્‌ઘાત થઈ શકે છે.

આ રીતે નારકીને છોડીને શેષ **૨૩ દંડકના** પ્રત્યેક જીવ ભવિષ્યકાલમાં નારકીપણે જઘન્ય સંખ્યાતા અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા કે અનંત વેદના સમુદ્‌ઘાત કરે છે અને શેષ ૨૩ દંડકના જીવપણે જઘન્ય એક, બે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત વેદના સમુદ્‌ઘાત કરે છે.

**કષાય સમુદ્‌ઘાત :– ભૂતકાલમાં** ૨૪ દંડકના પ્રત્યેક જીવે ૨૪ દંડકના જીવપણે અનંતવાર જન્મ ધારણ કર્યા છે તેથી પ્રત્યેક જીવના સ્વસ્થાન અને પરસ્થાનમાં ભૂતકાલીન અનંતા કષાય સમુદ્‌ઘાત થયા છે.

**ભવિષ્યકાલીન** સમુદ્‌ઘાત તે તે જીવોના ભવિષ્યના ભવભ્રમણના આધારે નિશ્ચિત થાય છે. જેમ– એક નારકીને નારકીપણે ભવિષ્યકાલીન કષાયસમુદ્‌ઘાત થશે અથવા થશે નહીં. જો થશે તો જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાત અથવા અનંત થશે. જો તે નારકી ભવિષ્યમાં કષાય સમુદ્‌ઘાત કર્યા વિના જ નરકગતિમાંથી નીકળીને મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને મોક્ષે જાય, તો તે નારકીને નારકીપણે કષાય સમુદ્‌ઘાત થશે નહીં. જો તે નારકી પોતાના શેષ આયુષ્યમાં એક, બે કે ત્રણ વાર કષાય સમુદ્‌ઘાત કરીને નીકળે અને ત્યાંથી મનુષ્યજન્મ ધારણ કરીને મોક્ષે જાય, તો જઘન્ય એક કે બે અને ઉત્કૃષ્ટ ત્રણ કષાય સમુદ્‌ઘાત થશે. જો તે નારકી જીવોને ભવાંતરમાં અનેકવાર નરકગતિમાં જન્મ થશે, તો સંખ્યાત, અસંખ્યાત કે અનંત કષાય સમુદ્‌ઘાત થશે.

એક નારકીના અસુરકુમાર દેવપણે ભવિષ્યકાલીન કષાય સમુદ્‌ઘાત સંખ્યાતા, અસંખ્યાતા અથવા અનંત થશે. તે જ રીતે દશ ભવનપતિ અને વ્યંતર દેવપણે પણ સંખ્યાતા, અસંખ્યાતા અથવા અનંત કષાય સમુદ્‌ઘાત થશે. દેવભવમાં લોભ કષાયની પ્રબળતા હોય છે તેથી દેવોને સંખ્યાતા વર્ષની સ્થિતિમાં સંખ્યાતા લોભ કષાય સમુદ્‌ઘાત થાય છે અને અસંખ્યાત વર્ષની સ્થિતિમાં અસંખ્યાત કષાય સમુદ્‌ઘાત થાય છે અને અનંતા ભવ કરે તો અનંત કષાય સમુદ્‌ઘાત થાય છે.

એક નારકીના ભવિષ્યકાલમાં જ્યોતિષી કે વૈમાનિક દેવપણે અસંખ્યાતા કે અનંત કષાય સમુદ્‌ઘાત થાશે, કારણ કે તેઓની જઘન્ય સ્થિતિ પણ પલ્યોપમની ગણનામાં છે અર્થાત્ અસંખ્યાત વર્ષોની છે. જો તે અનંતવાર ઉત્પન્ન થાય, તો અનંતા કષાય સમુદ્‌ઘાત થાય છે.

એક નારકી ભવિષ્યકાલમાં પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય કે મનુષ્યપણે ઉત્પન્ન થાય, તો તેના ભવિષ્યકાલીન કષાય સમુદ્‌ઘાત થાય કદાચિત્ ન પણ થાય, જો થાય તો જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા કષાય સમુદ્‌ઘાત થાય છે.

આ રીતે ૨૪ દંડકના પ્રત્યેક જીવને ભવિષ્યકાલીન કષાય સમુદ્‌ઘાત સ્વસ્થાનમાં જો થાય તો જઘન્ય

એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત થાય છે. પરસ્થાનમાં દશ ભવનપતિ અને વ્યંતર દેવ પણામાં લોભ સમુદ્‌ઘાતની અપેક્ષાએ જઘન્ય સંખ્યાતા અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કે અનંત થાય છે; જ્યોતિષી અને વૈમાનિક દેવપણામાં જઘન્ય અસંખ્યાતા અને ઉત્કૃષ્ટ અનંત કષાય સમુદ્‌ઘાત થાય છે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યપણામાં જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત કષાય સમુદ્‌ઘાત ભવિષ્યકાલમાં થાય છે.

**મારણાંતિક સમુદ્‌ઘાત :–** ભૂતકાલમાં ૨૪ દંડકના પ્રત્યેક જીવે ૨૪ દંડકના જીવપણે અનંત જન્મ-મરણ કર્યા છે, તેથી પ્રત્યેક જીવને સ્વસ્થાન-પરસ્થાનમાં ભૂતકાલીન અનંત મારણાંતિક સમુદ્‌ઘાત થયા છે.

**ભવિષ્યકાલીન** મારણાંતિક સમુદ્‌ઘાત તે તે જીવોને ભવિષ્યના ભવભ્રમણના આધારે નિશ્ચિત થાય છે. જેમ કે એક નારકીને નારકીપણે ભવિષ્યકાલીન મારણાંતિક સમુદ્‌ઘાત થાય અથવા ન થાય, જો તે નારકી પુનઃ નારકીપણે જન્મ ધારણ ન કરે, તો તેના નારકીપણાના મારણાંતિક સમુદ્‌ઘાત થતા નથી.

મારણાંતિક સમુદ્‌ઘાત મૃત્યુ સમયે જ થાય છે, તેથી જો તે નારકી ભવાંતરમાં એક જ વાર નારકીપણે ઉત્પન્ન થાય, તો તેને મારણાંતિક સમુદ્‌ઘાત એક થાય, બે વાર નારકીપણે ઉત્પન્ન થાય, તો તેને મારણાંતિક સમુદ્‌ઘાત બે થાય, આ રીતે તે સંખ્યાત વાર નારકીપણે ઉત્પન્ન થાય, તો સંખ્યાતા મારણાંતિક સમુદ્‌ઘાત થાય છે. આ રીતે જઘન્ય એક, બે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત મારણાંતિક સમુદ્‌ઘાત થાય છે. આ રીતે એક નારકીને ૨૩ દંડકના જીવપણે ભવિષ્યકાલમાં જઘન્ય એક, બે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત મારણાંતિક સમુદ્‌ઘાત થશે. તે જ રીતે અન્ય ૨૩ દંડકના જીવોને ૨૪ દંડકના કોઈ પણ સ્થાનમાં ભવિષ્યકાલમાં જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત મારણાંતિક સમુદ્‌ઘાત થશે.

**વૈક્રિય સમુદ્‌ઘાત–** ૨૪ દંડકના જીવોમાંથી નારકી, દશ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવ, વાયુકાય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય, આ સત્તર દંડકના જીવોમાં જ વૈક્રિયલબ્ધિ હોય છે. ૨૪ દંડકના પ્રત્યેક જીવને ઉપરોક્ત સત્તર દંડકના જીવપણે ભૂતકાલમાં અનંત વૈક્રિય સમુદ્‌ઘાત થયા છે.

**ભવિષ્યકાલીન** વૈક્રિય સમુદ્‌ઘાતનું કથન કષાય સમુદ્‌ઘાતની સમાન જાણવું અર્થાત્ નારકી અને દેવતાના કુલ ૧૪ દંડકમાં સંખ્યાત, અસંખ્યાત કે અનંત વૈક્રિય સમુદ્‌ઘાત ભવિષ્યમાં થશે, જેમ કે– એક નારકીને નારકીપણે ભવિષ્યકાલમાં જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત વૈક્રિય સમુદ્‌ઘાત થશે અને પરસ્થાનમાં એટલે ભવનપતિ કે વ્યંતર દેવપણે જઘન્ય સંખ્યાત અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કે અનંત વૈક્રિય સમુદ્‌ઘાત થશે તથા જ્યોતિષી અને વૈમાનિક દેવપણે જઘન્ય અસંખ્યાત અને ઉત્કૃષ્ટ અનંત વૈક્રિય સમુદ્‌ઘાત થશે. નારકી, દેવતા સિવાય વાયુકાય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય આ ત્રણ દંડકપણે ભવિષ્યકાલમાં વૈક્રિય સમુદ્‌ઘાત જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત થશે.

**તૈજસ સમુદ્‌ઘાત–** ૨૪ દંડકના જીવોમાં દેવતાના તેર દંડક, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય, આ પંદર દંડકના જીવોમાં જ તેજોલબ્ધિ હોય છે તેથી પંદર દંડકના જીવોમાં તૈજસ સમુદ્‌ઘાત થાય છે. **ભૂતકાલમાં** ૨૪ દંડકના પ્રત્યેક જીવને પંદર દંડકપણે અનંત જન્મ મરણમાં અનંત તૈજસ સમુદ્‌ઘાત થયા છે અને ભવિષ્યકાલીન તૈજસ સમુદ્‌ઘાતનું કથન મારણાંતિક સમુદ્‌ઘાતની સમાન જાણવું અર્થાત ૨૪ દંડકના

પ્રત્યેક જીવને ઉપરોક્ત પંદર દંડકના જીવપણે ભવિષ્યકાલમાં જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા, અનંત તૈજસ સમુદ્‌ઘાત થશે.

**આહારક સમુદ્‌ઘાત–** આહારકલબ્ધિ કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોમાં જ હોય છે અને તે પણ આહારક શરીર બનાવે ત્યારે આહારકલબ્ધિ પ્રયોગના પ્રારંભકાલમાં જ આહારક સમુદ્‌ઘાત થાય છે, તેથી ૨૪ દંડકના જીવોમાંથી એક મનુષ્યમાં જ ભૂત-ભવિષ્યકાલની અપેક્ષાએ આહારક સમુદ્‌ઘાતનું કથન થાય છે.

જેમ કે– એક નારકીને મનુષ્ય સિવાય ૨૩ દંડકના જીવપણે ભૂતકાલમાં આહારક સમુદ્‌ઘાત થયા નથી. એક નારકીને એક મનુષ્યપણે આહારક સમુદ્‌ઘાત ભૂતકાલમાં થયા હોય અથવા થયા નથી કારણ કે ઘણા મનુષ્યો આહારક લબ્ધિનો પ્રયોગ કર્યા વિના જ મોક્ષે જાય છે, તેથી ઘણા જીવોએ ભૂતકાલમાં આહારક સમુદ્‌ઘાત કર્યા નથી. જે નારકીને ભૂતકાલમાં મનુષ્યપણામાં આહારક સમુદ્‌ઘાત થયા હોય, તેને જઘન્ય એક કે બે, ઉત્કૃષ્ટ ત્રણ આહારક સમુદ્‌ઘાત થયા છે.

જે જીવને ચાર વાર આહારક સમુદ્‌ઘાત થયા હોય, તે જીવ મરીને નરકગતિમાં જતા નથી, તેથી **એક નારકીને** મનુષ્યપણામાં ભૂતકાલીન ઉત્કૃષ્ટ ત્રણ આહારક સમુદ્‌ઘાત જ થાય છે. તે જ રીતે **ત્રેવીસ દંડકના** જીવને મનુષ્યપણે ભૂતકાલીન જઘન્ય એક, બે, અને ઉત્કૃષ્ટ ત્રણ આહારક સમુદ્‌ઘાત થાય છે.

**ભવિષ્યકાલીન આહારક સમુદ્‌ઘાત–** ૨૪ દંડકના પ્રત્યેક જીવને મનુષ્યપણે ભવિષ્યકાલમાં આહારક સમુદ્‌ઘાત થશે અથવા ન થશે નહીં. જો તે જીવ આહારક લબ્ધિ પ્રયોગ કર્યા વિના જ મોક્ષે જાય, તો તેને આહારક સમુદ્‌ઘાત થશે નહીં અને જો આહારક લબ્ધિ પ્રયોગ સમયે આહારક સમુદ્‌ઘાત થશે, તો જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ ચાર આહારક સમુદ્‌ઘાત થશે. ચોથી વાર આહારક સમુદ્‌ઘાત કરનાર મનુષ્ય તદ્‌ભવ મોક્ષગામી હોય છે. પ્રસ્તુત સૂત્રપાઠથી સ્પષ્ટ થાય છે કે એક જીવ એક કે અનેક ભવમાં આહારક લબ્ધિનો પ્રયોગ ચાર વાર કરી શકે છે.

**કેવળી સમુદ્‌ઘાત–** કેવળી સમુદ્‌ઘાત કેવળી ભગવાન જ કરે છે તેમજ કેવળી સમુદ્‌ઘાત થયા પછી અંતર્મુહૂર્તમાં જ જીવનો મોક્ષ થાય છે. તે જીવનું અન્ય ગતિમાં ભવભ્રમણ થતું નથી, તેથી ૨૩ દંડકના કોઈ પણ જીવને ૨૪ દંડકના જીવપણે ભૂતકાલીન કેવળી સમુદ્‌ઘાત થયા નથી અને ૨૩ દંડકના કોઈ પણ જીવના ૨૩ દંડકના જીવપણે ભવિષ્યકાલીન કેવળી સમુદ્‌ઘાત થશે પણ નહીં. ૨૩ દંડકના જીવને મનુષ્યપણામાં ભવિષ્યકાલીન કેવળી સમુદ્‌ઘાત થાય કે ન પણ થાય, કારણ કે કેટલાક જીવો કેવળી સમુદ્‌ઘાત કર્યા વિના જ મોક્ષે જાય છે તે જીવોને ભવિષ્યકાલીન સમુદ્‌ઘાત થતા નથી અને જેને થાય છે, તેને એક જ વાર કેવળી સમુદ્‌ઘાત થાય છે.

**એક મનુષ્યને** ૨૩ દંડકના જીવપણે ભૂતકાલીન કેવળી સમુદ્‌ઘાત થયા નથી અને ૨૩ દંડકના જીવપણે ભવિષ્યકાલીન કેવળી સમુદ્‌ઘાત થશે પણ નહીં.

એક મનુષ્યને મનુષ્યપણામાં **ભૂતકાલીન** કેવળી સમુદ્‌ઘાત થયા હોય કે ન પણ થયા હોય. જો થયા હોય તો એક જ વાર થયા હોય છે. આ કથન કેવળી સમુદ્‌ઘાત પછી શેષ અંતર્મુહૂર્તનું આયુષ્ય ભોગવનાર કેવળી ભગવાનની અપેક્ષાએ છે.

એક મનુષ્યને મનુષ્યપણામાં **ભવિષ્યકાલીન** કેવળી સમુદ્‌ઘાત થાય કે ન પણ થાય; જેને થાય તેને એક જ થાય છે.

## એક જીવની અપેક્ષાએ ૨૪ દંડકના ૨૪ દંડકમાં ભૂત-ભવિષ્યકાલીન સમુદ્‌ઘાતો :–

| સમુદ્‌ઘાત | જીવ પ્રકાર | દંડકમાં | ભૂતકાલીન સમુદ્‌ઘાત | ભવિષ્યકાલીન | |
|---|---|---|---|---|---|
| | | | | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| વેદનીય સમુદ્‌ઘાત | નારકીને | ૨૪ દંડકમાં | અનંત | ×/૧,૨,૩ | અનંત |
| | ૨૩ દંડકના જીવને | નારકીપણે | અનંત | ×/ સંખ્યાતા | અનંત |
| | ૨૩ દંડકના જીવને | ૨૩ દંડકમાં | અનંત | × / ૧,૨,૩ | અનંત |
| કષાય સમુદ્‌ઘાત | નારકીને | નારકીપણે | અનંત | × / ૧, ૨, ૩ | અનંત |
| | નારકીને | ભવનપતિ, વ્યંતર દેવમાં | અનંત | × / સંખ્યાત | અનંત |
| | નારકીને | જ્યોતિષી, વૈમાનિક દેવમાં | અનંત | × / અસંખ્યાત | અનંત |
| | નારકીને | ઔદારિકના ૧૦ દંડકમાં | અનંત | × / ૧, ૨, ૩ | અનંત |
| | ૧૩ દંડકના દેવોને | નરકમાં | અનંત | × / સંખ્યાત | અનંત |
| | ૧૩ દંડકના દેવોને | સ્વ–સ્વસ્થાનમાં અર્થાત્ અસુરકુમારને અસુરકુમારમાં, નાગકુમારને નાગકુમારમાં ***યાવત્*** વૈમાનિકને વૈમાનિકમાં, | અનંત | × / ૧, ૨, ૩ | અનંત |
| | ૧૩ દંડકના દેવને | પરસ્થાનમાં ભવનપતિ વ્યંતર દેવમાં (સ્વસ્થાન છોડી) | અનંત | × / સંખ્યાત | અનંત |
| | ૧૩ દંડકના દેવને | પરસ્થાનમાં જ્યોતિષ્ક, વૈમાનિક દેવમાં | અનંત | × / અસંખ્યાત | અનંત |
| | ઔદારિક ૧૦ દંડકના જીવોને | નરક, ભવનપતિ, વ્યંતર દેવમાં | અનંત | × / સંખ્યાત | અનંત |
| | ઔદા૰૧૦ દંડક | જ્યોતિષ્ક, વૈમાનિક દેવમાં | અનંત | × / અસંખ્યાત | અનંત |
| | ઔદા૰ ૧૦ દંડક | ઔદારિક ૧૦ દંડકમાં | અનંત | × / ૧, ૨, ૩ | અનંત |
| મારણાંતિક સમુદ્‌ઘાત | ૨૪ દંડકના જીવને | ૨૪ દંડકમાં | અનંત | × / ૧, ૨, ૩ | અનંત |
| વૈક્રિય સમુદ્‌ઘાત | નારકીને | નારકીપણે | અનંત | × / ૧, ૨, ૩ | અનંત |
| | નારકીને | ભવનપતિ, વ્યંતરમાં | અનંત | × / સંખ્યાત | અનંત |
| | નારકીને | જ્યોતિષ્ક, વૈમાનિક દેવમાં | અનંત | × / અસંખ્યાત | અનંત |
| | નારકીને | વાયુ, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યમાં | અનંત | × / ૧, ૨, ૩ | અનંત |

| સમુદ્ઘાત | જીવ પ્રકાર | દંડકમાં | ભૂતકાલીન સમુદ્ઘાત | ભવિષ્યકાલીન | |
|---|---|---|---|---|---|
| | | | | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| | ૨૩ દંડકના જીવોને | વૈક્રિયના ૧૭ સ્થાનમાંથી સ્વસ્થાનમાં | અનંત | × / ૧, ૨, ૩ | અનંત |
| | ૨૩ દંડકના જીવોને | પરસ્થાનમાં–નારકી અને ભવનપતિ, વ્યંતરમાં | અનંત | × / સંખ્યાતા | અનંત |
| | ૨૩ દંડકના જીવોને | પરસ્થાનમાં–જ્યોતિષ્ક, વૈમાનિક દેવમાં | અનંત | × / અસંખ્યાતા | અનંત |
| | ૨૩ દંડકના જીવોને | પરસ્થાનમાં–ઔદારિકના ત્રણ દંડકમાં | અનંત | × / ૧, ૨, ૩ | અનંત |
| તૈજસ સમુદ્ઘાત | ૨૪ દંડકના જીવોને | ૧૩ દેવતા, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યમાં | અનંત | × / ૧, ૨, ૩ | અનંત |
| આહારક સમુદ્ઘાત | ૨૩ દંડકના જીવોને | ૨૩ દંડકમાં | × | × | × |
| | ૨૩ દંડકના જીવોને | મનુષ્યમાં | ×/૧,૨,૩ | × / ૧, ૨, ૩, ૪ | |
| | મનુષ્ય | મનુષ્યમાં | ×/૧,૨,૩,૪ | × / ૧, ૨, ૩, ૪ | |
| કેવળી સમુદ્ઘાત | ૨૪ દંડકના જીવોને | ૨૩ દંડકમાં | × | × | |
| | ૨૩ દંડકના જીવોને | મનુષ્યમાં | × | × / ૧ | |
| | મનુષ્યને | મનુષ્યમાં | × / ૧ | × / ૧ | |

**અનેક જીવોના એક જીવ સાથે થતા ભૂત–ભવિષ્યકાલીન સમુદ્ઘાત :–**

**૩૬ णेरइयाणं भंते ! णेरइयत्ते केवइया वेयणासमुग्घाया अतीता ?**

**गोयमा ! अणंता । केवइया पुरेक्खडा ? गोयमा ! अणंता । एवं** *जाव* **वेमाणियत्ते । एवं सव्वजीवाणं भाणियव्वं** *जाव* **वेमाणियाणं वेमाणियत्ते । एवं** *जाव* **तेयगसमुग्घाओ । णवरं– उववज्जिऊण णेयव्वं जस्स अत्थि वेउव्विय-तेयगा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકોને નૈરયિકપણે ભૂતકાલીન કેટલા વેદના સમુદ્ઘાત થયા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત થયા છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકોને નૈરયિકપણે ભવિષ્યકાલીન કેટલા વેદના સમુદ્ઘાત થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ભવિષ્યકાલમાં અનંત થાય છે. આ જ રીતે ***યાવત્*** વૈમાનિકપણે પણ ભૂત અને ભવિષ્યકાલીન અનંત વેદના સમુદ્ઘાત થાય છે. આ જ રીતે સર્વ જીવોના ***યાવત્*** વૈમાનિકોના વૈમાનિકપણે ભૂત-ભવિષ્યકાલીન અનંત વેદના સમુદ્ઘાત થાય છે. આ રીતે તૈજસ સમુદ્ઘાત સુધી કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે જે જીવોમાં વૈક્રિય અને તૈજસ સમુદ્ઘાત હોય, તેનું જ કથન કરવું જોઈએ.

**૩૭ णेरइयाणं भंते ! णेरइयत्ते केवइया आहारगसमुग्घाया अतीता ? गोयमा! णत्थि । केवइया पुरेक्खडा ? गोयमा ! णत्थि । एवं** *जाव* **वेमाणियत्ते । णवरं–**

**मणूसत्ते अतीता असंखेज्जा, पुरेक्खडा असंखेज्जा ।**

**एवं** *जाव* **वेमाणियाणं, णवरं–वणस्सइकाइयाणं मणूसत्ते अतीता अणंता, पुरेक्खडा अणंता । मणूसाणं मणूसत्ते अतीता सिय संखेज्जा सिय असंखेज्जा, एवं पुरेक्खडा वि । सेसा सव्वे जहा णेरइया । एवं एए चउवीसं चउवीसा दंडगा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકોને નૈરયિકપણે ભૂતકાલીન કેટલા આહારક સમુદ્ઘાત થયા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક પણ થયા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકોને નૈરયિક પણે ભવિષ્યકાલીન કેટલા આહારક સમુદ્ઘાત થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! થશે નહીં. આ જ રીતે અનેક નૈરયિકોને ***યાવત્*** વૈમાનિકપણામાં આહારક સમુદ્ઘાત થતા નથી પરંતુ અનેક નૈરિયકોને મનુષ્યપણે ભૂતકાલીન અને ભવિષ્યકાલીન અસંખ્યાત-અસંખ્યાત આહારક સમુદ્ઘાત કહેવા જોઈએ.

આ જ રીતે ***યાવત્*** વૈમાનિકો સુધીના સર્વ દંડકના જીવોનું કથન કરવું જોઈએ. તેમાં વિશેષતા એ છે કે વનસ્પતિકાયિકોને મનુષ્યપણામાં ભૂતકાલીન-ભવિષ્યકાલીન અનંત-અનંત આહારક સમુદ્ઘાત કહેવા જોઈએ. મનુષ્યોને મનુષ્યપણામાં ભૂત-ભવિષ્યકાલીન આહારક સમુદ્ઘાત કદાચિત્ સંખ્યાતા અને કદાચિત્ અસંખ્યાત થાય છે. શેષ સર્વ વર્ણન નૈરયિકોની સમાન સમજી લેવું જોઈએ. આ રીતે ચોવીસ દંડકોમાં ચોવીસ આલાપક થાય છે.

**૩૮ णेरइयाणं भंते ! णेरइयत्ते केवइया केवलिसमुग्घाया अतीता ?**

**गोयमा ! णत्थि । केवइया पुरेक्खडा ? गोयमा ! णत्थि । एवं** *जाव* **वेमाणियत्ते, णवरं– मणूसत्ते अतीता णत्थि, पुरेक्खडा असंखेज्जा ।**

**एवं** *जाव* **वेमाणिया, णवरं– वणस्सइकाइयाणं मणूसत्ते अतीता णत्थि, पुरेक्खडा अणंता । मणूसाणं मणूसत्ते अतीता सिय अत्थि सिय णत्थि । जइ अत्थि जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं सयपुहुत्तं ।**

**केवइया पुरेक्खडा ? गोयमा ! सिय संखेज्जा सिय असंखेज्जा । एवं एए चउवीसं चउवीसा दंडगा सव्वे पुच्छाए भाणियव्वा** *जाव* **वेमाणियाणं वेमाणियत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકોને નારકીપણે ભૂતકાલમાં કેટલા કેવલી સમુદ્ઘાત થયા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! થયા નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકોને નારકીપણે ભવિષ્યકાલીન કેટલા કેવળી સમુદ્ઘાત થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! થતા નથી.

આ રીતે વૈમાનિક પર્યંત કહેવું જોઈએ. વિશેષતા એ છે કે નૈરયિકને મનુષ્યપણે ભૂતકાલીન કેવલી સમુદ્ઘાત થયા નથી, પરંતુ ભવિષ્યકાલીન અસંખ્યાત કેવલી સમુદ્ઘાત થશે.

આ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ, વિશેષતા એ છે કે વનસ્પતિકાયિકોના મનુષ્યપણે ભૂતકાલીન કેવળી સમુદ્ઘાત થયા નથી, ભવિષ્યકાલીન કેવળી સમુદ્ઘાત અનંત થશે. મનુષ્યોને મનુષ્યપણે કેવળી સમુદ્ઘાત કદાચિત્ થશે, કદાચિત્ થશે નહીં. જ્યારે થશે, ત્યારે જઘન્ય એક, બે, કે ત્રણ અને ઉત્કૃષ્ટ અનેક સો થશે. **પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક મનુષ્યોને મનુષ્યપણે ભવિષ્યકાલીન કેટલા કેવળી સમુદ્ઘાત થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ સંખ્યાતા અને કદાચિત્ અસંખ્યાતા થશે.

આ રીતે આ ચોવીસ દંડકોના ચોવીસ આલાપકો થાય છે ***યાવત્*** વૈમાનિકોને વૈમાનિકપણામાં કેવળી સમુદ્‌ઘાતનું કથન કરવું જોઈએ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં બહુવચનની અપેક્ષાએ ૨૪ દંડકના જીવોમાં ભૂત-ભવિષ્યકાલીન સાતે ય સમુદ્‌ઘાતની પ્રરૂપણા કરવામાં આવી છે.

**(૧) વેદનાદિ પાંચ સમુદ્‌ઘાતો :–** નારકી આદિ ચોવીસે દંડકના સ્વસ્થાન અને પરસ્થાનમાં અતીત-અનાગતકાલીન વેદના આદિ પ્રથમના પાંચ સમુદ્‌ઘાતો અનંત હોય છે, કારણ કે ચોવીસે દંડકના જીવો ભૂતકાળમાં અનંતકાળથી છે અને ભવિષ્યમાં અનંતકાળ સુધી રહેશે. પ્રત્યેક દંડકના અનેક જીવો અનંતવાર તે-તે દંડકોમાં ભૂતકાળમાં ઉત્પન્ન થયા છે અને ભવિષ્યકાલ પણ અનંત છે તેથી અનેક જીવો અનંતવાર તે-તે દંડકોમાં ઉત્પન્ન થશે, તેથી ૨૪ દંડકના જીવોને સ્વસ્થાન અને પરસ્થાનમાં પાંચે ય સમુદ્‌ઘાતો અનંત-અનંત થાય છે, પરંતુ જે જીવોમાં જે સમુદ્‌ઘાત હોય તે-તે જીવોમાં તે-તે સમુદ્‌ઘાતનું કથન કરવું જોઈએ. **વૈક્રિય સમુદ્‌ઘાત** વાયુકાયને છોડીને ચાર સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય તે સાત દંડકમાં નથી. શેષ ૧૭ દંડકના જીવોમાં વૈક્રિય સમુદ્‌ઘાત હોય છે, તેથી ૨૪ દંડકના જીવોના ૧૭ દંડકના જીવપણે ભૂત-ભવિષ્યકાલીન અનંત વૈક્રિય સમુદ્‌ઘાત થાય છે.

**તૈજસ સમુદ્‌ઘાત–** નારકી, પાંચ સ્થાવર અને ત્રણ વિકેલેન્દ્રિય, આ નવ દંડકમાં નથી. શેષ ૧૫ દંડકના જીવોમાં તૈજસ સમુદ્‌ઘાત હોય છે, તેથી ૨૪ દંડકના જીવોને ૧૫ દંડકના જીવપણે ભૂત-ભવિષ્યકાલીન અનંત તૈજસ સમુદ્‌ઘાત થાય છે.

**આહારક સમુદ્‌ઘાત :–** ચૌદ પૂર્વધારી મનુષ્યોને જ આહારક લબ્ધિ પ્રગટ થાય છે અને આહારક લબ્ધિવાન મનુષ્યો જ આહારક સમુદ્‌ઘાત કરી શકે છે, તેથી સર્વ જીવોને ૨૩ દંડકના જીવપણે આહારક સમુદ્‌ઘાતનો અભાવ હોય છે. આહારક સમુદ્‌ઘાત કર્યા પછી જીવ કોઈ પણ ગતિમાં જન્મ ધારણ કરી શકે છે તેથી ૨૪ દંડકમાં ભૂત-ભવિષ્યકાલીન આહારક સમુદ્‌ઘાત સંભવિત છે.

અનેક જીવોની અપેક્ષાએ જે-જે દંડકોમાં જેટલી જીવસંખ્યા હોય તેટલા ભૂત-ભવિષ્યકાલીન આહારક સમુદ્‌ઘાત હોય છે. વનસ્પતિ અને મનુષ્ય આ બે દંડકને છોડીને શેષ બાવીસ દંડકના અસંખ્યાતા જીવો હોય છે. તેમાંથી અસંખ્યાતા જીવો એવા છે કે જેણે પૂર્વ ભવમાં મનુષ્યપણામાં આહારક શરીર એક, બે કે ત્રણ વાર બનાવ્યું હોય અને અસંખ્યાતા જીવો એવા પણ છે કે જે ભવિષ્યમાં મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી આહારક સમુદ્‌ઘાત કરશે, તેથી **બાવીસ દંડકના** જીવોને મનુષ્યપણામાં ભૂત-ભવિષ્યકાલીન અસંખ્યાત-અસંખ્યાત આહારક સમુદ્‌ઘાત થાય છે. **વનસ્પતિકાયિક** અનંત જીવો હોવાથી વનસ્પતિકાયને મનુષ્યપણામાં ભૂત-ભવિષ્યકાલીન અનંત અનંત આહારક સમુદ્‌ઘાત થાય છે.

ચૌદ પૂર્વનું જ્ઞાન, આહારક લબ્ધિ આદિ પ્રાપ્ત કરીને તેનાથી પતિત થઈને જીવો વનસ્પતિકાયમાં જાય છે, તેથી જ વનસ્પતિકાયને મનુષ્યપણામાં ભૂતકાલીન અનંત આહારક સમુદ્‌ઘાત થયા છે અને વનસ્પતિકાયના અનંતાનંત જીવોમાંથી ભવિષ્યકાલમાં અનંતા જીવો મનુષ્ય જન્મ પામીને ચૌદ પૂર્વનું જ્ઞાન, આહારક લબ્ધિ પ્રાપ્ત કરીને આહારક સમુદ્‌ઘાત પ્રાપ્ત કરશે, તેથી વનસ્પતિકાયના મનુષ્યપણામાં ભવિષ્યકાલીન આહારક સમુદ્‌ઘાત પણ અનંત થશે.

મનુષ્યના મનુષ્યપણામાં અતીત અને અનાગત આહારક સમુદ્‌ઘાત સંખ્યાતા અથવા અસંખ્યાતા

થાય છે, જ્યારે સંમૂર્ચ્છિમ મનુષ્યોનો વિરહકાળ હોય તો ગર્ભજ મનુષ્યો સંખ્યાત જ હોવાથી સંખ્યાતા આહારક સમુદ્‌ઘાત હોય છે અને જ્યારે સંમૂર્ચ્છિમ મનુષ્યનો વિરહકાળ ન હોય ત્યારે ભૂત-ભવિષ્યકાલીન અસંખ્ય આહારક સમુદ્‌ઘાત હોય છે, કારણ કે સંમૂર્ચ્છિમ મનુષ્યો અસંખ્યાતા હોય છે. સંમૂર્ચ્છિમ મનુષ્યમાંથી અસંખ્યાત જીવો અને ગર્ભજ મનુષ્યોમાંથી સંખ્યાતા જીવો એવા હોય છે કે જેઓએ અતીત-અનાગત કાળે આહારક સમુદ્‌ઘાત કર્યા હતા અથવા કરશે, તેથી મનુષ્યના મનુષ્યપણામાં ભૂત-ભવિષ્યકાલીન સંખ્યાત અથવા અસંખ્યાત આહારક સમુદ્‌ઘાત થાય છે. સંક્ષેપમાં જે દંડકોમાં જેટલા સંખ્યાત, અસંખ્યાત કે અનંત જીવો હોય છે તેમાં તેટલા ભૂત-ભવિષ્યકાલીન આહારક સમુદ્‌ઘાત મનુષ્યપણામાં હોય છે.

**કેવળી સમુદ્‌ઘાત :–** કેવળી ભગવંતોને આયુષ્ય પૂર્ણ થવાના અંતર્મુહૂર્ત પહેલા જ કેવળી સમુદ્‌ઘાત હોય છે. અંતર્મુહૂર્ત પછી તેઓ મોક્ષે જાય છે. કેવળી સમુદ્‌ઘાત પછી અન્ય ગતિઓમાં ગમન સંભવતું નથી, તેથી મનુષ્ય સિવાયના ત્રેવીસ દંડકના જીવોને ૨૪ દંડકપણે ભૂતકાલીન કેવળી સમુદ્‌ઘાત નથી.

મનુષ્યોના મનુષ્યપણામાં ભૂતકાલીન કેવલી સમુદ્‌ઘાત પૃચ્છા સમયે કદાચિત્ હોય છે, કદાચિત્ હોતા નથી. જે જીવોએ કેવલી સમુદ્‌ઘાત કર્યા હતા તે સર્વ જીવો સિદ્ધ થઈ ગયા હોય અને બીજા કોઈ મનુષ્યો કેવળી સમુદ્‌ઘાત અવસ્થામાં ન હોય ત્યારે ભૂતકાલીન કેવલી સમુદ્‌ઘાત હોતા નથી. જ્યારે હોય, ત્યારે જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ અનેક સો હોય છે. પૃચ્છા સમયે કેવળી સમુદ્‌ઘાત કરનારા મનુષ્યો તેનાથી અધિક હોતા નથી.

**અનાગત કેવળી સમુદ્‌ઘાત :–** ૨૪ દંડકના જીવો ભવિષ્યમાં મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને કેવળી સમુદ્‌ઘાત કરી શકે છે, તેથી જે દંડકના જેટલા જીવો છે તેટલા ભવિષ્યકાલીન કેવળી સમુદ્‌ઘાત થાય છે.

વનસ્પતિ અને મનુષ્યને છોડીને શેષ ૨૨ દંડકના જીવોને મનુષ્યપણે ભવિષ્યકાલીન અસંખ્યાત કેવલી સમુદ્‌ઘાત, વનસ્પતિને મનુષ્યપણે ભવિષ્યકાલીન અનંત કેવલી સમુદ્‌ઘાત, મનુષ્યોને મનુષ્યોમાં સંખ્યાતા અથવા અસંખ્યાતા કેવલી સમુદ્‌ઘાત થાય છે.

**બહુવચન અપેક્ષાએ ૨૪ દંડકના ૨૪ દંડકપણે ભૂત-ભવિષ્યકાલીન સમુદ્‌ઘાતો :–**

| સમુદ્‌ઘાત | દંડકના | દંડકપણે | અતીતકાળમાં | અનાગતકાળમાં |
|---|---|---|---|---|
| પાંચ સમુદ્‌ઘાત | ૨૪ દંડકના | ૨૪ દંડકપણે | અનંત | અનંત |
| આહારક | ૨૪ દંડકના | ૨૩ દંડકપણે | × | × |
| આહારક | ૨૨ દંડકના | મનુષ્યપણે | અસંખ્યાતા | અસંખ્યાતા |
| આહારક | વનસ્પતિના | મનુષ્યપણે | અનંતા | અનંતા |
| આહારક | મનુષ્યના | મનુષ્યપણે | જઘન્ય સંખ્યાતા<br>ઉત્કૃષ્ટ અસંખ્યાતા | જઘન્ય સંખ્યાતા<br>ઉત્કૃષ્ટ અસંખ્યાતા |
| કેવળી | ૨૪ દંડકના | ૨૩ દંડકપણે | × | × |
| કેવળી | ૨૨ દંડકના | મનુષ્યપણે | × | અસંખ્યાત |
| કેવળી | વનસ્પતિના | મનુષ્યપણે | × | અનંતા |
| કેવળી | મનુષ્યના | મનુષ્યપણે | જઘન્ય ×/૧–૨–૩<br>ઉત્કૃષ્ટ અનેક સો | જઘન્ય સંખ્યાતા<br>ઉત્કૃષ્ટ અસંખ્યાતા |

**સમુદ્‌ઘાતથી-સમવહત-અસમવહત જીવાદિનું અલ્પબહુત્વ :–**

**૩૯ एएसि णं भंते ! जीवाणं वेयणासमुग्घाएणं कसायसमुग्घाएणं मारणंतिय-समुग्घाएणं वेउव्वियसमुग्घाएणं तेयगसमुग्घाएणं आहारसमुग्घाएणं केवलिसमुग्घाएणं समोहयाणं असमोहयाणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा आहारगसमुग्घाएणं समोहया, केवलिसमुग्घाएणं समोहया संखेज्जगुणा, तेयगसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, वेउव्वियसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, मारणंतियसमुग्घाएणं समोहया अणंतगुणा, कसायसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, वेयणासमुग्घाएणं समोहया विसेसाहिया, असमोहया संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદના સમુદ્‌ઘાતથી, કષાય સમુદ્‌ઘાતથી, મારણાંતિક સમુદ્‌ઘાતથી, વૈક્રિય સમુદ્‌ઘાતથી, તૈજસ સમુદ્‌ઘાતથી, આહારક સમુદ્‌ઘાતથી અને કેવળી સમુદ્‌ઘાતથી સમવહત અને અસમવહત(સર્વ સમુદ્‌ઘાતથી રહિત) જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા આહારક સમુદ્‌ઘાતથી સમવહત જીવો છે, (૨) તેનાથી કેવળી સમુદ્‌ઘાતથી સમવહત જીવો સંખ્યાત ગુણા છે, (૩) તેનાથી તૈજસ સમુદ્‌ઘાતથી સમવહત જીવો અસંખ્યાત ગુણા છે, (૪) તેનાથી વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત જીવો અસંખ્યાત ગુણા છે, (૫) તેનાથી મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત જીવો અનંતગુણા છે. (૬) તેનાથી કષાય સમુદ્‌ઘાતથી સમવહત જીવો અસંખ્યાતગુણા છે, (૭) તેનાથી વેદના સમુદ્‌ઘાતથી સમવહત જીવો વિશેષાધિક છે અને (૮) તેનાથી અસમવહત–સમુદ્‌ઘાત રહિત જીવો સંખ્યાતગુણા છે.

**૪૦ एएसि णं भंते ! णेरइयाणं वेयणासमुग्घाएणं कसायसमुग्घाएणं मारणंतिय-समुग्घाएणं वेउव्वियसमुग्घाएणं समोहयाणं असमोहयाणं य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा णेरइया मारणंतियसमुग्घाएणं समोहया, वेउव्विय-समुग्घाएणं समोहया असंखेज्जगुणा, कसायसमुग्घाएणं समोहया संखेज्जगुणा, वेयणासमुग्घाएणं समोहया संखेज्जगुणा, असमोहया संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદના સમુદ્‌ઘાતથી, કષાય સમુદ્‌ઘાતથી, મારણાંતિક સમુદ્‌ઘાતથી અને વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત અને અસમવહત નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત નૈરયિકો છે, (૨) તેનાથી વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત નૈરયિકો અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી કષાય સમુદ્‌ઘાતથી સમવહત

નૈરયિકો સંખ્યાતગુણા છે, (૪) તેનાથી વેદના સમુદ્ઘાતથી સમવહત નૈરયિકો સંખ્યાતગુણા છે, (૫) તેનાથી અસમવહત નૈરયિકો સંખ્યાતગુણા છે.

**૪૧ एएसि णं भंते ! असुरकुमाराणं वेयणासमुग्घाएणं कसायसमुग्घाएणं मारणंतियसमुग्घाएणं वेउव्वियसमुग्घाएणं तेयगसमुग्घाएणं समोहयाणं असमोहयाणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा असुरकुमारा तेयगसमुग्घाएणं समोहया, मारणंतियसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, वेयणासमुग्घाएणं समोहया असंखेज्जगुणा, कसायसमुग्घाएणं समोहया संखेज्जगुणा, वेउव्वियसमुग्घाएणं समोहया संखेज्जगुणा, असमोहया असंखेज्जगुणा । एवं** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદના સમુદ્ઘાતથી, કષાય સમુદ્ઘાતથી, મારણાંતિક સમુદ્ઘાતથી, વૈક્રિય સમુદ્ઘાતથી, તૈજસ સમુદ્ઘાતથી સમવહત અને અસમવહત અસુરકુમારોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા તૈજસ સમુદ્ઘાતથી સમવહત અસુરકુમારો છે, (૨) તેનાથી મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત અસુરકુમારો અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી વેદના સમુદ્ઘાતથી સમવહત અસુરકુમારો અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી કષાય સમુદ્ઘાતથી સમવહત અસુરકુમારો સંખ્યાતગુણા છે, (૫) તેનાથી વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત અસુરકુમારો સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અસમવહત અસુરકુમારો અસંખ્યાતગુણા અધિક છે. આ જ રીતે સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.

**૪૨ एएसि णं भंते ! पुढविक्काइयाणं वेयणासमुग्घाएणं कसायसमुग्घाएणं मारणंतियसमुग्घाएणं समोहयाणं असमोहयाणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेयाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा पुढविक्काइया मारणंतियसमुग्घाएणं समोहया, कसायसमुग्घाएणं समोहया संखेज्जगुणा, वेयणासमुग्घाएणं समोहया विसेसाहिया, असमोहया असंखेज्जगुणा ।**

**एवं** *जाव* **वणस्सइकाइया, णवरं– सव्वत्थोवा वाउक्काइया वेउव्वियसमुग्घाएणं समोहया, मारणंतियसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, कसायसमुग्घाएणं समोहया संखेज्जगुणा, वेयणासमुग्घाएणं समोहया विसेसाहिया, असमोहया असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદના સમુદ્ઘાતથી, કષાય સમુદ્ઘાતથી અને મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત તથા અસમવહત પૃથ્વીકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત પૃથ્વીકાયિકો છે,

(૨) તેનાથી કષાય સમુદ્ઘાતથી સમવહત પૃથ્વીકાયિકો સંખ્યાતગુણા છે, (૩) તેનાથી વેદના સમુદ્ઘાતથી સમવહત પૃથ્વીકાયિકો વિશેષાધિક છે અને (૪) તેનાથી અસમવહત પૃથ્વીકાયિકો અસંખ્યાતગુણા છે.

આ જ રીતે અપ્કાયિકોથી લઈને વનસ્પતિકાયિકો સુધી જાણવું જોઈએ. વિશેષતા એ છે કે વાયુકાયિકોમાં (૧) સર્વથી થોડા વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત જીવો છે, (૨) તેનાથી મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી કષાય સમુદ્ઘાતથી સમવહત વાયુકાયિકો સંખ્યાતગુણા છે. (૪) તેનાથી વેદના સમુદ્ઘાતથી સમવહત વાયુકાયિકો વિશેષાધિક છે અને (૫) તેનાથી અસમવહત વાયુકાયિક જીવો અસંખ્યાતગુણા અધિક છે.

**૪૩ बेइंदियाणं भंते ! वेयणासमुग्घाएणं कसायसमुग्घाएणं मारणंतियसमुग्घाएणं समोहयाणं असमोहयाणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा बेइंदिया मारणंतियसमुग्घाएणं समोहया, वेयणासमुग्घाएणं समोहया असंखेज्जगुणा, कसायसमुग्घाएणं समोहया संखेज्जगुणा, असमोहया संखेज्जगुणा । एवं *जाव* चउरिंदिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદના સમુદ્ઘાતથી, કષાય સમુદ્ઘાતથી તથા મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત અને અસમવહત બેઈન્દ્રિય જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત બેઈન્દ્રિય જીવો છે, (૨) તેનાથી વેદના સમુદ્ઘાતથી સમવહત બેઈન્દ્રિય જીવો અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી કષાય સમુદ્ઘાતથી સમવહત બેઈન્દ્રિય જીવો સંખ્યાતગુણા છે અને (૪) તેનાથી અસમવહત બેઈન્દ્રિય જીવો સંખ્યાતગુણા અધિક છે. આ જ રીતે તેઈન્દ્રિય અને ચોરેન્દ્રિય જીવો સુધીનું સમુદ્ઘાતની અપેક્ષાએ અલ્પબહુત્વ જાણવું જોઈએ.

**૪૪ पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! वेयणासमुग्घाएणं कसायसमुग्घाएणं मारणंतियसमुग्घाएणं वेउव्वियसमुग्घाएणं तेयासमुग्घाएणं समोहयाणं असमोहयाणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा पंचेंदियतिरिक्खजोणिया तेयासमुग्घाएण समोहया, वेउव्वियसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, मारणंतियसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, वेयणासमुग्घाएणं समोहया असंखेज्जगुणा, कसायसमुग्घाएणं समोहया संखेज्जगुणा, असमोहया संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદનાસ મુદ્ઘાતથી, કષાય સમુદ્ઘાતથી, મારણાંતિક સમુદ્ઘાતથી, વૈક્રિય સમુદ્ઘાતથી, તૈજસ સમુદ્ઘાતથી સમવહત તથા અસમવહત પંચેંદ્રિય તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા તૈજસ સમુદ્ઘાતથી સમવહત પંચેંદ્રિય તિર્યંચો છે,

(૨) તેનાથી વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત પંચેંદ્રિય તિર્યંચો અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત પંચેંદ્રિય તિર્યંચો અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી વેદના સમુદ્‌ઘાતથી સમવહત પંચેંદ્રિય તિર્યંચો અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી કષાય સમુદ્‌ઘાતથી સમવહત પંચેંદ્રિયતિર્યંચો સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અસમવહત પંચેંદ્રિય તિર્યંચો સંખ્યાતગુણા અધિક છે.

**૪૫ मणुस्साणं भंते ! वेयणासमुग्घाएणं कसायसमुग्घाएणं मारणंतियसमुग्घाएणं वेउव्वियसमुग्घाएणं तेयासमुग्घाएणं आहारगसमुग्घाएणं केवलि-समुग्घाएणं समोहयाणं असमोहयाणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा मणूसा आहारगसमुग्घाएणं समोहया, केवलिसमुग्घाएणं समोहया संखेज्जगुणा, तेयगसमुग्घाएणं समोहया संखेज्जगुणा, वेउव्वियसमुग्घाएणं समोहया संखेज्जगुणा, मारणंतियसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, वेयणासमुग्घाएणं समोहया असंखेज्जगुणा, कसायसमुग्घाएणं समोहया संखेज्जगुणा, असमोहया असंखेज्जगुणा । वाणमंतर-जोइसिय-वेमाणिया जहा असुरकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદના સમુદ્‌ઘાતથી, કષાય સમુદ્‌ઘાતથી, મારણાંતિક સમુદ્‌ઘાતથી, વૈક્રિય સમુદ્‌ઘાતથી, તૈજસ સમુદ્‌ઘાતથી, આહારક સમુદ્‌ઘાતથી અને કેવળી સમુદ્‌ઘાતથી સમવહત અને અસમવહત મનુષ્યોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા આહારક સમુદ્‌ઘાતથી સમવહત મનુષ્યો છે, (૨) તેનાથી કેવળી સમુદ્‌ઘાતથી સમવહત મનુષ્યો સંખ્યાતગુણા છે, (૩) તેનાથી તૈજસ સમુદ્‌ઘાતથી સમવહત મનુષ્યો સંખ્યાતગુણા છે, (૪) તેનાથી વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત મનુષ્યો સંખ્યાતગુણા છે, (૫) તેનાથી મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત મનુષ્યો અસંખ્યાત ગુણા છે. (૬) તેનાથી વેદના સમુદ્‌ઘાતથી સમવહત મનુષ્યો અસંખ્યાતગુણા છે, (૭) તેનાથી કષાય સમુદ્‌ઘાતથી સમવહત મનુષ્યો સંખ્યાતગુણા છે અને (૮) તેનાથી અસમવહત મનુષ્યો અસંખ્યાતગુણા છે. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોનું સમુદ્‌ઘાત સંબંધી અલ્પબહુત્વ અસરુકુમારોની જેમ જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય જીવો તથા ચોવીસ દંડકોમાં સમુદ્‌ઘાતના અલ્પબહુત્વનું નિરૂપણ છે.

**समोहया–असमोहया :–** સમવહત–અસમવહત. જે જીવો સમુદ્‌ઘાતની ક્રિયા કરતા હોય તે સમવહત કહેવાય છે અને જે જીવો સમુદ્‌ઘાત રહિત હોય તે જીવો અસમવહત કહેવાય છે.

**સમુચ્ચય જીવોમાં :–** (૧) સર્વથી થોડા આહારક સમુદ્‌ઘાતવાળા છે, કારણ કે આહારક શરીરો કદાચિત્ આ લોકમાં છ માસ સુધી હોતા નથી. જ્યારે હોય છે ત્યારે જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ અનેક હજાર હોય છે. આહારક સમુદ્‌ઘાત આહારક શરીરના પ્રારંભકાળે હોય છે, બાકીના કાળે હોતા નથી. આહારક સમુદ્‌ઘાત કરનારા જીવો આહારક શરીરી જીવોથી સંખ્યાતમા ભાગ પ્રમાણ જ હોય છે. આહારક શરીરી જીવો અનેક હજાર હોય છે તો આહારક સમુદ્‌ઘાત કરનારા જીવો તેનો સંખ્યાતમો ભાગ અર્થાત્ અનેક સો

જ હોય છે, તેથી પૃચ્છા સમયે સર્વથી થોડા આહારક સમુદ્ઘાતવાળા છે. (૨) તેનાથી કેવળી સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે કારણ કે કેવળી સમુદ્ઘાત કરનારા કેવળી ભગવંતોની અનેક સોની સંખ્યા વધુ હોય છે, તેથી તે પૂર્વના બોલથી સંખ્યાતગુણા થાય છે. (૩) તેનાથી તૈજસ સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે કારણ કે પંચેંદ્રિય તિર્યંચો, મનુષ્યો અને દેવોને તેજોલબ્ધિ હોય છે તેથી તેની સંખ્યા વધી જાય છે. (૪) તેનાથી વૈક્રિય સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે કારણ કે દેવો, મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય, નારકી અને વાયુકાયિક જીવોમાં વૈક્રિયલબ્ધિ હોય છે. વૈક્રિયલબ્ધિવાળા વાયુકાયિકો જ દેવો કરતાં અસંખ્યાતગુણા છે, તેથી તૈજસ સમુદ્ઘાત કરતાં વૈક્રિય સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા થાય છે, (૫) તેનાથી મારણાંતિક સમુદ્ઘાતવાળા અનંતગુણા છે કારણ કે અનંતા નિગોદનો અસંખ્યાતમો ભાગ હંમેશાં વિગ્રહગતિમાં હોય છે અને તેઓ મારણાંતિક સમુદ્ઘાતવાળા હોય છે (૬) તેનાથી કષાય સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે, કારણ કે વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા અનંત નિગોદના જીવો કરતાં અસંખ્યાતગુણા નિગોદના જીવો કષાય સમુદ્ઘાતવાળા હંમેશાં ઉપલબ્ધ થાય છે. (૭) તેનાથી પણ વેદના સમુદ્ઘાતવાળા વિશેષાધિક હોય છે, કારણ કે અનંતનિગોદ જીવો સદૈવ વેદના સમુદ્ઘાતવાળા હોય છે, તેથી તે જીવો કંઈક વિશેષ અધિક છે અને (૮) તેનાથી પણ સમુદ્ઘાત રહિત અસમવહત જીવો સંખ્યાતગુણા છે, કારણ કે વેદના, કષાય અને મારણાંતિક સમુદ્ઘાતવાળા જીવોથી સંખ્યાતગુણા નિગોદના જીવો હંમેશાં સમુદ્ઘાત રહિત હોય છે.

**असमोहया संखेज्जगुणा**– કેટલીક પ્રતોમાં અસમવહત જીવો અસંખ્યાતગુણા છે તેવો પાઠ ઉપલબ્ધ થાય છે, પરંતુ ત્રીજા પદમાં સમુદ્ઘાતવાળા જીવોથી સમુદ્ઘાત રહિત જીવો સંખ્યાતગુણા કહ્યા છે તેથી પ્રસ્તુત પ્રસંગમાં **संखेज्जगुणा** પાઠ યથોચિત સમજીને, તેનો સ્વીકાર કર્યો છે.

**સમુચ્ચય જીવોમાં સમુદ્ઘાતોનું અલ્પબહુત્વ :–**

| | **સમુદ્ઘાત** | **પ્રમાણ** | **કારણ** |
|---|---|---|---|
| ૧ | આહારક સમુદ્ઘાત | સર્વથી થોડા | આહારક લબ્ધિ પ્રયોગના પ્રારંભકાલે જ હોવાથી એક સાથે અનેક સો હોય છે. |
| ૨ | કેવળી સમુદ્ઘાત | સંખ્યાતગુણા | એક સાથે અનેક સો હોય તે આહારકથી વધુ હોય. |
| ૩ | તૈજસ સમુદ્ઘાત | અસંખ્યાતગુણા | અસંખ્યાત દેવો, મનુષ્યો, તિર્યંચ પંચેન્દ્રિયને તેજોલબ્ધિ હોવાથી અસંખ્યાતગુણા થાય છે. |
| ૪ | વૈક્રિય સમુદ્ઘાત | અસંખ્યાતગુણા | નારકીઓ અને વાયુકાયિક જીવો વધુ હોય છે. તેજોલબ્ધિનો પ્રયોગ કરનાર દેવોથી વૈક્રિય લબ્ધિનો પ્રયોગ કરનાર દેવો ઘણા હોય છે. |
| ૫ | મારણાંતિક સમુદ્ઘાત | અનંતગુણા | અનંત નિગોદનો એક અસંખ્યાતમો ભાગ વિગ્રહગતિમાં હોય છે. તે જીવોમાં કેટલાય જીવો મારણાંતિક સમુદ્ઘાતવાળા હોય છે. |
| ૬ | કષાય સમુદ્ઘાત | અસંખ્યાતગુણા | એક ભવમાં અનેકવાર થઈ શકે છે જ્યારે મારણાંતિક સમુદ્ઘાત એક ભવમાં એક જ વાર થાય છે. તેથી જીવોની સંખ્યા વધી જાય છે. |
| ૭ | વેદના સમુદ્ઘાત | વિશેષાધિક | એકેન્દ્રિયમાં કષાય કરતા વેદનાની માત્રા વધુ હોય છે. |
| ૮ | અસમવહત (સમુદ્ઘાત રહિત) | સંખ્યાતગુણા | જીવનમાં સમુદ્ઘાતોનો સમય અલ્પ હોય છે અને સમુદ્ઘાત રહિત અવસ્થાનો સમય વધુ હોય છે. |

**નૈરયિકોમાં સમુદ્ઘાત સંબંધી અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા મારણાંતિક સમુદ્ઘાતવાળા છે કારણ કે મારણાંતિક સમુદ્ઘાત મૃત્યુ સમયે જ હોય છે. મૃત્યુ પામતા નૈરયિકોની સંખ્યા જીવિત નૈરયિકોની અપેક્ષાએ ઘણી અલ્પ હોય છે. તે ઉપરાંત મૃત્યુ પામતા બધા નૈરયિકોને મારણાંતિક સમુદ્ઘાત હોતો નથી. ઘણા નૈરયિકો અસમોહિયા મરણે પણ મૃત્યુ પામે છે, તેથી મારણાંતિક સમુદ્ઘાતવાળા નૈરયિકો સર્વથી થોડા છે. (૨) તેનાથી વૈક્રિય સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે, કારણ કે સાતે નરકપૃથ્વીઓમાં પરસ્પર દુઃખ ઉત્પન્ન કરવા માટે ઘણા નૈરયિકો નિરંતર ઉત્તરવૈક્રિય કરતા રહે છે. (૩) તેનાથી પણ કષાય સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, કારણ કે વૈક્રિય સમુદ્ઘાત કરનારા અને નહીં કરનારા સંખ્યાતગુણા નૈરયિકો તીવ્ર કષાયમાં કષાય સમુદ્ઘાત કરતા હોય છે, તેમજ વૈક્રિય સમુદ્ઘાત ઉત્તરવૈક્રિયના આરંભ કાળે જ હોય છે, તેથી કષાય સમુદ્ઘાતવાળાની સંખ્યા સંખ્યાતગુણી થઈ જાય છે, (૪) તેનાથી વેદના સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, કારણ કે નરકમાં ક્ષેત્રકૃત, દેવકૃત અને પરસ્પરકૃત, આ ત્રણ પ્રકારની વેદનાનું વેદન કરતાં પ્રાયઃ ઘણા નૈરયિકો હંમેશાં વેદના સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા હોય છે અને (૫) તેનાથી પણ સમુદ્ઘાતોથી રહિત જીવો સંખ્યાતગુણા છે, કારણ કે વેદનીય, કષાય સમુદ્ઘાતોનો સમય અત્યંત અલ્પ હોય છે, તેથી અસમવહત નૈરયિકો સર્વાધિક છે.

**નૈરયિકોમાં સમુદ્ઘાતોનું અલ્પબહુત્વ :–**

| | સમુદ્ઘાત | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | મારણાંતિક સમુદ્ઘાત | સર્વથી થોડા | જીવનમાં એકવાર જ થાય છે. |
| ૨ | વૈક્રિય સમુદ્ઘાત | અસંખ્યાતગુણા | અસંખ્ય નૈરયિક પ્રસંગે–પ્રસંગે ઉત્તર વૈક્રિય કરતા જ હોય છે. |
| ૩ | કષાય સમુદ્ઘાત | સંખ્યાતગુણા | નારકીઓમાં ક્રોધ કષાય અવસ્થા વધુ હોય છે. તેઓ પરસ્પર કલહ કરતા રહે છે. |
| ૪ | વેદના સમુદ્ઘાત | સંખ્યાતગુણા | નરકમાં કષાય કરતાં પણ અશાતા વેદનાની અવસ્થા વધુ સમય રહે છે. |
| ૫ | અસમવહત (સમુદ્ઘાત રહિત) | સંખ્યાતગુણા | જીવનમાં સમુદ્ઘાતોનો સમય અલ્પ હોય અને સમુદ્ઘાત રહિત અવસ્થા વધુ હોય છે. |

**દેવોમાં સમુદ્ઘાત સંબંધી અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા તૈજસ સમુદ્ઘાતવાળા છે, કારણ કે તીવ્ર કોપ સમયે ક્યારેક કોઈક દેવો જ તેજોલબ્ધિનો પ્રયોગ કરે ત્યારે તૈજસ સમુદ્ઘાત હોય છે. તેજોલબ્ધિનો પ્રયોગ કરનારા દેવોની સંખ્યા અત્યંત અલ્પ હોય છે. (૨) તેનાથી મારણાંતિક સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે કારણ કે મૃત્યુ સમયે ઘણા દેવોને મારણાંતિક સમુદ્ઘાત હોય છે, (૩) તેનાથી વેદના સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે કારણ કે મૃત્યુ પામતા દેવોથી અન્ય દેવો વધુ હોય છે અને તેમાં પરસ્પર યુદ્ધ નિમિત્તક વેદનાવાળા ઘણા દેવોને વેદના સમુદ્ઘાત થાય છે. (૪) તેનાથી પણ કષાય સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, કારણ કે દેવોમાં લોભ કષાયની બહુલતા હોય છે. તે નિમિત્તે ઘણા દેવોને કષાય સમુદ્ઘાત થાય છે (૫) તેનાથી વૈક્રિય સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, પરિચારણાદિ અનેક કારણે ઘણા દેવો ઉત્તર વૈક્રિયશરીર કરે છે. (૬) તેનાથી સમુદ્ઘાતોથી રહિત દેવો અસંખ્યાતગુણા છે, કારણ કે સમુદ્ઘાતનો સમય અલ્પ હોય છે અને અસમવહતનો સમય વધુ હોય છે, તેથી કોઈપણ પ્રકારના સમુદ્ઘાતથી રહિત દેવો હંમેશાં અધિક હોય છે.

**દેવોમાં સમુદ્ઘાતોનું અલ્પબહુત્વ :–**

| | સમુદ્ઘાત | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | તૈજસ સમુદ્ઘાત | સર્વથી થોડા | તેજોલબ્ધિનો પ્રયોગ સર્વ દેવો કરતા નથી. કોઈક દેવ, વિશેષ કારણ ઉપસ્થિત થાય, ત્યારે જ કરે છે. |
| ૨ | મારણાંતિક સમુદ્ઘાત | અસંખ્યાતગુણા | અસંખ્ય દેવો મૃત્યુ સમયે મારણાંતિક સમુદ્ઘાત કરે છે. |
| ૩ | વેદના સમુદ્ઘાત | અસંખ્યાતગુણા | મારણાંતિક સમુદ્ઘાત જીવનમાં એક જ વાર હોય છે અને વેદના સમુદ્ઘાત અસંખ્યાતકાલની સ્થિતિમાં દેવોને ઘણીવાર થાય છે. |
| ૪ | કષાય સમુદ્ઘાત | સંખ્યાતગુણા | દેવોમાં લોભ કષાયની બહુલતા છે. અસંખ્યાતકાલની સ્થિતિમાં કષાય સમુદ્ઘાત ઘણીવાર થાય છે. |
| ૫ | વૈક્રિય સમુદ્ઘાત | સંખ્યાતગુણા | દેવોને વૈક્રિય સમુદ્ઘાત પણ અસંખ્યવાર થાય છે. દેવોને માટે કષાય કરતાં વૈક્રિયના પ્રસંગો વધુ હોય છે. |
| ૬ | અસમવહત (સમુદ્ઘાત રહિત) | અસંખ્યાતગુણા | જીવનમાં સમુદ્ઘાતોનો સમય અલ્પ હોય અને સમુદ્ઘાત રહિત અવસ્થા વધુ હોય છે. |

**પૃથ્વીકાયિકાદિ ચાર એકેન્દ્રિયોમાં સમુદ્ઘાત સંબંધી અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા મારણાંતિક સમુદ્ઘાતવાળા પૃથ્વીકાયિકાદિ છે, કારણ કે મારણાંતિક સમુદ્ઘાત મૃત્યુ સમયે કેટલાક જીવોને જ થાય છે. (૨) તેનાથી કષાય સમુદ્ઘાતવાળા સંખ્યાત ગુણા છે, કારણ કે કષાયની તીવ્રતા જીવનમાં ગમે ત્યારે થાય છે. (૩) તેનાથી વેદના સમુદ્ઘાતવાળા પૃથ્વીકાયિકાદિ વિશેષાધિક છે, કારણ કે તે જીવોને કષાયની અપેક્ષાએ અશાતા વેદના અધિક હોય છે. (૪) તેનાથી સમુદ્ઘાત રહિત પૃથ્વીકાયિકાદિ અસંખ્યાતગુણા છે. દરેક દંડકમાં સમુદ્ઘાત કરનારા જીવોથી સમુદ્ઘાતરહિત જીવો અધિક હોય છે.

**ચાર સ્થાવરોમાં સમુદ્ઘાતોનું અલ્પબહુત્વ :–**

| | સમુદ્ઘાત | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | મારણાંતિક સમુદ્ઘાત | સર્વથી થોડા | મૃત્યુ સમયે કેટલાક જીવોને જ હોય છે. જીવનમાં એક જ વાર હોય છે. |
| ૨ | કષાય સમુદ્ઘાત | સંખ્યાતગુણા | એકેન્દ્રિયોને પણ જીવનમાં અવ્યક્ત કષાય દ્વારા કષાય સમુદ્ઘાત અનેકવાર થઈ શકે છે. |
| ૩ | વેદના સમુદ્ઘાત | વિશેષાધિક | એકેન્દ્રિય જીવોને અવ્યક્ત કષાય કરતાં અવ્યક્ત વેદનાનું પ્રમાણ વધુ છે. |
| ૪ | (સમુદ્ઘાત રહિત) અસમવહત | અસંખ્યાતગુણા | જીવનમાં સમુદ્ઘાતોનો સમય અલ્પ અને સમુદ્ઘાત રહિત અવસ્થા વધુ હોય છે. |

**વાયુકાયિકોમાં સમુદ્ઘાત સંબંધી અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા વૈક્રિય સમુદ્ઘાતવાળા વાયુકાયિક જીવો છે, કારણ કે વૈક્રિયલબ્ધિ બાદર વાયુકાયના પર્યાપ્તામાં અને તેમાં પણ અસંખ્યાતમા ભાગના જીવોમાં જ હોય છે અને વૈક્રિય સમુદ્ઘાત માત્ર ઉત્તરવૈક્રિયના આરંભકાળે જ હોય છે, તેથી તે જીવોની સંખ્યા અલ્પ છે. (૨) તેનાથી મારણાંતિક સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે, કારણ કે મારણાંતિક સમુદ્ઘાત સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા, અપર્યાપ્તા સર્વપ્રકારના વાયુકાયિકોમાં હોય છે. (૩) તેનાથી કષાય સમુદ્ઘાવાળા જીવો

સંખ્યાતગુણા છે. (૪) તેનાથી વેદના સમુદ્‌ઘાતવાળા વાયુકાયિક જીવો વિશેષાધિક છે અને (૫) તેનાથી અસમવહત જીવો અસંખ્યાતગુણા છે.

**વાયુકાયિકોમાં સમુદ્‌ઘાતોનું અલ્પબહુત્વ :–**

| | સમુદ્‌ઘાત | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | વૈક્રિય સમુદ્‌ઘાત | સર્વથી થોડા | બાદર વાયુકાયના પર્યાપ્તા જીવોમાંથી અસંખ્યાતમા ભાગને જ વૈક્રિયલબ્ધિ હોય છે. |
| ૨ | મારણાંતિક સમુદ્‌ઘાત | અસંખ્યાતગુણા | સૂક્ષ્મ–બાદર, પર્યાપ્તા–અપર્યાપ્તા ચારે ય ભેદોમાંથી ઘણા જીવોને મારણાંતિક સમુદ્‌ઘાત સહિત મૃત્યુની સંભાવના છે. |
| ૩ | કષાય સમુદ્‌ઘાત | સંખ્યાતગુણા | મારણાંતિક સમુદ્‌ઘાત જીવનમાં એક જ વાર હોય જ્યારે કષાય સમુદ્‌ઘાત જીવનમાં અનેકવાર થાય છે. |
| ૪ | વેદના સમુદ્‌ઘાત | વિશેષાધિક | અવ્યક્ત કષાય કરતાં અવ્યક્ત વેદના વધુ હોય છે. |
| ૫ | (સમુદ્‌ઘાત રહિત) અસમવહત | અસંખ્યાતગુણા | જીવનમાં સમુદ્‌ઘાતોનો સમય અલ્પ અને સમુદ્‌ઘાત રહિત અવસ્થા વધુ હોય છે. |

**વિકલેંદ્રિયોમાં સમુદ્‌ઘાત સંબંધી અલ્પબહુત્વ :–** (૧) સર્વથી અલ્પ મારણાંતિક સમુદ્‌ઘાતવાળા છે, કારણ કે પૃચ્છા સમયે અમુક જ બેઇન્દ્રિયાદિમાં મૃત્યુનો સંભવ છે. (૨) તેનાથી વેદના સમુદ્‌ઘાતવાળા અસંખ્યાત ગુણા છે, કારણ કે બેઇન્દ્રિયાદિ જીવોને ગરમી ઠંડી વગેરે અનેક પ્રકારની વેદના હોય છે. (૩) તેનાથી કષાય સમુદ્‌ઘાતવાળા સંખ્યાતગુણા છે. કારણ કે બેઇન્દ્રિયાદિમાં ક્રોધ કે માયા કષાયની માત્રા વધુ હોય છે. (૪) તેનાથી અસમવહત સંખ્યાતગુણા છે.

**વિકલેન્દ્રિયોમાં સમુદ્‌ઘાતોનું અલ્પબહુત્વ :–**

| | સમુદ્‌ઘાત | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | મારણાંતિક સમુદ્‌ઘાત | સર્વથી થોડા | મૃત્યુ સમયે જ કેટલાક જીવોને હોય છે. |
| ૨ | વેદના સમુદ્‌ઘાત | અસંખ્યાતગુણા | જીવનમાં અનેકવાર થઈ શકે છે. ઠંડી–ગરમી આદિમાં ઘણાં જીવો તીવ્ર વેદનાનો અનુભવ કરે છે. |
| ૩ | કષાય સમુદ્‌ઘાત | સંખ્યાતગુણા | માયા કષાયની બહુલતા હોવાથી કષાય સમુદ્‌ઘાત વધુ હોય છે. |
| ૪ | અસમવહત– (સમુદ્‌ઘાત રહિત) | સંખ્યાતગુણા | જીવનમાં સમુદ્‌ઘાતોનો સમય અલ્પ અને સમુદ્‌ઘાત રહિત અવસ્થા વધુ હોય છે. |

**પંચેંદ્રિય તિર્યંચોમાં સમુદ્‌ઘાત સંબંધી અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા તૈજસ સમુદ્‌ઘાતવાળા, તિર્યંચ પંચેન્દ્રિયો છે, કારણ કે તિર્યંચ પંચેન્દ્રિયોમાં કોઈકને જ તેજોલબ્ધિ સંભવે છે. (૨) તેનાથી વૈક્રિય સમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગુણા, કારણ કે વૈક્રિયલબ્ધિ અધિક તિર્યંચોને હોય છે. (૩) તેનાથી મારણાંતિક સમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગુણા કારણ કે વૈક્રિયલબ્ધિ સહિત અને વૈક્રિયલબ્ધિ રહિત ગર્ભજ તિર્યંચ તથા સંમૂર્ચ્છિમ જળચર, સ્થળચર અને ખેચર આદિ પ્રત્યેક જીવોમાં મારણાંતિક સમુદ્‌ઘાત સંભવે છે તેથી તે જીવો અસંખ્યાતગુણા થાય છે. (૪) તેનાથી વિકલેન્દ્રિયોની જેમ વેદના સમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગુણા છે.

(૫) તેનાથી કષાય સમુદ્‌ઘાતવાળા સંખ્યાતગુણા છે. (૬) તેનાથી સમુદ્‌ઘાત રહિત જીવો સંખ્યાતગુણા છે.

**તિર્યંચ પંચેન્દ્રિયોમાં સમુદ્‌ઘાતોનું અલ્પબહુત્વ :–**

| | સમુદ્‌ઘાત | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | તૈજસ સમુદ્‌ઘાત | સર્વથી થોડા | તેજોલબ્ધિ કોઈકને જ હોય છે. |
| ૨ | વૈક્રિય સમુદ્‌ઘાત | અસંખ્યાતગુણા | ઘણા ગર્ભજ તિર્યંચોને વૈક્રિયલબ્ધિ હોય છે. |
| ૩ | મારણાંતિક સમુદ્‌ઘાત | અસંખ્યાતગુણા | ગર્ભજ અને સંમૂર્ચ્છિમ બંને પ્રકારના તિર્યંચોમાં ઘણા જીવોને મારણાંતિક સમુદ્‌ઘાત હોય છે. |
| ૪ | વેદના સમુદ્‌ઘાત | અસંખ્યાતગુણા | મારણાંતિક સમુદ્‌ઘાત જીવનમાં એકવાર હોય જ્યારે વેદના સમુદ્‌ઘાત અનેકવાર હોય છે. |
| ૫ | કષાય સમુદ્‌ઘાત | સંખ્યાતગુણા | તિર્યંચોમાં વેદના કરતાં માયાની બહુલતા હોવાથી કષાય સમુદ્‌ઘાત વધુ હોય છે. |
| ૬ | અસમવહત (સમુદ્‌ઘાત રહિત) | સંખ્યાતગુણા | જીવનમાં સમુદ્‌ઘાતનો સમય અલ્પ અને સમુદ્‌ઘાત રહિત અવસ્થા વધુ હોય છે. |

**મનુષ્યોમાં સમુદ્‌ઘાત સંબંધી અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા આહારક સમુદ્‌ઘાતવાળા મનુષ્યો છે, કારણ કે આહારક શરીરી જીવોમાં લબ્ધિપ્રયોગના પ્રારંભમાં જ આહારક સમુદ્‌ઘાત હોય છે. તેની ઉત્કૃષ્ટ સંખ્યા બસોથી ત્રણસો હોય છે. (૨) તેનાથી કેવળી સમુદ્‌ઘાતવાળા મનુષ્યો સંખ્યાતગુણા છે તે પૃચ્છા સમયે ઉત્કૃષ્ટ છસો હોય શકે છે. (૩) તેનાથી તૈજસ સમુદ્‌ઘાતવાળા મનુષ્યો સંખ્યાતગુણા છે, કારણ કે તેજોલબ્ધિવાન મનુષ્યો લાખોની સંખ્યામાં હોય છે. (૪) તેનાથી વૈક્રિય સમુદ્‌ઘાતવાળા મનુષ્યો સંખ્યાતગુણા છે કારણ કે તેજોલબ્ધિથી વૈક્રિયલબ્ધિવાન જીવો અધિક છે, તે કરોડોની સંખ્યામાં હોય છે. (૫) તેનાથી મારણાંતિક સમુદ્‌ઘાતવાળા મનુષ્યો અસંખ્યાતગુણા છે કારણ કે ગર્ભજ અને સંમૂર્ચ્છિમ બંને પ્રકારના મનુષ્યોમાં મૃત્યુની સંભાવના છે તેથી મારણાંતિક સમુદ્‌ઘાતવાળા મનુષ્યો અસંખ્યાતગુણા છે. (૬) તેનાથી વેદના સમુદ્‌ઘાતવાળા મનુષ્યો અસંખ્યાતગુણા છે, કારણ કે મૃત્યુ પામતા જીવોની અપેક્ષાએ જીવિત જીવો અસંખ્યાતગુણા છે તેમાં વેદના સમુદ્‌ઘાતની સંભાવના છે. (૭) તેનાથી કષાય સમુદ્‌ઘાતવાળા મનુષ્યો સંખ્યાતગુણા છે, કારણે કે મનુષ્યોમાં વેદનાથી કષાયની તીવ્રતા અધિક છે. (૮) તેનાથી સમુદ્‌ઘાત રહિત મનુષ્યો અસંખ્યાતગુણા છે, કારણ કે ઘણા મનુષ્યો અલ્પકષાયી અને સમુદ્‌ઘાત રહિત છે, તેથી તે સર્વથી અધિક છે.

**સમુદ્‌ઘાતયુક્ત મનુષ્યોનું અલ્પબહુત્વ :–**

| | સમુદ્‌ઘાત | અલ્પબહુત્વ પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | આહારક સમુદ્‌ઘાત | સર્વથી થોડા | અત્યંત અલ્પ જીવોને જ આહારક લબ્ધિ હોય છે. |
| ૨ | કેવળી સમુદ્‌ઘાત | સંખ્યાતગુણા | ઉત્કૃષ્ટની અપેક્ષાએ વધુ હોય છે. |
| ૩ | તૈજસ સમુદ્‌ઘાત | સંખ્યાતગુણા | તેજો લબ્ધિવાન જીવો વધુ હોય છે. |
| ૪ | વૈક્રિય સમુદ્‌ઘાત | સંખ્યાતગુણા | સંજ્ઞી મનુષ્યોમાં વૈક્રિય સમુદ્‌ઘાત કરનારા ઘણા હોય છે અને વૈક્રિય લબ્ધિનો પ્રયોગ શાશ્વત મળે છે. |

| | સમુદ્‌ઘાત | અલ્પબહુત્વ પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૫ | મારણાંતિક સમુદ્‌ઘાત | અસંખ્યાતગુણા | ગર્ભજ અને સંમૂર્ચ્છિમ બંને પ્રકારના મનુષ્યોમાંથી ઘણા મનુષ્યોને મૃત્યુ સમયે હોય છે. |
| ૬ | વેદના સમુદ્‌ઘાત | અસંખ્યાતગુણા | જીવનમાં અનેકવાર થાય છે તેથી મારણાંતિક સમુદ્‌ઘાત કરતાં વધુ હોય છે. |
| ૭ | કષાય સમુદ્‌ઘાત | સંખ્યાતગુણા | મનુષ્યોમાં વેદના કરતાં ચારે ય કષાયની બહુલતા હોય છે. |
| ૮ | અસમવહત (સમુદ્‌ઘાત રહિત) | અસંખ્યાતગુણા | જીવનમાં સમુદ્‌ઘાતનો સમય અલ્પ અને સમુદ્‌ઘાત રહિત અવસ્થા અધિક હોય છે. |

સૂત્રગત અલ્પબહુત્વ સર્વોત્કૃષ્ટ સંખ્યાની અપેક્ષાએ છે, કારણ કે આહારક સમુદ્‌ઘાત, તૈજસ સમુદ્‌ઘાત અને કેવળી સમુદ્‌ઘાત કરનારા જીવો ક્યારેક હોય છે ક્યારેક હોતા નથી. જ્યારે હોય, ત્યારે જઘન્ય એક,બે કે ત્રણની સંખ્યામાં હોય, ક્યારેક મધ્યમ સંખ્યામાં હોય અને ક્યારેક સૂત્રકથિત ઉત્કૃષ્ટ સંખ્યામાં હોય છે. આ ત્રણે સમુદ્‌ઘાત કરનારા જીવો જ્યારે જઘન્ય કે મધ્યમ સંખ્યામાં હોય, ત્યારે ત્રણે સમુદ્‌ઘાત કરનારા જીવોમાં ક્યારેક હીન અને ક્યારેક અધિક પણ હોય શકે છે. તેથી જ સૂત્રોક્ત અલ્પબહુત્વ સર્વોત્કૃષ્ટ સંખ્યાની અપેક્ષાએ હોય, તો જ તે ક્રમશઃ સંખ્યાતગુણા થાય છે.

વેદનીય સમુદ્‌ઘાત, કષાય સમુદ્‌ઘાત અને અસમવહત સંબંધી અલ્પબહુત્વના કથનમાં સંખ્યાત કે અસંખ્યાતના પાઠમાં લિપિદોષની પણ શક્યતા રહે છે, તેથી આ ત્રણેયના અલ્પબહુત્વમાં તર્ક-વિતર્ક કરતાં શ્રદ્ધાગમ્યતાને ભાર આપવો જ હિતાવહ થાય છે. ટીકાકારે આ પદની વ્યાખ્યા કરતાં આ પ્રકારની અસંમજસતાને સ્વીકાર કરી છે અને તત્ત્વ કેવળી ગમ્ય છે, તેમ કહ્યું છે.

**કષાય સમુદ્‌ઘાત :–**

**૪૬ कइ णं भंते ! कसायसमुग्घाया पण्णत्ता ? गोयमा ! चत्तारि कसायसमुग्घाया पण्णत्ता, तं जहा– कोहसमुग्घाए, माणसमुग्घाए, मायासमुग्घाए, लोभसमुग्घाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કષાય સમુદ્‌ઘાતના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કષાય સમુદ્‌ઘાતના ચાર પ્રકાર છે, જેમ કે– (૧) ક્રોધ સમુદ્‌ઘાત (૨) માન સમુદ્‌ઘાત (૩) માયા સમુદ્‌ઘાત અને (૪) લોભ સમુદ્‌ઘાત.

**૪૭ णेरइयाणं भंते ! कइ कसायसमुग्घाया पण्णत्ता ? गोयमा ! चत्तारि कसाय- समुग्घाया पण्णत्ता । एवं *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલા કષાય સમુદ્‌ઘાત થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોને ચારે કષાય સમુદ્‌ઘાત થાય છે. આ જ રીતે વૈમાનિકો સુધીના પ્રત્યેક દંડકમાં ચાર-ચાર કષાય સમુદ્‌ઘાત જાણવા જોઈએ.

**૪૮ एगमेगस्स णं भंते ! णेरइयस्स केवइया कोहसमुग्घाया अतीता ?**

**गोयमा ! अणंता । केवइया पुरेक्खडा ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ**

**णत्थि, जस्स अत्थि जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा अणंता वा । एवं *जाव* वेमाणियस्स । एवं *जाव* लोभसमुग्घाए । एए चत्तारि दंडगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક-એક નૈરયિકના ભૂતકાલીન કેટલા ક્રોધ સમુદ્‌ઘાત થયા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનંત થયા છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! એક-એક નૈરયિકને ભવિષ્યકાલમાં કેટલા ક્રોધ સમુદ્‌ઘાત થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! કોઈને થશે, કોઈને થશે નહીં. જેને થશે, તેને જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત થશે.

આ જ રીતે વૈમાનિક સુધીના સર્વ દંડકના જીવોમાં જાણવું જોઈએ. આ જ રીતે લોભ સમુદ્‌ઘાત સુધીનું કથન કરવું જોઈએ. આ રીતે ૨૪ દંડકના પ્રત્યેક જીવોમાં ભૂત-ભવિષ્યકાલીન (૧) ક્રોધ સમુદ્‌ઘાત (૨) માન સમુદ્‌ઘાત (૩) માયા સમુદ્‌ઘાત અને (૪) લોભ સમુદ્‌ઘાત અનંતા થાય છે. આ રીતે ચાર આલાપક થાય છે.

**૪૧ णेरइयाणं भंते ! केवइया कोहसमुग्घाया अतीता ? गोयमा ! अणंता । केवइया पुरेक्खडा ? गोयमा ! अणंता । एवं *जाव* वेमाणियाणं। एवं *जाव* लोभसमुग्घाए । एए वि चत्तारि दंडगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકોના ભૂતકાલીન કેટલા ક્રોધ સમુદ્‌ઘાત થયા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનંત થયા છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેઓના ભવિષ્યકાલીન કેટલા ક્રોધ સમુદ્‌ઘાત થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે પણ અનંત થશે.

આ જ રીતે વૈમાનિકો સુધીના સર્વ દંડકના જીવોની વક્તવ્યતા જાણવી જોઈએ. આ જ રીતે લોભ સમુદ્‌ઘાત સુધી જાણવું જોઈએ. આ રીતે ૨૪ દંડકના અનેક જીવોમાં ક્રોધાદિ ચાર સમુદ્‌ઘાતના આ ચાર આલાપક થાય છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં કષાય સમુદ્‌ઘાતના ચાર પ્રકાર તથા ચોવીસ દંડકોમાં ચારે પ્રકારના કષાય સમુદ્‌ઘાતના અસ્તિત્વની પ્રરૂપણા છે અને ત્યાર પછી ચોવીસ દંડકોમાં એકવચન અને બહુવચનની અપેક્ષાએ અતીત-અનાગત કાલીન ક્રોધાદિ ચારે સમુદ્‌ઘાતોની પ્રરૂપણા કરવામાં આવી છે.

**કષાય સમુદ્‌ઘાતના ચાર પ્રકાર :–** સૂત્રકારે ક્રોધાદિ ચાર કષાયની અપેક્ષાએ કષાય સમુદ્‌ઘાતના ચાર પ્રકાર કહ્યા છે. સમસ્ત સંસારી જીવોમાં ચારે કષાયનો સદ્‌ભાવ હોવાથી ૨૪ દંડકના જીવોમાં ચારે કષાય સમુદ્‌ઘાત હોય છે. **એકવચનની અપેક્ષાએ** નૈરયિકથી લઈને વૈમાનિક સુધીના પ્રત્યેક દંડકના પ્રત્યેક જીવમાં અતીત કાલીન અનંત ક્રોધાદિ સમુદ્‌ઘાત છે તથા પ્રત્યેક જીવમાં ભાવી ક્રોધાદિ સમુદ્‌ઘાત કોઈને થશે, કોઈને થશે નહીં. જે નારકી આદિ નારકાદિ ભવના અંતિમ સમયમાં વર્તે છે અને જે કષાય સમુદ્‌ઘાત કર્યા વિના જ મૃત્યુ પામી મનુષ્યભવમાં ઉત્પન્ન થવાનો છે તેમજ કષાય-સમુદ્‌ઘાત કર્યા વિના જ સિદ્ધ થઈ જાય, તો તેને ભાવી કષાય સમુદ્‌ઘાત થશે નહીં અને જેને થાય છે તેને આગામી ભવભ્રમણ પ્રમાણે જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત અને અનંત કષાય સમુદ્‌ઘાત થશે. **બહુવચનની અપેક્ષાએ**

ચોવીસે દંડકના અનેક જીવોમાં અતીત અને અનાગત ક્રોધાદિ સમુદ્ઘાત અનંત હોય છે, કારણ કે ચોવીસ દંડકમાં જીવો અનંત ભૂતકાલથી જન્મ-મરણ કરી રહ્યા છે અને તે જીવો ભવિષ્યકાલમાં અનંત જન્મ-મરણ કરવાના છે તેથી ૨૪ દંડકના અનેક જીવોમાં ભૂત અને ભવિષ્યકાલીન ક્રોધાદિ ચારે કષાય સમુદ્ઘાતો અનંત થાય છે.

**૨૪ દંડકના એક–અનેક જીવોના ૨૪ દંડકોમાં કષાય સમુદ્ઘાત :–**

**૫૦ एगमेगस्स णं भंते ! णेरइयस्स णेरइयत्ते केवइया कोहसमुग्घाया अतीता? गोयमा ! अणंता, एवं जहा वेयणासमुग्घाओ भणिओ तहा कोहसमुग्घाओ वि भाणियव्वो णिरवसेसं** *जाव* **वेमाणियत्ते । माणसमुग्घाओ, मायासमुग्घाओ जहा मारणंतियसमुग्घाओ । लोभसमुग्घाओ जहा कसायसमुग्घाओ । णवरं– असुरादि सव्वजीवा णेरइएसु लोभकसाएणं एगुत्तरिया णेयव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક-એક નૈરયિકોના નારકીપણે ભૂતકાલીન ક્રોધ સમુદ્ઘાત કેટલા થયા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે અનંત થયા છે. જેવી રીતે વેદના સમુદ્ઘાતનું કથન કર્યું છે, તેવી જ રીતે ક્રોધ સમુદ્ઘાતનું પણ સમગ્રરૂપે ***યાવત્*** વૈમાનિક સુધી કથન કરવું જોઈએ. માન-સમુદ્ઘાત, માયા સમુદ્ઘાતના વિષયમાં સંપૂર્ણ કથન મારણાંતિક સમુદ્ઘાતની સમાન કહેવું જોઈએ.

લોભ સમુદ્ઘાતનું કથન કષાય સમુદ્ઘાતની સમાન કરવું જોઈએ. વિશેષતા એ છે કે અસુરકુમાર આદિ સર્વ જીવોના નારકીપણે લોભ કષાય સમુદ્ઘાતની પ્રરૂપણા **एगुत्तरियं** અર્થાત્ એકથી લઈને અનંત સુધી કરવી જોઈએ.

**૫૧ णेरइयाणं भंते ! णेरइयत्ते केवइया कोहसमुग्घाया अतीता ? गोयमा ! अणंता। केवइया पुरेक्खडा ? गोयमा ! अणंता । एवं** *जाव* **वेमाणियत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નારકીઓને નારકીપણે ભૂતકાલીન કેટલા ક્રોધ સમુદ્ઘાત થયા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત થયા છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નારકીઓને નારકીપણે ભવિષ્યકાલીન કેટલા ક્રોધ સમુદ્ઘાત થાય છે? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત થાય છે. આ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ.

**૫૨ एवं सट्ठाण-परट्ठाणेसु सव्वत्थ वि भाणियव्वं सव्वजीवाणं चत्तारि समुग्घाया** *जाव* **लोभसमुग्घाओ** *जाव* **वेमाणियाणं वेमाणियत्ते ।**

**ભાવાર્થ :–** આ જ પ્રમાણે સ્વસ્થાન-પરસ્થાનોમાં સર્વત્ર ક્રોધ સમુદ્ઘાતથી લઈને લોભ સમુદ્ઘાત સુધી ***યાવત્*** વૈમાનિકોના વૈમાનિકપણામાં ચાર સમુદ્ઘાત કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં એક-અનેક ૨૪ દંડકના જીવોમાં થતાં પરસ્પર કષાય સમુદ્ઘાતનું નિરૂપણ છે.

**એકવચનની અપેક્ષાએ–** એક નારકીને નારકીપણે ભૂતકાલીન અનંત કષાય સમુદ્ઘાત થયા છે, કારણ કે ભૂતકાલમાં તે જીવે અનંતવાર નરકગતિમાં જન્મ ધારણ કર્યા છે. ભવિષ્યમાં એક નારકીને નારકીપણે કષાય સમુદ્ઘાત થાય અથવા ન થાય, જો તે જીવ પોતાના નરક ભવના શેષ અલ્પ આયુષ્યમાં એક પણ કષાય સમુદ્ઘાત કર્યા વિના મૃત્યુ પામે, ત્યાંથી મનુષ્ય જન્મ પામી સિદ્ધ થાય, તો તેને ભવિષ્યમાં નારકીપણે

કષાય સમુદ્ઘાત થતા નથી. જો તે જીવ પોતાના શેષ આયુષ્યમાં એક, બે, ત્રણ આદિ વાર કષાય સમુદ્ઘાત કરીને મૃત્યુ પામે અને ત્યાંથી મનુષ્ય જન્મ પામી સિદ્ધ થાય તો, જઘન્ય એક, બે, ત્રણ આદિ સમુદ્ઘાત થાય, જો તે જીવ ભવાંતરમાં પુનઃ એક વાર કે અનેકવાર નરકમાં જન્મ ધારણ કરે, તો તેને નરકગતિમાં ક્રોધની બહુલતાની અપેક્ષાએ જઘન્ય સંખ્યાતા અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા કષાય સમુદ્ઘાત થાય છે અને અનંત ભવ કરે તો, તેને અનંત કષાય સમુદ્ઘાત થાય છે.

આ રીતે એક નારકીને અન્ય કોઈ પણ દંડકના જીવપણે અતીતકાલીન અનંત કષાય સમુદ્ઘાત થયા હતા અને તેના ભવભ્રમણ અનુસાર ભવિષ્યકાલીન જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત કષાય સમુદ્ઘાત થાય છે. આ જ રીતે ૨૪ દંડકના જીવોને ૨૪ દંડકપણે ક્રોધ સમુદ્ઘાતનું કથન વેદના સમુદ્ઘાતની સમાન છે, અર્થાત્ ૨૩ દંડકના જીવોને નારકીપણે ભવિષ્યકાલીન ક્રોધ સુમદ્ઘાત થાય અથવા ન થાય, જો થાય તો જઘન્ય સંખ્યાતા, ઉત્કૃષ્ટ અસંખ્યાતા કે અનંત થાય છે અને ૨૩ દંડકના જીવોના ૨૩ દંડકપણે ભવિષ્યકાલીન ક્રોધ કષાય સમુદ્ઘાત થાય તો જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત થાય છે.

**माण समुग्घाओ माया समुग्घाओ जहा मारणंतिय समुग्घाओ.....** ૨૪ દંડકના જીવોને ૨૪ દંડકપણે થતાં માન અને માયા સમુદ્ઘાતનું કથન મારણાંતિક સમુદ્ઘાતની સમાન જાણવું અર્થાત્ ૨૪ દંડકના જીવોને ૨૪ દંડકના જીવપણે ભૂતકાલીન અનંત માન સમુદ્ઘાત અને માયા સમુદ્ઘાત થયા છે અને ભવિષ્યકાલીન સર્વત્ર જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત માન સમુદ્ઘાત અને માયા સમુદ્ઘાત થાય છે.

**लोह समुग्घाओ जहा कसाय समुग्घाओ.....** ૨૪ દંડકના જીવોના ૨૪ દંડકના જીવપણે થતાં લોભ સમુદ્ઘાતનું કથન કષાય સમુદ્ઘાતની સમાન છે. નારકીઓમાં લોભ કષાય અત્યંત અલ્પ હોય છે, તેથી નારકીને નારકીપણે લોભ કષાય સમુદ્ઘાત ભૂતકાલીન અનંત થાય છે અને ભવિષ્યકાલીન થાય અથવા ન થાય, જો થાય તો જઘન્ય, એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત થાય છે. આ જ રીતે અસુરકુમાર આદિ દેવો સહિત ૨૩ દંડકના જીવોને નારકીપણે લોભ સમુદ્ઘાત **एगुत्तरियाए णेयव्वा.....** અર્થાત્ કોઈને થાય અથવા કોઈને ન થાય, જો થાય તો જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત થાય છે.

ત્રેવીસ દંડકના જીવોને અસુરકુમાર દેવપણે લોભ સમુદ્ઘાત ભવિષ્યમાં થાય તો સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા થાય અને અસુકુમાર દેવને લોભ સમુદ્ઘાત થાય અથવા ન થાય, જો થાય તો સ્વસ્થાનમાં અર્થાત્ અસુરકુમારપણે લોભ સમુદ્ઘાત થાય, તો જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત થાય છે. ૨૩ દંડકના જીવોને અન્ય સર્વે ય દેવપણે લોભ સમુદ્ઘાત થાય તો સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત થાય છે અને સ્વસ્થાનમાં જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત લોભ સમુદ્ઘાત થાય છે. ૨૪ દંડકના જીવોને દશ ઔદારિકના દંડકપણે લોભકષાય સમુદ્ઘાત એક, બે, ત્રણ ઉત્કૃષ્ટ અનંત થાય છે. **બહુવચનની અપેક્ષાએ** ૨૪ દંડકના અનેક જીવોના ૨૪ દંડકનો જીવપણે ભૂતકાલીન-ભવિષ્યકાલીન ક્રોધાદિ ચારે કષાય સમુદ્ઘાતો અનંત-અનંત થાય છે.

### ૨૪ દંડકના જીવોનું કષાય સમુદ્ઘાત સંબંધી અલ્પબહુત્વ :–

**૫૩** **एएसि णं भंते ! जीवाणं कोहसमुग्घाएणं माणसमुग्घाएणं मायासमुग्घाएणं**

**लोभसमुग्घाएणं य समोहयाणं, अकसायसमुग्घाएणं समोहयाणं असमोहयाणं य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा अकसायसमुग्घाएणं समोहया, माणसमुग्घाएणं समोहया अणंतगुणा, कोहसमुग्घाएणं समोहया विसेसाहिया, मायासमुग्घाएणं समोहया विसेसाहिया, लोभसमुग्घाएणं समोहया विसेसाहिया, असमोहया संखेज्जगुणा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્રોધ સમુદ્ઘાતથી, માન સમુદ્ઘાતથી, માયા સમુદ્ઘાતથી અને લોભ સમુદ્ઘાતથી તથા અકષાય સમુદ્ઘાતથી સમવહત અને અસમવહત જીવોમાંથી કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા અકષાય સમુદ્ઘાતથી સમવહત જીવો છે, (૨) તેનાથી માનકષાયથી સમવહત જીવો અનંતગુણા છે, (૩) તેનાથી ક્રોધ સમુદ્ઘાતથી સમવહત જીવો વિશેષાધિક છે, (૪) તેનાથી માયા સમુદ્ઘાતથી સમવહત જીવો વિશેષાધિક છે, (૫) તેનાથી લોભ સમુદ્ઘાતથી સમવહત જીવો વિશેષાધિક છે અને (૬) તેનાથી અસમવહત જીવો સંખ્યાતગુણા છે.

**૫૪ एएसि णं भंते ! णेरइयाणं कोहसमुग्घाएणं माणसमुग्घाएणं माया समुग्घाएणं लोभसमुग्घाएणं समोहयाणं असमोहयाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वथोवा णेरइया लोभसमुग्घाएणं समोहया, मायासमुग्घाएणं समोहया संखेज्जगुणा, माणसमुग्घाएणं समोहया संखेज्जगुणा, कोहसमुग्घाएणं समोहया संखेज्जगुणा, असमोहया संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્રોધ સમુદ્ઘાતથી, માન સમુદ્ઘાતથી, માયા સમુદ્ઘાતથી અને લોભ સમુદ્ઘાતથી સમવહત અને અસમવહત નૈરયિકોમાં કોણ, કોનાથી, અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા લોભ સમુદ્ઘાતથી સમવહત નૈરયિકો છે, (૨) તેનાથી માયા સમુદ્ઘાતથી સમવહત નૈરયિકો સંખ્યાતગુણા છે, (૩) તેનાથી માન સમુદ્ઘાતથી સમવહત નૈરયિકો સંખ્યાતગુણા છે, (૪) તેનાથી ક્રોધ સમુદ્ઘાતથી સમવહત નૈરયિક સંખ્યાતગુણા છે અને (૫) તેનાથી અસમવહત નૈરયિકો સંખ્યાતગુણા છે.

**૫૫ असुरकुमाराणं णं भंते ! पुच्छा ?**

**गोयमा ! सव्वत्थोवा असुरकुमारा कोहसमुग्घाएणं समोहया, माणसमुग्घाएणं समोहया संखेज्जगुणा, मायासमुग्घाएणं समोहया संखेज्जगुणा, लोभसमुग्घाएणं समोहया संखेज्जगुणा, असमोहया संखेज्जगुणा । एवं सव्वदेवा *जाव* वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્રોધાદિ સમુદ્ઘાતથી સમવહત અને અસમવહત અસુરકુમારોમાં કોણ, કોનાથી, અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા ક્રોધ સમુદ્ઘાતથી સમવહત અસુરકુમારો છે, (૨) તેનાથી

માન સમુદ્‌ઘાતથી સમવહત અસુરકુમારો સંખ્યાતગુણા છે, (૩) તેનાથી માયા સમુદ્‌ઘાતથી સમવહત અસુરકુમારો સંખ્યાતગુણા છે અને (૪) તેનાથી લોભ સમુદ્‌ઘાતથી સમવહત અસુરકુમારો સંખ્યાતગુણા છે તથા (૫) તેનાથી અસમવહત અસુરકુમારો સંખ્યાતગુણા છે.

આ રીતે ***યાવત્*** વૈમાનિક સુધી સર્વ દેવોના ક્રોધાદિ સમુદ્‌ઘાતોનું અલ્પબહુત્વ કહેવું જોઈએ.

**૫૬** पुढविक्काइयाणं भंते ! पुच्छा ?

**गोयमा ! सव्वत्थोवा पुढविक्काइया माणसमुग्घाएणं समोहया, कोहसमुग्घाएणं समोहया विसेसाहिया, मायासमुग्घाएणं समोहया विसेसाहिया, लोभसमुग्घाएणं समोहया विसेसाहिया, असमोहया संखेज्जगुणा ।**

**एवं** *जाव* **पंचेंदियतिरिक्खजोणिया । मणुस्सा जहा जीवा, णवरं– माण-समुग्घाएणं समोहया असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્રોધાદિ સમુદ્‌ઘાતથી સમવહત અને અસમવહત પૃથ્વીકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા માન સમુદ્‌ઘાતથી સમવહત પૃથ્વીકાયિકો છે, (૨) તેનાથી ક્રોધ સમુદ્‌ઘાતથી સમવહત પૃથ્વીકાયિકો વિશેષાધિક છે, (૩) તેનાથી માયા સમુદ્‌ઘાતથી સમવહત પૃથ્વીકાયિકો વિશેષાધિક છે અને (૪) તેનાથી લોભ સમુદ્‌ઘાતથી સમવહત પૃથ્વીકાયિકો વિશેષાધિક છે તથા (૫) તેનાથી અસમવહત પૃથ્વીકાયિકો સંખ્યાતગુણા છે.

આ રીતે પંચેન્દ્રિય તિર્યંચ સુધીના અલ્પબહુત્વના વિષયમાં જાણવું જોઈએ. મનુષ્યોમાં કષાય સમુદ્‌ઘાતના અલ્પબહુત્વ સંબંધી વક્તવ્યતા સમુચ્ચય જીવોની સમાન છે, પરંતુ તેમાં વિશેષતા એ છે કે માન સમુદ્‌ઘાતથી સમવહત મનુષ્ય અસંખ્યાતગુણા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચાર પ્રકારના કષાય સમુદ્‌ઘાત અને અકષાય સમુદ્‌ઘાતથી સમવહત તથા કોઈ પણ સમુદ્‌ઘાતથી અસમવહત સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવોનું અલ્પબહુત્વ છે.

**અકષાય સમુદ્‌ઘાત :–** વેદનાદિ છ સમુદ્‌ઘાત સકષાયી જીવોને થાય છે, તેથી તે સકષાય સમુદ્‌ઘાત કહેવાય છે અને કેવળી સમુદ્‌ઘાત કષાય રહિત વીતરાગી કેવળી ભગવાનને થાય છે, તેથી પ્રસ્તુત 'અકષાય સમુદ્‌ઘાત'થી કેવળી સમુદ્‌ઘાતનું ગ્રહણ થાય છે. અકષાય સમુદ્‌ઘાત સમુચ્ચય જીવ અને મનુષ્યોમાં જ થાય છે.

**સમુચ્ચય જીવોમાં–** (૧) સર્વથી થોડા અકષાય સમુદ્‌ઘાતથી સમહવત જીવો છે કારણ કે કેવળી સમુદ્‌ઘાત કરનારા જીવો અત્યંત અલ્પ છે અને તે ક્યારેક જ હોય છે, તેથી તે સર્વથી થોડા છે.

(૨) તેનાથી માન સમુદ્‌ઘાતવાળા જીવો અનંતગુણા છે, કારણ કે અનંત વનસ્પતિના જીવો પૂર્વભવ સંબંધિત માન કષાયમાં વર્તી રહ્યા છે. (૩) તેનાથી ક્રોધ સમુદ્‌ઘાતવાળા જીવો વિશેષાધિક છે કારણ કે માન કષાયી જીવોથી ક્રોધ કષાયી જીવો અધિક હોય છે.

(૪) તેનાથી માયા સમુદ્‌ઘાતવાળા જીવો વિશેષાધિક છે કારણ કે ક્રોધી જીવોની અપેક્ષાએ માયાવી જીવો વિશેષ હોય છે.

(૫) તેનાથી લોભ સમુદ્‌ઘાતવાળા જીવો વિશેષાધિક છે કારણ કે લોભ કષાયની સ્થિતિ અધિક છે. માયાવી જીવોથી લોભી જીવો અધિક હોય છે.

(૬) તેનાથી સમુદ્‌ઘાત રહિત જીવો સંખ્યાતગુણા છે, કારણ કે ચારે ગતિના જીવોમાં સમુદ્‌ઘાત યુક્ત જીવોની અપેક્ષાએ સમુદ્‌ઘાત રહિત જીવોની સંખ્યા વધુ છે.

**સમુચ્ચય જીવોમાં ક્રોધાદિ કષાય સમુદ્‌ઘાતનું અલ્પબહુત્વ :–**

| | સમુદ્‌ઘાત | અલ્પબહુત્વ પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | અકષાય સમુદ્‌ઘાત (કેવળી સમુદ્‌ઘાત) | સર્વથી થોડા | ક્યારેક કોઈક વ્યક્તિ જ કરે છે. |
| ૨ | માન સમુદ્‌ઘાત | અનંતગુણા | સમુચ્ચય જીવોમાં એકેન્દ્રિયની મુખ્યતા છે અને તેમાં અનંત જીવોને માન સમુદ્‌ઘાત હોય છે. |
| ૩ | ક્રોધ સમુદ્‌ઘાત | વિશેષાધિક | એકેન્દ્રિયોમાં માન સમુદ્‌ઘાત કરતાં ક્રોધ સમુદ્‌ઘાત વધુ હોય છે. |
| ૪ | માયા સમુદ્‌ઘાત | વિશેષાધિક | એકેન્દ્રિયોમાં ક્રોધ સમુદ્‌ઘાત કરતાં માયા સમુદ્‌ઘાત વધુ હોય છે. |
| ૫ | લોભ સમુદ્‌ઘાત | વિશેષાધિક | એકેન્દ્રિયોમાં માયા સમુદ્‌ઘાત કરતાં લોભ સમુદ્‌ઘાત અધિક હોય છે. |
| ૬ | અસમવહત (સમુદ્‌ઘાત રહિત) | સંખ્યાતગુણા | જીવનમાં સમુદ્‌ઘાત સહિત અવસ્થા કરતાં સમુદ્‌ઘાત રહિત અવસ્થા વધુ સમય રહે છે. |

**નારકીમાં–** (૧) સર્વથી થોડા લોભ સમુદ્‌ઘાતવાળા નૈરયિકો છે કારણ કે નારકીઓમાં લોભની તીવ્રતા થાય તેવા ઈષ્ટ પદાર્થોનો અભાવ છે. નારકીમાં પ્રાયઃ લોભ સમુદ્‌ઘાત થતો નથી તેથી તે જીવો સર્વથી થોડા છે. (૨ થી ૪) તેનાથી માયા-માન-ક્રોધ સમુદ્‌ઘાતવાળા જીવો ક્રમશઃ સંખ્યાતગુણા છે. (૫) તેનાથી સમુદ્‌ઘાત રહિત જીવો સંખ્યાતગુણા છે.

**નારકીમાં ક્રોધાદિ કષાય સમુદ્‌ઘાતનું અલ્પબહુત્વ :–**

| | સમુદ્‌ઘાત | અલ્પબહુત્વ પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | લોભ સમુદ્‌ઘાત | સર્વથી થોડા | ક્યારેક હોય, ક્યારેક ન પણ હોય, લોભના નિમિત્તો પ્રાયઃ નથી. |
| ૨ | માયા સમુદ્‌ઘાત | સંખ્યાતગુણા | ક્યારેક હોય, ક્યારેક ન પણ હોય, ઉત્કૃષ્ટ હોય તો લોભથી વધુ હોય છે. |
| ૩ | માન સમુદ્‌ઘાત | સંખ્યાતગુણા | ક્યારેક હોય, ક્યારેક ન પણ હોય, ઉત્કૃષ્ટ હોય તો માયાથી વધુ હોય છે. |
| ૪ | ક્રોધ સમુદ્‌ઘાત | સંખ્યાતગુણા | સદા શાશ્વત મળે છે, ઘણા જીવો ક્રોધ સમુદ્‌ઘાત કરતા જ હોય છે. |
| ૫ | અસમવહત (સમુદ્‌ઘાત રહિત) | સંખ્યાતગુણા | સમુદ્‌ઘાત રહિત અવસ્થાનો સમય વધુ હોય છે. |

**દેવોમાં–** (૧) સર્વથી થોડા ક્રોધ કષાયાવાળા દેવો છે કારણ કે દેવો પ્રાયઃ સુખ સાગરમાં લીન હોય તેમને ક્રોધની સંભાવના ઓછી રહે છે. (૨ થી ૪) તેનાથી માન-માયા-લોભ સમુદ્‌ઘાતવાળા દેવો ઉત્તરોત્તર સંખ્યાતગુણા છે. દેવોમાં લોભની બહુલતા છે. (૫) તેનાથી સમુદ્‌ઘાત રહિત દેવો સંખ્યાતગુણા છે.

**દેવોમાં ક્રોધાદિ કષાય સમુદ્‌ઘાતનું અલ્પબહુત્વ :–**

| | **સમુદ્‌ઘાત** | **અલ્પબહુત્વ પ્રમાણ** | **કારણ** |
|---|---|---|---|
| ૧ | ક્રોધ સમુદ્‌ઘાત | સર્વથી થોડા | ક્યારેક હોય, ક્યારેક ન પણ હોય તેથી અલ્પ છે. |
| ૨ | માન સમુદ્‌ઘાત | સંખ્યાતગુણા | ક્યારેક હોય, ક્યારેક ન પણ હોય, ઉત્કૃષ્ટ હોય ત્યારે ક્રોધ કરતાં માન સમુદ્‌ઘાત કરનારા વધુ હોય છે. |
| ૩ | માયા સમુદ્‌ઘાત | સંખ્યાતગુણા | ક્યારેક હોય, ક્યારેક ન પણ હોય, ઉત્કૃષ્ટ હોય ત્યારે માન કરતાં માયા સમુદ્‌ઘાત કરનારા વધુ હોય છે. |
| ૪ | લોભ સમુદ્‌ઘાત | સંખ્યાતગુણા | સદા શાશ્વત મળે છે. ઘણા દેવો લોભ સમુદ્‌ઘાત કરતા જ હોય છે. |
| ૫ | અસમવહત (સમુદ્‌ઘાત) | સંખ્યાતગુણા | જીવનમાં સમુદ્‌ઘાત રહિત અવસ્થાનો સમય વધુ હોય છે. |

**પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિયમાં–** (૧) સર્વથી થોડા માન સમુદ્‌ઘાતવાળા છે કારણ કે તિર્યંચગતિમાં માનના નિમિત્તો અલ્પ હોય છે. (૨ થી ૪) તેનાથી ક્રોધ, માયા અને લોભ સમુદ્‌ઘાતવાળા ક્રમશઃ વિશેષાધિક છે. તેનાથી સમુદ્‌ઘાત રહિત જીવો સંખ્યાતગુણા છે.

**તિર્યંચોમાં ક્રોધાદિ સમુદ્‌ઘાતનું અલ્પબહુત્વ :–**

| | **સમુદ્‌ઘાત** | **અલ્પબહુત્વ પ્રમાણ** | **કારણ** |
|---|---|---|---|
| ૧ | માન સમુદ્‌ઘાત | સર્વથી થોડા | માન કષાયી જીવો અલ્પ હોય છે. |
| ૨ | ક્રોધ સમુદ્‌ઘાત | વિશેષાધિક | ક્રોધ કષાયી જીવો વિશેષ છે. |
| ૩ | માયા સમુદ્‌ઘાત | વિશેષાધિક | માયા કષાયી જીવો વિશેષતર છે. |
| ૪ | લોભ સમુદ્‌ઘાત | વિશેષાધિક | લોભકષાયી જીવો વિશેષતર છે. |
| ૫ | અસમવહત (સમુદ્‌ઘાત રહિત) | સંખ્યાતગુણ | સમુદ્‌ઘાત રહિત અવસ્થાનો સમય અધિક હોય છે. |

**મનુષ્યોમાં–** (૧) સર્વથી થોડા અકષાય સમુદ્‌ઘાત–કેવળી સમુદ્‌ઘાતવાળા મનુષ્યો છે, (૨) તેનાથી માન સમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગુણા છે. સમુચ્ચય જીવોમાં નિગોદ જીવોની અપેક્ષાએ માન સમુદ્‌ઘાત-વાળા અનંતગુણા કહ્યા છે પરંતુ મનુષ્યો અસંખ્યાતા જ હોવાથી માન સમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગુણા થાય છે. (૩ થી ૫) તેનાથી ક્રોધ, માયા, લોભ સમુદ્‌ઘાતવાળા ક્રમશઃ વિશેષાધિક છે. (૬) તેનાથી સમુદ્‌ઘાત રહિત મનુષ્યો સંખ્યાતગુણા છે.

**મનુષ્યોમાં ક્રોધાદિ કષાય સમુદ્ઘાતનું અલ્પબહુત્વઃ–**

| | સમુદ્ઘાત | અલ્પબહુત્વ પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | અકષાય સમુદ્ઘાત (કેવળી સમુદ્ઘાત) | સર્વથી થોડા | ક્યારેક કોઈક જીવો જ કરે છે. |
| ૨ | માન સમુદ્ઘાત | અસંખ્યાતગુણા | માન કષાયી જીવો વિશેષ હોય છે. |
| ૩ | ક્રોધ સમુદ્ઘાત | વિશેષાધિક | ક્રોધ કષાયી જીવો વિશેષતર છે. |
| ૪ | માયા સમુદ્ઘાત | વિશેષાધિક | માયા કષાયી જીવો વિશેષતર છે. |
| ૫ | લોભ સમુદ્ઘાત | વિશેષાધિક | લોભ કષાયની પ્રધાનતા છે. |
| ૬ | સમુદ્ઘાત રહિત | સંખ્યાતગુણા | સમુદ્ઘાત રહિત જીવોની સંખ્યા અધિક હોય છે. |

**અલ્પબહુત્વમાં અનુપ્રેક્ષણીય તત્ત્વો :–** *ચાર કષાયના આ અલ્પબહુત્વના પાઠો ક્યાંક લિપિદોષ આદિની સંભાવનાથી સંદેહાત્મક પ્રતીત થાય છે જેમ કે–*

*(૧) નારકીઓમાં ત્રણ કષાય અશાશ્વત છે અને ક્રોધ કષાય શાશ્વત છે તેથી ક્રોધ સમુદ્ઘાત અસંખ્યાતગુણા થાય પરંતુ સૂત્રમાં તેને સંખ્યાતગુણા કહ્યા છે. (૨) સામાન્ય રીતે તિર્યંચોમાં માયા કષાયની બહુલતા પ્રસિધ્ધ છે પરંતુ પ્રસ્તુતમાં લોભ સમુદ્ઘાત વધુ કહ્યા છે. (૩) મનુષ્યોમાં માન કષાયની પ્રધાનતા હોવા છતાં લોભ સમુદ્ઘાત વધુ કહ્યા છે. (૪) દેવોમાં લોભ કષાય શાશ્વત હોવાથી લોભ સમુદ્ઘાત અસંખ્યાત ગુણા થાય પરંતુ સંખ્યાતગુણા કહ્યા છે. (૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર પદ–૩ના મહાદંડકના આધારે સમવહતથી અસમવહત જીવો સંખ્યાતગુણા છે પરંતુ અહીં ક્યાંક સંખ્યાતગુણા અને ક્યાંક અસંખ્યાતગુણા કહ્યા છે, તેથી લિપિદોષથી ક્યાંક* **अ** *વધી ગયો હોય અને ક્યાંક* **अ** *છૂટી ગયો હોય તેવું જણાય છે. તત્ત્વ કેવલીગમ્ય.*

**ચોવીસ દંડકોમાં છ છાદ્મસ્થિક સમુદ્ઘાત :-**

**૫૭ कइ णं भंते ! छाउमत्थिया समुग्घाया पण्णत्ता ?**

**गोयमा ! छाउमत्थिया छ समुग्घाया पण्णत्ता, तं जहा- वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए, तेयगसमुग्घाए, आहारगसमुग्घाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છાદ્મસ્થિક સમુદ્ઘાત કેટલા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! છાદ્મસ્થિક સમુદ્ઘાત છ છે, તે આ પ્રમાણે છે– (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મારણાંતિક સમુદ્ઘાત (૪) વૈક્રિય સમુદ્ઘાત (૫) તૈજસ સમુદ્ઘાત અને (૬) આહારક સમુદ્ઘાત.

**૫૮ णेरइयाणं भंते ! कइ छाउमत्थिया समुग्घाया पण्णत्ता ? गोयमा ! चत्तारि छाउमत्थिया समुग्घाया पण्णत्ता, तं जहा- वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોમાં કેટલા છાદ્મસ્થિક સમુદ્ઘાત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચાર

છાદ્મસ્થિક સમુદ્ઘાત છે, જેમ કે– (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મારણાંતિક સમુદ્ઘાત અને (૪) વૈક્રિય સમુદ્ઘાત.

**૫૯** **असुरकुमाराणं भंते ! पुच्छा ?**

**गोयमा ! पंच छाउमत्थिया समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए, तेयगसमुग्घाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! અસુરકુમારોમાં કેટલા છાદ્મસ્થિક સમુદ્ઘાત હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમારોમાં પાંચ છાદ્મસ્થિક સમુદ્ઘાત છે, જેમ કે– (૧) વેદના સમુદ્ઘાત, (૨) કષાય સમુદ્ઘાત, (૩) મારણાંતિક સમુદ્ઘાત, (૪) વૈક્રિય સમુદ્ઘાત અને (૫) તૈજસ સમુદ્ઘાત.

**૬૦** **एगिंदिय-विगलिंदियाणं भंते ! पुच्छा ? गोयमा ! तिण्णि छाउमत्थिया समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए । णवरं– वाउक्काइयाणं चत्तारि समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए, कसाय-समुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયોમાં કેટલા છાદ્મસ્થિક સમુદ્ઘાત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેઓમાં ત્રણ છાદ્મસ્થિક સમુદ્ઘાત છે, જેમ કે– (૧) વેદના સમુદ્ઘાત, (૨) કષાય સમુદ્ઘાત અને (૩) મારણાંતિક સમુદ્ઘાત, તેમાં વિશેષતા એ છે કે વાયુકાયિક જીવોમાં ચાર છાદ્મસ્થિક સમુદ્ઘાત હોય છે, જેમ કે– (૧) વેદના સમુદ્ઘાત, (૨) કષાય સમુદ્ઘાત (૩) મારણાંતિક સમુદ્ઘાત અને (૪) વૈક્રિય સમુદ્ઘાત.

**૬૧** **पंचेंदिय-तिरिक्खजोणियाणं भंते ! पुच्छा ? गोयमा ! पंच छाउमत्थिया समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए, तेयगसमुग्घाए ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચોમાં કેટલા છાદ્મસ્થિક સમુદ્ઘાત છે ?

હે ગૌતમ ! પાંચ છાદ્મસ્થિક સમુદ્ઘાત છે, જેમ કે– (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મારણાંતિક સમુદ્ઘાત (૪) વૈક્રિય સમુદ્ઘાત અને (૫) તૈજસ સમુદ્ઘાત.

**૬૨** **मणूसाणं भंते ! कइ छाउमत्थिया समुग्घाया पण्णत्ता ?**

**गोयमा ! छ छाउमत्थिया समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए, तेयगसमुग्घाए, आहार-समुग्घाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યોમાં કેટલા છાદ્મસ્થિક સમુદ્ઘાત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! છ છાદ્મસ્થિક સમુદ્ઘાત છે, જેમ કે– (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત

(૩) મારણાંતિક સમુદ્ઘાત (૪) વૈક્રિય સમુદ્ઘાત (૫) તૈજસ સમુદ્ઘાત અને (૬) આહારક સમુદ્ઘાત.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવોમાં છ પ્રકારના છાદ્મસ્થિક સમુદ્ઘાતોનું નિરૂપણ છે.

છદ્મ=આવરણ. જે જીવોને ઘાતીકર્મોનું આવરણ હોય, તે છદ્મસ્થ છે. એક થી બાર ગુણસ્થાનવર્તી જીવો છદ્મસ્થ કહેવાય છે. ચારે ગતિમાં છદ્મસ્થ જીવોને થનારા સમુદ્ઘાતોને **છાદ્મસ્થિક સમુદ્ઘાત** કહે છે. છાદ્મસ્થિક સમુદ્ઘાતોના છ પ્રકાર છે. એક કેવળી સમુદ્ઘાત કેવળી અવસ્થામાં થાય છે તેથી કેવળી સમુદ્ઘાતને વર્જી, શેષ છ સમુદ્ઘાતો છાદ્મસ્થિક સમુદ્ઘાતો કહેવાય છે. નૈરયિકથી લઈ વૈમાનિક સુધીના ચોવીસ દંડકના જીવોમાં પ્રાપ્ત થતાં છાદ્મસ્થિક સમુદ્ઘાતો ભાવાર્થથી સ્પષ્ટ જ છે.

**વેદના તથા કષાય સમુદ્ઘાતયુક્ત જીવાદિના ક્ષેત્ર, કાળ અને ક્રિયા :-**

**૬૩ जीवे णं भंते ! वेयणासमुग्घाएणं समोहए समोहणित्ता जे पोग्गले णिच्छुभइ तेहि णं भंते ! पोग्गलेहिं केवइए खेत्ते अफुण्णे ? केवइए खेत्ते फुडे ?**

**गोयमा ! सरीरपमाणमेत्ते विक्खंभ-बाहल्लेणं णियमा छद्दिसिं एवइए खेत्ते अफुण्णे एवइए खेत्ते फुडे ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! વેદના સમુદ્ઘાતથી સમવહત જીવ સમુદ્ઘાત દ્વારા જે પુદ્ગલોને બહાર કાઢે છે(જે કર્મ પુદ્ગલોને છોડે છે) હે ભંતે ! તે પુદ્ગલોથી કેટલું ક્ષેત્ર પરિપૂર્ણ-વ્યાપ્ત થાય છે, કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ થાય ?

**ઉત્તર–** હે ગૌતમ ! વિસ્તાર–પહોળાઈ અને જાડાઈની અપેક્ષાએ શરીર પ્રમાણ ક્ષેત્રને છએ દિશાઓમાં નિશ્ચિતરૂપે પરિપૂર્ણ કરે છે. જેટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય છે તેટલું જ ક્ષેત્ર સ્પૃષ્ટ થાય છે.

**૬૪ से णं भंते ! खेत्ते केवइकालस्स अफुण्णे केवइकालस्स फुडे ?**

**गोयमा ! एगसमइएण वा दुसमइएण वा तिसमइएण वा विग्गहेण, एवइकालस्स अफुण्णे एवइकालस्स फुडे ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! તે ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત અને કેટલા કાળે સ્પૃષ્ટ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક સમય, બે સમય અથવા ત્રણ સમયની વિગ્રહ ગતિમાં જેટલો કાળ વ્યતીત થાય એટલા જ કાળમાં તે ક્ષેત્ર વ્યાપ્ત થાય છે અને તેટલા જ કાળે તે ક્ષેત્ર સ્પૃષ્ટ થાય છે.

**૬૫ ते णं भंते ! पोग्गला केवइकालस्स णिच्छुभइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तस्स, उक्कोसेण वि अंतोमुहुत्तस्स ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! તે પુદ્ગલોને કેટલા કાલ સુધી બહાર કાઢે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત સુધી તે પુદ્ગલોને બહાર કાઢે છે.

**૬૬ ते णं भंते ! पोग्गला णिच्छूढा समाणा जाइं तत्थ पाणाइं भूयाइं जीवाइं सत्ताइं**

**अभिहणंति वत्तेंति लेसेंति संघाएंति संघट्टेंति परियावेंति किलामेंति उद्दवेंति तेहिंतो णं भंते ! से जीवे कइकिरिए ?**

**गोयमा ! सिय तिकिरिए, सिय चउकिरिए, सिय पंचकिरिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બહાર કાઢેલાં તે પુદ્ગલો, ત્યાં રહેલા(તે ક્ષેત્રમાં સ્થિત) બેઇન્દ્રિયાદિ પ્રાણી, વનસ્પતિકાયરૂપ ભૂત, પંચેન્દ્રિય જીવો તથા પૃથ્વીકાયાદિ ચાર સ્થાવરરૂપ સત્ત્વોને હણે છે, ઢાંકે છે, સ્પર્શે છે, અથડાય છે, એકત્રિત કરે છે, પીડા ઉત્પન્ન કરે છે, ભયભીત કરે છે, મૂર્ચ્છિત કરે છે અને ઘાત કરે છે, તો હે ભગવન્ ! તે જીવ આ સમુદ્ઘાતની ક્રિયાથી કેટલી ક્રિયાવાળો થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે કદાચિત્ ત્રણ ક્રિયા, કદાચિત્ ચાર ક્રિયા અને કદાચિત્ પાંચ ક્રિયાવાળો થાય છે.

**૬૭ ते णं भंते ! जीवा ताओ जीवाओ कइकिरिया ? गोयमा ! सिय तिकिरिया सिय चउकिरिया सिय पंचकिरिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે જીવો, વેદના સમુદ્ઘાતવાળા તે જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળા થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ ત્રણ ક્રિયાવાળા, કદાચિત્ ચાર ક્રિયાવાળા અને કદાચિત્ પાંચ ક્રિયાવાળા થાય છે.

**૬૮ से णं भंते ! जीवे ते य जीवा अण्णेसिं जीवाणं परंपराघाएणं कइकिरिया?**

**गोयमा ! तिकिरिया वि चउकिरिया वि, पंचकिरिया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે જીવ(સમુદ્ઘાત દ્વારા પુદ્ગલોને બહાર કાઢતો જીવ) અને તે જીવો (બહાર કાઢેલા પુદ્ગલોથી હણાતા, જીવો), અન્ય જીવોની(પરંપરાએ) ઘાત કરતાં કેટલી ક્રિયાવાળા થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ ક્રિયા, ચાર ક્રિયા અને પાંચ ક્રિયાવાળા થાય છે.

**૬૯ णेरइए णं भंते ! वेयणासमुग्घाएणं समोहए पुच्छा ? गोयमा ! जहेव जीवे, णवरं- णेरइयाभिलावो । एवं णिरवसेसं *जाव* वेमाणिए । एवं कसायसमुग्घाओ वि भाणियव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદના સમુદ્ઘાતથી સમવહત થયેલો નારકી, સમુદ્ઘાત દ્વારા જે પુદ્ગલોને બહાર કાઢે છે, તે પુદ્ગલોથી કેટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય છે તથા કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ થાય છે ? ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! સમુચ્ચય જીવના વિષયમાં જે કથન છે તે જ પ્રમાણે અહીં પણ કહેવું જોઈએ. વિશેષતા એ છે કે અહીં જીવના સ્થાને નારકી શબ્દનો પ્રયોગ કરવો જોઈએ.આ જ રીતે વૈમાનિક સુધી ચોવીસ દંડકના સમસ્ત જીવો સંબંધી સમગ્ર વક્તવ્યતા કહેવી જોઈએ. આ જ રીતે કષાય સમુદ્ઘાતનું પણ સમગ્ર કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વેદના અને કષાય સમુદ્ઘાતથી સંબંધિત છ પ્રશ્નોની વિચારણા છે.

**१. केवइए खेत्ते अफुण्णे...फुडे...** સમુદ્ઘાત દ્વારા કેટલું ક્ષેત્ર વ્યાપ્ત અને સ્પૃષ્ટ થાય છે ?

તીવ્ર વેદના સમયે સહજ રીતે આત્મ પ્રદેશોનો વિસ્તાર થાય છે, તે જ વેદના સમુદ્ઘાત છે. સમુદ્ઘાત દ્વારા આત્મપ્રદેશોના વિસ્તાર સાથે તૈજસ-કાર્મણ શરીરનો પણ વિસ્તાર થાય છે અને તેની સાથે જ જીવ વેદનીય કર્મના અનંત પુદ્ગલોની નિર્જરા કરે છે અર્થાત્ તે કર્મ પુદ્ગલો પણ આત્મપ્રદેશ ઉપરથી છૂટા પડે છે, બહાર નીકળે છે.

વેદના સમુદ્ઘાત દ્વારા પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ ક્ષેત્ર છ એ દિશામાં વ્યાપ્ત થઈ જાય છે. છ એ દિશામાં શરીરના પોલાણ ભાગો આત્મપ્રદેશોથી પૂરિત થઈ જાય છે અને તેટલું જ ક્ષેત્ર સ્પૃષ્ટ થાય છે.

**जे पोग्गले णिच्छुभइ.....पोग्गलेहिं केवइए खेत्ते......** પ્રસ્તુત સૂત્ર પાઠમાં સમુદ્ઘાત દ્વારા બહાર નીકળતા પુદ્ગલોથી વ્યાપ્ત થતાં ક્ષેત્રનું કથન છે. અહીં **पोग्गले** શબ્દ પ્રયોગ તૈજસ-કાર્મણ શરીર સહિત આત્મપ્રદેશો માટે પ્રયુક્ત થયો છે; કારણ કે કોઈ પણ સમુદ્ઘાતમાં આત્મ પ્રદેશોના વિસ્તાર સાથે તૈજસ-કાર્મણ શરીરનો વિસ્તાર થાય છે.

સમુદ્ઘાત દ્વારા વ્યાપ્ત ક્ષેત્રના કથનમાં સૂત્રકારે સાતે સમુદ્ઘાતથી વ્યાપ્ત ક્ષેત્રનું અને દિશાનું ચોક્કસ પ્રમાણ નિશ્ચિત કર્યું છે. તે આત્મપ્રદેશોની અપેક્ષાએ જ નિશ્ચિત કરી શકાય છે. સમુદ્ઘાતજન્ય નિર્જરિત કર્મપુદ્ગલો તો સમસ્ત દિશા અને વિદિશામાં ફેલાઈ જાય છે તેના માટે કોઈ ચોક્કસ ક્ષેત્ર કે દિશા રહેતી નથી.

**२. खेत्ते केवइकालस्स अफुण्णे**– તે ક્ષેત્ર કેટલા કાલમાં વ્યાપ્ત અને સ્પૃષ્ટ થાય છે? **एगसमइएणं..... विग्गहेणं......** એક, બે કે ત્રણ સમયના વિગ્રહમાં તે ક્ષેત્ર વ્યાપ્ત થાય છે. અહીં 'વિગ્રહ' શબ્દ પ્રયોગ સમય મર્યાદાને નિશ્ચિત કરે છે. સમુદ્ઘાત માટે વિસ્તૃત થતા આત્મપ્રદેશો એક, બે કે ત્રણ સમયમાં લક્ષિત સ્થાનમાં વ્યાપ્ત થઈ જાય છે. શરીરમાં રહેલા આત્મપ્રદેશો શરીરના પોલાણભાગમાં વ્યાપ્ત થઈ જાય છે. તે પોલાણભાગમાં શ્રેણી અને વિશ્રેણી હોય, તેને પૂરિત થતાં ત્રણ સમય લાગે છે.

આત્મપ્રદેશોને વ્યાપ્ત થવાની પ્રક્રિયા કેવળી સમુદ્ઘાતની જેમ જ થાય અર્થાત્ પહેલા સમયે આત્મપ્રદેશો દંડ રૂપે વિસ્તૃત થાય, બીજા સમયે ચારે દિશામાં કપાટરૂપે અને ત્રીજા સમયે વિદિશામાં વિસ્તૃત થાય છે.

આત્મપ્રદેશોને વ્યાપ્ત થવાનું ક્ષેત્ર જો એક દિશાગત હોય, તો એક સમય, ચાર દિશાગત હોય તો બે સમય અને વિદિશાગત હોય તો ત્રણ સમય લાગે છે.

**३. पोग्गला केवइकालस्स णिच्छुभइ ?** કેટલા કાલ સુધી પુદ્ગલો બહાર નીકળે છે ? અટલે કે સમુદ્ઘાતની સંપૂર્ણ પ્રક્રિયા કેટલા કાલ સુધી ચાલે છે ?

અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત કાલ પર્યંત સતત કર્મપુદ્ગલોનું નિર્જરણ થયા કરે છે, જેમ કે– અત્યંત દાહજવરથી પીડિત વ્યક્તિના ઉષ્ણ પુદ્ગલો બહાર નીકળતા અનુભવી શકાય છે.

આત્મપ્રદેશોને લક્ષિત સ્થાન સુધી વ્યાપ્ત થવામાં એક, બે કે ત્રણ સમય લાગે અને વ્યાપ્ત ક્ષેત્રમાં કર્મપુદ્ગલોના ગ્રહણ–નિસ્સરણની સંપૂર્ણ પ્રક્રિયા અંતર્મુહૂર્ત સુધી ચાલે છે.

**૪. से जीवे कइकिरिए ?** સમુદ્‌ઘાતજન્ય પુદ્‌ગલોથી અન્ય જીવોની વિરાધના થાય, તો સમુદ્‌ઘાત કરનારને કેટલી ક્રિયા લાગે છે ?

બહાર નીકળતા તે પુદ્‌ગલોથી ક્યારેક અન્ય જીવોની વિરાધના થાય છે અને ક્યારેક અન્ય જીવોની વિરાધના થતી નથી, તેમ છતાં સમુદ્‌ઘાત કરનાર જીવ સકષાયી હોવાથી તેને કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી, આ ત્રણ ક્રિયા તો લાગે જ છે, જો તે પુદ્‌ગલોથી અન્ય જીવોને પરિતાપના પહોંચે, તો પારિતાપનિકીક્રિયા સહિત ચાર ક્રિયા અને અન્ય જીવોનો ઘાત થાય, તો પ્રાણાતિપાતિકી ક્રિયા સહિત પાંચ ક્રિયા લાગે છે. આ રીતે સમુદ્‌ઘાત કરનાર સકષાયી જીવને ત્રણ, ચાર અથવા પાંચ ક્રિયા લાગે છે.

**૫. जीवाओ कइकिरिया–** સમુદ્‌ઘાતજન્ય પુદ્‌ગલોથી સ્પૃષ્ટ જીવોને કેટલી ક્રિયા લાગે છે ? જેમ કે– એક પુરુષને વીંછીએ ડંખ માર્યો, તેની તીવ્ર વેદનાથી તે પુરુષને વેદના સમુદ્‌ઘાત થાય, તેમાં તે વીંછી આદિ જીવોને પણ સમુદ્‌ઘાત કરનાર જીવોની અપેક્ષાએ પૂર્વવત્ ત્રણ, ચાર કે પાંચ ક્રિયા લાગે છે.

**૬.** સમુદ્‌ઘાત કરનાર જીવ અને સમુદ્‌ઘાતજન્ય પુદ્‌ગલોથી સ્પૃષ્ટ અન્ય જીવો, તે બંને જીવોના નિમિત્તથી પરંપરાએ અન્ય જીવોની ઘાત થાય છે તેથી તે બંને પ્રકારના જીવોમાંથી કેટલાક જીવોને ત્રણ ક્રિયા, કેટલાક જીવોને ચાર ક્રિયા અને કેટલાક જીવોને પાંચ ક્રિયા લાગે છે.

**अफुण्णे અને फुडे માં તફાવત :– अफुण्णे**– વ્યાપ્ત થવું. વ્યાપ્ત થવાની ક્રિયામાં વચ્ચે કેટલાક આકાશ પ્રદેશોની સ્પર્શના છૂટી જાય છે, તેથી સૂત્રકારે **फुडे**– શબ્દ પ્રયોગ કર્યો છે. સ્પૃષ્ટ થવાની ક્રિયામાં વચ્ચે એક પણ આકાશ પ્રદેશની સ્પર્શના છૂટતી નથી. આ રીતે વ્યાપ્ત થવું અને સ્પૃષ્ટ થવું તે બંને ક્રિયાપદના પ્રયોગ દ્વારા સ્પષ્ટ થાય છે કે સમુદ્‌ઘાતજન્ય પુદ્‌ગલો દ્વારા જેટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય, તેમાં વચ્ચે એક પણ આકાશ પ્રદેશની સ્પર્શના છૂટતી નથી. સંક્ષેપમાં પુદ્‌ગલોની તે ક્ષેત્રમાં ગમનાગમન રૂપ ક્રિયા વ્યાપ્ત કહેવાય છે અને તે ક્ષેત્રમાં અંતર્મુહૂર્ત સુધી પુદ્‌ગલોની સ્થિત થવાની ક્રિયા સ્પૃષ્ટ કહેવાય છે.

### મારણાંતિક સમુદ્‌ઘાતયુક્ત જીવોના ક્ષેત્ર, કાળ અને ક્રિયા :–

**૭૦ जीवे णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहए समोहणित्ता जे पोग्गले णिच्छुभइ तेहि णं भंते ! पोग्गलेहिं केवइए खेत्ते अफुण्णे केवइए खेत्ते फुडे ?**

**गोयमा ! सरीरपमाणमेत्ते विक्खंभ-बाहल्लेणं, आयामेणं जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं असंखेज्जाइं जोयणाइं एगदिसिं, एवइए खेत्ते अफुण्णे, एवइए खेत्ते फुडे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતવાળા જીવ મારણાંતિક સમુદ્‌ઘાત દ્વારા જે પુદ્‌ગલોને આત્મપ્રદેશોથી બહાર કાઢે છે, તે પુદ્‌ગલોથી કેટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય છે, તથા કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પહોળાઈ અને જાડાઈની અપેક્ષાએ શરીરપ્રમાણ તથા લંબાઈની અપેક્ષાએ જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગનું તથા ઉત્કૃષ્ટ અસંખ્યાત યોજન સુધીનું ક્ષેત્ર એક દિશામાં વ્યાપ્ત અને સ્પૃષ્ટ થાય છે. આટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય છે તથા આટલું ક્ષેત્ર સ્પૃષ્ટ થાય છે.

**૭૧ से णं भंते ! खेत्ते केवइकालस्स अफुण्णे केवइकालस्स फुडे ?**

**गोयमा ! एगसमइएण वा दुसमइएण वा तिसमइएण वा चउसमइएण वा विग्गहेणं एवइकालस्स अफुण्णे एवइकालस्स फुडे । सेसं तं चेव *जाव* पंचकिरिया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે ક્ષેત્ર કેટલા કાળમાં પુદ્‌ગલોથી વ્યાપ્ત અને કેટલા કાળમાં સ્પૃષ્ટ થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે એક સમય, બે સમય, ત્રણ સમય અને ચાર સમયમાં વિગ્રહગતિમાં જેટલો કાળ લાગે છે એટલા કાળમાં તે નીકળેલા પુદ્‌ગલોથી વ્યાપ્ત થાય છે અને સ્પૃષ્ટ થાય છે.

શેષ સમગ્ર વક્તવ્યતા વેદના સમુદ્‌ઘાતની સમાન જાણવી ***યાવત્*** કદાચિત્ ત્રણ, કદાચિત્ ચાર અને કદાચિત્ પાંચ ક્રિયાઓ લાગે છે; અહીં સુધીનું કથન કરવું જોઈએ.

**૭૨ एवं णेरइए वि, णवरं– आयामेणं–जहण्णेणं साइरेगं जोयणसहस्सं उक्कोसेणं असंखेज्जाइं जोयणाइं एगदिसिं एवइए खेत्ते अफुण्णे एवइए खेत्ते फुडे; विग्गहेणं एगसमइएण वा दुसमइएण वा तिसमइएण वा, णवरं चउसमइएण ण भण्णइ । सेसं तं चेव *जाव* पंचकिरिया वि ।**

**ભાવાર્થ :–** સમુચ્ચય જીવની જેમ નૈરયિકની મારણાંતિક સમુદ્‌ઘાત સંબંધી વક્તવ્યતા જાણવી જોઈએ. વિશેષતા એ છે કે લંબાઈમાં જઘન્ય સાધિક હજાર યોજન અને ઉત્કૃષ્ટ અસંખ્યાત યોજનનું ક્ષેત્ર એક જ દિશામાં ઉક્ત પુદ્‌ગલોથી વ્યાપ્ત થાય છે અને એટલું જ ક્ષેત્ર સ્પૃષ્ટ થાય છે તથા એક સમય, બે સમય કે ત્રણ સમયના વિગ્રહથી તે ક્ષેત્ર વ્યાપ્ત અને સ્પૃષ્ટ થાય છે. તેમાં ચાર સમયના વિગ્રહનું કથન ન કરવું જોઈએ. શેષ સમગ્ર વક્તવ્યતા પૂર્વવત્ ***યાવત્*** પાંચ ક્રિયાઓ લાગે છે, ત્યાં સુધી કથન કરવું જોઈએ.

**૭૩ असुरकुमारस्स जहा जीवपए, णवरं–विग्गहो तिसमइओ जहा णेरइयस्स। सेसं तं चेव । जहा असुरकुमारे एवं *जाव* वेमाणिए, णवरं एगिंदिए जहा जीवे णिरवसेसं ।**

**ભાવાર્થ :–** અસુરકુમારની વક્તવ્યતા પણ સમુચ્ચય જીવ પદના મારણાંતિક સમુદ્‌ઘાત સંબંધી વક્તવ્યતા અનુસાર જાણવી જોઈએ. વિશેષતા એ છે કે અસુરકુમારનો વિગ્રહ નારકીના વિગ્રહની સમાન ત્રણ સમયનો કહેવો જોઈએ. શેષ સમગ્ર કથન પૂર્વવત્ જાણવું.

જે પ્રમાણે અસુરકુમારના વિષયમાં કહ્યું તે જ રીતે વૈમાનિક સુધી કહેવું જોઈએ વિશેષતા એ છે કે એકેન્દ્રિયનું સમગ્ર કથન સમુચ્ચય જીવની સમાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવોમાં મારણાંતિક સમુદ્‌ઘાતથી વ્યાપ્ત થતું ક્ષેત્ર તથા તેના કાલનું નિરૂપણ છે.

**સમુચ્ચય જીવ–** મારણાંતિક સમુદ્‌ઘાત દ્વારા જીવ જે પુદ્‌ગલોને પોતાના આત્મપ્રદેશોથી બહાર કાઢે છે તે પુદ્‌ગલોથી પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ, લંબાઈમાં પોતાના શરીરની બહાર જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગના તથા ઉત્કૃષ્ટ અસંખ્યાત યોજન સુધીના ક્ષેત્રને એક દિશામાં વ્યાપ્ત કરે છે અને એટલા જ ક્ષેત્રને સ્પૃષ્ટ કરે છે. મારણાંતિક સમુદ્‌ઘાત સમયે આત્મ પ્રદેશોની કે પુદ્‌ગલોની વિદિશામાં

ગતિ થતી નથી, કારણ કે જીવ સ્વભાવથી જ સમશ્રેણીમાં ગતિ કરે છે.

જીવ જ્યારે જ્યાં સ્થિત છે ત્યાં જ અત્યંત નિકટતમ ક્ષેત્રમાં ઉત્પન્ન થવાનો હોય ત્યારે તેના મારણાંતિક સમુદ્‌ઘાતનું ક્ષેત્ર જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ થાય છે અને જ્યારે જીવ પોતાના સ્થાનથી અસંખ્યાતા યોજન દૂરના ક્ષેત્રમાં ઉત્પન્ન થવાનો હોય ત્યારે તેના મારણાંતિક સમુદ્‌ઘાતનું ક્ષેત્ર અસંખ્યાત યોજનનું થાય છે. તે જઘન્ય એક, બે કે ત્રણ સમય અને ઉત્કૃષ્ટ ચાર સમયના વિગ્રહમાં તેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરે છે.

નૈરયિકોના મારણાંતિક સમુદ્‌ઘાતના પુદ્‌ગલોથી વ્યાપ્ત થતું ક્ષેત્ર પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં જઘન્ય સાધિક હજાર યોજન અને ઉત્કૃષ્ટ અસંખ્યાત યોજનનું છે.

જ્યારે પહેલી નરકના પાથડામાં પાતાળ કળશની બાજુમાં રહેલો નારકી મરીને પાતાળ કળશના જ બીજા કે ત્રીજા ભાગમાં મત્સ્યરૂપે ઉત્પન્ન થાય, ત્યારે તે નારકી મારણાંતિક સમુદ્‌ઘાત દ્વારા પોતાના આત્મપ્રદેશો, પાતાળ કળશની ઠીકરીને ભેદીને પાતાળ કળશ સુધી ફેલાવે છે. પાતાળ કળશની ઠીકરી એક હજાર યોજન જાડી છે તેથી નારકીનું મારણાંતિક સમુદ્‌ઘાતનું જઘન્ય ક્ષેત્ર લંબાઈની અપેક્ષાએ સાધિક હજાર યોજનનું થાય છે. નારકીઓ માટે અત્યંત નિકટતમ ઉત્પત્તિ સ્થાન તે જ છે. તેનાથી નજીકમાં તેને યોગ્ય કોઈ ઉત્પત્તિ સ્થાન નથી. ઉત્કૃષ્ટ ક્ષેત્ર સાતમી નારકીની અપેક્ષાએ છે.

અસુરકુમાર દેવના મારણાંતિક સમુદ્‌ઘાતના પુદ્‌ગલોથી વ્યાપ્ત થતું ક્ષેત્ર પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગનું અને ઉત્કૃષ્ટ અસંખ્યાત યોજનનું છે. કોઈ અસુરકુમાર યથાયોગ્ય અધ્યવસાયથી પોતાના જ કુંડલાદિ આભૂષણોમાં પૃથ્વીકાયિકાદિરૂપે ઉત્પન્ન થાય છે તેની અપેક્ષાએ જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગનું ક્ષેત્ર થાય છે.

શેષ સર્વ જીવોમાં મારણાંતિક સમુદ્‌ઘાતના પુદ્‌ગલોથી વ્યાપ્ત થતું ક્ષેત્ર અસુરકુમાર દેવોની સમાન જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગનું અને ઉત્કૃષ્ટ અસંખ્યાત યોજનનું છે.

૨૪ દંડકના જીવોમાં મારણાંતિક સમુદ્‌ઘાતના પુદ્‌ગલોને વ્યાપ્ત અને સ્પૃષ્ટ થવાનો સમય તે-તે જીવોની વિગ્રહગતિ અનુસાર નિશ્ચિત થાય છે. સમુચ્ચય જીવ અને એકેન્દ્રિય જીવો સમસ્ત લોકમાં વ્યાપ્ત હોવાથી તેની વિગ્રહગતિનો સમય જઘન્ય એક, બે, ત્રણ સમય, ઉત્કૃષ્ટ ચાર સમય થાય છે. તેમાં ત્રસનાડીમાં સ્થિત જીવોની વિગ્રહગતિમાં ત્રણ સમય અને ત્રસનાડીથી બહાર સ્થાવરનાડીમાં સ્થિત જીવોની વિગ્રહગતિમાં ચાર સમય થાય છે. વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, નારક અને દેવો ત્રસનાડીમાં સ્થિત હોવાથી તેની વિગ્રહગતિમાં ઉત્કૃષ્ટ ત્રણ સમય જ થાય છે.

**વૈક્રિય સમુદ્‌ઘાતયુક્ત જીવોનાં ક્ષેત્ર, કાળ અને ક્રિયા :–**

**૭૪ जीवे णं भंते ! वेउव्वियसमुग्घाएणं समोहए समोहणित्ता जे पोग्गले णिच्छुभइ तेहि णं भंते ! पोग्गलेहिं केवइए खेत्ते अफुण्णे केवइए खेत्ते फुडे ?**

**गोयमा ! सरीरप्पमाणमेत्ते विक्खंभबाहल्लेणं, आयामेणं जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं उक्कोसेणं संखेज्जाइं जोयणाइं एगदिसिं विदिसिं वा एवइए खेत्ते अफुण्णे एवइए खेत्ते फुडे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈક્રિય સમુદ્‌ઘાતવાળા જીવ, વૈક્રિય સમુદ્‌ઘાત દ્વારા જે પુદ્‌ગલોને

બહાર કાઢે છે તે પુદ્ગલોથી કેટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય છે અને કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પહોળાઈ અને જાડાઈથી શરીર પ્રમાણ અને લંબાઈમાં જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું તથા ઉત્કૃષ્ટ સંખ્યાત યોજન જેટલું ક્ષેત્ર એક દિશામાં અથવા વિદિશામાં વ્યાપ્ત થાય છે અને સ્પૃષ્ટ થાય છે.

**૭૫ से णं भंते ! खेत्ते केवइकालस्स अफुण्णे, केवइकालस्स फुडे ?**

**गोयमा ! एगसमइएण वा, दुसमइएण वा, तिसमइएण वा विग्गहेण एवइकालस्स अफुण्णे एवइकालस्स फुडे । सेसं तं चेव** *जाव* **पंचकिरिया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૂર્વોક્ત ક્ષેત્ર કેટલા કાળમાં વ્યાપ્ત થાય છે અને કેટલા કાળમાં સ્પૃષ્ટ થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક સમય, બે સમય કે ત્રણ સમયના વિગ્રહથી તે ક્ષેત્ર વ્યાપ્ત થાય છે અને સ્પૃષ્ટ થાય છે. શેષ સમસ્ત વર્ણન પૂર્વવત્ જાણવું ***યાવત્*** પાંચ ક્રિયાઓ લાગે છે, ત્યાં સુધીનું કથન કરવું જોઈએ.

**૭૬ एवं णेरइए वि, णवरं– आयामेणं जहण्णेणं अंगुलस्स संखेज्जइभागं, उक्कोसेणं संखेज्जाइ जोयणाइं एगदिसिं, एवइए खेत्ते अफुण्णे एवइए खेत्ते फुडे । केवइकालस्स अफुण्णे, तं चेव जहा जीवपए ।**

**एवं जहा णेरइयस्स तहा असुरकुमारस्स, णवरं– एगदिसिं विदिसिं वा । एवं** *जाव* **थणियकुमारस्स ।**

**वाउक्काइयस्स जहा जीवपए, णवरं– एगदिसिं । पंचेंदियतिरिक्खजोणियस्स णिरवसेसं जहा णेरइयस्स । मणूस-वाणमंतर-जोइसिय-वेमाणियस्स णिरवसेसं जहा असुरकुमारस्स ।**

**ભાવાર્થ :–** આ રીતે નૈરયિકોના વૈક્રિય સમુદ્ઘાતની વક્તવ્યતા પણ કહેવી જોઈએ. વિશેષતા એ છે કે નૈરયિકોના વૈક્રિય સમુદ્ઘાત દ્વારા લંબાઈમાં અંગુલના સંખ્યાતમા ભાગ જેટલું અને ઉત્કૃષ્ટ સંખ્યાત યોજન જેટલું ક્ષેત્ર એક દિશામાં વ્યાપ્ત થાય અને સ્પૃષ્ટ થાય છે. આ ક્ષેત્ર કેટલા કાળમાં વ્યાપ્ત થાય વગેરે સમસ્ત વર્ણન સમુચ્ચય જીવ પદની સમાન જાણવું જોઈએ.

જેવી રીતે નૈરયિકોનું કથન છે, તેવી જ રીતે અસુરકુમાર દેવોના વૈક્રિય સમુદ્ઘાતનું કથન પણ જાણવું. વિશેષતા એ છે કે દેવોના વૈક્રિય સમુદ્ઘાતજન્ય પુદ્ગલો એકદિશા કે વિદિશામાં પણ વ્યાપ્ત થાય છે. આ પ્રમાણે ***યાવત્*** સ્તનિતકુમાર દેવો સુધીનું વર્ણન જાણવું જોઈએ.

વાયુકાયિક જીવોના વૈક્રિય સમુદ્ઘાતનું કથન જીવપદની સમાન કહેવું, વિશેષતા એ છે કે વાયુકાયના વૈક્રિય સમુદ્ઘાતજન્ય પુદ્ગલો માત્ર એક દિશામાં જ વ્યાપ્ત થાય છે. પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના વૈક્રિય સમુદ્ઘાતનું સમગ્ર કથન નૈરયિકોની સમાન જાણવું જોઈએ. મનુષ્ય, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકના વૈક્રિય સમુદ્ઘાતનું સંપૂર્ણ કથન અસુરકુમાર દેવોની સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વૈક્રિયસમુદ્‌ઘાતજન્ય પુદ્‌ગલોની ક્ષેત્ર સ્પર્શના અને તેના કાલનું નિરૂપણ છે.

**ક્ષેત્રસ્પર્શના–** વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થયેલો જીવ વૈક્રિય સમુદ્‌ઘાત દ્વારા જે પુદ્‌ગલોને બહાર કાઢે છે તે પુદ્‌ગલો પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગના અને ઉત્કૃષ્ટ સંખ્યાત યોજન સુધીના ક્ષેત્રને વ્યાપ્ત કરે છે અને તેટલા જ ક્ષેત્રને સ્પૃષ્ટ કરે છે.

વૈક્રિય સમુદ્‌ઘાત કરનારા જીવ પ્રારંભમાં સંખ્યાત યોજનનો જ દંડ કાઢે છે અને ઉત્કૃષ્ટ સાધિક એક લાખ યોજનનું વૈક્રિય શરીર બનાવે છે, તેથી વૈક્રિય સમુદ્‌ઘાતનું ઉત્કૃષ્ટ ક્ષેત્ર સંખ્યાત યોજનનું થાય છે.

**નારકી, દેવતા, તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્યો** વૈક્રિય સમુદ્‌ઘાતજન્ય પુદ્‌ગલો દ્વારા જઘન્ય અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત યોજન પ્રમાણ ક્ષેત્રને વ્યાપ્ત કરે છે અને **વાયુકાય** વૈક્રિય સમુદ્‌ઘાતજન્ય પુદ્‌ગલો દ્વારા જઘન્ય-ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગના ક્ષેત્રને જ વ્યાપ્ત કરે છે.

જ્યારે કોઈ જીવ વૈક્રિય સમુદ્‌ઘાતને પ્રાપ્ત થઈને મારણાંતિક સમુદ્‌ઘાતને પ્રાપ્ત થાય, તો તેના આત્મ પ્રદેશોનો વિસ્તાર અસંખ્યાત યોજનનો પણ થઈ શકે છે પરંતુ તે મારણાંતિક સમુદ્‌ઘાતજન્ય હોવાથી વૈક્રિય સમુદ્‌ઘાતના પુદ્‌ગલોથી વ્યાપ્ત થતાં ક્ષેત્રમાં તેની વિવક્ષા થતી નથી.

**ક્ષેત્ર સ્પર્શનાની દિશા :–** વૈક્રિય સમુદ્‌ઘાત કરતા નારકી, તિર્યંચ પંચેન્દ્રિય અને વાયુકાયિક જીવો નિયમા એક જ દિશાના ક્ષેત્રને સમુદ્‌ઘાતજન્ય પુદ્‌ગલોથી વ્યાપ્ત અને સ્પૃષ્ટ કરે છે, કારણ કે નારકી પરાધીન અને અલ્પ ઋદ્ધિમાન હોય છે, પંચેન્દ્રિય તિર્યંચ પણ અલ્પઋદ્ધિમાન હોય છે અને વાયુકાયિક જીવો વિશિષ્ટ ચેતનાથી રહિત હોય છે, તેથી જ્યારે તેઓ વૈક્રિય સમુદ્‌ઘાતનો પ્રારંભ કરે છે, ત્યારે સ્વભાવથી જ તે જીવોના આત્મપ્રદેશોનો દંડ તથા સમુદ્‌ઘાતજન્ય પુદ્‌ગલોનું ગમન શ્રેણિ અનુસાર એક દિશામાં જ થાય છે. તેના પુદ્‌ગલોનું વિશ્રેણિમાં ગમન થતું નથી. ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ તથા મનુષ્ય સ્વેચ્છાપૂર્વક વિહાર કરનારા છે અને વિશિષ્ટ લબ્ધિ સંપન્ન પણ હોય છે, તેથી તેઓ વિશિષ્ટ પ્રયત્ન દ્વારા વૈક્રિય સમુદ્‌ઘાતજન્ય પુદ્‌ગલોને વિદિશામાં પણ વ્યાપ્ત કરી શકે છે.

**કાલ પરિમાણ :–** વાયુકાયને છોડીને વૈક્રિય સમુદ્‌ઘાત કરનારા જીવો ત્રસ હોવાથી ત્રસનાડીમાં જ હોય છે, પરંતુ વૈક્રિય સમુદ્‌ઘાત કરનારા વાયુકાયિકો પણ પ્રાયઃ ત્રસનાડીમાં જ ઉત્પન્ન થાય છે. તેથી વૈક્રિય સમુદ્‌ઘાત ત્રસનાડીમાં થાય છે, તેથી તે-તે જીવોની વિગ્રહગતિ અનુસાર તેના પુદ્‌ગલો એક, બે, ત્રણ સમયમાં એટલા ક્ષેત્રને વ્યાપ્ત કરે છે.

**ક્રિયા :–** સમુદ્‌ઘાતજન્ય પુદ્‌ગલોથી અન્ય જીવોની પરિતાપના કે હિંસા થવાથી (૧) સમુદ્‌ઘાત કરનારા જીવને, (૨) સમુદ્‌ઘાતના પુદ્‌ગલોથી સ્પૃષ્ટ જીવોને તથા (૩) પરંપરાથી અન્ય જીવોને ત્રણ, ચાર કે પાંચ ક્રિયા લાગે છે.

**તૈજસ સમુદ્‌ઘાતયુક્ત જીવોનાં ક્ષેત્ર, કાળ અને ક્રિયા :–**

**૭૭ जीवे णं भंते ! तेयगसमुग्घाएणं समोहए समोहणित्ता जे पोग्गले णिच्छुभइ तेहि णं भंते ! पोग्गलेहिं केवइए खेत्ते अफुण्णे पुच्छा ? एवं जहेव वेउव्विय-समुग्घाए तहेव, णवरं– आयामेणं जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, सेसं तं**

**चेव । एवं** *जाव* **वेमाणियस्स, णवरं- पंचेंदियतिरिक्ख-जोणियस्स एग दिसिं एवइए खेत्ते अफुण्णे, एवइए खेत्ते फुडे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તૈજસ સમુદ્‌ઘાતથી સમવહત થયેલા જીવો તૈજસ સમુદ્‌ઘાત દ્વારા જે પુદ્‌ગલોને પોતાના શરીરથી બહાર કાઢે છે, તો હે ભગવન્ ! તે પુદ્‌ગલોથી કેટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય છે અને કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે વૈક્રિય સમુદ્‌ઘાતના પુદ્‌ગલોથી વ્યાપ્ત થતાં ક્ષેત્રનું કથન કર્યું છે, તે જ રીતે તૈજસ સમુદ્‌ઘાતના પુદ્‌ગલોથી વ્યાપ્ત થતા ક્ષેત્રનું કથન સમજવું, વિશેષતા માત્ર એ છે કે તૈજસ સમુદ્‌ઘાતના પુદ્‌ગલોથી વ્યાપ્ત થતું ક્ષેત્ર લંબાઈમાં જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગનું છે. શેષ સમસ્ત વક્તવ્યતા વૈક્રિય સમુદ્‌ઘાતની  સમાન છે.

આ જ રીતે વૈમાનિક સુધીની વક્તવ્યતા જાણવી જોઈએ. વિશેષતા એ છે કે પંચેન્દ્રિય તિર્યંચ એક જ દિશામાં પૂર્વોક્ત ક્ષેત્રને વ્યાપ્ત અને સ્પૃષ્ટ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં તૈજસ સમુદ્‌ઘાત યુક્ત જીવના ક્ષેત્ર અને કાલનું કથન છે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવ, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં તેજોલબ્ધિ હોય છે. તેજોલબ્ધિનો પ્રયોગ કરે, ત્યારે તેના પ્રારંભકાલમાં તૈજસ સમુદ્‌ઘાત થાય છે.

તૈજસ સમુદ્‌ઘાતથી સમવહત થયેલો જીવ તૈજસ સમુદ્‌ઘાત દ્વારા જે પુદ્‌ગલોને બહાર કાઢે છે તે પુદ્‌ગલોથી પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગનું અને ઉત્કૃષ્ટ સંખ્યાત યોજન સુધીનું ક્ષેત્ર વ્યાપ્ત થાય છે અને તેટલું જ ક્ષેત્ર સ્પૃષ્ટ થાય છે. વૈક્રિય સમુદ્‌ઘાતમાં જઘન્ય અંગુલના સંખ્યાતમા ભાગનું ક્ષેત્ર વ્યાપ્ત થાય છે પરંતુ તૈજસ સમુદ્‌ઘાતમાં જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગનું ક્ષેત્ર વ્યાપ્ત થાય છે, તેમાં તિર્યંચ પંચેન્દ્રિયના તૈજસ સમુદ્‌ઘાતજન્ય પુદ્‌ગલો કોઈપણ એક દિશામાં જ વ્યાપ્ત થાય છે અને મનુષ્ય તથા દેવતાના તૈજસ સમુદ્‌ઘાતજન્ય પુદ્‌ગલો દિશા અને વિદિશા બંનેમાં વ્યાપ્ત થઈ શકે છે.

તૈજસ સમુદ્‌ઘાતજન્ય પુદ્‌ગલોની વ્યાપ્ત થવાની પ્રક્રિયા એક, બે કે ત્રણ સમયમાં થાય છે.

**આહારક સમુદ્‌ઘાતયુક્ત જીવોના ક્ષેત્ર કાળ અને ક્રિયા :–**

**૭૮ जीवे णं भंते ! आहारगसमुग्घाएणं समोहए समोहणित्ता जे पोग्गले णिच्छुभइ तेहि णं भंते ! पोग्गलेहिं केवइए खेत्ते अफुण्णे केवइए खेत्ते फुडे ।**

**गोयमा ! सरीरपमाणमेत्ते विक्खंभ-बाहल्लेणं, आयामेणं– जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं उक्कोसेणं संखेज्जाइं जोयणाइं एगदिसिं, एवइए खेत्ते अफुण्णे, एवइए खेत्ते फुडे ।**

**एगसमइएण वा दुसमइएण वा तिसमइएण वा विग्गहेणं एवइकालस्स अफुण्णे एवइकालस्स फुडे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આહારક સમુદ્‌ઘાતયુક્ત જીવ, આહારક સમુદ્‌ઘાત દ્વારા જે પુદ્‌ગલોને પોતાના શરીરથી બહાર કાઢે છે, તો હે ભગવન્ ! તે પુદ્‌ગલોથી કેટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય છે તથા કેટલું ક્ષેત્ર સ્પૃષ્ટ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ તથા લંબાઈમાં જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત યોજન ક્ષેત્ર એક દિશામાં તે પુદ્‌ગલોથી વ્યાપ્ત અને સ્પૃષ્ટ થાય છે. તે જીવ એક સમય, બે સમય કે ત્રણ સમયના વળાંક દ્વારા આટલા ક્ષેત્રને વ્યાપ્ત કરે છે અને સ્પૃષ્ટ કરે છે.

**૭૯ ते णं भंते ! पोग्गला केवइकालस्स णिच्छुभइ ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે પુદ્‌ગલોને કેટલા સમય સુધી બહાર કાઢે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી તે પુદ્‌ગલોને બહાર કાઢે છે.

**૮૦ ते णं भंते ! पोग्गला णिच्छूढा समाणा जाइं तत्थ पाणाइं भूयाइं जीवाइं सत्ताइं अभिहणंति** *जाव* **उद्दवेंति तओ णं भंते ! जीवे कइकिरिए ?**

**गोयमा ! सिय तिकिरिए सिय चउकिरिए सिय पंचकिरिए । ते णं भंते ! जीवा ताओ जीवाओ कइकिरिया ? गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બહાર નીકળેલા તે પુદ્‌ગલો ત્યાં જે પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોનો અભિઘાતાદિ કરે છે ***યાવત્*** તેને પ્રાણ રહિત કરી દે, તો હે ભગવન્ ! તે સમુદ્‌ઘાત કરનારા જીવને કેટલી ક્રિયાઓ લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ ત્રણ ક્રિયા, કદાચિત્ ચાર ક્રિયા અને કદાચ પાંચ ક્રિયા લાગે છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! આહારક સમુદ્‌ઘાત દ્વારા કાઢેલા પુદ્‌ગલોથી સ્પૃષ્ટ જીવોને સમુદ્‌ઘાત કરનારા જીવના નિમિત્તે કેટલી ક્રિયાઓ લાગે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આ જ રીતે ત્રણ, ચાર કે પાંચક્રિયા લાગે છે.

**૮૧ से णं भंते ! जीवे ते य जीवा अण्णेसिं जीवाणं परंपराघाएणं कइकरिया? गोयमा ! तिकिरिया वि चउकिरिया वि पंचकिरिया वि । एवं मणूसे वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે સમુદ્‌ઘાત કરનારા જીવને તથા સામુદ્‌ઘાતિક પુદ્‌ગલોથી સ્પૃષ્ટ તે જીવો (બંને)ને અન્ય જીવોનો પરંપરાએ ઘાત થવાથી કેટલી ક્રિયાઓ લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ ત્રણ ક્રિયા પણ લાગે, ચાર ક્રિયા પણ લાગે અને પાંચ ક્રિયા પણ લાગે છે. આ જ રીતે મનુષ્યમાં આહારક સમુદ્‌ઘાતની વક્તવ્યતા સમજી લેવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં આહારક સમુદ્‌ઘાતયુક્ત જીવના ક્ષેત્ર, કાલ અને ક્રિયાનું નિરૂપણ છે.

આહારક શરીર ચૌદપૂર્વધારી આહારક લબ્ધિસંપન્ન મુનિઓને જ હોય છે. તે મુનિ આહારક લબ્ધિનો પ્રયોગ કરે ત્યારે આહારક સમુદ્‌ઘાત કરે છે. તે જીવ આહારક સમુદ્‌ઘાત દ્વારા જે પુદ્‌ગલોને

બહાર કાઢે છે, તે પુદ્ગલો પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ, અને લંબાઈમાં જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા યોજનના ક્ષેત્રને એક દિશામાં વ્યાપ્ત કરે છે, તેટલા જ ક્ષેત્રને સ્પૃષ્ટ કરે છે.

આહારક સમુદ્ઘાત કરનારા મનુષ્યના સમુદ્ઘાતજન્ય પુદ્ગલોથી અન્ય જીવોની વિરાધના થાય, તો તે મનુષ્યને ત્રણ, ચાર અથવા પાંચ ક્રિયા લાગે છે. તેમજ તે પુદ્ગલોથી સ્પૃષ્ટ જીવોને પણ સમુદ્ઘાત કરનાર જીવની અપેક્ષાએ ત્રણ, ચાર અથવા પાંચ ક્રિયા લાગે અને સમુદ્ઘાત કરનાર મનુષ્યો અને સ્પૃષ્ટ જીવોના નિમિત્તે બીજા જીવોની વિરાધના થાય તો તે બંનેને ત્રણ, ચાર અને પાંચ ક્રિયા લાગે છે.

**સાત સમુદ્ઘાતના ક્ષેત્ર–કાલ–ક્રિયા :–**

| સમુદ્ઘાત | સમુદ્ઘાત સમયે વ્યાપ્ત થતું ક્ષેત્ર | સમુદ્ઘાત સમયે વ્યાપ્ત થતી દિશા | વ્યાપ્ત થવાનો સમય | સમુદ્ઘાતનું કાલમાન | સમુદ્ઘાતમાં ક્રિયાઓ |
|---|---|---|---|---|---|
| ૧–૨ વેદના અને કષાય | પહોળાઈ-જાડાઈમાં શરીર પ્રમાણ | ૬ દિશામાં | ૧–૨–૩ સમય | અંતર્મુહૂર્ત | ૩–૪ કે ૫ |
| ૩. મારણાંતિક | પહોળાઈ-જાડાઈમાં શરીર પ્રમાણ,લંબાઈ-જઘ૦ અંગુલનો અસં૦ ભાગ, ઉ૦ અસં૦ યોજન | ઉત્પત્તિ સ્થાનની એક દિશામાં | ૧–૨–૩–૪ સમય | અંતર્મુહૂર્ત | ૩–૪ કે ૫ |
| ૪. વૈક્રિય | પહોળાઈ-જાડાઈમાં શરીર પ્રમાણ, લંબાઈ–જઘન્ય અંગુલનો અસં૦ ભાગ (વાયુની અપેક્ષા),ઉ૦ સંખ્યાત યોજન | નારકી, તિર્યંચ અને વાયુ– એક દિશામાં. મનુષ્ય, દેવ– એક દિશામાં કે વિદિશામાં | ૧–૨–૩ સમય | અંતર્મુહૂર્ત | ૩–૪ કે ૫ |
| ૫. તૈજસ | પહોળાઈ-જાડાઈમાં શરીર પ્રમાણ, લંબાઈ–જઘન્ય અંગુલનો અસં૦ ભાગ, ઉત્કૃષ્ટ સંખ્યાત યોજન | એક દિશામાં કે વિદિશામાં તિર્યંચમાં– એક દિશામાં | ૧–૨–૩ સમય | અંતર્મુહૂર્ત | ૩–૪ કે ૫ |
| ૬. આહારક | પહોળાઈ-જાડાઈમાં શરીર પ્રમાણ, લંબાઈ-જઘ૦ અંગુલનો અસં૦ ભાગ, ઉત્કૃષ્ટ સંખ્યાત યોજન | અનુલક્ષિત એક દિશામાં | ૧–૨–૩ સમય | અંતર્મુહૂર્ત | ૩–૪ કે ૫ |
| ૭. કેવળી | સમસ્ત લોક | છ દિશામાં | ચોથા સમયે | ૮ સમય | અક્રિય છે. |

**एगदिसि**– વેદના, કષાય અને કેવળી સમુદ્ઘાત, આ ત્રણ સમુદ્ઘાતમાં આત્મપ્રદેશોનો વિસ્તાર છ એ દિશામાં થાય છે પરંતુ મારણાંતિક, વૈક્રિય, તૈજસ અને આહારક સમુદ્ઘાત, આ ચાર સમુદ્ઘાતમાં આત્મપ્રદેશોનો વિસ્તાર પોતાના લક્ષ્ય પ્રમાણે કોઈ પણ એક જ દિશામાં થાય છે. તેમ છતાં વૈક્રિયાદિ સમુદ્ઘાતમાં દંડ પ્રમાણ ક્ષેત્રને વ્યાપ્ત થવામાં એક, બે કે ત્રણ સમય લાગે છે કારણ કે આત્મપ્રદેશોનો તે દંડ શરીરગત પોલાણ ભાગોને પૂરિત કરીને બહાર નીકળે છે. શરીરના પોલાણ ભાગો શ્રેણી–વિશ્રેણી અનુસાર હોય, તે પ્રમાણે તેમાં એક, બે કે ત્રણ સમય વ્યતીત થાય છે.

**एवं मणूसेवि–** આહારક સમુદ્દ્ઘાત મનુષ્યોને જ થાય છે તેથી સમુચ્ચય જીવપદમાં જે આહારક સમુદ્દ્ઘાતની પ્રરૂપણા કરવામાં આવી છે તેમાં મનુષ્યનો અંતર્ભાવ થઈ જ જાય છે, તથાપિ દંડક ક્રમથી પ્રાપ્ત મનુષ્યના આહારક સમુદ્દ્ઘાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેનાથી સ્પષ્ટ થાય છે કે ત્રેવીસ દંડકના જીવોમાં આહારક સમુદ્દ્ઘાત થતો નથી, માત્ર એક મનુષ્યના દંડકમાં જ આહારક સમુદ્દ્ઘાત થાય છે. સમુચ્ચય જીવપદમાં તો સમસ્ત સંસારી જીવો તેમ જ સિદ્ધોનો પણ સમાવેશ થઈ જાય છે. આ બધામાંથી આહારક સમુદ્દ્ઘાતના કર્તાના નિર્ણય માટે શાસ્ત્રકારે દંડક ક્રમથી મનુષ્યની પૃચ્છા કરી છે અને સ્પષ્ટ કર્યું છે કે માત્ર મનુષ્યમાં જ આહારક સમુદ્દ્ઘાત છે, અન્ય દંડકમાં નથી.

**કેવળી સમુદ્દ્ઘાતના નિર્જીર્ણ પુદ્ગલોની લોકવ્યાપકતા :–**

**૮૨** **अणगारस्स णं भंते ! भावियप्पणो केवलिसमुग्घाएणं समोहयस्स जे चरिमा णिज्जरापोग्गला, सुहुमा णं ते पोग्गला पण्णत्ता समणाउसो ! सव्वलोगं पि य णं ते फुसित्ताणं चिट्ठंति ?**

**हंता गोयमा ! अणगारस्स भावियप्पणो केवलिसमुग्घाएणं समोहयस्स जे चरिमा णिज्जरापोग्गला, सुहुमा णं ते पोग्गला पण्णत्ता समणाउसो ! सव्वलोगं पि य णं ते फुसित्ताणं चिट्ठंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવળી સમુદ્દ્ઘાતથી સમવહત ભાવિતાત્મા અણગારના જે ચરમ– અંતિમ નિર્જરાના-પુદ્ગલો છે, હે આયુષ્યમાન શ્રમણપ્રવર ! તે પુદ્ગલો શું સૂક્ષ્મ હોય છે ? શું તે પુદ્ગલો સંપૂર્ણ લોકને સ્પર્શીને રહે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! કેવળી સમુદ્દ્ઘાતથી સમવહત ભાવિતાત્મા અણગારના જે ચરમ નિર્જરાના પુદ્ગલો હોય છે, તે પુદ્ગલો સૂક્ષ્મ હોય છે તથા તે પુદ્ગલો સંપૂર્ણ લોકને સ્પર્શીને રહે છે.

**૮૩** **छउमत्थे णं भंते ! मणूसे तेसिं णिज्जरापोग्गलाणं किंचि वण्णेणं वण्णं, गंधेणं गंधं, रसेणं रसं, फासेण फासं जाणइ पासइ ? गोयमा ! णो इणट्ठे समट्ठे। से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– छउमत्थे णं मणूसे तेसिं णिज्जरापोग्गलाणं णो किंचि वि वण्णेणं वण्णं, गंधेणं गंधं, रसेणं रसं, फासेणं फासं जाणइ पासइ ?**

**गोयमा ! अयण्णं जंबुद्दीवे दीवे सव्वदीव-समुद्दाणं सव्वब्भंतराए सव्वखुड्डाए वट्टे तेल्लापूय-संठाणसंठिए, वट्टे रहचक्कवालसंठाणसंठिए, वट्टे पुक्खरकण्णिया-संठाणसंठिए, वट्टे पडिपुण्णचंदसंठाणसंठिए एगे जोयणसयसहस्सं आयाम-विक्खभेणं, तिण्णि य जोयणसयसहस्साइं सोलस य सहस्साइं दोण्णि य सत्तावीसे जोयणसए तिण्णि य कोसे अट्ठावीसं च धणुसयं तेरस य अंगुलाइं अद्धंगुलं च किंचि विसेसाहिए परिक्खेवेणं पण्णत्ते ।**

**देवे णं महिड्ढीए** *जाव* **महासोक्खे एगे महं सविलेवणं गंधसमुग्गयं गहाय तं अवदालेइ, तं महं एगं सविलेवणं गंधसमुग्गयं अवदालेत्ता इणामेव कट्टु**

**केवलकप्पं जंबुद्दीवं दीवं तिहिं अच्छरा-णिवाएहिं तिसत्तखुत्तो अणुपरियट्टित्ता णं हव्वमागच्छेज्जा; से णूणं गोयमा ! से केवलकप्पे जंबुद्दीवे दीवे तेहिं घाणपोग्गलेहिं फुडे ? हंता फुडे ।**

**छउमत्थे णं गोयमा ! मणूसे तेसिं घाणपोग्गलाणं किंचि वण्णेणं वण्णं गंधेणं गंधं, रसेणं रसं, फासेणं फासं जाणइ पासइ ? भगवं ! णो इणट्ठे समट्ठे।**

**से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-छउमत्थे णं मणूसे तेसिं णिज्जरापोग्गलाणं णो किंचि वण्णेणं वण्णं गंधेणं गंधं रसेणं रसं फासेणं फासं जाणइ पासइ, एसुहुमा णं ते पोग्गला पण्णत्ता समणाउसो ! सव्वलोगं पि य णं फुसित्ता णं चिट्ठंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરાના પુદ્‌ગલોના વર્ણને ચક્ષુરિન્દ્રિયથી, ગંધને ઘ્રાણેન્દ્રિયથી, રસને રસનેન્દ્રિયથી અથવા સ્પર્શને સ્પર્શેન્દ્રિયથી જાણે છે અને જુએ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા કરેલા પુદ્‌ગલોના વર્ણને ચક્ષુઈન્દ્રિયથી, ગંધને ઘ્રાણેન્દ્રિયથી, રસને રસનેન્દ્રિયથી તથા સ્પર્શને સ્પર્શેન્દ્રિયથી જરા માત્ર પણ જાણી કે જોઈ શકતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ જંબૂદ્વીપ નામનો દ્વીપ સમસ્ત દ્વીપ-સમુદ્રોની વચ્ચે છે, તે સૌથી નાનો છે, ગોળાકાર છે, તેલમાં તળેલા પૂડલાના આકારનો છે, રથના ચક્રના આકારનો ગોળ છે, કમળ કર્ણિકાના આકાર જેવો ગોળ છે, પરિપૂર્ણ ચંદ્રમાના આકાર જેવો ગોળ છે. તેની લંબાઈ અને પહોળાઈ એક લાખ યોજન છે, ત્રણ લાખ, સોળ હજાર, બસો સત્તાવીશ યોજન, ત્રણકોશ, એકસો અઠ્ઠાવીશ ધનુષ, સાડા તેર અંગુલથી કાંઈક અધિક પરિધિથી યુક્ત છે. એક મહર્દ્ધિક ***યાવત્*** મહાસૌખ્ય સંપન્ન દેવ વિલેપન સહિત સુગંધની એક મોટી ડબ્બીને હાથમાં લઈને તેને ખોલે છે પછી વિલેપન યુક્ત સુગંધની ખુલેલી તે મોટી ડબ્બીને આ પ્રમાણે હાથમાં લઈને આખા જંબૂદ્વીપ નામના દ્વીપને ત્રણ ચપટી વગાડે એટલા સમયમાં એકવીસવાર ચક્કર મારી શીઘ્ર પાછો આવે, તો હે ગૌતમ ! તે ગંધના પુદ્‌ગલોથી શું સંપૂર્ણ જંબૂદ્વીપ સ્પૃષ્ટ થઈ જાય છે ? હા ભગવન્ ! તે સ્પૃષ્ટ થઈ જાય.

**પ્રશ્ન–** હે ગૌતમ ! છદ્મસ્થ મનુષ્ય સમગ્ર જંબૂદ્વીપમાં વ્યાપ્ત તે ગંધના પુદ્‌ગલોના વર્ણને ચક્ષુથી, ગંધને નાસિકાથી, રસને રસેન્દ્રિયથી અને સ્પર્શને સ્પર્શેન્દ્રિયથી જરામાત્ર પણ જાણી કે જોઈ શકે છે ? **ઉત્તર–** હે ભગવન્ ! તે શક્ય નથી.

તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહેવાય છે કે છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્‌ગલોના વર્ણને નેત્રથી, ગંધને નાસિકાથી, રસને જિહ્વાથી અને સ્પર્શને સ્પર્શેન્દ્રિયથી જરામાત્ર પણ જાણી-જોઈ શકતા નથી. હે આયુષ્યમાન શ્રમણ ! તે નિર્જરાના પુદ્‌ગલો એટલા સૂક્ષ્મ છે તથા તે સંપૂર્ણ લોકને સ્પર્શીને રહ્યા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કેવળી સમુદ્ઘાતના ચરમ નિર્જરાના પુદ્‌ગલોની સૂક્ષ્મતા, લોક વ્યાપકતા અને છદ્મસ્થ જીવોની તે પુદ્‌ગલોને જાણવાની અક્ષમતાનું નિરૂપણ છે.

કેવળી સમુદ્ઘાતથી સમવહત ભાવિતાત્મા અણગારના ચરમ(ચોથા) સમયવર્તી નિર્જરાના પુદ્ગલો અત્યંત સૂક્ષ્મ હોય છે અને તે પુદ્ગલો સંપૂર્ણ લોકમાં વ્યાપીને રહે છે. છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા-પુદ્ગલોના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શને જરામાત્ર પણ જાણી-જોઈ શકતા નથી, કારણ કે તે પુદ્ગલો અત્યંત સૂક્ષ્મ છે અને તે સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત છે, તેથી છદ્મસ્થ મનુષ્યો ચરમ નિર્જરાના તે પુદ્ગલોને જાણી-જોઈ શકતા નથી. સૂત્રકારે દેવ દ્વારા લોકવ્યાપક થયેલા ગંધ દ્રવ્યના દૃષ્ટાંતથી વિષય સ્પષ્ટ કર્યો છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

પ્રસ્તુત પ્રસંગમાં ચરમ નિર્જરા પુદ્ગલોને નહીં જાણવાના ઉત્તરમાં છદ્મસ્થ મનુષ્યથી સામાન્ય જ્ઞાની એટલે મતિ-શ્રુતજ્ઞાની સમજવા જોઈએ, કારણ કે વિશિષ્ટ અવધિજ્ઞાની મનુષ્યો ચરમ નિર્જરાના પુદ્ગલોને જાણી શકે છે.

**કેવળી સમુદ્ઘાતનું પ્રયોજન :–**

**૮૪** **कम्हा णं भंते ! केवली समुग्घायं गच्छइ ?**

**गोयमा ! केवलिस्स चत्तारि कम्मंसा अक्खीणा अवेइया अणिज्जिण्णा भवंति, तं जहा– वेयणिज्जे, आउए, णामे, गोए । सव्वबहुप्पएसे से वेयणिज्जे कम्मे भवइ, सव्वत्थोवे से आउए कम्मे भवइ ।**

**विसमं सम करेइ, बंधणेहिं ठिईहि य ।**
**विसमसमीकरणयाए, बंधणेहिं ठिईहि य ॥**

**एवं खलु केवली समोहण्णइ, एवं खलु समुग्घायं गच्छइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કયા પ્રયોજનથી કેવળી ભગવાન સમુદ્ઘાત કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કેવળી ભગવાનના ચાર કર્માંશ ક્ષીણ થયા નથી, વેદન થયું નથી, નિર્જરા થઈ નથી, તે આ પ્રમાણે છે– (૧) વેદનીય, (૨) આયુષ્ય (૩) નામ અને (૪) ગોત્ર. તેમાં તે કેવળી ભગવાનને સૌથી વધુ પ્રદેશોવાળું વેદનીય કર્મ હોય છે અને સૌથી ઓછા પ્રદેશોવાળું આયુષ્યકર્મ હોય છે.

**ગાથાર્થ–** ત્યારે તે અનુભાગબંધથી અને સ્થિતિબંધથી વિષમ કર્મોને સમ કરે છે. અનુભાગબંધ અને સ્થિતિબંધથી વિષમ કર્મોને સમાન કરવા માટે કેવળી ભગવંતો, કેવળી સમુદ્ઘાત કરે છે, આ રીતે કેવળી સમુદ્ઘાતને પ્રાપ્ત થાય છે.

**૮૫** **सव्वे वि णं भंते ! केवली समोहण्णंति ? सव्वे वि णं भंते ! केवली समुग्घायं गच्छंति ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**जस्साउएण तुल्लाइं, बधणेहिं ठिईहि य ।**
**भवोवग्गहकम्माइं, समुग्घायं से ण गच्छइ ॥१॥**

**अगंतूणं समुग्घायं, अणंता केवली जिणा ।**
**जर-मरणविप्पमुक्का, सिद्धिं वरगइं गया ॥२॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બધા કેવળી ભગવાન, કેવળી સમુદ્‌ઘાત કરે છે ? બધા કેવળી સમુદ્‌ઘાતને પ્રાપ્ત થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**ગાથાર્થ–** જે કેવળી ભગવાનના ભવોપગ્રાહી કર્મો, અનુભાગબંધ અને સ્થિતિબંધની અપેક્ષાએ આયુષ્યકર્મની સમાન હોય છે, તે કેવળી ભગવંતો, કેવળી સમુદ્‌ઘાત કરતા નથી. ॥૧॥

અનંત કેવળજ્ઞાની જિનેન્દ્ર ભગવંતો કેવળી સમુદ્‌ઘાત કર્યા વિના જ જરા અને મરણથી સર્વથા મુક્ત થયા છે તથા શ્રેષ્ઠ સિદ્ધગતિને પ્રાપ્ત થયા છે. ॥૨॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કેવળી સમુદ્‌ઘાતનું પ્રયોજન સ્પષ્ટ કર્યું છે.

જે કેવળી ભગવાનના આયુષ્યકર્મની સ્થિતિ અલ્પ હોય અને શેષ વેદનીય, નામ, ગોત્ર કર્મની સ્થિતિ અને પ્રદેશ અધિક હોય, તે કેવળી ભગવાન કર્મોની વિષમ સ્થિતિ અને પ્રદેશોને સમાન કરવા માટે કેવળી સમુદ્‌ઘાત કરે છે.

કેવળી ભગવાનના ચાર ઘાતી કર્મોનો ક્ષય થઈ ગયો હોય છે અને શેષ ભવોપગ્રાહી ચાર અઘાતી કર્મો શેષ હોય, તે કર્મોનો સંપૂર્ણ નાશ થાય પછીજ મોક્ષ પ્રાપ્ત થાય છે. વેદનીય આદિ કર્મોનું વેદન આયુષ્યકર્મના માધ્યમથી જ થાય છે. જો આયુષ્ય કર્મની સ્થિતિ અલ્પ હોય, તો અધિક સ્થિતિવાળા વેદનીયાદિ કર્મો ભોગવી શકાતા નથી, તેથી કેવળી ભગવાન સમુદ્‌ઘાતની પ્રક્રિયા દ્વારા વેદનીયાદિ કર્મોની સ્થિતિ અને પ્રદેશોને આયુષ્ય કર્મની સમાન કરે છે.

જે કેવળી ભગવાનને છ માસથી ન્યૂન આયુષ્યકર્મ શેષ હોય ત્યારે કેવળજ્ઞાન થાય અને તેના વેદનીય, નામ, ગોત્ર કર્મની સ્થિતિ અધિક હોય, તે કેવળી ભગવાન કેવળી સમુદ્‌ઘાત કરે છે. જો કેવળી થયા પછી આયુષ્ય કર્મની સ્થિતિ છ માસ કે તેનાથી અધિક હોય, તો તે કેવળી ભગવાનને સમુદ્‌ઘાત કરવાની આવશ્યકતા રહેતી નથી.

જે કેવળી ભગવાનના ચારે અઘાતી કર્મોની સ્થિતિમાં વિષમતા ન હોય, તે કેવળી ભગવાનને અંતિમ અંતર્મુહૂર્ત સુધીમાં ગમે ત્યારે કેવળજ્ઞાન થાય તો પણ તે કેવળી સમુદ્‌ઘાત કરતા નથી. સમસ્ત તીર્થંકર ભગવંતો અને અન્ય અનેક કેવળી ભગવંતો સમુદ્‌ઘાત કર્યા વિના જ સિદ્ધ થાય છે.

**बंधणेहिं ठिईहिं :–** બંધનોથી અને સ્થિતિથી. યોગના નિમિત્તે કાર્મણ વર્ગણા આત્મા સાથે એક-મેક થઈ જાય, આત્મા સાથે બંધાઈ જાય તે બંધન છે. અહીં **बंधणेहिं** શબ્દથી પ્રદેશબંધનું ગ્રહણ થાય છે. કર્મોની આત્મા સાથે રહેવાની કાલમર્યાદાને સ્થિતિ કહે છે. તે કષાયના નિમિત્તથી નિશ્ચિત થાય છે. પ્રસ્તુત પ્રસંગમાં કર્મોની સ્થિતિ સાથે અનુભાગ બંધનું પણ ગ્રહણ થાય છે, કારણ કે કેવળી સમુદ્‌ઘાતની પ્રક્રિયામાં કર્મોની સ્થિતિ અને અનુભાગ બંનેનો નાશ થાય છે.

**भवोवग्गहकम्माइं :–** ભવોપગ્રાહીકર્મો. જીવને ભવ બંધનમાં જકડી રાખે તેવા ચારે અઘાતી કર્મોને ભવોપગ્રાહી કહે છે. કેવળી ભગવાનને કેવળજ્ઞાનાદિ પ્રગટ થઈ જવા છતાં આયુષ્ય, વેદનીય, નામ અને ગોત્ર કર્મનો નાશ ન થાય ત્યાં સુધી સદેહે રહેવું પડે છે. જ્યારે તે ચારે ય કર્મોનો નાશ થાય, ત્યારે જ સિદ્ધ ગતિને પ્રાપ્ત થાય છે.

**કેવળી સમુદ્ઘાત અને યોગ નિરોધ :-**

**૮૬ कइसमइए णं भंते ! आउज्जीकरणे पण्णत्ते ? गोयमा ! असंखेज्जसमइए अंतोमुहुत्तिए आउज्जीकरणे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આવર્જીકરણ કેટલા સમયનું હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આવર્જીકરણ અસંખ્યાત સમયના અંતર્મુહુર્તનું હોય છે.

**૮૭ कइसमइए णं भंते ! केवलिसमुग्घाए पण्णत्ते ?**

**गोयमा ! अट्ठसमइए पण्णत्ते तं जहा– पढमे समए दंडं करेइ, बिइए समए कवाडं करेइ, तइए समए मंथं करेइ, चउत्थे समए लोगं पूरेइ, पंचमे समये लोगं पडिसाहरइ, छट्ठे समए मंथं पडिसाहरइ, सत्तमे समए कवाडं पडिसाहरइ, अट्ठमे समए दंडं पडिसाहरइ, दंडं पडिसाहरित्ता तओ पच्छा सरीरत्थे भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવળી સમુદ્ઘાતના કેટલા સમય થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેના આઠ સમય થાય છે. તે આ પ્રમાણે છે– પ્રથમ સમયમાં દંડની રચના કરે છે, બીજા સમયમાં કપાટ કરે છે, ત્રીજા સમયમાં મંથાન કરે છે, ચોથા સમયમાં લોકને વ્યાપ્ત કરે છે, પાંચમા સમયમાં લોકપૂરણને સંકોચે છે, છઠ્ઠા સમયમાં મંથાનને સંકોચે છે, સાતમા સમયમાં કપાટને સંકોચે છે અને આઠમા સમયમાં દંડને સંકોચે છે અને દંડનું સંહરણ થતાં જ કેવળી ભગવાન પૂર્વવત્ શરીરસ્થ થઈ જાય છે.

**૮૮ से णं भंते ! तहासमुग्घायगए किं मणजोगं जुंजइ, वइजोगं जुंजइ, कायजोगं जुंजइ ? गोयमा ! णो मणजोगं जुंजइ, णो वइजोगं जुंजइ, कायजोगं जुंजइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તથારૂપના સમુદ્ઘાતને પ્રાપ્ત કેવળી ભગવાન શું મનોયોગનો પ્રયોગ કરે છે, વચનયોગનો પ્રયોગ કરે છે અથવા કાયયોગનો પ્રયોગ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેઓ મનયોગનો પ્રયોગ કરતા નથી, વચનયોગનો પ્રયોગ કરતા નથી પરંતુ કાયયોગનો પ્રયોગ કરે છે.

**૮૯ कायजोगण्णं भंते ! जुंजमाणे किं ओरालियसरीरकायजोगं जुंजइ, ओरालिय-मीसासरीरकायजोगं जुंजइ, वेउव्वियसरीरकायजोगं जुंजइ, वेउव्विय-मीसासरीर-कायजोगं जुंजइ, आहारगसरीरकायजोगं जुंजइ, आहारगमीसासरीर-कायजोगं जुंजइ, कम्मगसरीरकायजोगं जुंजइ ?**

**गोयमा ! ओरालियसरीरकायजोगं पि जुंजइ, ओरालियमीसासरीरकायजोगं पि जुंजइ, णो वेउव्वियसरीरकायजोगं जुंजइ, णो वेउव्वियमीसासरीरकायजोगं जुंजइ, णो आहारगसरीरकायजोगं जुंजइ, णो आहारगमीसासरीरकायजोगं जुंजइ,**

**कम्मगसरीरकायजोगं पि जुंजइ; पढमट्ठमेसु समएसु ओरालियसरीरकायजोगं जुंजइ, बिइय-छट्ठ-सत्तमेसु समएसु ओरालियमीसासरीरकायजोगं जुंजइ, तइय-चउत्थ-पंचमेसु समएसु कम्मगसरीरकायजोगं जुंजइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્‌ ! કાયયોગનો પ્રયોગ કરતાં કેવળી ભગવાન શું ઔદારિક શરીર કાયયોગનો પ્રયોગ કરે છે, ઔદારિક મિશ્ર શરીર કાયયોગનો પ્રયોગ કરે છે, વૈક્રિયશરીર કાયયોગનો પ્રયોગ કરે છે, વૈક્રિય મિશ્ર શરીર કાયયોગનો પ્રયોગ કરે છે, આહારક શરીર કાયયોગનો પ્રયોગ કરે છે, આહારક મિશ્ર શરીર કાયયોગનો પ્રયોગ કરે છે કે કાર્મણ શરીર કાયયોગનો પ્રયોગ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કાયયોગના પ્રયોગ કરતાં કેવળી ભગવાન ઔદારિક શરીર કાયયોગનો પણ પ્રયોગ કરે છે, ઔદારિક મિશ્ર શરીર કાયયોગનો પણ પ્રયોગ કરે છે, પરંતુ વૈક્રિય શરીર કાયયોગનો પ્રયોગ કરતા નથી, વૈક્રિય મિશ્ર શરીરકાયયોગનો પ્રયોગ કરતા નથી, આહારક શરીર કાયયોગનો પ્રયોગ કરતા નથી, આહારક મિશ્ર શરીર કાયયોગનો પ્રયોગ કરતા નથી, કાર્મણ શરીર કાયયોગનો પ્રયોગ કરે છે. તેમાં પહેલા અને આઠમા સમયમાં ઔદારિક શરીર કાયયોગનો પ્રયોગ કરે છે, બીજા, છટ્ઠા અને સાતમા સમયમાં ઔદારિક મિશ્ર શરીર કાયયોગનો પ્રયોગ કરે છે તથા ત્રીજા, ચોથા અને પાંચમા સમયમાં કાર્મણ શરીરકાયયોગનો પ્રયોગ કરે છે.

**९० से णं भंते ! तहासमुग्घायगए सिज्झइ बुज्झइ मुच्चइ परिणिव्वाइ सव्व-दुक्खाणं अंतं करेइ ? गोयमा ! णो इणट्ठे समट्ठे । से णं तओ पडिणियत्तइ, तओ पडिणियत्तित्ता तओ पच्छा मणजोगं पि जुंजइ, वइजोगं पि जुंजइ, कायजोगं पि जुंजइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્‌ ! તથારૂપના સમુદ્‌ઘાતને પ્રાપ્ત કેવળી શું સિદ્ધ, બુદ્ધ, મુક્ત અને પરિનિર્વાણને પ્રાપ્ત થાય છે, શું તેઓ સર્વ દુઃખોનો અંત કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. પહેલા તેઓ કેવળી સમુદ્‌ઘાતથી પરિનિવૃત્ત થાય છે. ત્યાર પછી તેઓ મનોયોગનો પ્રયોગ કરે છે, વચનયોગનો પ્રયોગ કરે છે અને કાયયોગનો પણ પ્રયોગ કરે છે.

**९१ से णं भंते ! मणजोगं जुंजमाणे किं सच्चमणजोगं जुंजइ, मोसमणजोगं जुंजइ, सच्चामोसमणजोगं जुंजइ, असच्चामोसमणजोगं जुंजइ ?**

**गोयमा ! सच्चमणजोगं जुंजइ, णो मोसमणजोगं जुंजइ, णो सच्चामोसमणजोगं जुंजइ, असच्चामोसमणजोगं पि जुंजइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્‌ ! મનોયોગનો પ્રયોગ કરતા કેવળી ભગવાન શું સત્ય મનોયોગનો પ્રયોગ કરે છે, મૃષા મનોયોગનો પ્રયોગ કરે છે, સત્યામૃષા–મિશ્રમનોયોગનો પ્રયોગ કરે છે કે અસત્યામૃષા–વ્યવહારમનોયોગનો પ્રયોગ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેઓ સત્ય મનોયોગનો અને વ્યવહાર મનોયોગનો પ્રયોગ કરે છે, પરંતુ મૃષા મનોયોગનો અને મિશ્રમનોયોગનો પ્રયોગ કરતા નથી.

**૧૨ से णं भंते ! वयजोगं जुंजमाणे किं सच्चवइजोगं जुंजइ, मोसवइजोगं जुंजइ, सच्चामोस-वइजोगं जुंजइ, असच्चामोसवइजोगं जुंजइ ?**

**गोयमा ! सच्चवइजोगं जुंजइ, णो मोसवइजोगं जुंजइ, णो सच्चामोसवइजोगं जुंजइ, असच्चामोसवइजोगं पि जुंजइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વચનયોગનો પ્રયોગ કરતા કેવળી ભગવાન શું સત્ય વચનયોગનો પ્રયોગ કરે છે, મૃષાવચનયોગનો પ્રયોગ કરે છે, સત્યમૃષા–મિશ્રવચનયોગનો પ્રયોગ કરે છે કે અસત્યામૃષા વચનયોગનો પ્રયોગ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેઓ સત્ય વચનયોગનો અને વ્યવહારવચનયોગનો પ્રયોગ કરે છે, પરંતુ મૃષાવચનયોગનો અને મિશ્રવચનયોગનો પ્રયોગ કરતા નથી.

**૧૩ कायजोगं जुंजमाणे आगच्छेज्ज वा गच्छेज्ज वा चिट्ठेज्ज वा णिसीएज्ज वा तुयट्टेज्ज वा उल्लंघेज्ज वा पलंघेज्ज वा पाडिहारियं पीढ-फलग-सेज्जा-संथारगं पच्चप्पिणेज्जा ।**

**ભાવાર્થ :–** કાયયોગનો પ્રયોગ કરતાં કેવળી ભગવાન–આવે છે, જાય છે, ઊભા રહે છે, બેસે છે, પડખા બદલે છે, ઉલ્લંઘન કરે છે અથવા વિશેષરૂપે ઉલ્લંઘન કરે છે, ગૃહસ્થોને પાછા આપી શકાય એવા પાઢીયારા આસન, બાજોઠ, પાટ, શય્યા(વસતિ, સ્થાન) તથા સંસ્તારક આદિ પાછા આપે છે.

**૧૪ से णं भंते ! तहा सजोगी सिज्झइ** *जाव* **अंतं करेइ ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । से णं पुव्वामेव सण्णिस्स पंचेंदियस्स पज्जत्तयस्स जहण्णजोगिस्स हेट्ठा, असंखेज्जगुणपरिहीणं पढमं मणजोगं णिरुंभइ, तओ अणंतरं च णं बेइंदियस्स पज्जत्तगस्स जहण्णजोगिस्स हेट्ठा, असंखेज्जगुणपरिहीणं दोच्चं वइजोगं णिरुंभइ, तओ अणंतरं च णं सुहुमस्स पणगजीवस्स अपज्जत्तयस्स हेट्ठा असंखेज्जगुणपरिहीणं तच्चं कायजोगं णिरुंभइ । से णं एएणं उवाएणं पढमं मणजोगं णिरुंभइ, मणजोगं णिरुंभित्ता वइजोगं णिरुंभइ, वइजोगं णिरुंभित्ता कायजोगं णिरुंभइ, कायजोगं णिरुंभित्ता जोगणिरोहं करेइ, जोगणिरोहं करेत्ता अजोगयं पाउणइ, अजोगयं पाउणित्ता ईसी-हस्स-पंचक्खरुच्चारणद्धाए असंखेज्जसमइयं अंतोमुहुत्तियं सेलेसिं पडिवज्जइ, पुव्व-रइयगुण-सेढीयं च णं कम्मं तीसे सेलेसिमद्धाए असंखेज्जाहिं गुणसेढीहिं असंखेज्जे कम्मखंधे खवयइ, खवइत्ता वेयणिज्जाउय-णामगोत्ते इच्चेए चत्तारि कम्मंसे जुगवं खवेइ, जुगवं खवेत्ता ओरालियतेयाकम्मगाइं सव्वाहिं विप्पजहणाहिं**

**विप्पजहइ, विप्पजहित्ता उजुसेढी पडिवण्णे अफुसमाणगईए एगसमएणं अविग्गहेणं उड्ढं गंता सागारोवउत्ते सिज्झइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તથારૂપના તે સયોગી કેવળી સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. તેઓ સર્વ પ્રથમ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના જઘન્ય મનોયોગથી પણ અસંખ્યાતગુણ હીન મનોયોગનો નિરોધ કરે છે, ત્યાર પછી જઘન્ય યોગવાળા બેઇન્દ્રિય પર્યાપ્તાના વચનયોગથી અસંખ્યાત ગુણહીન બીજા વચનયોગનો નિરોધ કરે છે. ત્યાર પછી જઘન્ય યોગવાળા અપર્યાપ્તા સૂક્ષ્મ પનક જીવના કાયયોગથી અસંખ્યાત ગુણ હીન કાયયોગનો નિરોધ કરે છે. આ પ્રમાણે તે કેવળી ભગવાન આ ઉપાયથી સર્વ પ્રથમ મનોયોગનો નિરોધ કરે છે; મનોયોગનો નિરોધ કરીને વચનયોગનો નિરોધ કરે છે, વચનયોગના નિરોધ પછી કાયયોગનો પણ નિરોધ કરે છે. કાયયોગનો નિરોધ કરીને તેઓ સર્વથા યોગ નિરોધ કરે છે. યોગ નિરોધ કરીને અયોગીપણું પામે છે. ત્યાર પછી તુરંત જ અલ્પ કાળમાં (અ, ઇ, ઉ, ઋ, લૃ) આ પાંચ હ્રસ્વ અક્ષરોના ઉચ્ચારણ જેટલા કાળમાં અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત પ્રમાણ શૈલેશીકરણને પામે છે અને તે શૈલેશીકરણના કાળમાં અસંખ્યાતી ગુણ શ્રેણી વડે અસંખ્યાતા કર્મ સ્કંધોનો ક્ષય કરે છે, ક્ષય કરીને વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર કર્મોનો એક સાથે ક્ષય કરે છે. એક સાથે ક્ષય કરીને ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીરનો સર્વ પ્રકારે ત્યાગ કરે છે. ત્યાર પછી ઋજુશ્રેણીને પ્રાપ્ત થયેલો તે મુક્તાત્મા અસ્પૃશદ્‌ગતિ વડે એક સમયમાં અવિગ્રહગતિથી ઊંચે લોકાંત સુધીજઈને સાકાર ઉપયોગ સહિત સિદ્ધિપદને પામે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં મોક્ષ પ્રાપ્તિ પૂર્વે થતી સર્વ ક્રિયાઓ– આવર્જીકરણ, કેવળી સમુદ્‌ઘાત, ત્યાર પછી સમુદ્‌ઘાતગત કેવળીની યોગપ્રવૃત્તિ, સમુદ્‌ઘાતની નિવૃત્તિ પછીની યોગ પ્રવૃત્તિ, યોગનિરોધ અને અંતે મોક્ષ પ્રાપ્તિનું નિરૂપણ છે.

**આવર્જીકરણ :– आवर्ज्यतेऽभिमुखी क्रियते मोक्षोऽनेन इति आवर्ज्यः तस्य करणं आवर्जीकरणम्।** કેવળી સમુદ્‌ઘાત પહેલાં અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત કાલ દરમ્યાન જીવ મોક્ષની સન્મુખ થાય છે. તેને આવર્જીકરણ કહે છે. તે કાલ દરમ્યાન **तच्च उदयावलिकायाम् कर्मपुद्गल प्रक्षेपव्यापाररूप उदीरणाविशेषः ।** કર્મ પુદ્‌ગલોનો પ્રક્ષેપ ઉદયાવલિકામાં થાય છે, તેથી તે પ્રક્રિયામાં વિશેષ પ્રકારની ઉદીરણા હોય છે.

પ્રત્યેક મોક્ષગામી જીવો આવર્જીકરણ અવશ્ય કરે છે.

આવર્જીકરણને **आउस्सियाकरण**–આવશ્યકકરણ પણ કહેવાય છે. મોક્ષ પ્રાપ્તિ પૂર્વે પ્રત્યેક કેવળી ભગવાનને અવશ્ય કરવા યોગ્ય કરણને આવશ્યકકરણ કહે છે. પ્રત્યેક કેવળી ભગવાન કેવળી સમુદ્‌ઘાત કરતા નથી પરંતુ આવર્જીકરણ તો પ્રત્યેક કેવળીને અવશ્ય થાય છે.

જે કેવળી ભગવાન કેવળી સમુદ્‌ઘાત કરવાના હોય, તેઓ આવર્જીકરણ પછી તુરંત જ સમુદ્‌ઘાતનો પ્રારંભ કરે છે.

**કેવળી સમુદ્‌ઘાતનું સ્વરૂપ :–**




**પ્રથમ સમય**માં કેવળી ભગવાન આત્મપ્રદેશોને દંડના આકારમાં ફેલાવે છે. તે દંડની પહોળાઈ અને જાડાઈ શરીર પ્રમાણ અને લંબાઈમાં ઊર્ધ્વલોકાંતથી અધોલોકાંત પર્યંત એટલે ચૌદ રજ્જુ પ્રમાણ હોય છે. **બીજે સમયે** તે દંડને પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ ફેલાવે છે, તેથી તે દંડ ચારે દિશામાં લોક પર્યંત ફેલાયેલા બે કપાટનો આકાર ધારણ કરે છે* **ત્રીજા સમયે** લોકાંત પર્યંત ફેલાયેલા કપાટરૂપ આત્મપ્રદેશોને ફેલાવીને તે કપાટ વચ્ચેની જગ્યાને પૂરિત કરે છે. ત્યારે તે જ કપાટ પૂરિત મંથાનનો આકાર ધારણ કરે છે. આમ કરવાથી લોકનો અધિકાંશ ભાગ આત્મપ્રદેશોથી વ્યાપ્ત થઈ જાય છે. માત્ર લોકાંતના ખૂણાના પ્રદેશો ખાલી રહે છે. **ચોથા સમયે** તે ખૂણાના પ્રદેશોને પણ પૂર્ણ કરીને સમસ્ત લોકાકાશના અસંખ્ય પ્રદેશોને આત્મપ્રદેશોથી વ્યાપ્ત કરે છે, કારણ કે આત્માના અસંખ્યાત પ્રદેશો લોકાકાશના પ્રદેશોની સમાન છે. પાંચમા, છટ્ઠા, સાતમા અને આઠમા સમયે વિપરીત ક્રમથી આત્મપ્રદેશોનો સંકોચ કરીને શરીરસ્થ થઈ જાય છે.

[***નોંધ :** *પ્રસ્તુત વિવેચન આગમાનુસાર છે અને આકૃતિ ગ્રંથ પ્રમાણે છે. તેમાં સહજ કંઈક તફાવત દેખાય તો ગુરુગમથી સમજી લેવું. (અર્થાત્ બીજી આકૃતિને કેન્સલ માનવી, ત્રીજીને બીજી અને ચોથીને ત્રીજી આકૃતિ માનવી તથા ચોથી આકૃતિ લોકનિષ્કૂટયુક્ત માનવી)*]

જેમ ઘડી કરેલું ભીનું કપડું સૂકાતા કલાકો વ્યતીત થઈ જાય છે પરંતુ તે જ કપડાંને પહોળું કરતાં તે તુરંત સુકાઈ જાય છે. તે જ રીતે આત્મપ્રદેશો આખા લોકમાં વિસ્તૃત થતાં કર્મો શીઘ્ર ક્ષય પામે છે. આઠ સમયની આ પ્રક્રિયા દ્વારા વેદનીયાદિ ત્રણેય અઘાતી કર્મોની વિષમતા દૂર થઈ જાય છે, તે ઉપરાંત અનંત કર્મોની નિર્જરા થાય છે.

**કેવળી સમુદ્‌ઘાતમાં યોગ :–** આઠ સમયમાં મનોયોગ કે વચનયોગનો પ્રયોગ થતો નથી. કાયયોગના સાત પ્રકારમાંથી ત્રણ પ્રકારના કાયયોગનો પ્રયોગ થાય છે. તેમાં પ્રથમ અને આઠમા સમયે ઔદારિક કાયયોગ, બીજા, છટ્ઠા અને સાતમા સમયે ઔદારિક મિશ્રકાયયોગ તથા ત્રીજા, ચોથા અને પાંચમા સમયે કાર્મણ કાયયોગ હોય છે.

**સમુદ્‌ઘાત પછી યોગની પ્રવૃત્તિ :–** આઠ સમયના સમુદ્‌ઘાત પછી કેવળી ભગવાનને અંતર્મુહૂર્તનું આયુષ્ય શેષ હોય છે. તે કાલમાં તે સયોગી અવસ્થામાં ત્રણે યોગનો પ્રયોગ કરે છે. સત્ય અને વ્યવહાર મનોયોગ દ્વારા મનઃપર્યવજ્ઞાની કે અનુત્તર વિમાનવાસી દેવોએ મનથી પૂછેલા પ્રશ્નોના મનથી ઉત્તર આપી શકે છે. સત્ય અને વ્યવહાર વચનયોગ દ્વારા ઉપદેશ અથવા પ્રશ્નોના ઉત્તર આપે છે અને ઔદારિક કાયયોગ દ્વારા ગમનાગમન આદિ સંયમ સમાચારી સંબંધી કાયિક પ્રવૃત્તિ કરે છે.

**યોગ નિરોધનો ક્રમ :–** યોગ નિરોધના ક્રમમાં સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી નામના શુક્લ ધ્યાનના ત્રીજા ચરણમાં પ્રવર્તમાન કેવળી ભગવાન સર્વ પ્રથમ મનોયોગનો નિરોધ કરે છે. પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય જીવનો પ્રથમ સમયમાં જેટલો મનયોગનો-વ્યાપાર હોય છે, તેનાથી પણ અસંખ્યાત ગુણહીન મનોયોગનો પ્રતિસમય નિરોધ કરતાં-કરતાં અસંખ્યાત સમયોમાં મનોયોગનો પૂર્ણતયા નિરોધ કરી દે છે.

ત્યાર પછી તેઓ જઘન્ય વચન યોગવાળા પર્યાપ્તા બેઈન્દ્રિયના વચનયોગથી અસંખ્યાત ગુણ હીન વચનયોગનો નિરોધ કરતાં-કરતાં અસંખ્યાત સમયોમાં સંપૂર્ણ વચનયોગનો નિરોધ કરે છે.

ત્યાર પછી પ્રથમ સમયમાં ઉત્પન્ન અપર્યાપ્તા સૂક્ષ્મ પનક જીવના કાયયોગથી અસંખ્યાત ગુણહીન કાયયોગનો પ્રતિસમય નિરોધ કરતાં-કરતાં અસંખ્યાત સમયોમાં પૂર્ણરૂપે કાયયોગનો પણ નિરોધ કરે છે.

આ પ્રમાણે કાયયોગનો નિરોધ કરીને કેવળી ભગવાન સમુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી નામના શુક્લધ્યાનના ચોથા ચરણમાં આરૂઢ થાય છે. આ પરમશુક્લ ધ્યાન દ્વારા તેઓ વદન અને ઉદર આદિના છિદ્રોને પૂરિત કરીને પોતાના દેહનો ત્રીજો ભાગ આત્મપ્રદેશોને સંકુચિત કરે છે. એક ભાગ શરીરના પોલાણને ઓછો કરી બે ભાગમાં આત્મપ્રદેશોને ઠોસ–ઘન કરી દે છે.

**શૈલેશી અવસ્થા :–** યોગનો નિરોધ થતાં જ કેવળી ભગવાન અયોગી તેમજ શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થાય છે. તેમાં આત્મપ્રદેશો સંપૂર્ણતઃ નિષ્કંપ થઈ જાય છે. તેની સ્થિતિ 'અ, ઇ, ઉ, ઋ, લૃ' પાંચ હ્રસ્વ અક્ષરના ઉચ્ચારણ કાલ પ્રમાણ છે. તે કાલ દરમ્યાન પૂર્વ રચિત ગુણશ્રેણી પ્રમાણે અનંત કર્મોનો નાશ કરે છે. આ રીતે ચારે અઘાતી કર્મો નાશ પામે છે, ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીર છૂટી જાય છે, દેહમુક્ત થયેલો તે આત્મા સિદ્ધ થાય છે.

**ગુણશ્રેણી :–** કાલાંતરમાં વેદન કરવા યોગ્ય વેદનીયાદિ કર્મદલિકોનો ક્ષય કરવા માટે તેની વિશેષ પ્રકારે ગોઠવણી કરવી તેને ગુણશ્રેણી કહે છે. તેમાં પ્રથમ સમયથી બીજા સમયે અસંખ્યાતગુણ અધિક કર્મદલિકો હોય છે. આ રીતે તેમાં પ્રતિસમય ઉત્તરોત્તર અસંખ્યાતગુણ અધિક કર્મદલિકોની રચના–ગોઠવણી હોય છે. આ જ ક્રમથી અસંખ્યાત સમય સુધી કર્મોનો નાશ થતાં અનંત કર્માંશોનો નાશ થઈ જાય છે.

**उज्जुसेढीपत्ते :–** ઋજુશ્રેણીને પ્રાપ્ત થઈને. કર્મમુક્ત થયેલો જીવ ઋજુશ્રેણી અર્થાત્ વળાંક રહિત સીધી શ્રેણીથી જ ગમન કરે છે. મુક્ત થયેલો જીવ એક સમયમાં જ લોકાગ્રે પહોંચી જાય છે. જો સીધી ગતિથી જાય, તો જ એક સમયમાં પહોંચી શકે; વળાંકવાળી ગતિમાં બે, ત્રણ સમય લાગે છે. આત્મા જે ક્ષેત્રથી સિદ્ધ થાય, તેની જ બરાબર ઉપર સિદ્ધ ક્ષેત્રમાં લોકાગ્રે પહોંચી જાય છે. આ રીતે મુક્ત થયેલા જીવનું ગંતવ્ય સ્થાન એકદમ સીધાઈમાં જ હોવાથી તેને વળાંક લેવાની જરૂર હોતી નથી, તેથી જ તે જીવ એક સમયની ઋજુગતિથી ત્યાં પહોંચી જાય છે.

**अफुसमाणगईए :–** અસ્પૃશ્યમાનગતિ (૧) સ્વાવગાઢ આકાશ પ્રદેશો સિવાયના બાકીના આકાશ પ્રદેશોનો સ્પર્શ કર્યા વિના જે ગતિ થાય, તે અસ્પૃશ્યમાનગતિ છે. (૨) મનુષ્ય ક્ષેત્રમાંથી સિદ્ધ ક્ષેત્ર સુધી જીવ એક સમયમાં લોકાગ્રે પહોંચી જાય છે. ખરેખર સિદ્ધ થયેલો જીવ જે સમયે કર્મોથી મુક્ત થાય છે, તે જ સમયે લોકાગ્રે સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે, તેમાં તેને અન્ય સમય વ્યતીત થતો નથી. માર્ગમાં અન્ય સમય ન લાગવાની અપેક્ષાએ જ તે આકાશ પ્રદેશ અસ્પૃષ્ટ કહેવાય છે, કારણ કે માર્ગમાં તેનો કોઈ સમય હોતો નથી, તેથી મુક્ત જીવની અસ્પૃશ્યમાન ગતિ કહી છે.

**सागारोवउत्ते सिज्झइ :–** સાકારોપયોગે સિદ્ધ થાય છે. મુક્ત થયેલા જીવને કેવળજ્ઞાન અને કેવળદર્શન, આ બે ઉપયોગ હોય છે. તેમાં સિદ્ધ થવાના સમયે અવશ્ય સાકારોપયોગ– કેવળજ્ઞાનનો ઉપયોગ હોય છે, કારણ કે કોઈ પણ લબ્ધિ કે ઉપલબ્ધિ સાકારોપયોગમાં જ થાય છે.

### સિદ્ધોનું સ્વરૂપ નિરૂપણ :–

**૯૫ ते णं तत्थ सिद्धा भवंति, असरीरा जीवघणा दंसण-णाणोवउत्ता णिट्ठियट्ठा णीरया णिरेयणा वितिमिरा विसुद्धा सासयमणागयद्धं कालं चिट्ठंति । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– ते णं तत्थ सिद्धा भवंति असरीरा जीवघणा दंसण-णाणोवउत्ता णिट्ठियट्ठा णीरया णिरेयणा वितिमिरा विसुद्धा सासयमणागयद्धं कालं चिट्ठंति ?**

**गोयमा ! से जहाणामए बीयाणं अग्गिदड्ढाणं पुणरवि अंकुरुप्पत्ती ण हवइ, एवमेव सिद्धाण वि कम्मबीएसु दड्ढेसु पुणरवि जम्मुप्पत्ती ण हवइ । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ ते णं तत्थ सिद्धा भवंति असरीरा जीवघणा दंसण-णाणोवउत्ता णिट्ठियट्ठा णीरया णिरेयणा वितिमिरा विसुद्धा सासयमणागयद्धं कालं चिट्ठंति त्ति ।**

**णिच्छिण्णसव्वदुक्खा, जाइजरामरणबंधणविमुक्का ।**
**सासयमव्वाबाहं, चिट्ठंति सुही सुहं पत्ता ॥**

**ભાવાર્થ :–** તે સિદ્ધો ત્યાં અશરીર, સઘન આત્મપ્રદેશોવાળા, દર્શન અને જ્ઞાનના ઉપયોગ સહિત, કૃતાર્થ, કર્મરજથી રહિત, નિષ્કંપ, અજ્ઞાનાંધકારથી રહિત અને પૂર્ણ શુદ્ધ હોય છે તથા શાશ્વત ભવિષ્યકાળ સુધી રહે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે સિદ્ધો ત્યાં અશરીરી, સઘન આત્મપ્રદેશયુક્ત, કૃતાર્થ, દર્શનજ્ઞાનોપયુક્ત, કર્મરજ રહિત, નિષ્કંપ, વિતિમિર અને વિશુદ્ધ હોય છે તથા શાશ્વત ભવિષ્યકાળ સુધી તે જ સ્થિતિમાં રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે અગ્નિમાં બળેલા બીજમાંથી ફરી અંકુરોની ઉત્પત્તિ થતી નથી, તે જ રીતે સિદ્ધોનાં પણ કર્મ રૂપી બીજ બળી ગયા હોવાથી જન્મરૂપી અંકુરની ઉત્પત્તિ થતી નથી. તેથી હે ગૌતમ ! કહ્યું છે કે સિદ્ધો અશરીરી, સઘન આત્મપ્રદેશોવાળા, દર્શન અને જ્ઞાનથી ઉપયુક્ત, કૃતાર્થ, કર્મરજથી રહિત, નિષ્કંપ, અજ્ઞાનાંધકારથી રહિત, પૂર્ણ વિશુદ્ધ થઈને શાશ્વત ભવિષ્ય કાળ સુધી તે જ સ્થિતિમાં રહે છે.

**ગાથાર્થ–** સિદ્ધ ભગવાન સર્વ દુઃખોથી મુક્ત થઈ ગયા છે, જન્મ, જરા, મૃત્યુ અને બંધનથી વિમુક્ત થઈ ગયા છે. સુખને પ્રાપ્ત અત્યંત સુખી તે સિદ્ધ ભગવંતો શાશ્વત અને બાધા રહિત થઈને અનંતકાળ સુધી રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સિદ્ધોનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે.

સર્વ કર્મોથી સર્વથા મુક્ત, શુદ્ધ ચૈતન્યઘન, કેવળજ્ઞાન-કેવળદર્શનયુક્ત, અનંત સુખ સંપન્ન, શાશ્વત કાલપર્યંત સિદ્ધ ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત થયેલા આત્માને **સિદ્ધ** કહે છે. સૂત્રમાં પ્રદર્શિત સિદ્ધોના સ્વરૂપદર્શક વિશેષણો દ્વારા સિદ્ધોનું સ્વરૂપ સ્પષ્ટ થઈ જાય છે અને સિદ્ધો સંબંધી કેટલીક અન્ય દાર્શનિકોની માન્યતાઓનું ખંડન પણ થઈ જાય છે.

**असरीरा :–** સિદ્ધ ભગવાન કર્મજન્ય સ્થૂલ ઔદારિક શરીર અને સૂક્ષ્મ તૈજસ-કાર્મણ શરીરથી સર્વથા મુક્ત હોવાથી અશરીરી હોય છે.

**जीवघणा :–** સિદ્ધ થતાં પહેલાં જ શૈલેશીકરણ સમયે આત્મપ્રદેશો ઘનીભૂત-નક્કર થઈ જાય છે તેથી સિદ્ધોને જીવઘન કહ્યા છે.

**उवउत्ता दंसणे य णाणे य :–** સિદ્ધાત્મા કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપ ક્રમશઃ સાકાર અને અનાકારોપયોગ યુક્ત હોય છે. કર્મોનો, મિથ્યાજ્ઞાનનો, સમસ્ત વૈભાવિક ભાવોનો નાશ થાય ત્યારે જ જીવ મુક્ત થાય અને અનંત આત્મગુણો પ્રગટ થાય છે. તેમ છતાં જ્ઞાન અને દર્શન, આ બે ગુણની પ્રધાનતાની અપેક્ષાએ તેઓ જ્ઞાન-દર્શન સહિત તેમજ સાકાર-અનાકાર ઉપયોગ સહિત હોય છે, તે પ્રમાણેનું કથન કર્યું છે.

સિદ્ધ ભગવાન કેવળજ્ઞાન દ્વારા ત્રણે લોકના ત્રણે કાલના સર્વ પદાર્થોને સંપૂર્ણ રીતે **જાણે છે** અને કેવળ દર્શન દ્વારા તે પદાર્થોને સંપૂર્ણ રીતે **દેખે છે.**

**णिट्ठियट्ठा–** નિષ્ઠિતાર્થ, કૃતાર્થ. સિદ્ધ ભગવાનના સર્વ કાર્યો સિદ્ધ થઈ ગયા છે. તેમને હવે કાંઈ જ કરવાનું શેષ રહેતું નથી, તેથી તેઓ કૃતકૃત્ય અથવા કૃતાર્થ કહેવાય છે.

**णीरया–** કર્મ રજથી રહિત. સિદ્ધો બધ્યમાન અને ઉદયમાન બંને પ્રકારની કર્મરજથી રહિત છે.

**णीरेयणा–** નિષ્કંપ. સિદ્ધોમાં કંપન ક્રિયાના કારણભૂત કોઈ પણ અધ્યવસાય કે યૌગિક પ્રવૃત્તિ નથી, તેથી તેમના આત્મપ્રદેશો સંપૂર્ણ રીતે નિષ્કંપ હોય છે.

**वितिमिरा–** અજ્ઞાનરૂપ અંધકારથી રહિત.

**विसुद्धा–** વિજાતીય દ્રવ્યોના સંયોગથી રહિત પૂર્ણ વિશુદ્ધ.

**सासयमणागयद्धं**– શાશ્વત અનાગત. ભવિષ્યકાલમાં સદા તે જ સ્થિતિમાં સ્થિત રહે છે, તેનું કારણ સૂત્રકારે દષ્ટાંતથી સમજાવ્યું છે– જે રીતે અગ્નિમાં બળી ગયેલું બીજ ફરીવાર કદાપિ અંકુરિત થતું નથી, તે જ રીતે સિદ્ધોના પુર્નજન્મ ધારણ કરવાના બીજભૂત રાગ-દ્વેષાદિ વૈભાવિક ભાવો શુક્લધ્યાનની અગ્નિમાં ભસ્મીભૂત થઈ ગયા છે, તેથી અનંતકાલ સુધી તે શુદ્ધાત્મામાં કોઈ પણ કર્મરૂપી અંકુર અંકુરિત થતા નથી. પૂર્ણ વિશુદ્ધ થયેલા તે સિદ્ધાત્મા પૂર્ણ વિશુદ્ધ સ્વરૂપે શાશ્વત અનંત કાલ પર્યંત તે જ સ્થિતિમાં સ્થિત રહે છે. સિદ્ધ પરમાત્મા ક્યારે ય અવતાર ધારણ કરીને લોકમાં આવતા નથી.

**।। છત્રીસમું પદ સંપૂર્ણ ।।**

**।। પન્નવણા ભાગ–૩ સંપૂર્ણ ।।**

**।। પન્નવણા સૂત્ર સંપૂર્ણ ।।**

## પરિશિષ્ટ–૧ :–

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા



| | વિષય | પદ | પૃષ્ટ | | વિષય | પદ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| અ | અકષાય સમુદ્‌ઘાત | ૩૬ | ૩૭૦ | | अफुसमाणगई | ૩૬ | ૩૯૬ |
| | અકષાયી | ૨૮ | ૨૪૬ | | અબાધાકાલ | ૨૩ | ૧૫૭ |
| | અક્રિય | ૨૨ | ૬૩ | | અભ્યાખ્યાન | ૨૨ | ૬૭ |
| | અગુરુલઘુ નામકર્મ | ૨૩ | ૧૩૭ | | અમાયી સમ્યગ્દ્દષ્ટિ | ૩૪ | ૩૦૭ |
| | અચક્ષુદર્શનાવરણ | ૨૩ | ૧૧૭ | | અયશઃકીર્તિ નામકર્મ | ૨૩ | ૧૩૮ |
| | અચિત્તાહાર | ૨૮ | ૨૧૦ | | અયોગી | ૨૮ | ૨૪૯ |
| | અદત્તાદાન | ૨૨ | ૬૬ | | અવધિદર્શનાવરણ | ૨૩ | ૧૧૭ |
| | અધિકરણિકી ક્રિયા–ભેદ | ૨૨ | ૬૨ | | અવધિ જ્ઞાનાવરણીય કર્મ | ૨૩ | ૧૨૩ |
| | અધ્યવસાય | ૩૪ | ૩૦૮ | | અવધિજ્ઞાન | ૨૩ | ૨૮૪ |
| | અનાકાર પશ્યતા | ૨૯ | ૨૬૮ | | અવધિજ્ઞાન વ્યુત્પત્તિ અર્થ | ૨૩ | ૨૮૫ |
| | અનાકારોપયોગ | ૨૯ | ૨૬૦ | | અવધિજ્ઞાન ભવ પ્રત્યયિક | ૨૩ | ૨૮૬ |
| | અનાદેય નામકર્મ | ૨૩ | ૧૩૮ | | અવધિજ્ઞાન ક્ષાયોપશમિક | ૨૩ | ૨૮૬ |
| | અનાભોગ નિર્વર્તિત આહાર | ૨૮ | ૨૦૭ | | અવધિજ્ઞાન આભ્યંતર | ૨૩ | ૨૯૫ |
| | અનાભોગ નિર્વર્તિત આહાર | ૩૪ | ૩૦૩ | | અવધિજ્ઞાન બાહ્ય | ૨૩ | ૨૯૫ |
| | અનિષ્ટ શબ્દાદિ ૧૪ બોલ | ૨૩ | ૧૨૦ | | અવધિજ્ઞાન મધ્યગત | ૨૩ | ૨૯૫ |
| | અનંતાનુબંધી કષાય | ૨૩ | ૧૨૬ | | અવધિજ્ઞાન અંતર્ગત | ૨૩ | ૨૯૫ |
| | અનંતાનુબંધી આદિ(ચાર) ક્રોધ | ૨૩ | ૧૨૭ | | અવધિજ્ઞાન પુરતઃ | ૨૩ | ૨૯૫ |
| | અનંતાનુબંધી આદિ(ચાર) માન | ૨૩ | ૧૨૭ | | અવધિજ્ઞાન પૃષ્ટતઃ | ૨૩ | ૨૯૫ |
| | અનંતાનુબંધી આદિ(ચાર) માયા | ૨૩ | ૧૨૭ | | અવધિજ્ઞાન પાર્શ્વતઃ | ૨૩ | ૨૯૫ |
| | અનંતાનુબંધી આદિ(ચાર) લોભ | ૨૩ | ૧૨૭ | | અવધિજ્ઞાન દેશાવધિ | ૨૩ | ૨૯૬ |
| | અનંતરાહાર, નિર્વર્તના આદિ ૭ પદ | ૩૪ | ૩૦૨ | | અવધિજ્ઞાન સર્વાવધિ | ૨૩ | ૨૯૬ |
| | અર્ધ નારાચ સંહનન | ૨૩ | ૧૩૫ | | અવધિજ્ઞાન આનુગામિક | ૨૩ | ૨૯૭ |
| | અપર્યાપ્ત નામકર્મ | ૨૩ | ૧૩૮ | | અવધિજ્ઞાન અનાનુગામિક | ૨૩ | ૨૯૭ |
| | અપર્યાપ્તા | ૨૮ | ૨૫૩ | | અવધિજ્ઞાન વર્ધમાન | ૨૩ | ૨૯૭ |
| | અપ્રત્યાખ્યાની કષાય | ૨૩ | ૧૨૬ | | અવધિજ્ઞાન હીયમાન | ૨૩ | ૨૯૭ |
| | અપ્રત્યાખ્યાન ક્રિયા–ભેદ | ૨૨ | ૮૪ | | અવધિજ્ઞાન પ્રતિપાતી | ૨૩ | ૨૯૮ |
| | अफुण्णे અને फुडे માં તફાવત | ૩૬ | ૩૭૮ | | અવધિજ્ઞાન અપ્રતિપાતી | ૨૩ | ૨૯૮ |

| | વિષય | પદ | પૃષ્ટ | | વિષય | પદ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| | અવધિજ્ઞાન અવસ્થિત | ૨૩ | ૨૯૮ | | ઈષ્ટ ઉત્થાન, કર્મ, આદિ | ૨૩ | ૧૨૦ |
| | અવધિજ્ઞાન અનવસ્થિત | ૨૩ | ૨૯૮ | | ઈષ્ટ આદિ ચાર સ્વર | ૨૩ | ૧૨૦ |
| | અવેદી | ૨૮ | ૨૫૦ | ઉ | ઉત્કૃષ્ટ સ્થિતિ | ૨૩ | ૧૫૭ |
| | અશાતા વેદનીય | ૨૩ | ૧૨૫ | | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ૨૩ | ૧૭૮ |
| | અશુભ નામકર્મ | ૨૩ | ૧૩૮ | | ઉદ્યોત નામકર્મ | ૨૩ | ૧૩૭ |
| | **असरीरा जीवघणा** આદિ ૯ શબ્દો | ૩૬ | ૩૯૭ | | ઉપઘાત નામકર્મ | ૨૩ | ૧૩૭ |
| | અસંયત | ૨૮ | ૨૪૪ | | ઉપભોગાંતરાય | ૨૩ | ૧૨૨ |
| | અસંજ્ઞી | ૩૧ | ૨૭૮ | | ઉપયોગ | ૨૯ | ૨૫૯ |
| | અસંજ્ઞી | ૩૧ | ૨૭૬ | | ઉપયોગ અને પશ્યતા | ૨૯ | ૨૬૮ |
| | અસ્થિર નામકર્મ | ૨૩ | ૧૩૮ | ઋ | ઋજુ શ્રેણી ગતિ પ્રાપ્ત | ૩૬ | ૩૯૬ |
| આ | આગાર,હેતુ,ઉપમા આદિ આઠ બોલ | ૨૯ | ૨૭૪ | | ઋષભ નારાચ સંહનન | ૨૩ | ૧૩૫ |
| | આતપ નામકર્મ | ૨૩ | ૧૩૭ | એ | **एगुत्तरियं** | ૩૬ | ૩૬૮ |
| | આદેય નામકર્મ | ૨૩ | ૧૩૮ | ઐ | ઐશ્વર્ય વિશિષ્ટતા | ૨૩ | ૧૨૧ |
| | આનુપૂર્વી નામકર્મ | ૨૩ | ૧૩૬ | ઓ | ઓજાહાર | ૨૮ | ૨૦૭ |
| | આભોગ નિર્વર્તિત આહાર | ૨૮ | ૨૦૭ | | ઓજાહારી | ૨૮ | ૨૩૦ |
| | આભોગ નિર્વર્તિત આહાર | ૩૪ | ૩૦૪ | | **ओसण्णं** | ૨૮ | ૨૧૪ |
| | આયુષ્ય કર્મ | ૨૩ | ૧૦૪ | ઔ | ઔદારિક શરીર | ૨૧ | ૨ |
| | આયુષ્ય કર્મ | ૨૩ | ૧૨૯ | અં | અંતરાય કર્મ | ૨૩ | ૧૦૫ |
| | આયોજિતા ક્રિયા | ૨૨ | ૮૧ | ક | **कम्मभूमगपलिभागी** | ૨૩ | ૧૭૮ |
| | આરંભિકી આદિ પાંચ ક્રિયા | ૨૨ | ૬૦ | | કર્મ | ૨૩ | ૧૦૪ |
| | આરંભિકી ક્રિયા–ભેદ | ૨૨ | ૮૩ | | કર્મ નિષેક કાલ | ૨૩ | ૧૫૭ |
| | આવર્જીકરણ | ૩૬ | ૩૯૩ | | કર્મ સ્થિતિ | ૨૩ | ૧૫૭ |
| | આહાર | ૨૮ | ૨૩૪ | | કષાય વેદનીય | ૨૩ | ૧૧૯ |
| | આહારક શરીર | ૨૧ | ૩ | | કાયિકી આદિ પાંચ ક્રિયા | ૨૨ | ૫૯ |
| | આહારક સમુદ્ઘાત | ૩૬ | ૩૫૦ | | કાયિકી ક્રિયા–ભેદ | ૨૨ | ૬૨ |
| ઇ | **इड्डिपत्त** | ૨૧ | ૩૮ | | કાર્મણ શરીર | ૨૧ | ૩ |
| | ઈષ્ટ શબ્દરૂપ આદિ પાંચ | ૨૩ | ૧૨૦ | | ક્રિયા (પરિચય) | ૨૨ | ૫૯ |
| | ઈષ્ટ ગતિ | ૨૩ | ૧૨૦ | | કીલિકા સંહનન | ૨૩ | ૧૩૫ |
| | ઈષ્ટ સ્થિતિ | ૨૩ | ૧૨૦ | | કુબ્જ સંસ્થાન | ૨૧ | ૧૨ |
| | ઈષ્ટ લાવણ્ય | ૨૩ | ૧૨૦ | | કુલ વિશિષ્ટતા | ૨૩ | ૧૨૧ |
| | ઈષ્ટ યશઃકીર્તિ | ૨૩ | ૧૨૦ | | કેવળ દર્શનાવરણ | ૨૩ | ૧૧૮ |

| | વિષય | પદ | પૃષ્ટ | | વિષય | પદ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| | કેવળ જ્ઞાનાવરણીય | ૨૩ | ૧૨૩ | | નોકષાય વેદનીય | ૨૩ | ૧૨૭ |
| | ક્રોધ | ૨૩ | ૧૨૬ | | નોસંજ્ઞી નોઅસંજ્ઞી | ૨૮ | ૨૪૦ |
| ગ | ગતિ નામકર્મ : ચાર પ્રકાર | ૨૩ | ૧૩૨ | | નોસંજ્ઞી નોઅસંજ્ઞી | ૩૧ | ૨૭૮ |
| | ગુણશ્રેણી | ૩૬ | ૩૯૫ | | નોસંયત નોઅસંયત નોસંયતાસંયત | ૨૮ | ૨૪૫ |
| | ગોત્ર કર્મ | ૨૩ | ૧૦૫ | | નોસંયત નોઅસંયત નોસંયતાસંયત | ૩૨ | ૨૮૦ |
| ચ | ચક્ષુદર્શનાવરણ | ૨૩ | ૧૧૭ | | નોસંયત નોઅસંયત નોસંયતાસંયત | ૩૨ | ૨૮૨ |
| | ચય-ઉપચય અને અપચય | ૨૧ | ૫૦ | | ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન | ૨૧ | ૧૨ |
| | **चरिमकाल समयंसि** | ૨૩ | ૧૭૫ | પ | **पडुपण्ण भाव पण्णवणं पडुच्च** | ૨૮ | ૨૨૯ |
| | ચારિત્ર મોહનીય | ૨૩ | ૧૧૯ | | **पमत्त संजय** | ૨૧ | ૩૮ |
| જ | જઘન્ય સ્થિતિ | ૨૩ | ૧૫૭ | | પરપરિવાદ | ૨૨ | ૬૭ |
| | જઘન્ય સ્થિતિબંધક | ૨૩ | ૧૭૪ | | પરસ્થાન સમુદ્ઘાત | ૩૬ | ૩૪૭ |
| | જાતિ નામકર્મ : પાંચ પ્રકાર | ૨૩ | ૧૩૨ | | પરાઘાત નામકર્મ | ૨૩ | ૧૩૭ |
| | જાતિ વિશિષ્ટતા | ૨૩ | ૧૨૧ | | પરિગ્રહ | ૨૨ | ૬૬ |
| | જાતિ હીનતા આદિ આઠ | ૨૩ | ૧૨૧ | | પરિગ્રહિકી ક્રિયા–ભેદ | ૨૨ | ૮૪ |
| | જુગુપ્સા | ૨૩ | ૧૨૮ | | પરિચારણા | ૩૪ | ૩૦૦ |
| ઠ | **ठाणमग्गणं** | ૨૮ | ૨૧૪ | | પર્યાપ્તા | ૨૮ | ૨૫૨ |
| ત | તપ વિશિષ્ટતા | ૨૩ | ૧૨૧ | | પર્યાપ્ત નામકર્મ | ૨૩ | ૧૩૭ |
| | તીર્થંકર નામકર્મ | ૨૩ | ૧૩૭ | | પશ્યતા | ૨૯ | ૨૬૭ |
| | તૈજસ શરીર | ૨૧ | ૩ | | પારિતાપનિકી ક્રિયા | ૨૨ | ૬૩ |
| દ | દર્શન મોહનીય | ૨૩ | ૧૧૯ | | **पुव्वभावपण्णवणं पडुच्च** | ૨૮ | ૨૨૯ |
| | દર્શનાવરણીય કર્મ | ૨૩ | ૧૦૪ | | પુરુષવેદ | ૨૩ | ૧૨૮ |
| | દાનાંતરાય | ૨૩ | ૧૨૨ | | પૈશુન્ય | ૨૨ | ૬૭ |
| | દુર્ભગ નામકર્મ | ૨૩ | ૧૩૮ | | પંડિતવીર્યાંતરાય | ૨૩ | ૧૨૨ |
| | દુસ્વર નામકર્મ | ૨૩ | ૧૩૮ | | પ્રક્ષેપાહાર | ૨૮ | ૨૦૭ |
| ન | નપુંસકવેદ | ૨૩ | ૧૨૮ | | પ્રક્ષેપાહાર | ૨૮ | ૨૨૧ |
| | નામ કર્મ | ૨૩ | ૧૦૫ | | પ્રક્ષેપાહાર | ૨૮ | ૨૩૦ |
| | નારાચ સંહનન | ૨૩ | ૧૩૫ | | પ્રચલા | ૨૩ | ૧૧૭ |
| | નિદ્રા | ૨૩ | ૧૧૭ | | પ્રચલા-પ્રચલા | ૨૩ | ૧૧૭ |
| | નિદ્રાનિદ્રા | ૨૩ | ૧૧૭ | | પ્રત્યાખ્યાનાવરણ કષાય | ૨૩ | ૧૨૬ |
| | નિર્માણ નામકર્મ | ૨૩ | ૧૩૭ | | પ્રત્યેક નામકર્મ | ૨૩ | ૧૩૭ |
| | નોકષાય વેદનીય | ૨૩ | ૧૧૯ | | પ્રત્યેક પ્રકૃતિ | ૨૩ | ૧૩૭ |

| | વિષય | પદ | પૃષ્ટ | | વિષય | પદ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| | પ્રાણાતિપાતિકી ક્રિયા | ૨૨ | ૬૩ | | રૂપ વિશિષ્ટતા | ૨૩ | ૧૨૧ |
| | પ્રાણાતિપાત | ૨૨ | ૬૬ | લ | લબ્ધિ ૨૮ પ્રકારની | ૨૧ | ૩૮ |
| | પ્રાદ્વેષિકી ક્રિયા–ભેદ | ૨૨ | ૬૨ | | લાભ વિશિષ્ટતા | ૨૩ | ૧૨૧ |
| બ | બદ્ધ–સ્પૃષ્ટ આદિ ૧૦ બોલ | ૨૩ | ૧૧૪ | | લાભાંતરાય | ૨૩ | ૧૨૨ |
| | બલ વિશિષ્ટતા | ૨૩ | ૧૨૧ | | લોભ | ૨૩ | ૧૨૬ |
| | બાદર નામકર્મ | ૨૩ | ૧૩૭ | | લોમાહાર | ૨૮ | ૨૦૭ |
| | બાલપંડિત વીર્યાંતરાય | ૨૩ | ૧૨૨ | | લોમાહાર | ૨૮ | ૨૨૧ |
| | બાલ વીર્યાંતરાય | ૨૩ | ૧૨૨ | | લોમાહાર | ૨૮ | ૨૨૯ |
| ભ | ભય | ૨૩ | ૧૨૮ | વ | વજ્રઋષભ નારાચ સંહનન | ૨૩ | ૧૩૫ |
| | ભવોપગ્રાહી કર્મ | ૩૬ | ૩૮૯ | | વામન સંસ્થાન | ૨૧ | ૧૨ |
| | ભોગાંતરાય | ૨૩ | ૧૨૨ | | **विहाणमग्गणं** | ૨૮ | ૨૧૪ |
| મ | મતિ જ્ઞાનાવરણીય કર્મ | ૨૩ | ૧૨૩ | | વિહાયોગતિ નામકર્મ | ૨૩ | ૧૩૭ |
| | મનોભક્ષી | ૨૮ | ૨૩૧ | | વીર્યાંતરાય | ૨૩ | ૧૨૨ |
| | મનોભક્ષી આહાર | ૨૮ | ૨૦૭ | | વેદનાના અર્થો | ૩૪ | ૩૧૮ |
| | મનઃપર્યવ જ્ઞાનાવરણીય | ૨૩ | ૧૨૩ | | વેદના–દ્રવ્યક્ષેત્ર કાલ ભાવ | ૩૪ | ૩૨૨ |
| | માન | ૨૩ | ૧૨૬ | | વેદના–સુખા, દુખા, મિશ્ર | ૩૪ | ૩૨૪ |
| | માયા | ૨૩ | ૧૨૬ | | વેદના–શાતા, અશાતા, મિશ્ર | ૩૪ | ૩૨૩ |
| | માયામૃષા | ૨૨ | ૬૭ | | વેદના આભ્યુપગમિકી | ૩૪ | ૩૨૫ |
| | માયાવત્તિયા ક્રિયા–ભેદ | ૨૨ | ૮૪ | | વેદના ઔપક્રમિકી | ૩૪ | ૩૨૫ |
| | માયી મિથ્યાદષ્ટિ | ૩૪ | ૩૦૭ | | વેદના નિદા-અનિદા | ૩૪ | ૩૨૭ |
| | મિથ્યાત્વ વેદનીય | ૨૩ | ૧૧૯ | | વેદનીય કર્મ | ૨૩ | ૧૦૪ |
| | મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા–ભેદ | ૨૨ | ૮૫ | | વેદનીય આદિ સાત સમુદ્ઘાત | ૩૬ | ૩૩૧ |
| | મિથ્યાદર્શનશલ્ય | ૨૨ | ૬૭ | | વૈક્રિય શરીર | ૨૧ | ૩ |
| | મિશ્ર વેદનીય | ૨૩ | ૧૧૯ | શ | શરીર | ૨૧ | ૨ |
| | મિશ્રાહાર | ૨૮ | ૨૧૦ | | શરીર અંગોપાંગ નામકર્મ | ૨૩ | ૧૩૩ |
| | મૃષાવાદ | ૨૨ | ૬૬ | | શરીર નામકર્મ | ૨૩ | ૧૩૩ |
| | મૈથુન | ૨૨ | ૬૬ | | શરીર બંધન નામકર્મ | ૨૩ | ૧૩૩ |
| | મોહનીય કર્મ | ૨૩ | ૧૦૪ | | શાતાવેદનીય | ૨૩ | ૧૨૫ |
| ય | યશઃકીર્તિ નામકર્મ | ૨૩ | ૧૩૮ | | શુભ નામકર્મ | ૨૩ | ૧૩૭ |
| ર | રતિ-અરતિ | ૨૩ | ૧૨૮ | | શૈલેષી અવસ્થા | ૩૬ | ૩૯૫ |
| | રાગ-દ્વેષ | ૨૩ | ૧૦૭ | | શોક | ૨૩ | ૧૨૮ |

| | વિષય | પદ | પૃષ્ટ | | વિષય | પદ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| | શ્રુત જ્ઞાનાવરણીય કર્મ | ૨૩ | ૧૨૩ | | સંઘાત નામ | ૨૩ | ૧૩૪ |
| | શ્રુત વિશિષ્ટતા | ૨૩ | ૧૨૧ | | સંજ્વલન કષાય | ૨૩ | ૧૨૭ |
| સ | સકષાયી | ૨૮ | ૨૪૫ | | સંયત | ૨૮ | ૨૪૪ |
| | સક્રિય | ૨૨ | ૬૩ | | સંયત-અસંયત | ૩૨ | ૨૮૦ |
| | સચિત્તાહાર | ૨૮ | ૨૧૦ | | સંયત-અસંયત | ૩૨ | ૨૮૨ |
| | સમચતુરસ્ર સંસ્થાન | ૨૧ | ૧૨ | | સંયતાસંયત | ૨૮ | ૨૪૪ |
| | સમચતુરસ્ર સંસ્થાનાદિ | ૨૩ | ૧૩૬ | | સંયતાસંયત | ૩૨ | ૨૮૦ |
| | સમુદ્‌ઘાત | ૩૬ | ૩૨૯ | | સંયતાસંયત | ૩૨ | ૨૮૨ |
| | સમુદ્‌ઘાત | ૩૬ | ૩૩૧ | | સંસ્થાન | ૨૧ | ૧૨ |
| | સમોહયા અસમોહયા | ૩૬ | ૩૫૯ | | સંસ્થાન નામકર્મ | ૨૩ | ૧૩૫ |
| | સમ્યક્ત્વ વેદનીય | ૨૩ | ૧૧૯ | | સંહનન નામ | ૨૩ | ૧૩૪ |
| | સયોગી | ૨૮ | ૨૪૮ | | સંજ્ઞી | ૩૧ | ૨૭૬ |
| | સવેદી | ૨૮ | ૨૪૯ | | સંજ્ઞી | ૩૧ | ૨૭૮ |
| | સાકાર પશ્યતા | ૨૯ | ૨૬૭ | | સ્તિબુક બિંદુ | ૨૧ | ૧૩ |
| | સાકારોપયોગ | ૨૯ | ૨૬૦ | | સ્ત્યાનગૃદ્ધિ | ૨૩ | ૧૧૭ |
| | **सागारोवउत्ते सिज्जइ** | ૩૬ | ૩૯૬ | | સ્ત્રીવેદ | ૨૩ | ૧૨૮ |
| | સાદિ સંસ્થાન | ૨૧ | ૧૨ | | સ્થાવર નામકર્મ | ૨૩ | ૧૩૮ |
| | સાધારણ નામકર્મ | ૨૩ | ૧૩૮ | | સ્થિર નામકર્મ | ૨૩ | ૧૩૭ |
| | સુભગ નામકર્મ | ૨૩ | ૧૩૮ | | સ્વસ્થાન સમુદ્‌ઘાત | ૩૬ | ૩૪૭ |
| | સુસ્વર | ૨૩ | ૧૩૮ | હ | હાસ્ય | ૨૩ | ૧૨૮ |
| | સૂક્ષ્મ નામકર્મ | ૨૩ | ૧૩૮ | | હુંડ સંસ્થાન | ૨૧ | ૧૨ |
| | સેવાર્ત સંહનન | ૨૩ | ૧૩૫ | ત્ર | ત્રસ નામકર્મ | ૨૩ | ૧૩૭ |
| | | | | જ્ઞ | જ્ઞાનાવરણીય કર્મ | ૨૩ | ૧૦૪ |

**પરિશિષ્ટ–૨ :–**

# કર્મ–પરિશીલન

જૈન દર્શનના ચિંતન, મનન અને વિવેચનનો આધાર આત્મા છે. આત્મા ચૈતન્ય સ્વરૂપ, અનંત શક્તિ સંપન્ન, અનંતગુણ સંપન્ન, અરૂપી, શુદ્ધ સ્વતંત્ર દ્રવ્ય છે. દરેક આત્માઓ દ્રવ્યની અપેક્ષાએ એક સમાન છે અને તે પોતાના સ્વરૂપથી સ્વતંત્ર છે.

આત્મા સ્વયં અનંત શક્તિ સંપન્ન અરૂપી શુદ્ધ દ્રવ્ય હોવા છતાં તે શરીરધારી બનીને પરિભ્રમણ કરી રહ્યો છે, સ્વયં અનંત આનંદ સ્વરૂપ હોવા છતાં ક્ષણિક સુખ-દુઃખના દ્વંદ્વમાં પીસાઈ રહ્યો છે, અજર-અમર હોવા છતાં જન્મ-મરણના ચક્રમાં પરિભ્રમણ કરી રહ્યો છે; તેનું કારણ શું છે ? આત્માની શક્તિ કુંઠિત શા માટે થઈ છે ? જૈન દાર્શનિકોએ તેના કારણનું સંશોધન કરીને તેનું વિસ્તૃત વિવેચન કર્યું છે, આત્માને સંસારમાં પરિભ્રમણ કરાવનાર કર્મ છે. કર્મ જ જન્મ-મરણનું મૂળ છે.

**कम्मं च जाइ मरणस्स मूलं** । આ જગતની વિચિત્રતાનું, પલટાતી પરિસ્થિતિનું, જીવોની વિવિધતાનું મૂળ કારણ **કર્મ** છે.

અન્ય દાર્શનિકો જગતની વિચિત્રતા કે જીવના સુખના કારણભૂત **ઈશ્વરને** સ્વીકારે છે, પરંતુ જૈન દર્શનાનુસાર આત્મા કર્મથી સર્વથા મુક્ત થાય, પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય, તે શુદ્ધ સ્વરૂપી આત્મા જ પરમાત્મ સ્વરૂપ છે, તે જ ઈશ્વર છે અને શુદ્ધાત્મા જગતની વિચિત્રતામાં કે સુખ-દુઃખમાં નિમિત્ત બની શકતા નથી. પોતાની દરેક પરિસ્થિતિ માટે જીવ સ્વયં જવાબદાર છે.

જીવ પોતાના કર્માનુસાર ભિન્ન-ભિન્ન ગતિમાં જન્મ ધારણ કરે છે, જન્મ ધારણ કરીને કર્મ પ્રમાણે જ શરીર, ઈન્દ્રિય, બાહ્ય સંયોગ, અનુકૂળતા-પ્રતિકૂળતા, સુખ-દુઃખ આદિ પામે છે. તે જીવ પોતાના આયુષ્ય પ્રમાણે એક સ્થાનમાં રહે છે અને જ્યારે ત્યાંથી તેનું મૃત્યુ થાય ત્યારે તે સ્થાનમાં કરેલા કર્માનુસાર પુનઃ અન્યત્ર જન્મ થાય છે. આ રીતે જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરે છે.

જીવ પોતાના કર્માનુસાર શુભાશુભ ફળ ભોગવે છે અને કર્મોનો સર્વથા નાશ થાય ત્યારે જીવ સુખ-દુઃખ, જન્મ-મરણ આદિ દ્વંદ્વથી મુક્ત થઈ જાય છે. સર્વ કર્મોથી મુક્ત થઈને શુદ્ધ આત્મ સ્વરૂપમાં સ્થિર થવું, તે જ સાધકોનું અંતિમ લક્ષ્ય છે. તેથી જ અધ્યાત્મ સાધનામાં કર્મવિજ્ઞાનની જાણકારી અત્યંત જરૂરી છે.

કર્મ શું છે ? આત્મા અને કર્મોનો સંબંધ ક્યારથી થયો છે, ક્યાં સુધી રહેવાનો છે ? કર્મબંધ, તેના પ્રકાર, વગેરે વિષયોનું ચિંતન-મનન તે સાધકોની અનુપ્રેક્ષાનો મુખ્યતમ વિષય બને છે.

**કર્મ :– क्रियते इति कर्मः** । જીવ દ્વારા જે કરાય તે કર્મ. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગના નિમિત્તથી આત્મામાં એક પ્રકારનું પરિસ્પંદન થયા જ કરે છે. આ લોકમાં કાર્મણ વર્ગણાના પુદ્ગલો ભરેલા છે. આત્માના પરિસ્પંદન દરમ્યાન આત્મ અવગાહિત આકાશપ્રદેશો પર રહેલા કાર્મણ વર્ગણાના પુદ્ગલો આત્મા સાથે ક્ષીર-નીરની જેમ એકમેક થઈ જાય, બંધાઈ જાય તેને **કર્મ** કહે છે. કાર્મણ વર્ગણા–કર્મરજ, પૌદ્ગલિક છે. તે કાંઈ જ કરી શકતી નથી પરંતુ આત્મા સ્વયં રાગ દ્વેષાદિ વૈભાવિક ભાવોથી કર્મરજને ગ્રહણ કરે છે ત્યારે તે કર્મનું રૂપ ધારણ કરે છે, તે કર્મ પોતાની સ્થિતિ અનુસાર આત્મા

સાથે રહે છે, પોતાનું ફળ પ્રદર્શિત કરે છે અને ત્યારપછી તે આત્માથી દૂર થઈ જાય છે. આ રીતે તે કર્મરજ આત્મા સાથે સંયોગ સંબંધે બંધાઈને રહે ત્યાં સુધી જ તે પોતાનું ફળ પ્રદર્શિત કરે છે.

**આત્મા અને કર્મનો સંબંધ :–** જે રીતે સોનાની ખાણમાં સુવર્ણ અને માટીનો સંબંધ અનાદિકાલીન હોવા છતાં તેનો અંત જીવના સ્વતંત્ર પુરુષાર્થથી થઈ શકે છે અને એક વાર તેનો અંત થયા પછી પુનઃ કદાપિ તેનો તથાપ્રકારનો સંબંધ થતો નથી.

તે જ રીતે પ્રત્યેક જીવમાં કર્મનો સંબંધ અનાદિકાલીન છે. કર્મ પ્રવાહરૂપે અનાદિકાલથી જીવ સાથે સંબંધિત છે. તેમ છતાં જીવ પોતાના સમ્યક પુરુષાર્થથી તેનો સર્વથા અંત કરી શકે છે અને એક વાર કર્મનો સર્વથા નાશ થયા પછી પુનઃ કદાપિ તેનો સંબંધ થતો નથી. તેથી મુક્ત થયેલા જીવ પુનઃ કદાપિ સંસારમાં જન્મ ધારણ કરતા નથી.

આ રીતે પ્રત્યેક જીવમાં પ્રવાહની અપેક્ષાએ કર્મનો સંબંધ અનાદિ સાંત છે અને કોઈ એક ચોક્કસ  કર્મની અપેક્ષાએ તે સાદિ-સાંત છે. તેથી આગમકારોએ પ્રત્યેક કર્મની ચોક્કસ કાલમર્યાદાનું કથન કર્યું છે.

**કર્મબંધના પ્રકાર :–** લોકમાં રહેલી કર્મરજમાં કોઈ ભિન્નતા કે તરતમતા નથી પરંતુ તે કર્મરજ જ્યારે આત્મા સાથે બંધાય છે ત્યારે તેમાં ચાર બાબતોનું નિર્માણ થાય છે.

જેમ એક પ્રકારનું ભોજન ભિન્ન-ભિન્ન ધાતુરૂપે શરીરમાં પરિણમન પામે છે તેમ કર્મરજ પણ ચાર પ્રકારના બંધથી ભિન્ન-ભિન્નરૂપે પરિણમન પામે છે.

**(૧) પ્રકૃતિબંધ :–** કર્મની પ્રકૃતિ–સ્વભાવ નિશ્ચિત થવો. જ્ઞાન પર આવરણ કરે તે જ્ઞાનાવરણીય કર્મ, દર્શન પર આવરણ કરે તે દર્શનાવરણીય કર્મ. આ રીતે કર્મનો ભિન્ન-ભિન્ન સ્વભાવ નિશ્ચિત થાય તે પ્રકૃતિબંધ છે. કર્મની મૂળ આઠ પ્રકૃતિ છે અને તેની ઉત્તર પ્રકૃતિ ૧૨૦ છે.

**(૨) સ્થિતિ બંધ :–** કર્મની આત્મા સાથે રહેવાની ચોક્કસ કાલમર્યાદા નિશ્ચિત થવી તે સ્થિતિબંધ છે. જેમ કે જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે. આ રીતે દરેક કર્મોની કાલમર્યાદા ભિન્ન-ભિન્ન હોય છે.

**(૩) અનુભાગ બંધ :–** કર્મની ફળ પ્રદાન કરવાની તીવ્ર-મંદ શક્તિ નિશ્ચિત થવી, તે અનુભાગ બંધ છે.

**(૪) પ્રદેશ બંધ :–** બંધાતા કર્મ પુદ્‌ગલોનો જથ્થો, તે પ્રદેશ બંધ છે.

આ ચાર પ્રકારના બંધમાં પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગની શુભાશુભ પ્રવૃત્તિના આધારે તથા સ્થિતિબંધ અને અનુભાગ બંધ જીવના રાગદ્વેષ રૂપ કષાયની તીવ્રતા-મંદતાના આધારે નિશ્ચિત થાય છે.

બીજી રીતે કર્મબંધના બે પ્રકાર છે– (૧) દ્રવ્યબંધ (૨) ભાવબંધ.

**(૧) દ્રવ્ય બંધ :–** રાગ-દ્વેષાદિ પરિણામોથી કાર્મણ વર્ગણાના જે પુદ્‌ગલો આત્મા સાથે બંધાય છે, તે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોનો સંબંધ તે દ્રવ્ય બંધ છે.

**(૨) ભાવ બંધ :–** કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોના સંબંધમાં જે રાગાદિ પરિણામો નિમિત્ત ભૂત બને છે તે રાગાદિ પરિણામો ભાવબંધ છે.

કર્મ આત્મા સાથે બંધાય અને કાલમર્યાદા પૂર્ણ થતાં આત્માથી જુદા થાય, ત્યાં સુધીની ભિન્ન-ભિન્ન દશ અવસ્થાઓ થાય છે. તે દશ અવસ્થાઓ આ પ્રમાણે છે–

**(૧) બંધ :–** રાગ-દ્વેષાદિ પરિણામોથી કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોનું આત્મ પ્રદેશો સાથે એકમેક થઈ

જવું, તેને કર્મબંધ કહે છે.

**(૨) ઉત્કર્ષણ(ઉદ્‌વર્તના) :– स्थित्यनुभागयोर्वृद्धि उत्कर्षणं [गोम्मटसार]** બંધાયેલા કર્મની સ્થિતિ અને અનુભાગમાં વૃદ્ધિ થવી, તેને ઉત્કર્ષણ અથવા ઉદ્‌વર્તના કહે છે. ઉદયાવલિકા પ્રવેશ થઈ ગયો હોય, તે કર્મની સ્થિતિમાં ઉત્કર્ષણ થતું નથી. ઉદયાવલિની બહારની બધી જ સ્થિતિના કર્મોનું ઉત્કર્ષણ થઈ શકે છે.

**(૩) અપકર્ષણ(અપવર્તના) :– स्थित्यनुभागयोर्हानिरपकर्षणं [गोम्मटसार]** સ્થિતિ અને અનુભાગની હાનિ એટલે કે પહેલા જે સ્થિતિ અને અનુભાગો બાંધેલા હતા, તેમાં ઘટાડો થવો, તે અપકર્ષણ અથવા અપવર્તના છે. સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર કે તપની આરાધનાથી સાધક પૂર્વોપાર્જિત કર્મોની સ્થિતિને ઘટાડે છે અથવા સ્થિતિનો ઘાત કરે છે તેને અપકર્ષણ કહે છે. અપકર્ષણ અને ઉદ્‌વર્તન પુણ્ય-પાપ બંને પ્રકૃતિઓનું થાય છે.

**(૪) સંક્રમણ :– परप्रकृतिरूपपरिणमनं [गोम्मटसार]** બંધાયેલી પ્રકૃતિઓનું અન્ય સજાતીય પ્રકૃતિઓમાં પરિણમન થવું, તેને સંક્રમણ કહે છે. જ્યારે આત્માના પ્રયત્ન વિશેષથી એક પ્રકૃતિનું અન્ય સજાતીય પ્રકૃતિઓમાં પરિણમન થાય છે તેને સંક્રમણકરણ કહે છે. સંક્રમણને વિપરિણમન પણ કહે છે. સંક્રમણ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ ચારે પ્રકારના બંધમાં થાય છે.

**સ્તિબુક સંક્રમણ**– ગતિ, જાતિ આદિ પિંડ પ્રકૃતિઓમાંથી વિવક્ષિત એક પ્રકૃતિના ઉદયમાં અનુદિત શેષ સજાતીય અને તુલ્ય સ્થિતિવાળી પ્રકૃતિઓનું સંક્રમિત થઈ જવું; તેને સ્તિબુકસંક્રમણ કહે છે. દા.ત. એકેન્દ્રિય જીવોના ઉદય પ્રાપ્ત એકેન્દ્રિય નામકર્મમાં અનુદિત બેઇન્દ્રિય જાતિ આદિનું સંક્રમણ થઈને ઉદયમાં આવવું.

**(૫) ઉદીરણા :– भुंजणकालो उदओ उदीरणापक्क पाचन फलं** (પંચસંગ્રહ) કર્મોના ફળ ભોગવવાના કાળને ઉદય કહે છે અને અપક્વ કર્મોના પાચનને ઉદીરણા કહે છે. ઉદયકાળને અયોગ્ય કર્મોનું આત્માના પ્રયત્ન વિશેષથી નિયત સમયની પૂર્વે ઉદય માટે ઉદયાવલિકામાં પ્રવિષ્ટ થવું, ઉદયમાં ન આવેલા કર્મોને પ્રયત્ન વિશેષથી ઉદયમાં લાવવા, તેને ઉદીરણા કહે છે.

**(૬) સત્તા :–** કર્મોનું આત્મામાં સ્થિત થવું, ટકી રહેવું, તેને સત્તા કહે છે. કર્મો બાંધ્યા પછી પોતાનું ફળ આપીને આત્માથી પૃથક્ ન થાય ત્યાં સુધી તે આત્મા સાથે સંબંધિત રહે છે. તે કાલમર્યાદાને સત્તા કહે છે.

**(૭) ઉદય :– द्रव्यादि निमित्तवशात् कर्मणा फलप्राप्तिरुदयः** (સર્વાર્થ સિદ્ધિ) દ્રવ્ય, ક્ષેત્ર આદિના નિમિત્તે પૂર્વકૃત શુભાશુભ કર્મોનું પરિપક્વ થઈ ફળરૂપે અનુભવમાં આવવું તેને ઉદય કહે છે. કર્મ ક્યારે ય ફળ આપ્યા વિના ખરી જતા નથી. ઉદયના બે પ્રકાર છે– પ્રદેશોદય અને વિપાકોદય. બંધાયેલા કર્મોનો અન્યરૂપે અનુભવ થવો અર્થાત્ જે કર્મોના દલિકો બાંધ્યા છે તેનો રસ, અનુભવાતી(ઉદયમાં આવેલી) અન્ય સજાતીય પ્રકૃતિઓ સાથે ભોગવાય જાય તો તે કર્મોદયને **પ્રદેશોદય** કહે છે અને બદ્ધ પ્રકૃતિ સ્વયં પોતાનો વિપાક તે જ રૂપે પ્રગટ કરે, તેવા કર્મોદયને **વિપાકોદય** કહે છે.

**(૮) ઉપશમ :–** ઢાંકવું. જે રીતે મલિન પાણીમાં ફટકડી નાંખતા પાણીની મલિનતા નીચે બેસી જાય છે ઉપરથી પાણી નિર્મળ દેખાય છે, તે રીતે કર્મોનો વિપાક અમુક સમય માટે દબાઈ જાય તો તેને ઉપશમ કહે છે. ઉપશમભાવ વધુમાં વધુ અંતર્મુહૂર્ત સુધી જ ટકી રહે છે. ત્યારપછી તેની અવધિ સમાપ્ત થતાં જ તે કર્મ પુનઃ ઉદયમાં આવે છે.

**(૯) નિધત્ત :–** જે કર્મોની ઉદીરણા કે અન્ય પ્રકૃતિ રૂપે સંક્રમણ થતું નથી અર્થાત્ જે કર્મોના ઉદયમાં ઉદ્‌વર્તના–અપવર્તના સિવાયના અન્ય કરણ અસર કરતા નથી એવા કર્મોના બંધને નિધત્ત કહે છે.

**(૧૦) નિકાચિત :–** જે કર્મોના ઉદય માટે ઉદીરણા, અપવર્તના, ઉદ્‌વર્તના, સંક્રમણ આદિ એક પણ કરણ સમર્થ બનતા નથી, જે રીતે કર્મબંધ થયો છે, તે જ રૂપે ઉદયમાં આવે છે, તેને નિકાચિત કર્મ કહે છે.

**નિર્જરા :–** પૂર્વ બાંધેલા કર્મોનું ખરી જવું, તે નિર્જરા છે. નિર્જરાના બે પ્રકાર છે– સવિપાક નિર્જરા અને અવિપાક નિર્જરા. યથાક્રમથી ઉદયમાં આવીને, શુભાશુભ ફળ આપીને કર્મોનું ખરી જવું, તે **સવિપાક નિર્જરા** છે અને કર્મોને તપ આદિ ક્રિયા વિશેષથી ઉદીરણા દ્વારા ઉદયાવલિમાં પ્રવિષ્ટ કરાવી ભોગવી લેવા અને આત્મપ્રદેશોથી ખેરવી નાંખવા, તેને **અવિપાક નિર્જરા** કહે છે. તે ઉપરાંત પ્રદેશોદયથી થતી નિર્જરા અવિપાક નિર્જરા છે અને વિપાકોદયથી થતી નિર્જરા સવિપાક નિર્જરા છે.

**અબાધાકાલ :–** બંધાયેલું કર્મ જ્યાં સુધી જીવને બાધા પહોંચાડે નહીં, પોતાનું ફળ આપે નહીં, સુષુપ્ત અવસ્થામાં પડ્યું રહે, તે કાલમર્યાદાને અબાધાકાલ કહે છે. અબાધાકાલમાં રહેલા કર્મોની ઉદીરણા થતી નથી.

**વિસંયોજના :–** ઉપશમ કે ક્ષાયિક સમ્યક્‌ત્વની પ્રાપ્તિમાં અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનું અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા લોભરૂપે પરિણમન થવું, તેને વિસંયયોજના કહે છે.

**ઉદ્વલન :–** અપૂર્વકરણ કે અનિવૃત્તિ કરણ એવા કોઈપણ કરણ કર્યા વિના સજાતીય પ્રકૃતિઓનું સજાતીય પ્રકૃતિમાં સંક્રમિત થવું, તેને ઉદ્વલન કહે છે.

**અપૂર્વકરણ :– करणाः परिणामाः न पूर्वाः अपूर्वाः ।** જે પરિણામોને પૂર્વે ધારણ ન કર્યા હોય, તેવા પરિણામોને અપૂર્વકરણ કહે છે.

**અનિવૃત્તિકરણ :– निवृतिव्यावृतिः न विद्यते निवृत्तिर्येषां तेऽनिवृतयः ।** (ધવલા) સમાન સમયવર્તી જીવોના પરિણામોના ભેદ રહિત વૃત્તિને અનિવૃત્તિ કહે છે.

જે પરિણામોની નિવૃત્તિ થતી નથી એટલે કે છુટકારો થતો નથી તેને અનિવૃત્તિ કહે છે. અનિવૃત્તિ-કરણમાં પ્રત્યેક સમયે એક જ પરિણામ શક્ય છે.

**વેદન(વેદના) :– वेदनं वेदः** જે વેદી શકાય, અનુભવી શકાય, તે વેદન છે. **अनुभवनं वेदना** અનુભવ કરવાનું નામ વેદના છે.

આ રીતે જીવના શુભાશુભ આત્મ પરિણામોથી કર્મોની સ્થિતિ પરિવર્તિત થયા કરે છે. જ્યારે જીવનો સમ્યક પુરુષાર્થ પ્રબળ બને, જીવ સ્વરૂપમાં સ્થિર થાય, ત્યારે કર્મોનો ક્ષય થતો જાય છે. સંપૂર્ણ કર્મોનો આત્યંતિક ક્ષય થાય, ત્યારે તે જીવ જન્મ-મરણના પરિભ્રમણથી સદાને માટે મુક્ત થાય છે.

**કર્મ સંબંધિત સાહિત્ય :–** અધ્યાત્મ સાધનામાં કર્મ સિદ્ધાંતની સ્પષ્ટતા અનિવાર્ય હોવાથી આગમ ગ્રંથોમાં અનેક સ્થાને કર્મ વિષયક વિચારણા છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્ર પદ–૨૩માં આઠ કર્મની ઉત્તર પ્રકૃતિ, તેની સ્થિતિ, વિપાક આદિનું વિસ્તૃત વર્ણન છે, તે ઉપરાંત પદ–૨૪ થી ૨૭માં કર્મબંધ અને ઉદયનો પરસ્પર સંબંધ, એક કર્મબંધ સમયે થતો વિવિધ કર્મબંધ, વિવિધ કર્મનો ઉદય; એક કર્મના ઉદયમાં વિવિધ કર્મોનો બંધ અને ઉદય વગેરે વિષયોની વિચારણા છે. શ્રી ભગવતી સૂત્રમાં આઠે કર્મબંધના કારણોનું સ્પષ્ટીકરણ છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં 'કર્મપ્રકૃતિ' નામના તેત્રીસમા અધ્યયનમાં કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ, આ ચારે પ્રકારના બંધનું નિરૂપણ છે. ગોમટ્ટસાર અને પંચસંગ્રહ જેવા મહાન ગ્રંથોમાં કર્મ વિજ્ઞાનની ચોક્કસ માહિતીઓ ઉપલબ્ધ થાય છે.

શ્રી દેવેન્દ્રસૂરિ રચિત છ કર્મગ્રંથોમાં કર્મ સંબંધી સૂક્ષ્મતમ વિશ્લેષણ છે. તેમાં ગુણસ્થાનના આધારે કર્મોના બંધ, ઉદય, ઉદીરણા, સત્તા આદિનું વર્ણન છે.

અહીં કર્મગ્રંથના અધારે કર્મોના બંધ, ઉદય, ઉદીરણા આદિના કોષ્ટકો આપ્યા છે.

**પરિશિષ્ટ–૩ :–**

# ચૌદ ગુણસ્થાનમાં બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા

## ચૌદ ગુણસ્થાનમાં મૂળ–ઉત્તર ગુણ પ્રકૃતિ બંધ :–

| ગુણસ્થાનના નામ | મૂલ પ્રકૃતિ | ઉત્તર પ્રકૃતિ | જ્ઞાના-વરણીય | દર્શના-વરણીય | વેદનીય | મોહ-નીય | આયુષ્ય | નામ | ગૌત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘમાંશ્વ | ૮ | ૧૨૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧. મિથ્યાત્વમાં | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨. સાસ્વાદનમાં | ૮ | ૧૦૧ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ |
| ૩. મિશ્રમાં | ૭ | ૭૪ | ૫ | ૬ | ૨ | ૧૯ | × | ૩૬ | ૧ | ૫ |
| ૪. અવિરતમાં | ૮ | ૭૭ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૩૭ | ૧ | ૫ |
| ૫. દેશ વિરતમાં | ૮ | ૬૭ | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૨ | ૧ | ૫ |
| ૬. પ્રમત્તમાં | ૮ | ૬૩ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૩૨ | ૧ | ૫ |
| ૭. અપ્રમતમાં | ૮/૭ | ૫૯/૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૧/૦ | ૩૧ | ૧ | ૫ |
| ૮. અપૂર્વકરણ ૧ | ૭ | ૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | × | ૩૧ | ૧ | ૫ |
| ગુણસ્થાન ૨ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | × | ૩૧ | ૧ | ૫ |
| ના સાત ૩ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | × | ૩૧ | ૧ | ૫ |
| ભાગોમાં ૪ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | × | ૩૧ | ૧ | ૫ |
| ૫ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | × | ૩૧ | ૧ | ૫ |
| ૬ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | × | ૩૧ | ૧ | ૫ |
| ૭ | ૭ | ૨૬ | ૫ | ૪ | ૧ | ૯ | × | ૧ | ૧ | ૫ |
| ૯. અનિવૃત્તિ ૧ | ૭ | ૨૨ | ૫ | ૪ | ૧ | ૫ | × | ૧ | ૧ | ૫ |
| બાદરના ૨ | ૭ | ૨૧ | ૫ | ૪ | ૧ | ૪ | × | ૧ | ૧ | ૫ |
| પાંચ ૩ | ૭ | ૨૦ | ૫ | ૪ | ૧ | ૩ | × | ૧ | ૧ | ૫ |
| ભાગોમાં ૪ | ૭ | ૧૯ | ૫ | ૪ | ૧ | ૨ | × | ૧ | ૧ | ૫ |
| ૫ | ૭ | ૧૮ | ૫ | ૪ | ૧ | ૧ | × | ૧ | ૧ | ૫ |
| ૧૦. સૂક્ષ્મ સંપરાયમાં | ૬ | ૧૭ | ૫ | ૪ | ૧ | × | × | ૧ | ૧ | ૫ |
| ૧૧. ઉપશાંત મોહમાં | ૧ | ૧ | × | × | ૧ | × | × | × | × | × |
| ૧૨. ક્ષીણ મોહમાં | ૧ | ૧ | × | × | ૧ | × | × | × | × | × |
| ૧૩. સયોગી ગુ.માં | ૧ | ૧ | × | × | ૧ | × | × | × | × | × |
| ૧૪. અયોગી ગુ.માં | × | × | × | × | × | × | × | × | × | × |

## ચૌદ ગુણસ્થાનમાં મૂળ–ઉત્તર ગુણ પ્રકૃતિ ઉદય :–

| ગુણસ્થાનોના નામ | મૂલ પ્રકૃતિ | ઉત્તર પ્રકૃતિ | જ્ઞાના- વરણીય | દર્શના- વરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘમાં | ૮ | ૧૨૨ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧ મિથ્યાત્વમાં | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨ સાસ્વાદમાં | ૮ | ૧૧૧/૯[૧] | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ |
| ૩ મિશ્રમાં | ૮ | ૧૦૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ |
| ૪ અવિરતમાં | ૮ | ૧૦૪ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ |
| ૫ દેશવિરતમાં | ૮ | ૮૭ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ |
| ૬ પ્રમત્તમાં | ૮ | ૮૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ |
| ૭ અપ્રમત્તમાં | ૮ | ૭૬ | ૫ | ૬ | ૨ | ૧૪ | ૧ | ૪૨ | ૧ | ૫ |
| ૮ અપૂર્વકરણમાં | ૮ | ૭૨ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૯ અનિવૃત્તિમાં | ૮ | ૬૬ | ૫ | ૬ | ૨ | ૭ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૦ સૂક્ષ્મ સંપ. | ૮ | ૬૦ | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૧ ઉપશાંત મોહમાં | ૭ | ૫૯ | ૫ | ૬ | ૨ | × | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૨ ક્ષીણ મોહમાં | ૭ | ૫૭–૫૫ | ૫ | ૬–૪ | ૨ | × | ૧ | ૩૭ | ૧ | ૫ |
| ૧૩ સયોગીમાં | ૪ | ૪૨ | × | × | ૨ | × | ૧ | ૩૮ | ૧ | × |
| ૧૪ અયોગીમાં | ૪ | ૧૨/૧૩[૨] | × | × | ૧/૧[૨] | × | ૧ | ૯ | ૧ | × |

**ટિપ્પણ :– (૧)** બીજા ગુણસ્થાનમાં આગમિક માન્યતાનુસાર ૧૦૯ પ્રકૃતિનો ઉદય. સ્થાવર નામ અને એકેન્દ્રિય જાતિનો ઉદય હોતો નથી અર્થાત્ કર્મગ્રંથ અનુસાર એકેન્દ્રિયમાં બે ગુણસ્થાન હોય છે જ્યારે આગમ અનુસાર એકેન્દ્રિયમાં એક જ ગુણસ્થાન હોય છે.

**(૨)** અયોગી ગુણસ્થાનમાં શાતા-અશાતામાંથી કોઈપણ એકનો ઉદય હોય છે અર્થાત્ આ ગુણસ્થાનમાં એક જીવની અપેક્ષાએ એક અને ઘણા જીવોની અપેક્ષાએ તે બંને પ્રકૃતિનો ઉદય હોય છે.

## ચૌદ ગુણસ્થાનમાં મૂળ–ઉત્તર ગુણ પ્રકૃતિ ઉદીરણા :–

| ગુણસ્થાનોના નામ | મૂલ પ્રકૃતિ | ઉત્તર પ્રકૃતિ | જ્ઞાના-વરણીય | દર્શના-વરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘમાં | ૮ | ૧૨૨ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧ મિથ્યાત્વમાં | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨ સાસ્વાદમાં | ૮ | ૧૧૧ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ |
| ૩ મિશ્રમાં | ૮ | ૧૦૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ |
| ૪ અવિરતમાં | ૮ | ૧૦૪ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ |
| ૫ દેશવિરતમાં | ૮ | ૮૭ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૧ | ૪૪ | ૨ | ૫ |
| ૬ પ્રમત્ત સંયત | ૮ | ૮૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ |
| ૭ અપ્રમત્ત સંયત | ૬ | ૭૩ | ૫ | ૬ | × | ૧૪ | × | ૪૨ | ૧ | ૫ |
| ૮ અપૂર્વકરણ | ૬ | ૬૯ | ૫ | ૬ | × | ૧૩ | × | ૩૯ | ૧ | ૫ |
| ૯ અનિવૃત્તિકરણ | ૬ | ૬૩ | ૫ | ૬ | × | ૭ | × | ૩૯ | ૧ | ૫ |
| ૧૦ સૂક્ષ્મસંપરાય | ૬ | ૫૭ | ૫ | ૬ | × | ૧ | × | ૩૯ | ૧ | ૫ |
| ૧૧ ઉપશાંત મોહનીય | ૫ | ૫૬ | ૫ | ૬ | × | × | × | ૩૯ | ૧ | ૫ |
| ૧૨ ક્ષીણ મોહનીય | ૫ | ૫૪–૫૨ | ૫ | ૬–૪ | × | × | × | ૩૭ | ૧ | ૫ |
| ૧૩ સયોગી કેવળી | ૨ | ૩૯ | × | × | × | × | × | ૩૮ | ૧ | × |
| ૧૪ અયોગી કેવળી | × | × | × | × | × | × | × | × | × | × |

## ચૌદ ગુણસ્થાનમાં મૂળ–ઉત્તર ગુણ પ્રકૃતિ સત્તા :–

| ગુણસ્થાનોના નામ | મૂલ પ્રકૃ. | ઉત્તર પ્રકૃ. | ઉપશમ શ્રેણી | ક્ષપક શ્રેણી | જ્ઞા. | દ. | વે. | મોહનીય | આયુ | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘમાં | ૮ | ૧૪૮ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| ૧. મિથ્યાત્વમાં | ૮ | ૧૪૮/ ૧૪૭ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| ૨. સાસ્વાદનમાં | ૮ | ૧૪૭ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ |
| ૩. મિશ્રમાં | ૮ | ૧૪૭ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ |
| ૪. અવિરતમાં | ૮ | ૧૪૮ | ૧૪૮/ ૧૪૫ | ૧૪૧/ ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮/ ૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૫. દેશવિરતમાં | ૮ | ૧૪૮ | " | " | ૫ | ૯ | ૨ | " | " | ૯૩ | ૨ | ૫ |
| ૬. પ્રમત્તમાં | ૮ | ૧૪૮ | " | " | ૫ | ૯ | ૨ | " | " | ૯૩ | ૨ | ૫ |
| ૭. અપ્રમતમાં | ૮ | ૧૪૮ | " | " | ૫ | ૯ | ૨ | " | " | ૯૩ | ૨ | ૫ |
| ૮. અપૂર્વકરણમાં | ૮ | ૧૪૮ ૧૪૬, ૧૪૨ | ૧૪૮, | ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮/ ૨૪/ ૨૧ | ૪/ ૨/૧ | ૯૩ ૯૩ | ૨ ૨ | ૫ ૫ |
| ૯. અનિવૃત્તિ ૧ | ૮ | ૧૪૮ | " | ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૯૩ | ૨ | ૫ |
| ગુણસ્થાનના ૨ | ૮ | ૧૪૮ | " | ૧૨૨ | ૫ | ૬ | ૨ | ૨૧ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| નવ ભાગોમાં ૩ | ૮ | ૧૪૮ | " | ૧૧૪ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| નવ ભાગોમાં ૪ | ૮ | ૧૪૮ | " | ૧૧૩ | ૫ | ૬ | ૨ | ૧૨ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| ૫ | ૮ | ૧૪૮ | " | ૧૧૨ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| ૬ | ૮ | ૧૪૮ | " | ૧૦૬ | ૫ | ૬ | ૨ | ૫ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| ૭ | ૮ | ૧૪૮ | " | ૧૦૫ | ૫ | ૬ | ૨ | ૪ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| ૮ | ૮ | ૧૪૮ | " | ૧૦૪ | ૫ | ૬ | ૨ | ૩ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| ૯ | ૮ | ૧૪૮ | " | ૧૦૩ | ૫ | ૬ | ૨ | ૨ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| ૧૦. સૂક્ષ્મસંપરાયમાં | ૮ | ૧૪૮/ ૧૪૨ | " | ૧૦૨ | ૫ | ૬ | ૨ | ૨૮/૨૪/ ૨૧/૧ | ૪/૨/૧ | ૯૩/૮૦ | ૨ | ૫ |
| ૧૧. ઉપશાંતમોહમાં | ૮ | ૧૪૮/ ૧૪૨ | –– | –– | ૫ | ૬ | ૨ | ૨૮/૨૪/ ૨૧ | ૪/૧ | ૯૩/૮૦ | ૨ | ૫ |
| ૧૨. ક્ષીણ મોહ | ૭ | ૧૦૧/૯૯ | ૦ | ૧૦૧/૯૯ | ૫ | ૬/૪ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| ૧૩. સયોગી કેવલીમાં | ૪ | ૮૫ | ૦ | ૮૫ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૦ |
| ૧૪. અયોગી કેવલીમાં | ૪ | ૮૫/૧૩/ ૧૨ | ૦ | ૮૫/૧૩ ૧૨ | ૦ | ૦ | ૨/૧ | ૦ | ૧ | ૮૦/૯ | ૨/૧ | ૦ |

# ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
# શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

**માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા**
**માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે**
**સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી**
**શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી**
**શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી**

## શ્રુતાધાર

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,
  શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી
  હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી કલકત્તા


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.
www.parasdham.org
www.jainaagam.org